1940 - 1957

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાનેવારી ૧, ૧૯૫૮, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

અમેરિકાની પ્રજાજોગ મહા અમાત્ય નહેરૂનું ઉદાત્ત રેડીઓ પ્રવચન

(ડીસેંબર માસની ૨૮ મી તારીખે વોશીંગ્ટન ખાતે મહા અમાત્ય નેહરૂએ આપેલા રેડીઓ પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. કોઇને પણ પ્રશ્ન થાય કે દૈનિક છાપાઓમાં પ્રગટ થયેલ અને અનેકની નજર નીચેથી પસાર થયેલ આ પ્રવચન અહિં શા માટે પુનઃ પ્રગટ કરવામાં આવે છે ? જવાબમાં જણાવવાનું કે દૈનિક છાપાઓમાં પ્રગટ થતા અહેવાલો માણસો ઉડતી નજરે જુએ છે અને સ્થાયી મૂલ્યની અનેક વસ્તુઓ ઉપર તેનું ધ્યાન ભાગ્યે જ કેન્દ્રિત થાય છે. પંડિત નેહરૂનું આ પ્રવચન ઉદાત્ત વાણીનો એક સુન્દર નમુનો છે. પ્રબુધ્ધ જીવનના વાંચકો આ પ્રવચન શાન્તિથી વાંચે, વિચારે અને માણે એ હેતુથી અહિં તેને પુનઃ પ્રસિધ્ધિ આપવી ઉચિત ધારી છે. તંત્રી.)

મિત્રો,

યુનાઇટેડ સ્ટેઇટ્સના આપ પ્રજાજનોએ મારી ઉપર જે પ્રેમભાવ વરસાવ્યો છે અને મારી જે બાદશાહી પહોણાગત કરી છે તે બે કારણોને લીધે આપને 'મિત્રો' એ મુજબની નિકટતાપૂર્વક સંબોધવાની હું હીંમત કરું છું.

સુલેહશાન્તિના પક્ષે જેમની જગવિખ્યાત સેવા અને નિષ્ઠાના કારણે તેમ જ જેમના દિલમાં રહેલી ઊંડી માનવતાના કારણે દુનિયાના રાજકારણી પુરૂષોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે તેવા આપના પ્રમુખના ભાવભર્યા નિમંત્રણનો સ્વીકાર કરીને હું આપના દેશની બહુ ટુંકી મુલાકાત માટે આવ્યો છું. આપની વચ્ચે ઉપસ્થિત થતાં મને બહુ જ આનંદ થાય છે અને મને એટલી જ દિલગીરી છે કે હું અહિં બહુ થોડા દિવસો જ રહી શકું તેમ છું અને આપમાંના અનેકને જાતે મળવાનો મને કોઈ અવકાશ નથી.

પાંચ વર્ષ પહેલાં અમેરિકાની કોઇ એક વિદ્યાપીઠના પ્રાધ્યાપક મને દીલ્હીમાં મળવા આવેલા અને મને એક વસ્તુ ભેટ આપી ગયેલા જેની મારે મન ઘણી મોટી કીંમત છે. આ વસ્તુ અબ્રાહમ લીંકનના જમણા હાથની પીતળની બનાવેલી અનુકૃતિ હતી. તે સુન્દર હાથ બળવાન છે, સુદૃઢ છે અને એમ છતાં તેમાં એક પ્રકારની કોમળતા છે. તે ભેટ મળી ત્યારથી આજ સુધી મેં તેને મારા અભ્યાસના ટેબલ ઉપર જાળવીને રાખેલ છે અને હંમેશા તેને હું નિરખ્યા કરું છું અને તેમાંથી બળ મેળવતો રહું છું. અમો ભારતવાસીઓ કેવી રીતે વિચારીએ છીએ અને કયા પ્રેરક બળો અમારામાં કામ કરી રહ્યાં છે તેનો કદાચ આ એક નાના સરખા દાખલાથી આપને કંઈક ખ્યાલ આવશે. કારણ કે અમે સ્વતંત્રતા, સમાનતા અને વ્યક્તિના સ્વત્વમાં માનીએ છીએ અને માનવીના આત્માની મુક્તિને સૌથી વધારે મહત્ત્વ આપીએ છીએ. આને લીધે લોકશાસિત જીવનપધ્ધતિ સાથે અમે સુદૃઢપણે સંકળાયલા છીએ અને લોકશાહી પ્રત્યેની વફાદારીમાં અમે જરા પણ શિથિલતા દાખવવાના નથી.

લગભગ સાત વર્ષ પહેલાં અમારા દેશને અમે પ્રજાસત્તાક બનાવ્યો અને ઉપર જણાવેલા સિધ્ધાન્તો ઉપર રચાયલા બંધારણનો અમે સ્વીકાર કર્યો અને વ્યક્તિસ્વાતંત્ર્ય, માનવી–માનવી વચ્ચેની સમાનતા અને કાયદાપૂર્વકનું શાસન–માનવીના આ પાયાના હકોની અમે અમારા પ્રજાજનોને ખાત્રી આપી. પાંચ વર્ષ પહેલાં અમે અમારી મધ્યવર્તી પાર્લામેન્ટ અને પ્રાદેશિક ધારાસભાઓ માટે સામાન્ય ચૂંટણીઓ કરી. ચૂંટણીઓ રાજ્યસત્તાથી નિર્બંધ અને નિષ્પક્ષ હોવાની સૌ કોઇને પ્રતીતિ થાય તે હેતુથી સરકારી અંકુશથી મુક્ત એવા એક તટસ્થ તંત્રદ્વારા આ ચૂંટણીઓની બહુ મોટા પાયા ઉપર યોજના કરવામાં આવી હતી. આગામી વર્ષના પ્રારંભમાં અમારે ત્યાં ફરીથી સામાન્ય ચૂંટણીઓ થવાની છે. આ ચૂંટણીઓમાં વીશ કરોડ મતદારોને ભાગ લેવાના અધિકારી બનાવવામાં આવ્યા છે. કોઇ પણ મતદારને પોતાનો મત આપવા માટે બહુ દૂર જવું ન પડે એ માટે બે લાખ મતપ્રદાન કેન્દ્રો ઉભા કરવામાં આવનાર છે. આ હકીકત ઉપરથી આ ચૂંટણીઓ કેટલા મોટા પાયા ઉપરની હશે તેનો આપને ખ્યાલ આવશે.

આપ જાણો છો કે દુનિયાની વસ્તીના સાતમા ભાગની–સાડત્રીશ કરોડ માનવીઓની–વસ્તી ધરાવતું ભારત એક વિશાળ દેશ છે. તે એક પુરાણો દેશ છે, અનેક ઉજ્જવળ ઘટનાઓથી ભરેલો તેનો ઇતિહાસ અને પરંપરા છે, કાળની તવારીખ શરૂ થાય છે ત્યારથી તેની સભ્યતાની શરૂઆત થઈ છે, અને તેની પોતાની ભૂમિમાં જેના ઊંડાં મૂળ નંખાયલાં છે અને બીજા દેશો અને બીજી પ્રજાઓ સાથે જેણે સમન્વય અને એકરૂપતા સાધેલ છે એવી તેની ઉદાત્ત સંસ્કૃતિ છે. આ વર્ષે, જેમણે અમને આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં શાન્તિ, સમભાવ અને કરૂણાનો સંદેશ આપ્યો હતો એવા–ભારતના પનોતા પુત્ર–ભગવાન બુધ્ધની ૨૫૦૦ મી નિર્વાણજયન્તી અમે અમારા દેશમાં અને બીજા કેટલાક દેશોમાં ઉજવી. સૈકાઓ દરમિયાન ભારતે સહિષ્ણુતા અને સમન્વયનો ઉપદેશ આપ્યો છે અને તે મુજબ આચરણ કર્યું છે અને માનવીના ચિન્તનને, કળાને, સાહિત્યને, તત્વવિદ્યાને અને ધર્મને ભારતે સમૃદ્ધ કરેલ છે. તેનાં સન્તાનોએ જમીન અને દરિયાનાં જોખમો ખેડીને, કોઈ વિજય કે આધિપત્ય મેળવવાના હેતુથી નહિ પણ સુલેહશાન્તિના દૂતો તરીકે અથવા તો વિચારોના પ્રચાર માટે તેમ જ પોતાની સુન્દર ચીજોના વ્યાપાર વ્યવસાય અર્થે, દૂર દૂરના પ્રદેશોમાં પ્રવાસો કર્યા હતા. ભારત આજ સુધીમાં અનેક કડવા મીઠા અનુભવોમાંથી પસાર થયેલ છે, પણ તેના વિવિધરંગી ઇતિહાસ દરમિયાન શાન્તિ અને સહિષ્ણુતાના સંદેશનું તેણે કદિ પણ વિસ્મરણ કે ઉપેક્ષા કરેલ નથી. અમારી પોતાની હયાતી દરમિયાન, જેમણે શાન્તિપૂર્ણ છતાં પૂરી અસરકારક એવી મોટા પાયા ઉપરની લડત ચલાવીને અમને આઝાદી પ્રાપ્ત કરાવી છે એવા–અમારા મહાન નેતા અને ગુરૂ–મહાત્મા ગાંધીએ આ સંદેશાની પુનઃ ઘોષણા કરી હતી.

નવ વર્ષ પહેલાં અમારા દેશના એ વખતના સત્તાધીશોનું અને અમારૂં સ્વમાન તથા મોભો જળવાય એ રીતે બીનલોહીયાળ ક્રાન્તિદ્વારા અમે અમારી સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી. હિંદમાં આજે વસતા અમો ભારતવાસીઓ એ ક્રાન્તિના વારસદાર છીએ અને અમારા જીવન ઉપર એની ઘેરી અસર પડી છે. રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા બાદ અમારો દેશ જે અનિષ્ટ દૂષણોનો સદીઓથી ભોગ બનેલ છે તે દૂષણો દૂર કરવાની અને ગરીબી નાબુદ કરવાની અને અમારા લોકોનું જીવનધોરણ ઊંચે લાવવાની અને વિકાસ તથા પ્રગતિસાધક તકો સરખી અને પૂરા પ્રમાણમાં સૌ કોઇને પૂરી પાડવાની અમે તીવ્રપણે આતુરતા સેવીએ છીએ.

ભારતના લોકો વધારે ચિન્તનશીલ છે એવો એક ખ્યાલ છે અને અમેરિકાના લોકોએ પોતાના ઇતિહાસથી પુરવાર કર્યું છે કે તેઓ ભારે તાકાત, ક્રિયાશીલતા અને આગળ વધવાની તમન્ના ધરાવે છે. ઉપર જણાવી તેવી ચિન્તનશીલતાનો કાંઇક અંશ આજે પણ ભારતની પ્રજામાં રહેલો છે. પણ સાથે સાથે આજના નવભારતે એક પ્રકારની ક્રિયાશીલતા અને લોકોનું જીવનધોરણ ઊંચે લાવવાની તમન્ના પોતામાં વિકસાવી છે, પણ તે તમન્ના સાથે જીવનની નૈતિક અને આધ્યાત્મિક બાજુઓને વળગી રહેવાની ભાવના ગાઢપણે સંકલિત થયેલી છે.

આજે અમે અમારા દેશનો ઝડપી અને મોટા પાયાનો આર્થિક વિકાસ સાધવાના ભગીરથ અને પ્રેરક કાર્યમાં રોકાયલા છીએ. ભારત જેવા પુરાણા અને અણવિકસિત દેશમાં આવો વિકાસ વિચાર અને લક્ષ્યપૂર્વકના આયોજન વડે જ શકય બને છે. લોકશાહીના સિધ્ધાન્તો અને પરંપરાને વફાદાર રહીને આ આયોજનની વિગતો અમારા લોકો સાથે અમે છુટથી ચર્ચીએ છીએ, પરસ્પર ખૂબ સલાહમંત્રણા કરીએ છીએ અને તેને અમલી બનાવવા માટે પ્રજાજનોનો ઐચ્છિક સક્રિય સહકાર મેળવીએ છીએ. આઠ મહીના પહેલાં અમે પહેલી પંચવાર્ષીય યોજના પાર પાડી છે અને વધારે મહત્ત્વાકાંક્ષી ધોરણ ઉપર અમારી બીજી પંચવર્ષીય યોજનાનો અમે પ્રારંભ કર્યો છે. આ યોજના ખેતીવાડી અને ઉદ્યોગમાં, ફેકટરીમાં અને નાના પાયાના ઉદ્યોગોમાં તેમ જ ગૃહઉદ્યોગોમાં યોજનાપૂર્વકનો વિકાસ સાધવા માંગે છે.

હું ભારત વિષે આ બધું કહી રહ્યો છું, કારણ કે તે મારો દેશ છે અને તે વિષે કહેવાનો મારો અધિકાર છે. પણ એશીઆના બીજા ઘણા દેશોની પણ આવી જ કથા છે. કારણ કે એશીઆ આજે જાગૃત થયું છે અને આ દેશો કે જેઓ લાંબા વખતથી પરદેશી ધુંસરી નીચે સબડતા હતા તેમને પોતાની સ્વતંત્રતા પાછી મળી છે અને નવી ચેતનાથી તેઓ ઉન્તેજિત થયા છે અને નવા આદર્શો તરફ ગતિમાન થયા છે. તેમના માટે તેમ જ અમારા માટે, જીવન ધારણ કરવા માટે જેમ શ્વાસ લેવામાં આવે છે તેટલી જ અનિવાર્ય અને આવશ્યક આ નવપ્રાપ્ત આઝાદી છે અને કોઈ પણ આકારની સંસ્થાનશાહી અમારા દિલમાં જુગુપ્સા પેદા કરે છે.

'ટેકનોલોજી'ના ક્ષેત્રમાં સધાયલી મહાન પ્રગતિએ નવો યુગ પેદા કરેલ છે જેમાં અમેરિકાનું યુનાઇટેડ સ્ટેઇટ્સ અગ્રણી છે. આજે આખી દુનિયા આપણી પાડોશી બની છે અને ખંડો અને દેશોના જુના ભાગલાઓનું મહત્ત્વ દિન પ્રતિ દિન ઘટતું જાય છે. શાન્તિ અને સ્વતંત્રતા અવિભાજ્ય બની છે અને અમુક ભાગ સ્વતંત્ર અને અમુક ભાગ પરાધીન એવી રીતે વહેંચાયલી આજની દુનિયા હવે લાંબો વખત ટકી શકે તેમ નથી. આ અણુયુગમાં સુલેહશાન્તિની રક્ષા ઉપર જ માનવજાતનો ટકાવ અવલંબિત બન્યો છે.

તાજેતરમાં આપણે બે કરૂણ ઘટનાઓ જોઈ, જેણે દુનિયાભરનાં સ્ત્રી પુરૂષોના મનને ભયંકર રીતે હચમચાવી નાંખ્યા છે. આ છે હંગેરી અને હંગેરીની કરૂણ ઘટનાઓ. આને લીધે જેમને ખમવું પડ્યું છે અને આજે પણ જેમને ખમવું પડે છે તેમના તરફ આપણા દિલમાં ઊંડી સહાનુભૂતિ પ્રગટવી જોઇએ અને શાન્તિપૂર્ણ અને રચનાત્મક રીતે તેમના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આપણાથી બને તેટલા મદદરૂપ થવું જોઇએ.

આ કરૂણ ઘટનાઓને પણ એક આશાજનક બાજુ છે. કારણ કે તે ઘટનાઓએ પુરવાર કરી આપ્યું છે કે અત્યન્ત શક્તિશાળી દેશો પણ જુની સંસ્થાનવાદી પદ્ધતિઓનો હવે આશરો લઈ શકે તેમ છે જ નહિ, અથવા તો નબળા દેશો ઉપર પોતાનું આધિપત્ય લાદી શકે તેમ હવે રહ્યું નથી. દુનિયાના અભિપ્રાયે દર્શાવ્યું છે કે આવાં આક્રમણોનો સામનો કરવા માટે તે સંગઠિત થઇ શકે છે. સંભવ છે કે આ કરૂણ ઘટનાઓના પરિણામે સ્વાતંત્ર્યનું ક્ષેત્રફળ વધારે વિસ્તૃત થશે અને વધારે સ્થિરતા પ્રાપ્ત કરાવતા વર્તન-ધોરણનું નિર્માણ થશે.

સુલેહશાન્તિની રક્ષા એ ભારતની રાજનીતિનું મુખ્ય ધ્યેય છે. આ રાજનીતિના અનુસરણમાંથી જ અમે અમારા માટે કોઈ પણ લશ્કરી કે એવા કોઇ અન્ય પ્રકારના જોડાણમાં કે સંગઠનમાં ન જોડાવાનો માર્ગ પસંદ કર્યો છે. આવી બીનજોડાણની નીતિ ઉપરથી કોઇએ એમ સમજવાનું નથી કે અમે મનથી કે ક્રિયાથી કાયર છીએ અથવા તો અમારામાં કોઇ શ્રદ્ધા કે પ્રતીતિ નથી. જેને અમે અનિષ્ટ ગણીએ છીએ તેને નમતું આપવું એવો પણ તેનો કોઇ અર્થ નથી. આજે આપણી સામે જે સમસ્યાઓ છે તે પ્રત્યે વિધાયક અને ક્રિયાશીલ અભિગમ એ જ અમારી બીન-જોડાણ નીતિનું હાર્દ છે.

દરેક દેશને સ્વાતંત્ર્યનો હક્ક છે એટલું જ નહિ પણ પોતાની આગવી નીતિ અને જીવનપદ્ધતિ નક્કી કરવાનો પણ તેને તેટલો જ હક્ક છે. માત્ર આ રીતે જ સ્વાતંત્ર્ય ફાલીફુલી શકે અને લોકો પોતાની પ્રકૃતિ અનુસાર આગળ વધી શકે. આ ઉપરથી અમે અનાક્રમણમાં અને એક દેશની બાબતમાં અન્ય દેશની બીનદરમિયાનગીરીમાં અને એક દેશની અન્ય દેશ પ્રત્યે સહિષ્ણુતામાં અને શાન્તિપૂર્ણ સહ-અસ્તિત્વમાં માનીએ છીએ. અમને લાગે છે કે પ્રજા પ્રજા વચ્ચેના મુક્તવિચાર વિનિમય વડે, વ્યાપારવ્યવસાય વડે અને અન્ય સંપર્કોદ્વારા દરેક પ્રજા અન્ય પ્રજા પાસેથી નવું નવું શીખતી રહેશે અને સત્યનો આખરે વિજય થશે. આમ હોવાથી, અન્ય રાજ્યોની નીતિ કે સરકારી રચના સાથે અમે એકમત ન હોઇએ તો પણ સર્વ દેશો સાથે અમે મિત્રતાભર્યો સંબંધ જાળવી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ. અમને લાગે છે કે આ પ્રકારના અભિગમથી અમે અમારા દેશની જ માત્ર સેવા કરીએ છીએ એમ નથી, પણ દુનિયામાં ભ્રાતૃભાવ અને સુલેહશાન્તિને વેગ આપવામાં પણ અમે ઉપયોગી ફાળો આપી રહ્યા છીએ.

યુનાઇટેડ સ્ટેઇટ્સ અને ભારત વચ્ચે, હિંદે સ્વતંત્રતા પ્રાપ્ત કરી તે પહેલાં પણ, મૈત્રીભર્યા હાર્દિક સંબંધો પ્રવર્તતા હતા. આઝાદી માટેની અમારી લડત દરમિયાન આપના દેશ તરફથી અમને જે સહાનુભૂતિ અને ટેકો મળ્યા હતા તે કોઈ પણ ભારતવાસી ભુલી નહિ શકે. આપણા બે પ્રજાસત્તાક રાજ્યો લોકશાસિત સંસ્થાઓ અને લોકશાહીપ્રેરિત જીવનપધ્ધતિમાં સમાન શ્રધ્ધા ધરાવીએ છીએ અને શાન્તિ અને સ્વતંત્રતાના લક્ષ્યને આપણે બન્ને સમર્પિત છીએ. આ દેશને મહાન બનાવનાર અનેક ગુણોની અને ખાસ કરીને અમેરિકન પ્રજામાં રહેલી માનવતા અને ક્રિયાશક્તિની અને અમેરિકન સ્વાતંત્ર્યના જન્મદાતાઓએ પોતાનાં પ્રવચનો મારફત વ્યક્ત કરેલા મહાન સિધ્ધાન્તોની અમે ખૂબ પ્રશંસા કરીએ છીએ. અમે આપની પાસેથી શિખવા માંગીએ છીએ, અને અમારા દેશમાં અમે જે ભગીરથ કાર્ય ઉપાડ્યું છે તે માટે આપની મૈત્રીની, આપના સહકારની, આપની સહાનુભૂતિની અમે નમ્રતાપૂર્વક માંગણી કરીએ છીએ.

આપના પ્રમુખ સાથે લાંબી વાતો કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે અને દુનિયાની સામે ઉભેલા અનેક પ્રશ્નોની અમે ચર્ચા કરી છે. હું આપને કહી શકું છું કે મને આ વિચારવિનિમયથી ઘણો ફાયદો થયો છે. હું એનાં સ્મરણોને મારા ચિત્તમાં સંગ્રહી રાખીશ અને મારી વિચારણામાં તે મને ઘણી રીતે મદદરૂપ બનશે. આપના પ્રમુખનું અમારા દેશમાં સ્વાગત કરવાની અને તેમના વિષે અમારા દિલમાં જે માન અને આદર છે તે વ્યક્ત કરવાની અમને ટુંક સમયમાં તક મળે એવી અમે અન્તઃકરણથી આશા રાખીએ છીએ.

દુનિયાની પ્રજાઓએ મુક્તપણે સ્વીકારેલાં નૈતિક ધોરણોનું થયેલું દુઃખદાયક ઉલ્લંઘન આપણે તાજેતરમાં જોયું છે. આ ચિન્તા અને અકળામણના દિવસો દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ચાર્ટરના સિધ્ધાન્તોને ઉચિત રીતે વળગી રહીને યુનાઇટેડ સ્ટેઇટ્સે પોતાની આબરૂમાં ખૂબ વધારો કર્યો છે. યુધ્ધનું જોખમ હજુ વિલય પામ્યું નથી અને ભવિષ્યમાં માનવજાત માટે નવી કસોટીઓ અને આફતો પણ આવીને ઉભી રહે એવો પૂરો સંભવ છે. એમ છતાં પણ શાન્તિરક્ષક શક્તિઓ બળવાન છે અને માનવજાતનું મન જાગૃત છે. મને આશા છે કે શાન્તિનો જય થશે.

આજે આપણે શાન્તિ અને શુભેચ્છાનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ અને થોડા દિવસોમાં નવું વર્ષ આવીને ઉભું રહેશે. નવા વર્ષ અંગે આપને મારી અનેક શુભેચ્છાઓ છે અને આ ટાણે હું આશા વ્યક્ત કરું છું કે આ નવું વર્ષ આપણને દુનિયાભરમાં શાન્તિ અને સ્વાતંત્ર્યના વિજયનું દર્શન કરાવે!

મૂળ અંગ્રેજી: **જવાહરલાલ નહેરૂ**
અનુવાદક: **પરમાનંદ**

સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્ય

(તા. ૧-૧૨-૫૬ શનીવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે જન્મભૂમિ કાર્યાલયમાં મુંબઈના માનનીય શિક્ષણસચિવ શ્રી શાન્તિલાલ હ. શાહના પ્રમુખપણા નીચે 'સૌરાષ્ટ્રમાં રચનાત્મક કાર્ય' એ વિષય ઉપર માનનીય પ્રધાન શ્રી રતુભાઈ અદાણીએ લગભગ દોઢ કલાક સુધી એકધારું વ્યાખ્યાન આપ્યું હતું અને સૌરાષ્ટ્રમાં થયેલા કાર્યનો આબેહુબ ચિતાર રજુ કર્યો હતો. તે વ્યાખ્યાનની તેમણે મંજુર કરેલી અને બે હકૃતાથી પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવા ધારેલી નોંધનો પહેલો હકૃતો નીચે મુજબ છે. **તંત્રી.**)

સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્યનો પરિચય આપવાનું મને કહેવામાં આવ્યું છે. સામાન્ય રીતે રાજકીય ક્ષેત્ર અને રચનાત્મક ક્ષેત્ર, આ બન્ને ક્ષેત્રો જુદાં ગણાય છે. રાજકીય ક્ષેત્રના કાર્યકરો અને રચનાત્મક ક્ષેત્રના કાર્યકરો વચ્ચે પણ એક જાતની દિવાલ આપણને જોવા મળે છે. કમનસીબે ૧૯૪૭ પછી આ દિવાલ વધુ મજબુત થતી જતી હોય એવું લાગે છે. હકીકતે પૂ. ગાંધીજીએ રાજકારણ અને રચનાત્મક કાર્યની દૃષ્ટિ અને વ્યાખ્યા આપેલ છે એ જોતાં આ બન્ને પ્રવૃત્તિ કે ક્ષેત્ર વચ્ચે કોઈ ભેદ હોઈ ન શકે. બન્ને એકબીજાને પૂરક અને પોષક પ્રવૃત્તિ છે. ખરી રીતે એક જ સીક્કાની બે બાજુ કહી શકાય એવી આ પ્રવૃત્તિઓ છે. મને કહેતાં આનંદ થાય છે કે સૌરાષ્ટ્રમાં આ ખ્યાલથી પ્રેરાયલા રાજકીય ક્ષેત્ર અને રચનાત્મક ક્ષેત્ર વચ્ચે કોઈ દિવાલ નથી. બલ્કે બન્ને ક્ષેત્રના કાર્યકરો વચ્ચે વધુમાં વધુ મેળ અને એકતા છે.

આ સુખદ પરિસ્થિતિનો યશ જાય છે કાઠિયાવાડ રાજકીય પરિષદને. સૌરાષ્ટ્ર અનેક ટુકડાઓમાં વહેચાયેલું હતું. સૌરાષ્ટ્રની પ્રજા બેવડી ગુલામીમાં ભીંસાયેલી હતી. કઠણ અને મુસ્કેલ પરિસ્થિતિમાં પ્રજાને અને કાર્યકરોને વધુ સારૂં ઘડતર અને કાર્ય કરવાની પ્રેરણા મળતાં હોય છે. સૌરાષ્ટ્રની પ્રજાને પણ મુસ્કેલ પરિસ્થિતિને કારણે સારૂં એવું ઘડતર મળ્યું. સૌરાષ્ટ્રની પ્રજાએ કાઠિયાવાડ રાજકીય પરિષદના નેજા નીચે ગુલામીમાંથી છૂટવાના પ્રયાસો શરૂ કર્યા. સદ્‌ભાગ્યે આ પરિષદને પૂ. ગાંધીજીની આગેવાની અને દોરવણી મળી. પૂ. બાપુના રાજકારણમાં રચનાત્મક કાર્યક્રમ પાયારૂપે હોય જ. અને એથી એમણે એક બાજુથી રાજકીય આઝાદી માટે પરિષદને આદેશ આપ્યો તો બીજી બાજુથી પરિષદને વ્યાપક રીતે ખાદી અને અન્ય રચનાત્મક કાર્યક્રમ હાથ ધરવાનો કાર્યક્રમ આપ્યો. પરિષદ તરફથી રાજકીય ક્ષેત્રે જોરદાર પ્રયાસો શરૂ થયા. સાથે સાથે ખાદી અને રચનાત્મક કાર્યનો પણ વ્યાપક રીતે કાર્યક્રમ હાથ ધરાયો. રાજકારણ અને રચનાત્મક કાર્ય વચ્ચે પૂ. બાપુજીની દૃષ્ટિએ કોઈ ભેદ નથી એવા સંસ્કાર સૌરાષ્ટ્રને ત્યારથી જ મળ્યા. એ પ્રણાલિકા આજે પણ જળવાઈ રહી છે. એને પરિણામે આજે સૌરાષ્ટ્રમાં રાજકીય ક્ષેત્ર અને એના કાર્યકરો તથા રચનાત્મક ક્ષેત્ર અને એના કાર્યકરો વચ્ચે વધુમાં વધુ મેળ અને એકતા જોવા મળે છે.

રચાનાત્મક કાર્ય એટલે શું? આ વિષે આપણા મનમાં ભાત-ભાતના ખ્યાલો પ્રવર્તે છે. પૂ. ગાંધીજીએ તો રચનાત્મક કાર્યક્રમની બહુ જ સ્પષ્ટ અને વ્યાપક વ્યાખ્યા આપી છે. એ દૃષ્ટિએ તો રાજ-કારણ એ પણ રચનાત્મક પ્રવૃત્તિનો ભાગ ગણાય. પણ આજે રચનાત્મક પ્રવૃત્તિ વિષે જુદાજુદા ખ્યાલો પ્રવર્તે છે. કોઈ કેવળ ખાદીને રચનાત્મક કાર્ય ગણે છે. કોઈ ગ્રામઉદ્યોગને રચનાત્મક કાર્ય ગણે છે. કોઈ બીજા કાર્યક્રમને રચનાત્મક કાર્ય તરીકે મહત્ત્વ આપતા હોય છે. ત્યારે કોઈ બીજાની ભૂલો શોધવી અને બતાવવી એને પણ રચનાત્મક કાર્ય ગણે છે. મારે કહેવું જોઇએ કે સૌરાષ્ટ્રમાં રચનાત્મક કાર્યક્રમનો સંકુચિત અર્થમાં વિચાર કરવામાં આવ્યો નથી. સૌરાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલા એક સમારંભમાં પંડિત જવાહરલાલજીએ પંચવર્ષીય યોજનાને પણ રચનાત્મક કાર્ય તરીકે ઘટાવ્યું હતું. સૌરાષ્ટ્રમાં તો શરૂ-આતથી જ આવા વ્યાપક અર્થમાં રચનાત્મક કાર્યનો વિચાર થયો છે અને એથી હું કેવળ ખાદી કે ગ્રામઉદ્યોગ, અને એ ક્ષેત્રમાં કાર્ય-કરતી થોડી સંસ્થાઓ તરફથી ચાલતી રચનાત્મક પ્રવૃત્તિનો જ પરિચય આપવાને બદલે, સૌરાષ્ટ્રની સમગ્ર પ્રજાએ વ્યાપક ધોરણે જે રચનાત્મક કાર્યક્રમ હાથ ધર્યો છે એનો પરિચય આપવાનો પ્રયત્ન કરીશ.

કઠણ પરિસ્થિતિમાં જુઝવાથી એક પ્રકારનું બળ મળતું હોય છે. સૌરાષ્ટ્રમાં અનેક નાનામોટાં રજવાડાંઓ અને એમના આપખુદ વહીવટમાં કોઈ જાહેર જીવન કે રચનાત્મક પ્રવૃત્તિનું નામ પણ લેવાય નહીં એવી સ્થિતી હતી. છતાં સદ્‌ભાગ્યે એ દિવસોમાં પણ સારી સંખ્યામાં કાર્યકર મિત્રોએ રચનાત્મક કાર્યનાં થાણાં શરૂ કરેલાં અને ઠીક કહી શકાય એટલી સંખ્યામાં રચનાત્મક સંસ્થાઓ જુદા જુદા ક્ષેત્રે કાર્ય કરી રહી હતી. વિચાર અને કાર્યક્રમની વૃત્તિએ તો આ બધા કાર્યકરો અને સંસ્થાઓ એક હતા. પણ જુદી જુદી રિયાસતોને કારણે કેટલીક મર્યાદાઓ અને વિટંબણાઓ વચ્ચે બધાએ કામ કરવાનું હતું. પરંતુ ૧૯૪૭ માં દેશને આઝાદી મળી અને ૧૯૪૮ માં સૌરાષ્ટ્રમાં રાજકીય એકતા અને પ્રજાકીય તંત્રનાં મંડાણ થયાં. એ જ વખતે સૌરાષ્ટ્રમાં જુદી જુદી પથરાયેલી રચનાત્મક સંસ્થાઓ અને એના કાર્યકરો પણ સાથે મળ્યા. સૌરાષ્ટ્રમાં વધુ વ્યવસ્થિત રીતે રચનાત્મક પ્રવૃત્તિ શરૂ કરી, વિકસાવી, એ દ્વારા પ્રજાઘડતરના કાર્યમાં યોગ્ય હિસ્સો આપી શકાય એ દૃષ્ટિએ 'સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ' ના નામે રચનાત્મક સંસ્થાઓએ અને રચનાત્મક કાર્યકરોએ સંગઠ્ઠનની સ્થાપના કરી. ત્યારથી સૌરાષ્ટ્રના રચનાત્મક ક્ષેત્રમાં એક પ્રકારનો પલ્ટો આવ્યો. સૌરાષ્ટ્રની લગભગ તમામ રચનાત્મક સંસ્થાઓ અને રચનાત્મક કાર્યકરો આ સંગઠ્ઠન સાથે એક યા બીજી રીતે સંકળાયેલા છે. આ સંગઠ્ઠનના પરિણામે રચનાત્મક ક્ષેત્રે વિચાર અને કાર્યક્રમની સ્પષ્ટતા અને એકવાક્યતા સાધી શકાઈ છે, એટલું જ નહીં, જુદી જુદી અનેક રચનાત્મક સંસ્થાઓની આર્થિક વ્યવસ્થા અને જવાબદારી પણ સમિતિ દ્વારા સૌ સંયુક્ત રીતે ઉઠાવતા થયા છે. સંગઠ્ઠનની શરૂઆત થઈ ત્યારે ઘણાને એની સફળતા વિષે શંકા અને વહેમ હતાં. પણ છેલ્લાં આઠ વર્ષથી આ પ્રયોગ એકધારો ચાલ્યો આવે છે. નમ્રતા સાથે કહી શકાય કે દેશના બીજા પ્રદેશને સૌરાષ્ટ્રે આ ક્ષેત્રમાં એક સુંદર નમુનો પૂરો પાડયો છે.

સૌરાષ્ટ્ર સરકારનો એક ખ્યાલ રહ્યો હતો કે 'કલ્યાણ રાજ્ય' તરીકે પ્રજાકલ્યાણ અને પ્રજાઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓ રાજ્યે હાથ ધરવી જોઇએ એ વાત સાચી, પણ જેને પ્રજાઘડતરની પ્રવૃત્તિ કહી શકાય એવી પ્રવૃત્તિ સીધી રીતે સરકારી તંત્ર દ્વારા શરૂ કરવાને બદલે થઈ શકે ત્યાં સુધી પ્રજાકીય સંસ્થાઓ અને પ્રજાકીય મંડળો દ્વારા જ શરૂ કરવી જોઇએ. પ્રજાઘડતરના જુદા જુદા પાસાઓને આવરી લેતી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓને સાંકળીને, સંગઠિત અને વ્યવસ્થિત રીતે આગળ વધારવાની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની થયેલી સ્થાપનાએ આ દિશામાં ભારે અનુકુળતા ઉભી કરી. રચનાત્મક ક્ષેત્રે હાથ ધરવા જેવા કેટલાયે પ્રયોગોની જવાબદારી સરકારે આ સમિતિને સુપ્રત કરી. સાથે સાથે સરકારે રચેલાં અનેક મંડળો ઉપર સમિતિના કાર્યકરોની સેવા મળી. આને પરિણામે રચનાત્મક પ્રવૃત્તિને અનેરો વેગ મળ્યો.

પ્રજાઘડતરના કાર્યનો જીવનકાર્ય તરીકે જેણે સ્વીકાર કર્યો છે એવા કાર્યકરોનું એકાદ જૂથ અને એ જૂથના રચનાત્મક કાર્યને વ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે રચનાત્મક સંસ્થા રાજ્યના દરેકે દરેક તાલુકા મહાલ દીઠ હોવાં જોઇએ એવો સમિતિનો ખ્યાલ રહ્યો છે. ઘણા ખરા તાલુકા મહાલોમાં આવી સંસ્થાઓ આજે કાર્ય કરી રહી છે એ સંતોષની વાત છે. દરેક સંસ્થાને એની વિશિષ્ટતા છે. કોઇ સંસ્થાએ શિક્ષણને પ્રાધાન્ય આપ્યું છે તો કોઇ સંસ્થાએ ખાદીને, કોઈ સંસ્થા ગ્રામઉદ્યોગના વિકાસ પાછળ શક્તિ ખર્ચે છે તો કોઈ સંસ્થા અસ્પૃશ્યતા-નિવારણના કાર્યને મહત્ત્વ આપે છે. કોઈ સંસ્થાએ પ્રયોગ પાછળ ધુણી ધખાવી છે તો કોઈ સંસ્થાએ પ્રચારકાર્ય ઉપર જોર આપ્યું છે.

રચનાત્મક કાર્યકરોની સંખ્યા પણ ઠીક પ્રમાણમાં વધી છે અને વધતી જાય છે. જુદા જુદા વિશિષ્ટ કાર્યક્રમને વરેલી આ બધી સંસ્થાઓ અને બધા કાર્યકરો એક જ ઉદ્દેશ અને એક જ વિચારથી આજે પોતપોતાના કાર્યદ્વારા સમગ્ર દૃષ્ટિએ ઘડેલા રચનાત્મક કાર્યનું એક સુંદર સુરેખ ચિત્ર ઉપસાવી રહ્યા છે.

આ વ્યવસ્થાને પરિણામે રચનાત્મક ક્ષેત્રના એકે એક અંગનો સારો એવો વિકાસ થઈ રહ્યો છે. ખાદીનું કાર્ય છેલ્લાં આઠ વર્ષમાં અનેકગણું વધી ગયું છે. અન્ય ક્ષેત્રે પણ એવી જ પ્રગતિ થઈ રહી છે. પરન્તુ આ અંગેના વિગતવાર આંકડા અને વિગતવાર માહિતીમાં લઇ જઇને હું આપનો સમય લેવા માગતો નથી.

અત્યાર સુધી મેં વાત કરી રચનાત્મક સંસ્થા અને રચનાત્મક કાર્યકરો દ્વારા થયેલા કાર્ય અંગે, પણ મેં શરૂઆતમાં કહ્યું એમ આપણી પ્રજાકીય સરકારે પણ પ્રજાકલ્યાણના–પ્રજાઉત્કર્ષના–અનેક કાર્યક્રમો હાથ ધરવાના હોય છે. સૌરાષ્ટ્ર સરકાર તરફથી સીધી અને આડકતરી રીતે આવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્યનો મારે પૂરો પરિચય આપવો હોય તો આ મહત્ત્વના અંગ વિષે પણ મારે આપને કહેવું જોઇએ.

સૌરાષ્ટ્રમાં એકમની રચના અને પ્રજાકીય તંત્રની સ્થાપના થતાંની સાથે જ પ્રધાનમંડળે પ્રજાઘડતરની મહત્ત્વની પ્રવૃત્તિઓનો વિચાર શરૂ કર્યો. આઝાદી મળતાંની સાથે આપણે કોઈ નવું તંત્ર ઉભું કરી શકયા નહોતા. આપણને વારસામાં તંત્ર મળ્યું હતું. તંત્રમાં બેઠેલા અધિકારીઓ કે કર્મચારીઓ આઝાદી પહેલાના વખતમાં જુદી જ રીતે વિચારવા અને વર્તવા ટેવાયેલા હતા. એમની નજર સામે તંત્ર હતું, પ્રજા નહોતી. હવેના પ્રજાકીય તંત્રમાં તો સરકારનો એકે એક કર્મચારી એ કોઈ અમલદાર નથી પણ પ્રજાનો સાચો સેવક છે– તંત્રના સમગ્ર કર્મચારીઓ આ રીતે વિચારતા થાય ત્યારે જ સાચા પ્રજાકીય તંત્રની સ્થાપના થઇ ગણાય. તંત્રના કર્મચારીઓની દૃષ્ટિ અને વ્યવહાર ઉપર જ તંત્રની સફળતાનો આધાર છે. આ વાત નાની છતાં ઘણી મહત્ત્વની છે. જોતજોતામાં આવો પલટો આવી જાય એ શકય નથી. પરન્તુ સૌરાષ્ટ્રમાં સદ્‌ભાગ્યની વાત હતી કે મોટા ભાગના અધિકારી મિત્રોએ તંત્રના જુના ખ્યાલ છોડી પલટાતા યુગના નવા વિચારોને ઝીલવાનો પ્રમાણિક પ્રયત્ન કર્યો. અમલદારો અને કાર્યકરો વચ્ચેના ભેદ નહીંવત્ બન્યા. અધિકારીઓ અને કાર્યકરો ખભેખભા મિલાવીને કાર્ય કરતા થયા છે. આ જેવી તેવી વાત ન ગણાય.

તંત્રમાં આવા સુંદર પલ્ટા પછી પણ તંત્રની કેટલીક મર્યાદાઓ હોય છે. વધુમાં પ્રજાઘડતરની કેટલીક પ્રવૃત્તિઓ પ્રજાકીય સંસ્થાઓ દ્વારા થાય તો જ એનો પ્રાણ ખીલી ઉઠે. આ ખ્યાલે કેટલાક પ્રયોગો અને પ્રવૃત્તિઓ માટે સૌરાષ્ટ્ર સરકારે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિને સહકાર આપ્યો. પરન્તુ વ્યાપક ધોરણે સમગ્ર સૌરાષ્ટ્રમાં હાથ ધરવાની કેટલીક પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ પ્રકારનો પ્રયોગ કર્યો. એ પ્રયોગ છે અર્ધસરકારી સંસ્થાઓનો. પંચાયત, ખાદી, ગ્રામઉદ્યોગ, પછાત વર્ગની સેવા, અસ્પૃશ્યતાનિવારણ, ગોસેવા, સહકારી પ્રવૃત્તિ, અને એવી અનેક પાયાની પ્રવૃત્તિઓ માટે સરકાર તરફથી એક યા બીજા પ્રકારનાં મંડળોની રચના કરવામાં આવી. સૌરાષ્ટ્રના પ્રજાઘડતરમાં આ મંડળોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

આપણાં લોકશાહી તંત્રમાં અને પૂ. ગાંધીજીએ અહિંસક સમાજ-રચનાનું જે ચિત્ર આપ્યું છે એ દૃષ્ટિએ વિચારતાં 'પંચાયત' એ આપણા રાષ્ટ્રજીવનનું ભારે મહત્વનું અંગ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર ગણાય. પંચાયત એ સરકારી ધારા અનુસાર રચાયેલી અને ગામની દીવાણત્તી કે સફાઈની જવાબદારી સંભાળતી કેવળ કોઇ વહીવટી સંસ્થા નથી. પરન્તુ સમગ્ર ગામના સર્વાંગીણ વિકાસ માટેનું એ મહત્વનું ઘટક છે; લોકોના દિલની ભાવના અને ઉમદા મહત્વાકાંક્ષાઓને વ્યકત કરનારી અને એને મૂર્ત સ્વરૂપ આપનારી ગ્રામ-સંસ્થા છે. આ દૃષ્ટિએ વિચારતાં પંચાયતની સ્થાપના અને વિકાસને એક મહત્વની રચનાત્મક પ્રવૃત્તિ ગણવામાં આવી છે. સરખામણી જ કરવી હોય તો પંચાયતને સૌરાષ્ટ્રમાં હાથીના પગલાની ઉપમા આપવામાં આવે છે. હાથીના પગલામાં જેમ બીજા બધાં પગલાં સમાઈ જાય, એમ પંચાયતની પ્રવૃત્તિમાં અન્ય તમામ રચનાત્મક પ્રવૃત્તિઓ સમાઈ જાય. આવી મહત્ત્વની પ્રવૃત્તિને યોગ્ય વળાંક અને વેગ આપવા માટે સૌરાષ્ટ્ર રાજ્યે સૌરાષ્ટ્ર ગ્રામપંચાયત મધ્યસ્થ મંડળની સ્થાપના કરી. લોકો સાથે જેનો જીવતો જાગતો વર્ષો જુનો સંબંધ છે એવા અનુભવી આગેવાનોની આ મંડળ ઉપર સેવા લેવામાં આવી. સાથે સાથે રચનાત્મક ક્ષેત્રમાં રોકાયેલા અને જાહેરજીવન સાથે સંકળાયેલા તમામે તમામ કાર્યકરોએ 'પંચાયત' ના કાર્યને યોગ્ય સ્થાન અને મહત્ત્વ આપ્યું. પરિણામે આપણને પંચાયતનાં કાર્યમાં એક પ્રકારની નવી દૃષ્ટિ અને નવો ઉઠાવ જોવા મળે છે. આંકડાની વાત કરું તો સૌરાષ્ટ્રમાં કુલ લગભગ ૪૪૦૦ જેટલાં ગામ. આમાંથી સુધરાઈ વાળા શહેર અને અન્ય રીતે પંચાયતની સ્થાપના શકય જ નથી એવા ગામો બાદ કરતાં જ્યાં પંચાયત સ્થાપી શકાય એમ છે એવા લગભગ ૪૦૦૦ ગામ ગણાય. આમાંથી લગભગ ૩૬૦૦ ગામોમાં આજે પંચાયતો સ્થપાઇ ચૂકી છે. બાકીના સો સવાસો ગામોમાં પણ થોડા વખતમાં જ પંચાયતો સ્થપાઈ જશે. પંચાયતની સ્થાપના એ તો પહેલો તબક્કો છે અને આંકડા ઉપરથી આપ જોઈ શકશો કે એ તબક્કો લગભગ પૂરો થયો છે. પરન્તુ એટલેથી જ સંતોષ લઇને અટકવાનું નથી. પંચાયતને આપણે ગ્રામ સ્વરાજ્યની આદર્શ સંસ્થા બનાવવી છે અને એ દિશામાં મંડળે તથા કાર્યકર મિત્રોએ બહુ જ કાળજી-ભર્યા પ્રયાસો હાથ ધર્યા છે. ગ્રામવિકાસની કોઈ યોજનાનો વિચાર કરવો હોય તો પંચાયતને કેન્દ્રમાં રાખીને જ એ થઈ શકે એવી સ્થિતિ નિર્માણ થઇ ચૂકી છે. સરકાર તરફથી પ્રજા–કલ્યાણનાં અનેક ખાતાંઓ હોય છે. પરન્તુ આ બધાં ખાતાંઓની ગામડાં અંગેની લગ-ભગ બધી જ યોજના અને કાર્યક્રમનો અમલ 'પંચાયત' સંસ્થા દ્વારા જ થઈ રહ્યો છે. સરકારનાં જુદાં જુદાં ખાતાંઓની ગ્રામવિકાસ અંગેની યોજનાઓ હાથ ધરીને પંચાયતોએ સંતોષ માન્યો નથી. નૂતન સમાજ રચના માટે આપણી સામે જે દૃષ્ટિ અને કાર્યક્રમ છે એને ઝીલવા અને એનો અમલ કરવા માટે પણ કેટલીક આગળ પડતી પંચાયતોએ પ્રયાસો હાથ ધર્યા છે અને સુંદર પરિણામો હાંસલ કર્યા છે. ગામમાં કોઇ માણસ બેકાર હોય તો એને કામ આપવાની જવાબદારી પંચા-યતની છે. ગામડાના મૃતપ્રાયઃ થયેલા ગ્રામઉદ્યોગોને સજીવન કરવાની કાળજી પંચાયતે લેવી જોઇએ, ગામમાં સમાનતાની ભાવના પેદા કરવાનું કાર્ય પંચાયતનું છે. આવી હવા પેદા થવા લાગી છે.

અંબર ચરખા વિષે આપણે સાંભળીએ છીએ. એની કાર્યક્ષમતા વિષે ઉપરના વર્તુળોમાં મતભેદ પ્રવર્તે છે. અને છતાં પ્રયોગ તરીકે આ વર્ષે આ કાર્યક્રમને અજમાયશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. મારા મનમાં કોઇ શક નથી કે જેમના મનમાં આ અંબર ચરખા વિશે શંકા છે એ થોડા વખતમાં જ નિર્મૂળ થશે અને આપણાં ગ્રામજીવનમાં અંબર ચરખો ક્રાંતિકારી પલ્ટો લાવશે. અંબર ચરખા દ્વારા ખાદીનું ઘણું ઝડપી ઉત્પાદન થઈ શકશે એ વાત સાચી, પણ વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે સ્વાવલંબનના ક્ષેત્રમાં અંબર ચરખો મહત્ત્વનો ફાળો આપે એમ છે. યરવડા ચકથી આપણે વ્યકિતગત સ્વાવલંબનનો કાર્યક્રમ વિચારતા હતા. અંબર ચરખા દ્વારા હવે ગ્રામ સ્વાવલંબનનો કાર્યક્રમ વિચારી શકાય એવી અનુકુળતા ઊભી થઈ છે. સૌરાષ્ટ્રની રચનાત્મક સંસ્થાઓ આ દિશામાં મથી રહી હતી. પરન્તુ સૌરાષ્ટ્રની ગ્રામ પંચાયતો સમક્ષ પણ અંબર ચરખા દ્વારા ગ્રામ સ્વાવલંબનની યોજના મૂકવામાં આવી. આપને જાણીને આનંદ થશે કે એકસો જેટલી પંચાયતોએ આ કાર્યક્રમનો સ્વીકાર કર્યો છે અને એમાંની મોટા ભાગની પંચાયતોએ ગામના પસંદ કરેલા જુવાનોને અંબર ચરખાની તાલીમ આપી, વહેલી તકે ગામમાં અંબર ચરખા દ્વારા ગ્રામસ્વાવલંબનનો કાર્યક્રમ હાથ ધરી શકાય એવા પ્રયાસો આદરી દીધા છે.

અપૂર્ણ

રતુભાઈ અદાણી

અ. ભા. સર્વ સેવા સંઘના મહત્ત્વના ઠરાવો

તા. ૨૨–૧૧–૫૬ ના રોજ મદ્રાસ પ્રદેશમાં પર્લાકમુકામે અખિલ ભારત સર્વ સેવા સંઘે નીચેના મહત્ત્વના ઠરાવો પસાર કર્યા છે:–

કેન્દ્રિત-નિધિ–મુક્તિ અને તંત્રમુક્તિ

૧૮ મી એપ્રિલ ૧૯૫૧ ના રોજ ભૂદાનયજ્ઞ આન્દોલનની શરૂઆત થઇ. એપ્રિલ ૧૯૫૨ માં સેવાપુરી સમ્મેલન વખતે શ્રી વિનોબાજીની આગેવાની હેઠળ સર્વ સેવા સંઘે આ આન્દોલનને દેશવ્યાપી બનાવવાનો ભાર પોતાને માથે લીધો. સર્વ સેવા સંઘે આ કામ સારુ પ્રાંતે પ્રાંતમાં ભૂદાન સમિતિઓની રચના કરી. પ્રાંતોમાં કયાંક કયાંક જિલ્લા અને તેથી નીચેનાં સંગઠનો પણ બન્યાં. આ રચનાની મારફત ગયા સાડાચાર વર્ષમાં ભૂદાનયજ્ઞ આન્દોલનનો સંદેશ અને કાર્ય દેશમાં ફેલાયાં છે. આ અરસામાં લગભગ સાડાપાંચ લાખ દાતાઓ દ્વારા ૪૨ લાખ એકર જમીન મળી છે, જેમાંથી લગભગ પાંચ લાખ એકર જમીન દોઢ લાખ પરિવારોમાં વહેંચાઈ ચૂકી છે. ૬૭ હજાર દાતાઓ પાસેથી વાર્ષિક ૧૧ લાખથી વધુનાં સંપત્તિદાનપત્રો પણ પ્રાપ્ત થયાં છે અને લગભગ ૧,૫૦૦ ગામડાંઓએ ગ્રામદાન કરીને જમીનના ગ્રામીકરણ તરફ પગલું માંડયું છે. આમ જમીનના છઠ્ઠા ભાગના દાનથી શરૂ થઈ આ આન્દોલન જમીન પરની વ્યક્તિગત માલિકીના વિસર્જન સુધી પહોંચ્યું છે અને એને લીધે અહિંસક ક્રાન્તિની પ્રક્રિયાનું દર્શન થયું છે.

પ્રારંભિક અવસ્થામાં આન્દોલનને આગળ વધારવા સારુ ભૂદાન સમિતિ વગેરે તંત્રનો ઉપયોગ હતો. એ તંત્રને ચલાવવા સારુ ગાંધી નિધિ પાસેથી આર્થિક મદદ લેવામાં આવી, જે સહેજે મળી શકતી હતી. પણ હવે વિચારવાનો સમય આવી પહોંચ્યો છે. નાના છોડના રક્ષણ માટે કરવામાં આવેલી વાડ આગળ જતાં બિનજરૂરી જ નહીં, છોડના ઉછેર માટે બાધક પણ થઈ શકે છે. એમ તંત્રના સીમિત વાડામાં રહીને અને સંચિત નિધિને આધારે કોઈ પણ આન્દોલન વ્યાપક રૂપ ગ્રહણ ન કરી શકે. આન્દોલનનું ક્રાન્તિકારી સ્વરૂપ પ્રગટ થવા માટે એ જરૂરી છે કે તે આ પ્રકારનાં બંધનોથી મુક્ત થઇને જન–આધારિત બને અને કોટિ કોટિ જનતા તેને જાતે જ ઉઠાવી લે.

ભૂદાન, સંપત્તિદાન તથા ગ્રામદાન મારફત વ્યક્તિગત માલિકીના વિસર્જનનો અને ગ્રામસંકલ્પની પદ્ધતિ મારફત ગ્રામરાજની શક્યતાનો વિચાર ઠીક પ્રમાણમાં દેશમાં ફેલાયો છે. અને સર્વ સેવા સંઘના મત પ્રમાણે હવે આન્દોલનને તંત્ર અને કેન્દ્રિત નિધિના અવલંબનથી મુક્ત કરવાનો સમય આવ્યો છે. ભૂદાનયજ્ઞ આન્દોલનની મારફત આપણે જે અહિંસક ક્રાન્તિ પ્રગટ કરવા ઇચ્છીએ છીએ તેને સારુ આ પગલું આવશ્યક છે. સંઘને વિશ્વાસ છે કે આમ નિરાલંબ થવાથી આન્દોલનને જનતાનું સીધું આલંબન મળી રહેશે, જનતા જાતે આન્દોલનને ઉપાડી લેશે અને ક્રાન્તિનાં ચરણ આગળ માંડશે.

માટે અખિલ ભારત સર્વ સેવા સંઘની આ સભા સર્વાનુમતિથી નિશ્ચય કરે છે કે,

(૧) જાન્યુઆરી ૧૯૫૭ થી ભૂદાનયજ્ઞના કાર્યને માટે આજે બનાવવામાં આવેલું બધું તંત્ર એટલે કે પ્રાન્તીય સમિતિઓ અને સંયોજકો તથા એની નીચેનાં જિલ્લા સંગઠનો તથા સંયોજકોને વિસર્જિત કરવામાં આવે;

(૨) જાન્યુઆરી ૧૯૫૭ થી ભૂદાન આન્દોલનના કામ માટે ગાંધી સ્મારક નિધિ અથવા બીજા કેન્દ્રિત નિધિ પાસેથી મદદ લેવાનું બંધ કરવામાં આવે; પદયાત્રાઓ, શિબિર, સભા સમ્મેલન વગેરે કરતી વખતે સ્થાનિક લોકો મળીને જે વ્યવસ્થા પોતાના તરફથી થઇ શકે તે કરે; એ ઉપરાંત ભૂદાનના કામ માટે ફાળો પણ એકઠો ન કરવામાં આવે;

(૩) આવી 'નિધિમુક્તિ' પછી ભૂદાનયજ્ઞ આન્દોલન સારુ નીચેના જન–આધારિત કે શ્રમ–આધારિત સ્ત્રોતોનું અવલંબન રહેશે :—

૧. સંપત્તિદાન ૨. સૂતાંજલિ ૩. સૂત્રદાન ૪. અન્નદાન અને ૫. સાહિત્ય વેચાણ કમિશન.

(૪) ગામડાંના નિર્માણ કાર્ય માટે સંચિત નિધિ, સંપત્તિદાન, સાધનદાન તથા સરકારી કે બીજા પૈસાનો ઉપયોગ થઈ શકે છે.

ચૂંટણી અને સર્વોદય

અહિંસક સમાજ–રચના એ સર્વ સેવા સંઘનું લક્ષ્ય છે. એને ખાતરી છે કે શાસન મારફતે અહિંસક સમાજની સ્થાપના ન થઈ શકે. લોકતંત્રનો છેવટનો આધાર લોકસંમતિ છે એ તો સ્વીકારાઈ ચૂકેલી વાત છે. એની સિદ્ધિ માટે દંડ–નિરપેક્ષ સમાજ–વ્યવસ્થા તરફ આગળ વધવું જોઇએ. આમ હોવાથી સર્વ સેવા સંઘ રાજનીતિમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ કોઇપણ જાતનો ભાગ લઈ શકે નહીં. જે પક્ષના હાથમાં સત્તા છે અને જે પક્ષ સત્તા પ્રાપ્ત કરવા માંગે છે એ બધા તરફ સર્વ સેવા સંઘ તટસ્થ બુદ્ધિથી જુએ છે. આજે લોકતંત્ર પક્ષ–નિષ્ઠ છે. એને લોક–નિષ્ઠ બનાવવા માટે પક્ષ–નિરપેક્ષ અને પક્ષાતીત ભૂમિકાની જરૂર જણાય છે. એને કોઇ પક્ષની હાર કે કોઇ પક્ષની જીતમાં ખાસ રસ ન હોઈ શકે. કારણ, સૌ જાણે છે કે મત–પરિવર્તનની પ્રક્રિયા હાર અને જીતથી પર છે. આપણે જો કોઇની હાર યા જીત ઇચ્છીશું તો એમાંથી એકેયનું હૃદય–પરિવર્તન કરવાની પાત્રતા ખોઇ બેસીશું. એટલે સર્વ સેવા સંઘ પોતે થઇને ચૂંટણીમાં ભાગ લઇ શકે નહીં, તેમ જ ચૂંટણીને વિશે કોઇપણ જાતની સલાહ આપવાનું પણ એ ઉપયોગી માનતો નથી.

પરંતુ સર્વોદય સિદ્ધાન્તમાં માનનારા કેટલાક આજની હાલતમાં પોતાના મત આપવાના અધિકારનો ઉપયોગ કરવા ઇચ્છશે. સ્વાભાવિક રીતે જ એ લોકો શાંતિમય સાધનોમાં વિશ્વાસ ન રાખનારા અથવા સંપ્રદાયવાદી ઉમેદવારોને મત આપવો ઉચિત નહીં માને. જે લોકો અલગ અલગ રાજકીય પક્ષોના સભ્ય છે તેઓ જાણે છે જ કે મત આપવાનું કર્તવ્ય નાગરિકો માટે જેટલું પવિત્ર મનાય છે તેટલું જ વિશિષ્ટ સંજોગોમાં મત ન આપવાનું કર્તવ્ય પણ પવિત્ર છે. તેથી એનો પક્ષ જો ખોટા માણસોને ઉમેદવારી માટે ઊભા રાખે તો દરેક લોકનિષ્ઠ નાગરિકનું એ કર્તવ્ય બની જાય છે કે એ પક્ષનો સભ્ય હોવા છતાં પણ એ ઉમેદવારને મત ન આપે.

પ્રકીર્ણ નોંધ

ભૂદાનની નિધિમુક્તિ અને તંત્રમુક્તિ

ભૂદાન હીલચાલમાં જેઓ રસ ધરાવે છે તેમના માટે ઉપર આપેલા સર્વ સેવા સંઘના નિધિ મુક્તિ અને તંત્ર મુક્તિના નિર્ણયો કાંઇક આશ્ચર્ય તેમજ ચિન્તા પેદા કરે તેવા છે. આ હીલચાલના પ્રમુખ સૂત્રધાર શ્રી વિનોબાજીએ અને તેમના સલાહકાર સાથીઓએ આ નિર્ણયો પૂરો અને લાંબદ્દોર વિચાર કરીને લીધા હશે, પણ સંસ્થાઓ અને આન્દોલન સંચાલનનો આજ સુધીનો આપણો અનુભવ અને તે આધારે ટેવાયલું આપણું મન આ નિર્ણયોને આવકારતાં અચકાય છે. ગાંધી સ્મારક નિધિ તરફથી સર્વ સેવા સંઘને દર વર્ષે આશરે દશ લાખ રૂપિયાની મદદ મળતી હતી અને ભૂદાન પ્રવૃત્તિ ચલાવવામાં તેની પૂરી ઉપયોગીતા હતી. ગાંધી સ્મારક નિધિના દ્રવ્યનો આથી વધારે સારો ઉપયોગ આપણે કલ્પી શકતા નહોતા અને આ નિધિનો આવો ઉપયોગ કરવા સામે સર્વ સેવા સંઘને કોઇ તાત્ત્વિક વાંધો નહોતો. આજે પણ આ હીલચાલ ચલાવવા માટે દ્રવ્યની જરૂર રહેવાની જ છે અને તે એકઠું કરવાનો વિશેષ બોજો કાર્યકર્તાઓ ઉપર આવવાનો છે. આ ધ્રુવ અર્થપ્રાપ્તિ છોડીને અધ્રુવ આશા ઉપર આખી હીલચાલને અવલંબિત કરવા જતાં ભૂદાન પ્રવૃત્તિ જોખમાતી તો નથીને એવો પ્રશ્ન થાય છે.

આવો જ પ્રશ્ન તેના તંત્રવિસર્જન અંગે મનમાં ઉઠે છે. કોઇ પણ હીલચાલ તંત્રરચના સિવાય વ્યવસ્થિત રીતે ચાલી શકતી નથી એવો આજ સુધીનો આપણો અનુભવ છે. તંત્રમાં ગોઠવાયલા માણસોમાં જરૂર મુજબ ગમે તેવા ફેરફારો કરવામાં આવે તે સામે કોઇને વાંધો ન હોય, આમેય તે હવે પછી જો કાંઇ પ્રવૃત્તિ ચલાવવામાં આવશે તે પાછળ કોઇને કોઈ નાનું મોટું જુથ તો હોવાનું જ. તો પછી આવાં જુથો વ્યવસ્થિત સમિતિના આકારમાં કામ કરે તેમાં ખોટું શું હતું અથવા છે તે બુધ્ધિથી સમજાતું નથી.

આ બન્ને મહત્વના નિર્ણયો પાછળની એક એવી ભૂમિકા કલ્પી શકાય છે કે આજ સુધીના કાર્યે લોકોના દિલમાં ભૂદાન વિષે એવી તીવ્રતા ઉભી કરી છે કે લોકો જ સ્વયં એ કામ ચોતરફથી ઉપાડી લેશે અને જોઈતાં નાણાં પણ ચોતરફથી આવી મળશે. લોકલાગણીની આ પ્રકારની તીવ્રતા અંગ્રેજીમાં જેને 'ટેમ્પો' કહેવામાં આવે છે તે ટેમ્પો વિષે ભૂદાન સંચાલકોની ગમે તે માન્યતા હોય–આજના વાતાવરણમાં આપણને તે 'ટેમ્પો' દેખાતો નથી, અનુભવાતો નથી, અને એમ છતાં આ હીલચાલને જેટલો વેગ મળે તેટલું સરવાળે દેશના એકાન્ત લાભમાં છે એવી આપણામાંના અનેકની સુદૃઢ માન્યતા છે, અને તે માટે ગાંધી સ્મારક નિધિની અર્થપૂરવણી અને પ્રવૃત્તિ અંગેની તંત્રરચનાની જેટલી ઉપયોગીતા પહેલાં હતી તેટલી જ આજે છે એમ લાગે છે. આમ વિચારતાં ઉપરના નિર્ણયો આખી હીલચાલને પીછેહઠ કરાવનારા અથવા તો તેને મંદગતિ બનાવનારા તો નહિ નીવડે ને એવી આશંકા અથવા તો ભિતિ મનને વ્યાકુળ બનાવે છે.

સર્વોદય સિધ્ધાન્તવાદીઓ અને આગામી ચૂંટણી

આગામી ચૂંટણી અંગે કરવામાં આવેલો નિર્ણય પણ એટલો જ વિવાદાસ્પદ લાગે છે. સર્વોદય સિધ્ધાન્તવાદીઓએ ચૂંટણીમાં ભાગ ન લેવો એવી નીતિ રજુ કરવામાં આવી છે. આમ છતાં પણ આ નીતિને અમલમાં મૂકવા માટે સર્વોદયના સિધ્ધાન્તને માનનારા સર્વ કોઇ તૈયાર નથી એ હકીકત ધ્યાનમાં લઈને એવું માર્ગદર્શન કરાવવામાં આવ્યું છે કે "જે પક્ષનો પોતે હોય તે પક્ષ ખોટા માણસોને ઉમેદવારી માટે ઉભા રાખે તો દરેક લોકનિષ્ઠ નાગરિકનું એ કર્તવ્ય બની જાય છે કે એ પક્ષનો સભ્ય હોવા છતાં પણ એ ઉમેદવારને મત ન આપે."

આ માર્ગદર્શન શબ્દરચનામાં સુન્દર લાગે છે, પણ તેનો ઝીણવટથી વિચાર કરતાં અનેક ગુંચો અથવા તો અનિશ્ચિતતા પેદા કરે એવું લાગે છે. એક તો આજના પક્ષગત રાજકારણમાં કોઈ પણ પક્ષમાં જોડાયલી વ્યક્તિના સારાખોટાપણાનો તેને પક્ષથી છુટો પાડીને વિચાર કરવો બહુ જ મુશ્કેલ લાગે છે. જો પક્ષની વિચારસરણી વર્ગવિગ્રહને અને સાધન તરીકે હિંસા અને અસત્યને માન્ય રાખતી હોય તો તે પક્ષને વરેલી વ્યક્તિ ગમે તેટલી બીજી રીતે સારી હોય તો પણ તેને ચૂંટણીની દૃષ્ટિએ સારી શી રીતે લેખી શકાય ? એટલે આજના રાજકારણમાં તો, વ્યક્તિનું સ્વતઃ મહત્વ ગમે તેટલું હોય તો પણ, તેનું મહત્વ પક્ષના મહત્વ આગળ ગૌણ ગણવું રહ્યું. આનો અર્થ એ થયો કે કોઈ પણ વ્યક્તિને પક્ષનિરપેક્ષ રીતે સારો ખોટો નક્કી કરવાનું લગભગ અશક્ય છે. પરિણામે નીચેનો અપવાદ ઉપરની આખી નીતિને લગભગ અર્થશૂન્ય બનાવે છે. પ્રસ્તુત નિર્ણયમાં આવી અસંગતિ આવવાનું કારણ એ છે કે ભૂદાનના આન્દોલનના સૂત્રધાર વિનોબાજીની દૃષ્ટિ પક્ષાતીત છે, જ્યારે તેમની સાથે તેમજ તેમની પ્રવૃત્તિ સાથે ગાઢપણે સંકળાયલા શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી શંકરરાવ દેવ તેમજ અન્ય કેટલાક કાર્યકર્તાઓ પક્ષવાદી રાજકારણ તરફ ઢળેલા છે અથવા તો તે સાથે સારી રીતે સંકળાયલા છે. ઉપરનો નિર્ણય ઉત્તર દક્ષિણ વચ્ચે કોઇ મધ્યરેખા ઉભી કરવાના પ્રયત્ન જેવો લાગે છે, જેનું વાસ્તવિક રાજકારણમાં કોઈ મહત્વનું પરિણામ નીપજવા સંભવ નથી.

અસભ્યતાની પરાકાષ્ટા

અમદાવાદના મહા ગુજરાતવાદીઓએ, થોડા સમય પહેલાં મુંબઈ પ્રદેશના પધાન શ્રીમતી ઇન્દુમતીબહેન અમદાવાદ ગયા ત્યારે, જે વર્તન દાખવ્યું તે અસભ્યતાની પરાકાષ્ટા હતી. જે બહેન અમદાવાદ તળનાં છે અને અમદાવાદના સામાજિક તેમ રાજકીય ક્ષેત્રે જેઓ વર્ષોથી કામ કરી રહ્યાં છે, છેલ્લા હિન્દુ મુસલમાન તોફાન વખતે જે બહેને અસાધારણ વીરતા અને પરાક્રમ દાખવીને અમદાવાદનાં બ્રન્નબ્રનોનાં અનેક ધન્યવાદ પ્રાપ્ત કર્યા હતાં તે બહેન દ્વિભાષી મુંબઈ પ્રદેશના પ્રધાનપદ ઉપર આવ્યા બાદ પહેલી જ વાર પોતાના સ્વજનો વચ્ચે જાય છે ત્યારે મહાગુજરાતનાં નામથી ચાલતા આન્દોલનને વરેલા ભાઇઓ તેમજ બહેનો તેમને કાળા વાવટાથી આવકારે છે, એટલું જ નહિ પણ, તેમના માટે ગોઠવાયલાં સંમેલનોમાં જતાં આવતાં તેમની મોટર ઉપર પથ્થરમારો ચલાવે છે, ટાયરમાં કાણું પાડીને મોટર અટકાવે છે, તેઓ મોટરમાંથી ઉતરી નિયત સ્થાને જાય છે તો લોકો અને તેમાં પણ બહેનો તેમની ઉપર તુટી પડે છે, કાળા વાવટા જેમાં ભરાવાતા હોય છે તે લાકડીઓ વડે માર મારે છે, કપડાં ખેંચે છે–આ પ્રકારની હદ સુધીની અસભ્યતાનું અમદાવાદના મહાગુજરાતવાદીઓએ દર્શન કરાવ્યું છે. પોતાની સ્વજનસમી એક બહેન ઉપર આ બધું વીતે અને તેમાં માત્ર ભાઇઓ નહિ પણ બહેનો જોડાય–આથી વધારે શરમાવનારી ઘટના અમદાવાદના ઇતિહાસમાં આજ સુધી કદિ બની સાંભળી નથી. રાજકારણપ્રેરિત વિરોધ દાખવવાના હેતુથી કાળા વાવટાઓ પોતાને પ્રતિકુળ રાજકારણી વ્યક્તિ સામે ધરવામાં આવે, વિરોધી લોકસૂત્રો પોકારવામાં આવે, તેમનાં સન્માન સંમેલનો સામે અસહકાર દાખવવામાં આવે–આ બધું સમજી તેમ જ કલ્પી શકાય તેવું છે. પણ ઉપર વર્ણવ્યું તેવું સ્વછંદી–સધળી શિષ્ટતાને નેવે મૂકતું–આચરણ જાણીને માત્ર મુંબઈ પ્રદેશના જ નહિ પણ આખા ભારતના પ્રજાજનોને સખ્ત આઘાત લાગ્યો છે.

દેશને માથે વધતું જતું 'ફાસીઝમ'નું જોખમ

ઉપરની ઘટના બાદ મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી ચવ્હાણ અમદાવાદ ગયા ત્યારે પણ વિરોધી દેખાવો, ભાંગફોડ, પથ્થરબાજી અને સભાઓને બળજબરીથી તોડવાના પ્રયાસો ચાલુ જ હતા. આ જ પધ્ધતિ મહાગુજરાતવાદીઓએ અન્યત્ર પણ અખત્યાર કરેલી છે. થોડા સમય પહેલા નડિયાદમાં શ્રી ત્રિભુવનદાસ પટેલના પ્રમુખપણા નીચે ભૂદાન ઉપર શ્રી રવિશંકર મહારાજનું વ્યાખ્યાન હતું. શ્રી ત્રિભુવનદાસ એક બાજુએ સ્થાનિક ભૂદાન સમિતિના પ્રમુખ હતા; બીજી બાજુએ સ્થાનિક કોંગ્રેસના પ્રમુખ હતા. સ્થાનિક મહાગુજરાતવાદીઓએ શ્રી ત્રિભુવનદાસના પ્રમુખપણા નીચે સભા ચલાવવા દેવાનો સખ્ત વિરોધ કર્યો અને ભારે તોફાન કર્યું અને પરિણામે ત્રિભુવનદાસને મંચ ઉપરથી નીચે ઉતરવાની ફરજ પાડી.

યુરોપમાં બીજા વિશ્વયુધ્ધ પહેલાં ઇટલી અને જર્મનીમાં જે ફેસીઝમ ઉભું થયું હતું જેનો આશય પોતે લઘુમતીમાં હોય છતાં મારઝુડ, ધાકધમકી અને ખુનો કરવા સુધી જઈને પણ પ્રતિપક્ષની કોઈ પ્રવૃત્તિને ચાલવા ન દેવી અને કોઈ પણ રીતે પોતે સત્તા ઉપર આવવું એ પ્રકારનો હતો–આવું ફેસીઝમ આજે ભારતના પ્રજાજનોના અમુક વર્ગોના માનસ ઉપર સવાર થઈ રહ્યું છે અને જો આ પરિસ્થિતિ બીન–રોકટોક આગળ ચાલે તો આપણું જાહેર જીવન નાશ પામે અને લોકશાહી ખતમ થાય. તેથી આપણા સર્વના હિતમાં અને લોકશાહીની રક્ષા કાજે આ ફાસીસ્ટ પધ્ધતિના માર્ગે આગળ વધતી પ્રવૃત્તિઓનો બને તેટલો સામનો કરવો અને આ ગુંડાગીરી કોઈપણ અંશમાં નીભાવવામાં નહિ આવે એવી આ પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવનાર વર્ગોને ખાત્રી કરાવી આપવી એ માત્ર કોંગ્રેસીઓ તરીકે નહિ પણ સામાન્ય પ્રજાજનો તરીકે આપણ સર્વની અનિવાર્ય ફરજ બને છે.

વિષય સૂચિ

		પૃષ્ઠ
અમેરિકાની પ્રજાજોગ મહા અમાત્ય નહેરુનું ઉદાત્ત રેડીઓ પ્રવચન	પં. નહેરુ	૧૭૩
સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્ય	રતુભાઈ અદાણી	૧૭૫
અ. ભા. સર્વ સેવા સંઘના મહત્વના ઠરાવો		૧૭૭
પ્રકીર્ણ નોંધ : ભૂદાનની નિધિમુક્તિ અને તંત્રમુક્તિ, સર્વોદય સિધ્ધાન્તવાદીઓ અને આગામી ચૂંટણી, અસભ્યતાની પરાકાષ્ટા, 'ગૌતમ બુદ્ધ.'	પરમાનંદ	૧૭૭
ગંગોત્તરી	હર્ષદલાલ શોધન	૧૮૦

'ગૌતમ બુધ્ધ'

ભારત સરકાર તરફથી 'ગૌતમ બુધ્ધ' એ મથાળાનું એક દસ્તાવેજી ચિત્રપટ તૈયાર કરવામાં આવ્યું છે અને દેશના જુદા જુદા સીનેમાઓદ્વારા જનતા સમક્ષ એ ચિત્રપટ રજુ થઈ રહ્યું છે. આ ચિત્રપટ તૈયાર કરાવવા પાછળ ભારત સરકારે ઘણી મોટી રકમ ખરચી છે. ફીલ્મ, બ્રોડકાસ્ટીંગ તથા સમાચાર ખાતાના વિદ્વાન ભાવનાશીલ સેક્રેટરી શ્રી પી. એમ. લાડની સીધી દોરવણી નીચે તે તૈયાર કરવામાં આવેલ છે. ફીલ્મનિર્માતા તરીકે ભારે ખ્યાતિ ધરાવતા શ્રી વિમલ રોયને આ ચિત્રપટ નિર્માણ કરવાની જવાબદારી સોપવામાં આવી હતી. આ માટે ભારતમાં તેમ જ ભારત બહાર જ્યાં જ્યાં બૌધ્ધ શિલ્પ કે ભિત્તિચિત્રો હોય ત્યાં ત્યાંથી પાર વિનાની છબીઓ અને ફિલ્મો ઉતારવામાં આવી હતી. આ રીતે લગભગ એક લાખ ફીટ જેટલી લેવાયલી ફિલ્મો ઉપરથી ૭૫૦૦ ફીટનું પ્રસ્તુત ચિત્રપટ તૈયાર કરવામાં આવ્યું છે. આ ચિત્રપટ જીવન્ત માનવીપાત્રોનાં અભિનય, ગાયન અને વાર્તાલાપો દ્વારા તૈયાર કરવામાં નથી આવ્યું અને તેથી ચિત્રપટોની સામાન્ય કલ્પનાપૂર્વક જોનારને આ ચિત્રપટ નિરાશ કરે તેવું છે. આ ચિત્રપટમાં તો ભગવાન બુધ્ધના ચરિત્રને લગતાં પ્રાચીન શિલ્પો અને ભિત્તિચિત્રોદ્વારા રજુ કરવાનો પ્રયત્ન છે. આ શિલ્પકૃત્તિઓ અને ચિત્રોને પ્રસ્તુત ચિત્રમાં એવી રીતે વણી લેવામાં આવેલ છે કે તેને લીધે જડ પથ્થરમાં કોરેલી મૂર્તિઓ જીવતી જાગતી લાગે છે અને ચિત્રનિરૂપિત આકૃતિઓ બોલતી ચાલતી ભાસે છે. આ રીતે આજ સુધી નિર્માયલાં ચિત્રપટો કરતાં આ ચિત્રપટની ભાત કેવળ જુદી જ છે. એ દ્વારા ભારતની અનેક અદ્ભુત શિલ્પકૃતિઓનો આપણને સીધો પરિચય થાય છે અને ખાસ કરીને ભગવાન બુધ્ધની મૂર્તિઓના કેટલાક અજોડ નમુનાઓનાં આપણને સુભગ દર્શન થાય છે. પાર્શ્વભૂમિમાં સંગીત પણ ચરિત્રઘટનાઓને અનુરૂપ ગોઠવવામાં આવ્યું છે તથા કથાવસ્તુનું અંગ્રેજી નિરૂપણ પણ ચિત્રપટ સાથે સુન્દર રીતે સાંકળી લેવામાં આવ્યું છે.

મુંબઈમાં 'મેટ્રો' સીનેમાએ આ ચિત્રપટ બે અઠવાડીઆ સુધી બતાવ્યું તે દરમિયાન તે જોવાની તક સાંપડી હતી. ચિત્રપટ જોતાં આપણે વર્તમાન દુનિયાને ભુલી જઈએ છીએ અને આજથી ૧૦૦૦, ૧૫૦૦ કે ૨૦૦૦ વર્ષ પહેલાંનાં શિલ્પોદ્વારા પુરાણા ભૂતકાળની દુનિયામાં વિહરવાનો આનંદ અનુભવીએ છીએ. આ ચિત્રપટોનાં અંગઉપાંગોનું વિવરણ કરવાને અહિં અવકાશ નથી. એટલી ક્રમસર માહીતી સ્મરણપટ ઉપર સ્પષ્ટ આકારે અંકિત પણ નથી. એમ છતાં એટલું જરૂર કહી શકાય કે જરા પણ રસભંગ ન થાય એ રીતે ભગવાન બુધ્ધના જન્મથી માંડીને નિર્વાણ સુધીમાં બનેલી ઘણી ખરી મુખ્ય મુખ્ય ઘટનાઓને આ ચિત્રપટમાં સંકલિત કરવામાં આવી છે અને સાથે સાથે પ્રાગ્ઐતિહાસિક કાળથી માંડીને ગાંધીજી સુધીના વિરાટ કાળપટનું આછું દર્શન પણ આ ચિત્રપટ કરાવે છે. ભારતની પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિનો આ ચિત્રપટ વડે આપણને સીધો સંપર્ક થાય છે, જે ભારે આલ્હાદક લાગે છે. કેવળ માનસિક અનુરંજન આ ચિત્રપટનો હેતુ નથી. જગતના એક શ્રેષ્ટ પુરૂષના ભવ્ય ચરિત્રનું શિક્ષણ આપવું અને આજના રાગદ્વેષવ્યાકુલ જગતમાં પ્રેમ, શાન્તિ, સમભાવ, નિર્વૈરનું વાતાવરણ પેદા કરવું—આ હેતુથી પ્રેરાઈને આ ચિત્રપટ તૈયાર કરવામાં આવ્યું છે. ચિત્રપટ પુરૂં થતાં ચિત્ત એક પ્રકારનું ભરપુરપણું અનુભવે છે, ચિત્રવસ્તુની ગંભીર છાયા મનને આરપાર આવરી લે છે. માત્ર સુન્દર જ નહિ પણ કોઈ ભવ્ય વસ્તુનું—ગૂઢ જીવન તત્ત્વનું—દર્શન કર્યું હોય એવી અનુભૂતિ ચિત્તને જકડી લે છે, જોયેલી અનેક મનોહર શિલ્પકૃતિઓ સ્મરણપટ ઉપર કંઈ સમય સુધી નાચ્યા કરે છે. આવા એક અનુપમ ચિત્રનું નિર્માણ કરીને ભારત સરકારે ફિલ્મોની દુનિયામાં એક નવું સીમાચિહ્ન સર કર્યું છે.

આ ચિત્રપટમાં અન્તર્ગત કરવામાં આવેલી ઘટનાઓની સમજુતી સ્પષ્ટ, વિશદ અને સુન્દર શૈલીમાં અંગ્રેજી ભાષાદ્વારા આપવામાં આવી છે. આ નિરૂપણનું આયોજન ખરેખર અદ્ભુત છે અને તેમાંનાં કેટલાક વાક્યોના ભણકારા થોડા સમય સુધી તો કાનમાં સતત ઉઠ્યા જ કરે છે. પણ અંગ્રેજી નહિ સમજનાર વર્ગ આ શબ્દપરિચય સમજી શકતો નથી એટલે માણી શકતો નથી. દેશના ઘણા બહોળા વર્ગ માટે પ્રસ્તુત ચિત્રવસ્તુનો હિંદી પરિચય ચિત્રપટ સાથે જલ્દિથી સાંકળી લેવામાં આવે તે અત્યન્ત આવશ્યક છે. પરમાનંદ

ભંડારધારા (વિલ્સન-ડેમ) પર્યટણ

સત્વર નામ નોંધાવો!

મુંબઈથી નાસિક રસ્તે આવતા ઈગતપુરીથી ૨૩ માઈલ દૂર ભંડારધારા અથવા તો વીલ્સન ડેમ. નામનું એક અતિ રમણીય સ્થળ છે. મુંબઈથી લગભગ ૧૨૫ માઈલ દૂર છે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો માટે ચાલુ જાન્યુઆરી માસ દરમિયાન તે સ્થળ ઉપરનું એક પર્યટણ ગોઠવવામાં આવેલ છે. આ માટે નિયત કરેલ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ જાન્યુઆરી માસની ૧૯ મી તારીખ શનીવાર બપોરે બે વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગ પાસેથી ઉપડશે અને રસ્તામાં રોયલ ઓપેરા હાઉસ સામે, દાદર બોરદાદ સરકલ વીન્સેન્ટ રોડના ડાબી બાજુના બસ નાકા પાસે, માટુંગા કીંગ સરકલ જૈન મંદિર પાસે ઉભી રહેશે. શનીવારની રાત તથા રવિવારનો દિવસ ભંડારધારા (વીલ્સન ડેમ) ઉપર ગાળવામાં આવશે અને રાત્રીના મુંબઈ પાછા આવવાનું બનશે. પર્યટણમાં જોડાનારે બેડીંગ, કળશો, પ્યાલો, વાડકો, ચમચો વગેરે જરૂરી વસ્તુઓ સાથે લાવવાની રહેશે.

આ પર્યટણમાં જોડાનાર મોટી ઉમરના ભાઈ બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૧૫ અને ૧૦ વર્ષ નીચેના બાળકો માટે રૂા. ૧૦ આપવાના રહેશે. પોતાની મોટરમાં આવનારે ઉપર મુજબ મોટા માટે રૂા. ૮ અને નાના માટે રૂા. ૫ આપવાના રહેશે. આ પર્યટણ બહુ મર્યાદિત સંખ્યા માટે યોજવામાં આવેલ છે તેથી પર્યટણમાં જોડાવા ઇચ્છનાર સભ્યોને તા. ૧૧ જાન્યુઆરી સુધીમાં સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ ભરીને પોતપોતાનું નામ સત્વર નોંધાવી જવા વિનંતિ છે. આ બાબતમાં અનુભવ એવો છે કે છેવટના દિવસોમાં કેટલાક સભ્યો પોતાનાં નામ નોંધાવવા આવે છે. જ્યાં અતિ પરિમિત સંખ્યામાં સભ્યોને લઈ જવાની ગોઠવણ કરવામાં આવી છે ત્યાં આવી રીતે આવતા સભ્યોને નિરાશ કરવા સિવાય બીજો વિકલ્પ રહેશે નહિ.

એક વિશેષ વિનંતિ કે પર્યટણ દરમિયાન ભોજન વગેરે વ્યવસ્થાનો ભાર માત્ર અમુક વ્યકિતઓ ઉપર આવે છે અને તેથી તેઓ પર્યટણના આનંદમાં બીલકુલ ભાગ લઈ શકતા નથી. આ કામનો બોજો અને વ્યવસ્થાની જવાબદારી પર્યટણમાં જોડાનાર સર્વ ભાઈ બહેનો પરસ્પર વહેંચી લે અને એ રીતે પર્યટણ અંગેના વ્યવસ્થાપકોને માથે રહેતો ભાર હળવો બનાવે એ તરફ પર્યટણમાં જોડાનાર ભાઈ બહેનોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

પંડિત સુખલાલજી સન્માન નિધિમાં આપનો ફાળો સત્વર મોકલો!

પંડિત સુખલાલજીનો સન્માન સમારંભ આગામી માર્ચ માસની તારીખ ૧૭ મી રવિવારના રોજ ગોઠવવાનું વિચારાઈ રહ્યું છે. આ પ્રસંગે ઓછામાં ઓછા રૂા. ૭૫૦૦૦ ની થેલી પંડિતજીને અર્પણ કરવી એવા સંપલ્પ સાથે સન્માનનિધિ એકઠો કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આજ સુધીમાં રૂપિયા ૪૨૦૦૦ નાં વચનો મળ્યાં છે. આ લક્ષ્યાંકને જલ્દિ પહોંચી જઈએ એટલું જ નહિ પણ તેને વટાવી આગળ ચાલીએ એ રીતે પંડિતજીના મિત્રો, સ્વજનો પોતાની રકમો ઉદારતાપૂર્વક સત્વર નીચેના સ્થળે મોકલી આપે એવી તેમને આગ્રહપૂર્વક વિનંતિ છે.

મુંબઈ જૈન યુવક સંઘ: ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩. ચેક મોકલનારને **'Bombay Jain Yuvak Sangh'** એ નામ ઉપર લખવા વિનંતિ છે.

ચીમનલાલ ચકુભાઇ શાહ, પરમાનંદ કુંવરજી કાપડિયા, મોહનલાલ બહેતા (સોપાન).

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.


ગંગોત્તરી

મનેરી, ભટવાડી, ગંગનાણી, સુકી, હરસીલ તથા ભૈરવઘાટી થઇને ગંગોત્તરી પહોંચ્યા.

(ગતાંકથી ચાલુ)

હવે જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ વાતાવરણ વધુ આધ્યાત્મિક થતું જાય છે. પાછળ મૂકેલી દુનિયાના વિચારો આવતા બંધ થાય છે, અને આગળ જે નવી દુનીઆ આવવાની છે, અને આવતી જાય છે, તેનાં જ વિચારો અને સ્વપ્ન આવવાં શરૂ થાય છે.

રસ્તામાં મનેરી, ભટવાડી, ગંગનાણી, સુકી, હરસીલ, અને ભૈરવઘાટી વગેરે મુખ્ય સ્થળો આવે છે. તે દરેક જગાએ એકેકથી ચઢે તેવાં સુંદર દૃશ્યો આવેલાં છે. ખળખળ વહેતાં મનોહર ઝરણાં, નાની મોટી નદીઓના સંગમો, દૂર દેખાતાં હિમાચ્છાદિત શિખરો, હિમાલયના પહાડોની ભૂલભૂલામણી જેવી ભવ્ય રચના, તેમાંથી વાંકાચુંકા માર્ગ કરીને સતત વહેતા ગંગાજીના પ્રવાહની ચારૂતા, ધોડાપુર જેવા પ્રચંડ પ્રવાહની સપાટીથી થોડેકજ ઉપર લાકડાંના હાલતા પુલો ઉપર થઇને પસાર



ગંગોત્તરીમાં અમારૂં નિવાસસ્થાન

થતાં અનુભવાતો રોમાંચ, એ બધાંમાંથી નિષ્પન્ન થતું ભાવનાનું ઊંડાણ એક નવીન દુનિયા ખડી કરે છે. તેની એ મનોવૃત્તિનું શબ્દોમાં વર્ણન કરવું અશકય છે.

ઉત્તરકાશીથી મનેરી ૯ માઇલ છે. રોજ સવારના લગભગ ૯ માઇલ ચાલતા હતા અને તેમાં લગભગ ૪ કલાક થતા હતા. મનેરી જતાં રસ્તામાં વરણા અને અસિ નદીઓના સંગમ આવે છે. ત્યાંથી એક રસ્તો ૧૮ માઇલ દૂર આવેલા દોડીતાલ નામના એક વિશાળ સરોવર તરફ જાય છે, જ્યાંનું નૈસર્ગિક દૃશ્ય ઘણું અલૌકિક ગણાય છે. મનેરીનો ડાકબંગલો એક ઉંચી ટેકરી ઉપર આવેલો છે. ત્યાંની ઉંચાઈ ૪૨૦૦ ફુટ છે. નજીકમાં એક સુંદર ધોધ પડે છે. ઓશરીમાં બેઠા બેઠા સામે દૂર સુધી ભવ્ય પહાડો, જંગલો, વૃક્ષરાજીઓ અને ગંગાજીના પ્રવાહનું આલ્હાદક દૃશ્ય દેખાય છે, જે કલાકો સુધી જોતાં પણ તૃપ્તિ થતી નથી. ત્યાંના ડાકબંગલામાં એક મીલીટરી ઓફીસર શ્રી. સીંગ તેમના કુટુમ્બ સાથે ગંગોત્તરીની યાત્રા કરીને પાછા ફરી રહ્યા હતા તે મળ્યા. તેઓ ગંગોત્તરી તરફના નૈસર્ગિક સૌંદર્યથી મુગ્ધ બની ગયા હતા.

બીજે દિવસે મનેરીથી ૯ માઇલ ચાલીને ભટવાડી ગયા. રસ્તામાં માલાચટ્ટી ગામ આવે છે. ત્યાં હાથવણાટના ગરમ કાપડનું કારખાનું છે અને અહીં ગરમ કાપડ સારૂં અને સસ્તું મળે છે. ત્યાંથી એક રસ્તો કેદારનાથ તરફ જાય છે. ત્યાં શ્રીકંઠપર્વતિમાંથી નીકળીને આવતી કિલાંગના નદીનો સંગમ થાય છે. શ્રીકંઠપર્વતિમાંથી નીકળતી બીજી ચાર નદીઓ—ભિલાંગના ટેહરી પાસે, તિલાંગના તથા દિનાંગના ગંગનાણી પાસે અને લતાંગના લોહારીનાગ પાસે—ગંગાજીને આવી મળે છે. રસ્તામાં આવતાં ઝરણાનાં પાણીના રંગ જુદા જુદા હોય છે. કોઈ પારદર્શક તો કોઇ દૂધીઆ, કોઈ મેઘશ્યામ તો કોઈ પીતવર્ણ. પહાડોની બીણોની રચનાને લીધે કેટલીક જગાએ હવા થોડો વખત ગરમ અને થોડો વખત ઠંડી એમ ફેરફાર લાગે છે, તેમજ કોઈ કોઈ જગાએ ગંગાજીના પ્રવાહનો અવાજ પણ ઓછો વધુ થતો લાગે છે. પહાડો ઉપર છૂટાં છવાયાં છેક ઉપર સુધી નાનાં નાનાં ગામો વસેલાં દેખાય છે, જે જોઈ આપણને નવાઈ લાગે કે આ લોકો આટલે ઉંચે જઇને કેમ વસ્યા હશે! પરંતુ તપાસ કરતાં જણાયું કે અગાઉ રક્ષણના કારણે અને પછી ખેતીની સગવડના કારણે તેઓ ત્યાં વસેલાં છે. દરેક ગામની પાસે એક નાનો યા મોટો પાણીનો ઝરો હોય છે. ત્યાંના લોકોને પહાડ ચઢવા ઉતરવા એ રોજની ટેવને લીધે રમતવાત હોય છે. સામા કિનારે એક ગામથી બીજે ગામ જવા આવવા માટે અમુક અંતરે દોરડાના અને પાટીઆના ઝૂલતા પુલો કરેલા હોય છે, જેના ઉપર થઇને તેઓ જ હિંમત રાખીને જઇ શકે. આપણી હિંમત ના ચાલે, કારણ કે તે પુલો ઘણા વખતના જુના જીર્ણ થયેલાં હોય છે, જાત સંભાળીને તે ઉપર ચાલવાનું બહુ જ વિકટ લાગે છે, અને જો પુલ તુટ્યો અથવા તો આપણે લપસ્યા તો ઘસમસાટ કરતો ગંગાનો તેજીલો પ્રવાહ આપણને સ્વર્ગે પહોંચાડવાને તૈયાર હોય છે.

રસ્તામાં કેટલીક જગાએ optical illusions-દૃષ્ટિભ્રમ પેદા થાય એવાં દૃશ્યો પણ જોવા મળે છે. બહુ દૂર દેખાતાં શિખર બહુ પાસે હોય છે અથવા પાસે દેખાતાં શિખરો બહુ દૂર હોય છે, તેમજ ગંગાજીનો પ્રવાહ કેટલીક જગાએ એક તરફ બહુ ઉંચે અને બીજી તરફ બહુ નીચે દેખાય છે, જે ઉપરથી આપણને એમ થાય છે કે વચમાં કોઇ જગાએ ધોધ જેવું હોવું જોઇએ, પરંતુ વસ્તુતઃ તેવું કાંઇ હોતું જ નથી. કેટલીક વખત આપણને લાગે કે હવે આ પહાડ છેવટનો હશે, પરંતુ એ પહાડ પુરો થયા પછી બીજો આવ્યો જ હોય છે. હિમાલય એટલે આવા સેંકડો પહાડોની હારમાળા! ગણ્યા ગણાય નહિ, એક સાથે બધા દેખાય નહિ. શિખર ઉપર ચઢીને અથવા એરોપ્લેઇનમાંથી જુઓ તો પણ કેટલા જોઈ શકે? કાશ્મીરથી છેક આસામ સુધી કોની નજર પહોંચી શકે?

ભટવાડીનો ડાકબંગલો ૧૮૮૦ માં બંધાવેલો છે અને ઉંચાઈ ૪૮૦૦ ફુટ છે. ભટવાડીનું અસલ નામ ભાસ્કરપ્રયાગ છે. ત્યાં ભાસ્કરનદીનો સંગમ થાય છે. ત્યાં ઉનના ગરમ કાપડના કારખાના બંધાય છે. એક શંકરનું મંદિર છે. આ તરફનાં મંદિરોને બહારનો દેખાવ કે કારીગરી જેવું કાંઇ જ હોતું નથી. આપણી તરફ ગામડાંનાં મંદિરો પણ આના કરતાં વધુ દેખાવડાં હશે. કદાચ અહીંના લોકોને બાંધેલાં મંદિરો કરતાં બહારનું નૈસર્ગિક મંદિર વધુ ગમતું હશે! ત્યાંના ડાકબંગલામાં અમને એક બંગાળી ગૃહસ્થ શ્રી. રૂદ્ર મળ્યા. તેઓ પોતાના કુટુંબ સાથે ગંગોત્તરી જઇ રહ્યા હતા. આગળ પણ અવારનવાર તેમનો ભેટો થઇ જતો હતો.

સામાન માટે અહીંથી પાછા બીજા ખચ્ચરોનું નક્કી કરવાનું હોવાથી ઘણી મુશ્કેલીએ જેવા તેવા ત્રણ ખચ્ચરો મળી શક્યા. અહીં સરકારી કુલી એજન્સી છે, પરંતુ ઋષિકેશની માફક તેઓ ભાવતાલ નક્કી કરી આપીને યાત્રિકોને રાહત આપતા નથી અને કહે છે કે તમે નક્કી કરીને લાવો એટલે અમે નોંધી લઇએ. આ પ્રમાણે સામાનની પડતી અગવડને લઇને અમે બીજે કેટલોક સામાન પાછો ઓછો કરીને અહીં પાછળ મૂક્યો.

ભટવાડીથી ૯ માઈલ ચાલીને ગંગનાણી ગયા. ખચ્ચર નવાં અને સામાનથી ટેવાયેલાં ન હોવાથી રસ્તામાં એક બે જગાએ સામાન પાડયો. એક જગાએ રસ્તો કાચો અને ખરાબ હોવાથી સામાન છોડીને લઇ જવો પડયો. અમારા પહોંચ્યા પછી ઘણીવારે સામાન સાથે ખચ્ચર આવ્યાં. ડાકબંગલો ઘણી ઉંચાઇએ એક ટેકરી ઉપર આવેલો છે. ઉંચાઈ ૬૪૦૦ ફુટ છે. નજીકમાં જ ગરમ પાણીના કુંડ છે. ત્યાં સ્નાન કરવાથી ઘણા દરદો મટતાં હોવાથી અનેક લોકો સ્નાન કરવા આવે છે. ગરમ પાણીના ઝરાની નજીકમાં જ એક ઠંડા પાણીનો ઝરો છે. ડાકબંગલાનો ચોકીદાર એ ઋષિકુંડનો પંડો છે. તેણે કહ્યું કે એ ગરમ પાણીના ઝરામાં નાહનારાને કેટલીક વખત મોટી માંદો કરે છે. તેથી અમે ત્યાંથી ગરમ પાણી મંગાવીને ડાકબંગલામાં જ નાહ્યા. ચોકીદાર બ્રાહ્મણ હતો. પગાર ઓછો મળે છે. યાત્રિકો પાસેથી થોડું મળે છે તેથી પુરું કરે છે. છેક ભટવાડીથી રોજ અહીં આવે છે. તેનો એકનો એક છોકરો ૨૨ વર્ષનો થઇને ગુજરી ગયો હતો. તેની વિધવા સ્ત્રી અને પોતાની પત્ની તે બે જણાનું, વૃદ્ધાવસ્થામાં કંટાળો આવતો હોવા છતાં, તેને પુરું કરવું પડતું હતું. હવે કંટાળો આવે છે અને નોકરી મૂકી દેવી છે એમ તે કહેતો હતો. આ બાજુ ઘરનું બધું કામકાજ તેમજ ખેતી વગેરે સ્ત્રીઓ જ સંભાળે છે અને પુરૂષો ઘણું ખરું છૂટા ફરતા હોય છે. ઘરની જવાબદારી તેમને શિરે ખાસ હોતી નથી. સ્ત્રીઓ કામકાજને લીધે પહાડો ચઢવામાં પુરૂષો કરતાં પણ વધુ પાવરધી હોય છે. આ બાજુના લોકો નિર્દોષ, સાદા, તેમજ ગરીબ હોવા છતાં નિર્લોભી, સાત્વિક અને સંતોષી હોય છે. કાંઈ જોઇતું હોય તો માંગીને લેશે, પણ ચોરી નહિ કરે. કજીઓ કંકાસ સંભળાતા નથી. પોલીસ જેવું કાંઈ હોતું નથી. મુસ્લીમ, ખ્રીસ્તી અને પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર પ્રવેશી શકી નથી. સીનેમા નથી. ખાવા પીવાના, પહેરવા ઓઢવાના શોખ નથી. દારૂની બદી નથી. હિંસાવૃત્તિ નહિવત્ છે. આને લીધે અહીંનું વાતાવરણ સાત્વિક લાગે છે અને આધ્યાત્મિક વિકાસ માટે વધુ અનુકુળ માલુમ પડે છે.

બીજે દિવસે સવારે વહેલા ઉઠીને સામાન પેક કરીને તૈયાર થયા પછી ખબર પડી કે કોમ્પાઉન્ડમાં બાંધેલાં ખચ્ચર છુટાં થઇને ભટવાડી પાછાં જતાં રહ્યાં છે. શું ખચ્ચરને પણ અમારી સાથે આગળ આવવાનું ગમ્યું નહિ હોય? ખચ્ચરવાળા માણસો પાછા જઇને ખચ્ચરને લઈ આવ્યા. સવારે નીકળવાને બદલે બપોરે બે વાગે જમીને સુકી જવાને નીકળ્યા. એક કુલી વધારાનો કરીને ખચ્ચર ઉપરનો સામાન થોડો ઓછો કર્યો. રસ્તામાં કાળીકમળીવાળાની ધર્મશાળાના ડૉકટર એક દુકાને મળ્યા. તે ડૉકટર છે એ બાબતની અમને ખબર નહિ. અમે તો સાધારણ રીતે તેમને પૂછ્યું કે અહીં ડૉકટર ક્યાં છે? કેવા છે? હોંશિયાર છે કે નહિ? પગે વાગ્યું હોવાથી અમારે તેમને બતાવીને તેમની સલાહ તથા દવા લેવી છે. ડૉકટર હતા ડીગ્રી વગરના, માત્ર કોમ્પાઉન્ડર. એટલે શું બોલે? અમને પૂછ્યું કે શું થયું છે અને શું લગાવો છો? અમે વિગત જણાવી એટલે તેમણે કહ્યું કે "બસ એ જ બરોબર છે. એથી વધુ સારી દવા બીજી અહીં નહિ મળે." ત્યારે અમને ખબર પડી કે તે પોતે જ ડૉકટર હતા. બિચારા શરમાઈ ગયા!

રસ્તામાં બે ત્રણ પુલ ઓળંગવાના આવે છે. લોહાસીનાગ નામની જગા પાસેનું દૃશ્ય ઘણું સુંદર છે, અને નિરવ શાંતિ તથા નિર્જન એકાંત અનુભવાય છે. થોડેક આગળ વીરદેવતાની એક શિલા આવે છે ત્યાંથી પસાર થતાં ત્યાંના લોકો દર વર્ષે શુભ શુકન માટે નાળીએર વધેરે છે. થોડેક આગળ યમુનોત્તરી તરફથી આવતી સોનગંગાનો સંગમ થાય છે.

સુકી ગામ પહાડની છેક ઉપર આવેલું હોવાથી ચઢાઈ વધુ છે. અહીંની તથા આગળ ભૈરવઘાટીની ચઢાઈ જરા વધારે હોય છે. ઉંચાઈ લગભગ ૮૦૦૦ ફુટ હશે. જરા ખુલ્લું હોવાથી પવનને લીધે ઠંડી વધુ લાગવા માંડી. અહીં ડાકબંગલો ન હોવાથી અમે ચટ્ટીમાં ઉતરવાને બદલે નિશાળના સ્ટોરના મકાનના વરંડામાં પડદા નાખીને રાત રહ્યા. જો સવારના આવ્યા હોત તો સાંજના ૬ માઈલ આંગળ હરસીલ જઇને ડાકબંગલામાં રહી શકત. વરંડામાં સૂતા હોવાથી ઘણે દિવસે આજે આકાશમાં તારા જોયા અને ઊંડી પ્રસન્નતા અનુભવી.

સુકીમાં તેમજ બીજા કેટલાક ગામોમાં એવી વિચિત્ર માન્યતા છે કે પોતાને ઘેર ગાયો રાખવા છતાં તેનું દૂધ પોતાના ઉપયોગમાં લેવાય નહિ તેમજ બીજાને વેચાય પણ નહિ. ફાટી ગયા પછી જ તેનો ઉપયોગ થાય. આથી ઘણું ખરું તેનું ઘી બનાવવામાં આવે છે. ફકત નાગદેવતાને જ દુધ ધરાવાય અને તે ધરાવેલું પણ પ્રસાદ તરીકે ઉપયોગમાં ન લેવાય.

અહીંથી બીજે દિવસે સવારે ૭ માઈલ ચાલીને હરસીલ ગયા. ત્યાંની ઉંચાઈ ૮૪૦૦ ફુટ છે અને ત્યાંનો ડાકબંગલો ઘણો મોટો અને સુંદર છે. ૧૮૬૪ માં બાંધેલો છે. રસ્તામાં ચીડ, દેવદાર, સફરજન તથા અખરોટનાં ઘણાં ઝાડ આવતાં હતાં. એક જગાએ માટી સાથે મળીને જામી ગયેલો બરફ જે જલદી ઓગળતો નથી અને જેને ત્યાં રેડા કહે છે તે જોયો. દૂરથી આપણને બરફ જેવું લાગે નહિ. એક વખત જાણ્યા પછી દૂરથી ઓળખી શકાય છે. ત્યાંના લોકો તેના ગચ્ચાં લઈ, ઉપરનો ભાગ કાઢી, અંદરનો ચોકખો ભાગ જે સફેદ ઘેસર જેવો હોય છે તે ઘણા શોખથી ખાય છે. ત્યાંના લોકો કોઈ જગાએ તે જોવામાં આવે ત્યારે ઉપર નીચે ગમે ત્યાં હોય ત્યાં જઇને થોડો ખાધા વિના રહેતા નથી.

રસ્તામાં ઝાલા ગામ તથા યમુનોત્તરી તરફથી આવતી શ્યામગંગાનો સંગમ આવે છે. અહીંથી હરસીલ સુધી મોટું ખુલ્લું મેદાન જેવું હોવાથી ગંગાજીનો પટ વિશાળ બને છે અને તેનો પ્રવાહ શાંતપણે વહેતો માલુમ પડે છે. ચારે બાજુનું દૃશ્ય ભારે સુંદર દેખાય છે. આગળ બીજી નદીઓ હરિગંગા વગેરેના સંગમ આવે છે. હરસીલનું ખરું નામ હરિપ્રયાગ છે. નજીકમાં એક વાઘોરી ગામ છે, જ્યાં ટીબેટ સાથે વેપાર કરતા જાડ લોકો રહે છે. તે ઘણા મહેનતુ અને ઉદ્યમી હોય છે. જાતજાતના હાથઉદ્યોગમાં રોકાયેલા હોય છે. ખચ્ચર તથા ઘેટાં બકરાં રાખે છે, જેના ઉપર નાની ચામડાની થુણોમાં અનાજ વગેરે બાંધીને લઈ જાય છે. ઉનના કામળા તથા ગાલીચા બનાવે છે. ત્યાં તેમનું એક મંદિર છે અને તેમાં તેમનો ધર્મગુરૂ લામા વસે છે.

હરસીલમાં એક પુરાણું વિષ્ણુમંદિર તથા ધર્મશાળા છે. ડાકબંગલા પાસે એક ઉદ્યોગશાળા છે, જ્યાં લોકોને કાંતવા વણવાનું વગેરે શીખવવામાં આવે છે. ડાકબંગલો ફ્રેડરીક વીલ્સન નામના અંગ્રેજે બંધાવ્યો હતો. તે સને ૧૮૩૦ માં ઈસ્ટ ઈન્ડીઆ કંપની તરફથી ભારત જોવાના શોખથી આકર્ષાઇને આ બાજુએ આવ્યો હતો. પછી ફરતાં ફરતાં આ જગા તેને એટલી બધી ગમી ગઈ કે ૧૮૪૦ થી માંડીને કેટલાંય વર્ષો સુધી તે ત્યાંજ રહેતો હતો. ગંગાજીના જલદ પ્રવાહમાં નીચે લાકડાં લઈ જવાનું અગાઉ કોઈ કરી શકતું ન હતું તે તેણે શરૂ કર્યું. સાથે સાથે કસ્તુરીનો પણ વેપાર કર્યો અને સારી કમાણી કરીને આશરે એક લાખ રૂપીઆ ખરચીને તેણે આટલે દૂર એ જમાનામાં એક મહેલ જેવો વિશાળ બંગલો બંધાવ્યો, અને અખરોટ તથા સફરજનના ઝાડ વાવીને મોટી વાડી બનાવી. તેણે પછી ત્યાંની જ કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો. પહેલાં તો પાસેના મુખવા ગામના બ્રાહ્મણ પંડાની એક સુંદર છોકરી સાથે લગ્ન કરવાની વાત થઈ, પરંતુ બ્રાહ્મણોના વિરોધને લીધે તે શકય બન્યું નહિ. પછી પાસેના ધરાલી ગામની એક ક્ષત્રિય કન્યા સાથે લગ્નની વાત ચાલી. તે પણ લોકોના વિરોધને લીધે પડી ભાંગી. છેવટે મુખવા ગામના હરિજનની એક હારમોનીયમ સાથે ગાનારી છોકરી સાથે તેણે લગ્ન કર્યાં. કમનસીબે તે બાઈથી તેને જે છોકરાં થયાં તે પાછળથી મોટી ઉમ્મરે ગાંડા થઈ ગયાં. પછી તેણે સ્વદેશ જવાનો વિચાર કર્યો અને તેથી બંગલો વેચવાનો વિચાર કર્યો, પણ આઠલી

મોટી કીંમતનો બંગલો ખરીદનાર તેને કોઇ ન મળ્યું. છેવટે થાકીને ટેહરી દરબારને ઇ. ૧૦૦૭ માં તેણે વેચી નાંખ્યો અને વિલાયત ચાલી ગયો. તે જ બંગલો આજે ડાકબંગલા તરીકે ઉપયોગમાં લેવાય છે. એક અંગ્રેજ જે આટલે દૂરથી આવીને, હિમાલયની આવી સુંદર જગાથી આકર્ષાઇને, આટલી ઉંચાઇએ, આવા જંગલમાં, કોઇ પ્રકારના સાધન વિનાના સ્થળમાં ઘર કરીને રહે અને સૌંદર્યની આવી ઉપાસના કરે તો ભારતના નવયુવાનો તે પ્રમાણે કેમ ના કરી શકે? ભારતના નવયુવાનોમાં જ્યારે આવી સૌંદર્યની ઉપાસના માટેનું સાહસ અને ઉત્સાહ પ્રગટશે ત્યારે હિમાલયના કેટલાંયે આવાં અજાણ્યાં અને અલૌકિક સ્થળો લોકોની જાણમાં આવશે !

હરસીલમાં ખુલ્લા મેદાનને લીધે સવારથી સાંજ સુધી દિવસના હંમેશાં ખુબ જોરથી પવન ફુંકાય છે અને સખત ઠંડી લાગે છે. રાતના પવન બંધ થઈ જાય છે. પૂર્વ તથા પશ્ચિમમાં હિમાચ્છાદિત શિખરો દેખાય છે. હરસીલમાં લશ્કરી થાણાવાળા હવાલદાર હુકમસિંગ, વાયરલેસ ઓપરેસર તથા સીખ પોસ્ટમાસ્તર અમને મદદરૂપ નીવડ્યાં. હરસીલ પાસે ગંગોત્તરીના પંડાઓનું ગામ મુખવા આવેલું છે અને હરસીલથી ટીબેટ સાથે માલની ચાલુ આવજા થતી હોવાથી અમારા પંડાએ કહ્યું હતું કે સામાન માટે ખચ્ચરો સહેલાઈથી મળી શકશે. પરંતુ અહીં પણ એજ મુશ્કેલી નડી. સવારના સામાન બાંધીને તૈયાર થયા, પણ નક્કી કર્યા મુજબ ખચ્ચરો મુખવાથી આવ્યા નહિં, એટલે અમારે એક દિવસ નકામા વધુ રોકાવું પડયું. તે દિવસે એક ડૉકટર મીસીસ મથુરાબાઈ કાગલ, જેઓ દીલ્હીમાં રેડક્રોસમાં કામ કરે છે, અને એકલા ઘોડા ઉપર ગંગોત્તરી જવા માટે નીકળેલાં તેમનો ત્યાંના ડાકબંગલામાં અમને પ્રથમ પરિચય થયો. એ બાઇ બહુજ ભલાં અને સારાં હતાં અને અમને આગળ પર બહુ મદદરૂપ નીવડયાં હતાં.

ત્યાં એક સીખ પોસ્ટમાસ્તર હતાં, તેમણે બદ્રીનાથના રસ્તે પાંડુકેશ્વરથી ૧૨ માઈલ દૂર આવેલા લોકપાલ નામના સુંદર સ્થળનું સંશોધન કર્યું છે. ત્યાં હેમકુંડ નામનું સુંદર મોટું તળાવ છે અને ગુરૂ ગોવિંદસિંહ નામના તેમના ધર્મગુરૂએ પૂર્વજન્મમાં મેધસા ઋષિ તરીકે ત્યાં તપ કર્યું હતું એવી એક માન્યતા ત્યાં પ્રચલિત છે. એ પોસ્ટમાસ્તરે પોતે બીજી મોટી જગાની નોકરી છોડીને ગંગોત્તરી જેવા પવિત્ર સ્થળની નજીકમાં રહેવા માટે હરસીલમાં પોસ્ટમાસ્તર તરીકેની નાની નોકરી સ્વીકારી છે.

બીજે દિવસે સવારે ખચ્ચરો આવી ગયા, એટલે અમને નિરાંત થઇ અને અમે ૯ માઈલ દૂર ભૈરવઘાટી જવા નીકળ્યા. રસ્તો દેવદારના વનમાં થઈને જતો હોવાથી સુંદર હતો અને તડકો લાગતો ન હતો. પાછળ યમુનોત્તરી તરફ આવેલાં બંદરપુંછનાં હિમશિખરો સમગ્ર દૃષ્યની મનોહરતામાં વધારો કરતાં હતાં. સામા કિનારે પહાડ ઉપર ગંગોત્તરીના પૂજારી પંડાઓનું મુખવા ગામ દેખાય છે. તેની નજીકમાં સ્વામી જ્ઞાનાનંદજી રહેતા તે બોધિગુહા તથા કુટીઆ દેખાય છે અને થોડે આગળ નીચે ગંગાતટ પર એક વિશાળ શિલા ઉપર આવેલું પંડાઓનું બીજું માર્કંડેય ગામ નજરે પડે છે.

આગળ જતાં ક્ષત્રિયોનું ધરાલી ગામ આવે છે. ત્યાં હત્યાતારિણી અને દૂધગંગા નદીઓના સંગમો થાય છે. ત્યાં જયપુરના મહારાજાની ધર્મશાળા જોવા અમે રોકાયા ત્યારે પાછળ નાસ્તો લઇને આવતો અમારો માણસ સીધો આગળ ચાલી ગયો. સદ્‌ભાગ્યે મથુરાબેન કાગલ અમને મળી ગયાં. તેમણે સરસ કોકો બનાવીને અમને પાયો. રસ્તામાં જંગલા ગામ આવે છે. આગળ જતાં સુમેરૂની કનાત તરીકે ઓળખાતાં હિમશિખરોનું ભવ્ય દૃસ્ય જોવા મળે છે. પછી જહ્નુ ઋષિનું સ્થાન આવે છે, જ્યાં જાહ્નવી ગંગાનો ભાગીરથી સાથે સંગમ થાય છે. તેના પાણીનો રંગ જુદો હોવા છતાં બીજી નદીઓની માફક ભાગીરથીને મળતાં ભાગીરથીના જેવો જ રંગ થઈ જાય છે. અગાઉ અહીં પહાડની ટોચે છેક ઉંચે લોખંડનો પુલ હતો તેના અવશેષો જોતાં, તે ઉપર થઇને પસાર થતાં, યાત્રિકોને કેવો રોમાંચ થતો હશે તેનો વગર જોયે–માત્ર કલ્પનાદ્વારા–અમે પણ રોમાંચ અનુભવ્યો. અહીંથી ભૈરવઘાટીની ચઢાઈ શરૂ થાય છે. ભૈરવઘાટી, તે ખરેખર ભૈરવઘાટી જ છે. તેના નામ પ્રમાણે ત્યાંની આસપાસનું દૃસ્ય અને વાતાવરણ રૂદ્રરસનો અનુભવ કરાવે છે. ગંગાજી છેક નીચે ઉંડી ખીણમાં સાંકડા પટમાં વહે છે અને આજુબાજુની શિલાઓ વિકરાળ લાગે છે. અગાઉના વખતમાં અમુક વિચિત્ર પ્રકારની માન્યતાવાળા લોકો આગામી ભવમાં પોતાની અમુક કામના સિધ્ધ થાય એવી ભાવના અને શ્રધ્ધાપૂર્વક અહીં ઉપરથી નીચે પડતું મૂકીને આત્મહત્યા કરતા હતા.

ભૈરવઘાટીમાં ડાકબંગલો ન હોવાથી કાળીકમળીવાળાની ધર્મશાળામાં અમે રહ્યા. સદ્‌ભાગ્યે અમારો માણસ આગળ વહેલો પહોંચી ગયો હોવાથી અમને મેડા ઉપરની છેવટની સારી ઓરડી મળી. નહિં તો બન્ને તરફથી આવતા અને જતા યાત્રિકોની ભીડ થતી હોવાથી પછી જગા ન મળે તો રાતના ઠંડીમાં ઓશરી સૂઈ રહેવું પડે છે. ધર્મશાળા નાની પડતી હોવાથી બાજુમાં એક નવી ધર્મશાળા બંધાય છે. સાંજ સુધીમાં યાત્રિકોની ભીડ વધતી ગઈ. સ્ત્રી–યાત્રિકો જગા ન મળવાથી ભેગા મળીને ધુન ભજન વીગેરે ગાતા હોવાથી રાતના મોડે સુધી ઉંઘ ન આવી. છેવટે તે લોકો પણ થાકયા એટલે શાંતિ થઈ અને ઉંઘ આવી. ભૈરવઘાટીમાં શ્રી. મથુરાબેન કાગલ અને બંગાલી શ્રી. રૂદ્રનું કુટુંબ ગંગોત્તરીથી પાછું ફરતું અમને મળ્યું. ત્યાં ગંગોત્તરીના રખેવાળ ભૈરવનાથનું મંદિર છે.

બીજે દિવસે સવારે, ત્યાંથી આગળ અમારી પગપાળા મુસાફરીનો છેલ્લો તબક્કો શરૂ થયો. ઘણા સમયથી આકર્ષતી અને સ્વપ્નોમાં સેવેલી એ દિવ્ય તપોભૂમિ ગંગોત્તરી પહોંચવાનો ઉત્સાહ અમારા દિલમાં સમાતો નહોતો. આજસુધી જે પરોક્ષ હતું તે પ્રત્યક્ષ થવાનું હતું ! અપરિચિત હતું તે પરિચિત થવાનું હતું !

કેટલાક યાત્રિકો અમને અગાઉ મળેલા તે અમારાથી વહેલા ગંગોત્તરી પહોંચીને પાછા ફરતાં રસ્તામાં સામા મળે છે. સામાન્યપણે યાત્રિકો રસ્તામાં સામે મળતાં પરસ્પર "જય ગંગા મૈયાકી" અગર "જય ગંગે" કહેતા હોય છે. સામાન્ય યાત્રિકો ઘણુંખરૂં ગંગોત્તરી જઈ, ગંગાજીમાં સ્નાન કરી, ગંગાજળ લઈ, મંદિરમાં તથા મહાત્માઓનાં દર્શન કરી તુરત પાછા ફરતા હોય છે, કારણ કે તેમને કદાચ બીજા ધામ કરવાના બાકી હોય છે, અને અહીં વધુ રોકાઈ અહીંના અદ્વિતીય આધ્યાત્મિક વાતાવરણનો લાભ લેવાની તેમની ઇચ્છા કે તૈયારી હોતી નથી. સ્નાન કરવા જેવી સ્થૂળ ક્રિયાઓમાં મનાતા કલ્યાણમાં જ જ્યાં સંતોષ અને શ્રદ્ધા હોય, ત્યાં આધ્યાત્મિક વાતાવરણથી થતા લાભની સૂક્ષ્મતાનું મૂલ્ય કયાંથી હોય?

રસ્તામાં એક પછી એક ઘણા સુંદર દૃસ્યો આવે છે. સામા કિનારે એક કસ્તુરીમૃગ દોડતું જોયું. આગળ પટાંગણ, જ્યાં પાંડવોએ લાંબા સમય સુધી તપ કરેલું, તે જોયું. એ જગા ઘણી શાંત અને એકાંત છે. દૂર ઉંચે ગંગોત્તરી ગ્લેશીયરના હિમશિખરોનું સુંદર દૃસ્ય દેખાય છે. ગૌરીકુંડ આગળની ગંગાજીના પ્રવાહની ભવ્યતા દૂરથી નિહાળી, અને પછી જ્યારે ગંગોત્તરી પહોંચ્યા તે વખતે થયેલો ભાવોદ્રેક અવર્ણનીય હતો ! આટલી મહેનત અને પરિશ્રમ પછી થતો સંકલ્પપૂર્તિનો આનંદ અપૂર્વ હોય છે.

અપૂર્ણ

હર્ષદલાલ શોધન

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીવા બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૫, ૧૯૫૭, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના


તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગંગોત્તરી

ગંગોત્તરી, ગૌમુખ

(ગતાંકથી ચાલુ)

ત્યાંનું ગંગાજીનું મંદિર તથા ગંગાજીના પ્રવાહનું દૃશ્ય જોઈ, અમે સામા કિનારે આવેલા, બ્રહ્મચારી વ્યાસદેવજીના યોગનિકેતન આશ્રમમાં, પેટલાદવાળા શેઠ રમણલાલે પોતાને માટે બંધાવેલી કુટીઆમાં ઉતર્યા. એ જગા ઘણીજ શાંત, એકાંત અને સુંદર હતી. ચારે બાજુ સુંદર દૃશ્યો દેખાતાં હતાં. પૂર્વમાં મોટા ઉંચા દેવદારના વૃક્ષોની ઉપર, અને બે બાજુની ભવ્ય પહાડોની હારમાળાની મધ્યમાં, રમ્ય સુંદર હિમાચ્છાદિત શિખરો દેખાતાં હતાં, જે દૃશ્ય અમારી કુટીઆમાંથી બેઠાં બેઠાં જોઈ શકાતું હતું, અને ત્યાં રહ્યા ત્યાં સુધી, ધરાયા વિના, અમે તે જોયા જ કરતા હતા. પ્રાતઃકાળે, મધ્યાહ્ને અને સાયંકાળે, તેમજ ક્વચિત્ આકાશ સ્વચ્છ હોય ત્યારે ચાંદની રાતના; એ દૃશ્ય વિધવિધ અલૌકિક સૌંદર્ય ધારણ કરતું હતું, અને તે તરફ થોડી થોડી વારે ડોકીયાં કરવાનું અમને સ્વાભાવિક આકર્ષણ થતું હતું. ઉત્તર તથા દક્ષિણ દિશામાં ભવ્ય ગગનચુંબી પહાડોની હારમાળા આવેલી હતી, જેના ઉપર ચીડ, દેવદાર, ભુર્જપત્ર આદિ વૃક્ષોની હરિઆળી વનરાજી શોભી રહી હતી. પશ્ચિમમાં પહાડોની બે હારમાળાની વચમાં દૂર સુધી નીચે ભૈરવઘાટી તરફની ખીણ દેખાતી હતી. નજીકમાં જ કેદારગંગાનો સંગમ થતો હતો, તથા ગૌરીકુંડ પાસેના ગંગાજીના ભવ્ય જળપ્રપાતનો રોમાંચકારી પ્રેરક દિવ્યનાદ સતત કાનમાં ગુંજ્યા કરતો હતો. આજુબાજુ ચીડ દેવદારનાં જંગલો તથા થોડી ઘણી છૂટી છવાઇ ભગવદ્-ભાવ-મગ્ન સંતમહાત્માઓની પર્ણકુટિઓ આવેલી હતી. ૧૦,૩૦૦ ફુટની ઉંચાઈએ આવેલા આ સ્થળમાં અદ્વિતીય નૈસર્ગિક સૌંદર્ય ઉપરાંત, ભગવતી ભાગીરથીના પુનિત પ્રવાહનું નાદાનુસંધાન, અને આદિકાળથી ભારતીય સંસ્કૃતિના સર્જન, પુરક અને રક્ષક, જગદ્-વન્દનીય ઋષિમુનિઓનાં થતાં આવતાં સાધનતપથી ઉત્પાદિત આધ્યાત્મિક સ્પંદનોને લીધે ચિત્તમાં સમતા, પ્રસન્નતા અને એકાગ્રતા ઉત્પન્ન થાય છે. કોઈ વાસના, વિચાર કે સ્વપ્નને ત્યાં સ્થાન રહેતું નથી, અને એક પ્રકારની ધ્યાનમયતાનો અનુભવ થાય છે.



[બ્લોક : નવજીવન કાર્યાલયના સૌજન્યથી]

અમારી કુટીઆ પૂર્વાભિમુખ હોવાથી તડકો સારો આવતો હતો અને ઠંડી ઓછી લાગતી હતી. કુટીઆમાં ખાટલા, ખીંટીઓ તથા કબાટની અને બહાર વરંડામાં પાટ, ટેબલ અને ખુરશીની પુરતી સગવડ હતી. રસોઈ માટે તથા સ્નાન શૌચ વગેરે માટે અલગ વ્યવસ્થા હતી. શ્રીમતી કાગલ ગંગોત્તરીમાં બે દિવસ રોકાયા ત્યાં સુધી અમારે

તેમને મળવાનું અને સાથે ફરવાનું થયું. પછી તેઓ પાછા ફર્યા, અને અમારો વધારાનો પાછળ મૂકેલો સામાન ભટવાડી તથા ઉત્તર-કાશીમાંથી તેમની સાથે તેમની જીપકારમાં દીલ્હી લઇ ગયાં અને અમને પાછા વળતાં દીલ્હી સ્ટેશનપર આવીને સોંપી ગયાં. આટલાં સરળ અને સેવાભાવી બહેન અમે આજસુધી બીજે કયાંય જોયાં નથી. ગમે ત્યારે કોઇની કાંઇપણ સેવા કરવાની તક મળે ત્યારે કાંઈપણ જાતના બદલાની અપેક્ષા સિવાય ઈશ્વરની સેવા કર્યાની તેમની ભાવના હતી. તેમની પાસેનો ફોટોનો ડબ્બો તે અમને આપતાં ગયાં, જે પાછળથી જ્યારે સંજોગવશાત્ અમારે રહ્યા બંધ કરવી પડી ત્યારે, ઘણોજ કામમાં આવ્યો. જાણે કોઈ અંતરની પ્રેરણાથી તેમને ફોટો આપી જવાનું કેમ ન સૂઝ્યું હોય !

ત્યાં રહેતા કેટલાક આદર્શ તપસ્વી સંતમહાત્માઓનાં દર્શન અને સત્સંગ અમારા માટે જીંદગીનું એક અહોભાગ્ય હતું. ભારતીય સંસ્કૃતિનું એક મુખ્ય અંગ–ત્યાગવૃત્તિ (renunciation)–તેનું આદર્શ સ્વરૂપ અહીં જોવા મળે છે. કેટલાક તો અવધૂત દશામાં દિગમ્બર સ્વરૂપે રહે છે. અહંભાવ અને દેહભાવથી પર છે. નથી પરિગ્રહ, રાગદ્વેષ કે નથી કોઇનો ભય ! પોતાના સ્થાનમાં, ભૂમિકામાં અને ભાવનામાં મસ્ત છે ! જાણે બાદશાહોના બાદશાહ ! કોઈ મૌની છે, કોઈ ફળાહારી છે, કોઈ ભક્ત છે, તો કોઈ યોગી છે.

ગૌરીકુંડ પાસેનો જળપ્રપાત અને જળનિનાદ તથા આસપાસની વનરાજી–એ સ્થળ અલૌકિક અને પ્રેરણાદાયી છે. ત્યાંથી ખસવાનું મન થતું નથી. એક વખત જોવાથી પણ ત્યાંની છાપ ચિત્તમાં કાયમ માટે કોતરાઈ જાય છે, અને જ્યારે જ્યારે યાદ કરીએ ત્યારે પ્રેરણાદાયક થાય છે. સંગીતજ્ઞ માટે જેમ તંબુરાના સુરમાં બધા રાગો સમાએલા હોય છે તેમ પ્રેરણાપૂર્ણ કવિહૃદય નવે રસોનું દર્શન કરી શકે તેવું અહીંનું દૃશ્ય છે. અહીં ઉમાનું વાત્સલ્ય પણ છે અને શંકરની પ્રખરતા પણ છે. સુમધુર બાલશયનગીત પણ સંભળાય છે અને વનરાજની ભવ્ય ગર્જના પણ સંભળાય છે. સૃષ્ટિની સર્જનલીલા અને પ્રલયની સંહારલીલા બન્ને જોઈ શકાય છે. પરમાણુની લઘુતા–વ્યક્તિનો શરણભાવ તેમજ વિરાટની મહત્તા અને ઐશ્વર્ય બન્ને અનુભવી શકાય છે. વિશ્વની ગણીગાંઠી આધ્યાત્મિકતાપ્રેરક વિરલ જગાઓમાંની આ એક ગણી શકાય. ત્યાં આવેલી શાંતિગુહામાં પૂ. સ્વામી જ્ઞાનાનંદજી લાંબો સમય રહ્યા હતા.

કોઈ વખત જ્યારે ધુમ્મસ હોય છે, ત્યારે વળી કોઇ નાટય-સમારંભની જેમ, નેપથ્યમાંથી નવીન દૃશ્યોની સૃષ્ટિ ખડી થાય છે.

આટલું સૃષ્ટિસૌંદર્ય જાણે પુરતું ન હોય, તેમ જ્યારે ત્યાં પાણીના ઘોધની ઉડતી છાંટમાં પડતાં સૂર્યકિરણોને લીધે મેઘધનુષ્ય દૃશ્યમાન થાય છે, ત્યારે જાણે વિરાટ ભાવ વ્યક્ત કરતું સપ્તરંગનું દૃશ્યસંગીત મૂર્તિમન્ત બની રહ્યું હોય એમ લાગે છે. જર્મન સંગીત-કાર બીથોવને જેમ તોફાનના સંગીતની 'સીમ્ફની' રચી, તેમ આવી દિવ્ય સૃષ્ટિના સંગીતની સીમ્ફની કોઈ સંગીતકાર રચી શકે, તો તે કેટલી પ્રેરણાદાયી નીવડે ?

અગાઉ ગંગાજીના પ્રવાહનો આરંભ ગંગોત્તરીથી થતો હશે, પરંતુ કાળે કરીને અત્યારે ત્યાંથી ૧૪ માઇલ આગળ ૧૩૦૦૦ ફુટની ઉંચાઇએ આવેલા ગૌમુખ સ્થાનેથી, દુનીઆના મોટામાં મોટા ગ્લેશી-યરની–હિમપર્વતની–એક મોટી ઉંચી ભવ્ય બરફની ગુફામાંથી ગંગાજીના પ્રવાહનાં પ્રથમ દર્શન થાય છે. ત્યાં જવાનો માર્ગ ઘણો વિકટ હોવાથી અમારો ત્યાં જવાનો વિચાર હજુ કાચો હતો. તેવામાં એક દિવસ એક બંગાળી દંપતીને ત્યાં જઇ સુખરૂપ ઉત્સાહભેર પાછા આવેલા જોયા. તેમણે કહ્યું કે દૃઢ નિશ્ચય હશે તો જવામાં કોઇ જાતનો વાંધો નહિ આવે. તે ઉપરથી અમે ગૌમુખ જવાનું અને સાથે લઈ જવાના ભોમિયા તથા કુલી વગેરેનું નક્કી કર્યું. બે બંગાળી ભાઇઓ શ્રી દત્ત અને રોય પણ અમારી સાથે જોડાયા. જતાં આવતાં ત્રણ દિવસ સવારથી સાંજ સુધી ચાલવાનું હોય છે અને તે પણ કોઈ જાતના રસ્તા કે પગથી વગર કેટલીક જગાએ છૂટા ગોઠવાએલા પત્થરો ઉપર તો કેટલીક જગાએ કીનારા ઉપર ઢાળ પડતી ધુળીઆ અગર કાંકરાવાળી ટેકરીઓ ઉપર થઇને ચાલવાનું હોય છે. કેટલીક જગાએ તો પગ મૂકવા માટે કોદાળીથી ખાંચા કરીને અને એક બીજાના હાથ ઝાલીને ચાલવું પડતું હતું. નીચે ગંગાજીનો પ્રવાહ અને ઉપર ઊંચા પહાડ, એટલે જો પગ લપસે અથવા ઉપરથી પત્થર ખરે તો શું થાય એવી ભયની લાગણી મનમાં રહ્યા કરે. ત્યાં જવા માટે કાચાપોચાનું ગજું નહિ, કારણ કે રસ્તો ઘણો વિકટ છે. એક વખત ત્યાં જઈ આવે તેને પછી બીજી કોઇ પણ યાત્રા–કૈલાસ, અમરનાથ વીગેરેની–અધરી લાગવાની નહિ. કોઇને ત્યાંની ઓક્સીજન આબોહવાને લીધે કફ, પિત્ત કે વાયુનો પ્રકોપ પણ થઈ આવે છે તે માટે ત્રિફળા જેવી ઔષધિ સાથે રાખવી જોઇએ. ગંગોત્તરીથી સવારના નીકળ્યા પછી ત્રણ ચાર કલાક ચાલ્યા હોઇશું ત્યાં મને પિત્તની અસર જણાઇ. ચક્કર આવે, અશક્તિ લાગે, ખવાય નહિ, રહ્યા પણ પીવાય નહિ, થોડું ચાલતાં થાકી જવાય. અગાઉ આવું કદી થયેલું નહિ તેમ આ પ્રવાસ દરમીઆન અત્યાર સુધી તબીયતની કોઇ તકલીફ પડેલી નહિ. તેથી અમે દવાઓ સાથે રાખી ન હતી. દૃઢ સંકલ્પ કરીને નીકળેલા એટલે ધીમે ધીમે ચાલીને પણ યાત્રા પુરી કરી. કેટલીક જગાએ ગાઇડ તથા કુલીઓ વારાફરતી થોડેક સુધી ઉંચકીને લઈ જતા હતા. સાંજના શરીર હલકું લાગતું હોવાથી ઝડપથી ચાલી શકાતું હતું. રસ્તામાં નાની મોટી નદીઓ ઓળંગવાની આવે છે. કેટલીક પત્થરો ઉપર થઇને ઓળંગતા તો કેટલીક ગાઇડ તથા કુલીઓ અમને ઉંચકીને પાર કરાવતા. કારણ કે પાણી હિમ જેવું ઠંડુ હોવાથી પગ કળે અને પ્રવાહ ઘણો ઝડપી હોવાથી તળીઆના પત્થરો ઉપરથી પગ ખસી જવાનો ભય લાગે. આખા રસ્તે એક પછી એક સુંદર દૃશ્યો આવે છે. બે ત્રણ જગાએ માટી સાથે ભળીને જામી ગયેલા બરફ ઉપર ચાલવાનું આવે છે. પહેલે દિવસે સાંજે અમે ચીડવાસાની ધર્મશાળામાં પહોંચ્યા અને જમીને સૂતા. લીંપણના ઓરડા અને બધે લીલા લાકડાથી થતી રસોઇને લીધે ધૂણી થયેલી હોવા છતાં થાકને લીધે ઉંઘ આવી ગઇ. બીજે દિવસે સવારમાં વહેલા તૈયાર થઈ અમે ૬ વાગે ગૌમુખ જવા નીકળ્યા. કારણ કે સાંજ સુધીમાં પાછા આવી જવું જોઇએ નહિ તો રસ્તામાં આવતી ભૂજ નદીમાં બરફ ઓગળીને આવતું પાણી વધી જતું હોવાથી પાર કરવી મૂસ્કેલ પડે, અને ત્યાં રાતના રહેવાની સગવડ નથી. એટલે કયાં તો છેક ઉપર બરફના પહાડ ઉપર થઇને આવવું પડે, જેમાં વખત બહુ જાય અને ચઢાઈનો થાક પણ બહુ લાગે, અને નહિ તો ખુલ્લા મેદાનમાં ઠંડીમાં કોઇ પ્રકારના સાધન વગર આખી રાત વીતાવવી પડે. ચીડવાસા સુધી ચીડનાં વૃક્ષો હોય છે અને પછી ભૂજવાસા સુધી ભૂજપત્રના વિરલ વૃક્ષો હોય છે, જેની છાલનો ઉપયોગ, અસલના વખતમાં જ્યારે કાગળ ન હતા ત્યારે, લખવા માટે કરવામાં આવતો હતો, અને અત્યારે એ બાજુ પતરાળા વગેરે માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ભૂજવાસા પછી એક પણ વૃક્ષ હોતું નથી, કારણ કે ઉંચાઈ ૧૩૦૦૦ ફુટની હોવાથી શીતકાળમાં બધું બરફથી ઢંકાઈ જાય છે. બરફ ઓગળ્યા પછી ઉનાળામાં તે બાજુના પહાડો ઉપર નાનું લીલું ઘાસ ઉગે છે, જે ચારવા માટે પહાડી લોકો બકરાં ઘેટાં લઇને એ તરફ જાય છે અને કહે છે કે એ ઘાસ ચરવાથી બકરાંઘેટાંમાં ૧૨ મહિના સુધી સારી તાકાત રહે છે. એ બાજુ બકરાં ઘેટાં ચારતા હોય છે ત્યારે એ લોકો યાત્રિકોને છૂટથી દૂધ આપે છે. દૂધ પણ સારૂં હોય છે. બકરાંનું દૂધ છે એમ જણાતું નથી. રસ્તામાં ભૂજવાસામાં એક ગુફા છે. ત્યાં એક મહાત્મા ત્રણ વર્ષ સુધી રહેવાનો નિશ્ચય કરીને રહેતા હતા. મૌની હતા. યાત્રિકો આવે ત્યારે અગાઉથી તેમને ખબર પડી જતી કે આજે આટલા યાત્રિકો આવનાર છે, અને તે મુજબ તેઓ તેમને માટે રહ્યા બનાવીને તૈયાર રાખતા હતા. ત્રણ વર્ષ તેમણે આવા નિર્જન અને

(અનુસંધાન : પાનું ૧૯૧)

સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્ય

(ગતાંકથી ચાલુ)

ગામડાના મરવા વાંકે જીવતા ગ્રામ ઉદ્યોગોને બેઠા કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની ગણાય એ વિચાર પંચાયત પાસે મૂકયો. ગ્રામ પંચાયતોએ આ વિચાર કેવી સુંદર રીતે ઝીલ્યો એનું એક જ ઉદાહરણ આપું. એક ગામમાં દસ બાર ઘાંચી કુટુમ્બ રહે. પણ ઘાણીનો ઉદ્યોગ મરી પરવારેલો. એ ગામની ગ્રામ પંચાયતે ગ્રામ સભા બોલાવી. સરપંચે લોકો પાસે વાત મૂકી. "આપણા ગામમાં દસ બાર ઘાંચી કુટુમ્બો વસે છે. એમને ધંધો નથી. અત્યાર સુધી આપણે એની ચિંતા કરી નથી. પંચાયત તરીકે હવે આપણે એનો વિચાર કરવો જોઇશે. એમનો ધંધો ભાંગી પડયો એમાં આપણે શું કરીએ ? એમ આપણને આજ સુધી થતું હતું. પણ એમને કામ આપવાની કુંચી આપણા જ હાથમાં છે. આપણે બહારથી ઘાણાનું તેલ બંધ કરીએ. આપોઆપ ગામની ઘાણીઓ ફરતી થઈ જશે." ગામલોકોએ વાત વધાવી. બહારથી ગામમાં તેલ આવતું સાવ બંધ તો ન થયું, પણ ઘણું ઓછું થઇ ગયું. અને ગામમાં જોત જોતામાં છ ઘાણીઓ ચાલતી થઇ ગઈ. ઘાંચી કુટુમ્બોને જાણે નવું જીવન મળ્યું.

ગ્રામ પંચાયતો વહીવટી ક્ષેત્રે વધુને વધુ જવાબદારી ઉઠાવતી જાય છે. એક હજાર જેટલી પંચાયતો મહેસુલ વસુલાતનું કાર્ય ઘણી કુશળતા-પૂર્વક કરી રહી છે. ગામના ટંટા ઝગડાનો નિકાલ પણ પંચાયતો દ્વારા લાવવાના પ્રયાસો થાય છે. બીજી બાજુથી ગામના સર્વાંગીણ વિકાસની જવાબદારી નજર સમક્ષ રાખી, શકય એટલી રચનાત્મક પ્રવૃત્તિઓ પણ આ પંચાયતો હાથ ધરતી જાય છે.

ગામના સર્વાંગીણ વિકાસ માટે પંચાયત એ આપણી ગ્રામ સ્વરાજની સંસ્થા છે તો ભાતૃભાવ અને સમાનતાની ભૂમિકા ઉપર સમાજ રચવાની દિશામાં મહત્વનો ફાળો આપતી એવી જ મહત્વની બીજી રચનાત્મક સંસ્થા છે સહકારી મંડળી. સરકાર તરફથી આ સંસ્થા અને પ્રવૃત્તિને વધુમાં વધુ ઉત્તેજન મળવું જોઇએ. પરન્તુ અંતે તો પ્રજાએ જ એ પ્રવૃત્તિને ઝીલવી અને વિકસાવવી જોઇએ. સૌરાષ્ટ્ર સરકાર તરફથી આ પ્રવૃત્તિને વ્યાપક અને સંગીન બનાવવા સારા એવા પ્રયાસો થયા છે. સાથે સાથે રચનાત્મક કાર્યકરો અને જાહેર સેવકોએ પણ આ પ્રવૃત્તિને યોગ્ય મહત્વ આપી, જીવનના દરેક ક્ષેત્રમાં એનો વિકાસ કરવા માટે સારી એવી જહેમત ઉઠાવી છે. એને પરિણામે સૌરાષ્ટ્ર સહકારી બેંક, સૌરાષ્ટ્ર લેન્ડ મારગેજ બેંક, સૌરાષ્ટ્ર ઔદ્યોગિક સહકારી સંઘ, સૌરાષ્ટ્ર મધ્યસ્થ સહકારી સંઘ અને અન્ય સહકારી સંસ્થાઓ સહકારી ક્ષેત્રમાં સંતોષકારક પ્રગતિ કરી રહેલ છે.

ખાદી અને ગ્રામઉદ્યોગની બાબતમાં મેં આગળ જણાવ્યું એમ અનેક રચનાત્મક સંસ્થાઓ કાર્ય કરી રહી છે, પરન્તુ આ પ્રવૃત્તિને વેગ આપીને વિકસાવવાની રાજ્ય સરકારની પણ ફરજ તો ખરી જ. એકમની રચના થઈ કે તુરતજ સરકારે આ અંગે એક મંડળની રચના કરી. ખાદી અને ગ્રામ ઉદ્યોગને વરેલા સેવકોની સહાયથી ખાદી ગ્રામઉદ્યોગ મંડળ ખાદી અને ગ્રામઉદ્યોગને વિકસાવવાની અનેક-વિધ પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યું છે. ખાદી અને ગ્રામઉદ્યોગના શિક્ષણ માટે પણ અનેક સ્થળોએ વ્યવસ્થા કરવામાં આવી છે. અંબર ચરખાનો વિશાળ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. ગ્રામસ્વાવલંબનના આધારે રચાયેલી 'સઘન ક્ષેત્ર' યોજનાનાં કેન્દ્રો શરૂ થયા છે. 'જનતા-શીતક' (દેશી બનાવટનું માટીનું રેફ્રીજરેટર), ગેસપ્લાન્ટ, ગ્રામ દિવાસળી, ઘંટીના ખીલડા, હળવી રવાઈ, મધઉછેર, હાથકાગળ, ચર્મોદ્યોગ, નેતરકામ, પટોળાનું વણાટ, અને એવી બીજી અનેક બાબતોમાં સંશોધન શિક્ષણ અને પ્રચારનું વ્યવસ્થિત કાર્ય થઈ રહ્યું છે. આ યોજનાઓએ ગ્રામવાસીઓમાં અને ખાસ કરીને કારીગરોમાં નવી આશા અને ઉત્સાહ પ્રગટાવ્યા છે.

ઘણી બાબતોમાં સૌરાષ્ટ્રે પ્રતિષ્ઠા મેળવી છે અને સ્વાધીનતા પછી જુદા જુદા અનેક ક્ષેત્રોમાં સૌરાષ્ટ્રે સારી એવી પ્રગતિ કરીને નામના મેળવી છે. પરન્તુ અસ્પૃશ્યતાની બાબતમાં વિચારીએ તો સૌરાષ્ટ્રના કપાળે કલંક ચોંટેલું છે. પૂ. બાપૂ અને પૂ. બાપાના (ઠક્કર બાપા) પ્રદેશમાં તો અસ્પૃશ્યતાનું નામ ન હોવું જોઇએ. પરન્તુ એ દિશામાં થોડી શરમ અનુભવવી પડે એવી સ્થિતિ હતી અને છે. આ શરમકથાનો વહેલી તકે અંત આણવાનો સૌરાષ્ટ્રનો સંકલ્પ છે. અન્ય પછાત કોમોનું પછાતપણું વહેલી તકે દૂર કરી સમાજમાં એમને માનભર્યું યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય એ અંગેનું પણ એક ભગીરથ કાર્ય આપણી પાસે પડેલું છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અને હરિજન સેવક સંઘ દ્વારા તો આ દિશામાં બને એટલું કરી છૂટવામાં આવે છે, પરન્તુ રાજ્ય તરફથી આ કાર્યને વેગ અને ન્યાય આપવા માટે પછાત વર્ગ બોર્ડની રચના કરવામાં આવી છે. જેમણે હરિજન અને પછાત વર્ગોની સેવામાં પોતાની જીંદગીનાં અનેક વર્ષો ગાળ્યાં છે એવા અનુભવી સેવકોની સેવાનો આ બોર્ડને લાભ મળ્યો છે.

અસ્પૃશ્યતાની જડ આપણા સમાજમાં એટલી ઊંડી પેસી ગઈ છે કે સંખત આંચકા આપ્યા સિવાય એ જડ ઉખડે એમ નથી. પછાત વર્ગ બોર્ડ તરફથી સમાજને આંચકા આપે એવો અસ્પૃશ્યતા-નિવારણનો અને પછાત વર્ગના ઉત્કર્ષનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. લગભગ તમામ ગામની શાળાઓમાં હરિજન બાળકો અન્ય બાળકો સાથે બેસતાં થયાં. ચોરીછુપીથી ગામના કુવેથી કે અવાડેથી પાણી ભરવાને બદલે અનેક ગામોમાં હરિજનો ગામના કુવેથી અધિકાર-પૂર્વક પાણી ભરતા થયા. અનેક મંદિરોમાં હરિજન ભાઈબહેનોએ પ્રવેશ મેળવ્યો. અને ત્યાર પછી પછાત વર્ગ બોર્ડ તરફથી એક નવા જ પ્રકારનો પ્રયોગ અજમાવવામાં આવ્યો. દિવાળીના રજાના દિવસોમાં હરિજન બાળકોને પોતાને ત્યાં એકાદ અઠવાડિયા સુધી મહેમાન તરીકે -કુટુમ્બના સભ્યો તરીકે-નોતરે એવી સવર્ણ કુટુમ્બોને વિનંતી કરવામાં આવી. પહેલે વરસે ૨૫૦ જેટલા કુટુમ્બોએ હરિજન બાળકોને પોતાને ત્યાં પ્રેમથી નોતર્યા. વાત તો નાની લાગે છે પણ એનું મહત્વ જેવું તેવું નથી. વર્ષોથી હરિજન સેવા કરતા હતા એવા સેવકોની પણ આ પ્રયોગે કસોટી કરી. આ યોજનાનો અમલ કરવા માટે દીકરો બાપથી છૂટો થયો હોય એવા પ્રસંગ પણ બન્યા છે. સમાજના એક વર્ગને આથી ભારે આંચકો લાગ્યો. પણ એકંદરે આ કાર્યક્રમને સારો એવો આવકાર મળ્યો. જાહેર કાર્યકરો અને હરિજન સેવકો પોતાને ત્યાં હરિજન વિદ્યાર્થીને નોતરે એ તો સમજાય એવી વાત છે, નવા રંગે રંગાયેલા શિક્ષિત ભાઇઓ પોતાને ત્યાં હરિજનને નોતરે એ પણ સમજી શકાય એવી વાત છે, પણ આપને જાણીને આનંદ થશે કે ગ્રામ પંચાયતના સરપંચો અને અન્ય આગેવાન ગ્રામવાસીઓએ પણ પોતાને ત્યાં ભાવ અને ભકિતપૂર્વક હરિજન બાળકોને નોતર્યા; એમનો જાહેર સામૈયું કરી આવકાર્યા, ગામમાં ઘેર ઘેર ફેરવી એમનાં સ્વાગત કર્યાં, મહેમાનની જેમ એમની આગતા સ્વાગતા કરી, સારૂં એવું ખર્ચ કરી એમને આસપાસના પ્રદેશમાં જોવા જેવાં સ્થળોએ મોકલ્યા અને છેલ્લે ભાવપૂર્વક દક્ષિણા આપીને એમને વિદાય આપી. ચાલુ વરસે પણ વધુ વ્યાપક રીતે આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે અને અંદાજ છે કે ઓછામાં ઓછા એક હજાર કુટુમ્બો હરિજન બાળકોને ઓછા વધુ દિવસો માટે નોતરશે.

સરકારે આભડછેટને કાયદાથી તો ખતમ કરી, પણ આપણા સમાજમાં એનાં એટલા ઉંડાં મૂળ ગયાં છે કે કેવળ કાયદાથી એ નિર્મૂળ કરી શકાય નહીં. એને માટે ક્રાંતિકારી આંદોલન અને જોરદાર શિક્ષણકાર્ય જોઇએ. પછાત વર્ગ બોર્ડ તરફથી સમાજને આંચકા મળે એવો ક્રાંતિકારી કાર્યક્રમ ઘડીને આગળ ધપાવવામાં આવે છે, સાથે સાથે વ્યાપક લોકશિક્ષણનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

ગોસેવાનું મહત્ત્વ તો આપણે ત્યાં કોઇને સમજાવવુ પડે એમ છે નહીં. ધાર્મિક દૃષ્ટિએ ગોસેવાના કાર્યને પવિત્ર લેખવામાં આવ્યું છે.

'ધર્મ' ને નામે રૂઢ થયેલા ખ્યાલો અને વ્યવહારને પરિણામે ઘણાને 'ધર્મ' પ્રત્યે અભાવ થતો દેખાય છે અને એથી ધર્મને નામે એમની પાસે વાત મૂકાય તો એ સાંભળવા–માનવાનું તેઓ પસંદ નથી કરતા. પણ આર્થિક દૃષ્ટિએ અને આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે એ દૃષ્ટિએ વિચારીએ તો પણ ગોસેવાનું એટલુંજ મહત્ત્વ છે. ખરું જોતાં ગોસંવર્ધન એ પણ એક અતિ મહત્ત્વની રચનાત્મક પ્રવૃત્તિ છે. સરકાર તરફથી ગોસંવર્ધનના કાર્યને વેગ મળવો જોઇએ, પણ એ ક્ષેત્રમાં કરવા જેવું કામ તો એ કાર્યને વરેલી પ્રજાકીય સંસ્થાઓ જ હાથ ધરીને સફળ બનાવી શકે. આ દૃષ્ટિએ 'સૌરાષ્ટ્ર ગૌશાળા પાંજરાપોળ સંઘ' નામનું એક પ્રજાકીય સંગઠન રચવામાં આવ્યું. ગોસેવાને નામે કેવી ભાતભાતની રૂઢીચૂસ્ત, વિચિત્ર માન્યતાઓ પ્રવર્તે છે એ તો આપણે જાણીએ છીએ. પણ નવાઈની વાત તો એ છે કે આ સંઘ અને સંઘ સાથે સંકળાયેલી ગોસેવાની સંસ્થાઓએ રૂઢીગત ખોટા ખ્યાલોને તિલાંજલિ આપી છે. થોડાં વર્ષ પહેલાં વાછડાને ખસી કરવાની વાત થઈ શકતી નહોતી. એવી વાત કરતાં મહાજનનો રોષ વહોરવો પડતો પણ આજે ગોસંવર્ધનનો શાસ્ત્રીય રીતે વિચાર કરતાં બાંગરા વાછડાની ખસી કરવી જોઇએ એ વિચાર સૌરાષ્ટ્રની ગોસેવા સંસ્થાના આ સંગઠને સ્વીકાર્યો છે, એટલુંજ નહીં પણ, કેટલીયે સંસ્થાઓએ આ કાર્યક્રમનો અમલ કરવાનું ક્રાંતિકારી પગલું ભર્યું છે. આ સંઘ દ્વારા ગૌશાળા અને પાંજરાપોળને એક નવી દૃષ્ટિ મળી છે. ખોડા ઢોરના ધામ ગણાતી પાંજરાપોળો આદર્શ ગૌશાળાનું રૂપ ધારણ કરતી જાય છે. ગોસંવર્ધન અંગેની રાજ્ય સરકારે માન્ય કરેલી અનેક યોજનાઓનો આ સંઘ દ્વારા અમલ થઇ રહ્યો છે. સૌરાષ્ટ્રની મોટા ભાગની ગૌશાળાઓ અને પાંજરાપોળો આ સંઘ સાથે સંકળાયેલ છે. સંઘ સાથે સંકળાયેલ કોઇપણ ગૌશાળા કે પાંજરાપોળમાં જઇને ઉભા રહેનારને ત્યાં ગોસંવર્ધનની નવી શાસ્ત્રીય દૃષ્ટિની અસર દેખાયા વિના રહેશે નહીં.

'ખેતી વિકાસ' એ પણ એક ભારે અગત્યનો રચનાત્મક કાર્યક્રમ છે. પહેલી અને બીજી પંચવર્ષીય યોજનામાં ખેતી–વિકાસના કાર્યક્રમને કેટલું મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે એથી આપ કોઈ અજાણ નથી. ભારત સરકાર અને રાજ્ય સરકારો તરફથી ખેતીવિકાસના અનેક પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. એનાં સુંદર ફળ પણ આપણે અનુભવીએ છીએ. પરન્તુ ખેતીવિકાસના કાર્યક્રમની સફળતાનો આધાર તો ખેડુત ઉપર છે. ખેડુત ખેતીવિકાસનું મહત્વ સમજે અને સમજેલી વાતનો સમજણપૂર્વક અમલ કરે તો જ ખેતી–વિકાસનો કાર્યક્રમ સફળ થઇ શકે. પ્રજાકીય સંગઠન આમાં અદ્‌ભૂત ફાળો આપી શકે. આ દૃષ્ટિએ આ દિશામાં પણ પ્રગતિશીલ ખેડુત મંડળની રચના કરવામાં આવી. શરૂઆતમાં કમનસીબે કોમવાદના સાંકડા ખ્યાલ સાથે ખેડુત સંગઠનો અસ્તિત્વમાં આવેલા, પરન્તુ ધીરે ધીરે સૌરાષ્ટ્રનો ખેડુત કોમવાદના સાંકડા–વિઘાતક ખ્યાલમાંથી મુકત થતો ગયો. એ જ વખતે એની પાસે રચનાત્મક દૃષ્ટિએ વિચારેલો પ્રગતિશીલ ખેતીનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. અને એજ કાર્યક્રમના આધારે પ્રગતિશીલ ખેડુત મંડળની રચના થઇ. રાજકારણ અને કોમવાદથી પર રહીને પ્રગતિશીલ ભાવના અને તમન્ના ધરાવતા ખેડુતોનું આ સંગઠન ખેતીવિકાસની અનેક યોજનાઓને આગળ વધારી એ દ્વારા ખેતી અને ખેડુતની આબાદી હાંસલ કરવાની દિશામાં સુંદર કામગીરી બજાવી રહ્યું છે. 'સામૂહિક વિકાસ' અને રાષ્ટ્રીય સેવા વિસ્તરણની રાષ્ટ્રવ્યાપી યોજનાએ ગ્રામપ્રજામાં નવો ઉત્સાહ પ્રેરવામાં અને રચનાત્મક હવા ઉભી કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. જ્યારે આ યોજનાની શરૂઆત થઈ ત્યારે તો એ યોજના ઉપર પરદેશી વિચાર અને પરદેશી મુડીનો પ્રભાવ છે એવા ખ્યાલે કેટલાક મિત્રોએ એનો વિરોધ કરેલો. પરન્તુ જે રીતે આ યોજનાનો અમલ થઇ રહ્યો છે અને પ્રજામાં આ યોજનાએ જે ઉત્સાહ પ્રગટાવ્યો છે એ જોઇને આ મિત્રોએ પોતાનો વિરોધ ખેંચી લીધો છે, એટલું જ નહીં પણ, એમની સહાનુભૂતિ અને સહકાર મળવા લાગ્યો છે.

ભારત સરકાર તરફથી આ યોજના અનુસાર સૌરાષ્ટ્રમાં થોડાં વિકાસ ઘટકો શરૂ થયા છે. બાકીના વિસ્તારમાં સૌરાષ્ટ્ર સરકાર તરફથી વિકાસઘટકો શરૂ કરવામાં આવ્યા છે. આજે સૌરાષ્ટ્રના સારાય વિસ્તારને એક યા બીજા પ્રકારના વિકાસઘટકની પ્રવૃત્તિથી આવરી લેવામાં આવ્યો છે.

પ્રજાઘડતરની પ્રવૃત્તિ જ્યાં સુધી પ્રજા દ્વારા અને પ્રજાકીય સંસ્થા દ્વારા જ હાથ ધરવાથી એ પ્રવૃત્તિમાં પ્રાણ લાવી શકાય છે. મેં આગળ જણાવ્યું એમ સૌરાષ્ટ્ર રાજ્યની તો એ નીતિ જ રહી હતી. વિકાસઘટક દ્વારા હાથ ધરવામાં આવેલી મોટા ભાગની પ્રવૃત્તિઓ આ રીતે પ્રજા દ્વારા અને ગ્રામ પંચાયત તથા અન્ય પ્રજાકીય સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્યકર મિત્રો અને સહકારી કર્મચારીઓ હાથમાં હાથ મિલાવીને, ખભેખભા લગાવીને આ યોજનાને સફળ કરવા મથી રહ્યા છે. કોણ કાર્યકર છે અને કોણ કર્મચારી છે એનો ભેદ લગભગ ભૂંસાઇ ગયો છે. સરકારે નિયુક્ત કરેલા વિકાસ–ઘટક અધિકારીઓ તો યોજનાને સફળ બનાવવા માટે રાત અને દિવસ જોયા સિવાય કાળજાતૂટ મહેનત કરી રહ્યા છે, પણ ખૂબીની વાત તો એ છે કે એ વિસ્તારના માનનીય ધારાસભ્યો અને અન્ય જાહેર કાર્યકરો પણ આ યોજનાને સફળ બનાવવા માટે એટલી જ બલ્કે એથીયે વિશેષ મહેનત લઇ રહ્યા છે. સમસ્ત પ્રજાએ આ યોજનાને અપનાવી છે. લોકોને વ્યવસ્થિત રીતે યોજનાપૂર્વક કામ કરવાની તાલીમ મળતી જાય છે. ગ્રામવિકાસના અનેક પાસાઓ આજે સુંદર રીતે ખીલી રહ્યા છે. રચનાત્મક માનસ કેળવવામાં અને રચનાત્મક હવા સર્જવામાં આ યોજનાએ સારો ફાળો આપ્યો છે.

અત્યાર સુધી ગ્રામવાસીઓને મન જીવન એ વેઠ હતી. પોતાના કુટુમ્બ કરતાં વધુ આગળ જોવાની નહોતી ટેવ કે નહોતી એમની શકિત. આજે લોકો સમસ્ત ગામની દૃષ્ટિએ અને દેશની દૃષ્ટિએ વિચારતા અને કામ કરતા થયા છે. ગામના સામૂહિક કાર્યોને પોતાના માની એને માટે લોકો હોંશે હોંશે ધન અને રોકડ ફાળો આપે છે. મોટા ભાગના ગામમાં આ રીતે શાળાનાં મકાનો તૈયાર થયા છે. ઘણા ગામોએ ચોરાનાં મકાનો બાંધ્યાં છે. કોઈ ગામે રસ્તા તૈયાર કર્યા તો કોઇ ગામે ગોંદરા સુધાર્યા. કોઇ ગામે કુવા ગળાવ્યા તો કોઈ ગામે અવેડા બનાવ્યા. કોઇ ગામે દવાખાના બનાવ્યા તો કોઇ ગામે આરામગૃહો બંધાવ્યા. સૌરાષ્ટ્રનું એક પણ એવું ગામડું નથી જ્યાં ગ્રામ વિકાસની, લોક કલ્યાણની, સામૂહિક વિકાસની કંઈને કંઇ પ્રવૃત્તિ અને કાર્ય હાથ ધરવામાં આવ્યું ન હોય.

એકમની રચના બાદ સૌરાષ્ટ્રને ભારે આકરી તાવણીમાંથી પસાર થવું પડયું. ગરાસદારી નાબુદીનો સરકારે ક્રાંતિકારી કાર્યક્રમ વિચાર્યો. કેટલાક લોકોને પોતાનું હિત ધવાતું લાગ્યું. તોફાનો થયાં. વખત જતાં એ વૃત્તિ વીસા માંજરિયામાં અને ભૂપતમાં પરિણમી. ઘડીભર ગામડાંઓ ડધાઈ ગયાં. લોકસંરક્ષણનો પ્રશ્ન મહત્વનો બન્યો. સરકારે એને માટે ઘણોજ કડક પ્રબંધ કરેલો. પણ સરકાર હજારો સૈનિકો મૂકે તો પણ જ્યાં સુધી આપણે હિંમત ન કરીએ ત્યાં સુધી આપણું રક્ષણ ન થઈ શકે એવો વિચાર ગ્રામવાસીઓમાં વહેતો થયો. એમાંથીજ 'ગ્રામ–રક્ષક દળ' ના નમૂનેદાર સંગઠનનો જન્મ થયો. આજે હજારોની સંખ્યામાં ગ્રામવાસીઓ તાલીમ લઇને ગ્રામ રક્ષક દળમાં જોડાયા છે, અને ગ્રામ રક્ષણના પ્રશ્નમાં ઉત્સાહપૂર્વક સેવા આપી રહ્યા છે. ગ્રામ–પંચાયતોએ આ પ્રવૃત્તિને વિકસાવવામાં ઘણો અગત્યનો ફાળો આપ્યો.

સૌરાષ્ટ્રમાં પ્રજાકીય સસ્થાઓ અને સરકારે રચેલ અર્ધ સરકારી મંડળો દ્વારા, જુદા જુદા ક્ષેત્રોમાં જે રચનાત્મક કાર્ય થઇ રહ્યું છે એનો ટૂંકામાં પરિચય આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. પરન્તુ હું ગમે તેટલો વધુ સમય લઇને અને ગમે તેટલા વિસ્તારથી આપને વાતો કરું તો પણ સૌરાષ્ટ્રમાં રચનાત્મક ક્ષેત્રે આજે જે કંઇ થઈ રહ્યું છે એનો પૂરો પરિચય આપી શકું તેમ છે જ નહીં. રાજકીય ક્ષેત્ર અને રચનાત્મક ક્ષેત્રનો ભેદ ભૂંસી નાખીને, ક્ષુલ્લક મતમતાંતરો નેવે મૂકીને, કાર્યકર મિત્રો, પ્રજાના પ્રતિનિધિઓ અને પ્રજાના સેવકો

જૈન શ્વે. મૂ. પુજાપદ્ધતિમાં દાખલ થયેલી વિકૃતિઓ

આજથી ૩૫ વર્ષ પહેલાં 'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન' એ મથળા નીચે ૧૬ લેખોની એક લેખમાળા મેં લખેલી અને તે સમયના જૈન ધર્મ પ્રકાશમાં તે ક્રમશઃ પ્રગટ થયેલી. એ લેખમાળામાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં પ્રચલિત મૂર્તિપૂજાની ચર્ચા કરતાં મેં જણાવેલ કે જૈન મૂર્તિના આકાર અને આસન સાથે મૂર્તિ ઉપર જે ટીલાં ટપકાં ચોડવામાં આવે છે, કેસર ચંદન લગાડવામાં આવે છે, પુલના ઢગલા ખડકવામાં આવે છે જાતજાતનાં પ્રશોભન કરવામાં આવે છે, સોના રૂપાની આંગીઓ, મુગટ, કુંડળ અને બાજુબંધ ચડાવવા આવે છે-તે બધું અસંગત અને વિસંવાદી છે. કયાં લાગી, સંન્યસ્ત દશાને વરેલા વીતરાગ પ્રભુની ધ્યાનસ્થ મૂર્તિ અને મુદ્રા ? અને કયાં આ બધો કોઇ મંડલેશ્વર કે રાજાધિરાજને શોભતો ઠાઠમાઠ ? આ શોભા શણગાર પ્રતિમાના મૂળ સ્વરૂપનું ખંડન કરે છે, તેને વિકૃત બનાવે છે. એવી જ રીતે ચાંદી કે સોનાના ખોખામાં જડેલા સ્ફટિકનાં ચક્ષુ મૂર્તિ ઉપર ચોડાતા હોવાના કારણે જાણે કે મૂર્તિ આપણી સામે રગર ટગર જોતી હોય એમ લાગે છે, જ્યારે ધ્યાનસ્થ તેમ જ પદ્માસનસ્થ મૂર્તિનાં ચક્ષુ લગલગ બીડેલાં અથવા તો અર્ધનિમિલિત હોવાં ઘટે છે. આમ મુખાકૃતિ ઉપર ચક્ષુ ચોડવાની પ્રથા પણ વિવેક અને સમજણનો અભાવ સૂચવે છે અને મૂળ મુદ્રા સાથે આવાં ચક્ષુઓનો કુમેળ તરત જ નજર ઉપર આવે છે.

આ બધા વિચારો કોઇ શાસ્ત્રાધારનો ખ્યાલ રાખીને રજુ કરવામાં આવ્યા નહોતા. માત્ર કળા અને સૌન્દર્યની દૃષ્ટિ વડે ચાલુ પૂજાપરંપરાને નિહાળતાં સ્ફુરેલા એ વિચારો અને કલ્પનાઓ હતી.

તાજેતરમાં જૈન શ્વેતાંબર સમાજના એક વિદ્વાન સાધુ પન્યાસ શ્રી કલ્યાણવિજયજીએ 'શ્રી જિનપૂજા પદ્ધતિ' એ નામની એક પુસ્તિકા બહાર પાડી છે. તેમાં કેટલાંએક સંશોધનોના નિષ્કર્ષરૂપ અમુક નિર્ણયો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાં ઉપર જણાવેલા વિચારોનું કેટલું'ક સમર્થન માલુમ પડે છે.

તેમના અભિપ્રાય પ્રમાણે "આપણામાં જિન પૂજા પરાપૂર્વથી ચાલી આવે છે, છતાં આજથી પંદરસો વર્ષ પહેલાં એમાં થતી હિંસાનો કોઇએ વિરોધ કર્યો નહોતો. એનું એક જ કારણ હતું કે તે સમયની પૂજા પદ્ધતિ ઘણી સાદી અને નિરાડંબર હતી. દહેરાં બનતાં, પ્રતિમાઓ બનતી. પણ કેટલી સરળતાપૂર્વક અને અલ્પ વ્યયમાં ? કોઈ ગુફાને તોડી-ફોડીને મંદિર બનાવી દીધું અને પહાડમાંથી જ મૂર્તિ ખોદી કાઢી ને બસ મૂર્તિ અને મંદિર તૈયાર. ગુફા શ્રમણોને માટે ઉપાશ્રયનું કામ આપતી અને મૂર્તિ એમના વન્દનીય દેવ બની જતી. તીર્થંકરોનાં સ્મારક સમાં આવાં મંદિર કેટલાં સુખસાધ્ય અને સમાધિજનક હતાં ? કોઈ ભાવિક ગૃહધર્મી આવી જતો અને પુષ્પમુષ્ટિ ચઢાવી જતો અથવા ધૂપબત્તી ઉખેવી જતો. કદાચ કોઈ વણિક ન જતુ તોય એને અંગે કોઈ ચિન્તા નહિ. એજ વાત ચૈત્યો-પ્રાસાદોને અંગે પણ હતી. કોઇ ધનસંપન્નની ઇચ્છા થઈ અને કોઇ ઉપવનમાં નદીતટ ઉપર કે કોઈ ગિરિશિખર ઉપર સુન્દર ચૈત્ય બનાવી દીધુ, સુલાક્ષણિક જિન મૂર્તિ બનાવરાવી, કોઇ ઋષિ-મુનિના હાથે વાસક્ષેપ કરાવી બેસાડી એટલે પ્રતિષ્ઠા થઈ ગઇ. ન નિત્ય સ્નાન-વિલેપનની ચિન્તા હતી અને ન પૂજા કરનાર પગારદાર ગોઠિયોની આવશ્યકતા."

તેમના અભિપ્રાય પ્રમાણે પ્રાચીન કાળમાં મૂર્તિનું પ્રક્ષાલન કે વિલેપન કરવાનો કોઇ રીવાજ જ નહોતો, તેમ જ મૂર્તિ ઉપર કશું ચડાવવાની કોઈ પ્રથા ન હોતી. પ્રારંભમાં પૂજા પંચોપચારી હતી એટલે કે સુગંધી ચૂર્ણની પુડી, પુષ્પમાળા, ધૂપ, ચોખાની ત્રણ ઢગલીઓ અને ઘીનો દીપક-આટલી પાંચ વસ્તુઓ ભક્તિભાવના પ્રતીકરૂપે મૂર્તિ સમક્ષ મૂકવામાં આવતી. પાછળથી ફળ, નૈવેદ્ય અને જલપાત્ર એમ ત્રણ વસ્તુઓ વધારીને મૂકવાનું શરૂ થયું અને પૂજા અષ્ટોપચારી થઇ. આગળ જતાં મહત્ત્વના પર્વના દિવસોએ મૂર્તિનો સામુદાયિક અભિષેક કરવાની પ્રથા શરૂ થઈ અને તે સાથે વિલેપન, ગીત વગેરે ઉમેરાતાં જે પર્વવિષયક મહાપૂજા શરૂ થઈ તેને સર્વોપચારી પૂજાનું નામ આપવામાં આવ્યું.

મુનિશ્રી કલ્યાણવિજયજી પોતાનાં સંશોધનોનો ઉપસંહાર કરતાં જણાવે છે કે "આપણે જોયું કે હજારો વર્ષ પહેલાંની જિનપૂજાપદ્ધતિ ઘણી સુગમ અને સુખસાધ્ય હતી. જ્યારથી સર્વોપચારી પૂજનો અધિક પ્રચાર થયો ત્યારથી કંઈક શ્રમસાધ્ય અને વ્યયસાધ્ય જરૂર થઈ, તો પણ તે પર્વગત હોવાથી વિશેષ પરિણામજનક ન થઇ. પરંતુ તેરમા અને ચૌદમા સૈકાથી જ્યારે નિત્ય સ્નાન-વિલેપનના રૂપમાં તે પ્રચલિત થઇ ત્યારથી સોળમી સદી સુધીમાં એણે અનેક અનિષ્ટ પરિણામો ઉપજાવ્યાં છે."

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયની જિનમૂર્તિઓને જે ચક્ષુઓ ચોડવામાં આવે છે તે સંબંધમાં મુનિશ્રી કલ્યાણવિજયજી જણાવે છે કે "આપણામાં પ્રતિમાઓને નેત્ર ચોંટાડવાનું પ્રમાણ આજ સુધી અમને કોઈ શાસ્ત્રમાં મળ્યું નથી. પ્રતિમાના નિર્માણ સમયમાં જેવા રૂપનું અને અંગોપાંગોનું નિર્માણ કરાવવું હોય તેવું થઈ શકે છે અને તે પ્રતિમાઓનું જન્મજાત રૂપ ગણાય. પાછળથી, કુદરતી નેત્રો જેવાં નેત્રો તો મૂર્તિને બનેલાં હોય છે તે ઉપર, આવાં સોના-ચાંદી અને કાચના કે કોઈ રંગ જડેલાં નેત્રો ચોટાડવાં તે ઘણું જ કૃત્રિમ લાગે છે અને સોના-ચાંદીના લોભથી ઘણે સ્થળે ચોરો ઉખેડીને લઇ જાય છે- અમને યાદ છે ત્યાં સુધી આજથી ૫૦ વર્ષ પહેલાં આવાં નેત્રોનો પ્રચાર નહિ જેવો હતો.....આજે ભકતો તો અસ્વાભાવિક ઉપનેત્રધારી બન્યા છે, પણ પોતાના ભગવાનને પણ પોતાની આંખોને સારા લાગતા શણગારોથી શણગારીને તેમના સ્વાભાવિક રૂપને ઢાંકી બેઠા છે. ભલે નિત્યના અભ્યાસથી આજે આ રૂપ પ્રિય લાગતું હોય, છતાં આજની અમારી જિન પ્રતિમાઓમાં રાજ્યાવસ્થાના ઠાઠ સિવાય બીજું કંઈ જ જણાતું નથી." પ્રસ્તુત અવતરણના છેવટના ભાગમાં જે જણાવ્યું છે તે માત્ર મૂર્તિ ઉપર ચોડાતા ચક્ષુઓ અંગે નહિ, પણ જાતજાતની આંગીરચના અને પ્રશોભનોને અનુલક્ષીને જણાવવામાં આવ્યું છે.

આ રીતે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયની પૂજા પદ્ધતિમાં અનેક પ્રકારના અતિરેકો દાખલ થયા છે અને તેને લીધે તે ઘણી અરચાળ બની છે અને જે જિન મૂર્તિ તીર્થંકરના વીતરાગ, ધ્યાનસ્થ, ત્યાગી, પૂર્ણ સ્વરૂપની ઝાંખી કરાવવા માટે નિર્માણ કરવામાં આવેલ હોય છે તે જિનમૂર્તિ સ્નાન, વિલેપનના કારણે તથા પુષ્પ, આંગી, આભૂષણ, ચક્ષુ, મુગટ, કુંડળ બાજુબંધ વગેરે ચડાવવાના કારણે વિકૃત આકારને પામી છે. મૂર્તિપૂજાની આ વિકૃતિને ધ્યાનમાં લઈને આજના શ્વે. મૂ. જૈનો તેમાં દાખલ થયેલા અતિરેકોને દૂર કરે અને મૂળ પ્રાચીન નિર્મળ સાદી અને સાત્વિક પદ્ધતિને અંગીકાર કરે એમ આપણે ઇચ્છીએ. આવો ફેરફાર કરવાથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો અને દિગંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચેનું અન્તર ઘટશે, જૈન તીર્થો અંગે ચાલતા શ્વેતાંબર તથા દિગંબર સમુદાય વચ્ચેના ઝગડા નાબુદ કરવામાં સરળતા થશે અને મૂર્તિપૂજામાં દાખલ થયેલા અતિરેકોના કારણે ચાલુ પૂજાપદ્ધતિ વિષે ઘણા ચિન્તવતા અમૂર્તિપૂજક જૈનો પણ મૂર્તિપૂજક જૈનોની વધારે સમીપ આવશે અને આ રીતે જૈન સમાજમાં એકતાની આબોહવા સહજપણે પેદા થશે.

પરમાનંદ

એકતા અને મમતાના વાતાવરણ વચ્ચે સંગઠ્ઠન અને વ્યવસ્થાના જોર ઉપર વ્યવસ્થિત અને યોજનાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. એને પરિણામે જે ગ્રામ વિકાસનું અને પ્રજા વિકાસનું સુંદર સુરેખ ચિત્ર ઉપસી રહ્યું છે એનો વાસ્તવિક ખ્યાલ મેળવવા માટે તો મારે આપને સૌરાષ્ટ્રમાં આવવાનું નિમંત્રણ આપવું જોઇએ. ઘણી વખત સૌરાષ્ટ્રમાં જવાનો આપને પ્રસંગ મળતો હશે. જ્યારે આવો પ્રસંગ મળે ત્યારે થોડો વધુ સમય લઈને સૌરાષ્ટ્રના કોઇ એકાદ ગામડાની, એકાદ ગ્રામપંચાયતની, એકાદ સહકારી મંડળીની, એકાદ ખેડુતના ખેતર કે વાડીની, એકાદ ગૌશાળા કે પાંજરાપોળની અને વધુ નહીં તો એકાદ રચનાત્મક સંસ્થાની મુલાકાત લેવાની મારી આપને વિનંતિ છે. મને ખાત્રી છે કે આપ જ્યાં જશો ત્યાં નવસર્જનની સાત્ત્વિક છતાં ક્રાંતિકારી ભાવનાનાં આપને દર્શન થશે.

સમાપ્ત

રતુભાઈ અદાણી

ચૂંટણી કૉંગ્રેસે કેવી રીતે લડવી ઘટે ?

અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભા સમિતિના મુખપત્ર 'ઇકોનોમિક રીવ્યુ' માં દીલ્હીમાં થોડા સમય પહેલાં મળેલી પાર્લામેન્ટરી પાર્ટીની સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ આપેલું વ્યાખ્યાન પ્રથમવાર પ્રગટ થયું છે, તે વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવે છે. આગામી ચૂંટણીઓ કૉંગ્રેસ શુધ્ધ સાધનો વડે અને પૂરા વિશ્વાસ અને બહાદુરીપૂર્વક લડે, અને તે અગેના પ્રચાર દરમિયાન લોકોને કૉંગ્રેસ સરકારની સિધ્ધિઓનો ખ્યાલ આપે, અને સાથે સાથે ત્રુટિઓનો પણ એકરાર કરે, અને કોઇ પણ સ્થાનિક એક યા બીજી બેઠક મેળવવા ખાતર ઇતર અનિચ્છનીય પક્ષો સાથે બાંધછોડ ન કરે, તેમ જ કૉંગ્રેસના નામને હીણપત પહોંચે એવું કશું પણ ન કરે–આવો પંડિતજીએ કૉંગ્રેસે નીમેલા ઉમેદવારોને અનુરોધ કર્યો છે. ચૂંટણી દરમિયાન વર્તનના આવા ઉંચ્ચ ધોરણને વળગી રહીને કૉંગ્રેસ આ ચૂંટણીના કાર્યને પાર પાડશે તો કૉંગ્રેસની પ્રતિષ્ઠાનો જ માત્ર નહિ, પણ સમગ્ર રાષ્ટ્રના જાહેર જીવનનો આંક જરૂર ઊંચે ચઢશે. પણ પ્રશ્ન એ છે કે આ સલાહનો કૉંગ્રેસી ચૂંટણી પ્રચારકો અને આગેવાન ઉમેદવારો અમલ કરશે ખરા ? કમનસીબે એ હકીકત આજે અજાણી નથી કે જેઓ આજે ચૂંટણીનિષ્ણાતો ગણાય છે અને જ્યાં કૉંગ્રેસી નાવ ડગમગતું લાગે છે ત્યાં જેમને ભીડભંજક તરીકે બોલાવવામાં આવે છે તેઓ ચૂંટણીની બાબતમા સાધન–શુદ્ધિની હાંસી ઉડાવે છે અને પ્રજામાનસમાં જડ ઘાલી બેઠેલા કોમી તેમ જ સાંપ્રદાયિક અભિનિવેશોને ઉત્તેજતા અને તેનો પૂરો લાભ ઉઠાવતા જરા પણ અચકાતા નથી. ચૂંટણીનાં પ્રલોભનો એટલાં બધાં લપસણાં છે કે તે સામે કૉંગ્રેસના સૈધ્ધાન્તિક ધોરણને વળગીને ચાલવું સામાન્ય કૉંગ્રેસી માટે અત્યન્ત મુશ્કેલ છે. આવો આગ્રહ અસાધારણ નૈતિક બળ અને સત્યનિષ્ઠાની આપેક્ષા રાખે છે. **પરમાનંદ**

ચૂંટણીમાં સ્થાનિક લક્ષ્યો સિદ્ધ કરવા માટે બીજા પક્ષો સાથે બાંધછોડ કરીને સ્વત્વને ગુમાવવું એ કરતાં વધારે ઘાતક કૉંગ્રેસ માટે બીજું કશું હોઈ ન શકે. આપણે આપણા પ્રજાજનો સમક્ષ શુદ્ધ સરળ ભાવે મનમાં કશું પણ ગોપવ્યા સિવાય ઉપસ્થિત થવું જોઇએ, અને જે કરવું જોઈતું હતું છતાં આપણે કરી શક્યા નથી તે ખુલ્લા દિલથી કબુલ કરવું જોઇએ અને આપણે જે કરી શક્યા હોઇએ તે પણ બેધડક જણાવવું જોઇએ. આપણા વિરોધીઓ તરફથી જાત જાતની અગવડો અને નડતરો આપણી સામે ઉપસ્થિત કરવામાં આવશે, પણ તે બધાંનો, કોઈ પણ સિદ્ધાન્ત પરત્વે બાંધછોડવાળું વળણ ધારણ કરીને નહિ, પણ આપણા સિદ્ધાન્તો ઉપર મુસ્તાક રહીને, આપણે સામનો કરવાનો છે.

ચૂંટણીઓ આપણે કઈ પદ્ધતિથી અને કેવી રીતથી લડવાની છે તે ઉપર હું ખૂબ ભાર મૂકું છું. આજે હું એમ કહેવાને તૈયાર નથી કે આજની ઘડિએ કૉંગ્રેસનો આત્મા સોએ સો ટકા પવિત્ર અને ઉજ્જવળ છે. હું એમ માનતો નથી. આમ છતાં પણ એ પવિત્રતા અને ઉજ્જવળતાનો અમુક અંશ આપણામાં આજે હજુ પણ કાયમ છે, અને એ વડે આપણને કાંઇક બળ મળે છે. જે ઘડિએ એ અંશ આપણે ગુમાવીશું તે ઘડિથી આપણે તદ્દન ખલ્લાસ થઈ ગયા છીએ એમ સમજવું. આ કારણે એ ખાસ મહત્ત્વનું છે કે સામાન્ય કે સ્થાનિક કોઇ પણ ચૂંટણી ખાતર આપણે સ્વીકૃત આચારધોરણ ઉપરથી લેશ માત્ર નીચા ન ઉતરીએ.

આપણી તાકાતનો ખ્યાલ કરતાં મને ખાત્રી છે કે આપણે ચૂંટણીમાં જરૂર ફતેહમંદ થઈશું. પણ ખરી રીતે આપણે જીતીએ કે હારીએ તેની મને કોઈ પરવા નથી. આપણે જીતીએ કે હારીએ તેની મને પરવા નથી–એ કારણને લીધે જ હું વધારે બળ અનુભવું છું, વધારે સારી રીતે લડી શકું છું અને ફટકારી શકું તેમ છું અને છાતી કાઢીને સામા પુરે ચાલવાની ખુમારી ધરાવું છું. માણસ ઢચુપચુ ચાલે છે, બાંધછોડ કરે છે, તે આ કે તે છોડી દે છે અને ઢીલા અવાજે બોલે છે તેનું કારણ તેની ભયત્રસ્ત મનોદશા છે. ચૂંટણી પ્રત્યેનો આપણો અભિગમ ભયભર્યો નહિ, પણ હીંમતભર્યો હોવો જોઇએ. આપણો અભિગમ જરાપણ ઢીલોપોચો, અચકાતો ખંચકાતો કે બાંધ–છોડથી ભરેલો ન હોવો જોઇએ. આપણો અભિગમ ખુલ્લા દિલનો, સીધો અને સપ્રમાણ હોવો જોઇએ. પણ આવો અભિગમ તો જ શકય છે કે જે જે માટે તમે ઉભા હો તે વિષે તમારા મનમાં પૂરી સ્પષ્ટતા હોય અને તમારી પક્ષના સાચાપણા વિષે તમને પૂરી પ્રતીતિ હોય. જો તમે પોતે જ ભુલ કે ભ્રમણામાં હો, અથવા તો કોઈ સ્થાનિક લાભ ખાતર આ કે તે–ન પસંદ કરવા લાયક–પક્ષનો ટેકો મેળવવાનો પ્રયત્ન કરતા હો, તો તમે આ પ્રકારનું બહાદુરીભર્યું બેપરવા વળણ અખત્યાર કરી ન જ શકો, કારણ કે તમારી શસ્ત્રસામગ્રીમાં કાંઇક ગુંચ જેવું–અગવડ પેદા કરે એવું–છુપાયલું હોય છે.

સરકારને જે મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય છે અને સરકારની જે ત્રુટિઓ અને ક્ષતિઓ છે તેનું મને, અન્ય કોઈ કરતાં, વધારે ભાન છે. આમ છતાં પણ સરકારના કે પાર્લામેન્ટના કાર્ય સંબંધમાં, અમારી અનેક ત્રુટિઓ અને ક્ષતિઓની જાણકારી હોવા છતાં, હું કોઈ શરમ, સંકોચ કે માફી માગવાના ભાવપૂર્વક હિંદી જનતા સમક્ષ ઉભો રહેતો નથી. હું તેમની સમક્ષ પૂરા વિશ્વાસ અને આત્મબળ સાથે ઉભો રહેવા માંગું છું, અને અમારી નિષ્ફળતાઓ અને સફળતાઓ બન્ને વિષે, તેમની સાથે ખુલ્લા દિલથી વાતો કરવા ઇચ્છું છું, અને તેમને સાથીઓ તરીકે લેખવા અને તેમને પૂરા વિશ્વાસમાં લેવા હું સતત ઝંખું છું. વ્યવહારૂ દૃષ્ટિએ આ પ્રકારનો અભિગમ જ પૂરો લાભદાયી નીવડે છે. એક વખત લોકોનો તમે વિશ્વાસ કરો, તેઓ તમારો જરૂર વિશ્વાસ કરશે. તમે તેમને ચાહો, તેઓ તમને જરૂર ચાહશે. આ કુદરતી કાનુન છે. જીવનનો એ નિયમ છે કે એક નમ્ર બનીને ચાલે તો બીજો જરૂર નમ્ર બને. હું એમ નથી કહેતો કે મારું વર્તન આવી નમ્રતાભરેલું છે, કારણ કે મારામાં પાર વિનાની ત્રુટિઓ છે એ હું બરોબર જાણું છું. આમ છતાં પણ ઉપરના નિયમમાં હું જરૂર માનું છું અને હું હિંદી પ્રજા અને હિંદી જનતા પ્રત્યે આ રીતે વર્તવા માંગું છું અને આ રીતે વર્તવાનો મેં હંમેશા પ્રયત્ન કર્યો છે.

મેં ઘણી વખત મારા દેશબંધુઓ સાથે કડક ભાષામાં વાતો કરી છે. તેમણે મારું એવું ઘણું સહન કર્યું છે જે અન્ય કોઈનું તેમણે ભાગ્યેજ સહન કર્યું હોત. આનો ખુલાસો હું એક જ રીતે કરૂં છું કે તેમને કડવા વેણ સંભળાવતી વખતે પણ મેં તેમના વિષે હંમેશા ઊંડો પ્રેમ અનુભવ્યો છે અને તેઓ પણ આ વાત જાણે છે.

સેવાની ભાવના કરતાં સહકારની ભાવના–એટલે કે હું અમુકની સેવા કરૂં છું તેના બદલે તેને હું સાથ આપું છું આવી ભાવના–વધારે ઇચ્છવા યોગ્ય છે. હું એમ નથી કહેતો કે સેવાવૃત્તિ ખરાબ છે. તે સારી છે, પણ તે તુકસાનકારક–ખતરનાક–નીવડવા સંભવ છે. કારણ કે જે વ્યકિત સેવા કરે છે તેનામાં સેવાનું અભિમાન હોય છે અને એ અભિમાનની વૃત્તિનો તે અન્યને આ રીતે અનુભવ કરાવે છે કે "હું તારાથી ચડિયાતો છું, સમજ પડે છે ? હું આ તારા માટે કરૂં છું. નૈતિક દૃષ્ટિએ તારાથી હું ચડિયાતો છું." અને આમ થવાથી બે વ્યકિતઓ વચ્ચે હોવો જોઇતો સાચો સંબંધ–જે સહકારનો જ હોઈ શકે–એવા સંબંધનો ખ્યાલ બાજુએ ઠેલાઈ જાય છે અને એક અન્યનો ઓશિયાળો બને છે અને આમ ઓશિયાળો બનીને તે પ્રકારના ઓશિયાળાપણા સામે મનમાં ઊંડો રોષ–ખિન્નતા–તે અનુભવે છે.

કશા પણ કુડકપટ કે છળપ્રપંચ સિવાય સાદી અને સરળ રીતે ચૂંટણીઓ લડવાનો હું તમને અનુરોધ કરૂં છું. આપણી સિદ્ધિઓ અને પરાક્રમોની કેવળ બડાઇઓ મારો ન કરતા. બીજી બાબતોનો–ભૂલોનો–ત્રુટિઓનો પણ સાથે સાથે જરૂર એકરાર કરજો, અને લોકો સાથે માત્ર ખુલ્લા દિલથી નહિ, પણ તમે તેમની સાથે બુદ્ધિમત્તામાં તમારા સમોવડિયા માફક વર્તો છો એવી તેમને પ્રતીતિ થાય એ રીતે આ બધી બાબતોની તેમની સાથે ચર્ચા કરજો. બનવા જોગ છે કે બુદ્ધિમ-

ત્તામાં તમારા તેઓ સમોવડિયા ન હોય, પણ તમે તેમને સમાનતાની ભૂમિકા ઉપર મળો છો એ હકીકત જ તેમને તમારી સમીપ જરૂર લઈ આવશે.

એક કે બે ચૂંટણીઓનાં પરિણામો કોંગ્રેસની વિરુદ્ધ આવ્યા અથવા તો એક બે ચૂંટણીઓમાં કોંગ્રેસને નિષ્ફળતા મળી તો પણ આપણે ભારતની ભૂમિ ઉપરથી નાબુદ નથી થવાના. જેઓ ચૂંટણીમાં નિષ્ફળ નીવડશે તેમના માટે આ પરાજય લાભકારી પણ નીવડે. નિરાંતની નિદ્રામાં પોઢેલા તેવા લોકો સફાળા જાગી ઉઠશે, અને ભવિષ્યમાં વધારે સચેત બનીને ચાલશે. આખરે એ હકીકત તો છે જ કે કોંગ્રેસ ચૂંટણી–જંગ ડરપોક માફક નહિ પણ મરદ માફક ખેલવાની છે. તેનો વિજય નિશ્ચિત છે. તેમાં કોઈ શંકા નથી.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : પં. જવાહરલાલ નહેરૂ

પ્રકીર્ણ નોંધ

અમારા રાષ્ટ્રપિતાએ શીખવેલો બોધપાઠ

અમેરિકાની મુલાકાત દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ ઐતિહાસિક પ્રવચન કરતાં પંડિત નહેરુએ સમગ્ર વિશ્વને ખ્યાલમાં રાખીને આજની સમસ્યાઓ ઉકેલવા પર ભાર મૂકયો હતો અને ગાંધીજીની યાદ આપતાં જણાવેલું કે "દુશ્મન સાથે પણ મૈત્રી અને સમાધાનની શકયતા રહે એવો સંબંધ રાખવો એમ ગાંધીજીએ અમને ખાસ શીખવેલું. અમારા ભૂતકાળના સંઘર્ષોનો ઇતિહાસ ગમે તેવો હોય, પણ અમારા દેશે અને ઈંગ્લાન્ડે હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે જે રીતે સમાધાન કરીને પરસ્પર મૈત્રી નિર્માણ કરી છે તે દુનિયાને એક સુન્દર ઉદાહરણ પૂરું પાડે છે. અમારી વચ્ચે ભૂતકાળમાં ઘણાં વર્ષોણો થયેલાં અને પરિણામે ખૂબ દુઃખ ને કડવાશ જાગેલાં, તે છતાં અમે સ્વતંત્રતાની સમસ્યા ઉકેલી, એટલું જ નહીં પણ, અમે ભૂતકાળનું વૈમનસ્ય ભૂલીને પાછા મિત્રો પણ થયા. આ એક અજોડ ઉદાહરણ ગણી શકાય.

"અલબત્ત, આનો યશ બન્નેને ઘટે છે. પણ મહાત્મા ગાંધીજીએ શીખવેલી અભિગમની અનોખી રીત આમાં નિશ્ચિતપણે કારણભૂત તો છે જ. એ અમને હંમેશા કહેતા હતા કે 'તમે સિધ્ધાંત ખાતર–સ્વતંત્રતા ખાતર–લડો છો. એમ પણ કહી શકાય કે તમે બ્રિટનના શાહીવાદ સામે લડો છે. પણ તમે બ્રિટનના લોકોની સામે નથી લડતા. તમે કોઇ પણ બ્રિટીશ માનવી સાથે નથી લડતા. માટે તમે એમની સાથે તો મિત્રભાવ જ રાખજો.'

"હું તમને જણાવું છું કે, અમારા લોકોને ઠાર કર્યા હોય કે શેરી વચ્ચે ઝૂડી નાંખ્યા હોય—એવા એવા પ્રસંગોએ ઘણી વાર અમારામાં ક્રોધ ને કડવાશ ભભૂકી પણ ઉઠેલ હશે. પરંતુ કોઇ પણ અંગ્રેજને અમારા ઉશ્કેરાયેલા ટોળાંમાંથી પસાર થતાં કદી પણ ઉની આંચ સુધ્ધાં આવી હોય એવું મને યાદ નથી.

"આ કંઇક નવું જ છે.

"હું એમ નથી કહેતો કે ભારતવાસીઓ અન્ય પ્રજાજનો કરતાં વધારે સારા અને વધારે શાન્તિપ્રિય છે. એવું છે જ નહિ. તંગદિલી અને મુશ્કેલીના સમયમાં તેઓ અન્ય માનવીઓ જેટલા જ નબળા અથવા તો ઉતરતા છે. આમ છતાં પણ ગાંધીજીએ ફરી ફરીને શીખવેલો ઉપરનો બોધપાઠ અમારા દિમાકમાં ઊંડે ઉતરી ગયેલો છે.

"આજની શાંતિની રક્ષા તથા વિકાસમાં વિઘ્નરૂપ થાય એવું કંઇ પણ, ઉશ્કેરાટને સમયે પણ, ન જ કરવું જોઇએ. વૈમનસ્ય, તિરસ્કાર ને કડવાશ વધારે તેવું પણ કંઇજ કરવું જોઇએ નહીં. દુનિયામાં આજે ઘણીજ કડવાશ ને તિરસ્કાર ભરેલાં છે. આપણે સૌ તે અનુભવીએ છીએ. આપણે દેવ તો ન થઇ શકીએ. છતાં આપણા એક પણ સિધ્ધાંતનો કે અભિપ્રાયનો ત્યાગ કર્યા સિવાય, વ્યકિત તરીકે કે રાષ્ટ્ર તરીકે આપણું કાર્ય એટલું સંયમભર્યું હોવું જોઇએ કે જેથી સમાધાનનો માર્ગ મુશ્કેલ બની ન જાય."

બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલના સુવર્ણ મહોત્સવ પ્રસંગે શુભેચ્છા

તાજેતરમાં બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલ પોતાનો સુવર્ણ મહોત્સવ ભારે શાનદાર રીતે ઉજવી રહેલ છે. આ અંગે તા. ૫ જાન્યુઆરીથી તા. ૧૭ જાન્યુઆરી સુધીનો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાંનો મોટો ભાગ આ પત્ર પ્રગટ થતા સુધીમાં સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે અને ૧૬મી તારીખનો જાહેર સમારંભ તથા ૧૭મી તારીખનો ભોજન સમારંભ હજુ બાકી છે.

આ સ્કૂલની ૮૧ જૈન અને ૪૨ જૈનેતર વિદ્યાર્થીઓથી આજથી ૫૦ વર્ષ પહેલાં શરૂઆત કરવામાં આવી હતી. આજે આ સ્કૂલમાં ૬૫૪ વિદ્યાર્થીઓ ભણે છે. જો આ સ્કૂલ માટે જાહેર પ્રજાની અને જૈન સમાજની માંગણી મુજબ મકાનની સગવડ ઉત્તરોત્તર વધતી ગઈ હોત તો આજે આ સ્કૂલમાં ભણે છે તે કરતાં ત્રણ ગણા વિદ્યાર્થીઓ જરૂર ભણતા હોત. આ જગ્યાની મર્યાદાએ વિદ્યાર્થીની સંખ્યાને મર્યાદિત રાખી છે, પણ ગુણવત્તા તેમજ પરીક્ષાના પરિણામની દૃષ્ટિએ આ સ્કૂલનું સ્થાન મુંબઈની અન્ય હાઇસ્કૂલોની અપેક્ષાએ હમેશાં અગ્રગણ્ય રહ્યું છે અને તેના આજ સુધીના વિકાસનો ઇતિહાસ હાઇસ્કૂલ માટે અત્યન્ત ગૌરવપ્રદ બન્યો છે. પ્રારંભથી તે આજ સુધી આ હાઇસ્કૂલના નિર્માતાઓ–સ્વ. બાબુ પનાલાલ પુનમચંદ તથા તેમના વંશજો–એ આ સ્કૂલની ઉંચી પ્રતિભા ટકાવી રાખવા માટે તેમજ તેને અદ્યતન સાધન સામગ્રીથી પરિપૂર્ણ રાખવા માટે જ્યારે જ્યારે જેટલા દ્રવ્યની જરૂર પડી ત્યારે ત્યારે પોતા તરફથી કશા પણ સંકોચ વિના તે દ્રવ્ય તેમણે પુરું પાડ્યું છે, તથા આ હાઇસ્કૂલ પ્રારંભથી જ જૈન જૈનેતરો–સૌ કોઇ માટે ખુલ્લી રાખવામાં આવી છે–આ હકીકત જાણીને એ પ્રતિષ્ઠિત કુટુંબ વિષે આપણા દિલમાં ઊંડો આદર પેદા થાય છે.

આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે આ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મળીને સ્કૂલનો વધારે વિકાસ સધાય તે માટે એક લાખ રૂપીઆથી વધારે રકમ એકઠી કરી છે અને એ રીતે પોતાની સ્કૂલ વિષેની નિષ્ઠા અને કૃતજ્ઞતા પ્રગટ કરી છે. આ માટે એ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અનેક ધન્યવાદ ઘટે છે. આ સુવર્ણ મહોત્સવ સ્કૂલના ઇતિહાસનું એક મહત્ત્વનું સીમા ચિહ્ન રજુ કરે છે. આ હાઇસ્કૂલની હવે પછીની કારકીર્દી વધારે ઉજ્જવળ બને અને નૂતન શિક્ષણના પ્રદેશમાં સ્વતંત્ર પ્રયોગો કરીને આજના પરિવર્તિત સંયોગોને અનુરૂપ શિક્ષણ પધ્ધતિનું નિર્માણ કરે એવી આપણા અન્તરની પ્રાર્થના હો !

શ્રી સિધ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમે પણ સુવર્ણ મહોત્સવ ઉજવ્યો.

વીસમી સદીના પ્રારંભથી આપણા ચાલુ સામાજિક જીવનમાં નવચેતનનાં પગરણ શરૂ થયાં અને પોત પોતાની કોમના અભ્યુદય અર્થે છાત્રાલય, નિશાળ, દવાખાનાં, આરોગ્યગૃહો, શિષ્યવૃત્તિઓ, પ્રકાશન–સંસ્થાઓ, પુસ્તકાલયો વગેરે પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. દરેક કોમ પોતાનાં નબળાં સબળાં અભણ ભાઇ ભાંડુઓની અને અસહાય બહેન બાળકોની સંભાળ લે તો સરવાળે દેશનાં બધાં અંગોને જરૂરી પ્રાણબળ મળી રહે અને ઉન્નતિના માર્ગે સામુહિક પ્રયાણ શરૂ થાય–આવી એક સર્વમાન્ય વિચારસરણિ એ સમયમાં પ્રવર્તતી હતી. આવી વિચારસરણિમાંથી જૈન શ્વે. મૂ. સમાજનાં અનાથ, અસહાય, ગરીબ બાળકો માટે પાલીતાણા ખાતે એક જૈન બાળાશ્રમનો જન્મ થયો હતો. આ બાળાશ્રમની સ્વર્ગસ્થ શ્રી ચુનીલાલ નગીનદાસ કાનુનીએ પ્રારંભમાં ૪ અને ટુંક સમયમાં ૨૦ વિદ્યાર્થીઓ વડે આજથી પચ્ચાસ વર્ષ પહેલાં શરૂઆત કરી હતી.

આ સંસ્થાએ પણ ગયા ડીસેંબર માસની આખર દરમિયાન શેઠ કસ્તુરભાઈ લાલભાઇના પ્રમુખપણા નીચે ત્રણ દિવસના ખીચોખીચ કાર્યક્રમથી ભરેલો પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવ્યો છે. આ પ્રસંગે સંસ્થા તરફથી એક સુન્દર સુવર્ણ મહોત્સવ

અંક પ્રગટ કરવામાં આવ્યો છે અને તેમાં સંસ્થાના પ્રારંભથી આજ સુધીના વિકાસની સાલવાર વિગતો તથા સંસ્થા સાથે સંબંધ ધરાવતી અનેક વ્યક્તિઓની તથા વિશિષ્ટ કોટિના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની છબીઓ તેમ જ સંસ્થા અંગેની બીજી અનેક માહીતીઓ આપણને જોવા જાણવા મળે છે. બાબુ પનાલાલ પુનમચંદ જૈન હાઈસ્કૂલ માત્ર જૈન વિદ્યાર્થીઓ માટે નથી, જ્યારે આ સંસ્થા કેવળ જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓ માટે જ નિર્માયલી હતી અને આજે એ સ્વરૂપે જ આવી રહી છે. બાબુ પનાલાલ પુરણચંદ જૈન હાઇસ્કૂલ માત્ર શિક્ષણ સંસ્થા છે, જ્યારે આ બાલાશ્રમ જૈન વિદ્યાર્થીઓ માટેનું કેવળ છાત્રાલય છે અને ત્યાં રહેતા વિદ્યાર્થીઓ બહારની શાળાઓમાં ભણવા માટે જાય છે. આ સંસ્થામાં રહીને આજસુધીમાં જૈન શ્વે. મૂ. સમાજના અને આર્થિક દૃષ્ટિએ કેવળ નીચેના થરના લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓએ પોતાના વિદ્યાર્થીજીવનની શરૂઆત કરી છે અને દેશના જુદા જુદા પ્રદેશોમાં એક યા બીજા વ્યવસાયનું અવલંબન લઇને વ્યવહાર જીવનમાં તેઓ સ્થિર અને સમૃદ્ધ બન્યા છે. આ હકીકત જ આવી સંસ્થાની અમાપ ઉપયોગીતાનો પુરાવો છે. માનવીના જીવન વિકાસમાં પ્રાથમિક ટેકો અને ધક્કો કોણ આપે છે તેનું જ સૌથી વધારે મહત્વ છે.

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અંદર અંદર ફાળો કરીને રૂ. ૩૦૦૦૧ જેવી મોટી રકમ આ સંસ્થાને ભેટ ધરી છે. આ પ્રકારે સંસ્થા પ્રત્યે તેમણે દાખવેલી કૃતજ્ઞતા ધન્યવાદને પાત્ર છે. આમાં પણ ધાર્મિક શિક્ષણના પ્રચારને અનુલક્ષીને આ સંસ્થાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આજે મુંબઇના ઝવેરી બજારમાં દલાલી કરતા શ્રી પોપટલાલ કેશવજી દોશીએ, પોતે સામાન્ય સ્થિતિના હોવા છતાં, કેવળ સંસ્થા પ્રત્યેની ઋણમુદ્ધિથી પ્રેરાઇને, રૂ. ૫૦૦૧ ની રકમ સંસ્થાને ચરણે રજુ કરી છે તે માટે ભાઈશ્રી પોપટલાલને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

આ સંસ્થાનો આજે ૧૦૫ વિદ્યાર્થીઓ લાભ લે છે સંસ્થા પાસે પોતાનાં મકાનો અને વિપુલ ફંડો છે. સંસ્થાની પ્રારંભથી આજ સુધીની કાર્યવાહી સાથે સ્વ. વીરચંદ દીપચંદ, સ્વ. શેઠ દેવકરણ મૂળજી, સ્વ. ત્રીભોવનદાસ ભાણજી, સ્વ. નરોત્તમદાસ ભાણજી, સ્વ. નગીનભાઇ મંછુભાઈ ઝવેરી, સ્વ. કુંવરજી મુલચંદ તેમ જ શ્રી. વીરચંદ પાનાચંદ વગેરે જૈન સમાજની જાણીતી વ્યક્તિઓનાં નામ ગાઢપણે સંકળાયલા છે. આજે કેટલાંક વર્ષથી શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી સંસ્થાના પ્રમુખ અને શ્રી મોહનલાલ તારાચંદ શાહ સંસ્થાના ઉપપ્રમુખ અને શ્રી ચીનુભાઇ લાલભાઇ શેઠ, શ્રી ભાઇચંદ નગીનભાઇ ઝવેરી, શ્રી પુલચંદ શામજી તથા શ્રી હીરાલાલ હાલચંદ દલાલ સંસ્થાના મંત્રીઓ છે. આમાં પણ શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધીએ સંસ્થા પ્રત્યે અસાધારણ આત્મીયતા દાખવી છે અને એક યા બીજા પ્રસંગે સંસ્થાને ભારે ઉદાર દિલથી આર્થિક મદદો કરી છે. આ સંસ્થાના સુવર્ણ મહોત્સવને અનુલક્ષીને આ કાર્યકરોએ લગભગ એક લાખ રૂપીઆનું ફંડ એકઠું કર્યું છે, જે માટે તેમને ધાન્યવાદ ઘટે છે. આ સંસ્થાનો સતત ઉત્કર્ષ થતો રહે અને તેનો લાભ વધારે વિશાળ જનસમુદાયને મળતો થાય એવી આપણ સર્વની શુભેચ્છા અને આકાંક્ષા હો! પરમાનંદ

આગામી પંડિત સુખલાલજી સન્માન સમારંભ

તા. ૭-૧-૫૭ ના રોજ પંડિત સુખલાલજી સન્માન સમિતિની સભા શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે મળી હતી અને તે વખતે શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. રસિકલાલ પરીખ, શ્રી. મોહનલાલ મહેતા, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, અ. ગૌરીશંકર ઝાલા, આચાર્ય શ્રી. રામભાઇ બક્ષી, શ્રી. જ્યોતીન્દ્ર હ. દવે વગેરે સભ્યો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સન્માનનિધિમાં આજ સુધી રૂ. ૪૮૦૦૦ નાં વચનો પ્રાપ્ત થયાનું જાહેર કરવામાં આવ્યું હતું અને આ નિધિ માટે વધારે ફાળો એકઠો કરવા અંગે કેટલીક ચર્ચા વિચારણા થઈ હતી. આ ઉપરાંત પંડિત સુખલાલજીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ આવતા ફેબ્રુઆરી માસ દરમિયાન તૈયાર થઇ જશે એમ જણાવવામાં આવ્યું હતું. સન્માન સમારંભ આગામી માર્ચ માસ દરમિયાન બની શકે ત્યાં સુધી માર્ચ માસની ૧૭ મી તારીખ અને રવિવારે સવારના ગોઠવવો અને એ જ દિવસે સાંજના અલ્પાહાર સંમેલન યોજવું એમ નક્કી કરવામાં આવ્યું હતું. સન્માન સમારંભના પ્રમુખસ્થાન માટે રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુને વિનંતિ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

પંડિતજીના સન્માનનિધિમાં આપનો ફાળો સત્વર મોકલી આપો !

આગામી માર્ચ માસની અધવચમાં મોટા ભાગે ૧૭ મી તારીખ અને રવિવારે પંડિત સુખલાલજીના માનમાં મુંબઈ ખાતે મોટા પાયા ઉપર સન્માન સમારંભ યોજવામાં આવનાર છે અને આ પ્રસંગે તેમને સન્માન થેલી અર્પણ કરવાની છે. આ સન્માન નિધિમાં રૂા. ૪૮૦૦૦ આજ સુધીમાં એકઠા થયા છે. એક લાખ સુધી આ નિધિને પહોંચાડવાનો સન્માન સમિતિ મનોરથ સેવે છે. પંડિતજી પ્રત્યે આદર ધરાવતાં મુંબઈ તેમ જ અન્યત્ર સંખ્યાબંધ ભાઇ બહેનો છે, જેમને પ્રત્યક્ષ મળવાનું અમારા માટે અશકય છે. આ અમારી અપીલને ધ્યાનમાં લઇને, કોઇના કહેવા કે મળવાની રાહ જોયા સિવાય સ્વયંપ્રેરિત જેટલી બની શકે તેટલી રકમ સત્વર મોકલી આપવા આ ભાઇબહેનોને આગ્રહભરી વિનંતિ છે. પંડિતજીની અગાધ જ્ઞાનોપાસના અને અસાધારણ ચિન્તનપ્રતિભાને અનુરૂપ થેલી આપણે આપી શકીએ તેમાં જ આપણી શોભા અને કૃતજ્ઞતા રહેલી છે. સુજ્ઞેષુ કિંબહુના ?

આ રકમ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલય ઉપર (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) પહોંચાડવી. ચેકથી મોકલનારને 'Bombay Jain Yuvak Sangh' એ નામ ઉપર એક લખવા વિનંતિ છે.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા

પં. સુખલાલજી સન્માનનિધિ અને મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો

પં. સુખલાલજીનો મુંબઈ જૈન યુવક સંઘ સાથે સ્વજન જેવો સંબંધ છે. મુંબઈ જૈન યુવક સંઘના તેઓ હમેશા પરમ હિતચિન્તક અને પ્રસંસક રહ્યા છે અને મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા મોટા ભાગે તેમની પ્રેરણા અને સહકારને આભારી છે. આ તેમ જ બીજી અનેક રીતે આપણો સંઘ તેમનો ખૂબ ઋણી છે. તેમનું ગૌરવ કરવાનો પ્રસંગ આવી રહ્યો છે અને તેથી સંઘના સભ્યો કે જેઓ પંડિતજીના નિકટ પરિચિત છે તેમની ખાસ ફરજ બને છે કે તેમના માટે એકઠી થતી સન્માન થેલીમાં દરેક સભ્ય પોતાથી બને તેટલી રકમ આપે અને એ રીતે પંડિતજી પ્રત્યેના ઋણને બને તેટલું અદા કરે. આ માટે ન પ્રમાદ કરશો, ન કોઇના કહેવાની રાહ જોશો. સત્વર તમારી રકમ મોકલો અને થેલીને છલકાવો.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ		પૃષ્ઠ
ગંગોત્તરી	હર્ષદલાલ શોધન	૧૮૩
સૌરાષ્ટ્રમાં થયેલ રચનાત્મક કાર્ય	રતુભાઈ અદાણી	૧૮૫
જૈન શ્વે. મૂ. પૂજાપદ્ધતિમાં દાખલ થયેલી વિકૃતિઓ	પરમાનંદ	૧૮૭
ચૂંટણી કોંગ્રેસે કેવી રીત લડવી ઘટે	જવાહરલાલ નહેરૂ	૧૮૮
પ્રકીર્ણ નોંધ:-અમારા રાષ્ટ્રપતિએ સીખવેલો બોધપાઠ, બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલના સુવર્ણ મહોત્સવ પ્રસંગે શુભેચ્છા, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમે પણ સુવર્ણ મહોસવ ઉજવ્યો	પરમાનંદ	૧૯૫

(ગંગોત્તરી : અનુસંધાન ૧૮૪ પાનાથી)

અસહ્ય ઠંડીવાળા સ્થાનમાં પુરાં કર્યાં અને ત્યાર બાદ તેમની કુટીઓ બરફના તોફાનમાં તૂટી પડી અને તેમનો દેહ પણ ત્યાં પડ્યો.

અમે બપોરે બે વાગે ગૌમુખ પહોંચ્યા. એક મોટા ૧૫–૨૦ માઈલ લાંબા દુનિયાનો મોટામાં મોટો ગ્લેશીયર–જ્યાં બારે માસ કાયમ બરફ હોય છે–તેમાંથી બે ટનલો જેવી મોટી ગુફાઓમાંથી ગંગાજીનો પ્રવાહ સતત વહ્યા કરે છે. ત્યાંથી આગળ ગંગાજીનો પ્રવાહ કયાંથી આવે છે તે દેખાતું નથી. આ જ ગ્લેશીયરના બીજા પૂર્વ તરફના છેડે આવી જ રીતે અલકનંદા નદી બદ્રીનાથ તરફ નીકળે છે અને પછી નીચે દેવપ્રયાગ આગળ ભાગીરથીને આવીને મળે છે. ગૌમુખ આગળની બરફની દીવાલ ઘણી ઉંચી અને પહોળી હોય છે. ગુફાનો બરફ જુનો જામેલો હોવાથી રંગબેરંગી દેખાય છે અને તે દૃશ્ય ઘણું જ અલૌકિક લાગે છે. આટલો મોટો અસ્ખલિત પ્રવાહ અનાદિકાળથી સતત કયાંથી અને કેવી રીતે આવતો હશે તેની કલ્પના થઇ શકતી નથી. ગંગાજીનું પાણી પ્રથમથી જ ઘેરાવાદળ જેવા રંગનું હોય છે. ત્યાં પણ સામા કિનારે એક ગુફા આવેલી છે. ત્યાં કોઈ વખત કોઇ મહાત્મા રહેતા હોય છે. તેમની માનસિક સ્થિતિની કલ્પના પણ થઈ શકતી નથી. ત્યાં આજુબાજુ ભગીરથ, ભૃગુપંથ, શિવલિંગ, પાંડવ, ભૂજ આદિ હિમશિખરો નજરે પડે છે. ગૌમુખથી ઉપર થોડે આગળ જતાં તપોવન, નંદનવન આદિ આધ્યાત્મિક સ્પંદનોવાળાં અલૌકિક સ્થળો આવેલાં છે. પરંતુ ત્યાં જવાના માર્ગની તથા ત્યાં રહેવાની મુશ્કેલીને લીધે સાધનસંપન્ન પહાડખેડુઓ અથવા ત્યાગી તપસ્વી મહાત્માઓ સિવાય અન્ય કોઈ ત્યાં જઇ શકતું નથી. ત્યાંથી આજુબાજુનાં અસંખ્ય હિમશિખરોની હારમાળા દેખાય છે.

આવી રીતે યાત્રિકો ઘણું ખરું ત્યાં સ્નાન કરીને અને ગંગાજળ લઇને ત્રણ દિવસમાં પાછા આવે છે, એટલે ત્યાંના દૃશ્યના ઉપરછલ્લા દર્શન સિવાય વધુ લાભ લઈ શકતા નથી. તેને બદલે જો તંબુ સાથે લઇ જઇને ત્યાં બે ત્રણ દિવસ રહેવાનું રાખવામાં આવે તો સવાર, સાંજ તથા રાત્રીના ત્યાંનાં અલૌકિક દૃશ્યોનો અને આધ્યાત્મિક વાતાવરણનો સારી રીતે લાભ લઈ શકાય. આટલી કઠણ મુસાફરી કરીને ત્યાંનો પુરો લાભ લીધા વિના પાછા ફરવું તેનો કાંઇ અર્થ નથી. અમે ત્યાં ફક્ત ૧૫ કલાક રોકાઇને પાછા ફર્યા, છતાં ૪૫ વાગે ભૂજનદી આગળ પહોંચતાં તેમાં પાણી વધી ગયું અને ઓળંગવી મૂશ્કેલ લાગી. પરંતુ ગાઇડ તથા કુલીઓએ ભેગા થઇને, મહેનત કરીને, ઝાડના થડીઆના બે લાકડા ગોઠવીને તે ઉપરથી એક પછી એક એમ ત્રણ કકડે અમે એક બીજાના હાથ ઝાલીને ધડકતી છાતીએ તે પાર કરી શકયા. જરા પણ જો લાકડું અગર પગ ખસ્યો તો ખલાસ. પાણી બરફ જેવું ઠંડું અને પ્રવાહ ઘોડાપુર જેવો. જિંદગીમાં પહેલી જ વાર આવું જોખમ ખેડવાનું થયું. થોડું ઢીંચણ સુધી પાણીમાં ચાલવું પડયું. પગ તો એવા કળવા લાગ્યા કે તુરત મસાજ કરીને ગરમ મોજાં બુટ પહેરી લીધાં અને કાંઇક રાહત અનુભવી. સાંજના પાછા ચીડવાસા પહોંચીને ત્યાંની ધર્મશાળામાં રાત રહ્યા. બીજે દિવસે સવારે છ વાગે ત્યાંથી ગંગોત્તરી તરફ જવા નીકળ્યા. બપોરના ચાર વાગે રસ્તામાં આવતા ગંગાજીના પ્રવાહ ઉપરના ગુફા જેવા બરફના પુલ ઉપર થઇને સામા કિનારે ગયા, જેથી આ બાજુનો બાકીનો ઘણો ખરાબ રસ્તો ટાળી શકાયો. આ બરફનો પુલ ઓળંગવામાં પુરતું જોખમ હતું, કારણ કે એક બાજુએ અને વચમાં મોટી તડો પડેલી હતી, તેથી તે કયારે બેસી જાય તે કહી શકાય નહિ. અમે શ્રદ્ધા અને હીંમતથી એક બીજાના હાથ ઝાલી ઉતાવળે પગલે તે ઓળંગી ગયા.

રસ્તામાં ફળાહારી બાવા ગંગાદાસનું સ્થાન આવે છે. ગંગોત્તરીથી બે માઈલ દૂર આવેલા એ સ્થળે તેઓ વર્ષોથી રહે છે અને ત્યાંથી નીચે આવ્યા નથી. તેઓ એક સારા ભકત છે. ત્યાં એક નાનું રામમંદિર છે અને એક ગુફા છે. તે દિવસ ગંગાદશેરાનો હોવાથી ગંગોત્તરી આવેલા ગ્રામ્યદેવતા ત્યાં દર્શને આવ્યાં હતા. જેમ આપણી બાજુ કોઇને માતા આવતા હોય છે તેમ એ બાજુના ગામોમાં એક વ્યક્તિ એવી હોય છે જેનો કબજો કોઇ દેવતા લે છે અને તેથી આ વ્યક્તિને તેઓ ગ્રામ્યદેવતા તરીકે ઓળખે છે. વારતહેવારે તેમને વાજતે ગાજતે, નૃત્ય કરતા, સરઘસ આકારે એક ગામથી બીજે ગામ લઇ જવામાં આવે છે. ગંગાદશેરા એ બાજુ મોટામાં મોટો તહેવાર ગણાય છે. મકાનો ધોળવામાં આવે છે અને ગામોગામથી લોકો ગંગોત્તરી દર્શન તથા સ્નાન કરવા આવે છે. ફળાહારી બાવા ગંગાદાસને ત્યાં થોડું રોકાઈ અમે સાંજના ૭ વાગે ગંગોત્તરી પહોંચી ગયા.

અમે રહેતા હતા તે યોગનિકેતન આશ્રમમાં એક આનંદસ્વામી કરીને સારા સાધુ ત્રણ મહિના સાધના માટે આવ્યા હતા. અવારનવાર તેઓ ત્યાં આવીને રહે છે. આયુર્વેદનું સારું જ્ઞાન હોવાથી તેઓ દવાવાળા સ્વામી તરીકે ત્યાં જાણીતા છે. તેમનો સ્વભાવ ઘણો સારો હતો અને અમે તેમના સારા પરિચયમાં આવ્યા હતા. તેઓ અસલ પંજાબના છે. નાનપણમાં માતાપિતા તેમને સાધુઓને ભિક્ષા આપવા મોકલતા. ત્યારથી સાધુસંતોનો સમાગમ, પરિચય અને તેમને માટે પૂજ્ય ભાવ થયો. ભણીગણીને મોટા થયા, પછી તેમણે 'મિલાપ' નામનું દૈનિક પેપર શરૂ કર્યું. તે ઘણું સારું ચાલતું હતું અને અમૃતસર, દીલ્હી અને હૈદ્રાબાદ એમ ત્રણ જગાએથી હિંદી અને ઉર્દુમાં નીકળતું હતું. તેમાંથી આવક સારી થઇ. ૬૦ વર્ષની ઉમર થઇ એટલે તેમને સંન્યાસ લેવાની ઇચ્છા થઈ. તેમનાં પત્ની, પુત્રો અને પુત્રીઓએ સંમતિ આપી, પરંતુ તેમના વૃદ્ધ માતુશ્રીએ કહ્યું: "તું નાનો હતો ત્યારે સાધુઓ પાસે જતો હતો ત્યારથી મને થતું હતું કે તું મોટી ઉમ્મરે સાધુ થઇશ; પરંતુ મારી ઇચ્છા એવી છે કે મારા જીવતાં તું તેમ ન કરે તો સારું." માતાની ઇચ્છા માન્યા તેમણે વિચાર મુલતવી રાખ્યો. ૧૯૪૮ માં તેમના માતુશ્રી ગુજરી ગયા બાદ ૧૯૪૯ માં તેમણે સંન્યાસ લીધો. સંન્યાસની વિધિનું વર્ણન કરતાં તેમણે કહ્યું કે માથે મુંડણ કરાવીને વચમાં થોડા વાળ રહેવા દઇ નદીમાં સ્નાન કરતી વખતે પોતાના હાથે તે વાળ એકેક બેંચી કાઢીને પછી બધા વાળ નદીમાં સાથે પધરાવ્યા. ભગવાં વસ્ત્ર આપતાં તેમના ગુરૂજીએ કહ્યું કે "કપડાનો રંગ તે અગ્નિનો રંગ છે. આજથી હવે તું અગ્નિમાં બેઠો છું તેમ સમજવાનું છે. ચિતામાં બેઠેલી વ્યક્તિ કોઈ દિવસ અશુભ કર્મ કરવાનો વિચાર કરતી નથી તેમ તારે વર્તવાનું છે." પછી ત્રણ દિવસ સુધી એક બંધ ઓરડામાં મૌન લઇને રહેવાનું કહ્યું અને તે દરમિયાન આત્મ નિરીક્ષણ કરીને શું લાગે છે તે જણાવવા કહ્યું. એ પ્રમાણે ત્રણ દિવસ પછી તેમણે જણાવ્યું કે હજુ થોડી અહંતા અને મમતા જણાય છે. તે ઉપરથી સંન્યાસ લીધા પછી ભિક્ષા નહિ લેવાનું તેમણે અગાઉથી જણાવેલું હોવા છતાં તેમનામાં થોડી ઘણી રહી ગયેલી અહંતા મમતા દૂર કરવા માટે તેમના ગુરૂજીએ તેમને તેમનાં પત્ની પાસે જઈ ભિક્ષા લાવવા કહ્યું. તેઓ તેમનાં પત્ની પાસે ગયા અને કહ્યું, "આજ સુધી તું મારી ધર્મપત્ની હતી અને તારા સિવાયની બીજી સ્ત્રીઓ મને માતા સમાન હતી, હવે આજથી તું પણ મારી માતા છું. મને ભિક્ષા આપ." તેમના કુટુમ્બીજનો આવાં વચનો સાંભળીને રડવા લાગ્યાં. તેમનાં પત્નીએ છેક સુધી હીંમત રાખીને તેમને ભિક્ષા આપી, પરંતુ ત્યાર બાદ ખૂબ રડી પડયાં. આ જ પ્રમાણે એક દિવસ ઋષિકેશમાં તેમના ગુરૂજીએ તેમના એક મિત્ર પાસે જઇને ભિક્ષા લઈ આવવા કહ્યું હતું અને તેઓ ભિક્ષા લઈ આવ્યા. આમ કરવાથી તેમનામાં જે કાંઇ થોડી અહંતા કે મમતા રહી હતી તે દૂર થઇ. એક વખત તેઓ ગંગોત્તરીમાં હતા અને બીજા યાત્રિકોની સાથે તેમનાં પત્ની તેમનાં દર્શને આવ્યાં હતાં ત્યારે તેમને જોઇને તેમને આશ્ચર્ય થયું હતું. તેઓ અવારનવાર દેશમાં ફરતા રહે છે અને પ્રવચનો કરે છે. એક વખત શારીરિક સ્વાસ્થ્ય સંબંધી વાત નીકળતાં તેમણે કહ્યું કે "ઈશ્વર કૃપાળુ છે અને તમને માફ કરશે. પરંતુ શરીર એ જડ વસ્તુ છે તેથી તે પ્રકૃતિના નિયમોના ભંગ માટે તમને કદી માફ કરશે નહિ. ઔષધં જાહ્નવી તોયં, વૈદ્યો નારાયણો હરિઃ એ શારીરિક દરદો માટે કહેવામાં નથી આવ્યું."

યોગનિકેતનવાળા બ્રહ્મચારી વ્યાસદેવજી સ્વભાવે ઓછાબોલા, શાંત અને વ્યવહારકુશળ છે. ખાસ પ્રચાર કરતા નથી. મૂળ પંજાબી છે. નાનપણમાં એક મિત્રની સાથે તેઓ ઘેરથી જતા રહેવા માંગતા હતા ત્યારે તેમના ઘરમાંથી તે સામે ઘણો વિરોધ હતો અને તેમનો જાપ્તો રાખવામાં આવતો હતો. એક વખત જતા રહ્યા ત્યારે તેમને ખોળીને પાછા લાવ્યા હતા. બીજી વખત ગયા ત્યારે તેમણે લખી જણાવ્યું કે કાં તો હું મરી ગયો છું એમ માની લો અથવા તો રાજીખુશીથી ધર્મની સેવા માટે મારું તમે અર્પણ કર્યું છે એમ માની લો. ત્યારપછી આજ સુધી તેમને કોઈ મળ્યું નથી. એક વખત તેઓ પગપાળા કાશ્મીર ગયા હતા ત્યારે રસ્તામાં ઘણી મૂશ્કેલી પડી હતી. તેઓ બારામુલ્લામાં પોતાના કોઇ એક સંન્યાસીમિત્ર સાથે શીખ ગુરુદ્વારામાં રહ્યા ત્યારે ત્યાંના કર્મચારીઓ તે બે મિત્રોને પુરૂષના વેશમાં સ્ત્રીઓ છે એમ માનતા હતા. એક વખત પહેલગામ નજીક નદીએ સ્નાન કરતાં તેમને એક મહાત્મા મળી ગયા હતા તેમની સાથે દૂર પહાડ ઉપર એક ગુફામાં તેઓ રહ્યા હતા. તેઓ સંસ્કૃતમાં વાત કરતા હતા અને કેટલીક સિદ્ધિઓ ધરાવતા હતા. થોડો સમય કડક નિયમોપૂર્વક તેમને ત્યાં રાખીને તથા ઉપદેશ આપીને તેઓ ગાયત્રીનું પુરશ્ચરણ કરાવતા હતા. એક દિવસ ઉપદેશ આપીને તેઓ અચાનક અદૃશ્ય થઇ ગયા ત્યારપછી દેખાયા નથી. ત્યાંથી તેઓ ફરતા ફરતા ઋષિકેશ આવ્યા ત્યારે કોઇ સાધુએ તેમને ગંગોત્તરી તરફ હરસીલથી થોડે દૂર પહાડમાં ગુફામાં રહેતા એક સિદ્ધ મહાત્મા પાસે જવા સૂચના કરી. તે ઉપરથી તેઓ એકલા હરસીલ ગયા અને ખોળતાં ખોળતાં તે મહાત્મા પાસે પહોંચ્યા. તે એક સિદ્ધ પુરુષ હતા. તેમણે તેમની પરીક્ષા કરી અને લાયકાત જોઈ તેમને ધ્યાન ધરવા જણાવ્યું. ધ્યાનમાં તેઓ એટલા ઊંડા ઉતરી ગયા કે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ શરીરો તથા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચ કોષો એકસરેની માફક અને જાણે પુસ્તક વાંચતાં હોય તેમ સ્પષ્ટ અલગ અલગ તેમને દેખાયાં. તે અનુભવ આજ સુધી તેમને કાયમ ચાલુ રહ્યો છે. તે મહાત્મા તરફથી તેમને રાજયોગની ધ્યાનમાર્ગની શક્તિ પ્રાપ્ત થઇ અને પછી તે મહાત્મા અદૃશ્ય થયા તે આજસુધી દેખાયા નથી. આ શક્તિથી તેઓ બીજા સાધકોના પ્રાણ ઉપર પણ કાબુ ધરાવી શકે છે અને ધ્યાનમાર્ગમાં એકાગ્રતા કરાવી આગળ પ્રગતિ કરાવી શકે છે. ૭ વર્ષથી તેઓ દર વર્ષે ૧૫ મી નવેમ્બરથી ૧૫ મી માર્ચ સુધી ચાર માસ ઋષિકેશ સ્વર્ગાશ્રમમાં સાધકોને આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરેનો અભ્યાસ કરાવે છે અને હજુ બીજાં ૫ વર્ષ, હરદ્વારનો મોટો કુંભમેળો આવતા સુધી તે પ્રમાણે ચાલુ રાખશે. ત્યાર પછી રાજયોગ સંબંધી તેમને જે કાંઈ વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું છે તે છપાવી પ્રસિદ્ધ કરશે અને દરમિયાન કોઈ અધિકારી વ્યકિત મળી જશે તો પોતા પાસે જે કાંઈ શકિત મેળવેલી છે, તે તેને આપશે અને શીખવશે એમ તેઓ કહેતા હતા. તેમણે ગંગોત્તરીમાં અને ઉત્તરકાશીમાં બે સારા મોટા યોગનિકેતન આશ્રમો સ્થાપ્યાં છે. ગંગોત્તરીમાં બાબા કાળીકમળીવાળાનું અન્નક્ષેત્ર બે માસ ચાલીને બંધ થાય છે ત્યાર પછી બીજા ત્રણ માસ સુધી તેઓ તેમનું પોતાનું અન્નક્ષેત્ર ચલાવે છે.

સ્વામી કૃષ્ણાશ્રમજી અવધૂત દિગંબર અને મૌની છે. તેઓ ત્યાંના જાણીતા એક શ્રેષ્ઠ મહાત્મા ગણાય છે. આશરે ૩૫ વર્ષ અગાઉ બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્‌ઘાટન માટે પંડિત મદનમોહન માલવિયાજી તેમને ખાસ પસંદ કરીને બોલાવી લઈ ગયા હતા. ત્યાંથી સીધા તેઓ ગંગોત્તરી તરફ ગયા ત્યારના હજુ ત્યાં જ છે. તેઓ અમને બેને જયવિજય તરીકે બોળખાવતા હતા. તેમની પાસે જઇ અમે અવારનવાર બેસતા ત્યારે તેમના દર્શનાર્થે આવતા યાત્રિકો તેમની સાથે અમને પણ પગે લાગતા તેથી અમને નવાઈ લાગતી. તેમના મનમાં એમ થતું હશે કે આ પણ કોઈ મહાત્માઓ હશે. એક વખત અમારો આગળ ગૌમુખ જવાનો વિચાર છે એમ જણાવ્યું ત્યારે તેમણે કહ્યું. 'જોવાનો અંત નથી. એટલે કે ખાલી જોવા માટે એવી રીતે શક્તિનો વ્યય કરવા કરતાં અહીં એક જગાએ શાંતિથી વધુ રહેવું તે લાભદાયી છે.' તેમની સાથે એક પહાડી બાઈ શિષ્યા તરીકે રહે છે. તેમનું નામ બ્રહ્મચારી ભગવત્સ્વરૂપ છે અને ભગવા વસ્ત્ર પહેરે છે. તે પણ વિદ્વાન છે અને સારું જ્ઞાન ધરાવે છે.

બીજા એક રામાનંદ છોટે અવધૂત પણ દિગંબર છે અને સારું જ્ઞાન ધરાવે છે. શીતકાળમાં પણ ત્યાં જ રહે છે અને પ્રખર ત્યાગી છે.

ગંગોત્તરીના આવા વિરલ વાતાવરણમાં અમે ૧૩ દિવસ રહ્યા. ઉત્તરકાશીથી નીકળ્યા ત્યારથી એ અલૌકિક પ્રદેશના પગપાળા પ્રવાસની અમારા ઉપર થયેલી અસર અવર્ણનીય છે!

क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः । આ પ્રદેશમાં પણ તેવું જ છે! શું શું છે અને કેટલું છે તે જોતાં જોતાં એક એકથી ભૂલી જવાય તેવી નવીનતા અને રમણીયતાનો અહિં સતત અનુભવ થાય છે જેને લીધે આપણી મનોસૃષ્ટિ ચાલુ કક્ષામાંથી ઉપડીને, કોઇ નવીન જ ઉંચી અદ્‌ભુત કક્ષામાં પ્રવેશ કરતી હોય એમ લાગે છે. ઇચ્છો કે ન ઇચ્છો પણ ત્યાંના ભવ્ય ઉત્તુંગ ગિરિશિખરો, ભગવતી ભાગીરથીનો પુનિત પ્રવાહ અને તેનો સોહંનાદ, સજીવ એકાંત, નિરવ શાંતિ, ગહનતા, વિશાળતા અને આધ્યાત્મિક સ્પંદનો—નવું જ—કદી ન જોયેલું—ન અનુભવેલું જગત ઉત્પન્ન કરે છે, અને વ્યકિત પોતાનું હંમેશનું વ્યકિતત્વ ભૂલી, નવીન સૃષ્ટિમાં—નવીન સંવેદનમાં—નવીન આરાધનામાં પરોવાઈ જાય છે, અને કલ્પનામાં પણ ન હોય તેવા, જીવનના ગૂઢ એકાંતમાં—ઉંડે—ઉંડે—અતિ ઉંડે ઉતરી જાય છે, અને તે ઉંડાણના અનુભવોમાં, તેને કદીયે ન અનુભવેલા જીવનનું ઉચ્ચતર સોપાન મળી જાય છે.

આવું છે એ ગંગોત્તરીનું દર્શન! ત્યાં દેવોનાં મંદિરો નથી, પરંતુ સમગ્ર અસ્તિત્વ જ એક ભવ્ય મંદિર બની રહે છે! ભગવતી ભાગીરથીના પ્રવાહનો અવિરત ધ્વનિ નાદાનુસંધાન કરાવે છે! પ્રકૃતિનાં વારંવાર બદલાતાં દૃશ્યો નવસર્જનની ભવ્ય પરાકાષ્ટા દાખવે છે! એ સમયે ત્યાં નથી રહેતું જગત, નથી પાછળ મૂકેલા જગતના પ્રવાહો કે તેના પ્રત્યાઘાતો! ફકત એક જ ભાન સતત જાગૃત રહે છે અને તે છે આ પરમ ભવ્યતા અને ઉન્નતતા સાથેની એકતાનતા! તે જ યાત્રિકની ભાવનાને પુષ્ટિ આપે છે! કદી નહિ ચાલેલાને વિના થાકે ચલાવે છે! કદી નહિ વિચારેલાં નવાં સ્વરૂપોનું દર્શન કરાવે છે! અને માનવી, માનવી મટી, દેવરૂપે, દેવનું યજન કરતો હોય, તેવી ધન્યતા અનુભવે છે!

સમાપ્ત

'પંચવટી', એલીસ બ્રીજ, **હર્ષદલાલ શોધન**
અમદાવાદ ૬

દાદા ધર્માધિકારીનાં વ્યાખ્યાનો

આગામી ફેબ્રુઆરી માસની બીજી તારીખથી નવમી તારીખ સુધી દાદા ધર્માધિકારીનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યા છે. દાદા ધર્માધિકારી ભૂદાન પ્રવૃત્તિના એક પ્રમુખ સંચાલક છે અને એક મૌલિક વિચારક છે. આજની આપણી અનેક સમસ્યાઓ વિષે તેઓ સ્વતંત્ર અને માહીતી મર્મસ્પર્શી દૃષ્ટિ ધરાવે છે. તેમના વ્યાખ્યાનનાં સ્થળ—સમયને લગતી હવે પછીના પ્રબુધ્ધ જીવનમાં તેમ જ મુંબઈના અન્ય દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જિજ્ઞાસુ ભાઇ બહેનોએ આ વ્યાખ્યાનોનો લાભ લેવાનું ચૂકવું નહિ.

વડોદરા ખાતે પં. સુખલાલજીનાં ગોઠવાયલાં વ્યાખ્યાનો

વડોદરા યુનિવર્સિટી તરફથી ભારતીય દર્શન ઉપર પં. સુખલાલજી આગામી ફેબ્રુઆરી માસ દરમિયાન પાંચ વ્યાખ્યાનો આપનાર છે. આ વ્યાખ્યાનમાળા ફેબ્રુઆરી માસની ૨૦ મી તારીખથી શરૂ થનાર છે. આ વ્યાખ્યાનોના પુરસ્કારરૂપે વડોદરા યુનિવર્સિટી તરફથી રૂા. ૫૦૦૦ ની રકમ પંડિતજીને આપવામાં આવનાર છે.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીવા બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૮ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૫૭, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કૉંગ્રેસ—ગાંધીજીના સમયની અને આજની

(તા. ૮–૧–૫૭ ના ટાઈમ્સ ઑફ ઈન્ડીઆમાં 'ઑનલૂકર'ના નામથી પ્રગટ થયેલા લેખનો અનુવાદ)

આઝાદીના આગમન બાદ ગાંધીજીને લાગેલું કે કૉંગ્રેસે પોતાનો રાજકીય હેતુ સિધ્ધ કરેલો હોઇને એક રાજકીય પક્ષ તરીકેનું પોતાનું અસ્તિત્વ સંકેલી લેવું જોઇએ અને દેશની સામાજિક તેમ જ આર્થિક ઉન્નત્તિને ચરણે પોતાની કાર્યશક્તિ સમર્પિત કરવી જોઇએ. આમ વિચારવામાં આખરે ગાંધીજી શું ખરા હતા ?

પોતાના મૃત્યુની ત્રણ દિવસ પહેલાં ૧૯૪૮ ના જાન્યુઆરી માસની ૨૭ મી તારીખે 'કૉંગ્રેસની સ્થિતિ' એ મથાળાના લેખમાં ગાંધીજીએ પોતાના વિચારો પ્રસિધ્ધ કર્યા હતા. તેમણે તે લેખમાં જણાવ્યું હતું કે "જે આઝાદીની કૉંગ્રેસ ઝંખના કરતી હતી તેનો પ્રાથમિક અને આવશ્યક હીસ્સો કૉંગ્રેસને મળી ચૂકયો છે. સૌથી વધારે વિકટ કાર્ય તો હજુ હવે કરવાનું છે. લોકશાહીના દુર્ગમ શિખર તરફ ચઢાણ ચડતાં ચડતાં તેણે અનિવાર્યપણે નૈતિક ભ્રષ્ટતાને પોષતા શહેરોનું મહત્ત્વ વધારી દીધું છે અને નામની લોકશાસિત અને લોકપ્રિય એવી સંસ્થાઓ પેદા કરેલ છે."

એ પયગંબરી વાણી, જેનું તાજેતરમાં ઈન્દોર ખાતે મળેલ કૉંગ્રેસનું અધિવેશન દુ:ખદ રીતે સમર્થન કરે છે. આજે આ દર વર્ષે ભરાતા જલસાઓ લોકમાનસમાં અથવા તો તેમાં ભાગ લેનારાઓના દિલમાં પહેલાનો ઉત્સાહ અને કાર્યપ્રેરક તમન્ના જાગૃત કરતા નથી. ગઈ કાલના દેશભકતો આજના રાજકારણી નેતાઓ બન્યા છે. અને દુનિયાભરના રાજકારણી નેતાઓ લગભગ એક સરખું બોલે છે અને વર્તે છે. ચૂંટણી જ્યારે માથે આવી છે ત્યારે આજે તેને લગતી ટીકાટો માટે પડાપડી થઈ રહી છે; આવતી કાલે મત મેળવવા માટે એવી જ પડાપડી થવાની છે.

એ જ લેખમાં ગાંધીજીએ લખેલું કે "કૉંગ્રેસનું મૃત્યુ ભારતની પ્રજા સાથે જ સંભવી શકે. એક જીવન્ત સંસ્થા સદાકાળ સંવર્ધિત થતી રહે છે; નહિ તો મરી જાય છે. કૉંગ્રેસે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી છે, પણ હજુ તેણે આર્થિક આઝાદી—સામાજિક અને નૈતિક આઝાદી—પ્રાપ્ત કરવાની બાકી છે. આ આઝાદીઓ રાજકીય આઝાદી મેળવવા કરતાં વધારે મુશ્કેલ છે, અને તેનું કારણ એ છે કે તે રચનાત્મક કાર્યની અને નહિં કે જોશીલા અને દેખાવપૂરતા કાર્યની અપેક્ષા રાખે છે, સર્વવ્યાપી રચનાત્મક કાર્ય લાખો માણસોના સમસ્ત એકમોની કાર્યશક્તિની અપેક્ષા રાખે છે, અને તેને સક્રિય બનાવે છે.

આના જવાબમાં ભારપૂર્વક એમ પણ કહી શકાય કે કૉંગ્રેસ સરકારની પ્રથમ પંચવર્ષીય યોજના આર્થિક, સામાજિક તથા નૈતિક સ્વાતંત્ર્ય પ્રાપ્તિ તરફ લઈ જનારી એક પ્રક્રિયા છે. પણ ગાંધીજીની દૃષ્ટિએ આ કાર્યબળ એક પક્ષ તરીકેની કૉંગ્રેસમાંથી અને નહિ કે એક સરકાર તરીકેની કૉંગ્રેસમાંથી પેદા થવું જોઇતું હતું. ગાંધીજીએ આગાહી કરી હતી કે પક્ષ અને સરકાર વચ્ચે તાદાત્મ્ય થતાં બન્નેનું અધ:પતન જ થશે અને તેથી કૉંગ્રેસના મૂળ નબળાં પડશે અને વૃક્ષ કરમાઈ જશે.

આમ બનવાનો ભય આજે માથા ઉપર ઝઝુમતો લાગે છે. એમ દેખાઈ રહ્યું છે કે સત્તાના સ્વીકાર સાથે કૉંગ્રેસનું વૃક્ષ અંદરથી શોષાઈ રહ્યું છે અને પાંદડાઓનો ભારે ભ્રામક ઘટાટોપ તેણે ધારણ કર્યો છે અને આ ઘટાટોપ નીચે ચિત્રવિચિત્ર લોકોનું એક મોટું ટોળું સુરક્ષિત બનીને બેઠું છે અને પૂરાં પાકે તે પહેલાં ડાળ ઉપરનાં ફળો તોડવા તલપાપડ થઈ રહેલ છે. આજે આપણે મધ્યસ્થ તેમ જ પ્રાદેશિક ધારાસભાઓની ટીકીટો માટે જે અણઘટતા ધમપછાડા ચોતરફ જોઈ રહ્યા છીએ તે સત્તાનાં ફળો મેળવવાની તૃષ્ણા, અને કૉંગ્રેસની છત્રછાયા નીચે સુરક્ષિતતા શોધવાની તાલાવેલી સિવાય બીજું શું દર્શાવે છે ? આ રીતે પડાપડી કરતા લોકો જે મૂળોમાંથી કૉંગ્રેસનું વૃક્ષ પ્રાણબળ મેળવી રહેલ છે તે મૂળોને છુંદી રહ્યા છે, કચરી રહ્યા છે જેનું તેમને ભાન નથી.

ગાંધીજીએ ભવિષ્ય ભાખ્યું હતું તે મુજબ આ બધું 'પાયો નાનો અને મથાળું ઘણું મોટું' એવી એક વિચિત્ર રચના સૂચવી રહેલ છે. આ રચનાનું પરિણામ, જો વખતસર સુધારી લેવામાં ન આવે તો, આખી ઇમારત કડડભુસ ભાંગી પડવામાં જ આવે. કૉંગ્રેસમાં પણ ગુરૂત્વાકર્ષણનું મધ્યબિન્દુ સૌ કોઇનું ધ્યાન ખેંચે એ રીતે, જ્યાં હતું ત્યાંથી ખસી ચુકયું છે. એક વખત એવો હતો કે કૉંગ્રેસની મધ્યમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રે કાર્ય કરતા આગેવાન પ્રજાસેવકો હતા, જેઓ અમુક પ્રાંતોમાં રાજ્યસત્તા ઉપર આવેલા પ્રધાનમંડળોની ચોકી કરવામાં સંતોષ માનતા હતા. આજે એ સ્થિતિ નથી રહી. એ વખતે સરકારી જવાબદારી અને સત્તા—બન્ને એક વ્યકિતમાં કેન્દ્રિત નહોતી. આજે એ બન્ને એક વ્યકિતમાં કેન્દ્રિત બનેલ છે. પરિણામે છેલ્લાં નવ કે દશ વર્ષ દરમિયાન કૉંગ્રેસ ઉપરનું સ્વામિત્વ પ્રજા વચ્ચે કાર્ય કરતા આગેવાનોના હાથમાંથી સચિવાલયો અને ધારાસભાઓમાં જેઓ બેસે છે તેમના હાથમાં આવી બેઠું છે. વિનોબા ભાવેએ પોતાની ભૂદાન હીલચાલ શરૂ કરી તે પહેલાં આ સત્તાસ્થિત મોહક વર્તુલથી દૂર જઇને રહેવા ફરવાનું પસંદ કર્યું એ ભારે સૂચક છે. આજે તેમનું સ્થાન મધ્યબિન્દુની નજીક નહિ પણ વર્તુલરેખાની નજીક છે એ પણ એટલું જ સૂચક છે. આમ પરસ્પર મહત્ત્વમાં થયેલો ફેરફાર કૉંગ્રેસના મૂલ્યોમાં થયેલા ફેરફારનું સૂચક બને છે.

આ લેખના લેખકને થોડા દિવસ પહેલાં ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત દરમિયાનના તેમના જુના સાથી શ્રી એચ. એસ. એ. એલ. પોલકને મળવાનું બન્યું હતું.

મેં પૂછયું કે "આજના હિંદમાં ગાંધીવાદમાંથી તમને કેટલું ટકી રહેલું દેખાય છે ?" તેમનો જવાબ ભારે સૂચક હતો. તેમણે કહ્યું "દેખાવમાં ઘણું, વસ્તુતઃ બહુ જ થોડું."

આ સરસ અંદાજ છે. કારણ કે ગાંધીજીના નામની બાદ આપતાં જેઓ થાકતા નથી તેઓ ગાંધીજીને અને તેમના આદર્શોને મોઢાની અંજલિઓ આપવામાં જરા પણ પાછું વાળીને જોતા નથી, પણ તેમની સલાહ શિખામણનો દેશમાં મોટા પાયા ઉપર અમલ થઈ રહ્યો છે એમ સૂચવતો પુરાવો બહુ અલ્પ છે.

કૉંગ્રેસ અનેક પક્ષોમાંનો એક પક્ષ હોત તો દેશની દૃષ્ટિએ તેના ભાવીનું કોઇ વિશેષ મહત્ત્વ લેખાત નહિ. કમનસીબે સ્વાતંત્ર્યની લડતના સૂત્રધાર બનીને સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સત્તાના શિખર ઉપર કૉંગ્રેસ એકલી ચોટકી બેઠી છે અને એ સત્તાશિખર ઉપરથી નીચે ઉતરવાની તે લેશમાત્ર ઇચ્છા દાખવતી નથી. અલબત્ત જેમને ચૂંટણીની ટીકીટો મળી નથી તેમણે જે શોરબકોર મચાવી મૂક્યો છે તે એમ બતાવે છે કે કૉંગ્રેસના પલટાયલા સ્વરૂપને વળગી રહેવા અને તેને ટકાવી રાખવા માટે કાંઈ ઓછા માણસો આતુર નથી.

નિર્દોષ નહિ એવા કેટલાય માણસોની આજે જે કતલ ચાલી રહી છે (એટલે કે આશા રાખીને બેઠેલા કેટલાય જુના જોગીઓ તેમ જ નવા ઉમેદવારોને ટીકીટો ન મળવાના કારણે નિરાશ બનવું પડયું છે) તે ઉપરથી બળવાખોર કૉંગ્રેસીઓનું એક જુથ ઉભું થવાનો ભય ઉભો થયો છે. છાપાવાળાઓમાં કહેવત છે કે ગઈ કાલના સમાચાર જેવી બીજી કોઇ વસ્તુ વાસી નથી. એ મુજબ એ હકીકત પણ ખેદજનક છે કે અધિકારથી વંચિત બનેલી કે ધારાસભામાં જેને પુનઃ સ્થાન નથી મળ્યું તેવી રાજકારણી વ્યકિત જેવી બીજી કોઇ વસ્તુ વાસી નથી. આમ છતાં પણ આમ નિરાશ બનેલ ગૃહસ્થોના કારણે કૉંગ્રેસે લેશ માત્ર ગભરાવા કે મુંઝાવાનું કારણ નથી. અધિકાર પાછળ દોડતી રાજકારણી વ્યકિત કરતાં ટોપી પાછળ દોડતી વ્યકિત ઓછી હાસ્યાસ્પદ લાગે છે.

જુની કૉંગ્રેસમાં ખાદી પ્રવેશ-સાધન હતું. આજે ખાદી વધતા સમાજવાદી બડબડાટ કરવાની કેળવેલી ટેવ એવા ઘણા લોકો માટે કૉંગ્રેસમાં પ્રવેશદ્વાર બન્યું છે, જેઓ ગઈ કાલ સુધી માર્કસ હોલીવુડની ત્રિપુટિમાંનો એક છે એમ માનતા હતા. આજે અવાડીનો સંદેશ કેટલાકના મોઢા ઉપર ખાદીના સંદેશ જેટલો જ સહેલાઇથી રમતો થઇ ગયો છે. દેશમાં કૉંગ્રેસ અસાધારણ પ્રભુત્વ ધરાવતો પક્ષ હોઇને-કેટલાકના મતે દેશમાં કૉંગ્રેસ એક માત્ર પક્ષ હોઇને-તેની રચના અને સ્વરૂપમાં જે કાંઈ વિકૃતિ કે વિકળતા આવે તેની દેશ ઉપર ગંભીર અસર પડ્યા વિના ન જ રહે. આવી આજની પરિસ્થિતિ દેશ માટે જોખમરૂપ લાગે છે. કેટલાકોક કૉંગ્રેસ ચોકકસ ઢાળાના રૂપને પામેલો પક્ષ-Monolythic Party-બની ગયેલ છે એવો આરોપ મૂકે છે. વસ્તુતઃ કૉંગ્રેસ પક્ષ, આજે જે રીતે કામ કરી રહેલ છે તે જોતાં, અનેક ચિત્રવિચિત્ર તત્ત્વોના શંભુમેળા જેવો બની ગયો છે અને આ બધાંને જોડી રાખનાર-સાંકળી લેનાર-એક જ વ્યકિત નહેરૂ મધ્ય-બિન્દુના સ્થાને છે. નહેરૂ નીચે તેની ધૂપપૂજા કરતા કેટલાક પુરોહિતો છે, તે પાછળ તેમના કેટલાક ઉપાસકો છે અને તે પાછળ કેટલે દૂર નહેરૂની દૂર દૂરથી આરાધના કરતું એક મોટું ટોળું છે. આ હકીકત ભારત દેશ આખામાં સૂચક રીતે પ્રતિબિંબિત થઈ રહી છે.

આગામી ચૂંટણીઓમાં કૉંગ્રેસને વિજય મળશે એ ચોકકસ છે. પણ માત્ર ચૂંટણીઓ જીતવી એ પૂરતું નથી. આપણા દેશમાં જો સાચી લોકશાહીનો અમલ થાય તે જરૂરી હોય તો કૉંગ્રેસે પહેલાં તો પોતાના ઘરની સાફસુફી કરવી જોઇએ. કારણ કે આ સાફસુફીમાંથી જ આખા દેશની સાફસુફીની હીલચાલ ઉભી થઇ શકશે. ઘણાને માટે તો ચૂંટણી જીતવી એ જ કેવળ એક ધ્યેય બની બેઠું છે. આમ હોવાથી જ માણસો ટીકીટો મેળવવા પાછળ દોડાદોડી કરી રહ્યા છે. સેવા કરવાની જુના વખતમાં જે ધગશ હતી અને જેને ગાંધીવાદી પાસપોર્ટની પ્રતિષ્ટા હતી તેનું સ્થાન રાજ્ય ચલાવવાની-શાસન જમાવવાની-તાલાવેલીએ લીધું છે. સત્તાના ઉંચા સ્થાનો ઉપરથી કૉંગ્રેસના પુરોહિતો દર અઠવાડીએ અને પખવાડીએ પોતાના દેશબંધુઓને કરકસર અને સંકોચપૂર્વક રહેવાનો ઉપદેશ આપ્યા કરે છે જ્યારે, સ્પષ્ટપણે કહેવામાં આવે તો, સત્તાસ્થાન ઉપર બેઠેલામાંના ઘણા ખરા આજથી દશ વર્ષ પહેલાં તેમની જે સ્થિતિ હતી તે કરતાં, તેમને જે પગારો અને ભથ્થાંઓ મળે છે તે ધ્યાનમાં લેતાં આર્થિક દૃષ્ટિએ ઘણી સારી સ્થિતિ ભોગવી રહ્યા છે-આ બધું આજના કૉંગ્રેસીઓને શું અણજુગતું અને વિસંવાદી નથી લાગતું ?

જો કૉંગ્રેસીઓના વિશાળ દળને સચોટ રીતે એવું ભાન કરાવવામાં આવે કે ધારાસભામાં દાખલ થવામાં જ દેશની સેવાની પર્યાપ્તિ નથી તો જ જુદા જુદા ક્ષેત્રમાં સક્રિય રચનાત્મક કાર્ય કરી રહેલા સેવકોનું દળ જે જુના વખતની કૉંગ્રેસને ગર્વ ધરાવવાનું કારણ હતું તેમને પુનઃ સંગઠિત કરી શકાય અને તે દળને વિકસાવી શકાય. આજનો નાના શહેર કે ગામડાનો કૉંગ્રેસી એમ ઘણી વખત માનતો માલુમ પડે છે કે સ્થાનિક કલેકટર કે મામલતદારને હુકમ ફરમાવવાની સ્થિતિ પ્રાપ્ત કરવામાં જ તેની ફરજનો આરંભ તથા અન્ત આવે છે. આ ગામડા ગામના કૉમવેલ્થો ગામડાગામના હેંપડન બનવાનો જુનો શિરસ્તો પાછો સ્વીકારે એમ આપણે ઇચ્છીએ.

નહેરૂ એટલે ભારત-આવી પરિભાષામાં વિચારનાર લોકોને નહેરૂએ વ્યાજબી રીતે કંપ્લેક્સ આપ્યો છે અને નહેરૂવાદના પ્રચારમાં રહેલા જોખમ અને મુર્ખાઇને યોગ્ય રીતે ધ્રુતકારી કાઢી છે. આજે તેમની ભવ્ય પ્રતિભા અને અનુપમેય વ્યકિતત્વ દેશ અને કૉંગ્રેસ ઉભયને સાંધનારી સીમેન્ટનું કાર્ય કરી રહેલ છે, પણ આખરે માનવી માત્ર મર્ત્ય છે. અને મહા અમાત્ય ફર્શાવે છે તેમ, એક માત્ર સ્થાયી સીમેન્ટ તો ભારતની પ્રજાનું કાર્ય, શકિત, શુભનિષ્ટા તથા પ્રમાણિકતામાં જ રહેલી છે.

૧૯૪૮ ના જાન્યુઆરી માસની ૨૭ મી તારીખે ગાંધીજીએ લખ્યું હતું તે મુજબ "ગઈ કાલે કૉંગ્રેસ 'ખુદાઈ ખીદમતગાર' હતી. હવે પછી પણ કૉંગ્રેસ પોતા પ્રત્યે તેમ દુનિયા પ્રત્યે ઘોષણા કરે કે તે માત્ર ઇશ્વરની દાસ છે-જરા પણ વધારે નહિ કે જરા પણ ઓછું નહિ-કેવળ ખુદાઈ ખીદમતગાર છે." **પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
સામાન્ય વાર્ષિક સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય વાર્ષિક સભા તા. ૮-૨-૫૭ શુક્રવારના રોજ સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.) સાંજના ૫-૩૦ વાગ્યે મળશે, જ્યારે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) કાર્યવાહક સમિતિએ સંઘના બંધારણમાં સૂચવેલા કેટલાક સુધારાઓ મંજુરી માટે રજુ કરવામાં આવશે. આ સુધારાઓ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યા છે.

(૨) ગત વર્ષનો વૃત્તાન્ત તથા ઑડિટ થયેલો હિસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૩) નવા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૪) નવા વર્ષ માટે સંઘના અધિકારીઓ (૧) પ્રમુખ, (૨) ઉપ-પ્રમુખ, (૩) બે મંત્રીઓ, (૪) કોષાધ્યક્ષ, તથા કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યોની ચૂંટણી કરવામાં આવશે.

(૫) ઑડિટરની નિમણુક કરવામાં આવશે.

સંઘના સર્વે સભ્યોને આ સભામાં વખતસર હાજર રહેવા વિનંતિ છે.

આપના
પરમાનંદ કુંવરજી કાપડિયા
શાન્તિલાલ દેવજી નંદુ
મંત્રીઓ.

'વીલ્સન ડેમ'—પર્યટણનાં મીઠાં સ્મરણો

મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ઘણા લાંબા વખતે 'વીલ્સન ડેમ' જવાનું પર્યટણ યોજાયું. આ સ્થળની જાણ મને થોડા સમય પહેલાં જ થયેલી. મુંબઈ આસપાસનાં બીજા જળબંધો કરતાં આ જળબંધ અધિકતર મનોહર છે એમ કેટલાકના મોઢેથી સાંભળીને સંઘ તરફથી ત્યાંનું પર્યટણ યોજવાનો વિચાર મનમાં રમવા લાગ્યો. મુંબઈથી નાસિકના રસ્તે ઇગતપુરી વટાવીને ૮૮ માઈલનું સીમા ચીહ્ન પસાર કરતાં જમણી બાજુએ ફંટાતા રસ્તા ઉપર લગભગ ૨૦ માઈલ સુધી જતાં આ સ્થળે પહોંચાય છે. ત્યાં રહેવા માટે સરકારી બે બંગલાઓ છે અને તે દરેકમાં બબ્બે બ્લોક હોય છે. બંગલો રીઝર્વ કરાવવા માટે અહમદનગર ડીવીઝનના એક્ઝીક્યુટીવ એન્જિનિયરની પરવાનગી મેળવવાની રહે છે. ઉપર જણાવેલ બે બંગલામાંથી મોટો બંગલો વાપરવા માટે જાન્યુઆરી માસની ૧૯ મી તથા ૨૦ મી તારીખની અમને પરવાનગી મળી ચુકી હતી. લાંબું અન્તર હોવાથી સવારના નીકળીને સાંજે પાછા ફરવાનું ગોઠવવામાં આવે તો સરોવર ઉપર રોકાવા માટે બહુ ઓછો અવકાશ રહે છે અને આસપાસના પ્રદેશમાં ફરવા માટે તો કશો સમય જ રહેતો નથી. આ માટે પ્રસ્તુત પર્યટણનો કાર્યક્રમ બે દિવસ માટે ગોઠવવાનું જરૂરી છે. ત્યાં જવા માટે બીજું સાધન રેલ્વે ટ્રેન છે. મુંબઈથી ઇગતપુરી સુધી જવું અને ત્યાંથી વીલ્સન ડેમ બાજુ જતી સ્ટેઈટ ટ્રાન્સપોર્ટની બસમાં જવું. આ રીતે પણ તે સ્થળે પહોંચી શકાય છે.

વીલ્સન ડેમ સંબંધે બીજી મુશ્કેલી એ છે કે ત્યાં કોઈ હોટેલ નથી કે ખાવાપીવાની જરૂરિયાતની ચીજો મળતી નથી. બંગલામાં જરૂરી ફરનીચર તથા બે ચાર પલંગો છે અને બાજુના આઉટહાઉસમાં ચુલાઓ છે અને રસોઈ માટે જોઈતાં લાકડાં ત્યાં આસપાસથી કદાચ મળી રહે. નળ માટે જરૂરી પાણી સહેલાઈથી મળે છે. પ્રયત્ન કરતાં દૂર દૂરથી પાંચ દશ શેર દુધ પણ કદાચ મેળવી શકાય. પણ આ સિવાય રસોઇનાં સાધનો કે સામગ્રી એમાંથી કશું પણ ત્યાં મળતું નથી. રસોઈઆ અને સાધનસામગ્રી જે કાંઈ જરૂરી હોય તે તથા મોટી સંખ્યામાં પ્રવાસીઓ હોય તો દરેકે પોતાનું બેડીંગ તથા જરૂરી ચીજો સાથે લઈ લેવાનાં રહે છે. સંઘનાં પર્યટણો જ્યારે જ્યારે યોજાય છે ત્યારે ત્યારે આ બધી વ્યવસ્થા કરવાની જવાબદારી સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવદાસ ઉપાડી લે છે. આ વખતે પણ તેમના માથે જ આ જવાબદારી નાંખવામાં આવી હતી અને પર્યટણમાં જોડાવા ઇચ્છતાં ભાઈ બહેનોનાં નામ નોંધાઈ રહ્યાં હતાં. મોટી ઉમ્મરના ભાઈ બહેન માટે રૂ. ૧૫, દશ વર્ષ નીચેની ઉમ્મરનાં બાળકો માટે રૂ. ૧૦, તથા પોતાની મોટારમાં આવનાર મોટા નાના માટે અનુક્રમે રૂ. ૮ તથા રૂ. ૫ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. (ધાર્યા કરતાં વધારે ખર્ચ આવવાથી પાછળથી વ્યકિત દીઠ રૂ. ૩ વધારે લેવા પડ્યા હતા.) પર્યટણની તૈયારીઓ ચાલતી હતી એ દરમિયાન શ્રી લીલાવતી બહેનને અંગત કારણસર એકાએક બહાર ગામ જવાનું બન્યું અને પર્યટણમાં તેમનું જોડાવાનું લગભગ અશક્ય જેવું બની ગયું. તો પછી તેમની જવાબદારી કોણ ઉપાડે એ પ્રશ્ન અમને મુંઝવવા લાગ્યો. અમને આ બાબતનો કોઈ અનુભવ ન મળે. ચીજો ભેગી કરવી—રસોઇઆ, નોકર મેળવવા—આ કામ કાંઇ સહેલું નહોતું. સદ્‌ભાગ્યે આ છાપું જ્યાં છપાય છે તે શ્રી કચ્છી વીશા ઓસવાલ પ્રીન્ટીંગ પ્રેસના માલીકો શ્રી દામજીભાઈ તથા શ્રી ઝવેરચંદભાઈ અને તેમના મિત્ર શ્રી જયન્તભાઈ તથા શ્રી ખેતશીભાઇએ આખી જવાબદારી ઉપાડી લીધી અને અમે એ વિષે નચિન્ત બન્યા.

આ રીતે અમારો સંઘ જાન્યુઆરી માસની ૧૯ મી તારીખે બપોરે બે વાગ્યે પાયધુની ઉપરથી રવાના થયો. આ પહેલાં પૂર્વ-તૈયારી કરવા માટે સંઘના બે કાર્યકરો અને બે રસોઇઆઓને સવારની વહેલી ટ્રેનમાં રવાના કરવામાં આવ્યા હતા. જુદા જુદા સ્થળોએથી પ્રવાસીઓને લેવા તથા જરૂરી સામાન ચડાવવા વગેરે પાછળ એક કલાક તો મુંબઈમાં જ પસાર થઈ ગયો. સાડા ચાર લગભગ અમે થાણા પહોંચ્યા. ત્યાં સંઘની કાર્યવાહીના સભ્ય શ્રી રતિલાલ ઉજમશી શાહે અમારું ચાપાણીથી સ્વાગત કર્યું અને તેઓ પણ ત્યાંથી સહ-કુટુંબ પર્યટણમાં જોડાયા. અમારી સાથે સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ મિત્રો સાથે પોતાની મોટાર લઇને આવવાના હતા. તેઓ અમારી પહેલાં થાણા પહોંચી ગયા હતા અને પછી તેઓ અમારી આગળ રાત્રીના સાડા આઠ લગભગ વીલ્સન ડેમ પહોંચી ગયા.

થાણાથી અમારો સંઘ આગળ ચાલ્યો. નાસિકનો રસ્તો પાકો બાંધેલો છે. રસ્તાના ઢાળઢોળાવ પસાર કરતી ટેકરાટેકરીઓ વટાવતી, જંગલો અને ગામડાંઓ ઓળંગતી અમારી બસ આગળ વધવા લાગી. સૂર્ય પશ્ચિમ આકાશમાં ઉતરતો જતો હતો. સૂર્યતાપમાં રહેલી ઉષ્મા શમતી જતી હતી; આથમતા સૂર્યનો સોનેરી તડકો ચોતરફ ફેલાયલો હોવાથી આખું દૃષ્ય ભારે ખુશનુમા લાગતું હતું. મંદ મંદ વહેતા વાયુનો સ્પર્શ મધુર લાગતો હતો. જોત જોતામાં સૂર્ય અસ્ત પામ્યો; સંધ્યા પણ ઝાંખી પડતી ગઈ; અને સર્વત્ર તિમિરનું રાજ્ય ફેલાઈ ગયું. કસારાથી આગળ જતાં ઘાટનાં ચઢાણ અંધારામાં પસાર કર્યાં. ઇગતપુરી સાત સાડા સાત લગભગ પહોંચ્યા. એક ઉપાહારગૃહ આગળ અમારી બસ ઉભી રહી અને અમારી આખી મંડળી નીચે ઉતરી પડી અને ઉપાહારગૃહવાળાને બધાંએ ઠીક ઠીક ખટાવ્યો. ચા તથા નાસ્તાથી બધાં તાજા થયાં અને આઠ વાગ્યા લગભગ ઇગતપુરીથી આગળ ચાલ્યા. આશરે ૭ માઇલ બાદ જમણી બાજુ ઉપર ફંટાતા કાચા રસ્તા ઉપર અમારી બસ વળી અને ચઢાણ ઉતરાણ અને વાંક-વળાંકથી વિકટ એવા માર્ગ ઉપર અમારી બસ આગળ વધવા લાગી. બસનો ડ્રાઈવર આ રસ્તાનો અજાણ્યો હતો; પોષ માસના કૃષ્ણપક્ષની ચતુર્થીની રાત હતી; સર્વત્ર ગાઢ અંધકાર ફેલાયલો હતો. બસની અંદર બત્તી ચાલુ હોવાથી બહારના પ્રદેશની કશી સુઝ પડતી નહોતી; બસ ધીમી ગતિએ સંભાળપૂર્વક ચાલી રહી હતી. 'એક બાજુએ ઉંચી ટેકરી છે; બીજી બાજુએ ઊંડી ખીણ છે; અને એક યા બીજી ટેકરીની કોર ઉપર જ બસ ચાલી રહી છે; બસ ડ્રાઈવર કોઈ ડેકાણે કાંઈક ભૂલ કરે અને કોઇ ખીણમાં આપણે ગબડી પડવાના'—આવો ભ્રમ અને ભય ગાઢ અંધકારને લીધે ચિત્તને અવાર-નવાર સ્પર્શી જતો હતો. 'નિયત સ્થળ હવે બહુ દૂર નથી. આ આવી ગયું' એમ મન કહ્યા કરે. પણ સ્થળને કાંઈ ઓછી જ પાંખો હોય છે કે આપણે ઇચ્છીએ તે મુજબ સામે આવીને ઉભું રહે? આખરે આ વિચાર કરવો છોડી દીધો. દસ વાગ્યા લગભગ વીલ્સન ડેમના પાટીયા આગળ બસ આવીને ઉભી રહી.

અમારા માટે રીઝર્વ થયેલો બંગલો બંધના બીજે છેડે હતો. મોટરો તો બંધ ઉપર થઈને ત્યાં તરત પહોંચી જાય છે. બસોને બંધ ઉપર ચલાવવાની મનાઈ છે. તે માટે બાજુએ મોટા ચક્કરમાં લગભગ બે માઇલનો બીજો રસ્તો કરવામાં આવેલ છે તે રસ્તા ઉપર થઈને નક્કી થયેલા બંગલા ઉપર પહોંચાય છે. આ રસ્તા ઉપર અમારી બસ ચાલી અને જરાક આગળ વધી એટલામાં પૂર જોસથી વહી રહેલા પાણીના ધોધનો આવાજ સંભળાયો. એ અવાજથી આખો પ્રદેશ ગાજી રહ્યો હતો. આમ તેમ બારી બહાર અમે નજર તો ફેરવી, પણ એ પ્રદેશથી તદ્દન અપરિચિત હોઇને અમને કશું દેખાયું નહિ. થોડે આગળ જતાં બાજુની ટેકરીની કોર ઉપર બત્તી જેવું કાંઇક દેખાયું. બાજુએ બેઠેલા મિત્રને મેં કહ્યું કે "પેલો દીવો દેખાય છે તે આપણે જઈ રહ્યા છીએ તે બંગલાનો દીવો હોવો જોઇએ." પણ થોડું વધારે આગળ જતાં માલુમ પડ્યું કે એ કોઈ દીવો નહોતો, પણ પૂર્વાકાશમાં આરૂઢ થયેલું અને પર્વતની કોરને વટાવીને ઉંચે આવી રહેલું—કૃષ્ણ-પક્ષની ચતુર્થીનું—એ લાલપીળું ચંદ્રબિંબ હતું. જે સ્થળની રાહ જોયા કરતા હોઇએ તે સ્થળનું અન્તર હોય તે કરતાં હંમેશા

વધારે લાંબું લાગે છે. આ રીતે વીલ્સન ડેમના પાટિયાથી અમારા બંગલે પહોંચવાનો રસ્તો પૂરો બે માઇલ નહિ હોય, એમ છતાં અમને પાંચ સાત માઇલ પસાર કર્યા જેવું લાગ્યું. આખરે સાડા દશ વાગ્યા લગભગ અમે બંગલાની સમીપ આવીને ઉભા રહ્યા.

બસમાંથી બધાં નીચે ઉતર્યા, સામાન ઉતાર્યો. બંગલામાં પાંચ સાત ચાલુ ડીટમારની બત્તીઓ સિવાય પ્રકાશનું કોઈ બીજું સાધન નહોતું, અને આ બત્તીઓ પણ સાફસુફ કર્યા વિનાની અને ચીમનીઓ મસથી ભરેલી, એટલે બત્તીઓ સળગતી છતાં બધે લગભગ અંધારા જેવું જ લાગતું હતું. સદ્‌ભાગ્યે અમે બે પેટ્રોમેક્સ લઇ ગયા હતાં. તે અમને બહુ ઉપયોગી નીવડયાં. જરાક બધા ગોઠવાયા એટલે સૌને નાસ્તો આપ્યો. તે બાદ હવે તો ચંદ્રમા આકાશમાં ઉપર આવ્યો હતો અને તેની શીતળ ધવળ રોશની આખા પ્રદેશને મંદમંદ અજવાળી રહી હતી. ઠંડી ધાર્યા કરતાં ઓછી હતી. તેથી બહાર ખુલ્લામાં સાથે લાવેલી તાડપત્રીઓ અને જાજમો પાથરી અમે બધાં એકઠાં થઈ બેઠાં અને ગાનતાન શરૂ થયાં. રાત્રીના અગિયાર વાગ્યા હતા. એકાદ કલાક આ રીતે આનંદવિનોદમાં પસાર કર્યો, એમ છતાં બસમાં લગભગ આઠ કલાક પસાર કર્યાનો થાક, વળી મોડું પણ ઠીક ઠીક થયેલું, એટલે સામાન્યતઃ સંગીતની જેવી જમાવટ થવી જોઇએ એવી ન થઈ.

સવારના ઉઠયા અને નજર ફેરવી ત્યારે માલુમ પડયું કે અમારો બંગલો સરોવરના ઉંચા કીનારાની કોર ઉપર જ આવેલો હતો અને સામે ચોતરફ ઉનત ગિરિશિખરોથી વીંટળાયલું નિર્મળ સ્વચ્છ જળથી ભરેલું વિશાળ સરોવર પથરાયલું પડયું હતું. આકાશ, પર્વત આદિના કારણે સરોવરની જળસપાટી આછા ભુરા રંગની માલુમ પડતી હતી, અને આવતી જતી પવન લહરીઓ તેમાં ભાતભાતનાં લહેરીયાં પાડતી હતી. પૂર્વ આકાશમાં સૂર્ય ઉદયમાન થઇ ગયો હોવા છતાં પર્વતની પાછળ ઢંકાયલો હતો. આ કારણે અમને સૂર્યનાં સીધાં દર્શન થતાં નહોતાં. એમ છતાં પણ આસપાસના ટેકરાટેકરીઓ ઉપર સૂર્યનો પીળો તડકો પથરાઈ ચૂકયો હતો અને તેને લીધે આખું દૃશ્ય સોનેરી સોનેરી લાગતું હતું. ધીમે ધીમે અમારી બાજુએ પણ સૂર્ય ઉંચે આવ્યો અને મધુર કિરણો વડે અમારું સ્વાગત કરવા લાગ્યો. આમ વાતાવરણમાં અવનવી ચેતના–પ્રસન્નતા–અનુભવગોચર થઈ રહી હતી.

સાથે આવેલાં ભાઈ બહેનો સૌ કોઈ ઉઠી ચૂકયા હતાં, સૌએ નિત્યકર્મ પતાવ્યું અને ચા નાસ્તાવડે સૌ તાજા થયા. રસોઇની વ્યવસ્થામાં કેટલાક રોકાયા; કેટલાક આમ તેમ ફરીને નવા પ્રદેશ વિષેના પોતાના કૌતુકને તૃપ્ત કરવા લાગ્યા. સૌ કોઈના મોઢા ઉપર કોઈ જુદી જ પ્રફુલ્લતા દેખાતી હતી; મુંબઈની ધમાલથી દૂર દૂર જ્યાં કેવળ નિસર્ગનું જ સામ્રાજ્ય છે અને ટ્રેન, મોટોર, બસના કે એરોપ્લેઇનના કોઈ અવાજ કે ધરઘરાટ નથી, જ્યાં અંદર રહેલા ઊંડા ચૈતન્યને સ્પર્શતી–જાગૃત કરતી–પરમ શાન્તિનો સ્થિરવાસ છે એવા સ્થળે આવતાં મન ચાલુ દુનિયાને ભુલી જાય છે અને કોઈ અલૌકિક જગતમાં પ્રવેશ કર્યો હોય એવી પ્રસન્નતા અનુભવે છે. આ પ્રસન્નતા સૌ કોઈના મોઢા ઉપર તરવરતી હતી.

રસોઇની વ્યવસ્થા ગોઠવાઈ ગઇ; કોઇએ હજામત કરી લીધી; કોઇએ સ્નાન કરી લીધું. બહેનો તથા બાળકો નવા વસ્ત્રોમાં સજ્જ થયાં. સૌ કોઇ તૈયાર થયાં અને અહિંથી ચારેક માઇલ દૂર આવેલા 'રંધા ફોલ્સ' નામનું સ્થળ જોવા બસમાં બેસીને ઉપડયા. જે પ્રદેશ રાત્રીના વખતે દૃષ્ટિને અગોચર હતો તે હવે દૃષ્ટિગોચર બન્યો અને આસપાસ દેખાતા ગગનચુંબી પર્વતશિખરો કલ્પનાને ઉન્મત્ત બનાવવા લાગ્યાં.

વીલ્સન ડેમ એટલે આસપાસ પર્વતોને કારણે એકઠા થતા પાણીને બાંધી લેતી–નિયંત્રિત કરતી–લગભગ બે ફર્લાંગ લાંબી અને આશરે ૧૭૨ ફુટ ઉંચી દીવાલ. આ સ્થળને ભંડારદારાના નામથી પણ ઓળખવામાં આવે છે અને આ સરોવર 'લેઇક આર્થર હીલ' એ રીતે પણ ઓળખાય છે. વીલ્સન ડેમની દીવાલમાંથી પાણીની નીકાસ માટે કોઈ ઠેકાણે ઉંચાણમાં તો કોઈ ઠેકાણે નીચાણમાં એમ લગભગ છ ઠેકાણે તદ્દન બાજુબાજુએ ત્રણત્રણ નળો મૂકવામાં આવ્યા છે અને જ્યાંથી જળનો અવરોધ કરતી આડશો ઉંચી લેવામાં આવે ત્યાંની નળત્રિપુટિમાંથી જોસભેર પાણી વહેવા માંડે છે. આ રીતે વહેતા પાણીનો જળપ્રવાહ નાની નદીનો આકાર ધારણ કરે છે અને દૂર દૂર વહે જાય છે. આ સ્થળ અહમદનગર તાલુકામાં આવેલ છે. આ બંધ આજથી લગભગ ૩૦ વર્ષ પહેલા બાંધવામાં આવેલ છે અને તેના પાણીનો ઉપયોગ આખા તાલુકામાં સ્થળે સ્થળે આવેલા શેરડીનાં વાવેતરોને પાણી પુરું પાડવા માટે કરવામાં આવે છે. ઉપર જણાવેલો પ્રવાહ આગળ જતાં એક મોટી ખીણમાં થઇને પસાર થાય છે. આ ખીણ બસો અઢીસો ફીટ ઉંડી હશે એવું અનુમાન થાય છે. બન્ને બાજુએ લાંબે સુધી કરાડ અને વચ્ચે ખીણ આવેલી છે. ખીણ આગળ આવતાં વીલ્સન ડેમમાંથી નીકળતો જળપ્રવાહ ત્રણ કડકે પડતા ધોધનું રૂપ ધારણ કરે છે. આ સ્થળને 'રંધા ફોલ્સ'ના નામથી ઓળખવામાં આવે છે.

ધોધ પડવો શરૂ થાય છે ત્યાં નાના મોટા પથ્થરો છે. અને આ પથ્થરોના ગાળાઓમાંથી પ્રવાહ જોસભેર વહે જાય છે. પથ્થરો ઉપર આમ તેમ ઠેકીને ધોધને જુદા જુદા ખુણેથી જોઇ શકાય છે. પડતા ધોધનો આવાજ ભારે કર્ણમધુર લાગે છે. એક ખુણે ઉભા રહીને જોતાં ઉછળતા પાણીની છાંટમાં સૂર્યકિરણોના વક્રીભવનને લીધે મેઘધનુષ્ય જેવી સપ્તરંગી પટ્ટી નિર્માણ થતી નજરે પડી. ઉપરના ભાગમાં આગળ જતાં અમુક જગ્યાએથી નીચે ખીણમાં પડતા ધોધ તરફ નજર નાંખતાં કટિમેખલાની શોભા ધારણ કરતી મેઘધનુષ્યની રચના જોવામાં આવી. એ મેઘધનુષ્ય ઉપરથી આંખો ખસવા માંગતી જ નહોતી. આ સુરમ્ય સ્થળ ઉપર આમ તેમ ફરીને પાછા ફરતાં જ્યાંથી જળપ્રપાત શરૂ થાય છે ત્યાં પાછા આવીને અમારામાંના કેટલાક ઉભા હતા એ દરમિયાન સામે ઉભેલા અમારામાંના એક ભાઈ બાજુએથી જોસભેર વહેતા પ્રવાહને સામેની શિલા ઉપર પગ મૂકીને ઓળંગવા ગયા પણ એ શિલા ભીની અને ચીકણી હોઇને અને સામે પકડવાનું કોઈ સાધન નહિ હોવાના કારણે તેમનો પગ લપસ્યો અને પ્રવાહમાં તેમના બન્ને પગ પડ્યા અને ઘસડાવા લાગ્યા અને 'ગયા ગયા' એમ હોહા થઈ, એટલામાં તેણે પોતે જ પોતાની બાજુનો એક પથ્થર સમયસૂચકતા વાપરીને પકડી લીધો અને એક કરૂણ અકસ્માત થતો રહી ગયો. જો આમ ન બન્યું હોત તો તે ભાઈ સીધા ધોધમાં ખેંચાઈ ગયા હોત અને નીચે ખીણમાં હડસેલાઈ ગયા હોત. એ સ્થિતિમાં તેમને બચાવવાનું અશકય જ હતું.

રંધા ફોલ્સ ઉપર લગભગ કલાક ગાળીને પાછા ફર્યા અને વીલ્સન ડેમની ઉંચી દીવાલ સમીપ અમે જઈ પહોંચ્યા. અહિં ડેમના બે છેડેથી પાણી વહેતું કરવામાં આવ્યું હતું. એક બાજુ પાણી પ્રમાણમાં નીચેથી ત્રણ નળવાટે ધોડાપુરે વહેતું હતું. આ જગ્યાએ જ્યાંથી પાણી નીકળતું હતું ત્યાં ઠેઠ ઉપર સુધી અમે સીડી ઉપર થઇને ગયા. બંધ પાછળ રહેલા સરોસરના પાણીનું દબાણ ઘણું વધારે હોવાથી આ પાણીનો વેગ અસાધારણ–સહજ કલ્પનામાં ન આવે તેવો–હતો. આ બધું અમે ચકિતભાવે જોયા કર્યું. પછી બીજી બાજુના ઘણે ઉંચેથી પડતા અને પહોળા પથરાયલા ધોધની પાસે ગયા. આઘેથી તો આ ધોધ પાણીનો નહિ પણ દુધનો જ હોય એવો ભાસ થતો હતો. ધોધ જ્યાં પડે છે ત્યાં બરોબર સામે પ્રવાહની વચમાં અમે ઉભા રહ્યા અને નીચે પડતા પ્રવાહની છોળ અને છાંટથી અમે સારી રીતે ભીંજાયા અને તે અદ્‌ભુત દૃશ્યનું અમે જાણે કે ધરાઈ ધરાઇને પાન કર્યું. આ બન્ને ધોધ પડે છે, તે જગ્યાએ એક નાનો સરખો બગીચો છે અને પર્યટણે આવેલી કોઇ કોઇ મંડળીઓ અહિં પણ પોતાનું સ્થાન જમાવે છે. આ બન્ને ધોધને લીધે આ સ્થળની રમણીયતા અન્ય સ્થળો કરતાં વધારે ચડિયાતી લાગે છે. ચોતરફ ખૂબ ઝાડપાન, ખળખળ વહેતો જળપ્રવાહ અને સામે નાના મોટા હાથી જેવા દેખાતા ભવ્ય જળપ્રપાતો–અહિંથી ફરીને ફરીને બસવું

ગમતું નહોતું. પણ સમય તો સદા ગતિમાન છે; સૂર્ય મધ્યાકાશ સમીપ જઈ રહ્યો હતો. ઘડિયાળ અગિયાર–સાડા અગિયાર વાર એમ બોલી રહી હતી. આખરે ઉપર તો જવું જ રહ્યું. આનંદથી–અદ્‌ભુત સૌન્દર્યના દર્શનથી–મન ભરેલું હતું, તૃપ્ત હતું–અને એમ છતાં અતૃપ્તિ અનુભવતું હતું. ફરીને બસમાં પાછા બેસીને અમારા ઉતારે પહોંચ્યા. કલાક દોઢ કલાક કેટલાકે આરામ કર્યો, કેટલાક સરોવર ઉપર જઈને નાહ્યા, તર્યા, કોઇ કોઇ ઠેકાણે પત્તા રમનારી મંડળી જામી; કોઇ કોઇએ મીઠી વાતોમાં સમય પસાર કર્યો. એવામાં રસોઈ તૈયાર થઈ ગઈ. બધાંએ સાથે જમી લીધું. વળી કલાક દોઢ કલાક એમ જ પસાર કર્યો. ચા તૈયાર થઇ; સૌએ ચા પીધી. સામાન તૈયાર કરવામાં સૌ ગુંથાયા. સાંજના સાડા ચાર–પોણા પાંચ વાગ્યે–આ સ્થળની અમે વિદાય લીધી.

હવે તો દિવસનો પ્રકાશ હતો અને રસ્તો જાણીતો થઇ ગયો હતો. દોઢ કલાકમાં ઈગતપુરી પહોંચ્યા. ઘાટ પસાર કરતા હતા એ દરમિયાન સૂર્યનો અસ્ત થઈ ગયો. કંસારા પહોંચતાં અંધારૂં થયું. પછીની સડક તો સરસ જ હતી. બસ તેની ચાલુ ઝડપે વણરોકી વણટોકી ચાલ્યે જતી હતી. બસમાં બીરાજેલી મંડળી જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ ગઈ હતી. કોઇ ટુકડી પાના રમવામાં મશગુલ હતી; કોઈ ઠેકાણે અંતકડીની જમાવટ થઇ હતી; કોઇ ઠેકાણે પહેલા છેલ્લા અક્ષરોવાળા શબ્દો શોધી કાઢવાની રમત ચાલી રહી હતી. કોઇ મિત્રો એમ જ ગાનતાનમાં ગરકાવ બન્યા હતા. વખત કેમ પસાર થયો તેની કોઇને ખબર ન પડી. થાણા આવ્યું. રતિભાઈ અને એમનાં પત્ની ત્યાં ઉતરી ગયાં. બસ આગળ ચાલી. હવે તો મુંબઇ આવી રહ્યું છે એટલે "અમે અમારે ઘેર જઇએ ભાઈ રામ રામ છે, બોલ્યું ચાલ્યું માફ બીજું શું કહીએ?" એ વિદાય લેવાદેવાનું ગીત કોઈ ભાઈ બહેનોએ ઉપાડ્યું અને અન્ય ભાઈ બહેનો તે ગીત ઝીલવા લાગ્યાં. એ ગીતદ્વારા મંડળીમાંની અનેક વ્યક્તિઓ વિષે જેમ જેમ વ્યક્તિગત વિનોદાત્મક ઉલ્લેખો થતા ગયા તેમ તેમ ચોતરફ ખૂબ હસાહસ ફેલાતી ગઈ. 'ભાઈ રામ રામ છે' અને 'બીજું શું કહીએ?' એ બે સતત પુનરાવર્તિત થતા ધ્રુવપદો વડે બસ આખી ગાજવા લાગી. ઘાટકોપર નજીક આવ્યા. 'હવે તો અડધા પોણા કલાકમાં મુંબઈ આવશે, દશ વાગ્યા પહેલાં મુંબઇ પહોંચી જઇશું'–એમ અમે એકમેકને કહી રહ્યા હતા. એટલામાં બસ ડ્રાઇવરે જાહેરાત કરી કે બસમાં ઓઇલિ ખલાસ થઈ ગયું છે (આ બસો ફુડ ઓઈલથી ચાલે છે) અને બસ આગળ નહિ ચાલે અને બસ એકાએક અટકી ઉભી. ફુડ ઓઈલિ કયાંથી મળે, કયારે મળે અને બસ કયારે ચાલે એ ચિન્તામાં 'ભાઈ રામ રામ છે' સાવ ભુલાઈ ગયું. પા અડધો માઈલ દૂર પેટ્રોલ પંપ હતો ત્યાંથી બે ગેલન ફુડ ઓઈલિ લઈ આવ્યા. તે લાવવામાં અને ઓઇલના ટીન પાછા પહોંચાડવામાં કલાક દોઢ નીકળી ગયો. એટલું ઓઇલ ઠેઠ પહોંચશે કે નહિ અને બસ ચાલશે કે નહિ એ પણ ચિન્તાનો વિષય હતો. પણ સદ્‌ભાગ્યે બસ ચાલી, અને અગિયાર સાડા અગિયાર વાગ્યા લગભગ મુંબઈ સૌ મોટા ભાગે પોતપોતાના નિવાસસ્થાને પહોંચી ગયા. 'મોટા ભાગે' એટલા માટે કે સાન્તાક્રુઝ કે મલાડ રહેવાવાળા ભાઇઓ તેથી પણ મોડા પહોંચ્યા હશે.

આમ આ પર્યટણ નિમિત્તે અમે બધાંએ દોઢ દિવસ ભારે આનંદકલ્લોલમાં પસાર કર્યો. જતી વખત બસમાં લગભગ આઠ કલાક પસાર કરવા પડેલા. આવતી વખતે છએક કલાક થયા. પણ આ બધા સમય દરમિયાન બસની અંદર એવું આનંદ અને વાર્તા-વિનોદનું વાતાવરણ જામેલું રહ્યું કે મોટાં નાનાં કોઇને પણ લેશ માત્ર કંટાળો ન આવ્યો. ન કોઇ ઉંઘ્યું કે ન કોઇને ઝોકાં આવ્યાં. બાળકો પણ આનંદમાં ડોલતા રહ્યાં. વીલ્સન ડેમ ઉપર રાત રહ્યા અને દિવસનો બધો સમય લગભગ ફરવા હરવામાં ગાળ્યો. આખરે સૌ છુટા પડ્યા ત્યારે 'આ વખત જેવી તો કોઈ વખતે મજા નહોતી પડી' એવો ઉદ્‌ગાર સૌના મોંમાંથી સહજપણે નીકળી ગયો. **પરમાનંદ**

કૃષ્ણમૂર્તિની વિચારણા

એક ટુંકી રૂપરેખા

(મુંબઈ ખાતે શ્રી જે. કૃષ્ણમૂર્તિ ફેબ્રુઆરી માસની છઠ્ઠી તારીખથી માર્ચ માસની ત્રીજી તારીખ દરમિયાન દર રવિવારે તથા મંગળવારે સાંજના ૬–૧૫ વાગ્યે ક્રાફર્ડ માર્કેટ પાસે આવેલી જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સના ચોગાનમાં જાહેર વ્યાખ્યાનો આપશે અને તે ગાળા દરમિયાન દર સોમવારે, ગુરૂવારે અને શુક્રવારે સવારના આઠ વાગ્યે બુજીસ રોડ પોસ્ટ ઓફીસ નજીકમાં ખરેઘાટ કોલોનીમાં વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમ સમીપમાં છે એવામાં શ્રી જે. કૃષ્ણમૂર્તિની વિચારણા સમજાવવાનો પ્રયત્ન કરતો એક લેખ શ્રી હીરાલાલ બક્ષી તરફથી મળે છે, જે નીચે પ્રગટ કરતાં આનંદ થાય છે. એ લેખ શ્રી કૃષ્ણમૂર્તિના ચિન્તનને ગ્રહણ કરવામાં મદદરૂપ બનશે એવી આશા રાખવામાં આવે છે. તંત્રી)

આધુનિક જગતમાં કૃષ્ણમૂર્તિ એક શ્રેષ્ઠ પ્રકારના મૌલિક તત્વ-ચિંતક અને સિધ્ધ પુરૂષ છે. આજસુધીની સઘળી વિચારણાઓએ ગુરુના અને ગ્રંથના પ્રમાણોને પ્રાધાન્ય આપ્યું છે. કૃષ્ણમૂર્તિ આ સઘળાંને મનને પાંગળાં કરનાર અને સમજ પ્રાપ્ત કરવામાં અંતરાયરૂપ થનારાં લેખી એ સઘળાંને દૂર કરવા કહે છે.

એ કહે છે કે સત્ય–ઈશ્વર આત્મા જે કહો તે–મેં પ્રાપ્ત કર્યું છે, છતાં એમાં ગર્વની કે અધિકારની કોઇ ગંધ રહેલી નથી. પોતે સત્ય પ્રાપ્ત કર્યું હોવા છતાં એ કોઇના પણ ગુરુ થવા માગતા નથી, એટલું જ નહિ પણ, કોઇનાય ગુરુ થવું એ શિષ્યનું શોષણ કરવા જેવું છે. એમ તેઓ માને છે. માણસ પોતે જ પોતાનો દીપક છે; એ એવી ભીણવત્તી નથી કે જેને સળગાવવા કોઈ ગુરુની જરૂર પડે.

એમની વિચારણા કોઈ પધ્ધતિ કે વિચારસરણી પર રચાયલી નથી. વિચારસરણીઓ વર્તમાન પરિસ્થિતિને નવા સ્વરૂપે જ ચાલુ રાખે છે અને તેથી ચિરસ્થાયી સુધારણા સંભવિત બની શકતી નથી. જ્યાં સુધી માણસના ચિત્તની શુદ્ધિ થાય નહિ ત્યાં સુધી સાચી સુધારણા અશકય જ રહેશે એમ એમનું નિરંતર માનવું છે.

ચિત્ત સુધારણા માટે નિયમનના કે આદર્શના પરિશીલનને કોઇ સ્થાન નથી. એથી કદાચ ઉપલક મનની ક્રિયાને આટકાવી શકાય, પણ આંતર મનને રોકી શકાતું નથી; એથી માણસ પ્રતિષ્ઠિત થાય પણ સદ્‌ગુણી બનતો નથી. જૂઠી વસ્તુ જૂઠી છે–અસત્ય અહિતકર છે, એમ સમજાય નહિ ત્યાં સુધી સત્યનું પરિશીલન કરવાનો કોઇ અર્થ નથી. અસત્ય હાનિકારક છે એમ સીધી રીતે સમજાતાં અસત્ય આપોઆપ ટળે છે અને સત્યનો ઉદય થાય છે.

વળી આપણે જેને પ્રભુપ્રાપ્તિ કે ઈશ્વરદર્શન કહીએ છીએ એ મનની એકરૂપ થવાની ક્રિયા–Identification–છે. પણ મન જાણીતી વસ્તુને જ ઓળખે છે, અજાણી વસ્તુને એ ઓળખતું જ નથી. એટલે મન જે રચનાને મૂર્ત કરે છે, જેની સાથે એ એકરૂપ થવા મથે છે તે જાણીતી બાબત જ છે અને તેથી જ એ સત્ય કે ઈશ્વર નથી. સત્યનો અનુભવ થઇ શકે; સત્યની ઓળખ થઇ શકે નહિ. ઈશ્વર અજ્ઞાત અને અજ્ઞેય છે. એને પિછાનવા માટે માણસના મનની સઘળી તૃષ્ણાનો અંત આણવો જોઇએ. એમ થાય તો જ મન શાંત થાય અને એવા શાંત થયેલા મનમાં જ ઈશ્વરનો આવિર્ભાવ થાય. માટે જ ઈશ્વરને શોધવાની જરૂર નથી, તૃષ્ણાને સમજી દૂર કરવાની જ જરૂર છે. જેમ અંધકારનો લય એ જ પ્રકાશનો ઉદય તેમ તૃષ્ણાનો અંત એ જ સત્યનો આવિર્ભાવ.

કોઈ પણ હેતુથી કાર્ય કરવું, કોઈ પરિણામ સાધ્ય કરવા મથવું, એ તૃષ્ણાને જ–અહમને જ–પુષ્ટિ આપવા જેવું છે; કારણ કે પરિણામ શોધવું એ મનની જ ક્રિયા છે. માટે જ કૃષ્ણમૂર્તિના શિક્ષણમાં કોઈ પધ્ધતિ, કોઇ રીત, નજરે પડતી નથી. પ્રશ્નનો જવાબ પ્રશ્નમાં જ રહેલો છે એટલે પ્રશ્નનું બરાબર શ્રવણ થાય તો પ્રશ્નનો આપોઆપ

લય થાય એમ એ વારંવાર કહે છે. પણ વંદનીય ગણાતી વ્યક્તિઓને કે પ્રમાણભૂત ગણાતા ગ્રંથોને બાજુએ મૂકી પ્રશ્નનું યથાર્થ રીતે શ્રવણ કરવું કપરું કામ છે, જેથી આપણે પ્રશ્નને સમજતા નથી અને પરિણામે પ્રશ્નમુક્ત થતા નથી. મન જે કાંઈ કહે છે તે ભૂતકાળનું જ સાતત્ય છે અને એવા સાતત્યમાં કોઈ નવીનતા નથી, પણ સત્ય યા સમજ, પ્રેમ યા પ્રભુ, હરપળે નવીન છે. એ સુલભ થાય તે પૂર્વે મનની સઘળી રચનાઓ, મનનાં સઘળાં અવલંબન જવાં જોઇએ, મનની સઘળી સલામતીઓ નહિવત્ થવી જોઇએ. એમ થાય તો જ Direct Experience–સીધો અનુભવ–થાય અને સીધો અનુભવ થાય ત્યારે જ મનહૃદયની સમગ્ર સમજ જન્મે.

આવી સમગ્ર સમજ પ્રાપ્ત કરવા માટે સ્વજ્ઞાન Self–knowledge જરૂરી છે. પોતાના ચિત્તની બાહ્ય તેમજ આંતર મનની ક્રિયા સમજવી તથા એની પાછળ રહેલા છૂપા ભાવ જાણવા એ સ્વજ્ઞાન છે. સદ્‌ગુણનો આદર્શ નક્કી કરી એનું પરિશીલન કરવું એ મનની જ ક્રિયા છે અને તેથી જ એ જૂનાનું–દુર્ગુણનું–બીજું સ્વરૂપ છે, પણ એ સદ્‌ગુણ નથી. કેળવેલા સદ્‌ગુણ સદ્‌ગુણ નથી. જે છે એની સમગ્ર સમજ પ્રાપ્ત થાય તો જે છે એનો અંત આવે અને એ જ સદ્‌ગુણ. આ રીતે જે છે એને વખોડ્યા વિના કે એનો બચાવ કર્યા વિના કે એની સાથે એકરૂપ થયા વિના એનું શાંત રીતે અવલોકન કરવું તથા એમાંથી છટકી જવા પ્રયત્ન ન કરવો એ જ સ્વજ્ઞાનમાંથી નીપજતી સભાનતા–જાગૃતિ–Awareness–છે અને એ જાગૃતિ જ પ્રશ્નનો અંત લાવે છે તથા સદ્‌ગુણની સહજ અવસ્થા પ્રગટાવે છે.

આ પરથી સમજાશે કે આજસુધીના સઘળા ધર્મપ્રચારકોએ અને તત્ત્વચિંતકોએ આપણી સમક્ષ કેવળ પ્રેમના માનસિક વિચારોની જ વાત કરી છે અને મનરચિત પ્રેમના એ આદર્શો સાથે, શબ્દો અને સંકેતો તેમજ મૂર્તિઓ અને કલ્પનાઓ સાથે એકરૂપ થવાની શીખ આપી છે. પણ મન પ્રેમની જે કલ્પના કરે છે તે પ્રેમ નથી. પ્રેમની કલ્પના થઈ શકે નહિ; પ્રેમનો અનુભવ જ કરવો રહ્યો. જગતના અવતારી પુરુષોએ એ પરમ પ્રેમની વાત કરી છે તેમ આજના યુગમાં મનતત્વમાં જીવનારા માનવીઓ સમક્ષ કૃષ્ણમૂર્તિ પણ એ જ પરમ પ્રેમની ગાથા સંબોધે છે. એમનું શિક્ષણ ભલે બૌદ્ધિક લેખાતું હોય, છતાં એ શિક્ષણ આપણને એ પરમ પ્રેમ પ્રતિ જ વાળે છે. મનની સઘળી રચનાઓ જાય, મનનો સઘળો અહંકાર ઓસરે અને મન અકિંચન થાય ત્યારે જ એ પરમ પ્રેમનો આપણે સ્વાનુભવ કરી શકીએ અને જીવનમાં એ પ્રેમ પ્રગટે ત્યારે જ માનવીના અને સમાજના સઘળા પ્રશ્નોનો અંત આવે. કૃષ્ણમૂર્તિની આ પરમ પ્રેમ-ગાથા છે. પ્રેમ મનથી કેળવાતો નથી, વિચાર કે સંવેદન એ પ્રેમ નથી. મનનું માળખું તૂટે, જ્ઞાન અને અધિકાર, પ્રમાણ અને પદ્ધતિ, જાય તો જ મન હળવું થાય–શાંત થાય અને એવા શાંત મનમાં જ પ્રેમ પ્રગટ થાય. માટે જ કૃષ્ણમૂર્તિ ચિત્તની પ્રક્રિયાને સમજવા પર, સ્વજ્ઞાન પર, ભાર મૂકી રહ્યા છે. એમની વાણી યથાર્થરૂપમાં સમજાય તો એનો અનર્થ થવાનો સંભવ રહે નહિ, એટલું જ નહિ પણ, જીવનમાં એ કોઈ અનેરો સૂર પૂરે અને જીવનને સુવાસિત બનાવે. કૃષ્ણે અને ક્રાઇસ્ટે પ્રેમની જે બંસરી બજાવી છે તે જ બંસરી આજ નવા સ્વરૂપે કૃષ્ણમૂર્તિ બજાવી રહ્યા છે. પૂર્વગ્રહોના દુર્ગ તૂટે, પ્રમાણોની ઓથ છૂટે, તો એ ગાનની મધુરતા આપોઆપ પ્રગટ થાય!

હીરાલાલ બક્ષી

અનન્યતા

મુંગો બનું હું તુજ સંગવિહોણી વાતે
બહેરો બની જઉં પ્રપંચવિષે નિરાંતે;
ને અંધ થાઉં તુજ રૂપ–વિહીન દૃશ્યે
ચૂંથી દઉં પ્રિય! તને મુજ આત્મસંગે.

વિવિત્સુ

પ્રકીર્ણ નોંધ

આવી અધીરાઇથી ભૂમિવિતરણની સમસ્યાનો ઉકેલ નહિ આવે.

તા. ૧–૧૨–૫૬ ના ભૂમિપુત્રમાં પ્રગટ થયેલ 'કલ્કિનાં ડાબલાં ગાજે છે!' એ મથાળાના વિનોબાજીના પ્રવચનમાંની નીચેની કંડિકા આપણું એકાએક ધ્યાન ખેંચે છે:–

"આ બાજુ મેં બિહારવાળાઓને કહ્યું છે કે તમારામાં જે શક્તિ છે, તેથી મોટી શક્તિ હિંદુસ્તાનમાં મેં બીજે ક્યાંય જોઈ નથી. પરંતુ કંઈક એવું છે જેને લઇને ત્યાં અવ્યવસ્થા છે. મેં એમને કહ્યું કે તમે ખૂબ જોર અજમાવો અને બધી જમીન વહેંચી કાઢો. એમાં શી અધરી વાત છે? તો કહે છે કે કાયદાની મુશ્કેલીઓ છે, જમીનના નંબર વગેરે નથી મળતા. ત્યારે મેં એમને કહ્યું કે બધી જમીન છેવટે આપણા દેશની જ છે. જેટલું કાયદાથી થઈ શકતું હોય તેટલું કાયદાથી કરો અને જેટલું વગર કાયદે થતું હોય તેટલું વગર કાયદે કરો. પણ એકવાર કામ કરી જ નાંખો! પછી ગૂંચવાડા ઊભા થતા હોય તો થવા દો. ફરિયાદો ઊભી થશે તો શું થશે? વકીલોને કામ મળશે. આજે વકીલો મને કહે છે કે બાબા, ભૂદાન આંદોલનને કારણે અમારો ધંધો સમોસારો ચાલતો નથી. ધારી લો કે આપણે બોટા માણસને જમીન આપી, તો શું થશે? વકીલનો ધંધો ચાલશે. આપણે જાણી જોઇને બોટી વહેંચણી કરીશું તો તે બોટું થશે. પરંતુ આપણે જાણતા જ નથી કે હાલત શી છે. કોઈ માણસ આપણને કહે છે કે હું માલિક છું અને આપણે એની જમીન વહેંચીએ છીએ. પછી બબર પડે છે કે એ તો માલિક નથી તો કોર્ટનું કામ વધશે. એમાં આપણે ચિંતા કરવાનું કારણ નથી. મેં વિનોદમાં કહ્યું કે બિહારમાં એટલું સુંદર રાજ્ય ચાલી રહ્યું છે કે એથી વધારે શાસનમુક્ત સમાજ બીજે ક્યાંય નહીં હોય! ત્યાં રાજ્યકર્તાઓને બબર જ નથી કે કઇ જમીન ક્યાં છે? આવી દશામાં કાયદાથી વહેંચણી કરવી અધરી હોય તોયે જલ્દી વહેંચણી કરી જ નાંખો. તમારી પાસે ઘણી જમીન પડી છે, છતાંયે એ વહેંચાતી નથી, અર્થાત્ તમારી બધી જમીન નકામી છે, વહેંચવા લાયક નથી, આખું છે જ ઢમઢોલ ને મંહી પોલંપોલ, એવી જન–માનસ પર અસર પડશે. માટે વહેંચવા લાયક જમીન તરત વહેંચી દો. જે કમજોર જમીન હોય એની વ્યવસ્થા કરો. એનાથી બિહારની શક્તિ બૂબ વધશે. આપણો બિહારનો ૩૨ લાખ એકરનો આંકડો જરૂર પૂરો થઈ શકે તેમ છે, એની મને બાતરી છે. જ્યારે મને બાતરી પડી કે બાકીની ૧૨ લાખ એકર જમીન મળે તેમ છે, પણ પહેલાં વહેંચણી થવી જોઇએ, ત્યારે જ મેં બિહાર છોડ્યું. એવી બાતરી ન થઈ હોત તો હું બિહાર ન છોડત. બિહારમાં આજ સુધી મળેલી જમીન વહેંચાય તો ૧૨ લાખ એકર જમીન નિઃસંશય મળશે."

વિનોબાજીની આ સલાહ કે "જેટલું કાયદાથી થઈ શકતું હોય તેટલું કાયદાથી કરો અને જેટલું વગર કાયદે થતું હોય તેટલું વગર કાયદે કરો!" જલ્દિ સમજાતી નથી. ભૂદાન પ્રવૃત્તિનો આશય શાન્તિ–પૂર્ણ માર્ગે અને કાયદાની મર્યાદામાં રહીને અને સાથે સાથે કાનુની મદદ બને તેટલી ઓછી લઇને જનતાના સ્વયંપ્રેરિત વિવિધ પ્રકારનાં ઐચ્છિક દાનો વડે દેશની આર્થિક ક્રાન્તિ કરવી અને આર્થિક સમતાના પાયા ઉપર નવી સમાજરચના ઉભી કરવી એ છે. આ જો બરોબર હોય તો તે આશય સાથે ઉપરની સલાહ કોઇપણ રીતે બંધબેસતી લાગતી નથી. અને આખી કંડિકામાં રજુ કરવામા આવેલી વિચારસરણિ કોઈ રીતે ગળે ઉતરતી નથી.

ઉપર આપેલા અવતરણ ઉપરથી એમ લાગે છે કે બિહારમાં અપાયલાં દાનોમાં કેટલાંક દાનો વાંધા પડતાં છે એટલે કે પોતાની નહિ એવી જમીનો અથવા તો પોતાનો જેના ઉપર કાયદેસરનો ચોખ્ખો હક્ક ન હોય એવી જમીનો દાનમાં આપવામાં આવી છે. **સાથે સાથે એમ પણ લાગે છે કે સરકારી દાતરનું પણ પૂરું ઠેકાણું**

નથી. આની પરિસ્થિતિમાં બિહારમાંથી ૨૪ લાખ એકરનું દાન મળ્યાનો જે સંતોષ ચિન્તવવામાં આવતો હતો તે સંતોષ ભ્રામક હતો એમ માનવાને કારણ મળે છે. આ સંયોગમાં જે ભૂમિ ઉપર તેના માલિકનો અબાધિત હક્ક હોય અને જેના દાન સામે કોઈ પણ વાંધો ઉઠાવે તેમ ન હોય તે ભૂમિનું દાન જ સાચું અને સ્વીકાર–યોગ્ય લેખાવું જોઇએ. પોતાની ભૂમિ વિષે આ ચોખવટ કરી આપવાનું કામ તેની માલીકીનો દાવો કરનાર વ્યક્તિનું લેખાવું જોઇએ. તેના ગુંચવાડામાં દાન લેનારે કે ભૂદાન સમિતિએ પડવાનું ન હોય. આ બાબતના કજિયા કોર્ટે જાય તો તેનો નીકાલ આવતાં ઘણી વાર લાગે અને તે પાછળ દ્રવ્ય, સમય તેમજ શક્તિનો ઘણો વ્યય કરવો પડે. આમ આપણી સાદી સમજ કહે છે. આને બદલે મળેલી જમીનોનું વિતરણ કરી દો અને તે સામે કોઈ અદાલતદ્વારા વાંધો ઉઠાવે તો તે સંબંધમાં વકીલો ભલે લડતા–અને દેનાર લેનાર ભલે ખુવાર થતા–આ રીતે કહેવામાં અને કામ લેવામાં આવે તો આર્થિક વ્યવસ્થાને બદલે આર્થિક અરાજકતા અને કોર્ટ કાયદાના પારવિનાના ઝગડા પેદા થાય. વળી સરકારી દફ્તર બરાબર ન હોય તો તે સરખું કરાવવા માટે તથા જમીન માલીકોના હક્કો ચોક્કસ કરાવવા માટે સરકારી તંત્રને ભૂદાન કાર્યકર્તાઓએ ગતિમાન કરવું જોઇએ. સરકારના સહકાર સિવાય આ બાબતનો ઉકેલ આવવો અશકય છે. આપણે આશા રાખીએ કે આ સમસ્યા વિષે વિનોબાજી વધારે સ્પષ્ટતા કરે કે જેથી આ અંગે લોકોમાં કાંઇ પણ ગેરસમજુતી ઉભી થતી યા ફેલાતી અટકે.

શ્રી જયાબહેન દાણીની અપીલ

ભાવનગર ખાતે શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય નામની એક જાણીતી શિક્ષણ સંસ્થા છે. તે કર્વે યુનીવર્સિટીનાં ધોરણો મુજબ બાલવર્ગથી તે કોલેજ સુધીનું બહેનોને શિક્ષણ આપે છે. તેના મૂળ સ્થાપક સ્વ. શ્રી અમૃતલાલ દાણી હતા. આજે તેમનાં પત્ની શ્રી જયા બહેન તે સંસ્થાના આચાર્યપદે છે. ભાવનગર જાઉં ત્યારે શ્રી જયા બહેન દાણીને ઘણું ખરૂં મળવાનું બને. આ વખતે એ મુજબ તેમને મળવાનું બનતાં તેમણે ગરીબી અને દરિદ્રતાના કાળમુખમાં હડસેલાઇ રહેલાં અનેક કુટુંબોની હૃદયદ્રાવક વાતો કહી અને તેમાં જેની જાણ થાય અને વખતસર થોડી સરખી પણ આર્થિક મદદ પહોંચાડાય તેઓ કેવી રીતે ઉગરી જાય છે અને જીવનમાં તરતા થઈ જાય છે તેવા પણ જાતઅનુભવના કેટલાએક કીસ્સાઓ સંભળાવ્યા. એ જ અમારી વાતચિતના અનુસંધાનમાં તે બહેન થોડા દિવસ પહેલાં મળેલા પત્રમાં જણાવે છે કે:

"તમે બંને જણાં મને રબરૂ મળ્યાં ત્યારે વિદ્યાલયના કામ ઉપરાંત કેટલીયે નિરાધાર અને અભણ અને અસંસ્કારી બહેનોને આશ્વાસન અને આધાર આપવાનું કામ પણ મારી પાસે આવે છે, અને હૈયું ખોલી અંતરની વેદના મારી પાસે રજુ કરે છે, એમની આંતરડી ખૂબ કકળે છે, એમને રાહત આપવાનું કામ કરૂં છું.–એ વિષે આપણે કેટલીક વાતો કરેલ. મેં તમને કહેલ કે આ મારૂં કામ ગુપ્ત છે, છતાં અતિ અગત્યનું છે. આવા કામને જ સાચી સેવા માનવામાં હું તો હવે વધારે દૃઢ બની છું. કીર્તિદાનને માર્ગે ધનાઢયો જાય છે. આ ગુપ્તદાન તરફ જો વળે તો નીચલા થરને ઉપર લાવવામાં સરળતા થાય. આબરૂદાર બહેનોનું પણ મારે રક્ષણ કરવાનું રહે છે. એ બધાને નાના ગૃહઘોગો આપવાની અને જતે દિવસે પગભર કરવાની મારી તીવ્ર ઇચ્છા છે, પરંતુ જ્યાંસુધી એ ન થાય ત્યાંસુધી એમને ટકાવ્યે જ છૂટકો. તમે અને તમારા જ્ઞાતિબંધુઓ કે બીજા મિત્રોને આ કામમાં સહાય કરવાની વાત કરો. ખૂબજ ઉપયોગી કામ છે. જગત નહિં જાણે પણ પ્રભુ તો જાણશે, કદર કરશે. એ બધાનાં દુઃખો દેખી મારૂં અંતર ખૂબ જ દાઝે છે. કેટલીયે ત્યકતા, વિધવા બહેનો મારી પાસે આવ્યા જ કરે છે. એમની બરાબર તપાસ કરી ખાત્રી કર્યા પછી તેમની બાબત હાથમાં લઉં છું. હાથમાં લીધા પછી તેને તરી પાર ઉતારવાની મારી ધાર્મિક ફરજ હું સમજુ છું. તમારો આ કામમાં હું સંપૂર્ણ સહકાર માગું છું. બને એટલી પૈસાની વધુ સગવડ મને કરી આપો. મુંબઈ જેવા શહેરમાં આવા કામ માટે પૈસા એકઠા કરવા એ મોટી વાત નથી અને તમારી જેવાને તો જરાય મુસ્કેલ નહિં પડે. પ્રયાસ કરો અને મને બને તેટલી વહેલી તકે પૈસા એકઠા કરીને મોકલો. અનાજ, કપડાં, દવા, સારવાર, અભ્યાસ માટેની સગવડ બધામાં એ પૈસા વાપરવાના છે. એ રકમનો સદુપયોગ થશે એની તમને ખાત્રી આપું છું. વધુ શું લખું?"

આ પત્રમાંની દર્દભરી અપીલના પ્રબુધ્ધ જીવનના વાંચકોને ભાગીદાર બનાવું છું એ શ્રધ્ધાએ કે, તે અપીલ તેમાંના કેટલાકના દિલને જરૂર સ્પર્શશે અને આવી એક સેવાનિષ્ઠ વિશ્વસનીય ભગિનીની માંગણીને સર્વાંશે નહિ તો અલ્પાંશે પણ પૂરી કરવામાં નિમિત્તભૂત થશે. શ્રી જયા બહેને કહેવાતા ઉજળા પણ અંદરથી કેવળ અર્થશૂન્ય બનેલા કુટુંબોની–માતાઓ, બહેનો અને દીકરીઓની–જે સ્થિતિ વર્ણવી છે તે સ્થિતિ આપણા દેશમાં વ્યાપકપણે પ્રવર્તે છે. એક બાજુએ એક અન્યને ભુલાવે તેવી કરૂણાપૂર્ણ ઘટનાઓ બન્યે જાય છે; બીજી બાજુએ તે સામે આંખ આડા કાન કરીને લોકો ધર્મના નામે સમારંભો, ઉત્સવો અને વરઘોડાઓ, શાન્તિસ્નાત્રો, ઉપધાનો અને મોટાં જમણવારો પાછળ હજારો રૂપિયા ખરચ્યે જાય છે. ભાવનગર હું હતો તે દરમિયાન જ આવી એક કરૂણ ઘટના બનેલી. ભુખમરાથી અભિભૂત એક આધેડ વયના એકલા અટુલા ભાઇએ પહેલા માળ ઉપર આવેલી પોતાની ઓરડીમાંથી રાત્રીના સમયે નીચે પડતું મૂકયું. કોઈ પક્ષનો મોટો અવાજ આવતાં આસપાસ રહેતા લોકો એકઠા થયા અને પેલા ભોંયે પડેલા ભાઇને ઉપાડીને એમને એમ તેની ઓરડીમાં મુકી આવ્યા. ન કોઇએ તેની ખબર પુછી; ન કોઇએ તેનો કશો ઉપચાર કર્યો. સવારના તે ભાઈ મૃત્યુવશ થયેલા માલુમ પડ્યા. તેની પાસેથી એક ચીઠ્ઠી મળી આવી જેમાં ભુખમરાના કારણે પહેલા માળથી પડતું મુકયાનો એકરાર હતો. આ એજ દિવસો હતા કે જ્યારે બાજુએ આવેલા એક શ્રીમાનના ઘેર સદ્‌ગત વડીલના સ્મરણમાં મોટા પાયા ઉપર અઠ્ઠાઇ મહોત્સવ અને જમણવારો ચાલતા હતા. તે પછી પણ આવા મહોત્સવો ભાવનગરમાં ચાલતા જ રહ્યા છે. પણ આમ વિના મોતે મરતા લોકોની ખબર લેવાનું કોઇને સુઝતું જ નથી. આજે માણસો માનવીને વિસારીને દેવ પાછળ દોડી રહ્યા છે. માનવી દુભતો જાય છે અને દેવ હાથમાં આવતા નથી.

આ શોચનીય પરિસ્થિતિ આપણામાં જડ ઘાલીને બેઠેલી હૃદયશૂન્યતા અથવા તો વિવેકશૂન્યતાને આભારી છે. પ્રબુદ્ધ જીવનના વાંચકો જયાબહેનની અપીલને ધ્યાનમાં લે, તેમને દ્રવ્ય પહોંચાડવાના હેતુથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩) ઉપર કોઇ કાંઈ રકમ મોકલશે તો તેમને બરોબર પહોંચાડવામાં આવશે. પણ આથી પણ વધારે અગત્યનું એ છે કે આપણે આસપાસ ચોતરફ નજર ફેરવતા રહીએ અને આપણી વ્યકિતગત તાકાત મર્યાદિત હોઇને થોડી સરખી પણ મદદથી કોઇને પણ ઉગારી શકાય તેવું જણાય ત્યાં પોતાથી અને નહિ તો અન્ય પાસેથી મેળવીને પણ વખતસર મદદ પહોંચાડીએ અને એ રીતે આપણાં જ ભાઈ ભાંડુઓને કાળમુખમાં ઓરાતા બચાવીએ, આથી વધારે મોટો કોઈ ધર્મ નથી.

પરમાનંદ

આચાર્ય દાદા ધર્માધિકારીની વ્યાખ્યાનમાળા

સર્વોદય વિચારના પ્રખર તત્વચિન્તક આચાર્ય દાદા ધર્માધિકારીની મુંબઇ ખાતે તા. ૨–૨–૧૯૫૭ શનિવારથી તા. ૭–૨–૫૭ ગુરૂવાર સુધી એક સાથે બે વ્યાખ્યાનમાળાઓ યોજવામાં આવી છે. આ વ્યાનમાળા દરમિયાન દાદા ધર્માધિકારી ભૂદાનયજ્ઞના તત્વજ્ઞાનનું સમગ્ર દર્શન કરાવશે.

મુંબઇ ખાતે યોજાયેલી વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન ગામદેવી સેબર્નમ રોડ ઉપર આવેલા મણિભુવનમાં તા. ૨–૨–૫૭ શનીવાર

સાંજના ૫ વાગ્યે શ્રી. બાલાસાહેબ ખેર કરશે અને પછીની પાંચ વ્યાખ્યાન સભાઓ એ જ સ્થળે **સાંજના ૬॥ થી ૮** વાગ્યા સુધી ભરાશે.

વીલેપારલે (પશ્ચિમ) ખાતે યોજાયલી વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન સરોજિની રોડ ઉપર આવેલા સાધનાશ્રમમાં તા. ૩-૨-૫૭ રવિવારે **સવારના ૮-૩૦ વાગ્યે** સર રૂસ્તમ મસાણી કરશે અને ત્યાર પછીની ચાર વ્યાખ્યાન સભાઓ એ જ સ્થળે **સવારના ૯-૩૦ થી ૫** વાગ્યા સુધી ભરાશે.

મૌલિક વિચારસરણિથી સમૃધ્ધ એવા દાદા ધર્માધિકારીનાં વ્યાખ્યાનો સાંભળવાની મુંબઈવાસીઓને આ એક અમૂલ્ય તક સાંપડી છે. દરેક પ્રશ્નને બુધ્ધિપૂર્વક વિચારવા તથા સમજવાનો આગ્રહ રાખતા સર્વોદય-પ્રેમી ભાઇબહેનો આ તકનો પૂરો લાભ લેવાનું ન ચુકે.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

સંઘના બંધારણમાં કાર્યવાહક સમિતિએ સૂચવેલા સુધારા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી તા. ૮-૨-૫૭ શુક્રવારના રોજ મળનારી સંઘની સામાન્ય વાર્ષિક સભામાં સંઘના બંધારણમાં નીચે મુજબના સુધારાઓ રજુ કરવામાં આવશે.

(૧) 'સભ્ય કોણ થઇ શકે?' એને લગતી બંધારણની કલમ ૫ માં જે અપવાદ છે તેને મૂળ કલમમાં અન્તર્ગત કરીને આખી કલમ નીચે મુજબ સુધારવી:—

"સંઘના ઉદ્દેશો તથા નીતિ તેમ જ કાર્યપધ્ધતિ સ્વીકારનાર તેમ જ શિસ્તને લગતા નિયમો મુજબ વર્તવાનું કબુલ કરનાર સોળ વર્ષ ઉપરની ઉમરની કોઇ પણ જૈન વ્યક્તિ તેમ જ જૈન વિચારસરણિ પ્રત્યે આદર ધરાવતી કોઇ પણ જૈનેતર વ્યક્તિ આ સંઘમાં જોડાઈ શકશે.

(૨) ઉદ્દેશોને લગતી બંધારણની કલમ ૨ (ક) તથા (ખ) માં આવતો 'જૈન' શબ્દ કમી કરવો."

(૩) કલમ ૨ (ગ) નીચે મુજબ સુધારવી:—

"સમાજ ઉન્નતિ સાધક સાંસ્કારિક શૈક્ષણિક તેમ જ લલિતકળા-વિષયક પ્રવૃત્તિઓ તથા જનસેવાનાં કાર્યો હાથ ધરવાં."

(૪) સંઘની નીતિ તથા કાર્યપધ્ધતિને લગતી કલમ ૩ (ઘ) માં આવતા નીચેના શબ્દો રદ કરવા:—

"આ યુવક સંઘનું મુખ્ય કાર્યક્ષેત્ર જૈન સમાજ રહેશે. એમ છતાં પણ."

આમાંના પહેલા સુધારાનો આશય મુંબઈ જૈન યુવક સંઘમાં જૈનેતરો અપવાદ તરીકે જોડાઇ શકે છે એવો ભાવ મૂળ કલમમાં રહેલો છે તેના સ્થાને જૈનેતરો નિયમ રૂપે જોડાઈ શકે છે એવો ભાવ સ્પષ્ટ રૂપે સૂચવવાનો છે અને પછીના બીજા તથા ચોથા સુધારાનો આશય મુંબઇ જૈન યુવક સંઘનું કાર્યક્ષેત્ર માત્ર જૈન સમાજ છે એ ભાવ મૂળમાં છે તેના સ્થાને સંઘનું કાર્યક્ષેત્ર વિશાળ જનસમાજ છે એ સૂચવવાનો છે અને ત્રીજા સુધારાનો આશય સંઘની પ્રવૃત્તિઓની મર્યાદાને વધારે વ્યાપક અને વિસ્તૃત રૂપ આપવાનો છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વિષય સૂચિ		પૃષ્ઠ
કોંગ્રેસ-ગાંધીજીના સમયની અને આજની.	અનુ. પરમાનંદ	૧૯૩
'વિલ્સન ડેમ'-પર્યટણનાં મીઠાં સ્મરણો	પરમાનંદ	૧૯૫
કૃષ્ણમૂર્તિની વિચારણા	હીરાલાલ બક્ષી	૧૯૭
અનન્યતા	વિવિત્સુ	૧૯૮
પ્રકીર્ણ નોંધ:- આવી અધીરાઈથી ભૂમિવિતરણની સમસ્યાનો ઉકેલ નહિ આવે, શ્રી. જયાબહેન દાણીની અપીલ.	પરમાનંદ	૧૯૮
મુંબઇ (કાવ્ય)	ગીતા પરીખ	૨૦૦
પંડિત સુખલાલજી સન્માન નિધિમાં ભરાયેલી રકમોની યાદી		૨૦૧
આવતા માર્ચની ૨૨ મીએ શરૂ થતું ભારતનું રાષ્ટ્રીય કેલેન્ડર		૨૦૨
સમાજ-ઉપેક્ષિત બાળકો	ઇન્દુમતિબહેન ચીમનલાલ	૨૦૩

મુંબઈ

રે આ શી મુંબઈ નગરી !
ઠન્ ઠન્ ઠણકે છિદ્રાળી એ
જાણે જિર્જર ગગરી
— રે આ શી....

એની રંગીન લાલાશે
શોણિત શોષિતનાં છાયાં
અસુર છુપાયો મહાવ્યથાનો
કંચનની ધરી કાયા;
પણ સીતાશી જનતા ભોળી
રહી મોહમાં સરી
— રે આ શી....

કાંઠે એને શમે રેતમાં
તરંગની સહુ ભરતી,
તેમ વ્યર્થતામાં પળપળની
પ્રવૃત્તિ સૌ સરતી;
ઘાણીબેલ સમ જીવન ઘૂમે
ધરી કાળની ધૂંસરી
— રે આ શી....

ગીતા પરીખ

પંડિતજીના સન્માનનિધિમાં આપનો ફાળો સત્વર મોકલી આપો !

આગામી માર્ચ માસની અધવચમાં મોટા ભાગે ૧૭ મી તારીખ અને રવિવારે પંડિત સુખલાલજીના માનમાં મુંબઈ ખાતે મોટા પાયા ઉપર સન્માન સમારંભ યોજવામાં આવનાર છે અને આ પ્રસંગે તેમને સન્માન થેલી અર્પણ કરવાની છે. આ સન્માન નિધિમાં રૂા. ૪૮૦૦૦ આજ સુધીમાં એકઠા થયા છે. પોણો લાખ સુધી આ નિધિને પહોંચાડવાનો સન્માન સમિતિ મનોરથ સેવે છે. પંડિતજી પ્રત્યે આદર ધરાવતાં મુંબઇ તેમ જ અન્યત્ર સંખ્યાબંધ ભાઇ બહેનો છે, જેમને પ્રત્યક્ષ મળવાનું અમારા માટે અશકય છે. આ અમારી અપીલને ધ્યાનમાં લઈને, કોઈના કહેવા કે મળવાની રાહ જોયા સિવાય સ્વયંપ્રેરિત જેટલી બની શકે તેટલી રકમ સત્વર મોકલી આપવા આ ભાઇબહેનોને આગ્રહ-ભરી વિનંતિ છે. પંડિતજીની અગાધ જ્ઞાનોપાસના અને અસાધારણ ચિન્તનપ્રતિભાને અનુરૂપ થેલી આપણે આપી શકીએ તેમાં જ આપણી શોભા અને કૃતજ્ઞતા રહેલી છે. સુજ્ઞેષુ કિંબહુના ?

આ રકમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય ઉપર (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) પહોંચાડવી. ચેકથી મોકલનારને 'Bombay Jain Yuvak Sangh' એ નામ ઉપર ચેક લખવા વિનંતિ છે.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦॥
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦॥

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક

બોધિસત્ત્વ

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે
મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મેસર્સ એન. એમ. ત્રિપાઠી લિ. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. ૨.
કીંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦
મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના
ગ્રાહકો માટે કિંમત રૂા. ૧-૦-૦,

પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠાં થયેલા ફાળાની યાદી

૫૦૦૦ શ્રી સોહનલાલ દુગડ કલકત્તા
૩૧૦૦ ,, શાન્તિપ્રસાદ જૈન ,,
૨૦૦૦ ,, રાજેન્દ્રસિંહ તથા નરેન્દ્રસિંહ સિંઘી ,,
૧૫૦૦ ,, પુનમચંદ કોટાવાલા ટ્રસ્ટ મુંબઈ
૧૫૦૦ ,, શ્રેયાંસપ્રસાદ જૈન ,,
૧૦૦૧ ,, ભોળાભાઈ જેસીંગભાઈ દલાલ ,,
૧૦૦૧ ,, રસિકલાલ માણેકલાલ અમદાવાદ
૧૦૦૦ ,, ભાગીરથજી કાનુડિયા કલકત્તા
૧૦૦૦ ,, હેમચંદભાઈ કે. શાહ ,,
૧૦૦૦ ,, હરજસરાયજી જૈન અમૃતસર
૧૦૦૦ ,, રામજીદાસ જીંદલ દિલ્હી
૧૦૦૦ ,, માણેકચંદ પાનાચંદ મુંબઈ
૭૦૧ ,, ત્રિલોકચંદજી સુરાણા કલકત્તા
૫૦૧ ,, ખુશાલભાઈ ખેંગાર મુંબઈ
૫૦૧ ,, એક ભાઈ તથા બહેન તરફથી ,,
૫૦૧ ,, વીરચંદ પાનાચંદ ટ્રસ્ટ ,,
૫૦૧ ,, રામજીભાઈ હંસરાજ ,,
૫૦૧ ,, હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી ,,
૫૦૧ ,, ચીમનલાલ પી. શાહ ,,
૫૦૧ ,, ચીનુભાઇ ચીમનલાલ મેયર– અમદાવાદ
૫૦૧ ,, ઈન્દુમતિબહેન ચીમનલાલ ,,
૫૦૧ ,, સુરજમલજી વૈદ્ય કલકત્તા
૫૦૧ ,, પુનમચંદજી ભુતોડિયા ,,
૫૦૦ ,, ગુલાબચંદ તલકચંદ શેઠ મુંબઈ
૫૦૦ ,, અમૃતલાલ જેઠાલાલ શાહ ,,
૫૦૦ ,, કપુરચંદ નેમચંદ મહેતા ,,
૫૦૦ ,, વીરચંદ મેઘજી ,,
૫૦૦ ,, પ્રવિણચંદ્ર હેમચંદ ચમરચંદ ,,
૫૦૦ ,, મેનાબહેન નરોત્તમદાસ ,,
૫૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી ,,
૫૦૦ ,, કાન્તિલાલ ઇશ્વરલાલ ,,
૫૦૦ ,, જયન્તિલાલ બાપાલાલ મહેતા અમદાવાદ
૫૦૦ ,, ગંગાબહેન ઝવેરી ,,
૫૦૦ ,, ફકીરચંદ ઇશ્વરદાસ મશરૂવાળા ,,
૫૦૦ ,, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ બનારસ
૫૦૦ ,, જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ ,,
૪૦૧ ,, હરગોવિંદદાસ રામજીભાઈ મુંબઈ
૩૦૧ ,, સવાઇલાલ કે. શાહ કલકત્તા
૩૦૧ ,, પરિચંદ્રજી શ્રીચંદ્રજી બોથરા ,,
૩૦૧ ,, મોહનલાલ લલ્લુચંદ શાહ ,,
૩૦૧ ,, મુનિલાલજી મોતીલાલજી જૈન અમૃતસર
૩૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી મુંબઈ
૨૫૧ ,, ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય અમદાવાદ
૨૫૧ ,, સીતાબચંદજી સેકસરીયા કલકત્તા
૨૫૧ ,, છોટેલાલજી જૈન ,,
૨૫૧ ,, વિજયસિંહજી નહાર ,,
૨૫૧ શ્રી રામચંદ્રજી સીંઘી કલકત્તા
૨૫૧ ,, ગોપીચંદ ધાડીવાલ ,,
૨૫૧ ,, કેશુભાઇ પારેખ રાજકોટ
૨૫૦ ,, અંબાલાલ સારાભાઇ તથા સરલાદેવી સારાભાઇ અમદાવાદ
૨૫૦ ,, શ્રીનથમલજી ટાટિયા નાલંદા
૨૫૮ ,, દલસુખભાઇ માલવણિયા બનારસ
૨૫૦ ,, રમણિકલાલ મણિલાલ શાહ મુંબઇ
૨૫૦ ,, ચીમનલાલ ચકુભાઈ શાહ ,,
૨૫૦ ,, ખીમજી માડણ ભુજપુરીયા ,,
૨૫૦ ,, લીલાધર પાસુ શાહ ,,
૨૫૦ ,, મેનેજર ફ્રાંગધ્રા કેમિકલ વર્કસ ફ્રાંગધ્રા
૨૫૦ ,, જીવણલાલ મોતીચંદ શેઠ ચોરવાડ
૨૦૧ ,, હરજીવનભાઈ બારદાનવાળા જામનગર
૨૦૧ ,, કાંતિલાલ પાનાચંદ શાહ (કે. પી. શાહ) ,,
૨૦૧ ,, શંકરલાલ રસિકલાલની કું. અમદાવાદ
૨૦૧ ,, ચંદુલાલ કાંતિલાલ ,,
૨૦૧ ,, પૂરણચંદ્રજી શ્યામસુખા ,,
૨૦૧ ,, ભંવરમલ સિંઘી કલકત્તા
૨૦૦ ,, નાનજી પ્રેમજી ભાડલાવાળા જામનગર
૨૦૦ ,, વડોદરાના ફાળાપેટે વડોદરા
૧૫૧ ,, કેશવલાલ કસ્તુરચંદ અમદાવાદ
૧૫૧ ,, ઠાકરસીભાઈ ચુનિલાલ ,,
૧૫૧ ,, નરેન્દ્રભાઇ લાલભાઇ શેઠ ,,
૧૫૧ ,, ગીરધરલાલ દફ્તરી મુંબઈ
૧૫૧ ,, ગીજુભાઈ ,,
૧૫૧ ,, તારાચંદ ધનજીભાઈ મહેતા ,,
૧૫૦ ,, લલ્લુભાઈ અમીચંદ લિમિટેડ ,,
૧૫૦ ,, કુંજલાલજી ઓસવાળ દિલ્હી
૧૩૧ ,, અંબાલાલ ગણપતરામ અમદાવાદ
૧૦૧ ,, ગંભીરલાલ મનસુખભાઈની પેઢી ,,
૧૦૧ ,, હરિલાલ ગોરધનદાસ ,,
૧૦૧ ,, ચીમનલાલ ગોપાળદાસ ,,
૧૦૧ ,, છોટાલાલ હાલચંદ ,,
૧૦૧ ,, છોટાલાલ ભુખણદાસ ,,
૧૦૧ ,, કાંતિલાલ લાલભાઈ ઠક્કર ,,
૧૦૧ ,, સુરેન્દ્રભાઇ લાલભાઈ ,,
૧૦૧ ,, જીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ) ,,
૧૦૧ ,, રાજપતસિંહજી દુગડ કલકત્તા
૧૦૧ ,, ત્રિકમલાલ શાહ ,,
૧૦૧ ,, મોતીલાલ ભૂરા ,,
૧૦૧ ,, સારાભાઈ એન. શાહ મુંબઈ
૧૦૧ ,, ચંદુલાલ વર્ધમાન શાહ ,,
૧૦૧ ,, અરજણ ખીમજી એન્ડ કું. ,,
૧૦૧ ,, અમરચંદ મેઘજી દોશી ,,
૧૦૧ ,, નાથુરામ પ્રેમીજી ,,
૧૦૧ ,, વેલજી જેવતની કું. ,,
૧૦૧ ,, સેવંતીલાલ કાંતિલાલની કું. ,,
૧૦૧ શ્રી પદ્મસિંહજી મુળજી વિશ્રામ જામનગર
૧૦૧ ,, મેનેજર ભાવનગર ઇલેકટ્રીક કું. ભાવનગર
૧૦૧ ,, ગુણવંતભાઈ ફામદાર ,,
૧૦૧ ,, ચંદુલાલ મૂળચંદ ઝવેરી પાલણપુર
૧૦૧ ,, રીખવચંદ પારસમલ એંગલોર
૧૦૧ ,, મોહનલાલ ખારીવાલ ,,
૧૦૦ ,, શાન્તિલાલ હ. શાહ મુંબઈ
૧૦૦ ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી ,,
૧૦૦ ,, હીરાબહેન દીપચંદ સંઘવી ,,
૧૦૦ ,, જદવજી સોમચંદ મહેતા ,,
૧૦૦ ,, હેમચંદભાઇ મેઘજી શાહ ,,
૧૦૦ ,, મોહનભાઈ મહેતા (સોપાન) ,,
૧૦૦ ,, ઊંઝા ફાર્મસી લિ. ઊંઝા
૧૦૦ ,, હરજીવનભાઈ કાળીદાસ જામનગર
૧૦૦ ,, વોકર એન્જરિઆ એન્ડ સન્સ (પ્રાઇવેટ) લિ. ,,
૧૦૦ ,, વેસ્ટર્ન મોટર્સ લિ. ,,
૧૦૦ ,, વિજયસિંહજી કોઠારી કલકત્તા
૧૦૦ ,, કૃષ્ણચંદ્રાચાર્યજી બનારસ
૧૦૦ ,, પાસુભાઇ શિવજી અમલનેર
૧૦૦ ,, જયુભાઇ પરીખ ભાવનગર
૯૬ ,, લોકભારતી સંસ્થાના કાર્યકરો સણોસરા
૭૫ ,, મોહનલાલ મહેતા બનારસ
૫૧ ,, અગરચંદજી ભંવરલાલ નહાટા કલકત્તા
૫૧ ,, મહાલચંદ્રજી બોથરા ,,
૫૧ ,, નવરતનમલ સુરાણા ,,
૫૧ ,, એક સદ્‌ગૃહસ્થ અમદાવાદ
૫૧ ,, હસમુખલાલ સુંદરલાલની કું. ,,
૫૧ ,, ઉમાશંકર જોશી ,,
૫૧ ,, માવળંકર કુટુંબ ,,
૫૧ ,, પન્નાલાલ ઝવેરી ,,
૫૧ ,, ગીરધરલાલ દામોદરદાસ ,,
૫૧ ,, ચંદુલાલ કેશવલાલ શાહ મુંબઇ
૫૧ ,, વોરા એન્ડ કું. ,,
૫૧ શ્રી. કનુભાઇ ગંભીરચંદની કું. સાંગલી
૫૧ ,, અમીચંદ બેમચંદ શાહ પાટણ
૫૧ ,, મુલતાનમલજી હસ્તીમલજી એન્ડ કું. બેંગલોર
૫૧ ડો. હીરાલાલજી જૈન પટણા
૫૧ ડો. અમીચંદ છગનલાલ સુરત
૫૦ શ્રી. કુંવરજી દેવશીની કું. મુંબઇ
૫૦ પ્રા. પદ્મનાભજી જૈન બનારસ
૩૧ શ્રી. ચંદુલાલ ભાઇચંદ અમદાવાદ
૩૧ ,, નગીનદાસ કચરભાઇ ,,
૩૧ ,, જગાભાઇ હરિભાઇ ,,
૨૫ ડો. એ. એસ. આલ્ટેકર પટણા
૨૫ શ્રી. શિવજી દેવસી પાલીતાણા
૨૫ ,, વિજયકુમાર ત્રિવેદી મહેસાણા

૪૬૨૪૭

બાકીની યાદી આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ.

આવતા માર્ચની ૨૨મીએ શરૂ થતું ભારતનું રાષ્ટ્રીય કેલેન્ડર

ભારતમાં કાલગણના માટે નવું ભારતીય કેલેન્ડર તરતમાં અમલી બનાવવાનો ભારત સરકારનો નિર્ણય જાહેર થયો છે.

નવ વર્ષ પહેલાં ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ હવે ભારતીય સંસ્કૃતિ જાળવી રાખવાનું અને સંસ્કૃતિદર્શક કાર્યો કરવાનું શક્ય બન્યું છે. નવું ભારતીય કેલેન્ડર એ કાલગણનાની નવી પદ્ધતિ દર્શાવતું હોઈ ભારતીય-સંસ્કૃતિદર્શક એક મહત્ત્વનું અંગ બનશે. કાલગણનાની સમગ્ર દેશ માટે એકસરખી પદ્ધતિ નક્કી કરવા માટે ભારત સરકારે સને ૧૯૫૨ માં દેશભરના પીઢ વિદ્વાનોની પંચાંગ સુધારણા સમિતિ નીમી હતી. આ સમિતિને બે કાર્યો સોંપવામાં આવ્યાં હતાં. (૧) કેલેન્ડર: વ્યવહારમાં ઉપયોગી બને તેવી દિવસ-માસ-વર્ષ ગણવાની પદ્ધતિ દર્શાવતું કેલેન્ડર તૈયાર કરવાનું (૨) પંચાંગ: આકાશમાંના ગ્રહોની ગતિ સ્થિતિ અનુસાર ધાર્મિક પર્વો, વ્રતો, ઉત્સવો માટે ઉપયોગી માર્ગદર્શન આપનાર પંચાંગો પ્રાચીન કાળથી આજ સુધી સતત નીકળે છે તેમાં એકવાક્યતા લાવવાનો માર્ગ સૂચવવાનું.

કેલેન્ડરનો સ્વીકાર

આ સમિતિએ ભારતની કાલ ગણનાની પ્રાચીન પદ્ધતિનો ઊંડો અભ્યાસ કરી વિશ્વની મુખ્ય કાલગણના પદ્ધતિને ધ્યાનમાં લઈ ઉપરનાં બન્ને કાર્યો પૂરાં કરી તે બાબતનો હેવાલ સરકારને સુપ્રત કર્યો છે. આ અહેવાલ ભારત સરકારનાં કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચ, પ્રકાશન વિભાગ, ઓલ્ડ મિલ રોડ, ન્યૂ દિલ્હી, તરફથી કેલેન્ડર રીફોર્મ કમિટીનાં રિપોર્ટ તરીકે બહાર પાડવામાં આવેલ છે. ઉપરની બે બાબતોમાંની ભારતીય કેલેન્ડરની પદ્ધતિ અમલમાં મૂકવાનો નિર્ણય સરકારે જાહેર કર્યો છે, જ્યારે બીજી બાબત પંચાંગોમાં એકવાક્યતા લાવવા વિષે સરકારે હજી સુધી કોઈ પણ જાહેરાત કરી નથી.

ચિંતાનું કારણ નથી.

ભારત સરકારે નવું કેલેન્ડર અમલી બનાવવાની જાહેરાત કરી ત્યારે કેલેન્ડર એટલે પંચાંગ એવો અર્થ ઘટાવી ઘણા સમાચારપત્રોએ સરકાર નવું પંચાંગ શરૂ કરનાર છે એ મતલબનાં લખાણો કર્યા હતાં અને તેના પરિણામે જનતામાં કેટલીક ગેરસમજ પણ ઉભી થવા પામી છે. આવી ગેરસમજના પરિણામે "હવે પંચાંગમાં અધિક મહિના કે તિથિની ક્ષયવૃદ્ધિ નહિ આવે અને તેને પરિણામે પરંપરાશુધ્ધ ધાર્મિક કાર્યો યોગ્ય સમયે નહિ થઈ શકે" એવી પણ માન્યતા ધાર્મિક જનતામાં ફેલાવા પામી છે. પરંતુ સરકારી નિર્ણય ફક્ત કેલેન્ડરને અમલમાં મૂકવા માટેનો છે. પંચાંગ સંબંધી સરકારે હજુ સુધી કોઇ પણ નિર્ણય લીધો હોવાનું જાહેર કર્યું નથી. એટલે ધર્મપ્રેમી જનતાએ કેલેન્ડર બાબતના સરકારી નિર્ણયથી ચિંતા કરવાનું કંઈ પણ કારણ નથી.

ભારતીય કેલેન્ડર

હાલમાં ભારતમાં લોકવ્યવહારમાં ઈસવીસન, અંગ્રેજી મહિના અને અંગ્રેજી તારીખો છેલ્લાં દોઢસો વર્ષથી પ્રચારમાં છે. ઇસવીસન ખ્રિસ્તી સંસ્કૃતિ દર્શક વસ્તુ છે. તેમાં જાન્યુઆરી ઈત્યાદિ મહીનાઓ પણ ખ્રિસ્તી સંસ્કૃતિ દર્શાવે છે. ભારત સ્વતંત્ર થયા બાદ આ વસ્તુ ચાલુ રાખવાનું ખાસ કારણ નથી. તેથી તેને બદલે સરકારી સમિતિએ સૂચવેલી વર્ષગણના, માસગણના અને દિનગણના ભારતના લોકવ્યવહારમાં ચાલુ કરવાનો સરકારનો આશય છે. છેલ્લાં દોઢસો વર્ષથી ચાલતી આવતી પદ્ધતિને એકાએક ફેરવીને નવી પદ્ધતિ દાખલ કરવાથી તેને એકદમ અનુસરવાનું જનતા માટે મુશ્કેલ બને. તેથી તે મુશ્કેલી ટાળવા માટે થોડાં વર્ષો સુધી ભારતીય તેમ જ ખ્રિસ્તી પધ્ધતિ બન્નેનો સાથે નિર્દેશ કરવાનું વિચાર્યું છે. પરંતુ થોડા વર્ષ પછી ઇસવીસન અને અંગ્રેજી મહિનાઓને બદલે આપોઆપ જ ભારતીય કેલેન્ડર અમલી બની શકશે. 'स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः" એ દૃષ્ટિએ ભારતીય પ્રજાએ પણ પરાવલંબન ટાળી ભારતીય સંસ્કૃતિદર્શક કેલેન્ડર સંપૂર્ણપણે અપનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

આ નવા ભારતીય કેલેન્ડરની પધ્ધતિ નીચે મુજબની છે:-

નવા વર્ષનો પ્રારંભ

જે દિવસે સૂર્ય વિષુવવૃત્ત પર આવી ઉત્તર ગોલમાં પ્રવેશ કરે તે દિવસથી વર્ષારંભ થાય છે. પૃથ્વીના ઉત્તર ગોલાર્ધમાં આ દિવસથી સૂર્ય બાર કલાકથી વધારે સમય સુધી પ્રકાશતો રહેવાની શરૂઆત થાય છે અને દિવસ મોટો થતો જાય છે. દિવસ મોટો થવાની શરૂઆતથી વર્ષારંભ માનવાનો નિર્ણય થયો છે. પૃથ્વીપર અને આકાશમાં સૂર્યને અનુલક્ષીને એક મહત્ત્વનો ફેરફાર થાય છે તે જ વખતે નવા વર્ષની શરૂઆત એ નવા ભારતીય કેલેન્ડરની મહત્તા છે. અંગ્રેજી વર્ષ તા. ૧ જાન્યુઆરીથી શરૂ થાય છે. તે વખતે આકાશમાં કોઇ નવો મહત્ત્વનો ફેરફાર થતો હોતો નથી. તેથી ઈસવીસનનો વર્ષારંભ નૈસર્ગિક સ્થિતિને દર્શાવતો નથી. ભારતીય વર્ષારંભ નૈસર્ગિક સ્થિતિનું સૂચન કરનાર બને છે. આ દિવસને વિષુવદ્દિન તરીકે માનવામાં આવે છે અને તેનું મહત્ત્વ ભારતીય પ્રાચીન ગ્રંથોમાં અને વેદમાં પણ દર્શાવવામાં આવેલ છે. આ દિવસથી રાત્રી નાની અને દિવસ મોટા થવા લાગે છે અને તેથી કાર્યપ્રવૃત્તિનો વેગ વધે છે. એ જ વિષુવદ્દિન હવે સમગ્ર ભારતવર્ષારંભનો દિવસ બનશે.

શાલિવાહન શક શા માટે ?

હાલમાં કલિયુગમાં જે ૭ શકો માનવામાં આવેલ છે તેમાં શાલિવાહન શકનો સ્વીકાર આ કેલેન્ડરમાં કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે શાલિવાહન શક ૧૮૭૮ ચાલે છે. ભારતમાં શાલિવાહન શકની વર્ષગણના ભારતના બહુ મોટા ભાગમાં પ્રચલિત છે. સાથે સાથે વિક્રમ સંવત પણ પ્રચલિત છે. પરંતુ સમગ્ર ભારતવર્ષ માટે એક જ પધ્ધતિનું લોકવ્યવહારમાં ઉપયોગી કેલેન્ડર બની શકે તે માટે ભારતના મોટા ભાગમાં ચાલતો શાલિવાહન શક સ્વીકારવામાં આવેલ છે.

મહિના એ જ રહેશે.

વર્ષનો આરંભ ચૈત્ર માસથી થશે. અને મહિનાઓનાં નામો જે ચાલુ છે તે, ચૈત્ર વૈશાખ વગેરે, તેનાં તે જ રાખવામાં આવેલ હોઇ વ્યવહારમાં તેને મૂકવામાં કંઈ મુશ્કેલી અનુભવવી પડશે નહિ. આ મહિનાઓમાં નવમા મહિના માટે 'માર્ગશીર્ષ' અને 'અગ્રહાયન' એવાં બે નામોની સૂચના સરકારી સમિતિએ કરેલી છે. આ બે નામોમાં 'માર્ગશીર્ષ' ભારતના મોટા ભાગમાં રૂઢ થયેલું નામ છે; એટલું જ નહિ ભારતના મોટા ભાગમાં 'અગ્રહાયન' નું નામ લોકોને ખબર પણ નથી. તેથી અમારી સરકારને નમ્ર સૂચના છે કે તે મહિનાનું નામ માર્ગશીર્ષ કાયમ રાખવાથી એકવાક્યતા જળવાઈ રહેશે. બાકીના ૧૧ મહિનાનાં નામો માટે તેવો કોઇ મતભેદ નથી. ઉપર જણાવ્યા મુજબ વર્ષ નૈસર્ગિક હોવાના કારણે તેના મહિનાઓ પણ નૈસર્ગિક હોવા આવશ્યક છે. નવા કેલેન્ડરની યોજનામાં મહિનાઓની ગોઠવણી પણ નૈસર્ગિક કરવામાં આવી છે. વિષુવવૃત્તથી સૂર્યમાર્ગના બાર વિભાગો પાડેલા હોઇને દરેક વિભાગમાં સૂર્યને ફરતાં અંદાજે જેટલા દિવસ લાગે તે મુજબ દરેક મહિનાના દિવસો આ નવા કેલેન્ડરમાં નક્કી કરવામાં આવ્યા છે.

એક દિવસ ક્યારે વધે ?

અંગ્રેજી મહિનાના દિવસોનું પ્રમાણ આ દૃષ્ટિએ બરોબર નથી. ખરી રીતે જોતાં આ નવા કેલેન્ડરમાં સુચવાયેલા મહિનાઓ, ઋતુપ્રધાન-સાયન સૌર માસ છે. દરેક મહિનાના દિવસો સૂર્યની નૈસર્ગિક ગતિને અનુસરી નક્કી કરવામાં આવેલ હોઈ તે શાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વના બને છે. વર્ષની લંબાઈ ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકન્ડ આશરે છે. તેમાં દર વરસે ૩૬૫ દિવસને બાર માસમાં વહેંચી નાખવામાં આવ્યા છે. અને બાકી રહેતા કલાક મિનિટોનો મેળ સરખો કરવા ચોથા વરસે (વૃદ્ધિ વર્ષ-Leap Year) એક દિવસ વધારવાની પધ્ધતિ સ્વીકારવામાં આવી છે. આટલું કર્યા બાદ વરસે બાકી રહેનાર

સમયનો મેળ સરખો કરવા દર સો વરસે ચાલુ વૃદ્ધિવર્ષપધ્ધતિમાં સુધારો સૂચવવામાં આવેલ છે.

માસના કેટલા દિવસ ?

ચૈત્ર (વૃદ્ધિ વર્ષ) વૈશાખ, જ્યેષ્ઠ, આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ માસના ૩૧ દિવસો તથા આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, માઘ, ફાલ્ગુન અને ચૈત્ર (સામાન્ય વર્ષમાં) ના ૩૦ દિવસો નક્કી કરવામાં આવ્યા છે. આ રીતે સામાન્ય વર્ષના દિવસ ૩૬૫ તથા વૃદ્ધિ વર્ષ (Leap Year) ના દિવસ ૩૬૬ થાય છે.

વૃદ્ધિ વર્ષનો નિયમ

વૃદ્ધિ વર્ષનો નિયમ આંતરરાષ્ટ્રીય પધ્ધતિ સાથે મેળ રહે તે રીતે નક્કી કરવામાં આવેલ છે. શક વર્ષ અને ઇસ્વીસન વચ્ચે ૭૮ વર્ષનો ફરક છે એ હકીકત લક્ષ્યમાં લાઈને શક વર્ષની સંખ્યામાં ૭૮ ઉમેરતાં જે આંક આવે તેને ચારથી નિઃશેષ જે વર્ષમાં ભાંગી શકાય તેને વૃદ્ધિ વર્ષ ગણી તે વર્ષના પ્રથમ ચૈત્ર માસના ૩૧ દિવસ ગણવાનું ઠરાવવામાં આવેલ છે. દાખલા તરીકે શકે, ૧૮૭૮, ૧૮૮૨, ૧૮૮૬, ૧૮૯૦, ૧૮૯૪ વગેરે વર્ષો વૃધ્ધિ વર્ષ છે. પરંતુ શક વર્ષની સંખ્યામાં ૭૮ ઉમેરતાં આવેલો સરવાળો સેંકડાનો પૂર્ણાંક (૨૦૦૦, ૨૧૦૦, ૨૨૦૦ વગેરે) થાય ત્યારે તે સરવાળાને ૪ થી ભાગવાનો નિયમ લાગુ ન પાડતાં ૪૦૦ થી નિઃશેષ ભાગી શકાય તો જ તે વર્ષ વૃધ્ધિ વર્ષ સમજવું. આ નિયમ મુજબ હવે પછી શકે. ૧૯૨૨, ૨૩૨૨, ૨૭૨૨ વૃદ્ધિ વર્ષ આવશે, પણ શકે ૨૦૨૨, ૨૧૨૨, ૨૨૨૨ વૃધ્ધિ વર્ષ આવશે નહિ.

તિથિ નહિ પણ દિનાંક

હાલમાં આપણે તા. ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિ તેમ જ તા. ૭ મી જૂને મૃગ નક્ષત્ર વ્યવહારમાં ગણીએ છીએ. નવા કેલેન્ડર મુજબ તે સમજ હવે બદલવી પડશે. મકર સંક્રાંતિ કે મૃગ નક્ષત્રમાં સૂર્ય અગાઉની જેમ તે જ દિવસે આવશે; પરંતુ તા. ૧૪ જાન્યુ. આરીને બદલે તા. ૨૪ પોષ તેમ જ તા. ૭ જૂનના બદલે તા. ૧૭ જ્યેષ્ઠ કહેવામાં આવશે. અહીં દિવસ તે જ રહેશે, ફકત તારીખ તથા મહિનાના નામોની ભાષા બદલાશે.

નવા કેલેન્ડર મુજબ ચૈત્રાદિ દરેક માસના આરંભનો પહેલો દિનાંક હાલના અંગ્રેજી મહિનાની કઈ તારીખે આવશે તે નીચે આપેલ છે.

૧	ચૈત્ર (વૃધ્ધિ વર્ષમાં)	૨૧ માર્ચ
૧	ચૈત્ર (ચાલુ વર્ષમાં)	૨૨ માર્ચ
૧	વૈશાખ કાયમ	૨૧ એપ્રિલ
૧	જ્યેષ્ઠ ,,	૨૨ મે
૧	આષાઢ ,,	૨૨ જૂન
૧	શ્રાવણ ,,	૨૩ જૂલાઈ
૧	ભાદ્રપદ ,,	૨૩ ઓગસ્ટ
૧	આશ્વિન ,,	૨૩ સપ્ટેમ્બર
૧	કાર્તિક ,,	૨૩ ઓકટોબર
૧	માર્ગશીર્ષ ,,	૨૨ નવેમ્બર
૧	પોષ ,,	૨૨ ડિસેમ્બર
૧	માઘ ,,	૨૧ જાન્યુઆરી
૧	ફાલ્ગુન ,,	૨૦ ફેબ્રુઆરી

ભારત સરકારે નવું કેલેન્ડર શરૂ કરતાં પહેલાં જ કેલેન્ડર, તારીખ લીપ યિર વગેરે અંગ્રેજી શબ્દોના ભારતીય નામો તરત નક્કી કરી લેવા આવશ્યક છે.

સૌથી વધુ નૈસર્ગિક

ઉપર આપેલી માહિતી ઉપરથી અંગ્રેજી માસની અમુક જ તારીખે આવતા મહત્ત્વના દિવસો ભારતીય કયા માસના કયા દિને આવશે તે નક્કી કરી શકાશે. આ નવું ભારતીય કેલેન્ડર વિશ્વમાં ચાલતાં કોઈ પણ કેલેન્ડર કરતાં વધારે નૈસર્ગિક હોઈ તે સર્વશ્રેષ્ઠ છે. અખિલ વિશ્વની કાલગણના માટે વિશ્વ કેલેન્ડરની વિચારણા માટે પણ ભારતીય કેલેન્ડરના નિયમો ઉપયોગી બનશે તેમાં શંકા નથી. બૃહન્મહારાષ્ટ્ર જ્યોતિષ સંમેલનની જે સભાઓ છેલ્લાં બે ત્રણ વર્ષમાં ભરાઈ હતી તે દરેક સભાઓમાં ભારતના આ નવાં કેલેન્ડરની રચનાને ટેકો આપી તેનું ગૌરવ કરવામાં આવેલ છે અને નવું ભારતીય કેલેન્ડર વહેલી તકે અમલમાં લાવવાની બૃહન્મહારાષ્ટ્ર અને ગુજરાતના વિદ્વાન જ્યોતિષીઓએ ભારત સરકારને વિનંતિ કરી છે.

સહકાર મેળવો

ભારતના પંચાંગ કર્તાઓ, સમાચાર પત્રો, તેમજ સામાજિક સંસ્થાઓનો સાથ આ કાર્ય માટે લેવામાં આવે તો આ નવું કેલેન્ડર ઝડપથી લોકભોગ્ય બનશે અને સેંકડો વર્ષ પછી આપણા હાથમાં આવેલ શાસ્ત્રશુદ્ધ ભારતીય દિનગણના–પદ્ધતિ સમગ્ર ભારતમાં સર્વવ્યાપી થશે.

આ નવું ભારતીય કેલેન્ડર અંગ્રેજી તારીખ ૨૨ માર્ચ ૧૯૫૭ શુક્રવાર–ફાલ્ગુન વદિ ૭–થી શરૂ થશે અને આ દિવસે નવા ભારતીય કેલેન્ડર મુજબ દિનાંક ૧ માસ ચૈત્ર શકે ૧૮૭૯ થશે.

તેમાં તારીખો એ તિથિઓ નથી.

ભારતના નવાં કેલેન્ડરની સરકારી જાહેરાતની પૂરતી સમજની ગેરહાજરીમાં ધર્મપ્રેમી જનતામાં ઘણી ગેરસમજ ફેલાવા પામી છે. હાલમાં જન્માષ્ટમી, રામનવમી, દશેરા, દિવાળી જેવા તિથિને અવલંબેલા પર્વના દિવસો નવાં કેલેન્ડર મુજબ તે દિવસે નહિ આવે અને તેથી ધાર્મિક વ્રતો તે માટેની તિથિઓમાં નહિ થાય એવી માન્યતા પ્રસરવા પામી છે, પરંતુ ખરી રીતે તેમ નથી. નવા ભારતીય કેલેન્ડરના દિનાંક તે તિથિઓ નથી, પરંતુ દિનાંકનો ક્રમ છે, અને તે વ્યવહારની સરળતા માટે છે તેની સ્પષ્ટતા કરવી અહીં જરૂરી છે. નવા કેલેન્ડર મુજબ પણ રામનવમી ચૈત્ર શુદ્દિ ૯ સોમવારે જ તા. ૮ એપ્રિલ આવશે. જન્માષ્ટમી શ્રાવણ વદિ ૮ રવિવાર તા. ૧૮ ઓગસ્ટે, દશેરા આશ્વિન શુદ્દિ ૧૦ ગુરૂવાર તા. ૩ જી ઓકટોબરે તથા દિવાળી આશ્વિન વદિ અમાસ મંગળવાર તા. ૨૨ ઓકટોબરે આવશે. નવા ભારતીય કેલેન્ડરમાં આ માટેના દિનાંક અનુક્રમે ૧૮ ચૈત્ર, ૨૭ શ્રાવણ, ૧૧ આશ્વિન તથા ૩૦ આશ્વિન હશે. એટલે વ્રતો, પર્વોના દિવસોમાં ફરક પડવાનો નથી. પરંતુ ઉપલાં પર્વો જેમ દર વરસે જુદી જુદી તારીખોએ આવે છે તેમાં નવા કેલેન્ડર મુજબ તેના દિનાંકો પણ જુદા જુદા આવશે.

'જન્મભૂમિ' માંથી સાભાર ઉધ્ધૃત.

સમાજ–ઉપેક્ષિત બાળકો

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ઈન્દુમતી બહેન ચીમનલાલે આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)

धारयते इति धर्मः । સમાજને તન્દુરસ્ત કરે તેવી બધી પ્રવૃત્તિને ધર્મ પ્રવૃત્તિ માનીને સામાજિક પ્રશ્નોને આ વ્યાખ્યાનમાળામાં હંમેશા સ્થાન આપવા માટે યુવક સંઘને અભિનન્દન ઘટે છે. સમાજના નબળા અંગોમાંથી દોષ, વિકૃતિ અને નબળાઇ દૂર થાય તો સમાજ બળવાન અને નીતિવાન બને અને તો આપોઆપ તેનું ઊર્ધ્વીકરણ થાય છે.

'સમાજ ઉપેક્ષિત બાળકો' એ એક રીતે આપણે ત્યાંજ નહિ પણ દુનિયાભરમાં નવો પ્રશ્ન છે. ખેતીપ્રધાન સમાજમાં અને સંયુકત કુટુંબ પ્રથામાં આ પ્રશ્નને મોટું સ્થાન નહોતું. બાળકો ગામ અને વડીલની હુંફમાં સાદા જીવનમાં ઉછરી જતા. ઔદ્યોગીકરણની સાથે જીવનની વિષમતા વધી અને આ પ્રશ્ને ધ્યાન ખેંચવા માંડયું.

ઈન્ગ્લેન્ડમાં ૧૯ મી સદીની શરૂઆત સુધી બાલરક્ષણ જેવું કાંઈ નહોતું બાળક એ રાષ્ટ્રની મોટામાં મોટી સંપત્તિ છે એ ખ્યાલ નવો છે. કારખાનાઓમાં નાનાં બાળકો કામ કરતાં અને તેમના જીવનના ભોગે ધનવાનો વધુ ધનસંચય કરતા. ખ્રીસ્તી ધર્મ અને દયાને નામે સૌથી પહેલો કાયદો થયો–નહિ કે રાષ્ટ્રના કે સમાજના નુકશાનને કારણે.

આજે આ વસ્તુ સ્પષ્ટ થઇ છે. હિન્દુસ્તાનમાં પણ ૨૫–૩૦ વર્ષથી આ ક્ષેત્રમાં રસ શરૂ થયો છે. દરેક બાળકને વિકાસ માટે તક

અને સંજોગો મળવા જોઇએ તે સ્વીકારાયું છે. અને લોકશાહીમાં વ્યક્તિગત બાળકનું મૂલ્ય પણ ઘણું વધી ગયું છે.

સમાજના ઉપેક્ષિત બાળકો મોટે ભાગે અનાથ અથવા કુછંદે ચઢી ગયેલાં અથવા કોઇના ભોગ બનેલાં હોય છે. આ બાળકોનો વિકાસ સાધવા માટે અને સારા નાગરિક બનાવવાને માટે સંભાળ અને લાગણીની જરૂર છે.

કુછંદે ચઢેલાં અથવા નાનો મોટો ગુન્હો કરેલા બાળકનો પ્રશ્ન આપણને મુંઝવે છે. કેવા ઉપચાર કરીએ તો તે ગુન્હો ન કરે અને તન્દુરસ્ત નાગરિક બને–આ વિચાર કરતા આપણે જોઈ શકીશું કે શિક્ષા કે જબરજસ્તીથી કદી કામ નહિં થાય. બાળક જન્મથી સારૂં હોય છે અને તેને સારૂં રહેવું ગમે છે એ મુખ્ય સિધ્ધાન્ત ઉપર જ બાલરક્ષણનું આખું કામ અવલંબે છે. વાતાવરણ અને સંજોગો માનસગ્રન્થિઓ પેદા કરે છે, બાળકને અસામાજિક કૃત્યો તરફ ધસડે છે. આ વાતાવરણ અને સંજોગો બદલાય તો બાળક સહેલાઇથી સારો માનવ અને નાગરિક બને. આ માટે સૌથી પહેલી જરૂર બાળકને લાગણીની, હુંફની, પ્રેમની છે. સામાન્ય ગરીબી અને હાડમારી બાળકના વિકાસમાં અવરોધ નથી ઉભા કરતા. પણ માતાપિતા અથવા કુટુંબીજનો વચ્ચે ઘર્ષણ અને કલહકંકાસ અને બાળકના પોતાના પ્રત્યે દુર્લક્ષ અને ઉપેક્ષા અથવા બાળકો વચ્ચે વેરો–આન્તરો અથવા પ્રેમની અસન્તોષાયલી ભૂખ અનેક માનસ વિકૃતિઓ અને ગ્રન્થિઓ ઉભી કરે છે. સ્વાભાવિક જ છે કે ઔદ્યોગિક શહેરોમાં બાળકોની આ નબળાઇ અને અસન્તોષ વધુ હોય છે અને આપણી પાસે અસામાજિક પ્રવૃત્તિ કરતા બાળકનો કોયડો ઉકેલ માટે આવે છે.

કેટલાક બાળકોના સાચે જ માતપિતા નથી હોતા અથવા ગેરકાયદે બાળકોને માતપિતાએ તજી દીધા હોય છે. આ અનાથ બાળકો કહેવાય છે.

કેટલીક વાર રીતસરની ટોળકીઓ આવા બાળકોને વ્યવસ્થિત રીતે ફોસલાવીને લઇ જાય છે અને ભિખારીના અને બીજા ખોટા ધન્ધામાં પાડે છે.

આ અસંખ્ય બાળકોને જો વેળાસર સંસ્કાર શિક્ષણ અને વિકાસના માર્ગે વાળવામાં આવે તો દેશની એ કેવડી મોટી મુડી થાય, અને દેશની પ્રગતિકૂચમાં પોતાનો પૂરો ફાળો આપે, પણ જો તે ઉપેક્ષિત જ રહે તો ! તો તમે સમજી શકશો કે દેશના નુકસાનમાં તેઓ પોતાનો ફાળો નોંધાવશે અને તે ઉપરાન્ત બીજાને બગાડવામાં પણ તેઓ પ્રવૃત્ત થઈ સમાજના નૈતિક અને બીજા બધાં ધોરણો નીચે લાવવામાં મદદરૂપ થશે.

તેથી આ કાર્ય પુણ્ય અને દયાના કામની સાથે રાષ્ટ્ર ઘડતરનું મહત્વનું રચનાત્મક કામ છે તે આપણે સ્વીકારીને તેમાં રસ લેવો જરૂરી છે.

મુંબઈ રાજ્યમાં સામાજિક કાર્યકર્તાઓ, સંસ્થાઓ અને સરકારના સહકારથી કામ પ્રમાણમાં સારૂં થયું છે, પણ હજી તો ઘણું બાકી છે. વર્ષોની મહેનત પછી આજે જીલ્લે જીલ્લે આ કામને માટે કેન્દ્રો અને સંસ્થાઓ સ્થપાયેલ છે. બાળકોની જૂની અદાલતો અને બાલનિરીક્ષણગૃહ (રીમાન્ડ હોમ) દરેક જીલ્લામાં સ્થપાયેલ છે. અનાથ રખડતાં અથવા અસામાજિક કૃત્ય કરતાં બાળકોને આ બાળકેન્દ્રોમાં લાવવામાં આવે છે. ત્યાં તેમના કેસો ઝીણવટથી સહાનુભૂતિથી અને સમજપૂર્વક તપાસવામાં આવે છે. બાળકોની શરીરસંભાળ રાખવામાં આવે છે. માબાપ અથવા વાલીને પણ સમજાવવાના પ્રયત્ન થાય છે. આ માટે ખાસ અધિકારીઓ અને સમાજસેવકો રોકાયલા હોય છે. બાળકોના પ્રશ્નો સમજી શકે તેવા ખાસ મેજીસ્ટ્રેટ અને સમાજકાર્યકર્તા બહેન બાળકના સંજોગો, પૂર્વઇતિહાસ વગેરે વિચારીને બાળકોને કાં તો ખાસ માન્ય શાળાઓમાં મોકલી આપે છે અથવા વાલીને અને બાળકને સમજાવીને અમુક સરતે વાલીને પાછા સોંપે છે અને નિરીક્ષક અધિકારી તે વાલી સાથે સંપર્કમાં રહી બાળકની પ્રગતિ ઉપર નજર રાખે છે. દર વર્ષે આપણા જૂના મુંબઈ રાજ્યમાં લગભગ ૧૧ થી ૧૨ હજાર કેસ આ પ્રકારે અદાલત આગળ જાય છે.

માન્ય શાળામાં બાળકને રહેવાની અને શીખવાની વ્યવસ્થા હોય છે. સામાન્ય શિક્ષણ સાથે કોઈ ઉદ્યોગ ધન્ધો તે શીખે છે અને ૧૬–૧૭ વર્ષની ઉમ્મરે તે ધન્ધો શીખીને બહાર નીકળે છે. આવા જુવાનોને જો સારી રીતે કામધન્ધો મળી જાય છે તો તેઓ સ્થિર બનીને પોતાનો સંસાર ચલાવી સારા નાગરિક બની જાય છે. પણ જો તેને કોઈ નોકરી ન આપે, કામ ન આપે અને તેના ભૂતકાળને કારણે તે બેકાર જ રહે તો ફરી પાછો તે ખોટા ધન્ધામાં ન ઘસડાય તો શું નવાઇ! કયાં સુધી તે બેકારી અને ભૂતકાળની નામોશી સહન કરીને સન્માર્ગે ટકી શકશે ?

આજે જૂના મુંબઈ રાજ્યના વિસ્તારમાં લગભગ ૬૦૦૦ બાળકો માન્યશાળાઓમાં તાલીમ લઇ રહ્યા છે. આવી શાળાઓની ઘણી જરૂર છે, પણ પૈસા અને કાર્યકર્તાઓ કયાં છે ? સરકાર દર વર્ષે આ કામ પાછળ ૩૦ લાખ ખર્ચે છે અને બીજી પંચવર્ષીય યોજનામાં ૩૦ લાખ રૂપિયા ખર્ચવાના છે. પણ આ રકમ અપૂરતી છે અને બાલપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી સંસ્થાઓ અને વ્યક્તિઓ વધુ રસ લઇને સાથ આપે તો જ આ કામને પહોંચાય.

આવી સંસ્થાઓને વ્યક્તિગત આપણે શું મદદ કરી શકીએ એ સ્વાભાવિક પ્રશ્ન છે.

આ બાળકોને બહેનોની હુંફ અને લાગણીની ઘણી ભૂખ હોય છે. આવી સંસ્થાઓમાં જઇને દસ–પન્દર–વીસ બાળકોની માયા બાંધી તેમને લાગણીનો અનુભવ કરાવવો, તેમને બની શકે તો કાંઇક નજીવી ભેટો–રમકડાં વગેરે આપવાં. આ બાળકોને મન ઘણી મોટી વાત બને છે. પોતાના સગાવહાલા અને પાડોશીને પણ આવા બાળકો પ્રત્યે સહાનુભૂતિ રાખવા સમજાવી શકાય. બાળક શિક્ષાથી કદી સુધરી નથી શકતું–ભલે તે બીકનું માર્યું દબાઇ જાય–પણ સમજ અને લાગણી જ તેનો વિકાસ અને સુધાર કરી શકે છે તેમ સમજવું અને તેનો અમલ કરવો. બાળક માત્ર જન્મથી સારા હોય છે, તેની પરિસ્થિતિ તેનામાં વિકૃતિ અથવા સમાજવિરોધી તત્ત્વને પ્રવેશ અને પોષણ આપે છે. આ સિધ્ધાન્ત ફકત આ કમભાગી બાળકોને નહિં પણ આપણા ઘરના બધાં બાળકોને પણ લાગુ પડે છે. ત્યાં સામાન્ય વાતાવરણ જો વિકસે તો સમાજ જાગૃત થાય.

બાલભિખારીઓને દયાથી પૈસો આપવો એ પુણ્યકાર્ય નથી, પણ એ પૈસાથી બાળકોનો વેપાર કરતી તેમનો ગેરલાભ લેતી બાલદ્રોહી સંસ્થાઓને મદદ થાય છે તે આપણે સમજવું જોઇએ અને જે પૈસા આપી શકાય તે વ્યવસ્થિત કામ કરતી સંસ્થાઓને જ આપવા જોઇએ.

સૌથી મોટું કામ આ શાળાઓમાંથી તાલીમ લઇને નીકળેલા જુવાનોને કામ આપવાનું છે. આ માટે આપણા ઓળખીતા મિત્રોને આપણે કહી શકીએ. એને સમાજસેવાની સંસ્થાઓ તાલીમ આપી શકશે, પણ કામ તો સમાજે આપીને તેને અપનાવવો પડશે. આ એક ઘણું મોટું પુણ્યનું અને રાષ્ટ્રઘડતરનું કામ છે તેમ આપણે જો સ્વીકારીએ તો મને ખાત્રી છે કે પૈસાની કે કાર્યકર્તાની અછત આ કામની પ્રગતિની આડે નહિં આવે.

બાળકોને ગેરરસ્તે જતા રોકવા માટે મોટા શહેરોમાં બાલસેવાકેન્દ્રો (Juvenile Service Bureaus) શરૂ કરેલાં છે. ત્યાં બાળકને કાંઇક હુંફ અને આનન્દપ્રમોદનું વાતાવરણ મળે અને કાર્યકર્તાનું માર્ગદર્શન અને સંપર્ક મળે એ તેનો હેતુ છે. આપણી જુવાન ભણેલી કેળવાયલી ધનસંપન્ન બહેનો આ સંસ્થાઓમાં અને આ બાળકો માટે અઠવાડિયે થોડા કલાક આપે તો તેમનાં પોતાનાં જીવન કેટલાં સમૃધ્ધ થાય અને સાથે સાથે આ બાળકો અને રાષ્ટ્રની પણ કેટલી સેવા થાય ?

ઇન્દુમતી ચિમનલાલ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

નવસરકરણ
અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧૫, ૧૯૫૭, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિ. સં. ૨૦૧૨ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત ઈ. સ. ૧૯૫૬

વિ. સં. ૨૦૧૨ ના પ્રારંભ સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૨૮ માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ગત વર્ષ દરમિયાન સંઘની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓ પૂર્વવત ચાલી રહી હતી. આ પ્રવૃત્તિઓનો આપણે ક્રમશઃ વિચાર કરીએ.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘ હસ્તક ચલાવવામાં આવતું આ વાચનાલય અને પુસ્તકાલય આસપાસ વસતી પ્રજા માટે એક મોટા આશીર્વાદરૂપ નીવડયું છે. વાચનાલયનો હંમેશા ૧૨૫ થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે. તેની અંદર ૭ દૈનિકો, ૨૦ સાપ્તાહિકો, ૧૦ પાક્ષિકો, ૩૯ માસિકો અને ૮ ત્રિમાસિકો અથવા તો વાર્ષિકો એમ એકંદર ૮૪ સામયિકો આવે છે. ભાષાની દૃષ્ટિએ ૬૩ ગુજરાતી સામયિકો, ૭ અંગ્રેજી સામયિકો અને ૧૪ હિંદી સામયિકો આવે છે. પુસ્તકાલયનો લાભ લેતા સભ્યોની સંખ્યા ૨૬૦ છે. આ પ્રવૃત્તિના સંચાલન પાછળ આ વર્ષ દરમિયાન રૂા. ૪૩૬૨–૭–૩ નો ખર્ચ થયો છે, જેની સામે આવક રૂા. ૨૪૪૬-૬-૦ ની થઈ હતી એટલે રૂા. ૧૯૧૬–૧–૩ ની ખોટ આવી છે. ત્રણ વર્ષ પહેલાં યુવક સંઘના રજત મહોત્સવ સમયે, સંઘે વાચનાલય અને પુસ્તકાલયના લાભાર્થે "રામાયણ" નામની કઠપુતળી નૃત્ય નાટિકા ભજવેલ–તેની આવકના રૂા. ૬૯૯૨) મળેલા. તેમાંથી ગયા ત્રણ વર્ષની ખોટ બાદ કરતાં રૂા. ૧૬૯૫–૮–૩ ની ગત વર્ષે બચત રહી હતી. તેની સામે ઉપર જણાવ્યા મુજબ આવક કરતાં રૂા. ૧૯૧૬–૧–૩ નો ચાલુ વર્ષે વધારે ખર્ચ થયો. તેમાંથી ઉપર જણાવેલ રૂા. ૧૬૯૫-૮-૩ બાદ કરતાં રૂા. ૨૨૦–૯–૦ ખોટના આવકજાવક ખાતે ઉભા રહે છે. આ રીતે ત્રણ વર્ષ પહેલાં રજત મહોત્સવ નિમિત્તે જે આવક થઇ હતી, તે આ વર્ષે ખલાસ થાય છે. અને ઉપરની રૂા. ૨૨૦–૯–૦ ની ખોટ ઉભી રહે છે. તે ઉપરાંત આપણાં જે રોકાણો છે એ સિવાય એક એસેન્સ પણ નજીવી છે, તથા ચાલુ વર્ષમાં યુવક સંઘ પાસેથી ખાતે લીધેલા રૂા. ૧૫૬૫) પણ આપવાના બાકી રહે છે. એટલે આ રીતે નવા વર્ષ દરમિયાન તેના સંચાલન માટે રૂા. ૨૫૦૦ તથા સંઘને આપવાના રૂા. ૧૫૦૦) એમ એકંદર રૂા. ૪૦૦૦) વાચનાલય અને પુસ્તકાલય માટે મેળવવાના રહ્યા. આ કેવી રીતે મેળવવા તેનો સંઘના સભ્યોએ ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. એમ નહિ કરવામાં આવે તો મુદ્દલ રકમ છુટી કર્યા સિવાય, વાચનાલય અને પુસ્તકાલય ચલાવવા માટે બીજો કોઈ વિકલ્પ નહિ રહે.

'પ્રબુદ્ધ જીવન'

સંઘ તરફથી ચલાવવામાં આવતું પાક્ષિક પત્ર 'પ્રબુદ્ધ જીવન' નિયમિત રીતે પ્રગટ થઇ રહ્યું છે. અને ૧૦ થી ૧૨ પાનાની લેખન સામગ્રી વાચકોને પુરી પાડી રહેલ છે. થોડા સમયમાં આ પ્રવૃત્તિ ૧૮ વર્ષ પુરાં કરીને ૧૯ માં વર્ષમાં પ્રવેશ કરશે. ગુજરાતી સામયિકોમાં 'પ્રબુદ્ધ જીવને' પોતાની અનેક વિશેષતાઓના કારણે સ્વતંત્ર સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. તેમાં પ્રગટ કરવામાં આવતા વિચારો અને અભિપ્રાયો ગુજરાતી પ્રજાના માનસિક ઘડતરમાં ચોકકસ ફાળો આપી રહેલ છે. સમાજના આગેવાન વિચારકો અને ચિન્તકો 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે ઉંડો આદર અને પ્રેમ ધરાવે છે, આમ છતાં તેની ગ્રાહક સંખ્યાનો આંક ઉંચો ચડતો નથી. અને ગત વર્ષ દરમિયાન આવક જાવકનો હિસાબ કરતાં સંઘને આ પ્રવૃત્તિ પાછળ રૂા. ૧૪૪૯ ની ખોટ પુરી કરવી પડી છે.

એ તો સૌ કોઇના અનુભવનો વિષય છે કે આજે લોકોની વાસના અને વિકારોને તેમજ સાંપ્રદાયિક પૂર્વગ્રહો અને સ્થિતિચુસ્તતાને પોષતા સામયિકો હજારોની સંખ્યામાં ખપે છે, જ્યારે વિચારપ્રેરક ગંભીર અને તત્ત્વસ્પર્શી સામગ્રી રજુ કરતા ચિન્તનપ્રધાન સામયિકોને આવક જાવકના બે છેડા ભેગા કરવા મુશ્કેલ બને છે. એમાં પણ જાહેર ખબરના પ્રલોભનથી દૂર રહેનાર સામાયિકોની આર્થિક સ્થિતિ હંમેશા કફોડી રહે છે. 'પ્રબુદ્ધ જીવન' આગે બીજી મુશ્કેલી એ છે કે 'પ્રબુદ્ધ જીવન' કોઇ પણ સંપ્રદાય, સંસ્થા કે અમુક મહાપુરૂષ-સંચાલિત પ્રવૃત્તિનું પ્રચારપત્ર નથી. રાજકીય, સામાજિક કે ધાર્મિક કોઈ પણ વિષય હો, કોંગ્રેસ હો કે સરકાર હો કે ભૂદાન પ્રવૃત્તિ હો, દરેક પ્રશ્ન અને દરેક ઘટનાને 'પ્રબુદ્ધ જીવન' સ્વતંત્ર રીતે વિચારે છે, ચર્ચે છે અને લોકોને યથાશક્તિ માર્ગદર્શન આપે છે. 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ આ રીતે તટસ્થ, અસાંપ્રદાયિક સ્વતંત્ર અને પ્રચાર-ભાવથી યુક્ત હોઇને સામાન્યતઃ અન્ય પત્રોને પોતાનો ફેલાવો કરવામાં ચોકકસ પ્રકારના અનુયાયીદળની લાગવગનો જે લાભ મળે છે, તેવો લાભ 'પ્રબુદ્ધ જીવન'ને સુપ્રાપ્ય નથી. જે સૌનું એ કોઇનું નહિ– આવી સ્થિતિ 'પ્રબુદ્ધ જીવન' વિષે લગભગ પ્રવર્તે છે, આમ છતાં પણ 'પ્રબુદ્ધ જીવન' આપણા સંઘ માટે સત્યની ઉપાસનાનું એક શુદ્ધ સાધન છે અને એ દ્વારા આપણે લોકોની સાચી અને નિર્મળ સેવા કરી રહ્યા છીએ. આ હકીકત દરેક સભ્યના દિલમાં ઉગે અને આ દૃષ્ટિએ તેનો બને તેટલો ફેલાવો કરવા માટે દરેક ઉદ્યુક્ત બને તો 'પ્રબુદ્ધ જીવન'ને પગભર થવામાં કોઇ મુશ્કેલી ન રહે. સંઘના સભ્યોનું આ બાબત તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની સામાન્ય નીતિ એવી રહી છે કે નવી નવી પ્રવૃત્તિઓ પાછળ ન દોડતાં તેમજ મોટી આર્થિક જવાબદારીવાળી પ્રવૃત્તિઓથી બને ત્યાં સુધી દૂર રહીને, જે પ્રવૃત્તિઓ વર્ષોથી હાથ ધરવામાં આવી હોય તેને સતત વિકસાવતા રહેવું, અને તેના સ્વરૂપને બને તેટલું વિશદ અને સમૃધ્ધ બનાવતા રહેવું. સંઘનું 'પ્રબુદ્ધ જીવન' આ જ રીતે વિકસી રહ્યું છે. અને સંઘ દ્વારા દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા પણ આ જ રીતે ફાલીફુલી રહેલ છે. સંઘના વાચનાલય પુસ્તકાલય માટે આવો ગર્વ કરવાની સ્થિતિમાં હજુ આપણે નથી. તેનું મોટું કારણ જગ્યાની સંકડાશ છે. જ્યાં સુધી વિશાળ જગ્યા ન મળે ત્યાં સુધી વાચનાલય અને પુસ્તકાલયનું કાર્ય મર્યાદિત જ રહેવાનું.

ગત વર્ષ દરમિયાન સપ્ટેમ્બર માસની પહેલી તારીખથી નવમી તારીખ સુધી સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. શરૂઆતના સાત દિવસ ગ્લેવાટૂસ્કી લોજમાં અને પાછળના બે

દિવસ રોકસી થીએટરમાં વ્યાખ્યાનસભાઓ ભરવામાં આવી હતી. પંડિત સુખલાલજીએ આ વ્યાખ્યાનમાળાનું પ્રારંભથી છેવટ સુધી પ્રમુખપદ શોભાવ્યું હતું.

વ્યાખ્યાતાઓમાં કોનાં નામ લેવાં અને કોનાં છોડવાં ? અધ્યાપક પટવર્ધન, શંકરરાવ દેવ, સ્વામી અખંડાનંદ, વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા, ઈન્દુમતી બહેન, ઉષા મહેતા, દલસુખભાઈ માલવણિયા, શાંતિલાલ શાહ, મોરારજી દેસાઈ, નારાયણ દેસાઈ—આમ એક પછી એક ચડિયાતા વ્યાખ્યાતાઓએ વ્યાખ્યાનમાળાને ઉજ્જવળ અને આકર્ષક બનાવી હતી. સંગીતનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પર્યુષણ વ્યાખ્યાનમાળા માત્ર જૈનો માટે નહિ પણ મુંબઈની જનતા માટે એક મહત્વપૂર્ણ સંસ્કારસમારોહ બની ગયેલ છે. આ વખતે વ્યાખ્યાનમાળામાં કોણ કોણ આવનાર છે, તે બાબતની પર્યુષણની કેટલાય દિવસ પહેલાં, ચારે બાજુથી પુછપરછ શરૂ થાય છે. સંસ્કારલક્ષી જનસમુદાય આ પ્રવૃત્તિ તરફ વધારે ને વધારે આકર્ષાતો જાય છે. આ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળાના સતત વિકસતા જતા ધોરણને ટકાવી રાખવાની ચિંતા અને જવાબદારી વધતી જાય છે. આ વખતે આ પ્રવૃત્તિ આર્થિક દૃષ્ટિએ સંઘને ઠીક લાભદાયી નીવડી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂા. ૭૬૮ નો ખર્ચ થયો હતો. તે સામે સંઘના શુભેચ્છકો તરફથી સંઘને આશરે રૂા. ૪૦૦૦ નાં દાન મળ્યાં હતાં. સંઘ માટે આર્થિક આવકનું સંઘના સભ્યોમાં લવાજમ ઉપરાંત આ જ માત્ર સાધન છે.

આ ઉપરાંત વૈદ્યકીય સારવારનાં સાધનો પૂરતા પ્રમાણમાં વસાવવામાં આવ્યાં છે અને તેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય સૌ કોઇને આપવામાં આવે છે, અને આસપાસ વસતાં કુટુંબો તેનો સારા પ્રમાણમાં લાભ લે છે. વૈદ્યકીય રાહત એટલે કે ઔષધ તેમજ ઇંજેક્શનો પણ તેને લગતી જરૂરિયાત ધરાવતા જૈન કુટુંબોને પુરા પાડવામાં આવે છે.

'બોધિસત્ત્વ'

ગત વર્ષ દરમિયાન ધર્માનંદ કોસંબીએ મરાઠી ભાષામાં લખેલ બોધિસત્ત્વ નાટકનો શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી ક્રાન્તિલાલ ઉમેદચંદ બરોડિયાએ તૈયાર કરી આપેલ અનુવાદ શરૂઆતમાં ચાર હપ્તાથી 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરવામાં આવ્યો હતો અને પાછળથી સ્વતંત્ર પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ અનુવાદ પ્રગટ કરવા માટે શ્રી ધર્માનંદ ટ્રસ્ટે આપેલ અનુમતિ માટે તેનો સંઘ તરફથી આભાર માનવામાં આવે છે. આ પુસ્તકની કિંમત રૂા. ૧।। રાખવામાં આવી છે. સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકોને રૂા. ૧ માં આપવામાં આવે છે. સ્વ. ધર્માનંદ કોસંબીએ જીવનનાં પાછળનાં વર્ષો દરમિયાન રચેલ આ નાટક એક સુંદર અને બોધપ્રદ કૃતિ છે, અને ભગવાન બુદ્ધના ગૃહત્યાગના કારણ રૂપે એક નવીન જ ઘટના રજુ કરે છે, જે આજના કાળવિચાર સાથે બહુબંધ બેસતી છે. અને તેથી આ પુસ્તક આજની ઉગતી પેઢી માટે અતિ ઉપયોગી ઇતર વાચનની ગરજ સારે તેવું છે. અને સૌ કોઇએ ઘરમાં અવશ્ય વસાવવા યોગ્ય છે. ધાર્મિક શિક્ષણના પાઠ્ય પુસ્તક તરીકે પણ આ પુસ્તક કામ લાગે તેવું છે. આ ગુજરાતી નાટકનું રેડીઓ રૂપાન્તર કરવામાં આવ્યું હતું. અને તા. ૧૩ મી નવેમ્બર ૧૯૫૬ ના રોજ રાત્રિના ૯–૧૫ વાગ્યે મુંબઈ રેડીઓ સ્ટેશન પરથી રજુ કરવામાં આવ્યું હતું, જે અત્યંત લોકપ્રિય નીવડ્યું હતું.

'સત્યં શિવં, સુંદરમ્'

સંઘ તરફથી પ્રગટ કરવામાં આવેલ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ 'સત્યં શિવં, સુંદરમ્' ની નકલો હજી પડેલી છે, તેની કિંમત રૂા. ૩ રાખવામાં આવી છે. પણ સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકોને રૂા. ૨ માં આપવામાં આવે છે. આ પુસ્તક પણ ઘરમાં વસાવવા યોગ્ય છે તેમજ કોઇપણ શુભ પ્રસંગે ભેટ આપવા યોગ્ય છે. તેની નકલોનો નિકાલ કરવામાં ઉપયોગી થવા **સંઘના સભ્યોને અનુરોધ કરવામાં આવે છે.**

'ગંગોત્તરી'

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧–૧૨–૫૬ થી તા. ૧૫–૧–૫૭ સુધીના ચાર અંકોમાં શ્રી હર્ષદલાલ શોધને લખી તેમના મિત્ર શ્રી. રસિકલાલ ઝવેરી ગયા માસમાં ગંગોત્તરીની યાત્રાએ ગએલ તે યાત્રાનુ- કરવામાં આવ્યું હતું. આ વર્ણન અનેક વાચકો માટે ભા નીવડ્યું હતું. આ વર્ણન શ્રી. હર્ષદલાલ શોધન તરફથી થોડા સમયમાં પુસ્તકાકારે પ્રગટ થવાનું છે.

સંઘ તરફથી યોજાયલાં જાહેર વ્યાખ્યાનો

ગત વર્ષ દરમિયાન સંઘ તરફથી ત્રણ જાહેર વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં.

(૧) તા. ૮–૭–૫૬ ના રોજ બહેન પુષ્પુલ જયકરે, શ્રી. જે. કૃષ્ણમૂર્તિ ઉપર એક મનનશીલ વ્યાખ્યાન આપ્યું હતું. (૨) તા. ૨૪–૧૧–૫૬ ના રોજ શ્રી. ગોવિન્દભાઇ પટેલ તરફથી 'નેત્રરક્ષા' ઉપર ચાલુ જીવનમાં આંખોની જાળવણી સંબંધે ઘણી ઉપયોગી અને અનુભવસિદ્ધ સુચનાઓ આપતું વ્યાખ્યાન આપ્યું હતું, જે બે હપ્તાથી તા. ૧–૧૨–૫૬ તથા ૧૫–૧૨–૫૬ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવ્યું હતું. (૩) તા. ૧–૧૨–૫૬ ના રોજ મુંબઇ પ્રદેશના માનનીય પ્રધાન શ્રી. રતુભાઇ અદાણીએ 'સૌરાષ્ટ્રમાં થએલ રચનાત્મક કાર્ય' એ વિષય ઉપર એ કાર્યને લગતી અનેકવિધ માહીતી આપતું વ્યાખ્યાન આપ્યું હતું, જે તા. ૧-૧-૫૭ તથા તા. ૧૫-૧-૫૭ ના 'પ્રબુદ્ધ જીવન'માં બે હપ્તાથી પ્રગટ થયું હતું.

બહેન સુલોચના મોદીનું સંઘે કરેલું સન્માન

ગયા વર્ષે મુંબઇ–મહારાષ્ટ્રના પ્રશ્ન અંગે મુંબઇ મ્યુનીસીપલ કોરપોરેશનના મેયરપદેથી શ્રી. નરસિંહરાવ પુપાલા નિવૃત્ત થયા. તેમની જગ્યાએ થોડા સમય માટે બહેન સુલોચના મોદીની નીમણુંક થઇ તે પ્રસંગને અનુલક્ષીને સંઘ તરફથી બહેન સુલોચના મોદીનું સંઘના કાર્યાલયમાં સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી. સુલોચના બહેન સંઘના સભ્ય હોઇને આ પ્રસંગ સંઘના માટે સવિશેષ ગૌરવાનો હતો.

નવા સચિવોનું સન્માન

ગયા નવેમ્બર માસમાં મુંબઇ પ્રદેશ માટે નવું સચિવમંડળ અસ્તિત્વમાં આવ્યું. આ સચિવમંડળમાંથી સ્ત્રીસચિવ તરીકે સૌથી પહેલાં નિમાયલા શ્રી ઈન્દુમતીબહેન ચીમનલાલ તથા સૌરાષ્ટ્રથી નવા આવેલા પ્રધાનો શ્રી. રસિકલાલ પરીખ તથા શ્રી. રતુભાઇ અદાણી તથા કચ્છથી નવા પ્રધાનમંડળમાં નાયબ પ્રધાન તરીકે જોડાયલા શ્રી. પ્રેમજી ભવાનજી ઠક્કર—આ ચાર વ્યક્તિવિશેષના માનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રાણસુખલાલ મફતલાલ સ્ટીમીંગ બાથમાં એક ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં મુંબઇ શહેરની કેટલીએક આગેવાન વ્યક્તિઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, અને તેમાં લગભગ ૨૦૦ ભાઇ બહેના જોડાયાં હતાં. આ ભોજન સમારંભ તે વખતે થએલા વિનોદાત્મક પ્રવચનોને લીધે સવિશેષ મનોરંજક બન્યો હતો.

વીલ્સન ડેમ પર્યટણ

જાન્યુઆરીની તા. ૧૯–૨૦ મીના રોજ સંઘ તરફથી મુંબઇથી લગભગ ૧૧૦ માઇલ દૂર આવેલ વીલ્સન ડેમ અથવા તો ભંડાર ધારાએ જવાનું એક પર્યટણ યોજવામાં આવ્યું હતું. આ પર્યટણમાં લગભગ ૫૫ ભાઇ બહેનો જોડાયાં હતાં. ૧૯ મી શનિવારે બપોરે બે વાગે પર્યટણમંડળી મુંબઇની રવાના થઇ હતી. અને ૨૦ મીએ રાત્રે પાછી ફરી હતી. પર્યટણ સ્થળે એક રાત રહેવાનું હોઇને અને પર્યટણ સ્થળ અસાધારણ રમ્ય હોઇને તેમજ એકમેકના આનંદમાં વધારો કરે અને ગમે તે કામ કરવામાં નાનમ ન માને એવી બહેનો તથા ભાઇઓની મંડળી એકત્ર થયેલી હોઇને આ પર્યટણ પ્રારંભથી **અંત સુધી એક સરખું આનંદપૂર્ણ બન્યું હતું.**

સંઘની આર્થિક પરિસ્થિતિ

સંઘ આજે ૩૫૮ સભ્યોનું જુથબળ ધરાવે છે. તેની ચાલુ સંસ્કાર તેમજ રાહત પ્રવૃત્તિઓ ઉપરાંત શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય, પ્રબુધ્ધ જીવન, તથા પર્યુષણ વ્યાખ્યાન માળા-આ ત્રણ પ્રવૃત્તિઓ સંઘની ચાલુ આર્થિક જવાબદારીના વિષયો છે. સંઘ આજ સુધી કોઈ વર્ષ આવક થોડી વધે તો કોઈ વર્ષ જાવક થોડી વધે-એ સ્થિતિમાં પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે. વાચનાલય પુસ્તકાલય અનિશ્ચિત આવક ઉપર નભે છે. અને આગામી વર્ષને પહોંચી વળવા માટે ગંભીર પ્રયત્નની આવશ્યકતા છે. નવા વર્ષની સંઘની જવાબદારી વાચનાલય-પુસ્તકાલય માટે રૂા. ૨૫૦૭ તથા 'પ્રબુધ્ધ જીવન' માટે ૧૬૫૦૭ એમ એકંદર રૂા. ૪૧૫૦૭ ની રહે છે.

ચાલુ વર્ષને અંતે સંઘની આર્થિક પરિસ્થિતિ નીચે પ્રમાણે રહી છે:-

સંઘના જનરલ ફંડમાં ગયા વર્ષના બાકી રૂા. ૧૧૭૭૭-૧૪-૭ હતાં. તેમાં ચાલુ વર્ષમાં રૂા. ૫૦૪૮-૬-૬ ની આવક થઈ અને રૂા. ૨૮૨૦-૧૨-૬ નો ખર્ચ થયો એટલે રૂા. ૨૨૨૭-૧૦-૦ નો વધારો રહ્યો. એટલે જનરલ ફંડ રૂા. ૧૪૦૦૫-૮-૭ નું થયું. તેમાં 'પ્રબુધ્ધ જીવન' ની વર્ષ દરમિયાન રૂા. ૨૫૮૨-૪-૩ ની આવક થઈ અને રૂા. ૪૦૮૧-૨-૩ નો ખર્ચ થયો એટલે રૂા. ૧૪૯૮-૧૩-૦ ની ખોટ આવી તે જનરલ ફંડમાંથી બાદ કરતાં વર્ષની આખરે જનરલ ફંડ રૂા. ૧૨૫૦૬-૧૧-૭ નું રહ્યું છે.

ઉપસંહાર

સંઘની ગત વર્ષ દરમિયાન ચાલેલી પ્રવૃત્તિઓનો આ ટુંકો સાર છે. સંઘના ૨૯ વર્ષના લાંબા ઇતિહાસ તરફ નજર કરતાં સંઘના સ્વરૂપમાં કેવો ફેરફાર થતો રહ્યો અને તે મુજબ તેની પ્રવૃત્તિઓને પણ કેમ નવો નવો આકાર મળતો રહ્યો તેનું એક સુંદર ચિત્ર કલ્પના સમક્ષ ખડું થાય છે. જૈન શ્વે. મૂ. સમાજમાં ચાલી રહેલ બાળદીક્ષાના અનર્થનો સામનો કરવાના હેતુથી આ સંઘનો ઉદ્‌ભવ થયો હતો. અને આ સંઘની તે સમયની પ્રવૃત્તિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય પુરતી મર્યાદિત હતી. એ દિવસોમાં પણ સંઘના મુખપત્ર તરીકે 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' પ્રગટ થતી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળાની ત્રણ ચાર વર્ષ બાદ શરૂઆત કરવામાં આવી હતી. સંઘની એ વખતની સર્વ પ્રવૃત્તિ સ્થિતિચુસ્ત માનસને કેવળ પડકારરૂપ હતી. સમયાન્તરે સંઘના બંધારણને વધારે વિશાળ બનાવવામાં આવ્યું. સંઘ એક અચુક ફિરકાનો મટીને આખા જૈન સમાજનો બન્યો. સંઘ હસ્તક મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું. 'પ્રબુધ્ધ જૈન'નું પ્રકાશન પણ એજ અરસામાં શરૂ કરવામાં આવ્યું. નાની મોટી સમાજ સેવાની પ્રવૃત્તિઓ પણ અવારનવાર હાથ ધરવામાં આવી. સમયાન્તરે 'પ્રબુધ્ધ જૈન'નું 'પ્રબુધ્ધ જીવન'માં રૂપાન્તર થયું. જૈનેતરો માટે પણ સંઘના દ્વાર ખોલવામાં આવ્યાં. ૧૯૫૪ ની આખરમાં સંઘે ભારે શાનદાર રીતે પોતાનો રજત મહોત્સવ ઉજવ્યો.

આજે પણ વાચનાલય અને પુસ્તકાલય ઉપરાંત 'પ્રબુધ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા-સંઘની મુખ્ય પ્રવૃત્તિઓ રહેલી છે. ફરક એટલોજ પડયો છે કે આ બન્ને પ્રવૃત્તિઓ વધારે વિશાળ બની છે. તેની પ્રતિભાનો આંક ઉંચે ચડતો રહ્યો છે. સંઘના પ્રારંભથી તે આજ સુધી સંઘનું મુખ્ય કાર્ય સમાજના વિચારધડતરનું રહ્યું છે. અને એજ દિશાએ સંઘ વિશેષ અને વિશેષ પ્રગતિ સાધવા ઇચ્છે છે.

આજ સુધી મુંબઈના જૈનોની એક વિશિષ્ટ સંસ્થા તરીકે સંઘની ખ્યાતિ છે. હવે તેની આકાંક્ષા મુંબઈના વિશાળ જનસમાજને આવરી લેવાની છે. મુંબઈના એક વિશિષ્ટ કોટિના સંસ્કાર કેન્દ્ર તરીકે જમાવટ કરવાનો અને વિવિધ પ્રકારની સંસ્કાર પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનો સંઘ મનોરથ સેવે છે. છેલ્લાં પચ્ચાસ વર્ષમાં ભારતીય માનસમાં પરિવર્તન થઈ રહ્યું છે. એક કાળે એ માનસ કેવળ કોમી, સાંપ્રદાયિક અને નાત જાતના પૂર્વગ્રહોથી જકડાએલું હતું. આજે એ માનસ બીનકોમી, બીનસાંપ્રદાયિક અને વિશાળ જનસમાજ સાથે તાદાત્મ્ય અનુભવતું થયું છે, અને અભિનવ સંસ્કૃતિના નવા રંગે રંગાવા લાગ્યું છે. મુંબઈ જૈન યુવક સંઘમાં આજ સુધીમાં થઈ રહેલા રૂપાન્તર અને પરિવર્તનનું સ્વરૂપ પણ આવું જ કાંઇક છે, અને આ દિશાએ હજુ પણ જે કાંઈ સંકુચિતાનો અંશ ટકી રહ્યો હોય, તેને નાબુદ કરીને, વટાવીને ભારતની વિશાળ જનતા સાથે એકરૂપ થવા અને તેના ભવ્ય ઉત્થાનમાં પોતાની સર્વ શક્તિ સમર્પિત કરવાની સંઘ ભાવના સેવે છે. સંઘના સભ્યો સંઘની આ ભાવનાને સમગ્ર અર્થમાં ઝીલે અને તેને મૂર્ત કરવામાં પુરો સહકાર આપે એવી અમારી તેમને પ્રાર્થના છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૮-૨-૫૭ ના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખસ્થાને મળી હતી.

બંધારણીય સુધારાઓ

પ્રારંભમાં સંઘની ગત વાર્ષિક સામાન્ય સભાનો વૃત્તાન્ત વાંચવામાં આવ્યો જે મંજુર રહ્યા બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘની કાર્યવાહક સમિતિ વતી સંઘના બંધારણમાં કેટલાએક સુધારાઓ રજુ કર્યા. (બંધારણના આ સુધારાઓને લગતી કાર્યવાહક સમિતિની ભલામણો તા. ૧-૨-૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ છે.) આ સંબંધમાં કેટલીએક ચર્ચા અને ખુલાસાઓ થયા બાદ એક ફેરફાર સિવાય આ સુધારાઓ શબ્દશઃ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા. પ્રસ્તુત ફેરફાર આ મુજબ છે. મૂળ બંધારણની કલમ ૨ (ગ) "સમાજ ઉન્નતિ તેમ જ જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી." એ મુજબ હતી. કાર્યવાહક સમિતિએ સૂચવેલો સુધારો "સમાજ ઉન્નતિસાધક સંસ્કારિક શૈક્ષણિક તેમ જ લલિતકળાવિષયક પ્રવૃત્તિઓ તથા જનસેવાનાં કાર્યો હાથ ધરવાં" આ મુજબ હતો. કેટલીક ચર્ચાના પરિણામે નિશ્ચિત થયેલો સુધારો નીચે મુજબ છે:-

"સમાજઉન્નતિસાધક સાંસ્કૃતિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા જનસેવાનાં કાર્યો હાથ ધરવાં."

આ સુધારાઓના પરિણામે જૈનેતરો સંઘમાં સભ્ય તરીકે અપવાદરૂપે જોડાઇ શકતા હતા તે હવે નિયમ રૂપે જોડાઈ શકશે, સંઘનું કાર્યક્ષેત્ર જૈન સમાજ પુરતું મર્યાદિત છે એમ ઉદ્દેશોને લગતી તથા સંઘની નીતિ તથા કાર્યપધ્ધતિને લગતી કલમોમાં સૂચિત હતું તે મર્યાદાને વટાવીને વિશાળ જનસમાજની એક યા અન્ય પ્રકારની સેવા સુધી સંઘનું કાર્યક્ષેત્ર સહજપણે વ્યાપક બનશે, અને સાંસ્કૃતિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંઘ નિઃસંકોચપણે હાથ ધરી શકશે.

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન

ઉપર જણાવ્યા મુજબ બંધારણીય સુધારાઓ વિષે નિર્ણય લેવાયા બાદ મુંબઇ જૈન યુવક સંઘનું નામ બદલવા ન બદલવાને લગતો અવાર નવાર ચર્ચાતો પ્રશ્ન વિષે કેટલીક સામાન્ય ચર્ચા ઉપસ્થિત થઈ હતી. એ ચર્ચા દરમિયાન રજુ કરાયલા અભિપ્રાયોમાં એક મત એવો હતો કે હવે જ્યારે સંઘની પ્રવૃત્તિ અસાંપ્રદાયિક રૂપ ધારણ કરતી જાય છે અને સંઘ જ્યારે વિશાળ જનતા સાથે તાદાત્મ્ય સાધવા ઇચ્છે છે ત્યારે સંઘનું નામ પણ એ અસાંપ્રદાયિક ભાવને સૂચવે એ રીતે બદલાવું જોઇએ. બીજો મત એવો હતો કે મુંબઈ જૈન યુવક સંઘ પોતાની પ્રવૃત્તિઓ ગમે તેટલી વિસ્તૃત અને ઉદાર બનાવે એમ છતાં પણ સંઘનો ઉદ્‌ભવ જૈન સમાજમાંથી થયો છે, સંઘનો સંબંધ જૈન સમાજ સાથે એક સરખો ગાઢ રહ્યો છે અને એ કારણે જૈન સમાજની તેણે ખૂબ સેવા કરી છે અને એ જ રીતે જૈન સમાજની સેવા કરતા રહેવું એ તેની ફરજ છે અને સંઘના સભ્યો પણ ઘણા મોટા ભાગે જૈન છે. તેથી સંઘે પોતાના મૂળ નામમાં કશો પણ ફેરફાર

કરવાની જરૂર નથી. ત્રીજો મત એવો હતો કે સંઘ જે રીતે વિશાળતા તરફ પગલાં માંડી રહેલ છે, પ્રબુદ્ધ જૈનનું તેણે પ્રબુદ્ધ જીવન નામ બદલ્યું છે, જૈનેતરોને સંઘમાં પ્રવેશાધિકાર આપ્યો છે અને આજે સ્વીકારેલા બંધારણીય સુધારાઓ તે જ દિશામાં આગળ પગલું ભરવા બરોબર છે, એ રીતે વિચારતાં સંઘનું નામપરિવર્તન સમયાન્તરે અનિવાર્ય બનવાનું છે. એમ છતાં પણ આજની કક્ષાએ નામ પરિવર્તન કરવા જેવું પગલું ભરવા માટે હજુ સમય પાકયો નથી. તેથી આજે તો મૂળ નામ ચાલુ રાખવું એ જ ઇષ્ટ છે. આ ત્રણ મતમાં છેવટનો મત પ્રમાણમાં વધારે માન્ય હોય એમ લાગતું હતું. આમ છતાં પણ આ પ્રશ્ન ઠરાવ રૂપે સભા સમક્ષ રજુ થયેલો નહિ હોઇને તે વિષે કોઇ સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો નહોતો.

ત્યાર બાદ સંઘનો વાર્ષિક વૃત્તાન્ત વાંચી સંભળાવવામાં આવ્યો. (આ વૃત્તાન્ત આ અંકના પહેલા પાના ઉપર પ્રગટ કરવામાં આવ્યો છે.) ત્યાર બાદ સંઘની ચાલુ કાર્યવાહી સંબંધે સામાન્ય ચર્ચા શરૂ થતાં સંઘ તરફથી યોજાતાં સમૂહભોજનોના ઔચિત્ય–અનૌચિત્ય વિષે કેટલીક ચર્ચા કરવામાં આવી, અને જુદા જુદા દૃષ્ટિકોણથી સભ્યોએ પોતાના વિચારો રજુ કર્યા અને છેવટે એ સંબંધમાં મંત્રી તરફથી કાર્યવાહક સમિતિનું દૃષ્ટિબિંદુ રજુ કરવામાં આવ્યું. આ ઉપરાંત પ્રબુદ્ધ જીવનની નીતિ સંબંધે, વાચનાલય પુસ્તકાલય સંબંધે તથા સંઘની ચાલુ કાર્યવાહી સંબંધે પુછાયેલા પ્રશ્નો તથા કરાયેલાં સૂચનો અંગે મંત્રી તરફથી ખુલાસાઓ કરવામાં આવ્યા અને ત્યાર બાદ વાર્ષિક વૃત્તાન્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

પછી સંઘના તથા વાચનાલય પુસ્તકાલયના અન્વેષિત થયેલા આવક-જાવકના વાર્ષિક હિસાબો તથા સરવૈયાંઓ રજુ કરવામાં આવ્યા અને તે મંજુર કરવામાં આવ્યા. એ જ રીતે મંત્રીઓ તરફથી રજુ કરવામાં આવેલા બન્ને સંસ્થાઓના અંદાજપત્રો પણ મંજુર કરવામાં આવ્યા. અને તેમાં જણાવ્યા મુજબ ઓછામાં ઓછા રૂા. ૪૦૦૦ ની ખોટને પહોંચી વળવાની જવાબદારી સામાન્ય સભાએ સ્વીકારી.

ચૂંટણી

ત્યાર બાદ ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું, જેના પરિણામે નીચે મુજબના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યો નક્કી કરવામાં આવ્યા :–

શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
,, લીલાવતીબહેન દેવીદાસ	ઉપ–પ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા ,, ચીમનલાલ જે. શાહ	મંત્રીઓ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
,, ચીમનલાલ ચકુભાઇ શાહ	સભ્ય
,, તારાબહેન રમણલાલ શાહ	,,
,, શાન્તિલાલ દેવજી નન્દુ	,,
,, દામજી વેલજી શાહ	,,
,, જસુમતીબહેન મનુભાઇ કાપડિયા	,,
,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
,, ચંદુલાલ સાંકળચંદ વકીલ	,,
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ	,,
,, રમણલાલ સી. શાહ	,,
,, ટી. જી. શાહ	,,
,, રતિલાલ ઉજમશી શાહ	,,
,, નાનચંદભાઇ શામજી	,,
,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	,,
,, વેણીબહેન વિનેયચંદ કાપડિયા	,,
,, કાન્તિલાલ ઉમેદચંદ ગરોડિયા	,,

આ પ્રસંગે વિદાય થતી કાર્યવાહક સમિતિનો અને ખાસ કરીને સંઘના એક મંત્રી તરીકે આ વખતે નિવૃત્ત થતા શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ કે જેમણે મંત્રીસ્થાન ઉપર છેલ્લાં બે વર્ષ રહીને સંઘની અનેકવિધ સેવાઓ બજાવી છે તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવ્યો.

સંઘના હિસાબ અન્વેષક તરીકે કામ કરી રહેલા **મેસર્સ શાહ મહેતા એન્ડ ચોકસી**નો પણ આભાર માનવામાં આવ્યો હતો અને નવા વર્ષ માટે તેમને ચાલુ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. ત્યારબાદ પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય સમિતિની નિમણુંક

તા. ૧૨–૨–૫૭ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ કા. વા. સમિતિમાં નીચેના સભ્યોની પુરવણી કરી હતી.

શ્રી ખચુભાઈ પી. દોશી
,, પ્રવીણચંદ્ર ટી. શાહ
,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
,, ચીમનલાલ પી. શાહ
,, જયંતિલાલ નાનચંદ ડેલીવાળા

આ ઉપરાંત મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય સમિતિ ૯ સભ્યોની હોય છે: અધિકારની રૂએ પાંચ ટ્રસ્ટીઓ તથા દર વર્ષે કાર્યવાહક સમિતિ તરફથી નીમાતા ચાર સભ્યો. આ પાંચ ટ્રસ્ટીઓનાં નામ નીચે મુજબ છે :–

૧ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
૨ ,, પરમાંનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૪ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫ ,, પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ

આ સમિતિ માટે નીચેના ચાર સભ્યોની પ્રસ્તુત કાર્યવાહક સમિતિએ નિમણુંક કરી હતી. અને આ સમિતિના મંત્રી તરીકેની શ્રી. ચીમનલાલ જે. શાહની નિમણુક કરવામાં આવી હતી.

૬ શ્રી ચીમનલાલ જે શાહ–મંત્રી
૭ પ્રો. રમણલાલ સી. શાહ
૮ શ્રી દીપચંદ્ર ત્રીભોવનદાસ શાહ
૯ ,, ચંદુલાલ સાંકળચંદ્ર વકીલ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રયોગ

(સોનેટ–મિશ્રઃ સ્વરા)

પ્રયોગશાળા જગ આ અલૌકિક,
સાફલ્ય જ્યાં, નિષ્ફળતાય જ્યાં કદી
લખાયલા સર્જનહાર ભાગ્યમાં
ત્યાં માનવી–ચત્નતણી કશી તમા!
પ્રયોગ ચાલુ કરી દીધ એકદા
માતામહિં અંકુર નવ્ય રોપી,
ને જીંદગી દુઃખસુખો ભરેલી
અન્તે જલે કાષ્ટ કૂખે સમર્પી.
શું વ્યકિત કે શું ય સમષ્ટિની કથા!
સૌ વૈભવો સંગ વરી રહી વ્યથા,
હિંસાતણા દારૂણ આ તુફાને
કંપે અહિંસાતણી જ્યોત કોમલ.
સંહારી સર્વ કાંઈ, નવજીવન–અમી સીંચવા ઇચ્છતો કે
તું પસ્તાઈ પ્રયોગે, જગત સહુ સમેટી લિયે, સર્જનાર?

ગીતા પરીખ

પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(ગતાંકથી ચાલુ)

૪૬૨૪૭ આગળનો સરવાળો

૧૦૦૧	શ્રી વાડીલાલ લલ્લુભાઇ	અમદાવાદ
૫૦૧	,, લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ	મુંબઈ
૫૦૦	,, દુર્લભજી શામજી વિરાણી	,,
૫૦૦	,, રામજી શામજી વિરાણી	,,
૨૫૧	,, સારાભાઈ ડાહ્યાભાઈ	અમદાવાદ
૨૫૧	,, આણંદલાલ બેચરલાલ એન્ડ કું.	મુંબઈ
૨૦૧	સૌ. હીરાબાઈ મણિલાલ વાડીલાલ નાણાવટી	,,
૨૦૧	,, માણેકલાલ વાડીલાલ નાણાવટી	,,
૨૦૦	,, મણિલાલ મોહનલાલ ઝવેરી	,,
૧૫૦	,, જયંતિલાલ સારાભાઈ	,,
૧૦૧	,, હીરાલાલ ભોગીલાલ શાહ	,,
૧૦૧	,, પંડિતજીની પ્રજ્ઞાના એક ઉપાસક સજ્જન	અમદાવાદ
૧૦૧	પ્રો. એસ. એમ. શાહ	,,
૧૦૧	શ્રી કસ્તુરચંદ નેમચંદ શાહ	,,
૧૦૦	,, ભોગીલાલ ડાહ્યાભાઈ	,,
૧૦૧	ડો. ખુલચંદ્રજી જૈન	ઉજ્જૈન
૧૦૧	શ્રી મોતીલાલ બનારસીદાસ	બનારસ
૭૫	,, બાલગોવિંદ કુબેરદાસની કું.	અમદાવાદ
૫૧	,, હીરાબહેન રામનારાયણ પાઠક	મુંબઈ
૫૧	,, ફૂલચંદજી ગાંધી	બનારસ
૪૯	,, ઉમાશંકર જોશી (આગળની યાદીમાં તેમના ૫૧ આવી ગયા છે એટલે એકંદર ૧૦૦ ગણવા.)	અમદાવાદ
૨૫	,, અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા	મુંબઇ
૨૫	પ્રો. રમણલાલ શાહ તથા પ્રો. તારાબહેન શાહ	,,
૨૫	શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ	,,
૨૫	,, ચીમનલાલ જે. શાહ	,,
૨૫	,, બચુભાઇ રાવત	અમદાવાદ
૨૫	,, અરવિંદ ગજાનન પાઠક	,,
૨૫	,, તારાબહેન પટેલ	,,
૨૫	,, હરિકૃષ્ણ અંબાલાલ આણંદીવાળા	,,
૨૫	શ્રી ગીતાબહેન સૂર્યકાન્ત પરીખ	અમદાવાદ
૨૫	,, બાલચંદ્ર મણિલાલ પરીખ	,,
૨૫	,, મુન્નાભાઈ છોટાલાલ ઝવેરી	,,
૨૫	,, ભારતીદેવી સારાભાઈ	,,
૨૫	,, ઉપેન્દ્રરાય જયચંદ સાંડેસરા	,,
૨૫	,, યશવંત શુકલ	,,
૨૫	,, ભાઈલાલ ઉજમશી	,,
૨૫	પ્રો. જીતેન્દ્ર જેટલી	,,
૨૫	શ્રી રવિશંકર મ. રાવળ	,,
૨૫	,, ખીમજી એન્ડ કું.	મુંબઇ
૨૫	,, સેવંતીલાલ ખેમચંદ શાહ	,,
૨૫	,, મફતલાલ ભીખાચંદ	,,
૨૫	,, ચુનિલાલ કસ્તુરચંદ વોરા	,,
૨૫	,, ભોગીલાલ પ્રેમચંદની કું.	,,
૨૫	,, ભોગીલાલ ચુનિલાલ ઝવેરી	,,
૨૫	,, કંચનલાલ વાડીલાલની કું.	,,
૨૫	,, એક સદ્‌ગૃહસ્થ	,,
૨૫	,, હુકમીચંદ વસનજી	,,
૨૫	,, ટોકરસી ભુલાભાઈ	,,
૨૫	,, રતનસી મોનજી	,,
૨૫	,, મોનજી કલ્યાણજી	મુંબઈ
૨૫	,, જયંતિલાલ ફૂલચંદ શાહ	,,
૨૫	,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ	,,
૨૫	,, મોહનલાલ દીપચંદ ચોકસી	,,
૨૫	,, જયાબહેન ગીરધરલાલ કાપડિયા	,,
૨૫	,, લીલાધર પી. શાહ	,,
૨૫	,, ખીમજીભાઇ હેમરાજ છેડા	,,
૨૫	,, પી જી. શાહ	,,
૨૫	,, અંબાલાલ ચતુરભાઇ શાહ	,,
૨૫	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	,,
૨૫	,, નૌતમલાલ દીપચંદ શાહ	,,
૨૫	,, ટુથપ્રુલ કું.	મદુરા
૨૫	,, કેસરીબહેન મુળચંદ ઝવેરી	પાલણપુર
૨૫	,, કાન્તિલાલ મુળચંદ ઝવેરી	,,
૨૫	,, તારાબહેન બેચરદાસ ગાંધી	,,
૨૫	,, શાન્તાબહેન શાન્તીલાલ પરીખ	,,
૨૫	,, પુનમચંદ અભેચંદ શાહ	,,
૨૫	,, વિમળાબહેન જયંતિલાલ ગાંધી	,,
૨૫	શ્રી રાધવજી ડી. દોશી	સુરેન્દ્રનગર
૨૫	,, પોપટલાલ હ. શેઠ	,,
૨૫	,, કુમુદબહેન શેઠ	,,
૨૫	,, હનુમાનમલજી બાંઠીયા	કલકત્તા
૨૫	,, ગણેશમલજી નહાટા	,,
૨૫	,, પ્રતાપસિંહજી	,,
૨૫	,, ભૈરોંદાનજી પગારિયા	,,
૨૫	ડો. એ. એન. ઉપાધ્યે	કોલ્હાપુર
૨૫	શ્રી એસ. હસ્તીમલ એન્ડ કું.	બેંગલોર
૨૫	,, હિન્દુસ્થાન કટલેરી માર્ટ	,,
૨૫	,, ફકીરચંદ જૈન	ભુસાવળ
૨૫	,, ભોગીલાલ સાંડેસરા	વડોદરા
૨૫	શ્રી ગોવિંદલાલ હરગોવિંદ ભટ્ટ	વડોદરા
૨૫	,, ચતુરભાઈ શંકરભાઈ પટેલ	,,
૨૫	,, મંગળભાઈ પુરુષોત્તમદાસ પટેલ	,,
૨૫	,, વી. વી. કંટક	,,
૨૫	ડો. એન. કે. ભટ્ટ	,,
૨૫	,, સુરેશ એમ. શેઠના	,,
૨૫	,, ઉમાકાંત પ્રેમાનંદ શાહ	,,
૨૫	શ્રી જેઠીભાઈ મણશી	કોડાય
૨૫	,, વાસંતિબાઈ કલ્યાણજી	,,
૨૫	,, કોડાયના સદ્‌ગૃહસ્થો તરફથી	,,
૨૫	,, લક્ષ્મીબાઇ ભોજરાજ	,,
૨૫	,, જગજીવન કશળચંદ શેઠ	પાચોરા
૨૫	,, ઇશ્વર પેટલીકર	આણંદ
૨૫	,, નર્મદાબહેન રાવળ	ભાવનગર
૨૫	શ્રી નગીનદાસ નારણદાસ પારેખ	અમદાવાદ
૨૫	,, ચીમનલાલ જૈન	બનારસ
૨૫	,, શાન્તિલાલ સાંકળચંદ	,,
૨૫	,, કૃષ્ણલાલ લલ્લુભાઈ	નવાડીસા
૨૫	,, માંગીલાલજી જૈન ઠેકેદાર	અજમેર
		૫૨૮૬૦
		૫૪૬॥
		૫૩૪૦૬॥

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ

પં. સુખલાલજીના સ્વજનો, મિત્રો તથા પ્રશંસકો જોગ

માન્યવર મહાશય

આગામી માર્ચની ૧૭મી તારીખે અમારી સમિતિ તરફથી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે પં. સુખલાલજી માટે એક સન્માન સમારંભ યોજવામાં આવનાર છે. આ પ્રસંગે તેમની આજીવન વિદ્યોપાસનાની કદર તરીકે સન્માન થેલી અર્પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સન્માન નિધિમાં રૂા. ૫૩,૦૦૦ આજ સુધીમાં એકઠા થયા છે. ગયા વર્ષે તેમણે ૭૫ વર્ષ પુરાં કરેલાં હોઇને સન્માન સમિતિએ રૂા. ૭૫,૦૦૦ નો લક્ષ્યાંક નક્કી કરેલ છે. ભારતના દાર્શનિક વિદ્વાનોમાં પં. સુખલાલજીનું અગ્રગણ્ય સ્થાન છે. તેઓ મૌલિક વિચારક અને નિડર પ્રરૂપક છે. ઉપરોક્ત સન્માનનિધિમાં આપનો ફાળો નીચેના બેમાંથી કોઈ પણ ઠેકાણે સત્વર મોકલી આપવા વિનંતી છે.

જન્મભૂમિ કાર્યાલય — ધોબી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ — ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

ચેક મોકલો તો Bombay Jain Yuvak Sangh એ નામથી ચેક લખવા વિનંતી છે.

આપના

શ્રેયાંસપ્રસાદ જૈન, પ્રમુખ

ચીમનલાલ ચકુભાઈ શાહ, પરમાનંદ કુંવરજી કાપડીયા, મોહનલાલ સોપાન, મંત્રીઓ, **પં. સુખલાલજી, સન્માન સમિતિ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો જોગ

પ્રિય ભાઇ/બહેન,

તમે જાણો છો કે પં. સુખલાલજીના સન્માન સમારંભનો દિવસ નજીક આવી રહ્યો છે, અને તે માટે સન્માનનિધિ એકઠો થઇ રહ્યો છે જેમાં આજ સુધીમાં રૂા. ૫૩,૦૦૦ એકઠા થઈ ચુકયા છે. તેમણે ગયા વર્ષે ૭૫ વર્ષ પુરા કર્યાં છે તે લક્ષ્યમાં લઇને ઓછામાં ઓછા રૂા. ૭૫,૦૦૦ આ સન્માનનિધિમાં એકઠા કરવા એ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. આપણા મુંબઈ જૈન યુવક સંઘ સાથે તેમનો એક સ્વજન જેવો સંબંધ રહ્યો છે. તેથી સંઘની દરેક સભ્યની ફરજ છે કે પોતે આ નિધિમાં બને તેટલી રકમ ભરે અને પોતાના મિત્રો પાસેથી બને તેટલી રકમો એકઠી કરે. આ રીતે પંડિતજી પ્રત્યેનું આપણું ઋણ અદા કરીએ. આ માટે ન પ્રમાદ કરશો, ન કોઇના કહેવા આવવાની રાહ જોશો. ચેક મોકલો તો Bombay Jain Yuvak Sangh એ નામ ઉપર ચેક લખશો.

આપના

પરમાનંદ કુંવરજી કાપડિયા ખીમજી માડણ ભુજપુરીઆ પ્રમુખ
ચીમનલાલ જે. શાહ મંત્રીઓ **લીલાવતી દેવીદાસ** ઉપપ્રમુખ.

શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિનયમંદિર

થોડા સમય પહેલાં છેલ્લાં અઢી વર્ષથી મુંબઇ નજીકના વીલેપારલેમાં ઉભું કરવામાં આવેલ 'શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા મંદિર' જોવાનો સુયોગ પ્રાપ્ત થયો. આ શિક્ષણસંસ્થા સદ્‌ગત ચંદુલાલ બાલાભાઈ નાણાવટીના નામ સાથે જોડવામાં આવેલ છે. શ્રી ચંદુભાઈ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના નાના ભાઇ થાય. તેમનું આજથી ૧૬ કે ૧૭ વર્ષ પહેલાં અવસાન થયું. તેઓ વ્યાપાર વ્યવસાયમાં પોતાના પુરૂષાર્થ વડે ખૂબ આગળ વધેલા હતા અને વીલેપારલેના જાહેર જીવનમાં વર્ષો સુધી તેમનું અગ્રસ્થાન હતું. પ્રસિધ્ધિ કે જાહેરાતથી તેઓ સદા દૂર રહેતા હતા. વીલેપારલેના કોઈ પણ સારા સામાજિક કાર્યને તેમની આર્થિક મદદ મળેલી જ હોય. તેઓ સંપૂર્ણ અર્થમાં એક 'મૂક સેવક' હતા અને અપૂર્વ સૌજન્ય તેમનો એક વિશેષ ગુણ હતો. તેમની સાથે વર્ષોજુનો અંગત સ્નેહ સંબંધ હોઇને તેમના નામ સાથે જોડાયલી આ શિક્ષણસંસ્થા પ્રત્યે મારૂં મન વિશિષ્ટ મમત્વથી આકર્ષાયું અને ત્યાં અમલમાં મૂકવામાં આવેલી શિક્ષણ-પધ્ધતિની વિગતોમાં ઉતરવા મન પ્રેરાયું.

આજનું આખું શિક્ષણપ્રદાન એક રીતે કહીએ તો પ્રયોગાત્મક દશામાં છે. જુનો ઘાટ અને જુની પધ્ધતિ-બન્નેમાં પાર વિનાનાં પરિવર્તનો થવા લાગ્યાં છે. સરકારી નહિ એવી શાળાઓ સરકારી કેળવણી ખાતા સાથે જોડાયલી હોવા છતાં કેટલીક રીતે સ્વતંત્ર હોય છે અને એ સ્વતંત્રતા જાત જાતના પ્રયોગોની તથા સિધ્ધાન્તોની અજમાયશમાં પરિણમે છે. પ્રસ્તુત વિનય મંદિરમાં પાંચમા ધોરણથી માંડીને ૧૧ ધોરણ એટલે કે એસ. એસ. સી. સુધીના ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. શ્રી ચંદુભાઈનાં પત્ની શ્રી મણિબહેન નાણાવટી જેઓ વીલેપારલેના એક જાણીતા રચનાત્મક કાર્યકર્તા છે તેઓ આ શાળાના વહીવટ અને વિકાસમાં સક્રિય રસ લઈ રહ્યા છે. આ શાળાની શરૂઆતમાં શ્રી સુભદ્રા બહેન કાપડિયા આચાર્યપદે હતાં. તેમણે કેટલુંક પાયાનું કામ કર્યું અને શાળાને વ્યવસ્થિત ઘાટ આપ્યો. એક વર્ષ બાદ તેમને અણધાર્યા જાથક માટે કલકત્તા જવાનું બનતાં શાળાથી તેઓ છુટા થયા. તેમના સ્થાને શ્રી વજુભાઈ પટેલ આવ્યા. તેઓ પોતાનાં વિશિષ્ટ મન્તવ્યો અનુસાર શાળાનું અનોખું ઘડતર કરી રહ્યા છે. આ શાળાએ અપનાવેલી શિક્ષણપધ્ધતિ અંગે નીચેની બાબતો ખાસ ધ્યાન ખેંચે છે:—

૧. સંસ્થામાં દરરોજ શિક્ષણકાર્યની શરૂઆત પ્રાર્થના તથા સમૂહકાંતણથી કરવાનો નિયમ છે. શિક્ષક તેમજ વિદ્યાર્થિની રોજ ખાદીનો પોષાક પહેરીને આવે તે આવશ્યક મનાયું છે, અને તે દરેક આવતાંની સાથે ૦॥ કલાક મૌનવ્રત લઈને રેંટીઓ લઈ પ્રાર્થના-મંદિરમાં શાન્તિથી બેસી કાંતવા માંડે અને એ રીતે પ્રાર્થનામાં જોડાય તેમ પધ્ધતિ રાખવામાં આવી છે. પ્રાર્થના બાદ શિસ્તના નિયમોના પાલનમાં જે વિદ્યાર્થિનીથી આગલે દિવસે કોઈ શરતચૂક થઈ ગઇ હોય તેમણે તે વિષેનું કારણ જણાવવું અને જો તેમાં હેતુપૂર્વકની બેદરકારી પોતે બતાવી હોય એમ તેમને જણાય તો તેમણે તે વિષેની દિલગીરી બતાવવી જોઇએ એવો નિયમ રાખ્યો છે. સ્વયંભૂ કે સ્વયંનિર્મિત શિસ્તનો આ એક તરીકો શાળા અજમાવી રહી છે. શિસ્તના કોઈ પણ ભંગ માટે શાળાનો શિક્ષક વર્ગ કદી પણ કોઈ વિદ્યાર્થિની પ્રત્યે આંખ કાઢી કે ઊંચે સાદે "કેમ" "શામાટે આમ કર્યું" તેવું ના કહે, પણ દોષિત વિદ્યાર્થિની પ્રત્યે પણ તેમના વ્યક્તિત્વનું પૂરું સન્માન રાખે અને વિદ્યાર્થિની પોતે જ પોતાની ભૂલનું કારણ જણાવે અને જરૂર જણાય તો દિલગીરી વ્યકત કરે-તેને આ સ્વયંનિર્મિત શિસ્તનું લક્ષણ ગણ્યું છે.

૨. દરરોજનું શિક્ષણકામ સફાઇ પ્રવૃત્તિથી સાંજે પૂરું થાય તેમ વ્યવસ્થા કરેલ છે. વર્ગ સફાઈ, હોલ સફાઈ, રસોડું સફાઈ, બાથરૂમ તેમજ જાજરૂ સફાઇ શિક્ષક વર્ગ તથા વિદ્યાર્થિનીઓ વારાફરતી કરે અને પછી શાંતિથી પ્રાર્થના કરી શાળા છોડે તેવી પધ્ધતિ સ્વીકારેલી છે.

૩. દૈનિક નાસ્તા માટે વિદ્યાર્થિનીઓએ વારાફરતી બજારમાં જઈ ખરીદી કરી હિસાબ રાખવાનો, અને શિક્ષિકા બહેનના માર્ગદર્શન નીચે નાસ્તો બનાવવાનો એમ વ્યવસ્થા છે. બપોરના જેમણે નાસ્તો કરવો હોય તે અન્નપૂર્ણા-કાફેટેરીઆની ઢબે પોતાની મેળે રકાબી-ચમચી લે, જોઇતો નાસ્તો પોતાની મેળે લઈ લે, નાસ્તો કરી રકાબી-ચમચી ધોઈ લે અને સાફ કરી યોગ્ય જગાએ મૂકી દે તેવી પધ્ધતિ રાખેલ છે. પૂરી, ભાખરી કે રોટલી કે અનાજની કોઈ વાનગી વિદ્યાર્થિની ઘેરથી લેતી આવે અને શાળાના રસોડામાંથી શાક કચુંબર વગેરે ખરીદી લે તો ઠીક પડે. ઘેરથીજ બધો નાસ્તો લાવી બધા સાથે બેસી ખાનાર વિદ્યાર્થિનીઓ પણ સારી સંખ્યામાં હોય છે.

૪. દર માસની છેલ્લી તારીખે વિદ્યાર્થિનીઓ રસોડું તથા દિવાનખાનું પોતાને ત્યાં મહેમાનો આવવાના હોય તેમ વિચારી વ્યવસ્થિત ગોઠવે અને બાકીના તે વખતે મહેમાન બની તેમનું ગોઠવેલું રસોડું દિવાનખાનું જોવા જાય અને મહેમાનોને નાસ્તો મળે તેવી વ્યવસ્થા કરેલ છે. ત્યારે ઉપયોગી ફિલ્મો બતાવવાનો અથવા મનોરંજન કાર્યક્રમ હોય છે. દર મહિને છેલ્લે દિવસે વાલી બહેનોને શાળામાં પધારવા અને આ પ્રવૃત્તિમાં ભાગ લેવા શાળા આગ્રહપૂર્વક નિમંત્રણ આપે છે.

૫. વર્ષા-શરદ-વસંતના ઉત્સવો, ગુરુદેવ ટાગોર, પૂ. ગાંધીજી તથા પૂ. કસ્તુરબાના પુણ્યતિથિ પ્રસંગો તેમજ સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકદિનના રાષ્ટ્રીય પર્વો શાળામાં ઉજવાય છે. આ ઉજવણી પ્રસંગોએ વાલી વર્ગને શાળાનું કાર્ય જોવાની તક મળે અને શાળાના સંચાલકો, શિક્ષક વર્ગ તથા વાલી વર્ગ અરસપરસ મળી શકે તે માટે પ્રત્યેક વાલી ભાઈ બહેન તે પ્રસંગે શાળામાં અવશ્ય પધારે તેવો શાળા આગ્રહ રાખે છે.

૬. વિદ્યાર્થિનીઓને આસન તથા સર્વાંગસુંદર વ્યાયામ તથા રમતો શીખવવામાં આવે છે. શરીરની, કપડાંની, બધી વસ્તુઓની સ્વચ્છતા અને સફાઈ સ્વાસ્થ્યશિક્ષણનું અગત્યનું અંગ છે તેમ માની વિદ્યાર્થિની તે વિષે આગ્રહ રાખે તેમ જરૂરનું ગણ્યું છે.

૭. વિવિધ વિષયોના શિક્ષણ માટે અભ્યાસ કરવાની રીત શાળાએ આ મુજબ વિચારી છે:-વિદ્યાર્થિનીએ પ્રથમથીજ નિયમિત રીતે મહેનત કરવી જોઇએ. શાળાના દૈનિક શિક્ષણમાં જો નિયમિત રીતે ધ્યાન દેવાય અને ઘેર એક કલાક રાતે અને એક કલાક સવારે અથવા કોઈપણ રીતે બે કલાક ઘરકામ નિયમિત થાય તો કોઈ વિદ્યાર્થિની પાછળ રહી ન જાય; બાકી અભ્યાસ કરવાની ટેવ પાડવા ધોરણ ૯, ૧૦, ૧૧ ની વિદ્યાર્થિનીઓ દરરોજ સવારે ૯ વાગે શાળામાં આવી જાય તે પણ ઇચ્છયું છે. ૯ થી ૧૦-૩૦ તેઓ સ્વાધ્યાય કરે અને જરૂર પડયે શિક્ષકનું માર્ગદર્શન મેળવે. તે ઉપરાંત તેમણે ઉપર સૂચવ્યું તેમ બે કલાક ઘરકામ કરવાનું રહેશે. બાકીના ધોરણના વિદ્યાર્થિનીઓને શાળામાં વહેલા આવવાની જરૂર નથી.

દર પંદર દિવસે બધી વિદ્યાર્થિનીઓની દરેક વિષયમાં ટુંકી પરીક્ષા લેવાનું ગોઠવેલ છે, જેનું પરિણામ માસિક પ્રગતિપત્રકમાં વાલીની જાણ માટે રજુ થાય છે. દર માસની પ્રગતિમાં જે જે વિષયમાં ૭૦ ટકાથી વિશેષ ગુણાંક જે વિદ્યાર્થિની મેળવે છે તેમને અભિનંદન કાર્ડ વિષયવાર અપાય છે. વર્ષને અંતે એકઠા થયેલ અભિનંદન કાર્ડમાં જે વિદ્યાર્થિનીને વિશેષ કાર્ડ મળ્યાં હોય અને સર્વાંગી વિકાસની દૃષ્ટિએ પણ પ્રગતિ કરી હોય તેમને વાર્ષિક મેળાવડા વખતે અભિનંદન સર્ટીફીકેટ અપાય છે. શાળામાં ઇનામ આપવાની પદ્ધતિ નથી. છ માસિક પરીક્ષાના ગુણાંકમાં આ માસિક પરીક્ષાઓનાં દસ ટકા જેટલા ગુણાંક ઉમેરાય છે. ધોરણ ૫ થી ૯ માટે બે છ માસિક પરીક્ષાઓ છે; વાર્ષિક પરીક્ષા નથી. બન્ને છ માસિક પરીક્ષાઓના ગુણાંક મળી વર્ષને અંતે પરિણામ અપાય છે. ગણિત-વિજ્ઞાન મળી એક વિષય, ઇતિહાસ-ભૂગોળ-નાગરિક શાસ્ત્ર મળી એક વિષય, વ્યાયામ-ઉદ્યોગ-ચિત્રકામ-સંગીત-સામાન્યજ્ઞાન સફાઈ મળી

એક વિષય; બાકીના બધા છૂટા છૂટા વિષયો. દરેક વિષયમાં ૪૦ ટકા ગુણાંકે વિદ્યાર્થિની પાસ ગણાય છે. વાર્ષિક પરિણામ માટે પાસ થવા આ ગુણાંક આવશ્યક છે.

ધો. ૧૦ ની વિદ્યાર્થિનીઓ માટે વાર્ષિક પરીક્ષા રહેશે અને તેમાં કોઈ માસિક પરીક્ષાના ગુણાંક ઉમેરાશે નહિ. વાર્ષિક પરીક્ષામાં દરેક વિષયમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૩૫ ટકા ગુણાંક જોઇશે.

એસ. એસ. સી. વર્ગમાં ચાલુ વિષયો ઉપરાંત વધારાના વિષયો તરીકે શરીર અને આરોગ્ય શાસ્ત્ર, ભૂગોળ, બીજગણિત તથા ભૂમિતિ, ગૃહવિજ્ઞાન, સંગીત, ચિત્રકળા તથા ભરતગૂંથણ શીખવવાની વ્યવસ્થા શાળાએ રાખી છે. વિદ્યાર્થિનીઓ દસમા ધોરણનો અભ્યાસ કરે ત્યારથી એસ. એસ. સી. વર્ગ પછી તેઓ કોલેજનો અભ્યાસ કરવાના છે કે નહિ અને કરવાના હોય તો કયા વિષયોનો–તે વિષે વિચાર કરવામાં આવે છે. એસ. એસ. સી. પછી જેમને વિજ્ઞાનની લાઈન લેવી હોય તેમના માટે દસમા ધોરણમાં અંગ્રેજી ગણિત તેમજ વિજ્ઞાનના અભ્યાસ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે અને જેમને એસ. એસ. સી. પછી આર્ટ્સ કોલેજમાં જવાનું હોય તેમના માટે ગણિત, વિજ્ઞાનને બદલે અંગ્રેજી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર વગેરે વિષયોના અભ્યાસ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે!

૮. વિષયોના શિક્ષણ ઉપરાંત શાળા દરેક વિદ્યાર્થની પાસે સ્વચ્છતા, નિયમિતતા, વ્યવસ્થા અને ઉદ્યમની ટેવો માટે અતિશય આગ્રહ રાખે છે. (તેમજ તેમનામાં સહકારથી કામ કરવાની વૃત્તિ, સમાજસેવાની વૃત્તિ, બીજા માટેનો સદ્‌ભાવ, કડવું કે ઘસાતું ન બોલવાની વૃત્તિ વગેરે અનુકૂળ વલણ ઘડાય તેનો પણ શાળા આગ્રહ રાખે છે. તથા તેમની રસવૃત્તિની કક્ષા યોગ્ય રીતે ઘડાય તે માટે પણ શાળા ઘણો આગ્રહ રાખે છે. આ ટેવ, વલણ તથા રસવૃત્તિનું શિક્ષણ શાળાના વાતાવરણમાંથી વિદ્યાર્થિનીએ મેળવવાનું છે.)

૯. દરેક સત્રમાં એકેક વખત કેમ્પીંગનો કાર્યક્રમ શાળા તરફથી ગોઠવાય છે. ત્રણેક દિવસ પૂરતો ચોવીસ કલાક કેમ્પમાં રહેવાનો આ કાર્યક્રમ, ધોરણ ૮–૯–૧૦–૧૧ ના બહેનો માટે. આવશ્યક રહે છે. માંદગી જેવા કારણસર કોઈ જોડાઈ ન શકે તે જુદી વાત છે. આ કેમ્પમાં સમૂહમાં રહેવાની રહેણીકરણીની ચોક્કસ પધ્ધતિ પ્રમાણે વિદ્યાર્થિનીઓને રહેવાની તાલીમ મળે છે. આ કેમ્પ ઉપરાંત દર વેકેશનમાં ટૂંકા કે લાંબા પ્રવાસો યોજાય છે. તેમાં વિદ્યાર્થિનીઓ પોતાની અનુકૂળતા પ્રમાણે જોડાય તેમ શાળા ઇચ્છે છે.

૧૦. શાળાના પુસ્તકાલય તથા સ્ટોર હંમેશાં ખુલ્લા રહે છે અને વિદ્યાર્થિનીએ જાતે પોતાને જોઇતા પુસ્તકો કે સ્ટેશનરી પ્રમાણિકતાથી અને જવાબદારીની ભાવનાથી લેવાના રહે છે.

૧૧. શાળામાં ધોરણ ૫ થી એસ. એસ. સી. વર્ગ સુધીનું વિવિધ વિષયોનું શિક્ષણ બાળાઓને મળે તેવી વ્યવસ્થા છે. સરકારી કેળવણી ખાતાએ નક્કી કરેલ અભ્યાસક્રમ ઉપરાંત દરેક વર્ગમાં (૫ થી ૧૧) ગૃહવિજ્ઞાન, વસ્ત્રવિદ્યા, ચિત્રકળા, સંગીત, નૃત્ય, બાગાયત, ફ્રેન્સીવર્ક તથા ગર્લગાઇડ આટલા વિશેષ વિષયોની તાલીમ અપાય છે.

૧૨. જુન ૧૯૫૬ થી શાળામાં બાળાઓને પોતાના સ્વાસ્થ્ય, તેમજ અભ્યાસ અંગે માર્ગદર્શન નિયમિત રીતે મળે તે માટે Guidance Services ની વ્યવસ્થા કરેલ છે. ધો. ૮ થી ૧૧ ની બાળાને દરેક પખવાડીએ એક વખત માર્ગદર્શક શિક્ષિકા બહેન તથા ડોકટરબહેન વ્યક્તિગત મળી શકે તેવી યોજના કરી છે.

૧૩. ધોરણ મુજબ વિદ્યાર્થિનીની માસિક ફી છે અને તેજ પ્રમાણે દાખલ ફી છે. ૫ મા ધોરણની પાંચ રૂપીયા ફી. ૧૧ મા ધોરણની અગીઆર રૂપીયા ફી. ટર્મ ફી રૂપીયા પાંચ.

શાળાનું આ પ્રકારનું આયોજન–હજુ પ્રાયોગિક દશામાં છે. તેમાં પણ વિદ્યાર્થીની ઉપર સર્વ પ્રકારે વિશ્વાસ રાખીને ચાલવાની નીતિ જેને સ્વયંનિર્મિત શિસ્ત તરીકે ઓળખાવવામાં આવેલ છે તે એક રીતે કહીએ તો અખતરારૂપ છે. આ નીતિનો અમલ કરવો અને તેને વળગી રહેવું એમાં આચાર્ય તથા શિક્ષકોની ભારે કસોટી અને તપશ્ચર્યા રહેલી છે. આ નીતિમાં સફળતા મળે તો શિક્ષણના ક્ષેત્રમાં એક મોટી સિધ્ધિ પ્રાપ્ત કરી કહેવાય. ઠીક ઠીક સમયના અનુભવ બાદ આ દિશાએ જે વ્યવહારૂ નિર્ણયો તારવવામાં આવશે તે અનેક શિક્ષણસંસ્થાઓ માટે જરૂર માર્ગદર્શક બનશે.

આ વિનયમંદિરને પોતાનું સ્વતંત્ર વિશાળ મકાન છે; સંસ્થા શિક્ષણને લગતી અદ્યતન સામગ્રીથી સુસંપન્ન છે; મકાન સામે ખુલ્લી વિશાળ જગ્યા છે જેનો ક્રીડાંગણ તથા બાગાયત કામ માટે ઉપયોગ થાય છે. શ્રી ચંદુભાઇની જીવન પ્રતિભાને અનુરૂપ એવું તેમનું ભવ્ય સ્મારક જોઇને અને તેની શૈક્ષણિક વિશેષતાઓ જાણીને ચિત્તે એક પ્રકારની કૃતાર્થતા અનુભવી. આ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે અને સમાન ધ્યેયથી કાર્ય કરતી મુંબઈ શહેરની અન્ય અનેક શિક્ષણ સંસ્થાઓ માટે સિધ્ધ પ્રયોગો વડે અનુકરણપાત્ર બને એવી શુભેચ્છા અને પ્રાર્થના છે.

પરમાનંદ

આગામી ચૂંટણીમાં કોને મત આપશો?

આજે દેશના ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો તરફથી જોસભેર ચૂંટણી પ્રચાર ચાલુ રહ્યો છે અને દરેક પક્ષ પોતાનાં વાજાં વગાડી રહેલ છે. જેમનું મન અને વિચારસરણી અમુક એક ચોક્કસ રાજકીય પક્ષ સાથે જોડાયેલ છે તેમના માટે કોને મત આપવો એ પ્રશ્ન જ નથી. પણ આજે હજારો પ્રજાજનો એવા છે કે જેમનું રાજકીય વલણ આ રીતે નિર્ધારિત નથી. તેઓ પુખ્તવય મતાધિકાર ધરાવે છે અને આ મતાધિકારનો કોને લાભ આપવો તે તેણે નક્કી કરવાનું છે.

આજે એવો પણ એક વિચાર પ્રવર્તે છે કે આ ચૂંટણી સત્તાના રાજકારણનો વિષય છે અને જે પક્ષ સત્તા ઉપર છે તે પોતાની સત્તા ટકાવી રાખવા માગે છે અને જે પક્ષો સત્તા ઉપર નથી તેઓ સત્તા ઉપર આવવા ઇચ્છે છે અને આવી ચૂંટણીઓ બે પ્રકારના રાજકીય પક્ષો વચ્ચે પરસ્પર સ્પર્ધાનો વિષય બને છે, આજે લોકતંત્ર પક્ષનિષ્ટ છે. એને લોકનિષ્ટ બનાવવા માટે પક્ષનિરપેક્ષ પક્ષાતીત ભૂમિકાની જરૂર જણાય છે. એને કોઈ પક્ષની હાર કે કોઈ પક્ષની જીતમાં રસ હોઈ ન શકે. કારણ સૌ જાણે છે કે મતપરિવર્તનની ક્રિયા હાર અને જીતથી પર છે. આપણે જો કોઇની હાર યા જીત ઇચ્છીશું તો બેમાંથી એકેયનું હૃદયપરિવર્તન કરવાની પાત્રતા ખોઈ બેસીશું. આ પ્રકારની વિચારસરણી ચૂંટણીના વિષયમાં ઉદાસીન રહેવાનું, તટસ્થ રહેવાનું સૂચવે છે.

તાત્વિક દૃષ્ટિએ આ વિચારસરણીમાં ગમે તેટલું તથ્ય હોય એમ છતાં પણ પક્ષાતીત લોકશાહીનું કોઈ વ્યવહારૂ ચિત્ર હજુ આપણી કલ્પનામાં ઉઠતું નથી. લોકશાહી એટલે દેશમાં સામાન્યતઃ બહુમતી ધરાવતા એક પક્ષનું રાજ્ય. કોઈ આન્તરરાષ્ટ્રીય કટોકટીના વખતે રાજ્યવહીવટ માટે ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોનું એકીકરણ શક્ય બને છે, પણ કટોકટી વિસર્જિત થતાં આ એકીકરણ ટકી શકતું નથી. બીજી બાજુએ સરમુખત્યારશાહી જ એક એવી રાજ્યરચના છે કે જેને પક્ષાતીત કહી શકાય, પણ આ પક્ષાતીતતા અનેક પક્ષોના મીલન અને સમન્વયમાંથી નહિ પણ અન્ય પક્ષોને દબાવીને સત્તા ઉપર આવેલા અમુક એક પક્ષના સાર્વભૌમત્વમાંથી ઉભી થાય છે. હવે જો આપણને સરમુખત્યારશાહી ખપતી ન હોય તો ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોનું અસ્તિત્વ અને સત્તા ઉપર આવવાની સ્પર્ધાના તત્વને આપણે સ્વીકાર્યે જ છૂટકો છે.

વિશેષતઃ સત્તા ઉપર કયો પક્ષ આવે છે અને કયો નથી આવતો તેની આપણા વાસ્તવિક જીવન ઉપર ગંભીર અસર પડે છે. કારણ કે દરેક પક્ષને ચોક્કસ પ્રકારની વિચારસરણી હોય છે અને દેશના પ્રશ્નો અંગે તેમજ આન્તરરાષ્ટ્રીય પ્રશ્નો અંગે તેના એક યા બીજા પ્રકારનાં વળણોનું પણ ભારે પરિણામજનક મહત્વ છે. આ કારણે આજની આ વાસ્તવિકતાની આપણે ઉપેક્ષા કરી શકતા નથી,

ચૂંટણી વિષે ઉદાસીન બની શકતા નથી અને તેથી આપણને મળેલા મતાધિકારનો આપણી સુઝ પ્રમાણે બને ત્યાં સુધી ઉપયોગ કરવો એવો રાજકીય ધર્મ આપણને સહજપણે પ્રાપ્ત થાય છે.

આ રીતે વિચારતાં આપણને મળેલા મતાધિકારનો કોના લાભમાં આપણે ઉપયોગ કરવો એ પ્રશ્ન આપણ દરેકની સામે, આવીને ઉભો રહે છે.

આજે દેશમાં ગણનાયોગ્ય ચાર કે પાંચ રાજકીય પક્ષો છે. કોંગ્રેસ, પ્રજાસમાજવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ, અને જનસંઘ પક્ષ. આ દરેક પક્ષે લોકસભા તથા પ્રાદેશિક વિધાનસભાઓ માટે પોતપોતાના ઉમેદવારોની નામાવલિ બહાર પાડી છે. આમાંથી કયા પક્ષના ઉમેદવારને મત આપવો એ સવાલ આપણે વિચારવાનો છે.

મતપ્રદાન માટે પક્ષની પસંદગી કરવી એટલે કયો પક્ષ રાજ્યસત્તા ઉપર આવે તો દેશના વિશેષ લાભમાં છે એ રીતે આપણો અભિપ્રાય વ્યકત કરવો. આ માટે પક્ષનું અદ્યતન પ્રભુત્વ, તેની વિશિષ્ટ વિચારસરણી, અને તેની આજ સુધીની કામગીરી–આ બાબતો ખાસ કરીને ધ્યાનમાં લેવાની રહે છે. કોઈ એક પક્ષની વિચારસરણી આપણને ગમતી હોય પણ તેની જમાવટ કાચી હોય અને તેની નેતાગીરી નબળી હોય તો તે પક્ષ સત્તાક્ષમતા ધરાવતો નથી એમ આપણે કબુલ કરવું રહ્યું. દાખલા તરીકે પ્રજાસમાજવાદી પક્ષ. તેની વિચારસરણી અને વલણ કોંગ્રેસને ઘણી રીતે સમાન્તર અને રાષ્ટ્રના આજના પ્રશ્નોના ઠીક ઠીક ઉકેલસાધક છે એમ આપણે સ્વીકારીએ. એમ છતાં તેની નેતાગીરી એટલી નબળી અને અસ્થિર છે કે રાષ્ટ્રની ધુરા તેને સોંપવાની આપણી હીંમત ન ચાલે. જે પક્ષની વિચારસરણી અને વલણો રાષ્ટ્રની દૃષ્ટિએ વાંધાપડતાં લાગતાં હોય તે પક્ષ સત્તા ઉપર આવે એમ પણ આપણે કદિ ન ઇચ્છીએ. દાખલા તરીકે જનસંઘ. તેની વિચારસરણી અને તે કરતાં પણ વિશેષ તેનું વલણ કોમવાદી છે એવી આપણામાંના ઘણા ખરાના મન ઉપર છાપ છે. આવી જ રીતે સામ્યવાદી વિચારસરણી સર્વસ્વીકૃત નૈતિક મૂલ્યોને, સત્ય અને અહિંસાના મહત્વને, સાધ્યસાધનશુદ્ધિને તત્વથી પણ સ્વીકારતી નથી અને તે જે રસ્તે સમાજક્રાન્તિ સાધવા માગે છે તે રસ્તો દેશના હિતમાં નથી એમ આપણને લાગે છે. તેથી તેને પણ આપણે ટેકો આપી શકતા નથી. ચોથો રાજકીય પક્ષ શ્રી રામમનોહર લોહિયા પ્રસ્થાપિત અને પ્રભાવિત સમાજવાદી પક્ષ છે, જે સામર્થ્યહીન છે, પ્રભુત્વહીન છે. આમ સમગ્રપણે વિચાર કરતાં કોંગ્રેસ પક્ષ જ આપણી આંખ સામે આવીને ઉભો રહે છે. આઝાદી મળ્યા બાદ આજ સુધી તેણે ભારતની રાજ્યધુરા સંભાળી છે, અનેક પ્રતિકુળ સંયોગો વચ્ચે તેણે ઠીક ઠીક કુશળતાપૂર્વક રાજકીય નાવ ચલાવ્યું છે અને આર્થિક ઉત્કર્ષના માર્ગે આયોજિત કાર્યક્રમ મુજબ દેશની સારી એવી પ્રગતિ સાધી છે. પ્રથમ પંચવર્ષીય યોજના સફળતાપૂર્વક તેણે પાર પાડી છે અને બીજી પંચવર્ષીય યોજના તેની મારફત અમલી બની રહી છે. પંડિત જવાહરલાલજીના કારણે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેણે ભારે નામના મેળવી છે અને વિશ્વશાન્તિને સુરક્ષિત રાખવામાં તેણે મહત્વનો ફાળો નોંધાવ્યો છે. તેની પાસે સમર્થ નેતાગીરી છે અને દેશ ઉપર તેનું અજોડ પ્રભુત્વ છે. આ ઉજળા ચિત્રની બીજી બાજુ પણ છે જ. રાજ્યતંત્રમાં સડો પાર વિનાનો છે; રૂશ્વતખોરીની જડ જામેલી છે; કાળા બજાર પ્રજાજીવનને શોષી રહેલ છે; બેકારીનો પ્રશ્ન પણ હજુ અણઉકેલાયલો જ પડયો છે. કરોડો રૂપિયાની યોજનામાં લાખો રૂપિયા ખવાઈ ગયા છે. આ બધું છતાં પણ બીજો કોઈ એવો સમર્થ રાજકીય પક્ષ દેખાતો નથી કે જે કોંગ્રેસની જગ્યા લેવાની યોગ્યતા અને તાકાત ધરાવતો હોય. પ્રજાજનોને અનેક બાબતમાં પુષ્કળ અસંતોષ હોવા છતાં પણ અન્ય પક્ષોનું કાં તો વિચારદારિદ્ર્ય અથવા તો નેતાગીરીનું દારિદ્ર્ય જોતાં કોંગ્રેસ જ હજુ સત્તા ઉપર ચાલુ રહે એ ઇષ્ટ લાગે છે અને તેથી આપણા મતની કોંગ્રેસ જ અધિકારી છે એમ કહેવા મન લલચાય છે.

આ રીતે ચૂંટણીના અનુસંધાનમાં કોંગ્રેસનું સમર્થન કરવા છતાં કોંગ્રેસ નીમેલા ઉમેદવારો બધા યોગ્ય જ છે એમ કહેવાની સ્થિતિમાં આપણે નથી. ઉમેદવારો જે રીતે પસંદ કરવામાં આવેલ છે તે જોતાં એમ કહેવું પડે છે કે ઉમેદવારની વ્યક્તિગત યોગ્યતા કરતાં તેના સામાજિક સ્થાન અથવા લાગવગ ઉપર અથવા તો તેના હકારીયાપણા (Yesmanship) ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. જ્યાં લોકોના મત ઉપર જ ઉમેદવારની સફળતાનો આધાર હોય અને પોતે નીમેલા બધા ઉમેદવારો ચૂંટાવા જ જોઇએ એવો ઉમેદવાર નીમનાર રાજકીય પક્ષનો આગ્રહ હોય એટલે કે સિદ્ધાન્તનિષ્ઠા નહિ પણ સત્તાનિષ્ઠા જ રાજકીય પક્ષનો પ્રેરક હેતુ હોય, ત્યાં ઉમેદવારની વ્યક્તિગત યોગ્યતા કરતાં તેના મતપ્રભુત્વની જ વધારે કીંમત અંકાય એ સ્વાભાવિક છે. કોંગ્રેસ કમનસીબે આ નબળાઇથી પર નથી, તેથી તેણે એવા પણ કોઈ કોઈ ઉમેદવારો બહાર પાડ્યા છે કે જેમની ધનિકતા, અથવા તો સાંપ્રદાયિક લાગવગ, અથવા તો પૂર્વકાળથી ચાલી આવેલી અન્ય લોકોની તેમના પ્રત્યેની વફાદારી અથવા તો એક પ્રકારની સામાજિક દાદાગીરીના જોરે પ્રાપ્ત કરેલું મતપ્રભુત્વ એ જ તેની કોંગ્રેસના ઉમેદવાર બનવાની યોગ્યતાનું અનુમાપક બન્યું હોય. આવી પરિસ્થિતિમાં એટલે કે કોંગ્રેસને ટેકો આપવાની ઇચ્છા હોય પણ તેણે નીમેલ ઉમેદવાર નાલાયક માણસ લાગતો હોય ત્યાં શિસ્તના કારણે કોંગ્રેસ સાથે બંધાયેલ ન હોય તેવા સામાન્ય પ્રજાજને શું કરવું? આવા સંયોગમાં તેવા નાલાયક લાગતા ઉમેદવારને મત ન જ આપવો એટલે કે એવા સંયોગોમાં મતપ્રદાનથી સામાન્ય પ્રજાજને અલગ રહેવું એવો આપદ્ધર્મ તેને સ્પષ્ટપણે પ્રાપ્ત થાય છે. કારણ કે મતપ્રદાન કરતી વખતે ઉપર જણાવ્યું તે મુજબ પ્રથમ પક્ષ જોવાનો રહે છે, પણ પછી તે પક્ષે નીમેલ ઉમેદવારની યોગ્યતા વિચારવાની રહે જ છે. જ્યારે આપણે અમુક ઉમેદવારને મત આપીએ છીએ ત્યારે તે આપણો શાસક અથવા કાનુનવિધાયક બનવાને યોગ્ય છે એવો વિચાર આપણે વ્યકત કરીએ છીએ. અને તેથી જે વ્યકિતમાં આપણા શાસક અથવા કાનુનવિધાયક બનવાની યોગ્યતા દેખાતી ન હોય તે ભલે કોંગ્રેસે નીમેલો ઉમેદવાર હોય તો પણ તેને મત આપીને શાસક કે કાનુનવિધાયક બનવાની સરળતા આપણાથી કરી ન જ અપાય. આમ નિયમ અને અપવાદને પુરા લક્ષ્યમાં રાખીને દરેક મતદારે પોતાનું મતપ્રદાન કરવું ઘટે છે.

હવે એક મુદ્દો ચર્ચવાનો બાકી રહે છે. કોઈ એમ કહી શકે છે કે આજે કોંગ્રેસ બળવાન પક્ષ છે અને ચૂંટણીના પરિણામે તે જ પક્ષ સત્તા ઉપર આવવાનો જ છે. પણ સાથે સાથે બળવાન વિરોધ પક્ષ ઉભો થવાની ખાસ જરૂર છે. કારણ કે કોંગ્રેસ સામે બળવાન વિરોધ પક્ષ સિવાય આજે દેશમાં અમલી બનેલી લોકશાહી સાચા અર્થ અને સ્વરૂપમાં ચરિતાર્થ થતી નથી. અને તેથી બીજા પક્ષોને પણ મત આપવાનું આપણે પ્રજાજનોને કેમ ન કહીએ?

સામાન્ય પ્રજાજનોની દૃષ્ટિએ ચૂંટણીનો મુખ્ય આશય તેઓ કયો રાજકીય પક્ષ સત્તા ઉપર આવે એમ ઇચ્છે છે તેનો જ માત્ર નિર્ણય આપવાનો છે અને નહિ કે નબળા પક્ષોને બળવાન બનાવવાનો. ચૂંટણીના પરિણામે જેને બહુમતી મળે છે તે પક્ષ સત્તા ઉપર આવે છે અને બાકીના પક્ષો તો સ્વાભાવિક રીતે વિરોધમાં ઉભા રહે છે. આમાંથી સંગીન વિરોધ પક્ષ ઉભો થઈ શકતો નથી તેનું કારણ સત્તારૂઢ પક્ષની અસાધારણ બહુમતી હોય છે અને આનું કારણ કોંગ્રેસ સામેનો વિરોધ અનેક પક્ષોમાં વહેંચાયલો હોય છે. આ અનેક પક્ષોનું એક અથવા બે સુગ્રથિત પક્ષમાં જ્યાંસુધી વિલીનીકરણ નહિ થાય અને કોંગ્રેસ પણ જ્યાં સુધી સજાગ રહીને કાર્ય કરતી રહેશે ત્યાં સુધી કોંગ્રેસ સામે કોઈ બળવાન વિરોધ પક્ષ ઉભો થવાની શકયતા રહેતી નથી. આ રીતે વિચારતાં ઉપર જણાવેલ અપવાદને ધ્યાનમાં રાખીને કોંગ્રેસને સામાન્ય પ્રજાજનોના મતપ્રદાનનો લાભ મળે એ ઇચ્છવા યોગ્ય લાગે છે.

પરમાનંદ

ક્ષમાયાચના

છાપખાનાની કેટલીક અણધારી અગવડના કારણે આ અંક પ્રગટ થવામાં વિલંબ થયો છે જે માટે વાચકોની અમે ક્ષમા માંગીએ છીએ.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

બાળ મનોપચાર કેન્દ્ર, ખાર

(શ્રી ગુજરાત સંશોધન મંડળ કાર્યાલય ૪૬/૪૮ એરપ્લેનેડ મેન્શન, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ ૧. તરફથી મળેલો પરિપત્ર પ્રબુદ્ધ જીવનના વાચકોની જાણ માટે નીચે પ્રગટ કરવામાં આવે છે.)

અર્વાચીન સમયમાં માનસિક અસ્વસ્થતા સર્વત્ર જોવામાં આવે છે. કુટુંબમાં, શાળાઓમાં, પાઠશાળાઓમાં, બજારોમાં અને સમાજમાં આ અસ્વસ્થતાના ચિન્હો સ્પષ્ટ દેખાય છે.

બાળકોના માનસિક અનારોગ્યના ઉપચાર માટે આ સંસ્થા ઉભી કરવામાં આવી છે. જે બાળકો ઘર અને શાળામાં સ્વસ્થ ન રહેતા હોય તેમજ જેમને માટે વિશિષ્ટ પ્રકારની કાળજી, સાર-સંભાળની જરૂર હોય તેમને મદદ કરવાનો આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ છે.

આ કેન્દ્રનું ધ્યેય : બાળ મનોપચાર કેન્દ્રનું મુખ્ય ધ્યેય બાળકોની સુષુપ્ત કાર્યશક્તિઓને જગાડવામાં મદદ કરવાનું છે. તદુપરાંત તે શક્તિઓ દ્વારા તેના સર્વદેશીય વિકાસને અવરોધતાં તત્ત્વો દૂર કરવાનું અને સંવાદી સામાજિકતા ખીલવવાનું છે. બાળકોની મુંઝવણોને માટે કેટલેક અંશે માબાપની બાળ ઉછેર અંગેની અસ્પષ્ટ સમજ જવાબદાર હોય છે. તે દૂર કરવા યોગ્ય માર્ગદર્શન કરાવવાનું પણ આ કેન્દ્રનું ધ્યેય છે. આ બધાની સિદ્ધિને માટે માબાપ, શિક્ષક કે સંબંધિત દરેક વ્યક્તિનો સંપર્ક અને સહકાર સાધી કેન્દ્રના કર્મચારીઓ કાર્ય કરે છે.

કેટલીએક શાળાઓમાં બાળકોને યોગ્ય સહકાર અને સહયોગ ન મળવાથી માનસિક કોયડાઓ ઉભા થાય છે. માબાપો અને શિક્ષકોનો સહયોગ મેળવવા માટે અમારા નિષ્ણાત કાર્યકરો ઘરની અને નિશાળની મુલાકાતો લે છે. તે ઉપરાંત બીજી સંબંધિત વ્યક્તિઓનો સંપર્ક સાધીને દરેક બાળકોનો સંપૂર્ણ કેસ અહેવાલ તૈયાર કરવામાં આવે છે, અને નિષ્ણાત કમિટીઓદ્વારા ચર્ચા કરીને તેમના સુધાર માટે યોજના કરવામાં આવે છે.

માતાપિતાનો સંપર્ક સાધીને બાળકની અસ્વસ્થતાનું સ્વરૂપ અને તેનાં કારણો સમજાવવામાં આવે છે. બાળ ઉછેર અંગે યોગ્ય માર્ગદર્શન કરાવાય છે. આ પ્રકારના ઉછેરથી બાળકનો તંદુરસ્ત વિકાસ થાય છે અને નિરોગી વ્યક્તિત્વ ખીલે છે. આમ આ કેન્દ્ર માનસ રોગ-નિરોધ અને માનસ રોગ ઉપચાર એ બે માર્ગે સેવા કરીને માનસિક આરોગ્ય વિકસાવવાનો પ્રયત્ન કરે છે.

આ કેન્દ્રમાં કયા પ્રકારનાં બાળકોને સારવાર મળી શકે છે?

વર્તન વિકારવાળાં, વિકૃત વ્યક્તિત્વવાળાં અને કુટેવોવાળાં બાળકોને આ કેન્દ્ર મદદ કરે છે. તે બાળકોના પ્રકાર નીચે મુજબ હોઈ શકે :–

૧ અતિ શરમાળ ૨ અદેખાં ૩ હઠીલાં ૪ ત્રાગું કરનાર ૫ ચિડિયાં ૬ જૂઠું બોલનાર ૭ ભાંગફોડ કરનાર ૮ મારફાડ કરનાર ૯ પથારી પલાળતાં ૧૦ અભ્યાસમાં દુર્લક્ષ સેવતાં ૧૧ ઘર તથા શાળામાંથી ભાગી જતાં ૧૨ ચોરી કરનાર ૧૩ ડરપોક અતિ ભીરુ ૧૪ અતિ નાજુક.

ઉપરની ખામીવાળાં બાળકો ઘણી વખત જન્મથી સમધારણ બુદ્ધિ શક્તિવાળાં હોય છે, પરંતુ અનેક કારણોને લીધે માનસિક સંઘર્ષ અને અસંતુષ્ટ લાગણીના ભોગ થવાથી તેમનું માનસ વિકૃત થાય છે. પણ તેથી તેઓ શાળાના અભ્યાસમાં પાછળ પડે છે, અથવા તો કુટુમ્બ જીવનમાં અયોગ્ય વાતાવરણ ઉભું કરે છે.

જન્મગત મંદબુદ્ધિવાળાનો પ્રકાર જુદો હોય છે. તેમની આ ઉણપ અભ્યાસ અને જીવનના દરેક ક્ષેત્રમાં તેમને પછાત રાખે છે; તેઓ એકલાં એકલાં હસે છે; ઝાડો પેશાબ ગમે ત્યાં કરી દે છે; પોતાનાં કપડાં પણ જાતે પહેરી શકતાં નથી, અને કોઇ પણ પ્રકારનું નિયંત્રણ રહેતું નથી. આવા પ્રકારનાં બાળકોને તેમની બુદ્ધિશક્તિ મર્યાદામાં કેળવી શકાય છે. કેન્દ્ર તે અંગેની યોગ્ય દોરવણી આપે છે.

આ કેન્દ્રમાં કેવા બાળકોને નથી લેવામાં આવતા?

સોળ વર્ષની ઉપરનાં તેમજ ગાંડપણવાળા કે માનસિક ત્રુટિ ધરાવતાં બાળકોને માટે ગોઠવણ નથી.

બાળકોને આ કેન્દ્રમાં કોણ મોકલી શકે?

(અ) શાળા, હોસ્પીટલ, ખાનગી બાળ–નિષ્ણાતો, સમાજ કેન્દ્રો, બાળઅદાલતો, માબાપ, વાલી કે શિક્ષણ બાળકોને આ કેન્દ્રમાં સાર-વાર માટે મોકલી શકે છે. બાળકને કેન્દ્રમાં દાખલ કરાવતી વખતે, માબાપ, વાલી, શિક્ષક કોઇ જવાબદાર વ્યક્તિએ હાજર રહેવું જોઇએ.

(બ) કેન્દ્રમાં બાળકની માનસિક અસ્વસ્થતાનું નિદાન કરવામાં અને તે પછી ઉપચારને માટે માબાપ, વાલી, શિક્ષકનો સહકાર મળવો જરૂરી છે. આ કેન્દ્ર ૧૬ વર્ષ સુધીની ઉંમરના બાળકોને જ લાભ આપી શકશે.

જનતા આ સેવાનો લાભ લેશે તેવી આશા છે.

મનોપચાર માટે બાળકને લઇ આવનારે બધી માહિતી લઇને દર બુધવારે અને શનિવારે ૩ થી ૬ ના સમયમાં પધારવું. બાળ મનોપચાર વિભાગના કર્મચારીઓ નીચે પ્રમાણે છે.

મનોરોગવિજ્ઞાન સલાહકાર : **ડૉ. જે. સી. મારફતિયા** એમ.ડી.
મનોરોગ વિજ્ઞાનવિદ્ : **ડૉ. વી. એન. ભગડીયા** એમ.ડી.
સામાજિક મનોરોગ કાર્યકર : **કુમારી ટી. ઇ. સુરતી.**
માનસશાસ્ત્રી : **શ્રીમતી ડી. એમ્. તારાચંદ** એમ. ઈ. ડી.

સ્થળ : ગુજરાત સંશોધન મંડળ : લલિત કુંજ, ટે. નં. ૮૮૦૫૮
૯ અને ૧૧ માં રસ્તાના નાકા ઉપર ખાર, મુંબઈ, ૨૧.

શ્રી. જયાબહેન દાણીની અપીલને મળી રહેલો જવાબ

તા. ૧–૨–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી. જયાબહેન દાણીની અપીલ પ્રગટ થયા બાદ તરતમાં જ એક દિવસ હું ઘર તરફ જતો હતો અને રસ્તામાં એક મિત્ર મળ્યા અને મને કહ્યું કે "તમે મારા બે પૈસા બચાવ્યા." મેં પૂછયું કે "શી રીતે?" તેમણે જવાબ આપ્યો કે "જયાબહેનની અપીલ વાંચીને આજે તમને રૂ. ૫૧ મંગાવી લેવા લખવાનો હતો."

આ અંક તૈયાર થઈ રહ્યો છે એવામાં સંઘના કાર્યાલયમાં મને બોલાવતો ટેલીફોન આવ્યો. હું એ વખતે પ્રેસમાં હતો. પ્રેસમાંનું કામ પતાવીને સંઘના કાર્યાલયમાં આવ્યો અને ટેલીફોનની મને જાણ થઈ. તેમણે આપેલા નંબર ઉપર ટેલીફોન કર્યો. ટેલીફોન કરનાર ગૃહસ્થ આમ તો બહુ જાણીતી શ્રીમાન વ્યક્તિ છે, પણ હું તેમના સીધા પરિચયમાં કદિ આવેલો નહિ. ટેલીફોનનું પ્રયોજન પૂછતાં તેમણે જણાવ્યું કે "તમારા પ્રબુધ્ધ જીવનના છેલ્લા અંકમાં જયાબહેન દાણીની અપીલ અને તે ઉપરની તમારી નોંધ વાંચી મારા મન ઉપર ખૂબ અસર થઈ. પરિણામે તે બહેનને હું રૂ. ૫૦૦ મોકલવા ઇચ્છું છું. તો કોઇને મોકલીને ઓફીસમાંથી મંગાવી લેશો."

આમ જયાબહેનની અપીલને આવો અણધાર્યો પ્રત્યુત્તર મળતો જોઇને મેં પરમ સંતોષ અનુભવ્યો અને ઊંડા દિલથી કરેલી અપીલ કદિ વ્યર્થ જતી નથી એવી શ્રધ્ધા દિલમાં સુદૃઢ થઈ. **પરમાનંદ**

ભુલ સુધારણા

તા. ૧–૨–૫૭ ના છેલ્લા પ્રબુધ્ધ જીવનના અંકમાં પ્રગટ થયેલ **'કોંગ્રેસ–ગાંધીજીના સમયની અને આજની'** એ લેખને છેડે 'પરમાનંદ' લખ્યું છે એ ઉપરથી એ લેખના લેખક 'પરમાનંદ' છે એમ ભ્રાન્તિ પેદા થવા સંભવ છે. વસ્તુતઃ એ લેખ મૂળ અંગ્રેજી લેખનો અનુવાદ છે અને શ્રી પરમાનંદ તેના અનુવાદક છે.

એ જ અંકમાં પ્રગટ થયેલ શ્રી ગીતા પરીખના **'મુંબઈ'** એ મથાળાના કાવ્યની ત્રીજી પંક્તિમાં 'જિર્જલ' શબ્દ છપાયો છે તેના સ્થાને 'નિર્જળ' એમ વાંચવું. તંત્રી, પ્રબુધ્ધ જીવન

વિષય સૂચિ		પૃષ્ઠ
મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત		૨૦૫
સંઘની વાર્ષિક સામાન્ય સભા		૨૦૭
પ્રયોગ (કાવ્ય)	ગીતા પરીખ	૨૦૮
પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી		૨૦૯
શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિનય મંદિર	પરમાનંદ	૨૧૦
આગામી ચૂંટણીમાં કોને મત આપશો ?	પરમાનંદ	૨૧૧
બાળ મનોપચાર કેન્દ્ર, ખાર.		૨૧૩
સંઘના તથા વાચનાલય પુસ્તકાલયના હિસાબો.		૨૧૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી 'પ્રબુધ્ધ જીવન' નો સંવત ૨૦૧૨ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
લવાજમના			
રોકડા આવ્યા	...૧,૪૪૫—૪—૩		
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુધ્ધ જીવન' નિયમ મુજબ મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા.	...૧,૦૦૫—૦—૦	૨,૪૫૦—૪—૩	
ભેટના		૧૩૨—૦—૦	
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચના વધારાના શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા	...	૧,૪૬૮–૧૩—૦	
	કુલ રૂા.	૪,૦૮૧—૧—૩	

ખર્ચ

		રૂા. આ. પા.
પગારના	...	૧,૦૨૫—૦—૦
પેપર ખર્ચ	...	૪૪૨–૧૩—૩
છપામણી ખર્ચ	...	૨,૧૯૩–૧૫—૦
પોસ્ટેજ ખર્ચ	...	૩૮૦–૧૪—૦
પરચુરણ ખર્ચ	...	૩૬—૭—૦
	કુલ રૂા.	૪,૦૮૧—૧—૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૨ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
ભેટના			
ચાલુ ભેટ તથા વ્યાખ્યાનમાળા ખાતે ભેટ	...		૪,૦૦૧—૧—૦
લવાજમના			
સં. ૨૦૧૧ ના	૩૦—૦—૦		
સં. ૨૦૧૨ ના	૧,૭૦૦—૦—૦	૧,૭૩૦—૦—૦	
બાદઃ સભ્યોને 'પ્રબુધ્ધ જીવન'ની મફત કોપીના લવાજમના એડજસ્ટ કર્યા	...૧,૦૦૫—૦—૦		૭૨૫—૦—૦
વ્યાજના			
ડીબેંચરો પર (નેટ)	...	૩૫૫–૧૩—૬	
બેંકના ચાલુ ખાતાના	...	૧૯—૫—૦	
		૩૭૫—૨—૬	
બાદઃ વર્ષ દરમ્યાન કાલટેક્ષ ઓઇલ (ઇન્ડીયા) લી. ના ડીબેંચરો રૂા. ૫૦૦૦ ની કીંમતના ખરીદતાં ચઢેલ વ્યાજના આપ્યા...		૫૨–૧૩—૦	૩૨૨—૫—૬
	કુલ રૂા.		૫,૦૪૮—૬—૬

ખર્ચ

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
વ્યવસ્થા ખર્ચ			
પગારના	...૧,૦૨૫—૦—૦		
મકાન ભાડુ તથા વીજળી ખર્ચ	... ૧૭૪—૦—૬		
છપામણી તથા સ્ટેશનરી ખર્ચ	... ૩૦૮—૧—૩		
પોસ્ટેજ ખર્ચ	... ૧૦૦—૪—૦	૧,૬૦૭—૬—૦	
ઓડીટરોને સંવત ૨૦૧૧ ના હિસાબ તપાસવાના ઓનરેરિયમના		૫૦—૦—૦	
પરચુરણ ખર્ચ	...	૩૪૦—૪—૬	
ઘસારાના...ફરનીચર પર	...	૨૫—૦—૦	
વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ	...	૭૬૮—૨—૦	
		૨,૮૨૦–૧૨—૬	
વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા	...		૨,૨૨૭–૧૦—૦
	કુલ રૂા.		૫,૦૪૮—૬—૬

સંવત ૨૦૧૨ ના આસો વદ ૦)) ના દિવસનું સરવાયું

ફંડો અને દેવું

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
શ્રી રીઝર્વ ફંડ ખાતું		
ગયા સરવાયા મુજબ બાકી ...		૧,૧૦૦—૦—૦
સંઘ હસ્તકનાં ખાતાઓ		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવાયા મુજબ બાકી	...૩,૦૩૩–૧૦—૬	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		
ગયા સરવાયા મુજબ બાકી...	૮૪–૯–૩	
ઉમેરોઃ વર્ષ દરમ્યાન ભેટના...	૧૧—૦—૦	
	૯૫–૯–૩	
બાદઃ વર્ષ દરમ્યાન વૈદ્યકીય રાહત ખર્ચના...	૬૩-૧૨-૦	૩૧–૧૩—૩

મિલકત અને લેણું

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
ઈન્વેસ્ટમેન્ટસ : (ખરીદ કીંમતે)			
	ફેસઈ વેલ્યુ		
૫½ ટકાના ધી ઈન્ડીઅન હ્યુમ પાઈપ કું.લી. ડીબેંચરો	૪૦૦૦	૪,૨૩૬—૬—૨	
૫½ ટકાના ધી કાલટેક્ષ ઓઇલ (ઇંડીયા) લી. ના ડીબેંચરો	૫૦૦૦	૫,૩૦૬—૦—૦	૯,૫૪૨—૬—૨
	૯૦૦૦		
ફરનીચર : (ખરીદ કીંમતે)			
ગયા સરવાયા મુજબ બાકી ...		૪૩૦—૦—૦	
બાદઃ કુલ ઘસારાના લખી વાળ્યા		૫૦—૦—૦	૩૮૦—૦—૦
પેપરનો સ્ટોક : (ખરીદ કીંમતે)			૫૨—૮—૦
લેણું : (સધ્ધર)			
શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય, અને પુસ્તકાલય		...૧,૫૬૫—૨—૦	

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
શ્રી માવજત ખાતું			
ગયા સરવાયા મુજબ બાકી...૨૬૬-૧૨-૩			
ઉમેરો : ઘસારાના વસુલ આવ્યા... ૧૧-૧૫-૬		૩૦૮-૧૧-૫	૩,૩૭૪-૩-૬
દેવું :			
ખર્ચ અંગે	...	૨૪૦-૨-૦	
અગાઉથી આવેલ લવાજમો	...	૪૧૬-૦-૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ		૧૮-૦-૦	
પરચુરણ દેવું			
શ્રી ઉપલક ખાતું	૨૬-૧૫-૦		
શ્રી સોહનલાલ દુગડ	૮૦-૦-૦		
,, અલ્પાહાર ખાતું	૪૪૦-૬-૬		
નાગસી ધારસી શેઠીયા...	૪૦-૦-૦		
પં. સુખલાલજી સન્માન સમિતિ.	૧,૭૧૨-૧૩-૦		
શ્રી પ્રવેશપત્ર ઉપલક ખાતું	૧૦-૦-૦	૨,૩૧૦-૫-૬	૨,૬૮૪-૭-૬
શ્રી જનરલ ફંડ ખાતું			
ગયા સરવાયા મુજબ બાકી	...	૧૧,૭૭૭-૧૪-૭	
ઉમેરો : શ્રી જૈન યુવક સંઘ આવકખર્ચ ખાતેથી લાવ્યા...		૨,૨૨૭-૧૦-૦	
		૧૪,૦૦૫-૮-૭	
બાદ : શ્રી પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા		૧,૪૬૮-૧૩-૦	૧૨,૫૦૬-૧૧-૭
		કુલ રૂા.	૧૬,૬૬૫-૬-૭

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
ભેટ અંગે	...	૧૧-૦-૦	
સભ્ય લવાજમના	...	૧૭૦-૦-૦	
પ્રબુદ્ધ જીવનના લવાજમના	...	૫૮-૦-૦	
સંઘના સ્ટાફ પાસે	...	૧૦૨-૧૫-૦	
ધી બોમ્બે મ્યુનીસીપલ બંડર ટેકીંગ કમીટી પાસે	...	૨૫-૮-૩	૧,૬૩૨-૬-૩
ઈન્વેસ્ટમેન્ટ પર લેણું થએલું વ્યાજ	...		૧૬૩-૬-૬
રોકડા તથા બેંક બાકી :			
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે	...	૬,૩૬૬-૦-૧૧	
રોકડ પુરાંત	...	૪૩-૫-૦	૬,૪૦૬-૫-૧૧
શ્રી 'સત્યં શિવં સુંદરમ્' પુસ્તક પ્રકાશન ખાતું : ...			
ગયા સરવાયા મુજબ બાકી...		૧,૬૭૦-૬-૬	
બાદ: પુસ્તકો વેચાણના આવ્યા		૪૩૭-૮-૦	૧,૨૩૩-૧-૬
શ્રી 'બોધિસત્ત્વ' પુસ્તક પ્રકાશન ખાતું વર્ષ દરમ્યાન પ્રકાશન ખર્ચ	...	૨૮૮-૧૦-૦	
બાદ: પુસ્તકો વેચાણના	...	૬૬-૧૨-૦	૨૨૧-૧૪-૦
		કુલ રૂા.	૧૬,૬૬૫-૬-૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈનું ઉપરનું સરવાયું મજકૂર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર માલમ પડયું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી
મુંબઈ, તા. ૧૦ મી જાન્યુઆરી, ૧૯૫૭ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંવત ૨૦૧૨ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
વ્યાજ :-			
સીકયુરીટીઓના	...	૩૧૦-૦-૦	
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેંચરોના	...	૧,૧૬૨-૮-૦	
બેંકના ચાલુ ખાતા પર	...	૬-૩-૦	
		૧,૪૭૮-૧૧-૦	
બાદ : વર્ષ દરમ્યાન ૪ ટકાની ૧૯૫૭ ની સૌરાષ્ટ્ર ગર્વ. ડેવલપમેન્ટ લોન રૂા.૪૦૦૦ ની ખરીદતાં ચડેલ વ્યાજના	...	૪૫-૫-૦	૧,૪૩૩-૬-૦
ભેટના			૧૦-૧૨-૦
પુસ્તકોના લવાજમના			૭૮૪-૧૨-૦
પરચુરણ આવક			
પસ્તીના વેચાણના	...	૬૨-૧૫-૦	
પાસબુકોના વેચાણના	...	૫૦-૧૦-૦	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જતાં દંડના	...	૭૩-૧૫-૦	૨૧૭-૮-૦
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો	...		૧,૬૧૬-૧-૩
		કુલ રૂા.	૪,૩૬૨-૭-૩

ખર્ચ

		રૂા. આ. પા.	રૂા. આ. પા.
વ્યવસ્થા ખર્ચ			
સ્ટેશનરી તથા છપામણી	...	૫૩-૬-૬	
પરચુરણ ખર્ચ	...	૭૧-૧૧-૬	
વીમાના પ્રીમીઅમના	...	૪૩-૧૨-૦	
ઈન્કમટેક્ષ કામની ફીના	...	૧૬-૦-૦	૧૮૫-૧-૦
ઓડીટરોને સંવત ૨૦૧૧ ના વર્ષના હિસાબો તપાસવાના ઓનરેરિયમના	...		૫૦-૦-૦
ઘસારાના			
ફરનીચર પર	...	૧૪૧-૨-૩	
પુસ્તકો પર	...	૮૨૨-૧-૬	૬૬૩-૩-૬
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ			
પેપરોના લવાજમના	...	૩૬૫-૧૨-૬	
ગ્રંથપાળને પગારના	...	૧,૪૨૦-૦-૦	
ઘાટીને પગારના	...	૮૫૦-૧૨-૦	
મકાન ભાડું તથા વીજળી ખર્ચ	...	૪૬૩-૨-૦	
બુકબાઇન્ડીંગ ખર્ચ	...	૩૪-૮-૦	૩,૧૬૪-૨-૬
		કુલ રૂા.	૪,૩૬૨-૭-૩

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનીક વાચનાલય અને પુસ્તકાલયનું

સંવત ૨૦૧૨ ના આસો વદ ૦)) ના દિવસનું સરવાયું

ફંડો અને દેવું

	રૂ. આ. પા.	રૂ. આ. પા.
શ્રી સ્થાયી ફંડ :		
ગયા સરવાયા મુજબ બાકી ...		૨૪,૫૬૧—૦—૦
શ્રી પુસ્તક ફંડ :		
ગયા સરવાયા મુજબ બાકી ...		૫,૫૦૦—૦—૦
શ્રી ફરનીચર ફંડ :		
ગયા સરવાયા મુજબ બાકી ...		૨,૪૦૦—૦—૦
દેવું :		
ડીપોઝીટો :		
પુસ્તકો અંગે	૨,૯૩૦—૮—૦	
પુસ્તકો અંગે વધારાની ડીપોઝીટ	૭૧—૦—૦	
પુસ્તકો અંગે માસીક ડીપોઝીટ	૩૭—૦—૦	૩,૦૩૮—૮—૦
પરચુરણ દેવું :		
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ	૧,૫૬૫—૨—૦	
શ્રી એલ. એમ. મહેતા	૫૬—૧૫—૦	
	૧,૬૨૨—૧—૦	૪,૬૬૦—૯—૦
કુલ રૂ.		૩૭,૧૨૧—૯—૦

મિલકત અને લેણું

	રૂ. આ. પા.	રૂ. આ. પા.
ઇન્વેસ્ટમેન્ટસ : (ચોપડા પ્રમાણે)		
સીકયુરીટીઓ ફેઇસ વેલ્યુ.		
૫ ટકાની સને ૧૯૨૬ ની ઓમ્બે મ્યુની-સીપલ લોન	૩,૦૦૦—૦—૦	૩,૬૧૫—૦—૦
૪ ટકાની સને ૧૯૬૭ ની સૌરાષ્ટ્ર ડેવલપ-મેન્ટ લોન	૪,૦૦૦—૦—૦	૩,૯૬૩—૧૨—૦
પબ્લીક લીમીટેડ કંપનીઓના ડીબેંચરો :		
૪ ટકાના રાવલગામ સુગર ફાર્મ કું. લી. ના	૧,૦૦૦—૦—૦	૧૦,૦૦૦—૦—૦
૫½ ટકાના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ ઓઇલ એન્ડ રીફાઈનીંગ કું. લી. ના	૫,૦૦૦—૦—૦	૫,૨૭૩—૦—૦
૫ ટકાના ધી તાતા લોકોમોટીવ એન્ડ એન્જીનીયરીંગ કું. લી. ના	૬,૦૦૦—૦—૦	૬,૧૬૩—૮—૦
	૨૮,૦૦૦—૦—૦	૨૯,૦૪૫—૪—૦
ઇન્વેસ્ટમેન્ટસ પર ચઢેલું વ્યાજ		૪૬૧—૪—૦
ફરનીચર : (ચોપડા પ્રમાણે કીંમત)		
ગયા સરવાયા મુજબ બાકી	૨,૪૩૮—૦—૦	
ઉમેરો : વર્ષ દરમ્યાન નવું ખરીદેલ	૬૦—૮—૩	
	૨,૪૯૮—૮—૩	
બાદ : ઘસારાના :		
અગાઉના વર્ષોમાં	૧૪૬—૦—૦	
ચાલુ વર્ષના	૧૪૧—૨—૩	૨૮૭—૨—૩ ૨,૨૧૧—૬—૦
પુસ્તકો : (ખરીદ કીંમતે)		
ગયા સરવાયા મુજબ બાકી	૬,૦૭૫—૦—૬	
ઉમેરો : વર્ષ દરમ્યાન નવા ખરીદેલ	૩૧૬—૧૧—૩	
	૬,૩૯૧—૧૧—૯	
બાદ : કુલ ઘસારાના :		
અગાઉના વર્ષોમાં	૬૧૧—૦—૬	
ચાલુ વર્ષના	૮૨૨—૧—૬	૧,૭૩૩—૨—૦ ૪,૬૫૮—૯—૯
લેણું : (સધ્ધર)		
ઇન્કમટેક્ષ રીફન્ડનું લેણું		૨૯૫—૦—૦
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઇન્ડીયા લી. બુલીઅન એકસચેંજ બ્રાંચના ચાલુ ખાતે	૧૭૪—૧૩—૦	
રોકડ સીલક	૨૪—૧૧—૩	૧૯૯—૮—૩
શ્રી આવક ખર્ચ ખાતું :		
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો	૧,૯૧૬—૧—૩	
બાદ : ગયા સરવાયા મુજબ જમા બાકી	૧,૬૯૫—૮—૩	૨૨૦—૬—૦
કુલ રૂ.		૩૭,૧૨૧—૯—૦

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનીક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઇનું ઉપરનું સરવાયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલમ પડયું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી
મુંબઇ તા. ૧૭ મી જાન્યુઆરી, ૧૯૫૭ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૮ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૫૯, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

એક પ્રગટ ચિન્તન

(ઓરિસ્સાના માજી વડા પ્રધાન શ્રી નવકૃષ્ણ ચૌધરીએ તા. ૪–૧૧–૫૬ ના રોજ સરત ખાતે એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ તા. ૧૫–૧૧–૫૬ ના ભૂમિપુત્રમાં પ્રગટ થયેલ છે જે નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. શ્રી નવકૃષ્ણ ચૌધરી ઓરિસ્સાના છેલ્લા પાંચ વર્ષથી વડા પ્રધાન હતા, છેલ્લાં બે અઢી વર્ષ દરમિયાન તેઓ વિનોબાજીના નિકટ પરિચયમાં આવ્યા, અને ભૂદાન પ્રવૃત્તિ તરફ વિશેષ અને વિશેષ ખેંચાતા રહ્યા. સત્તાસ્થાન ઉપર બેઠાં બેઠાં તેમને અનુભવ થયો કે તેમની અને પ્રજાજનો વચ્ચે એક મોટી દીવાલ ઉભી થઈ રહી છે. તેઓ વર્ષોજુના એક સત્યનિષ્ટ અને સેવાનિષ્ટ પ્રજાસેવક–કોંગ્રેસ સેવક છે. તેમની અને પ્રજાજનો વચ્ચે વધતું જતું અન્તર તેમના માટે અસહ્ય બનતાં તેમણે સત્તાસ્થાનનો ત્યાગ કર્યો અને તેમની જગ્યા થોડા સમય પહેલાં મુંબઈના માજી રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાએ સંભાળી લીધી. પોતે સત્તાસ્થાન શા માટે છોડ્યું એ બાબતની સ્પષ્ટતા કરતું નીચેનું વ્યાખ્યાન કોઇ વસ્તુતઃ પૂર્વ આયોજિત પ્રવચન નથી, પણ એક પ્રકારનું પ્રગટ ચિન્તન છે.

આજે ચૂંટણીના દિવસો નજીક આવે છે. સત્તાસ્થાનો પ્રાપ્ત કરવા માટે ચોતરફ પડાપડી ચાલી રહી છે. આજની પરિસ્થિતિ જોતાં સત્તાસ્થાન ઉપર બેઠેલા આગેવાનો જ મોટા ભાગે તે સ્થાન ઉપર પુનઃ આરૂઢ થવાનો સંભવ છે. જો આવાં સ્થાનો ઉપર આવવામાં તેમનો હેતુ પોતાનું અંગત પ્રભુત્વ વધારવાનો નહિ પણ પ્રજાની સાચી સેવા કરવાનો હોય તો આપણને અંગ્રેજ સરકારદ્વારા વારસામાં મળેલા તંત્રનું જે માળખું રાજા–પ્રજા વચ્ચે એક દીવાલ ઉભી કરનારું નવકૃષ્ણ બાબુ જેવાને માલુમ પડ્યું છે તે માળખામાં આમૂલ પરિવર્તન કરવાનું કાર્ય તેઓ હાથ ધરે, કે જેથી કોઈ પણ પ્રજાનિષ્ટ સેવક સત્તાના ચોગઠામાં બેસીને પણ પોતાની શક્તિ અને સેવાનો પ્રજાજનોને મુક્ત મને પુરો લાભ આપી શકે અને તેમની સાથે પુરા તાદાત્મ્યનો અનુભવ કરી શકે એવી સુખદ પરિસ્થિતિ પેદા થાય. આ રીતે પ્રસ્તુત પ્રગટ ચિન્તન આજના સત્તાપ્રમત્ત આગેવાનોની કાંઇક આંખ ઉઘાડે અને તેમને અન્તર્મુખ બનવા પ્રેરે એમ આપણે અન્તરથી ઇચ્છીએ ! પરમાનંદ)

હું તો હજી રસ્તો શોધું છું. સ્વરાજ્યનું જે સપનું હતું તે કયે રસ્તે જડશે એ શોધવું છે. એટલે હું તમને શું કહું ? પણ મને ખબર છે કે અહીં કેટલાય મિત્રો ઉત્સુકતાથી બેઠા છે. એમને જાણવું છે કે હું એક રાજ્યનો મુખ્ય સેવક હતો તે સ્થાન છોડીને હું અરણ્ય (વિલ્ડરનેસ) માં કેમ નીકળી પડ્યો ? હજી સામે તો સત્તાવનનું ચૂંટણીનું વરસ આવે છે. બધાં એમાં કૂદી પડવા થનગની રહ્યા છે, તે વખતે આમ છોડવાની પાછળ શું રહસ્ય છે એનું એમને કુતૂહલ છે.

હું હિંદુસ્તાનનો દુઃખી કહો તો દુઃખી અને ગૌરવભર્યો કહો તો તેવો એક નાગરિક છું. આપણો દેશ આઝાદ થયો છે તેનું હું ગૌરવ ધરાવું છું. પણ હું દુઃખી કેમ છું ? કારણ, હું જાણું છું. ૫–૬ વરસ હું સરકારમાં રહ્યો. આપણા દેશના ભાઈઓને મળવા જતો આવતો. મને એમાં લાગ્યું કે આપણા દેશના ભાઈઓ અને અમારી વચ્ચે મોટી દીવાલ આવી ગઈ છે. લોકોને લાગતું કે અમે સત્તા પર આવ્યા એટલે કે અંગ્રેજોની ગાદીએ બેઠા. એમને સમજાતું નહોતું કે આ તો અમારું જ રાજ છે. આજે હિંદુસ્તાનમાં જો કયાંય સત્તા હોય તો તે જનતાના જ હાથમાં છે. એમને આ સમજાતું નહોતું. એ મેં જોયું. એનું મને દુઃખ હતું.

કરૂણ સ્વપર વંચના

જનતા આટલું કેમ નથી સમજતી કે સત્તા તો અમારી છે, કોંગ્રેસના હાથમાં, લીડરોના હાથમાં જે છે તે સત્તા અમારી છે ? જનતાની દશા આવી ક્યાંજનક હોય ત્યાં સુધી કશોયે શક્કરવાર વળવાનો નથી.

દેશને રાજકીય આઝાદી તો મળી પણ એનાથી જે તક મળી છે તેનો લાભ ઉઠાવવા માટે લોકોના દિલમાં ભરોસો જોઇએ કે તાકાત જનતાના હાથમાં છે. જો એને લાગે કે સત્તા તો બીજાના હાથમાં છે તો કશો ફાયદો ન થાય. દેશ આગળ વધશે તો તે કોના બળથી ? જે સાધારણ માણુસના ખભા પર બધો ભાર છે તેના ઠાંટિયામાં જોર કયાં છે ? આ માત્ર આપણા સ્વરાજ્યના સમાજની એકલાની હાલત નથી. આખી દુનિયામાં આવું છે. સમાજનો બોજો વહેવાની તાકાત-વાળા હેઠે પડ્યા છે. હમણાં એક તપાસ થઈ હતી. એમાં જણાયું કે એ લોકોને ઓછામાં ઓછા જીવવા–જોગા ખોરાકમાં સરેરાશ ચાર આની ઓછો ખોરાક મળે છે. આ તો હજી સરેરાશ !

હમણાં વર્ધાના વકીલ મંડળવાળાએ મને કહ્યું કે તમે નાહકના બેકારીની ભડકામણી વાતો કરો છો. કામના તો ઢગલા પડ્યા છે. પણ લોકોને કામ કરવું જ કયાં છે ? ગેરકાયદે દારુ ગાળે છે ! બધા હરામ હાડકાંના થઈ ગયા છે.

આવી આવી વાતો કરીને આપણે આપણા પોતાના વિવેકને જ બૂલથાપ ખવડાવવા માંગીએ છીએ !

દેશ સમૃદ્ધ થયો તોયે ગરીબને ખીચડી કેમ ખૂટે ?

મેં અમારા કોંગ્રેસી ભાઈઓ સાથે પણ વાતો કરી...હું કોંગ્રેસનો જ છું. આજે હવે કોંગ્રેસ સરકારનો પ્રધાન નથી રહ્યો કે સંસ્થાનો ચાર આની સભ્ય નથી રહ્યો, તોયે આટલાં વરસોમાં બધો રાજકીય સંબંધ કોંગ્રેસ સાથે જ રહ્યો છે અને સંબંધો આજે પણ બધા ત્યાં જ છે. એટલે હું તો મારી જાતને કોંગ્રેસની જ માનું છું...એટલે કોંગ્રેસી ભાઈઓ સાથે વાતો કરી. તેઓ કહે છે કે વાત તો વાજબી છે. પણ આ પાંચ વરસમાં જે કાંઈ કામ થયું એમાંથી કાંઇક ફેર તો પડ્યો હશે. પણ વસ્તુસ્થિતિ ખરેખર કેવી છે ? પ્લાનિંગ કમિશનના ભાઈઓ કહે છે કે યોજનાથી દેશનું ધન વધ્યું હશે. પણ વધ્યું તોયે એનો અર્થ એવો તો નથી કે જેની બાંધે ચડ્યા છીએ એની પાસે એ પહોંચ્યું જ છે. એ પહોંચ્યું કે નહીં, પહોંચ્યું તો કેટલું પહોંચ્યું, એનો કશો હિસાબ કે તાળો મળતો નથી. વધેલું ધન વહેંચાયું હશે, પણ તે તો જમીન કે ઉદ્યોગવાળાને મળ્યું હશે. જેને નથી જમીન કે નથી ઉદ્યોગ એને એ વહેંચણીમાં કશું નથી મળ્યું. એમને માટે પંચવાર્ષિક યોજનામાં કશી જોગવાઈ નથી. હા, રોજમદારીવાળાની રોજીમાં વધારો થયો હશે ખરો, પણ એમાંયે એ તપાસવું રહ્યું કે 'રિયલ

વેજીસ'–ખરી રોજી–વધી છે કે નહીં. બાકી તો એક બાજુ આઠ આનાને બદલે દશ આના મળતા થયા અને બીજી બાજુ મોંઘવારી દોઢી થઈ. એવી રોજી વધી તેથી રાજી કેવી રીતે થાય? મુદ્દે ખીચડી તો ખૂટી.

હવે બીજી પંચવર્ષીય યોજનામાં વિચારે છે કે ગરીબનું કામ કઈ રીતે વધે? પણ હાલત કેવી છે? પ્લાનિંગ કમિશને સાફ સાફ સૂચવ્યું છે કે જમીનનો સવાલ ઉકેલ્યો નહીં તો બધું ધૂળ પર લીંપણ થશે. તોયે આજે બધા પ્રાંતોમાં જમીનના સવાલ પર મડાગાંઠ પડી ગઈ છે. એક જાતનો પ્રત્યાઘાત ઊભો થયો છે, વળતાં પાણી જોવાં મળે છે. દરેક પ્રાંતમાં કોંગ્રેસની સરકાર છે અને કોંગ્રેસના પ્રમુખે કબૂલ કર્યું છે કે હા, સ્ટેલમેટ (મડાગાંઠ) પડી ગઈ છે, આગળ વધવા કોઈ તૈયાર નથી.

જવાહરલાલજીની સરકાર છે. ગરીબીને ફેડવા એણે ઝડપી કૂચ આદરી છે. પબ્લિક સેકટર (સરકારી વગેરે જાહેર ઉદ્યોગોનું ક્ષેત્ર) પૂરઝડપે ફાલી રહ્યું છે. બારડોલીમાં સહકારી ઢબે ખાંડનું કારખાનું નંખાયું છે. આમ ખાનગી સાહસના ક્ષેત્ર પર હુમલો થઈ રહ્યો છે. આ જેમ ઉદ્યોગને ક્ષેત્રે તેમ જમીનને ક્ષેત્રે પણ થયું. રાજાઓ ગયા. જમીનદારી અને રૈયતવારી એ બે પૈકી જમીનદારી મહેસૂલ પદ્ધતિવાળા બિહાર–બંગાળ–ઉ. પ્ર. આદિ પ્રાંતોમાંથી જમીનદારી ગઇ છે. હજી રૈયતવારીમાં પડેલી જમીનદારીનો સવાલ બાકી છે. આપણે કંઈકે વધી તો રહ્યા જ છીએ એમાં શક નથી.

આપણું અવાસ્તવિક રાજકારણ

પણ આ બધાનું પ્રતિબિંબ રાજકારણમાં દેખાતું નથી. કેમ? આજે ઓપોઝિશન–વિરોધ–કઈ તરફથી આવે છે? સામ્યવાદી અને સમાજવાદી વિરોધ પક્ષે છે. અજબ હાલત છે! જવાહરલાલ તો કંઈ કયારનાય સમાજવાદનાં સ્વપ્ન જોતા હતા. સમાજવાદની એમની વાતો કાંઈ આજની નથી....સમાજવાદ અને સામ્યવાદ એ બંનેના ધ્યેયમાં ફરક નથી. બંને રાજસંસ્થાને છેવટે ખતમ કરવામાં માને છે, શોષણ-મુક્ત સમાજમાં માને છે. જે લોકો ધ્યેયના મુદ્દા પર સમાજવાદ અને સામ્યવાદમાં ફરક કરે છે તે ચોક્કસ કંઇક હેતુપુરઃસર તેમ કરે છે. હા, બંનેનાં સાધનોમાં ફેર છે. પણ સામ્યવાદનો જે હિંસાનો આગ્રહ હતો તે હવે બદલાઈ રહ્યો છે. સ્વરાજ આવ્યું પછી કયાંય સુધી તો એ લોકોને એક જ વહેમ હતો કે એમ કાંઈ અહિંસાથી સ્વરાજ મળતું હશે? જરૂર ખૂણેખાંચરે કયાંય અંગ્રેજો જ સંતાઈને બધો દોરીસંચાર કરતા હશે. પણ પછી ધીમે ધીમે વસ્તુસ્થિતિ સમજતા ગયા. એ જ રીતે પરિસ્થિતિના બદલાવા સાથે એમનો હિંસાનો આગ્રહ મોળો પડતો ગયો છે અને હવે તો એ લોકો પણ પાર્લામેન્ટની રાહે કામ થશે એમ માનતા થયા છે....

પણ આ બધા સમાજવાદી–સામ્યવાદી આજે જવાહરલાલજીનો સમાજવાદી કાર્યક્રમ છતાં વિરોધ પક્ષે ઊભા છે. અને આ બાજુ શું જોવા મળે છે? જે લોકો હજી ચાર–પાંચ વરસ પર* સમાજવાદનું નામ લઈને નેહરુની પીઠ પાછળ ઘરમાં ઠેકડી ઉડાડતા હતા, એ બધા અચાનક બદલાઈ ગયા અને હવે આજે પં. નેહરુની પાછળ હારબંધ ઊભા છે! કોંગ્રેસે સમાજવાદી સમાજ રચવાનું ધ્યેય સ્વીકાર્યું. એની સ્પષ્ટતા કેવી રીતની થઈ? કેમ જાણે સમાજવાદી સમાજ રચના એ ગાંધીવાદના સિદ્ધાંતોની સામે હોય, એના જવાબરૂપે હોય એ રીતે બોલાવા માંડ્યું. એમાં ગાંધીવાદ નહીં ચાલી શકે, હા, મૂડીવાદે એમાં ગભરાવાનું કારણ નથી,—એ જાતની વાતો ચાલી.

પણ ગમે તે થાય. સમાનતાની વાત હવે ટળી શકે તેમ નથી. આજે સમાજવાદનાં વિરોધી બળો જે ખરું જોતાં જવાહરલાલજીના વિરોધમાં ખડાં થયેલાં હોવાં જોઇતાં હતાં તે એમના વ્યક્તિત્વની ઓથે ઊભાં છે. કારણ પંડિતજીના વ્યક્તિત્વની સામે પડવાની એમની હિંમત નથી.

* ટંડનજીના રાજીનામાને વકતા કોંગ્રેસમાં એક અગત્યનું સીમા ચિહ્ન ગણે છે. અહીં તે પહેલાંની સ્થિતિ સામે નિર્દેશ છે.

આવા અવાસ્તવિક રાજકારણને લઈને કાયદામાં જાન આવતો નથી અને અનિચ્છનીય પરિવર્તનોને અંગે મડાગાંઠની હાલત પ્રવર્તે છે.

આમાં શું કરવું? કોણ આનો ઇલાજ કરી શકે? કોંગ્રેસની એક શિસ્ત પણ છે. જવાહરલાલજી કોંગ્રેસના નેતા છે એ ખરું, પરંતુ તેઓ વિશેષ તો દેશના નેતા છે. તેથી તેઓ કોંગ્રેસની શિસ્તથી ઉપર ચઢીને કેટલીકવાર સ્પષ્ટ વાતો કરી શકે છે અને તેમાં ઘણું શીખવા–સમજવા જેવું હોય છે.

શિસ્ત અને મુક્ત વિચાર

શિસ્ત અંગે પણ કેટલોક ઊંડો વિચાર કરી લેવો જરૂરી છે. સ્વરાજ્યની એક લડત હતી. એમાં સેના જેવી એક શિસ્તનું સ્થાન હતું. પણ આજે એવી શિસ્તની વાત કરીએ છીએ તો તે પાછળ લઈ જનારી નીવડે છે. કોઇ પણ માણસ જો જરા પણ અણગમતું સત્ય (unpleasant truth) કહે તો તરત જ શિસ્તની વાતો થવા માંડે છે. આમાં તો કોઇ પણ જાતનો મોકળો વિચાર મુશ્કેલ બને છે. આ વિચારી લેવા જેવું છે. ખાસ કરીને ગુજરાતમાં. કારણ કે ગુજરાતની શિસ્ત આખા દેશમાં અદ્વિતીય ગણાતી અને એનું બધા ગૌરવ લેતા. પણ આજે દિવસ બદલાઈ ગયા છે. સૈનિક–શાસનના દિવસ આથમી ચૂકયા છે અને આજે હવે વિચાર–શાસનનો યુગ બેઠો છે. બધા મોકળે મને વાત કરે એ હવે તો ઘણું જ જરૂરી છે. આજે તો કેટલીકવાર એવું પણ જોવા મળે છે કે શિસ્તને નામે ગાંધીજીનું કામ પણ રૂંધાય છે. કેટલાકને ભૂદાનથી પણ એવો ડર લાગે છે કે આનાથી શિસ્ત તૂટશે.

આ એક ઊંડો રોગ છે. વિચારમાં સૈન્ય જેવી શિસ્તબદ્ધ એકરૂપતા નહીં રહે તો દેશ તૂટશે એવો ભય ખોટો છે. ઊલટું આ જમાનામાં શિસ્તનો ખ્યાલ એનો એ રહેશે તો તેમાં દેશને માથે મોટું જોખમ છે.

આજે હવે આદર્શ જ વહેવારુ બની ગયો છે

કેટલીકવાર કહેવામાં આવે છે કે ફલાણા ફલાણા તો ભલા લોક છે, વહેવારકુશળ નથી. એમને સાથે લેવાય તેમ નથી. એમનાથી શું વળવાનું છે? પણ ભાઇઓ, વેળુ વહી રહી છે. પરિસ્થિતિ ઝડપભેર પલટાઈ રહી છે. પહેલાં કહેતાં કે જેમ ચોકખા સોના કે ચાંદીમાં તાંબું નાંખ્યા વિના કંઈ ઘડાય નહીં, તેમ વ્યાવહારિકતાની મેળવણી વિના કશું જ નીપજે નહીં. આ પણ આજે એક ખોટો ખ્યાલ થઈ પડ્યો છે. એટલું જ નહીં પણ એ એક ખતરનાક વિચાર છે. આપણે આ યુગમાં જો આગળ વધવું હોય તો ભલાપણાની કીંમત અરાબર પારખી લેવી પડશે. પ. નેહરુને બધા એક કાળે 'આદર્શવાદી પાગલ' કહેતા. આજે જે લોકો એમની વાહવાહ કરતા થાકતા નથી, તેઓ જ તે વખતે એમની નિંદા કરતા હતા. ૪–૫ વરસ પર કેવી વાતો ચાલતી હતી તે યાદ કરી જુઓ. પણ nothing succeeds like success સફળતા કરતાં વધુ સફળ બીજું શું હોય છે? આજે દુનિયાના લડાઈખોર દેશો ચડાવેલી બાંયો ઉતારી નાંખીને બબડે છે, "કમબખ્ત, આ નેહરુ વચમાં પડ્યો, નહીં તો અમે લડવા તૈયાર હતા." એ 'કમબખ્ત'ની કીંમત ધીમે ધીમે હવે બેય બાજુવાળા સ્વીકારવા માંડ્યા છે. સર્વભક્ષી યુદ્ધમાં પડવામાંથી એને કારણે એ લોકો બચી શકે છે. અને તેથી બંને તરફના 'બહાદુરો' આજે પં. નેહરુની દોસ્તી માટે પડાપડી કરે છે. 'આદર્શવાદ અને વ્યવહારવાદ' ની આ સમસ્યા એકલા હિંદુસ્તાનની નથી, આખી દુનિયાની છે. આજે વિજ્ઞાને એટલાં અને એવાં એવાં સાધનો માનવીના હાથમાં મૂકી દીધાં છે કે હવે તો 'આદર્શ' એ જ એક માત્ર વહેવારુ 'વ્યવહાર' થઈ પડ્યો છે.

પ્રકાશની રેખાઓ

આજે આપણા દેશમાં પણ આટઆટલી પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં જે હજી હતાશા (frustration) છવાઈ ગઈ નથી તો તે પણ ભૂદાનયજ્ઞની આદર્શવાદી ચળવળને કારણે જ છે, એ વાત પણ સમજી લેવાની જરૂર છે.

બાકી આપણા દેશને જરાયે માફક ન આવે તેવા એક અંધારણ નીચે આપણે રહીએ છીએ. એ અંધારણ વિશે ઇંગ્લાંડનો મોટામાં મોટો જીવતો અંધારણશાસ્ત્રી કહે છે કે અરે, આ તો અમારા મિલ–બેન્થામ વગેરે જરીપુરાણા વિચારકોના જે સિદ્ધાંતોને અમે કયારનાયે તકલાદી માનીને છોડી દીધા છે, તેને આધારે જ ઘડી કાઢયું છે ને!

તોયે કયારેક પ્રકાશની રેખાઓ અહીં-ત્યાં દેખાય છે. રાજ્ય પુનર્રચના વખતે જોયું. મુંબઇનું કોકડું ભારે ગૂંચવાયેલું હતું. એનો કાંઇ ઉકેલ સત્તાધારી પક્ષમાંથી ન નીકળ્યો. પક્ષથી પર એવી ભૂમિકાએથી એ ઉકેલ પાર્લામેન્ટમાં આગળ આવ્યો. પણ હજીયે આપણે ઊંડા ઊતરવું પડશે અને સર્વ પક્ષમાંથી માત્ર નહીં, પણ સીધો સીધો જનતામાંથી જ પ્રકાશ શોધવો પડશે.

આપણે સત્ય શોધવું છે, સ્વરાજ સાચું કરવું છે.

શિસ્તને કારણે સાચી વાત ન કહી શકાય તો આપણે એ બંધનોમાંથી છૂટા થઇએ અને જે કરોડો મનુષ્યોની બનેલી બિનપક્ષીય પ્રજા છે એની સાથે જઇને આપણાં દિલ એમનાં દિલ સાથે મેળવીએ અને કંઇક મૌલિક ચિંતન–original thinking–કરીએ. આજે તો કમનસીબે block thinking–દલગત ચિંતન–નું વલણ વધતું જણાય છે. 'આ તમારો મત' 'આ અમારો મત'–એવી બાખડી બાઝે છે અને એમાં 'મત' નું મહત્ત્વ નથી રહેતું, પણ 'તમારો–અમારો' જોરદાર થઇ પડે છે. હવે પાછી સત્તાવન આવે છે. કઈ વાત ખોટી અને કઈ સાચી એ જોવા–વિચારવાની કોઇને ફુરસદ જ નથી. શું કહેવાથી વોટ મળશે અને શું કહેવાથી વોટ જશે એ જ ચકરાવે ચઢી જાય છે.

આ બધું હું પ્રકટ ચિંતન કરું છું. કશો પરદો નથી રાખતો. મારી નજર સામે કશો આંકી રાખેલો ચીલો નથી. હું તો અંધારામાં છું, પ્રકાશ શોધું છું. અને મારા એ ખાંખાંખોળાં વિશે પ્રકટ ચિંતન તમારી સામે કરું છું.

સ્વરાજ્યને માટે જે લોકો લડતમાં જ કુરબાન થયા તે તો સાર્થક થઈ ગયા. આપણે જે બચ્યા છીએ તેમને માથે બમણી જવાબદારી છે. સત્ય શોધવું છે, સ્વરાજને સાચું કરવું છે. એટલે મને લાગે છે કે જેને સ્વરાજ્યનું હિત હૈયે વસતું હોય તે સત્તાવનમાં મતની કડાકૂટથી મોકળા થાય અને દરેકને જે સત્ લાગે તે જ કહે. તો એમાંથી પ્રકાશ પ્રગટશે. બાકી વોટનું વળગણ ભારે જબરું હોય છે. ગામમાં દસ ટકા હરિજન હોય અને નેવું ટકા સવર્ણ હોય તો નેવુંના વોટ ખોવાની ધાસ્તીમાં ચૂંટણીને ટાંકણે દસની વકીલાત પડતી મૂકવી પડે છે, એ તો અનુભવની વાત છે. આમાં કોઇ અપવાદ નથી. શું પ્રજાસમાજવાદી કે સામ્યવાદી–આ બાબતમાં કાકામાં કણા નથી ને મામાં મણા નથી!

બીજું પણ એક આ નવા જમાનામાં વિચારી લઇએ. સ્વરાજ્યની લડત વખતે કહેતા કે એ બધું નેતા પર છોડો. પણ હવે જોઇએ છીએ કે એ નથી ચાલતું. એમાં તો જે નેતા હોય એના ભોગ લાગેછે. નેતા પર છોડયું: નેતા નક્કી કરે. નેતાએ કહ્યું: આમ કરો. પણ ત્યાં જોઇએ છીએ કે લોકો માનતા નથી. પછી ઉપવાસ કરો, આ કરો, તે કરો,અનેક ઉપાધિઓ ઊભી થાય છે. આમ સમય બદલાયો છે. નવો જમાનો એટો છે. જૂની વાતો ચાલતી નથી. એમાં નવો પ્રકાશ શોધવો છે. તે માટે સીધા જનતાના હૃદય સુધી પહોંચવું અનિવાર્ય લાગેછે. સત્તાના સ્થાન પર બેસીએ છીએ તો કંઇક કામ તો થાય છે, પણ જનતાનો દીલ આપણે માટે બિડાઈ જાય છે. એટલે મેં મારો નિર્ણય કર્યો.

આટલી વાતો એક નિખાલસ પ્રકટ ચિંતન કરતાં કરતાં જેવી સૂઝી તેવી આપની સમક્ષ રજુ કરી છે. એમાં આપને મોડે સુધી જે તકલીફ આપી તે ક્ષમા કરશો.

નવકૃષ્ણ ચૌધરી

હિંસા સામે બળવો

(તા. ૮–૧૧–૫૭ ના રોજ કોઇમ્બતુર જીલ્લાના મુખ્ય કાર્યકર્તાઓ સમક્ષ થી વિનોબાજીએ આપેલા વ્યાખ્યાનમાંથી અવતરિત)

અહિંસક સમાજનો આદર્શ હજી અમૂર્ત છે

તમે જાણો છો કે આપણે અહિંસાનું નામ લઇએ છીએ ને કહીએ છીએ કે એ પ્રાચીન વિચાર છે. પ્રાચીન તો છે, પણ તે ઋષિઓના વ્યક્તિગત જીવનનો છે. કંબ રામાયણ વગેરેમાં તમે વાંચશો કે ઋષિઓના વિચાર મુજબ એક સમાજ રચાયો હતો, પણ એ એક ખાલી ભ્રમ છે. એવો કોઇ સમાજ આજલગી બન્યો નથી. કાવ્યમાં જે વર્ણન આવે છે તે માત્ર એક ચિત્ર છે, એક આદર્શ આંખો સામે મૂકવામાં આવ્યો છે. અને અમલમાં મૂકવા માટે તો જીવનના આખાયે માળખાની કાયાપલટ કરવી પડે છે.

હિંસાયુગનું બ્રહ્મ: કાયદો ને વ્યવસ્થા

આજ સુધી લોકનેતાઓની ઘણી ખરી શક્તિ અને મતિ હિંસાના વિકાસમાં રોકાયલી રહી. તમામ વિજ્ઞાન હિંસાનું દાસ બન્યું છે. વૈજ્ઞાનિકને હુકમ થાય છે કે આ જાતની શોધખોળ થવી જોઇએ. આજના મૂડીવાદી સમાજમાં જ નહીં, પણ એથી પહેલાના સમાજમાં શોધખોળો થઈ છે. મામૂલી તીરકામઠાંથી માંડીને અણુ અને હાયડ્રોજન બોમ્બ સુધી કેટકેટલી શોધો થઈ છે, કેટલી મગજની શક્તિ ખરચાણી છે, કેટલા અખતરા થયા છે. હિંસાનાં અનેક ઓજાર તૈયાર કરવામાં આવ્યાં છે. તે ઉપરાંત હિંસાને માટે અનેક પ્રકારનાં તત્ત્વજ્ઞાન પણ ખડાં કરવામાં આવ્યાં છે. મૂડીવાદ, સામ્યવાદ વગેરે ઘણા ખરા વાદો શું કહે છે? અમુક ખાસ વિચારો સમાજ પર લાદવા માટે એ તત્ત્વજ્ઞાનો ખડાં થયાં છે. આમ એક તરફ હિંસાનાં હથિયારો અંગે પુષ્કળ શોધખોળો થઈ અને બીજી બાજુ હિંસાને છાપરે ચડાવતાં તત્ત્વજ્ઞાન ઘડવામાં આવ્યાં. તે સિવાય પિનલ કોડ–કાયદા પોથીઓ–કચેરીઓ વગેરે કાયદાનું આખું માળખું તો જુદું જ. એ બધાં શું કહે છે? એમનો અંતિમ શબ્દ શો છે? શંકરાચાર્યને પૂછવામાં આવ્યું કે તમારો અંતિમ શબ્દ શો છે? એમણે કહ્યું, "બ્રહ્મ!" તેમ જો આધુનિક સમાજનો અંતિમ શબ્દ પૂછશો તો કહેશે, "લો એન્ડ ઓર્ડર–કાયદો અને વ્યવસ્થા!" અર્થાત્ એ આજના જમાનાનો છેલ્લો શબ્દ છે, બ્રહ્મ છે! 'કાયદો અને વ્યવસ્થા' કહેતાં મતલબ એ છે કે આજ સુધી જે સમાજ રચના થઇ છે એ રચનામાં જેને જે અધિકાર સાંપડયા છે તેમાં મીનમેખ ન થાય!

ઈજીપ્ત અને હંગેરીનો પ્રશ્ન

તમે આજના છાપામાં ઇડનનું મહાવાકય વાંચ્યું હશે. કહે છે, "નૈતિક શક્તિ પૂરતી નથી, ફિઝિકલ ફોર્સ–ભૌતિક શક્તિની જરૂર પડી છે. હમણાં ઇજિપ્ત પર હુમલો ન કર્યો હોત તો યુનોને શાંતિ સ્થાપતાં નાકે દમ આવત!" એ તો પહેલેથી દાવો કરતો રહ્યો છે અને હજીય કરે છે કે મેં જે કાંઈ કર્યું છે તે દુનિયામાં શાંતિ સ્થાપવા માટે જ કર્યું છે. એ સતત આમ કહેવાનો. પણ ઇડન તો આજનાં સમાજનું એક ચિન્હ માત્ર છે. પરંતુ એ એક પ્રકારનો વિચારક છે. એ કાંઈ સામ્યવાદમાં નથી માનતો કે કોઇ જાતની માલિકી ન હોવી જોઇએ. એ એવા કોઈ ઉદાર વિચારવાળો નથી. ઉદાર વિચારવાળો તો પેલો ખ્રુશ્ચેવ છે. પરંતુ ખ્રુશ્ચેવ પણ એવું જ બોલે છે કે "અમે હંગેરીમાં જે કાંઇ કરી રહ્યા છીએ તે શાંતિ સ્થાપવા માટે જ કરી રહ્યા છીએ. અને જરૂર પડે ઇજિપ્તને માટે પણ એવું જ કરશું અને કરવું જ પડશે." એને પણ કઈ ચીજ પર વિશ્વાસ ને શ્રદ્ધા છે? હિંસા પર!

ગો–બ્રાહ્મણ પ્રતિપાલક છત્રપતિ હિંસાધિરાજ

આજ લગીનો જે સમાજ બન્યો એમાં કાંઇ દયા કે પ્રેમ હતાં જ નહીં એવું કશું નથી. એમાં દયા–પ્રેમ વગેરે બધું છે, પણ એ બધા રક્ષક નથી પરંતુ રક્ષણીય છે. આજે રક્ષક–શક્તિ તો છે હિંસા. બ્રાહ્મણ તત્ત્વજ્ઞાની ખરો પણ એ રક્ષણીય છે, એની રક્ષા

ક્ષત્રિય કરશે. જેમ ગાય પોતાનું રક્ષણ પોતે નથી કરી શકતી, રાજા એનું રક્ષણ કરે છે, તેમ જ બ્રાહ્મણ પણ પોતાનું રક્ષણ જાતે નથી કરી શકતો. એનો રક્ષક પણ રાજા. એની પાસે જ્ઞાનનો ખજાનો છે, પણ જ્ઞાનમાં રક્ષણ કરવાનું સામર્થ્ય નથી. રક્ષણ-સામર્થ્ય તો હિંસામાં છે. આવી માન્યતા પર અત્યાર સુધીનો તમામ સમાજ ઘડાયો છે.

એ જે મહાન પરમેશ્વર છે-હિંસા નામનો-એની છત્રછાયા નીચે બાકીના બધા નાના નાના માલિકો રૈયત તરીકે રહી શકે છે. એ મહાન પરમેશ્વરની છત્રછાયા નીચે બીજા નાનકડા ઈશ્વરો રહે છે. પ્રેમ એક નાનકડો દેવ છે, કરુણા અને સહકારના દેવદેવીઓ પણ છે. સહકાર તો સેનામાં પણ કામ આપે છે. હિંસાને માટે પણ સહકારની જરૂર પડે છે. સૈનિકો એકમેકને ચાહ્યા વિના એકઠા જઈને કયાંય લડી શકતા નથી. આમ પ્રેમ, કરુણા, સહકાર વગેરે બધા નાના નાના દેવતાઓ છે, પરચુરણિયા દેવ છે. અને મહા-દેવ કોણ છે?-હિંસા! એ છે સરસેનાપતિ, છેલ્લા દેવ, તમામ દાદ-ફરિયાદ છેવટે એમને ચરણે કરવાની!

હિંસાને પદભ્રષ્ટ કરવા જીવન અર્પણ કરવાં પડશે.

હું ઇચ્છું છું કે આ હિંસા-શકિતને પદભ્રષ્ટ કરી એને સ્થાને અહિંસા આવે. અહિંસાને આમ તો આજના સમાજમાં પણ સ્થાન તો છે. ઘેરઘેર લોકો એકમેકને પ્રેમ કરે છે, ગુરુ શિષ્યોને ભણાવે છે, મા છોકરાંઓને પાળે પોષે છે, દવાખાનાંઓમાં દરદીઓની ચાકરી ચાલે જ છે. આ 'પટ્ટાગાર' છે. (જિલ્લા ભૂદાન સમિતિના સંયોજક જે એક મોટા જમીનદાર છે). એમના ફાર્મ પર બળદોની સેવા ચાકરી થાય છે ને બીજાં અનેક નાનાં નાનાં પ્રેમનાં કામ ચાલે છે. એ અહિંસા જ છે. તદ્દન સૂકલકડી બકરાને ખૂબ સારી રીતે ખવડાવી-પીવડાવીને તાજો માજો કરવામાં આવે છે, પણ દશેરાનો દિવસ આવે ત્યારે એનું બલિદાન આપવામાં આવે છે. આ બધાં પ્રેમ, કરુણા વગેરે જે નાના નાના દેવી દેવતાઓ છે એમના હાથ તે કેટલેક પહોંચે? બહુ થયું તો હિંસા-મહાદેવના પગ સુધી. જ્યાં 'ટોટલ વૉર'-સંકુલ યુદ્ધ, બધાંને આવરી લેતું યુદ્ધ-શરૂ થયું કે દેશના તમામ લોકોને સેનામાં ભરતી થવું પડશે. જેને તમે દયાની મૂર્તિ માનો છો એવા બહેનોના હાથમાં પણ બંદૂકો પકડાવી દેવામાં આવશે અને સ્ત્રીઓની લાયકાત ત્યારે જ સાબિત થશે કે જ્યારે એ નિશાનબાજીમાં પુરુષ-સમોવડી ઊતરશે! આ હાલત આજે રશિયાની છે, અમેરિકાની છે અને ઇંગ્લાંડની છે. અને હું એ કહેવા માંગું છું કે જ્યાં સુધી આપણે એ પરમદેવતા હિંસાને નથી બદલતા ત્યાં સુધી આપણા હિંદુસ્તાનની પણ એ જ હાલત રહેશે. આજે તમારા પર કશી આફત નથી તેથી તમે શાંત દેખાવ છો, પરંતુ વખત આવી પડશે તો તમને તમામે તમામને યુદ્ધની પ્રેરણા થઈ શકે તેમ છે. ત્યારે એને રાષ્ટ્રીય કર્તવ્ય માનવામાં આવશે. અને આજે લોકોની જેવી મનોદશા છે તેવી મનોદશામાં એ કર્તવ્ય છે પણ ખરું.

હું જ્યારે વડોદરા કોલેજમાં ભણતો હતો ત્યારની-૧૯૧૫-૧૬ ની વાત છે. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. ફ્રાંસે એલાન કર્યું કે બધા ફ્રેંચો લશ્કરમાં હાજર થાય. અમારા વિજ્ઞાનના પ્રોફેસર ફ્રેંચ હતા. એમને સરસ પગાર મળતો હતો. તોયે એક દિવસ અમારી પાસે આવીને રજા માંગી, "તમે મારા વહાલા વિદ્યાર્થીઓ છો. પણ મારા દેશનો સાદ પડયો છે. તમારો વિરહ સાલશે. પણ હવે અહીં હું ભણાવતો બેસી રહું એ મને એવું નથી." એ ન જાત તો એમને કોઈ પકડીને લઇ જવાનું નહોતું. એ ફ્રાંસમાં નહોતા, હિંદુસ્તાનની ભૂમિ પર હતા. પણ તેઓ કેવળ દેશ પ્રત્યેનું કર્તવ્ય સમજીને પોતાની મેળે નોકરી છોડી ગયા. અને અમારા પર એમને ખરેખર વહાલ હતું એ હું જાણું છું. આ દાખલો મેં એ વસ્તુ બતાવવા માટે આપ્યો કે હિંસાના કામમાં ઝંપલાવનારા ઘણા ખરા લોકો ઊંડી શ્રદ્ધા અને પારાવાર કર્તવ્યની ભાવનાથી ઝુકાવતા હોય છે.

હવે આપણે એ સ્થાન અહિંસાને આપવા માંગીએ છીએ. આજ સુધી જે રીતે દુનિયાના પ્રશ્નોને હિંસાથી ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તે જ રીતે હવે એ પ્રશ્નોને અહિંસાથી ઉકેલવાના પ્રયત્ન કરવા જોઇએ. તો જેટલી નિષ્ઠા, જેટલી સેવા અને જેટલી બુદ્ધિ હિંસામાં લગાડી હતી એટલી હવે અહિંસામાં લગાડવી પડશે. જેવી રીતે હિંસાનાં ઓજાર ઘડવામાં, હિંસાનાં તત્ત્વજ્ઞાન રચવામાં લોકોએ પોતાનાં જીવન હોમી દીધાં હતાં, તેવી જ રીતે અહિંસાનાં ઓજાર, અહિંસાનાં તત્ત્વજ્ઞાન અને અહિંસાની વ્યવસ્થાના નિર્માણમાં આપણે આપણાં જીવન હોમી દેવાં પડશે.

હિંસાનું રાજ તોડી અહિંસાની સૃષ્ટિ રચવી છે

એટલા માટે અહિંસાના મુત્સદ્દીઓ તૈયાર થવા જોઇએ. એટલા માટે અહિંસાના વૈજ્ઞાનિકો તૈયાર થવા જોઇએ. એટલા માટે અહિંસાના સમાજશાસ્ત્રીઓ તૈયાર થવા જોઇએ. એટલા માટે અહિંસાના સૈનિકો અને સેનાપતિઓ તૈયાર થવા જોઇએ. એટલા માટે અહિંસાના કારખાનેદારો તૈયાર થવા જોઇએ. આ એક તદ્દન જ સ્વતંત્ર નવી સૃષ્ટિ છે.

જે દયા અને કરુણા આજ સુધી ચાલ્યાં એ તદ્દન જ નાની ચીજો છે. મને તો એ દયા અને એ કરુણાની જ દયા આવે છે. કેમકે એ બિચારીઓ તો હિંસાની સામે માથું નમાવનારી દેવીઓ છે. જેણે કદી કીડી-મકોડી પણ કચડી નથી એવો અત્યંત દયાળુ માનવી પણ દેશનો હુકમ થતાં હાથમાં તલવાર લઇને મારવા દોડે છે. અર્થાત્ એ આખરી પરમેશ્વરનો શબ્દ આપણને બધાયને શિરસાવંદ્ય થઈ પડે છે. એણે જ્યાં સુધી આજ્ઞા નથી કરી ત્યાં સુધી આપણે એકમેકને પ્રેમ કરતા રહીશું, સેવા કરતાં રહીશું, મલમપટ્ટા લગાડતા રહીશું. આ પટ્ટાગાર પોતે એક ડેરી ફાર્મ ચલાવે છે પણ ધારો કે કાલે દેશની હાકલ પડી તો એ પટ્ટાગાર દોડશે સેનામાં ભરતી થવા! અને પછી એ વિમાનમાં બેસીને ચીન પર હુમલો કરશે. નીચે ચીનનાં જે આદર્શ ડેરી ફાર્મ હશે તેના પર આ ડેરી ફાર્મવાળો બોમ્બ ફેંકશે અને એમાં એને પોતાને કે કોઇનેય કશો જ ગુનો નહીં દેખાય! આજે જે આખી દુનિયામાંથી વીણી વીણીને જ્ઞાનવિજ્ઞાનની ચોપડીઓ પોતાના પુસ્તકાલયમાં એકઠી કરે છે, એ-નો-એ લડાઇના દહાડા આવશે ત્યારે ઊડીઊડીને પુસ્તકાલયો પર બોમ્બ ઝીકશે! ફરક એટલો જ પડશે કે બર્લિનના પુસ્તકાલય પર ઇંગ્લેંડનો બોમ્બ પડશે અને લંડનના પુસ્તકાલય પર જર્મનીનો!

આ બધાંમાંથી એટલો જ અર્થ નીકળે છે કે આપણી તમામ કરુણા, તમામ જ્ઞાન, બુદ્ધિ એ બધું જ નાના નાના દેવ-દેવીઓ છે. માતા બાળકને સમજાવવા મથે છે, પણ છેવટ નથી માનતો તો તમાચો ચોડી દે છે. અર્થાત્ એનો છેલ્લો દેવ છે તમાચો! એના પર એને છેલ્લો ભરોસો છે. જ્યાં પ્રેમ કામ નહીં લાગે, જ્યાં સમજાવટની કારી નહીં ફાવે, જ્યાં વકતૃત્વશકિત વ્યર્થ જશે, ત્યાં આ પરમ દેવતા-લાઠી માતાથી કામ પાર પડી જશે, એ આજની શ્રદ્ધા છે. એ શ્રદ્ધાને બદલે આપણે અહિંસાની શ્રદ્ધા નિર્માણ કરવી છે. એને માટે ખૂબ ખૂબ સંશોધન કરવાં પડશે. અને એવાં સંશોધકોને કોઈ પણ સંસ્થાનાં બંધન નહીં પરવડે.

ઈડન ઝુલ્ગાનિનના દેવ આપણને નથી ખપતા.

શું આજે જે લોકો સરકારમાં છે એ કશી સેવા નથી કરતાં? કેટલાક મને વારંવાર પૂછે છે કે ગ્રામદાનને માટે તમે સરકારી મદદ લો તો કેટલાં બધાં ગ્રામદાન મળે અને કેટલું બધું પરાક્રમ થાય? સરકાર કરોડો રૂપિયા વેરીને ગ્રામદાનને મદદ કરી શકે તેમ છે. સરકારી શકિતને શું કશી હદ છે? હું કબુલ કરું છું. કે સરકારની મારફતે ઘણી સેવા થઈ શકે છે. અને તેથી તો કેટલાક લોકો સરકારમાં જઇને બેસે છે. પરંતુ સરકાર પેલા દેવતાને ગાદીએ સલામત રાખીને જ કામ કરશે, એટલું જ નહીં પણ સરકારી કાયદાઓનો તો પાયો જ સેનાની શકિત પર મંડાયેલો છે. આપણે જ્યારે એ પાયાને જ બદલવો છે ત્યારે જરા ભેગા થઇને ઊંડું ચિંતન કરવું પડશે. અને એ ચિંતન બધી સંસ્થાઓમાંથી મુકત થયા વિના થઈ શકે તેમ નથી.

હું તમને એ સમજાવી દેવા માંગું છું કે આપણું કામ એટલું તો પાયાની ક્રાંતિનું છે કે એમાં સાધનોમાં પણ ક્રાંતિ છે અને સાધ્યમાં પણ ક્રાંતિ છે. સામ્યવાદીઓ સમજે છે કે એમનું ધ્યેય ક્રાંતિકારી છે, પણ એવું નથી. કેમકે એમનો દેવ તો એંગેલ્સે મૂડીવાદીઓનો દેવ જ છે! જે દેવનો ઈડન ભગત છે, આઇકે ભગત છે તે જ દેવનો બુલ્ગાનિન પણ ભગત છે. એ ભગતો વચ્ચે માંહોમાંહ્ય અથડામણ છે ખરી, પરંતુ મુદ્દે એ બધા એક જ દેવના ભક્ત છે. પરંતુ ગ્રામદાન, ભૂદાન, સંપત્તિદાન વગેરે જે બધું છે એ બિલકુલ જ પાયાની ક્રાંતિનું કામ છે. પણ લોકો આ વાતને સમજતા નથી.

સત્તાના કેન્દ્રીકરણથી વિશ્વશાંતિને માથે તલવાર તોલાઈ રહી છે.

હું એ પણ કહી દેવા ઈચ્છું છું કે આજની હાલતમાં લડાઈને રોકવી એ કોઇપણ માણસના હાથની વાત નથી, કેમકે આજના જે કોઈ મુત્સદ્દીઓ છે, નેતાઓ છે, એ બધા એક સમાજરચનાના પોટાળમાં બેઠેલા છે, તેઓ એક મશીનનાં પૈડાં જેવાં છે. મશીનની ગતિને તેઓ પોતે અટકાવી શકે તેમ નથી. તેઓ ભૂમો પાડે છે કે લડાઈ ન થવી જોઇએ, શાંતિ રહેવી જોઇએ. તો એમના હાથમાં માત્ર ભૂમો પાડવાનુ જ રહી જાય છે. કોઇ પણ એક મૂરખ ઊભો થાય અને પોતાની બીડી ઘાસની ગંજી પર ફેંકે તો આખા ગામમાં લાય લાગે એવું બને છે, એ જ રીતે કોઈ મૂરખાના મનમાં આવે અને એ બાજુના દેશ પર નાનકડો હુમલો કરે તો તેમાંથી દુનિયામાં લડાઈ ફાટી નીકળે એ સાવ બનવાજોગ છે. મુત્સદ્દીઓના મિજાજ પણ બગડે છે અને એક મુત્સદ્દીનો બગડેલો મિજાજ આખી દુનિયામાં આગ ચાંપી શકે તેમ છે. અને આજનો સમાજ આપણે કંઇક એવો ઘડી કાઢયો છે કે એમાં આપણું ભલું-બૂરું કરવાની શકિત મૂઠીભર માણસોના હાથમાં મુકાઈ ગઈ છે. સાધારણ રીતે ભગવાન પાસે પોતાને સદ્‌બુદ્ધિ આપવાની પ્રાર્થના કરવાનો રિવાજ છે. પણ બાબા ઘણીય વાર પોતાને માટે પ્રાર્થના નથી કરતો, પણ ભગવાનને વિનવે છે કે "હે ભગવાન 'આઇકે' ને સદ્‌બુદ્ધિ આપજે, બુલ્ગાનિનને બુદ્ધિ આપજે, ઈડનને અક્કલ આપજે!" કેમકે બાબા જાણે છે કે ભગવાન બાબાને એવકુફ બનાવશે તોયે બાબા દુનિયાનું કશુંય બગાડી શકવાનો નથી, પણ જો ભગવાને ઈડન, આઇક કે બુલ્ગાનિનને અક્કલ ન આપી તો દુનિયા આખીનું ધનોતપનોત નીકળી જશે. માટે ભગવાનને પ્રાર્થના કરવામાં બાબા પોતાનો બધો સ્વાર્થ વિસારે પાડીને કેવળ પરમાર્થ બુદ્ધિથી એ લોકોને માટે જ ભગવાનની દુઆ માંગે છે! **વિનોબા**

શ્રી નાથાલાલ પરીખનું અકાળ અવસાન

તા. ૧૬-૨-૫૭ ના રોજ શ્રી નાથાલાલ ડાહ્યાભાઈના નીપજેલ અકાળ અવસાનથી માત્ર જૈન સમાજે જ નહિ પણ મુંબઇના વિશાળ જનસમાજે એક સમર્થ સામાજિક કાર્યકર્તા ગુમાવેલ છે. ઝવેરાતનો ધંધો તેમની કુટુંબપરંપરાનો વ્યવસાય હતો. ઓબ્બે ડાયમન્ડ મરચન્ટસ એસોસીએશનના તેઓ પ્રમુખ હતા. મુંબઈના કોંગ્રેસી કાર્યકરોમાં તેમનું અગ્રસ્થાન હતું. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કેટલોક સમય તેઓ એક મુખ્ય મંત્રી હતા. આ સિવાય મુંબઈની અનેક સામાજિક તેમ જ મજુર સંસ્થાઓ સાથે તેમનો અધિકારયુકત સંબંધ હતો. મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનમાં તેઓ વર્ષો સુધી સભ્ય હતા અને વચગાળે થોડો સમય તેઓ મુંબઇની મ્યુનીસીપાલીટીની સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન હતા. મુંબઇની વિધાનસભાના તેઓ એક સભ્ય હતા.

તેમનું શિક્ષણ તો મેટ્રીકથી વધારે નહોતું; પણ તેમનામાં અદમ્ય મહત્વાકાંક્ષા હતી અને દેશની વિશિષ્ટ વ્યકિતઓ સાથે સંબંધ બાંધવાની કુશળતા હતી. સ્વ. બાબુ સુભાષ બોઝના તેઓ નિકટ સંબંધી હતા અને તે ભૂમિકા ઉપર તેમનું કોંગ્રેસ સાથે સંકળાયેલા જાહેર જીવનની શરૂઆત થઈ હતી. સુભાષ બાબુના અવસાન બાદ તેમણે સ્વ. વલ્લભભાઇનો પણ સારો વિશ્વાસ સંપાદન કર્યો હતો. મુંબઈ કોંગ્રેસના અધીશ શ્રી. એસ. કે. પાટીલના તેઓ જમણા હાથ-સમાન હતા. આ રીતે તેમની લાગવગનું ક્ષેત્ર ઘણું વિશાળ હતું. દીલ્હી સુધી તેમનો હાથ પહોંચતો હતો.

તેમને જેમ પોતાની વિશેષતાનું તેમ જ પોતાની મર્યાદાનું ભાન હતું. આમજનતા સાથેના તેમના વ્યવહારવર્તનમાં એક કોંગ્રેસી નેતાનો રૂઆબ નહોતો પણ કોંગ્રેસના એક અદના સેવકની નમ્રતા અને સેવાપરાયણતા હતી. તેમના સ્વભાવમાં મીલનસારપણું અને મીઠાશ હતી. કોઇને પણ ઉપયોગી થવાને તેઓ સદા તત્પર હતા. તેઓ અનેક વ્યકિતઓને એક યા બીજી રીતે મદદરૂપ થયા હતા અને અનેક સંસ્થાઓની ગુંચો ઉકેલવામાં સહાયક નીવડ્યા હતા.

૫૪ ની વર્ષની નાની ઉમ્મરે તેઓ આપણી વચ્ચેથી સદાને માટે વિદાય થયા છે. ફેબ્રુઆરી માસની ૧૬ મી તારીખની સાંજ સુધી તો એક યા બીજી સંસ્થાના કાર્યમાં તેઓ રોકાયેલા હતા. રાત્રીના અનેક મિત્રો સાથે લગ્નને લગતા ભોજન સમારંભમાં તેમણે ભાગ લીધો, નવ સાડા નવે ઘેર પહોંચ્યા અને હૃદય રોગના હુમલાની શરૂઆત થઇ અને ત્રણેક કલાકનો વ્યાધિ ભોગવીને ઐહિક જીવનને તેમણે સમાપ્ત કર્યું. તેમના જવાથી જે જે સંસ્થામાં તેઓ કામ કરતા હતા ત્યાં પડેલો ખાડો જલ્દી પુરાય તેમ નથી. તેમના સૌજન્યની તેમજ સેવાપરાયણતાની તેઓ એવી ઉંડી સુવાસ મૂકી ગયા છે કે તેમના પરિચયમાં આવેલા તેમના અનેક સ્વજનો, મિત્રો, સાથીઓ તેમને કંઇ કાળ સુધી ભૂલી શકે તેમ છે જ નહિ. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણી પરમાત્માને પ્રાર્થના હો! **પરમાનંદ**

'ભગવાન બુધ્ધ'માંના માંસાહાર પ્રકરણ અંગે એક પ્રતિભાપૂર્ણ નિવેદન

પૂર્વ ભૂમિકા

કેટલાંક વર્ષ પહેલાં સ્વ. અધ્યાપક ધર્માનંદ કૌશાંબીએ મરાઠી ભાષામાં 'બુધ્ધ ચરિત્ર' એ નામનું એક પુસ્તક લખેલું. તે પુસ્તકમાં માંસાહાર પ્રકરણ આવે છે અને તેમાં ભગવાન મહાવીર તથા પ્રાચીન સમયના જૈન સાધુઓ માંસભોજી હતા એવું વિધાન કરવામાં આવ્યું છે અને તેના સમર્થનમાં જૈન આગમોમાંથી માંસાહારસૂચક કેટલાક ઉલ્લેખો તારવીને તેમણે રજુ કર્યા છે. આ પુસ્તકનો ભારત સરકાર-સ્થાપિત સાહિત્ય અકાદમી (acadamy) તરફથી હિંદી અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે. આ અનુવાદ પ્રસિધ્ધિના કારણે પ્રસ્તુત માંસાહાર પ્રકરણ તરફ સવિશેષ ધ્યાન ખેંચાતાં જૈન સમાજમાં સ્વાભાવિક રીતે મોટો ક્ષોભ પેદા થયો છે. જૈન સામયિકોમાં આ સંબંધ અનેક આવેશભર્યા લેખો અને ચર્ચાપત્રો પ્રગટ થઈ રહ્યા છે અને તેમાં સ્વ. ધર્માનંદ કૌશાંબી વિષે અણછાજતા ઉલ્લેખો જોવામાં આવે છે. ધર્માનંદજીના મન્તવ્યોમાં જરૂર ભૂલ હોઈ શકે છે અને તેઓ અમુક શબ્દોનો અને વાકયોનો જે અર્થ કરતા હોય તે જૈન સમાજને અભિપ્રેત ન હોય, એટલું જ નહિ પણ, પોતાના ઇષ્ટદેવની કલ્પના સાથે કોઈ પણ રીતે બંધ બેસતા નહોય અને તેથી જૈનોની ધાર્મિક લાગણી દુભાય એ તદ્દન સ્વાભાવિક છે. પણ તેથી તેમના માટે મહાવીર-દ્વેષી, અસત્યભાષી, અભિનિવેશધારી વગેરે અણઘટતા વિશેષણો વાપરવા તે યોગ્ય નથી. એક જ હકીકત ધ્યાનમાં લ્યો. તેમણે ભગવાન પાર્શ્વનાથને ચતુર્યામ માર્ગના પ્રતિપાદક તરીકે વર્ણવ્યા છે અને ભ.બુધ્ધ અને ભ.મહાવીરની ભિન્ન ભિન્ન પરંપરા ભ. પાર્શ્વનાથના ચતુર્યામ માર્ગમાંથી ઉદ્‌ભવેલી છે એમ એ સંબંધમાં એક સ્વતંત્ર પુસ્તક 'પાર્શ્વનાથાચા ચતુર્યામ ધર્મ' લખીને પુરવાર કર્યું છે. જો તેઓ જૈન પરંપરાના દ્વેષી હતા તો ભ. પાર્શ્વનાથને આવી પ્રતિષ્ઠા તેઓ જરૂર ન જ આપત. કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્માનંદ કૌશાંબીની અમુક માન્યતા કે પ્રરૂપણા આપણને સ્વીકાર્ય ન હોય એમ છતાં તેમની સત્યપ્રિયતા, નિડરતા, બહુશ્રુતતા અને ધર્મનિષ્ઠા વિષે આપણે અન્યથા ન વિચારીએ. આટલી પ્રસ્તાવના બાદ જણાવવાનું

કે ઉપર જણાવેલ માંસાહાર પ્રકરણ સંબંધમાં સાહિત્ય અકાદમીના મંત્રી ઉપર મુનિ પુણ્યવિજયજી, મુનિ જિનવિજયજી, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, પં. મહેન્દ્રકુમારજી તથા અધ્યાપક દલસુખભાઈ માલવણિયાની સંયુક્ત સહીથી એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં બુદ્ધ ચરિત્રમાંથી જૈન પરંપરાના અનુસંધાનમાં માંસાહારવિષયક જે ઉલ્લેખો (પૃષ્ટ ૨૬૨) છે તે કાઢી નાખવાની જૈન સમાજની માંગણીનું સમર્થન કરવામાં આવ્યું છે અને એમ છતાં विद्यावतां सकलमेव चरित्रमन्यत् એ સૂત્ર અનુસાર એ પત્રમાં અથવા નિવેદનમાં જે તટસ્થતા, ઋજુતા તથા લાભાલાભ અથવા તો શ્રેયઅશ્રેયના તારતમ્યને આગળ ધરીને પોતાની માગણીને પુષ્ટ કરવાની કુશળતા જોવામાં આવે છે તે આજના ધર્મઝનુની વાતાવરણમાં અનોખી ભાત પાડે તેવું છે. અને એ વિશેષતાના કારણે એ પત્રને જૈન પત્રમાંથી ઉધૃત કરીને પ્રસિધ્ધિ આપવા મન આકર્ષાયું છે. એવો જ સૌમ્ય અને આશાસ્પદ સાહિત્ય અકાદમીના મંત્રી શ્રી કૃષ્ણુદાસ રા. કૃપલાનીનો જવાબ છે. એ પણ પ્રસ્તુત પત્રની નીચે આપવામાં આવેલ છે.

સાહિત્ય અકાદમીના મંત્રીને લખવામાં આવેલ પત્ર

અધ્યાપક ધર્માનન્દ કૌશામ્બીજીનું મરાઠી બુદ્ધ ચરિત્ર, જેનો "ભગવાન બુદ્ધ" એ નામે હિન્દી અનુવાદ સાહિત્ય અકાદમી તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે, અને એનો બીજી ભાષાઓમાં અનુવાદ થવાનો છે, એમાં એમણે જૈન પરંપરાને અનુલક્ષીને પૃષ્ટ ૨૬૨ ઉપર માંસાહારની ચર્ચા કરી છે, જેમાં દીર્ઘ તપસ્વી, નિગ્રંઠનાથ ભગવાન મહાવીરના અને એમના નિર્ગ્રન્થ સંઘના આહારમાં માંસાહારનો સંબંધ બતાવવામાં આવ્યો છે.

અધ્યાપક કૌશામ્બીજીએ આ ચર્ચા કોઈ દુરાશયથી નથી કરી. એમનું ધ્યેય જૈન સમાજની અવહેલના કરવાનું પણ નથી. હવે સવાલ એ છે કે એ માંસાહાર પ્રકરણ અનુવાદમાં રાખવું કે નહીં !

પ્રસ્તુત બુદ્ધચરિત્ર કેવળ એટલા માટે જ અનુવાદિત કરવામાં આવેલ છે કે સાધારણ જનતા બુદ્ધના જીવનથી ઉન્નત જીવનનો બોધપાઠ શીખી શકે. આમાં જૈન પરંપરા સંબંધી માંસાહાર વિષયક જે ચર્ચા આવી છે તે બુદ્ધ ચરિત્રના પ્રકાશનના ઉદ્દેશની સાથે ન તો કોઈ રીતે સંગત છે કે ન તો કોઇ રીતે જરૂરી છે.

જૈન આગમોમાં માંસાહારસૂચક ઉલ્લેખો છે એના અર્થની બાબતમાં શરૂઆતથી જ મતભેદ રહ્યો છે. જૈન પરંપરાનો નિર્માંસ-ભોજન-વિષયક સંસ્કારગત જે સ્વભાવ છે એની સાથે પણ આ પ્રકરણનો કોઇ મેળ નથી. એ જ કારણે, સૈકાઓથી એ ઉલ્લેખોના વનસ્પતિવાચક અર્થ પ્રાચીન બધાય આચાર્યો કરતા આવ્યા છે અને એ અર્થનો આખી જૈન પરંપરા એકમત આદર કરતી આવી છે; અને જૈન સમાજની વર્તમાન જીવનચર્યા પણ એને જ અનુકૂળ છે. એક તો એ પાઠોનો અર્થ હમેશાં વિવાદાસ્પદ રહ્યો છે; બીજું, જૈન સમાજની નિર્માંસભોજી પ્રકૃતિથી સર્વથા વિરૂધ્ધ હોવાથી એ માંસવાચી અર્થ સમાજને કોઇ પણ જાતનો લાભ પહોંચાડવાને બદલે વધારે નુકસાનકારક સાબિત થઇ શકે છે; એટલું જ નહીં બલ્કે આખા અહિંસાપ્રિય જૈનસમાજની અપ્રીતિનું પણ કારણ બની શકે છે.

આવી સ્થિતિમાં એ જ સર્વથા ઉચિત છે કે ઉક્ત ભગવાન બુદ્ધ પુસ્તકના બીજી બીજી ભાષાઓમાં થનારા અનુવાદોમાંથી જૈન પરંપરા સંબંધી માંસવિષયક જે પ્રકરણ આવ્યું છે એ પણ બિલકુલ કાઢી નાખવામાં આવે.

અમે એમ પણ કહેવા ઇચ્છીએ છીએ કે, ઉકત ભગવાન બુદ્ધ પુસ્તકના છપાએલ હિંદી અનુવાદમાં જૈન પરંપરા સંબંધી માંસવિષયક જે પ્રકરણ આવ્યું છે એ પણ બિલકુલ કાઢી નાખવામાં આવે. કોઇ પણ સમાજની ધાર્મિક ભાવનાને ધક્કો નહીં પહોંચાડવાની ભારત સરકારની ઉદાર નીતિનો પરિચય તો હમણાં હમણાં "રિલિજિયસ લીડર્સ" નામક પુસ્તક ઉપર મૂકવામાં આવેલ પ્રતિબંધોથી જાણીતો છે. જૈન સમાજ તરફથી માગણી કરવામાં આવેલી ઉપરની માગણીનું આવી ઉદાર નીતિ સાથે પૂરેપૂરું ઔચિત્ય છે. અમને ખાતરી છે કે સાહિત્ય અકાદમી આની ઉપર ઉદારતા અને સહાનુભૂતિપૂર્વક વિચાર કરશે અને પોતાનો નિર્ણય તત્કાળ જાહેર કરશે.

અકાદમીના મંત્રીનો ઉત્તર

આપનો કૃપા-પત્ર મળ્યો. મને એ જાણીને હાર્દિક ખેદ થયો કે સાહિત્ય અકાદમી તરફથી પ્રગટ કરવામાં આવેલ ધર્માનંદ કોસમ્બીના પુસ્તક 'ભગવાન્ બુધ્ધ'નાં 'માંસાહાર' નામક અધ્યાયમાં વર્ણવેલ ક્ષમામૂર્તિ ભગવાન મહાવીર તથા એમના નિર્ગ્રંથ શ્રમણના આહારવાળા પ્રકરણથી અહિંસાવતી જૈન સમાજની ધાર્મિક ભાવનાને ભારે ધક્કો પહોંચ્યો છે.

અકાદમી એક વિશુદ્ધ સાહિત્યિક સંસ્થા છે, તેથી કોઇ પણ ધાર્મિક મત કે વાદના વિવાદમાં ઉતરવું એ એનો ઉદ્દેશ છે જ નહીં. આ પુસ્તકનું પ્રકાશન પણ વિશુદ્ધ સાહિત્યિક ભાવનાથી પ્રેરાઈને જ કરવામાં આવ્યું છે. જૈન સમાજ ઉપર આની આવી પ્રતિક્રિયા થશે એવી અમને સ્વપ્નમાંય સંભાવના ન હતી.

આપનો પત્ર અકાદમીની વ્યવસ્થાપક કમીટીની સભાની આગામી બેઠકમાં વિચારણા માટે રજુ કરવામાં આવશે. એમાં જે નિર્ણય થશે એની જાણ આપને વેળાસર કરવામાં આવશે. આશા છે, આથી આપને પૂરું આશ્વાસન મળશે અને પૂરો સદ્‌ભાવ ચાલુ રાખશે.

કષ્ટને માટે ક્ષમા ચાહતો—

નવી દિલ્હી સસ્નેહ આપનો
તા. ૧૮-૧-૫૭ કૃ. રા. કૃપાલાની

પ્રેમ તારૂં ગાન હો !

સમગ્ર પ્રકારની સંપત્તિ જરૂરિઆત ધરાવતા સમુદાયના ઉપયોગ માટે છે અને તેની સેવામાં વપરાવાની છે-આટલું જો લોકો સમજે તો આજે જે રીતે હું એક ગામથી બીજે ગામ ભટકું છું તેમ મારે ભટકવાની કોઇ જરૂર ન રહે. પછી તો લગ્ન કરવાયોગ્ય કન્યાનો બાપ જેવી રીતે પોતાની પુત્રી માટે યોગ્ય વર શોધી કાઢે છે તેવી રીતે જેમની પાસે કાંઇક છે તેઓ સ્વેચ્છાએ બહાર નીકળી પડવાના અને આપી છૂટવાના. ઇશ્વરે ભિન્ન ભિન્ન તાકાત ધરાવતા માનવીઓ પેદા કર્યા છે. દાખલા તરીકે જે શરીરે ખૂબ બળવાન અને તાકાતવાળો છે તે પોતાના બળનો ઉપયોગ નબળા ઉપર જુલ્મ કરવામાં અથવા તો તેનું રક્ષણ કરવામાં કરી શકે છે. તેનું બળ તેની આસપાસ વસતા લોકો માટે આપ અથવા તો આશીર્વાદ રૂપ નીવડી શકે છે. જેઓ બળવાન, ધનવાન અને બુદ્ધિમાન હોય તેમણે તેમનાથી જેઓ વધારે નબળા હોય તેમને મદદ કરવા પાછળ પોતાની વિશેષ શક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ. આ તો જ બને જો લોકોના દિલમાં ઊંડો પ્રેમ હોય. જેમના દિલમાં આવા પ્રેમની સુવાસ ભરી હોય તેવા માનવીઓની હું શોધમાં છું. પોતાના દિલમાં પ્રેમ હોવો તેને હું મોટામાં મોટું નસીબ ગણું છું. દરેક માનવી-હૃદયમાં ઊંડે ઊંડે આવા પ્રેમનો કાંઈ ને કાંઈ અંશ હોય છે એમ હું માનું છું. ઘણી વખત તે આડે ગાઢ આવરણો આવેલાં હોય છે, પણ એવો કોઈ માણસ સંભવતો જ નથી કે જેના દિલમાં પ્રેમ ન હોય. માનવી માતાની ઉદરમાંથી જન્મ્યો છે. તે જન્મ્યો તે દિવસથી તે પ્રેમ અનુભવતો આવ્યો છે. પણ માણસ જેમ મોટો થતો જાય છે તેમ તે વાસનાઓના બંધનોમાં જકડાતો જાય છે, અને જેને આપણે પ્રેમ શબ્દથી ઓળખીએ છીએ તે લાગણીથી તે વંચિત-અજાણ્યા જેવો-બનતો જાય છે. જે ગાઢ આવરણો અંદર સતત વહેતા પ્રેમના ઝરણાને ઢાંકી રહ્યાં છે તે દૂર થાય એવી હું નિરન્તર પ્રાર્થના કરું છું. દરેક માનવી પરમેશ્વરને પ્રાર્થના કરે કે તેના હૃદયમાં પ્રેમની જ્યોત પ્રગટે.

વિનોબાજી

પત્ર સંચય

જયા બહેન દાણી : શ્રી જયા બહેનના પરમાર્થ કાર્યમાં મદદ રૂપ થવા માટે એક ગૃહસ્થ તરફથી મળેલી રૂ. ૫૦૦ વિષેના શ્રી પરમાનંદભાઈ ઉપરના પત્રના જવાબમાં તેઓ જણાવે છે કે "તમારું કાર્ડ રાતના ઘેર આવી ત્યાં મળ્યું અને આનંદ થયો. ગામડામાંથી એક ટી. બી. ના દર્દથી પીડાતાં બહેનને લઈ આવ્યા અને જીંથરી દાખલ કરી આવ્યા, અને એમનાં ત્રણ બાળકોને પૈસા આપવાની વ્યવસ્થા કરવાની હતી તે પણ કરી. મા બચ્ચાંઓને છુટાં પાડ્યાં તે દૃષ્ય ઘણું કરૂણ હતું. મા સાજાં થઇને પાછાં આવે ત્યાં સુધી બાળકોને પાળવાં પોષવાં એ આપણી ધાર્મિક ફરજ થઈ પડે છે. એક આંધળાં બહેનને અંધ મહિલાશ્રમમાં દાખલ કર્યાં અને એની દીકરીને અહિં અનાથાશ્રમમાં મૂકી. આવાં રાહતનાં કામો સંખ્યાબંધ આવવા લાગ્યા છે. જેમને સાચી સહાયની જરૂર હોય છે તેમની પૂરી તપાસ કર્યા પછી તેમને રાહત આપવાનું કામ હાથમાં લઉં છું. તમે મને સાથ આપ્યો છે એથી મારું મન હળવું બની ગયું છે અને વધુ સમય એ કામની પાછળ આપી શકું છું. વિધવાઓ અને ત્યકતાઓની તો શી વાત કરું ? તેમના હૈયાની વરાળ ઠાલવવાનું હું પાત્ર બનું છું અને સુઝે તે રીતે તેમને માર્ગ ઉપર ચડાવું છું. આ રીતે ઘણી બહેનોના જીવનમાં આશાકિરણ પ્રગટાવી શકાય છે. નિરાશાથી અને દુઃખથી હતાશ થયેલ બહેનોમાં પ્રાણ પૂરવાની તક પ્રભુ મને આપે છે તેથી કૃતાર્થતાં અનુભવું છું. મારા પતિ સ્વ. અમૃતલાલ દાણીનું જીવન ધ્યેય મહિલા વિદ્યાલયના કામની સાથે સાથે દુઃખી બહેનોના જીવનનાં છૂપાં દુઃખો ઓછાં કરવાનું હતું. એ જ કામ હવે મારું થઇ પડ્યું છે. સાચું સેવાકાર્ય આને જ હું તો માનું છું."

'રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬' ના અન્વયે

'પ્રબુધ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧ પ્રસિધ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

૨ પ્રસિધ્ધિ ક્રમ : દરેક મહીનાની પહેલી અને પંદરમી તારીખ

૩ મુદ્રકનું નામ — શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
ક્યા દેશના — ભારતીય
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

૪ પ્રકાશકનું નામ, ક્યા દેશના, ઠેકાણું } ઉપર મુજબ

૫ તંત્રીનું નામ, ક્યા દેશના, ઠેકાણું } ઉપર મુજબ

૬ સામયિકના માલીકનું નામ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૫૭ **પરમાનંદ કુંવરજી કાપડિયા**

વિષય સૂચિ		પૃષ્ઠ
એક પ્રગટ ચિન્તન	નવકૃષ્ણ ચૌધરી	૨૧૭
હિંસા સાથે બળવો	વિનોબા	૨૧૯
નાથાલાલ પરીખનું અકાળ અવસાન	પરમાનંદ	૨૨૧
'ભગવાન બુદ્ધ'માંના માંસાહાર પ્રકરણ અંગે એક પ્રતિભાપૂર્ણ નિવેદન		૨૨૧
પ્રેમ તારૂં ગાન	વિનોબા	૨૨૨
પૂર્વજીવનના સ્મરણની એક વિચાર પ્રેરક ઘટના		૨૨૪

પં. સુખલાલજી સન્માનનિધિમાં આપનો ફાળો સત્વર મોકલો !

અખિલ ભારતીય ધોરણે પં. સુખલાલજીનું સન્માન કરવાની યોજના આજથી લગભગ દોઢ વર્ષ પહેલાં પ્રગટ કરવામાં આવેલી જે નીચે પ્રમાણે હતી.

(૧) રૂ. ૭૫૦૦૦ નો લક્ષ્યાંક રાખીને સન્માનનિધિ એકઠો કરવો.

(૨) પંડિતજીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ તૈયાર કરાવવો અને રૂા. ૨૫ અથવા તેથી વધારે રકમ ભરનાર દરેકને આ સંગ્રહની એક એક નકલ ભેટ આપવી. (આ લેખ સંગ્રહો આશરે ૨૨૦૦ પાનાંના થવા સંભવ છે.)

(૩) મુંબઇ ખાતે અનુકુળ સમયે સન્માન સમારંભ યોજવો અને એ પ્રસંગે એકત્ર થયેલ સન્માનનિધિમાંથી લેખ સંગ્રહો તૈયાર કરવા પાછળ તથા સન્માન સમારંભ પાછળ થયેલો ખર્ચ બાદ કરતાં વધે તે રકમ પંડિતજીને અર્પણ કરવી.

સન્માનનિધિમાં આશરે રૂ. ૫૬૦૦૦ એકઠા થયા છે. સન્માન-સમારંભ માર્ચ માસની ૧૬ મી તારીખે ઉજવવાનું ઠરાવવામાં આવ્યું છે. આ દિવસ પહેલાં ધાર્યા લક્ષ્યાંકને પહોંચી વળવા માટે પંડિત-જીના સ્વજનો, મિત્રો પ્રશંસકોને તથા મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્રાર્થના છે કે તેઓ પોતાનો ફાળો હજુ સુધી મોકલ્યો ન હોય તો સત્વર મોકલી આપે, એટલું જ નહિ પણ, પોતાના મિત્રો-માંથી પણ બને તેટલો ફાળો ઉઘરાવવાનું શરૂ કરે. પંડિતજી માત્ર જૈન સમાજની જ નહિ પણ વિશાળ ગુજરાતની એક અનન્ય વિદ્યા-વિભૂતિ છે. ભારતીય દાર્શનિકોમાં પણ તેમની તુલનાએ આવે એવી બહુ થોડી વ્યકિતઓ છે. આજે જ્યારે એ અનન્ય વિદ્યોપાસક અને સમર્થ ચિન્તકને સન્માનવાનો આપણે સંકલ્પ કર્યો છે ત્યારે એ સન્માનને વિપુલ સન્માનનિધિ વડે સાર્થક બનાવવા માટે આપણાથી બને તેટલું કરી છુટીએ.

આપનો ફાળો નીચેના ગમે તે સરનામે મોકલી આપવા વિનંતિ છે.

(૧) મંત્રી, પંડિત સુખલાલજી સન્માન સમિતિ,
ઠે૦ ગુજરાત વિદ્યાસભા, પોસ્ટ બોક્સ નં. ૨૩,
ભદ્ર, અમદાવાદ, ૧.

(૨) મંત્રી, પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.
ઠે૦ મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, નં. ૩.

અમદાવાદના ચેકો 'પંડિત સુખલાલજી સન્માન સમિતિ' એ નામથી લખવા અને મુંબઇના ચેકો 'બોમ્બે જૈન યુવક સંઘ' એ નામથી લખવા. **મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ.**

પં. સુખલાલજી સન્માન સમારંભ વિષે જાહેરાત

ચાલુ માર્ચ માસની ૧૬ મી તારીખ શનીવાર સવારે ૯-૩૦ વાગ્યે ગામદેવી બાજુ આવેલ ભારતીય વિદ્યાભવનમાં કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે પં. સુખલાલજીનું જાહેર સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે તેમના નિમિત્તે એકઠો કરવામાં આવેલ સન્માનનિધિ તેમને અર્પણ કરવામાં આવશે અને સન્માન સમિતિ તરફથી તૈયાર કરવામાં આવેલ તેમના હિંદી તથા ગુજરાતી લેખોના સંગ્રહો પ્રકાશિત જાહેર કરવામાં આવશે.

એ જ દિવસે સાંજે ૬-૧૫ વાગ્યે પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પૂલના ચોગાનમાં પં. સુખલાલજીના સન્માનમાં સ્નેહસંમેલન યોજવામાં આવશે. મંત્રીઓ, **પં. સુખલાલજી સન્માન સમિતિ**

સન્માન સમારંભ બાદ યોજવામાં આવનાર પં. સુખલાલજીનાં ત્રણ વ્યાખ્યાનો

ધી ગુજરાત રીસર્ચ સોસાયટી તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુકત ઉપક્રમે માર્ચ માસની ૧૮, ૧૯ તથા ૨૦ મી તારીખના રોજ 'દાર્શનિક મીમાંસા' એ વિષય ઉપર પં. સુખ-લાલજીનાં ત્રણ જાહેર વ્યાખ્યાનો યોજવામાં આવનાર છે. સ્થળ, સમય વગેરે વિગતોની હવે પછી જાહેરાત કરવામાં આવશે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

પૂર્વજીવનના સ્મરણની એક વિચારપ્રેરક ઘટના

પ્રાસ્તાવિક

નીચે પૂર્વ જીવનના સ્મરણને રજુ કરતી એક વિરલ છતાં રોચક ઘટના આપવામાં આવી છે. આ ઘટનાની વિગતો મારી પાસે લગભગ ૪૦ વર્ષથી પડેલી હતી. આજે રત્નાગિરિમાં આપ્પાસાહેબ પટવર્ધનના નામથી એક વિશિષ્ટ કોટિના રચનાત્મક કાર્યકર તરીકે જેઓ સુપ્રસિદ્ધ છે તે ભાઈ સીતારામ પટવર્ધન અને હું એલ્ફીન્સ્ટન કોલેજમાં સાથે ભણતા હતા. અમારા બન્નેનો અભ્યાસ પૂરો થયા બાદ ૧૯૧૭ ની આખરમાં કે ૧૯૧૮ ની શરૂઆતમાં તેઓ ભાવનગર મારે ત્યાં આવેલા અને થોડા દિવસ મારી સાથે રહેલા. એ અમારા સહવાસ દરમિયાન બીજા અનેક પ્રશ્નો સાથે પુનર્ભવના સિદ્ધાન્તની પણ ચર્ચા નીકળેલી અને તેના અનુસંધાનમાં નીચે આપેલી ઘટનાની કેટલીક વિગતો મને ધ્યાનમાં હતી તે મેં તેમને જણાવેલી. આ સંબંધમાં પ્રમાણભૂત માહીતી મેળવવાના હેતુથી નીચેની ઘટનામાં જેમનો ઉલ્લેખ છે તે ભાઈ સિદ્ધરાજના વડિલ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાને તેમણે પત્ર લખ્યો. શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા મૂળ જયપુરનિવાસી એ દિવસોમાં પણ જયપુરમાં જ વાસ કરતા હતા. તેઓ જૈન શ્વે. મૂ. વિભાગમાં એક બહુ જાણીતી વ્યક્તિ હતા અને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પિતા સમાન લેખાતા હતા. આગ્રા યુનીવર્સીટીના તેઓ પ્રથમ ગ્રેજ્યુએટ હતા અને ત્યાર બાદ એમ. એ. ની પરીક્ષા પણ તેમણે પહેલા નંબરે પસાર કરી હતી. તેમનું હજુ ચાર પાંચ વર્ષ પહેલાં જ લગભગ ૮૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેમણે તા. ૨૭-૩-૧૯૧૮ ના રોજ ભાઈ પટવર્ધન ઉપર લખી મોકલેલી વિગતોની એક નકલ મારી પાસે વર્ષોથી પડી હતી. તેમના એ લખાણને ભાઇ સિદ્ધરાજની અનુમતિપૂર્વક કોઇ કોઈ સ્થળે ટુંકાવીને નીચે આપવામાં આવેલ છે. એ ઘટનામાં જે ભાઈ સિદ્ધરાજ ઢઢ્ઢાનો ઉલ્લેખ છે તેઓ એમ. એ.; એલ એલ. બી. છે, તેઓ કેટલાંક વર્ષો સુધી કોંગ્રેસના જુના જાણીતા કાર્યકર હતા; આઝાદી બાદના રાજસ્થાનના નવા પ્રથમ પ્રધાનમંડળમાં તેઓ એક પ્રધાન હતા. આજે સર્વોદય સેવા સંઘના તેઓ એક મંત્રી છે અને ભૂદાન પ્રવૃત્તિના એક પ્રમુખ સંચાલક છે. અહિં એ જણાવવું જરૂરી છે કે તેમના જે પૂર્વજન્મના સ્મરણની વિગતો નીચે આપવામાં આવી છે તેનું સ્મરણ બાળવયના એ ત્રણ કે ચાર વર્ષ સુધી એટલે કે શત્રુંજયની યાત્રા કરી આવ્યા બાદ બહુ થોડા સમય સુધી જીવન્ત રહેલું. ત્યાર બાદ તે લુપ્ત થયું તે આજે પણ તદ્દન લુપ્ત જ છે. 'મારા માટે વડિલો આમ કહેતા હતા' એથી વિશેષ કોઈ સ્મરણ આજે તેમના ચિત્ત ઉપર અંકિત નથી.

પ્રસ્તુત લેખમાં 'જાતિસ્મરણજ્ઞાન' એવો શબ્દ આવે છે. તે જૈન પરિભાષાનો શબ્દ છે. તે શબ્દથી પુર્વભવનું સ્મરણ સૂચિત છે.

મૂળ લખાણ અંગ્રેજીમાં હતું તેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે અનુવાદ કરી આપ્યો છે. જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

પ્રસ્તુત પત્ર

જયપુર સીટી, તા. ૨૭-૩-૧૯૧૮

પ્રિય મિત્ર પટવર્ધન,

મારા ભાઈના પૌત્રના પૂર્વભવના સ્મરણ વિષે ઘણે ઠેકાણેથી ઠીક-ઠીક પૂછપરછ થાય છે, પણ હું હંમેશા જવાબ આપવાથી દૂર રહ્યો છું. પરંતુ તમે દૈવી ચમત્કાર વિષયક અભ્યાસાર્થે આ વિષે જાણવા માગો છો એટલે જે વાસ્તવિક હકીકત છે તે હું તમને જણાવું છું.

પોતાના પૌત્રને ઘેર એક બાળક આવે, અને તેનું મોઢું જોયા પછી પોતે મરે એવી મારા માતાજીના અંતરમાં ઊંડી ઇચ્છા રહ્યા કરતી. તે આશા ફળીભૂત થવાની છે એવી જ્યારે તેમને ખબર પડી ત્યારે તેઓ બહુ આનંદમાં આવી ગયાં. એક વખતે પર્યુષણના દિવસ હતા અને રાત્રે કુટુંબના નાનાં મોટાં સૌ એકત્ર થઈને બેઠાં હતાં, ત્યારે માતાજીએ બધાંને પૂછ્યું કે "જો આ વખતે...વહુને પુત્ર જન્મે તો આપણે તેનું શું નામ પાડશું?" મારી એક દશ વર્ષની પુત્રી હસતાં હસતાં બોલી ઉઠી કે "આપણે હમણા જ શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી આવ્યા છીએ, માટે જો પુત્ર જન્મશે તો આપણે તેનું નામ સિદ્ધાચળ તીર્થને અનુસરતું પાડશું." સૌએ તે વાત સ્વીકારી લીધી. લગભગ સને ૧૯૦૮ ની સાલની આ વાત છે.

અમારા કુટુંબમાં સામન્ય રીતે પુરૂષવર્ગના નામની પાછળ "ચંદ" શબ્દ લગાડાય છે. મારા માતાજીનું નામ "રાજકુંવર" હતું. "ચંદ" શબ્દને બદલે મારા માતાજીના નામ ઉપરથી નામને અંતે "રાજકુમાર" શબ્દ મૂકવાની મેં સૂચના મૂકી. મારી માતાએ તે સ્વીકારી લીધી, અને આ પ્રમાણે તે બાળકના જન્મ પહેલાં જ તેનું નામ "સિધ્ધરાજ કુમાર" નિશ્ચિત થઈ ચૂકયું.

આ બાળકનો જન્મ ઈ. સ. ૧૯૦૯ ના માર્ચ મહીનામાં થયો. બાળક દશેક દિવસનું હશે ત્યારે મેં તેને રમાડવા બોળામાં લીધું, પણ થોડીવારમાં તે એકદમ રડવા લાગ્યું. મેં ઘણા પ્રયત્ન કર્યા અને પછી તો ઘરની એકએક વ્યક્તિએ પણ પુષ્કળ પ્રયત્ન કર્યા, છતાં બાળક કોઇ રીતે રડતું છાનું રહ્યું નહિં. અમે બધાં હવે શું કરવું તેની ફિકરમાં પડયાં. મારી માતાને થયું કે કંઇક ગાઉં અને તે કદાચ છાનું રહે તો પ્રયત્ન કરી જોઉં. તેને હાલરડાંના ગીત આવડતા નહોતાં. તેથી "सिद्धाचल गिरि क्यों न भये हम मोर... એ સિધ્ધાચળનું સ્તવન એમણે ગાવાનું શરૂ કર્યું. અને બધાની અનાયખી વચ્ચે બાળક તરત શાંત થઈને ધ્યાનથી સ્તવન સાંભળવા લાગ્યું. સ્તવન ગાવાની આ અસર જોઇને અમને ઘણી નવાઇ લાગી. ત્યારથી જ્યારે પણ તે બચ્ચું રડે કે અમે તે સ્તવન ગાતાં અને તે ચૂપ થઇ જતું.

૧૯૧૧ માં તે બે વર્ષનો થયો ત્યારે અમે મુંબઈનું પરૂં દાદરમાં રહેતા હતા. ત્યાં મારા ભાઈની સાથે તે પણ દરરોજ પૂજા કરવા જતો. મારા ભાઈ સામાયિક કરે ત્યારે તે પણ સામાયિક કરવા બેસતો. સામાયિકની વિધિ, ચૈત્યવંદન, અને નવઅંગ પૂજાના દુહા તે સમયે તે શીખી ગયો હતો.

થોડા વખત પછી અમે ક્વીન્સ રોડ રહેવા ગયા. ત્યાં નજીકમાં કોઈ દેરાસર નહોતું, ચોપાટી ઉપર એક ઘરદેરાસર હતું. ત્યાં દર્શન કર્યા બિના તે દાતણ કરતો નહોતો. એક વખતે ઘરમાંથી બધાં તેને સાથે લઇને વાલકેશ્વરના અમીચંદબાબુના દહેરે દર્શન કરવા ગયાં. ત્યાં મૂળનાયકજીને જોઈ તે બોલી ઉઠયો "આદીશ્વર ભગવાનની મૂર્તિ આના કરતાં મોટી છે." તેની કાકીએ પૂછ્યું "કયા આદીશ્વર ભગવાન?" "સિદ્ધાચળજીના આદીશ્વર ભગવાન." તેણે કહ્યું. કાકીએ આશ્ચર્ય પામીને પૂછ્યું, "તેં કયાં સિદ્ધાચળજીના આદીશ્વર ભગવાનને જોયા છે?" બાળક કહે "ના, મેં જોયા છે અને પૂજા પણ કરી છે." કાકી કહે "તું જૂઠું કેમ બોલે છે? તારા જન્મ પછી આપણે સિદ્ધાચળજી ગયા છીએ જ કયાં કે તું પૂજા કરે?" "મેં આદીશ્વર ભગવાનને પૂજ્યા છે અને અદ્‌ભુતનાથને પણ પૂજ્યા છે." એમ બાળકે કહ્યું. "કયારે પૂજ્યા છે?" એવા પ્રશ્નના ઉત્તરમાં તેણે કહ્યું, "મારા પૂર્વભવમાં." કાકીએ પૂછ્યું "પૂર્વભવમાં તું કોણ હતો?" બાળક બોલ્યો "હું પોપટ હતો.." તેની કાકીએ આગળ વધારે પ્રશ્નો પૂછ્યા નહિં. તેને લાગ્યું કે સંભવ છે કે હવે વધારે પ્રશ્નોના જવાબમાં તે ગમે તેમ જૂઠું સાચું બોલે; અને તેઓ ઘેર આવ્યાં.

સાંજે જ્યારે પુરૂષો ઘેર આવ્યા ત્યારે સવારના બનેલી બધી વાત અમારી આગળ કરવામાં આવી. અમે જ્યારે તેને પૂછ્યું ત્યારે ફરીને તેણે એના એ જ જવાબો આપ્યા. આ સમયે તેની ઉમર ત્રણ વર્ષની હતી અને ત્યારથી પોતાને સિદ્ધાચળજી લઈ જવા માટે તે હંમેશા આગ્રહ કરવા લાગ્યો. નવ મહિના પછી મારી તબીયતના

કારણે અમારું વઢવાણ કેમ્પ જવાનું થયું. ટ્રેઈનમાં પાલધર આગળની ટેકરીઓ બતાવી સિદ્ધરાજને મેં કહ્યું "જો, આ સિદ્ધાચળજી છે." ત્યારે તે તરત જ બોલ્યો "ના, આ સિદ્ધાચળજી નથી." વઢવાણ કેંપમાં લીંબડી ઉતારામાં અમે બે મહિના રહ્યા. ત્યાંથી તે દરરોજ દર્શન કરવા જતો. કોઇપણ બાળક કરતાં જુદી જ રીતે તેને દર્શન અને સ્તુતિ કરતો જોઈ લોકો તેના તરફ આકર્ષાતા. વ્યાખ્યાનમાં પણ દોઢ કલાક સુધી એક સરખો મુનિ મહારાજને સાંભળતો. લોકો તેને તે કોણ છે અને કયાં જવાનો છે એમ પૂછતા ત્યારે તે કહેતો "હું સિદ્ધાચળજી જવાનો છું." કોઈ વધારે પુછપરછ કરતું તો પોતાના પૂર્વભવની વાત પણ કરતો. આમ વાત ચારે બાજુ ફેલાવા લાગી, દૂર દૂરથી સ્ત્રીઓ અને પુરૂષો તેને જોવા આવવા લાગ્યા. કંઈ નહિં તો લગભગ દશેક હજાર માણસ તેને જોવા આવ્યું હશે. વહેલી સવારથી તે રાતના નવ વાગ્યા સુધી લોકો આવતા અને જાતજાતના પ્રશ્નો તેને પૂછતા. છોકરો આ બધા ત્રાસથી પરેશાન થઈ ગયો અને ત્રણચાર દિવસ તેને તાવ પણ આવી ગયો. કેટલાયે સ્ત્રીઓ પચીસ ત્રીસ માઈલ દૂરથી ઉપવાસ કરી પગે ચાલીને તેને જોવા આવતી, અને આવીને એકદમ તેના પગમાં પડતી. આ બધું મને ગમતું નહિં પણ હું લાચાર હતો. તેઓ મને સાંભળતા નહિં. તેઓ પોતાના પૂર્વ-ભવ કે ભાવિ જન્મ વિષે બાળકને પ્રશ્નો પૂછવા લાગી જતાં. અલબત્ત, બાળક આ બાબતમાં કશો જ જવાબ આપી શકતો નહિં.

એક વખતે સ્થાનકવાસી સંપ્રદાયના પાંચેક સાધ્વીજી આવ્યાં. તેમણે બાળકને પોતે પૂર્વભવમાં શું કર્યું હતું તે પૂછ્યું. બાળકે કહ્યું "મેં કેસર અને પુલથી આદિશ્વર ભગવાનની પૂજા કરી હતી." "એ પ્રમાણે પુલ તોડવા અને ભગવાનને ચઢાવવા તેમાં પાપ નથી?" તેઓએ પૂછ્યું. "આવો પ્રશ્ન પૂછવો તે બોટું છે. તમે જુઓ છો ને કે પૂજા કરવાથી તો હું પક્ષીમાંથી મનુષ્યભવમાં આવ્યો છું?" સાધ્વીજી આ સાંભળીને પ્રસન્ન થયા.

મોરબીના એક મેજીસ્ટ્રેટ, જેઓ મોરબી રેલ્વેના અધિકારપદે હતા તેમણે તેને મુંઝવી નાંખનારા પ્રશ્નો પૂછીને આકરી કસોટી કરી. પરંતુ પાલીતાણા બીલકુલ નજરે ન જોવા છતાં, તેણે પક્ષી જીવનમાં શું શું કર્યું હતું તેના એવા સચોટ જવાબ આપ્યા કે, કોઇને પણ ખાત્રી થાય કે પૂર્વભવના સ્મરણ વિના આ બધું કહેવું અશકય છે. તેમની વચ્ચે નીચે મુજબ પ્રશ્નોત્તરી થઈ:—

મેજીસ્ટ્રેટ : "પૂર્વભવમાં તું કોણ હતો?"
બાળક : "હું એક પોપટ હતો?"
મેજી૦ : "તે પહેલાંના ભવમાં તું કોણ હતો?"
બાળક : "તેની મને ખબર નથી."
મેજી૦ : "પે.પટના ભવમાં તું કયાં રહેતો હતો?"
બાળક : "સિધ્ધવડ ઉપર."
મેજી૦ : "સિધ્ધવડ કયાં છે?"
બાળક : "સિધ્ધાચળજીની બીજી બાજુએ."
મેજી૦ : "સિધ્ધાચળજી ઉપર શું છે?"
બાળક : "ચણા દેરાંસરો, આદીશ્વર ભગવાન અને અદ્‌ભુતનાથ."
મેજી૦ : "પહાડ ફરતી કંઈ દિવાલ છે? અને છે તો તેને કેટલા દરવાજા છે?"
બાળક : "હા, દેરાસરોની ફરતી ચારે બાજુ દિવાલ છે અને ત્રણ દરવાજા છે."
મેજી૦ : "તું કયા દરવાજેથી અંદર ગયો હતો?"
બાળક : "પાછળના દરવાજેથી."

આ પ્રમાણે અનેક વ્યકિતઓ તરફથી તેને વિવિધ પ્રશ્નો પૂછવામાં આવતા અને તે તેના બરાબર જવાબ આપતો.

૧૯૬૨ ના જાન્યુઆરીમાં અમે વઢવાણથી પાલીતાણા ગયા. સીહોર સ્ટેશનેથી ગાડી આગળ જતાં થોડા સમય બાદ સિધ્ધાચળનો પહાડ તેની નજરે પડયો અને તે એકદમ ખુશીમાં આવી જઇને બોલી ઉઠયો. "જુઓ, આ પહાડ ઉપર આદીશ્વર ભગવાન છે."

અમે બપોરના વખતે પાલીતાણા પહોંચ્યા, પણ તે છોકરો તો તે ને તે વખતે પહાડ ઉપર જવાની ઉતાવળ કરી રહ્યો હતો. છેવટે અમે સાંજે તલાટીએ દર્શન કરવા ગયાં. તેણે ત્યાં પ્રાર્થના કરી અને પછી પગલાં આગળ એક નાકાથી બીજા નાકા સુધી જમીન ઉપર આમથી તેમ બંદરેક વખત બૂબ આળોટયો. જાણે કે તે બધી જમીનને વહાલથી ભેટતો ન હોય તેમ. તેને તે વખતે તે ઉપર ચઢવા માગતો હતો, પણ અમે તેને સમજાવીને રોકયો. ઉપર જવાની તેને એટલી અધીરાઇ હતી કે ચાર વાગ્યામાં તે અમારી સાથે જ ઉઠયો અને અમે તલાટીએ પહોંચ્યા. મેં તેને મારી સાથે ડોળીમાં બેસવા કહ્યું પણ તેણે ના પાડી અને પૂછ્યું "કાકાજી! અહિંથી ઉપરનો રસ્તો કેટલા માઇલનો હશે?" મેં કહ્યું "આસરે ત્રણેક માઇલ." તે કહે "ત્રણ માઇલ નહિં, ત્રણ દાદરા જ છે. હું પગે ચાલીને ચઢી જઇશ અને તમારે પણ પગે ચાલવું જોઇએ." આમ કહીને મારા ભાઇની આંગળી પકડીને તેણે ઉત્સાહભેર ચઢવા માંડયું. બાળકને તેડી લઇ જનારા મજુરો મારા ભાઇને હેરાન કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા, "શેઠ! આવો લોભ શું કરો છો? આટલા નાના બચ્ચાંને પગે ચઢાવી છો!" જ્યારે આ મહેણાની હદ આવી ગઈ ત્યારે મારા ભાઇએ કહ્યું "તમારામાંથી જેની પાસે આ છોકરો આવો તે તેને તેડીને ઉપર જાય તેને હું તે માગશે તેટલા પૈસા હું આપીશ." કેટલાકોએ સિદ્ધરાજ પાસે જવાની હિંમત કરી. તરત જ તેણે તેમને દૂર કાઢયા, અને પોતાને રોકવા માટે બીજાવા લાગ્યો. ઉપર પહોંચવા માટે જાણે તે ગાંડો થયો હોય તેમ ઊંચી નીચી જમીન જોયા વિના, ચાલતો નહિ પણ દોડતો હોય તેવી રીતે કયાંયે એક બે મિનિટ પણ થાક ખાવાને માટે બેઠી થયા વિના તે સીધો ઉપર પહોંચી ગયો.

ઉપર અમે પહેલાં પાંચ ચૈત્યવંદન અને ત્રણ પ્રદક્ષિણા કર્યાં. મુખ્ય મંદિરમાં પેસતાં જ તે એકદમ બોલી ઊઠયો "આ જ આદીશ્વર ભગવાન છે." પછી તે મૂર્તિની સામે એક ધ્યાનથી દર્શન કરતો એક સરખી નજર ઠેરવીને અર્ધો કલાક સુધી ઊભો રહ્યો. તેની આસપાસ કોણ આવે જાય છે તેનું તેને ભાન નહોતું, કે નહોતું ભાન દેરાસરની ગીડદી કે ગડબડ ઘોંઘાટનું. બીજા સાધુઓ અને શ્રાવકો તેને આ રીતે દર્શન કરતો જોઇને અજાયબ થતા હતા. તે પછી મેં તેને પૂછ્યું "કેમ! હવે તને સંતોષ થયો?" તેણે કહ્યું "હા, પણ હવે પૂજા કરીએ." બહાર નીકળતાં તેણે કહ્યું કે "મેં આદીશ્વર ભગવાન, નવા આદીશ્વર, અને રાયણપગલાંની પૂજા કરી હતી. સીમંધરસ્વામી તથા પુંડરીકજીના દહેરામાં હું ગયો નહોતો. જરા આગળ ચાલતાં એક પૂજારીને જોઇને તેણે કહ્યું "આ પૂજારીએ મુખ્ય મંદિરમાં મરૂદેવી માતાના બે આરસના હાથી છે જેની ઉપર મરૂદેવા માતા આરૂઢ થયેલા છે તેમાંથી નાના હાથી ઉપર વાટકી મૂકેલી હતી તેમાંથી મારા બે પંજાવડે વાટેલું કેશર લઇને મેં ભગવાનની પૂજા કરી હતી." મેં લગભગ દશેક વખત પાલીતાણાની યાત્રા કરી હશે, પણ મરૂદેવી માતા જેની ઉપર આરૂઢ થયેલા છે તે આ નાનો હાથી કોઈ દિવસ મારા લક્ષમાં આવ્યો જ નહોતો.

બધી પહેલી પૂજાઓ અમે સૌથી વધારે (ઉછાણી) બોલીને કરી. તેથી સિદ્ધરાજ બૂબ ખુશ થયો. ખાસ કરીને જે ફુલો તથા હારો ભગવાનને ચઢાવવા માટે તેને આપ્યા હતા તેથી. સાડા બાર વાગે અમે આ બધી વિધિમાંથી પરવાર્યા. અમે નીચે ઉતરવાની તૈયારીમાં હતા ત્યારે સિદ્ધરાજને ચકાસી જોવા માટે ત્યાં થોડો નાસ્તો કરી લેવા કહ્યું, જો કે મારી પાસે કંઈ નાસ્તો હતો નહિં તેમજ પહાડ ઉપર કોઈ ખાતું પણ નથી. તેણે આશ્ચર્યથી મારી સામે જોયું અને પૂછ્યું, "શું તમને ભૂખ લાગી છે?" મેં હા પાડી ત્યારે તે બોલ્યો "કાકાજી! આદીશ્વર દાદાની પૂજા કરી તો યે હજી તમે ભૂખ્યા છો? મને તો બીજીવાર દાદાની પૂજા કરવા મળી તેથી જ મારું પેટ ભરાઇ ગયું છે." આટલું બધું ચાલવાનું તેમાં પાછો ભૂખ્યો, એટલે

તે કદાચ માંદો પડી જશે એમ ધારીને ઉતરતી વખતે મારી ડોળીમાં બેસી જવા માટે મેં તેને કહ્યું. પણ તેણે ના જ પાડી. અને વધારે દબાણ કરતાં તે રડી પડ્યો અને અંતે પગે જ નીચે ઉતર્યો. એકત્રીસ દિવસ સુધી આમ એક સરખી તેણે પગે યાત્રા કરી.

વઢવાણની જેમ અહિં પાલીતાણામાં પણ ઘણા ગૃહસ્થો આવતા અને તેને અનેકવિધ પ્રશ્નો પૂછતા. આમાં શેઠ ગીરધરભાઇ આણંદજી કાપડિયા અને અમરચંદ ઘેલાભાઈ મુખ્ય હતા. મુનિ કર્પુરવિજયજી મહારાજે તેને પ્રશ્નો પૂછ્યા પછી એવા નિર્ણય ઉપર આવ્યા હતા કે બાળક દશ દિવસનું હતું ત્યારે માજીએ જે સિધ્ધાચળનું સ્તવન સંભળાવ્યું, તેનાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. પણ તે વખતે તે ભાષા દ્વારા દર્શાવી શકે તેમ નહોતું. પણ મુંબઇમાં આદીશ્વર દાદાને મળતી જ મૂર્તિ વાલકેશ્વરના દેરાસરમાં જોઈ ત્યારે તેને તે સ્મૃતિ ફરી તાજી થઈ આવી, જે તે વખતે તેણે સ્પષ્ટપણે વ્યકત કરી.

મુનિ મોહનવિજયજીએ પણ બહુ ઝીણવટથી તેની પરીક્ષા કરી. એમણે નીચે પ્રમાણેના પ્રશ્નો પૂછ્યા :—

મુનિ : "તું પૂર્વભવમાં કોણ હતો ?"

બાળક: "પોપટ."

મુનિ : "તેની પૂર્વભવમાં તું કોણ હતો ?"

બાળક: "મને ખબર નથી."

મુનિ : "પોપટના ભવમાં બીજું કોઈ તારી સાથે હતું ?"

બાળક: "હા, એક ભાઈ હતો."

મુનિ : "તે તારો ભાઇ ક્યાં છે ?"

બાળક : " તે મને ખબર નથી. "

મુનિ : " તેં કેવી રીતે અને કોની પૂજા કરી હતી ?"

બાળક :" મેં આદીશ્વરદાદાની કેશર અને પુલથી પૂજા કરી હતી ?"

મુનિ : " આ બન્ને વસ્તુઓ તેં શી રીતે મેળવી હતી ? "

બાળક : " મરૂદેવી માતાના નાના હાથી ઉપર કેશરની વાડકી પડી હતી. તેમાંથી મેં મારા પંજાવડે કેશર લીધું હતું અને સીધવડમાં મારા માળાની બાજુના બગીચામાંથી મેં ચંમેલીનાં પુલ લીધાં હતાં."

મુનિ : " તેં પંજાવડે કેશર અને પુલ કેમ લીધાં અને ચાંચવડે કેમ ન લીધાં ?"

બાળક : " ચાંચથી પકડું તો એઠું થાય અને આશાતના થાય."

મુનિ : " જનાવરોની આટલી બધી ગિરદી વચ્ચે તું કેવી રીતે અંદર જઇ શકતો ?"

બાળક : " જ્યારે ગીરદી ઘણી ઓછી થતી ત્યારે બપોરના સમયે હું જતો હતો."

મુનિ : " ત્યારે દરવાજે તો બંધ હોય, તો તું કેવી રીતે અંદર ગયો ?"

બાળક : " દરવાજાના સળીયાઓની વચ્ચેથી હું ગયેલો."

મુનિ : " મૃત્યુ વખતે તારા મનમાં શું હતું ?"

બાળક : " મેં આદીશ્વર ભગવાનને પૂજ્યા હતા તેના સંતોષનો ઊંડો અનુભવ હતો."

મુનિ : " તું પાલીતાણામાં સિદ્ધવડ ઉપર રહેતો હતો. અને આ દર્શનજીનું કુટુંબ તો મારવાડમાં સેંકડો માઇલ દૂર રહે છે, તેના કુટુંબમાં તેં જન્મ કેવી રીતે લીધો ?"

બાળક : " તેઓએ મને બોલાવ્યો હતો અને હું ત્યાં ગયો."

તેનો આ છેલ્લો જવાબ સાંભળી અમે બધા આશ્ચર્યમાં પડ્યા. અમે તેને કેવી રીતે બોલાવ્યો હતો ? તે બોલ્યો, " જ્યારે દાદાજી, દાદાજી અને માજી સિદ્ધવડ દર્શન કરવા આવ્યા હતા ત્યારે હું દેરીના ધુમટ ઉપર બેઠો હતો. માજીને હું ગમી ગયો અને મારી સામું જોઇને પૂછ્યું, "પોપટ ! તું મારી પાસે આવીશ ?" અને મેં ડોકું ધુણાવીને હા પાડી હતી."

આ સાંભળીને અમે માજીને સાથે લઇને પાલીતાણા કયારે ગયા ગયા હતા તે યાદ કરવામાં પડ્યા. કેમકે માજી તો આ સમયે ગુજરી ગયાં હતાં. અમને યાદ આવ્યું કે અમદાવાદની કોન્ફરન્સ પછી અમે ત્યાંથી પાલીતાણા ગયા ત્યારે માજી સાથે હતા અને અમે ૭ ગાઉની પ્રદક્ષિણામાં સિદ્ધવડ દર્શન કરવા ગયા હતા, ત્યારે ધુમ્મટ ઉપર એક પોપટ હતો ખરો, કેમકે માજીએ એ વખતે કહેલું ખરું કે "જુઓ, આ પોપટ કેવો સરસ છે ?" અને સંભવ છે કે તેઓએ તેને બોલાવ્યો હોય.

મહારાજ સાહેબના પ્રશ્નો આગળ ચાલ્યા.

મુનિ : "માજીએ બોલાવ્યા પછી તું કેટલું જીવ્યો ?"

બાળક : "લગભગ બાર મહિના."

મુનિ : "માજીએ તને બોલાવ્યો હતો તે તને મૃત્યુ વખતે યાદ હતું ?"

બાળક : "હા."

અમે માજી સાથેની પાલીતાણાની યાત્રા, પછીનું એક વર્ષ, તેની ગર્ભાવસ્થા, અને આ પ્રશ્નોત્તર વખતની તેની ઉમર, તે બધા વર્ષની ગણત્રી કરી તો બરાબર અમદાવાદ કોન્ફરન્સની સાલ મળી રહી. આ લાંબી પ્રશ્નોત્તરી પછી મુનિ મોહનવિજયજીને સંતોષ થયો અને મુનિ શ્રી કર્પુવિજયજી મહારાજના અભિપ્રાય સાથે તેઓ સમ્મત થયા કે બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે.

અત્યારે તે છોકરાની નવ વર્ષની ઉમર છે. ઉપરના બનાવ પછી તે બીજી એક વાર પાલીતાણા જઇ આવ્યો છે, પણ તે વખતે હું તેની સાથે નહોતો. તે બાળકની બાબતમાં મેં જે કંઇ જોયું અને જાણ્યું છે તેનો આ ટુંક હેવાલ છે. તમારે તેને જાહેરમાં મૂકવો હોય તો મૂકી શકો છો. **ગુલાબચંદજી ઢઢ્ઢા**

તંત્રી નોંધ

સાધારણ રીતે ચમત્કારિક ઘટનાઓને પ્રસિધ્ધિ કે પ્રતિષ્ઠા આપવામાં પ્રબુદ્ધ જીવનને કોઈ ખાસ રસ નથી; કારણ કે આવી ઘટનાઓની વિગતો ઘણી વાર પ્રમાણભૂત હોતી નથી અને બીજું આવી ઘટનાઓનું વર્ણન માનવી મનને વાસ્તવિક જીવનથી ઘણું ખરું ઉન્મુખ બનાવે છે અને વહેમ તથા અંધશ્રધ્ધા તરફ ખેંચી જાય છે. આમ છતાં પૂર્વ જીવનનાં સ્મરણ સાથે જોડાયલી એવી એક વિરલ ઘટનાની કેટલીક વિગતોથી ભરેલો એક પત્ર ઉપર પ્રગટ કરવામાં આવ્યો છે, આ ઘટનાની વિશેષતા એ છે કે તે ઘટનાની મુખ્ય મુખ્ય વિગતો સંપૂર્ણ અંશમાં શ્રધ્ધેય છે. આ ઉપરાંત તે પ્રગટ કરવા પાછળ બીજી પણ એક દૃષ્ટિ છે. એક કાળ એવો હતો કે આત્માનું અસ્તિત્વ, તેનું ભવભ્રમણ, ઇશ્વરનું કર્તૃત્વ અને આત્માનો અન્તિમ મોક્ષ—આ બધું ગૃહિત કરીને આપણે આવી સહજ કલ્પનામાં ન આવે તેવી ઘટનાઓનો વિચાર કરતા હતા. આજે આ પાયાનાં મન્તવ્યોની તર્ક અને બુદ્ધિ વડે ચકાસણી થઈ રહી છે. દરેક ઘટનાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ નિહાળવી, તપાસવી, અને નિર્ણીત કરવી એ વૃત્તિ આપણા સમગ્ર ચિન્તનને પ્રેરી રહી છે. માનસ શાસ્ત્રની દૃષ્ટિએ માનવીના ચિત્ર વિચિત્ર અનુભવોનું આજે વિશ્લેષણ કરવામાં આવે છે અને પહેલાં કદિ આપણી કલ્પનામાં પણ ન આવેલ હોય એવા તર્કો આજે કરવામાં આવે છે અને અવનવા સિધ્ધાન્તો તારવવામાં આવે છે. આ રીતે ચિન્તન કરતા અને સંશોધન કરતા વર્ગને વિચાર અને સંશોધનની એક નવી સામગ્રી પુરી પાડવાના હેતુથી ઉપરની ઘટનાને પ્રસિધ્ધિ આપવાને હું પ્રેરાયો છું. જેઓ પૂર્વ જન્મ અને પુનર્ભવમાં માને છે અને જેઓ જીવની કોઈ પણ એક યોનિમાંથી મૃત્યુ બાદ અન્ય કોઈ ઉંચી યા નીચી યોનિમાં ગતિ સંભવે છે એમ સ્વીકારે છે તેમને ઉપર આવેલી ઘટના સહજ અને સ્વાભાવિક લાગવા સંભવ છે. પણ જેઓ ઐહિક જીવનના વિસર્જન સાથે સમગ્ર જીવનનો અન્ત આવે છે એમ માને છે અથવા તો આત્માના ભવભ્રમણને સ્વીકારવા છતાં પોપટની યોનિમાંથી એકાએક મનુષ્ય યોનિમાં આવું અસ્વાભાવિક ગત્યન્તર જેમની બુધ્ધિ સ્વીકારવાની ના પાડે છે તેમને ઉપરની ઘટના જે રીતે રજુ કરવામાં આવી છે અને તે પાછળ જે પ્રકારના પુનર્ભવનું સૂચન રહેલું છે તે સહજ સ્વીકાર્ય બને તેમ નથી. તો પછી આ ઘટનાનું નિદાન શી કરવું એ કોયડો તેમની સામે ઉકેલ માટે રજુ થાય છે. આ સમસ્યાનો બુધ્ધિપૂર્વકનો ઉકેલ શોધવાનો તેમ જ સૂચવવાનો પ્રયત્ન કરતા લેખોને પ્રબુધ્ધ જીવનમાં અવકાશ આપવામાં આવશે. **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૮ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૫, ૧૯૫૭, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* જૈન ધર્મ *

(ગત વર્ષ દરમિયાન મુંબઈ ખાતે માટુંગામાં યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અધ્યાપક દલસુખભાઇએ 'શ્રમણ અને બ્રાહ્મણ' એ વિષય ઉપર અને મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'જૈન ધર્મ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપેલું. તે બન્ને વ્યાખ્યાનો તેઓ લેખિત તૈયાર કરીને લાવેલા. તેમાંથી પહેલું વ્યાખ્યાન ડીસેંબર ૧૯૫૬ ની પહેલી તથા ૧૫ મી તારીખના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું હતું. બીજું વ્યાખ્યાન પ્રબુધ્ધ જીવનમાં ક્રમશઃ ત્રણ હપ્તાથી પ્રગટ કરવા ધાર્યું છે, જેનો પહેલો હપ્તો નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

(૧) ઇતિહાસ

જેને આપણે અત્યારે જૈન ધર્મને નામે ઓળખીએ છીએ તેનું પ્રાચીન રૂપ શ્રમણ ધર્મ હતું તેનો ટૂંકો પરિચય આપ્યા પછી હવે આપણે એ જોઇએ કે એ શ્રમણ ધર્મના એક સંપ્રદાય રૂપે જૈન ધર્મની શી વિશેષતા છે ? તેનો ઇતિહાસ શો છે ? તેનું સ્વરૂપ શું છે ?

જૈન ધર્મ એ શ્રમણ સંપ્રદાય હોઇને તથા તેની અને શ્રમણોના બીજા સંપ્રદાયો વચ્ચે ઘણી બાબતોમાં સામ્ય હોઇને, પાશ્ચાત્ય વિદ્વાનોમાં એક વખત એવો ભ્રમ હતો કે બૌદ્ધ ધર્મથી જૈન ધર્મ જુદો નથી. પણ જેકોબી જેવા વિદ્વાનોએ એ ભ્રમને તો કયારનોય ભાંગી નાંખ્યો છે. ભારત વર્ષના વિદ્વાનોમાં તો એવો ભ્રમ કદી જ થયો પણ નથી, એટલે પણ એ વિષયની ચર્ચા અહિં અસ્થાને છે.

જૈન ધર્મનો ઇતિહાસ છે અને તેનું દર્શન પણ છે. ઇતિહાસ પોતાની રીતે ખુલાસા કરે છે અને દર્શન એ તો શાશ્વત સત્યની ચર્ચા કરતું હોઈ એ ઇતિહાસાતીત છે. એટલે જૈન ધર્મનો ઇતિહાસ અને તેનું દર્શન જૈન ધર્મની પ્રાચીનતા વિષે જે વિચારો ઉપસ્થિત કરે તેમાં મતભેદ રહેવાનો જ.

જૈન દર્શને કરેલા પ્રાચીનતાના ખુલાસાને પ્રથમ જોઈ લઈએ. વૈદિક દર્શનમાં કહેવામાં આવ્યું છે કે સૃષ્ટિની આદિમાં કોઈ 'એક' તત્ત્વ હતું તેમાંથી આ સમગ્ર સૃષ્ટિનો ઉદ્‌ભવ થયો છે. પણ વૈદિક દર્શન પણ એ કેવલ 'એક' તત્ત્વમાંથી 'કયારે' સૃષ્ટિ થઈ તેનો સમય નિશ્ચિત કરી શકતું નથી. એટલે એ અજ્ઞાત કાળને આપણે અનાદિ કહીએ. આમ કહેવું તે જો કે પરસ્પરવિરોધ જેવું ભાસે છે, છતાં પણ, ખોટું નથી. કારણ જે વસ્તુના આદિ કાળને આપણે નિશ્ચિત ન કરી શકીએ તેને અનાદિ કહ્યા સિવાય બીજો કોઈ માર્ગ આપણી સામે રહેતો નથી. એ જ પ્રમાણે જૈન દર્શને સ્વીકાર્યું છે કે સૃષ્ટિ અનાદિ કાળથી ચાલી આવે છે—न कदाचिद् नदिदं जगत्-जगत सદા એક સરખું છે. પણ એ સુમહત્ કાળ અનંત ખંડોમાં વિભક્ત છે જેને જૈનો અવસર્પિણી અને ઉત્સર્પિણી કહે છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થયા છે અને તેમણે એક જ ઉપદેશ આપ્યો છે કે જીવો કર્મથી બદ્ધ છે, એ કર્મબંધનાં કારણો રાગ અને દ્વેષ છે, બંધનાં કારણોનું નિવારણ કરી જીવ મોક્ષને પામે છે. આ સામાન્ય વાત એક સરખી રીતે બધા તીર્થંકરોએ પ્રતિપાદિત કરી છે. આ દૃષ્ટિએ જૈન ધર્મ અનાદિ અને શાશ્વત છે. જ્યારથી જીવો છે ત્યારથી જેમ તેઓ બંધનમાં બદ્ધ થવાનો પ્રયત્ન કરે છે તેમ છૂટકારાનો પણ પ્રયત્ન કરે જ છે. અને છૂટકારાનો પ્રયત્ન એ જ તો જૈન ધર્મ છે. એટલે જો જીવો અનાદિ હોય તો તેનો ધર્મ પણ અનાદિ હોવો જોઇએ. આ દર્શને કરેલો તર્ક જૈન ધર્મને અનાદિ સિદ્ધ કરે છે. પણ સ્વયં દર્શન એ કાળપ્રવાહમાં બાદમાં આવતું હોઈ, ઘટનાઓ ઘટી ગયા પછી તેનો પોતાની દૃષ્ટિએ તાત્ત્વિક ખુલાસો કરતું હોઈ, ઇતિહાસ સાથે તેને બહુ લેવા દેવા નથી. એટલે આ ખુલાસાને વિષે અહિં વિશેષ ચર્ચા કરવી અસ્થાને છે.

પણ હવે ઇતિહાસને જૈન ધર્મની પ્રાચીનતા વિષે શું કહેવાનું છે તે જોઇએ. વેદાદિ બ્રાહ્મણ ગ્રન્થોમાં આવતો 'અરિષ્ટ નેમિ' શબ્દ તે નામના જૈન તીર્થંકરનો સૂચક છે એમ કેટલાકનું કહેવું છે, પણ જૈન પરંપરા પ્રમાણે તો તેમનો સંબંધ કૃષ્ણ સાથે છે. તેવી કોઈ સૂચના વેદમાંથી મળતી નથી. એટલું નક્કી કે પ્રાચીન કાળમાં અરિષ્ટ નેમિ નામ પ્રચલિત હતું. તે જૈન તીર્થંકરનું હોય પણ ખરું અને ન પણ હોય. મહાભારતમાં સહદેવે વેશપલટો કરી વિરાટની સભામાં પોતાને પરિચય આપતા કહ્યું છે કે "वैश्योऽस्मि नाम्नाहम-रिष्टनेमि" (વિરાટપર્વ દશમો અધ્યાય શ્લોક ૫) હું વૈશ્ય છું અને મારું નામ અરિષ્ટ નેમિ છે. અન્યત્ર મહાભારતમાં અરિષ્ટ નેમિને જિનેશ્વર પણ કહ્યા છે. આ ઉપરથી એટલું તારવી શકાય કે અરિષ્ટ નેમિના અસ્તિત્વ વિષે સંદેહ કરવાને સ્થાન નથી. તેમને જો કૃષ્ણના સમ-કાલીન માનીએ તો મહાભારત કાળમાં એટલે કે ઈ. પૂ. ૧૪૦૦–૧૫૦૦ માં તેમનો સમય કલ્પી શકાય.

ભગવાન ઋષભદેવ જૈનોના પ્રથમ તીર્થંકર છે. ઋષભ શબ્દનો ઉલ્લેખ બ્રાહ્મણ સંપ્રદાયના વેદોમાં પણ મળે છે. અને પુરાણોમાં તો ઋષભ ચરિત્ર જે પ્રકારનું આપવામાં આવ્યું છે તે વાંચનારને શંકા રહેતી જ નથી કે જૈન તીર્થંકર ઋષભદેવનું જ એ ચરિત્ર છે. બ્રાહ્મણોના મતે ઋષભદેવ એ મનુની પાંચમી પેઢીએ થયેલ છે. એટલે એમનો કાળ એ પૌરાણિક કાળ ગણાય. એટલે એ કાળ ઇતિહાસની નજર બહાર જ લેખાવો જોઇએ. અને જૈન પુરાણોમાં પણ તેમના કાળને અત્યંત પ્રાચીન ગણવામાં આવ્યો છે. જૈન અને બ્રાહ્મણ બન્ને ગ્રન્થોના આધારે કહી શકાય કે ઋષભ એક જબરા તપસ્વી હતા. અને તેમના કાળમાં જેને આપણે સંસ્કૃતિ નામથી ઓળખીએ છીએ તેનો ઉદયકાળ શરૂ થયો હતો અને એ ઉદયમાં ઋષભદેવનો પોતાનો હિસ્સો મોટા પ્રમાણમાં હતો અને એમાંથી એ પણ જાણવા મળે છે કે તેમના પુત્ર ભરતના નામથી આપણા આ દેશનું નામ ભારત વર્ષ પડ્યું છે. આ પૌરાણિક વર્ણનોને ઇતિહાસસિદ્ધ કાળમાં ગોઠવી શકાય એમ નથી. છતાં ઋગ્વેદ કાળમાં ભાઈ-બહેનના લગ્નની કે સહચારની રૂઢિ અને ઋષભકથામાં આવતી યુગલિયાઓની લગ્નપ્રથાની રૂઢિ એક જેવી છે, જેથી એક સૂચના તો મળી શકે છે કે ઋષભ-દેવનો કાળ ઋગ્વેદથી બહુ દૂર તો નહિ હોય.

પણ જેને જૈન ધર્મના અસ્તિત્વને અસંદિગ્ધ પૂરાવો કહી શકાય એવા ઉલ્લેખો તો સર્વ પ્રથમ પાલિપિટકોમાં મળે છે. તેમાં ભગવાન મહાવીરનો ઉલ્લેખ નિર્ગ્રન્થ નાથપુત્ર કે નિર્ગ્રન્થ જ્ઞાતપુત્રને નામે મળે છે, એટલું જ નહિ પણ, જૈન ધર્મના આગવા કહી શકાય એવા સિધ્ધાન્તોનો ઉલ્લેખ પણ સર્વ પ્રથમ બૌધ્ધ ગ્રન્થોમાં જ મળે છે. અને એવા સિધ્ધાન્તોના વિવિધ ઉલ્લેખોને આધારે ભગવાન મહાવીર પહેલાના તીર્થંકર પાર્શ્વનાથના ઉપદેશનું અસ્તિત્વ પણ ડો. જેકોબીએ સિધ્ધ કર્યું જ છે. બૌધ્ધ ગ્રન્થોમાં ભગવાન મહાવીરના ઉપદેશમાં ચાતુર્યામને સ્થાન હતું એમ જણાવવામાં આવ્યું છે, પણ ખરી રીતે જૈન શાસ્ત્રો પ્રમાણે તો ભ. મહાવીરના તો પાંચ યામો છે, જ્યારે ભ. પાર્શ્વનાથના જૈન શાસ્ત્રો પ્રમાણે ચાર યામો હતા. તેમાં જ સુધારો કરીને ભ. મહાવીરે પાંચ યામોનો ઉપદેશ આપ્યો. બૌધ્ધોની આ નાની સરખી ભૂલે ભ. પાર્શ્વનાથના અસ્તિત્વનો એક પૂરાવો પૂરો પાડયો છે. અને સ્વયં બુધ્ધના વખતમાં સર્વત્ર તેમને નિર્ગ્રન્થોનો સામનો કરવો પડયો છે. એ સિધ્ધ કરે છે કે બુધ્ધથી પણ પહેલા નિર્ગ્રન્થ ધર્મનો પ્રચાર પૂર્વ દેશમાં થઈ ગયો હતો. એ કહેવાની જરૂર નથી કે બુધ્ધના સમયમાં જૈન ધર્મનું નામ નિર્ગ્રન્થ ધર્મ હતું. આ પ્રમાણે ભ. પાર્શ્વનાથ અને મહાવીર વિષે તો ઇતિહાસની પૂરી સાક્ષી છે. તેમાં ભ. મહાવીરનો સમય તેઓ બુધ્ધસમકાલીન હોઈ ઈ. પૂ. પાંચમી છઠ્ઠી શતાબ્દી નિશ્ચિત છે. જૈન પરંપરા પ્રમાણે ભ. મહાવીર પહેલા ૨૫૦ વર્ષ પાર્શ્વનાથનું નિર્વાણ થયું. એટલે કે ઇ. પૂર્વ ૮૦૦ માં ભ. પાર્શ્વનાથનો સમય મૂકી શકાય. આ બન્ને તીર્થંકર પહેલાના તીર્થંકરોમાંથી ભ. ઋષભ અને અરિષ્ટનેમિ વિષે પહેલા કહેવાઈ ગયું છે.

આટલી ચર્ચા ઉપરથી આપણે એટલું તો નિશ્ચિત રૂપે કહી શકીએ ઈ. પૂ. ૮૦૦ વર્ષ પહેલાં તો જૈન ધર્મે પોતાનું એક જુદું રૂપ નક્કી કરી લીધું હતું અને તે શ્રમણ સંપ્રદાયમાંનો એક પ્રતિષ્ઠિત સંપ્રદાય હતો. તે પહેલાં અરિષ્ટનેમિ કે તેથી પણ પહેલા ઋષભદેવના સમયમાં જૈન ધર્મનું શું સ્વરૂપ હતું એ જાણવાને આપણી પાસે જૈન શાસ્ત્રો સિવાય બીજું કશું જ સાધન નથી. અને જૈન શાસ્ત્રો તો ભ. મહાવીરના ધર્મ કે શાસનને જ મહત્ત્વ આપતા હોઈ શેષ તીર્થંકરોએ પણ એવો જ ઉપદેશ આપ્યો હતો તેવી સામાન્ય વાત કહે છે. એને આધારે સુસંવાદી ઇતિહાસ રચી શકાય એમ નથી. એટલે અત્યારે એટલાથી જ સંતોષ માનવો રહ્યો.

(૨) તત્ત્વ જ્ઞાન

જૈન ધર્મના ઇતિહાસની આટલી ચર્ચા પછી હવે આપણે જોઇએ કે જૈન ધર્મનું શું સ્વરૂપ છે ? અને તેની શી વિશેષતા છે ?

જૈન ધર્મમાં ઈશ્વરને સ્થાન નથી એ શ્રમણ ધર્મની ચર્ચામાં કહેવાઇ ગયું છે. આવા ઈશ્વરની કલ્પના વિનાના ધર્મને ધર્મ કહી શકાય કે નહિ એવી ચર્ચા પશ્ચિમના વિદ્વાનોમાં ચાલી હતી. પણ એ ચર્ચા કરનારા વિદ્વાનો સમક્ષ ખ્રીસ્ત ધર્મ અને તેના જેવા ઈશ્વરવાદી ધર્મો જ હતા. જ્યારે તેમને બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મનો પરિચય થયો ત્યારે જ તેમણે જાણ્યું કે ઈશ્વર વિનાનો પણ ધર્મ હોઈ શકે છે. એટલે તેમણે હવે ધર્મની વ્યાખ્યા જ બદલી નાખી અને બૌદ્ધ-જૈનનો પણ સમાવેશ ધર્મોમાં કરવા લાગ્યા છે. જો ઈશ્વર નથી તો પછી સંસારમાં જે એક વ્યવસ્થા છે તેનો આધાર શો છે ? ઈશ્વરવાદી ધર્મો તો કહી શકે છે કે સર્વશક્તિસંપન્ન ઈશ્વર જગન્નિયન્તા છે. તે જ બધું વ્યવસ્થિત કરે છે. આ સંસારચક્ર ઈશ્વરદ્વારા સંચાલિત છે. પણ આ ઈશ્વરના સ્થાનમાં જૈનો કર્મને માને છે. જૈન ધર્મની માન્યતા છે કે જીવોનાં કર્મને કારણે જ સંસારચક્ર ગતિમાન છે. અને એમનાં કર્મને કારણે જ વ્યવસ્થા પણ છે. જૈનોના આ કર્મવાદનો ઇતર ભારતીય ધર્મોમાં પણ એટલો પ્રભાવ પડ્યો જ છે કે ઈશ્વર માનનાર પણ ઈશ્વરની કેવળ મરજી ઉપર બધું ન છોડતાં જીવોના કર્મને આધારે ઈશ્વર કર્મફલદાયક છે એમ તેઓ સ્વીકારતા થઈ ગયા છે. આ રીતે એક પ્રકારે ઈશ્વરની અપેક્ષાએ જૈનોનો કર્મવાદ જ પ્રબળ બને છે. કારણ ઈશ્વરકૃત વ્યવસ્થા પણ છેવટે તો કર્માધીન જ છે. જૈન ધર્મની જો કોઇ પણ વિશેષતા હોય તો તે આ કર્મવિવેચનની છે. કર્મને જ્યારે સંસારચક્રના ચાલક બળ તરીકે સ્વીકાર્યું ત્યારે એને આધારે જ બધી ઘટનાઓ અને જીવોની વિશેષતાઓનો ખુલાસો કરવો જરૂરી હતો, એટલું જ નહિ પણ, એ કર્મના બળને ઘટાડી આત્મબળ કેમ વધારવું એની પ્રક્રિયા પણ શોધવી જરૂરી હતી. જૈન ધર્મે એ ખુલાસો અને એ પ્રક્રિયાની શોધ કર્યા જ છે અને એમાં જ જૈન ધર્મનું સ્વરૂપ સંનિહિત છે.

સંસારના કોઈ પણ ધર્મનું ધ્યેય જીવને તેની વિદ્યમાન સ્થિતિમાં અસંતોષ જન્માવી ઉન્નતિને માર્ગે લઈ જવાનું છે. જૈન ધર્મે ઉન્નતિની પરાકાષ્ઠા સિદ્ધાવસ્થામાં માની છે. એટલે જીવોના બે પ્રકાર સંસારી અને સિદ્ધ એમ સ્વતઃ ફલિત થાય છે. કર્મોના બંધનથી બદ્ધ એ સંસારી છે અને કર્મોના બંધનથી મુક્ત એ સિદ્ધ છે. સંસારી જીવોમાં પણ એવા કેટલાક છે, જે સતત ઉન્નતિના માર્ગે આગળ વધી રહ્યા છે, જ્યારે એવા પણ કેટલાક છે, જે અવનતિને માર્ગે જઈ રહ્યા છે. આમ સંસારી જીવોમાં મૂઢ અને અમૂઢ એવા બે ભેદ અથવા તો સંસારાભિનંદી અને સાધક એવા ભેદ કલ્પી શકાય છે. ધર્મનું કાર્ય સંસારાભિનંદીને સાધક બનાવવાનું છે અને સાધકને સાધનાનો માર્ગ ચીંધવાનું છે. એટલે સર્વ પ્રથમ સર્વ ધર્મના મૂળમાં વિવેક અથવા સમ્યગ્દૃષ્ટિને સ્થાન મળ્યું છે. વિવેકનો અર્થ થાય છે પૃથક્કરણ. જૈન ધર્મે સ્પષ્ટ કર્યું છે કે આત્મા અને અનાત્મા-કર્મનો ભેદ સમજવામાં આવે તો જીવની મૂઢ દશા નિરસ્ત થાય છે. જીવ અને કર્મનું સ્વરુપ એક નથી. જીવ ચેતન છે અને કર્મ અચેતન છે. છતાં બન્ને એકમેકમાં એવા ઓતપ્રોત છે કે જીવને એ ભાન નથી કે પોતાનું ખરું સ્વરુપ શું છે ? એટલે માર્ગદર્શકનું પ્રથમ કાર્ય એ છે કે જીવને પોતાના સ્વરુપની પ્રતીતિ કરાવી આપે. આવી પ્રતીતિ થાય એટલે વિવેક દૃષ્ટિ જાગે. એ વિવેક જાગે એટલે જીવ કર્મ અને કર્મના વિપાકને કારણે થતી અવસ્થાઓને પોતાની માનતા અચકાય. આવો આંચકો લાગે એટલે આત્મા અને શરીર જે કર્મજન્મ છે તે બન્નેનો ભેદ એ સમજી જાય અને એ સમજે એટલે તેની સાધનાની શરૂઆત થાય છે. આવી સાધના એ ધર્મ છે. જૈનોએ બતાવેલી સાધના એ જૈન ધર્મ છે. અહિં જિનનો અર્થ આપણે તીર્થંકર ભ. મહાવીર કરીશું.

આત્મ-અનાત્મ વિવેકની તો બધા ધર્મોએ વાત કરી જ છે અને તે વિવેક થયા પછીની ધર્મસાધના પણ સર્વદર્શનોમાં છે જ. તો પછી જૈન ધર્મની આગવી વિશેષતા શી છે ? વળી સર્વ દર્શનોમાં રાગ-દ્વેષ એ બે દોષો દૂર કરવા માટે જ સાધના કરવામાં આવે છે-આમાં પણ જૈન ધર્મને કશું જ નવું કહેવાનું નથી. તો એ સાધનાને જૈન ધર્મનું નામ કેમ આપવામાં આવે ? આ પ્રશ્ન છે. એ સાચું છે કે આત્મ-અનાત્મ વિવેક અને રાગ-દ્વેષનો ત્યાગ એ સર્વસાધારણ છે, પણ સાધક કેટલીક નિષ્ઠાઓ લઈને એવી સાધનામાં પ્રવૃત્ત થાય છે અને એ નિષ્ઠાભેદને કારણે જ આદર્શમાં ભેદ પડે છે. એ નિષ્ઠાઓના વિવેચનમાં જ જૈન ધર્મ બીજા ધર્મોથી જુદો પડે છે અને એને કારણે જ તેનું જુદું અસ્તિત્વ કાયમ થાય છે. એ નિષ્ઠાનું જ નામ જૈન દર્શન છે.

અપૂર્ણ

દલસુખભાઈ માલવણિયા

જાણીતા ઉદ્યોગપતિ સાહુ શાંતિપ્રસાદ જૈનનો સંઘે કરેલો સત્કાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે બુધવાર તા. ૨૦-૨-૫૭ ના સાંજના ૬ વાગે, સંઘના કાર્યાલયમાં-જાણીતા ઉદ્યોગપતિ અને જૈન સમાજના અગ્રગણ્ય શ્રીમાન સાહુ શાંતિપ્રસાદ જૈનનો સત્કાર સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ સમારંભમાં સભ્યો ઉપરાંત જૈન સમાજના પ્રતિષ્ઠિત દાનવીર શ્રી. મેઘજી પેથરાજ શાહ તથા અન્ય આગેવાનો પણ ઉપસ્થિત થયા હતા.

સંઘના મંત્રી શ્રી. પરમાનંદભાઈએ શ્રી. શાંતિપ્રસાદજીને આવકાર આપતાં કહ્યું "તેમનું સ્થાન કલકત્તામાં જાહેર જીવનમાં ઘણું આગળ પડતું છે. આપણી બાજુએ જેમ ગુજરાતમાં શ્રી. કસ્તુરભાઈ લાલભાઈનું સ્થાન છે તેમ એ બાજુ ઉદ્યોગ અને જૈન સમાજમાં તેઓશ્રીનું સ્થાન છે. તેમનામાં શ્રીમંતાઈ સાથે ઉદારતા છે. વૈશાલીને જૈન સંસ્કૃતિના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે તેમનું ૭ લાખ રૂપીઆનું દાન જાણીતું છે. આ સિવાય તેમની કેટલીયે બીજી મોટી સખાવતો છે. તેમને સંઘ વતી આવકાર આપતાં મને ખૂબ આનંદ થાય છે."

ત્યાર બાદ બનારસ હિન્દુ યુનીવર્સીટીમાં બૌદ્ધ દર્શનના અધ્યાપક તરીકે કામ કરતા પંડિત મહેન્દ્રકુમારજી જેઓ આ પ્રસંગે ઉપસ્થિત થયા હતા તેમનો શાંતિપ્રસાદજી સાથે નિકટ પરિચય હોઇને તેમને પ્રસંગોચિત કાંઇક કહેવાની વિનંતિ થતાં તેમણે જણાવ્યું કે "જ્યારે જ્યારે શ્રી. શાંતિપ્રસાદજીનો પરિચય કરાવવાનો અવસર આવે છે ત્યારે ત્યારે તીર્થંકર શબ્દ મને યાદ આવે છે. તીર્થંકર શબ્દમાં જ સારા જૈન ધર્મનો અર્થ સમાયેલો છે. જે વ્યકિતને જગતના કલ્યાણની જ ભાવના છે તે વ્યકિતનું સ્થાન તીર્થંકરના ઉપાસકોમાં રહે છે. શ્રી. શાંતિપ્રસાદજીના જીવનનો એક ક્રમ છે કે બીનસાંપ્રદાયિક ભાવથી જગતના કલ્યાણ માટે બને તેટલું દ્રવ્ય અર્પિત કરતા જવું. તેમના જીવનની એક વિશેષતા એ છે કે તેમણે જૈન ધર્મને સંકુચિત દૃષ્ટિથી કદિ જોયો નથી. તેમનો એક પ્રશ્ન છે કે કોઇ અજૈન વિદ્વાન કે સાધુ હોય તો તેને સમ્યગ્ દૃષ્ટિ હોય ખરી કે નહિ? સમ્યગ્ દૃષ્ટિ શું સંપ્રદાયમાં જ બધ્ધ થઈ શકે ખરી?

"પ્રાચીન અને નવીનનો કદાગ્રહ રાખ્યા વિના સમીચીન વસ્તુ પ્રત્યે તમારો સંઘ ધ્યાન આપે છે. જૈન ધર્મની અનેકાંત દૃષ્ટિ સંઘના કાર્યમાં દેખાય છે. અને આવી જ દૃષ્ટિ શ્રી. શાંતિપ્રસાદજીમાં મને દેખાય છે. અખૂટ સંપતિના માલીક શ્રી. શાંતિપ્રસાદજીના જીવનની ધારા સદા ઉર્ધ્વ રહી છે. તેમની ભાવના છે સંસ્કૃતિ, સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાની. આવા એક સાચા જૈનનું તમારો સંઘ સ્વાગત કરે છે તેથી મને આનંદ થાય છે."

આ પછી સંઘના પ્રમુખ શ્રી. ખીમજીભાઇ ભૂજપુરિયાએ સંઘની ઉત્પત્તિ કેવી કાંતિથી શરૂ થઈ તેનો ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે શ્રી. શાંતિપ્રસાદજીનો પરિચય કરાવતાં કહ્યું કે "શ્રી. પરમાનંદભાઇનો આગ્રહ હોય છે કે જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં આગેવાની ધરાવતી વ્યકિતઓનો પરિચય કરવાની સંઘના સભ્યો માટે તક ઉભી કરવી. આથી શ્રી. શાંતિપ્રસાદજીને સંઘમાં આવવાનું મેં કહ્યું અને બહુ રોકાયેલ હોવા છતાં તેમણે આપણું નિમંત્રણ સ્વીકાર્યું.

"શ્રી. શાંતિપ્રસાદજી જૈન સમાજમાં તથા દેશમાં આગેવાની-ભર્યું સ્થાન ભોગવે છે. આખા ભારત વર્ષની ઔદ્યોગિક ઉત્ક્રાંતિમાં તેમનો મોટો ફાળો છે. નેશનલ બેંકના તેઓ ચેરમેન છે. આ બેંકની અત્યંત સધ્ધર સ્થિતિ તેઓશ્રીને આભારી છે. બીજા ઉદ્યોગો સાથે પણ તેઓ સંકળાયેલા છે. દાલમીયા નગરમાં અશોક ઇન્ડસ્ટ્રીઝ તેમણે દોઢ બે કરોડમાં જે રીતે વિકસાવી છે તે યુ. પી. સરકાર ચારથી પાંચ કરોડમાં પણ કરી શકી નથી. તેઓ આજે આગળ પડતા ઉદ્યોગપતિ છે. ફેડરેશનમાં આગેવાની ભર્યો ભાગ લે છે. અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયેલા છે. આજની સભામાં શ્રી. શાંતિપ્રસાદજી જેવાજ બીજા એક દાનવીર શ્રી. મેઘજી પેથરાજ ઉપસ્થિત છે. તેઓ પણ આફ્રિકામાં કરોડો કમાયા અને આફ્રિકામાં તથા અહિંયા તેમણે ખૂબ સખાવતો કરી. જે માણસો કરોડો કમાઈ જાણે છે અને સદ્વ્યય કરી જાણે છે તેમના વિષે આપણું દિલ હંમેશા આદર અનુભવે છે."


ત્યારબાદ શ્રી શાંતિપ્રસાદજીએ જવાબ આપતાં જણાવ્યું કે "હું સમજું છું કે ભારતીય સંસ્કૃતિમાં શ્રમણ સંસ્કૃતિનું-જૈન સંસ્કૃતિનું-હંમેશાં એક વિશેષ સ્થાન રહ્યું છે. આજે જૈનોની સંખ્યા પણ ઘણી મોટી છે. આપણાં શાસ્ત્ર અને ચર્યા એક છે. શાસ્ત્રનાં મૂળમાં ભેદ નથી. આમ છતાં જૈનો જૈનો વચ્ચે સાંપ્રદાયિક દીવાલો કેટલાય સમયથી ઉભી કરવામાં આવી છે અને તે આપણને એકમેકની નજીક આવવા દેતી નથી. આ દીવાલો આપણે નાબુદ કરવી જોઇએ, પરસ્પર એકતાની જમાવટ કરવી જોઇએ અને સાથે મળીને ઉન્નતિસાધક કાર્યો કરવા જોઇએ. આ એકતા ઉપર આપણે જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. આપના સંઘનું પણ આ જ લક્ષ્ય છે એ જાણીને મને ખૂબ આનંદ થાય છે.

"તમે મારું સન્માન કર્યું તે માટે તમારો આભાર માનું છું, અને દૂર દૂરથી પણ તમારી પ્રવૃત્તિની પ્રશંસા કરતો રહીશ. તમારા જેવી સંસ્થા જે નવી લહેર લહેરાવે છે, જે સંસ્કૃતિ અને સમાજની સેવા કરે છે તે ધન્યવાદને લાયક છે. તમને સૌને મારા ધન્યવાદ છે."

સંઘના ઉપપ્રમુખ લીલાવતીબહેને શ્રી. શાંતિપ્રસાદજીનો આભાર માનતાં કહ્યું કે "આપે અમારા સંઘના આંગણે પધારી, દર્શન આપી, તેમજ આપના પ્રબળ વ્યકિતત્વનો પરિચય કરાવી અમને ઋણી કર્યા છે. ઇતિહાસમાં તો ઘણાં દાનેશ્વરીનાં નામો વાંચ્યા છે. આજે એવા દાનેશ્વરીનાં અમને સાક્ષાત્ દર્શન થયાં છે. આ અમારા સંઘને ગૌરવ લેવા જેવું છે. તમારા વિચારોમાં જે ઐકયની વાંછનાનો સૂર નીકળે છે, તે વાંછના સફળ થાય અને તમારા જીવનની સુવાસ પુષ્પની સુવાસની જેમ ચોતરફ પ્રસરે એવી મારી પ્રાર્થના અને શુભેચ્છા છે."

પુષ્પહાર અર્પણ વિધિ અને અલ્પાહાર બાદ સૌ ઊંડી પ્રસન્નતા અનુભવતા છુટા પડ્યા હતા.

મુંબઈ જૈન યુવક સંઘદ્વારા આયોજિત વીલ્સન ડેમ પર્યટણનાં દૃશ્યો



રંધા ફોલ્સ



વીલ્સન ડેમનો ધોધ

પ્રકીર્ણ નોંધ

સંસ્કારમૂર્તિ બાળાસાહેબ ખેરનું પરલોકપ્રયાણ

તા. ૮-૩-૫૭ શુક્રવારના રોજ મુંબઈ પ્રદેશના લોકપ્રિય માજી વડા પ્રધાન બાળાસાહેબનું પૂના ખાતે હૃદયરોગના અણધાર્યા હુમલાના પરિણામે અવસાન થયું. અને ભારતને એક અમૂલ્ય માનવરત્નની ખોટ પડી. ૧૯૩૦ માં સવિનય કાનુનભંગની લડત શરૂ થઈ અને વીલે પારલેમાં સત્યાગ્રહ છાવણી ઉભી કરવામાં આવી. આ છાવણીના તેઓ એક મુખ્ય સંચાલક હતા. એ સમયથી તેમણે કોંગ્રેસ વર્તુલમાં સ્થાયી પ્રવેશ કર્યો. ત્યાર બાદ મુંબઈ પ્રદેશના તેઓ બે વાર મુખ્ય પ્રધાન બન્યા. એક વાર દેશને આઝાદી મળ્યા પહેલાં ૧૯૩૭ માં, અને બીજી વાર દેશ આઝાદ બન્યો તે દરમિયાન ૧૯૪૭ માં. ૧૯૫૨ માં તેઓ આ જવાબદારીથી છુટા થયા અને લંડનમાં ભારતના હાઈ કમીશનર તરીકે નીમાયા. ૧૯૫૪ માં તેઓ પોતાની પત્નીની માંદગીના કારણે આ સ્થાન ઉપરથી નિવૃત્ત થયા. એ જ વર્ષમાં તેમને 'પદ્મ વિભૂષણ' પદ ભારત સરકાર તરફથી અર્પણ કરવામાં આવ્યું. ૧૯૫૫ માં તેમને હિંદી કમીશનના અધ્યક્ષ નીમવામાં આવ્યા અને ૧૯૫૬ ના ઓગસ્ટ માસમાં તેમણે કમીશનનો રીપોર્ટ ભારત સરકારને સુપ્રત કર્યો. એ પહેલાં દાદાસાહેબ માવળંકરનું ગત વર્ષ દરમિયાન અવસાન થયા બાદ ગાંધી સ્મારક નિધિના પ્રમુખસ્થાન ઉપર તેમની નિમણુક કરવામાં આવી હતી. બાલકનજી-બારીના તેમ જ હરિજન સેવક સંઘના તેઓ વર્ષોથી પ્રમુખ હતા. આ સિવાય બીજી પણ અનેક સામાજિક તેમ જ રાજકીય ગંભીર જવાબદારીઓનું તેમણે વહન કર્યું હતું. આ રીતે સેવાનાં અનેક ક્ષેત્રોને અજવાળનાર અને દેશસેવામાં લગભગ સમગ્ર જીવન વ્યતીત કરનાર એવી એક વિરલ માનવવિભૂતિને ગુમાવતાં આપણું દિલ સ્વાભાવિક રીતે ઊંડી ગ્લાનિ અને શૂન્યતા અનુભવે છે.

આમ ઐહિક ઉત્કર્ષનાં અનેક સીમાચિહ્નો સર કરનાર ખેરસાહેબ જેવી બીજી પણ અનેક વ્યક્તિઓ આપણા વિશાળ દેશમાં જોવા જાણવા મળશે. પણ ખેરસાહેબમાં જે સૌજન્ય, સંસ્કારિતા, નમ્રતા, ઋજુતા અને સાથે સાથે ઉચ્ચ કોટિની વિદ્વત્પ્રતિભા હતી તે બહુ જ વિરલ વ્યક્તિમાં જોવા મળે તેમ છે. તેમની વાણી અને વર્તનમાં સચ્ચાઇનો, કર્તવ્ય નિષ્ઠાનો, નિષ્કપટ ભાવનો, સેવાપરાયણતાનો મોહક રણકાર હતો. એક પણ વખત તેમના પરિચયમાં આવનાર તેમનામાં રહેલી પ્રાકૃતિક સુવાસનો મધુર અનુભવ કર્યા વિના રહ્યો નહિ હોય. તેમનું ઉદાત્ત વ્યક્તિત્વ ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન હતું. પ્રાન્તવાદના ઘેરા વમળમાં ઘેરાયલા હોવા છતાં પણ તેઓ કેવળ ભારતીય હતા. તેમના સર્વ અભિગમોમાં હૃદયસ્પર્શી માનવતા હતી. તેઓ નિઃશંક એક સંસ્કારમૂર્તિ હતા અને સત્યના એક પરમ ઉપાસક હતા. આવી એક લુપ્ત થએલી વિમળ માનવ જ્યોતિને આપણાં અનેક વન્દન હો! તેમનાં પુનિત સ્મરણો વડે આપણું જીવન સદા પ્રેરિત અને પલ્લવિત બનો!

કોંગ્રેસ અને ગ્રામસંગઠન

કોંગ્રેસ અને ગ્રામસંગઠનના પરસ્પર સંબંધનો પ્રશ્ન મુનિ સન્તબાલજી વિશ્વવાત્સલ્યમાં અવાર નવાર ચર્ચી રહ્યા છે. કોંગ્રેસ અને ગ્રામ સંગઠન સંબંધે તેમના કેટલાંક સ્વતંત્ર મન્તવ્યો છે. સાધારણ રીતે કોંગ્રેસ એટલે ભારતનો એક રાજદ્વારી અને વર્તમાન સંયોગોમાં સૌથી વધારે બળવાન પક્ષ એમ લગભગ સર્વત્ર માનવામાં આવે છે. દેશમાં આજે બીજા પણ રાજકીય પક્ષો છે. આજે કોંગ્રેસ સત્તા ઉપર છે. આવતી કાલે અન્ય કોઇ રાજકીય પક્ષ—આજે છે તેમાંથી કોઇ અથવા તો સમયાન્તરે નવો ઉભો થનાર રાજકી પક્ષ—સત્તા ઉપર આવે એવી કલ્પના પણ સ્વીકૃત છે. આ સંબંધમાં સન્તબાલજી એમ માને છે કે દેશમાં કોંગ્રેસ એ એક જ સર્વમાન્ય રાજકીય પક્ષ હોવો જોઇએ અને બીજા રાજકીય પક્ષો તેને પ્રેરક અથવા પૂરક હોવા જોઇએ. બીજી બાજુએ તેઓ ગ્રામસંગઠનના વિચારને ખૂબ જોર આપતા જણાય છે. ગામે ગામે વ્યવસ્થિત ગ્રામ સંગઠન હોવું જોઇએ અને તેણે ગામડાની આર્થિક તેમ જ સામાજિક બધી જબાબદારીઓ સ્વીકારવી જોઇએ એમ તેઓ ઇચ્છે છે. ભાલ નળકાંઠા બાજુએ આવાં કેટલાંક ગ્રામ સંગઠનો તેમણે ઉભાં કર્યાં છે અને તેમની નીચે કામ કરતા ગ્રામસેવકો આ ગ્રામસંગઠનોનો વહીવટ ચલાવે છે અને ગામડાંના લોકોને જરૂરી માર્ગદર્શન આપે છે. હવે પ્રશ્ન ઉભો થાય છે કે આખા ભારત ઉપર પ્રભુત્વ ધરાવતી કોંગ્રેસ અને ઉપર વર્ણવ્યાં તેવાં ગ્રામસંગઠનો—આ બે વચ્ચે કયા પ્રકારનો સંબંધ હોવો જોઇએ?

રાજકારણના ક્ષેત્રમાં કોંગ્રેસ એ સન્તબાલજીની આરાધ્ય દેવી છે. કોંગ્રેસ વિષે તેમની અપૂર્વ મમતા અને શ્રદ્ધા છે અને કોંગ્રેસ કેમ વિશુદ્ધ અને બળવાન બને તે તેમની સતત ચિન્તાનો વિષય છે. મુનિ સન્તબાલજીના સતત સાન્નિધ્યમાં રહેનાર શ્રી નવલભાઈ શાહ જણાવે છે તે મુજબ તેમની એક પાયાની માન્યતા છે કે ભારત અને વિશ્વમાં જો કોઈ તારક બળ હોય તો તે કોંગ્રેસ (તેઓ જે અર્થમાં માને છે તે અર્થમાં) જ છે. તેઓ નિષ્પક્ષ લોકશાહીની વાત કરે ત્યારે પણ તેમની આંખ સામે કોંગ્રેસ જ હોય છે. સન્તબાલજીના મતે કોંગ્રેસ માત્ર એક રાજકીય પક્ષ નથી, પણ પક્ષ કરતાંયે વિશેષ છે. તે રાષ્ટ્રીય સંસ્થા છે. તેઓ કોંગ્રેસને સામાન્ય માણસ જે અર્થમાં માને છે અને સમજે છે તે અર્થમાં લેતા નથી. અને એટલે જ તેઓ વારંવાર કહે છે કે આ દેશમાં નિષ્પક્ષ લોકશાહી સ્થાપવી હોય તો કોંગ્રેસ સિવાય બધા પક્ષો વિલીન થવા જોઇએ. ટુંકમાં રાજકીય ક્ષેત્રે એક માત્ર કોંગ્રેસ જ રહેવી જોઇએ.

ઉપર જણાવેલ ગ્રામ સંગઠનોએ કોંગ્રેસનું સન્તબાલજીના શબ્દોમાં રાજકીય માતૃત્વ સ્વીકારવું જોઇએ, એટલે કે રાજકીય બાબતમાં કોંગ્રેસના આદેશ અને માર્ગદર્શન પૂરી શ્રધ્ધા અને વફાદારીપૂર્વક સ્વીકારવા જોઇએ. બીજી બાજુએ આર્થિક અને સામાજિક બાબતોમાં જેમ કરવું હોય તેમ કરવાનું ગ્રામસંગઠનોને પૂરું સ્વાતંત્ર્ય હોવું જોઇએ. તેની અંદર કોંગ્રેસે કશી દખલગીરી કરવી ન જોઇએ, એટલું જ નહિ પણ, આર્થિક અને સામાજિક ક્ષેત્રે કોંગ્રેસે ગ્રામસંગઠનોનું પ્રભુત્વ સ્વીકારવું જોઇએ.

આ પોતાની વિચારસરણી સ્થાનિક તેમ જ પ્રાદેશિક કોંગ્રેસી આગેવાનો પાસે સ્વીકારાવવા મુનિ સન્તબાલજી મથી રહ્યા છે. થોડા સમય પહેલા ગુજરાત પ્રાન્તિક કોંગ્રેસ સમિતિના મંત્રી શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ સાથે આ પ્રશ્ન અંગેની તેમની ચર્ચાએ વધારે ઉગ્ર સ્વરૂપ લીધું. શ્રી મગનભાઇએ આ વિષયમાં સન્તબાલજીનું દૃષ્ટિબિન્દુ સ્વીકારવાની અસહાયતા દર્શાવી. આમાં મુનિ સન્તબાલજીને શ્રી મગનભાઈ તથા તેમની સરખા વિચાર ધરાવતા અન્ય કોંગ્રેસી આગેવાનો પક્ષે ગ્રામસંગઠનો પ્રત્યે અનાદર અથવા તો તેના વાસ્તવિક મહત્ત્વના અસ્વીકાર જેવું લાગ્યું અને તે રીતે ગ્રામસંગઠનો પ્રત્યે અન્યાય થતો તેમને ભાસ્યો. આ અન્યાય દૂર થાય અને કોંગ્રેસ અને ગ્રામસંગઠનો એ બે સંસ્થાઓ વચ્ચે સમતુલા સ્થપાય એ હેતુથી મુનિ સન્તબાલજીએ ૨૬મી ફેબ્રુઆરીથી ૧૪ દિવસના ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસ નિર્વિઘ્ને પુરા થયા છે અને તેમના સ્વાસ્થ્ય વિષે કોઈ ચિન્તાનું કારણ નથી. આ ઉપવાસનું તત્કાલ કોઈ પરિણામ આવ્યું નથી, પણ તેની કાળાન્તરે અસર થયા વિના નહિ રહે એવી તેમની શ્રધ્ધા છે.

અહિં આપણે આ ઉપવાસના ઔચિત્ય અનૌચિત્યની ચર્ચા કરવા નથી માંગતા. આપણે તો તેમણે જે પ્રશ્ન ઉભો કર્યો છે તેનો જ માત્ર વિચાર કરવાનો છે.

આદર્શ રામરાજ્ય માફક આદર્શ કોંગ્રેસ વિષે મુનિ સન્તબાલજીની ગમે તેવી કલ્પના હો, આજની વાસ્તવિક દુનિયામાં કોંગ્રેસ ગમે તેટલો બળવાન, મોટો તથા વ્યાપક એમ છતાં પણ એક રાજકીય પક્ષ જ છે એ એકને એક બે જેવી વાત છે. કોંગ્રેસ માત્ર રાજકીય

પક્ષ નથી, પણ દેશના સમગ્ર આર્થિક તેમ જ સામાજિક પ્રશ્નો સાથે તેને સીધો સંબંધ છે, કારણ કે તેનું ધ્યેય દેશમાં સમાજવાદી ઢબની રચના ઉભી કરવી તે છે અને કોંગ્રેસ મારફત રચવામાં આવેલી સરકાર પણ આ ધ્યેયને અનુસરીને કાયદા કાનુન ઘડી રહી છે, અને વ્યાપાર ઉદ્યોગનું અનુશાસન કરી રહી છે, તેમ જ સામાજિક ક્ષેત્રે પણ ક્રાન્તિકારી પગલાંઓ ભરી રહી છે. બીજી બાજુએ ભારતભરનાં ગ્રામસંગઠનો માત્ર કોંગ્રેસની જ વફાદારી સ્વીકારે એ શકય નથી. મુનિશ્રી સામે માત્ર ગુજરાત સૌરાષ્ટ્ર છે કે જ્યાં કોંગ્રેસ સિવાય બીજી કોઈ બળવાન સંસ્થા અથવા પક્ષ અસ્તિત્વમાં નથી, જો કે આજે તે ગુજરાતમાં પણ એ સ્થિતિ પલટાતી દેખાય છે; પણ દેશમાં એવા પણ પ્રદેશો છે કે જ્યાં સામ્યવાદી પક્ષ અથવા અન્ય કોઈ રાજકીય પક્ષ જામેલો પડયો છે. દા. ત. કેરલ. આવા પ્રદેશનાં ગામડાં કોંગ્રેસનું માતૃત્વ શી રીતે સ્વીકારવાના હતા ? એ પણ સમજી લેવાની જરૂર છે કે આજનાં ગામડાંઓ જુદા જુદા રાજકીય રંગે રંગાવામાંથી મુકત રહી શકે એમ છે જ નહિ. આ રીતે વિચારતાં અખિલ ભારતનાં સમગ્ર સંગઠનો કોંગ્રેસનું રાજકીય શાસન નિરપવાદપણે સ્વીકારે એ શકય જ નથી.

વળી ઉપર જણાવ્યું તે મુજબ કોંગ્રેસનું કાર્યક્ષેત્ર કેવળ રાજકારણ નથી; આર્થિક તેમ જ સામાજિક ક્ષેત્રે પણ તેની ચોક્કસ નીતિ તેમ જ કાર્યક્રમ છે. આ પરિસ્થિતિમાં આર્થિક તેમ જ સામાજિક ક્ષેત્રમાં કોઈ પણ ગ્રામસંગઠનનું સ્વાતંત્ર્ય કોંગ્રેસ શી રીતે સ્વીકારી શકે ? ગ્રામસંગઠન ગામડે ગામડે જુદું જુદું હોવાનું અને તેની નીતિ પણ સ્થળે સ્થળે ભિન્ન ભિન્ન હોવાની. કોંગ્રેસ અખિલ ભારતની એક સંગઠિત સંસ્થા છે. ગામડાંઓનું આર્થિક તેમ જ સામાજિક સંગઠન કરતી એવી કોઈ ભારતવ્યાપી સંસ્થા નથી. અને આવી સંસ્થા હોય તો પણ તે સમાન્તર સંસ્થા હોવાની. બે સમાન્તર સ્વતંત્ર સંસ્થા હોય ત્યાં એક અન્યને અમુક વિષયમાં હંમેશાને માટે અધીન બનીને ચાલે એ પણ એટલું જ અશકય છે

આ ચર્ચાનો સાર એ નીકળે છે કે કોંગ્રેસ અને ગ્રામસંગઠન વચ્ચે જે પ્રકારની સમતુલા ઉભી કરવાની મુનિ સન્તબાલજી અપેક્ષા રાખે છે તે કલ્પનામાં ગમે તેટલી આકર્ષક હોય, પણ આજની વાસ્તવિક દુનિયામાં અને વ્યવહારૂ કાર્યપ્રદેશમાં તેવી સમતુલા ઉભી કરવાનું શકય જ નથી.

આમ છતાં કોંગ્રેસ અને ગ્રામસંગઠન વિષે પરસ્પર સંબંધ ઉભો કરવાનો એક માર્ગ જરૂર છે, અને તે એ કે કોંગ્રેસની સમગ્ર નીતિને સ્વીકારતાં ગ્રામસંગઠનો કોંગ્રેસના આશ્રય નીચે ઉભાં કરવામાં આવે અને આવાં ગ્રામસંગઠનો કોંગ્રેસે ફરમાવેલી નીતિ અનુસાર આર્થિક તેમ જ સામાજિક ક્ષેત્રમાં કામ કરતાં થઈ જાય. આમ બને તો ગ્રામસંગઠનો પૂરેપૂરા સક્રિય બની શકે અને એમ છતાં જેને મુનિ સન્તબાલજી માતૃસંસ્થા તરીકે વર્ણવે છે એવી કોંગ્રેસ સાથે આવાં ગ્રામસંગઠનોને સંઘર્ષમાં આવવાની કશી સંભવિતતા ન રહે. અને આમ કરવાથી કોંગ્રેસની કાર્યશક્તિ પણ અનેકગણી વધે. કોંગ્રેસના અનુસંધાનમાં ગ્રામસંગઠનોનો મુનિ સન્તબાલજી આ રીતે વિચાર કરતા થાય એવી તેમને પ્રાર્થના છે.

ભારતીય આરોગ્ય નિધિએ કરેલું ક્ષયરોગ નિવારણ અંગે 'મોબાઈલ હોસ્પીટલ'નું આયોજન

ભારતીય આરોગ્ય નિધિ નામની સંસ્થા જેના પ્રમુખ મુંબઈના જાણીતા હીરાના વ્યાપારી શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ છે અને જે સંસ્થા પાટણ મહેસાણા પાલણપુર બાજુ આમ જનતાની આરોગ્ય રક્ષા તથા અનારોગ્ય નિવારણને લગતી કેટલીએક પ્રવૃત્તિઓ તથા મોબાઈલ હોસ્પીટલો (જંગમ દવાખાનાં) ચલાવે છે તે સંસ્થા તરફથી મુંબઈ શહેર તળમાં અને તેના પરાંઓમાં વસતા ગરીબ લોકોને ઘેર બેઠાં ક્ષયરોગને લાગતાં ઉપચાર સાધનો પહોંચાડવાના હેતુથી તૈયાર કરવામાં આવેલી મોબાઈલ હોસ્પીટલ (ફરતા દવાખાનાની મોટર વાન) ની તા. ૧૦-૩-૫૭ રવિવારના રોજ મુંબઇ ખાતે રંગ ભવનમાં મુંબઇના મ્યુનીસીપલ કોરપોરેશનના કમીશનર શ્રી પી. આર. નાયકના હાથે ઉદ્ઘાટન ક્રિયા કરવામાં આવી હતી. આ મોબાઈલ હોસ્પીટલ માટે સ્વ. ડૉ. સર મંગળદાસ વી. મહેતાના સ્મરણમાં તેમના પુત્ર શ્રી જગમોહનદાસ એમ. મહેતા તરફથી રૂા. ૨૫૦૦૦ ની રકમ ભારતીય આરોગ્ય નિધિને ભેટ આપવામાં આવી હતી અને તેના ચાલુ નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે ચાર વર્ષ સુધી દર વર્ષે રૂા. ૪૦૦૦ ની રકમ આપવાનું વચન આપવામાં આવ્યું હતું. આ સંબંધમાં પ્રસંગોચિત નિવેદન કરતાં શ્રી હીરાલાલ ભોગીલાલ શાહે જણાવ્યું હતું કે "ક્ષયરોગ આપણા આરોગ્યને લગતો એક અત્યન્ત વિકટ અને વ્યાપક પ્રશ્ન છે. જરા કલ્પના કરો ! બૃહત મુંબઈની જેટલી વસ્તી છે તેટલી જનસંખ્યા આજે આપણા દેશમાં પ્રગટ ક્ષયરોગના પંજામાં સપડાયેલ છે. ચાલુ પધ્ધતિ પ્રમાણે તેનો સામનો કરવો હોય તો ૫૦૦૦ કલીનીકસ (હોસ્પીટલો) અને છ થી સાત લાખ બીછાનાઓની સગવડ જોઇએ. આ માટે છ થી સાત અબજ રૂપિયા જોઇએ, જે આપણા દેશની તાકાતની બહારનો વિષય છે. પણ સદ્‌ભાગ્યે વૈદ્યકીય વિજ્ઞાન આજ કાલ ખૂબ આગળ વધી રહ્યું છે. તેણે ક્ષયરોગ વિરોધી એવા આશ્ચર્યજનક ઔષધો શોધ્યાં છે કે જો તેનો બરોબર અને પુરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો ક્ષયરોગના દર્દીઓ માટે હોસ્પીટલની જરૂરિયાત બહુ મોટા પ્રમાણમાં હળવી બનાવી શકે. અમે આ દિશાએ કાર્ય કરવા માંગીએ છીએ. અને અમને લાગે છે કે આપણી જેવા મોટા શહેરમાં તેનો બહુ અસરકારક રીતે અમલ થઈ શકે તેમ છે. આપણા મુંબઈ શહેરનો મજુર વર્ગ અને નીચેના થરનો મધ્યમ વર્ગ-બન્ને માણસને ન શોભે એવાં વસતીસ્થાનોમાં વસવાટ કરી રહેલો છે. એમાંથી આપણને ચોંકાવે એવી મોટી સંખ્યાના માનવીઓ ક્ષયરોગનો ભોગ બનેલા છે. તેઓ અજાણપણે પોતાના દર્દનો શહેરમાં તો ફેલાવો કરે છે, એટલું જ નહિ પણ, તેઓ જ્યારે એક યા બીજા કારણે પોતાનાં ગામડાંઓમાં જાય છે અને ત્યાંથી પાછા ફરે છે ત્યારે તે ગામડાંઓમાં પણ તેઓ પોતાનો ચેપ મૂકતા આવે છે. થોડા સમય પહેલાં દીલ્હી ખાતે ક્ષયરોગ સંબંધમાં આન્તર રાષ્ટ્રીય પરિષદ મળી હતી ત્યારે, તે એક મતે એવા નિર્ણય ઉપર આવી હતી કે ક્ષય રોગના જોખમનો સામનો કરવાનો એક માત્ર અસરકારક ઇલાજ એ છે કે તેને લગતા ઉપચારો-દવાઓ તથા ઇન્જેકશનો-મોટા પ્રમાણમાં ઘેર ઘેર પહોંચતાં કરવાં. અમારા મોબાઈલ હોસ્પીટલના આજે કરવામાં આવનાર ઉદ્‌ઘાટન પાછળ આ હેતુ રહેલો છે અને અમારી 'પાઈલટ પ્રોજેકટ' (પ્રારંભિક યોજના) જેનાં આજે આપણે મંડાણ કરી રહ્યા છીએ તેણે ઉપર જણાવેલ ફોન્સ્ટન્સની બધી ભલામણોને ધ્યાનમાં લીધી છે. અમારા આરોગ્ય નિધિ તરફથી બોમ્બે સ્ટેટ એન્ટી-ટયુબરકયુલોસીસના કલીનીકમાં 'એકસ રે' ને લગતી બધી સગવડો મળે તેવી ગોઠવણ કરવામાં આવી છે. જરૂરિયાતવાળા દર્દીઓને જરૂરી ઔષધો અને ઇન્જેકશનો મફત આપી શકાય તે માટે અમારૂં આરોગ્ય નિધિ તનતોડ મહેનત કરી રહ્યું છે. 'કેર' નામની અમેરિકન સોસાયટીની મદદ વડે પ્રાણપોષક ખાદ્ય પદાર્થો મોટા પ્રમાણમાં તે મેળવી રહેલ છે. નર્સીંગ અને પછીની સારસંભાળ અંગે મુંબઈ ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા ઇન્સ્ટીટયુટ ઓફ સોશીયલ સર્વીસ તરફથી અમારા નિધિને કેળવાયેલી અને પુરી તાલીમ પામેલી ત્રણ યુરોપીયન નર્સો મળી છે, જે મોબાઈલ હોસ્પીટલના અનુસંધાનમાં જરૂરી સેવા આપનાર છે.

"અમારૂં આરોગ્ય નિધિ પોતાના મોબાઈલ હોસ્પીટલ મારફત બૃહદ્ મુંબઈના ગરીબ લોકોના રહેઠાણોમાં ક્ષયરોગના ઉપચાર સાધનો પહોંચતાં કરવાનું કાર્ય તરતમાં હાથ ધરવાનો ઇરાદો રાખે છે. તેની પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે સામાન્ય ગોઠવણ તો કરવામાં આવી છે, પણ જરૂરિયાતના પ્રમાણમાં તે બહુ થોડી છે. આમ હોવાથી તેના તરફથી 'Save a Home'-'સેવ એ હોમ'-(એક કુટુંબને બચાવો)-એ નામની એક યોજના વિચારવામાં આવી છે. આ યોજના મુજબ સો સો રૂપીઆની કીંમતના ટી. બી. ગીફ્ટ સર્ટીફિકેટ કાઢવામાં અને વેચવામાં આવનાર છે.

"ક્ષય રોગ સામેની આ જેહાદમાં કેવળ માનવતાના આ કાર્યમાં સક્રિય સાથ આપીને જોડાવા જનકલ્યાણની ભાવના સેવતા મુંબઈના શહેરીઓને અમે આમંત્રણ આપીએ છીએ. એક બાજુએ ક્ષયરોગના ભોગ બનેલા ગરીબ અને કમનસીબ માનવીઓ અને તેમનાં કુટુંબો અને બીજી બાજુએ વધારે ખુશનસીબ અને દયાળુ દિલના તેમના જ સુસ્થિત બંધુઓ—એ વચ્ચે સીધો અંગત સંપર્ક સ્થાપવો એ આ યોજના પાછળ રહેલો હેતુ છે. દરેક સર્ટીફિકેટની રકમ એક ક્ષય રોગીનો ઉપચાર, મફત એકસ રે, શારીરિક તપાસ અને તેના કુટુંબને અપાનાર પોષણ પદાર્થ માટે નિર્દિષ્ટ કરવામાં આવશે. ગીફ્ટ સર્ટીફિકેટનો દાતા અને તેનો લાભ લેનાર દર્દી—બન્નેને એકમેકનાં નામ જણાવવામાં આવશે,—સિવાય કે બન્ને પક્ષોને આમ કરવું નાપસંદ હોય. આથી દર્દીની તબિયતમાં થતી સુધારણાના ખબરથી દાતાને આનંદ અને સંતોષ થશે, અને દર્દીના જીવનમાં નવી આશાનાં કિરણો ફૂટવા માંડશે અને મારું દુનિયામાં કોઇ નથી એવી નિરાશામાંથી તે મુક્ત થશે. અલબત્ત અમારું આરોગ્ય નિધિ દરેક દર્દીની સારવાર પાછળ જે કાંઈ કરશે તેની આર્થિક કીંમત પ્રસ્તુત સર્ટીફિકેટ દ્વારા મળતી રકમ કરતાં ઘણી વધારે હોવાની જ છે. એમ છતાં પણ, આવી મદદો ન મળે તો આ કમનસીબ દર્દીઓની સારવાર પાછળ આવતી ખોટને પહોંચી વળવાનું ઘણું જ મુશ્કેલ બને. આ હકીકત ધ્યાનમાં રાખીને અમારા આ દાતાઓ પ્રત્યે અમારું આરોગ્ય નિધિ હંમેશનું ઋણી રહેશે.

"અમારી આ પાઈલટ પ્રોજેક્ટની સફળતા વિષે અમને કોઈ સંદેહ નથી. પણ આટલું પૂરતું નથી. આવી અનેક મોબાઈલ હોસ્પીટલોની અમને જરૂર છે જ, અને તે સાથે મોટી જરૂર તો સામુદાયિક મીનીએચર ફોટોગ્રાફી માટે ઓછામાં ઓછા એક મોબાઇલ એકસ–રે યુનીટની છે. આવું એકસ–રે યુનીટ દર મહીને હજારો લોકોની તેમના ઘર આંગણે સેવા કરે એ અત્યન્ત આવશ્યક છે. આમ કરીએ તો જ ક્ષય રોગની વેળાસર ખબર પડવાનું અને તો જ આ ભયંકર દર્દને અસરકારક રીતે અંકુશમાં લાવવાનું શકય બને."

આ પ્રમાણે શ્રી હીરાલાલ શાહે ક્ષયરોગના અંગે શરૂ કરવામાં આવનાર મોબાઈલ હોસ્પીટલની યોજના અને તેના વિસ્તીર્ણ કાર્યક્ષેત્રની સમજુતી આપી હતી. આ નવા સાહસ માટે ભારતીય આરોગ્ય નિધિ અને તેના પ્રમુખ સંચાલક શ્રી હીરાલાલ ભોગીલાલ શાહને અને આ પ્રકારની પ્રથમ મોબાઇલ હોસ્પીટલની ભેટ આપવા માટે શ્રી જગમોહનદાસ મંગળદાસ મહેતાને અનેક ધન્યવાદ ઘટે છે. અને સાથે સાથે ઉપર જણાવેલી 'સેવ એ હોમ ટી. બી. ગીફ્ટ સર્ટીફિકેટસ' ની યોજનાને પોતપોતાની શક્તિ અનુસાર અપનાવીને પૂરી પગભર બનાવવી એટલું એક સામાજિક ધર્મ આપણ સર્વને તરીકે પ્રાપ્ત થાય છે.

પંડિતજીની વિરલ વિદ્યોપાસના

વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના આશ્રય નીચે 'મહારાજ સયાજીરાવ ઓનરેરિયમ લેકચર્સ' એ નામે ચાલતી વ્યાખ્યાન માળામાં પંડિત સુખલાલજીએ વડોદરા ખાતે 'ભારતીય તત્ત્વવિદ્યા' એ વિષય ઉપર ફેબ્રુઆરી માસની તા. ૨૧, ૨૨, ૨૩ ના રોજ ત્રણ વ્યાખ્યાનો આપેલા તે સાંભળવાની જેમને તક મળેલી એ ભાઈ પ્રતાપરાય ટોલિયા તરફથી એ વ્યાખ્યાનો સંબંધે એક પત્ર મળ્યો છે એ નીચે આપું તે પહેલાં જેમના વિષે પ્રસ્તુત પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ શ્રી ભોગીલાલ સાંડેસરા વિષે જણાવવાનું કે તેઓ વડોદરા યુનીવર્સિટીના એક અધ્યાપક છે અને આપણી અને અમેરિકા વચ્ચે જે અધ્યાપક વિનિમયની પ્રથા ચાલી રહી છે તે પ્રથાના અનુસંધાનમાં તેઓ અધ્યાપનકાર્ય અંગે હાલ અમેરિકા છે.

બીજું પ્રસ્તુત વ્યાખ્યાનો સંબંધમાં જણાવવાનું કે પંડિતજીને મૂળ પાંચ વ્યાખ્યાનો આપવાના હતા, પણ પૂરતા સમયના અભાવે પોતાના વિષયની ચર્ચા પંડિતજીને ત્રણ વ્યાખ્યાનમાં સમાવિષ્ટ કરવી પડી હતી. હવે પંડિતજીની વિરલ વિદ્યોપાસનાનો ખ્યાલ આપતો પેલો પત્ર આપણે વાંચીએઃ—

"ત્રણેય દિવસનાં વ્યાખ્યાનો ગૂઢ છતાં અભિવ્યક્તિ અને શૈલી સુન્દર હોવાના કારણે બધા પ્રકારના શ્રોતાઓ માટે ખૂબ પ્રેરક બન્યા. તેમણે લખાવીને તૈયાર કરાવેલા બધા જ મુદ્દાઓ તેમાં આવ્યા, પણ તે એટલા બધા સરળ રીતે રજૂ થયા કે સૌને જાણે કે તેમના વિચારો વધુ ને વધુ સાંભળીએ એમ લાગ્યું.

"મને તો ખૂબ સભરપણું તેમના સત્સંગથી અનુભવાય છે. દૂર દૂરથી તેમના સંપર્કની ભાવના હતી તે જાણે સાકાર થાય છે. તેમની આવી વિદ્યોપાસના પાછળની એકાગ્ર દૃષ્ટિ જ મને તો ખૂબ પ્રેરણા આપે છે. તેમનાં એ વ્યાખ્યાનો અંગે છેલ્લા થોડા દિવસોથી તેમની પાસે કંઇક ને કંઇક વાંચવા લખવાનું આવ્યા કરતું હતું, અને તે વ્યાખ્યાનો જ્યારે તેમના મોઢે સાંભળ્યા ત્યારે તે બધા મુદ્દાઓ ક્રમસર જે રીતે રજૂ થયા તે જોઇને તેમની અભ્યાસ પદ્ધતિનો મને ખરો ખ્યાલ આવ્યો. આનું રહસ્ય તેમણે વડોદરાથી શ્રી. ભોગીલાલ સાંડેસરા જેઓ હાલ અમેરિકા છે તેમની ઉપર લખાવેલ એક પત્રમાંથી મળ્યું. અને તેથી તે પત્રમાંના થોડા મુદ્દા તમને જણાવવાનો લોભ હું રોકી શકાતો નથી. તે પત્રનો આગત્યનો ભાગ નીચે મુજબ છે:—

"...વડોદરાના ભાષણોનો સ્વીકાર કર્યો ત્યારથી જ મેં એ દિશામાં મારું મન પૂર્ણપણે વાળ્યું હતું. અનેક કલ્પનાઓ કરતો કે એની યોજના કેવી રીતે રાખવી અને કયા કયા મુદ્દાઓ ક્રમે ક્રમે ચર્ચવા. વસ્તુ તો મનમાં સંસ્કારરૂપે ઘણી હતી. પુસ્તકો સાંભળું અને વિચારું ત્યારે વળી નવું જગત્ અસ્તિત્વમાં આવે. સંસ્કૃત, પ્રાકૃત, પાલી—આદિના પરિચિત—અપરિચિત, અભ્યસ્ત—અનભ્યસ્ત ગ્રંથો સાંભળું ત્યારે એક યોજના સૂઝે, તો અંગ્રેજી પુસ્તકો સાંભળું ત્યારે બીજી યોજના સૂઝે. અલબત્ત એમાંથી કોઇ પણ યોજના યોગ્ય રીતે સાકાર થવા પામે તો તેમાં પ્રાણ આવવાનો સંભવ હતો જ. અંતે ગત ઓકટોબર માસમાં કાશી ગયો—એ ઉદ્દેશથી કે ત્યાં વિદ્યાનું વાતાવરણ તો હોય જ છે, અને જીવતા કોષ જેવા અધ્યાપક દલસુખભાઇની મદદનો લાભ મળે, અને તે ઉપરાંત જે વિષયની ચર્ચા કરવી હોય તેને લગતા નિષ્ણાત વિદ્વાન મિત્રોનો પણ સહેજે સહયોગ પ્રાપ્ત થાય. ત્યાં હું ગયો ત્યારે મનમાં અમુક યોજના હતી, પણ દલસુખભાઇ સાથે ચર્ચા થતાં તેમણે તેમાં કેટલાક સુધારાઓ સૂચવ્યા. મને તે ઠીક લાગ્યા અને તેની છાયા નીચે મનમાં નક્કી કરેલી પૂર્વ યોજનાનો અનુબંધ છોડીને મેં નવી રીતે પ્રસ્થાન શરૂ કર્યું. વસ્તુઓ તો ઘણી ખરી એની એ જ હોય, પણ પ્રશ્ન હતો સંકલના કેમ કરવું અને કયા કયા મુદ્દા ઉપર વધારે ઓછો ભાર આપવો તેને લગતો. અન્તે જે કાંઇ છેવટનો આકાર નક્કી થયો તે લખાવી નાંખ્યો અને અમદાવાદ આવીને તેને છેલ્લું રૂપ આપ્યું. આ રીતે લેખિત પાંચે ભાષણો ટિપ્પણો સહિત ગઇ કાલે સોંપી પણ દીધાં. પણ આ પહેલાં શ્રીયુત રસિકભાઇને આ પાંચે વ્યાખ્યાનો સાદ્યન્ત સંભળાવ્યા અને તેમની મંજુરી મળી ત્યાર પછી જ ટાઇપ કરાવ્યા.

"આ સંબંધમાં બીજું એ જણાવવાનું છે કે તમારો આગ્રહ હતો તે પ્રમાણે આ વ્યાખ્યાનો મેં ગુજરાતી ભાષામાં જ તૈયાર કર્યા છે. મને તમારા આગ્રહમાં ઔચિત્ય લાગ્યું હતું. આથી ગુજરાતી ભાષાની શક્તિનો ખ્યાલ આવશે અને એમાં એક નમ્ર ફાળો પણ આપ્યાનો મને સંતોષ થશે. એ તો હું સ્વીકારું જ છું કે માતૃભાષા સિવાય હૃદયની વસ્તુ કોઇ પ્રકાશિત ન કરી શકે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે જ."

"મારા આ કાર્યમાં બહેન ઇન્દુકળાએ પણ ઘણી મદદ કરી છે. એ ઉપરાંત બીજા અનેક સહકારીઓએ સાથ આપ્યો છે. એ બધું વર્ણન છે તો રોચક, પણ અહીં એને જતું કરવું જોઇએ. આટલું પણ તમારી ઉપર એવી ભાવના અને ઇચ્છાથી પ્રેરિત બનીને લખાવી રહ્યો છું કે તમે વ્યક્તિગત રીતે મારામાં જે રસ લીધો અને મને જે ખેંચવા પ્રયત્ન કર્યો તેને વફાદાર રહેવા મેં સ્વેચ્છાથી

ઉત્સાહપૂર્વક કાંઇક કર્યું છે એ દૂર રહેલ તમે જાણો અને એ રીતે વ્યાખ્યાનો અપાયા તે પ્રસંગે ગેરહાજર રહ્યાનો તમારો અફસોસ પ્રસન્નતામાં ફેરવાઈ જાય."

(ઉપરના પત્રમાં જેમનો ઉલ્લેખ છે તેમાંના શ્રી દલસુખભાઈ માલવણિયા હિંદુ યુનીવર્સીટીમાં જૈન દર્શનનાં અધ્યાપક છે, શ્રી રસિકલાલ પરીખ ભોળાભાઈ જેસીંગલાલ વિદ્યાભવનના ડીરેકટર છે અને બહેન ઇન્દુકળા ઝવેરી એમ્. એ.: પી. એચ્. ડી. રામાનંદ કોલેજમાં અધ્યાપિકા છે.)

પંદર વર્ષના કેદીની વિતક કથા

સૌરાષ્ટ્રમાં શાહપુર ખાતે આવેલા સર્વોદય આશ્રમના એક મુખ્ય સંચાલક શ્રી અકબરભાઈ નાગોરીએ સર્વોદય આશ્રમમાં સહકુટુંબ રહેતા અને વણાટ કામ કરતા શ્રી હુસેનભાઈની રોમાંચક જીવન કથા શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી ઉપર લખી મોકલેલી, જે તા. ૧-૩-૫૭ ની ખાદી ઔર ગ્રામોદ્યોગ પત્રિકામાં પ્રગટ થઇ છે. એ કથા અહિં નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે:—

"લગભગ અઢી વર્ષ પહેલાં ગામના એક આગેવાન ભાઇ આશ્રમમાં મળવા આવ્યા. શાહપૂર નજીક મહોબતપુર નામનું એક ગામડું છે. ત્યાંના વતની સીધી હુસેનભાઇને આશ્રમના કોઈ પણ કામમાં રોકી લેવા તેમણે ભલામણ કરી. હુસેનભાઈનો પૂર્વ ઇતિહાસ પણ મારી આગળ નિખાલસતાથી તેમણે મૂકયો.

"પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે હુસેનભાઈ રાજ્યની નોકરીમાં હતા. તેમની નીચેના હવાલદાર સાથે કોઇ પણ કમનસીબ પળે તકરાર થતાં અતિ ક્રોધને વશ થઇને તેમણે બંદુકથી તેને વીંધી નાંખ્યો. તેમની સામે કેસ ચાલ્યો, અને ૨૭ વર્ષની જેલ મળી. જીંદગી આખી જેલમાં જ હવે ગાળવાની છે એવા ભાનથી તેમણે પોતાનું જીવન સતત ઉદ્યમમાં અને પશ્ચાત્તાપ ના ગાળવાનું શરૂ કર્યું. રાતના દોઢ–બે વાગ્યા સુધી હાથમાં તસ્બી લઇ તેઓ આરાધના કરતા.

"આ સમય દરમિયાન તેમણે વણાટ કામ–ખાસ કરીને ગાલીચા, શેતરંજીઓ વગેરે–પર સારો કાબુ મેળવ્યો. તેમના વર્તનથી જેલના અધિકારીઓ ખૂબ જ પ્રસન્ન રહેતા. આના પરિણામે જુદાં જુદાં કારણો એકઠાં કરીને તેમને જેલની મુદતમાં બાર વર્ષની માફી આપવામાં આવી.

"જેલમાં હતા તે દરમિયાન હુસેનભાઇએ પોતાની પત્ની ફાતમા બહેનને કહેવરાવી દીધેલ કે પોતે તો જીંદગી આખી જેલમાં જ ગાળવાના હોઇને ફાતમાએ બીજે સંબંધ બાંધી લેવો અને નાહક દુઃખી ન થવું. આમ છતાં ફાતમાબાઇએ બીજાં લગ્ન ન જ કર્યાં અને હુસેનભાઈ છુટીને આવે તેની રાહ જોવાનું પસંદ કર્યું.

"જેલમાં હતા તે દરમિયાન કુટુંબની લાચાર પરિસ્થિતિનો લાભ લઇને ૧૯૪૭ ની ક્રાન્તિ સમયે ગામનાં નબળાં તત્વોએ તેમનાં ઘરબાર મિલ્કત વગેરે લૂંટી લીધાં.

"જેલમાંથી છૂટીને આવ્યા પછી પોતાની ખેતી સભાળવાનો તેમણે પ્રયાસ કર્યો, પરંતુ ગામલોકોનું એમના તરફનું તોછડું વળણ તેમનાથી સહન ન થઈ શકે તેવું હતું. આ સમય દરમિયાન હજામત કરાવવા માટે પણ પાંચથી છ માઇલ દૂરના ગામમાં તેમને જવું પડતું. આખોય વખતે બીજા ગુન્હામાં સંડોવી દેવાની ધમકીઓથી તેઓ ત્રાસી ગયેલા. આ સમયે ખૂબ જ કંટાળી થઈ આશ્રય મળે તો આશ્રમમાં પોતાના કુટુંબની સાથે વસવાટ કરવાની તેમણે માગણી કરી.

"અમારા માટે આ નવો જ અખતરો હતો. મનમાં કાંઇક શંકાઓ પણ હતી. આમ છતાં સાથીઓએ હીંમત કરી અને હુસેનભાઇને આશ્રમમાં વસાવ્યા. શેતરંજી વણાટનાં સાધનો તેમને આપ્યાં. છેલ્લાં અઢી વર્ષથી તેમનાં પત્ની તથા પુત્ર સાથે તેઓ સંતોષ અને શાન્તિથી જીવન ગાળે છે. બીજે કયાંય જવાની તેમને ઇચ્છા થતી નથી. આમ તો ઓછું બોલે છે, પણ કયારેક તેમના ભૂતકાળની વાત અત્યન્ત પશ્ચાત્તાપ અને દુઃખ સાથે કરતા હોય છે. જે હવાલદારનું તેમણે ખૂન કર્યું હતું તેની દીકરીને હજી સુધી પોતાની દીકરી ગણી ઇદ વગેરે તહેવારો પ્રસંગે મદદ મોકલે છે. વહેલી સવારે ચાર વાગ્યે ઉઠી તેઓ નિયમિત પ્રાર્થના કરે છે અને આખો દિવસ શેતરંજી વણવામાં ગાળે છે. લગભગ ૫૫ વર્ષની અત્યારે ઉંમર છે, પણ હજુ ખૂબ જ ઉદ્યમી અને તન્દુરસ્ત છે. આટલા સમયમાં તેમને ઉશ્કેરાયલા કે આવેશમાં અમે કોઇએ જોયા નથી."

આ નાની સરખી જીવનકથામાંથી આપણને ઘણા બોધપાઠ મળે છે. કહેવાતો ખુની ઘણી વખત દિલનો ખુની હોતો નથી. આવેશવશ બનીને તે અમુક કાર્ય કરી બેસે છે અને આવેશ ઉતરી જતાં તે આપણી જેવો જ એક સામાન્ય આદમી માલુમ પડે છે અને તેથી તેના એક અમુક હીનકૃત્યના કારણે તે હંમેશાને માટે એક અધમ આદમી હોય એવા પૂર્વગ્રહ પૂર્વક તેની સાથે અઘટિત સામાજિક વર્તાવ કરવામાં તેને આપણે મોટો અન્યાય કરતા હોઇએ છીએ. જેનું પોતે ખૂન કર્યું તેની દીકરીને હુસેનભાઈ પોતાની દીકરી સમાન લેખે અને ઇદ વગેરે તહેવાર પ્રસંગે મદદ મોકલે તે હુસેનભાઇના દિલની ઉદાત્તતા તો દર્શાવે છે જ એટલું જ નથી, પણ તેમાંથી એક માનવસત્ય તરી આવતું માલુમ પડે છે અને તે એ કે ઉપરના મલીન આવરણ નીચે માનવી માત્રમાં એક ઉંડી માનવતા રહેલી છે, અને તેથી ગમે તેવા પાપી પ્રત્યે પણ આપણે તિરસ્કારની નજરથી ન જોઇએ, પણ કરૂણાપૂર્વક તેમાં રહેલા ઉમદા અન્તસ્તત્વને શોધવાનો–સ્પર્શવાનો–પ્રયત્ન કરીએ અને તેણે ગુમાવેલો એક માનવી તરીકેનો દરજ્જો પાછો મેળવી આપવામાં નિમિત્તભૂત થઈએ. હુસેનભાઈના દૃષ્ટાન્તમાંથી આવી સમદૃષ્ટિ આપણને પ્રાપ્ત થવી ઘટે છે.

શિશિર ચાલી, વસન્ત આવી

ઋતુચક્ર અનાદિકાળથી એક સરખું ચાલ્યા કરે છે. ચોમાસામાંથી શિયાળો અને શિયાળામાંથી ઉનાળો એ ક્રમ અતૂટપણે ગતિમાન છે. આમ છતાં હમણાં હમણાં ઋતુકાળ પહેલાં કરતાં કાંઇક લંબાતો હોય એવું લાગે છે. ગયું ચોમાસું લગભગ દીવાળી સુધી ચાલ્યું હતું. શિયાળો પણ વસન્ત ઋતુને વીંધીને ટકી રહ્યો છે. આમ છતાં ઠંડીની માત્રા હવે ઘટી છે; બપોરના ભાગમાં ગરમી જેવું લાગે છે. રાત્રી બન્ને બાજુથી ટુંકાતી જોવામાં આવે છે. શિશિર વિદાય લઈ રહી છે. હવામાન સમશિતોષ્ણ બનતું જાય છે. પહેલાં વહેતી હવા ગાત્રોમાં પ્રકંપ પેદા કરતી હતી; હવે વહેતી હવાનો સ્પર્શ ગાત્રોને મધુર લાગે છે. દિવસે કાંઇક ગરમી તો રાત્રે મધુર શીતળતા અનુભવાય છે. ઉગતા આથમતા સૂર્યની લાલી અંશતઃ ઘટતી જાય છે. પક્ષીઓના રૂંધાયલા કંઠો હવે ખુલવા લાગ્યા છે. પક્ષીઓના નવા નવા અવાજો અને તરેહ તરેહના ટહુકાઓ સંભળાય છે. પ્રાતઃકાળને કોયલનો શરૂ થયેલો ટહુકો હૃદયંગમ બનાવી રહ્યો છે. પક્ષીઓનો કલરવ હવે ઠીક પ્રમાણમાં કર્ણગોચર થઇ રહ્યો છે. વસન્તનું આગમન ચોતરફ દૃષ્ટિગોચર બની રહ્યું છે. જુનાં ઘેરાં લીલાં પાંદડાં ઝાડ ઉપરથી ઢગલા બંધ પડવા–ખરવા લાગ્યા છે અને ચોતરફ નવી કુંપળો ફૂટવા લાગી છે. અને કેટલાંક વૃક્ષો તો તરેહ તરેહનાં પુષ્પોથી ઢંકાઇ ગયા છે. બગીચાઓ રંગબેરંગી પુષ્પો વડે ખીલી ઉઠયા છે.

આંબાના નવા મહોર દિલમાં કેરીની ઝંખના પેદા કરે છે. સર્વત્ર આનંદ, સ્વસ્થતા, પ્રસન્નતા પ્રસરી રહેલી દેખાય છે. ફરતી જતી ઋતુના અવનવા પ્રસાદને, નવલ સૌન્દર્યને આપણે જાણીએ, માણીએ, અને નવા પ્રાણસંચાર વડે જીવનને સભર બનાવીએ?

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
જૈન ધર્મ	દલસુખ માલવણિયા	૨૨૭
જાણીતા ઉદ્યોગપતિ સાહુ શાન્તિપ્રસાદ જૈનનો સંઘે કરેલો સત્કાર		૨૨૮
પ્રકીર્ણ નોંધ:-	પરમાનંદ	૨૩૦
સંસ્કારમૂર્તિ બાળાસાહેબ ખેરનું પરલોક પ્રયાણ, કોંગ્રેસ અને ગ્રામસંગઠન, ભારતીય આરોગ્ય નિધિએ કરેલું ક્ષયરોગ નિવારણ અંગે 'મોબાઇલ હોસ્પીટલ'નું આયોજન, પંડિતજીની વિરલ વિદ્યોપાસના, પંદર વર્ષના કેદીની વિતક કથા, શિશિર ચાલી, વસન્ત આવી.		
ગુજરાતના પ્રસિદ્ધ લેખક મધુભાઈ શુકલનું અવસાન		૨૩૪
એક બહેનના ચર્ચાપત્રની સમીક્ષા.	પરમાનંદ	૨૩૫

ગુજરાતના પ્રસિદ્ધ લેખક બચુભાઈ શુકલનું અવસાન

ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રી શ્રી. બચુભાઇ શુકલનું લગભગ પચાસ વર્ષની ઉમ્મરે હૃદયરોગના હુમલાથી તા. ૧૨ મીએ દિલ્હી ખાતે અકાળ અવસાન થયાના સમાચાર આપતાં ખેદ થાય છે. શ્રી. બચુભાઈ શુકલના અવસાનના સમાચાર અચાનક જ આવ્યા, અને તેથી મુંબઇ અને ગુજરાતમાં ઊંડા શોકની લાગણી ફરી વળી છે.

શ્રી. બચુભાઇએ શાંતિનિકેતનમાં લાંબો વખત ગાળ્યો હતો અને કવિવર ટાગોર સાથે તેઓ અંગત પરિચય ધરાવતા હતા. કવિવર જીવ્યા ત્યાં સુધી શ્રી. બચુભાઈ અને ટાગોર વચ્ચે પત્રવ્યવહાર ચાલુ રહ્યો હતો. બંગાળી ભાષા પર તેઓ ઘણું સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. શાંતિનિકેતનમાંથી પ્રાપ્ત કરેલી તાલીમનો તેમણે શિક્ષણના ક્ષેત્રમાં વિનિયોગ કર્યો હતો. "ધ્રૂપીલ્સ ઓન સ્કૂલ" દ્વારા શિક્ષણ વિશેની પોતાની ભાવના અને વિચારસરણી તેમણે પ્રચલિત કરી હતી. આ શાળાના તેઓ થોડો વખત આચાર્ય તરીકે રહ્યા હતા.

ટાગોરના ગ્રન્થોનું ભાષાન્તર

કવિવર રવીન્દ્રનાથના કવિતા સિવાયનાં ઘણાખરા ગ્રન્થોનું તેમણે ભાષાન્તર કરીને ગુજરાતી સાહિત્યમાં શ્રી ટાગોરનું જીવનદર્શન તેઓ લાવ્યા હતા. ગુજરાત પર ટાગોરનો જે પ્રભાવ છે તેમાં આ ભાષાંતરોનો ગણનાપાત્ર ફાળો છે. શાંતિનિકેતન ઉપરાંત તેઓ જર્મનીમાં જઇને ભાષાશાસ્ત્રનો અભ્યાસ કરી આવ્યા હતા. આમ શ્રી બચુભાઈ શુકલ સ્વપ્નશીલ વિદ્યાવ્યાસંગી અને શિક્ષણશાસ્ત્રી હતા.

એમનાં સર્જનો

એમણે કેટલીક લોકપ્રિય અને હેતુલક્ષી નવલકથાઓ તથા કેટલાક નાટકો પણ લખ્યાં છે. 'અધૂરું જીવન', 'અધૂરું સ્વપ્ન', 'અધૂરી વાત' અને 'અધૂરો આદર્શ' એ બધી નવલકથાઓએ ગુજરાતમાં ઘણો રસ જગાડ્યો હતો. અને, આમ તેઓ જીવન પણ અધૂરું જ છોડી ગયા. "રૂપા" "મડુકકુંડ" અને "હરિરથ ચાલે" નામક તેમનાં નાટકો પણ વિશિષ્ટ પ્રકારનાં છે. "હરિરથ ચાલે" નાટકને તો ગુજરાતી નાટ્ય મંડળ તથા સરકાર તરફથી યોજાયેલી નાટ્ય સ્પર્ધામાં બન્ને તરફથી પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયાં હતાં. તેઓ અવારનવાર કવિતા પણ લખતા હતા.

ખેલોની શરૂઆત

ગુજરાતી 'ખેલે' સ્વરૂપને મંચ પર રજુ કરવાની શરૂઆત શ્રી બચુભાઇએ કરી હતી. અનેક પ્રકારના નુતન પ્રયોગો અને નુતન ક્ષેત્રમાં સાધના કરવાનો તેમનો સ્વભાવ હતો એટલે તેઓ દરેક વસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરતા અને હિંમતપૂર્વક નવપ્રયોગો રજૂ કરતા. કોઇ બંધિયાર કે રૂઢિચુસ્ત માર્ગ તેમને પસંદ ન હતો.

સંસ્કૃત, મરાઠી, બંગાળી, હિન્દી, અંગ્રેજી અને જર્મની—આટલી ભાષાઓ તેઓ જાણતા હતા, ફિલ્મક્ષેત્રમાં પણ તેઓ જોડાયા હતા. તેમણે કેટલીક ફિલ્મકથાઓ લખી હતી, અને દિગ્દર્શન પણ સંભાળ્યું હતું. છેલ્લે છેલ્લે તેઓ ઓલ ઇન્ડિયા રેડિયોનાં ગીતો અને નાટકોના વિભાગના સંચાલક તરીકે નીમાયા હતા અને ગઈ કાલે રેડિયો પર કર્તવ્ય બજાવતાં બજાવતાં જ હૃદયરોગના પહેલા અને છેલ્લા હુમલાથી અવસાન પામ્યા હતા.

શ્રી બચુભાઈ શુકલના અવસાનથી ગુજરાત એટલું ગરીબ બન્યું છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ બક્ષો !

(જન્મભૂમિમાંથી સાભાર ઉદ્‌ધૃત)

પંડિત સુખલાલજીને ડોકટરેટની પદવી આપવાની ભલામણ

ગુજરાત યુનિવર્સિટીની સીન્ડીકેટે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવ કર્યો છે :—

"ભારતીય વિદ્યાના એકનિષ્ઠ અધ્યયન, અધ્યાપન અને સંશોધન દ્વારા આજીવન વિદ્યોપાસના કરનાર, ન્યાયશાસ્ત્રના પારંગત વિદ્વાન પંડિત સુખલાલજી સંઘવીને ગુજરાત યુનિવર્સિટીના ડૉકટર ઓફ લેટર્સની માનાર્હ ઉપાધિ અર્પણ કરવા માટે સેનેટને અને કુલપતિશ્રીને ભલામણ કરવી."

ચાલુ માસની ૨૨ તથા ૨૩ મી તારીખે મળનારી ગુજરાત યુનિવર્સિટીની સેનેટની સભામાં ઉપરની ભલામણ નિર્ણય માટે રજુ કરવામાં આવનાર છે.

પં. સુખલાલજી સન્માન સમારંભ મુલતવી

પં. સુખલાલજી સન્માન સમિતિના મંત્રીઓ જણાવે છે કે "પંડિત સુખલાલજીનો સન્માન સમારંભ આગામી તારીખ ૧૬ મી માર્ચના રોજ ઉજવવાનું અને તે પ્રસંગે એમના સન્માન નિધિમાં મળેલી રકમ અર્પણ કરવાનું અને એમના હિંદી તથા ગુજરાતી લેખોના સંગ્રહરૂપ બે ગ્રંથોનું પ્રકાશન જાહેર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ દિલગીરી સાથે જણાવવાનું કે એ ગ્રંથોનું છાપકામ સમયસર પુરૂં થઇ શકયું નથી અને સન્માન નિધિ—જેમાં આજ સુધીમાં આશરે રૂા. ૬૩૦૦૦ ના વચનો મળ્યા છે પણ જે થોડો સમય વધારે મળે તો, પુરેપુરા સસુલ કરવાની સગવડ રહે તથા નિયત કરેલ લક્ષ્યાંક રૂા. ૭૫૦૦૦ ને પહોંચી વળવાનું શકય બને—આ કારણોને અંગે પ્રસ્તુત સન્માન સમારંભ એક બે માસ માટે મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે."

-તો પછી આપનો ફાળો મોકલી આપો !
અન્ય મિત્રો પાસેથી મેળવી આપો !

પંડિતજીના પ્રશંસક બહેનો તથા બંધુઓને પ્રાર્થના કે ૧૬ મી તારીખનો સમારંભ મુલતવી રહ્યો છે; સન્માનનિધિ હજુ માસ દોઢ માસ માટે ખુલ્લો છે. તો જેણે જેણે હજુ સુધી પોતાનો ફાળો મોકલી આપ્યો ન હોય તે મોકલી આપવામાં વિલંબ ન કરે. જેની વધારે તાકાત હોય તે વધારે આપે, જેની મર્યાદિત તાકાત હોય તે ઓછામાં ઓછી રૂા. ૨૫ ની રકમ જરૂર ભરે. રૂા. ૨૫ ની રકમ ભરનારને તો લગભગ ૨૫૦૦ પાનાં જેનાં થવા જાય છે એવા પંડિતજીના લેખસંગ્રહના આકારમાં લગભગ પૂરતું વળતર મળવાનુ છે. આમાં કોઈ જૈન જૈનેતરનો ભેદ ન કરે. આ સન્માન પંડિતજી જૈન હોવાના કારણે નહિ પણ તેમની અખંડ વિદ્યોપાસનાને, તેમના વિરલ પાંડિત્યને, તથા સાંપ્રદાયિક અભિનિવેશથી સર્વથા મુકત એવી તેમની ઉદાર તેમ જ વૈધક પ્રજ્ઞાને આપવામાં આવે છે. માત્ર જૈન સમાજનું જ નહિ પણ સમગ્ર શિષ્ટ સમાજનું તેમાં ગૌરવ રહેલું છે. આપનો ફાળો મોકલો અને મિત્રો પાસેથી મેળવી આપો !

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ
પંડિતજી પ્રત્યે આદર ધરાવતા અંગત મિત્રોને—

ઉપર જણાવ્યા મુજબ જ્યારે પંડિતજીનો સન્માન સમારંભ થોડા સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે અને સન્માનનિધિનો આંકડો રૂ. ૬૩૦૦૦ સુધી પહોંચ્યો છે ત્યારે સન્માન સમિતિએ નિયત કરેલા રૂ. ૭૫૦૦૦ ના લક્ષ્યાંકને પહોંચીવળવા માટે બનતો સર્વ પ્રયત્ન કરી છૂટવું એ પંડિતજી પ્રત્યે આદરભાવથી સંકળાયલા આપણ સર્વ મિત્રોની એક અનિવાર્ય ફરજ બને છે. આ સંબંધમાં આજ સુધીનો અનુભવ એવો છે કે આ સન્માનનિધિ માટે જ્યાં જ્યાં જવાનું બન્યું છે ત્યાં ત્યાંથી મોટા ભાગે ધારી રકમ મેળવવામાં સફળતા મળી છે. ભાગ્યે જ કોઇએ ના કહી છે. બાકી હોય તો આપણા પુરતા પ્રયત્નની છે. આપણામાંના સૌ કોઈ લક્ષ્યાંકને પહોંચી વળાય તો સારૂ એમ જરૂર તીવ્રપણે ઇચ્છે છે, પણ એ ઇચ્છાને પ્રયત્નનું સક્રિય રૂપ મળતું નથી. સન્માન સમિતિએ નક્કી કરેલ લક્ષ્યાંકને આપણા સામુહિક સંકલ્પનો વિષય બનાવીએ અને પોતે હજુ સુધી રકમ ભરી ન હોય તો ભરી મોકલીએ, ઓછી ભરી હોય તો વધારીએ અને આપણા સ્વજન સમુદાયમાં સ્વતઃપ્રેરિત ફરી વળીએ તો ૭૫૦૦૦ ના સીમા ચિહ્નને બહુ જ થોડા સમયમાં આપણે નિસંશય વટાવી શકીએ તેમ છે. આપણા હાથમાં જે હજુ માસ દોઢ માસ છે તેનો આ રીતે આપણે પૂરો ઉપયોગ કરીએ. જેમ દાર્શનિક વિદ્વાનોમાં પંડિતજી અજોડ છે તેમ તેમના પ્રત્યે આદર વ્યકત કરવાનો આ અવસર પણ અજોડ છે. જ્યારથી લોકોના જાણવામાં આવ્યું છે કે આ સમારંભ હવે નજીક આવી રહ્યો છે ત્યારથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં નાની રકમોનો પ્રવાહ વહી રહ્યો છે. પણ કેટલીએક વ્યકિતઓ કહેવાની રાહ જોતી હોય છે; કેટલીએક વ્યકિતઓ તેમની સમક્ષ વસ્તુ યથાસ્વરૂપે રજુ કરવાથી પોતાના મનમાં હોય તે કરતાં સહેજે બમણી ત્રણગણી રકમ આપે છે. જરૂર છે તેમના હૃદયને સ્પર્શવાની. સૌ કોઇ સમજી લે કે પંડિતજીના હાથમાં આપણે જેટલી મોટી રકમ આપીશું તેટલા પ્રમાણમાં તે રકમમાંથી કોઈ એક મોટું કામ થવાનું છે. માટે આપણ સર્વ પ્રમાદ છોડીને થોડો સમય નિધિ સંચય તત્પર બનીએ ? આપનો,

તા. ૧૪-૩-૫૭, મુંબઇ. **પરમાનંદ કુંવરજી કાપડિયા**

એક બહેનના ચર્ચાપત્રની સમીક્ષા

તા. ૧-૨-૫૭ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ શ્રી જયા બહેન દાણીની અપીલના સમર્થનમાં થોડા સમય પહેલાં હું ભાવનગર હતો તે દરમિયાન ભુખમરાના કારણે એક ભાઈએ કરેલ આપઘાતની કરૂણ ઘટનાનો અને એ જ દિવસોમાં ત્યાં ચાલી રહેલ અઠ્ઠાઈ મહોત્સવની ધામધુમનો ઉલ્લેખ કર્યો હતો. આ વાંચીને એક બહેને મારી ઉપર એક ચર્ચાપત્ર મોકલ્યું છે. તેમાં રહેલા કેટલાક અંગત ઉલ્લેખો બાદ કરવા પૂરતો તે પત્ર મઠારીને નીચે પ્રગટ કરવામાં આવે છે:—

ચર્ચાપત્ર

"તમે પ્રબુદ્ધ જીવનમાં જે લખ્યું છે કે એક ભાઈ ભુખમરાના કારણથી આપઘાત કરીને મરણ પામ્યો તે વાત વજુદ વગરની છે, તે ભાઇને કાયમનો ભોજનશાળાનો પાસ એક ગૃહસ્થ તરફથી મળતો હતો. તે સિવાય કુટુંબી જનો તરફથી મહીને દસ પંદર રૂપીઆ મળતા હતા. પણ તે ભાઈ આંખે આંધળો હતો, છતાં તેને સટ્ટાનો ખુબ શોખ હતો. તે કારણથી અવારનવાર તે પૈસાની મુશ્કેલીમાં મુકાઈ જતો. તેવી મદદની ના પાડવાથી તેણે આ પગલું ભર્યું તો તેની જવાબદારી સમાજની નથી. તે ભાઈ જ્યાં રહેતા હતા ત્યાં એક મંડળ છે. તે અને તેટલી બધાંને સહાય કરે છે તો આ ભાઈની સંભાળ ન લે તે પણ બનવા જોગ નથી.

"આ ઉપરાંત આ ઘટનાને તમે અઠ્ઠાઇ મહોત્સવ સાથે જોડો છો તે પણ વ્યાજબી નથી. અઠ્ઠાઇ મહોત્સવ એક ધાર્મિક ઉત્સવ છે. અનેક જીવની શાન્તિ વાસ્તે છે. આપણે પુનર્જન્મને માનીએ તો મૃત્યુ પામેલા માણસની શાન્તિ વાસ્તે યોગ્ય લાગે તે ક્રિયા કરીએ છીએ. તેમાં કાંઇ બહુ મોટા પ્રમાણમાં ખર્ચ થતું હોય તેવું નથી.

"બીજું સંઘના જમણવારોમાં માણસો બહુ મોટા પ્રમાણમાં જમે છે અને તેથી ખર્ચ ઘણો ઓછો આવે છે. આવા જમણવારોમાં સ્વયંસેવકો પણ સારા પ્રમાણમાં મદદ કરતા હોય છે. તેથી પીરસનારાનો ખર્ચ બચી જાય છે. પરિણામે માણસ દીઠ એક જણના બાર આના ખર્ચ આવે છે, જ્યારે મુંબઈ શહેરમાં અનેક જાહેર સંસ્થાઓ પાર્ટીઓ કરે છે તેમાં માણસ દીઠ રૂા. ૩ થી ૪ ખર્ચના આવે છે. ઉપરનાં જમણો સામે તમે વાંધો ઉઠાવો છો તો આવાં જમણો સામે વાંધો કેમ ઉઠાવતા નથી ?

"વળી તમારા લખાણમાં જે અઠ્ઠાઈ મહોત્સવ વગેરેનો ઉલ્લેખ છે તે અઠ્ઠાઈ મહોત્સવ વગેરે એક ભાઇએ કરેલ હતું. તે ભાઇએ આ કરવા પહેલાં પોતાના કુટુંબ સાથે સમાધાન કર્યું હતું. ત્યાંના એક સ્થાનિક જૈન છાત્રાલયને પોતાની માલીકીનું એક મકાન ભેટ આપ્યું હતું. પછી પોતાના વડીલની શાન્તિ અર્થે તેણે અઠ્ઠાઈ મહોત્સવ વગેરે કર્યું હતું. આમાં તેણે ખોટું શું કર્યું ? અઠ્ઠાઇ મહોત્સવ કાંઈ મોજશોખની વસ્તુ નથી. આજે પરદેશ જઈને માણસો હજારો રૂપીઆ ખરચે છે તેની ટીકા તમે કરતા નથી અને કોઇ ધાર્મિક કામ કરે તો તેની ટીકા કરવા તૈયાર થાઓ છો. લગ્નના નામે અનેક પાર્ટીઓ થાય છે, હજારો રૂપીઆ ખરચાય છે તેનો ઉલ્લેખ તમે કેમ કરતા નથી ?

"વળી ઉપર જણાવેલ ધાર્મિક ઉત્સવો ઘણી વખત મરનાર વડિલની મરતી વખતની ખાસ ઈચ્છાને માન આપીને કરવામાં આવે છે. એવા ઉત્સવો કરીને પાછળ રહેલાં સ્વજનો વડિલો, પ્રત્યેનું કર્તવ્ય બજાવ્યાનો ઊંડો સંતોષ અને કૃતાર્થતા અનુભવે છે. આમાં તો કશું પણ વાંધા પડતું લેખાવું ન જ જોઇએ."

સમીક્ષા

આ પત્ર ઘણા મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. તેનો મારી સુજ પ્રમાણે ક્રમસર ઉત્તર આપવા પ્રયત્ન કરૂં છું.

પ્રથમ તો જે ભાઇએ ભુખમરાને લીધે અપઘાત કર્યાનું મેં જણાવેલું તેના સંબંધમાં ઉપરના પત્રમાં જે માહીતી આપવામાં આવી છે તે પ્રમાણભૂત હોય તો તે ફીસ્સામાં રહેલી કરૂણાની માત્રા જરૂર હળવી બને છે. આમ છતાં પણ તેના પાડોશીઓએ પહેલા માળથી પડતું મુકેલા તે ભાઇને તેની ચોરડીમાં ઉપર લાવીને ખાટલામાં નાખ્યા બાદ તેની જે કેવળ ઉપેક્ષા કરી, તેને વાગ્યા ન વાગ્યાની કે તે ભુખ્યો છે કે તરસ્યો છે તેની કોઇએ દરકાર ન કરી. આ બેદરકારી-ઉદાસીનતા-ક્ષમ્ય ન જ ગણાય. આમ બધું હોવા છતાં આ ફીસ્સાને બાજુએ રાખીએ તો પણ આપણા વિશાળ સમાજમાં કેમ જીવવું તેની મુંઝવણમાંથી નીપજતા આપઘાતના અનેક ફીસ્સાઓ અવારનવાર બનતા સંભળાય છે. આમ મુંઝવણનો માર્યો કોઈ એકલ દોખલ આદમી જ આપઘાત કરે છે એમ નથી. એવી પણ દુર્ઘટના બને છે કે જ્યાં આવી રૂંધામણમાં કશો ઉપાય ન જડતાં બાળકોને ઝેર આપીને અને પછી પોતે ઝેર પીને માબાપો બીજી દુનિયાનો રસ્તો લે છે. એક બાપ આ જ હેતુથી પોતાનાં એક પછી એક બાળકોનાં ખુન કરવા જતાં પકડાયાનો અને તેને ફાંસીની સજા થયાનો અને તે બાપ પ્રત્યે રહેમ-દિલી દાખવવાની ભારત સરકારને ભલામણ કરતો હાઇકોર્ટનો ચુકાદો હજુ થોડા દિવસ પહેલાં ટાઈમ્સ ઓફ ઈન્ડીઆમાં વિસ્તારથી પ્રગટ કરવામાં આવ્યો હતો.

આમ એક બાજુએ સમાજમાં આવી અનેક કરૂણાત્મક ઘટનાઓ બની રહી છે અને બીજી બાજુએ ધાર્મિક ઉત્સવો અને સમારંભો પૂર જોસમાં ચાલી રહ્યા છે. આવી આજના સમાજની વિષમ સ્થિતિ તરફ પ્રબુદ્ધ જીવનના વાચકોનું ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી ભાવનગરમાં બનેલા આપઘાતના પ્રયત્નને અને સાથે સાથે ચાલતા ધાર્મિક સમારંભની ધામધુમને મારી નોંધમાં મેં એક સાથે સાંકળ્યા હતા. એમાંથી ફલિત થતી સામાજિક વિષમતા અને આપણા જીવનમાં વધતી જતી વિવેકહીનતા તથા હૃદયશૂન્યતા કોઇને પણ વ્યગ્ર બનાવે તેવી છે. એ જ વ્યગ્રતા શ્રી જયા બહેન દાણીના પત્રમાં સૂચિત હતી.

ધાર્મિક સમારંભો એકાન્તે ખોટા છે કે બંધ કરવા યોગ્ય છે એમ કહેવા યા સૂચવવાનો મારો આશય નથી. માણસોને સમુદાયમાં મળીને ઉત્સવ કરવો, આનંદ કરવો ગમે છે. ઉત્સવને સામાજિક જીવનમાં જરૂર સ્થાન છે. પણ સાથે સાથે તેના ઔચિત્યને મર્યાદા છે. વળી આવા ઉત્સવો પાછળ હજારો રૂપિયા ખરચાય જાય જ્યારે બીજી બાજુએ માનવ સેવાની દિશાએ જરૂરિયાતના પ્રમાણમાં ઘણું જ ઓછું થતું દેખાય, ત્યારે માનવીના સુખ દુઃખ સાથે આત્મીયતા અનુભાવતી કોઈ પણ વ્યક્તિ સહજ રીતે ઊંડી વેદના અનુભવે. ઉત્સવનો આનંદ ચાર દિવસના ચાંદરણા જેવો હોય છે. તે પાછળ ખરચાતા અનર્ગળ દ્રવ્યમાંથી સમાજને કોઇ સ્થાયી લાભ થતો દેખાતો નથી. એક એક ઉત્સવ એટલે પચ્ચીસ, ત્રીસ કે પચ્ચાસ હજાર સુધીનો ખર્ચ થાય છે. જૈન સમાજનો વિચાર કરીએ તો ઉપધાન જેવી દોઢ બે મહીના ચાલતી સામુદાયિક પ્રક્રિયા જેમાં એક દિવસ ઉપવાસ અને બીજે દિવસે અનેક મિષ્ટાન્નોનું ભારે ભોજન—એવો ક્રમ ગોઠવવામાં આવેલો હોય છે તે ઉપધાન સમારંભ અડધા લાખથી લાખ સુધીની રકમ સમાજ પાસેથી ઘસડી જાય છે. આ જ દ્રવ્યમાંથી સમાજના સ્થાયી હિતનાં કેટલાંયે કામો થઈ શકે, અને આજની અનેક જટિલ સમસ્યાઓને સરળ બનાવી શકાય. દાનની દિશા બદલો એમ અનેકવાર કહેવાયા છતાં આજે જમણો વેગથી આગળના ચીલા ઉપર માત્ર સામાન્ય લોકો જ નહિ પણ દેશકાળની સમજણ ધરાવતા હોવાનો દાવો કરતા ગૃહસ્થો પણ ચાલી રહેલા માલુમ પડે છે અને મંદિરો અને મૂર્તિઓ, વરઘોડાઓ અને જમણવારો પાછળ પહેલાં અનેકગણું વધારે દ્રવ્ય આજે વપરાઇ રહેલું જોવામાં આવે છે. આ બધાં પાછળ હંમેશાં શુદ્ધ ધાર્મિકતા કે ઊંડો ભક્તિ-ભાવ રહેલાં હોય છે. એવી કોઇ ભ્રમણામાં ન રહે. ઘણી વખત પોતાના વર્તુળમાં વાહ વાહ કહેવરાવવાની વૃત્તિ, શ્રીમન્તાઇનું પ્રદર્શન કરવાનો વ્યામોહ, અહંને સંતોષવાની ઘેલછા, આવા સમારંભોની યોજનાનાં પ્રેરક બળો હોય છે. આ સામે લાલબત્તી ધરવી એ પ્રબુદ્ધ જીવનનું હંમેશાં લક્ષ્ય રહેલું છે.

આવી જ રીતે સામુદાયિક જમણવારો કેવળ અનુચિત છે અને સદન્તર બંધ થવા જોઇએ એમ હું માનતો નથી. તેને પણ સામાજિક જીવનમાં ચોકકસ સ્થાન છે. પણ આજે તેનો પણ ચોતરફ અતિરેક થઇ રહેલો માલુમ પડે છે. મોટા શહેરોમાં જ્ઞાતિઓનાં અને સાંપ્રદાયિક સમાજનાં ભોજનસમારંભો મોટા પાયા ઉપર અવારનવાર

યોજાતાં અને તે પાછળ દરેક જમણવાર દીઠ દશથી પંદર હજાર રૂપિયા ખરચાતાં સંભળાય છે. આ પણ સામાજિક દ્રવ્યનો વિવેક વિનાનો અપવ્યય છે. આમ ખરચાતા હજારો રૂપિયાનો બુદ્ધિ અને વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તેમાંથી સમાજઉન્નતિ-સાધક કેટલીયે યોજનાઓ ઉભી કરી શકાય, પણ જેને જ્ઞાતિજનોની અને સાધર્મી સમાજની વાહ વાહ જોઈતી હોય છે તેને વરઘોડાઓ અને જમણવારો સિવાય દ્રવ્ય વાપરવાની બીજી કોઈ દિશા સુઝતી જ નથી.

આવાં જમણવારો અને જાહેર સંસ્થાઓ તરફથી યોજાતી પાર્ટીઓ વચ્ચે મહત્ત્વનો તફાવત છે. મોટા પાયા ઉપર યોજાતા આ જમણવારોમાં વ્યકિત દીઠ ખર્ચ ઓછો આવે એ સ્વાભાવિક છે. એમ છતાં ઉપર જણાવેલી પાર્ટીઓ આ જમણવારો પાસે નાના બચ્ચાં જેવી હોય છે અને તે પણ મોટા ભાગે જમણવારમાં ભાગ લેનાર સભ્યોના વ્યકિતદીઠ ફાળામાંથી કરવામાં આવે છે. આમ છતાં આવી પાર્ટીઓ પણ જો વિવેક અને મર્યાદાની માઝા મૂકીને કરવામાં આવતી હોય તો તે પણ જરૂર એટલી જ વાંધાભરી અને વિરોધ કરવા યોગ્ય લેખાવી ઘટે છે.

પત્રલેખિકા બહેને પોતાના પત્રમાં પુનર્જન્મના સિદ્ધાન્તનો ઉલ્લેખ કર્યો છે. તેઓ જૈન છે અને તેમના મનમાં પણ જૈન સિધ્ધાન્તની જ કલ્પના હોવી જોઇએ. એ સિદ્ધાન્ત અનુસાર મરનાર પાછળ તેના નામે અને નિમિત્તે જે કાંઈ કરવામાં આવે તેના પુણ્ય કે પાપને, તેની શાન્તિ કે અશાન્તિને, તેના ગૌરવ કે લાઘવને મરનારના આત્મા સાથે કોઇ પણ સંબંધ સંભવતો નથી. મરનાર આત્માનું તો માત્ર નામ કે નિમિત્ત હોય છે. તેનાં લાભ-હાનિનો શાન્તિ-અશાન્તિનો સંબંધ માત્ર આવા ઉત્સવોના અને જમણવારોના પ્રયોજકો સાથે જ રહેલો છે.

ઉપર જણાવેલા અઠ્ઠાઇ મહોત્સવો કે જમણવારો પાછળ બહુ ખર્ચ થતો નથી એમ કહેવું એ સામાન્યતઃ ગરીબ એવી આમ-જનતાના માપે નહિ, પણ સંપત્તિશાળી ગુર્જરવાના માપે આવા દ્રવ્ય-વ્યયને માપવા બરોબર છે.

એ પત્રમાં જે ભાઇનો ઉલ્લેખ છે તેણે જૈન છાત્રાલયને પોતાનું એક મકાન આપ્યું તે માટે તેને ધન્યવાદ ઘટે છે. એ ઉપરથી તેની બીજી કોઇ પણ કરણી વ્યાજબી, જરૂરી કે આજના જમાના સાથે બંધબેસતી સિદ્ધ થતી નથી.

અઠ્ઠાઈ મહોત્સવ મોજશોખની વસ્તુ નથી એ આપણે સ્વીકારીએ તો પણ તે આખી પ્રક્રિયા ભક્તિભાવ પ્રેરિત અને આનંદપ્રધાન છે, તે સાથે ગાનતાન અને ઠાઠમાઠ જોડાયલા હોય છે. તે ઉપરાંત તેની સાથે વરઘોડા અને જમણવારો પરિપૂર્તિરૂપે સંકળાયલા જ હોય છે. માણસના અંગત મોજશોખને આપણે ભૌતિક ભોગવિલાસ તરીકે ઓળખીએ છીએ. આ સમારંભો પણ ઘણીવાર ધાર્મિક વિલાસનું રૂપ ધારણ કરે છે. તે પણ સાદાઇથી અને કરકસરપૂર્વક યોજાતા હોય તો તે સામે કોઇને આંગળી ચીંધવાપણું ન રહે.

બહેન લખે છે કે "આજે પરદેશ જઇને માણસો હજારો રૂપીઆ ખરચે છે તેની ટીકા તમે કરતા નથી અને કોઇ ધાર્મિક કામ કરે તો તેની તમે ટીકા કરવા તૈયાર થાઓ છો." જ્યારે કોઇ ખાસ બાબતને લક્ષ્યમાં રાખીને કાંઇ લખવામાં આવે છે ત્યારે તેની સાથે સીધો સંબંધ ધરાવતી ન હોય એવી બાબત ગમે તેટલી અગત્યની હોય છતાં ચાલુ ચર્ચા પૂરતી અપ્રસ્તુત બને છે. મારી નોંધ શ્રી જયા બહેન દાણીના પત્રમાં સૂચવાયેલી બાબતોને અનુલક્ષીને હતી. તેથી પરદેશમાં આપણા ભાઇઓના હાથે વેડફાતા હજારો રૂપીઆ અથવા તો લગ્નની પાર્ટીઓ પાછળ આજે ચાલી રહેલું ઉડાઉપણું-આ બન્ને બાબતો એ નોંધ પુરતી અપ્રસ્તુત હતી. બાકી પરદેશના ઉડાઉ પ્રવાસોનું કદિ સમર્થન થઈ શકે જ નહિ. અને લગ્નના શોભા શણગાર અને પાર્ટીઓ પાછળ આજે ખરેખર ધુમ ખર્ચ થઇ રહ્યો છે અને તે માત્ર અણઘડ, બીન કેળવાયલા, જુના વિચારના કેવળ શ્રીમન્તાઇના પુતળાઓના હાથે નહિ પણ સંસ્કારી લેખાતા, કેળવાયલા ગણાતા અને આગળ પડતા વિચારના હોવાનો દાવો કરતા સ્થિતિસંપન્ન શિષ્ટજનોના હાથે પણ અવારનવાર છ છ હજાર નિમંત્રિતોના સત્કાર સમારંભો અને ત્રણ ત્રણ હજાર મહેમાનોના ભોજન સમારંભો નિર્માણ થતાં જોવામાં આવે છે, જે જોઇને દિલ ખરેખર ઊંડી વેદના અનુભવે છે. સરકારી અંકુશો જવા બાદ આપણે કેવળ નિરંકુશ બની રહ્યા છીએ, ગાંધીજીને, સાદા જીવનની ભાવનાને, ખરચાળ રૂઢિઓના વિસર્જનની તમન્નાને, નૂતન સમાજની કલ્પનાને આપણે સાવ ભુલી ગયા છીએ, અને આપણું જીવન ઉર્ધ્વગામી બનવાને બદલે અધોગામી, આદર્શપરાયણ બનવાને બદલે વિલાસપરાયણ બની રહ્યું છે. આજની વાસ્તવિકતાનું આ દર્શન સમાજના ભાવી વિષે ખરેખર ઊંડી ચિન્તા પેદા કરે તેવું છે. આના ઉપર સામાજિક અંકુશો મૂકાવાની અને એમ છતાં પરિસ્થિતિ ન સુધારતા છેવટે કાનુની અંકુશો મુકાવાની ખાસ જરૂર છે.

બહેન પોતાના પત્રના છેવટના ભાગમાં કટાક્ષ કરે છે કે "કોઇ ધાર્મિક કામ કરે તો તેની તમે ટીકા કરવા તૈયાર થાઓ છો." તેના જવાબમાં જણાવવાનું કે જે કોઇ કામ સાથે 'ધાર્મિક' શબ્દનું લેબલ લગાડવામાં આવે છે તે હંમેશા ધાર્મિક જ હોય છે એમ નથી હોતું, એટલું જ નહિ પણ ઘણી વખત તે અધાર્મિક-ધર્મવિરોધી-હોય છે. દા. ત. અસ્પૃશ્યતાની ધાર્મિક રૂઢિ, પશુઓનાં બલિદાન આપવાની ધાર્મિક પરંપરા, સશકત બ્રાહ્મણોને જમાડવાની ધાર્મિક પ્રથા, નાનાં બાળકોને દીક્ષા આપવાની પધ્ધતિ. અમુક સંયોગોમાં જે ધાર્મિક લેખાતું હોય તે અન્ય સંયોગોમાં ધાર્મિક ન પણ હોઇ શકે, દા. ત. જ્યાં અનેક દેવ મંદિરો હોય ત્યાં એક નવું દેવ મંદિર ઉભું કરવું, કશી પણ લાયકાત વિનાની વ્યકિતને દીક્ષા આપવી. અહિં દેવમંદિર તથા દીક્ષા પ્રદાન ધાર્મિક લેખાતા હોવા છતાં પ્રસ્તુત સંયોગોમાં ધાર્મિક લેખાઇ નહિ શકે. એવીજ રીતે અમુક કાર્ય અધાર્મિક લેખાતું હોય છતાં સ્વતંત્ર રીતે વિચાર કરતાં ધાર્મિક પુરવાર થતું હોય છે. દા. ત. દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ. આવી જ રીતે અઠ્ઠાઇ મહોત્સવ, વરઘોડા, સંઘના જમણવારો વગેરે સમય સંયોગનો ખ્યાલ રાખીને કવચિત્ કવચિત્ ઉચિત મર્યાદામાં કરવામાં આવતા હોય તો તે ધાર્મિક લેખાય, પણ આ બધી બાબતોની ઉપેક્ષા કરીને કરવામાં આવે તો તેને અધાર્મિકની કોટિમાં મૂકવા પડે. જેની પાછળ દેશ કાળના સતત પરિવર્તન પામતા સંયોગોનો પૂરો વિવેક હોય અને સામાજિક જરૂરિયાતોનો તેમ જ સમાજનાં શ્રેય અશ્રેયનો પૂરો ખ્યાલ હોય અને જે સમાજના શ્રેય તેમ જ પ્રેયની વર્ધક અને સમાજના અશ્રેય તેમ જ અપ્રેયની બાધક હોય, માત્ર તે પ્રવૃત્તિ જ 'ધાર્મિક' ગણાય. તેથી અન્ય પ્રકારની-સર્વ પ્રવૃત્તિ અધાર્મિક લેખાવી ઘટે છે. આ વિવેકબુધ્ધિ જનસમાજમાં જાગૃત કરવી અને નહિ કે 'કોઈ ધાર્મિક કામ કરે તેની ટીકા કર્યા કરવી'-એ પ્રબુધ્ધ જીવનનું સદા લક્ષ્ય રહ્યું છે. પૂર્વગ્રહો અને ધાર્મિક અભિનિવેશથી મુકત બનીને એ બહેન વિચારશે તો પ્રબુધ્ધ જીવનની આ તાત્વિક દૃષ્ટિ સમજવા સ્વીકારવામાં તેમને જરા પણ મુશ્કેલી નહિ પડે.

હવે બહેનના પત્રના છેવટના મુદ્દાની ચર્ચા કરવાનું બાકી રહે છે અને તે એ કે જ્યારે આપણા પિતા, માતા કે અન્ય કોઇ વડિલ જન પોતાની પાછળ અમુક શુભ કાર્ય કરવાનું કહી જાય ત્યારે તે શુભકાર્ય તેમની કલ્પના મુજબ કરી બતાવવું એ જ માત્ર આપણી ફરજ હોઇ શકે કે તે વિષે કોઇ વિવેક વિચારને અવકાશ હોઇ શકે ખરો ? આ મુદ્દાની ચર્ચા એક સ્વતંત્ર લેખના આકારમાં આવતા અંકમાં રજુ કરવામાં આવશે. **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૮ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧, ૧૯૫૭, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પંડિત સુખલાલજીની વિચારધારા

ડૉકટર વાસુદેવશરણ અગ્રવાલે પંડિત સુખલાલજીને 'મહાપ્રાજ્ઞ' કહ્યા છે. આ સંબોધનમાં પંડિતજીના વ્યકિતત્વની સંપૂર્ણ ઝાંખી થાય છે. કાશીની જૈન પાઠશાળામાં અભ્યાસ કરતાં કરતાં પણ એમનું અધ્યયન અને અધ્યાપન-ક્ષેત્ર વિશાળ રહ્યું હતું. એમણે અધ્યયન-તથા વિચારનાં ક્ષેત્રને કદી બાંધી દીધાં નહોતાં, પોતાના કાર્યકાળ દરમિયાન પણ એમણે વિચારક્ષેત્રને કદિ સંકુચિત થવા દીધું નહોતું. દર્શન અને ધર્મ એમના હંમેશના પ્રિય વિષયો રહ્યા છે. પરંતુ એમણે દર્શન તથા ધર્મના બાહ્ય સ્વરૂપને નહીં પણ, મૂળ તત્ત્વના રૂપને જ ગ્રહણ કર્યું છે; ને તે મુજબ જ એની વ્યાખ્યા કરી છે. જૈન લોકો એમને જૈન માનવા તૈયાર નથી, અને એ વૈદિક તો છે જ નહીં. આમ હોવાથી એમના વિચારોનો વિરોધ થાય એ સ્વાભાવિક છે. પણ તેઓ એમના વિચારોમાં નિર્ભય છે. એમને પોતાની પ્રતિષ્ઠા કરતાં પોતાના વિચારનાં સત્યમાં સવિશેષ રૂચિ છે.

ભગવાન મહાવીરે અને બુધ્ધે ભારતની જનતાને દેવદેવીઓની ગુલામીમાંથી મુકત કરવા વિચારની એક નવી દિશા દેખાડી; પરંતુ એ સાથે જ એમણે પુનર્જન્મ તથા પરલોકની કલ્પનાને એટલું બધું મહત્ત્વ આપ્યું કે વૈદિક વિચારની ઈહલોક-તત્પરતા લગભગ નાશ પામી ગઇ અને લોકોને મન પરલોક અને મોક્ષનું સુખ જ સર્વ શ્રેષ્ટ ગણાવા લાગ્યું. પરિણામે લોકો આ જીવનમાં અત્યંત કષ્ટ સહન કરીને પણ પરલોકના સુખને મહત્વ આપવા મંડયા. બૌધ્ધોના હીનયાન અને મહાયાન બન્નેમાં જીવનના નૈતિક સ્તરને ઊંચે ઉઠાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, પણ એ સંસારથી અલગ રહીને, સંસારમાં રહીને નહીં. જૈનોનું પણ આમ જ છે. હીનયાની અને મહાયાની બેઉ ભિક્ષુકોનાં જીવન નિવૃત્તિ-પરાયણ હોવા જરૂરી લેખાય છે. જૈન ભિક્ષુકનું જીવન તો એકાન્તિક નિવૃત્તિ-પરાયણ છે જ. એવી સ્થિતિમાં જીવનમાં અસંગતતા આવે એ સ્વાભાવિક છે. નિવૃત્તિ-પરાયણ ભિક્ષુક પોતાની સાધનામાં નિમગ્ન રહે અને પ્રવૃત્તિપરાયણ લોકો એમના જીવનની જરૂરિયાતો પૂરવાની જવાબદારી ઉપાડી લે. આના પરિણામે દાનપુણ્ય જેવી કલ્પનાઓનો આત્યન્તિક વિકાસ થયો. શ્રમમય જીવન આધ્યાત્મિક સાધનાનું વિરોધી મનાવા લાગ્યું. આ દૃષ્ટિએ જ જૈન અને બૌધ્ધ-ધર્મની વ્યાખ્યા થતી આવી છે અને જીવન-નિર્માણ પણ આ દૃષ્ટિએ થતું આવ્યું છે. આજની નવી વિચારધારા સાથે એનો સુમેળ લગભગ અશકય છે. આમ છતાં પણ પંડિત સુખલાલજીએ પ્રાચીન દાર્શનિક અને ધાર્મિક સાહિત્યનું અવગાહન કરીને એ પ્રાચીન વિચારોનો આધુનિક નવા વિચારો સાથે સુમેળ સ્થાપવા પ્રયત્ન કર્યો છે.

ધાર્મિક પરમ્પરાઓ જીવનમાં આચાર નિર્માણ કરે છે, પણ આપણે જોઇએ તો માલુમ પડે છે કે જીવનદર્શન અને તત્ત્વદર્શનની દિશા મોટા ભાગે એક હોતી નથી. દરેક ધર્મને પોતાનું વિશિષ્ટ તત્ત્વદર્શન તો છે જ, પણ જીવન-નિર્માણમાં એ તત્વદર્શનના સિધ્ધાન્તોની ભૂમિકા આવશ્યક હોવા છતાં, જીવન-નિર્માણની ભૂમિકા કંઇક જુદી જ ઉભી થાય છે. પરિણામે આપણે જોઇએ છીએ કે તત્વ ચર્ચામાં અદ્વૈતવાદની ઉપાસના કરનાર હિન્દુ સમાજ સામાજીક જીવનમાં આત્યન્તિક ભેદની ઉપાસના કરીને અદ્વૈત બ્રહ્મની સિદ્ધિ ઇચ્છે છે. શંકરના બ્રહ્મવાદનું ક્ષેત્ર તત્ત્વ ચર્ચા માટે બની રહ્યું અને જીવનનું ક્ષેત્ર સ્પૃશ્યાસ્પૃશ્ય વિચારની ઉત્કટતાનું સમર્થક જ થઇ ગયું. દાર્શનિક અભેદવાદનો સિધ્ધાન્ત લોક-જીવનના ભેદવાદને દૂર ન કરી શકયું. જૈનો અને બૌધ્ધોનો અહિંસા અને અપરિગ્રહનો સિધ્ધાન્ત થોડા ભિક્ષુકોને તૈયાર કરી શકયો, પરંતુ અહિંસા અને અપરિગ્રહના સિધ્ધાન્ત પર આધારિત લોકજીવનને સર્જી શકયો નહીં; દાન-પુણ્યપર આધારિત ગૃહસ્થ-જીવનની સંપત્તિનું સમર્થન કરવા સિવાય કોઇ નવો માર્ગ લઇ શકયો નહીં. આચાર્યોના ગ્રંથોમાં ધર્મની, જીવન-ધર્મની ચર્ચા થતી રહી, પણ તાત્વિક ધર્મની ચર્ચાનું સ્થાન બાહ્ય ક્રિયાકાંડોની ચર્ચાએ લઇ લીધું અને જીવનના સિધ્ધાન્તોની ચર્ચા ગૌણ થઇ ગઇ. અહિંસા અને અપરિગ્રહમાં લોક-જીવનના નવનિર્માણની શકિત હોવા છતાં પણ એ રૂંધાયેલી જ રહી. પંડિત સુખલાલજીએ પોતાની વિદ્વત્તાનો ઉપયોગ નવા વિચારને આધારે એ કુંઠિત શકિતને ખીલવવામાં કર્યો છે. આ જ એમના વિચારની વિશેષતા છે.

ભ. મહાવીર અને તેમના અનુયાયી આચાર્યોએ આત્યન્તિક નિવૃત્તિપરાયણ જીવનમાં સર્જવામાં જે અહિંસાના સિધ્ધાન્તનો ઉપયોગ કર્યો એ જ અહિંસાના સિધ્ધાન્તનો ઉપયોગ જીવનને પ્રવૃત્તિમય બનાવવા માટે આવશ્યક છે. મહાવીરની અહિંસાની વ્યાખ્યા સાથે એનો વિરોધ પણ નથી. એ બાબત શાસ્ત્રાધાર અને પોતાની સ્વતંત્ર વિચારણાના આધાર પર પુરવાર કરવાનો પંડિતજીએ પ્રયત્ન કર્યો છે. આ દૃષ્ટિએ એમણે અહિંસાની તાત્વિક વ્યાખ્યામાં અપ્રમાદ પર જ વિશેષ ભાર મૂકયો છે. વાત નવી નથી, છતાં એ જીવનની ધારાને પલટાવી દે તેવી છે.

અપ્રમાદને અહિંસા કહેવરાવનારા મહાવીર અને એમના અનુયાયીઓ આજ સુધી એ અહિંસામાંથી આત્યંતિક નિવૃત્તિ-પરાયણ જીવન ઉભું કરી શકયા છે. એ અપ્રમાદને અહિંસા માનીને પ્રવૃત્તિમય જીવન સર્જવાનો પંડિતજીનો પ્રયત્ન છે. આ દૃષ્ટિએ એમણે જીવનના વિવિધ-ક્રિયાકાંડોને ચકાસ્યા છે અને તે ધર્મ દૃષ્ટિથી કેટલા વંચિત બની બેઠા છે તે સમજાવવા-પુરવાર કરવા-તેમણે સતત પ્રયત્ન હાથ ધર્યો છે.

ધર્મોનો પરસ્પર વિરોધ તો જગજાહેર છે. દરેક ધર્મગુરુ પોતાના ધર્મને સર્વશ્રેષ્ઠ સિધ્ધ કરવા ને બીજાના ધર્મની ટીકા કરવા મથતા હોય છે દરેક દાર્શનિક પરંપરાના આચાર્યોની પણ આવી જ મનોવૃત્તિ છે. પંડિતજીએ પરસ્પરની નિન્દા અને વાદવિવાદથી પરિપૂર્ણ સાહિત્યના વિશાળ ભંડારનો અભ્યાસ કર્યો છે. અને દર્શન તથા ધર્મ વચ્ચે પરસ્પર વિરોધ રહે છતાં સમન્વયનો માર્ગ છે કે નહીં તેની શોધમાં મનોયોગ કર્યો છે. જૈન દર્શનમાં આવતો અનેકાન્તનો સિધ્ધાંત સમન્વયનો સિધ્ધાંત તો છે જ. આમ છતાં પણ જૈન ધર્મ અને દર્શનગ્રંથો પણ વિરોધી ધર્મો અને દર્શનોની નિન્દાથી બચી શકયાં નથી. આવી સ્થિતિમાં બધા ધર્મો અને દર્શનોનો સમન્વય કરવો સહેલો નથી. તો પણ પંડિતજીએ બધા ધર્મો અને દર્શનોના સમન્વય કરવાની દૃષ્ટિએ જ પુષ્કળ લખ્યું છે અને એમાં એમને પૂરતી સફળતા પણ મળી છે.

એમણે સામાજીક ક્ષેત્રમાં જાતિગત અથવા બીજી કોઇ પણ જાતની અસમાનતા દૂર કરવાનો સર્વે ધર્મોના મૌલિક વિચારની દૃષ્ટિએ પ્રયત્ન કર્યો છે. બધા ધર્મોના અધ્યયનનો સાર સામાજીક અસમાનતા વધારવામાં નથી આવતો, પણ સર્વ-ઐકય અથવા સર્વસમાનતાનો ભાવ પેદા કરવામાં જ આવે છે-આ માન્યતા ઉપર તેઓ પોતાના વિશાળ અધ્યયનના પરિણામે આવ્યા છે, અને પોતાનાં અનેક લેખો તથા વ્યાખ્યાનોમાં તેમણે આ માન્યતાને વિકસાવી છે, સુદૃઢપણે વ્યકત કરી છે.

જો એક શબ્દ "મહાપ્રાજ્ઞ" માં પંડિતજીના વ્યકિતત્વને વ્યકત કરી શકાય તેમ છે, તો 'સર્વસમન્વયના પંડિત.' એ મુજબ તેનું વિવરણ કરવું દરેક રીતે યોગ્ય લેખાશે. **દલસુખ માલવણિયા**

મધ્યપૂર્વમાંનું ખનિજ તેલ

જેણે પશ્ચિમ યુરોપમાં એક મોટી કટોકટી સરજી છે.

(જેનું આપણે પહેલાં નામ પણ સાંભળ્યું નહોતું અથવા તો જેમનું પહેલાં કોઈ ખાસ મહત્વ નહોતું તેવા સાઉદી અરેબિયા, કુવાઈટ, ઈરાક, ઈરાન, તેમ જ સીરીયાના સત્તાધીશોને દુનિયાના આગળ પડતા દેશો માનભર્યા નિમંત્રણો આપે છે અને તેમનું બાદશાહી સ્વાગત કરે છે તેનું કારણ શું છે? તેનું રહસ્ય નીચેના લેખ ઉપરથી પ્રબુદ્ધ જીવનના વાચકોને સમજાશે. આ લેખ મૂળ 'સ્વીસ રીવ્યુ ઓફ્ વર્લ્ડ એફેર્સ'માં પ્રસિદ્ધ થયેલો. તેમાંથી તા. ૨૭-૧૨-૫૭ ના ટાઈમ્સ ઓફ્ ઈન્ડીયામાં ઉદ્ધૃત થયેલો. તેનો શ્રી. શાન્તિલાલ દેવજી નંદુએ કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

ઇ. સ. ૧૯૫૫ માં જીનીવામાં મળેલી ચાર મોટરાઓની પરિષદમાં સર એન્થની ઈડને (તે વખતના ઇગ્લાંડના વડા પ્રધાન) નીકીતા ક્રુશ્ચેવને ભારપૂર્વક એમ કહ્યું હોવાનું મનાય છે કે બ્રિટનને મધ્યપૂર્વમાંના દેશોમાંથી મળતા ખનિજ તેલમાં કાપ યા વિચ્છેદ મૂકવાના યા મૂકાવવાના રશિયાના કોઇ પણ પ્રયાસને બ્રિટન યુદ્ધનું એક કારણ યા સંજોગ ગણશે. બ્રિટનના સરકારી મુખીઓએ એમ પણ કહ્યું છે કે બ્રિટનના લશ્કરી મથક તરીકે સાયપ્રસ ત્યજી દઈ શકાય નહિ, કારણ કે મધ્યપૂર્વમાંનું તેલ મેળવવા માટે તે અતિ મહત્વનું છે.

ઉપર જણાવી છે એવી વિવિધ જાહેરાતોની ભીતરમાં અત્યન્ત મહત્ત્વ ધરાવતી અને દૂરગામી રાજકીય પરિણામ ધરાવતી એક તાજેતરની આર્થિક વિકાસ ઘટના-રહેલી છે, જેને પશ્ચિમ યુરોપના ઘણા માણસોએ યથાસ્વરૂપે સમજવાની હજી ભાગ્યેજ શરૂઆત જ કરી છે. આ અત્યન્ત મહત્વ ધરાવતી અને દૂરગામી રાજકીય પરિણામ ધરાવતી તાજેતરની આર્થિક વિકાસઘટના શું છે? તેલ માટેની પશ્ચિમ યુરોપની જબરદસ્ત અને કૂદકે અને ભૂસકે વધતી જતી માગના પરિણામે છેલ્લાં કેટલાંક વરસો થયાં એક જરૂરી અને અગત્યના મથક તરીકે મધ્યપૂર્વની મહત્તા અંકાઈ રહી છે. ૧૯૪૭ માં યુરોપમાં ૪ કરોડ ટનથી થોડા ઓછા તેલની આયાત થઇ હતી, એટલે કે ૧૯૩૮ માં જેટલી આયાત થઈ હતી તેનાથી વધારે તો નહિ જ. આમાં મધ્યપૂર્વના દેશોમાંથી આયાત થયેલ ૬૦ લાખ ટન તેલનો સમાવેશ થઇ જાય છે. પરંતુ છેલ્લાં આઠ વરસો દરમ્યાન યુરોપમાં તેલની કુલ આયાત ત્રણ ગણી થઇને લગભગ ૧૩ કરોડ ટન સુધી પહોંચી ગઈ છે-જેમાંથી ઘણા મોટા ભાગનું તેલ એટલે કે લગભગ ૧૦ કરોડ ટન તેલ મધ્યપૂર્વમાંથી આયાત કરવામાં આવે છે. એટલે કે ૧૯૪૭ માં મધ્યપૂર્વમાંથી આયાત થયેલા તેલના આંકડાની સરખામણીએ તે લગભગ સત્તર ગણું વધારે થયું. ૧૯૪૮ થી ૧૯૫૫ દરમ્યાન પશ્ચિમ યુરોપમાં તેલની માથા દીઠ વાર્ષિક વપરાશ સવા બે ગણી થઇ ગઈ છે, એટલે કે ૧૩૩ કિલોગ્રામથી વધીને હવે તે ૩૦૨ કિલોગ્રામ સુધી પહોંચી છે. વપરાશનો આ વધારો શાને આભારી છે? (૧) તેલની પ્રવર્તમાન વધતી જતી માંગ અને (૨) ઘરવપરાશ અને ઉદ્યોગો માટે બીજા તેલોને બદલે વધારે અને વધારે પ્રમાણમાં ગેસોલીન અને અન્ય દાહક તેલનો પ્રયોગ અને ઉપયોગ. પશ્ચિમ યુરોપમાં તેલનો જથ્થો બહુજ નજીવા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને અમેરિકા પોતાના ઘર આંગણે વિપુલ પ્રમાણમાં વધતા જતા વપરાશને કારણે ૧૯૩૮ માં ૧.૬ કરોડ ટનની નિકાસ કરવાને બદલે ૧૯૫૫ માં ૪.૪ કરોડ ટન તેલનું આયાત કરતું થઈ ગયું છે. આ કારણે મધ્યપૂર્વ જે તાજેતરની શોધખોળો અને વિકાસને પરિણામે વિશ્વમાં મુખ્યત્વે ઘણુંજ મહત્ત્વનું તેલનું ઉદ્ભવસ્થાન બની રહ્યું છે. એ પશ્ચિમ યુરોપ માટે તેલ પુરું પાડનાર એક મુખ્ય મથક બની ગયું છે.

૧૯૫૫ માં સમગ્ર વિશ્વનું તેલ ઉત્પાદન ૮૦ કરોડ ટનનું થયું હતું. તેમાંથી લગભગ પાંચમાં ભાગનું એટલે કે ૧૬.૨ કરોડ ટન તેલનું ઉત્પાદન મધ્યપૂર્વમાં થયું હતું. આની સામે ૧૯૩૮ માં જગતના તેલ ઉત્પાદનમાં મધ્યપૂર્વનો માત્ર ૬ ટકા હિસ્સો (લગભગ ૧.૬ કરોડ ટન) અને ૧૯૪૭ માં ૯.૭ ટકા (લગભગ ૪.૨ કરોડ ટન) હિસ્સો હતો. નજીકના વર્તમાન સમય દરમ્યાન મધ્યપૂર્વમાંના તેલની આંખે ઊડીને વળગે એવી મહત્તાનું દર્શન નીચે આપેલા કોઠામાંથી જોવા મળશે. આ કોઠો તેમજ આ લેખમાંના બીજા આંકડાઓ "ધી બેંકર" (The Banker) ના થોડા સમય પહેલાંના અંકમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

તેલનું ઉત્પાદન-મધ્યપૂર્વમાંનું તેમજ જગતનું

	૧૯૩૮	૧૯૪૭	૧૯૫૫
મધ્યપૂર્વનું કુલ ઉત્પાદન (આંકડા કરોડ ટનના પ્રમાણમાં,	૧.૬૨	૪.૨૦	૧૬.૨૫
,, દુનિયાના તેલ ઉત્પાદનમાં હિસ્સો ટકા ૬%		૯.૭%	૨૦.૪%
ઇરાન (આંકડા કરોડ ટનના પ્રમાણમાં)	૧.૦૫	૨.૦૪	૧.૬૨
ઇરાક (,, ,, ,,)	૦.૪૮	.૪૫	૩.૩૭
સાઉદીઅરેબિયા (,, ,,)	—	૧.૨૧	૪.૭૫
કુવાઈત (,, ,,)	—	.૨૨	૫.૪
કતાર (,, ,,)	---	—	.૫૪
ઇજીપ્ત (,, ,,)	.૦૨	.૧૩	.૧૮
યુનાઇટેટ સ્ટેટસ ઓફ્ અમેરિકાનું કુલ ઉત્પાદન-(આંકડા કરોડ ટનના પ્રમાણમાં)	૧૭.૦૭	૨૬.૯૨	૩૬.૨૭
,, દુનિયાના તેલઉત્પાદનમાં હિસ્સો ટકા	૬૨.૬%	૬૨.૩%	૪૫.૬%
દક્ષિણ અમેરિકાનું ઉત્પાદન (આંકડા કરોડ ટનના પ્રમાણમાં)	૩.૬૨	૮.૩૦	૧૨.૯૬
,, દુનિયાના તેલ ઉત્પાદનમાં હિસ્સો ટકા	૧૩.૩%	૧૯.૨%	૧૬.૩%

શેખાયત

તેલના ઉત્પાદક તરીકે ૧૯૪૭ માં જેનું ખાસ કાંઈ જ મહત્વ ન હતું એવું કુવાઇતનું નાનુંશું શેખાયતનું એકલું રાજ્ય આજે યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા-જેનો દુનિયાના તેલ ઉત્પાદનમાં ૬૦% ટકા હિસ્સો હતો-કરતાં વધારે તેલનો સંગ્રહ ધરાવે છે. તેવીજ રીતે સાઉદી અરેબીયા-જેનું પણ ગયા વિશ્વયુધ્ધ પહેલાં તેલ-ઉત્પાદક પ્રદેશ તરીકે ખાસ કાંઇ જ મહત્વ ન હતું તે પણ આજે લગભગ તેટલોજ તેલનો જથ્થો ધરાવે છે એ નક્કી છે; જો કે તે અંગે પૂરેપુરું સંશોધન હજી સુધી કરવામાં આવ્યું નથી. પ્રત્યેક તેલના કૂવામાંથી દરરોજના સરેરાશ ૫૫૦ ટન તેલના ઉત્પાદનને કારણે, મધ્યપૂર્વમાંનાં તેલ-ક્ષેત્રોનો પુરવઠો બીજા પ્રદેશોના તેલના ઉત્પાદન કરતાં ઘણોજ વધારે છે; દાખલા તરીકે યુનાઇટેટ સ્ટેટ્સ ઓફ્ અમેરિકામાં દરેક કૂવાની રોજની સરેરાશ ૨ ટનની તેમજ વેનેઝૂલામાં દરેક કૂવાની રોજની સરેરાશ ૩૬ ટનની છે.

દુનિયામાં તેલ ધરાવતા સંગ્રહોની સરખામણીના પ્રમાણમાં મધ્ય પૂર્વમાંના તેલ-સંગ્રહનો જથ્થો લગભગ બે-તૃતીયાંશ છે. એમ અત્યાર સુધીની શોધખોળો બતાવી જાય છે; અને અત્યારની ચાલુ રહેલી શોધખોળોને અંતે તેનું પ્રમાણ દ્વિગુણીત થઇ જશે એમ જાણકારોનું કહેવું છે. અમેરિકામાં અત્યાર સુધી ૧,૫૦,૦૦૦ કૂવાઓ ખોદવામાં આવ્યા છે, જ્યારે મધ્યપૂર્વમાં-છેલ્લામાં છેલ્લી વિપુલ શોધખોળો-છતાં -માત્ર ૧૫૦૦ કૂવાઓ ખોદાયા છે.

જગતમાંના તેલનાં પ્રાપ્તિસ્થાનો

	નિશ્ચિત પ્રાપ્તિસ્થાનો કરોડ ટનમાં	દુનિયામાંના ઉત્પાદનની દૃષ્ટિએ ટકા	નિશ્ચિત પ્રાપ્તિસ્થાનોનું ટકાવારી પ્રમાણે વર્તમાન વાર્ષિક ઉત્પાદન
કુલ	૨.૬૦૫૫	૧૦૦%	૩%
મધ્યપૂર્વ	૧.૬૮૩૫	૬૪.૬%	૧%
યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા	.૪૬૧૦	૧૭,૭%	૮%
વેનેઝુલા	.૧૬૮૫	૬.૫%	૭%
રશિયા અને પૂર્વી યુરોપ	.૧૪૭૦	૫.૬%	૬%

મધ્યપૂર્વમાંના તેલ-ક્ષેત્રોના વિકાસનું લગભગ બધું કાર્ય યુરોપ અને અમેરિકાની તેલ-કંપનીઓએ કર્યું છે. મધ્યપૂર્વમાંના તેલ-ક્ષેત્રોમાં રોકયેલ મૂડીની માલિકી જૂદી જૂદી તેલ ઉત્પાદન કરતી કંપનીઓમાં કેવી રીતે વહેંચાયેલી તેનો સાર આ નીચે આપવામાં આવ્યો છે.

માલિકી

કુવાઇત : કુવાઇતિ ઓઇલ કંપની; મૂડીની માલિકી બ્રિટિશ પેટ્રોલીયમ કંપની અને ગલ્ફ ઓઇલ કંપની-બન્નેની સરખી.

સાઉદી અરેબિયા : અરેબિયન અમેરિકન ઓઇલ કંપની (ARAMCO) મૂડીની માલિકી સ્ટાંડર્ડ ઓઇલ કંપની-કેલીફોર્નિઆ -ત્રીસ ટકા, સ્ટાંડર્ડ ઓઇલ કંપની-ન્યુ જર્સી-ત્રીસ ટકા અને સોકોની મોબીલ કંપની-દસ ટકા.

ઇરાક : (૧) ઇરાક પેટ્રોલીયમ કંપની; મૂડીની માલિકી બ્રિટીશ પેટ્રોલીયમ કંપની, રોયલ ડચ શેલ કંપની, ફ્રેન્કેઇસ ડી પેટ્રોલી, સ્ટાંડર્ડ ઓઇલ કંપની (ન્યુ જર્સી), સોકોની મોબીલ-પ્રત્યેક કંપનીના ૨૩૭૬ ટકા અને ગુલબેનકીયાન-૫ ટકા. (૨) ખાનાકવીન ઓઇલ કંપની, જેની માલિકી બ્રિટીશ પેટ્રોલીયમ કંપનીની છે.

ઇરાન : ઇરાન ઓઇલ એકસપ્લોરેશન એન્ડ પ્રોડયુસીંગ કંપની અને ઇરાન ઓઇલ રીફાઇનીંગ કંપની છે જેની મૂડીની માલિકી આ મુજબ છે:-બ્રિટિશ પેટ્રોલીયમ કંપની-૪૦ ટકા, રોયલ ડચ કંપની-૧૪ ટકા, કંપની ફ્રેન્કેઇસ ડી પેટ્રોલી-૬ ટકા અને ગલ્ફ ઓઇલ કંપની, સોકોની મોબીલ કંપની, સ્ટાંડર્ડ ઓઇલ કંપની (કેલીફોર્નીયા), સ્ટાંડર્ડ ઓઇલ કંપની (ન્યુ જર્સી), ટેક્ષાસ ઓઇલ કંપની-દરેકના ૬ ટકા અને બીજી વિવિધ અમેરીકન કંપનીઓ મળીને ૫ ટકા; (૨) ઇરાન ઓઇલ કંપની જેની મૂડીની માલિકી નેશનલ ઇરાનિયન ઓઇલ કંપનીની છે.

કતાર : કતાર પેટ્રોલીયમ કંપની જેની મૂડીની માલિકી ઇરાક પેટ્રોલીયમ કંપનીની છે.

બેહેરીન : બેહેરીન પેટ્રોલીયમ કંપની જેની મૂડીની માલિકી સ્ટાંડર્ડ ઓઇલ કંપની-કેલીફોર્નિયા અને ટેક્ષાસ ઓઇલ કંપની-બન્નેની સરખી છે.

કુવાઇત અને સાઉદી અરેબીયા વચ્ચેની તટસ્થ પ્રદેશ-પટ્ટી:- અમેરીકન ઇન્ડીપેન્ડન્ટ ઓઇલ કંપની અને પેસિફિક વેસ્ટર્ન ઓઇલ કોરપોરેશન જેની મૂડીની માલિકી વિવિધ અમેરિકન કંપનીઓની છે.

ઇજીપ્ત : એંગ્લો ઇજીપ્શીયન ઓઇલ ફીલ્ડસ જેની મૂડીની માલિકી બ્રિટિશ પેટ્રોલીયમ અને રોયલ ડચ શેલ કંપની-દરેકની ૩૦.૮૯ ટકા; ઇજીપ્તની સરકાર-૯.૫ ટકા અને ખાનગી રોકાણ કરનારાઓની-૨૮.૭૨ ટકા છે, (૨) મોબીલ ઓઇલ ઇજીપ્ત કંપની જેની મૂડીની માલિકી મોબીલ ઓવરસીઝ ઓઇલ કંપનીની છે.

મધ્યપૂર્વમાંના તેલ ક્ષેત્રોમાં અમેરિકાનાં હિત અને રોકાણ યુધ્ધ પહેલાંના સમય કરતાં અત્યારે ઘણુંજ વધી ગયાં છે. ૧૯૩૮ માં મધ્યપૂર્વમાંના તેલના ઉત્પાદનની માલિકીમાં અમેરીકાની કંપનીઓનો ૧૩.૫ ટકા અને બ્રિટીશ-ડચ કંપનીઓનો ૮૪.૬ ટકા હિસ્સો હતો. ૧૯૫૫ સુધીમાં તો અમેરિકન કંપનીઓનો હિસ્સો ૫૦ ટકાથી પણ વધારે થઇ ગયો હતો, જ્યારે બ્રિટીશ અને ડચ કંપનીઓનો હિસ્સો ઘટીને ૩૦ ટકા થઇ ગયો હતો. સાઉદી અરેબિયા અને કુવાઇતિનાં નવાં તેલક્ષેત્રો વિકસાવવામાં અમેરિકાની કંપનીઓએ બહોળો અને બહોળો ભાગ ભજવ્યો તે કારણે, તેમજ ઇરાની સરકાર અને એંગ્લો-ઇરાનીયન કંપની વચ્ચે ૧૯૫૪ માં તેલ અંગેના પડેલ ઝઘડાનો નિકાલ લાવવા માટે ઇરાની સરકાર અને એંગ્લો-ઇરાનીયન કંપની વચ્ચે તેજ વરસમાં સ્થાપિત કરવામાં આવેલ આંતરરાષ્ટ્રીય સમજૂતીની રૂઇએ ઇરાનમાં થયેલ અમેરિકાના હિત અને રોકાણના પ્રવેશના કારણે મધ્યપૂર્વમાંના તેલક્ષેત્રોમાં અમેરિકાની અસર અને લાગવગ વધી ગયાં અને વધતાં જ જાય છે. (સાઉદી અરેબિયામાં અમેરિકન મૂડીનું રોકાણ સોએ સો ટકા અને કુવાઇતમાં પચાસ ટકા છે.)

૧૯૫૫ માં મોટી સાત કંપનીઓએ ઉત્પાદન કરેલ તેલમાંથી મધ્યપૂર્વમાંના પ્રદેશોમાંથી નીચે જણાવ્યા પ્રમાણે તેલનું ઉત્પાદન થયું:-

	મધ્યપૂર્વમાંનું ઉત્પાદન	કુલ ઉત્પાદન
	(આંકડા કરોડની સંખ્યામાં)	
બ્રિટીશ પેટ્રોલીયમ કંપની	૪.૩૪	૪.૩૪
ગલ્ફ ઓઇલ કંપની	૨.૮૭	૪.૮૪
શેલ કંપની	૧.૧૮	૭.૮૯
સ્ટાંડર્ડ ઓઇલ કંપની (ન્યુ જર્સી)	૨.૦૦	૧૧.૬૬
સ્ટાંડર્ડ ઓઇલ કંપની (કેલીફોર્નિયા)	૧.૬૧	૩.૭૬
ટેક્ષાસ ઓઇલ કંપની	૧.૬૧	૫.૬૪
સોકોની મોબીલ કંપની	૧.૬૯	૩.૧૯

મધ્યપૂર્વમાંના તેલ ઉપર પાશ્ચાત્ય દેશોનું અવલંબન જેમ જેમ વધતું જાય છે તેમ તેમ તેની સાથે મધ્યપૂર્વમાંના તેલ ઉત્પાદન કરતા દેશોની રાષ્ટ્રીય આવકમાં જબરદસ્ત વધારો અને ઉમેરો થતો રહે છે અને તે બે કારણે: (૧) તેમના તેલનું વધતું અને વધતું ઉત્પાદન, (૨) વિશેષ કરીને ઉત્પાદનના પ્રમાણમાં વિશેષ અને વિશેષ વળતર. ૧૯૫૦ માં મધ્યપૂર્વમાંના દેશોએ તેલ માટેના સ્વામિત્વના ૧૮.૬ કરોડ ડોલર મેળવ્યા હતા; પાંચ વરસ પછી એટલે કે ૧૯૫૫ માં તેમણે ૬૧.૩ કરોડ ડોલર મેળવ્યા. કુવાંઇત રાજ્યે ૧૯૫૦ માં ૧.૨ કરોડ ડોલર પ્રાપ્ત કર્યા હતા, પરંતુ ૧૯૫૫ માં તો તે ૨૦ કરોડ ડોલરનો આંકડો આંબી ગયું એટલે કે તે બે લાખ માનવોની વસતી ધરાવે છે હિસાબે માથા દીઠ ૧૪૦૦ ડોલરની આવક થઇ-જે આવક તેની રાષ્ટ્રીય આવકનો લગભગ ૯૦ ટકા ભાગ થાય છે. સાઉદી અરેબિયામાં પણ સમયના થોડા વધારે ગાળા દરમિયાન તે પ્રમાણે જ થયું છે. ૧૯૪૬ સાઉદી અરેબિયાએ તેલ માટેના સ્વામિત્વના ૧.૩ કરોડ ડોલર મેળવ્યા હતા, તો ૧૯૫૫ માં તેણે ૨૮ કરોડ ડોલર મેળવ્યા. ઇરાકની તેલની આમદાની ૧૯૫૦ માં ૧.૪ કરોડ ડોલરની હતી તે વધીને ૧૯૫૫ માં ૨૨.૩ કરોડ ડોલરની થઇ-એટલે કે ઇરાકની રાષ્ટ્રિય આવકમાં આ આમદાનીનો લગભગ ત્રીજો હિસ્સો થયો, અરે, સિરીયા-જેમાં તેલ ઉત્પન્ન થતું નથી-જેવો દેશ પણ આ વિકાસ ઘટનાથી સારી આવક મેળવે છે. ૧૯૫૬ ની સિરીયાની રાષ્ટ્રીય આવક પ્રાપ્તિમાં લગભગ દસમો હિસ્સો ઇરાક પેટ્રોલીયમ કંપનીની પાઇપ લાઇનોના ભાડાની આવકનો હતો.

નવી સમૃધ્ધિ

અઢળક તેલની આ સમૃદ્ધિએ મધ્ય પૂર્વના પા પા પગલી માંડતા અર્થકારણને આશ્ચર્યચકિત કરે એવી ટોચે પહોંચાડી દીધું છે અને આ બધું એટલું અણકલ્પ્યું અને નવું છે કે ત્યાંના જન-સમૂહનો મોટો ભાગ અદ્યાપિ એ હકીકત ગળે નથી ઉતારી શકયો કે તેમના દેશો એક રાતમાં (આંખ મીચીને ઉઘાડતામાં) ભારે દ્રવ્યસંપન્ન અને સમૃદ્ધ થઇ ગયા છે. સાથે સાથે એ પણ હકીકત છે કે જનસમૂહનો આ મોટો ભાગ આ નવી સમૃદ્ધિનો બહુ લાભ પણ મેળવી શકયો નથી. બીજા દેશો કરતાં જ્યાં વિકાસ યોજનાઓ (development projects) પાછળ વધુ અને વધુ નાણાં ખર્ચાય છે તેવા ઇરાક દેશના સામાન્ય પ્રજાજનનું જીવન ધોરણ તો હજી માત્ર બહુ જજીવા જ પ્રમાણમાં ઊંચે આવ્યું છે. એટલે આ કારણે આ દેશની તેલની આવકમાં જો થોડો ઘટાડો થાય યા થોડું નુકશાન થાય તો પણ તેમને આંકડાઓ ઉપરથી આપણે કલ્પના કરીએ તેવી કોઇ મહત્વની અસર થવાનો સંભવ નથી અને તેથી લાંબા લોકોના નીચા જીવન ધોરણની રૂષ્ટિએ, એટલું તો જરૂર કહી શકાય કે મધ્યપૂર્વના દેશોને પોતાના તેલ પૂરવઠામાં આવતા અગર આવનાર-ચાલુ યા લાંબા -વિક્ષેપના અનુસંધાનમાં જે કાંઇ પણ આર્થિક નુકશાન થાય તેને તે દેશો પશ્ચિમ યુરોપના દેશો કરતાં વધારે આસાનીથી સહન કરી શકે તેમ છે.

જો અમેરિકા વધારાનાં તેલવાહક જહાજોની સગવડ આપે અને અમેરિકા તેલ કંપનીઓ પૂરો સહકાર આપે તો કટોકટીના સમયમાં, મધ્યપૂર્વમાંના તેલના પૂરવઠામાં કાંઇ પણ કાપ યા ઘટાડો આવે ત્યારે, તેના બદલે અમેરિકા અને વેનેઝુલામાં ઉત્પાદિત તેલ વધુને વધુ પ્રમાણમાં પશ્ચિમ યુરોપના દેશો માટે મેળવવાનું શકય બને એવો તજ્ઞો-નિષ્ણાતોનો અભિપ્રાય છે.

સુએઝ નહેરના વર્તમાન અવરોધ અને ફીરફુકમાંની તેલની નળીઓના કેટલાક પંપોનો ફૂરચો ઉડાડવાને કારણે આંતરરાષ્ટ્રીય તેલ કંપનીની કાર્યકુશળતાની જબરદસ્ત કસોટી કરે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે.

અત્યાર પૂરતું તો પર્શિયન અખાતમાંથી કેપ ઓફ ગુડ હોપ દ્વારા ભૂમધ્ય સમુદ્રના સિદોન બંદરથી તેલવાહક જહાજો મારફત તેલ પ્રાપ્તિ ચાલુ રહી છે. પરંતુ આમ છતાં જો કદાચ યુધ્ધ ફાટી નીકળે તો આ સગવડો પણ પૂરા જોખમમાં મૂકાવાનો સંભવ રહે છે.

આજની પરિસ્થિતિમાંથી એ હકીકત પણ તરી આવે છે કે મધ્યપૂર્વમાંના તેલ ઉપરનું પાશ્ચાત્ય દેશોનું અવલંબન જેમ વધતું જાય છે તેમ તેમ પાશ્ચાત્ય યુરોપ અને અમેરિકાની જરૂરીયાત અને માંગણી પણ ઝડપી રીતે વધતાં જ જાય છે; અને સંભાળભરી અને ઓછામાં ઓછા કયાસની ગણતરી કરતાં એમ લાગે છે કે આ માંગણી ૧૯૫૫ અને ૧૯૬૦ ના વરસો દરમ્યાન પ્રતિવર્ષે બીજા આઠ ટકા પ્રમાણે અને ૧૯૬૦ અને ૧૯૭૫ નાં વરસો દરમ્યાન પ્રતિવર્ષે બીજા ૬ ટકા પ્રમાણે વધતી રહેવાની. આની સાથે સાથે અમેરિકાએ તેની જરૂરીયાત પ્રમાણે ૧૯૫૫ માં આયાત કરેલ ૬ કરોડ ટનથી થોડા વધુ તેલને બદલે ૧૯૬૦ સુધીનાં વરસો દરમ્યાન તેની જરૂરિયાત ૧૫ કરોડ ટન તેલ આયાત કરવા જેટલી થઈ જશે એવી ધારણા છે. ઉક્ત અંદાજોને ધોરણે એમ ધારવામાં આવે છે કે ૧૯૫૫ માં મધ્ય પૂર્વના તેલનું ઉત્પાદન જે લગભગ ૧૬ કરોડ ટનનું થયું હતું તે ૧૯૬૫ સુધીમાં તો લગભગ દ્વિગુણીત થઇને ૩૦ કરોડ ટન સુધીનું થઈ જશે અને ૧૯૭૫ સુધીમાં તે આગળ વધીને ૬૫ કરોડ ટન-અત્યારે સમગ્ર જગતમાં કુલ જેટલું તેલ ઉત્પાદન થાય છે તેનાથી જરા ઓછું-ના આંકને પહોંચી જશે.

ચોંકાવનારી પરિસ્થિતિ

મધ્યપૂર્વમાંના તેલ ઉપરનું પશ્ચિમનું આ અવલંબન અને તેની સાથે, અણુશકિતના વિકાસ દ્વારા કોઈ પણ મૂળભૂત રાહત પ્રાપ્ત નહિં થાય એવી આજ સુધીમાં આપણને મળેલી નિરાશા-આ બન્ને, પ્રવર્તમાન રાજકીય (રાજદ્વારી) પરિસ્થિતિની ભયજનક સપાટીઓ પ્રત્યે આંગળી ચીંધી રહેલ છે. જો કે ઉપર જણાવેલ તેલની હંગામી ગોઠવણોની દૃષ્ટિએ મધ્યપૂર્વમાંના તેલને હજીસુધી એક ખાસ અનિવાર્ય મહત્વની વસ્તુ તરીકે ન ગણી શકાય, તો પણ આજે ચોતરફ આરંભાયલી વિકાસ યોજનાઓ એવા રાક્ષસી પગલે કૂચ કરી રહી છે કે એક સમય એવો આવી લાગશે કે મધ્યપૂર્વમાંનું તેલ દુનિયા માટે જીવાદોરી-સમું અગત્યનું અને મહત્વનું બની રહેશે. અને આ એક એવો પરિસ્થિતિ વિશેષ છે કે જેનું અસ્તિત્વ જ્યારે બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું ત્યારે હતું જ નહિ. પાછલાં થોડા વરસો દરમ્યાન તેલ ઉત્પાદની કરતી કંપનીઓએ રાજકીય અસ્થિરતા અને બીન-સલામતીને લક્ષમાં રાખીને શકય ત્યાં સુધી તેલ ગાળવાની અને શુદ્ધ કરવાની પોતાની રીફાઇનરીઓની સ્થાપના યુરોપના દેશોમાં કરી છે. આમ છતાં મધ્યપૂર્વમાંના તેલ ઉત્પાદક પ્રદેશો અને ત્યાંના આવન-જાવનના માર્ગ-વ્યવહારોનું નજદીકના ભવિષ્યમાં સંરક્ષણ કરવાનું મુખ્ય કાર્ય પશ્ચિમ યુરોપના રાજદ્વારી નેતાઓનો શિરે રહેશે અને એ કાર્ય તેમનો પૂર્ણ સહકાર, સ્વસ્થતા, ધ્યાન અને એકાગ્રતા માગી લેશે. પાશ્ચાત્ય દેશોના મુખ્ય આર્થિક હિતોની જીવાદોરી સમા આ વિસ્તારમાંથી રશિયાને બાકાત કરવાની, દૂર રાખવાની પશ્ચિમની મુખ્ય ચિંતાને બ્રિટન અને ફ્રાન્સના કસમયના અને ઉતાવળિયા એવા અધકચરા લશ્કરી આક્રમણે (સુએઝ નહેર પરનું આક્રમણ-જેને અધવચ્ચેથી પાછું વાળી લેવાની બ્રિટન અને ફ્રાન્સને ફરજ પડી છે) ટાળી છે કે વધારી દીધી છે તે તો હવે પછીના નજીકના સમયમાં આપણ સર્વને દૃષ્ટિગોચર થવાનું છે.

तुम रहने हो, मैं कर लुँगा

तुं रहेवा दे, हुं करी लઇश

(એક નાટ્ય-છટા)

અરે બચુની બા, સાંભળ્યું કે? તું રહેવા દે, હું કરી લઇશ... તારી તબિયત ઠીક નથી, અને.....રહેવા દે ને, હું કરી લઇશ..... તું આરામથી બેસ તો ખરી.....તારું માથું સખત દુઃખે છે..... તો પણ કામ છોડતી જ નથી. ખાટલા ઉપર શાન્તિથી પડી કેમ નથી રહેતી?.....શું કહ્યું? 'ઘરનું કામ કોણ કરશે?' અરે તેની ફીકર તું શું કામ કરે છે?.....તને કહ્યું તો ખરૂં કે તું રહેવા દે, હું કરી લઉં છું.....ફરી ઉઠી.....તારી તો વાત જ નોખી છે..... અરે, ચુલો સળગાવવા બેઠી.....રહેવા દે.....હું હમણાં સળગાવી દઉ છું.....સળગાવી પણ દીધો?.....વાહ ભારે કરી! તું પણ ભાઈ ભારે છો.....અરે આ શું? ચાની તપેલી પણ ચડાવી દીધી? .....ઓ ભગવાન? તને કોઇ પહોંચે તેમ નથી.....તારી તબિયત નરમ છે ને.....ચાર પાંચ દિવસથી તને માથાનો દુખાવો રહે છે.....શરીરમાં તાવ ભરાયો છે.....તારૂં મોઢું લાલચોળ દેખાય છે.....ઉધરસને લીધે બેાં બેાં કરી રહી છે..... અંગે અંગ તુટી રહ્યું છે..... તો પણ આટલી ઠંડીમાં શું કામ દોડાદોડ કરે છે?..... હું સાચું કહું છું, રહેવા દે, હું હમણાં બધું જ કામ કરી લઉં છું .....નિરાંત કરીને બેસતી કેમ નથી?.....શાન્તિથી ખાટલામાં પડી રહેને.....આરામ કર, જરા ચા પી, બે ચાર વાતો કર.....તું તો ખરેખર ભારે હઠીલી છે.....એમ નહિ તો, તમારી બૈરાંની જાત જ એવી છે. કોઇની વાત સાંભળવાના તો સમ ખાધા.....તો પછી મારી વાત તો સાંભળે જ શાની?.....ઊંહ, તેનું તો નામ જ ન લેતા.....ઠીક પણ, મારી આટલી વાત તો સાંભળ.....અરે આ શું? ચા પણ કરી નાંખી?.....વાહ ભારે ભાઈ, બૈરી હો તો આવી હોજો .....ચા કેવી સરસ બનાવી છે?.....અરે, પણ તેં તો પીધી નહિ..... ખરેખર તું તો કમાલ છે.....અરે, બાલદી લઇને પાછી કયાં ચાલી? કુવા ઉપર?.....વાહ.....મગજ ઠેકાણે નથી કે શું?.....શરીર તો તાવતું માર્યું બળું બળું થઈ રહ્યું છે અને ચાલી લહેરથી કુવા ઉપર પાણી ભરવા? અરે, ચક્કર આવશે, પડી જઇશ, તું રહેવા દે, હું હમણાં બધું કામ પતાવી લઉં છું.....પાણી તે કેટલું ભરવાનું છે.....આખરે તો દશ જ બાલદીને?.....હું હમણાં જ એક કલાકમાં ભરી લઉં છું.....તારી તબિયત બગડી જશે..... અરે વાહ, હજી હું કહું છું એટલામાં ચાર બાલદી તો ભરી આવી પણ ખરી.....હવે તો માત્ર છ જ બાલદી ભરવાની બાકી છે ને? .....હવે રહેવા દે, હું ભરી આવું છું, તું શું કામ દોડાદોડ કરે છે? .....શું કહ્યું.....'તમને નકામી તકલીફ'.....અરે, તારી તે બુધ્ધિ બહેર મારી ગઈ છે કે શું? એમાં તકલીફ કેવી? બૈરીની તબિયત ઠીક ન હોય તો શું પુરૂષે કામ કરવું ન જોઇએ?.....જરા પેલા મગનભાઇને તો જો-કેવો મોટો અમલદાર છે?.....પણ બૈરીનું બધું કામ એ બીચારો કરે છે.....શું કહ્યું? બધું પાણી ભરી લીધું?..... વાહ! બૈરી હો તો તારી જેવી!.....હવે વળી હાથમાં સાવરણી લઇને કયાં ચાલી?.....ઘરમાં સંજવારી કાઢવા.....વાહ! મને સંજવારી કાઢતાં શું શરમ આવે છે? તું રહેવા દે, હું હમણાં સંજવારી કાઢી લઉં છું.....સાચું કહું છું જરા ધીરજ ધર, આરામ કર, આ પાણી પી,.....થોડો વખત ચુપચાપ ખાટલામાં પડી રહે.....અરે દશ વાગ્યા લાગે છે.....ત્યારે તો ઓફીસમાં જવાનો વખત થઈ ગયો .....ચુલા ઉપર જરા ખીચડી મુકી દેને.....બાકી બધું હું કરી લઇશ-ચાલ જરા જલ્દી કર.....ઠીક ઠીક, તું રહેવા દે. હું કરૂં છું...

'મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલ હિંદી અનુવાદ ઉપરથી

મૂળ મરાઠી : શ્રી. પ્રભાકર ભેંડે

ચૂંટણી - પરિણામોની સમીક્ષા

(જે ચૂંટણીના ઝંઝાવાતમાંથી આપણે હવે લગભગ છૂટા થયા છીએ અને જેનાં મોટા ભાગના પરિણામો હવે બહાર પડી ચૂક્યાં છે તેની સમીક્ષા પ્રબુધ્ધ જીવનના વાચકો માટે તૈયાર કરવાની હું ચિન્તામાં હતો એ દરમિયાન, 'જીવન માધુરી'ના તંત્રી શ્રી સોપાનને મળવાનું બન્યું અને તેમણે 'જીવન માધુરી' માટે તૈયાર કરેલી સમીક્ષા મને જોવા આપી અને મને જેની અપેક્ષા હતી તે તૈયાર મળી ગયા જેવું લાગ્યું. તેથી તેનો પ્રબુદ્ધ જીવન માટે ઉપયોગ કરવા મેં તેમની અનુમતિ માગી, જે મળતાં પ્રસ્તુત સમીક્ષા નીચે સાભાર પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

આ અંક પ્રગટ થશે ત્યાં સુધીમાં સામાન્ય ચૂંટણીનાં લગભગ બધાં જ પરિણામો જાહેર થઈ ગયાં હશે. આ લખાય છે ત્યાં સુધીમાં (તા. ૨૪ માર્ચ) જે પરિણામો આવ્યાં છે તેનો કોઠો નીચે આપ્યો છે. આ ઉપરથી સમજાશે કે કેન્દ્રો અને રાજ્યોમાં બીજા પાંચ વર્ષ માટે સત્તાનાં સૂત્રો–કોના હાથમાં આવશે તે તો નક્કી થઈ ગયું છે. હવે હિમાચલ પ્રદેશ અને બીજા થોડાક હિમાચ્છાદિત વિસ્તારોની ચૂંટણી બાકી રહે છે. રાજ્યોની વિધાન પરિષદોની ચૂંટણીઓ પણ હવે પછી થશે, પરંતુ તેનું પ્રમાણ લગભગ વિધાનસભાઓ જેટલું જ રહેશે. એ પછી રહેશે. એ પછી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી થશે. આખા દેશમાં કૉંગ્રેસની ઘણી મોટી બહુમતિ હોવાથી એ પદ માટે કૉંગ્રેસના જ ઉમેદવારોની પસંદગી થવાની છે.

હર્ષ-શોકની લાગણી

સામાન્ય ચૂંટણી દરમિયાન લોકશાહી દેશના એક નાગરિક તરીકે હર્ષ અને શોકની મિશ્ર લાગણી ઉપજે એવું ઘણું બની ગયું છે. હર્ષ એટલા માટે કે ૮૦-૮૫ ટકા લોકો નિરક્ષર હોવા છતાં એમની સાદી સમજથી પ્રમાણમાં ઘણી સારી રીતે એમણે પોતાના વહિવટકર્તાઓની પસંદગી કરી છે અને થોડાક પ્રદેશોના અપવાદો બાદ કરતાં ચૂંટણી શાંતિપૂર્વક થઇ છે ને મતદાન પણ સારા પ્રમાણમાં થયેલું છે. શોક એટલા માટે કે ચૂંટણીના પ્રચારમાં લોકશાહીનું ઉચ્ચ ધોરણ જાળવવામાં આપણે યોગ્ય પ્રમાણમાં સફળ થઈ શકયા નથી. જ્ઞાતિ, કોમ, ધર્મ, પ્રદેશ વગેરેના અભિમાનથી પ્રજા ખેંચાઇ છે ને ઉમેદવારોએ તથા પક્ષોએ તેને ખેંચી છે. 'લોકશાહીમાં વિરોધ પક્ષ હોવો જોઇએ' એ સૂત્રે પણ ઘણી ભ્રમણા ફેલાવી છે. સરકારને અને સત્તાધારી પક્ષને જાગૃત રાખવા, તેના પર અંકુશ મૂકવા અને જરૂર પડે તો રાજ્યધૂરા હાથમાં લેવા માટે વિરોધ પક્ષ જોઇએ જ એમાં શંકા નહિ, પરંતુ આવો વિરોધ પક્ષ ન કૃત્રિમ રીતે ઉભો કરી શકાય, ન ધ્યેય–કાર્યક્રમમાં કશા જ મેળ વિનાના પક્ષો કે લોકોને એકત્ર કરીને રચી શકાય. આમ છતાં આ ચૂંટણીમાં એવું બન્યું છે.

કૉંગ્રેસ અને બીજા પક્ષો

દેશની ચૂંટણીના પરિણામોનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કરીએ તો એમ કહી શકાય કે કૉંગ્રેસની સત્તા અને લાગવગ સામે સબળ પડકાર ફેંકાયો છે. લોકસભામાં કે રાજ્યની વિધાનસભાઓમાં ૧૯૫૧-૫૨ ની ચૂંટણી જેવી કૉંગ્રેસને સફળતા મળી નથી. આનાં કારણોમાં એક કારણ એ પણ હોઈ શકે કે ૧૯૫૨ માં પહેલી જ ચૂંટણી થતી હતી અને ત્યારે કસોટી કરવા જેવું ખાસ કંઈ નહોતું. બીજું કારણ આ વખતના સંયુકત મોરચાઓનું, ત્રીજું અને મહત્વનું કારણ કૉંગ્રેસની આંતરિક નબળાઈ અને અંદરના વિખવાદોનું, ચોથું કારણ કૉંગ્રેસી સરકારોના વહિવટીતંત્રની અનેક ગંભીર ખામીઓનું, પાંચમું કારણ બીજી હરોળના એટલે કે સ્થાનિક આગેવાનોની નિર્બળતા કે સામાન્યતાનું. કૉંગ્રેસે આ બધાં કારણો ઉપર વિચાર કરીને પોતાની સ્થિતિ હવે સુધારવા માંડવી જોઇએ. આ વખતે કૉંગ્રેસ માટે અનુકૂળ એવા કેટલાક સંયોગો હતા. તે પાંચ વર્ષ પછી કદાચ ન પણ હોય એમ સમજીને કૉંગ્રેસ પોતાના પરાજયનાં કારણો દૂર નહિ કરે તો તેને જ નહિ પણ આખા દેશને નુકસાન થશે. કારણ કે હજી સુધી દેશમાં બીજો કોઈ નિશ્ચિત ધ્યેય, કાર્યક્રમ, સંગઠન અને લોકવિશ્વાસ ધરાવતો પક્ષ હસ્તીમાં આવ્યો નથી. કૉંગ્રેસ જો ચેતે નહિ અને વિરોધ પક્ષો સારી રીતે વર્તે નહિ તો આ દેશની દશા પાકિસ્તાન કે ઈન્ડોનેશિયા જેવી થાય તે સમજી લેવાનું છે.

૧૯૫૨ ની ચુંટણી

ચૂંટણીના પરિણામોની તુલના કરતી વેળાએ ૧૯૫૨ ની ચૂંટણીઓને પણ લક્ષમાં લઇએ. એ વખતે નીચે પ્રમાણે પરિણામ આવ્યું હતું:

કેન્દ્રીય લોકસભા

પક્ષનું નામ	સાચું મતદાન	મતદાનના ટકા	બેઠકો
કૉંગ્રેસ	૪૭,૫૨૮,૦૧૧	૪૪·૮૫	૩૬૨
સમાજવાદી પક્ષ ...	૧૧,૧૨૬,૩૪૪	૧૦·૧૫	૧૨
કિ. મ. પ્રજા પક્ષ ...	૬,૧૫૮,૭૮૨	૫·૮૫	૯
સામ્યવાદી પક્ષ અને ઉદ્ધામવાદી મોરચો ...	૪,૭૨૨,૦૦૯	૪·૪૫	૨૩
જનસંઘ	૩,૨૩૬,૩૬૧	૩·૦૫	૫
દલિતવર્ગ	૨,૫૦૧,૯૬૪	૨·૩૦	૨
રામરાજ્ય પરિષદ ...	૨,૦૯૪,૮૧૧	૧·૯૮	૩
કૃષિકાર લોકપક્ષ ...	૧,૪૮૯,૪૮૮	૧·૪૦	૧
હિંદુ મહાસભા ...	૧,૦૪૬,૨૬૩	૦·૯૧	૪
ફૉરવર્ડ બ્લોક (સામ્યવાદી)...	૯૮૮,૨૭૨	૦·૯૦	૧
ઉદ્ધામ સમાજવાદી પક્ષ ...	૩૯૩,૯૮૪	૦·૩૭	૨
ફૉરવર્ડ બ્લોક (સમાજવાદી)	૧૩૩,૯૩૬	૦·૧૩	–
ઉદ્ધામ સામ્યવાદી પક્ષ ...	૨૬,૨૪૫	૦·૦૨	–
બોલ્શેવિક પક્ષ... ...	૨૫,૭૯૨	૦·૦૨	–
બીજા પક્ષો	૭,૬૭૮,૬૬૨	૭·૨૭	૨૬
સ્વતંત્ર	૧૬,૮૪૫,૪૯૫	૧૫·૯૦	૪૧
કુલ ...	૧૦૫,૯૮૬,૪૧૮	૯૬·૮૬	૪૮૯

રાજ્યોની વિધાનસભાઓ

પક્ષ	સાચું મતદાન	મતદાનના ટકા	બેઠકો
કૉંગ્રેસ	૪૩,૬૫૦,૨૬૫	૪૨·૩૪	૨,૨૪૭
સમાજવાદી	૧૦,૦૭૨,૩૧૬	૯·૭૦	૧૨૫
સામ્યવાદી પક્ષ અને ઉદ્ધામવાદીઓ ...	૫,૪૬૩,૩૩૮	૫·૨૫	૧૪૭
કિસાન મજદૂર પ્રજાપક્ષ ...	૫,૨૬૧,૭૭૭	૫·૧૦	૭૭
જનસંઘ	૨,૬૧૭,૮૩૦	૨·૮૧	૩૩
દલિતવર્ગ મહામંડળ ...	૧,૮૦૮,૭૪૨	૧·૭૪	૧૨
રામરાજ્ય પરિષદ ...	૧,૨૬૧,૧૩૫	૧·૨૧	૩૨
કૃષિકાર લોકપક્ષ અને ખેડૂતસંઘ લોકપક્ષ મુંબઈ...	૧,૧૨૬,૨૮૮	૧·૦૮	૨૩
હિંદુ મહાસભા... ...	૮૫૮,૬૬૬	૦·૮૩	૨૦
ફૉરવર્ડ બ્લોક (સામ્યવાદી)...	૮૫૩,૮૧૦	૦·૮૨	૧૬
હિંદનો ક્રાંતિકારી સમાજવાદી પક્ષ ...	૨૪૬,૧૧૪	૦·૨૪	૬
ફૉરવર્ડ બ્લોક (રૂઇકર) ...	૧૮૧,૬૬૪	૦·૧૭	૩
હિંદનો ક્રાંતિકારી સામ્યવાદીપક્ષ	૩૩,૫૨૨	૦·૦૩	—
બોલ્શેવિક પક્ષ... ...	૨૭,૭૨૧	૦·૦૨	—
બીજા પક્ષો	૭,૭૩૭,૧૩૧	૭·૪૫	૨૧૨
સ્વતંત્ર	૨૧,૬૭૪,૨૧૦	૨૧·૧૭	૩૨૬
કુલ ...	૧૦૩,૮૦૦,૨૧૦	૬૬·૬૭	૩,૨૩૦

ચૂંટણી મંડળો (ઇલેકટોરલ કોલેજીઝ)

કોંગ્રેસ	૧૪૬,૮૩૧	૩૮·૩૨	૪૭
સામ્યવાદી પક્ષ ...	૬૦,૬૩૧	૧૫·૮૩	૧૪
સમાજવાદી	૧૩,૬૫૮	૩·૫૬	૧
ફોરવર્ડ બ્લોક (સમાજવાદી)	૨,૭૭૫	૦·૭૨	—
બીજા પક્ષો	૮૫,૬૦૬	૨૨·૩૧	૧૬
સ્વતંત્ર	૭૩,૭૨૭	૧૬·૨૫	૬
કુલ ...	૩૮૩,૧૨૮	૬૬·૬૬	૬૦

વિવિધ રાજ્યોમાં પક્ષવાર સ્થિતિ જોઇએ તો આસામ, બિહાર, મુંબઈ, મધ્યપ્રદેશ, પંજાબ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, હૈદ્રાબાદ, મધ્યભારત, મહિસૂર, સૌરાષ્ટ્ર, અજમેર, ભોપાળ, કુર્ગ, દિલ્હી, હિમાચળ પ્રદેશ, વિંધ્યપ્રદેશ અને કચ્છમાં કોંગ્રેસને સહજ બહુમતિ મળી હતી. રાજસ્થાનમાં ૧૬૦ માંથી કોંગ્રેસે ૮૨ બેઠકો મેળવી હતી.

બીજી બાજુ, મદ્રાસ, ઓરિસ્સા, ત્રાવણકોર–કોચીન, મણિપુર અને ત્રિપુરામાં કોંગ્રેસને બહુમતિ મળી ન હતી. મદ્રાસમાં કુલ ૩૭૫ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૫૨, ઓરિસ્સામાં ૧૪૦ માંથી ૫૭, ત્રાવણકોર–કોચીનમાંથી ૧૦૮ માંથી ૪૩ મળી હતી.

૧૯૫૭ નાં પરિણામો

૧૯૫૭ ચૂંટણીપરિણામો નીચે મુજબ આવ્યાં છે:

લોકસભા

રાજ્ય	બેઠકો	કોંગ્રેસ	પ્ર. સ.	સામ્ય.	બીજાઓ	કુલ
આંધ્ર	૪૩	૩૭	૦	૪	૨	૪૩
આસામ	૧૨	૯	૨	૦	૦	૧૧
બિહાર	૫૩	૩૩	૨	૦	૧૦	૪૫
મુંબઇ	૬૬	૩૩	૪	૪	૧૯	૬૦
કેરળ	૧૮	૬	૧	૯	૨	૧૮
મધ્યપ્રદેશ	૩૬	૨૩	૦	૦	૧	૨૪
મદ્રાસ	૪૧	૨૯	૦	૨	૮	૩૯
મહિસુર	૨૬	૨૩	૧	૦	૨	૨૬
ઓરિસ્સા	૨૦	૫	૦	૧	૫	૧૦
પંજાબ	૨૨	૧૯	૦	૧	૦	૨૦
રાજસ્થાન	૨૨	૧૭	૦	૦	૨	૧૯
ઉત્તર પ્રદેશ	૮૬	૫૩	૪	૦	૮	૬૬
પશ્ચિમ બંગાળ	૩૬	૧૬	૩	૩	૩	૨૫
દિલ્હી	૫	૫	૦	૦	૦	૫
મણિપુર	૨	૧	૦	૦	૧	૨
ત્રિપુરા	૨	૧	૦	૧	૦	૨
હિમાચલ	૪	બાકી	બાકી	બાકી	બાકી	બાકી
કાશ્મીર	૬	,,	,,	,,	,,	,,
	૫૦૦	૩૧૦	૧૭	૨૫	૬૩	૪૧૫

વિધાનસભાઓ

રાજ્ય	બેઠકો	કોંગ્રેસ	પ્ર. સ.	સામ્ય.	બીજાઓ	કુલ
આંધ્ર	૩૦૧	૨૧૫	૨	૩૬	૪૮	૩૦૧
આસામ	૧૦૮	૭૧	૮	૪	૨૪	૧૦૭
બિહાર	૩૧૮	૧૮૮	૨૯	૭	૬૮	૨૯૨
મુંબઇ	૩૯૬	૨૩૨	૩૬	૧૮	૧૦૬	૩૯૨
કેરળ	૧૨૬	૪૩	૯	૬૦	૧૪	૧૨૬
મધ્ય પ્રદેશ	૨૮૮	૨૩૧	૧૨	૨	૪૨	૨૮૭
મદ્રાસ	૨૦૫	૧૫૧	૨	૪	૪૮	૨૦૫
મહિસુર	૨૦૮	૧૫૦	૧૮	૨	૩૮	૨૦૮
ઓરિસ્સા	૧૪૦	૫૬	૧૧	૯	૬૪	૧૪૦
પંજાબ	૧૫૪	૧૧૮	૧	૬	૨૭	૧૫૨
રાજસ્થાન	૧૭૬	૧૧૭	૧	૧	૫૫	૧૭૪
ઉત્તર પ્રદેશ	૪૩૦	૨૮૫	૪૪	૯	૮૮	૪૨૬
પશ્ચિમ બંગાળ	૨૫૨	૧૪૧	૨૧	૪૩	૩૧	૨૪૬
	૩૧૦૨	૧૯૬૮	૧૬૪	૨૦૧	૬૫૩	૩૦૪૬

ઉપરાંત મણિપુર અને ત્રિપુરામાં ચૂંટણીમંડળો માટે ચૂંટણી થઇ તેનાં પરિણામો આવ્યાં છે. મણિપુરની ૩૦ બેઠકોમાં કોંગ્રેસ ૧૨, પ્રજા સમાજવાદી ૭, સામ્યવાદી ૪ અને બીજા પક્ષોને ૭ બેઠકો મળી છે. ત્રિપુરામાં કોંગ્રેસ ૧૫, સામ્યવાદી ૧૨ અને બીજા પક્ષને ૩ બેઠકો પ્રાપ્ત થઇ છે.

આ પત્રના વાચકોને ગુજરાતની ચૂંટણીમાં વિશેષ રસ હોય એ સ્વાભાવિક છે. ગુજરાતનાં ત્રણ વિભાગો: કચ્છ, સૌરાષ્ટ્ર અને બાકીનું ગુજરાત એનાં જિલ્લાઓ કુલ ૧૫, બેઠકો કચ્છની ૫, સૌરાષ્ટ્રની ૩૬, બાકીના ગુજરાતની ૯૧ આમાંથી ૧૬૨ની બે બેઠકોની ચૂંટણી મોકુફ રહી છે. નીચે ૧૩૦ બેઠકોનાં પરિણામો આપ્યાં છે તેમાં ૩ બેઠકો કોંગ્રેસને બિનહરીફ મળી હતી.

જિલ્લો		કોંગ્રેસ		બીજા બધા પક્ષો	
	કુલ બેઠકો	મળેલી બેઠકો	મળેલા મતો	મળેલી બેઠકો	મળેલા મતો
અમદાવાદ ...	૧૪	૫	૨,૪૩,૯૦૮	૯	૩,૮૪,૩૯૬
ખેડા ...	૧૩	૮	૩,૧૧,૧૨૫	૫	૩,૧૦,૭૭૪
વડોદરા ...	૧૦	૧૦	૨,૬૧,૦૮૨	૦	૧,૭૮,૬૩૦
ભરૂચ ...	૬	૫	૧,૨૨,૪૮૧	૧	૮૭,૩૪૬
પંચમહાલ ...	૯	૭	૧,૧૭,૬૪૨	૨	૧,૧૪,૭૭૩
સુરત ...	૧૫	૧૩	૫,૦૮,૩૮૬	૨	૨,૩૨,૩૪૭
મહેસાણા ...	૧૨	૧	૧,૬૩,૧૬૫	૧૧	૩,૪૬,૮૩૪
બનાસકાંઠા ...	૬	૬	૧,૧૨,૨૩૬	૦	૭૫,૬૩૧
સાબરકાંઠા ...	૬	૬	૭૬,૬૧૭	૨	૭૮,૮૭૦
ગોહિલવાડ ...	૧૦	૬	૧,૫૮,૧૩૫	૧	૬૬,૮૧૩
મ. સૌરાષ્ટ્ર ...	૮	૮	૧,૭૦,૮૭૬	૦	૬૪,૬૦૬
હાલાર ...	૫	૫	૬૦,૧૫૧	૦	૨૫,૫૨૩
સોરઠ ...	૬	૬	૨,૦૨,૬૬૨	૦	૬૮,૬૧૫
ઝાલાવાડ ...	૪	૪	૧,૫૪,૨૭૦	૦	૪૨,૫૬૨
કચ્છ ...	૫	૫	૭૦,૨૪૬	૦	૩૮,૨૬૪
કુલ ...	૧૩૨	૯૭	૨૭,૬૩,૩૨૧	૩૩	૨૧,૪૬,૮૮૦

મુંબઈ વિધાનસભાની કુલ ૩૬૬ બેઠકોમાંથી ૪ ની ચૂંટણી મે માસમાં થશે. બાકીની ૩૬૨ બેઠકોમાં વિભાગવાર પરિણામ નીચે મુજબ છે:

વિભાગ	કોંગ્રેસ	બીજા પક્ષો	કુલ
કચ્છ	૫	૦	૫
સૌરાષ્ટ્ર	૩૫	૧	૩૬
ગુજરાત	૫૭	૩૨	૮૯
મુંબઈ શહેર	૧૩	૧૧	૨૪
મહારાષ્ટ્ર	૩૨	૧૦૧	૧૩૩
વિદર્ભ	૫૫	૮	૬૩
મરાઠાવાડા	૩૫	૭	૪૨
	૨૩૨	૧૬૦	૩૬૨

આમાં ગુજરાતની બાજુએ અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં કોંગ્રેસને હાર મળી અને મહારાષ્ટ્રની બાજુએ મરાઠાવાડા અને વિદર્ભ સિવાયના મહારાષ્ટ્ર વિભાગમાં તો કોંગ્રેસના ભુક્કા બોલી ગયા એમ કહી શકાય. આ વિભાગની ૧૩૩ બેઠકોમાંથી કોંગ્રેસને માત્ર ૩૨

બેઠકો મળી છે, જ્યારે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ ૯૯ બેઠકો જીતી ગઈ છે. બે બેઠકો સ્વતંત્ર સભ્યોને મળી છે. મારી દૃષ્ટિએ તેની પણ સરસાઈ છે. જિલ્લાવાર જોઇએ તો કોલાબાની ૮, રત્નાગિરીની ૧૪, અને કોલ્હાપુરની ૧૧ બેઠકોમાંથી કોંગ્રેસને એક પણ બેઠક મળી નથી. એક સોલાપુર અને પૂર્વ ખાનદેશ સિવાય કોઈ સ્થળે કોંગ્રેસની સરખાઈ દેખાઈ નથી. કોંગ્રેસના અનેક મહારથીઓ મહારાષ્ટ્રના મોરચા ઉપર પરાજય પામ્યા છે. હૈદરાબાદના વિસર્જનને કારણે જેનું જોડાણ અનિવાર્ય હતું તે મરાઠાવાડા અને જેનું જોડાણ ખૂબ વિવાદાસ્પદ બન્યું તે વિદર્ભમાં કોંગ્રેસને જબ્બર ટેકો ન મળ્યો હોત તો સમગ્ર મહારાષ્ટ્ર વિભાગમાં કોંગ્રેસ લઘુમતિમાં આવી જાત.

અત્યારે ત્રણ વિભાગો પ્રમાણે મુંબઈ વિધાનસભાની ૩૯૨ બેઠકોની વહેંચણી નીચે પ્રમાણે થાય છે:

ગુજરાત	મુંબઈ	સમગ્ર મહારાષ્ટ્ર
કોંગ્રેસ ૯૭	કોંગ્રેસ ૧૩	કોંગ્રેસ ૧૨૨
બીજાઓ ૩૩	બીજાઓ ૧૧	બીજાઓ ૧૧૬
૧૩૦	૨૪	૨૩૮

સમગ્ર દૃષ્ટિએ

સમગ્ર દેશના પરિણામોમાં કોંગ્રેસ માત્ર ઓરિસ્સા અને કેરળ સિવાય બધા જ રાજ્યોમાં ચોકખી ને સહ્યર બહુમતિ મેળવી શકી છે, પરંતુ ઘણાં રાજ્યોમાં તેનું બળ ઓછું છે અને સૌથી ધ્યાન ખેંચે એવું તત્વ તો એ છે કે કોંગ્રેસના કેટલાય મહારથીઓ એમની સરખામણીમાં અજાણ્યા અને સામાન્ય ગણાય એવા ઉમેદવારની સામે હારી ગયા છે. આવા હારી ગયેલાઓમાં મુંબઈ રાજ્યનું સ્થાન કદાચ પહેલું આવે એમ છે. જે બે રાજ્યોમાં કોંગ્રેસને બહુમતિ મળી નથી તેમાં કેરળમાં સામ્યવાદી પક્ષ સત્તા પર આવે એવા સંયોગો છે ભારતના ઇતિહાસમાં આ બનાવ ધ્યાન ખેંચનારો ગણાય. ત્રાવણકોર-કોચીનના જૂના રાજ્યમાં પ્રજા સમાજવાદી પક્ષે થોડો વખત સરકાર રચી હતી, પરંતુ તે વખતે કોંગ્રેસના ટેકાથી તેનું અસ્તિત્વ રહી શક્યું હતું. સામ્યવાદી પક્ષને ઘણી નજીવી પણ બહુમતિ પ્રાપ્ત થઈ છે એ નોંધવું જોઇએ. ઓરિસ્સામાં પણ કોંગ્રેસ લઘુમતિમાં છે, પરંતુ ત્યાં શું થશે તે વિષે અનુમાન કરવાનું મુશ્કેલ છે, કારણ કે કોઈ પક્ષ પાસે ચોકખી બહુમતિ નથી. તાત્કાલિક કોઈ જોડાણથી ત્યાં સરકાર રચાય પણ તે ટકી શકે એવા સંયોગો દેખાતા નથી.

ચૂંટણીનું સમગ્ર ચિત્ર ધ્યાનમાં લેતાં એમ લાગે છે કે કોંગ્રેસને વિરોધ પક્ષોથી બોધપાઠ લેવો પડે અને જનતાએ પણ આ પરિણામો જોઇને વિચારવું પડે એવું ઘણું આ ચૂંટણીમાં બની ગયું છે. પક્ષોના નેતાઓ ને સામાન્ય પ્રજા જો ગંભીરતાથી આ પરિણામોનો વિચાર કરશે તો એમાંથી ઘણું શીખવાનું મળી રહેશે એમાં શંકા નથી.

કેરળે આગ સાથે રમત કેમ આદરી?

પહેલી સાર્વત્રિક ચૂંટણી પહેલાં નવા બંધારણ અનુસાર કેરળમાં એક પેટા ચૂંટણી થઈ અને કોંગ્રેસી ધારાસભ્યોથી ઊભરાતી વિધાનસભામાં પહેલો સામ્યાવાદી ભૂગર્ભવાસમાં રહી ચૂંટાયો. થોડા મહિના બાદ ચૂંટણી થઇ એમાં સામ્યવાદીઓએ ૩૬ ઉમેદવારો ઉભા કર્યા અને તેમાંથી ૨૯ ચૂંટાયા. હમણાં જ પૂરી થયેલી બીજી સાર્વત્રિક ચૂંટણીમાં સામ્યવાદીઓએ સો ઉમેદવારો ઊભા રાખ્યા એમાંના સાઠ ચૂંટાઇ આવ્યા. પાંચ સ્વતંત્ર ઉમેદવારો સામ્યવાદી પક્ષના ટેકાથી ચૂંટાયા. અને સ્તબ્ધ દુનિયાએ જાણ્યું કે પાંચ વરસમાં કેરળમાં સામ્યવાદી પક્ષ એટલો મજબૂત થઇ ગયો કે એકલા અટૂલા સામ્યવાદી ધારાસભ્યના સ્થાને, ૧૨૬ સભ્યોની વિધાનસભામાં ૬૫ સામ્યવાદ-તરફી સભ્યો ચૂંટાઇ આવ્યા છે. આ સામે કોંગ્રેસે માત્ર ૪૩ બેઠકો મેળવી છે. સામ્યવાદીઓની એટલી સ્પષ્ટ બહુમતિ છે કે તેમની સામે કોંગ્રેસ બધા વિરોધ પક્ષ સાથે એક થઈ જાય તો પણ કોંગ્રેસ માટે સત્તા ઉપર આવવા માટે કોઇ શક્યતા નથી. કેરળમાં મતપેટી દ્વારા સામ્યવાદી-તરફી ક્રાંતિ થઇ છે.

હિન્દુસ્તાનના દક્ષિણ-છેડે આવેલું કેરળ હિન્દી સંઘનું નાનામાં નાનું રાજ્ય છે. રાજ્યોની પુનર્રચના થઇ તે પહેલા ત્રાવણકોર-કોચીન નામે ઓળખાતા આ રાજ્યનો વિસ્તાર લગભગ પંદર હજાર ચોરસ માઇલનો છે અને વસ્તી એક કરોડ પાંત્રીસ લાખ જેટલી છે. કેરળમાં બીજા કોઈ રાજ્યો કરતાં વધુમાં વધુ શિક્ષિતો અને વધુમાં વધુ બેકારો છે. ગ્રેજ્યુએટ બસ-કંડકટર અને મેટ્રિકયુલેટ પટાવાળો કેરળમાં સામાન્ય ઘટના છે. ગયા વરસે કેરળમાં નવ લાખ બેકારો હતા એવો એક અંદાજ છે. રબ્બર, ચા, જંગલોની પેદાશ વગેરેને કારણે કેરળની આર્થિક સમૃદ્ધિની પૂરી શક્યતા છે. પણ લાંચ-રૂશ્વતની દુનિયામાં જીવતી કેરળની કોંગ્રેસે કેરળની કુદરતી સમૃદ્ધિનો ઉપયોગ કરવા માટે જોઇએ તેટલું લક્ષ આપ્યું નહીં. રોમન કેથોલિક ખ્રિસ્તીઓનું જોર કેરળમાં મોટું છે, કેથોલિક દેવળનું કોંગ્રેસ ઉપર એટલું બધું વર્ચસ્વ છે કે જમીનદારીનો પ્રશ્ન કોંગ્રેસ સરકારે, ગઇ ચૂંટણીમાં થપ્પડ ખાવા છતાં, ઉકેલ્યો જ નહીં. કોંગ્રેસની ઉઘાડી નબળાઇને કારણે સામ્યવાદી તથા પ્રજા-સમાજવાદી પક્ષે કેરળમાં સત્તા પ્રાપ્ત કરવા માટે આ ચૂંટણીમાં ભારે પ્રયાસો કર્યા.

કેરળ ભારતનું 'અસ્થિર રાજ્ય' ગણાય છે. સામ્યવાદીઓને ગણતા, છેલ્લા ચાર વરસમાં ત્યાં ચાર જુદા જુદા પ્રકારની સરકારો રચાઇ. પહેલી સાર્વત્રિક ચૂંટણી પછી કોંગ્રેસ સરકાર સત્તા ઉપર આવી. એ ઉથલી પડતાં, વિધાનસભાનું વિસર્જન થયું. ૧૯૫૪ માં ફરીવાર કેરળમાં ચૂંટણી થઇ. આ ચૂંટણી પછી પણ કોઇ પક્ષને સરકાર રચવા જેટલી સ્પષ્ટ બહુમતી ન મળી. વિધાનસભામાં પોતાના માત્ર ૧૯ સભ્યો હોવા છતાં પ્રજાસમાજવાદી સરકાર ૧૯૫૪ ની ચૂંટણી બાદ સત્તા ઉપર આવી. પ્રજા સમાજવાદીઓએ અગિયાર મહિના રાજ્ય કર્યું. ત્યાર બાદ, કોંગ્રેસ સરકાર ઉથલી પડી, ધારાસભા વિખેરી નાખવામાં આવી અને માર્ચ ૧૯૫૬ માં રાષ્ટ્રપતિનું શાસન કેરળમાં આવ્યું. હવે આ ચૂંટણી પછી સામ્યવાદી સરકાર કેરળમાં રાજ્ય કરશે. આગળની સરકારો અને સામ્યવાદી સરકાર વચ્ચે એક તફાવત છે. આગળની સરકારો પાસે સામ્યવાદી પક્ષ જેટલી સ્પષ્ટ બહુમતિ ન હતી. આમ રાજ્યોની અદ્લાબદલીથી કંટાળી જઈ, આ ચૂંટણીમાં, પ્રજાએ સામ્યવાદીઓને નિર્ણયાત્મક રીતે સત્તા સોંપવાનું નક્કી કર્યું હોય એમ લાગે છે.

આ ચૂંટણીમાં કેરળની પ્રજાએ રાજ્યની વિધાન સભાના ૧૨૬ સભ્યો ચૂંટવાના હતા. રાજ્યના ૭૪,૯૩,૬૨૪ મતદારો હતા. ૫૯,૦૦,૬૮૯ મતદારો એ મત દીધા. લગભગ પંચોત્તર ટકા મતદાન થયું. પ્રજા સમક્ષ પાંચ પક્ષો-સામ્યવાદી, કોંગ્રેસ, પ્રજા સોશ્યાલીસ્ટ (પી. એસ. પી.), રેવોલ્યુશનરી સોશ્યાલિસ્ટ પાર્ટી (આર-એસ-પી) અને મુસ્લીમ લીગ તથા સ્વતંત્ર ઉમેદવારો હતા. સામ્યવાદીના ૧૦૦ ઉમેદવારો હતા તેમાંથી ૬૦ ચૂંટાઇ આવ્યા. કોંગ્રેસના ૬૨૪ ઉમેદવારોમાંથી ૪૩ ચૂંટાઈ આવ્યા. પી. એસ. પી. ના બાસઠમાંની નવ જીત્યા, મુસ્લીમ લીગના અઢારમાંથી આઠ જીત્યા, ૪૮ સ્વતંત્ર ઉમેદવારોમાંથી છ જીત્યા. (જીતેલા છ સ્વતંત્ર ઉમેદવારોમાંથી પાંચ સામ્યવાદી-પક્ષના ટેકાથી ચૂંટાઈ આવ્યા હતા.) આર. એસ. પી. ના અઠ્ઠાવીસ ઉમેદવારોમાંથી એક પણ ચૂંટાઇ ન શક્યો.

મતની દૃષ્ટિએ કોંગ્રેસ પક્ષને સૌથી વધુ મત મળ્યા. કોંગ્રેસને ૨૨,૧૦,૨૫૧ મત મળ્યા. કુલ મતદાનના એ લગભગ સાડી સાડત્રીસ ટકા થયા. ૧૯૫૪ ની ચૂંટણીમાં કોંગ્રેસને પીસતાલીસ ટકાથી વધુ મતો મળ્યા હતા. કોંગ્રેસ પછી મતની દૃષ્ટિએ સામ્યવાદીઓ આવે છે. તેમને ૨૦,૫૯,૫૪૮ મત મળ્યા, જે કુલ મતદાનના લગભગ પાંત્રીસ ટકા થાય છે. પ્રજા સમાજવાદી પક્ષને ૬,૨૮,૨૨૭ મત મળ્યા, જે કુલ મતદાનના સાડાદસ ટકા થાય છે. ગઈ ચૂંટણીમાં આ પક્ષને લગભગ સોળ ટકા જેટલા મતો મળ્યા હતા. મુસ્લીમ લીગને ૨,૭૫,૬૨૩

મત મળ્યા, આર. એસ. પી. જેને એક પણ બેઠક ન મળી તેને ૧,૮૮,૫૫૩ મત મળ્યા, અને સ્વતંત્ર ઉમેદવારોને ૪,૭૬,૪૦૨ મત મળ્યા. સ્વતંત્ર સભ્યોએ ૩૦ ડીપોઝીટો ગુમાવી, આ. એસ. પી. એ ૨૨ ડીપોઝીટો ગુમાવી, પ્રજા સોશ્યાલિસ્ટોએ ૨૭ ડીપોઝીટો ગુમાવી, કોંગ્રેસે સાત ડીપોઝીટો ગુમાવી, જ્યારે સામ્યવાદીઓની ત્રણ ડીપોઝીટો ગઈ.

પ્રજાએ કોંગ્રેસ પક્ષને માત્ર ૪૩ બેઠકો આપીને એ પક્ષ પ્રત્યે અણગમો વ્યકત કર્યો હોત તો કોંગ્રેસને સખ્ત આઘાત ન લાગત. કોંગ્રેસની કમ્મર ભાંગી જાય એવો આઘાત લાગ્યો કેરળની કોંગ્રેસી સરકારના મુખ્ય પ્રધાન શ્રી પનમપલ્લી ગોવિંદ મેનનની હારથી. પ્રજા-સમાજવાદી ઉમેદવારે કેરળના કોંગ્રેસી વડાને હરાવ્યા. બીજા મહત્વના કોંગ્રેસી પ્રધાન શ્રી વેલાયુધનને સામ્યવાદીએ હરાવ્યા. કેરળની ઈન્દુકના પ્રમુખ શ્રી કરુણાકરણની હારે પણ કોંગ્રેસનો પ્રતિષ્ઠાભંગ કર્યો. બીજી બાજુ પ્રજાસમાજવાદી સરકારના મુખ્ય પ્રધાન શ્રી પટ્ટમ થાનુ પિલાઇ ચૂંટાઇ આવ્યા. સામ્યવાદીઓના બધા જ અગ્રગણ્ય આગેવાનો સારી બહુમતીથી ચૂંટાઇ આવ્યા. સામ્યવાદી પક્ષની સર્વોચ્ચ સમિતિ પોલિટબ્યુરોનો સભ્ય શ્રી ઇ. એમ. એસ. નમ્બુદીપાદ, કેરળ સામ્યવાદી પક્ષના મંત્રી શ્રી અચ્યુત મેનન, અને ગઇ વિધાનસભાના સામ્યવાદી પક્ષના આગેવાન શ્રી ટી. વી. થોમસને કેરળની પ્રજાએ વિધાનસભામાં ચૂંટી કાઢયા છે.

કેરળની પ્રજાએ કોંગ્રેસની શા માટે આવી નામોશી કરી ? શા માટે લોકશાહીમાં નહીં માનતા સામ્યવાદીઓને કેરળની પ્રજાએ ચૂંટી કાઢી આગ સાથે રમત આદરી ? સામ્યવાદી વિજય માટે ઘણાં કારણો આગળ ધરવામાં આવે છે. કેરળના કોંગ્રેસીઓના એક આગેવાને કહ્યું કે કોંગ્રેસીઓની અંદર અંદરની ફાટફુટને કારણે કોંગ્રેસને શિકસ્ત મળી. રાજ્ય પુનર્રચનાના પરિણામે સામ્યવાદી વલણવાળો મલબાર પ્રદેશ મદ્રાસ રાજ્યમાંથી છૂટો પાડી કેરળ સાથે જોડાયો અને કોંગ્રેસ તરફી તામિલ વિસ્તારને છૂટો પાડી મદ્રાસ સાથે ભેળવ્યો. એથી કોંગ્રેસને સહન કરવું પડયું એ ખરું છે. પણ જવાહરલાલ નહેરુની કોંગ્રેસને પ્રજા પૂરા આડત્રીસ ટકાએ મત ન આપે એની પાછળ કોઇ ઊંડું કારણ હોવું જોઇએ.

કેરળની કોંગ્રેસે પ્રજા સાથે સંપર્ક લગભગ ગુમાવી દીધો છે. પ્રજાના પ્રશ્નો સમજવાની, એનાં દુઃખ દર્દ પોતાના દુઃખ દર્દ કરવાની શકિત કેરળની કોંગ્રેસે ગુમાવી દીધી છે. જમીનદારો, રોમન કેથોલિક સંપ્રદાયના પાદરીઓ, મુડીવાદીઓ અને પ્રત્યાઘાતીઓએ કોંગ્રેસનો કબજો કરી લીધો છે એવી કેરળની પ્રજાના મનમાં છાપ છે. કોંગ્રેસ સરકાર એટલે દુષ્કાળો, ભારે ખર્ચો, તુમારશાહી અને લાંચ રૂશ્વત એવું કેરળમાં કહેવાય છે. દેશની સૌથી વધુ સુશિક્ષિત પ્રજા કેરળમાં છે. આ પ્રજાએ કોઇ માર્ગ ન સૂજવાથી સામ્યવાદીઓને તક આપી જોવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ મંડળે શિસ્તના નામે કેરળની કોંગ્રેસના સડાને ઢાંકયા કર્યો અને હવે જ્યારે જવાળામુખી ભભૂકયો ત્યારે દિલ્હીમાં કેરળ વિશે "ઊંડું દુઃખ અને આઘાત" પ્રવર્તે છે એવા સમાચાર આવે છે ! ડો. એ. આર. મેનન જેવા યુઝર્ગ કોંગ્રેસીએ કોંગ્રેસીઓના સડા વિશે અવાજ ઉઠાવ્યો તો તેમને કોંગ્રેસની બહાર કાઢયા. ડો. મેનન સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહ્યા અને કોંગ્રેસી ઉમેદવારને સીધી ચૂંટણીમાં સખ્ત હાર આપી, કેરળની પ્રજાએ ડો. મેનનને ચૂંટી કાઢી કોંગ્રેસ વરિષ્ઠ મંડળની આંખ ઉઘાડી છે.


દુનિયાના ઇતિહાસમાં પહેલીજ વાર સામ્યવાદીઓ મતપેટી દ્વારા કેરળમાં સત્તા ઉપર આવ્યા છે. અત્યારે તો સામ્યવાદીઓ બંધારણમાં રહી "સ્વચ્છ, પ્રમાણિક અને પ્રગતિશીલ સરકાર"ની વાત કરે છે. પણ કેરળમાં સામ્યવાદી સરકાર હિન્દની લોકશાહી માટે સરવાળે ભયજનક છે. જે લોકોને લોકશાહીમાં શ્રદ્ધા નથી અને જે લોકો સત્તા ઉપર આવતાં લોકશાહી ગુંગળાવી નાખે છે એમને પણ લોકશાહી દ્વારા સત્તા મળે એ લોકશાહીની ભવ્યતા છે અને ભયસૂચિહ્ન પણ છે.

સામ્યવાદીઓ કેરળમાં સત્તા ઉપર આવ્યા તેથી બીજા પ્રાંતોની સરકારોને સાદગી, સ્વચ્છ વહીવટી તંત્ર વગેરે વિશે કદાચ શીખવાનું મળે. ગમે તે હો, હવે દરેક રાજ્ય અને કેંદ્રની સરખામણી કેરળની સરકાર સાથે થશે. સામ્યવાદીઓ જાણે છે કે તેમની કસોટી થઇ રહેલી છે. સામ્યવાદી શિસ્ત અને ફિલસૂફી તેમની મોટી શકિત છે.

લોકશાહી આ દેશમાં ફૂલે ફાલે એવી અભિલાષા હોવાથી સામ્યવાદી સરકાર કયાંય સત્તા ઉપર આવે એથી હર્ષ ન જ થાય. આમ છતાં કેરળની પ્રજાને એક વાત માટે અભિનંદન આપવાનું મન થાય છે. કોંગ્રેસ શ્રી નહેરુને નામે કયારેક ચૂંટણી જીતવા ઇચ્છતી હોય છે. શ્રી નહેરુ પણ આ જાણે છે. તેઓ કેરળ ગયા. લાખો લોકો તેમને સાંભળવા આવ્યા. પણ કેરળની પ્રજાએ મત તો પોતાની ઇચ્છા પ્રમાણે જ આપ્યો. કેરળનાં નહેરુ–સિક્કો બહુ વપરાઇને ઘસાઇ ગયો છે. "શ્રી નેહરુ પ્રત્યે આદર, પણ મત તો પ્રજાની સેવા કરે અને પ્રજામાં ઓતપ્રોત થઇ જાય તેને જ" એમ કેરળની પ્રજાએ જાહેર કર્યું છે. તંદુરસ્ત લોકશાહીના નિર્માણનું આ શુભ ચિહ્ન છે. **વાડીલાલ ડગલી**

પ્રકીર્ણ નોંધ

પંડિત સુખલાલજીને મળનાર 'ડૉકટર ઓફ લેટર્સ' ની ઉપાધિ



તા. ૨૨ મીના રોજ મળેલી ગુજરાત યુનિવર્સિટીની સેનેટની સભામાં ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના આચાર્ય શ્રી ઝીણાભાઇ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ) એ નીચે મુજબનો ઠરાવ રજુ કર્યો હતો:–

"ભારતીય વિદ્યાના એકનિષ્ઠ અધ્યયન, અધ્યાપન અને સંશોધનદ્વારા આજીવન વિદ્યોપાસના કરનાર, ન્યાયશાસ્ત્રના પારંગત વિદ્વાન પંડિત સુખલાલજી સંઘવીને ગુજરાત યુનિવર્સિટીના 'ડૉકટર ઓફ લેટર્સ' ની માનાર્હ ઉપાધિ અર્પણ કરવાનો આજે મળેલી સેનેટની સભા ઠરાવ કરે છે, અને તેને મંજુરી આપવા કુલપતિશ્રીને ભલામણ કરે છે."

જણાવતાં આનંદ થાય છે કે સેનેટે આ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો છે.

કોઇ પણ વિશિષ્ટ વ્યકિતને તેની વિદ્વત્તા માટે આવી ઉપાધિથી નવાજવાનો ગુજરાત યુનિવર્સિટી માટે આ સૌથી પહેલો પ્રસંગ છે. કોઇ પણ યુનિવર્સિટી પાસે કોઇ પણ વિશિષ્ટ વિદ્વાનનું અસાધારણ સન્માન કરવા માટે આ પ્રકારનું પદવીપ્રદાન એ એક જ સાધન છે. આવું પદવીપ્રદાન કરવાની પરંપરાની શરૂઆત પંડિત સુખલાલજીથી થાય એ ઉભયપક્ષે ભારે ગૌરવપ્રદ છે. પં. સુખલાલજીની યોગ્યતા માટે તો કોઈ સવાલ જ નથી. આવી પદવી સાધારણ રીતે કોઇ વિરલ વિદ્યાવિભૂતિ માટે કલ્પાયલી હોવા છતાં ઘણી વખત આવી બાબતમાં રાજકારણ પ્રવેશ કરે છે, અને નહિ કે કોઈ અસાધારણ વિદ્યોપાસના અથવા તો સંશોધન–પ્રાવીણ્ય, પણ કેવળ રાજકારણી મહત્ત્વનો ખ્યાલ રાખીને એક યા બીજી વ્યકિતને આવી પદવી આપવાનો નિર્ણય કરવામાં આવે છે. આવી કોઇ પામર વૃત્તિનો ભોગ ન બનતાં જેમણે આખું જીવન વિદ્યાવ્યાસંગમાં ગાળ્યું છે અને એટલી જ ઊંડી સત્યનિષ્ઠા અને મૌલિક ચિન્તન વડે જેમની જ્ઞાનોપાસના ઝળકી ઉઠી છે એવી એક સાધુચરિત વ્યકિતને ડૉકટર ઓફ

લેટર્સની પદવી વડે વિભૂષિત કરવાનો ઠરાવ કરીને ગુજરાત યુનિવર્સિટીએ એક પવિત્ર પરંપરા ઉભી કરી છે. આ માટે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી હરસિદ્ધભાઇ દિવેટિયા તેમ જ તેમના સાથીઓને અનેક ધન્યવાદ ઘટે છે. પંડિતજીને પણ આ પ્રસંગે આપણુ સર્વના અન્તરના અનેક અભિનન્દન છે. ગુજરાત યુનિવર્સિટી ભવિષ્યમાં કોઇ પણ વ્યક્તિને આવા સન્માનનું પાત્ર બનાવવામાં ઉપરના ધોરણને સુદૃઢપણે વળગી રહેશે એવી આશા આ પ્રસંગે વ્યક્ત કરવી અસ્થાને નહિ ગણાય.

વડિલોની અન્તિમ ઇચ્છા અને પુત્રપરિવારનું કર્તવ્ય

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં 'એક બહેનની ચર્ચાપત્રની સમીક્ષા' એ મથાળા નીચે પ્રગટ કરવામાં આવેલ લેખના છેડે સૂચવાયેલા પ્રશ્નની આજે આપણે ચર્ચા કરીએ.

એ પ્રશ્ન આ મુજબ છે; જ્યારે માતા, પિતા કે અન્ય વડિલ જન અન્તિમ સમયે પોતાની પાછળ અમુક શુભ કાર્ય કરવાની ભળામણ કરે ત્યારે પાછળ રહેતા પુત્રપરિવારની ફરજ શું ? વડિલોએ વ્યકત કરેલી ઇચ્છાનો તેણે પૂરેપૂરો અમલ કરવો ? કે તે સબંધમાં પુત્રપરિવારને કોઈ વિવેકવિચાર કરવાનો અધિકાર ખરો ?

આ પ્રશ્નનો સામાન્ય ઉત્તર તો એ જ હોઈ શકે કે પોતાના વડિલની ઇચ્છાને પૂરેપૂરું માન આપવું એ પ્રત્યેક પુત્રપરિવારનો ધર્મ છે. જ્યાં વડિલોએ સૂચવેલ શુભ કાર્ય વિષે એટલે કે તેના ઔચિત્ય અને ઉપયોગીતા વિષે પુત્રપરિવારના દિલમાં કોઇ શંકા કે મતભેદ નથી અને આર્થિક પરિસ્થિતિ પણ તદનુકુળ છે, ત્યાં આ પ્રશ્ન ચર્ચવા વિચારવાની કોઈ જરૂર જ ઉભી થતી નથી. પણ જ્યાં વડિલોએ સૂચવેલ શુભકાર્યના ઔચિત્ય કે ઉપયોગીતા વિષે પુત્રપરિવારનો અભિપ્રાય અન્ય પ્રકારનો હોય ત્યાં આ પ્રશ્ન એક નૈતિક સંકટ ઉભું કરે છે અને એવી પરિસ્થિતિમાં વડિલોની આજ્ઞા કે ઇચ્છા સંબંધમાં પુત્રપરિવારને કશો વિકલ્પ ચિન્તવવાનો અધિકાર જ નથી એવો એકાન્ત નિર્ણય કોઇ આપે તો તે વ્યાજબી લાગતો નથી, દા. ત. વડિલ જે શહેરમાં રહેતા ત્યાં એક મોટું દેવાલય બાંધવાની તેમણે અન્તિમ સમયે ઇચ્છા વ્યકત કરી હોય. અને એ શહેરમાં એ સંપ્રદાયનાં અનેક દેવાલયો અસ્તિત્વમાં હોય અને તેમાં એક વધારે દેવાલય ઉભેરવાની કોઇ પણ જરૂર ન હોય. આ પરિસ્થિતિમાં પુત્ર એમ વિચારે કે જ્યાં અનેક મંદિરો છે ત્યાં એક વધારે મંદિર ઉભું કરું તેના બદલે જ્યાં એક પણ મંદિર નથી અને જ્યાંના ગામ લોકોને એવા એક મંદિરની ખાસ જરૂર છે ત્યાં પિતાશ્રીની ઇચ્છા મુજબ મંદિર બંધાવું તો વધારે ઉચિત લેખાશે. આ સંયોગમાં આ વિચાર ખોટો છે અને પિતાએ સૂચવેલ હોય એ જ સ્થળે આ મંદિર બંધાવવું જોઇએ એમ કોઈ સમજદાર આદમી ભાગ્યે જ કહેશે.

આવી જ રીતે પિતા પોતાની પાછળ લક્ષચંડી યજ્ઞ કરવાનું કહી જાય અને પુત્રને એવા યજ્ઞ પાછળ વિપુલ દ્રવ્ય ખરચવું કેવળ નિરર્થક અને બીનજરૂરી લાગતું હોય અને પરિણામે યજ્ઞને બદલે ઉદ્યોગગૃહ, અનાથાશ્રમ અથવા વિકાસગૃહ જેવી કોઇ સેવાસંસ્થા ઉભી કરવાનો તે વિચાર કરે તો આજે જ્યારે ભાવના અને આદર્શમાં મોટાં પરિવર્તન થઈ રહ્યાં છે ત્યારે બુધ્ધિપૂર્વક વિચારનાર વર્ગ પુત્રના આ વિચારનું જરૂર અભિનન્દન કરશે અને એમ કહેશે કે આવી સેવાસંસ્થા ઉભી કરની તે જ સાચો યજ્ઞ છે. આ રીતે પિતાની ભલામણના સ્વરૂપમાં ફેરફાર કરનાર પુત્રને કોઇ પિતૃદ્રોહી નહિ કહે, પણ પિતાના સ્થૂલ શબ્દોને અનુસરવાને બદલે તેના ભાવને અનુસર્યા બદલ પુત્ર પ્રત્યે આદરભાવથી જોશે.

આથી આગળ ચાલીને આપણે એક બીજો જ દાખલો વિચારીએ. પિતા દેવીભકત છે અને દેવી સમક્ષ થતાં પશુના બલિદાનને ધર્મકાર્ય સમાન લેખે છે અને અન્તિમ સમયે પોતાની પાછળ અમુક પશુઓનું બલિદાન કરવા પુત્રને આદેશ કરે છે. એ પિતાનો પુત્ર કોઇ સાધુસન્તના સમાગમના પરિણામે આવાં બલિદાનો વિષે ઘૃણા ચિન્તવતો થયો છે અને પિતાની દૃષ્ટિએ દેખાતું ધર્મકાર્ય તેને એકાન્ત અધર્મમય લાગે છે. આ સંયોગમાં પિતાની ઇચ્છાને માન આપવાને બદલે તેને નિડરપણે અવગણવી એ જ પુત્રનો નિર્વિવાદ ધર્મ બને છે. આનો અર્થ એ થયો કે ઊંડા વિચારના પરિણામે નિશ્ચિત થયેલી માન્યતા અથવા તો સિધ્ધાન્તને તદ્દન પ્રતિકુળ એવી વડિલની કોઇ પણ ઇચ્છાનો અમલ કરવાને પુત્ર જરા પણ બંધાયલો નથી.

આ પ્રશ્નનો વિશદ રીતે વિચાર કરવામાં આડે આવે છે આપણામાં ઘર કરી રહેલી એક રૂઢ માન્યતા અને તે એ કે પિતા અથવા વડિલની અન્તિમ કોઈ પણ ઇચ્છાને માન આપીએ તો જ તેમની સદ્ગતિ થાય અથવા તો તેમના આત્માને શાન્તિ મળે. આ એક વહેમ છે. પાછળ રહેલ પુત્રપરિવાર વડિલ પાછળ તેમનું નામ કાયમ રાખવા શું કરે છે અને શું નથી કરતો તેની સાથે મરનારને કોઇ સંબંધ છે જ નહિ. તેણે તો પૂર્વસંચિત કર્મ મુજબ અન્યત્ર પોતાનું જીવન શરૂ કરી દીધેલ હોય છે—જો પુનર્ભવના સિધ્ધાન્તને સ્વીકારીએ તો—અને તેથી તેની સદ્ગતિ યા અસદ્ગતિ, તેની પાછળ પુત્રપરિવાર કંઇ પણ કરે તે પહેલાં, નિર્માણ થઈ ચુકી હોય છે. અને વડિલની ઇચ્છાને માન આપવાથી અને તે મુજબ અમલ કરવાથી શાન્તિ જો કોઇને મળતી હોય તે તે શાન્તિ પાછળ રહેલ પુત્રપરિવારને જ મળે છે અને તે એ રીતે કે જેણે મને મોટો કર્યો અને આટલો કિંમતી વારસો આપ્યો તેની અન્તિમ ઇચ્છા મુજબ મેં કાંઇક કર્યું અને એ રીતે હું કાંઇક ઋણમુકત થયો. તો પછી જો વડિલની અન્તિમ ઇચ્છાનો અમલ આખરે પુત્રપરિવારના આત્મ—સંતોષનો જ વિષય હોય તો એ ઇચ્છા પુરી કરવા પહેલાં પ્રસ્તુત કાર્યની ઉપયોગીતા-અનુપયોગીતા તેમ ઔચિત્ય—અનૌચિત્ય સંબંધે પૂરો વિચાર કરવાનો અને તે અનુસાર વર્તવાનો પ્રત્યેક પુત્રપરિવારને અધિકાર હોવો જ જોઇએ.

એક બાજુ પિતાએ સૂચવેલું શુભ કાર્ય અને બીજી બાજુ તેના ઔચિત્ય—અનૌચિત્ય વિષે પુત્રની અન્ય પ્રકારની માન્યતા અથવા તો અભિપ્રાય—આવો કર્તવ્યસંઘર્ષ આજના સંક્રાન્તિ કાળની ખાસિયત છે અને તેમાં પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે એમ જ થવું જોઇએ એવો એકાન્ત નિયમ અસ્થાને છે. આ પ્રશ્નની વિચારણામાં એક જ બાબત મહત્વની છે અને તે એ કે પિતા યા વડિલની અન્તિમ ઇચ્છા મુજબનું શુભ કાર્ય કરવા ન કરવા સંબંધમાં પુત્રપરિવાર ન પોતાની જાતને છેતરે, ન અન્યને છેતરે. પોતાને પાઈ ખરચવાની વૃત્તિ ન હોય અને આગળ ધરે અંગત માન્યતા યા અભિપ્રાયને. આ રીતે કદિ કદિ દાખવવામાં આવતી—વડિલ પ્રત્યેની નૈતિક યા ધાર્મિક જવાબદારીમાંથી છટકવાની—વૃત્તિ કોઇ પણ સંયોગમાં ઉચિત ન જ લેખાય

મોગલ બાદશાહના વંશજ શ્રી હનુમન્તૈયા

શ્રી કે. હનુમન્તૈયા માઇસોર પ્રદેશના મુખ્ય પ્રધાન હતા તે દરમિયાન ત્યાંની ધારાસભાઓ માટે તેમની દેખરેખ નીચે એક ભવ્ય મહેલ બાંધવામાં આવ્યો હતો. આ મહેલ પાછળ દ્રવ્યનો અનર્ગળ વ્યય થતાં તે સામે મોટો પોકાર ઉઠયો હતો, જેના પરિણામે તેમને રાજીનામું આપવું પડ્યું હતું ત્યાર બાદ આ મહેલ જેને 'વિધાન સુધા' ના નામથી ઓળખવામાં આવે છે તેના બાંધકામ વગેરે પાછળ થયેલા ખર્ચ સંબંધમાં એક વગદાર તપાસ—સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ પ્રગટ કરેલા રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે "ધારાસભાના આ મહેલના બાંધકામ દરમિયાન શ્રી હનુમન્તૈયાએ કોઇ પણ વખતે તેના ખર્ચના પ્રશ્નનો કદિ વિચાર જ કર્યો નહોતો. આર્થિક ગણતરી, જાહેર મકાનના બાંધકામ અંગેની કરકસરને લગતા પાયાના સિધ્ધાન્તો, એટલું જ નહિ પણ આવા મોટા મકાનની યોજના અને તેનો અમલ કરતાં કોઈ પણ શાણા સત્તાધીશે જે અનેક બાબતો ધ્યાનમાં લેવી જોઇએ તે સર્વ પ્રત્યે તેમણે કેવળ દુર્લક્ષ્ય સેવ્યું હતું. તેના ખર્ચ સંબંધમાં પહેલો નીચો અંદાજ આંકવામાં આવ્યો હતો અને પછી આ કમીટીની વચગાળાની ભલામણોના

પરિણામે જે કાંઈ કાપકૂપ કરવામાં આવી તે કાપકૂપને ધ્યાનમાં લેત્તાં પણ તેનો કુલ ખર્ચ ૧,૮૦,૦૦૦૦ રૂપીઆથી વધી જાય એમ લાગે છે. અન્યથા એ મહેલ પાછળ બે કરોડથી પણ વધારે ખર્ચ થવાનો સંભવ હતો. જે ધારાસભ્યોનાં નિવાસસ્થાનો અને સચિવાલય જુદા જુદા કરવામાં આવ્યા હોત અને જરૂરી સાદાઇનો થોડોક ખ્યાલ રાખવામાં આવ્યો હોત તો બીજા સાઠ લાખ રૂપીઆનો બચાવ થઈ શકયો હોત."

આના બચાવમાં શ્રી હનુમન્તૈયા જણાવે છે કે "આ રીપોર્ટ રજુ કર્યા બાદ અઢી માસ પછી તે પ્રગટ કરવા પાછળ રાજકારણી હેતુ રહેલો છે. તેમાં અનેક એકપક્ષી વિધાનો કરવામાં આવ્યાં છે. જે અસંખ્ય માણસોએ આ મકાન જોયું છે તેઓ જોઇને ખૂબ રાજી થયા છે અને તેની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. આ મકાનની ભવ્યતા વિષે તપાસ સમિતિને એક પણ સારો શબ્દ કહેવાનું સુઝયું નથી. વહીવટી ઝીણવટ અને ઇન્જનેરી ખ્યાલો એ જ કમીટીને મન સર્વસ્વ છે અને જે ભવ્ય અને સુન્દર નિર્માણ કરવામાં આવ્યું છે તેની તો તેને મન કોઈ કીંમત જ નથી. આવા ખોટા ખ્યાલોથી તપાસ સમિતિ દોરવાઈ ગઇ છે." શ્રી હનુમન્તૈયા જ્યારે આમ કહેવાની ધૃષ્ટતા કરે છે ત્યારે લોકશાહીને વરેલી રાજ્યરચનાના તેઓ કોઇએક મુખ્ય હતા એ હકીકત ભૂલી જાય છે અને તાજમહાલ અને શાલીમાર ઉભા કરનાર મોગલ બાદશાહોના તેઓ કોઈ વંશજ હોય એવી ખુમારી ધરાવતા હોય એમ આપણને લાગે છે. પ્રજાના પૈસાનો થયેલો આવો દુર્વ્યય જોઇને આપણું દિલ અત્યન્ત આઘાત અનુભવે છે અને આજની રાજ્યરચનામાં આવી વ્યકિતઓ હયાતી ધરાવે છે, મહાલે છે અને મલકાય છે એ હકીકત આખા તંત્રને ખરેખર નીચું જોડાવનારી છે.

અંગ્રેજી વહીવટના અનુસંધાનમાં આપણું જ્યારે રાજ્ય થશે ત્યારે આટલું તો આપણે જરૂર દૂર કરી શકીશું એવું આપણે સ્વપ્નું સેવતા હતા: (૧) અતિ ખરચાળપણું, (૨) ખોટો ભભકો (૩) કોઇ પણ બાબતનો જલ્દિ નીકાલ ન આવે એવી દુઃસ્થિતિ–લાલપટ્ટીશાહી (૪) લાંચરૂશ્વત (૫) મોંઘો ન્યાય. આજના તંત્રના વર્તમાન અંગ ઉપાંગો જોતાં એમ કહ્યા સિવાય છૂટકો નથી રહેતો કે અંગ્રેજી હકૂમત વખતનું એ સ્વપ્ન આજે પણ હજુ સ્વપ્ન જ રહ્યું છે. ગાંધીજી જેમને આપણે રાષ્ટ્રપિતા તરીકે પૂજ્યા, નવાજ્યા તેની છાપ પ્રધાનોના ખાદી–પોશાક સિવાય તંત્ર–વહીવટના કોઈ પણ અંગમાં હજુ દૃષ્ટિગોચર થતી નથી. કરકસર ભાગ્યે જ નજરે પડે છે; સાદાઇની સુગ સેવાય છે; કોઇ પણ બાબતનો સરકારી ચક્રાવામાંથી જલ્દી નિકાલ થતો નથી; લાંચ રૂશ્વત વધતી જ રહી છે; અને ન્યાય લેશ માત્ર સોંઘો થયો નથી. આ દુઃસ્થિતિનું દુષિત વર્તુળ આપણને કયાં લઈ જશે તેની કોઇ કલ્પના થઈ શકતી નથી.

શ્રી પી એમ્. લાડનું અકાળ અવસાન

તા. ૨૪–૩–૫૭ રવિવારના રોજ શ્રી પુરૂષોત્તમ મંગેશ લાડનું અવસાન થતાં ભારતને એક સંસ્કારી સરસ્વતીભક્તની ખોટ પડી છે. પર વર્ષની નાની ઉમ્મરે નિપજેલા આ અવસાને એક ઉજ્જવળ અને આશાસ્પદ કારકીર્દીને અણધાર્યો અને અકાળે અન્ત આણ્યો છે.

તેજસ્વી વિદ્યાર્થીજીવન બાદ તેમણે ૧૯૨૮ માં આઇ. સી. એસ. ની પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી અને ત્યારબાદ કલેકટર, જજ, લીગલ રીમેમ્બ્રન્સર વગેરે અનેક સરકારી હોદ્દાઓ શોભાવ્યા હતા. ૧૯૫૩ માં તેઓ મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી હતા અને ૧૯૫૪–ના માર્ચમાં તેઓ ઇનકમ્બેશન અને ખોડકારટીંગ ખાતાના સેક્રેટરી તરીકે દીલ્હી ગયા હતા અને છેવટના સમય સુધી તે અધિકાર સ્થાન ઉપર તેઓ બિરાજિત હતા. આમ બધું છતાં તેમનો આત્મા તો એક કળાકારનો–સાહિત્યકારનો–જ હતો. સંસ્કૃત અને પાલિ ભાષા ઉપર તેઓ સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. બીજી પણ અનેક ભાષાઓનું તેઓ જ્ઞાન ધરાવતા હતા. મરાઠી ભાષામાં તેમણે 'મધુપર્ક' અને 'કૃત્તિકા' બે ગ્રંથો લખ્યા હતા અને સન્ત તુકારામના અભંગોનું તેમણે મરાઠી તેમજ અંગ્રેજીમાં સંપાદન કર્યું હતું. દીલ્હીની સંગીત નાટક અકાદમી, ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી, ચિલ્ડ્રન્સ લીટલ થીએટર તેમજ મુંબઇનું બાલભવન એ તેમની કળાપ્રિયતા અને શિશુપ્રેમના સાક્ષી છે. કેન્દ્રસ્થ ઇન્ફર્મેશન અને બ્રોડકારટીંગ ખાતાના સેક્રેટરી તરીકે તેમનું છેવટનું મહત્ત્વનું કાર્ય 'ગૌતમ બુદ્ધ' નું દસ્તાવેજી ચિત્રપટ તૈયાર કરાવવાનું હતું. આ ચિત્રપટમાં ભ. બુદ્ધનું સળંગ અને સુરેખ જીવન રજુ કરવા માટે હિંદ તેમજ હિંદ બહારના પ્રાચીન શિલ્પોનો ભારે કુશળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તે સાથે સુસંવાદી સંગીતનું હૃદયંગમ આયોજન કરવામાં આવ્યું હતું. આ એક ચિત્રપટ જ તેમને ચિરસ્મરણીય બનાવવા માટે પૂરતું છે. આવા એક કળારસિક, વિદ્યાપ્રેમી સૌજન્યપૂર્ણ વ્યકિતવિશેષનું પરલોકગમન આપણ સર્વ માટે એક અત્યન્ત દુઃખદ કમનસીબ ઘટના છે. **પરમાનંદ**

પંડિત સુખલાલજી સન્માન નિધિમાં
આપનો ફાળો સત્વર મોકલી આપો!

પંડિત સુખલાલજી સન્માનનિધિના લક્ષ્યાંકની સમીપ આપણે ગતિ કરી રહ્યા છીએ. સન્માન સમારંભનો દિવસ હજુ નિશ્ચિત થઈ શકયો નથી. કદાચ તે મે માસની શરૂઆતમાં ગોઠવાય અથવા તો કેટલીક અનુકુળતા–પ્રતિકુળતાનો ખ્યાલ કરીને જુન માસના પહેલા પખવાડીઆમાં ગોઠવાય. આ દરમિયાન સન્માનનિધિ માટે શકય તેટલી રકમ એકઠી કરતા રહેવાની ધારણા છે.

આજ સુધી પંડિત સુખલાલજીથી અપરિચિત વ્યકિતને તેમનો પરિચય આપવો પડતો હતો. હવે જ્યારે ગુજરાત યુનિવર્સિટીએ તેમને ડૉકટરેટની માનાર્હ પદવી અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે તેમનું કરવા ધારેલ સન્માનના ઔચિત્ય સંબંધે કોઇને કશું કહેવાપણું રહેતું જ નથી. ગુજરાત યુનિવર્સિટીના આ પ્રશંસનીય પગલાથી તેમને માત્ર જૈન સમાજના જ નહિ પણ બૃહત્ ગુજરાતના અત્યન્ત માનનીય પંડિત તરીકેની સ્વીકૃતિ મળી ચૂકી છે. આવા એક જ્ઞાન-તપસ્વીને ચરણે ધરવામાં આવનાર થેલીમાં પ્રત્યેક વિદ્યાપ્રિય ગુજરાતીએ ઉદ્ધાર દિલથી પોતાનો ફાળો મોકલી આપવો જોઇએ. પંડિતજીના કોઈ પણ મિત્ર, સ્વજન કે પ્રશંસક પોતાના આ કર્તવ્યથી ન ચૂકે અને હવે તો એક લાખની રકમથી જેટલું ઓછું એકડું થાય એટલું ઓછું જ લેખાય એમ સમજીને પોતાનો ફાળો વિનાવિલંબે મોકલી આપે એ જ પ્રાર્થના.

નાણાં મોકલવાનું ઠેકાણું **મુંબઈ જૈન યુવક સંઘ,** ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

ચેક **Bombay Jain Yuvak Sangh** એ નામથી મોકલવો.

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

શ્રી જયાબહેન દાણીની અપીલને
મળી રહેલો પ્રત્યુત્તર

જયાબહેન દાણી જે રાહત કાર્ય ચલાવી રહ્યા છે તે કાર્યમાં જુદી જુદી વ્યકિતઓ તરફથી કુલ રૂા. ૨૫૧ ની રકમ મળી છે અને તે રકમ શ્રી જયાબહેનને પહોંચાડવામાં આવી છે.

વિષય સૂચિ

		પૃષ્ઠ
પંડિત સુખલાલજીની વિચારધારા	દલસુખલાલ માલવણિયા	૨૩૭
મધ્યપૂર્વમાં ખનિજ તેલ	અનુ. શાન્તિલાલ નન્દુ	૨૩૮
તું રહેવા દે, હું કરી લઈશ	પ્રભાકર બેન્દ્રે	૨૪૦
ચૂંટણી–પરિણામોની સમીક્ષા	સોપાન	૨૪૧
કેરળે આગ સાથે રમત કેમ આદરી?	વાડીલાલ ડગલી	૨૪૩
પ્રકીર્ણ નોંધ: પંડિત સુખલાલજીને મળનાર 'ડૉકટર ઓફ લેટર્સ' ની ઉપાધિ, વડિલોની અન્તિમ ઇચ્છા અને પુત્ર પરિવારનું કર્તવ્ય, મોગલ બાદશાહના વંશજ શ્રી હનુમન્તૈયા, શ્રી. પી. એમ્. લાડનું અકાળ અવસાન	પરમાનંદ	૨૪૪
જૈન ધર્મ	દલસુખ માલવણિયા	૨૪૫

❋ જૈન ધર્મ ❋

(ગતાંકથી ચાલુ)

જૈન દર્શનની પ્રથમ નિષ્ઠા અહિંસામાં છે. ભ. મહાવીરના વખતમાં ધર્માચરણમાં પશુવધને સ્થાન હતું. યજ્ઞમાં પશુનો વધ કરી મનુષ્ય પોતાના સુખની કામના કરતો અને માનતો કે મરનાર પશુ પણ સ્વર્ગે જાય છે. આથી વિરૂદ્ધ ભ. મહાવીરે કહ્યું કે:—

'सव्वे जीवा वि इच्छन्ति जीवितुं न मरिज्जिऊं। तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति य ॥

'सव्वे जीवा सुहसाया, दुक्खपाडिकूला अविय्यवहा पियजीविणो जीविउकामा। सव्वेसि जीवियं पियं।"

"तुमं सि नाम तं चेव जं हन्तव्वं ति मन्नसि। तम्हा न हन्ता, न वि घयए।"

અર્થાત્ : "બધા જીવો જીવવાની ઇચ્છા કરે છે, મરવાનું કોઇ ઇચ્છતું નથી એટલા માટે પ્રાણીઓના વધને ભયંકર સમજી નિર્ગ્રંથો તેનો નિષેધ કરે છે.

"બધાય જીવો સુખને અનુકુળ અને દુઃખને પ્રતિકુળ સમજે છે. રક્ષણને પ્રિય અને વધને અપ્રિય સમજે છે. બધા જીવ જીવવા ઇચ્છે છે, જીવનને પ્રિય ગણે છે. એટલા માટે તમે પણ કોઇને મારો નહિ. કોઇનો વધ કરો નહિ."

ધર્માર્થે હિંસા કરનાર શ્રમણ-બ્રાહ્મણોને એમણે પૂછ્યું કે તમને પોતાને કોઈ મારે તો તમને એ પ્રતિકૂળ છે કે અનુકૂળ? જો પ્રતિકૂળ હોય તો બીજાને તમે મારો છો તે પ્રતિકૂળ કેમ ન હોય? તેમના અહિંસાપ્રચારમાં આત્મૌપમ્યની દૃષ્ટિ હતી. પણ જેઓ બધા આત્માને એક જ માનતા—બ્રહ્માદ્વૈત માનતા, તેમણે તો વિશેષે હિંસા કરવી ન જોઈએ. કારણ કે જેની હિંસા કરવાનું તે વિચારે છે તે તેનાથી જુદો તો નથી જ. એટલે દ્વૈતનિષ્ઠા હોય કે અદ્વૈત—પણ અહિંસા એ જ ધર્મ હોઈ શકે. જીવનમાં નિરપવાદ અહિંસાને સ્થાન હોવું જોઇએ એવો ભ. મહાવીરનો આગ્રહ હતો. થોડી પણ સૂક્ષ્મ જીવોની પણ હિંસા જો પોતાના પ્રમાદથી થાય તો તે પણ અધર્મનું જ કારણ છે એમ તેમણે સ્પષ્ટ કહ્યું છે. આવી નિરપવાદ અહિંસાને જો સિદ્ધ કરવી હોય તો જીવનમાં આચરણના નિયમો અતિ કઠોર હોવા જોઇએ. અને તેથી જ એવા આગ્રહમાંથી જ તેમણે પોતાના જીવનના ઘડતરનાં અનુભવમાંથી શ્રમણ સાધકો માટેના જે નિયમો ઘડી કાઢ્યા તે નિયમો જ જૈન ધર્મના આચારને બીજા ધર્મના આચારથી પૃથક કરે છે અને તેનું પૃથક્ અસ્તિત્વ પણ સિદ્ધ કરે છે. જીવનમાં જો સંપૂર્ણ અહિંસા પાળવી હોય તો તેના પૂરક વ્રતો સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પાલન અનિવાર્ય છે જ. વ્રતોનું પાલન તો બીજા ધર્મોમાં પણ નિર્દિષ્ટ છે જ. પણ એ વ્રતોના પાલનને સજીવ કરવું હોય તો ઝીણી ઝીણી બાબતો ઉપર પણ વિશેષે ધ્યાન આપવું જરૂરી છે. અને જ્યારે આપણે એ વ્રતોના આચારની ઝીણી ઝીણી બાબતોને અંગે નિયમોપનિયમની હારમાળા જોઇએ છીએ ત્યારે જણાઈ આવે છે કે શ્રમણનિર્ગ્રન્થ બીજા શ્રમણોથી કયાં જુદો પડે છે.

બાહ્ય દેખાવે નગ્ન રૂપે સમાન છતાં એક નાગો ભિક્ષુ ધૂણી તપાવીને ચીપીયો લઇને બેઠો હશે, ત્યારે આ શ્રમણ નગ્ન નિર્ગ્રન્થ જાણે છે કે અગ્નિમાં પણ જીવો છે તો એનો સમારંભ મારાથી થાય નહિ. આવું તે પ્રત્યેક બાબતમાં—વિહાર, ભિક્ષા, નિવાસ આદિ બાબતોમાં—એક નિર્ગ્રન્થનો આચાર અહિંસામય છે, જ્યારે બીજાને હિંસા—અહિંસાનો વિવેક પણ હોતો નથી.

આ અહિંસાની વિવેચના માટે જીવશાસ્ત્રની રચના કરવી પડી. મહાવીરના મુખની વાણીનું પાન કરવું હોય તો આચારાંગ જુઓ. ત્યાં સર્વપ્રથમ શસ્ત્રની ચર્ચા કરી છે. એટલે કે જીવની હિંસા શાથી થાય છે એની જ વિવેચના કરી છે. એ વિવેચના કરવી હોય તો સ્વતંત્ર જીવશાસ્ત્ર પણ રચવું પડે છે. તેમણે કહ્યું છે કે વિશ્વમાં એવું કયું સ્થાન છે જ્યાં જીવ નથી? પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિ—જેવી વસ્તુઓ જ્યાં બીજા લોકો જીવની સંભાવના પણ ન કરી શકે ત્યાં પણ ભ. મહાવીરે જીવોનું દર્શન કર્યું તો પછી દૃશ્ય કીટ—પતંગને અને પશુઓ અને મનુષ્યોને તો જીવ માનવા વિશે તો કહેવાનું જ ન હોય. આ બધા પ્રકારના જીવોની હિંસા ટાળીને સાધક કેમ જીવન વિતાવે એનો વિવેક ભ. મહાવીરે બતાવ્યો છે. આમાં જ જૈન ધર્મ સમાયો છે. એક શબ્દમાં કહેવું હોય તો જીવનમાં સામાયિક એક ધર્મ છે અને તે જ જૈન ધર્મ છે. સામાયિકનો સીધો અર્થ સમતા છે. એટલે કે મહાભારતે જે કહ્યું કે "आत्मनः प्रातिकूलानि परेषां न समाचरेत्"—તે જ સામાયિક છે. સંસારમાં એ બધા પ્રકારના જીવો પોતાની ઉન્નતિ ચાહે છે. પતન કોઈ નથી ચાહતું. બધાને જીવવાનો અને ઉન્નત થવાનો સરખો હક્ક છે. એટલે જ ધર્મ એ ફલિત થાય છે કે એમની ઉન્નતિમાં બાધક નહિ પણ સાધક થવું એ પ્રત્યેક જીવનું કર્તવ્ય છે, જૈન ધર્મની આ મૂળ નિષ્ઠા છે. ભગવાન મહાવીરની, **તીર્થંકર મહાવીરની** આ મૂળ નિષ્ઠા છે.

અહિં **તીર્થંકર** શબ્દ ઉપર ભાર આપું છું તે એટલા માટે જ કે બીજા સામાન્ય સાધકો અને સિધ્ધોની અપેક્ષાએ એ જ એમની વિશેષતા છે. સામાન્ય સાધકો તો માત્ર પોતાનું હિત કરીને જ સિદ્ધ થઈ ગયા. તેમણે પોતાની સાધનામાં કરુણા કે મહા કરુણાને સ્થાન આપ્યું ન હતું, પણ રાગ દ્વેષને દૂર કરવા તરફ જ ધ્યાન આપ્યું હતું. તેથી જ્યારે રાગષદ્વેષ દૂર થઇને વીતરાગ તેઓ થયા ત્યારે શેષ આયુ ભોગવી તેઓ સિદ્ધ થઇ ગયા. પણ **તીર્થંકર** મહાવીર વિષે એમ નથી. તેમના તીર્થંકર નામકર્મના ઉપાદાનમાં કરુણાનો અભ્યાસ પ્રથમ અને મુખ્ય કારણ છે. તેથી જ તો ધર્મમાં દયા અને દાનને આટલું મહત્ત્વ અપાયું છે. અને તેથી જ તેમની કરુણા મહાકરુણા રૂપે પ્રતિષ્ઠિત થઈ અને તેમણે જગતના જીવોના ઉદ્ધાર અર્થે જૈન શાસનનો ઉપદેશ આપ્યો અને તીર્થંકરપદને પામ્યા.

પણ એ મૂળ નિષ્ઠામાંથી કરુણા કે મહાકરુણાનો અંશ દૂર કરવામાં આવ્યો અને જૈન ધર્મમાં એકાંત નિવૃત્તિને સ્થાન મળ્યું. તેનું પરિણામ જૈન ધર્મની તેરાપંથી વ્યાખ્યામાં જેટલું સ્પષ્ટ છે તેટલું અન્યત્ર નથી. અહિંસાની વિધાયક બાજુ કરુણા અને મહાકરુણાનો વિકાસ જે પ્રકારે થવો જોઇતો હતો તે જૈન શ્રમણ સંઘે કર્યો નહિ, પણ તે કાર્ય બૌધ્ધોને ભાગે આવ્યું અને તેમાં મહાયાનનો વિકાસ એ મહાકરુણાને જ આભારી છે, જ્યારે તેથી ઉલટું જૈનોએ અહિંસાની નિષેધ બાજુ એટલે કે હિંસા ન કરવી—રખેને હિંસા થઇ જાય—એ ભયને એટલો બધો વધારી મૂકયો કે જીવનમાં અહિંસાની ઉચ્ચ અને જીવન્ત ભાવનાનો કોઈ પ્રતિઘોષ ન પડતાં માત્ર શુષ્ક અહિંસાને કારણે જીવનની કઠોરતા જ બાકી રહી. જીવનનો મૃદુ અંશ, જીવનની કુમાશનો ઝરો આગળ વધી શકયો નહિ. આજે જ્યારે વિશ્વ બહુ જ નાનું બની ગયું છે અને લોકો ભયંકર યુદ્ધોથી વિરત થઈ રહ્યા છે ત્યારે જૈનોની અહિંસા જો નિવૃત્તિપ્રધાન જ રહી તો તે અહિંસાનો દોષ નહિ પણ તેના પાલકોનો જ ગણાશે. એટલે હજુ અવસર છે કે જૈનો પણ પોતાની અહિંસાને સંકુચિત વર્તુલમાંથી બહાર કાઢી તેને વિસ્તૃત બનાવવાનો પ્રયત્ન કરે. અને વિશ્વશાંતિની સ્થાપનામાં પોતાનો ગૌરવભર્યો ભાગ લે. આ માટે નિષેધપરક નહિ પણ વિધિપરક અહિંસાનો —વિશ્વમૈત્રીનો—વિકાસ કરવો આવશ્યક છે અને એ વિશ્વમૈત્રીને અનુકૂળ જીવનમાં પરિવર્તન લાવવાની પણ જરૂર છે. મહાકરુણાનો આદર્શ જે ભગવાન મહાવીરની મૂળ નિષ્ઠા હતી તેને ફરી પાછો જીવંત કરવાની જરૂર છે.

જીવ અને કર્મનો સંબંધ અનાદિ કાળથી છે. પણ તેવો સંબંધ થયો તેમાં પણ શું કારણ છે? શું એ સંબંધ નિયત જ છે કે અનિયત? અને અનિયત છે તો પછી તેનું કારણ શું? શ્રમણોનો એક સંપ્રદાય આજીવક જીવ-કર્મના સંબંધને નિયત માનતો. અનાદિ કાળથી એ સંબંધ ચાલ્યો આવે છે. તેમાં જીવના પ્રયત્નના કારણે કશું જ નવું થતું નથી. કાળના પરિપાકે **નિયમ**

પ્રમાણે જે ક્રમ બંધાઈ ગયો છે એ ક્રમે કર્મો આપો આપ છૂટા થઇ જશે અને જીવે એ માટેનો વિશેષ પ્રયત્ન કરવાની જરૂર નથી. પણ આજીવકોની આ નિયતિવાદની નિષ્ઠા વિરૂદ્ધ ભગવાન મહાવીરે માન્યું કે જીવ અને કર્મનો સંબંધ તેના પોતાના પ્રયત્નનું ફળ છે. જીવનો પુરુષાર્થ જ જેમ તેને કર્મ સાથે સંબદ્ધ કરે છે તેમ તેનો જ પુરુષાર્થ તેને કર્મથી વિયુક્ત પણ કરે છે. આ પ્રકારે ધર્મિક ઇતિહાસમાં જ્યાં સુધી આપણી નજર પહોંચે છે ત્યાં સુધી જોતાં આપણે કહી શકીએ છીએ કે ભગવાન મહાવીર એ પ્રથમ વ્યક્તિ છે જેમણે મનુષ્યને નિયતિવાદના ચક્રમાંથી બચાવી તેના પોતાના પુરુષાર્થ ઉપર ભરોંસો રાખતો કર્યો છે. આ કાંઈ નાની સૂની વાત નથી. બધું જ જો નિયત હોય અને એ નિયતિમાં જ નિષ્ઠા હોય તો પછી સાધના જેવું કશું જ જીવનમાં રહેતું નથી. પણ આથી વિરુદ્ધ જો આપણે આપણા પોતાના પુરુષાર્થમાં માનતા થઈએ તો, ધાર્યા મુજબ સફળતા મળે કે ન મળે પણ, સફળતા માટેનો સતત પ્રયત્ન કરવાનું આપણું બળ અને એ બળનો ઝરો સુકાઈ જતો નથી. જીવનમાં નિરાશાને સ્થાન નથી મળતું, નિરંતર ઉત્સાહ એ જીવનનું અંગ બની જાય છે.

ભગવાન મહાવીરનો નિયતિવાદના ચક્રમાંથી સર્વથા છૂટવાનો પ્રયત્ન છતાં અને તેમની નિયતિવાદને બદલે પુરુષાર્થવાદમાં નિષ્ઠા છતાં, આજે આપણને જૈન શાસન જે રૂપે ઉપલબ્ધ છે એ મૂળમાં જો મહાવીરના ઉપદેશો ઉપર જ આધારિત છે એમ માનવાનો આપણો આગ્રહ હોય તો આપણે માનવું જોઈએ કે ભ. મહાવીર પણ એ નિયતિચક્રમાંથી સર્વથા છૂટી શકયા નથી, અથવા અનેકાંતની ભાષામાં કહેવું હોય તો, કહી શકાય કે કેટલીક બાબતોમાં તેમણે નિયતિવાદ સ્વીકાર્યો અને કેટલીક બાબતમાં તેમણે પુરુષાર્થવાદને મહત્ત્વ આપ્યું. જીવના બે ભેદો 'ભવ્ય' અને 'અભવ્ય'ને નિયતિવાદના સ્વીકારમાં મૂકી શકાય. પણ ભવ્ય જીવ જે પુરુષાર્થ કરી છૂટકારો પ્રાપ્ત કરે છે તે પુરુષાર્થવાદના સ્વીકારનું દૃષ્ટાંત છે. ભવ્ય જ મોક્ષનો અધિકારી છે અને અભવ્ય નહિં જ—આ નિયતિવાદ છે. પણ ભવ્ય જો યોગ્ય પુરુષાર્થ કરે તો જ મુક્તિ પ્રાપ્ત કરે છે અન્યથા નહિ.—આ પુરુષાર્થવાદ છે. વળી શાસ્ત્રોમાં ભગવાન મહાવીરની સર્વ સત્તાના સામર્થનમાં જે કેટલાક જીવોના ભાવિ ભવોનું વર્ણન આવે છે એ પણ જૈન ધર્મમાં નિયતિ ચક્ર કેવું કાર્ય કરી રહ્યું છે તેની સૂચના આપી જાય છે. વળી દેશ અને કાળભેદે તીર્થંકરના અસ્તિત્વ-નાસ્તિત્વની જે માન્યતા છે તેમાં પણ નિયતિવાદ જ કામ કરી રહ્યો છે. અને એ સર્વજ્ઞતા ઉપર અતિ ભાર આપવાથી પુરુષાર્થવાદને સ્થાને કેવી રીતે નિયતિવાદ જ આવીને ઊભો રહે છે તેની પ્રતીતિ કરવી હોય તો શ્રી કાનજી-મુનિના પ્રવચનો વાંચો એટલે ખાત્રી થશે કે જૈન ધર્મમાં નિયતિવાદનાં પણ બીજો સર્વથા નિર્મૂળ નથી થયાં.

આ બધું છતાં જૈન ધર્મ એ નિયતિવાદી નથી, પણ પુરુષાર્થ-વાદી છે એ પણ એટલું જ સાચું છે અને તે એટલા માટે કે ભગ-વાન મહાવીરના ઉપદેશનો ઝોક જીવના પુરુષાર્થ ઉપર જ છે. કર્મના બંધનના કારણોનું જે વિવેચન તેમણે કર્યું છે તે બતાવે છે કે તેઓ નિયતિને નહિં પણ પુરુષાર્થને મુક્તિ પ્રાપ્ત કરવામાં બળવાન કારણ માને છે. મનુષ્ય સ્વતંત્ર છે કે તે કષાયમાં લિપ્ત થાય કે તેથી છૂટવાનો પ્રયત્ન કરે. જીવને કષાયથી છૂટવું જ હોય તો એવી કોઈ તાકાત નથી જે તેને તેમ કરતાં રોકી શકે. આ જ પુરુષાર્થવાદ છે અને તેનું પૂરું સમર્થન ભ. મહાવીરનાં ઉપદેશો તથા જીવનમાંથી મળી રહે છે.

જીવોની વિવિધતા અને સૂક્ષ્મ સ્થૂલ ભેદો તો પ્રત્યક્ષ જેવાં છે પણ સ્વરૂપે જો બધા જ જીવો સરખા છે અને બધા જ જો અવસર મળે તો સિદ્ધાવસ્થામાં સમાન બનવાની શકયતા ધરાવે છે, તો આ બધા ભેદનું કારણ શું ? એ કારણ તે કર્મ છે એ કહેવાઈ ગયું છે. પણ જીવ અને કર્મના એ સંબંધને કેવી રીતે ઘટાવવો, કર્મ સાથે સંબંધ થવા માત્રથી જીવ પોતાના સ્વરૂપમાં વૈવિધ્યને કેવી રીતે પ્રાપ્ત કરે છે અને સંસારપ્રપંચની રચના કેવી રીતે થાય છે, આનું સ્પષ્ટી-કરણ દાર્શનિકોએ અનેક રીતે કર્યું છે. તે સ્પષ્ટીકરણમાં જૈનોની આગવી નિષ્ઠા છે અને તેને આપણે અનેકાંતવાદ નામે અગર જૈન દર્શનને નામે ઓળખી શકીએ.

કેટલાક દાર્શનિકો કહેતા કે જીવ અને શરીરનો સંબંધ છતાં જીવમાં કશો જ વિકાર નથી થતો. જીવતત્ત્વ શાશ્વત છે. જે કાંઇ વિકારો છે તે જીવ સંબંધ્ય અચેતન પ્રકૃતિમાં જ થાય છે. જ્ઞાનઆદિ ગુણો પણ જીવના નહિ પણ પ્રકૃતિના જ છે. પુરુષ—પ્રકૃતિનું ભેદજ્ઞાન કે વિવેકજ્ઞાન થતાં પ્રકૃતિ અલગ થઇ જાય છે અને તે જ પુરુષનો મોક્ષ કહેવાય છે. અર્થાત સંસાર અને મોક્ષ એ પ્રકૃતિ—જડ તત્ત્વના જ છે, પણ પુરુષમાં આરોપિત છે. પુરુષ તો અપરિણામી નિત્ય છે. આથી વિરુધ્ધ એવા પણ દાર્શનિકો હતા, જેઓ કહેતા કે સંસાર કે મોક્ષ જેવી વસ્તુ જ નથી, જીવ પણ શાશ્વત નથી, જડ વસ્તુઓના અમુક પ્રકારના સંમીશ્રણથી જીવની ઉત્પત્તિ થાય છે, અને મૃત્યુની સાથે જ જીવની પણ સમાપ્તિ થાય છે. તો તેના પુનર્જન્મના ચક્ર અર્થાત્ સંસારની વાત જ કયાં રહી ? અને સંસાર જ નથી તો મોક્ષ કેમ ? આ પ્રકારના બન્ને મતો ભગવાન મહાવીરની સામે હતા. તેમણે એ બન્ને મતોમાંથી સારતત્ત્વ લઈ લીધું અને અનેકાંતવાદની નિષ્ઠા કાયમ કરી. તેમણે જોયું કે જીવને એકાંત શાશ્વત માનવા જતાં તેમાં વિકારની સંભાવના જ રહેતી નથી. જે વિકારો દેખાય છે અને જે આત્માના છે એમ અનુભવાય છે તે બધાને આત્માના નથી એમ કહેવાનો કશો અર્થ નથી. જડપ્રકૃતિ પુરુષાર્થ કરે અને પુરુષ કેવલ દ્રષ્ટા બન્યો રહે તો પછી એવા પુરુષને પૃથક માનવાની આવશ્યકતા પણ શી રહે ? એટલે પુરુષને જ વિકારસંપન્ન અનિત્ય માનવો રહ્યો. બીજી બાજુ જન્મ અને મૃત્યુપર્યન્ત જ જો જીવની સ્થિતિ હોય તો પછી જીવોની આ સંસારમાં જન્મજાત જે વિવિધતા દેખાય છે તેનો ખુલાસો મળી રહેતો નથી. અને એ ખુલાસો કર્મ માનવાથી થઇ જાય છે. તે કર્મ પૂર્વજન્મની વાસનારૂપ છે અને તેને જ કારણે જન્મજાત જીવમાં વૈવિધ્ય દેખાય છે. એટલે જીવને પુનર્જન્મના ચક્રમાં ફસાયેલો માનવો જ જોઇએ. અને એ માનવામાં તેની નિત્યતા પણ સ્વીકારવી આવશ્યક છે. અન્યથા એક જ જીવના નાના જન્મ—મૃત્યુ નહિં પણ નાના જીવના નાના જન્મ મૃત્યુ માનવા જતાં કર્મનો નિયમ ખોટો પડે છે. કર્મ એકે કર્યું પણ કરનારને ફળ મળ્યું નહિ અને જેણે નથી કર્યું તેને ફળ મળ્યું—આવી અવ્યવસ્થા ઉભી થાય. એટલે એથી બચવા જીવમાં નિત્યતા પણ માનવી જોઇએ. આમ વિચારી ભગવાને જીવતત્ત્વને નિત્ય અને અનિત્ય બન્ને રૂપે માન્યું. જીવ દ્રવ્ય નિત્ય છે, જીવપર્યાયો અર્થાત જીવપરિણામો—વિકારો અનિત્ય છે. જે અનિત્ય છે તે કાયમ રહી શકે નહિ. એટલે એવા વિકારો જે સ્વાભાવિક નથી પણ કર્મજન્મ છે. તેને જીવથી દૂર કરી શકાય છે. એમ ફલિત થાય. અને એમ ફલિત થતાં મોક્ષ પુરુષાર્થને અવકાશ પણ મળે.

જે વસ્તુ ભ. મહાવીરે એક જીવ વિષે માની તે જ વસ્તુ સમગ્ર લોક વિષે એટલે કે સંસારના સમગ્ર દ્રવ્યો વિષે—પછી તે જીવ હોય કે અજીવ તે બધાને વિષે—લાગુ કરી. એટલે તેમણે કહ્યું કે વિશ્વની સમગ્ર વસ્તુઓ અનેકાંતાત્મક છે. જેમ જીવ વિષે તેમ અજીવ—કર્મ વિષે પણ કહી શકાય કે જો તે એકજ રૂપ હોય, નિત્ય જ હોય તો સદા તે જીવ સાથે સંબંધ્ય જ રહે, કદી છુટું પડે જ નહિ. જો એમ બને તો તો મોક્ષ પુરુષાર્થ કે ધર્મસાધનાને અવકાશ જ રહે નહિ. એટલે જીવની જેમ કર્મને પણ વિકારી માનવું જ જોઇએ. તેને પણ પરિ-ણામી માનવું જ જોઇએ. એથી એમ સંભવ બને કે આજે જે કર્મ જીવસંબદ્ધ હોય તે કાલે છૂટું પણ પડી જાય.

અપૂર્ણ **દલસુખભાઈ માલવણિયા**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫—૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૮ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧૫, ૧૯૫૯, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગાંધીયુગના દર્શનશાસ્ત્રી

પંડિત સુખલાલજી સંઘવીની કુશાગ્રબુધ્ધિ તેમ જ સર્વગામી વિદ્વત્તા સંબંધમાં સૌ કોઈ જાણે છે. ભારતીય તત્વજ્ઞાન વિષયક તેમનું પ્રભુત્વ અસાધારણ છે.

તેમની સાથેનો મારો પરિચય ૩૦–૪૦ વર્ષ જુનો છે. આટલા લાંબા દીર્ઘકાળ દરમિયાન તેમની વાણી તેમ જ આચરણમાં અનુદારતાનો અંશ માત્ર પણ કદિ મારા જોવામાં આવ્યો નથી. નથી પક્ષપાત જોવામાં આવ્યો કે નથી સંકુચિતતા જોવામાં આવી. દૃષ્ટિ હોવા છતાં પણ જેનામાં અદેખાઈ ભરી હોય એવા લોક મારા જોવામાં આવ્યા છે. એવા લોકો પ્રતિ સુખલાલજીએ હંમેશાં ક્ષમાવૃત્તિ જ દાખવી છે.

क्षान्त्यैवाक्षेप–रुक्षाक्षर–मुखरमुखान् दुर्मुखान् दूषयन्तः ।

(આક્ષેપ એટલે કે નિન્દાના રૂક્ષ કઠોર શબ્દોદ્વારા જેમની વાણી મુખર એટલે કે વાચાળ બની છે એવા દુર્મુખ દુર્જનોનો પ્રતિવાદ સન્તજનો કેવળ પોતાની 'ક્ષમા' દ્વારા જ કરે છે.) તેમની એવી વૃત્તિના કારણે સુખલાલજી પ્રતિ મારો આદર હંમેશા વધતો જ રહ્યો છે.

બાલ્યકાળમાં શીતળાને લીધે સુખલાલજીએ આંખો ગુમાવી. દૃષ્ય જગત્ તેમના માટે ભાસમાન બન્યું. આ કારણે તેમ જ ગૃહસ્થાશ્રમી ન બનવાને લીધે જીવનમાં મહત્વની ખામીઓ આવી. આમ છતાં પણ તેમનું જીવનદર્શન અથવા તો જીવનઅનુભવ અધૂરો નથી રહ્યો. આ બતાવે છે કે જેની પાસે સૂક્ષ્મ બુદ્ધિ છે, ઉદાર હૃદય છે અને પરિશ્રમશીલ જીવનનિષ્ઠા છે તેની જીવન–અનુભૂતિમાં ઉણપ રહેવાનું કોઇ કારણ નથી.

વિદ્વાનોમાં જ્યારે પક્ષપાત, સંકુચિતતા, ક્રોધ અથવા લોભ પ્રવેશ કરે છે ત્યારે તેઓ આત્મનિષ્ઠા ગુમાવે છે અને પગલે પગલે તેમને શરમથી નીચે જોતા રહેવું પડે છે. સુખલાલજી હંમેશા નિરાગ્રહી તેમ જ નિસ્પૃહી રહ્યા છે. તેથી તેમણે પોતાની તેજસ્વીતા કદી ગુમાવી નથી. જૈન સાધુઓને તેમની આ તેજસ્વીતાનો સારો પરિચય છે.

આવા પરિણતપ્રજ્ઞ સાધુ પુરુષ પાસેથી આપણે આજે બે બાબતની અપેક્ષા રાખીએ છીએ, એક તો તેઓ પોતાનું વિસ્તૃત આત્મચરિત્ર લખે. બીજું ભારતીય દર્શનરાશિના નિચોડ રૂપ એક સર્વસમન્વયકારી દર્શનગ્રંથ આપણને આપે, જે ભારતીય તત્ત્વપ્રાપ્તિના પ્રયાસો માટે નવપ્રસ્થાન રૂપ બને, તેમ જ દુનિયા જે નવ–જીવનની રચના કરવા તરફ આગળ વધી રહી છે તે માટે એક પાયાસમાન બને.

ગાંધીયુગના દર્શનશાસ્ત્રીનું જ આ કામ છે.

કાકા કાલેલકર

'પ્રજ્ઞાચક્ષુ' ને

સોળેક વર્ષ પહેલાંની યાદ તાજી થાય છે. બનારસ યુનિવર્સિટીના ખુલ્લા ચોગાનમાં એક સભા મળી હતી. વાતાવરણ શાંત હતું. સંધ્યાનાં આછાં કિરણો વૃક્ષોની ઘટામાંથી ચળાઈને આવતાં હતાં. વૃદ્ધ તપસ્વી પૂ. માલવીયાજી પ્રમુખસ્થાને હતા. એકધારી સ્પષ્ટ વિચારધારા વહી રહી હતી. એ વાણીમાં આત્મશ્રદ્ધા ને જીવનના નિચોડનું બળ હતું. વચમાં વચમાં વિચારને શ્રોતાઓના અંતરમાં જાણે સ્થિર કરતા હોય તેમ, જમણા હાથની બે આંગળી હથેળી પર પછડાતી ને આગળ ધરેલું ધ્વનિ-વર્ધક યંત્ર એનો તાલબદ્ધ થડકાર આખાયે વાતાવરણમાં પહોંચાડી દેતો.

વિષય ગાંધીજીના જીવનનો હતો. તેમની ભાષામાં ગાંધીજીનું જીવનદર્શન વહેતું હતું, પણ અંતરમાં પોતે કશું કરી શકતા નથી તેનું દુઃખ હતું. એમની મર્યાદા સામાન્ય માણસ જે રીતે લાચારી વ્યકત કરે છે એવી ન હતી. એ મર્યાદા ઇશ્વરી મર્યાદા હતી ચક્ષુની. તે દિવસથી તેમણે મને આકર્ષ્યો છે. અને પછી અનેક વાર મેળવવાની, તેમના ચિંન્તનના ભાતામાંથી થોડું મેળવવાની ને જીવનને વિચારોથી ઉન્નત કરવાની તક મળી. તેમને જ્યારે મળું ત્યારે આશ્રમ; ભાલની પ્રવૃત્તિ ને તે બધામાંય ગાયોની પ્રવૃત્તિ અંગે ખાસ પૂછે. એક વખત તેમણે કહ્યું: રસ્તા પરથી પસાર થતાં કોઈ વાર નાનાં વાછરુનો અવાજ કાને પડે છે ત્યારે મને મારો બાલ્યકાળ, નાનપણમાં વાછરુ સાથે કરેલો ગેલ ને પ્રેમ યાદ આવે છે. અમારી આ વાતોના કેંદ્રમાં હતો પશુપ્રેમ.

તેમની મર્યાદા હતી આંખની. સોળ વર્ષની નાની વયે બળીઆ નીકળ્યા અને આંખનું તેજ ગુમાવ્યું. પણ, અંદર પડેલી ચેતના તે અવરોધથી રુંધાઇ નહિ. એ રુંધાય એવી પણ કયાં હતી ?

માનવનું મૂલ્ય માત્ર જીવવામાં નથી. સરળતા હોય તો સૌ કોઇ આગળ ધપી શકે. પણ આકૃતો ને અંતરાયો સામે જે વિજયી બને છે તેમાંજ માનવ જીવનનો પુરુષાર્થ છે. મુશ્કેલીઓથી જે ડરે છે તે જીવનને ગુમાવી બેસે છે; પણ મુશ્કેલીઓમાં પણ અંતરની અખૂટ શ્રદ્ધાથી જે આગળ ધપે છે તેજ સાચા જીવનનો સાક્ષાત્કાર કરે છે.

પંડિતજી અંધ છે. આજે તો આખું ભારતવર્ષ તેમને 'પ્રજ્ઞાચક્ષુ' થી ઓળખે છે. આંખો માત્ર સ્થૂળ રૂપ ને રંગને જોઈ શકે છે. પણ એથી ઊંડાણમાં પડેલી પ્રજ્ઞાનાં ચક્ષુ જ્યારે ખુલી જાય છે ત્યારે જીવન અનેરું બની જાય છે.

પાંચ પચીસ વર્ષની નહિ, ૬૧ વર્ષની અંધ જીવનની સાધના પાર કરી પંડિતજી સત્તોતેર વર્ષ પૂરાં કરે છે. એમને જોનાર ભાગ્યેજ કહી શકે કે પંડિતજીએ પોણી સદી પૂરી કરી હશે. એજ ઉત્સાહ, એજ જાગૃતિ, એવી ચિત્તની સ્થિરતા, એવી જ તેજસ્વી બુદ્ધિ !

એકસઠ વર્ષની એકધારી સરસ્વતીની ઉપાસના ને તે પણ સામાન્ય સાહિત્ય નહિ, દર્શનશાસ્ત્ર ને સંસ્કૃતિનું જ રટણ. એમને આંખ નથી. માત્ર સાંભળીને કેટલું સ્મૃતિમાં સંધર્યું, કેટલું વિચાર્યું ને કેટલું જગતને આપ્યું તેનો જો વિચાર કરીએ તો આપણી જેવા સૌ બે આંખોવાળાને તેમના પુરુષાર્થના ચરણે માથું નમાવવાનું મન થયા વિના ન રહે.

એમની પાસે થોડી ક્ષણ બેસો, એમના ચહેરાનું નિરીક્ષણ કરો તો સોક્રેટીસની યાદ આવ્યા વિના ન રહે. ચહેરામાં રૂપ જોવા જાવ તો એટલું ન દેખાય, પણ એ ચહેરા પર ઊઠતા એકએક ભાવમાં પ્રેમ નીતરે; અરે અન્યાય થતો જોઈ ચહેરાની બધી રેખાઓ પલટાઇ જાય. અન્યાયને કેમ સાંખી લેવાય !

તેઓ માત્ર સરસ્વતીના જ ઉપાસક નથી; માત્ર વિચારક ને દર્શનશાસ્ત્રી જ નથી; પણ જીવનના ઉપાસક છે જીવનને સમગ્ર રીતે ચાહે છે; જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં તેમને રસ છે.

તેમને જોનાર સૌ કોઇને એમ જ લાગે. અહીં સોક્રેટીસના જેવા કોઇ સત્યાગ્રહીનો આત્મા સંતાયેલો છે. પોણી સદી પૂરી થઇ; પણ એક યુવાનના જેવો જ ઉત્સાહ, એટલી જ સ્ફૂર્તિ ને જાગૃતિ નજરે પડે.

નવલભાઈ શાહ

નિશ્ચય અને વ્યવહાર

જેમ જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહાર શબ્દ આવે છે તેમ ઇતર પરંપરાઓમાં પરમાર્થ અને સંવૃતિ, પરમાર્થ અને વ્યવહાર જેવા તેના સમાનાર્થક શબ્દો મળે છે. પરંતુ એ બંને શબ્દોના વિષયો તે તે દર્શનોના સિદ્ધાંતભેદને લીધે ઘણી વાર જુદા પડી જાય છે. પ્રસ્તુતમાં તો પરિણામિનિત્યતા અને દ્રવ્યભેદ માનનાર જૈનદર્શનને અનુલક્ષી નિશ્ચય તથા વ્યવહારનો અર્થ સમજવા પ્રયત્ન કરીશું.

જૈન દર્શનમાં નિશ્ચય તથા વ્યવહાર શબ્દનો પ્રયોગ 'તત્ત્વજ્ઞાન' અને 'આચાર' એમ બંને બાબતોમાં કરવામાં આવ્યો છે. વળી નિશ્ચય તેમજ વ્યવહાર એ દરેકના અનેક પારિભાષિક ભેદો ઉપભેદો પણ વર્ણવવામાં આવ્યા છે. એ બધી ઝીણી વિગતોમાં ન જતાં આપણે તો અહીં એ શબ્દોનો સામાન્ય અર્થ તથા એની પાછળ કયા કયા દૃષ્ટિબિંદુઓ અર્થાત્ અપેક્ષાઓ કામ કરે છે એ ટૂંકમાં જોઈશું.

નિશ્ચય એટલે તાત્ત્વિક યા પરમાર્થ દૃષ્ટિ અને વ્યવહાર એટલે લૌકિક યા સ્થૂળ દૃષ્ટિ.

તત્ત્વજ્ઞાન :-તત્ત્વજ્ઞાનમાં નિશ્ચય તથા વ્યવહાર દૃષ્ટિનાં પ્રેરક મુખ્યપણે ત્રણ દૃષ્ટિબિંદુઓ–અપેક્ષાઓ દેખાય છે. ૧ અભેદ–ભેદની, ૨ સ્વભાવ–વિભાવની, ૩ વાસ્તવ–અવાસ્તવ અર્થાત્ અનુપચરિત કે ઉપચરિતપણાની.

૧ વસ્તુનિરૂપણમાં જ્યારે ભેદ દૃષ્ટિ પ્રધાનપણે હોય ત્યારે તે વ્યવહારનયનો વિષય બને છે અને જ્યારે તેમાં અભેદગામી વલણ પ્રધાન બને ત્યારે તે નિશ્ચયની કોટિમાં આવે છે. દા. ત. દ્રવ્ય–ગુણનો, દ્રવ્ય–પર્યાયનો તેમજ દ્રવ્ય–દ્રવ્યનો ભેદ પાડી વિચાર કરવો એ વ્યવહાર દૃષ્ટિ અને દ્રવ્ય સામાન્યનો કોઈ ભેદ વિના વિચાર કરવો એ નિશ્ચય દૃષ્ટિ. (કેવળ ચેતનાનો જ્ઞાન, દર્શન આદિ પર્યાયોનો ભેદ પાડયા વિના વિચાર કરવો તે નિશ્ચય દૃષ્ટિ, અને જ્ઞાન, દર્શન આદિ ભેદો પાડીને વિચાર કરવો એ વ્યવહાર દૃષ્ટિ.

૨ દ્રવ્યનો તેના સહજ અર્થાત્ ત્રણે કાળમાં રહેનાર સ્વરૂપની અપેક્ષાએ વિચાર કરવો તે નિશ્ચય દૃષ્ટિ. અને અન્ય નિમિત્તથી અસ્તિત્વમાં આવેલા અને તેથી કરીને કિંચિત્કાલીન એવા વૈભાવિક સ્વરૂપની દૃષ્ટિએ તેનો વિચાર કરવો એ વ્યવહાર દૃષ્ટિ. જેમ કે ત્રૈકાલિક યા સ્વાભાવિક ચેતનાના સ્વરૂપની દૃષ્ટિએ આત્મતત્વનો વિચાર કરવો તે નિશ્ચય અને કર્મસંયોગજનિત અપૂર્ણ મતિ આદિ જ્ઞાનની દૃષ્ટિએ તેમજ કાષાયિક ભાવની અપેક્ષાએ આત્મતત્વનો વિચાર કરવો તે વ્યવહાર.

૩ વસ્તુનું જે કંઈ વાસ્તવિક–અનુપચરિત સ્વરૂપ હોય તે નિશ્ચય દૃષ્ટિનો વિષય છે અને અવાસ્તવિક–ઉપચરિત સ્વરૂપ વ્યવહારનો વિષય છે જેમ કે વૈભાવિક અને અપૂર્ણ છતાં જૈન મત પ્રમાણે મતિ, શ્રુત આદિ જ્ઞાન એ વાસ્તવિક હોઈ અનુપચરિત છે. અને લિપિ–પોથી જેવાં સાધનોને જ્ઞાન કહેવામાં આવે છે ત્યારે તે પુરુષને સિંહ કહેવાની પેઠે ઉપચરિત છે.

આ ઉપરથી જોઇ શકાશે કે વ્યવહાર નયમાં બધા જ વિષયો અસત્, અભૂતાર્થ કે મિથ્યા કોટિના નથી. જૈન ગ્રંથોમાં ઘણે ઠેકાણે નિશ્ચય નયને ભૂતાર્થ અને વ્યવહાર નયને અભૂતાર્થ કહ્યો છે. આ બે શબ્દો ભ્રમ ઉત્પન્ન કરે તેવા હોઇ થોડી સ્પષ્ટતા કરવી જરૂરી છે. ભૂતાર્થનો અર્થ સત્ કે પરમાર્થ અને અભૂતાર્થનો અસત્ કે અપરમાર્થ કરવામાં આવે છે. પ્રશ્ન એ છે કે અસત્થી શું સમજવું ? અસત્નો એક અર્થ છે મિથ્યા અર્થાત્ જે સર્વથા અસ્તિત્વમાં નથી તેનો આભાસ–ઝાંઝવાની પેઠે. બીજો અર્થ છે જે અંતિમ સત્ યા પરમાર્થ નથી તે. ઉપર નિરૂપેલ વ્યવહારનયના બધા જ વિષયો–છેલ્લી અવાસ્તવ કોટિ બાદ કરતાં–'મિથ્યા' અર્થમાં અસત્ ન કહી શકાય, કેમ કે તે આભાસિક ન હોતાં કોઇ ને કોઈ રીતે અસ્તિત્વ ધરાવે જ છે.

આચાર :-આ થઈ તત્ત્વજ્ઞાન પૂરતી નિશ્ચય–વ્યવહારની સમજણ. હવે ચારિત્ર યા સાધનાને લક્ષી એ બંને શબ્દો સમજીએ.

સાધના માર્ગમાં જે અંતિમ સાધ્ય તરીકે સ્વીકારાય છે તે નિશ્ચયનો વિષય છે. પ્રસ્તુતમાં પૂર્ણ આત્મશુદ્ધિ એ અંતિમ સાધ્ય હોઈ તે નિશ્ચયનો વિષય છે; જ્યારે તેને સિદ્ધ કરવાના મંત્ર, જપ, તપ, પ્રાર્થના જેવા બાહ્ય તેમજ પ્રાયશ્ચિત્ત, ધ્યાન આદિ જેવા આંતરિક સાધનો એ વ્યવહારના વિષય છે. વ્યવહાર માર્ગ અંતિમ કે પરમ સાધ્ય નથી એટલા જ અર્થમાં એને અસત્ કે અભૂતાર્થ કહી શકાય. ખરી રીતે તો એ સદ્‌ભુત–ઉપાદેય વ્યવહાર માર્ગ છે. પરંતુ જો એ સાધનોનો ઉપયોગ નિરપેક્ષપણે આત્મશુદ્ધિનું અંતિમ લક્ષ્ય સિદ્ધ કરવામાં ન કરતાં બીજા જ કોઇ સ્વાર્થી હેતુથી કે બીજાના અનુસરણમાત્રથી કરવામાં આવે તો તે અસદ્‌ભુત હેય વ્યવહાર માર્ગ બની જાય. બાકી એ સાધનો જેટલે અંશે આત્મશુદ્ધિમાં ઉપકારક બને તેટલે અંશે ઉપાદેય છે જ. આ થઈ જૈન દૃષ્ટિ. એ દૃષ્ટિએ વિચાર કરતાં જીવદયા, પરોપકાર, વિશ્વપ્રેમ જેવા સામાજિક સદ્‌ગુણો પણ ઉપાદેય કોટિમાં જ આવી શકે.

વ્યવહાર એ બીલકુલ અસત્–મિથ્યા–હેય છે અને નિશ્ચય એ જ માત્ર પરમ સત્–ઉપાદેય છે એવી માન્યતા જૈન ગ્રંથોમાં આવતા અસત્–અભૂતાર્થ શબ્દના એકાંગી અર્થમાંથી ઉદ્‌ભવેલી દેખાય છે, જે ગ્રંથનો આગળ–પાછળનો સંદર્ભ જોતાં તેમજ જૈન સિદ્ધાંતો તપાસતાં ઘટી શકતી નથી. એવી એકાંગી માન્યતામાં માત્ર વૈયક્તિક જીવનનો જ વિચાર આવતો હોઈ તે સામુદાયિક જીવનની તદ્દન ઉપેક્ષા કરે છે; અને પરિણામે વૈયક્તિક જીવનનું દૃષ્ટિબિંદુ ઊર્ધ્વગામી બની શકતું નથી. ખરી રીતે જૈન મતે તો સદ્‌ગુણોત્કર્ષક બધા જ વ્યવહારમાર્ગો અંતિમ સાધ્યનું એક આવશ્યક સોપાન છે; પછી તે વ્યવહારો વ્યક્તિગતજીવન કે સામુદાયિક જીવન સાથે સંબંધ ધરાવતા હોય, તેથી તેમાં કાંઈ અંતર પડતું નથી.

ઈન્દુકલા ઝવેરી

શ્રી કાનજી સ્વામીની માન્યતાઓની સમીક્ષા

[શ્રી સુરજચંદ્ર ડાંગી એક વિચારક વિદ્વાન છે અને જૈન દર્શનના નિપુણ અભ્યાસી છે. તેમના શ્રવણ અને ચિન્તનમાંથી નીચેની સમીક્ષા નિર્માણ થઈ છે. થોડા સમય પહેલાં મુંબઇમાં પખવાડીયું રહી ગયેલા શ્રી કાનજી મુનિનાં વ્યાખ્યાનો જેણે સાંભળ્યા હશે તેમને નીચેની સમીક્ષા જરૂર વિચારપ્રેરક અને માર્ગદર્શક નીવડશે એવી આશા છે.

પ્રસ્તુત લેખમાં 'નિશ્ચય અને વ્યવહાર' એ બે શબ્દ પુનઃ પુનઃ આવે છે. એ જૈન પારિભાષિક શબ્દો છે અને તેના અર્થનું હાર્દ પ્રબુદ્ધ જીવનના ખાસ કરીને જૈનેતર વાંચકોથી પકડાવું બહુ મુશ્કેલ છે. આ માટે અમદાવાદની રામાનંદ કોલેજના અધ્યાપિકા ડૉ. ઈન્દુકલા ઝવેરીનું ઉપર આપેલું વિવરણ ધ્યાનપૂર્વક વાંચી જવા વિનંતિ છે. **તંત્રી**]

ભારતની સંસ્કૃતિ અને હિંદુધર્મમાં આત્મસાધક, જીવનપ્રેરક, અને લોકસેવક અનેક સંપ્રદાયો પ્રવર્તે છે. આ સંપ્રદાયોમાં વળી ઉપસંપ્રદાય, પંથ કે ઉપપંથ પણ ઘણા છે. જૈન સંપ્રદાયમાં દિગંબર અને શ્વેતાંબર એ બે પંથ છે. શ્વેતાંબરોમાં જે મૂર્તિને નથી માનતા તે સ્થાનકવાસી કહેવાય છે. આ સ્થાનકવાસી ઉપપંથના એક સાધુ શ્રી કાનજીસ્વામીએ પોતાનો પરંપરાગત ગચ્છ છોડી દઇને સૌરાષ્ટ્રમાં આવેલા સોનગઢમાં એક નવીન ઉપપંથની સ્થાપના કરી છે.

આચાર્ય કુંદકુંદના સુવિખ્યાત ગ્રંથ "સમયસાર" ને વાંચીને તેઓ દિગંબર પંથ તરફ આકર્ષાયા. જ્યારે એમણે જોયું કે વર્તમાન દિગંબર મુનિસંઘ કે શ્રાવક સમુદાયમાં કોઈ સમ્યગ્‌દૃષ્ટિ દેખાતું નથી, ત્યારે એમણે દિગંબર જૈન આગમોના આધાર પર પોતાના મતને અનુસારે એક નવીન પંથની સ્થાપના કરી. કોઇ પણ નાવીન્ય પ્રત્યે જનતાનું સ્વભાવિક આકર્ષણ થાય જ છે, અને તેમાંયે કાનજીસ્વામીની વકતૃત્વકલાની વિશિષ્ટ પદ્ધતિના કારણે સૌરાષ્ટ્રનો જનસમુદાય આ પંથ તરફ વિશેષ ખેંચાતો જતો દેખાય છે.

સૌરાષ્ટ્રમાં દિગંબર જૈન સમાજની વસતી નહિવત્ જેવી છે. ત્યાં દિગંબર સંપ્રદાયનો વિશેષ પ્રચાર થાય એ ધારણાએ દિગંબર સમાજના અગ્રગણ્ય શેઠ હુકમીચંદજીએ સારા પ્રમાણમાં આર્થિક સહાય એમને

કરી છે. સોનગઢમાં આચાર્ય કુંદકુંદ અને સીમંધરસ્વામીની મૂર્તિની સ્થાપના પણ કરી છે. સમયસાર આદિ ગ્રંથોને અનુસરીને શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો થાય છે, અને તે "આત્મધર્મ" નામે માસિકના સ્વરૂપે પ્રગટ થાય છે. હમણા સમેતશિખરજીની યાત્રાએ જતી વખતે તેઓ મુંબઇ પધાર્યા હતા ત્યારે "દિગંબર જૈન મુમુક્ષુ મંડળ" તરફથી એમનું ભવ્ય સ્વાગત થયું હતું અને મુંબાદેવીના વિશાળ ચોગાનમાં એમનાં વ્યાખ્યાનો થયાં હતાં.

એમની માન્યતાઓનો સાર હું જે રીતે સમજ્યો છું તે રીતે રજુ કરવાનો આ મારો પ્રયાસ છે, જે વાંચીને વિચારક વર્ગ તટસ્થ બુદ્ધિથી ગ્રાહ્ય અને ત્યાજ્યનો વિવેક કરે.

શ્રી કાનજી સ્વામીની માન્યતાઓ

(૧) શુભ ભાવ અને અશુભ ભાવ અર્થાત્ પુણ્ય અને પાપ બન્ને અશુદ્ધ છે, માટે તે અધર્મ છે, આસ્રવરૂપ-અસંયમાદિરૂપ-હોવાથી સર્વથા તજવા યોગ્ય છે.

(૨) જ્ઞાનીને પણ મંદ કષાયાવસ્થામાં શુભ ભાવ હોય છે પણ તે તેનો કદી આદર કરતા નથી.

(૩) પુણ્ય કરતાં કરતાં યા શુભ ભાવ અનુસાર વ્યવહાર કરતાં કરતાં ધર્મ પ્રગટ થશે એમ માનવું તે અજ્ઞાન છે.

(૪) વ્યવહારનો અભાવ થશે ત્યારે જ નિશ્ચય યા પરમાર્થ પ્રગટ થશે. વ્યવહારનો આશ્રય લેવાથી નિશ્ચયની પ્રાપ્તિ થશે એ માન્યતા ભ્રમપૂર્ણ છે.

(૫) અર્હન્તાદિ પંચપરમેષ્ઠીની ભક્તિ, અન્ય પ્રાણીઓ પર ઉપકાર, અને વ્રત તપસ્યા વગેરે ભાવ કર્મબંધના હેતુ છે. તે માટે તેને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ સમજી ત્યાજ્ય સમજવા જોઇએ. વીતરાગ ભગવાને અન્ય જીવો પ્રત્યે દયાનો ઉપદેશ કર્યો છે એમ માનવું તે અજ્ઞાન છે. જ્યારે પર જીવ માટે આ જીવ કંઇજ કરી શકતો નથી, તો પછી ભગવાન તેને બચાવવા માટેનો ઉપદેશ કેવી રીતે આપી શકે? આત્માના સ્વભાવને ઓળખીને પોતે પોતાને કષાયોથી બચાવે તે જ ખરું રક્ષણ છે.

(૬) દેવ ગુરૂની કૃપાથી મોક્ષ મળી શકે છે, વિવેકપૂર્વકના વર્તનથી તન મન પવિત્ર રહી શકે છે, સંયમપૂર્વક ન ચાલે તો શરીર રોગગ્રસ્ત થાય છે, કુંભાર ઘડો બનાવે છે, સોની સોનું ઘડી શકે છે, વગેરે વગેરે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કંઈ કરી શકે છે એમ માનવું તે અજ્ઞાન છે. ઉપાદાન કારણની સ્વતંત્ર યોગ્યતાના કારણે અન્ય દ્રવ્ય સ્વકીય પરિણતિથી નિમિત્તરૂપ બનીને ઉપસ્થિત થાય છે, પણ કોઈ દ્રવ્ય કોઇનું કંઈ કરી શકતું નથી. એટલે કે દ્રવ્યની ઉત્પત્તિના ઉપાદાન કારણમાં તેની પોતાની ઉત્પન્ન થવાની યોગ્યતા છે જ. ઉત્પન્ન થવામાં નિમિત્ત બનારાં દ્રવ્યો પોતાની સ્વતંત્ર યોગ્યતાથી તેની આજુબાજુ એકત્ર થઇ રહે છે. એટલે તે દ્રવ્યોએ બીજા દ્રવ્યને મદદ કરી ઉત્પન્ન કર્યું એમ ન કહી શકાય. જેમ કે માટીમાં ઘડાનો આકાર લેવાનો ગુણ છે અને તેમાંથી ઘડો થવાનો જ છે. કુંભાર તો નિમિત્ત રૂપે પોતાની સ્વતંત્ર યોગ્યતાથી ઉપસ્થિત રહે છે. તેથી તે ઘડાનો કર્તા કહી ન શકાય. પરિણામને પ્રાપ્ત થવાવાળો કર્તા, પરિણામ રૂપ કર્મ, અને પરિણતિ રૂપ ક્રિયા-બધી એક જ દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. જ્ઞાનાવસ્થામાં આત્મા સ્વભાવનો કર્તા અને અજ્ઞાનાવસ્થામાં વિભાવનો કર્તા છે. પ્રત્યેક વસ્તુ દ્રવ્ય ગુણ પર્યાયથી સર્વથા સ્વતંત્ર છે. કોઇ કોઇમાં કંઇ નથી પરિવર્તન કરી શકતું કે નથી પ્રેરણા કરી શકતું, નથી કોઇને લાભ હાનિ પહોંચાડી શકતું, નથી જન્મ મરણ કરાવી શકતું, નથી સુખ દુઃખ સાથે લડી શકતું કે નથી કોઇ કોઇને કંઈ પ્રકારની મદદ કે ઉપકાર કરી શકતું.

(૭) સર્વજ્ઞ પ્રભુની ત્રિકાલજ્ઞતામાં વિશ્વાસ ન હોવાથી એવો ભ્રમ પેદા થાય છે કે અમુક સમયે અમુક દ્રવ્યની અમુક અવસ્થા બદલવા હું સમર્થ છું.

(૮) આત્મા પ્રત્યે રૂચિ, આત્મા વિષેનું જ્ઞાન, અને આત્મામાં રમણ કરવું એ જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર ચારિત્ર તો ઉપચાર માત્ર છે. સમાજસેવા, રાષ્ટ્રભક્તિ, માનવપ્રેમ, અથવા જગતમાં સુખશાન્તિ ફેલાવવાનો પ્રયત્ન એ બધું મોક્ષમાર્ગમાં બાધારૂપ છે.

(૯) જૈન પરંપરાના જ્ઞાન માટે શ્વેતાંબર આગમો પ્રમાણભૂત નથી. તેથી સ્ત્રી મુક્તિ, કેવલી ભુક્તિ, અને સવસ્ત્ર સાધુપણાનું સમર્થન થઇ શકતું નથી.

સમીક્ષા

ઉકત માન્યતાઓ ઉપર બહુજ સંક્ષેપમાં હું મારી વિચારધારા પ્રસ્તુત કરૂં છું. સમાજ ઉપર એની ભલી બુરી શું અસર થશે તેનો વાંચકગણ પોતે વિચાર કરે.

(૧) જૈન આચાર્યોએ નવ તત્વનો પરિચય કરાવતાં મોક્ષતત્વને ધ્યેય તત્વ કહ્યું છે. અન્ય આઠ તત્વોમાં આસ્રવ-સંવર, બંધ-નિર્જરા, પુણ્ય-પાપ, અને જીવ-અજીવને પરસ્પર વિરોધી તત્વો કહ્યા છે. આ નવ તત્વોમાં "ધર્મ" નામે કોઈ તત્વ નથી. પાપનું વિરોધી હોવાથી પુણ્ય જ ધર્મનું કારણ બને છે. પુણ્ય શબ્દનો અર્થ જ "પવિત્ર" એવો થાય છે. પવિત્ર કર્મ કરતાં કરતાં ધર્મ પ્રગટ થાય તેમાં કોઇ આશ્ચર્ય નથી. જુલાબ એ પોતે સ્વાસ્થ્ય નથી, પણ સ્વાસ્થ્યને માટે જુલાબ છે. એ પ્રમાણે કદાચ પુણ્ય સ્વયં ધર્મ નહિ કહી શકાય, પણ ધર્મને માટે તો તે નિશ્ચય ઉપયોગી છે જ. પેટનો કચરો નીકળતાંની સાથે જુલાબ પણ નીકળી જાય છે. તેને કાઢવા માટે પાછા બીજા કોઇ જુલાબની જરૂર પડતી નથી. તેમ પાપનો નાશ કરીને પુણ્ય આપોઆપ ચાલ્યું જાય છે. તે માટે પુણ્યને ત્યાજ્ય કહી ન શકાય. જીવનનાવને કિનારે લગાડવા માટે પુણ્ય અનુકુળ હવા છે, અને પાપ પ્રતિકુળ હવા છે. નાવમાં બાકોરાં પડવા તે આસ્રવ છે અને બાકોરાંઓને પૂરવા તે સંવર છે. નાવમાં પાણીનું ભરાવું તે બંધ છે, અને પાણીને બહાર કાઢવું તે નિર્જરા છે. નાવને કિનારે લગાડવી તે મોક્ષ છે. કોઇએ કોઇને સ્વાદુ ભોજન જમાડયું તો તેમાં ભોજન અજીવ તત્વ છે, જમનાર જીવ તત્વ છે, સ્વસ્થ અવસ્થામાં તે ભોજનથી જે સુખ થયું તેનું બીજ પુણ્ય છે, અસ્વસ્થ અવસ્થામાં જે દુઃખ થયું તેનું બીજ પાપ છે. પુનઃ સ્વાદુ ભોજન કરવાની ઇચ્છા તે આસ્રવ છે. તેને રોકવી તે સંવર છે. ઇચ્છાનું મૂળ બંધમાં છે. તે મૂળને ઉખેડવું તે નિર્જરા છે. અને સર્વથા ઇચ્છા-તૃષ્ણા-નું છૂટી જવું તે મોક્ષ છે. આ બધા તત્વો ભિન્ન ભિન્ન છે. એકાંત બુદ્ધિથી પુણ્ય અને પાપને આસ્રવમાં જ સંમીલિત કરીને બન્નેને સમાન રીતે હેય રૂપ બતાવવા તે વિવેક વિનાનો આગ્રહ છે.

ઈંડાની ઉપરનું પડ અંદરના જીવને પરિપકવ કરીને પોતાની મેળે ફુટી જાય છે. એ પ્રમાણે પુણ્યકર્મ કે વ્યવહારધર્મ ચારિત્ર-ગુણને પરિપકવ કરી આપોઆપ છૂટી જાય છે. જેમ કોઇ ઘા પડયો હોય તેની રૂઝ આવવા માંડે ત્યારે ચામડી આવતી જાય તેમ ઉપરનો ખરેટો ખરી જાય છે, તેવી રીતે જીવનને નિર્લિપ્ત બનાવીને પુણ્ય સહજ સ્વભાવે પોતાના અહંકારને દૂર કરી દે છે. કહેવાનો ઉદ્દેશ એ છે કે પુણ્યને વિષ સમાન લેખીને પાપની શ્રેણીમાં મૂકી દેવું એ આગળ રહીને પાપને ઉત્તેજન આપવા બરાબર છે. જેમ તૃષાતુરને પાણી પાવામાં રહેલી હિંસા અને રકતપાન અને માંસાહારને કોઇ એક કોટીમાં મૂકે તો તે અનુચિત છે, તેમ પુણ્ય અને પાપને એક શ્રેણીમાં મૂકવા તે અયુકત છે. જમીન ઉપર ચાલતાં કોઇ પડી જાય તો જમીનનો જ ટેકો લઇને તે ઊભો થાય છે. તે પ્રમાણે-કર્મના (પાપના) કારણે જીવ પડે તે કર્મની (પુણ્યની)-સહાયથી જ પાછો ઊંચે આવે છે. અશુભ કર્મોનો નાશ શુભ કર્મો વડે જ થઇ શકે છે.

(૨) જ્ઞાનીને પુણ્યભાવ હોય છે અને તે તેનો આદર પણ કરે છે, કેમકે તે દ્વારા આત્મસાધના, લોકસાધના, અને જીવનસાધના પણ થાય છે.

(૩) જે પ્રમાણે બાલ્યાવસ્થામાં એકડા બગડા લખતે લખતે વિદ્યાર્થી અવસ્થામાં ગુણાકાર ભાગાકાર કરતાં આવડે છે, અને વ્યાપારી અવસ્થામાં તે જ આંકડા લેણ દેણના હિસાબ કરવામાં સહાયક થાય છે, તેમ પુણ્ય કર્મ કરતાં કરતાં શુદ્ધ ધર્મ પ્રગટ થાય તેમાં કોઇ આશ્ચર્ય નથી.

(૪) વીતરાગના ઉપદેશોમાં "આચારાંગ સૂત્ર" પ્રધાન છે. અન્ય દર્શનોમાં પણ કહ્યું છે કેઃ—

सर्वागमानाम् आचारः प्रथमं परिकलप्यते
आचारः प्रथमो धर्मः धर्मस्य प्रमुरच्युतः ॥

બધા આગમોમાં આચારને પ્રથમ ધર્મ કહ્યો છે. શુદ્ધ આચાર-યુકત જીવ પતિત થતો નથી. વ્યવહાર પરમાર્થને માટે હોવાથી તે પણ પરમાર્થ છે—જેમ સીડી મકાનમાં ચઢવા માટે હોવાથી મકાનનો જ એક અંશ છે તેમ.

(૫) વ્રત, તપસ્યા, રક્ષા આદિ વ્યવહાર ચારિત્રના અંગ હોવાથી કર્મોને રોકવામાં અને બંધાયેલા કર્મોને છોડવવામાં તે બધા હેતુભૂત છે, મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે અમૃત સમાન ઉપયોગી છે. કષાયોથી પોતે બચવું તે નિશ્ચય દયા છે, અને અન્ય જીવોનું રક્ષણ કરવું તે વ્યવહાર દયા છે. ભગવાને નિશ્ચય અને વ્યવહાર બન્નેનો ઉપદેશ આપ્યો છે. અનેકાંત સિદ્ધાંતનો આધારસ્તંભ જ એ છે કે વ્યવહાર અને નિશ્ચય બન્નેને સમાન ઉપકારક માનવામાં આવે. રેલ્વેના બન્ને પાટા કોઈ દિવસ એક બીજાને મળવાના નથી, છતાં ગાડી તો એ બન્ને પાટાના આધાર ઉપર જ ચાલે છે. તેવી રીતે ધર્મની ગાડી વ્યવહાર અને નિશ્ચય રૂપ બે પાટાના આધાર ઉપર ચાલે છે. વલોણું વલોવતી ચતુર સ્ત્રી દોરીનો એક છેડો ખેંચે છે ત્યારે બીજો છેડો ઢીલો મૂકે છે પણ સર્વથા છોડી દેતી નથી, ત્યારે જ માખણ મેળવે છે. તે પ્રમાણે આત્મસ્વરૂપ રૂપી નવનીત મેળવવા માટે કયારેક વ્યવહારને મુખ્ય કરીને ચાલવું પડે છે, તો કયારેક નિશ્ચયને પ્રાધાન્ય આપવું પડે છે, પણ બેમાંથી એકેયને સર્વથા છોડી દેવાતા નથી. વીતરાગ અવસ્થામાં નિશ્ચય પ્રધાન છે અને છદ્મસ્થ અવસ્થામાં વ્યવહાર પ્રધાન છે. બન્નેને ઉપકારક માનવા તે જ અનેકાન્ત છે.

(૬) આચાર્ય ઉમાસ્વાતિએ સર્વમાન્ય તત્વાર્થસૂત્રમાં કહ્યું છે કેઃ— "परस्परोपग्रहो जीवानाम्" પરસ્પર ઉપકાર કરવો એ જીવનું લક્ષણ છે. જો કોઈ જીવ કોઈ માટે કંઈ કરી શકતો નથી એમ માનીએ, તો તો તીર્થંકરોની તીર્થસ્થાપના અને સાધુઓનો ઉપદેશ બધું નિરર્થક સિદ્ધ થશે. વળી "अधिकरणं जीवाजीवाः" એ સૂત્રથી એમ પણ સિદ્ધ થાય છે કે જીવ જીવને ઉપકારક છે એટલું જ નહિં પણ અજીવ પણ ઉપકારક છે. અજીવની સહાયતા વિના માત્ર જીવ તત્વ કંઈ કરી શકતું નથી.

(૭) અરિસો શુદ્ધ અને સ્થિર હોય તો જેવી અવસ્થામાં આપણે હોઇએ તેવું બરાબર તેમાં દર્શન થાય છે. એ પ્રમાણે વીતરાગના આત્મામાં પણ આપણે જે અવસ્થાએ પ્રયત્નપૂર્વક પહોંચ્યા હોઈશું તેવી અવસ્થા સ્ફુરિત થશે. આપણી અવસ્થાઓ વીતરાગના જ્ઞાન અનુસાર નથી, પરંતુ જેવી અવસ્થા આપણી હશે તેવી વીતરાગના જ્ઞાનમાં પ્રતિબિંબિત થશે. જો એમ ન હોય તો પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિષે શ્રેણીક મહારાજાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ચાર વખત જુદા જુદા જવાબો આપ્યા તેને બદલે પ્રથમથી જ પ્રભુ કહી દેત કે પ્રસન્નચંદ્ર ઋષિ મોક્ષે જવાના છે. પણ ત્યાં તો ઋષિની જે જે માનસિક અવસ્થા બદલાતી ગઈ તે તે પ્રભુના જ્ઞાનમાં પ્રતિબિંબિત થતી ગઇ અને તે પ્રમાણે એમણે જવાબો આપ્યા. એટલે આમાં વીતરાગમાં ત્રિકાળજ્ઞાનના અવિશ્વાસ વિશ્વાસનો કોઈ પ્રશ્ન નથી, પરંતુ આત્મા પુરૂષાર્થ કરવા સમર્થ છે અને પુરૂષાર્થથી જ મોક્ષપ્રાપ્તિ છે એ નિર્વિવાદ છે.

(૮) સમાજસેવા, રાષ્ટ્રભકિત, વિશ્વપ્રેમ, આદિ ભાવોને મોક્ષ-માર્ગમાં બાધક માનવા એ ભયંકર ભ્રમ છે. આ ભાવો પ્રારંભમાં પણ વ્યકિતગત સ્વાર્થથી મુકત કરે છે, અને ફલ સ્વરૂપે પણ મુકિત પ્રાપ્ત કરાવે છે. જે પ્રમાણે વૃક્ષના મૂળમાં બી રહેલું છે અને ફળમાં પણ બી છે તે પ્રમાણે વિશ્વપ્રેમના મૂળમાં પણ મુકિત છે અને ફળમાં પણ મુકિત છે.

(૯) સ્ત્રીનો આત્મા પણ પુરૂષ જ છે, એટલે બધો પુરૂષાર્થ કરી શકે છે. તેને પણ વિકસિત મન છે, પાંચ ઇંદ્રિયો છે, મહાવ્રત પાલન કરવાની તાકાત છે, તો પછી મુકિત પ્રાપ્ત કરવામાં તેને શું બાધા હોઇ શકે ? કોઇ નહિં. કેવલી ભગવાન પણ શરીરધારી છે, વેદનીયાદિ ચાર કર્મથી યુકત હોય છે, એટલે એમને કવલાહાર ગ્રહણ કરવામાં કોઈ બાધા હોઈ શકે નહિં. પીંછી કમંડલની જેમ વસ્ત્રો પણ સાધુને સંયમમાર્ગમાં સાધક થઇ શકે છે.

વાસ્તવમાં દુનિયાનાં પ્રત્યેક કાર્યો જો નિર્લેપ ભાવે કરવામાં આવે તો મોક્ષના હેતુભૂત થઇ શકે છે, અને આધ્યાત્મિક કહેવાતા કાર્યો પણ આસકિતપૂર્વક સંસારને માટે કરવામાં આવે તો બંધનના કારણ થઇ શકે છે. ખરૂં જોતાં અનેકાંત શાસનમાં કોઈ પણ દૃષ્ટિનો એકાંત આગ્રહ કરવો તે ભૂલ છે.

સ્વાર્થ અને પરમાર્થ, નિશ્ચય અને વ્યવહાર, વ્યષ્ટિ અને સમષ્ટિ ઉપાદાન અને નિમિત્ત, બધાંનો સમાન રૂપે વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી જ જીવન અને જીવમુકિતનો સર્વતોમુખી આનંદ પ્રાપ્ત થઇ શકે છે.

શ્રી કાનજી સ્વામીના પંથમાં નિશ્ચયનો આગ્રહ દેખાય છે અને વ્યવહારનો નિષેધ હોય છે. જે પ્રમાણે એક પાંખથી પંખી ઊડી શકતું નથી, એક પગે ચાલી શકાતું નથી, તે પ્રમાણે એક પ્રકારની દૃષ્ટિના આગ્રહથી સત્યાર્થની પ્રાપ્તિ અસંભવિત બને છે. નાવને ત્યારે જ છોડી દેવામાં આવે, જ્યારે કિનારે પહોંચી જવાય. તે પ્રમાણે વ્યવહાર ત્યારે જ છોડી શકાય, છુટે, જ્યારે નિશ્ચયની પ્રાપ્તિ થઈ જાય.

પહેલેથી જો વ્યવહાર ધર્મ કે પુણ્યકર્મને હેય જ મનાવાય તો જનતા નિશ્ચયે કરીને પાપ પ્રવૃત્તિમાં ડુબેલી રહે. કોઈ જીવ કોઇ માટે કંઇ કરી શકતો નથી એવો ઉપદેશ જનમાનસમાં પીડિતો, શોષિતો પ્રતિ ઉપેક્ષા દાખવવાની વૃત્તિ પેદા કરશે, ઉત્તરદાયિત્વ—જવાબદારી—નું ભાન ઉડી જશે, અને સમાજ ઉપર ભયંકર દુષ્પ્રભાવ પડશે. જનતા અકર્તવ્યતા તરફ ઢળશે. સર્વજ્ઞતાની વિકૃત માન્યતાઓ નિયતિવાદ રૂપી રોગનું પોષણ કરશે તો પુરૂષાર્થભાન મંદ પડી જશે.

સર્વ સિદ્ધાન્તોનો આપણે વિવેકપૂર્વક ઉપયોગ કરીએ, અને વિકૃતિથી બચીને સ્યાદ્વાદસુધાનું પાન કરવામાં મગ્ન રહીએ. નિયતિ-વાદનો એકાંત ઉપદેશ કરવાવાળા આ નવીન પંથથી આપણે સાવધાન રહેવું જોઇએ, તેમ પ્રાચીન પંથોના પણ એકાંતવાદથી દૂર રહેવું જોઇએ. પ્રાચીન કે નવીનનો આગ્રહ ન રાખતાં સમીચીન ધર્મનું સેવન કરવું જોઇએ, જેથી જીવનનો સર્વતોમુખી વિકાસ થઈ શકે.

સૂરજચંદ્ર હાંગી

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠ્યપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

सत्यं शिवं सुन्दरम्

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક
કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
सत्यं शिवं सुन्दरम् : કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂ. ૧
મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

ભગવાન મહાવીરનો સંદેશ

(તા. ૧૨-૪-૫૭ શુક્રવાર-મહાવીર જયન્તીના રોજ ઓલ ઇન્ડીઆ રેડીઓ-મુંબઈ સ્ટેશન પરથી રજુ કરવામાં આવેલો વાર્તાલાપ ઓલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આજે જેમની જન્મ જયન્તી ભારતભરમાં સ્થળે સ્થળે ઉજવાઇ રહી છે તેવા શ્રમણ ભગવાન મહાવીરનો જીવન સંદેશ સમજવા માટે તેમના સમયનું આપણી આંખ સામે સ્પષ્ટ ચિત્ર હોવું જોઇએ. તેમનો જન્મ આજથી ૨૫૫૫ વર્ષ પહેલાં થયો. ભગવાન બુધ્ધ અને ભગવાન મહાવીર સમકાલીન હતા અને તેમને સમાન સામાજિક પરિસ્થિતિના સામનો કરવાનો હતો. એ વખતનું જીવન આજના જેટલું જટિલ નહોતું; વસ્તી એટલી વિપુલ નહોતી; વિજ્ઞાનની આજની શોધોનું કોઈ નામ નિશાન નહોતું; આજની જેવડા મોટાં શહેરો નહોતાં; લોકો ખાધે પીધે સુખી હતા. ગ્રામ-પ્રધાન લોકજીવન હતું. આજની આર્થિક સમસ્યાઓની, મોટા પાયા ઉપરના આન્તરરાષ્ટ્રીય વ્યાપાર કે કેન્દ્રિત યંત્રોદ્યોગોની કલ્પના નહોતી. પશુઓ દ્વારા વાહન વ્યવહાર હતો. એ વખતનો સમાજ મોટા ભાગે ચાર વર્ણોમાં વહેંચાયલો હતો; ક્ષત્રીયોનું રાજ્ય હતું, પણ બ્રાહ્મણોનો રાજ્યકર્તા વર્ગ અને આમ પ્રજા ઉપર ઘણો મોટો પ્રભાવ હતો. વર્ણોમાં બ્રાહ્મણ સૌથી શ્રેષ્ટ ગણાતો. યજ્ઞો ઉપર લોકોની ખૂબ શ્રધ્ધા હતી. આ યજ્ઞોમાં પશુઓનાં બલિદાન અપાતાં હતાં. યજ્ઞ કર્મમાં જ ધાર્મિકતાની પર્યાપ્તી મનાતી અને યજ્ઞકાર્ય માટે બ્રાહ્મણ અનિવાર્ય હતો. બીજું વેદો ઈશ્વરપ્રણીત મનાતા અને વેદવાકય સર્વોપરિ લેખાતું. વેદને અનુકુળ વિધાન તે જ સાચું અને તેને પ્રતિકુળ વિધાન એ ખોટું-આવી માન્યતાએ લોકમાનસમાં ઉંડી જડ ઘાલેલી હતી. આ વેદના અધ્યયનનો અધિકાર માત્ર બ્રાહ્મણને જ હતો. આ કારણે બ્રાહ્મણનું સર્વોપરીપણું સુદૃઢ રહેતું હતું. શુદ્ર અને સ્ત્રી ઉભયને ઉતરતી કક્ષાના લેખવામાં આવતા અને બન્ને સંન્યાસના અનધિકારી લેખાતા. આખું જીવન ક્રિયાકાંડપ્રચુર હતું અને અન્તઃશુદ્ધિ ઉપર ભાગ્યે જ લક્ષ્ય અપાતું હતું. એ સમયની સમગ્ર સામાજિક પરિસ્થિતિ બ્રાહ્મણ પરંપરાથી અત્યન્ત પ્રભાવિત હતી.



આ પરંપરા સાથે કેટલાય સમયથી શ્રમણ પરંપરા અસ્તિત્વમાં આવી હતી. ભ. મહાવીરથી ૨૫૦ વર્ષ પહેલાં થયેલા ભગવાન પાર્શ્વનાથ તે પરંપરાના મુખ્ય પ્રણેતા હતા. તેમનો ધર્મ ચતુર્યામ ધર્મ તરીકે ઓળખાતો હતો. આ ચતુર્યામ એટલે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ. આ ધર્મ બાહ્ય ક્રિયાકાંડો ઉપર નહિ, પણ આચાર અને સંયમ ઉપર વિશેષ ભાર મૂકતો હતો. આ શ્રમણ પરંપરાની બ્રાહ્મણ પરંપરાની અપેક્ષાએ, ઓછી જમાવટ હતી અને તે તરફ મોટા ભાગે ક્ષત્રીયો અને વૈશ્યો વળેલા હતા.

ભગવાન મહાવીરનો જે રાજકુટુંબમાં જન્મ થયો હતો તે પાર્શ્વનાથની પરંપરાનું નામ સિધ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા. ત્રિશલા વૈશાલીના સુપ્રસિધ્ધ ચેટક રાજાની બહેન થાય. સિધ્ધાર્થને મહાવીરથી મોટો એક પુત્ર નંદિવર્ધન અને એક પુત્રી સુદર્શના હતી. મગધમાં આવેલા વૈશાલી નગરીમાં મહાવીરનો જન્મ થયો હતો. માતપિતાએ તેમનું પાડેલું નામ વર્ધમાન હતું.

બાલ્યાવસ્થા પૂરી થઈ; વિદ્યાર્થી જીવન પસાર થયું; યુવાવસ્થામાં પ્રવેશ કર્યો; યશોદા નામની રાજકન્યા સાથે તેમના લગ્ન થયાં, તેનાથી પ્રિયદર્શના નામની પુત્રી થઇ. આ બધું છતાં વર્ધમાનનું સંસારમાં કોઈ ચિત્ત નહોતું, ત્યાગ અને વૈરાગ્ય તરફ તેમનું દિલ સતત આકર્ષાયલું રહેતું, સાંસારિક ભોગોપભોગમાં તેમને કોઈ રસ નહોતો. પોતાના માર્ગે આગળ જવામાં તેમને એક જ અન્તરાય હતો. માતપિતાનો તેમના ઉપર અગાધ પ્રેમ હતો. તેમની પણ માતપિતા વિષે અપૂર્વ ભકિત હતી. સંસારત્યાગ માતપિતા કોઇ પણ રીતે સહન નહિ કરી શકે એમ સમજીને તેમની હયાતી દરમિયાન તે વિચારને અમલમાં ન મૂકવો એમ ભ. મહાવીરે નિરધાર કર્યો હતો. ૨૮ વર્ષની ઉમ્મરે તેમના માતપિતાનો દેહાન્ત થયો. ભગવાન મહાવીર સંસાર-ત્યાગ કરવા તત્પર થયા. મોટા ભાઇના અતિ આગ્રહને વશ થઈને બે વર્ષ તેઓ વધારે રોકાયા અને ગૃહસ્થ છતાં સર્વ પ્રકારે સાધુ જીવનમાં પસાર કર્યાં.

૩૦ વર્ષની ઉમ્મરે તેમણે સર્વસ્વનો ત્યાગ કરીને સંન્યાસધર્મ અંગીકાર કર્યો, અને સાડા બાર વર્ષ અખંડ સાધના તપશ્ચર્યા કરી.

જૈન માન્યતા એવી છે કે આત્મા કર્મબંધના કારણે સંસારમાં એક યોનિમાંથી અન્ય યોનિમાં ભવભ્રમણ કર્યા કરે છે. સમયાન્તરે તે સમ્યક્ દૃષ્ટિ બને છે. તેનું જીવન મોક્ષાભિમુખ બને છે; તપ વડે કર્મની નિર્જરા કરે છે અને કર્મક્ષયના પરિણામે તે કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરે છે; આત્માના શુધ્ધ સ્વરૂપને જાણે છે; અને દેહવિલયના પરિણામે મોક્ષપદને પામે છે. આ વિચારસરણી મુજબ સંસાર ત્યાગ કર્યા બાદ દિગંબર સ્થિતિમાં ભગવાન મહાવીર વિચરે છે; મોટા ભાગે અનશન ઉપવાસ અને જરૂર પડયે ભિક્ષાવૃત્તિ ઉપર જીવન નિર્વાહ કરે છે. તપ અને ધ્યાન એ તેમના મુખ્ય વ્યવસાય હોય છે. બહુધા મૌનને ધારણ કરે છે. જ્યાં સુધી પરમ સત્યનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી કોઇને પણ ઉપદેશ આપવાથી દૂર રહે છે. અને પરિચિત અપરિચિત પ્રદેશોમાં વિચરતાં તેઓ પારવિનાનાં કષ્ટો અને યાતનાઓ ભોગવે છે. આ યાતનાનું આચારાંગ સૂત્રમાં આબેહુબ વર્ણન કર્યું છે.

આવી ઘોર તપસ્યાના કારણે ધર્મશાસ્ત્રોમાં ભગવાન મહાવીરને દીર્ઘતપસ્વી' એવા ઉપનામથી ઓળખવામાં આવે છે. આમ બે દિવસથી માંડીને છ માસ સુધીનાં વિવિધ સમર્યાદાવાળા ઉપવાસો અને ગાળે ગાળે પારણાં કરતાં કરતાં અને ધ્યાનની ઉત્તરોત્તર ઉચ્ચતર કક્ષા પ્રાપ્ત કરતાં કરતાં ભગવાન મહાવીર આપાપા નગરી પાસેના જૃંભિક ગામે આવ્યા. તે ગામની બહાર, ઋજુવાલુકા નદીના ઉત્તર કિનારે, શ્યામાક નામના ગૃહસ્થનું ક્ષેત્ર હતું. ત્યાં વૈયાવૃત્ત નામના ચૈત્યના ઈશાન ખુણામાં આવેલા એક શાલવૃક્ષની નીચે ભ. મહાવીર ગોદોહાસને કઠોર તડકામાં જ ધ્યાનસ્થ થયા. તે દિવસ વૈશાખ શુદ્ધ ૧૦ નો હતો અને ચંદ્રનો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ થયો હતો. એ સમયે ઉત્કૃષ્ટ શુકલ ધ્યાનમાં ભગવાન મહાવીર સ્થિર થયા હતા અને તેથી જ કોઇ જીર્ણ દોરી જેમ તત્કાળ તૂટી જાય તેમ ભગવાન મહાવીરના આત્મા ઉપરનાં ચાર ઘાતી કર્મોનાં બંધન તૂટી ગયાં અને દિવસને ચોથે પહોરે તેમને સંપૂર્ણ, પરિપૂર્ણ, અવ્યાહત, નિરાવરણ, અને અને સર્વોત્તમ એવું કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું.

આમ આન્તર પ્રદેશમાં પૂર્ણ ચેતનાની જાગૃતિ થવા બાદ તેમણે જગતના જીવોને ઉપદેશ આપવાનું કાર્ય શરૂ કર્યું. ધર્મ-અધર્મનો

વિવેક સમજાવ્યો; કર્મકાંડપરાયણ લોકમાનસને તપ અને સંયમ તરફ વાળવા પ્રયત્ન કર્યો; વેદના પ્રામાણ્યનો અને હિંસાપૂર્ણ યજ્ઞનો વિરોધ કર્યો; ઉચ્ચનીચના સ્પૃશ્યાસ્પૃશ્યના ભેદવાળી સમાજરચનાના સ્થાને સમાનતાની ભાવનાની પ્રતિષ્ઠા કરી, સ્ત્રીપુરૂષની સમાનતાને આગળ ધરી, અંધશ્રધ્ધાના ઠેકાણે તર્ક અને બુધ્ધિના તત્વને વધારે જોર આપ્યું, અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ વ્રતો ઉપર સમગ્ર આચાર ધર્મની માંડણી કરી, અને સંપ્રદાયવાદના સ્થાને અનેકાન્તવાદના પાયા ઉપર સમન્વય બુધ્ધિને પ્રતિષ્ઠિત કરી. આ રીતે તેમણે ધર્મતીર્થની સ્થાપના કરી. અને તેથી તેઓ તીર્થંકર કહેવાયા.

આવા ક્રાન્ત દર્શનની ઓરણ ઉપર તેમણે લોક વિચારનું ઘડતર કર્યું, અને તેની સાથે અસંગત એવા ધાર્મિક ક્રિયાકાંડ, સામાજિક રીત રીવાજ, અને લૌકિક રૂઢિ—પરંપરાનો તેમણે સામનો કર્યો. તેમની સામે સૌથી મોટો વિરોધ બ્રાહ્મણ સમાજનો હતો. કારણ કે તેમનો સર્વ ઉપદેશ વેદ પ્રતિષ્ઠાને તોડનાર હતો અને યજ્ઞના માહાત્મ્યને નાબુદ કરનાર હતો. તત્કાલીન પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિમાં ઘણું અન્તર છે. વેદના પ્રામાણ્ય—અપ્રામાણ્યનો આજે કોઇ પ્રશ્ન નથી; યજ્ઞ અને તેમાં થતાં પશુ બલિદાનો આજે મોટા ભાગે નાબુદ થયા છે; માત્ર જન્મના કારણે ઉચ્ચ ગણાતો વર્ગ આજે હીનતેજ અને હીન—પ્રભાવ બનેલ છે; વર્ણવ્યવસ્થા પાછળ રહેલી ઉચ્ચ નીચની કલ્પનાથી આપણે ઘણા અંશે મુકત થયા છીએ; અસ્પૃશ્યતા કાયદાથી નાબુદ થઈ છે અને ચાલુ જીવનમાંથી લુપ્ત થતી ચાલી છે; સ્ત્રીપુરૂષ વચ્ચે સમાનતાની ભાવના સર્વસ્વીકાર્ય બનતી રહી છે.

આમ છતાં પણ તેમણે ઉપદેશેલાં કેટલાંક તાત્વિક રહસ્યો આજે પણ એટલાં જ—અલકે વધારે—મહત્વવાળાં બન્યાં છે. તેમણે સૌથી વધારે ભાર અહિંસા ઉપર મુકયો હતો. એ અહિંસાનું તત્વ તેમના નિર્વાણ બાદ ઉત્તરોત્તર વિકાસ પામતું રહ્યું છે. એટલું જ નહિ પણ જીવનના અનેક નવાં ક્ષેત્રો ઉપર આજે અહિંસાનો વિચાર લાગુ પાડવામાં આવ્યો છે. મહાવીર બાદ ૨૫૦૦ વર્ષના માટે અહિંસાના વિચારને નવો વેગ અને નવું રૂપ આપનાર ગાંધીજી આપણી સામે ઉપસ્થિત થયા. જે અહિંસા કેવળ નિવૃત્તિલક્ષી હતી, અને વ્યકિતગત સાધનાના પરમોપાય તરીકે સ્વીકારવામાં આવી હતી, તે અહિંસાને ગાંધીજીએ પ્રવૃત્તિપરાયણ અને સમાજલક્ષી બનાવી. રાજકારણ અને સમાજકારણથી દૂર રહેલી અહિંસાને રાજ્યાભિમુખ અને સમાજાભિમુખ બનાવી. ખાનપાનના નિયમ ઉપનિયમોમાં અટવાયલી અહિંસાને માનવતાલક્ષી બનાવી.

મહાવીરે ઉપદેશેલું બીજું એકાકાન્તવાદનું તત્વ સર્વધર્મ—સમાનતાના રૂપમાં આપણી સમક્ષ પુનઃ ઉપસ્થિત થયું છે. અને આજે ચોતરફ વધતા જતા અસહિષ્ણુતાના દાવાનળમાંથી ઉગારનાર તે જ એક તરણોપાય છે. અહિંસા અને અનેકાન્તવાદ આત્મોન્નતિસાધક સમભાવની જ બે બાજુ છે. એકનો સંબંધ હૃદય સાથે છે; બીજાનો સંબંધ બુદ્ધિ સાથે છે.

ત્રીજી બાબત મહાવીરે પ્રરૂપેલ અપરિગ્રહવ્રતની છે. પરિગ્રહ એટલે સંગ્રહવૃત્તિ. અપરિગ્રહ એટલે સંગ્રહને સતત મર્યાદિત બનાવવાનો પ્રયત્ન. આજના અનેક અનર્થોનું મૂળ અમર્યાદ પરિગ્રહવૃત્તિ છે. આ પરિગ્રહવૃત્તિ સમષ્ટિગત બનતાં તેમાંથી આન્તરરાષ્ટ્રીય હરીફાઈ અને વિગ્રહો પેદા થાય છે. આજની આર્થિક વિષમતા અમર્યાદિત પરિગ્રહમાંથી પેદા થયેલ છે. અપરિગ્રહવૃત્તિ એટલે આપણું જે કાંઈ છે તેને સૌનું બનાવીને, ભાગે પડતું આવે તે ભોગવવું. આજની ભૂદાન પ્રવૃત્તિની પણ આજ ભૂમિકા છે. આ અહિંસા, અનેકાન્ત, અને અપરિગ્રહ આજના વ્યકિતગત તેમજ સમષ્ટિગત ઘર્ષણોને અને વૈમનસ્યને નાબુદ કરવાના અને સર્વોદયની સાધનાનાં મૂળમંત્રો છે.

મહાવીર પ્રરૂપિત ધર્મનું અન્તિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ છે. આવી જેને મોક્ષપ્રાપ્તિ થઇ હોય તેવા મુકત પુરૂષની દશા કેવી હોય તેનું વર્ણન કરતાં, જાણે કે ઉપનિષદની વાણીની આગાહી કરતા ન હોય તેમ, તેઓ આચારાંગ સૂત્રમાં જણાવે છે કે "મુકત પુરૂષ જન્મમરણના માર્ગને ઓળંગી જાય છે; વાણી ત્યાંથી પાછી ફરે છે; ત્યાં કોઇ તર્ક પહોંચતો નથી, અને બુદ્ધિ પ્રવેશી શકતી નથી. તે મનુષ્ય ઓજસ્વી થાય છે; જેની કોઈ બીજી પ્રતિષ્ઠા નથી, એવા અપ્રતિષ્ઠ આત્માને તે જાણે છે, તે લાંબો નથી, ટુંકો નથી, ગોળ નથી, ત્રાંસો નથી, ચોરસ નથી, મંડળાકાર નથી, કાળો નથી, લીલો નથી, રાતો નથી, પીળો નથી, ધોળો નથી, સુગંધી નથી, દુર્ગંધી નથી.....સ્ત્રી નથી, પુરૂષ નથી, નપુંસક પણ નથી, તે જ્ઞાતા છે, તેને કશી ઉપમા નથી. તે અરૂપી સત્તા છે. તે શબ્દાતીત હોવાથી, તેને કશી ઉપમા નથી.

આવા ભગવાન મહાવીર એક સ્થળથી બીજા સ્થળે, એક નગરથી બીજા નગરે, એક દેશમાંથી બીજા દેશમાં સાડી ત્રીશ વર્ષ સુધી સતત વિહાર કરતા રહ્યા અને અનેક નરનારીઓનો સમ્યક્ ધર્મના ઉપદેશ વડે ઉધ્ધાર કરતા રહ્યા, અને અનેકના જીવનમાં નવો પ્રાણસંચાર કરતા રહ્યા. સમયાન્તરે તેઓ પાવાપુરીમાં પધાર્યા અને અન્તિમ ચોમાસું તેમણે હસ્તિપાળ રાજાની જીર્ણશાળામાં વ્યતીત કર્યું. દેહ છોડવાનો સમય નજીક આવતો ગયો, તેમ તેમણે પોતાની ઉપદેશધારા વેગથી ચાલુ કરી. કહે છે કે છેક પાછલી રાત સુધી તેમણે તે ધારા થોભાવી જ નહિ અને પુણ્યનાં ફળો વિષે પંચાવન અધ્યયનો, પાપનાં ફળો વિષે પપ અધ્યયનો અને વણપૂછ્યા વિષયોનાં ૩૬ અધ્યયનો—એમ એક પછી એક તેમના મુખે વહ્યા જ કર્યા. ભગવાનના મોક્ષની ઘડિ નજીક આવતી ગઇ તેમ નરનારી સમુદાય તેમની આસપાસ ભેગો થવા લાગ્યો. હવે ભગવાને પર્યંકાસને સ્થિર થઈ ધીરે ધીરે મન—વાણી—કાયાના સ્થૂળ તેમજ સૂક્ષ્મ યોગો રૂંધવા માંડયા; અને એ રીતે ધ્યાનની સર્વોત્તમ કક્ષાએ પહોંચી સર્વ કર્મબંધ તોડી નાંખ્યા. એમ થતાં જે વસ્તુ માટે તેમણે પુર—મંદિર—રાજ્ય—લક્ષ્મી આદિનો ત્યાગ કર્યો હતો, સ્નેહે કરીને વ્યાપ્ત એવા બંધુજનોના સ્નેહને અવમાન્યો હતો, ગમે તેવા ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપ તથા શીત ઋતુની ગમે તેવી ઠંડીઓ સતત સહ્યા કરી હતી, ભિક્ષા માંગીને ગમે તેવાં લુખાં-સુકાં તુચ્છ અન્ન પણ સ્વીકાર્યા હતા, ભયંકર સ્મશાનો, શૂન્ય ગૃહો અને અરણ્યોમાં વિહરવાનું માન્ય રાખ્યું હતું, છ ટંક, આઠ ટંક આદિના કઠિન ઉપવાસો સતત કર્યા કર્યા હતા અને બીજાં પણ અનેક વિઘ્નો તથા સંકટો ખેદ રહિતપણે સહ્યા હતાં તે વસ્તુ—એટલે કે મોક્ષપદ—તેમને પ્રાપ્ત થયું. ધન્ય છે તે વીરને, તેમના જીવનને તેમ જ તેના નિર્વાણને.

સૂત્રકાર કહે છેઃ "બધી ગ્રંથીઓને પાર કરી ગયેલા તે પ્રભુને હવે ફરી જન્મ તેમ જ મરણ પામવાપણું નથી. તે મહાપુરૂષ કોઇ પણ દૂષણ વિનાના, ધૃતિમાન, સ્થિર ચિતવાળા તથા સૂર્યની પેઠે અનુપમ તપ કરનારા હતા.

"સહન કરવામાં તે પૃથ્વી જેવા હતા, અનુભવી હતા, કુશળ હતા, તીવ્ર બુધ્ધિમાન હતા, પરિપૂર્ણ પરાક્રમી હતા, તથા અનેક ગુણોથી યુકત હતા.

"આ લોક તથા પરલોકના સર્વ કામભોગોનો ત્યાગ કરી, કર્મક્ષય કરવાના હેતુથી તેમણે અતિ દુષ્કર તપ આચર્યું હતું; અને સ્ત્રી ભોગ, રાત્રી ભોજન અને તમામ ભોગપદાર્થોનો હંમેશને માટે ત્યાગ કર્યો હતો. સર્વોત્તમ શુકલ ધ્યાન પ્રાપ્ત કરી, તે મહામુનિ પરમ સિદ્ધિને પામ્યા છે. તેમના સમયના પ્રચલિત સર્વ વિરોધી વાદો જાણવા છતાં, તેમણે જીવનપર્યન્ત પોતાને યોગ્ય લાગતો સંયમધર્મ આચર્યો છે, તથા સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણીને, લોકોના કલ્યાણ અર્થે હિતકર એવો તે ધર્મ, દીપકની પેઠે પ્રગટ કર્યો છે. તેજસ્વી અગ્નિની જેમ તે ધર્મ સર્વ કર્મોનો નાશ કરનાર છે."

આવા લોકોત્તર પુરૂષ ભગવાન મહાવીરનો આજના જગત્ને શું સંદેશ છે ? આજના વિગ્રહતત્પર માનવીને ઉદ્દેશીને જાણે કે કહેતા ન હોય એમ તેઓ આચારાંગ સૂત્રમાં એક સ્થળે સ્પષ્ટપણે જાહેર કરે છે કે "જેને તું હણવા માંગે છે તે તું જ છે; જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે, તે પણ તું જ છે; જેને તું દબાવવા માંગે છે તે પણ તું જ છે; તથા જેને તું મારી નાખવા માંગે છે, તે પણ તું જ છે. આમ જાણી સમજી માણસ કોઇને હણતો નથી, હણાવતો નથી.

આવા લોકોદ્ધારક, કરૂણાસાગર, પરમ પ્રભુ ભગવાન મહાવીરને આપણાં પુનઃ પુનઃ વન્દન હો ! નમસ્કાર !

તા. ૧૨-૪-૫૭ મુંબઇ **પરમાનંદ**

સાતત્યરક્ષા અને પરિવર્તનશીલતા

(તા. ૨૮-૩-૫૭ ના રોજ જુની લોકસભાનું વિસર્જન કરતાં મહા અમાત્ય જવાહરલાલ નહેરૂએ એક વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું અને લોક જીવનના પાયામાં રહેલા તત્ત્વોની રક્ષા થવી જોઇએ અને એમ છતાં ફરતા જતા કાળ સંયોગોને અનુરૂપ તેમાં સતત પરિવર્તન થતું રહેવું જોઇએ એ મુદ્દો આગળ ધરીને લોકશાહીનું હાર્દ સમજાવ્યું હતું. તે વ્યાખ્યાનને જરૂર જણાઈ ત્યાં સંક્ષિપ્ત કરીને તેમ જ ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

પાર્લામેન્ટરી ડેમોક્રસી–સંસદીય લોકશાહી–નો જે કુમળો છોડ પાંચ વર્ષ પહેલાં આપણે ઉગાડયો હતો તે આજે મોટા વૃક્ષમાં પરિણમ્યો છે. તો પણ ભવિષ્યમાં હજુ આપણે બીજા કેટલાયે મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડશે. છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન આપણે ઘણા મુશ્કેલ પ્રશ્નોનો સામનો કર્યો છે, પરંતુ હજુ બીજા કેટલાયે પ્રશ્નો આપણે ઉકેલવાના બાકી છે. અને એવા પ્રશ્નોનો કદી અંત આવવાનો નથી. કારણ કે વિકાસની દિશામાં પ્રગતિ કરનારાઓ માટે પ્રશ્નો અનિવાર્ય બની જાય છે.

ફકત જે લોકોનો વિકાસ અટકી ગયો હોય છે તે લોકોને જ પ્રશ્નો હોતા નથી. માણસ પાસે જ્યારે પ્રશ્નો હોતા નથી, ત્યારે એ મૃત્યુની જ નિશાની હોય છે, કારણ કે મરેલાને કદી કોઈ પ્રશ્નો હોતા નથી. જીવતા માણસો સામે તો હંમેશા પ્રશ્નો પડેલા જ હોય છે. પ્રશ્નો નવા નવા ઉદ્ભવતા જાય છે અને એની સામે હંમેશા ઝઝૂમવાનું જ હોય છે. આપણે આપણા પ્રશ્નો ઉકેલીએ છીએ, ઉકેલવા માટે નવા પ્રશ્નો ઉભા કરીએ છીએ એ આપણા વિકાસની નિશાની છે.

આપણે આપણા રાષ્ટ્રીય વિકાસના ઇતિહાસના એક પ્રકરણના અન્ત સમીપ આવી પહોંચ્યા છીએ. પણ ત્યાંથી જ બીજા નવા પ્રકરણની શરૂઆત કરીએ છીએ. અંત અને શરૂઆત એ તો આપણા પોતાના ખ્યાલો છે. વસ્તુત; રાષ્ટ્રના જીવનનો પ્રવાહ સતત વહ્યા જ કરે છે. આપણે આ સંસદમાંથી ચાલ્યા જઈશું; કદાચ આ જિંદગી છોડીને ચાલ્યા જઇશું; તો પણ રાષ્ટ્ર તો ચાલ્યા જ કરશે. વર્તમાનના આ કાંઠે ઉભા ઉભા આપણે ભૂતકાળને જોઇએ છીએ, પણ તેથી પણ વધારે આપણે ભવિષ્ય તરફ જોઇએ છીએ. એટલે જે કાર્યો આપણે હાથ ધર્યાં છે, જે જહેમત આપણે ઉઠાવી છે અને જે નવાં કાર્યો હાથ પર લેવાનું આપણે ધારીએ છીએ તે વિશે વિચાર કરતી વખતે આપણે એ પણ જાણવું જોઇએ કે જે દ્વારા આપણે દેશની સેવા કરી રહ્યા છીએ એ લોકશાહી કેટલી સ્થિર છે અને એનો પાયો કેટલો ઊંડો અને સંગીન છે, કારણ કે છેવટે તો આપણી શકિત અને આપણા ચારિત્ર્ય અને હિંમતના બળ પર બધો આધાર રહે છે.

સંસદીય લોકશાહી કાર્યની શાંતિમય પદ્ધતિ અને શાંતિમય અસ્તિત્વ માગી લે છે. આપણે જ્યારે શાંતિમાં માનીએ છીએ અને શાંતિ ચાહીએ છીએ ત્યારે આપણી કાર્યપધ્ધતિ શાંતિમય જ હોવી જોઇએ એ આપણે સમજવું જોઇએ.

આપણું રાષ્ટ્ર સંગઠિત અને વિકાસશીલ છે એ માટે ગૌરવ લેવું જોઇએ, તેથી આપણી સમક્ષ પડેલા પ્રશ્નો પ્રત્યે અને ખાસ કરીને દેશમાં રહેલાં લોકશાહીને પડકારતાં અને એકતાને તોડી પાડતા વિનાશક પરિબળો સામે આપણે આંખ આડા કાને કરી શકતા નથી.

આજે આપણે સંસદનું વિસર્જન કરીએ છીએ ત્યારે એટલું રાખવું જોઇશે કે ભવિષ્યનો ઇતિહાસકાર આપણાં ભાષણોની સંખ્યા પરથી, કે ભાષણોની લંબાઈ પરથી, કે પુછાયેલા પ્રશ્નોની સંખ્યા પરથી નહિ પણ રાષ્ટ્રવિકાસમાં આપણે, આપેલા ફાળા પરથી આપણું મૂલ્ય આંકશે. આ સંસદમાં આપણે ભારતના સત્તાના સર્વોચ્ચ અને સાર્વભૌમ સ્થાન પર બેઠા છીએ. કરોડો લોકોના ભાવિને ઘડનારી આના જેવી બીજી કોઇ ઉચ્ચ સત્તા નથી. આપણામાંના લગભગ દરેકને આપણી આ વિશાળ જવાબદારીનું ભાન તો હોવું જ જોઇએ. આપણે આ પાંચ વર્ષ કામ કર્યું છે. કેટલીક વાર આપણું કામ નવો ઇતિહાસ ઘડનારું પણ બન્યું છે. મહાન પરિવર્તનોના–સંક્રાન્તિ અને ક્રાન્તિકારી ફેરફારોના વખતમાં–આપણે દુનિયાના બીજા લોકોની જેમ જીવ્યા છીએ. આપણે વિશ્વ–નાટકના એક ભાગ હતા, એટલું જ નહિ પણ આપણું પોતાનું પણ જુદું નાટક હતું. આપણા આ નાટકમાં આપણે કેવું કામ કરી બતાવ્યું એની સમીક્ષા ઇતિહાસકારો જરૂર કરવાના.

આપણે સંસદીય લોકશાહી સ્વીકારી છે એ સહેતુક જ છે. આપણા દેશની પ્રણાલિકાને એ અનુસરતી છે એ પણ એના સ્વીકાર પાછળનું એક કારણ છે. વળી આપણે હંમેશાં એ પ્રમાણે જ વિચાર કરતા આવ્યા છીએ. અને આપણે બીજા દેશમાં એનું કાર્ય જોયું છે અને એને મંજૂર રાખ્યું છે. આપણી સંસદીય પધ્ધતિ, સર્વાંશે નહિ, પણ ઘણેખરે અંશે ઇંગ્લાંડની સંસદીય લોકશાહી જેવી જ છે.

સંસદીય લોકશાહી આપણી પાસે ઘણી વસ્તુ માગી લે છે. શકિત તો, અલબત્ત, એ માગે જ છે, પણ તદુપરાંત પરસ્પર સહકાર, સંયમ અને શિસ્ત પણ એ માગી લે છે. અલબત્ત, એ તો દેખીતું જ છે કે આ સંસદ અનેકના સહકાર વિના અને શિસ્ત અને સંયમ વિના આવું કામ કરી ન જ શકે. સંસદીય લોકશાહી એ કોઈ એવી વસ્તુ નથી કે જે દેશમાં કોઈ જાદુઈ યુકિતથી એકદમ લાવી શકાય. અન્ય દેશોમાં સ્થપાયલી લોકશાહીની વાતો આપણે સાંભળીએ છીએ, પણ આપણે જાણીએ છીએ કે દુનિયામાં બહુ ઓછા દેશોમાં આવી લોકશાહી છે. મને લાગે છે કે કંઇ પણ અત્યુકિત વિના કહી શકાય કે આપણા દેશમાં લોકશાહી ઘણી જ સારી રીતે સફળ નીવડી છે. શા માટે ? નહિ કે આપણે સંસદના સભ્યો ડહાપણના ભંડાર છીએ, પણ આપણા દેશની ભૂમિકામાં એ રહેલી છે, અને આપણા લોકોમાં એની ભાવના પ્રતિષ્ઠિત થયેલી છે.

વિશ્વના આ પરિવર્તનમાં સંસદીય લોકશાહીનો શો હેતુ છે એ આપણે ભૂલવું ન જોઇએ. પરિવર્તન જરૂરી છે અને નવી વ્યવસ્થાને લાવનારું છે. વસ્તુતઃ પરદેશી શાસન દરમ્યાન આપણા દેશમાં કંઇ પરિવર્તન થતું જ નહોતું એમ કહેવું જોઇએ. હું એમ નથી કહેતો કે તે વખતે કંઈ ફેરફારો થતા જ નહોતા. કેટલાક નાના ફેરફારો થતા હતા, પણ આપણી પરિવર્તન સાધવાની તાકાત ઉપર પરદેશી હકુમતનો અસાધારણ અંકુશ હતો. વળી તે સમયે આપણે પણ જડ જેવા બની ગયા હતા, અને કશું જ નવું કરતા નહોતા. આપણે એ જડતામાંથી બહાર આવવાનું હતું અને ઝડપી ફેરફારો કરી વિકાસ સાધવાનો હતો. આ રીતે માત્ર વિકાસ માટે જ નહિ, જીવંત રહેવા માટે પણ કેટલાક જરૂરી ફેરફારો કરવાની આપણા માટે આત્યન્તિક આવશ્યકતા હતી.

પણ જેમ પરિવર્તનની આવશ્યકતા છે, તેમ સાતત્યની પણ એટલી જ આવશ્યકતા છે. સાતત્ય અને પરિવર્તનની સમતુલા એટલે જ જિંદગી. દિવસ રાતનું સમયચક્ર એકસરખું ચાલ્યા કરે છે. દિવસે દિવસે ઉમરમાં આપણે વધતા જ જઇએ છીએ. છતાં આપણામાં, અને તેવી જ રીતે રાષ્ટ્રના જીવનમાં પરિવર્તન થયા જ કરતું હોય છે. પરિવર્તન અને સાતત્યની આ પ્રક્રિયાથી જ દેશ સંગીન પાયા પર ઊભો થઇ શકે છે, આગળ વધી શકે છે.

જો પરિવર્તન ન હોય અને માત્ર સાતત્ય હોય તો ત્યાં જડતા અને સડો આવી જાય છે. જો માત્ર પરિવર્તન હોય અને સાતત્ય ન હોય, તો પ્રજાજીવનને સ્થિર રાખનાર પાયાના તત્ત્વોનું ઉન્મૂલન થાય છે. કોઇ પણ દેશમાંથી પ્રજાને પોતાના મૂળમાંથી ઉખેડી નાખવામાં આવે તો તે પ્રજા લાંબો વખત ટકી શકે નહિ. સંસદીય લોકશાહીની પદ્ધતિ સાતત્ય અને પરિવર્તન–આ બે જીવનસિદ્ધાન્તોને મૂર્તિમન્ત કરે છે. અને આ પ્રકારની રાજ્ય રચનામાં સંસદના જે સભ્યો તેમજ પ્રસ્તુત રચના સાથે જોડાયલી જે અનેક વ્યકિતઓ કામ કરી રહી હોય છે તેઓ પરિવર્તનને નવો વેગ આપે છે. તેઓ સાતત્યના સિદ્ધાન્તને અધીન રહીને ક્રાંતિ તેટલી ગતિએ દોડી શકે છે; કારણ કે જે ક્ષણે સાતત્યનો ભંગ થાય છે તે ક્ષણે આપણે મૂળવિનાના બની જઇએ છીએ. આ સંસદીય લોકશાહી એક નાજુક છોડ જેવી હતી અને છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન તે એક સુદૃઢ વૃક્ષ જેવી મજબુત બની છે તે આપણી સફળતાનું પરિમાણ છે.

મૂળ અંગ્રેજી : **જવાહરલાલ નહેરૂ**

અનુવાદક : **રમણલાલ શાહ**

શ્રેય પ્રેય વિવેક

(મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સ્વામી અખંડાનંદજીએ આપેલા વ્યાખ્યાન ઉપરથી શ્રી રસિક સોમૈયાએ તૈયાર કરી આપેલો સંક્ષિપ્ત સાર)

આપણે માનવશરીર ધારણ કર્યું છે તો માનવશરીર વિષે જ વિચારવું શરૂ કરીશું.

આપણું જે જીવન છે તે સદા વહેતું રહે એની આપણી આકાંક્ષા હોય છે. આપણે કંઈક જાણીએ અને હમેશાં વધુ જાણકાર બની રહેવાની ઇચ્છા ધરાવીએ છીએ. એક બીજી વાત પણ છે. આપણે આપણી જાતને ચાહીએ છીએ. અને એ ચાહ–પ્રેમ સુખ પ્રત્યેનો પ્રેમ છે. એટલે કે આપણે સુખને ચાહીએ છીએ, અને હમેશાં સુખી જ રહેવાનું ઇચ્છીએ છીએ. જીવન, જ્ઞાન અને આનંદ આ ત્રણ વસ્તુઓ આપણી મૂળભૂત માંગણીઓ છે; માત્ર આપણી જ નહિ, પ્રાણીમાત્રની તે જ માગણી છે. જીવન, જ્ઞાન અને આનંદ માટે અનુક્રમે અન્ન, વસ્ત્ર, પુસ્તકાલય–વિદ્યાલય, યાત્રા, અને નૃત્ય–સંગીત–નાટય ઇત્યાદિની આવશ્યકતા છે. અને ભારત તથા અન્ય રાષ્ટ્રો એ જરૂરિયાત પૂરી પાડવા માટે પ્રયત્નો પણ કરે છે.

હવે, આપણે જીવન, જ્ઞાન અને આનંદ માટેના ઉક્ત સાધનો પ્રાપ્ત કરવા માટે આપણી જીવન–શૈલી એવી બનાવવી જોઇએ કે આપણી વિવિધ આળાદી સાધતાં અન્યની બરબાદી ન થાય. અને જો તેમ થાય તો, ભલે આપણું પ્રેય સધાય, પણ એ વાત આપણા શ્રેયની વિરુદ્ધ જાય છે. વ્યક્તિગત ઇચ્છા, ક્રિયા, અને ભોગ પર નિયંત્રણ હોવું જોઇએ, અને આ નિયંત્રણ એ જ ધર્મ છે. મનમાં આવ્યું તે ખાઈ લીધું, ફાવ્યું તે પી લીધું, અને મરજી પ્રમાણે ગમે ત્યાં ગયા–આ વર્તનથી બીજાને દુઃખ પહોંચે કે દુઃખ પહોંચી શકે તે વાતનો વિચાર ન કરવો, તે બધી ક્રિયાઓ ઇન્દ્રિયપ્રિયતા દર્શાવે છે. અને ઇન્દ્રિયના આ સ્વૈરવિહારથી બીજાને દુઃખ પહોંચે તે હિંસા અને સંઘર્ષનું જનક થઈ શકે છે. આ વિષય પરત્વે કઠોપનિષદ્‌માં જે જીવન–શૈલીનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે પર વિચાર કરીએ.

નચિકેતાના પિતાએ યજ્ઞ કર્યો. યજ્ઞ પછી આપવામાં આવતા દાનમાં પિતાએ અપંગ અને દુધ આપવા અશકત એવી ગાયો બ્રાહ્મણોને આપી. ફકત યશ માટે થતા આ કાર્યથી નચિકેતાને લાગ્યું કે આ અયોગ્ય થઇ રહ્યું છે. આ બાળતની મુંઝવણ અનુભવતા નચિકેતાએ પોતાના પિતાને કહ્યું કે આપ આ ગાયોનું દાન બ્રાહ્મણોને કરી રહ્યા છો તો મારું દાન કોને કરશો? નચિકેતાના આ પ્રશ્નથી તેના પિતાને આશ્ચર્ય થયું. અને કાંઇ જવાબ ન આપ્યો. એટલે નચિકેતાએ ફરી ફરીને એ પ્રશ્ન કર્યો. તેના પિતા આ પ્રશ્નના મર્મને સમજી ગયા, નચિકેતા ઉપર ક્રોધાવિષ્ટ થયા અને ચીડાઇને કહ્યું કે તારું દાન મૃત્યુને–યમને–કરીશ. પિતાનો આ જવાબ સાંભળીને અને એ જવાબને આજ્ઞા સમાન સ્વીકારીને નચિકેતા ત્યાંથી એકા–એક ચાલી નીકળ્યો અને યમલોક ભણી સંચર્યો. યમદ્વાર સમીપ પહોંચ્યો. અંદર યમ રાજા નથી એવી ખબર મળતાં નચિકેતા યમદ્વાર આગળ યમરાજાના આવવાની રાહ જોતો જોતો ત્રણ દિવસ ભુખ્યો તરસ્યો બેસી રહ્યો. યમરાજા આવ્યા અને આ બ્રાહ્મણ શિશુને આ રીતે ત્રણ દિવસ બેસી રહેલો જાણીને તેમ જ તેના આવવાનું પ્રયોજન જાણીને નચિકેતા ઉપર ખૂબ પ્રસન્ન થયા અને ત્રણ વર માંગવા કહ્યું. આના જવાબમાં પિતાના દિલમાં પ્રસન્નતા અને શ્રેયભાવના પેદા થાય અને પોતાને અગ્નિવિદ્યા–આત્મવિદ્યા પ્રાપ્ત થાય એવી માંગણી કરી. દુનિયાના વૈભવ વિલાસ રાજ્યસત્તા આ જે બધું પ્રેયના નામે ઓળખાય છે તે બધું યમરાજાએ તેની સામે ધર્યું પણ તે બધાનો ઇન્કાર કરતાં જેમાં સાચું શ્રેય રહેલું છે એ અગ્નિવિદ્યાની–આત્મવિદ્યાની–માંગણીને જ નચિકેતા વળગી રહ્યો. નચિકેતાની આ કથામાં શ્રેયપ્રેયવિવેકનું હાર્દ રહેલું છે.

આ જ્ઞાન આપણને ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે આપણે રાગદ્વેષથી મુકત થઇએ, કારણ કે રાગદ્વેષ એ માનવીના સત્યજ્ઞાન–વિરોધક બે મહાન તત્ત્વો છે. જે વ્યક્તિ તરફ રાગ હોય તે વ્યકિતના દુર્ગુણ જોઇ શકાતાં નથી. અને જે વ્યકિત પ્રત્યે દ્વેષ હોય તે વ્યકિત અગર વસ્તુના ગુણ જોઇ શકાતાં નથી. દરેક ધર્મની અંદર રાગદ્વેષને મોટામાં મોટા સત્યજ્ઞાનવિરોધક તત્ત્વો તરીકે ઓળખાવવામાં આવ્યા છે. પછી તે ગમે તે ધર્મ હોય. બૌધ્ધ, ઇસ્લામ, હિન્દુ, જૈન વગેરે નામો તો કોઇ આચાર્યના મતાનુસાર પાડવામાં આવ્યાં છે. કિન્તુ દરેક ધર્મનું તાત્પર્ય તો એક જ છે–અને એ તાત્પર્ય એ છે કે જીવનની પ્રવૃત્તિઓને અમર્યાદિત ન થવા દેવી.

"धारणाद् धर्म इत्याहु धर्मो धारयते प्रजाः"–અર્થાત્ માનવીઓની અયોગ્ય પ્રવૃત્તિઓને અને ઉચ્છૃંખલ પ્રવૃત્તિઓને મર્યાદામાં રાખે તેને જ ધર્મ કહે છે. ભોગવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા માટે કોઈ મનુષ્ય મૂર્તિનું અવલંબન લે તે ઉપાસક ભકિતનિષ્ઠ, યોગ્ય કર્મ કરે તે ઉપાસક કર્મનિષ્ઠ, માનસિક વૃત્તિઓનો નિરોધ કરે તે યોગનિષ્ઠ, અને વિવેકબુધ્ધિનો ઉપયોગ કરે તે જ્ઞાનનિષ્ઠ. આમાંથી ગમે તે માર્ગે ભોગવૃત્તિઓ પર નિયંત્રણ લાવવું તે શ્રેયમાર્ગ છે અને આની ઉપેક્ષા કરવી તે પ્રેય માર્ગ છે. શ્રેય માર્ગ અહિંસાનો ઉપાસક છે, જ્યારે પ્રેય માર્ગ હિંસાનો આધાર લે છે. શ્રેય માર્ગમાં નિત્યતા છે, જ્યારે પ્રેય માર્ગમાં અનિત્યતા છે. ધીર પુરુષ શ્રેય માર્ગનું, અને મંદપુરુષ પ્રેય માર્ગનું અનુસરણ કરે છે. ભોગાકાંક્ષા જ સર્વ અનર્થોનું મૂળ છે. ભોગમર્યાદા સુખનો માર્ગ છે. કઠોપનિષદ્‌માં આના વિષે સુંદર વિચાર કરવામા આવ્યો છે:–ઉપનિષદ્‌ની પ્રવૃત્તિ 'इदं' અર્થાત્ 'આ' ની તરફ વધુ વિચાર કરવાની નથી; પરંતુ 'अहं' વિષે વિચાર કરવાની છે. 'ક' થી 'ઠ' સુધી દશ વર્ણો, યોગી પુરૂષોના હૃદયમાં સ્થાન પામેલું અનાહતચક્ર છે તે દશ દળ કમલ પર, ન્યાસ કરે છે. તાત્પર્ય એ છે કે 'ક' થી 'ઠ' સુધી ન્યાસથી ઉપલક્ષિત જે હૃદય છે તેની સંજ્ઞા 'કંઠ' છે. અને હૃદયતત્ત્વનું જે નિરૂપણ કરાવનાર ઉપનિષદ્ છે તે જ કઠોપનિષદ્ છે. આ ઉપનિષદ્ બહિર્મુખથી અંતર્મુખ થવા પ્રેરે છે. એટલા માટે જ શ્રુતિમાં કહ્યું છે કે, कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत्–आवृत्तचक्षुरमृतत्वमिच्छन्–અર્થાત્ કોઇ ધીર વીર પુરુષ જ એવો હોય છે કે જે બહારથી આંખ બંધ કરીને પોતાના અંતરાત્મામાં અમૃતત્વની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. માત્ર બાહ્ય દૃષ્ટિ રાખવાથી આપણે આપણને પરિચ્છિન્ન જીવનવાળા દેહ માત્ર માની લીધાં છે. આ સંસારમાં જે કંઈ દુઃખદોષ અને હિંસા છે એનું કારણ આપણી પરિચ્છિન્નતા છે. સમષ્ટિના જીવનથી વ્યકિતના જીવનને પૃથક્ કરવું એ પરિચ્છિન્નતા છે. આ અળગાપણું એ જ જીવનમાં સઘળાં સંઘર્ષ, હિંસા ઇત્યાદિ ઉત્પન્ન કરનાર છે. જો આપણે એમ સમજી લઇએ કે આપણી બુધ્ધિ, આપણું જ્ઞાન, આપણો આનંદ અને આપણું શરીર સમાજથી–વિશ્વથી–સમષ્ટિથી કદાપિ અળગું નથી તો સંપૂર્ણ અનર્થની પરંપરા હાલ જ સમાપ્ત થઇ જાય.

આ વિષે ઉપનિષદ્‌માં કહ્યું છે કે, अशरीरं शरीरेष्वनवस्थेष्वस्थितम् । महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥" અર્થાત્ આ જેટલા દેહ છે તેમાં દેહરહિત હું એકલો જ છું. અને આ જેટલા ક્ષણિક પદાર્થો દેખાય છે તેમાં હું એકલો ધ્રુવ છું–વિભૂવ્યાપક છું–મહાન છું–આમ સમજીને ધીર પુરૂષ સદા શોકરહિત રહે છે. આપણું જીવન, આપણું જ્ઞાન, અને આપણો આનંદ એમાંથી અલગતાનો ભાવ જતો રહે અને વ્યાપકતાનો અનુભવ કરે ત્યારે હિંસાદિ દોષોની નિવૃત્તિ આપમેળે થઈ જશે. કારણ કે જો જ્ઞાનમાં હિંસા ન હોય તો ઇચ્છામાં પણ નહીં હોય, અને તો પછી કર્મમાં તો કયાંથી આવે? આપણે વિચારીશું તો જણાશે કે શરીરની દરેક ક્રિયામાં વિચાર જ કેન્દ્રસ્થાન ધરાવે છે. માટે જો આપણે આપણી ક્રિયાને શુધ્ધ બનાવવા ઇચ્છતા હોઇએ તો આપણે આપણી ઇચ્છાઓ એટલે કે અંતઃકરણ શુધ્ધ કરવું જોઇએ. અને ઇચ્છાની શુધ્ધિ પહેલાં જ્ઞાનની શુધ્ધિ પણ થવી

જોઇએ...શુધ્ધ જ્ઞાન અને શુધ્ધ અંતઃકરણ એ પારસ્પારિક સંબંધિત છે. માટે ઉભય શુધ્ધિ આવશ્યક છે. અને એ જ શ્રેયનું સાધન છે. ઉપનિષદ્‌માં કહ્યું છે કે "नाविरतो दुश्चरितात्, नाशान्तो, नासमाहितः, नाशान्तमनसो वापि प्रज्ञानेनैव माप्नुयात् ॥"–અર્થાત્ ભલે પુસ્તકનું જ્ઞાન ગમે તેટલું હોય તો પણ જો તે દુષ્ચરિત્રનો ત્યાગ કરવામાં ન આવ્યો હોય તો જ્ઞાનનો કંઈ અર્થ નથી...સત્યની પ્રાપ્તિ માટે ચરિત્ર-શુધ્ધિની સાથે સાથે મનશુધ્ધિ પણ આવશ્યક છે–ચારિત્ર શુધ્ધિ તથા કામાદિ વિકારોની નિવૃતિની સાથે સાથે મનનું સમાહિત થવું અનિવાર્ય છે.

મનોરાજ્યની નિવૃત્તિ પછી સમાધિ લાગી જાય છે. સમાધિથી અમુક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છેઃ–અણિમા, ગરિમા, લઘિમા, મહિમા, પ્રાકામ્ય, ઇશિત્વ, વશિત્વ આદિ સિધ્ધિઓ છે તે પ્રાપ્ત થાય છે. આટલી સિધ્ધિઓ પછી પણ જો ઇચ્છાઓ રહી જાય તો, શ્રુતિ કહે છે તેમ, સત્યની પ્રાપ્તિ નથી થતી. એટલે કે, સિદ્ધિ સુધ્ધાંની ઇચ્છા પણ ત્યજવી જોઇએ; એટલું જ નહિ પણ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના દિવ્ય દર્શનરૂપ અલૌકિક ચમત્કાર જોવાની પણ ઇચ્છા ન હોવી જોઇએ. એક અખંડ પરિપૂર્ણ અપરિચ્છિન્ન સત્તાના સાક્ષાત્કાર માટે લૌકિક તથા અલૌકિક સમસ્ત વિષયભોગના ત્યાગનો નિર્ણય જ્યારે બુધ્ધિ કરે છે ત્યારે જ જ્ઞાનની શુદ્ધિ થાય છે. જેમકે, યમરાજના પ્રલોભન છતાં નચિકેતાએ કંઇ પણ પ્રાપ્તિની ઇચ્છા દર્શાવી નહિ. જ્યારે સર્વ ઇચ્છાના ત્યાગનો નિર્ણય થાય છે ત્યારે જ આપણું જ્ઞાન, આપણું જીવન અને આપણો આનંદ સંપૂર્ણપણે વિશ્વસૃષ્ટિ સાથે મળી જાય છે. આ નિયંત્રણ જ શ્રેયનો માર્ગ છે. જો કે શ્રેયના માર્ગપર ચાલવાનો એ અર્થ નથી કે સંસારના વ્યવહારના કાર્યો બરાબર ન કરવા. આ માટે એક ઉદાહરણ છે કે, કોઇ એક સન્તપુરૂષ પાસે એક ગૃહસ્થ પુરૂષ આવ્યા. તેમણે સંતપુરૂષને ફુલનો ગજરો ભેટ ધર્યો. સંતપુરૂષ કેટલીયવાર સુધી એકીટશે ફૂલના ગજરા સામે જ જોઈ રહ્યા ત્યારે તે ગૃહસ્થ પુરૂષ કંટાળી ગયા અને બોલ્યા કે "આથી તો એ સારૂં થાત કે હું ફૂલનો ગજરો લાવ્યો જ ન હોત." ત્યારે સત્પુરૂષે કહ્યું, "તમને મારૂં આમ એકીટશે જોવું ન ગમતું હોય તો લો, આ ફુલનો ગજરો ફેંકી 'દઉં". ગૃહસ્થે કહ્યું, "ના ના, મહારાજ, એ આપના માટે લાવ્યો છું."

આ પ્રમાણે સંસાર પણ પરમાત્મા દ્વારા સુસજ્જિત એક ફુલનો ગજરો જ છે. ઉપનિષદ્‌માં સંસારને બગીચાની ઉપમા આપવામાં આવી છે. આ સંસારમાં કેટલાક લોકો એવા છે કે જેઓ બાગને જોવામાં મસ્ત થઈ જાય છે, જ્યારે કેટલાંક લોકો બાગના માળીને જોવામાં જ તલ્લીન થઇ જાય છે. આ બન્ને દૃષ્ટિ અપૂર્ણ છે. ખરી રીતે આપણે બન્ને તરફ જોવાનું છે અને એ જ સાચી વાસ્તવિકતા છે. કર્મ ધર્મની સાથે આપણે ધ્યાન અને સમાધિ પણ લગાડવી પડશે. માટે સૃષ્ટિનો આધાર આપણી દૃષ્ટિ પર છે. આપણું જીવન પૂર્ણ થવું જોઇએ, એકાંગી નહિ. જ્યાં આપણું પ્રેય શ્રેય સાથે સંબંધિત છે ત્યાં પ્રેય શ્રેયનું સાધન બની જાય છે અને શ્રેય પણ પ્રેય બની જાય છે, એટલે કે પરમાર્થ વ્યવહારમાં ઉતરી આવે છે અને આપણો વ્યવહાર પરમાર્થ બની જાય છે.

એટલા માટે જ શ્રુતિમાં કહ્યું છે કે, "अन्यत्र धर्मात्, अन्यत्रा धर्मात्, अन्यत्र च कृताकृतात्।" અર્થાત્, પૂર્ણતા ધર્મ–અધર્મ, કર્તવ્ય–અકર્તવ્ય અને વિદિત–અવિદિત બન્નેથી વિલક્ષણ છે. આપણું પૂર્ણ જીવન સુખ–દુઃખ, જ્ઞાન–અજ્ઞાન, જીવન–મૃત્યુ એ દ્વંદ્વોથી પર છે. જીવનના પંથે જતાં કયારેક પંથ સીધો ને સારો આવે તો કયારેક ખરાબ અને ખરબચડો આવે. સારો રસ્તો આવતાં દોડવું ન જોઇએ અને કપરો રસ્તો આવતાં પાછા વળવું ન જોઇએ. સુખ અને દુઃખમાં આપણી જાતને નિર્દ્વન્દ્વ રાખીને જ અબાધગતિથી પૂર્ણ જીવનની તરફ જવાનું છે અને એ જ શ્રેયનો માર્ગ છે.

જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન, હિન્દુ આદિ બધા ધાર્મિક સંપ્રદાયો આ મંતવ્ય વિષે સમાન મત ધરાવે છે કે જીવનમાંથી કામ ક્રોધ આદિ દુર્વૃતિઓનું નિયંત્રણ કરીને આપણે આપણી જાતને દુઃખદર્દથી વિમુક્ત કરીને સંસારમાં સુખશાન્તિનો વિસ્તાર વધારવો જોઇએ. આપણે બધાએ શ્રેય અને પ્રેયનો વિવેકપૂર્વક વિચાર કરી જીવનમાં નિયંત્રણ સ્થાપિત કરવાનું છે અને વિશ્વના માટે આપણે યોગદાન દેવાનું છે. એ જ ધર્મનો તથા પ્રેય અને શ્રેયનો સાર છે.

મૂળ હિંદી : **સ્વામી અખંડાનંદ** ગુજરાતી સંક્ષેપક : **રસિક સોમૈયા**

ભારતનો સામ્યવાદ ભારતીય હશે !

(કોઈ પણ વિષય અંગે સમાન્તર વિચારણા અન્ય કોઈ વિશિષ્ટ વ્યક્તિના લખાણમાં જ્યારે જોવામાં આવે ત્યારે આપણને આનંદ અને પ્રતીતિસમર્થન મળે છે. આવો અનુભવ કાકાસાહેબ કાલેલકરનો 'મંગળ પ્રભાત' માં પ્રગટ થયેલ લેખ વાંચતાં થયો. તે મૂળ હિંદી લેખનો નીચે મુજબ અનુવાદ છે. **પરમાનંદ**)

હું હંમેશાં કહેતો આવ્યો છું કે ગાંધીમત કોઈ ખાસ વાદ નથી. સામ્યવાદ, સમાજ સત્તાવાદ, પૂંજીવાદ, મજૂર સત્તાવાદ ઇત્યાદિ જે વાદો છે તેવો ગાંધીવાદ નથી, પણ એવા સર્વ વાદોમાં મળી જાય–એક રૂપ થઇ જાય એવું એક મેળવણ છે. મેળવણ જો ગાયના દુધમાં નાંખવામાં આવે તો તેથી ગાયનું દહી બનશે. ભેંસના દુધમાં નાંખવામાં આવે તો ભેંસનું દહી બનશે અને સોયાબીનના દૂધમાં નાંખવામાં આવે તો તેનું પણ એક પ્રકારનું દહીં બનશે. દરેક પ્રકારનું દુધ પોતાની ખાસિયત જાળવશે અને એમ છતાં પણ પોતાનું દુધપણું છોડીને દહીં બની જશે.

અને જો પારસમણિ લોઢાની કોઈ ચીજને સ્પર્શે છે તો તે ચીજ પોતાનો આકાર કાયમ રાખવા છતાં સોનાની બની જાય છે. લોઢાની છરી, લોઢાનો સ્ક્રુ લોઢાનો ચમચો, અને લોઢાનું હળ પારસ-મણિના સ્પર્શથી સુવર્ણનું બની જાય છે. એમ છતાં આકારમાં છરી, સ્ક્રુ, ચમચો અને હળ જ રહે છે.

એ જ પ્રમાણે જો ગાંધીજીનો સિધ્ધાન્ત આપણા રાષ્ટ્રના હૃદય સુધી પહોંચી ગયો છે અને ભારતીય સ્વભાવને બીલકુલ અનુકુળ છે એમ આપણને અનુભવસિધ્ધ માલુમ પડતું હોય તો ગાંધીજીના સિધ્ધાન્તોની અસર કેરલના સામ્યવાદી ઉપર પણ પડ્યા વિના નહિ જ રહે. સિધ્ધાન્તથી તેઓ સામ્યવાદી જરૂર રહેશે, પણ તેમની મનો-વૃત્તિ ગાંધીજીની ઢબની હશે. થોડા કાંઇક મતભેદ પડશે તો તેઓ પોતાના સાથીઓને ખતમ નહિ કરે–જે પ્રમાણે રશીઆના સામ્ય-વાદીઓ આજ સુધી કરતા આવ્યા છે. મતભેદ પડવાની સાથે પોતાના સાથીઓને ખતમ કરવાનો રીવાજ સામ્યવાદનું આવશ્યક અંગ નથી.

ઝારના સમયથી રશીઆમાં જે રાજકીય માનસ કેળવાતું આવેલું તેનો એ અવશેષ છે. રશીઆના સામ્યવાદી લોકોએ તેને વૈજ્ઞાનિક રૂપ આપ્યું એ બરોબર છે, પણ એ ચીજ ઝરીસ્ટ–રશીયન છે, સામ્યવાદી નથી. રશીઆમાં સામ્યવાદનો વિકાસ થયો એ ખરૂં છે, પણ એ સામ્ય-વાદ રશીયન સંસ્કૃતિથી મુકત રહી ન શકયો.

એ પ્રમાણે ચીનદેશનો સામ્યવાદ શાસ્ત્રશુધ્ધ સામ્યવાદ હોવા છતાં પણ તેની ઉપર ચીની સંસ્કૃતિનો રંગ લાગ્યા વિના રહ્યો નથી. ચીનદેશનો સામ્યવાદ રશીયન સામ્યવાદથી ભિન્ન છે. તેને આપણે ચીની સામ્યવાદના નામથી જ ઓળખી શકીએ છીએ.

ભારત વર્ષમાં જો સામ્યવાદની જડ જામશે તો તે ભારતીય સામ્યવાદ હોવાનો. ચીન તેમજ રશીયન સામ્યવાદથી એ ભિન્ન હોવાનો. તેની સીકલ અને તેની સુગંધી ભારતીય ઢબની અનોખી હોવાની.

સામ્યવાદ ભારતમાં નવી ચીજ છે. પ્રારંભમાં અનુકરણાત્મક હશે, પણ પરિપકવ બનતાં તેમાં એક પ્રકારની સ્પષ્ટ અને જીવન્ત ભારતીયતા આવી જ જશે. કુદરતનો એ કાનુન છે. તેમાં કોઇનું ચાલી શકતું નથી.

આ કારણથી કેરલમાં સામ્યવાદનો ઉદય થવાથી આપણને ગભરાટ થતો નથી. ભારતીય રાજ્ય બંધારણનું આપણને રક્ષણ તો છે જ. પણ તેથી પણ વધારે ભારતીય સ્વભાવ, ભારતીય પરંપરા તેમ જ ભારતીય આદર્શ પોતાનું કાર્ય કર્યા વિના નહિ જ રહે. ધીરજ રાખવી જોઇએ, એક નવા પ્રયોગને અવકાશ આપવો જોઇએ, અને જોવું જોઇએ કે સુદૂર દક્ષિણમાં સામ્યવાદનો કોઈ નવો અવતાર તો થઇ રહ્યો નથી ને ? અને આવું જ કાંઇક હોય તો તેનો વિરોધ કરવાને બદલે સ્વાગત કરવાથી આપણી ભારતીયતા કૃતાર્થ થશે.

કાકા કાલેલકર

પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(અંક ૨૦ મો તા. ૧૫-૨-૫૭ થી ચાલુ)

૫૩૪૦૬॥
૧ છપાયા કરતા વધારે વસુલ થયો

૫૩૪૦૭॥

૧૫૦૧ શ્રી મફતલાલ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ
૫૦૦ ,, મોતીબહેન જીવરાજ અમદાવાદ
૫૦૦ ,, અમૃતલાલ કાળીદાસ દોશી મુંબઈ
૫૦૧ ,, રતનલાલજી રામપુરીઆ કલકત્તા
૩૫૧ ,, કુન્દનમલ એસ. ફિરોદિયા મુંબઈ
૩૦૧ ,, નથમલજી સેઠી કલકત્તા
૩૦૧ ,, એક વ્યક્તિ અમદાવાદ
૨૫૧ ,, નાથાલાલ એમ. પારેખ મુંબઈ
૨૫૧ ,, એક ગૃહસ્થ તરફથી ,,
૨૫૧ ,, બેમ્બે હાર્ડવેર માર્ટ કલકત્તા
૨૫૧ ,, હર્ષદરાય પ્રાઇવેટ લિ. ,,
૨૫૧ ,, દામોદરદાસજી શેઠિયા ,,
૨૫૧ ,, ચંદુલાલ ભીખાભાઈ સતીઆ અમદાવાદ
૨૫૧ ,, આનંદરાજ સુરાણા દિલ્હી
૨૫૧ ,, શ્રીચંદ્ર રામપુરિયા કલકત્તા
૨૫૧ ,, ઠાકુરલાલ હીરાલાલ ,,
૨૫૧ ,, છોટાલાલ અમોલખ એન્ડ મોહનલાલ ,,
૨૫૦ ,, ગજરાજજી સરાવગી ,,
૩૦૧ ,, છોટાલાલ મગનલાલ શાહ અમદાવાદ
૩૦૦ ,, શ્રવણ ટ્રસ્ટ (શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારી) ,,
૨૫૧ ,, યશવંતસિંહજી લોઢા કલકત્તા
૨૫૦ ,, મનુભાઈ સંઘવી મુંબઈ
૨૫૦ ,, એક ગૃહસ્થ તરફથી ,,
૨૫૦ ,, નાનજી શામજી એન્ડ કું. કલકત્તા
૨૫૦ ,, અમૃતલાલ હરગોવિંદદાસ બ્રધર્સ લિ. અમદાવાદ
૨૫૦ ડૉ. કેશવલાલ એમ. શાહ મુંબઈ
૨૫૦ શ્રી રતિલાલ ઉજમસી શાહ ,,
૨૦૦ ,, કાંતિલાલ મોહનલાલ કલકત્તા
૧૫૧ ,, કેશવજી સવચંદ ,,
૧૫૧ ,, ગોરધરલાલ કંપની ,,
૧૫૧ ,, જગજીવનદાસ શિવલાલ દેસાઇ ,,
૧૫૧ ,, નન્દલાલ શિવલાલ દેસાઇ કલકત્તા
૧૦૧ ,, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ અંબાલા શહેર
૧૦૧ ,, ચંપાબહેન છોટાલાલ કોરા મુંબઇ
૧૦૧ ડૉ. સી. એમ. ઓફ ,,
૧૦૧ શ્રી રમણલાલ લાલભાઈ ,,
૧૦૧ ,, નરોત્તમદાસ અમરચંદ ,,
૧૦૧ ,, હીંમતલાલ મોતીચંદ કાપડિયા ,,
૧૦૧ ,, રામજી રવજી લાલન ,,
૧૦૧ કચ્છી વીશા ઓસવાળ પ્રીન્ટીંગ પ્રેસ ,,
૧૦૧ શ્રી રામચંદ્ર ડી. ત્રીવેદી કલકત્તા
૧૦૧ ,, કાંતિલાલ રતીલાલ શાહ સુરેન્દ્ર નગર
૧૦૧ ,, કાનજીભાઈ ચિત્રભુજ શાહ અમદાવાદ
૧૦૧ ,, માણેકચંદ સ્વરૂપચંદ પાટણ
૧૦૧ ,, સાગરમલજી શુભકરણજી અમદાવાદ
૧૦૧ ,, ત્રિકમલાલ મહાસુખરામ અમદાવાદ
૧૦૧ ,, જીવનમણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ ,,
(લાલભાઇ મણિભાઇ શાહ)
૧૦૧ ,, સુબોધચંદ્ર પોપટલાલ ,,
૧૦૧ ,, છોટાલાલ નરસીદાસ દોશી (ધડિયાળી) ,,
૧૦૧ ,, કલ્યાણમલજી લોઢા કલકત્તા
૧૦૧ ,, ધર્મચંદજી સરાવગી ,,
૧૦૧ ,, સ્વતંત્રસિંહ કોઠારી ,,
૧૦૦ પ્રો. એમ. પી. ગાંધી મુંબઈ
૧૦૦ ડૉ. મોહનલાલ હેમચંદ શાહ ,,
૧૦૦ શ્રી દીલીપ ચીમનલાલ મહેતા ,,
૫૧ ,, ત્રિભોવનદાસ લક્ષ્મીચંદ શાહ ,,
૫૧ ,, કૈલાસચંદ્ર એચ. વકીલ ,,
૫૧ ,, ચંદુલાલ કાનજી મહેતા ,,
૫૧ ,, કાન્તાબહેન કસ્તુરચંદ ઝવેરી ,,
૫૧ ,, શ્રીચંદ મહેતા કલકત્તા
૫૧ ,, બાલચંદજી નહાટા ,,
૫૧ ,, બુધમલજી શામસુખા ,,
૫૧ ,, ભોગીલાલ ચુનીલાલ પાટણ
૫૧ ,, જાસુદબહેન ,,
૫૧ ,, બી. એસ. શાહ અમદાવાદ
૫૧ ,, રસિકલાલ માણેકલાલ પ્રેમચંદ ,,
૫૧ ,, જયંતિલાલ હીરાલાલ ભણસાળી કલકત્તા
૫૧ ,, સોહનલાલજી મોહનલાલજી ,,
૩૫ ,, પોપટલાલ લવજીભાઈ બનારસ
૩૧ ,, સુરેન્દ્રભાઈ અમદાવાદ
૫૧ ,, આત્માનંદ જૈન કોલેજ અંબાલાશહેર
૫૧ ,, અમૃતલાલ ચુનીલાલ શાહ મુંબઇ
૨૫ ,, સુનિતાબહેન એસ. શેઠ ,,
૨૫ ,, લાલજી નરસી ગાલા ,,
૨૫ ,, ભાસ્કરભાઈ વિઠ્ઠલદાસ શાહ ,,
૨૫ ,, જેઠાલાલ પાશવીર લાલન ,,
૨૫ પંડિત અંબાલાલ પ્રેમચંદ શાહ ,,
૨૫ શ્રી શાંતિલાલ દેવજી નન્દુ ,,
૨૫ ,, મનસુખલાલ તારાચંદ મહેતા ,,
૨૫ પ્રો. રામપ્રસાદ બક્ષી ,,
૨૫ શ્રી રમણિકલાલ વાડીલાલ ,,
૨૫ શ્રી ખેતસી માવસી સાવલા ,,
૨૫ ,, નાનચંદભાઈ શામજી ,,
૨૫ ,, ફકીબહેન માણેકલાલ મોહનલાલ ઝવેરી ,,
૨૫ ,, શાંતાબહેન રતિલાલ પાટડીઆ માટુંગા
૨૫ ,, મુળચંદ પી. શાહ મલાડ
૨૫ ,, જયંતિકા પરમાર અમદાવાદ
૨૫ પં. શ્રી ભગવાનદાસ હરખચંદ ,,
૨૫ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ,,
૨૫ ,, હીરાલાલભાઈ ,,
૨૫ ,, રાયચંદ મુથા મદ્રાસ
૨૫ ,, વેલજી કાનજી ખંડવા
૨૫ ,, રણસી કુંવરજી ગઢશીશા (કચ્છ)
૨૫ ,, એન. પી. ગાંધી દેવલાલી
૨૫ શ્રી વઢવાણ કેટન એસોસીએશન સુરેન્દ્ર નગર
૨૫ ,, કપુરચંદજી ગંગવાલ કલકત્તા
૨૫ ,, સોમાભાઇ હીસાભાઇ પટેલ સુણાવ
૨૫ ,, જૈન તપગચ્છ સંઘ મોરબી
૨૫ પ્રો. અમરચંદજી જૈન ઉજ્જૈન
૨૫ શ્રી અનંતકુમાર જૈન મેરઠ
૨૫ ,, પ્રેમરાજજી ચંપાલાલજી ચોરડિયા મદનગંજ (રાજસ્થાન)
૨૫ ,, અમરચંદ માણેકચંદજી મારૂ હરમાડા (રાજસ્થાન)
૨૫ ,, રાજેન્દ્રપ્રસાદજી ગુપ્ત બનારસ
૨૫ પ્રો. ડૉ. પ્રતાપરાય મોદી વડોદરા
૨૫ ડૉ. ગુલાબચંદજી ચૌધરી નાલન્દા
૨૫ ,, સેવંતીલાલ (સુધરાઇના પ્રમુખ) પાટણ
૨૫ શ્રી કેસરબહેન ,,
૨૫ ,, શાંતિલાલ પંડયા ,,
૨૫ ,, અમૃતલાલ મોહનલાલ પંડિત ,,
૨૫ ,, લાલચંદ વોરા બગસરા
૨૫ ,, હીરાલાલ મોતીચંદ શાહ કાંદિવલી
૨૫ ,, જીવરાજ હંસરાજ ભુજપુર (કચ્છ)
૨૫ ,, અજિતભાઇ દેસાઈ મુંબઇ
૨૫ ,, જી. ડી. દફતરી ,,
૨૫ ,, ઉમેદચંદ દોલતચંદ બરોડિયા અગાસ
૨૫ ,, શારદાબહેન જયંતિલાલ કોઠારી મુંબઇ
૨૫ ,, દીનકર લક્ષ્મીચંદ કોઠારી ,,
૨૫ ,, પૂર્ણિમાબહેન પકવાસા ,,
૨૫ ,, બાપાલાલ ગ. વૈદ્ય સુરત
૨૫ ,, સુરેન્દ્રભાઈ કાપડિયા અમદાવાદ
૨૫ ,, ઉગમરાજ ભંડારી સાંચોર (રાજસ્થાન)
૨૫ ,, આત્માનંદ જૈન સભા પટ્ટી
૨૫ ,, આત્માનંદ જૈન સભા હુશિયાપુર
૨૫ ,, ચીરંજીલાલ શાંતિદાસ જૈન પટ્ટી
૨૫ ,, આત્માનંદ જૈન સભા અમૃતસર
૨૫ ,, આત્માનંદ જૈન સભા જાલંધરશહેર
૨૫ ,, આત્માનંદ જૈન સભા જંડિયાલા
૨૫ ,, હરિશ્ચંદ્ર ઇન્દ્રસેન જૈન ટ્રસ્ટ અંબાલા શહેર
૨૫ ,, મહાવીર સ્ટડી સર્કલ હઃ માસ્તર શ્રી. ચુનીલાલ જૈન ,,
૨૫ ,, મનુભાઇ શાંતિલાલની કું. અમદાવાદ
૨૫ ,, નાનુભાઇ ચીમનલાલ મણિલાલ ,,
૨૫ ,, શાંતિલાલ મણિલાલ ચોકસી ,,
૨૫ ,, ત્રીકમલાલ હરિલાલ ઓફ ,,
૨૫ ,, કકિરચંદ મગનલાલ શાહ ,,

૬૭૯૬૯॥

બાકીની યાદી હવે પછી પ્રકટ કરવામાં આવશે.

જેણે જેણે હજુ સુધી આ ફાળામાં પોતાની રકમ મોકલી ન હોય તે ભાઇઓ તથા બહેનો જલ્દિથી નીચેના સરનામે પોતાનો ફાળો મોકલી આપે.

ઠેકાણું : **મુંબઈ જૈન યુવક સંઘ** ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઈ ૩.** ચેક **Bombay Jain Yuvak Sangh** એ નામથી મોકલવો.

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા

* જૈન ધર્મ *

(ગતાંકથી ચાલુ)

જીવ અને કર્મ–એ બન્નેને ઓતપ્રોત માનવા હોય તો જીવનું પરિમાણ કેવું માનવું એ બાબતમાં ભગવાન મહાવીરની એટલે કે જૈન ધર્મની સ્વતંત્ર નિષ્ઠા છે. આત્માને વ્યાપક માનનાર વૈદિક નિષ્ઠા છે. તેથી વિરુદ્ધ ભ. મહાવીરે કહ્યું છે કે આત્મા શરીર–પરિમાણ છે. આત્માને વ્યાપક માનીએ તો જીવની ગતિ કે પુનર્જન્મ એ કેવલ ઔપચારિક ઘટનાઓ માનવી પડે. ત્યારે જો આત્માને શરીરપરિમાણ માનવામાં આવે તો તેની ગતિ અને પુનર્જન્મ બન્ને ઔપચારિક નહીં પણ મુખ્યરૂપે ઘટી શકે છે. વ્યાપક વસ્તુની ગતિ તો સંભવે જ નહિં અને વ્યાપકમાં વિકારનો તો સંભવ જ ન હોઇ નવું નવું શરીર સંબદ્ધ થાય તે જ તેના પુનર્જન્મો કહેવાય. ખરી રીતે તો શરીરો જ જન્મે છે. આત્મામાં તો તેથી કશો જ વિકાર થયો નથી તો તેને જન્મ કેવી રીતે કહેવાય ? આવા વિચારમાંથી જીવને શરીર-પરિમાણ અને કર્મો સાથે ઓતપ્રોત હોઇ વિકારી માન્યો, એટલે મૃત્યુ થતાં અન્યત્ર તેની ગતિ અને જન્મ બન્ને સંભવી શકે છે.

જીવની ગતિ અને દેહપરિમાણ માનવાને કારણે જ જૈન–દર્શનમાં બે સ્વતંત્ર તત્વોમાં નિષ્ઠા સ્વીકારવી પડી છે. અને તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે. ભારતીય કોઈ પણ દર્શનમાં આ બે તત્વોને માનવામાં આવ્યા જ નથી. એટલે આ બે તત્વોને કારણે પણ જૈન દર્શન બીજા દર્શનોથી જુદું પડે છે. જીવની જો ગતિ હોય તો તેને સહાયક એક દ્રવ્ય હોવું જોઇએ. એ તર્કમાંથી ધર્માસ્તિકાય અને ગતિ છતાં તે સદા ગતિશીલ જ ન રહે તે માટે અધર્માસ્તિકાયની કલ્પના કરવામાં આવી છે. ધર્મ એ ગતિસહાયક છે તો અધર્માસ્તિકાય એ સ્થિતિસહાયક દ્રવ્ય છે.

જીવ ગતિસ્વભાવ દ્રવ્ય છે અને મુક્તાવસ્થામાં કર્મ તો નથી જે તેની ગતિને દિશા આપતું હતું. ત્યારે પ્રશ્ન સહેજે થાય કે મુક્ત–જીવની ગતિ કયાં થાય ? બંધનબદ્ધની મુક્તિ સમયે સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે. એ અનુભવની વાત હતી. પાણીમાં તૂંબડાને માટીનો લેપ કરી ડુબાડવામાં આવે તો માટીનો લેપ સરી જતાં તે જેમ ઊંચે આવે છે, શીંગમાં રહેલ એરંડાનું બીજ શીંગ ફૂટતાં જેમ ઊંચે ઊડે છે, તેમ જીવના કર્મબંધનો શિથિલ થતાં જીવ પણ સ્વાભાવિક રીતે ઊંચે ગતિ કરે છે. ગતિમાં સહાયક દ્રવ્ય ધર્માસ્તિકાય છે જ. એટલે તેને વચ્ચે કયાંય રુકાવટ નથી. પણ એમ તો એ સદા ગતિ કર્યા જ કરે અને નિષ્ઠા કયાંય થાય જ નહિ. એટલે સર્વદર્શનસંમત આકાશને જૈન ધર્મમાં લોકાકાશ અને અલોકાકાશ એમ બે પ્રકારનું કલ્પિત કરવામાં આવ્યું અને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું અસ્તિત્વ કેવલ લોકાકાશમાં જ માનવામાં આવ્યું. અર્થાત્ જ એમ મનાયું કે સિદ્ધ જીવ લોકાન્તે પહોંચી સ્થિર થાય છે. આ માન્યતા પણ જૈનોની આગવી છે. અને એ પૂર્વોકત જીવની ગતિશીલતા, ધર્માસ્તિકાય અને લોકાકાશની જૈન માન્યતાનું તર્કસંગત પરિણામ છે. અથવા એમ કહેવું જોઇએ કે સિદ્ધાલયની કલ્પનાને અનુરૂપ થવા લોકાકાશની કલ્પના કરવામાં આવી. એ ગમે તેમ હોય, પણ એટલું નક્કી કે જીવની ગતિ-શીલતા, શરીરપરિમાણ, ધર્માસ્તિકાય, લોકાકાશ અને સિદ્ધાલય એ બધી દાર્શનિક કલ્પનાઓ જૈનદર્શનમાં પરસ્પર અન્વિત છે. એક વિના બીજી નિરર્થક બને છે એમાં તો સંશય નથી. અને એ જૈન દર્શનની આગવી કલ્પનાઓ છે એ પણ એટલું જ નિશ્ચિત કહી શકાય છે.

દર્શનનું પ્રયોજન મોક્ષ છે અને મોક્ષ એ સંસારપૂર્વક છે. જીવનો સંસાર છે તો મોક્ષ છે. જો સંસાર જ ન હોય તો મોક્ષની કલ્પના નિરર્થક બને. વિશ્વમાં કેવલ જીવોનું જ અસ્તિત્વ હોય અને બીજું કશું જ ન હોય તો તેનો સંસાર કેવી રીતે ઘટમાન બને ? આ પ્રશ્નમાંથી જીવ સિવાય પણ બીજું તત્વ માનવાની આવશ્યકતા જણાઈ. ઉપનિષદ્‌ના ઋષિઓનો વિચાર હતો કે જીવની અવિદ્યા જ સંસારનું સર્જન કરે છે. અવિદ્યા એ સ્વતંત્ર તત્વ નથી, પણ જીવનું મિથ્યાજ્ઞાન જ છે. આ મિથ્યાજ્ઞાનને લઈને જ જીવને આત્મ–અનાત્મ એવો ભેદ દેખાય છે. વસ્તુતઃ આત્મા સિવાય કશું જ નથી. જ્યારે જીવનું અજ્ઞાન નષ્ટ થાય છે, ત્યારે તેને અદ્વૈતાત્મની પ્રતીતિ થાય છે અને તે વખતે આત્મેતર બીજી કશી જ વસ્તુની પ્રતીતિ થતી નથી. આ જ તેનો મોક્ષ છે. એટલે કે ઉપનિષદના ઋષિઓના મતે વિશ્વમાં આત્મેતર કોઈ વસ્તુ તત્વતઃ નથી. પણ ભ. મહાવીરે જોયું કે જીવનો સ્વભાવ જો જ્ઞાન હોય તો તેનો અવિદ્યારૂપ–અજ્ઞાનરૂપ પરિણામ કેમ બને ? એ પરિણામ અકારણ તો હોય નહી. આત્માના અવિદ્યા–પરિણામનું જે કારણ તે જ કર્મ, અને તેનું સ્વરૂપ આત્માથી તો ભિન્ન જ હોવું જોઇએ. આ પ્રમાણે તેમણે જીવ ઉપરાંત અજીવ–પુદ્ગલની કલ્પના કરી. અને જીવ અને અજીવ–કર્મ પુદ્ગલનો સંપર્ક જ જીવમાં અવિદ્યાપરિણામનો ઉત્પાદ કરવામાં કારણ બને છે. એ સંબંધને દૂર કરવામાં જ મોક્ષપુરુષાર્થની સાર્થકતા છે.

આ પ્રમાણે સંસાર–બંધનો ખુલાસો કરવામાં જ અજીવ તત્વ હાથ લાગ્યું અને એ અજીવતત્વ–પુદ્ગલથી જ સમગ્ર બાહ્ય પ્રપંચ નિષ્પન્ન છે એમ ભ. મહાવીરે સિદ્ધ કર્યું. પુદ્ગલ–અજીવ તત્વ વિષેની વિચારણામાં પરમાણુ તત્વ વિષે જૈન દર્શનમાં જે સૂક્ષ્મ ચિન્તન મળે છે તે અન્યત્ર દુર્લભ છે. પરમાણુની વિવિધ વર્ગણાઓનો વિચાર અને એ વર્ગણાઓ વડે કર્મ, ભાષા, મન, ઇન્દ્રિય, શરીર આદિ સૂક્ષ્મ સ્થૂલ પદાર્થો કેવી રીતે ઉત્પન્ન થાય છે એનો સૂક્ષ્મ વિચાર એ જૈન દર્શનની આગવી વસ્તુ છે અને આજના વૈજ્ઞાનિકો પરમાણુ વિષે જે હદે પહોંચ્યા છે તેથી પણ વધારે સૂક્ષ્મ વિચાર જૈનોએ પરમાણુ વિષે કર્યો છે એમ કેટલાક વૈજ્ઞાનિકો પણ માનવા લાગ્યા છે.

આ પ્રમાણે અહિં જૈન દર્શનના મૌલિક તત્વોની તાર્કિક સંગતિ બતાવવાનો આછો પ્રયત્ન કર્યો છે. જૈન ધર્મ કે દર્શનનું જ આંતરિક સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો આ તત્વોનું જ્ઞાન આવશ્યક છે, પણ પ્રત્યેક ધર્મનું કેવલ આંતરિક સ્વરૂપ જ હોતું નથી. એનું આવરણ–શરીર પણ એ ધર્મના નામે ઓળખાય છે. તો જૈન ધર્મના એ શરીરનો પણ વિચાર કરવો આવશ્યક છે.

(૩) જૈન સંઘ અને પ્રચાર

આગળ જે તત્વજ્ઞાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે એ તત્વ-જ્ઞાનનો જીવનમાં સાક્ષાત્કાર કરવા મથતા સાધકોનો સમુદાય એ જૈન સંઘ છે. જૈન સાધના વ્યકિતગત સાધનાને પ્રાધાન્ય આપે છે, પણ મનુષ્ય એ સામાજિક પ્રાણી હોઈ એકલવિહારી રહી શકે નહિ, એટલે એવા સાધકોનો સંઘ બન્યો. એ સાધકોએ સ્વના ઉદ્ધાર સાથે જ પરના ઉદ્ધારની પણ પ્રક્રિયા શરૂ કરી, અને એ પ્રક્રિયામાંથી પૂર્વ દેશોમાં ઉત્પન્ન થયેલો જૈન સંઘ સમગ્ર ભારત વર્ષમાં અને થોડા અંશે બૃહત ભારતમાં પણ પ્રચારને પામ્યો. ભ. મહાવીરની તપસ્યા અને ઉત્કટ સાધનાનું અનુકરણ જેટલા પ્રમાણમાં થયું એટલા પ્રમાણમાં જૈન ધર્મનો પ્રચાર પોતાના આન્તરિક બળે થયો. પણ એ સાધનાને પ્રશંસનારા રાજાઓ અને ધનાઢયો પણ મળ્યા, અને તેમણે પ્રચારમાં જે બળ વાપર્યું તે કેવલ આધ્યાત્મિક જ હતું એમ ન કહી શકાય. તે બાહ્ય બળ હતું અને તેમાં મુખ્યત્વે મંદિરો અને મૂર્તિઓનાં નિર્માણ ઉપરાંત અમારિ આજ્ઞાઓ પણ ગણાવી શકાય. આ બાહ્ય બળની સાથે આંતરિક બળનો જ્યાં સુધી સુમેળ રહ્યો, ત્યાં સુધી તો જૈન ધર્મ ઉન્નત થતો ગયો; પણ જેટલા પ્રમાણમાં આંતરિક બળ ઘટતું ગયું તેટલા પ્રમાણમાં બાહ્ય બળનો આશ્રય વધારે લેવામાં આવ્યો. અને તેટલા જ પ્રમાણમાં ખરા જૈન ધર્મનો નહિ. પણ જૈન ધર્મના શરીરનો પ્રચાર થયો. આત્માવિનાના શરીરની જે સ્થિતિ થાય, એવી

સ્થિતિ જૈન ધર્મની પણ થઈ અને બૃહત ભારતમાં તો તેનું નામ-નિશાન પણ રહ્યું નહિ. અને ભારતમાં પણ જે પૂર્વભારતમાં તે અંકુરિત અને ફાલ્યો-ફુલ્યો હતો ત્યાં પણ આજે તેનું નામનિશાન નથી. આત્મા વિનાના શરીરો-આધુનિક મંદિરો રૂપે ઉભાં છે. પણ તેના પૂજકો ત્યાં છે જ નહિ. પશ્ચિમ અને દક્ષિણના જૈનો ત્યાં જઈ પૂજા કરે છે. ખરી રીતે ભારત વર્ષમાં અશોકના શિલાલેખોની જે સ્થિતિ થઈ હતી, તેવી જ સ્થિતિ પૂર્વભારતમાં જૈનધર્મની આજે પણ છે.

પ્રિન્સેપ જેવો અધ્યવસાયી અશોકના શિલા લેખોનો ઉદ્ધારક મળી આવ્યો. પણ આજે પૂર્વદેશમાં જૈન ધર્મનો પ્રચારક-સાધક હજી મળ્યો નથી. અને આજના ભૌતિક જમાનામાં હવે એવા સાધક મળવા પણ દુર્લભ છે.

હિન્દુધર્મનું બાહ્ય અને આંતરિક સ્વરૂપ જોઇએ તો વૈદિક કાળ અને આજના કાળ વચ્ચે તેમાં ઘણી આંતર-બાહ્ય ઉથલ-પાથલ માલૂમ પડે છે. વેદવારાનો ધર્મ આજે જડતો નથી. તેનો આંતરિક મૂળ પ્રવાહ કાયમ છતાં તેના બાહ્ય અનેક રૂપોમાં એ એવો પરિવર્તિત થઇ ગયો છે કે જો તેમાં વેદનિષ્ઠા કાયમ ન રહી હોત તો એ કહેવું પણ કઠણ થઇ પડત કે આ એ જ ધર્મના રૂપાન્તરો છે. બૌદ્ધધર્મ વિષે પણ એવું જ બન્યું છે. તેમાં પણ બુદ્ધનિષ્ઠા જ બધા બૌદ્ધ સંપ્રદાયોને એક સૂત્રમાં બાંધી રહી છે. અન્યથા દાર્શનિક દૃષ્ટિએ કે આચાર દૃષ્ટિએ જે સંપ્રદાયો બૌદ્ધધર્મમાં છે તે બધાંનુ મૂળ એક જ ધર્મ છે એની ઓળખ કરવી અત્યંત કઠણ થઇ પડત.

પણ જૈન ધર્મની બાબતમાં તેમ નથી બન્યું. એ ધર્મનું વૈદિક કે બૌદ્ધધર્મની જેમ પ્રગતિશીલતા એ લક્ષણ નથી. અનેક સંપ્રદાયો થયા, પણ એ ભેદોએ તેઓમાં કોઇ નવું દર્શન જન્માવ્યું નથી. બૌદ્ધોમાં જેટલા સંપ્રદાયો એટલાં દર્શનો છે. વૈદિક ધર્મમાં પણ નાના દર્શનો પ્રસિદ્ધ છે. પણ જૈન દર્શન વિકસ્યું છે, છતાં તેમાં નવું દર્શન કદી જન્મ્યું નથી. દર્શન એનું એ જ, નિષ્ઠા એની એ જ. બાહ્ય આચારમાં ભેદ-એ જ મુખ્યતઃ સંપ્રદાયભેદ કે સંઘભેદના કારણરૂપે છે. જૈનદર્શનની આ સ્થિતિશીલતા જ તેના પ્રચારમાં પણ બાધક રહી હોય તો ના નહિ. કારણ જ્યારે વૈદિકો અને બૌદ્ધો નવા નવા વિચારોને પોતાનામાં સ્થાન આપતા ગયા અને પોતાના તત્ત્વજ્ઞાનને નવું રૂપ આપતા ગયા, ત્યારે જૈનોએ પોતાના દર્શનને નવું રૂપ આપવાનો કદી પ્રયાસ કર્યો નથી. એ બધા વિવાદોને લઇને અનેકાંતવાદને સમૃદ્ધ તો કર્યો, પણ નવા કોઈ દર્શનનું સર્જન થયું જ નથી.

સંભવ છે કે આચાર્યો એમ જ માનતા હતા કે અમારું દર્શન તો પરિપૂર્ણ છે, એમાં પરિવર્તનની આવશ્યકતા જ નથી. અને તેના કારણ રૂપ સર્વજ્ઞને ધરતા હોય, પણ એ દલીલ તો બૌદ્ધો કે વૈદિકો વિષે પણ કરી શકાય. તેઓ પણ વેદ કે બુદ્ધને સર્વજ્ઞ જ માનતા. છતાં તેના નવીનીકરણમાં વેદ કે બુદ્ધ કદી આડે આવ્યા નથી, જ્યારે જૈનોમાં નવીનીકરણ કેમ ન થયું એ એક સમસ્યા છે. આનું કારણ એ હોઈ શકે કે જૈન દર્શન એ વાસ્તવવાદી-અત્યંત વાસ્તવવાદી-રહ્યું છે. તેથી તેમાં કાલ્પનિક દર્શનને અવકાશ ન મળે તે સ્વાભાવિક છે અને જો કલ્પનાનો દોર છૂટો મૂકવાને અવકાશ જ ન હોય તો દર્શનભેદ સંભવે કયાંથી ? પ્રાચીનતાના મોહને પણ કારણ ગણાવી શકાય. પ્રત્યેક સંપ્રદાયનો એ પ્રયત્ન રહ્યો છે કે આસપાસનાં જાળાં દૂર કરીને તાત્ત્વિક જૈન ધર્મ ઉપર જવાનો પ્રયત્ન કરવો. સમયબળે જૈન ધર્મમાં જે નવી ધારા વહી હોય તે નવી છે માટે જૈન ધર્મનું અંગ ન હોઇ શકે. જૈન ધર્મ તો ભ. મહાવીરે જે કાંઇ ઉપદેશ્યું છે તેના પાલનમાં જ છે, એમાં સુધારને અવકાશ નથી, નવીનીકરણને અવકાશ નથી-આવી ધારણાનો ફરી ફરી પ્રચાર કરવામાં આવ્યો છે. એથી આપણે જોઇએ છીએ કે સ્થાનકવાસી કે તેરાપંથી સંપ્રદાયે આગમ સિવાયના જૈન સાહિત્યનો વારસો ગુમાવ્યો. અને જૈન કલા કે શિલ્પને નામે જે કાંઈ ઓળખાય છે, તીર્થોને નામે જે પ્રસિદ્ધ છે જ એ બધા સાથે તેમને કાંઈ લેવા દેવા રહી નથી. અને પ્રારંભમાં જૈન ધર્મની જે સ્થિતિ હતી તેમાં પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ એક રીતે ઉલટી ગંગા વહાવવા જેવો પ્રયત્ન જ ગણાય. મનુષ્યની બુદ્ધિને ધર્મમાં કે દર્શનમાં કશું જ નવું કરવાનો અવકાશ નથી-આવી માન્યતા આના મૂળમાં સ્વીકારવી પડે. પણ આ તો સ્વયં જૈન ધર્મે જ ઉપદેશેલી આત્મનિર્ભરતાની જ વિરુદ્ધ ગણાય. પછી જૈન ધર્મ રહ્યો કયાં ?

હમણા હમણા વળી શ્રી કાનજી મુનિનો એક નવો સંપ્રદાય સ્થપાયો છે. એનો નિકાસ તો સ્થાનકવાસીમાંથી છે, પણ સ્થાનકવાસીમાંથી નિકળેલ તેરાપંથી અને આ નવો સંપ્રદાય એ બન્નેની દિશા તદ્દન જુદી છે. તેરાપંથી અને આ સંપ્રદાય બન્ને કહે છે કે અમે મૂળ માર્ગનું અનુસરણ કરવા માગીએ છીએ; પણ એકમાં મૂર્તિને અવકાશ જ નથી, ત્યારે બીજામાં મૂર્તિને અવકાશ છે. વળી એક પોતાને શ્વેતામ્બર આમ્નાયમાં સ્વીકારે છે, જ્યારે બીજો પોતાને દિગમ્બર કહેવરાવે છે, પણ આશ્ચર્ય એ છે કે તેમના સ્થાપક ગુરૂ પણ હજી દિગંબર થયા નથી. અને દિગંબરો સ્વયં કહે છે કે સોનગઢમાં અમારા સમયસારની જે વ્યાખ્યા થાય છે તે દિગંબરની રૂઢ વ્યાખ્યા કરતા જુદી છે. પં. મહેન્દ્રકુમાર જેવા વિશિષ્ટ દિગંબર વિદ્વાનનું તો કહેવું છે કે, શ્રી કાનજીમુનિનો પંથ એ ગોશાલકના આજીવક પંથ જેવો છે. એમાં જૈનસંમત પુરુષાર્થવાદને સ્થાન નથી. આ તો એક વાત થઈ પણ બીજી રીતે આપણે જોઇએ તો શ્રી કાનજી મુનિની વ્યાખ્યામાં નિશ્ચયનય ઉપર વધારે ભાર હોઈ, એક બાજુ આત્મચિન્તન-મનનનો માર્ગ એ અપનાવે છે અને રૂઢ ક્રિયાકાંડોનો તેઓ વિરોધ કરે છે, અને બીજી બાજુ તેમણે નવા પ્રકારનાં મંદિરો ઉભા કરવા માંડયા છે. અને તેમાં શ્રી સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા કરાવવામાં આવે છે, અને આમ ક્રિયાકાંડની નવી રૂઢિઓ ઊભી કરતા જાય છે. આમાં રહેલો પરસ્પર વિરોધ તદ્દન સ્પષ્ટ છે.

આધુનિક કાળે જૈન ધર્મના સંપ્રદાયોની આવી સ્થિતિ છે. એ ધર્મમાંના અહિંસા કે અનેકાંતના તત્ત્વોનો વિશ્વમાં પ્રચાર કરી વિશ્વની અશાંતિને દૂર કરવાની તાકાત એ તત્ત્વોમાં છે એ સિધ્ધ કરી આપવાનો અવસર છતાં આપણે એ અવસરનો લાભ લઇશું ? કે અમે જ શ્રેષ્ઠ છીએ એના ઝગડામાં સડયા કરીશું ? એ આપણે આ અવસરે વિચારી લેવાનું છે. કોઈ પણ ધર્મની ખરી તાકાત વર્તમાન સમસ્યાના ઉકેલના સામર્થ્યમાં જ છે. એ સામર્થ્યનો પરચો આપણે જો નહિ. આપી શકીએ તો જૈનધર્મનું જે બળ આપણને મળ્યું છે તે ખરું બળ નહિ, પણ ઉપરછલ્લું છે એટલું જ આપણે સિદ્ધ કરી શકીશું. આ પજુસણના દિવસોમાં આપણે જૈન ધર્મની ખરી તાકાત પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ તો પણ ઘણું છે.

સમાપ્ત **દલસુખભાઈ માલવણિયા**

વિષય સૂચિ		પૃષ્ઠ
ગાંધીયુગના દર્શનશાસ્ત્રી	કાકા કાલેલકર	૨૪૭
'પ્રજ્ઞાચક્ષુ'ને	નવલભાઈ શાહ	૨૪૭
નિશ્ચય અને વ્યવહાર	ઇન્દુકલા ઝવેરી	૨૪૮
શ્રી કાનજી મુનિનાં મન્તવ્યોની સમીક્ષા	સરજ્યદ્ર ડાંગી	૨૪૮
ભગવાન મહાવીરનો સંદેશ	પરમાનંદ	૨૫૧
સાતત્ય રક્ષા અને પરિવર્તનશીલતા	રમણલાલ શાહ	૨૫૩
શ્રેય પ્રેય વિવેક	સ્વામી અખંડાનંદ	૨૫૪
ભારતનો સામ્યવાદ ભારતીય હશે	કાકા કાલેલકર	૨૫૫
પં. સુખલાલજી સન્માન નિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી		૨૫૬
જૈન ધર્મ	દલસુખ માલવણિયા	૨૫૭

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

નં. B ૪૨૬૬
લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧, ૧૯૫૭, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ઉઘડતાં જતાં નવાં ક્ષિતિજો

(ટાઇમ્સ ઑફ ઇન્ડીઆના ૮ મી માર્ચના અગ્રલેખનો અનુવાદ)

ભૂદાનના સામર્થ્ય સંબંધમાં સંશય ધરવાવાળા લોક ગમે તે કહે, પણ તે વિચાર આજે ચોતરફ ખૂબ ફેલાઈ રહ્યો છે એમાં કોઈ શક નથી. પાછળનાં વર્ષો દરમિયાન ભૂદાનનો વિચાર વધતો વધતો ગ્રામદાન સુધી પહોંચ્યો છે. આજ સુધીમાં બે હજાર ગામડાં દાનમાં મળી ચુક્યાં છે. તેમાં કોરાપુટના ૧૫૭૫, મદુરા જિલ્લાના ૧૩૮, અને મહારાષ્ટ્રના એકસોથી વધારે ગામનો સમાવેશ થાય છે. કોલ્હાપુર એથી પણ આગળ વધીને તાલુકાના દાનનો પ્રયત્ન કરી રહેલ છે. પ્રસ્તુત આન્દોલન તાલુકદાનને જે જોર આપી રહેલ છે તે ભવિષ્યની દૃષ્ટિએ વધારે આશાસ્પદ છે. થોડા એકર જમીનનું દાન બહુ બહુ તો ગામના અમુક લોકોને મદદ કરી શકે છે. એથી નથી તો ગામલોકોના જીવનના ખ્યાલોમાં કોઈ ફેરફાર થઈ શકતો કે નથી ત્યાં રહેવાવાળા લોકોના દૃષ્ટિક્ષિતિજમાં કશી વિશાળતા આવતી, પણ જ્યારે ગામની પૂરી જમીન દાનમાં મળે છે ત્યારે સહકારી જીવનના પ્રયોગને એક નવો અને પ્રોત્સાહક અવસર પ્રાપ્ત થાય છે: જેમ કે વિનોબાજીએ પોતે જ કહ્યું છે તે મુજબ "આજની ગ્રામીણ અર્થવ્યવસ્થામાંથી એકલપેટાપણું પેદા થાય છે અને તેથી માનવીમાં રહેલી માનવીય વૃત્તિનો ખૂબ હ્રાસ થાય છે અને જેમ જમીનમાં ઘસારો લાગે છે તેમ માનવી-સમુદાયની ગુણવત્તામાં ઘસારો લાગે છે." ગ્રામદાન કરતા ગામડાંઓ કે જેમાં જમીન સૌની મિલકતની બની જાય છે ત્યાં આવું એકલપેટાપણું ખતમ થાય છે અને ગામડાના લોકો જ્યાં જમીન આખા ગામની હોય છે ત્યાં સહજપણે એક મોટા વિશાળ કુટુંબના સભ્યો માફક રહેવા ટેવાઈ જાય છે અને સામુહિક યોજના કરવા પાછળ લાગી જાય છે. એમાં નવી જીવનપદ્ધતિઓની અને નવાં જીવનમૂલ્યોની શોધ શરૂ થવા માંડે છે. પણ આ કહેવું જેટલું સહેલું છે તેટલું કરવું સહેલું નથી. પુરાણી ટેવોની જડ જલ્દીથી ઉખડતી નથી. વળી એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે ગામની બધી જમીનમાં એક સહકારી ફાર્મ નીચે લાવવા માંથી સામાજિક સુગ્રથિતતા જે વડે આ પ્રયોગ સફળ બનવો સંભવ છે તે પેદા થઈ શકતી નથી. સહકારી જીવનનો આકાર દરેક પ્રશ્નમાં નવી રીતે નિહાળવાની અપેક્ષા રાખે છે જો આ પ્રયોગને સફળ કરવો હોય અને ગામડાંનું જીવનને સંપન્ન બનાવવું હોય તો તેમની સમસ્યાઓના ઉકેલ સાધવા માટે કેટલાંક વર્ષો સુધી ગામડાના લોકોને મદદ કરવાની રહેશે. અને તેમને આ બાબતની તાલીમ આપવી પડશે કે સહયોગ અને સહકાર વડે કેવી રીતે વધારેમાં વધારે લાભ ઉઠાવી શકાય.

સૌથી પહેલા તો, જમીનની ફરીથી વહેચણી કરવાનો પ્રશ્ન સામે આવીને ઉભો રહેવાનો. એમાંથી અનેક સવાલ ઉઠવાના જેમ કે સારી જમીનનું એક ફાર્મ બનાવવું કે તેને નાના નાના ટુકડાઓમાં વહેચી દેવી અથવા તો અમુક જમીન સહકારી ખેતી માટે જુદી રાખવી અને બાકીની બધી કુટુંબોમાં વહેચી દેવી ? સહકારી ખેતી હાથ ધરવાના સાહસિક કાર્યમાં દરેક ગ્રામીણ જને કેટલો શ્રમ આપવો ? જે પ્રદાન થાય તેમાં તેનો હીસ્સો કેવી રીતે નક્કી કરવો ? શ્રમ કરવા સિવાય વ્યક્તિઓના હિસાબથી અથવા તો તેના કુટુંબીજનોની સંખ્યા પ્રમાણે ? એક જણ ગાયબકોર કરે છે, બીજો હળ ચલાવે છે, ત્રીજો ભણાવે છે—આ દરેકના શ્રમને માપવાનું ધોરણ શું હશે ?

૧. પ્રારંભના થોડા મહીના બહુજ કટોકટીના હોવાના. કારણ કે નવી વ્યવસ્થા પૂરી લાભદાયી છે એમ શરૂઆતમાં પ્રતીતિ થાય.
૨. ગામડાના લોકોની સહકાર પધ્ધતિમાં શ્રધ્ધા ટકી શકે.

આ પ્રાથમિક કાર્યમાં ગામડાના લોકોને દોરવામાં જે કેન્દ્ર અને પ્રદેશમાં યોજના કરવાવાળાઓની તેમ જ ભૂદાન-કાર્યકર્તાઓની ખરી કસોટી રહેલી છે. યોજના-કમીશન દરેક જિલ્લામાં એક નમુનાની સહકારી ફાર્મ ઉભી કરવાનો વાયદો કરી ચુકેલ છે. એવું કોઈ કારણ નથી કે યોજનાતંત્ર આ પ્રકારની પાઈલટ પ્રોજેક્ટ માટે તેમ જ સહકારી ખેતીમાં તાલીમ આપવાના જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ માટે ગ્રામદાની ગામડાંઓનો ઉપયોગ ન કરે. ગામડાંના લોકોને વ્યાપારીઓ અને શાહુકારોના શોષણમાંથી બચાવવા માટે દરેક ગ્રામદાની ગામડામાં સહકારી દુકાન ખોલવી જોઈશે. ઘણી વખત ગામડાના લોકો આવા સ્ટોર માટે પૂરતી મુડી એકઠી કરી શકતા નથી. આ બાબતમાં રાજ્ય તેમની મદદે સહેલાઈથી આવી શકે છે. આચાર્ય વિનોબા ભાવે સ્વતઃ પૂર્ણ આશાવાદી છે. તેમણે ગ્રામદાની ગામનું એક સુખપૂર્ણ ચિત્ર આલેખ્યું છે જેમાં ન કોઈ કુટુંબને કરજ કરવું પડશે કે ન કોઈનું શોષણ કરવામાં આવશે. તેઓ એમ કહે છે કે આપણે જો ગામડાંના લોકોને સમજાવી શકીએ તો એક પછી એક બધાં ગામડાંઓ ગ્રામદાની બની જશે. પણ આ કોઈ ગ્રામીણોને કેવળ સમજાવવાનો સવાલ નથી, તેને આ યોજનાનું પોતાની સામે કોઈક નક્કર પરિણામ જોવાની તક મળવી જોઈશે. જો યોજના બનાવવાવાળાઓ તરફની મદદ અથવા તો જરૂરી માર્ગદર્શનની ખામીને લીધે આ વિચાર પૂરી રીતે કાર્યરૂપમાં આવી નહિ શકે તો તે એક કરુણાજનક ઘટના લેખાશે.

અનુવાદક : પરમાનંદ

સુયોજના

(સોનેટ, વસન્ત-મિશ્ર છંદ)

કેવો અહો કૃપણ શો બસ ભૂતકાળ !
સંતોષ લેશ પણ સંગ્રહનો ન એને
એ વર્તમાન નિજ સંપતશી પળો સૌ
પામે ન, પામી શકતો ત્યહિ તો લૂંટી લે.
ને વર્તમાન પણ ભાવિની સંપદાને
લૂંટે છ એમ, પરવા કરતો ન એની,
તોયે ટકાવી શકતો પ્રભુ ભાવિ કેરો
રાશિ; લૂંટાય પણ નિત્ય ભરેલ જે રહે.

ને આ સમાજે ત્રણ વર્ગ કેરી
શી જે ચતાણો અસમાનતાની !
અસહ્ય છે એ, પણ તા પ્રભો ત્યાં
ભાળી શકું શું ત્રણ કોણ જેની
કૌશલ્યથી પૂર્ણ સુયોજના તવ
શોષાય તેને મળતું સદા જ્યાં ?

ગીતા પરીખ

સમજુતી: ભૂતકાળનો લોભને કોઇ થાભ નથી; વર્તમાન પોતાનો ભાગે આવતી પળ માણે ન માણે, એવામાં ભૂતકાળ તે પળને લૂંટતા જ ચાલે છે; વર્તમાન પણ ભાવિ સાથે એ જ રમત ચલાવે છે. આમ સતત લૂંટાવા છતાં ભાવિનો ભંડાર ભરેલો જ રહે છે. શોષાય તેને સદા માત્યા કરે એવી પ્રભુની આ સુયોજના સમાજના ત્રણ વર્ગ—શ્રીમંત, મધ્યમ અને ગરીબ—વચ્ચે જોવામાં નથી આવતી એ બાબતનું કવિ દુઃખ વ્યક્ત કરે છે. તંત્રી.

કૉંગ્રેસ—કાર્યકરોને ઉદ્દેશીને—

(તા. ૧–૪–૫૭ ના રોજ દીલ્હી ખાતે કૉંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરે પ્રદેશ કૉંગ્રેસ સમિતિઓના પ્રમુખો તથા મંત્રીઓની પરિષદમાં એક મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું અને કૉંગ્રેસ આજે કેમ હીનપ્રભાવ બનેલ છે તેની વેધક સમીક્ષા કરી હતી. તેમણે પોતાના વ્યાખ્યાનમાં આજની આદર્શ સ્તુતિ અને તકસાધુ વૃત્તિ વિષે ઊંડી વેદના પ્રગટ કરી હતી. તે વ્યાખ્યાનનો મહત્વનો ભાગ તારવીને મૂળ અંગ્રેજીમાંથી અનુવાદિત કરીને નીચે આપવામાં આવે છે. તંત્રી.)

જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધી આપણે લડવાનું અને વિરોધી બળોનો સામનો કરવાનું રહેવાનું જ છે. યુધ્ધ અને સંઘર્ષ ચાલ્યા કરતા હોય ત્યાં સુધી આપણે સુખસગવડનો વિચાર કરી શકતા નથી; અંગત સ્વાર્થ સાધવાનો વિચાર કરી શકતા નથી. જે પક્ષ સુખ સગવડ અને સ્વાર્થ સાધનાના વિચારોને ગૌણ બનાવવાને તૈયાર નથી તે પક્ષે આખરી અવસાન માટે તૈયાર રહેવું જોઇએ. ક્રિયાશીલતા અથવા તો પ્રાણમયતા અને સુખસગવડ અથવા તો તકસાધુતા—એ વચ્ચે કદિ મેળ સંભવે નહિ. જેઓ કૉંગ્રેસનો એક ક્રિયાશીલ સંસ્થા તરીકે વિચાર કરે છે તેમણે સ્વાર્પણની પરિભાષામાં વિચાર કરવા માટે અને સ્વાર્પણ નહિ તો છેવટ સુખસગવડ અને તકસાધુપણાના ખ્યાલોને ગૌણ બનાવવા માટે તૈયાર રહેવું જ જોઇએ. આજે છે તેથી પણ વધારે વિકટ સંઘર્ષ માટે આપણે તૈયાર રહેવાનું છે. બંદુકના કુંદા અને ગોળીઓ ખાવાના જોખમ નીચે મેં કૉંગ્રેસ માટે મત આપતા મતદારોને જોયા છે. ૧૯૪૬ પહેલાં કૉંગ્રેસ માટે મત આપનારા કોઈ સરળ સંયોગો વચ્ચે મત નહોતા આપતા, પણ તેઓ જાણતા હતા કે તેઓ એક એવી વ્યક્તિઓના મંડળ માટે મત આપતા હતા કે જેઓ ચોક્કસ આદર્શોને વરેલી હતી, જે એ આદર્શોને પહોંચી વળવાની તાકાત ધરાવતી હતી અને તેઓ આ માનવમંડળી સાથે અથવા તો તેમની પહેલાં કોઈ પણ આગમાં ઝંપલાવવાને તૈયાર હતા. આઝાદી મળ્યા બાદ કૉંગ્રેસમાં ન સમજી શકાય એવું કાંઈક બન્યું છે, જેને લીધે લોકોના મનમાં એક એવી લાગણી ધીમેથી છતાં અદૃષ્ટ રીતે ફેલાઈ રહી છે કે આપણે આપણી જવાબદારીથી ભાગીએ છીએ. આશ્ચર્ય નથી કે લોકો આપણાથી દૂર જઈ રહ્યા છે. આપણે આપણા કાર્યકર્તાઓને તો જવાબદારી ઉપાડતાં શિખવવાનું છે, તાલીમ આપવાની છે. આપણે માત્ર સામ્યવાદીઓ કે જનસંઘપક્ષ સાથે જ લડવાનું છે એમ નથી; આપણી સંસ્થામાં જે પ્રમાદ દાખલ થયો છે અને જે તકસાધુ લોકો ચોંટી બેઠા છે તેની સાથે પણ લડવાનું છે. કૉંગ્રેસમાં ઢગલાબંધ તકસાધુઓ દાખલ થઈ ગયા છે. પક્ષનેતાની ચૂંટણી થાય તે પહેલાં ધારાસભ્યો પ્રધાનપદની શોધમાં નીકળી પડે છે. પંડિતજી તે દિવસે કહેતા હતા તેમ હવે પછીનાં બે વર્ષો સંસ્થા માટે કટોકટીના હશે. આપણા કે સંસ્થાના જીવનમાં કટોકટી એકાએક સરજાતી નથી. ભરતી ચડતી જાય છે તેમ પાણીની સપાટી વધતી જતી દેખાય છે. એ જ પ્રમાણે કટોકટી પણ કેળવાતી જાય છે. આ જાણીને આપણે જરા પણ ઢીલા થવાની જરૂર નથી; જરા પણ ભયભ્યાકુળ બનવાની જરૂર નથી; દિલગીર થવા માટે કોઇ કારણ છે એમ પણ મને લાગતું નથી. કસોટીની ઘડિ આવી રહી છે, અને જો આપણામાં સત્ત્વ હોય તો, એ કસોટીનો હસતા મોઢે સામનો કરવા આપણે તૈયાર થવું જોઇએ. શ્રી સત્યનારાયણ રાજુ કહે છે તેમ આપણી કસોટી પ્રાન્તિક સમિતિમાં કે ૭, જન્તર મન્તર રોડમાં નથી. દરેક ખેતર, દરેક ફેક્ટરી, દરેક લત્તો, દરેક ગામડું આપણી કસોટીની ભૂમિકા બની રહેલ છે. વખત જાય છે તેમ, આપણી કસોટી આથી પણ વધારે વિકટ—મુશ્કેલ—બનવાની છે.

૩૦–૪૦ વર્ષથી કોઇ ને કોઈ કાર્યક્રમ આપણી સામે હોય જ છે. આપણે કોમવાદ સામે લડવાનું છે; આપણે સામ્યવાદ સામે લડવાનું છે; આપણા લોકોના વિકાસનો અવરોધ કરતી દરેક નાની બાબત સામે આપણે લડવાનું છે. આ કાર્યક્રમ આપણી સામે છે જ. આપણે જ્ઞાતિવાદની ફરિયાદ કરીએ છીએ. આને માટે કોણ જવાબદાર છે તેનો હું વિચાર કરતો હતો. આ પાંચ વર્ષમાં આપણે શું કર્યું છે? એવું તો કાંઈ નથી કે જ્ઞાતિવાદ એકાએક ઉભો થયો છે? હિંદમાં તે સૈકાઓથી છે અને આપણી અનેક આફતો અમુક અંશે તેને આભારી છે. આપણે ત્યાં શિશોદિયા પરમાર સામે લડતા હતા અને પરમાર સોલંકી સામે લડતા હતા. આ કોમવાદ નહોતો; આ જ્ઞાતિવાદ હતો. ભારતના ઇતિહાસમાં આ કાંઈ નવું નથી. એવી જ રીતે કોમવાદ પણ ભારતના ઇતિહાસમાં નવો નથી. આ બધું આપણે ત્યાં કંઈ કાળથી છે જ. પણ એ સાથે બીજી પણ એક હકીકત છે કે આપણે તે સામે હંમેશા લડવાનો પ્રયત્ન કરતા રહ્યા છીએ. આ પ્રત્યાઘાતી બળો ઓછાં થયાં છે, નબળાં પડ્યાં છે એ હકીકત આપણી સંસ્થાની પ્રાણમયતા—ક્રિયાશીલતા પુરવાર કરે છે. આપણી આઝાદીની લડત દરમિયાન પણ અંગ્રેજો આ કોમવાદ અને જ્ઞાતિવાદની સાથે રમત કરતા હતા. પણ તેથી આપણે કદિ શિથિલ અથવા તો નિરુત્સાહ બન્યા નહોતા. જો પ્રાણની જ કમીના હોય તો એક સંસ્થા માટે કોઈ પ્રાણ આપી ન જ શકે. પણ કૉંગ્રેસ વિષે સારા નસીબે આપણે એમ કહી શકીએ તેમ નથી. આપણે આ પ્રતિકુળ તત્વોનો સામનો કરવાનો છે. આપણે સરકારી અધિકારીઓનો દોષ કાઢીએ છીએ. પણ અંગ્રેજ સરકારના દિવસોમાં શું એ અધિકારીઓ નહોતા? આપણામાંના થોડાક જુની ઢબે વિચાર કરતા હશે. આપણે ઉત્સાહપૂર્વક આ અનિષ્ટ તત્વોનો સામનો કરીએ. દેશને પ્રતિકુળ અનિષ્ટ તત્વોનો સતત સામનો કરતા રહેવું એ સિવાય કૉંગ્રેસના જીવનનો બીજો અર્થ શું છે? પ્રદેશ કૉંગ્રેસ સમિતિ માટે કે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ માટે કે અન્ય કોઈ સંસ્થા માટે આપણી પાસે સુસજ્જ કાર્યાલયો હોય કે ન પણ હોય. અલબત્ત સુસજ્જ સાધન—સગવડવાળાં—કાર્યાલયો હોય તો સારૂં. પણ કૉંગ્રેસની ઇમારત પથ્થર અને ચુના વડે બંધાયલી નથી. તે બે પેઢીઓનાં બલિદાન ઉપર નિર્માણ થઈ છે અને આ જ આપણો વારસો છે. સાથે સાથે આપણને જવાબદારીઓ પણ વારસામાં મળી છે, મેં ઉપર જણાવ્યું તેમ, કામ કઠણ છે પણ તેથી આપણે ડરવાનું નથી. એક જ એવી નિરાશા છે કે જે દિલને ગમગીન બનાવે છે અને તે ત્યારે અનુભવાય છે કે જ્યારે કૉંગ્રેસી કાર્યકર કૉંગ્રેસી કાર્યકરના નિશ્ચિત ધોરણથી નીચે ઉતરેલો માલુમ પડે છે.

આપણે હંમેશાં કાર્યક્રમનો વિચાર કરતા હોઇએ છીએ. જેટલા પ્રમાણમાં આપણે લોકોનાં મન અને હૃદયને જીતવામાં કાર્યક્રમનો ઉપયોગ કરી શકીએ તેટલા પ્રમાણમાં જ કાર્યક્રમની કાર્યસાધકતા આપણે સમજવાની છે. લોકોનો વિશ્વાસ અને શ્રદ્ધા એ જ આપણી સર્વ લડતનો પાયો છે. ક્રાન્તિ કેટલીક વખત હાથમાંથી સરી જાય છે અને ક્રાન્તિના પ્રયોજકોનો નાશ કરે છે. આપણે આજે એ કક્ષાએ—એ કટોકટીએ—પહોંચ્યા છીએ કે જ્યારે ક્રાન્તિનાં સૂત્રો આપણા હાથમાંથી સરી રહ્યા હોય એમ લાગે છે. તેથી અમને ઉપરના માણસોને, અને મને ખાત્રી છે કે, આપને બધાંને જે એક જ બાબત ચિન્તા કરાવી રહેલ છે તે એ છે કે પ્રજાજનો કૉંગ્રેસમાંથી અથવા તો તેની પ્રતિજ્ઞા પૂરી કરવાની તાકાતમાંથી વિશ્વાસ તો ગુમાવી નહિ બેસે ને? આમ હોવાથી આપણે એ. આઈ. સી. સી. ની બેઠક વખત ફરીથી મળીશું, જરૂર મુજબ એક બે દિવસ સાથે બેસીશું, ચર્ચ કરીશું, કૉંગ્રેસનો આ દૃષ્ટિએ વિચાર કરીશું, તેમાં નવા પ્રાણને સંચાર કરીશું, ક્રિયાશીલતા પ્રગટાવીશું અને, હમણાં મેં કહ્યું તેમ, જે લોકો ઉપર આપણો પહેલાં જેટલો પ્રભાવ પડતો બંધ થયો તે લોકો સાથે આપણો સંપર્ક ઘનિષ્ટ બને તેવા કાર્યક્રમો ઘડીશું.

ઉછરંગરાય ન. ઢેબર

પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(ગતાંકથી ચાલુ)

૬૭૯૭૯॥ આગળનો સરવાળો

૨૫૦૦ મે. ખીરલા બ્રધર્સ મુંબઈ
૫૦૦ શેઠ મથુરાદાસ મંગળદાસ પારેખ અને શ્રીમતી સરલાદેવી મથુરાદાસ ટ્રસ્ટ અમદાવાદ
૫૦૦ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી મુંબઈ
૫૦૧ ,, જગતપ્રકાશ જૈન ,,
૨૫૦ ,, ગંભીરચંદ ઉમેદચંદ ,,
૨૫૦ ,, રામજી અંદરજી ,,
૨૦૧ ,, કપિલાબહેન મહાદેવભાઇ શાસ્ત્રી ,,
૨૦૧ ,, તારાબહેન ચંદુલાલ ઝવેરી ,,
૨૫૧ ,, આર. વી. દુર્લભજી જયપુર
૨૫૦ ,, શાંતિચંદ નેમચંદ ,,
૧૦૦ ,, એક ગૃહસ્થ તરફથી ,,
૧૦૧ ,, મેઘજી હીરજી શાહ ,,
૧૦૧ ,, મહિપતરાય જાદવજી ,,
૧૦૧ ,, કે. સી. દીવાનજી (સોલીસીટર્સ) ,,
૧૦૧ ,, શાંતિલાલ સી. શેઠ ,,
૧૦૦ ,, ટી. જી. શાહ ,,
૧૦૧ ,, ભાઈચંદ ગુમચંદ મહેતાના સ્મરણાર્થે : આર. બી. મહેતા તરફથી ,,
૭૫ ,, કે. બી. મહેતા ,,
૭૫ ,, માણેકબહેન કે. બી. મહેતા ,,
૭૫ ,, રશ્મિકાન્ત કે. બી. મહેતા ,,
૭૫ ,, અરુણા આર. કે. મહેતા ,,
૫૧ ડૉ. નગીનદાસ પી. મહેતા ,,
૫૧ શ્રી હરખચંદ વીરચંદ ગાંધી ,,
૨૫ ,, ભીખાલાલ પુ. શાહ ભીલાડ
૨૫ ,, રતીલાલ ચીમનલાલ કોઠારી મુંબઇ
૨૫ મે. એચ. ટી. શાહની કું. ,,
૨૫ શ્રી જયંતિલાલ છબીલદાસ સંઘવી ,,
૨૫ ,, ભોગીલાલ રીખવચંદ ,,
૨૫ ,, નાનજીભાઈ વ્રીજપાળ ,,
૨૫ ,, ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક નડીઆદ
૨૫ શાહ ઘેલા કુરપાળ ,,
૨૫ શ્રી ચોકસી બ્રધર્સ ,,
૨૫ ડૉ. પ્રબોધ બી. પંડિત પૂના
૨૫ શ્રી વાડીલાલ ભૂદરભાઇ અમદાવાદ
૨૫ ,, મણિલાલ બાલાભાઇ નાણાવટી મુંબઇ
૨૫ ,, ધીરુભાઇ ઠાકર M.A.P.H.D. અમદાવાદ
૨૫ ,, મનુભાઇ જોધાણી ,,
૨૫ ,, બાલાભાઇ વીરચંદ દેસાઈ "જયભિખ્ખુ" ,,
૨૫ ,, રતિલાલ દીપચંદ દેસાઇ ,,
૨૫ ,, શાંતિલાલ પુલચંદ દેસાઇ સુરેન્દ્રનગર
૨૫ શ્રી પં. મહેન્દ્રકુમાર ન્યાયાચાર્ય બનારસ
૨૫ ,, પં. કૈલાસચંદ્રજી શાસ્ત્રી ,,
૨૫ પ્રો. જયદેવભાઈ શુકલ અમદાવાદ
૨૫ ,, એક ભાઇ ,,
૨૫ શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી ,,
૨૫ ,, ભારત પ્રકાશન ,,
૨૫ ,, પ્રકાશ હાઇસ્કુલ ,,
૨૫ ,, મનસુખલાલ મગનલાલ શાહ ,,
૨૫ ,, ભુષણદાસ હેમચંદભાઇ કલકત્તા
૨૫ ,, ગોપીચંદજી ચોપડા ,,
૨૫ ,, જયસિંહ મહેતા ,,
૨૫ ,, અભયચંજી શેઠ ,,
૨૫ ,, ગણેશમલજી બૈદ ,,
૨૫ ,, સોમચંદભાઇ જીવરાજ કલકત્તા
૨૫ ,, કપુરચંદ એન. સુતરિયા મદ્રાસ
૨૫ ,, મોહનલાલ ડી. ટોલીઆ ,,
૨૫ ,, છગનલાલ વી. બરાઈ ,,
૨૫ ,, જેસીંગલાલ એન. દોશી ,,
૨૫ ,, ખોખ્ખે મેટલ ડેપો ,,
૨૫ ,, જયંતિલાલ પી. સંઘરાજકા ,,
૨૫ ,, સી. એ. ચેટીઆર ,,
૨૫ ,, મગનલાલ જે. શેઠ ,,
૨૫ ,, ચુનીલાલ એમ. મહેર ,,
૨૫ ,, ગુજરાત પ્રેસ (જેઠુભાઈ ત્રિવેદી) ,,
૨૫ ,, બી સાઉથ ઈન્ડીઆ સાયકલ ઇમ્પોર્ટ કું. ,,
૨૫ ,, મિશ્રિમલ ભભૂતમલ એન્ડ બ્રધર્સ બેંગલોર
૨૫ ,, અનંત બ્રધર્સ ,,
૨૫ ,, ગણેશમલ તેજરાજ ,,
૨૫ ,, એસ. હસ્તમલ એન્ડ કું. ,,
૨૫ ,, સત્યપાલજી C/o દેવીદયાળ સ્ટેનલેસ સ્ટીલ સેલ્સ એજન્સી ,,
૨૫ ,, કેશવલાલ એન્ડ કું. ,,
૨૫ ,, નટવરલાલ કે. શાહ ,,
૨૫ ,, હીન્દ ડાયમન્ડ કું. મદ્રાસ
૨૫ ,, કે. જી. કોઠારી એન્ડ કું. ,,
૨૫ ,, અનિલ આર્ટ ડાયમન્ડ કું. ,,
૨૫ ,, સુરાણી બ્રધર્સ ,,
૨૫ ,, સાગરમલજી ચંપાલાલજી બેંગલોર સીટી
૨૫ ,, સેસમલજી વનરાજજી ,,
૨૫ ,, બી. સુગમચંદ એન્ડ કું. મદ્રાસ
૨૫ ,, વેંકટેશ ટ્રેડિંગ કું. ,,
૨૫ ,, રેનબો ટ્રેડિંગ કું. ,,
૨૫ ,, ઠારકાદાસ રામેશ્વર ગોડબોલે ,,
૨૫ ,, જૈન જરી સ્ટોર્સ ,,
૨૫ શ્રી લાલચંદજી પરલેછા રાયપુરમ
૨૫ ,, એચ. ચંદનમલ એન્ડ કું. મદ્રાસ
૨૫ ,, રેખચંદજી રાંકા ,,
૨૫ ,, મહેન્દ્રકુમાર જૈન ,,
૨૫ ,, દેવરાજ માનિકચંદ ,,
૨૫ ,, દેવરાજ માનિકચંદ ,,
૨૫ ,, ભોગીલાલ ચીમનલાલ ,,
૨૫ ,, શાંતિલાલ કાળીદાસ ,,
૨૫ ,, શાંતિલાલ ઓખાલાલભાઈ ,,
૨૫ ,, કેશવલાલ મોહનલાલ જોગાણી ,,
૨૫ ,, સુરાની બ્રધર્સ એન્ડ કું. ,,
૨૫ મેસર્સ મણિલાલ એન્ડ સન્સ ,,
૨૫ ,, ચીમનલાલ કોઠારી એન્ડ કું. ,,
૨૫ ,, દવે ચીમનલાલ એન્ડ કું. ,,
૨૫ ,, કનૈયાલાલ ઇશ્વરલાલ એન્ડ કું. ,,
૨૫ ,, કાંતિલાલ ચીમનલાલ ,,
૨૫ ,, સૂરજમલ લલ્લુભાઈ એન્ડ કું. ,,
૨૫ ,, હીરાલાલ એન્ડ કું. ,,
૨૫ ,, નટવરલાલ વાડીલાલ એન્ડ કું. ,,
૨૫ શ્રી રતીલાલ ઇશ્વરલાલ મહેતા ,,
૨૫ ,, ભવરલાલજી ચોરડિયા ,,
૨૫ શા. સિરેમલ હીરાચંદ ,,
૨૫ ,, સિરેમલ હીરાચંદ ,,
૨૫ શ્રી અમીચંદ સોભાચંદ ,,
૨૫ ,, જવાનમલ તારાચંદ ,,
૨૫ ,, કનૈયાલાલ ઇશ્વરલાલભાઇ મહેતા ,,
૨૫ ,, સુગમચંદજી સા. શ્રી શ્રીલાલ ,,
૨૫ ,, શંકરલાલજી સા. શ્રી શ્રીલાલ ,,
૨૫ ,, દુગડ કું. ,,
૨૫ ,, રાજસ્થાન ઈન્વેસ્ટમેન્ટ કોરપોરેશન ,,
૨૫ ,, જવેરીલાલજી પોખરણા ચિંદંવરમ્
૨૫ ,, સૂરજમલજી હીરાચંદજી વોરા કોલાર ગોલ્ડફીલ્ડ
૨૫ ,, પી. સી. પુખરાજજી દુગડ-વિજીપુરમ્
૨૫ ,, સોભાગમલ મહાવીરચંદ ,,
૨૫ ,, ધનરાજ દીપચંદ ચેંગમપેટ
૨૫ ,, લાડમલજી ભંડારી મદ્રાસ
૨૫ ,, હીરાચંદજી સા. નાહર ,,
૨૫ ,, માંગીચંદજી ભંડારી ,,
૨૫ ,, સુખલાલજી જીવનચંદજી ,,
૨૫ ,, જસવન્તમલ બસન્તમલ દુગ્મટ ,,
૨૫ ,, માણિકચંદજી ચોરડિયા ,,
૨૫ ,, માણિકચંદજી ચોરડિયા ,,
૨૫ ,, જવંતરાજજી ચોરડિયા ,,
૨૫ ,, સિંભૂમલજી માણકચંદજી ચોરડિયા ,,
૨૫ સંઘવી ધન્નામલ મંછાલાલ ,,

——— બાકીની યાદી હવે પછી પ્રગટ
૭૭૧૧૫॥ કરવામાં આવશે.

જેણે જેણે હજુ સુધી આ ફાળામાં પોતાની રકમ મોકલી ન હોય તે ભાઇઓ તથા બહેનો જલ્દિથી નીચેના સરનામે પોતાનો ફાળો મોકલી આપે.

ઠેકાણું : **મુંબઈ જૈન યુવક સંઘ** ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઈ ૩.** ચેક **Bombay Jain Yuvak Sangh** એ નામથી મોકલવો.

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

પ્રકીર્ણ નોંધ

'ભગવાન બુદ્ધ'માં ઉમેરવામાં આવનાર સંશોધન

સાહિત્ય અકાદમી તરફથી સ્વ. અધ્યાપક ધર્માનંદ કૌશામ્બીના મરાઠી 'બુદ્ધ ચરિત્ર'નો હિંદી અનુવાદ 'ભગવાન બુદ્ધ'ના નામથી ગત વર્ષે ઉજવાયેલ બુદ્ધ જયન્તીના અવસર ઉપર પ્રગટ કરવામાં આવ્યો હતો. આ પુસ્તકમાંના એક પ્રકરણમાં ભગવાન મહાવીર તથા તેમના નિર્ગ્રન્થ શ્રમણો માંસાહાર કરતા હતા એ મતલબનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પ્રકારનાં વિધાનો સામે જૈન સમાજ તરફથી ઉગ્ર વિરોધ થઇ રહ્યો છે, આ સંબંધમાં તા. ૧–૩–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં કેટલાએક જૈન પંડિતોનું એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું અને તેમાં પ્રસ્તુત પ્રકરણ રદ કરવાની માંગણી કરવામાં આવી હતી. આ સંબંધમાં સાહિત્ય અકાદમીના કાર્યકારી મંડળની પંડિત જવાહરલાલ નહેરૂના પ્રમુખપણા નીચે તા. ૧૪–૩–૫૭ ના રોજ મળેલી સભામાં વિચાર કરવામાં આવ્યો હતો અને નીચે મુજબ નિર્ણય કરવામાં આવ્યો હતોઃ—

"નવી દીલ્હીઃ ચૌદમી માર્ચના રોજ સાહિત્ય અકાદમીના કાર્યકારી મંડળની બેઠક શ્રી જવાહરલાલ નહેરૂની અધ્યક્ષતા નીચે મળી હતી. તેમાં સ્વ ધર્માનંદ કૌશામ્બીએ લખેલ 'ભગવાન બુધ્ધ' નામના પુસ્તકના હિંદી તથા અન્ય ભાષાઓમાં કરવામાં આવેલા અનુવાદના કેટલાટ ઉલ્લેખો સંબંધમાં જૈન મતાવલંબી અનેક વ્યકિતઓ તથા સંસ્થાઓએ જે વિરોધ પ્રદર્શિત કર્યો હતો તે ઉપર વિચાર કરવામાં આવ્યો હતો. આ અનુવાદ સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો હતો.

"લેખકે જૈન ધર્મના કેટલાક ગ્રંથોની જે વ્યાખ્યા કરી હતી તે સાથે જૈન મતાવલંબી સહમત નથી એમ માલુમ પડે છે. આ પુસ્તક સૌથી પહેલું ૧૯૪૦–૪૧ માં મરાઠી ભાષામાં છાપવામાં આવ્યું હતું. બુધ્ધ જયન્તીના અવસર ઉપર અકાદમીએ તેનો અનુવાદ કરાવ્યો હતો.

"અનુવાદ માટે આ પુસ્તકની પસંદગી કરતી વખત સાહિત્ય અકાદમી આ બાબત જાણતી હતી કે સ્વ. ધર્માનન્દ કૌશામ્બીને બૌધ્ધ ધર્મના અધિકારી વિદ્વાન લેખવામાં આવતાં હતા અને મરાઠી સાહિત્યમાં તેમના આ પુસ્તકને ઉચ્ચ કોટિનું ગણવામાં આવતું હતું.

"કાર્યકારી મંડળ એવા વિચાર ઉપર આવે છે કે જૈન મતાવલંબીઓએ લેખકની અમુક વ્યાખ્યાઓનો વિરોધ કર્યો છે. તેથી અકાદમીએ અનુવાદોમાં એક સંશોધન ઉમેરીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી લેવી જોઇએ. આ સંશોધનમાં સંક્ષિપ્ત રૂપમાં તે તે ઉલ્લેખોની જે જે વ્યાખ્યાઓ સાથે જૈનો સંમત ન હોય તે અંગે જૈન વ્યાખ્યાઓ પણ સામેલ કરવામાં આવશે. આ સંશોધન આ પુસ્તકનાં જે સંસ્કરણો છપાઇ ચુકયા છે અને છપાઈ રહ્યા છે તે સંસ્કરણોમાં જોડવામાં આવશે. મંડળે એ પણ નિર્ણય કર્યો છે કે આજ સુધીમાં જે ભાષાઓમાં આ પુસ્તક છપાયું નથી તે ભાષાઓમાં હવે પછીથી આ પુસ્તક છાપવામાં આવશે નહિ."

'ભગવાન બુધ્ધ' પુસ્તક અંગે જૈન સમાજમાં ચાલી રહેલા ઉહાપોહ વિષે વિચારણા

સાહિત્ય અકાદમીના આ નિર્ણયને સ્વીકારીને જૈન સમાજ આ ઉહાપોહનો અન્ત આણે એ ઇચ્છવાયોગ્ય છે. પણ આજના જૈન સમાજનું વિચારવાતાવરણ જોતાં પ્રસ્તુત નિર્ણયથી જૈન સમાજને સંતોષ થયાનો સંભવ નથી. મારા અભિપ્રાય પ્રમાણે આ બાબતનો જૈન સમાજે કેવળ ધાર્મિક આવેગથી પ્રેરાઇને નહિ, પણ દુરંદેશી–પૂર્વક વિચાર કરવાની અને આ ચર્ચાના મૂળને બરોબર સમજવાની જરૂર છે. એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સ્વ. ધર્માનંદ કૌશામ્બીએ જે વિધાનો કર્યા છે તે કેવળ કલ્પનાથી ઉઠાવેલા નથી તેમ જ જૈન ધર્મ પ્રત્યેના કોઇ વિદ્વેષની લાગણીથી પ્રેરાયલા નથી. અક્ષરશત્ત ભગવાન મહાવીરે આપણને અહિંસાની જે સમજુતી આપી છે અને માત્ર પશુપક્ષી અને જીવજંતુ સુધી નહિ પણ પૃથ્વી પાણી અને વાયુ સુધી તેમણે જીવસૃષ્ટિની જે સીમા લંબાવી છે તે જોતાં તેમ જ માંસાહારનિષેધ જૈન ધર્મના પાયાનું તત્વ છે–આવી માન્યતા ઉપર જૈનોના સમગ્ર આચારધર્મની માંડણી છે એ ધોરણે વિચારતાં ભગવાન મહાવીર કે તેમના અનુયાયી શ્રમણો વિષે માંસાહારની કલ્પના કોઇ અંશમાં સંભવી શકતી નથી. આમ છતાં પણ મૂળ આગમોમાં જો એવા ઉલ્લેખો હોય કે જેનો માંસાહારવાચક અર્થ પણ સ્પષ્ટપણે સંભવતો હોય તો જેને માંસાહારવાચક અર્થ સ્વીકારવો હોય તો તેને તેવું નિરૂપણ કરતાં આપણે અટકાવી શકતા નથી, અને તેથી મારા અભિપ્રાય પ્રમાણે આ ચર્ચા આટલી જોરશોરથી ઉભી કરવામાં જૈન સમાજના આગેવાનોએ વસ્તુસ્થિતિનું કેવળ અજ્ઞાન અને શાણપણનો કેવળ અભાવ દાખવ્યો છે. જેની જે માન્યતા હોય તે તેને મુબારક એમ સમજીને આ પ્રશ્ન સંબંધમાં જૈન સમાજે શાન્તિ ધારણ કરવી ઘટે છે, કારણ કે જેમ જેમ આ બાબતનો વધારે ને વધારે ઉહાપોહ કરવામાં આવશે તેમ તેમ એ ઉલ્લેખો તરફ શિષ્ટ જનતાનું વધારે ને વધારે ધ્યાન ખેંચાશે, તે ઉપર વધારે ને વધારે ચર્ચા ટીપ્પણો થશે, અને સંભવ છે કે જૈનોને જે અર્થ પ્રતિકુળ છે તે અર્થને વધારે ને વધારે સ્વીકાર્યતા મળતી જશે. આટલું જૈન સમાજે બરોબર સમજી લેવું ઘટે છે. આ ઉહાપોહનું કરૂણ વૈચિત્ર્ય તો વિચારો! ઇષ્ટ છે મહાવીરના માંસાહારનો ધ્વનકાર કરવાનું, પણ આ બાબત આજે ઓળખાઇ રહી છે 'મહાવીરના માંસાહાર'ના પ્રશ્ન તરીકે.

આજના ઉહાપોહના પરિણામે ધારો કે પ્રસ્તુત પુસ્તકના હિંદી અનુવાદમાંથી આ વાંધાપડતો વિભાગ ચેકી નાંખવામાં આવે યા તો રદ કરવામાં આવે, તો પણ મૂળ મરાઠી ચરિત્ર તો ઉભું જ છે. તાજેતરમાં તેનું ગુજરાતી ભાષાન્તર પણ પ્રગટ થઈ ચુકેલ છે, આથી આગળ વધીને એ પણ ધ્યાનમાં લેવું ઘટે કે જૈન આગમોના જે ઉલ્લેખો ઉપરથી આ ચર્ચા ઉભી થઈ છે તે ઉલ્લેખો તે આગમોમાંથી કદિ ભુંસી શકાવાના નથી. આવી પરિસ્થિતિમાં અમે જૈનો જે રીતે ભગવાન મહાવીરને અને તેમના અનુયાયી શ્રમણોને જાણીએ છીએ, ઓળખીએ છીએ, તે પ્રકારના મહાવીર અને તેમના અનુયાયી શ્રમણોમાં માંસાહારની કલ્પના અમારા માટે અશકય છે અને તે તે ઉલ્લેખોનો અમને માત્ર વનસ્પતિવાચક અર્થ જ સ્વીકાર્ય છે એવી પોતાની માન્યતા સ્પષ્ટપણે જાહેર કરીને જૈન સમાજે આ ઉહાપોહને બંધ કરવો ઘટે છે. એ ઉલ્લેખો પ્રસ્તુત ગ્રંથમાંથી રદ કરવામાં નહિ આવે ત્યાં સુધી અમે જંપીને બેસીશું નહિ તેવી ઉગ્રતાપૂર્વક આ બાબતની ઝુંબેશ ચલાવનાર જૈનોએ મૂળ આગમોની અનેક હસ્તલિખીત નકલો કરાવનાર પૂર્વાચાર્યો તરફ નજર કરવી ઘટે છે. આ આચાર્યોને આ ઉલ્લેખોના માંસાહારવાચક અર્થો થઈ શકે તેમ છે તેની શું ખબર નહોતી? એમ છતાં તેમણે કદી મૂળ પાઠોમાં ફેરફાર કરવાનો –જે તેઓ ધારત તો જરૂર કરી શકે તેમ હતું–કદિ વિચાર કર્યો નહોતો. તેમણે જે કર્યું તે તે ઉપરની ટીકાઓમાં પોતાને જે અર્થ સ્વીકાર્ય હતો અને જે અર્થ પ્રચલિત જૈન વિચારસરણી સાથે સર્વ પ્રકારે સુસંગત હતો તે અર્થ વિસ્તારથી રજુ કર્યો અને તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું. પૂર્વાપર સંબંધમાં આ બાબતને યથાસ્વરૂપે સમજ્યા સિવાય ચોળી ચોળીને ઠીક ઠીક ચીકણી કરવામાં આવી છે. હજુ પણ આ સંબંધમાં પૂર્વાચાર્યોએ જે શાણપણ દાખવ્યું હતું તે શાણપણ આજના જૈનો દાખવે તો સારૂ!

આ બાબતને લગતા ઉહાપોહ દરમિયાન 'રીલીજીયસ લીડર્સ'નું પુસ્તક, તે સંબંધમાં મુસલમાનોએ દાખવેલું ઝનુન અને ભારત સરકારે તે પુસ્તક ઉપર મૂકેલો પ્રતિબંધ–આ બાબતને જૈન સમાજ તરફથી આગળ ધરવામાં આવે છે, જે ભારે આશ્ચર્યકારક છે. ભારત સરકારનો પ્રસ્તુત પ્રતિબંધ વ્યાજબી હતો કે કેમ તે એક સવાલ છે. તે પ્રતિબંધ મૂકવા પાછળ મુસલમાન કોમનું કેવળ ઝનુની માનસ, પાકીસ્તાન સાથેના આપણા આળા સંબંધો અને નાજુક આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ–આ બધાં તત્વોએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. જૈનો કોઇપણ સંયોગમાં મુસલમાન જેવા થઈ શકે તેમ નથી, અને તેમ હોવું એ જૈન સમાજને હીણપત આપનારૂં નથી, પણ ગૌરવ આપનારૂં છે એમ હું ચોક્કસપણે માનું છું. હિંદુ સમાજના એક અંગરૂપ હોઇને આપણી પરંપરામાં ઉદારતા છે, વિશાળતા છે, અને ગમે તેવા વિરોધી વિચારને નીભાવવાનું અને એમાંથી પણ સત્યાંશ શોધવાનું આપણામાં ખમીર છે. મુસલમાનોએ પણ આપણી પાસેથી આ તત્વ શિખવાનું છે. તેને બદલે કોઇ એક પુસ્તકમાં આપણી માન્યતાને પ્રતિકુળ ઉલ્લેખ હોય તે સંબંધમાં શું કરવું તે વિષે આપણે મુસલમાનોમાંથી પ્રેરણા લઇએ એ તે સોનું આપીને પીતળ ખરીદવા બરોબર છે. આવી રીતે જે કોઈ જૈન સમાજનાં ભોળા સમુદાયને ભરમાવે છે તે જૈન સમાજની સેવા નહિ પણ કુસેવા કરે છે, જૈનને જૈન મટીને અજૈન બનવાનું, ધાર્મિક મટીને ઝનુની એટલે કે અધાર્મિક બનવાનું કહે છે.

માર્ક્સવાદ અને સર્વોદય

કેરળમાં સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવ્યો છે. આ ઘટનાને અનેક લોકો અનેક રીતે જોઈ રહ્યા છે; વિચારી રહ્યા છે. કેટલાક તેમાં કોઇ ભાવી ભયંકર આફતના મંડાણ જુએ છે; કેટલાક તેને, સત્તાપ્રમત્ત કોંગ્રેસી આગેવાનોની હવે આંખ ઉઘડશે એમ વિચારીને, ઇશ્વરપ્રેષિત આશીર્વાદ સમાન લેખી રહ્યા છે. કેટલાક આ ઘટનાને તટસ્થતાથી જોઈ રહ્યા છે અને ધી જોઇએ, ઘીની ધાર જોઇએ—આમ કાંઈક અનુભવની ભૂમિકા બંધાય પછી તેને આવકારીએ કે તિરસ્કારીએ—આ રીતે કેરલમાં આ નવો પક્ષ શું કરે છે અને શું નથી કરતો તે બારીકાઇથી નિહાળી રહ્યા છે. આ ઘટના સંબંધે કાકાસાહેબ કાલેલકરનું દૃષ્ટિબિન્દુ પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં 'ભારતનો સામ્યવાદ ભારતીય હશે' એ મથાળા નીચેના લેખમાં પ્રગટ કરવામાં આવ્યું છે, એ સંબંધમાં વિનોબાજી શું ધારે છે તે અહિં આપણે જોઇએ. આ નોંધ ૨૦ મી તારીખના ભારત જ્યોતિમાં પ્રગટ થયેલા સમાચાર ઉપરથી તારવવામાં આવી છે.

ભૂદાન કાર્યકરોને આચાર્ય વિનોબાજીએ સર્વોદય અને માર્ક્સવાદ સાથે રહી શકશે કે કેમ તે પ્રશ્નનો ઉત્તર આવતાં ૧૯ મી એપ્રીલના રોજ જણાવ્યું કે "માર્ક્સવાદ વધતો જશે અને આખરે સર્વોદયમાં તે પરિણમશે. માર્ક્સવાદ સમય-સંયોગોનો પૂરો વિચાર કરે છે અને ફરતી જતી પરિસ્થિતિ સાથે પોતાની ધડ બેસાડતો આગળ ચાલે છે. માર્ક્સવાદ એવો કોઈ એકાન્તવાદ નથી કે જેમાં કશો ફેરફાર જ થઈ ન શકે. માર્ક્સવાદ એક વ્યવહારૂ અને સદા વિકસતી વિચારશ્રેણી છે, કારણ કે સમાજના ભલા માટે તેની રચના કરવામાં આવી છે અને જ્યારે જેવા સંયોગો તે મુજબનો તેણે આકાર ધારણ કર્યો છે. પરિવર્તન પામતી પરિસ્થિતિને અનુકુળ બનતા રહેવું એ દરેક જીવન્ત વિચાર-શ્રેણીનો ધર્મ છે. રશીઆએ જે પ્રયોગ કર્યો તેનો વિચાર કરો. માર્ક્સવાદનાં પુસ્તકોમાં જે પધ્ધતિઓ રજુ કરવામાં આવી છે તેનું સોવિયેટ રશીઆએ કેવળ અંધ અનુકરણ કર્યું નહોતું. ચીનમાં રશીઆ કરતાં ભિન્ન પ્રકારની જ પધ્ધતિઓ અખત્યાર કરવામાં આવી હતી. આ એમ સૂચવે છે કે માર્ક્સવાદ જુદા જુદા દેશોની જુદી જુદી પરિસ્થિતિ, પરંપરા અને સંયોગો મુજબ પોતામાં ફેરફાર કરે છે અને તેનું કેવળ સ્થગિત એવું કોઈ સ્વરૂપ નથી.

"સર્વોદય પણ કોઈ એક ચોક્કસ વિચારવાદ નથી, પણ એક જીવનપધ્ધતિ છે અને જ્યાં જ્યાં જે કાંઇ સારૂં હોય ત્યાં ત્યાંથી તે સારૂં તત્વ ગ્રહણ કરે છે. સર્વોદય સ્વતંત્ર છે, મુક્ત છે, ક્રિયાશીલ છે અને જીવનની સર્વ બાજુઓને સ્પર્શે છે. સર્વોદય વિચાર કોઇ સંપ્રદાય કે વિચારવાદનો વિરોધ કરવા માટે ઉભો થયો નથી. તે એક વિધાયક જીવનપધ્ધતિ છે. તે ધીમે ધીમે વિકસી રહ્યો છે અને સમૃદ્ધ બનતો રહ્યો છે. હિંદમાં માર્ક્સવાદ પણ ભારતની પરંપરા અને પરિસ્થિતિ અનુસાર જ વધી શકે છે, વિકસી શકે છે, અને તેથી જેવી રીતે ગંગા આખરે સમુદ્રને મળી જાય છે અને વિલીન થઈ જાય છે તેવી રીતે માર્ક્સવાદ સર્વોદયમાં વિલીન થવાનો છે.

"કેટલાએક સમય પહેલાં મારી પાસે એક સામ્યવાદી કાર્યકર્તા આવેલો અને પોતાના શાન્તિપ્રચારકાર્યમાં મારી સહીની તેણે માંગણી કરેલી. મેં તેને જણાવ્યું હતું કે મેં મેળવેલું દરેક દાનપત્ર વિશ્વ-શાન્તિ માટેનો જ એક મત હતો. આ મારા કથન પાછળ રહેલું સત્ય સમજતાં તેને થોડો સમય લાગ્યો. એ જ સામ્યવાદી બીરાદર ૧૮ મહીના પછી મારી પાસે ફરીથી આવ્યો અને મારી સાથે થોડા દિવસ રહ્યો અને આસપાસ ચાલતી બધી પ્રવૃત્તિઓમાં તેણે ભાગ લીધો. આખરે તેને મારા કહેવાની ખાત્રી થઈ અને તેણે કબુલ કર્યું કે સર્વોદય સ્થાયી વિશ્વશાન્તિ સિધ્ધ કરવા માટે જ આગળ વધી રહેલ છે.

"આ પ્રદેશમાં રચાયલી નવી સામ્યવાદી સરકારે ભારતીય બંધા-રણના ચોગઠાની મર્યાદામાં રહીને કાર્ય કરવાનો પોતાનો ઇરાદો જાહેર કરેલ છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે માર્ક્સવાદ ફરતા જતા સંયોગો સાથે મેળ મેળવીને આગળ ચાલી શકે છે. સર્વોદય મુખ્યતાયે અને પૂર્ણતઃ ભારતીય જીવનપધ્ધતિ છે. તેથી મને ખાત્રી છે કે ભારતમાં માર્ક્સવાદ સર્વોદયમાં જ પરિણત થવાનો છે.

"બીજી બાજુએ સામ્યવાદીઓ એમ પણ દલીલ કરી શકે છે કે સર્વોદય આખરે માર્ક્સવાદમાં જ ફેરવાઈ જવાનો છે અને માર્ક્સવાદ સ્વીકાર્યે જ તેનો છુટકો છે, આવી દલીલથી હું જરા પણ ગભરાતો નથી તેમ જ તેની સાથે હું સામી દલીલ કરતો નથી. કારણ કે મારી વિચારભૂમિકા વિષે મારા દિલમાં પૂરી પ્રતીતિ અને સ્પષ્ટતા છે.

"વ્યક્તિ અને સમષ્ટિ બન્નેનો વિચાર કરતાં લાગે છે કે સમાજે સુધરવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર વ્યક્તિએ પોતાની જાતને સુધારવાની છે. ધર્મશાસ્ત્રકારોના ઉપદેશો વ્યક્તિસુધારણા ઉપર જ ભાર મૂકે છે, જ્યારે સામ્યવાદીઓ વ્યક્તિની ઉપેક્ષા કરે છે અને સમાજને સુધારવાનો આગ્રહ સેવે છે. વ્યક્તિ તેમ જ સમષ્ટિ ઉભયની સુધારણા આવશ્યક છે, અને એક સિવાય અન્યની પ્રગતિ અપૂરતી છે અને તેથી નુકસાન થવાનો પણ સંભવ રહે છે."

જ્યારે સામ્યવાદનાં આપણા દેશના એક ખુણે પગરણ થયાં છે ત્યારે તે સામે ધુંવાપુંવા થવાને બદલે આવી સમન્વય બુધ્ધિથી આજની નવી પરિસ્થિતિને પલટાવવાનો પ્રયત્ન કરવો એમાં જ આપણા સર્વનું શ્રેય રહેલું છે.

ચૂંટણી અને કોંગ્રેસ

ચૂંટણી આવી અને ગઈ અને કોંગ્રેસ કેન્દ્રમાં તેમ જ બે પ્રદેશ સિવાય અન્ય પ્રદેશોમાં વિજેતા નીવડી. પાંચ કે છ વર્ષ પહેલાંની ચૂંટણીમાં પણ કોંગ્રેસને આવો જ વિજય પ્રાપ્ત થયો હતો. એમ છતાં એ વિજય અને આ વિજય વચ્ચે અત્યન્ત મહત્વનો ફરક છે. એ વિજય એવો હતો કે પછીનાં પાંચ વર્ષ સુધી કોંગ્રેસ કશી પણ ચિન્તા સિવાય મુકત મને અને છુટા હાથે રાજ્ય કરી શકે એવી સુખમય પરિસ્થિતિ કોંગ્રેસ માટે નિર્માણ થઈ હતી. આ વિજય એવો છે અને કોંગ્રેસને માટે નિશ્ચિન્તપણે સુવાના દિવસો પૂરા થયા છે અને જરા પણ પ્રમાદ કરે તો તેની પૂરી કિંમત ચુકવવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. એક તો કેરળપ્રદેશમાં સામ્યવાદી પક્ષ હવે નિશ્ચિતપણે અને સ્થિરપણે સત્તા ઉપર આવ્યો છે. આ એક આજના આપણા રાજ-કારણમાં અવનવી ઘટના બની છે. કેરળ જેવો નાનો સરખો દેશ અને સામ્યવાદી જેવો નાનો સરખો શિસ્તબધ્ધ પક્ષ. કેરળની આર્થિક પરિસ્થિતિ જોઇએ તેટલી અનુકુળ નથી, એમ છતાં પણ આ નવા પક્ષને કામ કરવા માટે અને લોકોનાં દિલને જીતવા માટે ઘણો અવ-કાશ અને સુગમતા છે. કોંગ્રેસ સત્તા ઉપર આવ્યા બાદ વહીવટી તંત્રના સડાને દૂર કરી શકી નથી, અને આગળના તંત્રના દીર્ઘસૂત્રી-પણામાં કોઇ મોટો ફેરફાર કરી શકી નથી, કેરળનો કોમ્યુનીસ્ટ પક્ષ આટલું પણ જો કરી શકશે તો તે લોકોના વિશિષ્ટ આદરને પાત્ર બનશે. આજ સુધી તમારા કરતાં પેલાં વધારે સારા છે, વધારે કુશળ છે, વધારે કાર્યક્ષમ છે એમ આંગળી ચીંધવા માટે આ દેશમાં અન્ય કોઇ પક્ષનું શાસન નહોતું. આજે કોંગ્રેસ સાથે સરસાઇ કરે એવા પક્ષનું શાસન કેરળમાં સ્થપાયું છે. આના પરિણામે પ્રમત્ત અને પ્રમાદી બનતા જતા કોંગ્રેસતંત્રને એકદમ જાગૃત-સચેત બનવું પડશે અને લોકહૃદયમાં પોતાનું સ્થાન જાળવવા માટે ભગીરથ અને અનવરત પ્રયત્ન કરવો પડશે.

કેરળ સિવાય ઓરિસ્સામાં પણ કોંગ્રેસને બહુમતી મળી નથી અને ત્યાં અન્ય પક્ષ સાથેના જોડાણ વડે કોંગ્રેસતંત્ર સ્થપાયું છે. કેરળમાં જે સ્વતંત્ર સભ્યોએ સામ્યવાદી પક્ષને સાથ આપ્યો છે તેઓ સામ્યવાદી પક્ષની મદદથી જ ચુંટાયા છે અને ઘણું ખરૂં સામ્યવાદી પક્ષમાં જોડાઈ ગયા છે. અને તેથી ત્યાનું સામ્યવાદી શાસન આત્મ-નિર્ભર છે. ઓરિસ્સામાં તેવી સ્થિતિ નથી.

મુંબઇ પ્રદેશમાં કોંગ્રેસને જરૂર બહુમતી મળી છે અને તેથી ધારાસભામાં અવિશ્વાસની દરખાસ્તવડે કોંગ્રેસતંત્રને એકાએક ઉડાડી દેવામાં આવે એવું કોઈ જોખમ નથી. પણ મુંબઇ પ્રદેશની અંદર આવેલા મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સાવ સ્થાનભ્રષ્ટ થઈ ચુકી છે અને મુંબઇ પ્રદેશના આજના મુખ્ય પ્રધાનને મહારાષ્ટ્રનો ટેકો નથી. બીજી બાજુએ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો કોંગ્રેસને સંગીન ટેકો છે, એમ છતાં પણ ગુજરાતનો જેટલો વિભાગ મહાગુજરાતવાદી છે એટલે કે ઉત્તરમાં મેસાણા પાટણથી માંડીને (બનાસકાંઠા વિભાગ સિવાય) અમદાવાદ અને નીચે નડિયાદ સુધીના વિભાગમાં કોંગ્રેસને ભારે શિકસ્ત

ગણી છે. બૃહદ્ ગુજરાતમાં આ વિભાગનું ક્ષેત્રફળ બહુ નાનું છે અને એટલો જ વિભાગ બૃહદ્ ગુજરાતના અન્ય કોઇ સ્થાને હોત તો કોઇ ખાસ ચિન્તાનું કારણ રહેત નહિ. પણ ગુજરાતનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે અમદાવાદના અસાધારણ મહત્વની કોઇ પણ રીતે ઉપેક્ષા થઇ શકે તેમ નથી. અમદાવાદ ગુજરાતનું નર્વ–સેન્ટર–હૃદય છે એ આપણે કદી ન ભુલીએ. તાજેતરમાં અમદાવાદમાં મ્યુનીસીપલ ચૂંટણી થઇ. કોંગ્રેસ સદ્‌ભાગ્યે અલગ રહી હતી, પણ અલગ રહી ન હોત તો પણ આજના વાતાવરણમાં તેને સખત હાર જ મળવાની હતી એમાં કોઇ સંશયને સ્થાન નથી. મહારાષ્ટ્રમાં સંયુક્ત મહારાષ્ટ્રવાદની પેઠેલી ઉંડી જડે અને અમદાવાદ વિભાગમાં મહાગુજરાતવાદની પેઠેલી જડે કોંગ્રેસની તે તે પ્રદેશ પૂરતી વિચિત્ર દુર્દશા કરી છે. નવા પ્રદેશોની રચના અમલમાં મુકાયા બાદ મુંબઇ અને મહાગુજરાતનો પ્રશ્ન ધીમે ધીમે હળવો બની જશે અને હવે જે કાંઇ બન્યું છે તે ફરવાનું નથી એમ સમજીને બન્ને વિભાગના લોકો નવી રચનાને ધીમે ધીમે સ્વીકારી લેશે એવી આશા હતી. પણ ચૂંટણીના પરિણામોએ એ આશા ખોટી પાડી છે. મુંબઇ પ્રદેશની રચનામાં ભવિષ્યમાં કશો ફેરફાર થશે કે કેમ તે વિષે આપણે કોઇ આગાહી કરવાની સ્થિતિમાં આજે નથી. પણ આ પ્રશ્ન હજુ સળગતો છે અને ઠીક ઠીક સમય સુધી સળગતો રહેવાનો છે એમ આજના હવામાન ઉપરથી ચોક્કસ લાગે છે આ પરિસ્થિતિમાં નવી ધારાસભામાં વિશ્વસનીય બહુમતી મળવા છતાં કોંગ્રેસનું સ્થાન અને સ્થિતિ બન્ને ભારે અનિશ્ચિત બનેલ છે અને આ કટોકટીની દશામાં કોંગ્રેસને માટે પોતાનું નાવ ચલાવવાનું કામ ભારે કઠણ બન્યું છે. કેરલમાં કોમ્યુનીસ્ટ પક્ષનું રાજ્ય સ્થપાયું તે ઘટના કરતાં પણ મુંબઇમાં વિભાગ વાર કોંગ્રેસ અંગે ચૂંટણીના જે પરિણામો આવ્યા છે તે પરિણામો કોંગ્રેસ માટે વધારે ખતરનાક નીવડવા સંભવ છે. આ સંયુક્ત મહારાષ્ટ્રવાદ અને મહાગુજરાતવાદના ખડકો વચ્ચેથી કોંગ્રેસનું નાવ પસાર કરવું–બચાવી લેવું–એ અસાધારણ કુશળતા અને લોકહૃદયને જીતવાની કોઇ અપ્રતિમ કળાની અપેક્ષા રાખે છે. આજના પ્રધાનમંડળની અને વસ્તુતઃ કોંગ્રેસની નેતાગીરીની અહિં મોટામાં મોટી કસોટી છે. એમાંથી જો તેઓ પાર નહિ ઉતરે તો મુંબઇ પ્રદેશમાં સામ્યવાદી પક્ષ માટે માર્ગ મોકળો થવાની પૂરી સંભાવના છે.

न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति ।

થોડા દિવસ પહેલાં શ્રી જયાબહેન દાણીને મુંબઇથી મોકલવામાં આવેલા કુલ રૂા. ૭૫૦ ની પહોંચ લખતાં તેઓ જણાવે છે કે "તમે મારા આ સેવાકાર્યની અંદર ઊંડો રસ લીધો એને પરિણામે હું આર્થિક બોજા વિના વધુ વેગથી ઘણી સંખ્યામાં નીચેના થરમાં પહોંચી શકું છું. શરીરના અને મનના રોગી બહેનોને અને બાળકોને સમજી રોગનું સાચું નિદાન કર્યા પછી પ્રેમાળ હુંફ, સહાનુભૂતિના મલમપટ્ટા ઉપરાંત પૈસાની સહાયથી એમને નિરોગી બનાવવા શક્તિશાળી થવાય છે. સાચી સેવા હું તો આવા કાર્યોને સમજવા લાગી છું."

આ પત્ર વાંચી રહ્યો હતો એવામાં ટેલીફોન આવ્યો અને જે મિત્રે શ્રી જયાબહેન દાણીને આગળ ઉપર રૂા. ૫૦૦ મોકલાવ્યા હતા તે જ મિત્રે બીજી રૂા. ૫૦૦ ની રકમ જયાબહેનને મોકલવાની ઇચ્છા વ્યક્ત કરી.

ગીતામાં કહ્યું કે न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति. આનો અર્થ આપણે જો એમ કરીએ કે સમાજનું કલ્યાણ કરવાની ઇચ્છા ધરાવનારને કદિ નિરાશા સાંપડતી નથી તો એ વાત જયાબહેનની બાબતમાં ખરેખર સાચી પડતી લાગે છે. **પરમાનંદ**

આગામી ૧૫ મી જુનના રોજ યોજાયલો
પં. સુખલાલજી સન્માન સમારંભ

આગામી જુન માસની ૧૫ મી તારીખે અને શનીવારના રોજ પં. સુખલાલજી સન્માન સમિતિ તરફથી મુંબઇ ખાતે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે પં. સુખલાલજીનું જાહેર સન્માન કરવા માટે એક ભવ્ય સમારંભ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સન્માન સમિતિના પ્રમુખ માનનીય શ્રી મોરારજી દેસાઇ તથા કોંગ્રેસના પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબર તેમ જ ભિન્ન ભિન્ન સ્થળોએથી અનેક વિદ્વાનો ઉપસ્થિત થશે, જુન માસની ૧૪ મી તારીખ અને શુક્રવારના રોજ સાંજના પ્રસ્તુત સન્માન સમારંભના અનુસંધાનમાં એક સ્નેહ સંમેલન પણ ગોઠવવામાં આવનાર છે.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ

પં. સુખલાલજી સન્માનનિધિ અંગે પ્રાર્થના

પં. સુખલાલજી સન્માન નિધિ પ્રારંભમાં વિચારવામાં આવેલ રૂા. ૭૫૦૦૦ નો આંક વટાવીને ઠીકઠીક આગળ ચાલી રહેલ છે અને આ નિધિવૃધ્ધિમાં રસ ધરાવતા સૌ કોઇ કટિબધ્ધ થાય તો ૧૫ મી જુને મુંબઇ ખાતે પંડિતજીનો સન્માન સમારંભ થવાનો છે તે પહેલાં એક લાખ રૂપીઆની સીમાને જરૂર વટાવી શકાય એવી શ્રધ્ધા અમારા દિલમાં પ્રગટી છે. આ નિધિમાં અનેક ભાઇ બહેનોએ નાનો મોટો ફાળો આપેલ છે. એમ છતાં પણ હજુ અનેક ભાઇ બહેનો એવા છે કે તેઓ પંડિતજી વિષે આદર ધરાવે છે છતાં આળસને લીધે અથવા તો અમારામાંનું કોઇ એ માટે તેમની પાસે પહોંચી શકયું નથી એ કારણે આ સન્માન નિધિ સુધી તેમણે હજુ પોતાનો હાથ લંબાવ્યો નથી. એવા કેટલાંક છે જેમણે માત્ર પ્રતીક રૂપે પચ્ચીસ રૂપીઆ મોકલીને સંતોષ માન્યો છે. એવા પણ કેટલાક છે કે જેમણે નિધિમાં ઠીક ઠીક રકમ આપી છે, છતાં ધારે તો તેથી એવડી ત્રેવડી રકમ સહેલાઇથી આપી શકે તેવી તેમની સ્થિતિ છે. આ બધા મિત્રોને વિનંતિ કે જેમ આપણી વચ્ચે પંડિતજી એક અદ્વિતીય વ્યકિત છે તેમ આવા વિદ્વાનનું આ રીતે સન્માન કરવાનું આયોજન પણ અદ્વિતીય છે. આ નિધિને લાખના લક્ષ્યાંક સુધી જો આપણે પહોંચાડી શકીશું તો તેમ કરીને આપણે પંડિતનું જ માત્ર નહિ પણ આપણા પોતાના સમયનું અને સમાજનું ગૌરવ કર્યું લેખાશે અને ઇતિહાસમાં એ ઘટનાની નોંધ લેવાશે કે એક બાનુએ ગુજરાત યુનિવર્સિટીએ પંડિતજી જેવી વ્યકિતને ડૉકટર ઓફ લેટર્સની ઉપાધિ એનાયત કરવાની પહેલ કરીને જીંદગી–ભરની અખંડ જ્ઞાનોપાસનાની ઉચિત કદર કરી હતી તો બીજી બાજુએ તે સમયના શિષ્ટ સમાજે એક લાખ રૂપિયાનો સન્માનનિધિ એકઠો કરીને પંડિતજી પ્રત્યે સમુચિત કૃતજ્ઞતા પ્રદર્શિત કરી હતી. આ સુભગ કલ્પનાને આવકારીને અપનાવીને હજુ સુધી નાણાં નહિ ભરનાર પોતાનો ફાળો સત્વર મોકલી આપે અને પ્રતીક રૂપે અથવા તો પોતાની શકિતના પ્રમાણમાં અલ્પ રકમ ભરનાર મિત્રો શકય તેટલા ઉદાર બનવા કૃપા કરે.

આ બાબતને કોઇ જૈન–જૈનેતરની સાંકડી દૃષ્ટિથી ન જુએ. જન્મે જૈન હોવા છતાં પંડિતજીની સમગ્ર સાહિત્યસેવા અસાંપ્રદાયિક અને સમન્વયની ભાવનાથી સદા પ્રેરિત રહી છે. આ હકીકતને ધ્યાનમાં લેવા અને મુક્ત મને અને ઉદાર દિલથી આ સન્માનનિધિમાં પોતપોતાનો ફાળો મોકલી આપવા ગુજરાત–બહત્ ગુજરાતના વિદ્યાપ્રેમી ભાઇ બહેનોને નમ્ર પ્રાર્થના છે.

અહિં પંડિતજીના નિકટવર્તી મિત્રોને અને સ્વજનોને, સન્માન સમિતિના તેમ જ મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને વિનંતિ કરવાનું અસ્થાને નહિ લેખાય કે આ સન્માન નિધિમાં લાખ રૂપિયા એકઠા કરવાના અમારા સંકલ્પને તેઓ પોતાનો સંકલ્પ બનાવે અને પોતાના મિત્રસમુદાયમાંથી ફાળો એકઠો કરવાના કાર્યમાં સત્વર લાગી જાય. સૌ કોઇનો સહકાર હશે તો બાકી રહેલ દોઢ મહીનાના ગાળા દરમિયાન અવશેષ રકમ એકઠી કરવામાં જરા પણ મુશ્કેલી નહિ આવે.

ફાળો મોકલવાનું ઠેકાણું: **મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય,**
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
ચેક **Bombay Jain Yuvak Sangh** એ નામથી મોકલવો.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઇ શાખા.

વિષય સૂચિ

		પૃષ્ઠ
ઉઘડતાં જતાં નવાં ક્ષિતિજો	અનુ. પરમાનંદ	૧
સુયોજના (કાવ્ય)	ગીતા પરીખ	૧
કોંગ્રેસ–કાય કરીને ઉદ્દેશીને—	ઉછરંગરાય ન. ઢેબર	૨
પં. સુખલાલજી નિધિના ફાળાની યાદી		૩
પ્રકીર્ણ નોંધ: 'ભગવાન બુદ્ધ'માં ઉમેરવામાં આવનાર સંશોધન, 'ભગવાન બુદ્ધ' પુસ્તક અંગે જૈન સમાજમાં ચાલી રહેલા ઉહાપોહ વિષે વિચારણા, માર્કસવાદ અને સર્વોદય, ચૂંટણી અને કોંગ્રેસ, न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति ।	પરમાનંદ	૪
પ્રબુદ્ધ જીવનનો ૧૯ મા વર્ષમાં પ્રવેશ		૭
મહાવીર જયન્તી	ભંવરમલ સિંધી	૭
તપ અને યોગ	ધનકુબેરા ઝવેરી	૯

પ્રબુદ્ધ જીવનનો ૧૯ મા વર્ષમાં પ્રવેશ

ગતાંક સાથે પ્રબુધ્ધ જૈનના ૧૪ વર્ષ અને પ્રબુધ્ધ જીવનનાં ૪ વર્ષ એમ મુંબઇ જૈન યુવક સંઘની આ સામયિક પ્રવૃત્તિએ ૧૮ વર્ષ પુરાં કર્યાં છે અને ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રબુધ્ધ જીવનની નિયત મર્યાદા આઠ પાનાની હોવા છતાં દશથી ઓછાં પાનાંનો અંક કદિ કાઢવામાં આવ્યો નથી અને કદિ કદિ બાર બાર પાનાં આપવામાં આવ્યા છે. ગત વર્ષ દરમિયાન પ્રબુધ્ધ જીવને કુલ ૨૬૦ પાનાનું વાંચનસાહિત્ય પુરું પાડયું છે. જાહેર ખબર નહિ લેવાની પ્રારંભથી સ્વીકારવામાં આવેલી નીતિને એક સરખી દૃઢતાથી આજ સુધી વળગી રહેવામાં આવ્યું છે. શકયું તેટલી કરકસર કરવા છતાં ગત વર્ષના વાર્ષિક હીસાબ મુજબ પ્રબુધ્ધ જીવન ખાતે રૂા. ૧૫૦૦ ની ખોટ મુંબઇ જૈન યુવક સંઘને ખમવી પડી છે. આજે વળી મુદ્રણ તેમ જ કાગળના વધતા જતા ભાવોમાંને લીધે આ ખોટ–જો એના એ સ્વરૂપમાં પ્રબુધ્ધ જીવન ચલાવવામાં આવે તો–ઘટવાનો નહિ. પણ વધવાનો જ સંભવ રહે છે. ખાસ કરીને મુદ્રણના તાજેતરમાં વધારી આપવા પડેલા ભાવો પ્રબુધ્ધ જીવનના ચાલુ દશ પાનામાં ઘટાડો કરવાની અમને કદાચ ફરજ પાડે. આવી આર્થિક ભીંસના કારણે લેખકોને પુરસ્કાર આપવાનો તો વિચાર જ થઇ શકતો નથી. આપીએ છીએ તેથી પણ વધારે લેખસામગ્રી આપીશું અને સમયાન્તરે આ પત્રને સાપ્તાહિક કરીશું એ મનોરથ વાસ્તવિકતાની ભૂમિકાથી હજુ એટલોને એટલો જ દૂર દેખાય છે.

પ્રબુધ્ધ જીવનના સંચાલનની આ સ્થૂળ વિગતો છે. વિચારપ્રદેશે પ્રબુધ્ધ જીવન નિયત ભૂમિકા ઉપર એકસરખી પ્રગતિ સાધી રહ્યું છે. સત્યની ઉપાસના તેનું સદા ધ્યેય રહ્યું છે. ચિન્તનપ્રેરક વિચારસામગ્રી યથાશકિત રજુ કરવી એ તેનું સદા લક્ષ્ય રહ્યું છે. ચાલુ જીવનમાં ક્ષોભ પેદા કરતી રાજકીય તેમ જ સામાજિક ઘટનાઓ વિષે પ્રબુધ્ધ જીવન હંમેશા સ્પષ્ટ તેમ જ નિડર માર્ગદર્શન આપતું રહ્યું છે અને એમ છતાં તેના કોઇ પણ લખાણમાં નાનો સરખો અઘટિત ઉદ્‌ગાર દાખલ થઈ ન જાય અને તેની વાણી મધુર, વિમળ તથા સંયમપૂર્ણ રહે તેની પૂરી કાળજી રાખવામાં આવે છે. વળી સ્વીકૃત નિરૂપણ–ધોરણને જરા પણ ક્ષતિ ન પહોંચે અને એમ છતાં વૈવિધ્ય પણ પૂરતા પ્રમાણમાં જળવાઈ રહે–એવી દરેક અંકે પૂરી ચિન્તા સેવાય છે. માનવીની બુધ્ધિ અને હૃદયને સ્પર્શીને એ ઉભયને લોકશ્રેયના માર્ગે વાળવા એ પ્રબુધ્ધ જીવનની નિષ્ઠા છે.

પ્રબુધ્ધ જીવનને વિચારસમૃધ્ધ બનાવવામાં જે જે મિત્રોએ ગત વર્ષ દરમિયાન કાળો આપ્યો છે તે સર્વનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે અને તેમનો સદ્‌ભાવ પૂર્વવત્ ચાલુ રહેશે એવી આશા રાખવામાં આવે છે. પ્રબુધ્ધ જીવનને અન્તરથી ચાહનારો એક મિત્રવર્ગ છે. તેમને વિનંતિ કે પ્રબુધ્ધ જીવનની ગ્રાહક સંખ્યા વધારવામાં અને આર્થિક મુંઝવણ હળવી કરવામાં તેઓ બને તેટલી મદદ કરે. જે ધ્યેયપૂર્વક પ્રબુધ્ધ જીવન ચલાવવામાં આવે છે તેને વળગી રહેવાની પરમાત્મા અમારામાં દૃઢતા પ્રેરે, અમારી દૃષ્ટિને વિશદ અને વ્યાપક બનાવે, અન્યાય અને અધર્મ સામે જેહાદ ચલાવવાનું અમને બળ અને નિડરતા આપે, લોકમાનસનું સાચું ઘડતર કરવાની અમને ઊંડી સમજણ અને કુશળતા બક્ષે, અને આ બધું છતાં પણ, અમારી સુઝ અને સમજણ, દર્શન અને જ્ઞાન અત્યન્ત મર્યાદિત અને સ્ખલનને પાત્ર છે એ વિષે અમે સદા સભાન અને તે કારણે પૂરા નમ્ર રહીએ એ જ પ્રાર્થના!

તંત્રી પ્રબુધ્ધ જીવન.

પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ

આપનું લવાજમ પુરું થાય છે ત્યારે આપને વખતસર ખબર આપવામાં આવે છે. ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો રૂા. ૪ મનીઓર્ડરથી મોકલો, ચાલુ ન રહેવું હોય તો તે મુજબ સત્વર ખબર આપો પણ વી. પી. ના નકામા ખર્ચથી આપ બચો અથવા અમને બચાવો.

વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન

મહાવીર જયન્તી

(દર વર્ષે જૈન સમાજ તરફથી ઉજવાઇ રહેલી મહાવીર જયન્તી પાછળ કેવો બાહ્ય આડંબર, અને ભાવનાશૂન્યતા તથા વિવેક વિનાનું ધર્માભિમાન રહેલું હોય છે અને મહાવીર ચરિત્ર દ્વારા વ્યકત થતી વિચાર ધારાને જીવનમાં ઉતારવાની વૃત્તિનો કેવો અભાવ જોવામાં આવે છે તેનો આછો ખ્યાલ આપતો આ કટાક્ષલેખ કલકત્તાનિવાસી શ્રી ભવરમલ સિંઘીનો લખેલો છે. તે ગત વર્ષની મહાવીર જયન્તી બાદ કલકત્તા ખાતે પ્રગટ થતા હિંદી પાક્ષિક 'તરૂણ' માં પ્રગટ થયો હતો. શ્રી ભંવરમલ સિંઘી એક નિડર સમાજસુધારક છે. આગળના વર્ષે બાલદીક્ષા અટકાયત બીલનું એક જાહેર સભામાં સમર્થન કરતાં તેમને ઘણો સખત માર પડયો હતો. અને પાંચ છ કલાક સુધી બેભાન રહ્યા હતા.

આ લેખમાંના કટાક્ષો માત્ર જૈન સમાજને જ નહિ પણ આજના જયન્તીઘેલા જનમાનસને એટલા જ અંશમાં લાગુ પડે છે. તંત્રી)

(૧)

રાત્રે એક ભાઇએ મને ટેલીફોન કરી પૂછયું, "કાલ સવારે વરઘોડામાં આવશો ને?" "કેમ! શું છે કાલે?" મેં પૂછયું. "આવતી કાલે મહાવીર જયંતિ છે. તમને ખબર નથી?" જવાબ મળ્યો.

હું વરઘોડામાં ગયો નહિ, પણ વરઘોડો જે અને જેવી રીતે નીકળ્યો તેના સમાચાર મેં સાંભળ્યા. હું આખો દિવસ વિચારમાં રહ્યો. મહાવીરના વરઘોડા અને સરઘસો જોતાં જોતાં ૪૧ વર્ષ વહી ગયાં. અને આ જીવન જાણે મને ટોણો મારી રહ્યું છે કે જેમ આ વરઘોડા માત્ર બાહ્યાડંબર છે તેમ જીવન પણ બાહ્યાડંબરી જ છે ને?

બીજા વિશ્વયુધ્ધની માનવહિંસાએ સમૃધ્ધિની રેલમછેલ ઓલાવી અને મહાવીરના વરઘોડાઓમાં પણ એ સમૃધ્ધિની રંગછોળ ઉડવા લાગી. કયાંક મૃત્યુના ભીષણ ઓળા પથરાયા, તો કયાંક મહાવીરના મંદિરોમાં આંખોને આંજી દેતાં રત્નો ઝગમગ્યા. હું વિચાર કરું છું, "એક બાજુ સ્મશાનયાત્રાના વરઘોડા અને બીજી બીજુ મહાવીરના વરઘોડા."

(૨)

અઢાર વર્ષ પહેલાંની ઘણી વાતો આજે મને યાદ નથી. પણ મહાવીર જયન્તી ઉજવાઈ હતી તે એક પ્રસંગ મને બરાબર યાદ છે. આમ તો જયંતિના કાર્યક્રમમાં કંઈ નવીનતા નહોતી. એની એ વાતનું પિષ્ટપેષણ હતું, પણ તે પ્રસંગે બનેલી એક નાની શી ઘટના મગજમાં બરાબર યાદ રહી ગઇ છે. તે દિવસની સભાના પ્રમુખસ્થાને જે મહાશય હતા, એમણે જૈન દર્શનના એક પુસ્તક ઉપર સુંદર ભાષણ કર્યું. શ્રોતાઓ એમાંનું કેટલું સમજ્યા તે તો કોણ જાણે? પણ ભાષણ ઉપર તાલીઓ ખૂબ પડી. લોકો કહેવા લાગ્યા, "વાહ! શેઠ માત્ર વ્યાપારી નથી, ધર્મનું પણ સારું જ્ઞાન ધરાવે છે."

દશ બાર દિવસ પછી એક મિત્ર મારી પાસે આવ્યા અને મને કહ્યું, "તમારી મહાવીર જયંતિને દિવસે જે શેઠ પ્રમુખસ્થાને હતા, એમનું ભાષણ એક પંડિતે લખી આપ્યું હતું. તેમને શેઠ પૂરું મહેનતાણું આપવા નથી માગતા. વીશ રૂપીઆની વાત થઈ હતી. હવે દશ જ આપીને પતાવવા માંગે છે. તમે તે શેઠને સમજાવીને કંઇ વધારો કરાવી શકશો? જયંતિના દિવસે પ્રમુખની ખુરશીએ બેઠેલા તે શેઠ અને સામે જ લટકાવેલી પ્રભુ મહાવીરની છબી બન્ને મારી નજર સામે તરવરવા લાગ્યાં. મહાવીર દર્શનનો એક અભ્યાસી અને લેખક દશ રૂપીઆ માટે આજે મારી કાકલુદી કરે છે, ગઇ કાલે તેના જ લેખના શેઠે કરેલા ભાષણ ઉપર તાલીઓ પડતી હતી. મહાવીર વીશ રૂપીઆના કે દશના.....!

(૩)

સને ૧૯૪૨ ના ઑગસ્ટની ક્રાંતિના સમયે હું તરતમાં જ જેલમાંથી છુટીને આવ્યો હતો. બંગાલ સરકારની આજ્ઞાનુસાર ઓછામાં

ઓછું છ મહિના કલકત્તાની બહાર રહેવાનો હુકમ હોવાથી હું જવાની તૈયારીમાં હતો. મહાવીર જયંતિને લગભગ એક મહિનાની વાર હતી. .....પુરથી તાર આવ્યો કે જયંતિ ઉપર મારે ત્યાં જવું. દર વર્ષે ત્યાંના લોકો જયંતિ ઉપર કોઇને કોઇ એક બહારના વકતાને બોલાવતા હતા. આ વર્ષે કોઇએ મારું નામ સૂચવ્યું હશે; કેમકે એમના મત પ્રમાણે હું એક "પ્રભાવશાળી વકતા" હતો. મેં આમંત્રણ મોકલનારાઓને લખી દીધું, "મારા વિચારો જાણવા છતાં આપ આમંત્રણ આપો છો તો હું અવશ્ય આવીશ."

હું ત્યાં પહોંચી ગયો. સાંજે જયંતિ ઉત્સવ હતો. મહારાજાના ભાઇ પ્રમુખસ્થાને હતા. બધોએ રાજદરબારી વર્ગ સભામાં હાજર રહેવાનો હતો. જ્યાં મને ઉતારો આપ્યો હતો ત્યાં પણ આ "પ્રભાવશાળી વકતા" ને જોવા કેટલાક ભાઇઓ આવ્યા. મારા આવવાની ખબર ભાઇ.....(સ્થાનિક પ્રજામંડળના નેતા) ને પડી કે તે પણ મળવા આવ્યા. તે ભાઈ તથા મારા ખાદીના કપડાં જોઇને આવનારા ભાઇઓમાં અંદર અંદર ધુસપુસ થવા લાગી. એક ઉમરલાયક વકીલે મારી પાસે આવીને કહ્યું, "આપ આપના ભાષણમાં કંઇ રાજનૈતિક ચર્ચા તો નહિ કરોને ?" મેં કહ્યું, "તમે મને પહેલેથી બાંધી લેવા માગો છો ?" "ના, ના, અમે આપને શું કહીએ ? આપ પોતે કયાં સમજતા નથી ?" થોડીવાર રહીને વળી એક ભાઈ બોલ્યા, "આપ અંગ્રેજીમાં બોલો તો બહુ સરસ." મેં કહ્યું, "કેમ ! તમે બધા હિંદી નથી સમજતા ?" "ના, એમ નથી, પણ અંગ્રેજી ભાષાનો પ્રભાવ વધારે પડે. પણ ભલે, આપ હિંદીમાં જ બોલજો. પરંતુ જૈન દર્શનની પ્રશંસામાં વિદેશીઓએ પ્રગટ કરેલાં થોડાંક વાકયો તો જરૂર ટાંકજો." આ પ્રમાણે મારે શું બોલવું અને શું ન બોલવું તેના સૂચનો મને મળતાં રહ્યાં. મેં કહ્યું, "વિદેશીઓના કથન વિષે તો એવુ છે કે એચ. જી. વેલ્સના વિશ્વ ઇતિહાસમાં મહાવીર કે જૈન દર્શનનું કયાંયે નામ સુદ્ધાં નથી. પણ ઠીક, એ તો, વ્યાખ્યાન મારે કરવું છે. જે કહેવું હશે તે કહીશ.

અને રાત્રે હજારોની મેદની વચ્ચે મેં મહાવીરની સાધના અને સિદ્ધાન્તો વિષે વર્તમાનયુગના પ્રશ્નોની દૃષ્ટિએ વિવેચન કર્યું. મારે તરતમાં બીજા સ્થાને જવા માટે રવાના થવાનું હોવાથી સભા ઉપર મારા ભાષણના શા પ્રત્યાઘાતો પડયા તે જાણવાનો મોકો મને ન મળ્યો. એટલું ખરું કે લોકોએ ભાષણ સાંભળ્યું, અને વચમાં વચમાં તાલીઓ પણ પાડી.

રાત્રે ટ્રેઇનમાં સુવાની જગ્યા હોવા છતાં મને ઊંઘ ન આવી. આખા દિવસની કાર્યવાહિ ઉપર હું વિચાર કરતો રહ્યો શું ભગવાન મહાવીરના નામના ઢોલ વગાડવા માટે આપણે જયંતિ ઉજવીએ છીએ ? આવા ઢોલ તો આજ સુધીમાં કેટલાએ વાગ્યાં અને હજીએ વાગ્યા કરશે. પણ ઇતિહાસના કાન બંધ છે અને બંધ જ રહેશે. અને હું વિચારમાં ડુબી ગયો—હું મહાવીર જયન્તિનો પ્રભાવશાળી વકતા !

(૪)

"હવે આપણી સમાજના સુપ્રસિદ્ધ વિચારક અને કાર્યકર્તા શ્રી ભંવરમલ સિંઘી બોલશે....." સાંભળ્યું, અને હું યંત્રવત્ માઇક આગળ જઇને ઉભો રહ્યો. સભ્યતા મુજબ મારે શરૂઆત કરવી જોઇએ "માનનીય પ્રમુખ સાહેબ" થી, પણ પ્રમુખની ખુરશી ઉપર જે મૂર્તિ બેઠી હતી, તેને માટે મારા દિલમાં માનનીયપણું લાવું કયાંથી ? અસંભવ. મેં પ્રમુખની ઓળખાણથી જ શરૂઆત કરી દીધી. પ્રમુખશ્રી કોણ હતા ? સારીયે સમાજના સ્વરૂપને દર્શાવતો એક નમૂનો.—સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, અને બ્રહ્મચર્ય—એ બધાની વિપરીતતાની જાણે એક મૂર્તિ. હું કેટલુંયે બોલવાનું વિચારીને ગયો હતો. પણ ધારા બદલાઈ ગઇ, વાણી બદલાઈ ગઈ, શબ્દોમાં કટુતા આવી ગઇ, અને આવેશમાં આવી જવાથી હું વધારે બોલી શકયો નહિં. હું ધબ દઇને બેસી ગયો. મારા મોઢામાં "મહાવીર તો મરી ગયા" શબ્દો જાણે ધુંટાઇને અટકી ગયા.

પ્રમુખની અજ્ઞાનતાએ એનું રક્ષણ કર્યું. ભેંસ આગળ બીન વાગી ગયું. પણ સભાના યોજક ભાઇ કંપી રહ્યા હતા. અને તેમના હાથમાં રા. ૧૦૧ ચમકી રહ્યા હતા.

(૫)

જૈન ધર્મનાં બધા ફિરકાઓએ સાથે મળીને આજે જયંતિ ઉજવવાનો નિર્ણય કર્યો છે. કોઇ ફિરકાને મનદુઃખ ન થાય, તે માટે વિવાદગ્રસ્ત વિષયોની ચર્ચા થવાની નથી. બધા ફિરકાના વકતાઓ બોલવાના છે. ભજનમંડળીઓ હોવાની. જયન્તિની બે બેઠકોમાં બે ફિરકાના બે જુદા જુદા પ્રમુખ છે. એકતા સાધવાનો પ્રયાસ ખરો ને !

હું સભામાં જઇને બેઠો છું. બધા જ જૈન ભાઇઓ બેઠા છે. પણ કાર્યવાહી સાવ ફીકી ફીકી અને ઢીલી ઢીલી લાગે છે. સ્ટેજ ઉપર મહાવીર સ્તુતિ ગવાઈ રહી છે. પણ બધાની નજર વારંવાર દરવાજા તરફ દોડયા કરે છે. મને સમજાયું—હું.....આજની સભાના ખરા મહાવીર—રાજ્ય સરકારના પ્રધાન મંત્રી—પધારવાના છે. આજની ભીડ મુખ્યમંત્રીના આગમનને આભારી છે, અને મુખ્ય મંત્રી આજે એ માટે આવ્યા છે કે નજીકના ભવિષ્યમાં ચૂંટણી છે.

મુખ્ય મંત્રીજી આવ્યા. પ્રમુખસાહેબ સભાની કાર્યવાહી પડતી મૂકી એકદમ દરવાજા તરફ દોડયા. માઇક ઉપર જે ભાઈ બોલી રહ્યા હતા તે થંભી ગયા. કેમેરાની ચાવીઓ કટ કટ દબાવા લાગી. મુખ્યમંત્રીને હાર પહેરાવવા અને એમના ગુણગાન ગાવા માટે અપરિગ્રહવાદ ઉપર બોલતા વકતાને બેસાડી દેવામાં આવ્યા.

મુખ્યમંત્રીજી સ્વસ્થતાથી બેઠા અને મહાવીર તથા એમની અહિંસાના ગુણગાનને બદલે પોતાની મોટાઇનાં ગુણગાન સાંભળી રહ્યા. પછી એમણે પ્રેમ અને શાંતિનો સંદેશ સુણાવ્યો. સમાજવાદનું મહાવીરીકરણ અને મહાવીરનું સમાજવાદીકરણ કરીને એમણે અમારા અહંકારને આસમાને ચઢાવ્યો અને અમે તેમાં ગળાબુડ ડુબી ગયા, જાણે એક પ્રકારનો નશો છવાઇ ગયો.

મહામંત્રી ગયા અને એમની પાછળ જનારાઓની હાર લાગી. જાણે કે જેને માટે આવ્યા હતા તે કામ ખતમ થયું હતું. પછી ભાષણ પણ થયાં અને ભજનો પણ ગવાયાં, પણ જાણે મહાવીર વિનાની સુની સભા બેઠી હતી.

બીજે દિવસે સવારે છાપાં જોવા લાગ્યો. પ્રધાન મંત્રીના નામ સાથે સમાજવાદી સમાજવ્યવસ્થાની મહત્તાનો ઉલ્લેખ મોટા મોટા અક્ષરે છાપવામાં આવ્યો હતો, જ્યારે મહાવીરનું નામ કયાંક ખુણેખાંચરે ઝીણા અક્ષરોમાં ઝબકતું હતું. જાણે એમ કહેતું હોય ને કે ભલે ઝીણા અક્ષરોમાં પણ પ્રધાનમંત્રીના નામના આશરે મને ય જનતાની નજર સમક્ષ આવવાનો અવસર તો મળ્યો ને ?"

(૬)

નીચે દરવાજા ઉપર પોલીસ બેઠી છે. ઉપર હોલમાં મહાવીર જયંતિ નિમિત્તે અહિંસા ઉપર વ્યાખ્યાન ચાલી રહ્યું છે. હું ગાડીમાંથી ઉતર્યો. મારી નજર સામે પોલીસ દેખાય છે, કાન લાઉડસ્પીકરમાંથી સંભળાતી અહિંસાની વિવેચના સાંભળી રહ્યા છે. હું મનમાં વિચારું છું, એમાં બેહુદું શું છે ? પોલીસ પોલીસનું કામ કરે છે; વ્યાખ્યાતા પોતાનું કામ કરે છે. વ્યાખ્યાતા જ્યાં સુધી માત્ર શબ્દોની દુનિયામાં રમે છે ત્યાં સુધી ભલે અહિંસાના છાંટણાં ઉડાડયા કરે. જ્યાં વાસ્તવિકતામાં પગ મૂકયો કે પોલીસ અને પરિગ્રહ હાજર જ છે. મંદિરોનાં દ્વાર ઉપર પણ એટલા માટે જ ચોકીદાર ઊભા રહે છે ને ! પરિગ્રહને પોલીસ વળગેલી જ છે. જયંતિમાં જેઓ સાંભળવા બેઠા છે તેઓ પરિગ્રહધારી છે. તેઓમાં રાગદ્વેષ પણ છે તો પછી શું ખાત્રી કે કયારે શાંતિનો ભંગ ન થાય ? કયારે એક સંપ્રદાયીના મુક્કા બીજા ઉપર પડવા લાગશે ? તો પછી પોલીસની જરૂર તો ખરીજ ને ?

મંદિરમાં અમારા અહંકાર અને વૈભવ બેઠા છે. તેવી રીતે જયંતિમાં પણ અમારા વૈભવ અહંકાર મોજુદ છે. અહંકારમાં ઝગડા અને અથડામણો હોય જ, અને જ્યાં ઝગડો છે ત્યાં પોલીસ પણ હોવી જ જોઇએ ને ?

હું જ્યાં બેઠો છું ત્યાંથી દરવાજા ઉપરની પોલીસ દેખાતી નથી. તે ધર્મમાં હસ્તક્ષેપ કરતી નથી. અને હું સાંભળી રહ્યો છું. "બોલો, અહિંસા પરમો ધર્મ:"

(૭)

"ભગવાન મહાવીર સર્વહિતૈષી અને વિશ્વઉદ્ધારક હતા. એમનું સર્વોદય શાસન હતું. જૈનધર્મ આત્મધર્મનો પ્રતિપાદક છે. પ્રત્યેક જીવને કોઈપણ જાતના ભેદભાવ વગર જૈન શાસન સ્વીકારવાનો, તેને અનુસરવાનો અને ધાર્મિક સંસ્થાઓનો આત્મિક ઉદ્ધારાર્થે લાભ ઉઠાવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. ધાર્મિક ક્ષેત્રમાં જાતિ પાંતિનો કોઈ ભેદભાવ નથી."

અ. ભા. દિગંબર પરિષદની દિલ્હીમાં ભરાયેલી બેઠકમાં પસાર થએલા ઠરાવનો ઉપર મુજબનો એક ભાગ છે. ઉક્ત ભૂમિકાના આધાર પર પરિષદે જાહેર કર્યું છે કે ભારતના નવા બંધારણમાં ભેદભાવ દૂર કરવા માટે હરિજનોને નાગરિકતાનો જે અધિકાર આપ્યો છે તે જૈન ધર્મને અનુકુળ છે, અને શ્રદ્ધા, વિનય તથા પવિત્રતાપૂર્વક મંદિરમાં જવા ઇચ્છતા હરિજનભાઇઓને મંદિરમાં પ્રવેશતાં આડે ન આવવાની જૈન સમાજને આ પરિષદ અપીલ કરે છે. મારૂં ધ્યાન "ધાર્મિક ક્ષેત્ર" એ શબ્દ ઉપર ખેંચાયું. ધાર્મિક ક્ષેત્રમાં જાતિ પાંતિને સ્થાન નથી. પણ સામાજિક ક્ષેત્રમાં કદાચ હોઈ શકે! ધર્મનું ક્ષેત્ર અલગ, સમાજનું ક્ષેત્ર અલગ. આ મહાવીરનો ઉપદેશ જ હશે ને? મહાવીરની સાધનાના જુદા જુદા ખાનાઓ હતાં શું? આ ખાનાંઓએ જ અમારા જીવનને ફોલી ખાધું છે. ધાર્મિક ક્ષેત્રની સમાનતા જો અમારા સમાજ-જીવનમાં-આર્થિક વ્યવહારમાં પ્રતિબિંબિત ન થતી હોય તો તે સમાનતા કોડીના કામની નથી.

(૮)

દૈનિક પત્ર "હિંદુસ્તાન" માં મહાવીર જયંતિ નિમિત્તે જાહેરાત છપાઈ છે. (જાહેરાતનો નંબર ૪૪૩ છે). જેમાં નીચે મુજબ એક વાક્ય છે. "પ્રભુની મધુર વાણી ગ્રહણ કરીને આપણે પણ આપણા હૃદયને પ્રકાશિત કરીએ, અને વિશ્વના પ્યારા બનીએ." દશ, વીશ, કે પચાસ રૂપીયાનો આ જાહેરાત પાછળ ખર્ચ કર્યો હશે; એટલા માટે કે આપણે વિશ્વના પ્યારા બનીએ.

પ્રભુની વાણી સ્વીકારીએ અને તેને જીવનમાં ઉતારીએ તો વિશ્વના પ્યારા બનવાના જ છીએ. પણ તેમાં અટકાયત આવે છે સ્વાર્થ રૂપી પત્થરોની કે જે પ્રકાશના દરવાજા બંધ કરી દે છે. તે દરવાજા આવી જાહેરાતોથી નહિં ખુલે. મહાવીરે કોઇ દિવસ આવી જાહેરાતો કરી નહોતી. એણે તો પોતાના જીવનમાં જ એવો પ્રકાશ ભર્યો હતો કે જે પ્રકાશ માનવ જીવનની જાડી મોટી બધી દિવાલોને ભેદીને આજે પણ તેજ પ્રસારી રહ્યો છે.

આવી જાહેરાતો, વરઘોડાઓ, સભાઓ, કે વ્યાખ્યાનોથી વિશ્વના પ્યારા નહિં થવાય. વિશ્વની છાતી ઉપર જે જખ્મો પડયા છે તે આ બધાથી કંઇ ઢંકાવાના નથી.

(૯)

મહાવીર જયંતિ વિષેનાં છાપાનાં લખાણો વાંચી રહ્યો છું:- યોજનામંત્રી શ્રી ગુલઝારીલાલ નંદા દિલ્હીમાં કહે છે "જૈન સમાજ તેના ધાર્મિક ઉપદેશો આચારમાં ઉતારે અને દેશના પુનર્નિર્માણમાં પોતાનો ફાળો આપે. જૈન સાધુ પણ ભારત સાધુસમાજ સાથે હાથમાં હાથ મિલાવી દેશની આધ્યાત્મિક અને ભૌતિક ઉન્નતિમાં સાથ આપે."

કામદારપ્રધાન શ્રી ખંડુભાઈ દેસાઇ દહેરાદુનથી કહે છે, "કેવળ વિશ્વશાંતિ માટે નહિં પણ લોકમાનસની રક્ષા માટે પણ બુદ્ધ અને મહાવીરના ઉપદેશને આચરણમાં મૂકવા આવશ્યક છે. આપણે ભાગ્યશાળી છીએ કે પ્રધાનમંત્રી શ્રી નહેરૂ ભારતની આ બે મહાન વ્યક્તિઓના ઉપદેશને વ્યવહાર સ્વરૂપ આપી રહ્યા છે."

ખુદ નહેરૂ પણ મહાવીર પ્રત્યે શ્રદ્ધા ધરાવતાં પૂછે છે." મહાવીર એક મહાપુરૂષ હતા. એમની જયંતિઓ દર સાલ ઉજવાય છે. પણ હું પુછું છું કે શું આપણા મહાપુરૂષોને માત્ર યાદ કરવામાં જ આપણી ફરજ પૂરી થાય છે? એમના ઉપદેશને જીવનમાં ઉતારવાનો કેટલો પ્રયત્ન થાય છે? જ્યારે આપણે નામ મોટા પુરૂષોનાં લઇએ, અને ચાલીએ બીજે જ રસ્તે, ત્યારે મને વિમાસણ થાય છે કે આપણે કોઈ ભ્રમણામાં તો નથી ને? બીજા દેશનાં લોકો બહુ ઊંચા વિચારોની ચર્ચા નથી કરતા, પરંતુ આચરણમાં તેઓ આપણા કરતાં ઊંચા છે."

વૈશાલીમાં રાષ્ટ્રપતિએ પણ એવું જ કહ્યું છે," "અહિંસા પરમો ધર્મ:" નો સંદેશ મહાવીરના સ્વાનુભવ અને તપશ્ચર્યાનું પરિણામ છે. મહાવીરના જીવન ઉપરથી આપણે જાણીએ છીએ કે કઠીન તપસ્યા કરવા છતાં શુષ્ક તપસ્વી નહોતા કે માનવીના હિતાહિત તરફ઼ ઉદાસીન નહોતા."

મારા વિચારો ૨૫૫૪ વર્ષના લાંબા ઇતિહાસ તરફ઼ દોડે છે. આ દીર્ઘ કાલપથ પર કેટકેટલા લોકોના પ્રમાણપત્રો અને જાહેરાતો લટકયા હશે? હજીએ લટકાવ્યે જ જઈશું. પછી ભલે ને તે પ્રમાણપત્રો પરસ્પર વિરોધી પણ હોય? જેને જે સિદ્ધાંતના પ્રતિપાદનથી લાભ થતો હોય તે તે સિદ્ધાંતનું મહાવીરના ઉપદેશમાં આરોપણ કરી દે છે. અને એ બધા આરોપણોને મોટો ખજાનો માની આપણે સ્વીકારી લઇએ છીએ-આપણા અહંકારને પોષીએ છીએ. જે રાષ્ટ્રપતિએ કહ્યું તે સાચું, જે મુખ્ય પ્રધાને કહ્યું તે પણ સાચું, જે કામદારપ્રધાને કહ્યું તે યે સાચું, અને બીજો પણ કોઈ જે સત્તાસ્થાન ઉપર અને વૈભવશાળી હશે, તે જે કોઈ સ્વરૂપમાં મહાવીરની વ્યાખ્યા કરશે અને તે પ્રશંસાત્મક હશે તો તે બધુંએ આપણે સ્વીકારી લેવામાં જરાએ વિલંબ કરતા નથી. જો કંઈ સામાજિક કામ કરવું હોય તો મહાવીર કેવળ આધ્યાત્મિક થઇ જાય છે, પરંતુ પ્રમાણપત્રોના મહાવીર સરળતાથી બધામાં પ્રવેશી શકે છે. ત્યાં આધ્યાત્મિકતા અને ભૌતિકતાનો ભેદ નથી રહેતો. ત્યાં તો તે સ્યાદ્વાદની "એન્સાઇક્લોપિડિયા" થઈ જાય છે. આધ્યાત્મિક સાધના, ભૌતિક ઉન્નતિ, સામાજિક ક્રાન્તિ, સમાજવાદ કે સામ્યવાદની પ્રતિષ્ઠાપના, અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બની શક્તિનો પ્રત્યુત્તર, બધું તેમાંથી નીકળી આવે છે. જે સિક્કો વ્યવહારમાં ચાલ્યો તે મહાવીરનો. જે ન ચાલ્યો તે મહાવીરનો નહિં.

જે સિક્કો ચાલે છે-ચાલી શકે છે-તેને ચલાવવાવાળા ચલાવે છે. તેમ મહાવીરનો સિક્કો પણ કયારેક કયારેક તો ચાલી જાય છે. મહાવીરની સાધનાની અહિંસા અને અપરિગ્રહ રૂપી ચાદર ઉપર વેપારી અને રાજનીતિજ્ઞો, સૌ મળીને સહઅસ્તિત્વની નવી પરિભાષા લખી રહ્યા છે. મહાવીર સ્વામીનો જય!

મૂળ હિંદી: **ભંવરમલ સિંઘી**
'તરૂણ'માંથી સાભાર ઉધ્ધૃત અનુવાદક: **મેનાબહેન નરોત્તમદાસ**

તપ અને યોગ

(ગયા અંકમાં ડૉ. ઇન્દુકલાબહેન હીરાચંદ ઝવેરીનો 'નિશ્ચય અને વ્યવહાર' એ વિષય ઉપર એક લેખ પ્રગટ થયો હતો. તે જ બહેને આચાર્ય હરિભદ્ર સૂરિએ રચેલા 'યોગશતક' ઉપર એક વિવેચનાત્મક પુસ્તક તૈયાર કરેલ છે અને ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ) એ પ્રગટ કરેલ છે. તે પુસ્તકની પ્રસ્તાવનામાં 'તપ અને યોગ' ઉપર મૌલિક ચિન્તન દ્રાખવતી એક નોંધ છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી.**)

યોગ એ એક ઊર્ધ્વગામી આચારનો પ્રકાર જ છે, છતાં યોગ વિષેનાં હરિભદ્રીય સાહિત્યને ઉપર વર્ણવેલ તેમના આચાર સંબંધી સાહિત્યમાં ન લેતાં, તેથી જુદું પાડી તેનો પરિચય અત્રે આપવામાં આવે છે. તે એટલા માટે કે આ. હરિભદ્રનાં બધાં જ સર્જનોમાં મૂર્ધન્યસ્થાન લેવાની યોગ્યતા તેમનાં યોગવિષયક ગ્રંથોમાં છે, અને તે ગ્રંથો જેમ જૈન પરંપરાને સ્પર્શે છે તેમ સમગ્ર ભારતીય યોગપરંપરાઓને પણ આવરે છે. વળી જે ગ્રંથની પ્રસ્તાવના રૂપે આ બધું લખાણ છે તે ગ્રંથ પોતે જ યોગવિષયક છે. આ. હરિભદ્રના યોગસાહિત્યની યથાવત્ મૂલવણી કરવા માટે એ જરૂરી છે કે તે પહેલાંની આધ્યાત્મિક સાધના અને તેની પરંપરાઓ તેમજ તે વિષયના સાહિત્યનો આપણે ટૂંકો પણ સ્પષ્ટ પરિચય કરી લઇએ.

યોગાભ્યાસી

અંતર્મુખ થઈ પોતાની જાતને જ મુખ્યપણે તપાસવી અને એ તપાસતાં જે કલેશમળ અને તેનાં કારણો ધ્યાનમાં આવે તેને દૂર કરવાની વૃત્તિ કે વલણ એનું જ નામ આધ્યાત્મિકતા. આવી આધ્યાત્મિકતા કે આધ્યાત્મિક સાધનાને સિદ્ધ કરવાના માર્ગો અને પ્રકારો ઘણા વિવિધ છે. તેથી વળી જ્યારે પણ આધ્યાત્મિક અર્થમાં પ્રયુક્ત 'યોગ' પદ ઉપનિષદોમાં દેખાય છે ત્યારેય તેનો સંબંધ મુખ્યપણે સાંખ્ય તત્વજ્ઞાન અને તેને અવલંબતી કોઈ યોગપરંપરા સાથે આવેલો છે. મહાભારતમાં 'યોગ' શબ્દ આધ્યાત્મિક અર્થમાં બહુ જ છૂટથી ઠેકઠેકાણે જોવા મળે છે. ત્યાં પણ એનો સંબંધ મુખ્યપણે સાંખ્ય પરંપરા સાથે જ આવેલો છે. ગીતા એ મહાભારતનો એક ભાગ જ ગણાય છે અને તે સાંખ્ય તત્વજ્ઞાનની ભૂમિકા ઉપર પ્રતિષ્ઠિત છે. ગીતાને યોગશાસ્ત્ર કહેવામાં આવેલ છે. ગીતામાં સ્થળે સ્થળે આધ્યાત્મિક અર્થમાં અનેક રીતે થયેલ 'યોગ' પદનો પ્રયોગ જોતાં તેનું 'યોગશાસ્ત્ર' નામ સાર્થક પણ છે. પ્રાચીન કહી શકાય એવા જૈન આગમોમાં 'યોગ' પદનો આધ્યાત્મિક અર્થમાં પ્રયોગ તો મળે છે, પણ તે 'તપ' પદ જેટલો વ્યાપક નથી. બૌદ્ધ પિટકોમાંય 'યોગ' પદ 'સમાધિ' પદ જેટલું વ્યાપક નથી. આ બધું જોતાં એમ લાગે છે કે સાંખ્ય તત્વજ્ઞો અને સાધકોએ યોગ પદનો આધ્યાત્મિક અનેક ભાવોમાં છૂટથી પ્રયોગ કર્યો અને ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ એમ જુદા જુદા યોગ રૂપે યોગનો જે મહિમા અસરકારક રીતે કાવ્યમય ભાષામાં સ્થપાયો, ત્યારથી આધ્યાત્મિક સાધનાની બધી પરંપરાઓમાં યોગ શબ્દનું માહાત્મ્ય બહુ વધી ગયું, આથી પૂર્વકાળમાં યોગ કે સમાધિ જે તપનું એક અંગ હતું તે તપે સાંખ્ય-યોગ પરંપરામાં યોગના અંગનું સ્થાન લીધું.

આધ્યાત્મિક સાધના સાથે જેમ 'તપ' અને 'યોગ' પદ સંકળાયેલ છે તેમ સંવર, ધ્યાન, અને સમાધિ-એ શબ્દો પણ વિશેષ સંબંધ ધરાવે છે. ધ્યાન અને સમાધિ શબ્દ તો બધી જ આધ્યાત્મિક પરંપરાઓ માટે સાધારણ જેવા છે, જ્યારે સંવર શબ્દ વિષે એમ નથી. એ શબ્દનો આધ્યાત્મિક સાધનામાં છૂટથી અને વ્યાપક રીતે પ્રયોગ મુખ્યપણે જૈન ગ્રંથોમાં થયેલો છે, અને તે મહાવીરના પૂર્વકાળથી. સાંખ્ય સાધકોએ કે સાંખ્ય તત્વાવલંબી ભાગવત જેવી પરંપરાએ ગીતાના મહિમા સાથે યોગનો મહિમા વ્યાપક કર્યો. એટલે ત્યારબાદ જે જે સાંખ્ય પરંપરાને અવલંબી આધ્યાત્મિક સાધનાનાં નિદર્શક શાસ્ત્રો રચાયાં તે યોગશાસ્ત્ર નામથી જ પ્રસિદ્ધિમાં આવ્યાં. પાતંજલ યોગશાસ્ત્ર પહેલાં પણ જે એવાં શાસ્ત્રો હોવાની ધારણા છે તે પણ યોગશાસ્ત્રનાં નામથી જ જાણીતાં હતાં. જૈન પરંપરામાં અતિ જાણીતો સંવર શબ્દ અને યોગશાસ્ત્રોમાં વ્યાપક થયેલો યોગ શબ્દ એ બન્નેનો અર્થ અને ભાવ એક હોવા છતાં યોગ અને યોગશાસ્ત્ર એ જેટલાં સર્વ પરંપરાઓને જાણીતાં છે તેટલો સંવર શબ્દ વૈદિક પરંપરાઓમાં જાણીતો નથી.

ધ્યાન અને સમાધિ એ તપની પ્રધાનતા વખતે તપનાં અંગ લેખાતાં. પછી યોગનો મહિમા વ્યાપક થતાં તે યોગનાં અંગ બન્યાં. આમ આધ્યાત્મિક સાધનાની પરંપરાઓને લગતા સાહિત્ય ઉપર નજર કરતાં એમ લાગે છે કે એ સાધનાનાં અનેક અંગો પૈકી કયારેક કોઈએ એક અંગ ઉપર વધારે ભાર આપી અને તેને મુખ્ય અંગી લેખી બીજાં બધાંને તેનાં અંગો તરીકે ગોઠવ્યાં, તો બીજા કોઈએ અન્ય અંગને મુખ્ય અંગી ગણી બાકીનાંને અંગ તરીકે ગોઠવ્યાં. દા. ત. જેમણે તપને મુખ્ય અંગી માન્યું હતું તેમણે સ્વાધ્યાય, ધ્યાન, સમાધિ આદિને તપનાં અંગ ગણ્યાં અને જેમણે યોગને મુખ્ય અંગી ગણ્યો તેમણે તપ, ધ્યાન, સમાધિ, આદિને તેનાં અંગો ગણ્યાં. આ રીતે ફેર હોય તો માત્ર ગૌણ મુખ્ય ભાવનો અથવા અંગાંગીભાવની ગોઠવણીનો. એટલી વાત ખરી કે જેમ જેમ આધ્યાત્મિક સાધનાની પરંપરાઓ ચોમેર વિસ્તરતી ગઈ તેમ તેમ તેમાં કેટલાંક અંગો કાળક્રમે કે અનુભવબળે ઉમેરાતાં પણ ગયાં, જેમકે મૈત્રાયણિ ઉપનિષદમાં યોગનાં છ અંગોનો નિર્દેશ છે જ્યારે યોગશાસ્ત્રમાં આઠ અંગો છે.

ઉપર આપણે ટૂંકમાં એ જોયું કે આધ્યાત્મિક સાધનાના જુદા જુદા માર્ગો તપ, યોગ, સંવર-સંયમ, કે ધ્યાન-સમાધિ એવાં નામોથી ઓળખાતા અને વ્યવહારાતા તેમજ એકબીજાની અસર પામતાં.

ઈન્દુકલા ઝવેરી

આધ્યાત્મિક સાધના અને તેની પરંપરાઓ

આધ્યાત્મિક સાધનાની ચડતી-ઊતરતી તેમજ સ્થૂળ-સૂક્ષ્મ એવી બધીજ કક્ષાઓને અને એ કક્ષાઓનાં બધાં જ અંગોને દર્શાવતા બે શબ્દો પ્રાચીનકાળથી ભારતીય સંસ્કૃતિમાં બહુ જ જાણીતા છે. તે છે તપ અને યોગ. આ બેમાંય તપ શબ્દ વધારેમાં વધારે પ્રાચીન અને વધારેમાં વધારે વ્યાપક રહ્યો છે. શ્રમણ અને બ્રાહ્મણ આ બે પરંપરામાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સમાઈ જાય છે. શ્રમણ શબ્દનું પ્રાકૃતરૂપ "સમણ" છે. એનો અર્થ વૃત્તિશમન તેમજ "શ્રમ્" અર્થાત્ તપ કરવું એવો થાય છે. શ્રમણના પર્યાય અને પ્રકાર તરીકે તપસ્વી, તાપસ જેવા શબ્દો જાણીતા છે. એ સૂચવે છે કે શ્રમણધર્મનું મૂળ તપમાં છે અને તપને કેન્દ્રમાં રાખીને જ શ્રમણધર્મની પરંપરાઓ વિકસી અને વિસ્તરી છે.

બ્રાહ્મણધર્મના મૂળમાં "બ્રહ્મન્" છે. "બ્રહ્મન્" એટલે કે યજ્ઞને કેન્દ્રમાં રાખીને જ બ્રાહ્મણધર્મની પરંપરાઓ વિકસી અને વિસ્તરી છે. તેમ છતાં યજ્ઞ સાથે સંબંધ ધરાવતા વૈદિક મંત્રો અને બ્રાહ્મણ ગ્રંથોમાં પણ તપની શક્તિ મહિમા દર્શાવતો તપસ્ શબ્દનો નિર્દેશ મળે છે, એટલું જ નહિ પણ તપ અર્થને સૂચવતો "શ્રમ્" ધાતુનો તપના સંદર્ભમાં જ પ્રયોગ થયેલો શતપથ જેવા બ્રાહ્મણ ગ્રંથોમાં જોવામાં આવે છે. આરણ્યક અને ઉપનિષદોમાં તો સ્થૂળ યજ્ઞનું વલણ ઘટવાની સાથે જ જ્ઞાન અને તપનું વલણ વધારે વિકસતું દેખાય છે. આમ એક બાજુ તપોમાર્ગનો વિકાસ અને વિસ્તાર યજ્ઞમાર્ગથી સ્વતંત્ર થતો આવ્યો છે, તો બીજી બાજુ યજ્ઞમાર્ગ સાથે પણ એનો વિકાસ અને વિસ્તાર થતો જ રહ્યો છે.

તપનું પ્રાથમિક અને સ્થૂળ રૂપ દેહદમનના વિવિધ પ્રકારોમાં છે. જેમ જેમ આધ્યાત્મિક શુદ્ધિમાં દેહદમનની ઉપયોગિતાનો ખ્યાલ બદલાતો ગયો તેમ તેમ એ દેહદમનની વિરુદ્ધ પ્રતિક્રિયા પણ શરૂ થઈ. તેને લીધે એક બાજુથી દેહદમનનું વલણ ઓછું થઈ માનસિક યા અન્તરતપનું વલણ વધ્યું, તો બીજી બાજુથી દેહદમનનું વલણ કાયમ રાખીને પણ તેનો માનસિક તપની સાથે મેળ બેસાડવાનો પ્રયત્ન થયો; જે કે આ બન્ને પ્રણાલીઓની સાથે સાથે તાપસ અને પરિવ્રાજકોનો મોટો એવો વર્ગ દેહદમનની પ્રથાઓમાં રચ્યોપચ્યો રહેતો. પહેલા વલણના પ્રતિનિધિ તથાગત બુદ્ધ છે, બીજાના દીર્ઘતપસ્વી મહાવીર છે, અને ત્રીજાના બાકીના અનેક તાપસો છે.

જેમ યજ્ઞથી ઐહિક તેમજ સ્વર્ગીય સિદ્ધિઓ પ્રાપ્ત થવાની માન્યતા એના પ્રસારમાં કામ કરતી તેમ તપના પ્રસારમાં પણ એવી માન્યતા પ્રથમથી જ દેખાય છે. વધારામાં તપ એ અંતિમ પુરુષાર્થ મોક્ષનું પણ સાક્ષાત્ કે પરંપરાથી અંગ મનાયું. તેને લીધે તપ પ્રત્યેની શ્રદ્ધામાં ઓર વધારો થયો.

"યોગ" શબ્દનો પ્રયોગ તો ઋગ્વેદના મંત્રોમાં પણ થયેલો છે, પરંતુ ત્યાં એનો સમાધિ કે આધ્યાત્મિક ભાવ વિવક્ષિત નથી. ઉપનિષદોમાં, ખાસ કરીને અતિપ્રાચીન ગણાતા એના ભાગોમાંય, આધ્યાત્મિક અર્થમાં "યોગ" પદ વપરાયેલું મળતું નથી. કઠ અને શ્વેતાશ્વતર જેવાં કાંઈક ઉત્તરકાલીન ઉપનિષદોમાં આધ્યાત્મિક અર્થમાં

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૫, ૧૯૫૭, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯


તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

"પંડિત સુખલાલજી મારા વિદ્યાગુરૂ છે."

પ્રાચીન જૈન ગ્રંથસાહિત્ય અને ગ્રંથભંડારોના સંશોધન ક્ષેત્રમાં જેમણે અસાધારણ સેવા કરી છે અને અપ્રતિમ ખ્યાતિ મેળવી છે તેવા વિદ્વદ્વર્ય પ્રસન્નમૂર્તિ મુનિશ્રી પુણ્યવિજયજીએ પંડિતજીના વિરલ વ્યક્તિત્વની અને અનન્ય વિદ્યોપાસનાની જુદી જુદી બાજુઓનો નીચેના લેખમાં પરિચય કરાવ્યો છે. કાકા સાહેબ કાલેલકર જણાવે છે તે મુજબ 'ગાંધી યુગના આ દર્શનશાસ્ત્રીનું બહુમાન કરવા અર્થે જે સન્માન નિધિ એકઠો થઇ રહ્યો છે તેમાં નીચેનો લેખ વાંચીને અનેક ભાઇ બહેનો–પોતાનો ફાળો મોકલવા જરૂર પ્રેરાશે અને એક લાખના સંકલ્પને પહોંચી વળવામાં મદદરૂપ થશે એવી આશા છે. તંત્રી)

વિદ્યાગુરુ

શ્રીમાન્ પંડિત સુખલાલજી મારા વિદ્યાગુરુ છે. આપણા જીવનની પ્રગતિ માટેના જે વિવિધ અંગો છે તેમાં વિદ્યાગુરુ એ એક વિશિષ્ટ અંગ છે. મારા જીવનમાં મેં જે અનેકાનેક સાધુ વિદ્યાગુરુઓ અને ગૃહસ્થ વિદ્યાગુરુઓ મેળવ્યા છે એ સૌમાં સર્વોચ્ચ સ્થાન હું બે વ્યક્તિઓને આપું છું. તેમાં પ્રથમ સ્થાન પૂજ્ય પ્રવર, સતતજ્ઞાનોપાસનાપરાયણ, અનેક જ્ઞાનભંડારોના ઉદ્ધારક, વ્યવસ્થાપક અને શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાળાના સંપાદક શ્રી ચતુરવિજયજી મહારાજનું છે, જેઓ મારા દીક્ષાગુરુ અને શિક્ષાગુરુ છે. જીવનના ચૌદમે વર્ષે મને મારી જન્મદાત્રી અને ધર્મદાત્રી માતાએ (જે આજે વૃદ્ધાવસ્થામાં જીવંત છે અને જેમનું નામ સાધ્વીજીશ્રી રત્નશ્રીજી છે) તેમના ચરણમાં સોંપ્યો અને તેમના જ શ્રીચરણોમાં હું દીક્ષા અને શિક્ષા પામ્યો. મારી યોગ્યતાનુસાર તેઓશ્રીએ અતિ યોગ્યતાપૂર્વક મને અનેક વિષયોની જાતે તેમજ અનેક પંડિતો દ્વારા ક્રમિક શિક્ષા આપી. અનેક પ્રકારના કાર્યોની કુશળતાની પ્રાપ્તિ પણ મને તેમના જ દ્વારા થઇ છે. અને તેમના જીવનમાંથી મેં ઘણી ઘણી પ્રેરણા અને યોગ્યતા મેળવી છે. આજે મારામાં જે કાંઇ છે તેનું મૂળ આ ગુરુદેવ જ છે.



મુનિશ્રી પુણ્યવિજયજી

બીજું સ્થાન પંડિત સુખલાલજીનું છે, જેમણે મને એકાંત આત્મીય ભાવે અધ્યયન કરાવ્યું છે તેમજ પ્રસંગે પ્રસંગે મને અનેક વિષયોનું જ્ઞાન પુસ્તકો દ્વારા નહિ પણ મોઢેથી જ આપીને મારી દૃષ્ટિને તેમણે વિશદ બનાવી છે. મારા જીવનનો યોગ જ કોઇ એવો વિચિત્ર હશે કે જેથી હું, મારા જીવનના પ્રારંભથી અનેક પ્રકારનાં કાર્યોમાં પરોવાઈ જવાને લીધે, જીવનમાં અધ્યયન અતિ અલ્પ કરી શક્યો છું. તેમ છતાં મારા ઉપર વિદ્યાગુરુઓનો એવો પ્રેમ રહ્યો છે કે જેથી આજે મારી એ ઊણપ કોઈની નજરે નથી આવતી. છતાં એ વાત તો દીવા જેવી છે કે મારું અધ્યયન અતિ અપૂર્ણ છે.

આ બંને ગુરુઓએ મારા તીખા સ્વભાવને આનંદથી જીરવીને પણ મને દરેક રીતે સમૃદ્ધ કર્યો છે. બે ગુરુઓમાંથી એક ગુરુશ્રી કે જેઓ મારા જીવનનું સર્વસર્વા હતા તેઓ તો આજે સ્વર્ગવાસી થઇ ચૂક્યા છે. પણ એક ગુરુ આજે વિદ્યમાન છે, જેમની પાસે આજે પણ હું અનેક રીતે અધ્યયન કરું છું. આજે જ્યારે પણ હું મારા આ વિદ્યાગુરુ પાસે જાઉં છું ત્યારે તેઓશ્રી ગમે તેટલા કાર્યવ્યસ્ત હોય તેમ છતાં પોતાનું દરેક મહત્ત્વનું કાર્ય છોડીને પણ મારી સાથે અનાકુળપણે પોતાના અતિ ગંભીર અધ્યયન અને ચિંતનમાંથી ઉદ્ભવેલી અનુભવપૂર્ણ વાત કરે છે, જેથી જીવનમાં નવું જ્ઞાન અને સ્ફુરણાઓ જાગે છે. ઉપર હું કહી આવ્યો છું કે મારા જીવનમાં મેં અધ્યયન ઘણું ઓછું કર્યું છે, તે છતાં મારા વિદ્યાગુરુશ્રીએ પ્રસંગે પ્રસંગે અનેકવિધ દાર્શનિક, શાસ્ત્રીય આદિ અનેક વિષયો મોઢેથી જ એવી રીતે સમજાવ્યા છે જેથી આજે ભગભગ અનાબાધપણે હું મહાશાસ્ત્રોમાં પ્રવેશ કરી શકું છું.

આ રીતે મેં મારા જીવનમાં બે ગુરુઓ દ્વારા જીવંત પ્રેરણા મેળવી છે. તેમાં શ્રીમાન્ પંડિતજીનું સ્થાન પણ અતિ વિશિષ્ટ છે. આ બંને ગુરુઓને હું અંતરમાંથી કદીયે વિસારી શકું તેમ નથી.

જ્ઞાનગાંભીર્ય અને પ્રતિભા

શ્રીમાન્ પંડિતજીએ તેમના જીવનમાં સર્વદેશીય જ્ઞાનની સાધના કરી છે તેમનું જ્ઞાન કોઇ એક વિષયને લક્ષીને છે તેમ નથી. પણ તેમનું જ્ઞાન ઘણું વ્યાપક અને વિશ્વતોમુખી છે. જૈન સમાજમાં તેમની જોડી ભાગ્યે જ મળી શકે એટલું જ્ઞાન પંડિતજી ધરાવે છે. જૈન દાર્શનિક, આગમિક, અને કર્મવાદવિષયક સાહિત્યનું તેમણે ઘણા ઊંડાણથી અવગાહન કર્યું છે. વર્તમાન યુગમાં જૈન દર્શનમાન્ય અનેકાન્તવાદ વિશે તેઓએ તલસ્પર્શી ચિંતન કર્યું છે અને એ વિશેના સંખ્યાબંધ ચિંતનપૂર્ણ લેખો તેઓશ્રીએ લખ્યા છે, જેને આજે જૈનાચાર્યો અને જૈન મુનિવર્ગ આદરથી જુએ છે.

જૈનેતર દાર્શનિક સાહિત્ય, ઉપનિષદો આદિનું અધ્યયન અને ચિંતન પણ તેઓશ્રીએ એટલા જ ઊંડાણથી કર્યું છે અને જ્યારથી તેમણે અંગ્રેજી ભાષાને સ્વાયત્ત કરી તે પછી તો તેમણે પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોએ લખેલા તત્ત્વચિંતનપૂર્ણ સંખ્યાબંધ ગ્રંથોનું

અવગાહન કરી પોતાના જ્ઞાનને અમર્યાદિત બનાવ્યું છે. એ જ કારણ છે કે શ્રીમાન્ પંડિતજી જ્યારે પણ એકના એક વિષયને ફરી ફરી ચર્ચે છે ત્યારે પણ તેમાં નવીનતા અને પ્રૌઢતાનું સૌને દર્શન થાય છે. પંડિતજીની પ્રતિભા પણ એવી છે કે જેથી તેઓ પ્રત્યેક વિષયને ગંભીર રીતે સ્વાયત્ત કરી લે છે. આજે આટલી ઊંમરે પણ પંડિતજીનો શાસ્ત્રવ્યાસંગ લેશ પણ ઓછો થયો નથી, પોતાની પ્રકૃતિને સ્વસ્થ રાખવા પંડિતજી ઘણી ઘણી લાંઘણો અને અર્ધલાંઘણો એંચી કાઢે છે પરંતુ જ્ઞાનોપાસનાની લાંઘણ તેઓ ભાગ્યે જ કરે છે. ગમે તેવી પરિસ્થિતિમાં દિવસે કે રાતે શ્રીમાન્ પંડિતજીનું તત્ત્વચિંતન નિરાબાધપણે ચાલતું જ હોય છે.

શ્રીમાન્ પંડિતજી માત્ર શાસ્ત્રનિષ્ણાત કાશીના પંડિતો જેવા પંડિત નથી પરંતુ તેઓ ધાર્મિક, સામાજિક રાજકીય, ભાષાશાસ્ત્ર આદિ અનેક વિષયોનું ઊંડું જ્ઞાન ધરાવે છે. એ જ એમના જ્ઞાન-ગાંભીર્યનું સાધક બન્યું છે. આજે મને બાસઠ વર્ષ થવા આવ્યાં છે. તેમાં હું લગભગ મારા બાળપણથી જ એટલે કે વીસ વર્ષની ઉંમરે શ્રીમાન્ પંડિતજીનો વિદ્યાર્થી બન્યો છું. મેં પંડિતજીને સતત અધ્યયન-પરાયણ અને ચિંતનપરાયણ જ જોયા છે. વિવિધ શાસ્ત્રોના વિવિધ વિષયોની તેમણે એક જ દૃષ્ટિએ નહિ, અનેક દૃષ્ટિએ છણાવટ કરી છે. તેમાં વિચારપરાઙ્મુખ સાંપ્રદાયિક ભાવનાને તેમણે કદિયે સ્થાન આપ્યું નથી. તે છતાં તેઓશ્રીએ સાંપ્રદાયિકતાને કદિયે નિરુપયોગી માની નથી. પરંતુ એ સાંપ્રદાયિકતા એવી ન હોવી જોઇએ કે જીવન-વિકાસના માર્ગ અને સત્યતાની આરાધનામાં બાધક થાય. શ્રીમાન્ પંડિતજીએ જૈનદર્શનના આ વ્યાપક દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને જે વિદ્યાસાધના કરી છે તેથી જ તેમની દૃષ્ટિ અતિ ગંભીર, સત્યાન્વેષી અને તાત્ત્વિક બની છે.

ધારણાશક્તિ

શ્રીમાન્ પંડિતજી જો કે શતાવધાની નથી. તે છતાં તેમની સ્મરણશક્તિ અતિ જીવંત છે. જીવનના આદિકાળથી તેમણે જે જે અધ્યયન કર્યું છે એ બધા વિષયો આજે પંડિતજીને માટે તાજા જ જોવામાં આવે છે. મોટા ભાગે અધ્યયન કરનાર માટે એવું હોય છે કે વિષયનો જ્યારે અભ્યાસ કરતા હોય ત્યારે તો તે વિષયો સાજ્જતાજા હોય છે, પણ પાછળથી તે નહિવત્ બની જાય છે. જ્યારે પંડિતજી માટે તેમ નથી. દા. ત. પંડિતજીને આપણે કોઈ સંસ્કૃત ભાષાના પ્રયોગ વિષે કાંઈ પૂછીએ કે આ શબ્દપ્રયોગ વિશે કેમ સમજવું ત્યારે પંડિતજી સિદ્ધહેમવ્યાકરણના અધ્યાય, પાદ અને સૂત્ર સુધ્ધાંનો નંબર આપીને આપણને જવાબ આપશે. એ જ રીતે બીજા વિષયોમાં પણ આપણે પૂછીશું તો તે તે વિષયના મૌલિક સ્થાનોની યાદી આપવા-પૂર્વક જ પંડિતજી આપણી સાથે વાત કરશે. દરેક વિષયમાં આવી તાજી સ્મૃતિ એ પંડિતજીની અવધાનશક્તિ કે ધારણાશક્તિનો જીવંત પુરાવો છે.

બીજી રીતે આપણે પંડિતજીની ધારણાશક્તિ અને સ્મૃતિ જોઇએ. તેઓશ્રી જ્યારે કોઈ ગ્રંથને કે વિષયને હાથમાં લે છે ત્યારે એક જ ગ્રંથની અનેક વ્યાખ્યાઓ કે તે તે વિષયના અનેક ગ્રંથોને એકી સાથે સાંભળી લે છે, અને ત્યારબાદ કયા કયા વ્યાખ્યાકારોએ કે ગ્રંથકારોએ કઈ કઈ રીતે તે તે વિષયનું પ્રતિપાદન કર્યું છે, કયાં કયાં એક બીજાના મંતવ્યો જુદાં પડે છે, તે તે આચાર્યોના પ્રતિ-પાદનમાં કઈ કઈ વિશેષતાઓ છે ઇત્યાદિનું પૃથક્કરણ તેઓ બરાબર કરી લે છે. સેંકડો શ્લોકપ્રમાણ અનેક ગ્રંથસંદર્ભોને સ્મરણમાં રાખી તેનું આવું પૃથક્કરણ કરવું એ પંડિતજીની ધારણા અને સ્મરણશક્તિનો સચોટ પુરાવો છે.

સામાન્ય રીતે લોકોમાં કિંવદન્તી ચાલે છે કે 'સાઠી બુદ્ધિ નાઠી.' આ કિંવદન્તી સામાન્ય જડ જનતા માટે સાર્થક હશે, પરંતુ જ્ઞાનો-પાસનાપરાયણ વ્યક્તિઓ માટે એ કદિયે સાર્થક નથી. જેની સાક્ષી શ્રીમાન્ પંડિતજી પૂરે છે. આટલી ઊંમરે પણ પંડિતજીની સ્મરણશક્તિ સાજી-તાજી છે, એટલું જ નહિ પણ તે સ્મરણશક્તિ આજે યૌવન-વયે પહોંચી છે.

શું પ્રાચીન કાળમાં કે શું આજના યુગમાં આપણને આવા ઢગલાબંધ પુરાવાઓ મળી આવશે કે જેમનું જીવન ચિંતનપરાયણ હોય છે એવી વ્યક્તિઓની બુદ્ધિ, સ્મૃતિ કે પ્રતિભા માંદગીમાં કે મૃત્યુની અન્ત્ય ક્ષણ પર્યન્ત જેવીને તેવી જ રહે છે. સ્થવિરશ્રી વજ્ર-સ્વામીએ આર્યરક્ષિતને જીવનના અંત પર્યન્ત વિદ્યાધ્યયન કરાવ્યું હતું. સ્થવિરશ્રી આર્યરક્ષિતસૂરિ એક સો વીસ વર્ષની ઊંમરના હતા. તેમણે પોતાના વિદ્વાન શિષ્ય સ્થવિર આર્યદુર્બલિકાપુષ્યમિત્રને જીવનના અંત સુધી વિદ્યાદાન દીધું હતું. માથુરી અને વલ્લભી વાચનાના પ્રવર્તક સ્થવિરો પણ વૃદ્ધ હતા. વિશેષાવશ્યક ભાષ્ય ઉપર સ્વોપજ્ઞ ટીકા લખનાર આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છઠ્ઠા ગણધરવાદ સુધી ટીકા લખતાં લખતાં કે લખીને સ્વર્ગવાસી થયા. આચાર્યશ્રી હરિભદ્રસૂરિ તત્ત્વાર્થની ટીકા રચતાં રચતાં જ પરલોકવાસી થયા. આચાર્યશ્રી મલયગિરિ આવશ્યક-સૂત્રની અને બૃહત્કલ્પસૂત્રની વ્યાખ્યાઓ અપૂર્ણ રાખીને દેવલોકવાસી થયા. છેલ્લા છેલ્લા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશો-વિજયજી પણ સંખ્યાબંધ ગ્રંથોને અધૂરા રાખી સ્વર્ગસ્થ થયા. પ્રાચીન યુગમાં થઈ ગયેલા સંખ્યાબંધ મહાનુભાવોમાંથી બે-પાંચની આ વાત થઈ. વર્તમાનમાં પણ આજે વૃધ્ધાવસ્થામાં રહેલા અનેક મુનિવરો એવા છે કે જેઓ સતત અધ્યયનપરાયણ રહે છે. આગમોદ્ધારક શ્રીમાન્ સાગરાનંદસૂરિ મહારાજના મેં છેલ્લાં છેલ્લાં સૂરતમાં દર્શન કર્યાં ત્યારે તેમને ઘણીવાર વાયુની અસહ્ય તકલીફ રહેતી, ત્રણ ત્રણ દિવસ સુધી સૂવાય, બેસાય કે ઉઠાય નહિ, એવી અવસ્થામાં પણ તેમની પાસે કાગળ, પેન્સિલ પડ્યાં જ હોય. આ અવસ્થામાં જે સ્ફુરણા થાય તેને પોતે તરત ટપકાવી લેતા. આ જ રીતે જૈનેતર અને પાશ્ચાત્ય તત્ત્વચિંતકોની અનેક હકીકતો આપણા સામે છે. જે ઉપરથી આપણને એ ખાત્રી થાય છે કે જેમનું જીવન જ્ઞાનોપાસનામય અને તાત્ત્વિક ચિંતનમય હોય છે તેમની ચૈતન્ય શક્તિઓ જીવનની અન્ત્ય ક્ષણો પર્યંત જીવતી જાગતી જ રહે છે. શ્રીમાન્ પંડિતજીની પણ ચૈતન્ય શક્તિ સુચારુ રૂપે જીવતી જાગતી જોવામાં આવે છે.

ગુણગ્રાહકતા

પંડિતજીની દૃષ્ટિ હંમેશાં ગુણગ્રાહિણી જ રહી છે. ગમે તે સંપ્રદાયના શાસ્ત્રો વાંચે, ગમે તેવી વ્યક્તિનાં લખાણો વાંચે કે ગમે તે વ્યક્તિનો પરિચય સાધે,-એ બધાય પ્રસંગોમાં તેમની દૃષ્ટિ ગુણગ્રાહિણી જ રહી છે એ તેમનાં લખાણો ઉપરથી અને તેમની સાથેના વાર્તાલાપ પરથી અનુભવી શકાએ છીએ. શ્રીમાન્ પંડિતજીનું ગુણગ્રાહકપણું કેવું છે તેનાં ઉદાહરણો તો મારી પાસે અનેક છે; પણ તેમાંનું એક પ્રસંગોપાત્ત ટાંકું છું. એક વાર હું અને પંડિતજી સાથે બેઠા હતા, ત્યારે વાર્તાનો કોઇ પ્રસંગ આવતાં તેમણે આચાર્યશ્રી લાવણ્યસૂરિ-વિરચિત સિદ્ધસેનીયા દ્વાત્રિંશિકાઓની ટીકા અને મુનિશ્રી ધુરંધરવિજયજીએ તૈયાર કરેલ નિહ્નવવાદ આદિ વિષયમાં વાત કરી કે,-"મહારાજજી ! મેં આ ગ્રંથો જોયા, વસ્તુના પ્રતિપાદનની શૈલી ગમે તેવી હો, પણ જ્યારે વ્યક્તિને વસ્તુ બરાબર ગ્રાહ્ય થઇ હોય ત્યારે વસ્તુના હાર્દને તે પોતાના લખાણમાં ઊતારી શકે છે. અને એ રીતે આવાં લખાણો તાત્ત્વિક દૃષ્ટિએ આદરપાત્ર છે." આ તો માત્ર એક ઉદાહરણ જ આપ્યું છે. પણ પંડિતજી સાથે વાતો કરવામાં અનેકાનેક પ્રસંગોમાં તેમની ગુણગ્રાહકતા તરી જ આવે છે. આ ગુણગ્રાહકતાને લીધે જ તેઓ દરેક વિષયમાં તટસ્થ પરીક્ષણ પણ વ્યવસ્થિત રીતે કરી જાણે છે.

સ્વાતંત્ર્ય

પંડિતજી જીવનવ્યવહારમાં અને વિચારોમાં હંમેશાં સ્વતંત્ર રહ્યા છે, પોતાની વિદ્વત્તા વિષે તેમને કદિયે અભિમાન જાગ્યું નથી. કોઈ પ્રલોભન તેમને કદિયે આકર્ષી શક્યું નથી. તેમના જીવનમાં એવા


ઘણા પ્રસંગો આવ્યા છે, જેમાં અનેક જુદી જુદી વ્યક્તિઓએ તેમને અનેક રીતે આકર્ષવા પ્રયત્ન આદર્યા છે. પરંતુ જ્યારે તેમને ખબર પડે કે આ બધું પ્રલોભનરૂપ છે, ત્યારે તેમણે સામી વ્યક્તિને સાફ સાફ કહી જ દીધું છે કે "તમારા પક્ષમાં કે વાડામાં આકર્ષવા માટે કે અમુક ઉદ્દેશથી જ જો આ હોય તો આપણો સંબંધ અહીં જ પૂરો થાય છે." પંડિતજીને નામે કોઈ કૂળ વેચી ખાવા માગે તો તે કદિયે શક્ય નથી. પોતાની પ્રજ્ઞાને ગિરો મૂકીને તેઓ કદિ વાત કરતા નથી. એવો પ્રસંગ ઉપસ્થિત થતાં જ તેઓ તેને કાપી નાખે. તેઓ પોતાના વિચારોમાં હમેશાં સ્વતંત્ર જ રહ્યા છે. કોઇનિ ય ગમા–અણગમાની કે માનાપમાનની તેમણે આ માટે દરકાર રાખી નથી. તેમ છતાં પોતાના વિચારો અયોગ્ય ભાસતાં તેનું પરિવર્તન કરવામાં પણ તેઓ આનાકાની કરે તેવા નથી.

પંડિતજીની સેવા

શ્રીમાન્ પંડિતજીએ વ્યાપક રીતે જૈન પ્રજાની જે સેવા કરી છે તે ચિરસ્મરણીય જ રહેશે. તેમણે જૈન તત્ત્વજ્ઞાનના પ્રાસાદભૂત સન્મતિતર્ક જેવા મહાન ગ્રંથને સંશોધિત કરીને એક મહાન કાર્ય કર્યું છે. તે ઉપરાંત પ્રમાણમીમાંસા, જ્ઞાનબિંદુ આદિ ગ્રંથોને સુયોગ્ય રીતે સંપાદિત કર્યા છે. દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથોનો હિંદી અનુવાદ તેમણે કર્યો છે. આજ સુધીમાં તેમણે વિવિધ વિષયના ચિંતનપૂર્ણ લેખો લખ્યા છે. આ બધાં કાર્યોમાં કયારેક એક બીજાને ગમતી અણગમતી બાબતોનો સમાવેશ થવા છતાં વિજ્ઞ જૈન પ્રજા પંડિતજીની વિશિષ્ટ સેવાનો સ્વીકાર કરશે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

અંતિમ નિવેદન

શ્રીમાન્ પંડિતજીએ જીવનમાં અતિ વિશાળ ચિંતનપૂર્વક વિદ્યાસાધના અને આરાધના કરી છે, એટલું જ નહિ પણ ભાઈ દલસુખ માલવણિયા જેવા પોતાની જ કક્ષાના તત્ત્વચિંતક શિષ્યને પણ તૈયાર કર્યા છે. ઉપરાંત ડો. નથમલજી ટાટિયા, શ્રીમતી બહેન ઇન્દુકળાબેન વગેરે અનેક વ્યક્તિઓ માટે પ્રૌઢ વિષયના મહાનિબંધ (થિસિસ) લખવામાં સાક્ષી અને પ્રેરણાદાયક બન્યા છે. અનેક વિદ્વાનોએ એમની પાસેથી ગંભીર વિચારો મેળવ્યા છે. અને મારો વિશ્વાસ છે કે પંડિતજી પોતાની જિંદગીમાં ઘણું ઘણું કરી જશે. છતાં ય મારી એક હકદાર શિષ્ય તરીકે ભીખ છે કે શ્રીમાન્ પંડિતજીએ પોતાના જીવનમાં અધ્યયન કરતાં આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર, આચાર્યશ્રી મલ્લવાદી, યાકિની-મહત્તરાપુત્ર શ્રી હરિભદ્રાચાર્ય અને યશોવિજયોપાધ્યાય વિશે અને તેમના ગ્રંથરાશિ વિશે પોતાના હૃદયમાં જે વ્યાપક અને ગંભીરાતિગંભીર વિગતોનો સંચય કર્યો છે તેને યથાસમય મૂર્ત રૂપ આપી ભારતીય પ્રજાને અને તે સાથે જૈન પ્રજાને સમૃદ્ધ બનાવે. મારી આ ભીખ માત્ર તટસ્થ રહીને મોઢાની જ ભીખ નથી, પણ તે અંગે જે કાંઇ સાધનો આવશ્યક હોય તે બધાંય પૂરા પાડવાની પ્રતિજ્ઞા સાથેની ભીખ છે. તે માટે અતિ આવશ્યક આર્થિક સાધનનો પણ આમાં સમાવેશ કરીને જ હું ભીખ માગી રહ્યો છું. હું તો વર્ષોથી આવી આશા રાખું છું અને શ્રીમાન પંડિતજીને પ્રસંગે પ્રસંગે વિનંતિ પણ કરું છું અને આજે ગુરુગુણગાન – પ્રસંગે પુનઃ પણ વિનવું છું.



પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

શ્રીમાન્ પંડિતજીએ પ્રસંગે પ્રસંગે ઉપરોકત મહાપુરુષો વિશે જે ટૂંકી ટૂંકી નોંધો કરી છે અને જે ભાવો વ્યકત કર્યા છે તે જોયા પછી અનેકાનેક જૈન વિદ્વાન મુનિવરો અંતરથી માને છે કે આ મહાપુરુષોનું તાત્ત્વિક જીવન અને એમના ગ્રંથરાશિનું તાત્ત્વિક પરીક્ષણ શ્રીમાન્ પંડિતજી સિવાય આલેખી શકે એવી બીજી એક પણ વ્યકિત જૈન સમાજમાં તેમ જ અન્ય સમાજમાં છે જ નહિ.

મુનિ પુણ્યવિજય

બેઠકે સામસામી

(મન્દાક્રાન્તા–અનુષ્ટુપ)

"ઓહોહો! છે નિત નવું કંઈ જોઇને માણવાનું,
કેવી રૂડી સફર જીવને મુગ્ધભાવે નિહાળું!"
"છે શું આંહિ નિરખ્યું હતું તે તે જ પાછું હું ભાળું?
કંટાળ્યો છું, અવ લહું જ શું વિશ્વમાં આ પ્રવાસે?"
બોલી ઉઠ્યા વહી જાતી ગાડીની બારીની કને,
બેઠેલા સામસામા બે કિશોર–વૃદ્ધ માનવી.

આગન્તુક

(દ્રુતવિલંબિત)

હૃદયની રમણીય કુટિરમાં
અતિથિ કૈંક સદાય પધારતા,
પણ સહુ કરી વાસ વિદાય થૈ
અતિથિ અન્યની કાજ કરે જગા.
કુટિરમાં પણ આવ્યું છ આજ કો,
કરી સહુ કબજે બસ રહી જતું,
મથતી કાઢવા હું કાઢી જવા છતાં
નહિ હઠે, નહિ અન્યની કાજ એ
કરી દિયે જરી સ્થાન 'અહંમ્' મમ!

ગીતા પરીખ

પાછળ નજર

(ઑલ ઇન્ડીઆ રેડીઓ સ્ટેશન–મુંબઈ–એ યોજેલ 'As I Look Back'–પાછળ નજર–એ નામની પ્રવચનમાળામાં ડૉ. જૉન મથાઇએ રજુ કરેલ પ્રવચનનો અનુવાદ)

વિદ્યાર્થી તરીકેની મારી કારકીર્દી ઉજ્જવળ હતી અને એ વખતમાં મારા જમાનાના બીજા વિદ્યાર્થીઓની જેમ હું પણ લંડન જઈ આઇ. સી. એસ. ની પરીક્ષામાં બેસવાની આશા રાખતો હતો. મારા પિતાશ્રી મધ્યમ વર્ગનાં હતા. હું ઈંગ્લાંડ જઇ અભ્યાસ કરી શકું એટલા જ પૈસા એમણે બચાવ્યા હતા. મેં ઇંગ્લાંડ જવા માટે તૈયારી કરી. ઇંગ્લાંડ જવાને થોડા મહિના બાકી હતા ત્યાં જ મારા પિતાશ્રીએ જે બેંકમાં પૈસા અનામત મૂક્યા હતા એ બેંક ભાંગી અને મારા પિતાશ્રીએ આખી જિંદગીની બચત ગુમાવી દીધી. એથી મારું ઇંગ્લાંડ જવાનું અટકી ગયું.

ત્યાર પછી મેં તાતાની શિષ્યવૃત્તિ માટે અરજી કરી. પરંતુ મારી અરજી નામંજૂર થઇ. કેટલાક વખત પહેલાં મેં મારા મિત્ર શ્રી જે. આર. ડી. તાતાને મારી વિદ્યાર્થીઅવસ્થાનો આ પ્રસંગ કહ્યો હતો. એટલે શ્રી તાતાએ હસતાં મને કહ્યું કે જો હું અત્યારે જવા માગતો હોઉં તો તેઓ વ્યાજ સાથે એ શિષ્યવૃત્તિ આપવાની મારે માટે ભલામણ કરવા તૈયાર છે.

ઇંગ્લાંડ જવામાં નિષ્ફળ નીવડવાને લીધે મેં કાયદાનો અભ્યાસ કર્યો અને મદ્રાસના એક આગેવાન વકીલને ત્યાં મદદનીશ તરીકે કામ શરૂ કર્યું. મારો પહેલો કેસ ફોજદારીને લગતો હતો. મદ્રાસની એક જિલ્લા કોર્ટે સાત માણસોને જન્મટીપની સજા કરી હતી. તેની સામે મદ્રાસની વડી અદાલતમાં મેં અપીલ કરી હતી. શ્રી રામસ્વામી મુદ્દાલિયર તે સમયે મારી સાથે કામ કરતા હતા અને આ ખટલામાં અમે બંને સાથે જ હતા. અમે આ ખટલામાં જીત્યા અને સાતે આરોપીને જન્મટીપની સજામાંથી મુક્તિ અપાવી. પરંતુ ખટલાની ફી અમારા મોટા વકીલને આપવામાં આવેલી હતી. એટલે અમને તો આરોપીઓ તરફથી કે વકીલ તરફથી કશું જ મળ્યું નહિ. પાછળથી પેલા સાત આરોપીઓ મને મળવા માટે આવ્યા અને મને કેળાંની એક લૂમ ભેટ આપી. બસ એટલી જ ફી એ ખટલા માટે મને મળી. જો કે શ્રી મુદ્દાલિયરને તો એટલું પણ મળ્યું નહોતું.

થોડાંક વર્ષ પછી વકીલાતનો ધંધો છોડવાનું મેં નક્કી કર્યું. ધંધો છોડી હું અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ઇંગ્લાંડ ગયો. લંડનની મારી અર્થશાસ્ત્રની સ્કૂલમાં મારા અધ્યાપક હતા શ્રી સીડની વેબ. તેઓ યુનિવર્સિટીમાં 'પબ્લિક એડમીનીસ્ટ્રેશન' ના અધ્યાપક હતા. એમના હાથ નીચે અભ્યાસ કરવામાં મને બહુ જ આનંદ આવતો હતો. તેઓ તે વખતે પોતાની પ્રતિષ્ઠા અને સત્તાની ટોચે પહોંચ્યા હતા.

લંડનમાં મારી બહારની પ્રવૃત્તિઓમાં રવિવારની શાળામાં હું શીખવવા જતો. ત્યાં જે બાળકો ભણવા આવતાં તે દસથી બાર વર્ષનાં, મજૂરી કરતાં બાળકો હતાં. મને યાદ છે કે શરૂઆતના મારા વર્ગમાં વિદ્યાર્થીઓને હું શું કહું છું તે સમજવામાં મુશ્કેલી પડતી એટલે એક દિવસ મેં પૂછ્યું, "તમને શું લાગે છે, છોકરાઓ! હું અંગ્રેજી બોલું છું કે મારી હિંદુસ્તાની ભાષા બોલું છું ?"

તરત એક છોકરો ઊભો થયો. એણે કહ્યું, "બંને અડધી અડધી, સાહેબ."

હું જ્યારે લંડન છોડવાનો હતો ત્યારે વર્ગના એક વિદ્યાર્થીને લાગ્યું કે મને ગમે એવું એ પ્રસંગે એણે કંઈક બોલવું જોઇએ. એટલે એણે કહ્યું; સાહેબ, તમે જાણો છો ? તમે પહેલાં અહીં આવ્યા ત્યારે તો બહુ જ કાળા હતા. હવે તમે થોડા ધોળા થયા છો."

લંડનથી હું ઓકસફર્ડ ગયો. લંડન અને ઓકસફર્ડમાં મારું ઘણું ખરું કામ ખેતીવિષયક અર્થશાસ્ત્રને લગતું હતું. એ વખતે મદ્રાસની સરકાર અમુક પ્રકારની ખાસ સંસ્થાઓના વિકાસાર્થે 'સહકારી ખાતા'માં કોઇ એક અમલદારની નિમણુંક કરવાની વિચારણા કરતી હતી. એટલે એ સરકારે લંડનની ઇંડિયા ઓફિસ ખાતે કામ કરતા પોતાના અંગ્રેજ આઇ. સી. એસ. ઓફિસરને તપાસ કરવા જણાવ્યું. એ નિમણુંક અંગે મને બોલાવવામાં આવ્યો. એ માટે ઓકસફર્ડથી એક દિવસે બપોરે હું લંડન ગયો. મારો ઈન્ટરવ્યૂ લગભગ એક કલાક ચાલ્યો હશે. એ દરમ્યાન એ ઓફિસર જ ઘણું ખરું બોલતો. મને બોલવાનો ભાગ્યે જ વખત મળતો મને યાદ છે કે હું જ્યારે ઓકસફર્ડ પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં મને વિચારો આવ્યા કરતા હતા કે "અરેરે! મારે માટે મેં મુલાકાતમાં ખાસ કશું જ ન કહ્યું ? મેં કેટલી ખરાબ છાપ પાડી ?"

પરંતુ એ હોદ્દા માટે મારી નિમણૂંક કરવામાં આવી. ત્યાર પછી મદ્રાસમાં જ્યારે હું મારા ખાતામાં કામ કરતો હતો ત્યારે એક વખત મારી નિમણૂંકને લગતી ફાઇલ મારા હાથમાં આવી. એમાં લંડનમાં મારી મુલાકાત લેનારા ઓફિસરે મદ્રાસની સરકારને મારા વિશે અભિપ્રાય જણાવતો પત્ર લખેલો હતો. એમાં મારે માટે લખ્યું હતું. "મથાઈ હોશિયાર અને બુદ્ધિશાળી યુવાન માણસ છે. પરંતુ ઇંગ્લાંડ આવેલા ઘણાખરા હિંદીઓ જેવી એને પણ બહુ બોલવાની ટેવ છે–એ બહુ વાતોડિયો છે."

મદ્રાસમાં હું સહકારી સંસ્થાઓના રજિસ્ટ્રાર એક અંગ્રેજ આઇ. સી. એસ. ઓફિસરના હાથ નીચે મદદનીશ રજિસ્ટ્રાર તરીકે કામ કરતો હતો. મારી નિમણૂંકના એકાદ અઠવાડિયા પછી અમે બંને તપાસ અંગે બહારગામ જતા હતા. અમે બંને એક જ ડબ્બામાં સાથે હતા. વાતચીતમાં તેમણે મને 'મથાઈ' કહીને બોલાવ્યો અને મેં તેમનું નામ દઈ 'મિસ્ટર.....કહીને વાત કરી. તરત જ તેમણે અટકીને થોડીવાર પછી કહ્યું. "હવે જુઓ, મથાઈ, પરસ્પરના સંબોધન અંગે હું તમને કહું છું. હું તમને 'મથાઈ' કહીને બોલાવીશ, અને તમારે મને 'સર' કહીને બોલાવવો."

સરકારી નોકરીનો એ મારો પહેલો અનુભવ હતો.

થોડા વખત પછી મેં 'સહકારી ખાતામાંથી નોકરી છોડી દીધી; અને હું મદ્રાસની પ્રેસિડન્સી કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના (સાથે યુનિવર્સિટીના વિભાગના) વડા તરીકે કેળવણી વિભાગમાં જોડાયો. મારું એ કામ ઘણું ઉત્સાહ આપનારું હતું. હું કૉલેજમાં તેમજ યુનિવર્સિટીમાં પ્રવચનો આપતો. વળી મને તે વખતે મદ્રાસની ધારાસભામાં નિમવામાં આવ્યો, એટલે ધારાસભામાં પણ હું પ્રવચનો આપતો હતો. કોંગ્રેસ પક્ષ, જે વિરુદ્ધ પક્ષ તરીકે તે વખતે હતો તેની નેતાગીરી સત્યમૂર્તિના હાથમાં હતી. સત્યમૂર્તિ મારા વિદ્યાર્થી હતા અને અમારા બંનેનો સંબંધ ઘણો જ ગાઢ હતો.

મને યાદ છે કે એક વખત ધારાસભામાં કેળવણી ખાતાના અંદાજપત્રની ચર્ચા થતી હતી. તેમાં સત્યમૂર્તિએ સો રૂપિયાનો કાપ મૂકવાની દરખાસ્ત કરી અને એક હકીકત તરફ બધાંનું ધ્યાન દોર્યું કે 'પ્રેસિડન્સી કૉલેજના એક અંગ્રેજ અધ્યાપકે વર્ષમાં ફક્ત પાંચ 'લેકચર' જ આપ્યા છે.' મારે મારી કૉલેજના એ અધ્યાપકનો બચાવ કરવો પડ્યો હતો. મેં એવી દલીલ કરી હતી કે "સાચી અને અસરકારક કેળવણી માટે 'લેકચર' અગત્યની વસ્તુ નથી. એટલું જ નહિ મદ્રાસની કૉલેજમાં જે પ્રવચનો અપાય છે તેનું, ધારાસભામાં પ્રવચનો થાય છે તેની સરખામણીમાં, કેળવણીની દૃષ્ટિએ કંઇ જ મૂલ્ય નથી, "સત્યમૂર્તિએ આખી દલીલ રમૂજમાં લીધી અને પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

પ્રાધ્યાપક તરીકે હું ઘણીવાર માઇસોરની યુનિવર્સિટીમાં પ્રવચનો આપવા કે અર્થશાસ્ત્રની પરીક્ષા લેવા જતો હતો. મારી આ મુલાકાતો દરમ્યાન એક વખત એક હજામનો મને પરિચય થયો. એ હજામ વિન્સ્ટન ચર્ચીલ જ્યારે બેંગલોરમાં લશ્કરમાં ઓફિસર તરીકે કામ કરતા હતા ત્યારે તેમની હજામત કરતો હતો. એ હજામને એક વાત કરવી બહુ ગમતી હતી. એ કહેતો કે 'વિન્સ્ટન ચર્ચિલ'ની જ્યારે

બેંગલોરથી બદલી થઈ ત્યારે એમણે મને એક સિક્કો બક્ષિસ આપતાં કહ્યું હતું. "સાહેબ અત્યારે તો જાય છે, પણ ભવિષ્યમાં બડા સાહેબ થઈને પાછા આવશે."

વિન્સ્ટન ચર્ચિલની વાત કરતાં મને એક પ્રસંગ યાદ આવે છે. હું જ્યારે મધ્યસ્થ સરકારના પ્રધાનમંડળમાં હતો ત્યારે વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ લંડનની વડા પ્રધાનોની પરિષદમાંથી પાછા ફરીને કહ્યું હતું કે હિંદુસ્તાન આઝાદ અને પ્રજાસત્તાક થયા પછી પણ બ્રિટીશ રાષ્ટ્રસમૂહમાં રહેવા તૈયાર થયું છે એથી ચર્ચિલને ખૂબ આશ્ચર્ય થયું હતું. એટલે એમણે જવાહરલાલ નહેરુને મળવાની ઇચ્છા બતાવી હતી. તેઓ નહેરુને એ પહેલાં મળ્યા નહોતા. નહેરુ જ્યારે એમને મળ્યા ત્યારે સૌથી પહેલું એમણે કહ્યું, "હું હિંદુસ્તાનને પહેલા મિત્રોમાંથી જીવતા પાછા ફરેલા એક મિત્ર તરીકે જોઉં છું."

પાંચ વર્ષ સુધી મેં પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. ત્યાર પછી હું ટેરિફ બોર્ડના સભ્ય તરીકે જોડાયો. એ વખતે સૌથી પહેલી તપાસ મેં કોલસા અંગે શરૂ કરી હતી. એ વખતે 'જાર્ડિન સ્કીનર'ના વડા સર એલેકઝાન્ડર મુરેની મુલાકાત લીધી હતી. એમણે પોતાના કોલસા અંગેના નિવેદનમાં જે કહ્યું હતું તે હું હજુ પણ ભૂલી શક્યો નથી. એમણે કહ્યું હતું કે "હિંદુસ્તાનના કોલસા અંગેની મુશ્કેલી એ છે કે કાળા રંગ જેવા એ કાળો નથી હોતો."

ટેરિફ બોર્ડ સમક્ષ પ્રમુખ તરીકે સૌથી પહેલો જે અહેવાલ મેં રજૂ કર્યો હતો તે વિશે છાપામાં ઘણી કડક ટીકાઓ થઈ હતી.

ટેરિફ બોર્ડમાં મેં નવ વર્ષ કામ કર્યું. ત્યાર પછી 'કોમર્શિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સ્ટેટિસ્ટીકસ' ખાતાના ડાયરેકટર જનરલ તરીકે મારી નિમણૂંક કરવામાં આવી. એ હોદ્દાની સત્તાની રૂએ મને હિંદી ધારાસભાના સભ્ય તરીકે પણ નિમવામાં આવ્યો. એ વખતે હિંદની બ્રિટીશ સરકારના પ્રતિનિધિ તરીકે ઓટ્ટાવા કરાર અંગે ધારાસભાની ચર્ચામાં મારે ભાગ લેવો પડયો હતો. મેં મારા અંગત વિચારો બાજુ પર રાખી કરારનો શકય તેટલો બચાવ કરવાનો પ્રયત્ન તે વખતે કર્યો હતો. તે વખતે કોંગ્રેસ પક્ષ ભૂલાભાઈ દેસાઇની નેતાગીરી હેઠળ વિરુદ્ધ પક્ષ તરીકે કામ કરતો હતો. સત્યમૂર્તિ તેના નાયબ નેતા હતા. સત્યમૂર્તિ મારા જૂના વિદ્યાર્થી હતા. તેમણે પોતાની ચર્ચા દરમ્યાન કહ્યું કે "મારા એક વખતના મુરબ્બી પ્રાધ્યાપકને આવી ગેરવ્યાજબી અને નિરર્થક વાત કરતા સાંભળીને મને ઘણું દુઃખ થાય છે." અલબત્ત, સત્યમૂર્તિએ આ ઘણી જ નમ્રતાપૂર્વક કહ્યું હતું.

ત્યાર પછી શ્રી અવનાશીલિંગમ ચેટિયારે પણ મારે વિશે ટીકા કરી. તે પણ મારા જૂના વિદ્યાર્થી હતા. એ વખતે સભામાં મારી સામે બેઠેલા નાણાં મંત્રી સર જેમ્સ ગ્રીગે મારી તરફ ફરીને કહ્યું. "મથાઇ, હવે તો તમારે ઊભા થઇને તમારા આવા જૂના વિદ્યાર્થીઓ માટે સભાની માફી માગવી જોઇએ."

સરકારી નોકરી છોડી મેં તાતા કંપનીમાં પંદર વર્ષ નોકરી કરી. મારા એ સમયને હું મારી જિંદગીનાં વધુમાં વધુ આનંદભર્યા અને સુખી વર્ષો તરીકે જોઉં છું. તાતા કંપનીમાં સૌથી પહેલું કામ મેં તાતા કેમિકલ્સમાં કર્યું. ત્યાં મેં ત્રણ વર્ષ કામ કર્યું. હું જ્યારે જોડાયો ત્યારે એ ખાતું ઘણી ખોટમાં ચાલતું હતું. પછીથી એ ખાતું ઘણી સારી રીતે કામ કરવા લાગ્યું. અલબત્ત, મેં જે ભૂમિકાનું કામ કર્યું એને આભારી એ વિકાસ છે એમાં મને શંકા નથી.

ત્યાર પછી તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની'માં મારી બદલી થઈ. હિંદુસ્તાનમાંના એક મોટામાં મોટા ખાનગી ઉદ્યોગના સંચાલનના વડા તરીકે કામ કરવું એ એક રોમાંચક અનુભવ હતો. રોજબરોજના કામકાજમાં રસ લેતા ઉપરાંત રમૂજ અને આનંદ સાથે ઉત્સાહથી કામ કરતા લોકોના સમૂહ સાથે કામ કરવું એ એક લહાવો છે. જિંદગી પળેપળ જીવવા જેવી છે એવું અનુભવ્યા વિના સર હોમી મોદી જેવા સાથે તમે કામ જ ન કરી શકો.

પહેલી રાષ્ટ્રીય સરકારમાં મેં ચાર વર્ષ પ્રધાન તરીકે કામ કર્યું. મારું કામ ઘણું જ અગત્યનું હતું. પરંતુ મારે કહેવું જોઇએ કે એ કામમાં મને બહુ થોડો જ આનંદ મળ્યો. પ્રધાન તરીકે મોટી મુશ્કેલી એ છે કે આપણો પોતાનો કહી શકાય એવો સમય જ ત્યાં મળતો નથી હોતો. એ વર્ષો દરમ્યાન મેં એટલું ઓછું બહારનું વાંચ્યું છે, જેટલું ઓછું જિંદગીના બીજા કોઈ વર્ષો દરમ્યાન વાંચ્યું નથી. વસ્તુતઃ એ વર્ષો દરમ્યાન જે સાહિત્ય મેં વાંચ્યું તે મારા પોતાનાં જ ભાષણોના અહેવાલો અને ટીકાઓ હતાં, જે વાંચતાં કોઇ વાર નિરુત્સાહી થઈ જવાતું.

રેલ્વે ખાતાનો હું પ્રધાન હતો તે સમય દેશના ભાગલા પડયા પછી રેલ્વેતંત્રના ભાગલાનો હતો. ખરાબમાં ખરાબ સમયમાંથી રેલ્વે તંત્ર એ સમયે પસાર થતું હતું. પાર્લામેન્ટમાં ઘણીવાર હું ટીકાનું લક્ષ્યબિંદુ બની જતો હતો. એ વખતે દિલ્હી અને મદ્રાસ વચ્ચે દોડતી ગ્રાંટ ટ્રન્ક એકસપ્રેસ ગાડી અત્યારે લે છે તે કરતાં બમણો સમય લેતી હતી. એ અંગે 'શંકર્સ વિકલી'માં એક લાક્ષણિક રમૂજી વાત કટાક્ષચિત્ર સાથે આપવામાં આવી હતી. એક માણસ પ્રેમમાં નિષ્ફળ નીવડયો હતો. એટલે આપઘાત કરવાના ઇરાદાથી એ ગ્રાંટ ટ્રન્ક એકપ્રેસના પાટા પર સૂઇ ગયો. ગાડી આવવાની એણે ઘણી રાહ જોઇ પરંતુ ગાડી આવતી દેખાતી જ નહિ, એમ રાહ જોતો જોતો એ માણસ ભૂખે મરી ગયો.

આ બધાં છૂટાંછવાયાં સંસ્મરણો હું અહીં પૂરાં કરું છું. જિંદગી ખૂબ આનંદભરી છે અને મને એ ભોગવવાનો પૂરતો સમય મળ્યો છે. કટોકટીના અને કસોટીના દિવસોમાંથી હું પસાર થયો છું, પરંતુ તેમ છતાં જે વર્ષો મેં વીતાવ્યાં છે તે તરફ તો હું આનંદ અને કૃતજ્ઞતાની દૃષ્ટિથી જ જોઉં છું.

મૂળ અંગ્રેજી : **ડૉ. જહોન મથાઈ**
અનુવાદક : **રમણલાલ શાહ**

પ્રકીર્ણ નોંધ

હાઇડ્રોજન બોંબના પ્રયોગો અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ

બહુ નજીકના સમયમાં પેસીફીક મહાસાગરમાં આવેલા ક્રીસ્મસ ટાપુ ઉપર બ્રીટન તરફથી હાઇડ્રોજ બોંબના પ્રયોગો થવાના છે. આ સામે આ ટાપુ પાસે પ્રમાણમાં નજીક આવેલ જાપાન તરફથી ઉગ્ર વિરોધ થઇ રહ્યો છે, એટલું જ નહિ પણ બીજા અનેક દેશો અને આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી વિશિષ્ટ વ્યક્તિઓ તરફથી પણ તીવ્ર વિરોધના સુરો ઉઠી રહ્યા છે. એમ છતાં પણ બ્રીટનના નિરધારમાં કશો પણ ફેરફાર થઇ શકે તેમ નથી એમ અંગ્રેજ સત્તાધીશો જાહેર કરે છે. થોડા દિવસ પહેલાં રશીઆ તરફથી સાઇબીરીઆમાં અણુબોંબના આવા જ પ્રયોગ કરવામાં આવ્યા હતા. અમેરિકા તરફથી પણ આ વ્યવસાય ચાલુ જ છે. દરેક દેશ એમ જણાવે છે કે 'આ પ્રયોગથી જરૂર નુકસાન થાય છે અને બૂંધ કરવા જોઇએ એ અમે કબુલ કરીએ છીએ, પણ જ્યાં સુધી અણુબોંબધારી અન્ય દેશો આ પ્રયોગ કરતાં અટકે નહિ ત્યાં સુધી અમે પણ તેમ કરતાં અટકી શકીએ નહિ.' એક વિષચક્ર માફક કાર્ય કરી રહેલી આ દુર્બુદ્ધિ જગતને સર્વાંતોમુખી વિનાશ તરફ ધસડી રહેલી હોય એમ લાગે છે.

આજનું જગતનું માનસ જેટલું હિંસક, અને ઘાતકી માલુમ પડે છે એવું કોઈ કાળે પણ નહોતું એમ કહેવામાં જરા પણ અત્યુક્તિ થતી નથી. દાખલા તરીકે આ અણુબોંબના જે પ્રદેશો ઉપર પ્રયોગ થાય છે ત્યાંના સંહારની કલ્પના તો કરો! આ પ્રયોગ માટે એવા પ્રદેશો પસંદ કરવામાં આવે છે કે જ્યાં માનવીની વસ્તી પ્રમાણમાં વિરલ હોય. ઉત્તર દક્ષિણ ધ્રુવ સિવાય આ દુનિયામાં ભાગ્યે જ એવા પ્રદેશો છે કે જ્યાં માણસની વસ્તી બીલકુલ ન હોય. એમ કહેવામાં આવે છે કે પ્રયોગપ્રદેશમાં વસતા માનવીઓને તે તે પ્રદેશો ખાલી કરવાની વખતસર ખબર આપવામાં આવે છે. આમ છતાં

આવા પ્રદેશમાં વસતા કેટલા માણસો સુરક્ષિત સ્થળે ભાગી જઈ શકતા હશે એ એક સવાલ છે. બીજું એમાં તો કોઈ શક જ નથી કે આમ ભાગી છુટેલા માનવીઓને બાદ કરતાં જ્યાં જ્યાં આ અણુબોંબો ફોડવામાં આવે છે ત્યાં ત્યાંની સમગ્ર જીવસૃષ્ટિનો લગભગ નાશ થાય છે. આજે માનવીસમાજમાં નિષ્ઠુરતા એ હદ સુધીની ફેલાઈ ચૂકી છે કે માનવેતર જીવોના ગમે તેટલા સંહારની તો કોઇને જરા પણ પડી જ નથી. આ ઉપરાંત આ પ્રદેશનું પાણી, ફળ, ફુલ તેમ જ સર્વ ખાદ્ય પદાર્થો રેડીઓ-એકટીવ રજકણો વડે દૂષિત બને છે જેનો ઉપયોગ માનવીશરીરમાં અનેક પ્રકારની યાતનાઓ પેદા કરે છે અને પ્રજનનશક્તિનો નાશ કરે છે. સંભવ છે કે સાઇબીરીઆમાં વસતા સંખ્યાબંધ માનવીઓનો રશીઆના અણુબોંબ વડે ખુરદો થઈ ગયો હશે પણ એનો અવાજ તો કોઇ ઠેકાણે પહોંચે એમ છે જ નહિ, જે બાબતની રશીઆને મોટી નિરાંત છે. જાપાન ક્રીસ્મસ ટાપુની નજીક હોઇને તેનો પોકાર જગતમાં ફેલાઇ શકે તેમ છે અને તેથી તે આપણને સંભળાય છે, પણ બ્રીટન એ અવાજ સામે કાનમાં રૂ ચ્યા દઈને બેઠું છે. જાણીતા મહામાનવ ડો. સ્વાઈટ્ઝરે આ અણુબોંબના પ્રયોગો અટકાવવા ઊંડા દર્દથી ભરેલી અપીલ કરી છે. ડો. સ્વાઇટ્ઝર છેલ્લા ચાળીશ વર્ષથી આફ્રિકામાં વસવાટ કરી રહ્યા છે અને દીન દુઃખીઓને બને તેટલી રાહત પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે. ફ્રેંચ ઇકવેટોરીયલ (પૃથ્વીની મધ્યરેખા ઉપર આવેલ) આફ્રીકાના પુરાણા જંગલમાં આવેલા લેમ્બ્રેનેમાં તેમણે હોસ્પીટલ ઉભી કરી છે અને આ જંગલોમાં વસતા આફ્રીકાવાસીઓ જેનાથી પીડાઈ રહ્યા છે તે રક્તપીત અને એવા બીજા અનેક દર્દો સામે લડત ચલાવી રહ્યા છે. સ્વાઇટ્ઝર માત્ર મીશનરી ડાકટર જ નથી. એમણે ધર્મશાસ્ત્રો ઉપર સુપ્રસિદ્ધ પુસ્તકો લખ્યાં છે અને તત્વજ્ઞાન અને સંગીત ઉપરનાં તેમનાં લખાણોએ એ બન્ને ક્ષેત્રના નિષ્ણાતોનું ખૂબ ધ્યાન ખેંચ્યું છે. આ બધા ઉપરાંત કરૂણાની તો તેઓ એક જીવતી મૂર્તિ જ છે. ડોકટર હોઇને તેઓ એક મોટા વૈજ્ઞાનિક છે. આમની સામે બ્રીટીશ વૈજ્ઞાનિકો જે મોટા ભાગે સરકારના કાંધીયાઓ હોય છે તેઓ એમ જણાવે છે કે આ અણુબોંબની ઘાતક શક્તિનું ડો. સ્વાઇટ્ઝર અને અન્ય વૈજ્ઞાનિકો વધારે પડતું પ્રમાણ આંકે છે. અર્થાત્ આ પ્રયોગોથી તેઓ ધારે છે તેટલું વ્યાપક કોઈ નુકસાન થતું નથી અને થનાર નુકસાનનું પુરૂં માપ કાઢીને આ પ્રયોગો કરવામાં આવે છે. આ બધા પ્રસંગો પોતાના જ દેશમાં રહીને તેઓ કરતા હોય તો આપણે એટલું સમજીને સંતોષ માનીએ કે કોઈ પ્રજાને જાણી સમજીને આત્મઘાત કરવો હોય તો આપણે તેમને શી રીતે અટકાવીએ? પણ આ પ્રયોગ તો એવા સ્થળોએ કરવામાં આવે છે કે જ્યાં વસતા માનવીઓને પોતાનો અવાજ ઉઠાવવાનો કોઈ અવકાશ જ નથી અને એવા દેશોની સમીપમાં કરવામાં આવે છે જે દેશો નિર્બળ છે, અસહાય છે, આન્તરરાષ્ટ્રીય સંસ્થાઓમાં જેમનું કોઈ વજન નથી.

આજે અણુબોંબ નિર્માણ કરી શકતા દેશોમાં કોની સંહારકશક્તિ વધારે છે તે બાબતની હરીફાઈ ચાલી રહી છે. અને આવી સ્પર્ધાથી જ ભાવીનું વિશ્વયુદ્ધ અટકાવી શકાશે એવી ભ્રમણા સેવવામાં આવે છે. આજે ચાલી રહેલા પ્રયોગો પાછળ નિર્માણ કરવામાં આવતા નવા નવા પ્રકારના બોંબની વધતી જતી સંહારકશક્તિનું માપ કાઢતા રહેવાનો આશય છે. આ માપ કાઢવા જતાં જેની ચીચીયારી સુધરેલા દેશોના કાન સુધી પહોંચવાની નથી એવા જીવોનો કેટલા મોટા પ્રમાણમાં સંહાર થાય અને સંહાર ન થાય તેને પણ જીવનના અન્ત સુધી કેટલી યાતનાઓ ભોગવવી પડે તે વિષે અણુબોંબધારી દેશોના શાસકો જરા પણ વિચાર કરવા માંગતા નથી.

અને આ બધું નાટક જગતમાં સુલેહ શાન્તિ જાળવવાના નામ ઉપર ચાલી રહ્યું છે. જગતના સામુદાયિક કલ્યાણ માટે સુલેહ શાન્તિની રક્ષા માટે, જગતના કોઇ એકાન્ત ખુણે વસતા પાંચ પચીસ લાખ માનવીઓને આટલો ભોગ માનવજાત માટે આપવો જ જોઇએ- એમ આજના આ માંધાતા રાક્ષસી સત્તાધીશો બેશરમપણે જાહેર કરે છે. આજના સત્તાધીશોની આંખમાં માનવીની એક મગતરાયી જરા પણ વધારે કીંમત રહી નથી. પોતાને ઇષ્ટ લક્ષ્ય પાતર લાખો માણસોના જાન માલને ગમે ત્યારે તેઓ જોખમમાં મુકે છે અને એમાં તેમને જરા પણ આંચકો લાગતો નથી. આ મનોદશા છે અમેરિકાની, આ મનોદશા છે રશીઆની અને આ મનોદશા છે દુનિયને નોતરી રહેલા બ્રીટનની. સ્વાઇટ્ઝર ભલે રાડો પાડે, રાજગોપાલાચાર્ય નિવેદનો ઉપર નિવેદનો ભલે બહાર પાડયા કરે અને નહેરુ ભલે ગર્જ્યા કરે. નિષ્ઠુરતાના અવતાર સમા આ રાષ્ટ્રો એકમેકની સ્પર્ધામાં કુડકપટની કંઈ કંઈ જાળો પાથરી રહ્યા છે અને જાણે કે આ દુનિયાનો કોઇ બેલી ન હોય એમ ભાત ભાતની ધાકધમકીઓ વરસાવી રહ્યા છે, કોઇ પાકીસ્તાનને પોતાનું પ્યાદુ બનાવે છે; કોઇ જોર્ડનને પોતાનું પ્યાદુ બનાવે છે, કોઈ ઈજીપ્ત ઉપર કરડી નજર નાંખે છે, પરિણામે દુનિયાની પરિસ્થિતિ ઉત્તરોત્તર વધારે ને વધારે વિકટતા તરફ ધસી રહી છે. માનવી કુળોનો ભાવી ક્ષય નવા નવા આકારો ધારણ કરી રહેલ છે. આવું કેવળ નિરાશાભર્યું છે આજની આપણી દુનિયાની પરિસ્થિતિનું ચિત્ર.

આ હાઇડ્રોજનબોંબ વડે બધિર બનેલી પ્રજાના કાન ઉઘડે અને તેનો અન્તરાત્મા જાગે એ હેતુથી જાપાનની અમુક એક મંડળીએ જ્યાં હાઇડ્રોજન બોંબ પડવાના હોય તે પ્રદેશ ઉપર જવાની અને હાઇડ્રોજન બોંબની જવાળાઓમાં ભસ્મીભૂત થવાની અને એ રીતે પોતાની જાતનું સ્વેચ્છાએ બલિદાન આપવાની ઇચ્છા દર્શાવી છે. જાપાનીઝ સરકારે તેમ કરવાની આ મંડળીને હજુ પરવાનગી આપી નથી-કદાચ આગળ વધતી અટકાવી છે. પણ આ માનવીવીરો જે રીતે પોતાની આહુતિ આપવા તૈયાર થયા છે તે માટે તેમને ખરેખર અનેક ધન્યવાદ ઘટે છે. રાક્ષસી હૃદયોને પીગળાવવાની દિશાએ તેમ જ આવી નિષ્ઠુરતા સામે જનતાનો પ્રચંડ વિરોધ ઉભો કરવાની દિશાએ આવાં આત્મબલિદાનો ઘણો ઉપયોગી ફાળો આપશે તેમાં કોઈ શક નથી.

જૈન કલીનીક

મુંબઇના વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ તરફથી છેલ્લાં છ કે સાત વર્ષથી એક જૈન કલીનીક ચલાવવામાં આવે છે. મુંબઇ ખાતે કાંદાવાડીમાં આવેલ શેઠ મેઘજી થોભણ જૈન સ્થાનકના કોંપાઉન્ડમાં એક નાના સરખા જૈન દવાખાનાની શરૂઆત કરવામાં આવેલી અને તેમાં શરૂઆતમાં શ્રીમતી લીલાવતી સુરજમલ લલ્લુભાઇ ઝવેરીએ રૂા. ૩૦૦૧ ની રકમ આપેલી. પછી તો બાજુએ આવેલ નીકદવાડી લેઇનમાં એક નવું છતાં નાનું સરખું મકાન તૈયાર કરવામાં આવ્યું અને તેમાં વૈદ્યકીય તપાસ અને સારવારના જુદા જુદા ખાતાઓની વ્યવસ્થા કરવામાં આવી. આ અંગે મોરબીનિવાસી સ્વ. પ્રભાશંકર પોપટભાઈના સ્મરણમાં તેમના સુપુત્રોએ રૂા. ૫૧૦૦૦ ની રકમ મકાન માટે અને રૂા. ૧૫૦૦૦ ની રકમ નીભાવ ખર્ચ માટે આપેલી. બહેન વ્રજકુંવર હાથીભાઈ સાંકળચંદ ઇલેકટ્રો-કાર્ડીઓગ્રામ માટે રૂ. ૫૦૦૧, એક સૌરાષ્ટ્રનિવાસી ગૃહસ્થે ઇલેકટ્રો—થેરેપી માટે રૂ. ૫૦૦૧ અને શ્રી હુકમીચંદ વસનજીએ દંતવિભાગ માટે રૂ. ૩૦૦૧ આપેલા. આના પરિણામે આ કલીનીકમાં (૧) આંખ વિભાગ (૨) પેથોલોજી વિભાગ, (૩) દન્તવિભાગ (૪) ઇલેકટ્રો-થેરેપી વિભાગ (૫) કાર્ડીઓગ્રામ વિભાગ-આટલા વિભાગો ખોલવામાં આવ્યા. આ જૈન કલીનીક જૈન-જૈનેતર સૌ કોઈ માટે પ્રારંભથી જ ખુલ્લું રાખવામાં આવ્યું છે. આ જૈન કલીનીકનો આઉટ-ડોર પેશન્ટ વિભાગ એટલે કે ઔષધ-ઉપચાર માટે આવતા દર્દીઓને લગતા વિભાગનો કેટલા મોટા પ્રમાણમાં લાભ લેવાય છે તેનો નીચેના આંકડાઓ ઉપરથી ખ્યાલ આવશે:-

સાલ	જૈન	જૈનેતર	કુલ દર્દીઓ
વિ. સં. ૨૦૦૭/૮	૩૩૨૬૩	૨૭૦૧૬	૬૦૨૮૨
,, ૨૦૦૮/૯	૩૬૮૮૪	૪૧૧૫૫	૭૭૯૮૯
,, ૨૦૦૯/૧૦	૨૬૫૫૯	૬૩૦૧૧	૮૯૬૫૦
,, ૨૦૧૦/૧૧	૪૩૮૨૭	૬૧૦૬૨	૧.૦૪,૯૧૯
,, ૨૦૧૧/૧૨	૪૫૮૭૧	૬૭૪૨૨	૧,૧૩,૨૯૩

આ તે કેવી મતિવિકૃતિ ?

આજે બુધ્ધિશાળી લેખાતા માનવીઓની બુધ્ધિ કેવી એકાંગી રીતે આજના પ્રશ્નોનો વિચાર કરે છે તેના અવનવા દૃષ્ટાન્તો આપણને જોવા જાણવા મળે છે. જેમ કે કેટલાક એમ વિચારતા હોય છે કે આજની સર્વ આફત અને મુંઝવણનું મૂળ વધતું જતું વસ્તીપ્રમાણ છે, અને આ વસ્તીપ્રમાણ અટકાવવા માટે સંતતિનિયમન એક જ ઉપાય છે અને સંતતિનિયમન એટલે સંતતિનિરોધક કૃત્રિમ સાધનોનો ઉપયોગ. અલબત્ત આ નિદાન અમુક અંશે બરોબર છે, પણ જ્યારે સર્વ-સંકટવિમોચન તરીકે કોઈ પણ ક્ષણે અને કોઇ પણ પ્રસંગે સંતતિ-નિયમનને જ એક અને અદ્વિતીય ઉપાય તરીકે આગળ ધરવામાં આવે ત્યારે ભારે પ્રમાણભંગ થઇ રહ્યો હોય એમ માલુમ પડે છે.

આવી જ રીતે માંસાહારને પણ આપણામાંના કેટલાક બુધ્ધિ-માન લોકો તરફથી હાલતાં ચાલતાં આગળ ધરવામાં આવે છે. આપણી પ્રજા નિર્બળ છે, શરીરમાં તાકાત નથી, પૂરતા પોષણનો અભાવ છે–એમ જ્યારે ફરિયાદ કરવામાં આવે છે ત્યારે, તે નબળાઈ, કમતાકાત, માયકાંગલા-પણું દૂર કરવાનો એક જ ઉપાય છે માંસાહાર–એમ આજે અમુક વર્ગ ચોતરફ પ્રચાર કરતો જોવામાં આવે છે–જાણે કે અનાજ, ભાજીપાલો અને ફળોમાં માણસને કૌવતવાળો બનાવવાની કોઇ તાકાત જ ન હોય.

આવું જ એકાંગીપણું ખોરાકનો પ્રશ્ન ચર્ચતાં કેટલેક સ્થળે દાખવવામાં આવે છે. અનાજની ખૂબ તંગી છે. આ વખતે પૂરતું અનાજ પાકયું નથી. દેશની જરૂરિયાતના પ્રમાણમાં આપણે જોઇતું અનાજ પકવતા નથી. આ પોકાર સાંભળીને અનાજઉત્પાદન વધાર-વાના ઉપાયો વિચારવા સૂચવવાને બદલે 'માંસ ખાઓ, મચ્છી ખાઓ' એવો ઉપદેશ સાંભળવા મળે છે. હજુ હમણા થોડા દિવસો પહેલાં મસૂરીમાં મળેલી ડેવલપમેન્ટ કમીશનરોની પરિષદમાં કોમ્યુનીટી ડેવેલ-પમેન્ટ ખાતાના કેન્દ્ર પ્રધાન શ્રી 'ડે' એ એવું વિધાન કર્યું હતું કે દેશની અન્નસમસ્યાને હલ કરવાનો અસરકારક માર્ગ માંસાહાર તરફ પ્રજાને બને તેટલી વાળવામાં રહેલો છે. આ સંબંધમાં તા. ૭-૫-૫૭-ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ પેટા અગ્રલેખમાં જણાવે છે કે "આવી બીનઉપયોગી સલાહ આપવાથી વધારે અવિચારી કાર્ય શ્રી 'ડે' કરી શકયા ન હોત. એક પ્રમાણભૂત અંદાજ મુજબ બે પુખ્ત ઉમ્મરના માનવીઓને એક વર્ષનું અનાજ અને અન્ય વનસ્પત્યાહારની જરૂરિયાતો પુરી પાડવા માટે એક એકર જમીન પૂરતી છે. આ જ બન્ને માનવીઓ જો માંસાહાર તરફ વળે તો તેના માટે સાડા ત્રણ એકરની જમીનની જરૂર પડશે. મી. ડે એ બાબત તદ્દન ભુલી ગયા લાગે છે કે માછલી સિવાય, માંસાહાર પુરો પાડતાં પશુઓ અને પક્ષીઓને પોતાનો ખોરાક જમીન ઉપર પેદા થતી ચીજોમાંથી જ લેવાનો હોય છે. અમેરિકાના ખેતીવાડી ખાતાના અધિકારી શ્રી બેન્સને થોડા સમય પહેલાં પ્રસ્તુત પ્રશ્નની આ બાજુ જરાક જરા અન્ય પ્રકારે રજુ કરી હતી અને જણાવ્યું હતું કે એક હજાર નિરામિષ–આહારીઓને પોતાના ખોરાક માટે જેટલી જમીનની જરૂર હોય છે તે કરતા લગભગ છ ગણી જમી-નની જરૂર એટલા જ આમિષ–આહારીઓને પોષવા માટે રહે છે. આ એક કંઇ કાળથી ચાલી આવેલી ભ્રમણા છે કે માંસાહારીઓને ખોરાક પૂરો પાડતા ગાય બળદ ભેંસ પાડા, બકરાં ઘેટાં, કુકકરો અને બીજા જાનવરોને ઉછેરવા માટે જરા પણ જમીન કે તેની પેદાશની જરૂર પડતી જ નથી. શ્રી ડે આવી ન ટકી શકે તેવી દલીલ કરવાના ભોગ થઇ પડયા તે દયાજનક છે. વધારે કરૂણાજનક તો એ છે કે એક અધિકાર ઉપરથી બીજા અધિકાર ઉપર અને એક જગ્યાએથી બીજી જગ્યા ઉપર દોડાદોડ કરવા આડે આપણા પ્રધાનોને નિરાંતે અને પૂર્વ-ગ્રહોથી મુકત બનીને વિચાર કરવાનો ભાગ્યે જ અવકાશ મળે છે."

પરમાનંદ

પ્રગટી ભૂમિદાનની ગંગા

[આકાશવાણી અમદાવાદ–વડોદરા પરથી ૧૮ એપ્રીલ '૫૭ ના રોજ રજૂ થયેલ સંગીત–રુપક. અહીં તેને શ્રાવ્યમાંથી દૃશ્ય પ્રકારનું બનાવવા માટે છાયા–નાટિકા (Shadow–Play) નું રૂપ આપવાને સાધારણ ફેરફાર કરેલ છે.—પ્ર૦]

(પાર્શ્વસંગીત: તંબૂરનો ગૂંજારવ, ઘંટનાદ, શંખનાદ, બંસી-વાદન. પરદા પર તથાગત બુધ્ધની છાયા...પાર્શ્વભૂમિમાંથી મંત્રોનું ગાન અને પ્રવક્તાની વાણી...)

મંત્રગાન : (છંદ: અનુષ્ટુપ)

'ઈશનું રાજ્ય છે આખું, જે જે આ જગતી વિષે,
ત્યાગીને ભોગવી જાણો ! વાંછો મા ધન અન્યનું"

(ઈશોપનિષદ્)

પ્રવક્તા— .....આજ સંભળાય છે આ સંદેશ—અવકાશમાં વિચરતા સંતોના પ્રણવનાદમાંથી, મા–ભારતીની ગોદમાં પોઢેલાં શહીદોનાં જીવનગાનમાંથી અને દરિદ્રનારાયણની સ્પર્શ–ધન્યા ધરણિની નવતર જબાનમાંથી...!

(પાર્શ્વસંગીતમાં 'ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ' ના પ્રાર્થના–સ્વર શરૂ)

પ્રવક્તા— .....૧૯૫૧ નો એપ્રીલ માસ, શિવરામપલ્લીના સર્વોદય સંમેલનમાં વિનોબાનો વાસ અને અંતર્લીન કરતી પ્રભાતનાં પ્રાર્થનાની આ સુવાસ—

(છાયાદૃશ્યમાં ધ્યાનમગ્ન વિનોબા અને સાથીઓ)

પ્રાર્થનાગાન

ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ,
સિધ્ધ–બુધ્ધ તૂ, ચકન્દ વિનાયક, સવિતા પાવક તૂ.
બ્રહ્મ–મજૂદ તૂ, યહ્વ શક્તિ તૂ, ઈશુ–પિતા પ્રભુ તૂ;
રુદ્ર–વિષ્ણુ તૂ, રામ–કૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ.
વાસુદેવ ગો–વિશ્વરૂપ તૂ, ચિદાનન્દ હરિ તૂ;
અદ્વિતીય તૂ, અકાલ–નિર્ભય, આત્મલિંગ શિવ તૂ.
ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ,

(વિનોબા)

પ્રવક્તા— દેશની પરિસ્થિતિને આ સંમેલન ગંભીરપણે વિચારી રહ્યું હતું. દેશમાં ચોમેર અંધકાર છવાયો હતો. સમાજના શરીરમાં ઠેરઠેર વિષમતાનો રોગ ફેલાયો હતો. એક તરફ હતાં શોષણ, નીતિનાશ ને અતિવિલાસ; તો બીજી તરફ વ્યસન, રોગ, દારિદ્રય ને અજ્ઞાન.

આ અસમાનતાએ તેલંગણામાં તો માઝા મૂકી હતી. જ્યાં—

(છાયાદૃશ્યમાં દરિદ્રોનાં દુઃખ અને ધનિકોનાં શોષણની ઝાંખી)

ગાન. (લોકગીત)

ધરતીને પટે પગલે પગલે, મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે;
અહોરાત કરોડ કરોડ ગરીબોનાં પ્રાણ ધનિકોને હાથ રમે (૨)
લથડી લથડી ડગલાં ભરતી, લાખો નાર ગલી ગલીએ ફરતી,
સારી રાત ભૂખે મજૂરી કરતી;
'મારાં બાળ પરોઢિયે જાગીને માગશે ભાત'
વિચારી એ દેહ દમે....(૨)
(શ્રી. ઝવેરચંદ મેઘાણી)

(છાયા દૃશ્યમાં હિંસા અને મારફાડનું દર્શન)

પ્રવક્તા— એક તરફ ટુકડો રોટી મુશ્કેલ, બીજી બાજુ ધન–ધાનની રેલમ–છેલ !...પરિણામે ત્યાં જાગી હૈયું હચમચાવતી ઘોર હિંસા...એના ખપ્પરમાં કંઈક જમીનદારો ને કાર્યકરો હોમાયા, તેલંગણાની ભોમ પર શોણિત રેડાયાં...જનતા 'ત્રાહિ...ત્રાહિ...!' પોકારી ઊઠી.

વિષય સૂચિ

		પૃષ્ઠ
"પંડિત સુખલાલજી મારા વિદ્યાગુરૂ છે."	મુનિ પુણ્યવિજય	૧૧
બેઠકે સામસામી	ગીતા પરીખ	૧૩
આગન્તુક	ગીતા પરીખ	૧૩
પાછળી નજર	ડૉ. જહોન મથાઈ	૧૪
પ્રકીર્ણ નોંધ : હાઇડ્રોજન બોંબના પ્રયોગો અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ, જૈન કલીનીક, નયા પૈસાના ચલણના બહાને સરકારી ટપાલખાતાએ ચલાવેલી લૂંટ, આ તે કેવી મતિવિકૃતિ ?		
પ્રગટી ભૂમિદાનની ગંગા	પરમાનંદ	૧૫
	પ્રતાપરાય ટોળિયા	૧૮

આ આંકડા ઉપરથી જોઇ શકાશે કે માત્ર જૈનોની જ સખાવતમાંથી ઉભા કરવામાં આવેલ આ જૈન કલીનીકનો લાભ ૩૫ ટકા જૈનોએ અને ૬૫ ટકા જૈનેતરોએ લીધો છે.

આ જૈન કલીનીકમાં એકસ-રે-ઇન્સ્ટીટયુટ ખોલવા માટે આજથી સાત વર્ષ પહેલાં શ્રી ગોકુળદાસ શિવલાલ અજમેરાએ રૂ. ૨૫૦૦૦ નું દાન આપ્યું હતું. ત્યારબાદ આંખના વિભાગને આંખની ઇસ્પીતાલમાં વિકસાવવાના હેતુથી સ્વ. શેઠ સુરજમલ લલ્લુભાઈ ઝવેરીનાં પત્ની શ્રી લીલાવંતી બહેન તથા તેમના સુપુત્રો તરફથી રૂ. ૪૧૦૦૦ ની રકમ તાજેતરમાં આપવામાં આવી છે અને એવી જ રીતે દંત વિભાગને વિકસાવવા માટે શ્રી હુકમીચંદ વીસનજી તરફથી રૂ. ૧૦૦૦૧ ની રકમ આપવામાં આવી છે. આ બન્ને વિભાગ (૧) સુરજમલ લલ્લુભાઈ ઝવેરી આંખની ઇસ્પીતાલ તથા (૨) શ્રીમતી પ્રાણકુંવર હુકમીચંદ વીસનજી દંતવિભાગનું અને સાથે સાથે આ બધી પ્રવૃત્તિઓને સમાવી શકાય અને દર્દીઓના સગાં વહાલાઓને રહેવા વગેરેની મર્યાદિત સગવડ આપી શકાય તે માટે મૂળ મકાનના સ્થાને જે ત્રણ માળનું વિશાળ મકાન બાંધવામાં આવ્યું છે અને જેને 'શેઠ પ્રભાશંકર પોપટભાઈ જૈન દવાખાનું' એવું નામ આપવામાં આવ્યું છે તેનું ઉદ્‌ઘાટન તા. ૨૧-૪-૫૭ ના રોજ મુંબઈ પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી યશવન્તરાવ ચવ્હાણના હાથે કરવામાં આવ્યું હતું.

મુંબઇના સ્થાનકવાસી સંઘ તરફથી શુધ્ધ સાર્વજનિક રૂપને પામેલી આવી એક આરોગ્ય-ઉપચાર સંસ્થા ચલાવવામાં આવે છે અને તે પણ પોતાના ધર્મસ્થાનકની બાજુએ-અને તેનો સંખ્યાબંધ લોકો ખૂબ લાભ લે છે અને ઉપચારને લાગતી દરેક બાબતનો બહુ નજીવા દરથી લાભ આપવામાં આવે છે—એ આ સંસ્થાની વિશેષતા છે. આત્મસાધના અર્થે આવતા દરેક સ્થાનકવાસી જૈનને આ જૈન કલીનીક દ્વારા માનવદયા અને સમાજસેવાની સહજ પ્રેરણા મળે છે. આત્મસાધના જરૂર કરો પણ દુનિયાના દીન દુઃખીને ન ભૂલશો એવો સીધો બોધપાઠ ઉપાશ્રયના પડખામાં ઉભું કરવામાં આવેલ આ જૈન કલીનીક સૌ કોઇને આપે છે. કોઈ પણ જૈન જ્યારે પોતાના સાધર્મી બંધુઓ પુરતી જ મદદ આપવાનો પ્રબંધ કરે છે ત્યારે, તે મદદની ગમે તેટલી ઉપયોગીતા અને સાર્થકતા હોય એમ છતાં પણ, તે વ્યક્તિની દુનિયા બે વિભાગમાં વહેંચાયલી હોય છે. એક જૈનોની દુનિયા જેને તે પોતાની માને છે અને બીજી જૈનેતરોની દુનિયા જે વિષે તેના મનમાં ઉદાસીનતા છે. અને 'મિત્તિ મે સવ્વ ભૂએસુ' એ વિશ્વબંધુત્વના સૂત્રનો તે વાસ્તવિક રીતે અસ્વીકાર કરે છે. જે વ્યક્તિ કે સમાજ પોતાની ધનસંપત્તિના વિસર્જનદ્વારા સૌ કોઇને કશા પણ ભેદભાવ વિના લાભ મળે એવી લોકોપકારક પ્રવૃત્તિ ઉભી કરે છે તે વ્યક્તિ કે સમાજ પોતાના દિલની એ વિશાળતાદ્વારા સાચા જૈનત્વનું આપણને દર્શન કરાવે છે. જૈન કલીનીક જે રીતે ઉભું કરવામાં આવ્યું છે અને જૈન કલીનીકના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. કાન્તિલાલ એન. સાંગાણીની કુશળ અને માયાળુ દેખરેખ નીચે જે રીતે ચલાવવામાં આવે છે તેમાં આપણને સાચા જૈનત્વનું દર્શન થાય છે અને આ રીતે અન્ય સાંપ્રદાયિક સમાજોને માર્ગદર્શક બનવા માટે મુંબઇના સ્થાનકવાસી સમાજને જરૂર ધન્યવાદ ઘટે છે.

નયા પૈસાના ચલણના બહાને સરકારી ટપાલખાતાએ ચલાવેલી લૂંટ

અનેક સરકારી ખાતાઓમાં પણ ટપાલ ખાતાની લીલા કોઈ વિચિત્ર પ્રકારની છે. દાખલા તરીકે પોસ્ટ કાર્ડ બે પ્રકારનાં છે: એક સ્થાનિક અને બીજાં બહારગામ મોકલવાનાં, સ્થાનિક પોસ્ટ કાર્ડનો જુનો દર અડધો આનો અને નવો દર નયા ૩ પૈસા છે, જ્યારે બહારગામ મોકલવાનાં કાર્ડનો દર જુનો પોણો આનો અને નવો દર નયા પાંચ પૈસા છે. હવે કોઈ સ્થાનિક પોસ્ટકાર્ડનો બહાર ગામ માટે ઉપયોગ કરે તો જેની ઉપરે તે મોકલવામાં આવેલ હોય તેણે અને તે ન સ્વીકારે તો મૂળ લખનારે ત્રણ આના અથવા તો નવા પૈસા ૨૦ ભરવા પડે છે. જુના ચલણની રીતે વિચારીએ તો એક પૈસાની ભૂલનો ૧૬ પૈસા દંડ ભરવો પડે છે. આવું અસાધારણ દંડ પ્રમાણ ગોઠવવા માટે પોસ્ટ ઓફિસે યુક્તિપૂર્વકનો એક નિયમ કર્યો છે અને તે એ કે કમતી સ્ટેંપ ધરાવતા પોસ્ટકાર્ડને બે આનાના કવર સમાન લેખવું અને એક કવરના બે આના પડે તેમાંથી બે પૈસાનો પોસ્ટ કાર્ડનો સ્ટેંપ બાદ કરતાં દોઢ આનો રહે તેના બમણો દામ એટલે ત્રણ આનાં ઉઘરાવવાં. બીજી બાજુએ ટપાલમાં રવાના કરેલ કવર ઉપર બે આનાનો સ્ટેંપ લગાડવો જોઇએ એ ચાલુ દર સૌ કોઈ જાણે છે. આ બે આનાને બદલે કોઇએ ભુલથી એક આનો લગાડયો હોય તો કવર લેનારને બે આના ભરવા પડે છે. એક આનાનો ઓછો સ્ટેંપ ચોડેલો હોય તો બાકીનો એક આનો અને દંડનો એક આનો ભરવો પડે જ્યારે એક પૈસાના સ્ટેંપની ભુલ કરનારને બાકીનો એક પૈસો અને દંડના પોણા ત્રણ આના ભરવા પડે, આ કયાંનો ન્યાય? ઓછા સ્ટેંપવાળા પોસ્ટ કાર્ટને કવર ગણવામાં આવે એ પણ જહાંગીરી કાનુન નહિ તો બીજું શું છે?

સરકારે નયા પૈસાનું ચલણ એપ્રીલ માસની પહેલી તારીખથી દાખલ કર્યું છે. આનો છાપાવાળાઓએ પોતાના દર વધારીને ઠીક ઠીક લાભ લીધો છે, પણ આ બાબત આપણે બહુ મન ઉપર ન લઇએ. કારણ કે તે ખાનગી સંસ્થાઓ છે, તેમને પોતાના દરમાં આમેય તે સમય સંયોગ પ્રમાણે વધારો ઘટાડો કરવાનો અધિકાર છે. અને આમ છતાં ચલણના સરકારે જાહેર કરેલા દરમાં કશો પણ ફેરફાર તેમણે કર્યો નથી તેમ જ તેમ કરવાનો તેમને અધિકાર પણ નથી.

પણ ટપાલ ખાતાએ નવા ચલણનો લાભ લઇને જે ફેરફારો કર્યા છે તે તો એક પ્રકારની લુંટ જ ચલાવી છે. દાખલા તરીકે દોઢ આનાના સરકારી ધોરણ મુજબ ૯ નયા પૈસા થાય છે જ્યારે ટપાલ ખાતાએ દોઢ અનાના ઇનલેન્ડ કવરનો દર ૯ ને બદલે ૧૦ નયા પૈસા કરી નાંખ્યો છે, બે આનાના સરકારીના ધોરણ મુજબ ૧૨ નયા પૈસા થાય, જ્યારે ટપાલ ખાતાએ બે આનાના કવરના ૧૩ નયા પૈસા ઠરાવ્યા છે. એવી જ રીતે ત્રણ આનાના સ્ટેંપના ૧૯ નયા પૈસાને બદલે ૨૦ નયા પૈસા ઠોકી બેસાડયા છે. આમ ટપાલ ખાતાએ ચાલુ દર કરતાં એક એક પૈસો વધારે પ્રજા પાસેથી ઉઘરાવવા માંડયો છે અને એક જ કલમના ઝાટકે પોતાની આવકમાં લાખો રૂપીઆનો વધારો કરી દીધો છે.

ટપાલના દર લોકસભા દ્વારા નકકી થયેલા હોય છે. નવું ચલણ આવે તો ટપાલ ખાતું ધસારો ન ખાય એ તો આપણે સમજી શકીએ, પણ તેને એક મોટી આવકનું સાધન બનાવી દે એ તો કેવળ આપ-ખુદી અને અત્યાચાર જ છે, અને આનો ખરોખર માર ગરીબ માણસ ઉપર પડે છે. કારણ કે શ્રીમાનોને એક પૈસો આમ કે એક પૈસો તેમ તેનો બહુ હિસાબ નથી હોતો, પણ ગરીબ માણસના જીવનમાં પૈસા પૈસાનો હિસાબ હોય છે.

આ ઉપરાંત નવા ચલણે પોસ્ટ ઓફિસને જે સીધો લાભ કરી આપ્યો છે તે તો વળી એક જુદી જ વાત છે. દાખલા તરીકે આજે એક રૂપીઆના ૨૦ પોસ્ટ કાર્ડ મળે છે જ્યારે જુના ચલણ દરમિયાન ૨૧ પોસ્ટ કાર્ડ અને એક પૈસો પાછો એમ મળતું. આજે નયા બે પૈસાના ૧૦૦ સ્ટેંપના રૂા. ૨ પડે છે જ્યારે તેનો જુના દર મુજબ વિચાર કરતાં જુના ૧૦૦ પૈસા એટલે કે રૂા. ૧॥- પડતા. આ લાભ તો પોસ્ટ ઓફીસ ઠંડા પેટે ગળી જાય છે અને એથી સંતોષ ન માનતાં ચાલુ દરમાં ઉપર જણાવ્યું તેમ મનસ્વીપણે વધારો કરીને ટપાલ-ખાતાએ એક મોટી આવકનું દ્વાર પોતા માટે ખુલ્લુ કર્યું છે. આ રીતે ટપાલ ખાતાને પોતાના દરો ફાવે તેમ વધારવાનો શું અધિકાર છે? લોકસભા-નિયુકત ધારાસભ્યોએ આ બાબત સત્વર હાથ ઉપર લેવી જોઇએ અને આ લૂંટને અટકાવના જરૂરી નિયમન સ્વીકારવાની ટપાલ ખાતાને ફરજ પાડવી જોઇએ.

આ હત્યાકાંડથી કરુણી ઊઠ્યો આ જ ભોમમાં આવી બેઠેલા વિનોબાનો સંવેદનશીલ આત્મા.

(પરદા પર કરુણામુદિત બુધ્ધની છાયા)

ગાન. ('કરુણાઘન બુધ્ધને!' : બંગલા. રવીન્દ્રસંગીત : ભૈરવી–દાદરા)

હિંસાય ઉન્મત્ત પૃથ્વી....નિત્ય નિદુર દ્વન્દ્વ;
ઘોર કુટિલ પંથ તાર, લોભ જટિલ બંધ....!
નૂતન તવ જનમ લાગિ, કાતર જત પ્રાણી,
કરુ ત્રાણ, મહાપ્રાણ, આન' અમૃતવાણી,
બિકસિત કર' પ્રેમપદ્મ, ચિર મધુ–નિષ્યંદ!
શાંત હે....!મુકત હે....! હે અનન્ત પુણ્ય,
કરુણાઘન, ધરણિતલ, કર' કલંક–શૂન્ય—
હિંસાય ઉન્મત્ત૦

(રવીન્દ્રનાથ ઠાકુર)

પ્રવકતા :—હિંસાથી ગાંડી બનેલી આ પૃથ્વી...!...વિનોબાનું વલોવાતું હૈયું ન થંભ્યું, જગતને હિંસામાંથી છોડાવવા, ધરણિતલને કલંક–શૂન્ય બનાવવા જાણે એ કરુણાઘન બુધ્ધને પ્રાર્થી રહ્યું. અંતરની આ તાલાવેલીએ તેમને દોર્યા અને હિંસાના હુતાશન ઠારવા માટે, ગરીબ–ધનિક બન્નેના શ્રેયને સાધવા માટે, ત્યાંથી એ ચાલી નીકળ્યા–

(છાયાદૃશ્ય)

સમૂહગાન. ('પ્રાકટયપૂર્વે' : મિશ્ર સોરઠ–કેરવા)

તે દિ' વિનોબા તેલંગણને, પગલે, પગલે ચાલ્યા રે;
ત્રસ્ત, તૃષિત ને રકત–કલુષિત, માનવને ત્યાં ભાળ્યા રે.
તે દિ' વિનોબા૦

દેખ્યાં કંઈ ભુખ-દુઃખે બળતાં, કરવાને ના કામ રઝળતા;
નચિંત શ્રીપતિ ને ભૂપતિઓ, મડાં જીવંત નીહાળ્યાં રે–
તે દિ' વિનોબા૦

દાઝેલાં કો' આ દેખીને, પણ હિંસાને માર્ગ વળીને;
ભૂપતિઓની કતલ ચલાવી, રકતનાં પૂર વહાવ્યા રે–
તે દિ' વિનોબા૦

દેખી દુઃખ આ દ્રવતે હૈયે, આગ બૂઝાવી ફરી ઝૂંપડીએ;
ડુંગર ખૂંદી, નદીઓ વીંધી, હિંસક-દિલ-પાષાણ પલાળ્યાં–
તે દિ' વિનોબા૦

હિંસાનો તો શમ્યો હુતાશન, લોક હતા સૌ કરુણા-ભાજન;
સ્થાયી કો' મારગને કાજે, મંથન-અગન જલાવ્યાં રે–
તે દિ' વિનોબા૦

પ્રવકતા :—એમણે ગામ ગામ ભટકીને લોકોને શાંત્વન આપ્યું અને તુરંગોમાં પૂરાયેલા તથા પર્વતોમાં છૂપાયેલા તોફાની સામ્યવાદીઓને મળીને સમજાવ્યું કે—

વિનોબા :—"તમે દુઃખી છો, ભૂખ્યા છો, બેકાર છો એ વાત સાચી, પણ હિંસા અને મારફાડથી, જમીનદારોનાં ખૂન કરવાથી, તમારું દુઃખ નહીં ટળે..."

સામ્યવાદીઓ:-"ન કેમ ટળે ? અમે માગીએ છીએ મૂડીદારો ને જમીનદારોનો વિનાશ...! ક્રાન્તિ...રશિયા અને ચીનમાં થઇ તેવી ક્રાન્તિ...!"

વિનોબા :—"શું આવી લોહિયાળ ક્રાન્તિ લાંબો કાળ ટકી શકે છે ખરી ? શું હિંસાથી સામી હિંસા નથી જાગતી ?... આપણે ક્રાન્તિ તો જરૂર લાવવી છે. પણ અહિંસાથી, પ્રેમના પરિવર્તનથી...! મને 'અહિંસા'માં શ્રદ્ધા છે, 'હિંસા'માં નહીં; 'શાંતિ'માં ઉકેલ દેખાય છે, શકિત'માં નહીં...!"

પ્રવકતા :—કેટલાકનાં હૃદય આથી પીગળ્યાં, કેટલાકનાં સંશયમાં રહ્યાં... પણ આ વિચાર તો તેમને અડકી ગયો. બીજી બાજુ વિનોબા ધનિકો અને જમીનદારોને સંબોધી રહ્યા કે—

વિનોબા:—"તમારી પાસે જે કાંઈ છે તે બધું ઈશ્વરનું છે...ગરીબો માટે તમે એનો ઉપયોગ નહીં કરો અને તેમને પ્રેમથી નહીં અપનાવો તો તમે ખત્તા ખાશો."

પ્રવકતા :—અને આમ ગરીબ–ધનિક સૌને સાંધતા આ ભગીરથ તેલંગણામાં ઠેરઠેર ઘૂમી રહ્યા. તેમના પ્રયાસથી હિંસા તો શમી પણ તેઓ હજુ બેચેન હતા...તેઓ શોધતા હતા તે હજુ તેમને મળ્યું ન હતું.

(દૃશ્ય પરિવર્તન)

પ્રવકતા :—.....૧૮ મી એપ્રીલ.....!

પરોઢે ચાર વાગ્યાની નીરવ શાંતિમાં, રેંટિયાના તંબૂર–શા ગૂંજન સાથે, શાંતિના આ મહાગાયકના ભીના હૈયામાંથી પ્રાર્થનાનું ગાન ચાલી રહ્યું હતું.....

(પાર્શ્વસ્વરોમાં પ્રાર્થનામંત્રો શરૂ)

...તેમની નસેનસમાં વહેતાં હતાં–ભારતીય સંસ્કૃતિની ભાવનાનાં, ગીતામાતાના તત્ત્વપીયૂષના અને ધરતી પરની ત્રીસ વર્ષની શ્રમ–સાધનાનાં પૂર...

પ્રાર્થનામંત્રો:— (ખરજના સ્વરોમાં પાઠ, ધીમી લય)

મુખ આવરિત હૈ સત્ય કા ઉસ પાત્રસે,
જો હેમમય હૈં વિશ્વ-પોષક હે પ્રભો....!
મુઝ સત્યધર્મા કે લિયે વહ આવરણ,
તૂ દૂર કર જિસસે કિ દર્શન કર સકૂં....!
હે માર્ગ-દર્શક, દીપ્તિમંત પ્રભો તુઝે,
હૈ જ્ઞાત સારે તત્ત્વ જો જગમેં ગ્રથિત;
લે જા પરમ આનંદમય કી ઓર તૂ,
ઋજુ માર્ગસે હમકો કુટિલ અઘસે બચા.
ફિર ફિર વિનય-નત નમ્ર વચનો સે તુઝે (૨)

(ઈશોપનિષદ : સીયારામશરણ ગુપ્ત)

પ્રવકતા :—આ પ્રાર્થના પરમાત્માએ સાંભળીને જાણે સાકાર કરી–પોચમપલ્લીની એ સભામાં.

કેટલાક ગરીબ હરિજનો વિનોબાને તે દિવસે કહી રહ્યા હતા:

હરિજનો:—"અમે ભૂખે મરીએ છીએ, અમારી પાસે કંઇ કામ નથી."

પ્રવકતા :—વિનોબાએ પૂછ્યું કે, તમે શું કામ કરી શકો ?

હરિજનો:—"અમારે મહેનતનું કોઈપણ કામ કરવું છે...અમારાં સોળ કુટુંબો છે. કુટુંબ દીઠ પાંચ એકર ગણી અમને જો થોડી જમીન અપાવો તો અમે ખેતી કરી ખાઇએ."

પ્રવકતા :—વિનોબાના મનમાં ઘડીભર તો થયું કે, "સરકારને કહી જમીન અપાવીએ તો ?...પણ ના...ના...એ રસ્તો તો બરાબર નથી." વાત તેમણે એકઠા મળેલા ગામલોકો સામે મૂકી.

વિનોબા:—ભાઇઓ !...આ ગરીબ હરિજનોને ખેતી કરવા જમીન જોઇએ...૮૦ એકર જેટલી...બોલો, એનો કોઇ રસ્તો છે તમારી પાસે ?

પ્રવકતા :—અને આ આવાહન સાંભળી, રામચંદ્ર રેડ્ડીના હૈયાનો રામ જાગ્યો—

રામચંદ્ર રેડ્ડી:—"મારા પિતાની ૧૦૦ એકર જમીનનું હું આપની માગણી મુજબ આ લોકો માટે દાન આપું છું...આપ એનો સ્વીકાર કરો !"

પ્રવકતા :—આ સાંભળતાં ભગીરથ વિનોબા ચોંકયા, એમની નજર ઊંચે ગઇ, ને પ્રભુની કરુણાધારા આકાશેથી અવની પર અવતરતી દેખાઇ. રામચંદ્ર રેડ્ડીનું દાનપત્ર તેમને ચરણે આવી પડ્યું અને પરમાત્માના અનુગ્રહમાં ડૂબતી તેમની સ્મૃતિ દૂર દૂર દોડી ગઇ....

સ્વરપાઠ. (પૃથ્વી સૂક્ત)

"પૃથિવિ! તારું મધ્ય જે નાભિ તારી,
તારા તનુથી શક્તિઓ ઉદ્ભવી જે,
તેમાં મૂકી શુદ્ધ અમને કરોને.....
ભૂમિ માતા પુત્ર હું પૃથ્વી કેરો,
પિતા પર્જન્યે અમને ભરી દો!"

(અથર્વવેદ : રામનારાયણ પાઠક-'શેષ')

પ્રવકતા :—અને તેમના ચિત્ત પર એક ચિત્ર ખડું થયું-ધરણિને ખેડતા પહેલાં એનું પૂજન કરી રહેલા ખેડૂતનું. એ ઉચ્ચારી રહ્યો હતો—

(છાયા દૃશ્ય)

ખેડુત :— "હે માતા! આજથી તારું હું ખેડાણ કરું છું, હવેથી હું તારે આશરે છું, હવેથી તું જ મારું રક્ષણ કરજે...!"

પ્રવકતા :—જગતભરમાં કયાંય નથી તેવી ધરતીને 'માતા' ગણતી ભારતની આ ભાવના...! 'માતા ભૂમિઃ પુત્રોઽહમ્ પૃથિવ્યાઃ'...તેમને લાગ્યું કે—

વિનોબા :—"બસ...આખા યે જીવનના મૂળમાં રહેલી ભૂમિ એ આપણી માતા છે...એના પર માલિકી ન હોય...માણસ આજ તેને દાસી બનાવી રહ્યો છે એ જ દુઃખોનું, વિષમતાનું હિંસાનું મૂળ છે..."

પ્રવકતા :—અહીંથી પરિસ્થિતિના ઓકેલની તેમને આશા દેખાઈ અને-

સમૂહગાનઃ—('પ્રગટી ભૂમિદાનની ગંગા' : માલકૌંસ, ભીમપલાસ-કેરવા)

પ્રગટી ભૂમિદાનની ગંગા,
પ્રગટી ભૂમિદાનની ગંગા.
પ્રચંડ ગંભીર વેગથી બનશે,
ધરણિ સુવર્ણ-રંગા—પ્રગટી૦
જુગ જુગ સંચિત ટળી સમસ્યા,
ભગીરથની આ ફળી તપસ્યા,
દીન, દુઃખી, સંસ્કાર-પતિત આ,
બનશે ભારત ચંગા—પ્રગટી૦
પ્રપંચ, પાખંડ, વૂહેમ, પુરાણુ,
સ્વાર્થ શોષણ સ્વામીપણાનાં,
ડાળ ડાખરાં પથરાયેલાં,
વહેશે બધા કઢંગા—પ્રગટી૦
પાર્થિવ ના આ દૈવી સરિતા,
લાવે ઈશનું રાજ દયિતા,
વિચાર, હૈયું, જીવન, બદલી,
સરતી સતયુગને સંગા—પ્રગટી૦

પ્રવકતા :—વિનોબાએ વર્ષો પહેલાં ગાંધીજીને લખેલું કે-

વિનોબા :—'બાપૂ! આજ મેં એક સ્વપ્ન જોયું-ઈશ્વર મારા હાથે કોઇ મોટી સેવા લેનાર છે એવું!'

પ્રવકતા :—અને આ સ્વપ્ન પર બાપૂના ઉતરેલા આશીર્વાદ આજ તેને સાચું પાડવા જઇ રહ્યા હતા. પણ વળી ગંગાના ઉગમની આ રાતે વિનોબાને ઊંઘ ન આવી. બુધ્ધિ અને અંતરાત્મા વચ્ચે મંથન ચાલ્યું. બુધ્ધિ કહેતી હતી-

અવાજ :૧—"આખા ઇતિહાસમાં જે કદી નથી બન્યું તે આ રીતે, ભૂમિનું વ્યાપકરૂપે દાન માગીને કરી શકાશે? દેશભરનાં ભૂમિહીનોનો પ્રશ્ન ઉકેલી શકાશે? મને તુચ્છને લોકો જમીન જેવી પ્રિય ચીજનું દાન આપશે? ના...ના... મારાથી આ કામ નહીં બની શકે..."

પ્રવકતા :—પણ ત્યાં તો...બુધ્ધિને પાંગળી કરી દેતો, અંતરનાં ઊંડાણમાંથી એક આદેશ આવ્યો-

અવાજ: ૨-"તારે આ કામ ઉઠાવવું જ પડશે...આ કામ અહિંસાનું, પ્રભુની કરણાનું છે...આજે જ્યારે અહિંસાની પરીક્ષાની ઘડી આવી છે ત્યારે તું શું પાછો હઠશે?"

પ્રવકતા :—પ્રભુની આ પ્રેરણા તથા અહિંસા પરની શ્રધ્ધાએ તેમને આગળ ધકેલ્યા...નમ્ર અને નિમિત્તમાત્ર બની તેઓ ગરીબો માટે ભૂમિનું દાન માગતા ચાલ્યા—

(છાયા દૃશ્ય)

ગાન. ('દાન દો!' : મિશ્ર ખેમટો)

દાન દો રે દાન દો, ઓ રે માનવ-મહાન! ધરતીનું દાન દો.
અગન-ગગન, નીર-સમીર, બંધન ના કોઇને,
બંધિત બસ લોભ કરે, ક્રંદન આ જોઇને;
ઇશરૂપ પંચભૂતે જોવાને દાન દો,
ઓ રે માનવ-મહાન! ધરતીનું દાન દો!
ધાવ્યું જેનું રે દૂધ, દાસી એને ગણી,
બાંધું જેનું રે લૂણ, હાંસી એ માતની;
જુગજૂનાં પાપો આ ધોવાને દાન દો,
ઓ રે માનવ-મહાન! ધરતીનું દાન દો.

પ્રવકતા :—અને આમ વિનોબા તેમના થોડા સાથીઓ સાથે તેલંગણામાં આ શાંતિયાત્રા કરી રહ્યા-પગે ઘૂમતાં! તેમની પાછળ પાછળ આવી ભૂમિક્રાન્તિની ગંગાધારા-પોતાનો વિરાટ પટ પાથરતી, જનહૈયાને રસાળ કરતી અને ધરણીને ફળદ્રુપ બનાવતી...! તેલંગણામાંથી એ મધ્યપ્રાંતમાં આવી અને એનો ઘૂઘવાટ ત્યાં ગૂંજી રહ્યો :—

(મરાઠી ભૂદાન ગીત)

ધર્મચક્ર ફિરલેં, પડતા એકાકી પાઉલે,
વીર વિનોબા ભૂદાનાંચા ઘોષ કરીત ચાલલે.
એકાકી પાઉલા માગુની લક્ષાવધિ ચાલલે,
—ધર્મચક્ર૦
ખુલલી દહા દિશાંચી દારેં, કુલલે નવ તેજાનેં વારે,
હસલે આનંદાનેં તારે,
તૃણાંતૃણાંતુન કણાંકણાંતુન, મંત્ર નવે ઉમલલેં,
પડતા એકાકી પાઉલે—ધર્મચક્ર૦

(વસંત બાપટ)

પ્રવકતા :—એક પ્રભાતે વિનોબાનું યાત્રાદળ ચાલ્યું જતું હતું...ત્યાં તેઓ જમીન આપે છે એવું સાંભળીને દૂર દૂરથી કેટલાક મજૂરો આવી કહેવા લાગ્યા—

મજૂરો :—"બાબા! અમે માત્ર મજૂરી કરીને પેટ ભરીએ છીએ... અમારે ખેતી કરવી છે. અમને પણ થોડી જમીન ન અપાવો?"

પ્રવકતા :—વિનોબા બોલ્યા કે તમે જમીન તો લેશો, પણ આપશો શું?

મજૂરો :—"આપવા જેવું તો અમારા પાસે કશું નથી!"

વિનોબા:—"નથી કેમ? ભગવાને આપેલા આ બે હાથ વડે માત્ર લેવાનું જ નહીં, દેવાનું પણ કામ થવું જોઇએ...સંકલ્પ કરો કે અમે પ્રમાણિકતાથી મજૂરી કરીશું...કૂવા, ખેતર, રસ્તા વગેરે ખોદી આપી ગામને શ્રમદાન આપીશું અને ગામની સેવામાં પૂરી તાકાત લગાડીશું."

પ્રવકતા :—અહીંથી ઊભું થયું શ્રમદાન. ભૂમિદાન સાથે શ્રમદાનને ભેળવતી આ ભૂગંગા મધ્યપ્રાંત વટાવીને આવી ઉત્તરપ્રદેશમાં.

અપૂર્ણ

પ્રતાપરાય ટોળિયા

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૫૭, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પુરાણમતવાદ, સર્વોદયવાદ અને સામ્યવાદ

(કેરલપ્રદેશમાં આવેલા કાલડી મુકામે મે માસની ૯ તથા ૧૦ મી તારીખે અખિલ ભારતીય સર્વોદય સંમેલન મળી ગયું. એ સંમેલન દરમિયાન ૧૦ મી તારીખની પ્રાર્થનાસભામાં વિનોબાજીએ કરેલા પ્રાર્થનાપ્રવચનના ટેપરેકર્ડમાંથી ઉતારેલો અગત્યનો ભાગ નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

સર્વોદય સંમેલનમાં બીજી બાબતો સાથે જમવાની પણ વ્યવસ્થા કરવી પડે છે. કારણ કે સર્વોદય કાર્યકરોને પણ ભૂખ લાગતી હોય છે. સમાજવાદી, સામ્યવાદી, કે બીજા કોઈ પણ સંમેલનમાં આમ કરવું પડે છે. જુદા જુદા વિચાર ધરાવતા હોવા છતાં બધાને સરખી ભૂખ લાગે છે. જેમ સૌને જમવાની સરખી ભૂખ લાગે છે તેમ પરિસ્થિતિમાં વિશ્વશાંતિની ભૂખ પણ સૌને સરખી લાગે છે. આ એક સારું લક્ષણ છે. વિશ્વશાંતિની ભૂખ છે તેને માટે પણ સાધન શોધવું પડશે. લોકો તે અંગે શોધ કરી રહ્યા છે. અહિંઆ આપણે એક સામ્યવાદી મિત્ર (કેરલના કાયદા પ્રધાન) નું ભાષણ સાંભળ્યું. એમણે કહ્યું કે જમીનનો સવાલ જો ગ્રામ દાન મારફતે ઉકેલી શકાશે તો સર્વોદય અને સામ્યવાદમાં કોઇ પણ ફરક નહીં રહે. આજકાલ ઘણા લોકોને આવી લાગણી થઇ રહી છે. આપણે જાણીએ છીએ કે અત્યારે અણુશસ્ત્રોના પ્રયોગો થઇ રહ્યા છે. એથી દુનિયાને વિશ્વયુદ્ધથી જે નુકસાન થશે તેથી યે વધુ નુકસાન થશે. આ બધું બંધ થવું જ જોઇએ. પંડિત જવાહરલાલ નહેરુ આની વિરુદ્ધ બોલી રહ્યા છે. આપણા મુઝર્ગ નેતા રાજાજીએ પણ આનો વિરોધ કર્યો છે. શબ્દોમાં જાહેર કરવાની જરૂર ન હોવા છતાં હું પણ જાહેર કરું છું કે હું આનો સખ્ત વિરોધ કરું છું.

વૈજ્ઞાનિકો ગુલામી છોડે

હું માનું છું કે વૈજ્ઞાનિકો જ આને રોકી શકે. સંહારનાં શસ્ત્રોની શોધની જવાબદારી પણ તેમની જ છે. આજે તે કેવળ ગુલામ જ બની ગયા છે. તેઓ સરકારના હુકમ મુજબ વર્તે છે. આને હું બુદ્ધિનો મોટામાં મોટો દુરુપયોગ સમજું છું. બુદ્ધિમાનને એટલી બુદ્ધ હોવી જોઇએ કે આ કામ કરવું ઉચિત નથી. એવી નૈતિક બુદ્ધિ ને સાહસ એમનામાં આવવા જોઇએ. જો તેઓ સરકારને કહી શકે કે તેઓ તેમની આજ્ઞાનુસાર શસ્ત્ર નહીં બનાવે તો જ આ બધી વાત થાળે પડશે. વિજ્ઞાનનો આધાર આત્મજ્ઞાન થશે ત્યારે જ દુનિયાને બચાવી શકાશે. દરેકને આત્મજ્ઞાન ન થઇ શકે. છતાં એટલી બુદ્ધિ તો હોવી જોઇએ કે જ્યાં સુધી કોઈ આત્મજ્ઞાની હોય ત્યાં સુધી દેશની નેતાગીરી એના હાથમાં સોંપાવી જોઇએ.

ગ્રામદાન માત્ર ઉદ્ધારનો માર્ગ

ઘણી ખુશીની વાત છે કે જ્યારથી ગ્રામદાનનો વિચાર શરૂ થયો ત્યારથી બધા રાજકિય પક્ષો તેને અનુકુળ થઈ રહ્યા છે. આને હું ઘણી જ મહત્ત્વની ઘટના સમજું છું. ગ્રામદાન એ એક મહત્ત્વની ઘટના તો છે જ, પણ એથી પણ વધારે મહત્ત્વની વાત તો એ છે કે આ વિચાર બધાને પસંદ પડ્યો છે. સદ્‌વિચાર જેટલો મહત્ત્વનો હોય છે એનાથી વધુ મહત્ત્વનું તો એ છે કે એ બધાંને પસંદ પડે છે. ગ્રામદાનનો વિચાર એક સર્વસમ્મત વિચાર છે.

આ પરિસ્થિતિમાં આપણા થોડા મતભેદ છે તેને જરા બાજુમાં રાખી બધા આમાં જોર લગાવીશું તો વિશ્વશાંતિનો માર્ગ મોકળો થશે.

હું તો બધામાં વિશ્વાસ રાખું છું.

હું કેરલમાં પ્રવેશ કરવાનો હતો ત્યારે કેટલાક કાર્યકર્તાઓએ શંકા કરી કે "અહિંયા શું સહકાર મળશે ? વિરોધ જ થશે." કેટલાક કહેવા લાગ્યા કે સંભવ છે કે આખું કેરલ જ દાનમાં મળી જાય. મેં કહ્યું કે કેરલનું દાન મળવું જ જોઇએ. નહિતર સામ્યવાદીઓને જે મોકો મળ્યો છે તે એમણે ખોયો એવું સાબિત થશે. કેટલાક લોકો માને છે કે કોમ્યુનિસ્ટો ખંડનવાદી છે. એમના ને અમારા વિચારમાં કેટલોક મતભેદ જરૂર છે. પરંતુ સામ્યવાદ પોતે જ ખંડનમાં માને છે એવું હું સ્વીકારતો નથી. સામ્યવાદ એના મૂળ સ્વરૂપમાં એક ચિંતનીય વસ્તુ છે. સામ્યવાદ પર ટીકા કરતી વખતે એક નાનકડી નોંધ મેં લખી હતી, જેમાં માર્કસનો ઉલ્લેખ કરીને મેં તેને "મહામુની માર્કસ" નું ઉપનામ આપ્યું હતું. મહામુની માર્કસના પુસ્તકો વાંચીને અસંખ્ય લોકોના હૃદય–પરિવર્તન થયાં. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે સામ્યવાદીઓ પોતે જ હૃદય–પરિવર્તન પર વિશ્વાસ નથી કરતા. અહિં જ અમારો ને એમનો, મતભેદ છે. હું એમને કહું છું કે ભાઇ તમે પોતે જ હૃદય–પરિવર્તનના ઉદાહરણ છો, તો શા માટે તેમાં માનતા નથી ? હું માનું છું કે સામ્યવાદ પોતે એક ઘણી સુંદર ચીજ છે. હવે એને માટે સાધન શું છે તે જોઇએ.

માનવ હૃદયની ઉજ્જ્વળતામાં શ્રદ્ધા

માનવનું હૃદય શુદ્ધ છે. તેમાં કોમ્યુનિસ્ટોને પણ શંકા નથી. તેઓ કોઈ તેનો બુદ્ધિપૂર્વક વિરોધ નથી કરતા. તેઓ માને છે કે વિશિષ્ટ પરિસ્થિતિ સર્જાતાં રાજ્ય ખતમ થશે. જેઓ આમ માને છે તેમને નિઃશંક રીતે માનવહૃદય પર વિશ્વાસ છે એવું આપણે માનવું પડશે. જો આવો વિશ્વાસ નહીં હોય તો માનવું પડશે કે રાજ્ય કદી ખતમ થવાનું નથી. પરંતુ તેમને વિશ્વાસ છે કે એક પરિસ્થિતિમાં રાજ્ય ખતમ થશે જ. આ એક વિચારવા જેવી વાત છે. કેટલાક લોકો કહે છે કે સતયુગ હતો અને તેમાં રાજસંસ્થા નહોતી, તેમ શાસન પણ નહોતું. જ્યારે કેટલાક કહે છે કે સતયુગ હતો જ નહીં, પરંતુ હવે તે આવશે.

સતયુગની જુદી જુદી માન્યતા

સતયુગ ભૂતકાળમાં હતો એવું માનનાર પુરાણમતવાદી છે, અને જેઓ એમ કહે છે કે ભવિષ્યમાં સતયુગ આવશે તેઓ કોમ્યુનિસ્ટ છે. આ પુરાણમતવાદી અને કોમ્યુનિસ્ટસ, બન્ને સતયુગવાદી છે. એક સતયુગ હતો તેની કલ્પના કરે છે જ્યારે બીજો તે આવશે તેની કલ્પના કરે છે. આપણે શું કહીએ છીએ ? આપણે માનીએ છીએ કે ભૂત અને ભવિષ્ય બન્ને આપણાં હાથમાં નથી, પરંતુ ફકત વર્તમાન જ આપણાં હાથમાં છે. એટલે આપણે વર્તમાનમાં જ સતયુગ લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. બસ આટલો ફેર છે પુરાણમતવાદી એ ભૂત–સતયુગવાદી છે અને કોમ્યુનિસ્ટ લોકો ભવિષ્ય–સતયુગવાદી છે, અને સર્વોદયવાળા વર્તમાન–સતયુગકારી છે. (સતયુગ લાવવાનો પુરૂષાર્થ કરનાર) મેં "વાદી" નહીં પરંતુ "કારી" શબ્દ વાપર્યો. આપણે માટે હવે એ બન્નેનો વિરોધ પણ થઈ શકે છે તેમ સહાનુભૂતિ પણ મળી શકે છે. કેટલાક જનસંઘવાદી મને મળે છે ત્યારે કહે છે "આ તો કળિયુગ છે તે તમે અહિંસાની નકામી વાતો કરો છો. કળિયુગમાં અહિંસા ચાલે કેવી રીતે ?" અહિંસા એ સતયુગમાં હતી એવું કહેનારા એ પુરાણમતવાદી છે. એમનો એવો વિશ્વાસ છે કે અહિંસા આજે નહીં ચાલી શકે. આ રીતે તેઓ વિરોધ કરે છે.

કયારેક કોમ્યુનિસ્ટો પણ વિરોધ કરે છે. તેઓ કહે છે "તમે આ કેવી કલ્પના દોડાવો છો ? આજે તો જરૂર પડયે હિંસા કરવા તૈયાર

રહેવું જોઇએ. અલબત્ત છેવટે અહિંસા જ રહેવાની છે. એટલે છેવટની અહિંસા માટે આજે હિંસા કરવાની તૈયારી હોવી જોઇએ. અને હમણાં અહિંસા થોડો વખત બાજુ પર મૂકવી જોઇએ." આવું તેમનું કહેવું છે. મારે કહેવું જોઇએ કે આજે જો મનમાં હિંસા માટેની તૈયારી ચાલતી હોય તો ભવિષ્યમાં અહિંસા કદી નહીં આવે. આ રીતે કેટલોક વિચારમતભેદ છે.

વિસંગતિ ક્યાં છે ?

પરંતુ સતયુગની વ્યાખ્યામાં મતભેદ નથી. આદર્શ સમાજ એટલે શું અને તે કેવો હોવો જોઇએ તેમાં મતભેદ નથી. હું નાના નાના મતભેદની વાત નથી કરતો. પુરાણકાળવાદી આપણી સામે સ્વર્ગનું જે ચિત્ર મૂકે છે તે અને કોમ્યુનિસ્ટો ભવિષ્યના સમાજનું જે વર્ણન કરે છે તે બન્નેમાં કોઈ ભેદ નથી. હું પુરાણમતવાદીને પૂછું છું કે તમારું સ્વર્ગ બહુ આકર્ષક લાગે છે પરંતુ તમારી ચઢવાની સીડી તો બતાવો ! તો કહે છે કે સીડી છે. હું પુછું છું કયાં છે ? તો કહે છે કે તે માટે મરવું પડે. મરણ પછી જ સ્વર્ગ મળે. એટલે એમાં ઘણું આકર્ષણ પડયું હોવા છતાં આપણે ત્યાં પહોંચી શકતા નથી. હું કોમ્યુનિસ્ટોને પૂછું છું કે તમારું સ્વર્ગ પણ સારું છે. એની સીડી કયાં છે ? તેઓ કહે છે કે આજે તો પરિપૂર્ણ હિંસાની તૈયારી રાખવી પડશે. એક કહે છે કે મરણ પછી સ્વર્ગ મળશે ત્યારે બીજો કહે છે કે મારવાથી સ્વર્ગ મળશે. આ રીતે આ બન્ને સાથે મુશ્કેલી આવે છે.

સર્વોદય વિચારની ભૂમિકા

હવે તેઓની આપણી સાથે શું મુશ્કેલી છે ? તેઓ પુછે છે કે તમે ઘણો સારો ઉપદેશ આપવાવાળા છો, પણ શું તમે એકલા જ પેદા થયા છો ? સેંકડો સંતો થયા, તેમના ગ્રંથોમાં જે છે તે જ વાત તમે બતાવો છો. જ્યારે બુદ્ધ કે ઈશુ સફળ ન થયા તો શું તમે સફળ થશો ? અહિંસાની તાલીમ શું બાઇબલમાં ઓછી છે ? મેં વાંચ્યું કે દુનિયામાં એક હજાર ભાષામાં બાઇબલનો તરજુમો થયો છે. અને અત્યારે છેંતાલિસ ભાષામાં થઇ રહ્યો છે. લોકો રવિવારે બાઇબલ વાંચે છે અને છ દિવસ તે ભુલે છે. આ પરિસ્થિતિમાં શું તમારો ઉપદેશ કામ લાગશે ? જો તેનાથી હૃદયપરિવર્તન થાય તો તે કરીને બતાવો, પણ અમારો વિશ્વાસ નથી એવું તે કહે છે. એટલે આપણો વિચાર સારો હોવા છતાં તે અપનાવી શકતા નથી તે તેમની મુશ્કેલી છે. પરંતુ વાદવિવાદથી શું કામ થશે ? આપણે નિશ્ચય કરવો જોઇએ કે આ વિચારમાં જો દુનિયામાં તાકાત પેદા કરવાની શક્તિ છે તો તે તાકાત પ્રગટ કરવી જોઇએ.

મારી ગાંધી-વિચારની શ્રદ્ધા ફળી

પહેલાં કોઈ કલ્પના ન હોવા છતાં જ્યારે પોચમપલ્લીમાં બનાવ (પહેલું ભૂદાન મળ્યું–૧૮–૪–૫૧) બન્યો ત્યારે એ રાતના આ શું બનાવ બની ગયો તે અંગે મેં ચિંતન કર્યું કે, શું આમાં ઈશ્વરનો કોઈ સંકેત છે ? ઈશ્વરની સાથે સાથે ગણિત પર પણ મારો વિશ્વાસ હોવાથી મેં મનમાં ગણિત કર્યું, અને ઓછામાં ઓછી પાંચ કરોડ એકર જમીન મેળવીએ તો જમીનનો પ્રશ્ન પૂરો થાય તેમ ગણ્યું. આ વિચાર આવ્યો એટલે મારા મનમાં શંકા અને ભય પેદા થયા અને આજે જેમ સો એકર જમીન મળી તેમ પાંચ કરોડ એકર જમીન મળશે એમ માનવું અશકય લાગ્યું. જ્યારે આ દલીલ સંકુચિત બનતી ગઈ ત્યારે મારા મન સામે કોમ્યુનિસ્ટોની વાત આવી. એમનું કામ અહિં તેલંગણમાં ચાલતું જ હતું. હું વિચારવા લાગ્યો કે પ્રેમથી અને વિચાર સમજાવીને જમીન મેળવી શકાય છે એ વાત પર જો મારો વિશ્વાસ નહીં હોય તો કોમ્યુનિસ્ટો પર મારે વિશ્વાસ રાખવો પડશે. જો અહિંસા કે સર્વોદયનો વિચાર નકામો હશે તો કોમ્યુનિઝમથી કામ ચાલશે એમ મારે માનવું પડશે. જેમ એક વર્તુળના બે બિન્દુઓ– એક બિન્દુ જ્યાંથી વર્તુળ શરૂ થાય છે અને બીજું બિન્દુ જ્યાં વર્તુળ પુરું થાય છે–તે બન્ને બિન્દુઓ જેમ એકમેકની તદ્દન નજીક છે તેમ જ વર્તુળ ઉપરના અન્ય સર્વ બિન્દુઓ કરતાં સૌથી વધારે દૂર છે તેવી સ્થિતિ સર્વોદય અને સામ્યવાદની છે. આ પછી પ્રેમ અને વિચાર-પરિવર્તનથી જે કામ થયું છે તે તમે જાણો છો.

કોમ્યુનીઝમ હિંસાને માન્ય રાખે છે એમ છતાં તે કરૂણાપ્રેરિત છે એ આપણે સ્વીકારવું પડશે. આ એક મોટી વિચિત્ર વાત છે. પ્રેરણા કરૂણાની છે અને વિશ્વાસ હિંસામાં છે. આ વિસંગતિ આજની નથી. અનાદિકાળથી ચાલી આવી છે. આપણે આ વિસંગતિ તોડવી છે, અને શાન્તિ અને પ્રેમની શક્તિ સિધ્ધ કરવી છે. **વિનોબા ભાવે**

કોંગ્રેસીઓ ભૂદાનને પૂરો સાથ આપે

(કાલડી સર્વોદય સંમેલનમાં તા. ૧૦–૫–૫૭ ના રોજ ભૂદાન પ્રવૃત્તિનું હાર્દિક અનુમોદન કરતાં કોંગ્રેસ પ્રમુખ શ્રી ઉછરંગરાય ન. ઢેબરે નીચે મુજબ પ્રવચન કર્યું હતું.)

આ મંડપમાં કાલે એક ક્રાન્તિ થઈ. પ્રમુખે (દાદા ધર્માધિકારીએ) પોતાના વ્યાખ્યાન પહેલાં બધાને વ્યાખ્યાનદાન આપ્યું. એમના મનમાં શું ચિંતન ચાલી રહ્યું છે તે હું જાણતો નથી. એમની પહેલાં હું બોલું છું તેથી મને ડર લાગે છે. કારણ કે એમની પાસે જે જ્ઞાનનો ભંડાર છે તેમાં મારી શું ગણના ?

હમણાં હું કોંગ્રેસનો પ્રમુખ છું. એટલે મારી પોતાની વાત ભાંગી જાય તેનો મને ભય નથી તેટલો કોંગ્રેસની વાત ભાંગે નહિ તેનો છે. શરૂઆતમાં જ તમને બહુ નમ્રતાથી કહી દેવા માંગું છું કે હું અહિંયા કોંગ્રેસ પ્રમુખ તરીકે નથી આવ્યો.

કોંગ્રેસી સહકાર આપે

ભૂદાનને માટે કોંગ્રેસે પોતાનો મત સાફ શબ્દોમાં વ્યક્ત કર્યો છે કે દરેકે દરેક કોંગ્રેસીએ ભૂદાન આંદોલનને બને એટલો સહકાર આપવો જોઇએ. ગ્રામદાન એ ભૂદાન–આંદોલનની વિકસીત પ્રવૃત્તિ છે. થોડા દિવસ પહેલાં પંડિત જવાહરલાલજીએ કહ્યું કે ગ્રામદાનમાં ઘણી શક્તિ ભરી છે. મને એ વાતમાં જરાય શંકા નથી કે ભૂદાનના કામમાં કોંગ્રેસે અને કોંગ્રેસીઓએ જેટલો સહકાર આપ્યો એનાથી અધીક સહકાર તેઓ ગ્રામદાનમાં આપશે. કાલે જ્યારે વિનોબાજી બોલી રહ્યા હતા ત્યારે હું વિચારતો હતો કે એક પછી એક પગલાં ભરીને વિનોબાજી આપણને જ્યાં લઈ જઈ રહ્યા છે તે આપણે સમજીએ છીએ કે નહીં. તેમનાં ભાષણના છેલ્લા ભાગમાં તેમણે કહ્યું કે આપણે ગ્રામદાન લઇએ તેનો અર્થ ફકત જમીનનું દાન નહીં પણ શ્રમનું દાન પણ લઇએ છીએ. એની દ્વારા આપણે બધાંને ઉંચે લઈ જવા છે. જ્યારે આપણે ગ્રામદાન લેવા જઇએ છીએ ત્યારે એનો અર્થ એ થાય છે કે આપણી પાસે જે છે તેનું આપણે પણ સમર્પણ કરીશું. આપણે આપીએ પછી જ બીજી વ્યક્તિ પાસે માંગીએ એ ઉચિત ગણાય. જમીન ન હોય તોયે આપણી પાસે શ્રમશક્તિ તો છે જ, અને મારા જેવા નબળા માણસ પાસે પણ કંઈ નહીં તો બુદ્ધિ તો હોઈ શકે. પૈસા પણ હોઈ શકે.

આપણે કાર્યકર્તાઓએ શું તૈયારી કરવી જોઇએ તેના વિષે વિનોબાજીએ સૂચનો કર્યા. આપણે એક કુટુંબ છીએ અને તે આપણા વડિલ સાથી છે. એક માર્ગદર્શક છે. જો આપણે ગ્રામદાન માંગવા ઉપર જ એકાગ્ર થઈશું અને બીજી વાતો ભૂલી જઈશું તો સમન્વય નહીં થાય.

હિંદુસ્તાનની વિશિષ્ટતા

થોડા દિવસ પહેલાં પશ્ચિમના એક મોટા વિદ્વાન અહિં આવેલા. તેમણે એક ચોપડી લખી છે. દુનિયાની કુદરતી વ્યવસ્થા એવી છે કે એમાં દરેકને વિશિષ્ટ કામ મળ્યું છે. ગ્રીસનો ઇતિહાસ જોઇએ તો ત્યાં સૌન્દર્ય ને કલાની પૂજા થઈ છે. રોમમાં ન્યાયશાસ્ત્રનો વિકાસ થયો. ઇંગ્લેન્ડમાં લોકશાહીનો વિકાસ થયો. અમેરિકામાં ટેકનોલોજીનો વિકાસ થયો તેમ આપણા દેશમાં પણ કંઇક વિશિષ્ટતા છે. તે શું ? વિનોબા કહે છે કે હિન્દુસ્તાનની વિશિષ્ટતા છે દાન, યજ્ઞ, જપ જે આપણા સામાજિક અને આર્થિક ઇતિહાસના પાયા છે. અહિંઆ સર્વોદય સંમેલનમાં એ ખ્યાલ સાથે જ આવવું જરૂરી છે કે આપણી સંસ્કૃતિને કેવી રીતે મૂર્તિમંત કરીએ ?

રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય, અરવિંદ, ગાંધીજી, વગેરેએ તો આપણને બતાવ્યું છે કે તેઓ કાંઈ અકસ્માત જન્મેલા નહોતા, તેમ આજે આપણી વચ્ચે પંડિત જવાહરલાલજી અને વિનોબાજીનું હોવું પણ અકસ્માત નથી. પંડિતજી બહારની શાંતિ લાવી રહ્યા છે, વિનોબાજી અંદરની શાંતિ માટે પ્રયત્ન કરી

રહ્યા છે. ગાંધીજી કે વિનોબા કોઈ આકસ્મિત ન હતા. હિંદુસ્તાનનો જે વિશિષ્ઠ ગુણ છે તે પ્રમાણે સમાજજીવનના પાયા દાન, યજ્ઞ, તપ મારફતે નાંખવાના તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. આપણે તેમના નાના સાથી છીએ, સેવકો છીએ. જનતા આ વસ્તુ પકડવાને માટે તૈયાર છે. વચ્ચેની કડી જેટલી કમજોર હશે એટલી જનતાની કમર નબળી થવાની છે. આપણે કેવી રીતે મજબૂત બનીએ એ આપણે વિચારવાનું છે.

હું કોરાપુટ (ઓરીસ્સાનો ૧૭૦૦ ગ્રામદાનનો વિસ્તાર) ગયેલો. ત્યાં ગુજરાત—સૌરાષ્ટ્રમાંથી વિદ્યાર્થીઓ કામ કરવાને માટે આવેલા. મેં તેમને કહ્યું કે બહારથી જીવન સારું હોવું જોઇએ તેટલું અંદરથી પણ સારું હોવું જોઇએ. જેટલી અંદરની શક્તિ વધશે તેટલી તમારી યાત્રા સફળ થશે. આપણે આપણી અંદરના રાગદ્વેષ કાઢવા જોઇએ.

પ્રેમ રાખો

આજે દુનિયામાં એક તરફ ગરીબી છે, અને બીજી બાજુ પૈસા છે. સૌથી વધુ તો એ ખરાબ છે કે આપણા વિચારમાં એવો આગ્રહ ન જોઇએ કે બીજાની વાતમાં વિશ્વાસ ન રાખીએ. જે મનુષ્ય બીજા પ્રત્યે પ્રેમ રાખતો નથી તે કદી કોઇનો પ્રેમ મેળવી શકતો નથી. તેમ જે મનુષ્ય પોતાનું પરિવર્તન નથી કરી શકતો તે બીજામાં પણ પરિવર્તન નથી લાવી શકતો.

જેમ સામાજિક આર્થિક રચનામાં વ્યક્તિગત માલિકી નડતરરૂપ છે તેમ વિચારનો વાડો પણ અવરોધરૂપ છે. આપણે અહિંયાં એક વિશિષ્ટ ભૂમિ પર નવા પ્રયોગ માટે મળીએ છીએ. પ્રયોગશાળામાં તો ખુલ્લું મન હોવું જરૂરી છે; તેમાં પૂર્વગ્રહ હોય તે નહીં ચાલે. આપણે અહિંથી નીકળતા પહેલાં નિશ્ચય કરીએ—ચાહે પ્રજા સમાજવાદી હોય, કોંગ્રેસી હોય કે કોમ્યુનિસ્ટ હોય, પરિવર્તન માટે આપણે મન ખુલ્લું રાખીશું. અને આપણી પાસે જે કાંઈ હોય તે આપીશું. ઈશ્વર આ કાર્યમાં આપણને મદદ કરે અને જરૂરી શક્તિ આપે એવી મારી પ્રાર્થના છે.

સર્વોદય સંમેલન–કાલડી — ઉછરંગરાય ન. ઢેબર
તા. ૧૦–૫–૫૭

પ્રકીર્ણ નોંધ

વિનોબાજી શું સામ્યવાદ તરફ ઢળી રહ્યા છે ?

સર્વોદય સંમેલન દરમિયાન આ બાજુના દૈનિક છાપાઓમાં શ્રી વિનોબાજીએ પોતાના એક પ્રવચનમાં એવી મતલબનું કહ્યાના સમાચાર પ્રગટ થયા હતા કે જો નિયત સમયમાં ભૂદાનહીલચાલને સફળતા નહિ મળે તો તેમને સામ્યવાદી થવાની ફરજ પડશે. આ સમાચારે ચોતરફ ભારે આશ્ચર્ય પેદા કર્યું હતું. તેમજ ભૂદાનવિરોધીઓને 'અમે તો કહેતા જ હતા કે વિનોબા સામ્યવાદ તરફ ઢળી રહ્યા છે' એમ જોરશોરથી કહેવાની તક આપી હતી. આ સંબંધમાં પાછળથી પ્રગટ કરવામાં આવેલા એ પ્રવચનના આધારભૂત અહેવાલ (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે) ઉપરથી માલુમ પડે છે કે પ્રેસ રીપોર્ટરની પોતાની જ ગેરસમજુતીથી ઉપરના ખોટી છાપ ઉભા કરનારા સમાચારો પ્રગટ થવા પામ્યા હતા. પ્રસ્તુત હીલચાલના આજથી છ વર્ષ પહેલાં તેલંગણામાં પોચમપલ્લી ખાતે મંડાણ મંડાયાં તે દિવસોનું પોતાનું મનોમન્થન યાદ કરીને ઉપર જણાવેલ પ્રાર્થના પ્રવચનમાં વિનોબાજીએ કોમ્યુનીસ્ટોને અનુલક્ષીને જે જણાવેલું તે તો આ મુજબ છે; "હું વિચારવા લાગ્યો કે પ્રેમથી અને વિચાર સમજાવીને જમીન મેળવી શકાય છે એ વાત પર મારો વિશ્વાસ નહી હોય તો કોમ્યુનીસ્ટો ઉપર મારે વિશ્વાસ રાખવો પડશે. જો અહિંસા અને સર્વોદયનો વિચાર નકામો હશે તો કોમ્યુનીઝમથી કામ ચાલશે એમ મારે માનવું પડશે. જેમ એક વર્તુળના બે બિન્દુઓ—એક બિન્દુ જ્યાંથી વર્તુળ શરૂ થાય છે અને બીજું બિન્દુ જ્યાં વર્તુળ પૂરું થાય છે–તે બન્ને બિન્દુઓ જેમ એકમેકની તદ્દન નજીક છે તેમ જ વર્તુળ ઉપરના અન્ય સર્વ બિન્દુઓ કરતાં સૌથી વધારે દૂર છે તેવી સ્થિતિ સર્વોદય અને સામ્યવાદની છે. આ પછી પ્રેમ અને વિચારપરિવર્તનથી જે કામ થયું છે તે તમે જાણો છો."

આમ આ બાજુના દૈનિક પત્રોમાં પ્રગટ થયેલા સમાચારોમાં ભારતની પ્રજા જો ભૂદાનને વ્યાપક રૂપે નહિ અપનાવે તો વિનોબાજી સામ્યવાદી બની જવાની ધમકી આપતા લાગે છે જ્યારે તેને લગતા પ્રમાણભૂત અહેવાલમાં અહિંસા અને સર્વોદયના વિચારને વળગી રહીને ચાલવામાં પોતાને આજ સુધીમાં મળેલી સફળતાં તરફ વિનોબાજી પ્રજાજનોનું ધ્યાન કેન્દ્રિત કરવા માંગતા હોય એમ માલુમ પડે છે. અધુરા અને ખોટા વળાંક આપતા સમાચારો કેટલી ગંભીર ગેરસમજુતી પેદા કરે છે તેનો આ એક નોંધવાલાયક દાખલો છે.

કોંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ

કાલડી સર્વોદય સંમેલનમાં કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઇએ ભૂદાન આન્દોલનને હાર્દિક આવકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે "ભૂદાન પ્રવૃત્તિ કોંગ્રેસના રચનાત્મક કાર્યક્રમમાંથી સહજ ફલિત થતી પ્રવૃત્તિ છે." ("Bhoodan movement was only projection of the congress programme.") બીજી બાજુએ એજ અરસામાં અમદાવાદ બાજુએ કોંગ્રેસના બે પ્રમુખ આગેવાનો ભૂદાન સંબંધે કોઈ જુદો જ સુર કાઢે છે જે સાંભળીને ભારે આશ્ચર્ય પેદા થાય છે.

અમદાવાદ ખાતે ગુજરાત યુવક કોંગ્રેસ તરફથી યોજાયલી ગ્રીષ્મશાળામાં હરિજન પત્રોના તંત્રી શ્રી મગનભાઇ દેસાઈ ભૂદાન અંગે તા. ૭–૫–૫૭ ના રોજ પ્રવચન કરતાં (તા. ૮–૫–૫૭ ના ગુજરાત સમાચારમાં જે સાર પ્રગટ કરવામાં આવ્યો છે તે અનુસાર) જણાવે છે કે "જે ભૂદાનવાળા નિષ્પક્ષપણાની વાતો કરે છે, તે અંગે હું જણાવવા માંગુ છું કે સાચી નિષ્પક્ષતા તો કોંગ્રેસમાં જ છે, કે જે દર પાંચ વર્ષે પોતાની સેવાની ખામીઓ અને પ્રતિષ્ઠા જાણવા ઉભી રહે છે, જ્યારે કોમ્યુનીસ્ટો ફક્ત વિરોધીને મારી નાખવાની જ વાત કરે છે, અને ભૂદાનવાળા તો તારૂં યે ખરૂં અને મારૂં યે ખરૂં પણ મને ખાવાનું આપ એ વાત ઉપર ઉભા છે. આમ ભૂદાનમાં તો મને બીલકુલ નિષ્પક્ષતા દેખાતી નથી, કોંગ્રેસ વિરૂદ્ધ કોઇ પક્ષતા જ જણાય છે." આગળ ચાલતાં તેમણે જણાવ્યું હતું કે "નવા નવા શબ્દપ્રયોગો જેવા કે કરણ, કતલ અને કાયદો, જનશક્તિ અને દંડશક્તિ, સત–આવન સત્તાવન–આવી એમની શબ્દજાળ વધારે નહિ ચાલે."

એજ ગ્રીષ્મશાળાની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૨–૫–૫૭ ના રોજ ગુજરાત પ્રાન્તિક સમિતિના મહામંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઈ (૧૩-૫-૫૭ ના ગુજરાત સમાચારના રીપોર્ટ મુજબ) જણાવે છે કે "મને પૂરેપૂરો શક છે કે ભૂદાનપ્રવૃત્તિ મારફત જે સંગઠન થતું જાય છે તે લોકશાહી વિરૂદ્ધ છે. ભૂદાનવાળાઓને ૧૯૫૭ પહેલાં ક્રાન્તિ કરવી છે અને જમીનનો પ્રશ્ન ઉકેલવો છે. જો પ્રેમ અને અહિંસાથી ત્યાં સુધીમાં એ પ્રશ્ન ન ઉકલે તો તેઓ બળ (force) ઉપર જશે. ક્યાં તો તેઓ બળ પર જશે, ક્યાં તો તેઓ ભક્તિ ઉપર જશે. જો તેઓ બળ ઉપર જશે તો તેઓ સામ્યવાદીઓ તરીકે બહાર આવશે, અને ભક્તિ ઉપર જશે તો ભગત તરીકે બહાર આવશે. આ દેશમાં કોઈ પણ સંયોગોમાં સરમુખત્યારશાહી પક્ષનું સ્વરૂપ સામ્યવાદનું નહિ પણ ફાસીવાદનું હશે. જો આપણે દેશમાં લોકશાહીની પ્રવૃત્તિ કેળવવી હશે તો તેની વિરૂદ્ધની પ્રવૃત્તિનો આપણે ત્યાગ કાઢવો પડશે."

આ રીતે આપણને માલુમ પડે છે કે એક બાજુએ કોંગ્રેસના પ્રમુખ કોંગ્રેસી કાર્યકર્તાઓને ભૂદાન પ્રવૃત્તિને અપનાવવાનો અને બને તેટલો સાથ આપવાનો આદેશ આપે છે ત્યારે બીજી બાજુએ ગુજરાતના બે કોંગ્રેસી આગેવાનો ભૂદાન પ્રવૃત્તિને અણઘટતા શબ્દોમાં વખોડી નાંખે છે. એકને તેમાં પક્ષગ્રસ્તતા દેખાય છે; બીજાને તેમાં સરમુખત્યારશાહી અથવા તો ફાસીવાદની ગંધ આવે છે. આ બન્ને નિવેદનો વાંચીને સામાન્ય કોંગ્રેસી જનો તેમ જ જાહેર જનતા ભૂદાન અંગે કોંગ્રેસનું વળણ શું છે તે વિષે વિભ્રમમાં પડે તે સ્વભાવિક છે. આ સંબંધમાં કોંગ્રેસની પ્રમુખ કાર્યવાહીએ સત્વર સ્પષ્ટતા કરવાની જરૂર છે.

કોંગ્રેસ અને ભૂદાન બન્ને સહોદર જેવી સંસ્થાઓ છે. બન્નેના પ્રેરક પિતા ગાંધીજી છે. બન્નેનો હેતુ અહિંસક સાધનો દ્વારા દેશમાં સમાજવાદી ઢબની રચના ઉભી કરવાનો છે. કોંગ્રેસ એક સ્વતંત્ર રાજકીય પક્ષ છે. ભૂદાન પ્રવૃત્તિ ગ્રામદાન-તાલુકાદાન આદિ દ્વારા અહિંસક પધ્ધતિ વડે દેશની આર્થિક ક્રાન્તિ સાધવાનો મનોરથ સેવે છે અને આ ધ્યેય દેશના સર્વ રાજકીય પક્ષોને માન્ય હોઇને પોતાના કાર્યમાં સર્વ પક્ષોનો સાથ મેળવવાનો આગ્રહ ધરાવે છે, આમ છતાં પણ ગાંધીજી ઉભયના પ્રેરક પિતા હોવાના કારણે અને અહિંસા ઉપર બન્ને એક સરખો ભાર મૂકતા હોઇને કોંગ્રેસ અને ભૂદાન બન્ને વચ્ચે ઘનિષ્ટ સંબંધ આજ સુધી રહ્યો છે. એક બાજુએ પંડિત જવાહરલાલ નહેરુ, રાજેન્દ્રબાબુ અને ઢેબરભાઇ અને બીજી બાજુએ વિનોબાજી-એ બે વચ્ચે આવી નિકટતા આજ સુધી જળવાઇ રહી છે. કોંગ્રેસને જીવન્ત સંસ્થા તરીકે ટકી રહેવું હોય તો તેણે ભૂદાન જેવા પ્રગતિશીલ આન્દોલનને પૂરો સાથ આપ્યા સિવાય ચાલે તેમ નથી. બીજી બાજુએ ભૂદાન અને કોંગ્રેસ વચ્ચે અતલગનો સંબંધ હોઇને તેમજ આજના વખતે રાષ્ટ્રનાં રાજ્યસૂત્રો કોંગ્રેસના હાથમાં હોઇને ભૂદાનપ્રવર્તકોએ પણ કોંગ્રેસ સાથે બને તેટલી અનુકુળતા કેળવતા રહેવાની એટલી જ જરૂર છે.

ગઈ ચૂંટણીના પરિણામે કોંગ્રેસે કેન્દ્રમાં તેમજ ઘણા ખરા પ્રદેશોમાં બહુમતી મેળવી છે, એમ છતાં પણ ચૂંટણી પહેલાં કોંગ્રેસ જે સ્થિરતા ભોગવતી હતી તે સ્થિરતા ચૂંટણી બાદ કોંગ્રેસે ગુમાવી છે અને આગામી પાંચ વર્ષ દરમિયાન કોંગ્રેસના કાર્યકરો જો પૂરી સંભાળ રાખીને નહિ ચાલે, કોંગ્રેસી તંત્ર તેમ જ કોંગ્રેસી વહીવટને વિશુદ્ધ નહિ બનાવે અને વાણી અને વર્તનમાં જરૂરી સંયમ નહિ કેળવે તો કોંગ્રેસ માટે ગયા તે દિવસો પાછા આવવાના નથી એ દીવા જેવું સ્પષ્ટ છે. આવી એક ઠંડી કટોકટીના સમયે શ્રી મગનભાઈ દેસાઇએ તેમ જ શ્રી ઠાકોરભાઇ દેસાઇએ ભૂદાન વિરુદ્ધ જે બેફામ ઉદ્‌ગારો કાઢ્યા છે તેથી ભૂદાનને કાંઈ નુકસાન થાય કે ન થાય પણ કોંગ્રેસને તો જરૂર નુકસાન થવાનું જ છે.

અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ દોષ માત્ર એક બાજુનો જ નથી. અન્ય પક્ષે પણ ભૂદાન પ્રવૃત્તિના આગેવાનો અવાર નવાર જાહેરમાં કે ખાનગી વાર્તાલાપમાં કોંગ્રેસને અવિચારી રીતે વખોડી નાંખતા સંભળાય છે. તેમણે પણ આ દેશમાંથી કોંગ્રેસ ખતમ થાય તો સામ્યવાદ જ આવે એ વિકલ્પના જોખમોનો પૂરો વિચાર કરીને કોંગ્રેસનો આત્મીયભાવપૂર્વક વિચાર કરતા થવાની અને કોંગ્રેસના શુદ્ધીકરણનો જે પ્રયત્ન ચાલી રહેલો છે તેમાં સહાનુભૂતિપૂર્વક સાથ આપવાની ખાસ જરૂર છે.

એ એક એવી વ્યક્તિ હતી કે જેણે પિતાનું મુદતબહારનું બધું દેવું વસુલ આપ્યું હતું.

મુંબઈ નિવાસી હીરાના અગ્રગણ્ય વ્યાપારી શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરીનું તા. ૧૩-૫-૫૭-વૈશાખી પૂર્ણિમા-ના રોજ ૬૯ વર્ષની ઉમ્મરે હૃદય રોગના પરિણામે અવસાન થયું. તેઓ પાટણના વતની હતા. સામાન્ય આર્થિક સ્થિતિ વડે તેમણે જીવનની શરૂઆત કરી હતી; પ્રાથમિક ધોરણો પૂરતું તેમનું શિક્ષણ હતું. હીરાની દલાલીથી તેમણે વ્યાપારી જીવનનો પ્રારંભ કર્યો હતો. પહેલા વિશ્વવિગ્રહે તેમને ધંધામાં સારી યારી આપી. પછી તેઓ એન્ટવર્પ ગયા અને ત્યાં ઓફીસ ખોલી. આ રીતે તેમનો વ્યાપાર વધતો ચાલ્યો અને ઉત્તરોત્તર સફળતા મળતી ગઈ. અવિરત શ્રમ, વ્યાપારી કુનેહ અને સ્તુત્ય સાહસવડે તેમણે વ્યાપારી આલમમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું. તેઓ મીલનસાર સ્વભાવના અને ઉદાર દિલના ગૃહસ્થ હતા. નાની મોટી અનેક સખાવતો તેમણે કરી હતી. પાટણના છુટા છવાયા અને ખેરવિખેર પડેલા ગ્રંથભંડારો એક સ્થાને એકઠા સુરક્ષિત રાખી શકાય એ આશયથી 'શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર' નામની સંસ્થા તેમણે ઉભી કરી હતી અને તે માટે પૂરી સગવડવાળું એક સુન્દર મકાન બંધાવી આપ્યું હતું. આજે અનેક પટણી કુટુંબોને જે મહાન આશીર્વાદરૂપ બનેલ છે. તે પાટણ જૈન મંડળનાં મરીન ડ્રાઇવ ઉપર આવેલાં સસ્તા ભાડાનાં મકાનોની તેમણે યોજના કરી હતી. આવી અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાયલા હતા. આમ સામાન્ય સ્થિતિમાંથી ઊંચે આવવું અને પોતાને પ્રાપ્ત થયેલ દ્રવ્યસંપત્તિનો સદ્‌વ્યય કરવો-આ ઉદારચિત્ત ધનવાનોના જીવનની એક સામાન્ય કથા છે. તેમને અન્ય શ્રીમાનોથી જુદા તારવે એવી તો એક જુદી જ ઘટના છે, જેનો વિશિષ્ટ ઉલ્લેખ કરવો એ આ નોંધનો ખાસ હેતુ છે.

'શેઠ મોતીચંદ સાકરચંદ' એ નામની ભાવનગર ખાતે કેટલાંય વર્ષો પહેલાં એક વ્યાપારી પેઢી ચાલતી હતી જેમાં સ્વ. હેમચંદ ભાઈના પિતા સ્વ. મોહનલાલ મોતીચંદ એક મુખ્ય ભાગીદાર હતા. તે પેઢીની જુદા જુદા સ્થળોએ બે ત્રણ શાખાઓ હતી. સમયાન્તરે એ પેઢી નરમ પડી અને કેટલાક લેણદારોનાં દેવાં અધ્ધર રહી ગયાં. શ્રી હેમચંદભાઈ સારું કમાયા એટલે સૌથી પહેલો વિચાર તેમણે પિતાની વર્ષો પહેલાં વિસર્જિત થયેલી પેઢીના લેણદારોનું બધું લેણું વસુલ આપવાનો કર્યો અને જુનાં ચોપડા ઉખેળીને જેનું જેનું દેવું બાકી હતું તેના વંશવારસોને બોલાવીને પિતાની પેઢીનું દેવું ભરપાઈ કરી આપ્યું. આ રીતે તેમણે લગભગ બે લાખ રૂપીઆ વહેંચી આપ્યા. આ લાભ મેળવનારાઓમાં એવા પણ કોઈ કોઈ હતા કે જેઓ કેવળ કંગાળ સ્થિતિમાં ડુબેલા હતા અને જેઓ આ રીતે અણધાર્યા પંદર, વીશ કે પચ્ચીશ હજાર રૂપીઆ મેળવવા ભાગ્યશાળી થયા હતા. આ ઘટનામાં આપણને વૈશ્ય સંસ્કૃતિનું એક ઉદાત્ત અને અસામાન્ય દર્શન થાય છે.

જેમ બ્રાહ્મણ સંસ્કૃતિનું એક રૂપ છે તેમ વૈશ્ય સંસ્કૃતિનું પણ એક રૂપ છે. છળકપટથી નહિ પણ કેવળ વ્યાપારી કુનેહથી દ્રવ્યોપાર્જન કરવું, કેવળ ન્યાયસંપન્ન વૈભવની જ એષણા ધરાવવી, કોઈની થાપણ ઓળવવી નહિ તેમ જ છેલ્લી પાઈ સુધી બીજાનું લેણું વસુલ આપવું, અને તેવી રીતે પિતાનું દેવું પણ જે કાંઇ હોય તે પુરેપુરું વસુલ આપવાનો આગ્રહ રાખવો, અને સંચિત થતા દ્રવ્યમાંથી સામાજિક કાર્યોમાં એક યા બીજી રીતે ફાળો આપતા રહેવું-આ વૈશ્ય સંસ્કૃતિનાં કેટલાંક ખાસ લક્ષણો છે. વૈશ્ય સંસ્કૃતિના આ આદર્શને સ્વ. હેમચંદભાઈએ પિતાના લેણદારો પ્રત્યે આવી ઉંચી નિષ્ઠા અને પ્રમાણિકતા દાખવીને ચરિતાર્થ કર્યો હતો. શ્રીમન્ત બન્યા બાદ દાનવીરનું બિરૂદ પામનાર અનેક શ્રીમાનો મળી આવશે, પણ જે લેણાંઓ કાયદાની મુદતને વટાવી ચુક્યા હતા અને જેની સીધી જવાબદારી કોઈ અંશમાં પોતાની નહોતી પણ વર્ષો પહેલાં બંધ થયેલી વ્યાપારી પેઢીના એક ભાગીદાર તરીકે તેમના પિતા હતા-આવા લેણાની નૈતિક જવાબદારી સ્વીકારનાર વ્યક્તિ આજના અર્થલુબ્ધ અને પરિગ્રહમૂઢ વૈશ્ય સમાજમાંથી ભાગ્યે જ મળી આવશે. આ અસાધારણ ઘટના વ્યાપારી વર્ગમાં શ્રી હેમચંદભાઇના નામને ચિરસ્મરણીય બનાવવા માટે પૂરતી છે.

પં. સુખલાલજી વિષે વિનોબાજી

એક ભૂદાન કાર્યકર મિત્રે ગુજરાતમાં ભૂદાન અંગે ચાલી રહેલા કામકાજ અને યોજાઈ રહેલી નગર સામૂહિક પદયાત્રાનો વિનોબાજીને ખ્યાલ આપતાં જણાવેલું કે "અમારા આ બાજુના કાર્યમાં પંડિત સુખલાલજીના માર્ગદર્શનનો સારો લાભ મળે છે." તેના અનુસંધાનમાં શ્રી વિનોબાજી જણાવે છે કે "પંડિત સુખલાલજીકી આપકો વિચારસે શોધનમેં મદદ મિલતી હૈ યહ જાનકર મુઝે ખુશી હુઈ, મદદ દેને કે લિયે તો વે બૈઠે હી હૈં. મદદ લેનેવાલા કોઈ મિલ જાતા હૈ ઉસીકા અભિનન્દન કરના ચાહિયે."

ત્યાર બાદ પંડિત સુખલાલજીનો આગામી જુન માસની ૧૫ મી તારીખે સન્માન સમારંભ થવાનો છે એ બાબતની જાણ થતાં પં. સુખલાલજી સન્માન સમિતિના મંત્રી જોગ વિનોબાજીએ તા. ૧૬-૫-૫૭ ના રોજ નીચે મુજબ સંદેશો મોકલ્યો છે:—

"શ્રી મહાશય,

પંડિત સુખલાલજી કી વિદ્યાસેવા કે કારણ કૃતજ્ઞતા પ્રગટ કરને કે લીએ ઉનકા સન્માન કા સમારંભ આયોજિત મેં કીયા જા રહા હૈ યહ ખુશીકી બાત હૈ. તટસ્થ યા નિષ્પક્ષ બુદ્ધિ વિદ્યોપાસના કા ગમક હૈ. યહ ગુણ પંડિત સુખલાલજી મેં પરિપૂર્ણતયા પાયા જાતા હૈ. મૈં આશા કરતા હૂં ઉસ મહાન ગુણ કા સ્પર્શ હમ સબ કો હોગા.

વિનોબા કે પ્રણામ"

કાકાસાહેબની ખેલદિલી (એક અંગત નોંધ)

પંડિત સુખલાલજીનો સન્માન સમારંભ ગયા માર્ચ માસની ૧૭મી તારીખે ઉજવવાનું નક્કી કર્યું હતું અને તે સમારંભનું પ્રમુખસ્થાન શોભાવવાની અમારા તરફથી કાકાસાહેબને વિનંતિ થતાં તેમણે કશી આનાકાની વિના સહજપણે અમારી વિનંતિનો સ્વીકાર કર્યો હતો. ત્યાર બાદ કેટલીએક પ્રતિકુળતાઓના, કારણે સન્માન સમારંભ મુલતવી રાખવો પડ્યો હતો. પછી પણ જ્યારે સન્માન સમારંભ યોજાય ત્યારે કાકાસાહેબે જ એ સમારંભના પ્રમુખ થવાનું છે એ અમારી સમજુતી હતી. આમ છતાં આ પ્રસંગ ઉપર ઉદ્‌ઘાટનનું નિમિત્ત ઉભું કરીને પણ આપણા રાષ્ટ્રપતિ અથવા તો ઉપરાષ્ટ્રપતિને આપણે લાવી શકીએ તો બહુ સરસ થાય એમ સન્માન સમિતિના કેટલાક કાર્યકરો ખાસ ઈચ્છતા હતા. આ બાબત કાકાસાહેબ પાસે રજુ કરતાં તેમણે આ વિચારને આવકાર્યો પણ ઉલટું એમ સૂચવ્યું કે "હું તો તમારામાંનો એક છું, અને પંડિતજીનો પરમ મિત્ર છું. તેમનો સમારંભ જેટલો વધારે ગૌરવશાળી બનાવી શકાય તેટલો બનાવવો એમાં મને પણ એટલો જ રસ અને આનંદ છે અને તેથી મારી એવી સૂચના છે કે ઉદ્‌ઘાટન માટે એક વ્યક્તિ અને પ્રમુખસ્થાન માટે બીજી વ્યક્તિ એવી ધડભાંજમાં પડવાને બદલે ઉપરની બેમાંથી કોઈ પણ વ્યક્તિને પ્રમુખસ્થાન માટે લાવી શકતા હો તો જરૂર લાવો અને એમ બનશે તો પણ હું એ સમારંભ ઉપર આવવાનો જ છું અને પંડિતજીને મારા અન્તરની અંજલિ આપવાનો છું." અને આટલાથી સંતોષ ન માનતાં અમારા કામમાં સરળતા થાય એ હેતુથી તેમણે મારી ઉપર એક પત્ર લખી મોકલ્યો જે નીચે મુજબ છે:-

નવી દીલ્લી-૧, તા. ૪-૫-૫૭

" પ્રિય પરમાનંદ ભાઈ,

આપણે પંડિત સુખલાલજીનું અભિનંદન કરવાનું વિચાર્યું એ જ વાતાવરણમાં અમદાવાદની ગૂજરાત યુનિવર્સિટી એ એમને સર્વોચ્ચ પદવી આપવાનું નક્કી કર્યું એ બહુ સારું થયું। એક વિદ્યમાન, પ્રખર દર્શનશાસ્ત્રીની કદર આપણી વિશ્વવિદ્યાલયે કરવી જ જોઈતી હતી।

લોકોએ અભિનંદનફાળામાં જે ઉત્સાહ બતાવ્યો છે તે પણ યથાયોગ્ય છે। એટલે હું માનું છું કે જૂન મહીનામાં આપણે જે ઉત્સવ-મેળાવડો કરવાના છીએ એનું પ્રમુખપદ ભારતના વિશ્વમાન્ય તત્વજ્ઞ ડૉ. રાધાકૃષ્ણન લે તો એ બધી રીતે ઉપયુક્ત થશે।

તેઓ ગૂજરાતીમાં કે હિન્દીમાં બોલી ન શકે એ ક્ષમ્ય ગણજો અને એમના અંગ્રેજી ભાષણનો હિંદી અનુવાદ પ્રકાશિત કરીએ તો જાહેર પ્રજાને સંતોષ થશે।

અથવા ઉપરાષ્ટ્રપતિ ને બદલે રાષ્ટ્રપતિ ને જ પ્રમુખ થવા વિનવીએ તો એ પ્રસંગનું ગૌરવ વધશે। અને ડૉ. રાજેન્દ્રબાબુનું ભાષણ વધારે લોકભોગ્ય થશે। તેઓ પણ સંસ્કૃતના સારા વિદ્વાન્ છે જ એટલે આ બે માંથી જે કોઈને મેળવી શકીએ એમને બોલાવીએ, પ્રમુખસ્થાન આપીએ, એવી મારી ભલામણ છે।

પંડિત સુખલાલજીનો હું જૂનો સાથી છું। એમના પ્રત્યેનો મારો આદર મેં અનેકવાર વ્યક્ત કર્યો છે અને આ સમારંભ સાથે હૃદયથી સંકળાયેલો છું જ। તેથી જ મેં ઉપરની સૂચના કરી છે।

કાકાના સપ્રેમ વંદે માતરમ્"

"તા. ૧૫ મી જુનના રોજ ઉજવવામાં આવનાર પંડિત સુખલાલજી સન્માન સમારંભના પ્રમુસ્થાન માટે ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને અમે મેળવી શક્યા છીએ એ કાકાસાહેબની ખેલદિલીને આભારી છે."

કાકાસાહેબની આ ખેલદિલી જોઈને મારું દિલ તેમના વિષે સવિશેષ આદર પ્રણત બન્યું. **પરમાનંદ**

પં. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(અંક ૧ લો તા. ૧૫-૫-૫૭ થી ચાલુ)

૭૭૧૫૫૧	આગળનો સરવાળો	
૨૫૦	શ્રી લખમસી ઘેલાભાઈ	મુંબઈ
૨૫૦	ડૉ. ભણસાલી	,,
૨૦૧	શ્રી ચંદુલાલ કસ્તુરચંદ એન્ડ કું.	,,
૨૦૧	,, લાલચંદજી ઢઢ્ઢા	મદ્રાસ
૧૫૧	,, શાંતિલાલ હીરાલાલ શાહ	મુંબઈ
૧૦૧	,, ચીમનલાલ માનચંદ	,,
૧૦૧	,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા	,,
૧૦૧	,, કિર્તિલાલ ભોગીલાલ શાહ	,,
૧૦૧	,, મોહનલાલ તારાચંદ શાહ	,,
૧૦૧	,, ડાહ્યાભાઈ છગનલાલ	,,
૧૦૧	,, નેમચંદ નગીનચંદ વકીલવાળા	,,
૧૦૧	,, ફતેહચંદ લલ્લુભાઈ	,,
૧૦૧	,, ભભૂતમલ રાયચંદ એન્ડ સન્સ	,,
૧૦૧	,, મફતલાલ ઝવેરી	,,
૧૦૧	,, લાલચંદજી ઢઢ્ઢા	મદ્રાસ
૧૦૧	,, અનિલકાન્ત હેમચંદ કાપડિયા	મુંબઈ
૧૦૧	ડૉ. કેશવલાલ મૂળચંદ પરીખ	,,
૧૦૦	શ્રી મનુ સુબેદાર	,,
૧૦૦	,, અગરચંદ ભૈરોદાન શેઠિયા	બિકાનેર
૧૦૦	,, ધીરજલાલ મોરારજી અજમેરા	મુંબઈ
૭૫	શા. ખીંવરાજજી સી ચોરડિયા	મદ્રાસ
૧૫૧	શ્રી મોતીલાલ વીરચંદ શાહ	માલેગામ
૧૦૧	શ્રી બીહાર મીલ લી. હા. શેઠ ચંદ્રકાંત મોતીલાલ જગાભાઇવાળા	અમદાવાદ
૧૦૧	,, જ્યોતિપ્રસાદજી જૈન	આગ્રા
૧૦૦	,, નાનજીભાઈ કાળીદાસ	પોરબંદર
૫૧	,, પુલચંદજી સિધ્ધાંતશાસ્ત્રી	બનારસ
૫૧	,, જેઠાભાઈ રણછોડભાઈ પટેલ	મુંબઈ
૫૧	,, રતનચંદ ચુનીલાલ ઝવેરી	,,
૫૧	,, દીપચંદ જીવણલાલ શાહ	,,
૫૧	,, કેશવલાલ કપુરચંદ શાહ	મદ્રાસ
૫૧	,, કસ્તુરચંદ કુન્દનમલજી લુકડ	એંગલોર સીટી
૫૧	,, મીશ્રીલાલજી પારસમલજી	,,
૫૧	,, હુકમીચંદજી	,,
૫૧	,, કીસનલાલજી પુલચંદજી	,,
૫૧	,, પ્રેમરાજ ગણપતરાજ એન્ડ કું.	મદ્રાસ
૫૧	,, વિજયરાજજી મુથા	,,
૫૧	,, જૈન મહિલા સંઘ	,,
૫૧	,, અગરચંદજી માનમલજી	,,
૫૧	,, ભાગચંદજી સા ગેલડા	,,
૫૧	,, જુગરાજજી છોટાલાલજી ધાંકા	,,
૫૧	,, સિંભૂમલજી મદનરાજજી વૈદ્ય મૂથા	,,
૫૧	,, જુગરાજજી પારસમલજી લોઢા	,,
૫૧	,, છબીલદાસ હરજીવનદાસ શાહ	અમદાવાદ
૫૧	શ્રી કેશવલાલ ગાંગજીભાઈ	અમદાવાદ
૫૧	ડૉ. હીરાલાલ એલ. જૈન	મુજફરપુર (બિહાર)
૫૧	શ્રી ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ શાહ	મુંબઈ
૫૦	,, એન. રતનચંદજી ચોરડિયો	મદ્રાસ
૫૦	ધી ચોરડિયા જનરલ ફાઇનેન્સ કું.	,,
૫૦	શ્રી પારસમલજી સીરદારમજી સાહબ	,,
૫૦	,, નેમીચંદજી સા ગેલડા	,,
૫૦	ડૉ. એન. એમ. શાહ M.A. Ph.	અમદાવાદ
૫૦	શ્રી ઉમરસીંહ જરગડ	જયપૂર
૩૫	,, ગુણવંતભાઇ રતિલાલ ત્રિવેદી	અમદાવાદ
૪૧	,, કેસરીચંદજી મગનમલજી ડાંગા	મદ્રાસ
૩૧	,, કીસનલાલજી રૂપચંદજી એન્ડ કું.	,,
૨૫	,, ગ્લોબ એજન્સી	,,
૨૫	શા મોહનલાલજી મુથા	,,
૨૫	શ્રી એસ. મૂલચંદજી મુથા	,,
૨૫	,, હરખચંદ સમર્થમલ	,,
૨૫	,, જેઠમલ જ્ઞાનમલ એન્ડ કું.	,,
૨૫	,, સાગરમલ ફોજમલ	,,
૨૫	,, મગનલાલ પદમશી શાહ	,,
૨૫	,, અમુલખ ભાઇચંદ ડગલી	,,
૮૧૮૮૬૫૧		

જગ્યાના અભાવે આજ સુધીના દાતાઓની કુલ યાદી અહિં અમે પ્રગટ કરી શકતા નથી, જે આગામી અંકમાં સંપૂર્ણ પ્રગટ કરવામાં આવશે. અહિં એટલું જણાવવું પ્રસ્તુત છે કે આજસુધીમાં પં. સુખલાલજી સન્માન નિધિમાં કુલ રૂ. ૮૭૦૦૦ નાં વચનો મળ્યા છે જેમાં રૂા. ૭૨૦૦૦ વસુલ થયા છે. અને બાકીની રકમ સન્માન સમારંભ પહેલાં વસુલ થઇ જવા પૂરી આશા છે. સાથે સાથે લાભના આંકડાને પહોંચી વળવા માટે બાકી રહેતી રકમ પણ પૂરી કરી આપવા પંડિતજીના મિત્રો, સ્વજનો, પ્રશંસકોને-ભારતભરનાં વિદ્યાપ્રેમી ભાઇ બહેનોને નમ્ર છતાં આગ્રહભરી પ્રાર્થના છે. આ રીતે આગામી ૧૫ મી જુનના દિવસે ઉજવવામાં આવનાર સન્માન સમારંભને અર્થદૃષ્ટિએ પૂરેપૂરો સફળ અને સાર્થક બનાવવા અનુરોધ છે.

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા

અહિંસાના આચાર-વિચારનો વિકાસ

(પ્રસ્તુત લેખ હિંદી ભાષણનો અનુવાદ છે. જયપુરથી (રાજસ્થાન) થોડેક માઈલ દૂર શિવદાસપુર નામના ગામડામાં સર્વોદયનું એક પ્રધાન કેન્દ્ર છે. ત્યાંના મુખ્ય સંચાલક શ્રી. જવાહરલાલજી જૈન (એમ. એ.) છે. તેઓ પહેલાં દૈનિક લોકવાણી પત્રના તંત્રી હતા. તેમના અનુરોધથી પંડિતજી ત્યાં ગત ઓકટોબરના છેલ્લા અઠવાડિયા દરમ્યાન ગયેલા. તે વખતે તેમણે હિંદીમાં પ્રસ્તુત ભાષણ કરેલું. પ્રમુખપદે આચાર્ય શ્રી. જિનવિજયજી હતા. ત્યાંના આશ્રમમાં અનેક ભાઈ-બહેનો રહે છે અને વિવિધ સેવા-પ્રવૃત્તિઓ ચલાવે છે. તેમને ઉદ્દેશી આ ભાષણ કરાયેલું તે જ વખતે ત્યાંના કાર્યકર્તાઓમાંથી અમુક ભાઈઓએ એ ભાષણની લગભગ અક્ષરશઃ વ્યવસ્થિત નોંધ કરેલી જે હમણાં પુરિતકાકારે છપાયેલ છે. તેનો આ ગુજરાતી સારાનુવાદ છે. તંત્રી.)

આ દેશમાં જ્યારે એક બાજુ ધર્મ, જાતિ, વેશ-ભૂષા, પ્રદેશ વગેરેની વ્યાપક ભિન્નતા છે ત્યારે બીજી બાજુ એ બધાનું સંમિશ્રણ તથા અંદરોઅંદર આપ-લે પણ દેખાય છે. વખતોવખત બહારથી આવનાર અને મોટે ભાગે અહીં આવી વસી જનાર એવા માનવ-જૂથોની જુદી જુદી વિચારસરણી અને આચાર-પ્રણાલીને કારણે ઘણું-ખરું આ ભિન્નતા અને સંમિશ્રણ થયા છે.

વૈદિક તથા દ્રવિડ સંસ્કૃતિ

આર્ય લોકો ભારતમાં કયારે આવ્યા એ નક્કી નથી. જ્યારે પણ આવ્યા હોય. છતાં એટલું તો નિશ્ચિત છે કે તેઓના આગમન પહેલાં પણ અહીં લોકો રહેતા હતા. આજની શોધ પ્રમાણે એ લોકોની સંસ્કૃતિ સિંધુ સંસ્કૃતિ અથવા દ્રવિડ સંસ્કૃતિ કહેવાય છે. મોહેં જોદડો અને હડપ્પાના અવશેષો પરથી એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે એ સંસ્કૃતિ આર્યોની સંસ્કૃતિથી જુદી હતી. તેના આચાર-વિચાર આર્યોથી જુદા હતા પણ તે પછીથી આર્યોના આચાર વિચારમાં તે કેટલેક અંશે જરૂર એકરસ થઈ ગયા.

પૂનાના ડૉ. ખેલવેલકરના મત પ્રમાણે અહીંના પ્રાચીન નિવાસીઓની સરખામણીમાં વૈદિક આર્યોની સંખ્યા બહુ નાની હતી. તેથી તેઓ બળવાન હોવા છતાંય પોતાની વૈદિક સંસ્કૃતિને આખા દેશમાં વ્યાપક ન કરી શકયા. વૈદિક સંસ્કૃતિ મૂળે એક નાના વર્ગની સંસ્કૃતિ છે. વેદોમાંથી એ સંસ્કૃતિની કેટલીક ધાર્મિક તથા સામાજિક બાબતોનું જ્ઞાન થાય છે પણ એમાં એની દરેક શાખાનું વર્ણન નથી જ.

શ્રમણ પરંપરા

વૈદિકોથી ભિન્ન જે સમાજ અહીં હતો એનો જીવન-પ્રકાર વૈદિકોથી કંઈક જુદો હતો. તેમના જીવનના પણ કેટલાક સંકેતો પ્રાચીન ગ્રંથોમાં મળે છે. એ દિવસોમાં ભારતમાં શ્રમણોની એક પરંપરા હતી. એમાં અનેક ફિરકાના લોકો હતા. પછીથી તેઓ વૈદિક પરંપરાના બની ગયા. દા. ત. શૈવો આજે વૈદિક કહેવાય છે પણ મૂળે તેઓ વૈદિક ન હતા. એ જ રીતે વૈષ્ણવો પણ વૈદિક ન હતા. કેટલાક એવા ફિરકા છે જે વૈદિક સંસ્કૃતિમાં ન મળ્યા યા તો મળવા ન પામ્યા. બીજા કેટલાક ફિરકા એવા પણ છે જે કયારેક વિદ્યમાન હતા, પણ આજે એનું અસ્તિત્વ પણ નથી. આ અનેક ફિરકાવાળા ભારતીય સમાજની માહિતીનું સાધન મુખ્યપણે પ્રાચીન ગ્રંથો જ છે. એના દ્વારા જ એ સમયના આચાર-વિચારની માહિતી મળી શકે છે. સમકાલીન ગ્રંથો દ્વારા જ બધા સામાજિક આચારવિચારનો ખ્યાલ આવે એવો નિયમ નથી; પછીના ગ્રંથોમાં પણ પ્રાચીન પરંપરાઓના અને આચારવિચારનાં ઘણાં સૂત્રો યા સંકેતો મળી આવે છે.

પ્રાચીન અને અર્વાચીન પરિસ્થિતિ

એમ લાગે છે કે આપણા દેશમાં બરાબર આજના જેવો જ અહિંસાનો આચાર-વિચાર પ્રાચીન કાળમાં ન હતો. એ જમાનામાં સમાજનું કદ બહુ નાનું હતું. લોકો નાના નાના જુથો અને ટોળામાં રહેતા હતા. દેશ જંગલોથી ભરેલો હતો, અવર-જવરનાં સાધનો બહુ થોડાં અને ધીમી ગતિવાળાં હતાં. પરિવ્રાજકો દેશમાં ઘૂમતા ખરા, છતાંય સમાજના આચાર-વિચારો મુખ્યપણે તે તે જૂથો પૂરતા મર્યાદિત રહેતા. એનું ક્ષેત્રફળ આજની દૃષ્ટિથી કદાચ એક તાલુકાથી પણ ભાગ્યે જ વધારે હશે. એક જગાની કોઈ મહત્ત્વની ઘટનાનો પ્રભાવ બહુ મર્યાદિત ક્ષેત્રમાં જ પડતો અને થોડા વખતમાં જ તેની અસર લોપ પામતી. આજે આખું ભારત એક દૃષ્ટિએ એક સમાજ છે અને બીજી દૃષ્ટિએ જોઈએ તો આખું વિશ્વ જ અખંડ વર્તુલ બની ગયું છે. કોઈ એક જગામાં બનનાર ઘટનાનો પ્રભાવ તરત જ આખા વિશ્વ ઉપર પડે છે.

અહિંસાનું બીજ

હવે પ્રશ્ન એ છે કે અહિંસાનો વિચાર કેવી રીતે ઉદ્‌ભવ્યો અને આ દેશના આચાર-વિચારમાં એનો સમાસ કેવી રીતે થયો?

જો આપણે જીવનનું સૂક્ષ્મ દૃષ્ટિએ અધ્યયન કરીએ તો જણાશે કે હિંસા અને અહિંસાનો સંબંધ પ્રાણી-માત્રમાં રહેલી જીવનની ઉત્કટ ઇચ્છા યા જિજીવિષા સાથે જ સંકળાયેલો છે. બીજી બાબત એ છે કે પશુ, પક્ષી કે મનુષ્ય કોઈ પણ એકલાં જીવી શકતાં નથી. કોમળમાં કોમળ અને કઠોરમાં કઠોર પ્રાણીઓમાં પણ ભૂખ-તરસની પેઠે સંતાન પ્રત્યે તેમ જ સ્નેહી અને નજીકના પ્રત્યે પ્રેમ હોય છે. હિંસક પ્રાણીઓમાં પણ પ્રેમ અને દયા સ્વાભાવિક હોય છે; અને કોમળ પ્રાણીઓમાં પણ, ભલેને એક અર્થમાં આપણે તેને અહિંસક કહીએ, છતાય હિંસાની ભાવના હોય જ છે. પ્રાણીમાત્ર બળવાનથી ભય પામે છે અને નિર્બળ પર સત્તા ચલાવે છે તોય અંદરો અંદર તેઓ સામાન્ય રીતે હિંસા નથી કરતા. પશુ-પક્ષીમાં હિંસાની મર્યાદા હોય છે. એનું એક મોટું કારણ એ છે કે તેઓમાં પરિગ્રહવૃત્તિ નથી હોતી, તેઓ આવતી કાલનો વિચાર કરી સંગ્રહ નથી કરતાં, તેથી જ્યારે ભૂખ ન હોય ત્યારે તેઓ હિંસા નથી કરતાં. જો તેઓને ભયનું નિમિત્ત ન મળે તો પણ તેઓ હિંસા ન કરે. આ રીતે તેઓમાં હિંસાના પ્રેરક અને તેને મર્યાદિત રાખનાર તત્ત્વો છે-ભય અને ભૂખ.

પણ મનુષ્ય એમનાથી કંઈક જુદો પડે છે. તેનામાં બુદ્ધિનો વિકાસ જેમ જેમ થતો ગયો તેમ તેમ ભૂખ અને ભયની સાથે જ લોભ યા પરિગ્રહની વૃત્તિ પણ વધતી ગઈ અને પરિણામે માનવ-સમાજમાં હિંસાનું ક્ષેત્ર પણ વિસ્તર્યું.

હિંસાની અવસ્થાઓ

માનવસમાજમાં મુખ્યપણે હિંસાની ત્રણ અવસ્થાઓ છે:

(ક) જીવનનો નાશ અર્થાત્ શરીરને જીવનથી છૂટું પાડવું તે.

(ખ) જીવનથી શરીરને છૂટું ન પાડતાં તેને કેવળ દુઃખ આપવું. બળદ ઘોડા વગેરે પાળેલાં પશુઓ અથવા નોકર-ચાકર, મજૂર વગેરેનો જાન ન લેતાં તેમની પાસેથી શક્તિથી વધારે કામ લઈને તેમ જ જરૂરી પોષણ ન આપીને તેમને રિબાવવા.

(ગ) ન કોઈનો જાન લેવો, ન કોઈને સતાવવા, પણ દ્વેષ અને ઈર્ષ્યા કરી બીજાની ભાવનાને આઘાત પહોંચાડવો.

આ ત્રણે અવસ્થાઓનો વિકાસ ક્રમથી થયો છે.

હિંસાનું ક્ષેત્ર

હિંસાનાં ક્ષેત્રો મુખ્યપણે આ છે:

(૧) ભોજન, (૨) ધર્મ યા વહેમ, (૩) મોજશોખ, (૪) ઉદ્યોગ-ધંધા, (૫) રાજકારણ.

(૧) આ દેશમાં અહિંસાનો વિચાર સંભવતઃ ભોજનથી શરૂ થયો અને એની પહેલી ભૂમિકા પ્રાણીવધના નિષેધથી શરૂ થઈ. વનવાસી ઋષિઓ વિચારવા લાગ્યા કે ભોજનને માટે પ્રાણીવધ ઉચિત

નથી, સંભવ છે કે આ દિશામાં પ્રયોગ અને શોધને પરિણામે ફલ-મૂળના ભોજનનો અને ખેતીનાં સાધનોનો વિકાસ થયો.

(૨) ધર્મ નિમિત્તે આપણા દેશમાં ઘણી હિંસા થતી હતી. પહેલાં એ વિચાર ઘડાયો કે આપણે જે ખાઇએ છીએ એ જ દેવતાઓની સમક્ષ પણ ધરવું જોઇએ. પછીથી લોકો દેવતાઓને નામે પશુહિંસા કરી માંસ પણ ખાવા લાગ્યા, પરંતુ જ્યારે ભોજનમાં પ્રાણીવધનો નિષેધ માન્ય થતો ગયો ત્યારે ધર્મ સંબંધે પણ અહિંસાનો વિચાર થવા લાગ્યો અને ભારતીય વિચારકોએ ક્યાંક તો સાધન તથા વિધિઓમાં સંશોધન કરી અહિંસાના વિચાર અને ક્યાંક ઉપાસના વગેરેના નવા પ્રકારો ચાલુ કર્યા.

(૩-૪) મોજશોખ માટે પણ હિંસાનું ક્ષેત્ર વિસ્તૃત હતું. ભૌતિક પ્રગતિને કારણે લોકોની જરૂરિયાતો વધી. ભોજન ઉપરાંત શિકાર આદિના આનંદ માટે તેમ જ ઘરેણાં-કપડાંનાં નવા નવા શોખો માટે પણ હિંસાનું ક્ષેત્ર વધ્યું. રેશમ, હાથીદાંત, મોતી વગેરેનો ઉપયોગ વધતો ગયો અને હિંસા પણ વધતી ગઈ. જરૂરિયાત અને મોજશોખની ચીજોની વિવિધતા અને સંખ્યામાં વૃદ્ધિ થવાથી ધંધાના ક્ષેત્રમાં પણ હિંસાનો વિસ્તાર થતો ગયો.

(૫) રાજનૈતિક કારણોને લીધે પણ પ્રાણીવધ અને પ્રાણીકષ્ટ વ્યાપકપણે ચાલતાં અને આજે પણ ચાલે છે. આ બધાં ક્ષેત્રોની હિંસાથી વિરુદ્ધ વિચાર થવા લાગ્યો અને એ વિચાર આજે ય આપણા દેશમાં ચાલુ છે. બુદ્ધ અને મહાવીર તથા તેઓના પહેલાના અને પછીના અનેક વિચારકોએ પ્રાચીન કાળમાં વિચાર કર્યો અને વર્તમાનમાં ગાંધીજીએ એ વિશે ઊંડાણથી ચિંતન કર્યું. તેઓએ પ્રાણીવધનો અને પ્રાણીઓને કષ્ટ આપવાનો તો નિષેધ કર્યો જ પણ વધારામાં દેશના કરોડો નિવાસીઓને પરાધીન કરનાર અને કષ્ટ આપનાર અંગ્રેજો પ્રત્યે મનથી પણ દ્વેષ અને ઇર્ષ્યા કર્યા વગર તેમના શોષણ અને શાસનનો અંત લાવવાનો નિશ્ચય સુદ્ધાં કર્યો.

અહિંસાની ભૂમિકાઓ

અત્યાર સુધી આપણે હિંસા અને હિંસાનિષેધ વિશે કંઇક વિચાર કર્યો. હવે અહિંસાનો વિચાર કરીએ. હિંસાથી નિવૃત્તિ એ અહિંસા જ છે. આ દેશમાં આ દૃષ્ટિએ અહિંસાની પણ ત્રણ અવસ્થાઓ છે :-

૧. પ્રાણ ન લેવો. ૨. પ્રાણીને દુઃખ ન આપવું. ૩. ભય અને લોભ ન કરવો.

જેવી રીતે ભય અને લોભ દ્વારા હિંસાનો વિસ્તાર થયો તેવી જ રીતે અહિંસાનો વિકાસ પણ માનવમાં એ જ વૃત્તિઓ દ્વારા થયો છે. હિંસક પ્રાણીઓનો નાશ અહિંસાની વ્યાપ્તિ માટે આવશ્યક મનાયો, કેમકે એવાં પ્રાણીઓની હસ્તીથી માનવજીવનના નાશ અને સંકટનો ભય હતો. કદાચ આ કારણે પણ અહિંસાના પ્રાચીન સમર્થકોએ યુદ્ધ અને સંરક્ષણની બાબતમાં પ્રાણીવધનો નિષેધ નહીં કર્યો હોય. કારખાનાનો માલિક પોતાના મજૂરોને જો દુઃખ ન આપે તો એ અહિંસા લોભમૂલક તથા સ્વાર્થપ્રેરિત હોઈ શકે છે. ગુજરાતમાં સાપ નીકળે છે ત્યારે જૈનો તથા અન્ય લોકો પણ એને મારતા તો નથી જ, પણ જો કોઈ મારે તો કેટલાક ચુપ પણ રહેશે. સાપની આ અહિંસા ભય તથા લોભમૂલક છે. આ પ્રકારની દેખીતી અહિંસામાં અંતર્ગત હિંસા હોઇ શકે.

અહિંસા એક સ્વતંત્ર તત્ત્વ

અહિંસાનો વિચાર બીજી દૃષ્ટિએ પણ થઈ શકે. જો અહિંસા એક સ્વતંત્ર તત્ત્વ હોય તો એ કેવળ નિષેધાત્મક ન હોઈ શકે. એનું મૂળ કોઈ સ્વતંત્ર હોવું જોઇએ. આ દૃષ્ટિએ પણ વિચારકોએ ભારતમાં તથા ભારત બહાર વિચાર કર્યો છે. પ્રારંભમાં કહ્યું તેમ અહિંસાની મર્યાદાનો આધાર પ્રાણીમાત્રની જિજીવિષા છે અને એકલું કોઇ જીવી શકતું નથી; તેથી જ પ્રાણીમાં સ્વાભાવિક તથા સ્વતંત્રપણે સ્નેહ તથા પ્રેમનું તત્ત્વ હોય છે જ. એમાં પોતાના કુટુંબીઓ, સંબંધીઓ, પડોશીઓ વગેરે પ્રત્યે એક એવી ભાવના રહેલી છે જે બુદ્ધિ અને વિચારના વિકાસ સાથે વિકાસ પામતી રહે છે. એ ખરું કે દરેક વ્યક્તિમાં આ ભાવના પ્રમાણમાં સરખી નથી હોતી, તો પણ એ ગુણ બધામાં એક જેવો જ હોય છે. વસ્તુતઃ ચેતન તત્ત્વ એક જ છે, માટે જ પ્રેમ અને મૈત્રીનું તત્ત્વ સનાતન અને સર્વવ્યાપી હોઈ મર્યાદિત રહેવું ન જોઇએ. એવી જાતનો વિચાર માનવસમાજમાં ફેલાવા લાગ્યો.

આત્મૌપમ્ય તથા અદ્વૈત

આપણા દેશમાં આ વિચારના પરિણામરૂપ કેટલાય સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા. એક સિદ્ધાંત આત્મૌપમ્યનો હતો. બધા આપણા જેવા જ છે અને તેથી બધા પ્રત્યે પ્રેમભાવ રાખવો એવો વિચાર શરૂ થયો. બીજો સિદ્ધાંત અદ્વૈતનો હતો.

આપણે બધા એક જ ચેતન તત્ત્વ છીએ અને ભેદ તો માત્ર જીવનવ્યવહાર પૂરતો છે. આ બન્ને સિદ્ધાંતોનું વ્યાવહારિક સ્વરૂપ પ્રેમ છે. એમાં જો લોભ અને ભય મિશ્રિત હોય તો એ પ્રેમ નહીં પણ મોહ છે; પરંતુ ઉપર કહી ગયા તેમ ભારતમાં હિંસા-નિવૃત્તિ-સ્વરૂપ અહિંસાનો પ્રયોગ પ્રારંભમાં ભોજન, ધર્મ, શિકાર મોજશોખ, આદિ જેવાં ક્ષેત્રોમાં થયો. મહાત્મા બુદ્ધે વિધાયકરૂપે પ્રેમતત્ત્વ ઉપર ભાર આપ્યો. વેદિકોનું કથન હતું કે આખા જગતમાં બ્રહ્મ તત્ત્વ છે, પણ એ ઇન્દ્રિયગમ્ય નથી. બુદ્ધે કહ્યું બ્રહ્મ આખા જગતમાં છે; આપણા જીવનમાં જે સમાનતા છે એ જ બ્રહ્મ છે અને એ બ્રહ્મ અનુસાર જીવન ઘડવા માટે તેઓએ પ્રાચીન બ્રહ્મચર્ય શબ્દને બદલે બ્રહ્મવિહાર શબ્દ યોજ્યો. આથી અહિંસાનો વિધાયક માર્ગ પ્રવર્તકરૂપે અસ્તિત્વમાં આવ્યો. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખવો, એની સેવા કરવી એને દુઃખથી મુક્ત કરવાં એ આપણું કર્તવ્ય છે. આ વિચારને લીધે અહિંસાના પ્રવર્તક માર્ગનો વિકાસ બસુ દ્વારા થયો. આપણા દેશમાં એનો વધારે વિકાસ કંઈક મોડો થયો.

નિવર્તક તથા પ્રવર્તક માર્ગ

અશોકના રાજ્યકાલનું અધ્યયન કરવાથી માલૂમ પડે છે કે તેના વ્યવહારમાં નિવર્તક કાર્યો સાથે પ્રવર્તક કાર્યો પર પણ ભાર આપવામાં આવેલો. હિંસા-નિવૃત્તિની સાથે સાથે ધર્મશાળાઓ બંધાવવી, પરબો બંધાવવી, ઝાડો ઉગાડવાં વગેરે પરોપકારનાં કાર્યો પણ થયાં. અશોકે પ્રચાર કર્યો કે હિંસા ન કરવી એ તો ઠીક જ છે, પરંતુ વધારામાં દયા-ધર્મ આચરવો એ વિશેષ જરૂરી અને ઉચિત છે. પોતાને માટે અસ્તેયવ્રતનું પાલન કરવું એ તો ઠીક જ છે પણ બીજાની મદદ માટે પોતાનું હોય તેમાંથી કંઈક જુદું કાઢવું એ પણ જરૂરી છે. જન્મથી માંસ ન ખાનાર માટે માંસ છોડવું સહેલું છે પણ થતા પશુવધને રોકવાનો પ્રયત્ન કરવો સહેલો નથી. કોઇ વ્યકિત પોતે ભલેને બીજાને દુઃખ ન આપે, પરંતુ રસ્તામાં કોઇ ઘાયલ યા ભિખારી પડયો હોય તો એના તરફ આંખ આડા કાન કરી ચાલી જવાથી અહિંસાની પૂર્તિ નથી થતી; એને શી પીડા છે, શા માટે છે વગેરે જાણ્યા વિના અને કંઈ પણ ઉપાય કર્યા વિના અહિંસા અધુરી જ છે. સામાન્ય પરિસ્થિતિમાં સત્ય બોલવું બહુ કઠણ નથી, પણ અન્યાયની સામે ય સત્ય બોલી એનો પ્રતિકાર કરવો એ ઘણું અઘરું છે.

નિવર્તક ધર્મનું પ્રાધાન્ય

એમાં શંકા નથી કે આપણા દેશમાં દાનશાળા, પાંજરાપોળ વગેરે સંસ્થાઓ મોટા પ્રમાણમાં સ્થપાઈ અને ચાલે છે, છતાંય એટલું સ્વીકારવું રહ્યું કે આપણા દેશમાં પ્રવર્તક ધર્મની અપેક્ષાએ નિવર્તક ધર્મ જ વધારે ફેલાયો. અહીં એવા પણ સંપ્રદાય થયા જેઓએ નૈષ-કર્મ્યસિદ્ધિ વગેરે સિદ્ધાંતોને વેગ આપ્યો અને એને લીધે પ્રવૃત્તિમાર્ગથી જ ભય પામવા લાગ્યા, પરંતુ સમાજ વિના ધર્મ ટકી શકતો નથી અને સમાજનું ગાડું પ્રવર્તક ધર્મ વિના ચાલી શકતું નથી. નિવૃત્તિ પ્રધાન માર્ગ ઉપર વધારે પડતો ભાર આપવાથી આપણી અકર્મણ્યતા વધવા લાગી તથા ચોમેર દંભ અને આળસનો સંચાર થવા લાગ્યો. આમ સમાજ અને રાષ્ટ્રનો અધઃપાત થયો.

ગાંધીજીની વિશેષતા

અંતે ગાંધીજીએ દેખા દીધી. તેઓ માત્ર વ્યકિતગત વિચારમાં સંતોષ ન પામ્યા, પણ પોતાના કાર્યનો આરંભ કરતાં પહેલાં તેઓએ આખા દેશમાં પ્રવાસ કર્યો. તેઓએ જોયું કે નદીઓ સુજલા છે, ભૂમિ સુફલા છે છતાંય દેશમાં ગરીબી છે. એક બાજુ ભરપુર સમૃદ્ધિ છે તો બીજી બાજુ પારાવાર તંગી છે. આ જોઈ ગાંધીજી દ્રવ્યા, ગંભીર ચિંતનને પરિણામે તેઓને લાગ્યું કે દેશના લોકો મૂળથી જ અહિંસક હોવા છતાં ય વ્યવહારમાં અકર્મણ્ય છે, આળસુ છે, પ્રવૃત્તિ માર્ગથી

વિમુખ છે. ગાંધીજીએ આ વિષમતાના કારણ લેખે નિવૃત્તિમાર્ગને પણ નિહાળ્યો. તેથી તેમણે વ્યાપકપણે પ્રવર્તક ધર્મના વિકાસ માટે પ્રયત્ન શરૂ કર્યો.

નિવર્તક માર્ગની મર્યાદા

ગાંધીજીએ ભારતીય સમાજને નિવૃત્તિમાર્ગથી વિમુખ કરી સંસાર પ્રત્યે આસક્ત કરી દીધો એવો કેટલાક લોકોનો આક્ષેપ છે, પરંતુ સાચી વાત એ છે કે સમાજમાં જેટલા પ્રમાણમાં પ્રવર્તક ધર્મ અથવા સમાજોપયોગી કામ થાય તેટલા પ્રમાણમાં જ અહિંસા પણ ટકી શકે છે. નિવર્તક ધર્મથી સમાજનાં ખરાબ તત્ત્વો દૂર કરી શકાય છે, પણ એમાં સારાં તત્ત્વોની વૃદ્ધિ થઈ શકતી નથી. ગાંધીજીએ ત્યાગ, તપસ્યા અને બલિદાનરૂપ નિવર્તક ધર્મની સાથે સાથે પ્રવૃત્તિરૂપ અહિંસાનું પણ પ્રતિપાદન કર્યું અને એના દ્વારા રાષ્ટ્રની સમસ્યાઓને હળવી કરી. મનમાં છૂપાયેલા પ્રેમના અનંત ભંડારને તેઓએ સમાજ સમક્ષ ખુલ્લો કર્યો અને એની શક્તિનો વિશ્વ આખાને પરચો આપ્યો.

અહિંસાનું મૂળ પ્રેમ

વસ્તુતઃ અહિંસાનું મૂળ પ્રેમ છે. પરંતુ એ પ્રેમ જો નિકટના સાથી સુધી જ મર્યાદિત રહે તો કામ ન સરે. અહિંસા અને પ્રેમ અસીમ છે, અનંત છે. અહિંસા માત્ર નિવૃત્તિમાં જ કૃતાર્થ નથી થતી; એનો વિકાસ નિવૃત્તિમાંથી અવશ્ય થયો છે, પરંતુ કૃતાર્થતા પ્રવૃત્તિમાં જ હોઇ શકે. જો કે એ પ્રવૃત્તિ લોભ અને ભયમૂલક ન હોવી જોઇએ, અહંકાર અને મમતાથી મુક્ત હોવી જોઇએ. આમાંથી જ અનાસક્તિનો વિચાર ઉદ્‌ભવ્યો. અનાસક્તિમૂલક પ્રવૃત્તિનિવૃત્તિ જ અહિંસાના આજ સુધીના વિકાસનું સર્વશ્રેષ્ઠરૂપ જણાય છે, પરંતુ વ્યાપક પ્રેમ વિના અનાસક્તિ ન આવી શકે.

અનાસક્તિનું બીજ દરેક ધર્મમાં છે. આથી જ ગાંધીજીએ બધા ધર્મોનો સાર ગ્રહણ કર્યો અને જે બાબતો એમની સમજમાં નહોતી આવતી તેને તેઓએ છોડી દીધી. વાસ્તવમાં ગાંધીજીમાં બધા ધર્મોનો સમાવેશ થયો છે. તેઓએ અહિંસાને એક વૈજ્ઞાનિકની પેઠે વિચાર અને પ્રયોગ એમ બન્ને ક્ષેત્રોમાં અજમાવી. જે આચાર કેવળ બાહ્ય દેખાવ પૂરતો હતો તેને આંતરિકરૂપ આપ્યું. બાહ્ય અને આંતરિકની વિષમતાને નિવારી બંનેનો સુમેળ સાધવા પ્રયત્ન કર્યો. ઉપરથી જોતાં ગાંધીજીનો માર્ગ પ્રસંગ અને પરિસ્થિતિને કારણે ભારતના જ પ્રવર્તક ધર્મરૂપે ભલે લાગે પણ એ માર્ગ બધાં ગામડાં અને શહેરો માટે છે, આખા માનવસમાજ માટે છે, આખી દુનિયા માટે છે.

ગાંધીજી દ્વારા પ્રેરિત આશ્રમ-પરંપરા

ગાંધીજીના આદર્શને સામે રાખનાર આશ્રમોમાં નિવૃત્તિરૂપ અહિંસાની સાથે પ્રવૃત્તિ પણ સંકળાયેલી છે જ. અહિંસા, અસ્તેય, અપરિગ્રહ વગેરે નિવૃત્તિમાર્ગનાં વ્રતોની સાથે સાથે ખેતી, ખાદી વગેરે અનેક પ્રવૃત્તિકાર્યો પણ ત્યાં ચાલે છે. આશ્રમની આસપાસના લોકો માટે એ પ્રવૃત્તિ માર્ગદર્શનરૂપ છે, 'વિકાસસાધક છે. આ પ્રકારના આશ્રમોમાં નિવર્તક અને પ્રવર્તક ધર્મોનો મેળ સધાવો જોઇએ. આ પ્રવૃત્તિઓના મૂળમાં પ્રેમ હોવો જોઇએ અને અનાસક્ત હોવી જોઇએ.

અહિંસાનું સ્વરૂપ

સંક્ષેપમાં કહીએ તો અહિંસાનો સિદ્ધાંત બહુ વિશાળ છે. જેમ જેમ આજે સમાજમાં બુદ્ધિ અને વિવેકનો વિકાસ થતો જાય છે, તેમ તેમ અહિંસા પણ એટલી જ ઊંડી અને વ્યાપક બનતી જાય છે. અહિંસાના નિવર્તક અને પ્રવર્તક એમ બન્ને બાજુઓની ઊંડી શોધના પરિણામરૂપે એનું વર્ગીકરણ આ રીતે થઇ શકે.

નિવર્તક માર્ગ : (ક) કોઇનો પ્રાણનાશ ન કરવો.
(ખ) કોઇને દુઃખ ન પહોંચાડવું.
(ગ) કોઇની ઉપર ઈર્ષા, દ્વેષ, ક્રોધ વગેરે ન કરવાં.

પ્રવર્તક માર્ગ : (ક) પરિચર્યા તેમજ સેવા-શુશ્રુષા કરવી.
(ખ) હિતકર દૃષ્ટિએ બીજાનું પ્રિય કરવું.
(ગ) પોતાના દૈવી ગુણોનો વિકાસ કરવો.

અહિંસાનો માર્ગ વ્યક્તિગત કે પ્રાદેશિક નથી. એ બધા માનવસમાજ માટે છે અને માનવમાત્રને માટે ઉપકારક છે. પ્રાચીન સમયથી લઇ આજસુધીના અહિંસાના માર્ગોમાંથી જો પસંદગી કરવી હોય તો નિઃસંદેહ ગાંધીજીએ આચરેલો અને દર્શાવેલો માર્ગ જ શ્રેયસ્કર છે, એ દ્વારા પ્રાચીન અહિંસાને સમજવી સરળ પડે છે અને આજની પરિસ્થિતિમાં એના આચાર-વિચારને વિકસાવવાની તક પણ મળી રહે છે.

પંડિત સુખલાલજી

પ્રગટી ભૂમિદાનની ગંગા

(ગતાંકથી ચાલુ)

(અનુસંધાનઃ અહીંથી ઊભું થયું શ્રમદાન....ભૂમિદાન સાથે શ્રમદાનને ભેળવતી આ ભૂગંગા મધ્યપ્રાંત વટાવીને આવી ઉત્તરપ્રદેશમાં...)

પ્રવક્તા :—માંગરોઠ ગામને પાદરેથી નીકળતા વિનોબાને ગામના લોકોએ પૂછ્યું— (છાયાદૃશ્યમાં વિનોબા અને ગ્રામજનો)

ગ્રામજનો :—બાબા ! અમારા માટે શો સંદેશ છે ?

વિનોબા :—આ જ સંદેશ, બીજો શો હોઈ શકે ?...સંત તુલસીદાસે ગાયું છે કે, 'સબૈ ભૂમિ ગોપાલકી'...આ ચરિતાર્થ કરો !

પ્રવક્તા :—વિનોબા તો આમ કહી ત્યાંથી ચાલતા થયા. તેમના સંદેશનું રહસ્ય ગ્રામજનોએ કાર્યકરોને પૂછ્યું—

ગ્રામજનો :—'સબૈ ભૂમિ ગોપાલકી' એટલે શું ?

કાર્યકર :—બધી જમીન પર એક ગોપાલની જ માલિકી હોઈ શકે અને એટલે, તે વ્યક્તિગત ન રાખતાં આખા ગામની, સમાજની, બનાવી દેવી જોઇએ.

પ્રવક્તા :—આ સમાજતાં એ બધા આગળ નીકળી ગયેલા વિનોબાની પાછળ જઈ બોલ્યા—

ગ્રામજનો :—આપના સંદેશ અનુસાર અમે સૌ આજથી અમારા આખા ગામની જમીન આપને ચરણે ધરીએ છીએ...આપ કહેશો તેમ અમે સૌ સાથે મળીને જીવીશું.

પ્રવક્તા :—માંગરોઠનું આ પ્રથમ ગ્રામદાન થયું. ભૂદાનને પ્રથમ સામૂહિકરૂપ અહીં મળ્યું. અહીંથી ભારતભરમાં નાદ ગૂંજતો થયોઃ—

સૂત્રગાનઃ—(છાયા દૃશ્યમાં કિસાનોનું લોકનૃત્ય અને ગાન)

સબૈ ભૂમિ ગોપાલકી, નહીં કિસીકી માલકી,
ગાંવકી જમીન ગાંવકી, નહીં કિસીકી માલકી.

પ્રવક્તા :—હિમાલયનાં ચરણોમાં ભૂદાનની ગંગા વહેતી થઇ ને એને તીરે તીરે શાંત ક્રાંતિનાં ગાન રણકી રહ્યાં...(છાયામાં હિમાલય અને ચાલતું યાત્રીદળ)

કૂચગાનઃ—સુરમ્ય શાંતિ કે લિયે જમીન દો, જમીન દો,
મહાન ક્રાન્તિ કે લિયે જમીન દો, જમીન દો....
જમીન દો કિ દેશકા અભાવ દૂર હો સકે,
જમીન દો કિ દ્વેષકા પ્રભાવ દૂર હો સકે,
જમીન દો કિ ભૂમિહીન લોગ કામ પા સકે,
ઉઠા કુદાલ બાજુઓંકા જોર આજમા સકે....
મહાવિકાસ કે લિયે જમીન દો, જમીન દો,
નયે પ્રકાશ કે લિયે જમીન દો, જમીન દો, !
(રામધારીસિંહ : 'દિનકર')

પ્રવક્તા :—પછી આ નવ-ગંગા આવી પવીત્ર ગણાતી નગરી કાશીમાં. પ્રપંચ, પાખંડ, પ્રમાદ અને અકર્મણ્યતાથી દૂષિત થયેલી પેલી પુરાણી ગંગાવાળા કાશીને, અંદર બહારથી ધોતા, ભગીરથ ત્યાં બોલી રહ્યા :

વિનોબાઃ—"કાશીની આ ગંદકી દૂર થવી જોઇએ—શુષ્કજ્ઞાનની સાથે કર્મ અને ભક્તિનો સુમેળ સધાઇને !...બુધ્ધિ અને વિદ્વાનો પરિગ્રહ છોડીને વિદ્વાનો ગામ ગામ ઘૂમી દેશનાં કરોડો અભણ અબૂઝ લોકોને જ્ઞાનદાન આપી પ્રાયશ્ચિત કરે....."

પ્રવક્તા :—આ સાથે શરૂ થયું જ્ઞાનદાન, વિદ્યાદાન, બુધ્ધિદાન..... ઉત્તર સરતું ગયું અને બિહાર આવ્યું.....બિહાર...! મહાવીર, બુધ્ધ ને ગાંધીની કર્મ-ભૂમિ !
(છાયામાં જૂદા જૂદા દૃશ્યો)
એક ગામે, દાનમાં ભૂમિ પામનાર કેટલાક ગરીબો વિનોબાને પૂછી રહ્યા—

ગરીબો :—બિનુબાબા ! અમને જમીન તો મળી, પણ ખેતી કરવા માટે હળ, બળદ, ગાડું, કશું નથી...બીજ ખરીદવા ને કૂવો ખોદવા પૈસા નથી..."

પ્રવક્તા :—અને વિનોબા જગતને સંબોધી રહ્યા—

વિનોબા :—'સબૈ સંપત્તિ રઘુપતિ કૈ આહી'...સંપત્તિ સઘળી ભગવાનની, સમાજની, સૌની છે...ધનવાનો એના 'ટ્રસ્ટી' બનીને સમાજહિતાર્થે, આવા લોકોની સહાયતા માટે, એનો ઉપયોગ કરે. પોતાની સંપત્તિના, આવકના છઠ્ઠા ભાગનું દાન તો સૌ કોઈ આપે, નિરંતર આપે...ધનવાનો જો ગરીબોને પ્રેમથી નહીં અપનાવે તો બચ્ચા બાશે.

પ્રવક્તા :—આવી રીતે શરૂ થયો સંપત્તિદાન યજ્ઞ. પટણાની સભામાં વિનોબાએ એક ઘોષણા કરી કે—

(છાયામાં સભા અને વિનોબા)

વિનોબા :—"ભૂમિદાન, શ્રમદાન અને સંપત્તિદાન—સમાજમાં સામ્યયોગની સ્થાપના કરવાનાં આ ત્રણ પગલાં છે."

પ્રવક્તા :—બિહારમાં ઘૂમતા, ભૂમિદાન લેતા ને ભૂહીનોને એ વહેંચી આપતા, આ ક્રાંતદૃષ્ટાએ ચાંડિલના સર્વોદય સંમેલનમાં આવી કાર્યકરોને આવાહન કર્યું—

વિનોબા :—લોકો જમીન કેટલી આપે છે તે કરતાં કેવી ભાવનાથી આપે છે એ મહત્ત્વનું છે...કાર્યકરોએ તો પોતાના જીવનમાં શુદ્ધિ અને ક્રાંતિ લાવવા, પરિણામ ઈશ્વરને સોંપતા, નમ્રપણે કર્તવ્ય કરી છૂટવાનું છે...આપણો પ્રયત્ન એ હશે કે, ૧૯૫૭ સુધીમાં દેશના છઠ્ઠા ભાગની પાંચ કરોડ એકર જમીન દાનમાં મળી જાય, ભૂમિનો પ્રશ્ન પૂરેપૂરો ઉકલી જાય અને ભૂદાનમૂલક, ગ્રામોદ્યોગપ્રધાન, અહિંસક-સમાજ રચાય...આપણે આવો સંકલ્પ કરીએ.

પ્રવક્તા :—આ વિ. રા. ટ. ય. જ્ઞ. ને માટે અસંખ્ય લોકસેવકોની જરૂર ઉભી થઈ અને હાકલ પડી—

ગાન. (છાયામાં લોકગીત ગાયક : લોકગીતસ્વર, કેરવા)

આઓ જીવનદાન કરેં, ભાઈ (૨)
સામ્યયોગકી સદ્‌શિક્ષાકા આઓ નવનિર્માણ કરેં,
જગ-ઉપકારી પુણ્યગંગમેં, આઓ ચલો ભાઈ સ્નાન કરેં,
આઓ૦
આઓ ક્રાન્તિ નઈ ઇક લાયેં, જાગ ઊઠે જગ દાયેં-બાયેં,
પુરાને ઢાંચે કો બદલાયેં, નવયુગ કા નિર્માણ કરે,
આઓ૦

(શ્રી. દુખાયલ)

પ્રવક્તા :—અનેક માણસો આ માગણી પૂરી કરતા ગયા અને આમ 'જીવનદાન' નો પ્રવાહ, અનેક દાનોની આ ગંગામાં આવી ભળ્યો. ધર્મચક્રપ્રવર્તન આગળ વધતું ચાલ્યું, ભૂદાન એ માત્ર આર્થિક ને સામાજિક જ નહીં, પણ વિચાર, હૃદય ને જીવનની ત્રિવિધ ક્રાન્તિનું આંદોલન બન્યું, નવું જીવન-દર્શન બન્યું—

ગાન. (માલકંસ-ભીમપલાસ : કેરવા)

જાગિયો ભૂદાન કેરો ધર્મ હિંદુસ્તાનમાં,
આપો રે દાન ! ઋણ ચૂકવવા રામનાં

(મિશ્ર ભૈરવ : દાદરા)

ભૂમિ, સાધન, મહેનત ને ધન, બુદ્ધિ, જીવનનાં દાન;
નિજનું તજીને, વ્યાપક થઈને, ગાઓ રે મુક્તિનાં ગાન (૨)
જાગિયો ભૂદાન કેરો ધર્મ હિંદુસ્તાનમાં,
આપો રે દાન ! ઋણ ચૂકવવા રામનાં.

પ્રવક્તા :—અને આતૂર આંખે જેમની વાટ જોવાતી હતી એવા નવબુદ્ધ વિનોબા બંગદેશમાં આવી પહોંચ્યા. 'ભૂદાન યજ્ઞનું એક એક દાન, વિશ્વશાંતિનું છે મતદાન'- તેમનો આ સંદેશ સંભળાવતો બંગાળનો ચારણગાયક ઠેર ઠેર ગાઈ ઉઠ્યો—

(છાયામાં એક તરફ બાઉલ ભજનિક અને બીજી તરફ યાત્રીદળ સાથે ચાલ્યા જતા વિનોબા.)

ગાન. (બંગલા ભૂદાનગીત : ભૈરવી-દાદરા)

એખ'ન ભાઈ સમય આ છે, શુભ કાજે મન દાઓ (૨)
હૃદય દુવાર દાઓ ખુલે દાઓ, ભાયે ખુકે ટેને નાઓ;
શુભ કાજે મન દાઓ....!
શબાઇ મિલિયા તોનારે માગિ છે, દરીદ્રેર પાને ચાઓ,
નીર ભૂમિ નાઈ, તારે દાઓ કિછુ, શે કથા બુઝિયા જાઓ;
શુભ કાજે મન દાઓ....!
એખ'ન ભાઇ૦.

('બંગલા ભૂદાન પદમાલા')

પ્રવક્તા :—ગૂંજતાં સંગીત સાથે બંગાળમાં ઘૂમતા વિનોબા, પરમહંસશ્રી રામકૃષ્ણની સમાધિ પાસે આવ્યા. તેમના સ્મરણમાં ડૂબી જઈ ગદ ગદ થતા અને આ યુગની 'સામૂહિક સાધના'ની જરૂરિયાત સ્પષ્ટ કરતા, અંતરના ઊંડાણમાંથી ત્યાં તે બોલી રહ્યા—

(છાયામાં વૃક્ષો, સમાધિ, વિનોબા, સભાજનો)

વિનોબા :—શ્રી રામકૃષ્ણ દેવને જેવી સમાધિ લાગી ગઈ હતી તેવી સમાધિ, ભક્તિ અને અહિંસા સૌ મેળવે. આખા સમાજમાં એ ફેલાય. સાધનાનું આવું સામૂહિકરૂપ હું ઝંખું છું...

પ્રવક્તા :—વિજ્ઞાનયુગમાં જરૂરી એવા 'સાધનાના સામાજિકરણ'નું સત્ય ઉચ્ચારી પોતાના ઊંડાણનો કંઈક ખ્યાલ આપતી આ ભૂદાનગંગા ત્યાંથી વહેતી આવી ઓરિસ્સામાં. નર્તન અને કીર્તનમાં મસ્ત બની, ભભૂતિયા ભગીરથનું સ્વાગત કરવા એ ગાતું આવતું હતું—

(છાયામાં ગ્રામજનોનું ચાલતું ફરતું લોકનૃત્ય)

સમૂહગાન :-(ઉડિયા : ભૂદાન-લોકગીત)

નિછિ દેખી આમિ ચાંદ, આજિ આનંદ, ભારત બરસે,
સેબક બેસે, બુલંતી દેસે, મેંટાઈબા પાઈ દ્વંદ,
આજિ આનંદ....
તાહકુ ગાડી, સરગે ઉડી, જાઈછિ મોહન-ચાંદ,
આજિ આનંદ....
ભૂદાન પાઈ, સકલે બાઈ, મિલાઈ કંધ કુ કંધ,
આજિ આનંદ....
નિછિ દેખી આમિ ચાંદ....

(શ્રી. શ્યામસુંદરદાસ)

પ્રવક્તા :—ઓરિસ્સાના જંગલોનાં ઊંડાણ અને પહાડોનાં પાષાણ, ધરણીના પટ ને સાગરના તટ—આ બધાને ખૂંદતી, પૂરજોશમાં ધસમસતી ભૂદાન ભાગીરથી પછી તો નવારૂપમાં પલટી-ગ્રામદાનમાં! ઓરિસ્સાએ માંગરોઠ જેવાં ગામનાં ગામ ભક્તિપૂર્વક દાનમાં ધરી દીધાં...ગ્રામદાન આપતાં પહેલાં કોરાપુટના આદિવાસીઓની પ્રશ્નોત્તરી ચાલતી—

લોકો :—ગામનું દાન કર્યા પછી કામ કરવાનું, રહેવાનું કેવી રીતે? જમ જેવા પ્રસંગો, કરજ વગેરેનું શું ?

કાર્યકર :—સૌ એક કુટુંબ તરીકે રહી સુખ દુઃખ સાથે ભોગવશે. તેમાં ખેતી વ્યક્તિગત, સાધનો સહકારી અને માલિકી ગામની રહેશે. સૌનાં કામ, સ્વભાવ ને શક્તિ જૂદા જૂદા હોય, પણ સગવડો, લગ્નનો ખર્ચ, કરજ, જવાબદારી વગેરે સૌ વહેંચી લેશે...

પ્રવક્તા :—આવી સમજ સાથે અનેક ગ્રામદાનો મેળવતી અને 'આમગારે ભૂમિહીન રહિબો નાહીં, રહિબો નાહીં' નો જયઘોષ ગજવતી આ મહાનદી ઓરિસ્સામાંથી આંધ્રમાં ચડી, પાંચ વર્ષની પરિક્રમા બાદ ફરીને આવી તેલંગણામાં. હર્ષથી પાગલ બનતો ત્યાંનો કિસાન નાચી ઊઠ્યો—

(છાયામાં માથા પર ઘાસના ભારાવાળા કિસાનોનું લોકનૃત્ય...તેલુગુ લોકગીત)

સમૂહગાન :— ઉઠયાલો ઓ રામ, ઉઠયિાલો !
ભારતમાતા ઉઠયિાલો, ગાંધીબાપૂ ઉઠયાલો;
ાવનોબાબાબા ઉઠયાલો, ભૂદાનયજ્ઞમુ
ઉઠયિાલો,
ઉઠયાલો ઓ રામ, ઉઠયાલો !

પ્રવકતા :— તેલંગણાની આ બીજી યાત્રામાં ભૂદાતાઓનો 'સમયદાની સંઘ' બનાવતો ને બાકી રહેલા આંધ્રને આવરતો યજ્ઞ-ગંગાનો પ્રવાહ હવે પહોંચ્યો તામિલનાડમાં.
ત્યાં કાંચીપુરમના સર્વોદય સંમેલને ગીતાના સૂર પ્રસરી રહ્યાં:

મંત્રગાન :— (તામિલ : કર્ણાટકી-સંગીત ઢાળ)
કરૂણુને, મતિ તિરૂણુમુ, ટૂવન્ કાણું તોટમું ચેશિડુમ્;
વરૂણુમું ઇરુન્દૈગલું, ઉરૈ, ચેન્નપ્પાર્થન્, ઇરૈગિટ્ટાન.

પ્રવકતા :— સ્થિતપ્રજ્ઞદશાને સામે રાખતા અને તપથી વિશુધ્ધ થતા વિનોબા કાંચીથી આગળ ચાલ્યા અને તામિલનાડમાં પણ ઠેર ઠેર ગ્રામદાન મળી રહ્યાં. એક ગામ. લોકો તેમને પૂછે છે—

ગ્રામજનો :— વિનોબાજી ! ગ્રામદાનની વાત અમને ગમી તો છે. પણ ગ્રામદાન થયા પછી અમારા વર્ણાશ્રમનાં ભેદોનું શું ?

વિનોબા:— ગ્રામદાની ગામોમાં તદ્દન નવા જ વર્ણ અને આશ્રમ આપણે રચીશું. શાંતિ, સંયમ, કરૂણા અને સેવા-ભક્તિ-રૂપી શ્રધ્ધા આ ચાર ગુણો વડે દરેક વ્યકિતમાં જ ચાર વર્ણ અને ચાર આશ્રમ આવી જશે. શમ, દમ, દયા, શ્રદ્ધા—આ ચાર શબ્દો એ તો ગ્રામદાનનું સૂત્ર છે.

ગ્રામજનો:— અમે આ વાત સાથે કબુલ છીએ. અમે પણ અમારા ગામનું દાન કરીશું અને આ રીતે ગુણો કેળવીને જીવવાનો પ્રયત્ન કરીશું.

(છાયામાં સભાદૃશ્ય અને બાદ ચાલતા વિનોબા)

પ્રવકતા :— આમ ગ્રામદાનો આપતા એ આદિવાસી દ્રાવિડ ગ્રામજનો મસ્તીમાં નાચતા ઝૂલતા પોતાનો આનંદ દાખવી રહ્યા—

(છાયામાં વન્ય, પર્ણધારી, આદિવાસીઓનું લોકનૃત્ય : તામિલ ગાન : કેરવા)

સમૂહગાન:— તન્દાનો, તાનિ તન્દાનો, તન્દાનો, તાનિ તન્દાનો,
જોતિયે, સુડરે, સુડરોળી, વિડકકે;
તન્દાનો, તાનિ તન્દાનો, તન્દાનો, તાનિ તન્દાનો.

પ્રવકતા :— ભૂદાન, ગ્રામદાનના યજ્ઞકાર્ય સાથે આમ આ ગંગા આજ દક્ષિણમાં વહી રહી છે...એનો પ્રેમ-પ્રવાહ વળી ભારતની આખી સંસ્કૃતિને પણ એક કરી રહ્યો છે, ઉત્તર અને દક્ષિણનાં, આર્ય અને દ્રાવિડનાં ધર્મ-ભાષા-આચાર-વિચારનાં ભેદોને તોડી રહ્યો છે.

દક્ષિણની આ સમન્વય-યાત્રા આટોપી, કેરલ-કર્ણાટકને વીંધતા આ દત્ત દિગંબર વિનોબા, માવડી સમા મહારાષ્ટ્ર-ગૂજરાતે આવે તે પહેલાં તો દેશભરની જેમ અહીં પણ ભૂદાનગંગાની સરવાણીઓ ચોમેર ફૂટી ચૂકી છે...ચેલું મહારાષ્ટ્ર તો આખે આખા તાલુકાના દાનની પહેલ કરી રહેલ છે.

કોઈ યોજના વગર, માત્ર પ્રભુપ્રેરણાથી, આ ગંગા આટલું વહી. હજુ તેને કેટલો અને કયાં વળાંક લેવાનો હશે એ તો એનો એ વહેવરાવનારો જ જાણે ! પણ એ ભગીરથ જોગીરાજની ગુણાવલિ ગાતો, સોરઠનો લોકકવિ તો આજ આગમનાં એંધાણ દાખવી રહ્યો છે:—

ગાન. (સોરઠી લોકગીત: કેરવા)
"ઊંચાં ખોરડાં નીચાં નમશે ને, ઝૂંપડાં ઊંચા થાશે,
ઓલા ઘટશે ને ઓલા વધશે તે દિ' દુનિયા સ્વર્ગ દેખાશે,
જોગીડા ! તારાં નવા પુરાણ રચાશે...."
(શ્રી. દુલા કાગ)

પ્રવકતા :— ભૂદાનની આ પતિતપાવની ગંગાધારા ! એનાથી થોડું ઘણું યે કોણ ભીંજાયું નથી ? પણ હા, એ દેખાય છે એટલી છીછરી નથી, માત્ર ભોમના આદાન-પ્રદાનમાં જ બંધાયેલી નથી, એનું વિકસતું જતું જીવનદર્શન તો આ છે—

ગાન. (બાગેશ્રી: ત્રિતાલ)
આત્મભાન જગવતું જ્ઞાન, પાંચ તત્ત્વનું નવલ વિધાન,
ભક્તિ, જ્ઞાન ને કર્મનું પાન, જ્ઞાનાચારનું આ સંધાન.
ગહન ગગન શું આ ભૂદાન, ચેતનકેરૂં ચિરંતન ગાન,
ના ઉપકાર, નહીં અતિભાન, કર્મ માત્રને ના અભિમાન.
સામ્ય-સર્વોદય વિજ્ઞાન, વિશ્વશાંતિનું આ મતદાન,
'આપો આપો મમતનું દાન' સન સતાવનનું આહ્વાન !

(પાર્શ્વસંગીતમાં આંધી અને નદીના ખળખળાટના અવાજ. છાયા દૃશ્યમાં પ્રથમ અંધકાર અને પછી ઉજાસ અને સૂર્યોદય.)

પ્રવકતા :— જુઓ તો ! આંધી ને તોફાનો ગયા, હિંસા વિષમતાના તાપ પછી શાંતિની શીતળ ગંગાધારા વહાવતો બરફ પીગળ્યો...અને—

ગાનસ્વર :— (અહિર-ભૈરવ : દાદરા)
વીતી ઘોર અંધારી રાત, ઉગે સર્વોદયનું પ્રાત,
જાગે અવની સારી....

(છાયામાં સંતના સાદનું દૃશ્ય અને પછીથી 'સાંભળજો સંતની વજ્જરશી વાણી' એ ગીત)

પ્રવકતા :— આ ગંગાને લઈને સૂર્યપથે ચાલ્યા આવતા યુગપુરુષનો શ્રદ્ધાભર્યો સંકલ્પ હવે ફળવા જઈ રહ્યો છે, અહિંસાની શકિતની લોકોને કિંમત સમજાવા લાગી છે. તેમનો સાદ સાંભળતાં, જાગેલા થોડા લોકો, સન સત્તાવનની વાટે વહી આવતી આ પુણ્યસલિલા ગંગામાં સ્નાન કરવા જઈ રહ્યા છે. ન જાગેલા હજુ જાગી રહ્યા છે—

ગાન. (ભૈરવી : કેરવા)
સાંભળજો સંતની વજ્જર શી વાણી,
તૂટે કરાડો ને ફૂટે સરવાણી,
અંતરના અમૃતની ધારાએ ધરાએ,
બૂઝાવે દાવાનલ હોળી—
હો મારા સાધુની છલકાવો ઝોળી,
ઓ રે ભારતનાં નરનારી ! આજ અંતરને લેજો ઢંઢોળી,
હો મારા સાધુની૦
(શ્રી નાથાલાલ દવે)

પ્રવકતા :— આજ...આજ એપ્રીલની અઢારમી ! ભૂદાનગંગાની સાતમી જન્મતિથિ...! કાળપુરુષ આ દિવસના ગર્ભમાંથી જાણે શંખ ફુંકી રહ્યો છે—

સહગાન :— ભૂમિદાન યજ્ઞ હમ સફલ બનાયેંગે (૨)
ઉઠ પડો અય ભારતીય ! જગ જગાયેંગે (૩)
ભૂમિદાન યજ્ઞ હમ સફલ બનાયેંગે—
(શ્રી પ્રભુરાજ સિંહ)

(વાદ્ય સંગીત)

સમૂહગાન:— પ્રગટી ભૂમિદાનની ગંગા (૨)
ગ્રામદાન ને ગ્રામરાજ્યથી,
સર્વોદય કરી રામરાજ્યથી;
મિટાવશે સૌને તન-મનનાં, નંગા ને ભીખમંગા,
પ્રગટી ભૂમિદાનની ગંગા...
(ઓલ ઇન્ડીઆ રેડીઓ : અમદાવાદના સૌજન્યથી)

સમાપ્ત **પ્રતાપરાય ટોળિયા**

ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખસ્થાને

આગામી ૧૫ મી જુનના રોજ યોજાયેલ

પંડિત સુખલાલજી સન્માન સમારંભ

આગામી ૧૫ મી જુન અને શનીવારના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રમુખસ્થાને "પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું જાહેર સન્માન કરવામાં આવશે. સ્થળ તેમ જ સમય હવે પછી જાહેર કરવામાં આવશે. **મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૫, ૧૯૫૯, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સ્થિતપ્રજ્ઞ અને પ્રજ્ઞાચક્ષુનું સુભગ મિલન

૯ મી મેનું ઉત્સાહ પ્રેરક પ્રભાત...!

કાલડી સર્વોદય સંમેલનના એક નિવાસમાં પંડિત સુખલાલજી નિત્યકર્મ પતાવી રહ્યા હતા. ત્રણ દિવસના પ્રવાસ પછી આગલી રાત્રે જ કાલડી પહોંચેલા એટલે સહેજ થાક તો હતો જ. પણ વિનોબાજીના દર્શને જવાની મનમાં ભાવના હતી એટલે તેઓ સમયસર જ તૈયાર થઈ રહ્યા હતા.

ત્યાં તો અચાનક શબ્દો કાને અથડાયા:

"પંડિતજી.....!" લાંબી ફાળે ચાલ્યા આવતા વલ્લભસ્વામી, વિનોબાજીનો સંદેશો સંભળાવી રહ્યા હતા: બાબા પોતે જ અહીં પંદરેક મિનિટમાં મળવા આવી રહ્યા છે...આપ તેમને મળવા જવાનું કષ્ટ ન કરશો."

'પં. સુખલાલજી કાલડી આવ્યા છે.' એવી જાણ થતાં જ વિનોબાજી મળવા આવતા હતા—જાણે પંડિતજીની જ મનોભાવનાનું પ્રતિબિંબ ન પાડતા હોય તેમ!

પણ વિનોબાજી પોતે અહીં આવે એ પંડિતજીને ઉચિત ન લાગ્યું. તેઓ જલ્દીથી તૈયાર થઈ, તેમના સામે જવા રસ્તા પર બહાર આવ્યા. થોડું ચાલે ત્યાં સામેથી થોડા યાત્રીઓ સાથે વિનોબાજી આવતા દેખાયા.

વચ્ચે ત્રણેક ફૂટનું અંતર હતું.

પંડિતજીનું શરીર નમી રહ્યું, હાથ જોડાઈ રહ્યા, હૈયામાંથી શબ્દો નીકળી રહ્યા: 'પ્રણામ...!'

એટલામાં તો વિનોબાજી નજીક આવ્યા, તેમની અનિમિષ આંખો પંડિતજીની અંતર્મુખ આંખો સાથે એક થઈ રહી અને તેઓ તેમને અંગભેર ભેટી પડ્યા!

એક સ્થિતપ્રજ્ઞ, બીજા પ્રજ્ઞાચક્ષુ! બન્નેનાં પ્રજ્ઞાવાન શરીરમન જાણે એકરૂપ થઈ ગયા...પ્રજ્ઞાપુરુષ શંકરાચાર્યની ભૂમિ પર, સંમેલનના પ્રથમ પ્રભાતે આ બે મહાપ્રાજ્ઞોનું પ્રેમ-મિલન એક અપૂર્વ સંયોગ ખડો કરી રહ્યું....

થોડી પળો પસાર થઈ...પછી બાબા જ પંડિતજીનો હાથ પકડી તેમને દોરતા એ નિવાસ પર આવ્યા. પરસાળમાં સામસામી બેઠક નખાઈ...કેટલીક ક્ષણો સ્તબ્ધતામાં વીતી—જાણે મૌનમાં વાતો ન થઈ રહી હોય!

વિનોબાજી કોઈ અકળ દૃષ્ટિથી પંડિતજીને નીરખી રહ્યા હતા. અંતે બાળક—શા ભાવે તેઓ પૂછી રહ્યા:

"આપણે છેલ્લા ક્યારે મળેલા?"

"લગભગ આઠ વર્ષ પહેલાં આપ સાબરમતી આશ્રમમાં પધાર્યા ત્યારે મળેલા અને ઠીકઠીક બેઠેલા." પંડિતજીએ જવાબ વાળ્યો અને પ્રશ્નોત્તરી આગળ ચાલી.

વિનોબાજી :—"આપની ઉમ્મર કેટલી?"

પંડિતજી :—"ઉમ્મર વિષે તો હું માનસિક દૃષ્ટિએ વિચારું છું, ત્યારે લાગે છે કે અન્તઃશરીરમાં જે ઉમ્મર થઈ તે જ ખરી ઉમ્મર, તેથી શારીરિક વૃદ્ધાવસ્થાની બહુ અસર મન ઉપર જણાતી નથી અને કાંઇક યૌવનની પ્રસન્નતા અનુભવું છું."

વિનોબાજી :—"વિદ્યાધ્યયનનો આપનો અનુભવ શો?"

પંડિતજી :—"આ વસ્તુ સાપેક્ષ છે. વિદ્યાર્થીઓ ન હોય તો વિદ્યાજીવન ન ચાલે. જીવનનો આધાર મારા જેવા માટે વિદ્યાર્થીઓ જ છે. એ લોકો જેટલે અંશે સમજ મેળવે તેટલે અંશે વિદ્યાજીવી વ્યક્તિને માટે સંતોષની વાત છે. આમ વિદ્યાર્થી અને અધ્યાપકનો વિદ્યાસંબંધ અવિભાજ્ય છે. ઓછામાં ઓછું મારા પોતાના જીવનની તો એ હકીકત છે કે, બીજાનો આધાર ન રહે તો ચાલે નહીં. આધારનો ઉપયોગ કરવો અને તેના પર પોતાનું મૂલ્ય આંકવું. એ રીતે હું પ્રત્યેક વસ્તુને મારા જીવનની આસપાસ ગોઠવું છું. આ દૃષ્ટિએ મારો અધ્યયન-અધ્યાપનનો અનુભવ એકંદર મીઠો છે."

"ગૂજરાતમાં પણ ગ્રામદાન શરૂ થઇ ગયાં છે." વિનોબાજી એ મુદ્દો બદલ્યો. પંડિતજી પાસેથી જ બધું સાંભળવું હોય એવી તેમની વિનમ્ર આતૂરતા શબ્દોના ભાવમાંથી તરી આવતી હતી. ત્યાં તેમના સવારના આહાર-દહીં-મધનું પાત્ર સામે ધરાયું અને તેઓ કહી રહ્યા "હું નાસ્તો કરું છું, આપ આપની વાત સંભળાવો." પંડિતજીએ આગળ ચલાવ્યું:

"હા, ગૂજરાતમાં ઠેર ઠેર ભૂદાન-વિચારની પ્રગતિ થઈ રહી છે ને ગ્રામદાન પણ મળવા લાગ્યા છે. તેના જે સમાચાર મને મળે છે તે અનુસાર કહું તો, કાર્યકર્તા સમુદાયમાં, લોકો સમજે છે તે પ્રમાણમાં વિકાસ એકદમ થતો નથી. એમાં સાતત્ય અને પ્રયત્નની વિશેષ જરૂર તો રહે જ છે.

"ગૂજરાતમાં કાર્યકરોની પુરાણી પેઢી સાથે નવી પેઢી પણ ઉભી થઈ છે. બાપૂ ૧૯૧૪-૧૫ માં આવ્યા ત્યારે કોંગ્રેસમાં નવી પેઢી નિર્માણ થઇ, તે રીતે. સ્વરાજ મળ્યા પછી ઉત્સાહનું પૂર ઓસરી રહ્યું હતું. લોકો જે જે ક્ષેત્રમાં બેઠા હતા ત્યાં મોટે ભાગે સરકારની ટીકા જ કરતા. ત્યાં ભૂદાનનો વિચાર સામે આવ્યો. એથી નવી પેઢીને ચેતના લાધી, બુધ્ધિશક્તિ અને કર્તૃત્વ માટે ક્ષેત્ર મળી ગયું. જૂની પેઢીને પણ કાંઇક જોઇતું તો હતું જ! જો આવો નવો વિચાર તેમની સામે ન આવ્યો હોત તો તેઓ શું કરત?...એ કહેવું કઠણ છે. આ રીતે જૂની પેઢીના અમુક વર્ગ સાથે ઉત્સાહી અને કામભૂખી નવી પેઢી જોડાઇ ગઈ. ગંગામાં નવું પૂર આવે ત્યારે તે જૂના પાણી સાથે મળી જાય છે, અને નવા-જૂના જળનો પ્રવાહ એકરૂપ થઇ વહેવા લાગે છે, તે રીતે અત્યારે હું ભૂદાનકાર્યમાં કામ કરનારાઓને જોઇ રહ્યો છું. ભૂદાનના તદ્દન નવા દેખાતા કાર્યક્રમમાં જેઓ સ્વસ્થ મનના અને ધીરજવાળા હશે તે જ આવશે અને ટકી શકશે. જેમ ગૂજરાતમાં તેમ લગભગ બધા જ પ્રાંતોમાં સ્થિતિ સરખી કહેવાય.

"તાત્ત્વિક વિચાર પણ લોકોને અપીલ કરે છે–સ્પર્શે છે. ભૂદાનની મૌલિક ભૂમિકા, એટલે કે અહિંસા–અપરિગ્રહના વિચારને વ્યાપક કરવાની ભૂમિકા, તો એવી નકકર છે કે એને કોઇ ચળાવી શકે તેમ નથી."

અસ્ખલિતપણે વિચારધારા વહાવ્યે જતા પંડિતજી અને દહીં ચગળવાની સાથે એકાગ્રપણે સાંભળતા વિનોબાજી–ત્યાં એકઠા મળેલા નિરીક્ષકોમાં જિજ્ઞાસા જગાવી રહ્યા હતા.

"મેં એ પણ જોયું કે ભૂદાનમાં કેટલાક ગંભીર લોકો પણ આવવા લાગ્યા છે. પહેલાં આમ ન હતું." વિનોબાજીએ વિચાર–તાર છેડયો અને પંડિતજી તે પર વિસ્તાર–પ્રસ્તાર કરી રહ્યા.

"આજકાલ શાળા કોલેજોમાંથી જે ફાલ બહાર આવી રહ્યો છે તે તો મોટે ભાગે છીછરો દેખાય છે. લોકો આજે વધુ મહેનત કરવા નથી માગતા. કોઇપણ હિસાબે પાસ થઇ જવું એ જ એમનું ધ્યેય રહે છે. ગંભીર સાહિત્ય વાંચવું અને તેને સમજવું એ તો વિરલ વસ્તુ બની ગઈ છે. છતાં જે જિજ્ઞાસુ, તરવરતો વર્ગ છે તે આપનું ગંભીર સાહિત્ય પણ વાંચે છે, અને તેમાંથી તેમને જોઈતું વિચારભાથું મળી રહે છે. આપ Logician તો છો જ. તર્કની સત્–અસત્ બન્ને બાજુ છે. એટલે કે તર્ક, 'કુ' અને 'સુ' બન્ને પ્રકારનો હોઈ શકે. કુતર્કની અક્ષૌહિણી સેના મોટી હોય છે. સુતર્કની પ્રમાણમાં નાની હોય છે. પણ સાચું બળ એમાં હોય છે.

"નવી પેઢી અને તરુણોને માટે આવા કોઈ પ્રેરક માર્ગની જરૂર હતી જ. ખંભાતના હત્યાકાંડ બાદ કોંગ્રેસ તરફથી તપાસ સમિતિ રચાઇ હતી. કદાચ ત્યાંથી રીપોર્ટ તૈયાર કરવા બાપૂજી બનારસ ગયેલા. પાછા અમદાવાદ આવ્યા ત્યારે તેમની તબિયત કાંઈક લથડેલી. મેં સહજભાવે ભક્તિવશ કહ્યું કે, 'એક માસ પૂરો વિશ્રામ કરો.' બાપૂએ તુરત કહ્યું, 'શું આ શરીરને અજગરની પેઠે પડ્યું રહેવા દેવું ?'... એટલામાં કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ આવ્યા. સ્વરાજની ભાવના હવામાં ગૂંજતી. તેથી તેમણે બાપૂજીને પૂછ્યું કે, 'અમારે શું કરવું ?' બાપૂએ જવાબ આપ્યો કે, 'હું તો નિર્દોષ જીવન જીવવાનો નિર્દોષ માર્ગ બતાવી રહ્યો છું.'.....મને લાગે છે કે આજે ભૂદાનનો આ માર્ગ એવો જ નિર્દોષ છે અને ઉપયોગી પણ છે.

".....છેલ્લા ચાર પાંચ વર્ષમાં જોરશોરે પરિવર્તન થઇ રહ્યું છે. એને અનુકૂળ બૌદ્ધિક સંસ્કાર પણ અમુક વર્ગમાં છે એ તો દેખાય છે જ. પરંતુ અંતરમાંથી ઉગેલી જે પ્રેરણા માણસને જગાડે છે તે જ મહત્ત્વની છે..."

પંડિતજી થંભ્યા. વિનોબાજી પણ નારતો પૂરો કરીને સ્થિર બેઠા હતા, તે હવે ઊભા થયા.

"પંડિતજી! હવે રજા લઉં છું." વિનોબાજીનાં આ શબ્દો સાંભળતાં પંડિતજી પણ ઊભા થયા અને સાથે ચાલવા લાગ્યા... વિનોબાજીએ તેમને રોકયા અને "આપને ભક્તિભાવપૂર્વક પ્રણામ" કહેતાં ધીમે પગલે વિદાય થયા....

સ્થિતપ્રજ્ઞ અને પ્રજ્ઞાચક્ષુનું વીસેક મિનિટનું આ મિલન! એ જાણે અધૂરું હોય તેમ, સંમેલન પૂરું થયા પછી, ૧૨ મી તારીખે સવારે વિનોબાજીએ ફરી મળવા માટે પૂછાવ્યું, પણ પંડિતજી અચાનક ૧૧ મીની સાંજે ત્યાંથી નીકળી ચૂકેલા. **પ્રતાપરાય ટોળિયા**

મૂઠ

અડદના દાણા મંતરી દુશ્મન પર નાખી તેને ગાંડો બનાવવો અગર પોતાને વશ કરી લઇ એની પાસે પોતાનું ધાર્યું કામ કરાવવું એ ક્રિયાને મૂઠ નાખવાની ક્રિયા કહે છે.

મને આ ક્રિયા કેવળ ધતિંગ લાગી છે.

અમુક માણસની જનતા ઉપર બીવડાવનારી છાપ પાડવા વાસ્તે આવી ગપ ગામડાઓમાં ખૂબ ફેલાવવામાં આવે છે. જનતા આવા માણસોથી ખૂબ બીએ છે અને બીકના માર્યા જે કાંઈ તે માગે તે તુરત આપી દઈ છુટકારાનો દમ ખેંચે છે.

વર્ષો પહેલાંની વાત છે. એક વખત અમદાવાદથી ૧૪ માઇલ દૂર સાણંદ નામના ગામના ચોકમાં એક ગારૂડી મોરલી બજાવી એક જબરા સાપને પોતાની સામે ડોલાવી રહ્યો હતો. જ્યારે રમત પુર બહારમાં હતી અને સેંકડો માણસો આ રમત એકીટશે જોઈ રહ્યા હતા ત્યારે તેની મોરલી એકાએક વાગતી બંધ પડી ગઈ. ગમે તેટલી ફુંકે પણ મોરલી વાગેજ નહિં.

તેથી તેણે ખૂબ ગુસ્સે થઈ પ્રેક્ષકોને સંબોધીને કહ્યું જે "તમારામાં મારો કોઈ દુશ્મન સંતાઈ રહ્યો છે. મારી મોરલીનો નાદ તેનાથી સાંભળી શકાતો નથી અને રમત જોઈ શકાતી નથી તેથી રંગમાં ભંગ પાડવા માટે તેણે મારા પર મૂઠ નાખી છે અને મારી મોરલીને વાગતી બંધ કરી છે." એમ બોલતાં બોલતાં તે ગધેડાની માફક ભૂંકવા માંડયો. કોઈ દુઃખી ચીડાતો ગધાડો ભૂંકે તેમ તેણે વળખાઇ ખાઇને ભૂંકવા માંડયું. મૂઠ નાખનારે પોતાના દુશ્મનની કેવી ખરાબ વલ્લે કરી એ વિચારે પ્રેક્ષક જનતા ત્રાસી ગઇ.

દશેક મીનીટ બાદ શુધ્ધિમાં આવતાં તેણે કહ્યું "જેણે મારા પર મૂઠ નાખી મારી મોરલી બંધ કરી, મારી રમતમાં ભંગ પાડયો, અને મને ગધેડાની માફક આવડી મોટી માનવ મેદની વચ્ચે ભૂંકાવ્યો એને જો કુતરાની માફક ભસતો આ કુંડાળાની અંદર ન બોલાવું તો મારું નામ ગારૂડી નહિ" એમ કહી પોતાની ફરતું આશરે દશેક ફુટ પહોળું લાકડી વતી કુંડાળું દોર્યું અને પોતાના હાથમાં અડદના દાણા લઇ મંતરી તેણે માનવ મેદની ઉપર ફેંકયા. ફેંકતાની સાથે જ એક જુવાન માણસ હડકાયા કુતરાની જેમ ભસતો ભસતો કુંડાળામાં આવી પડયો અને આંતરડા વલોવાઈ જાય તેવું ભયંકર રીતે ભસવા માંડયું.

થોડી વારે તે શુધ્ધિમાં આવ્યો ત્યારે ગારૂડીનું વેર વાળવા તેણે વળી પાછા અડદના દાણા મંતરી ગારૂડી પર ફેંકી પહેલાની માફક તેને ગધાડા માફક ભૂંકતો કરી મુકયો. વેરથી વેર વધે છે એ નિયમ પ્રમાણે બન્ને જણ સામ સામી મૂઠ નાંખી એક બીજાને વધારેને વધારે ત્રાસ આપતા ગયા અને વાતાવરણને ખૂબ ગંભીર બનાવતા ગયા.

આખરે સાણંદનું દયાળુ મહાજન વચમાં પડી બન્નેને અમુક રૂપીયા આપવાનું ઠરાવી છુટા પાડવાનું સમજાવી રહ્યું હતું ત્યારે મને સુઝી આવ્યું જે આ બન્ને એક બીજાના દુશ્મનો નથી પણ મિત્રો છે. અને ભોળી પ્રજા પર ત્રાસદાયક વાતાવરણ ફેલાવી તેમનામાં દયાની લાગણી ઉશ્કેરી તેનો લાભ લેવા માગે છે.

મેં મહાજનને કહ્યું જે "આ બન્ને જણ મૂઠ નાખવામાં કુશળ છે તો તેઓ મારાપર મૂઠ નાખે અને જો હું ગધાડા માફક ભૂંકવા માંડું અગર કુતરા માફક ભસવા માંડું તો આ ૧૦૧ રૂપીઆ બન્ને જણને સરખે હિસ્સે વહેંચી આપજો. હવે તમારે કોઇએ પૈસા આપવાની જરૂર નથી." એમ કહી મારા પોકીટમાંથી રૂા. ૧૦૧ કાઢી મહાજનના હાથમાં મૂકયા. "મને આ લોકો ઠગ લાગે છે. બન્ને એક બીજાના દુશ્મનો નથી પણ મિત્રો છે. અને ત્રાસ દાયક વાતાવરણ ઉભું કરી, ભોળી જનતાની કોમળ લાગણી ઉશ્કેરી પૈસા પડાવવાની બાજી અગાઉથી ગોઠવીને અહીં આવ્યા છે."

બન્ને ઠગોએ કરેલી આશરે દોઢ કલાક સુધીની મહેનત નકામી ગઈ, મહાજને રૂા. ૧૦૧ મને પાછા આપ્યા અને જનતા આવા ઠગ માણસોથી ચેતતી થઇ ગઈ.

ટી. જી. શાહ

વિષય સૂચિ

		પૃષ્ઠ
સ્થિતપ્રજ્ઞ અને પ્રજ્ઞાચક્ષુનું સુભગ મિલન	લે. પ્રતાપરાય ટોળિયા	૩૧
મૂઠ	લે. ટી. જી. શાહ	૩૨
ફિલસુફ કવિ શેખ અબદુલ્લા અણસારી	લે. સર જોગેન્દ્રસિંહ અનુ: પરમાનંદ	૩૩
કાશ્મીર વિષે અમેરિકાનો જાહેર અભિપ્રાય	લે. જે. જે. સિંધ અનુ: શાંતિલાલ નંદુ	૩૫
પરગજુ પીરોજબાઈ	લે. પરમાનંદ	૩૬
પ. સુખલાલજી સન્માનનિધિ ફાળાની યાદી		૩૭
માનવી જીવનમાં ધર્મનું સ્થાન	લે. ડૉ. સર્વ પ્રલ્લી રાધાકૃષ્ણન અનુ: પરમાનંદ	૩૮

ફિલસુફ કવિ શેખ અબ્દુલ્લા અણુસારી

('Wisdom of the East' એ મથાળાની ગ્રંથમાળામાં 'ધી પર્શિયન મીસ્ટીકસ' એ નામનું એક પુસ્તક પ્રગટ થયું છે. આ પુસ્તકમાં હેરતનિવાસી જાણીતા સુફી કવિ શેખ અબ્દુલ્લા અણુસારી (ઇ. સ. ૧૦૦૫ થી ૧૦૯૦) નાં સૂત્રાત્મક વચનોનો સરદાર સર જોગેન્દ્રસિંહે કરેલો અનુવાદ આપવામાં આવ્યો છે. આ પુસ્તકનો પ્રવેશક (તા. ૧૪-૪-૧૯૩૮) લખતાં ગાંધીજી જણાવે છે કે "ગૂઢતત્વવાદી અબ્દુલ્લા અણુસારીનાં વચનોનો અંગ્રેજી અનુવાદ આપણને પૂરો પાડવા માટે સર જોગેન્દ્રસિંહ અભિનંદનને પાત્ર બને છે. હિંદુ ધર્મ અને ખ્રીસ્તી ધર્મ કરતાં ઇસ્લામે દુનિયાને ઓછા મીસ્ટીકસ–ગૂઢતત્વવાદીઓ નથી આપ્યા. આધુનિક સમય કે જ્યારે અધર્મ ધર્મનું રૂપ ધારણ કરી રહેલ છે ત્યારે દુનિયાના સર્વ ધર્મના મહાપુરૂષોએ શું વિચાર્યું છે અને શું કહ્યું છે તેનું આપણને સ્મરણ હોવું જરૂરી છે. કુવાને આંતરતી દીવાલને દુનિયાનો છેડો માનનાર દેડકા માફક આપણે એમ વિચારવું ન જોઇએ કે આપણો ધર્મ સમગ્ર સત્યનું પ્રતિનિધિત્વ ધરાવે છે અને બીજા બધા ધર્મો ખોટા છે. દુનિયાના બીજા ધર્મોનો આદરપૂર્વકનો અભ્યાસ આપણને એ જરૂર દેખાડશે કે અન્ય ધર્મો આપણા ધર્મ જેટલા જ સાચા છે; જો કે સર્વ ધર્મો અચૂકપણે અપૂર્ણ હોય છે." આ પુસ્તકનો સરદાર સર જોગેન્દ્રસિંહે લખેલો અંગ્રેજી ઉપોદ્ઘાત અત્યન્ત રોચક અને વિચારપ્રેરક માલુમ પડતાં તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ ઉપોદ્ઘાતમાં આવતી અંગ્રેજી કાવ્યપંકિતઓનો અનુવાદ બહેન ગીતા પરીખે કરી આપ્યો છે. **પરમાનંદ**)

મારા મિત્ર સર દલજિતસિંહે એક દિવસ અબ્દુલ્લા અણુસારીનો પર્શીયન ભાષામાં લખેલો વચનસંગ્રહ મને સુપ્રત કર્યો. શોધખોળ કરતાં પ્રાપ્ત થયેલ આ વચનસંગ્રહ તેમણે બહુ કાળજીથી સાચવી રાખ્યો હતો. તે અમૂલ્ય વસ્તુનો મને ભાગીદાર બનાવવાની તેમણે ઇચ્છા વ્યકત કરી. તેમની આ એક બહુ મૂલ્ય ભેટ હતી, જે માટે મારી જાતને હું તેમનો ખૂબ ઋણી લેખું છું.

મને લાગે છે કે શાન્તિતીર્થના યાત્રિકને આ વચનોમાંથી અપૂર્વ જીવનદર્શન મળી શકે તેમ છે. આ વચનો એવા એક પુરૂષના અન્તસ્તત્ત્વમાંથી સ્ફુરાયમાન થયા છે કે જેમને સત્યના રાહ ઉપર પ્રવાસ કરતાં જેની તેઓ હર હંમેશ શોધમાં રહેતા હતા તેવું કાંઇક મળી ચૂકયું હોય એમ આપણને લાગે. અબ્દુલ્લા અણુસારીએ એ તત્ત્વ–એ જીવન રહસ્ય–જોયું અનુભવ્યું હતું કે જે સામાન્યતઃ અન્ય લોકોને દૃષ્ટિગોચર થયું હોતું નથી. તેમની શોધોએ પુરવાર કર્યું હતું કે સત્ય સદા નિશ્ચળ છે, એક છે, અને ગમે તે યુગમાં, ગમે તે કાળમાં, જેમને તે પ્રાપ્ત થયું છે તેઓ એ તત્વનું એક સરખી રીતે પ્રતિપાદન કરી રહ્યા છે. આ સ્વાનુભવ–પ્રતિપાદનનો કદિ કોઇએ પ્રતિકાર કર્યો નથી. તેઓ દલીલ કે ચર્ચા કરતા નથી, પણ પ્રતીતિપૂર્વક જણાવે છે કે જેનામાં સત્ય પ્રાપ્તિની ઊંડી ઝંખના–તમન્ના–હોય છે તેઓ તેમની દૃષ્ટિને આવરતો અજ્ઞાનનો પડદો ઉંચકી–ખસેડી–શકે છે અને જીવનનાં રહસ્યોને પ્રાપ્ત કરી શકે છે. અબ્દુલ્લા અણુસારી નથી વિવરણ કરતા, નથી ખુલાસો કરતા, પણ માત્ર જીવનસત્યો જ રજુ કરે છે. આમ છતાં પણ એટલું જણાવવું જોઇએ કે જેની ચેતના વાસનાના આવરણોથી મુકત થઇ નથી તે માનવી અબ્દુલ્લા અણુસારીએ પ્રરૂપેલાં જીવનસત્યોને જોઈ કે અનુભવી શકે તેમ નથી.

એમ માનવામાં આવે છે કે જ્યારે સત્યશોધક પોતાની શોધ પાછળ દિલ અને મનથી એકરૂપ બની જાય છે અને ઉન્મત્ત વાસનાઓના કારણે પેદા થયેલી ભ્રમણાઓને ખેરવિખેર કરી નાંખે છે ત્યારે સત્ય વધારે ને વધારે તેજસ્વીપણે પ્રગટ થવા માંડે છે અને તેના અન્તસ્તત્વને પોતાના તેજથી ભરી દે છે.

એમ પણ કહેવામાં આવે છે કે જ્યારે માણસની બુદ્ધિ ચેતના, કાળ અને આકાશની સમસ્યાઓમાં ગુંચવાયા કરતી હોય છે ત્યારે શ્રદ્ધાયુકત માનવી પોતાના અન્તરના વધતા જતા અજવાળામાં એક શોધથી બીજી શોધ તરફ–એક અનુભવથી બીજા અનુભવ તરફ–ગતિ કરતો હોય છે.

પણ આ કે અન્ય બાબતમાં એટલું જરૂર સ્વીકૃત હોવું ઘટે છે કે આ જ્ઞાનાનુભવ એને જ પ્રાપ્ત થાય છે કે જેની દૃષ્ટિ, ધનુર્ધરની માફક, જે હેતુ તે સિદ્ધ કરવા માંગતો હોય તે હેતુ ઉપર, સ્થિર થયેલી હોય છે અને એ પણ જાણી લેવું ઘટે છે કે હેતુશુદ્ધિ વિના અને અનવરત પ્રયત્નવિના આત્મોદ્ધાર અશકય છે.

દરેક યુગમાં અને દરેક કાળમાં માનવીએ સત્ય શોધવાનો પ્રયત્ન કર્યો છે અને સત્યની પ્રાપ્તિ કરી છે. તેણે સત્યનો માર્ગ દાખવ્યો છે અને પ્રાપ્તિનાં સાધનો પણ જણાવ્યાં છે. પણ સામાન્ય લોકોએ આ સંદેશાને અશ્રદ્ધાપૂર્વક સાંભળ્યો છે અને ઇન્દ્રિયભોગ્ય પદાર્થો પાછળ ગાંડા થઇને ભટકયા કર્યું છે.

શરીરની અને મનની વાસનાઓ માણસો ઉપર શાસન ચલાવે છે અને તેના દિલમાં કામના, લોભ, રાગ, અહંતા અને ક્રોધના વિકારો પેદા કરે છે અને માનવી ચિત્તને વિકળ બનાવે છે. આ વાસનાઓ મનને જકડે છે અને તેની આસપાસ ભાતભાતનાં જળાં પેદા કરે છે. આ મનને આવી વિકળતાથી મુકત કરવું જોઇએ અને તેમાં સત્યનું શુદ્ધ પ્રતિબિંબ પડે તેવી નિર્મળતા–પવિત્રતા પ્રાપ્ત કરવી જોઇએ. આમ હોવાથી સત્યશોધકો ઇન્દ્રિયભોગ્ય વિષયોમાંથી મનને પાછું ખેંચી લેવા પાછળ અને ભય અને દ્વેષની પકડમાંથી મનને મુકત કરવા પાછળ પોતાની બધી શકિત કેન્દ્રિત કરે છે. કેટલાક જ્ઞાનયોગના માર્ગે જાય છે; કેટલાક ભકિતયોગના માર્ગે પ્રગતિ સાધે છે અને પ્રેમના લોકોત્તર અવતરણદ્વારા દ્વૈતભાવનો સર્વથા લય કરવાની આશા રાખે છે.

સંસારલાગીઓ સંસારપરાયણ લોકો માટે એક કોયડા જેવા હોય છે. હકીકત એમ છે કે યોગી અથવા તો સુફી જે વસ્તુમાં કોઈ ખરૂં મૂલ્ય નથી હોતું તે દરેક વસ્તુનો ત્યાગ કરે છે. તે એમ કહે છે કે સંસારની મોહિની રણમાં ભટકતા હરણની તૃષા જેવી હોય છે. આ તૃષા જેમ હરણને મૃગજળની પાછળ તેમ જ નજીક જનારો કે અલોપ થઈ જાય તેવાં ઝાડપાન ટેકરાટેકરી અને મરૂકરી કરતા શહેરોની ભૂતાવળ પાછળ દોડાવે છે તેમ સંસારની મોહિની માણસને વિષયજન્ય ભ્રમણાઓ પાછળ અહિંથી તહિં ભટકાવે છે અને આમ તેમ પછાડે છે. તેના કહેવા મુજબ

(છંદ : મિશ્રોપજાતિ)

ઝળૂંટીને ઝાંખી પડેલ રાખ,
પુરાણું કો ચંદન વાસહિન,
કપૂર વા પ્રાચિનકાળ કેરૂં
—છે એ સિવાય
સંસારનાં દુઃખ સુખે બીજું શું ?

આ ઇશ્વરપરાયણ માનવીઓ મધુરતા અને શાન્તિની સુવાસને ચોતરફ ફેલાવે છે, જીવનના મૂળસ્થાનમાંથી તેમણે પ્રાણબળ પ્રાપ્ત કરેલું હોઇને આ બેચેન દુનિયામાં અનોખી પ્રસન્નતા અને અપ્રતિમ સ્વસ્થતાનું તેઓ દર્શન કરાવે છે. અહંભાવથી તેઓ કદિ ગતિમાન થતા નથી.

મીસ્ટીકસ–ગૂઢતત્વવાદીઓ–જાહેર કરે છે કે જીવન અસ્ત્રાની ધાર જેટલો સીધો અને સાંકડો એવા એક અજાણ્યા માર્ગનો પ્રવાસ છે. સત્યશોધકને દોરવા માટે શ્રદ્ધા સિવાય બીજો કોઈ પ્રકાશ નથી. આગળ ઉપરનો રસ્તો નજરે પડતો નથી, ગતિ અસ્થિર–અનિશ્ચિત હોય છે, અને માર્ગમાં અસાવધને ઉથલાવી પાડે એવા અનેક ખાડા ખડીયા અને ટોંબા ટેકરા હોય છે. આ શોધ કે અંધારામાં જ ચાલવાનું હોય છે. ગાઢ તિમિરમાં થોડો સરખો પણ પ્રકાશ આપે એવી

મીણબત્તીની તેણે આશા રાખવાની હોતી નથી તેમ જ બુદ્ધિનો પ્રકાશ-પણા તેને ઉપયોગી થઈ શકે એ સંભવિત નથી. પ્રવાસના છેડે મહાન પ્રકાશનો ઉદય થવાનો છે, ઊર્ધ્વ ચેતનાની જાગૃતિ થવાની છે એવી શ્રદ્ધા ધારણ કરીને તેણે દૃઢતાપૂર્વક આગળને આગળ વધતા રહેવાનું છે.

પોતાના ભક્તિયોગથી જીવનના રહસ્યને પ્રાપ્ત કર્યું છે એવા સિદ્ધ પુરુષો—ગૂઢતત્વવાદીઓ—મીસ્ટીકસ—જેમાં પાકયા ન હોય એવો એક પણ ધર્મ નથી. તેમને જે સત્યનો સાક્ષાત્કાર થયો હોય છે તે સત્યને તેઓ વ્યકત કરતા હોય છે.

સુરીવાદ વિષે વિવરણ કરવાની કોઈ જરૂર નથી. આ વિષય ઉપર પર્શીયન ભાષામાં તેમ જ બીજી ભાષાઓમાં અનેક ગ્રંથો લખાયા છે. તે વસ્તુતઃ કોઇ એક વાદ નથી. તે એક જીવનપદ્ધતિ છે. બુદ્ધિ અને તર્કની બહારના પ્રદેશનો એ વિષય છે. તે સમજાવી શકાય તેમ નથી. માત્ર અનુભવગમ્ય તેનું દર્શન છે. જેમાં પારદર્શક સ્પષ્ટતા નથી એવા મનના આભાસો ઉપરથી સ્ફુરેલું મારું પોતાનું વિવેચન અણુસારીની સીધી સાદી અને સ્પષ્ટ વાણી ઉપર લાદું એ કરતાં તેને પોતાને જે કહેવાનું છે તે સીધે સીધું કહેવા દઉં એ વધારે ઈચ્છવાયોગ્ય છે. મને ખાત્રી છે કે જેઓ સત્યશોધના રહસ્યમય માર્ગ ઉપર વિચરી રહ્યા છે તેમને તેનાં વચનોમાંથી પૂરતી વિચારસામગ્રી મળી રહેશે.

એક મોટા ફ્રિલસુફે કહ્યું છે :—

(છંદ : મિશ્રોપજાતિ)

આ વિશ્વને જાણી શકાય જ્યારે
એને તિરસ્કારથી અવગણાયે,
ને ઈશને જાણી શકાય જ્યારે
એના જ પ્રેમે નિજ સૌ વિલાયે.

એમ લાગે છે કે દરેક યુગમાં અને દરેક કાળમાં એવા સિદ્ધ પુરુષો પાકતા રહ્યા છે કે જે ધર્મમાં રહેલા સત્યોના સાક્ષી હોય છે, જેઓ પોતે જાણે છે તે જ કહે છે, અને શિષ્યભાવે અનુસરવા માંગતા લોકોને પોતાના જ્ઞાનના-અનુભવના-ભાગીદાર બનાવવાને સદા તત્પર હોય છે. ડાહ્યા અને ભણેલા લેખાતા લોકો તેમ જ દરેક સંપ્રદાયના ધર્મગુરુઓ મીસ્ટીકસની જ્ઞાનપ્રાપ્તિની સીધી પદ્ધતિઓને સ્વીકારી શકતા નથી- સમજી શકતા નથી. પંડિતો આવી સત્યજ્ઞાન ધરાવતી વ્યક્તિઓને 'મીસ્ટીકસ' ગૂઢતત્વવાદી—ના નામથી ઓળખે છે, કારણ કે તેઓ જે કહે છે તે બુદ્ધિથી પર હોય છે અને તેને બુદ્ધિના પ્રદેશમાં લાવી શકાતું નથી. પોતપોતાની મહત્વાકાંક્ષાની સાધના પાછળ પડેલા—દુનિયાની દૃષ્ટિએ ડાહ્યા લેખાતા—લોકો આ મીસ્ટીકસની ભાન સાન ઠેકાણે હોવા વિષે શંકા ધરાવતા હોય છે, કારણ કે આ લોકો જેનું બહુ મોટું મૂલ્ય આંકે છે તેની તેમની નજરમાં કોઇ કિંમત જ હોતી નથી. આ મીસ્ટીકસના અભિપ્રાય મુજબ આ વ્યવહારૂ લેખાતા લોકો પડછાયા ખાતર પદાર્થનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા હોય છે. ધર્મભાવનાને બદલે ચોક્કસ ક્રિયાકાંડને પ્રાધાન્ય આપતા ધર્મગુરુઓ આ મીસ્ટીકસ ગણાતી વ્યક્તિઓના પ્રભાવથી દૂર ને દૂર ભાગતા હોય છે. ઈશ્વરના આ ભક્તોને—આ ગાંડી દુનિયામાં સાચા ડાહ્યા ગણવા-યોગ્ય લોકોને—માત્ર તેઓ જ સમજી શકે છે જેઓ સત્યને અનુસર-વાને સદા તત્પર હોય છે.

મીસ્ટીકસ ખરતા તારા માફક વિચરતા હોય છે. જેઓ પ્રકાશ ઝીલવાને તૈયાર હોય છે તેમને તેઓ પ્રકાશ આપે છે અને રખેને તેમના તેજમાં અંજાઇ ન જવાય એવા ભયથી જેઓ પોતાની આંખો બંધ રાખે છે, તેમના દિલમાં બેચેની પેદા કરે છે. સામાન્યતઃ લોકોનું ટોળું આવી વ્યક્તિને ફાંસીએ ચઢાવે છે કે ક્રોસ ઉપર લટકાવે છે. પણ અબ્દુલ્લા અણુસારી આ બન્ને આફતમાંથી સદ્‌ભાગ્યે બચી ગયા હતા. ચાલુ રીત રીવાજ અને પરંપરાની સામે ઉગ્ર બનીને તેઓ કદિ ચાલ્યા નહોતા. એમ છતાં પણ સત્ય કે જે તેમને વરેલું હતું અને જે તેમના વચનામૃતોમાં વ્યકત થઇ રહ્યું હતું તે સત્ય સાથે તેમણે કદિ પણ બાંધ છોડ કરી નહોતી. અનુપમ માધુર્ય અને ઉમદા સૌહાર્દથી ભરપુર એવું તેમનું જીવન હતું.

જ્યાં સુધી અહંભાવથી પ્રેરાઇને માનવી બહારની વસ્તુઓમાંથી આનંદ અને તૃપ્તિ શોધતો રહે છે ત્યાં સુધી ગરીબ પૈસાદાર સૌ કોઇ માટે જીવન સુખ અને દુઃખથી વ્યાકુળ રહે છે. તે જીવન મહત્વા-કાંક્ષાથી તેમ જ ઇંદ્રિયજન્ય ભોગોપભોગ, પરસ્પર હરીફાઈ, સત્તાની ઘેલછા અથવા તો સંચિત બનતાં કેવળ કર્તૃત્વશૂન્ય બને છે એવું ધન મેળવવાની પડાપડીથી પ્રેરિત હોય છે. એ તો જ્યારે માનવી આ બધાથી કંટાળે છે અને દુનિયાની આત્મઘાતક મોહિનીની પકડ ઢીલી પડે છે ત્યારે માનવી મનમાં સાચી ઇચ્છા—તત્વ—તૃષા—જાગે છે અને આ રીતે જાગૃત બનેલા આત્મામાં પોતાનો ઉદ્ધાર સાધવાની લગની પેદા થાય છે.

એમ કહેવાય છે કે અબ્દુલ્લા અણુસારીના એક પૂર્વજ ઇસ્લા-મના પેગંબરના દરબારમાં હતા અને તેમના ઘોડાઓની સંભાળ લેવાની જવાબદારી તેમના શિરે હતી, અને પાછળથી કોઇસના પુત્ર અસફ સાથે તેઓ હેરત આવ્યા હતા. તેમના પિતા અબુ મનસુર મહમદ અણુસારી હેરતના સ્થાયી નિવાસી બન્યા હતા.

હીજરી સંવત ૩૯૬ અથવા તો ઇસ્વીસન ૧૦૦૫ માં કોઈ શુક્રવારના સંધ્યા ટાણે અબ્દુલ્લા અણુસારીનો જન્મ થયો હતો. નવ વર્ષની ઉમ્મરે તેમણે અસાધારણ બુદ્ધિકૌશલ્યનું દર્શન કરાવ્યું હતું અને ધર્મ તથા તત્વજ્ઞાન વિષે જે કાંઈ જાણવા જેવું હતું તે સર્વ તેઓ જાણતા હતા. ૧૪ વર્ષની ઉમ્મરે તેઓ વિદ્વાનોની મંડળીમાં બેસતા હતા અને તેમની વચ્ચે ચર્ચાતા બધા વિષયોની ચર્ચામાં તેઓ ખૂબ રસપૂર્વક ભાગ લેતા હતા. અનેક ભવોના અનુભવના પરિપાક રૂપ જે શક્તિઓ આત્મા લઈ આવે છે તે ભારે આશ્ચર્યજનક હોય છે. અબ્દુલ્લા અણુસારી જન્મથી જ મહાજ્ઞાની હતા. તેમને જ્ઞાનની કોઈ શોધ કરવાની નહોતી તેમ જ નવેસરથી કોઈ જ્ઞાન મેળવવાનું નહોતું. એમ કહેવાય છે કે તેમને એક લાખ પર્શીયન શ્લોકો મોઢે હતા અને અરેબિકમાં ૬૦૦૦ શ્લોકો તેમણે પોતે રચ્યા હતા. પર્શી-યન ભાષામાં તેમના લખેલા ચાર ગ્રંથો છે જેનો આજે પણ આદર પૂર્વક અભ્યાસ કરવામાં આવે છે. આ છે રિસાલા મુનાજાતઃ પ્રાર્થના ગ્રંથ, તબકત—ઉલ—સુરીઆઃ સુરીવાદને લગતો ગ્રંથ, ઝદ્—ઉલ—આરિફિનઃ સન્તોને લગતો ગ્રંથ, કિતાબ—ઇ—ઇસરારઃ—રહસ્ય ગ્રંથ.

તેમણે પોતાની આસપાસ નિષ્ઠાવાન અનુયાયીઓનું મંડળ ઉભું કર્યું હતું અને આ મંડળ સિલસિલા—ઇ—અણુસારીના નામથી ઓળ-ખાતું હતું. આજ સુધી પણ તેની પરંપરા વિદ્યમાન છે. એમ જાણવા મળે છે.

નીચેની પંક્તિઓમાં તેમણે ભૌતિક જીવનમાંથી આધ્યાત્મિક જીવનમાં કરેલા સંક્રમણનું સુન્દર નિરૂપણ છે :—

(છંદ મિશ્રોપજાતિ)

મેં સ્ફૂટ અવ્યકતમહિંથી થાતાં મુકામ કીધો,
ભૌતિક અસ્તિતત્વની કુંજમાંહે;
વનસ્પતિ ને ખનિજોનું વિશ્વ
ત્યાંથી વટાવી વિકસંતું માનસ
મારું મને લૈ ગયું પ્રાણીઓના રાજ્યે;
વધ્યો આગળ ત્યાંથી હું તો
ને માનવી—અંતરની સ્ફૂટીક શી
તેજસ્વી ને નિર્મળ છીપમાં મેં
અસ્તિત્વનું માહરું બિન્દુ મૂકી
મૌક્તિક રૂપે વિકસાવ્યું સુંદર;
ને પ્રાર્થના—મંદિર આસપાસ
ઘૂમ્યો બહુ સત્પુરુષોની સંગે.
એ સૌ લહી આગળ હું વધી રહ્યો
તેની કને દોરવી જાય તે પથે.
અને અહો દાસ બની ભળી રહ્યો
હું દ્વાર એને સહુ દ્વૈત ઓસર્યું.....

(વસંતતિલકા)

.....તાદાત્મ્ય એની સહ કેવું અપૂર્ણ ભાણ્યું !

એરા હોમ, સીમલા. મૂળ અંગ્રેજી : સર જોગેન્દ્રસિંહ
૧૧ મી સપ્ટેંબર, ૧૯૨૮. અનુવાદક : પરમાનંદ

કાશ્મીર વિષે અમેરિકાનો જાહેર અભિપ્રાય

(કાશ્મીર અંગે હિંદુસ્થાન અને પાકીસ્તાન વચ્ચેનો સંઘર્ષ ચાલુ જ છે. થોડા સમય પહેલાં સલામતી સમિતિ તરફથી આ પ્રશ્ન અંગે જાતે તપાસ કરીને તેમજ બન્ને દેશના અગ્રગણ્ય રાજ્યનેતાઓ સાથે વાટાઘાટ કરીને કોઈ સમાધાનકારક ઉકેલ શોધવાનું જેને કામ સોંપવામાં આવ્યું હતું તે સ્વીડનવાસી શ્રી ગુન્નાર યારીંગનો રીપોર્ટ બહાર પડી ચુકયો છે. આ રીપોર્ટમાં કોઈ મહત્વની ભલામણ કરવામાં આવી નથી અને પ્રસ્તુત પ્રશ્ન એની એ સ્થિતિમાં ઉભો છે. આ પ્રશ્ન અંગે અમેરિકાની જનતાનું ભારત પ્રત્યે પ્રતિકૂળ વળણ છે એ આપણે જાણીએ છીએ. એમ છતાં એ પ્રતિકુળતાની શું ભૂમિકા છે તેનો આપણને બહુ જ ઓછો ખ્યાલ છે. કાશ્મીરના પ્રશ્નમાં રસ ધરાવતી દરેક વ્યકિતએ આ બાબત અંગે અમેરિકાના માનસને સમજવાની ખાસ જરૂર છે. આ દૃષ્ટિએ તા. ૨૮-૪-૫૭ ના "ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં" પ્રગટ થયેલ શ્રી જે. જે. સીંઘ જેઓ વર્ષોથી અમેરિકામાં રહે છે અને આવા પ્રશ્નોના ખાસ અભ્યાસી છે તેમના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

ન્યુ યોર્કના એક ફેશનપરસ્ત પરૂં 'સ્કેર્સડેઇલ'માં વેલેસ્લી કોલેજની વિદ્યાર્થીનીઓ સમક્ષ મેં મારૂં પ્રવચન પૂરૂં કર્યું ત્યારે પહેલોજ પ્રશ્ન મને એ પૂછવામાં આવ્યો કે "તમે (હિંદે) શા માટે કાશ્મીર લઇ બેઠા છો ?".

વેલેસ્લી કોલેજની વિદ્યાર્થીનીઓની આ વાર્ષિક સભા હતી એટલે તેમાં તેમનાં પતિરાજો પણ મોટી સંખ્યામાં હાજર હતા. બોસ્ટનની નજીક આવેલી આ વેલેસ્લી કોલેજ સ્ત્રીઓ માટેની વિખ્યાત કોલેજોમાંની એક છે અને શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતની દીકરીઓ લેખા અને તારા આમાંથી ભણીને સ્નાતિકા થઈ છે.

ઘણા અમેરિકાવાસીઓ–ખાસ કરીને તેમાંના જેઓ પરદેશને લગતી બાબતો વિશે થોડું ઘણું પણ જાણે છે–કાશ્મીર અંગે શું વિચારે છે, અનુભવે છે–તેનું સાચું પ્રતિબિંબ ઉકત પ્રશ્નમાં દેખાતું હતું. તેમાંના ઘણા એમ માને છે કે ભારતે તેનો પોતાનો નહોતો એવો પ્રદેશ "પોતાનામાં ભેળવી દીધો છે" અથવા "લઇ લીધો છે."

ઉકત પ્રશ્નનો મારો જવાબ હંમેશ મુજબનો હતો કે ભારતે "કાશ્મીરને પચાવી પાડયું નહોતું પરંતુ તે સમયના કાશ્મીરના એક માત્ર બંધારણીય વડા–કાશ્મીરના મહારાજાએ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી કાશ્મીરનું ભારત સાથે જોડાણ કર્યું હતું અને જ્યારે બ્રિટનવાસીઓ ભારત પર રાજ્ય ચલાવતા હતા ત્યારે તેજ બ્રિટનવાસીઓએ તૈયાર કરેલ સંપૂર્ણ કાયદેસર એવા જોડાણ ખત (Instrument of Accession) પર સહી કરી હતી, એટલું જ નહિ પણ, સદરહુ જોડાણખતનો સ્વીકાર શ્રી નહેરૂએ નહોતો કર્યો પરંતુ તેનો સ્વીકાર તો કર્યો હતો લોર્ડ લુઈ માઉન્ટબેટને–જેઓ બે વખતના ઈંગ્લેંડના રાજાના ભારત ખાતેના પ્રતિનિધિ હતા."

મેં ઘણી જગ્યાએ જે સદશ દૃષ્ટાન્ત રજુ કર્યું છે અને જેની મદદ વડે કેટલીકવાર મારા પ્રવચનો સાંભળનાર જનતાને ખરૂં દૃષ્ટિબિંદુ સમજાવ્યું છે તેજ દૃષ્ટાન્ત મેં અહીં પણ કહી સંભળાવ્યું. તે દૃષ્ટાન્ત આવું કાંઇક છે. "ધારો કે કેનેડાની બંધારણીય સત્તા એવો નિર્ણય કરે કે કેનેડાએ યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા સાથે જોડાઇ જવું અને ધારો કે અમેરિકાની બંધારણીય સત્તા, એમેરિકાના સંયુકત સંસ્થાનોનો કેનેડા એક ભાગ બને તે પ્રકારના પ્રસ્તાવને સ્વીકારે અને તેની સાથે સંમત થાય તો શું કોઈ તેને એમ કહેશે કે અમેરિકાએ કેનેડાને "ભેળવી દીધું છે અથવા લઇ લીધું છે ?" ચોકકસ નહિ જ. તો પછી કાશ્મીરનું જ્યાં કાયદેસર રીતે જોડાણ થયું છે ત્યાં તમે શા માટે ભારત સામે આક્ષેપ કરો છો કે ભારતે કાશ્મીરને "ભેળવી દીધું છે" યા "લઇ લીધું છે ?" જેવી રીતે કવેબેક પ્રાંતના ફ્રેંચ કેનેડાવાસીઓને અથવા તો બ્રિટીશ કોલંબીઆના "મની ઓર્ડરીયા" કેનેડાવાસીઓ (જેઓ ઇંગ્લેંડથી આવતાં નાણાં ઉપર જ નભે છે અને જેઓ બ્રિટનની જ તરફદારી કરે તેવા છે) જેવા કેટલાક કેનેડાવાસીઓને અમેરિકા સાથે જોડાવું ન ગમતું હોય તેવી રીતે થોડાક કાશ્મીરીઓને ભારત સાથેનું જોડાણ પસંદ ન પણ હોય પરંતુ તેથી તેઓ કાયદેસરના આ જોડાણમાં કશો પણ ફેરફાર કરી ન જ શકે."

અમુક જગાએ અમેરિકાની જનતાના અમુક ભાગને ભલે આપણે અમુક અંશે સમજાવી શકીએ પણ આ હકીકતનો આપણે સામનો કરવો જ રહ્યો કે લાખો અમેરિકાવાસીઓ જેઓ પોતાનાં દૈનિક વર્તમાન પત્રોમાં અને સામયિકોમાં કાશ્મીર વિશે વાંચે છે અગર રેડીયો અથવા ટેલીવીઝન ઉપર વર્તમાન–વિવેચકોને કાશ્મીર અંગે સાંભળે છે તેઓ આજે ચોકકસપણે માને છે કે કાશ્મીરવાસીઓને તેઓ "જનમત" (plebiscite) યોજીને પોતાનું ભાવિ નકકી કરી શકે તેવી તક આપ્યા વગર, અપ્રમાણિક માર્ગોથી અને જબરદસ્તીથી ભારતે કાશ્મીરને પોતાનામાં ભેળવી દીધું છે.

આ 'જનમત' (પ્લેબીસાઇટ) શબ્દ સાંભળી સાંભળીને આપણને ખૂબજ કંટાળો આવે છે, પરંતુ અમેરિકાવાસીઓના મનમાં આ શબ્દે એટલું બધું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે કે તેને દૂર કરવા માટે કાંઇ કરી શકાય તેમ છે કે નહિ તે વિષે મને ગંભીર શંકા છે. ભારત અને પાકીસ્તાન માટેના યુનાઇટેડ નેશન્સ કમીશનનો ૧૩ મી ઓગસ્ટ, ૧૯૪૮ નો ઠરાવ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો અને તેમાંના બીજા ભાગમાં જણાવેલી શરતોનું હજી સુધી પણ પાલન નથી થયું એ હકીકત યાદ કરવાની કે રાખવાની કોઇને પડી જ નથી; અને છતાં યે ઢોલ-વગાડી વગાડીને માંગણીઓ કરવામાં આવે છે કે આ ઠરાવના ત્રીજા ભાગમાં જણાવેલી શરતોનો તાબડતોબ અમલ થવો જ જોઇએ ! આ ત્રીજો ભાગ કહે છે કે "કાશ્મીરની ભાવિ સ્થિતિ ત્યાંના લોકોની ઇચ્છા પ્રમાણે નક્કી કરવી." પાકીસ્તાનની રાજ્ય સત્તાએ જમ્મુ અને કાશ્મીર રાજ્યમાંથી "પોતાનાં લશ્કરી દળો ખેંચી લેવાં" એમ જે ભાગ કહે છે તે બીજા ભાગને વટાવીને પહેલા ભાગથી સીધો ત્રીજા ભાગ ઉપર જે કુદકો મારવામાં આવે છે તેનું તાર્કિક વ્યાજબીપણું કે ન્યાયીપણું કોઈ પુરવાર કરી શકતું નથી.

ન્યૂ યોર્કની મુલાકાતે આવતા ભારતના અધિકારીઓ કે બિન-અધિકારીઓ–જેમને હું મળ્યો છું–હંમેશાં મને પૂછે છે કે "અમેરિકાના લોકોને કાશ્મીર અંગેનું આપણું દૃષ્ટિબિંદુ કેમ સમજાતું નથી ?"

આ ઘણા જ વ્યાજબી પ્રશ્નના થોડા સાદા જવાબ આપી શકાય એવી ઇચ્છા હું જરૂર ધરાવું, પણ આ પ્રશ્નના સાદા જવાબ છે જ નહિ. કાશ્મીરનો પ્રશ્ન એટલો બધો લંબાયો છે અને એટલે બધો ગુંચ-વણ ભર્યો બની ગયો છે કે તે પ્રશ્નનું સરળ પૃથકકરણ કરવું મુશ્કેલ બને છે. છતાં એક બે દૃષ્ટિબિંદુ અહિં રજુ કરૂં તો અસ્થાને નહિ ગણાય.

"કચડાયેલા" (Under-dog) દેશ તરીકે પાકીસ્તાન માટે, અહીંનો "ભભકતા–મથાળાં વાંચનાર" વર્ગ કૂણી લાગણી અને દયાભાવ ધરાવે છે. તેની દલીલ કંઇક આમ છે. "તમને (ભારતને) કાશ્મીર શા માટે જોઇએ છે ? કાશ્મીર આર્થિક દૃષ્ટિએ તમને જરા પણ લાભકારક પ્રદેશ છે જ નહિ કાશ્મીરને મદદ આપવા અર્થે ભારતને ઢગલા-બંધ નાણાંનો બોજો ઉપાડવો પડે છે. પાકીસ્તાનને કાશ્મીર આપી દો. પાકીસ્તાન નાનો અને ગરીબ દેશ છે. ભારત તો આવડો મોટો અને બળવાન દેશ છે. ઘણા લોકોને તો ખબર પણ નથી કે પાકીસ્તાન કયાં છે. સુહરાવર્દીનું નામ જ કોણે કદી સાંભળ્યું છે ? અમે (અમે-રીકાવાસીઓ) એ પણ નથી જાણતા કે કયા અલી (મહમદઅલી) પાકીસ્તાનના મુખ્ય પ્રધાન છે, કયા અલી અહીં રાજદૂત છે, કે કયા અલી નાણાં–પ્રધાન છે અને એ પણ નથી જાણતા કે તેમાંના કયા અલી બે પત્નીઓ ધરાવે છે !

"બીજી તરફ તમો ભારતવાસીઓ છો, તમો ગાંધીના દેશના છો, નહેરૂના દેશના છો વિશ્વ તમને સારી રીતે પિછાણે છે. સમસ્ત વિશ્વમાં ગાંધી અને નહેરૂની પ્રતિભાનું ભવ્ય મૂલ્યાંકન થાય છે. તમે નાના સરખા પાકીસ્તાન પ્રત્યે ઉદાર થાઓ, વિશાળ દિલના બનો !"

હું થોડું કે વિષયાંતર કરૂં. આ એક સાચી હકીકત છે કે પાકી-સ્તાનના અસ્તિત્વને લગભગ દસ વરસ થયા હોવા છતાં, અમેરિકામાંના માત્ર રાજદ્વારી વર્તુળો અથવા તો ચર્ચાત્મક મંડળો સિવાય બીજાઓને પાકીસ્તાનના અસ્તિત્વની જાણ નથી. અને એ દૃષ્ટિએ જોઇએ તો અમેરિકાના કેટલાક ભાગના લોકોને ભારતના નામની પણ ખબર નથી. હા, એટલું ખરૂં કે દૂર દૂરના ખૂણામાં આવેલા પ્રદેશોમાં પણ મહાત્મા ગાંધીજીનું નામ જાણીતું છે,

કેટલાંક વરસો પહેલાં અમેરિકાની પાછળના ભાગમાં મોટરની મુસાફરી કરતાં એક પેટ્રોલ સ્ટેશને હું થોભ્યો હતો. તે વેળાનો એક અનુભવ હું કદી પણ ભૂલીશ નહિ પેટ્રોલ સ્ટેશનના નોકરે મને

પૂછ્યું, "અરે પરદેશી, તમે કયા દેશના છો ?" મેં કહ્યું, "હિંદુસ્થાનનો છું." મારા જવાબથી તેને કાંઈ પણ સમજણ ન પડી એ હું જોઇ શક્યો. પછી તેણે મને પૂછ્યું, "હિંદુસ્થાન કયાં આવેલ છે ?" હિંદુસ્થાન કયાં છે તેની ભૂગોળ સમજાવ્યા વગર મેં તેને સામો પ્રશ્ન પૂછ્યો કે 'તમે મહાત્મા ગાંધીનું નામ કોઇકવાર સાંભળ્યું છે ખરૂં ?" આ સાંભળતાં જ તરત જ તેના મોઢા ઉપર જ્ઞાનનો પ્રકાશ ઝળકી ઉઠ્યો અને તેણે મને કહ્યું કે "ગાંધી, અરે, હા, હું ગાંધીનું નામ જાણું છું. ગાંધી તો એક સન્ત પુરૂષ છે." આ રીતે, તે હિંદુસ્થાનને જાણતો હતો એટલું જ નહિ પણ મહાત્મા ગાંધીને કારણે હિંદુસ્થાન સારો દેશ છે એમ પણ તે મનથી માનતો હતો. અહીંના લોકો હજી પણ જ્યારે જ્યારે પાકીસ્તાનવાસીઓને ભારતવાસીઓ તરીકે ગણી લે છે ત્યારે ક્રોધાન્વિત થઇને પાકીસ્તાનીઓ પોતે અનેક પ્રકારની વાતો વહેતી કરે છે. પાકીસ્તાનના પ્રચારકોએ આ બાજુના લોકોના મનમાં ગોટાળો ઉપસ્થિત કરવા પોતાનાં પ્રકાશનો તથા પ્રચારનાં અન્ય માધ્યમોદ્વારા હિંદુસ્થાનને "ભારત" તરીકે ઓળખાવવા તેમનાથી શક્ય તેટલું બધું કર્યું છે. જ્યારે હિંદુસ્થાને પોતાને સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કર્યું ત્યારે ભારતીય સરકારની ઉદ્ઘોષણામાં કહેવામાં આવ્યું હતું કે "ભારત એટલે કે, હિંદુસ્થાન....." એટલે, પાકીસ્તાનવાસીઓએ વિચાર કર્યો કે જો તેઓ આ નામ બાબતમાં અમેરિકાવાસીઓને ગોટાળે ચઢાવી દે અને હિંદુસ્થાનને "ભારત" તરીકે ઓળખાવવાનું શરૂ કરી દે તો બન્ને દેશોને નવેસરથી નવા નામથી એટલે કે પાકીસ્તાન અને ભારતના નામથી ઓળખવા લાગે, અને એ રીતે અદ્યાપિપર્યંત હિંદુસ્થાનને પોતાના જુના નામને કારણે જે કાંઇપણ પ્રતિષ્ઠા મળતી હતી તે નાબૂદ થાય. વરસોના નિષ્ફળ પ્રયત્નો પછી પણ તેમની આ મુરાદ બર નથી આવી અને તેથી તેમણે આ પ્રયત્ન છોડી દીધો છે. હા, અમેરીકાવાસીઓને મન હિંદુસ્થાનનું કાંઇક પણ મૂલ્ય છે જ, પરંતુ અદ્યાપિ પર્યંત પાકીસ્તાનનું મૂલ્ય તો છે જ નહિ.

હવે કાશ્મીરના પ્રશ્ન પર પાછા આવીએ. અહીંની રાજ્ય સત્તાના અધિકારીઓ સમક્ષ એક જૂદાજ પ્રકારનો કોયડો ઉપસ્થિત થયો છે. તેઓ જાણે કે ગુંચવાડોમાં ફસાઈ ગયા હોય એવું લાગે છે. એક તરફ તેમને, પૂર્વમાંના મોટામાં મોટા અને મહા બળવાન લોકશાહી પ્રજાસત્તાક તરીકે હિંદુસ્થાનની મૈત્રી ટકાવી રાખવી છે તો બીજી બાજુ લશ્કરી કરારોદ્વારા પાકિસ્તાન તેમનું સાથી બન્યું છે.

પાકીસ્તાનની ફરીયાદ

થોડા સમય પહેલાં, હું અહીંના રાજ્યખાતાના એક ઉચ્ચ અધિકારી સાથે વાતચીત કરતો હતો ત્યારે તેણે કહ્યું, "તમારી ફરીયાદ છે કે કાશ્મીર વિશેના તમારા દૃષ્ટિબિંદુને અમે હાર્દિક રીતે સમજતા નથી, પરંતુ પાકીસ્તાનવાસીઓ આને અંગે શું કહેવા માગે છે તે તમારે કોઇકવાર સાંભળવું જોઇએ. તેઓ અમને કહે છે કે, "તમને (અમેરીકાને) લાત મારવાની કોઇપણ તક હિંદુસ્થાન જતી કરતું નથી જ્યારે અમે (પાકીસ્તાનવાસીઓ) તો તમારી સોડમાં લપાયા છીએ અને અમારો આખોયે દેશ તમારે ચરણે ધર્યો છે, આમ છતાંયે એ દીવા જેવું દેખાઈ આવે છે કે તમે (અમેરીકા) અમારા કરતાં હિંદુસ્થાનને વધારે માન આપો છો, વધુ અને વધુ સહાય કરો છો અને તેની વધુ તરફેણ કરો છો." પાકીસ્તાનવાસીઓની આ દલીલમાં સારા પ્રમાણમાં વજુદ છે. ખરેખર, સાથીઓ હંમેશાં એક બીજા પાસેથી વધુ અને વધુ અપેક્ષા ધરાવતા બની શકે છે—પાકીસ્તાનવાસીઓ તો બેશક એ કોટિના છે જ.

આપણે આપણી જાતે જ ઘણી ભૂલો કરી છે અને કાશ્મીર પ્રશ્ન અંગેના ગૂંચવાડા અને ગેરસમજણમાં સહાયભૂત થયા છીએ એમાં તો કોઈ શંકા છે જ નહિ. આમ છતાં આ લેખમાં હું એ અંગે વધારે લખવા માંગતો નથી.

વળી, આપણા મિત્રો, બ્રિટનવાસીઓ—મેં તેમને આપણા મિત્રો કહ્યા ?—કાશ્મીર પ્રશ્ન અંગે આપણી વિરૂદ્ધ જબરદસ્ત અને બળવાન પ્રચાર કરી રહ્યા છે. "અમે પુરાણા દોસ્તો, અમે (બ્રિટનવાસીઓ) આ લોકોને, (હિંદુસ્થાનીઓને) પૂરેપૂરા ઓળખીએ છીએ. અમે તેમના ઉપર ૨૦૦ વરસો સુધી શાસન કર્યું છે. માટે અમારે જે કહેવાનું છે અને અમે જે કહીએ છીએ તેના ઉપર વધારે લક્ષ આપો."—આવું આવું કહીને અમેરીકાવાસીઓને કાયદો અને નીતિ (હિંદુસ્થાન અંગે) બતાવવાની એક પણ તક બ્રિટનવાસીઓ જતી નથી કરતા. અને હું અનિચ્છાએ પરંતુ ખાત્રીપૂર્વક એવા નિર્ણય પર આવ્યો છું કે જેને ગુમાવવાથી હંમેશને માટે ઇંગ્લેંડના સામ્રાજ્યની કીર્તિ નાશ પામી છે તે હિંદુસ્થાનના બ્રિટન સાથેના વિચ્છેદ વિષે ઘણા બ્રિટનવાસીઓ—માનસશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો સભાન રીતે કે અર્ધસભાન રીતે—ખરેખર સમાધાન અનુભવી શક્યા જ નથી.

સલામતી સમિતિમાં વળી પાછો કાશ્મીરનો પ્રશ્ન ચર્ચાશે અને ત્યારે હિંદુસ્થાનના અને પાકીસ્તાનના નેતાઓ પોતાનાં દૃષ્ટિબિંદુઓ રજૂ કરવા માટે લાંબાં લાંબાં પ્રવચનો કરવાની એક બીજા સામે જાણે કે હરીફાઈ કરશે—જેમ તેઓ ૧૯૪૮ થી કરતા આવ્યા છે તેમ. પરંતુ અહીં અમેરીકામાં ન તો કોઈએ પ્રવચનો વાંચશે કે ન તો કોઇ એ પ્રશ્નની જરાપણ દરકાર કરશે. પણ એ દુઃખની વાત છે કે, કાશ્મીર અંગે હિંદુસ્થાન સામેનો તેમનો પૂર્વગ્રહ જેવો છે તેવો ને તેવો ચાલુ જ રહેવાનો છે.

મૂળ અંગ્રેજી : **જે. જે. સિંઘ**

અનુવાદક : **શાન્તિલાલ નંદુ**

પરગજુ પિરોજબાઈ

તાજેતરમાં ૮૫ વર્ષની ઉમ્મરે અમદાવાદ ખાતે અવસાન પામેલાં શ્રી પીરોજબાઇ શાપુરજી મહેતાના સેવાપરાયણ જીવનની થોડીક વિગતો ભગિની સમાજ પત્રિકામાં પ્રગટ થઇ છે જે વાંચતાં આપણું હૃદય આદરભાવ અને પ્રસન્નતા વડે ભરાઈ જાય છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે "પતિના મરણ વખતે પિરોજબાઈની અત્યન્ત ગરીબ સ્થિતિ હતી અને છ મહીનાથી માંડીને દશ વરસની ઉમ્મર સુધીનાં આઠ બાળકો ઉછેરવાનો તેમના માથે બોજો હતો. આવા કપરા સંજોગો સામે બાથ ભીડી તેમણે સંતાનોને ઉચ્ચ કેળવણી આપી. આ પણ એક પ્રકારની સેવા જ હતી. પણ પીરોજબાઈ એટલાથી સંતોષ માનીને બેસી રહ્યા નહોતાં. પોતાના ઘરમાં એક નાનું દવાખાનું રાખતાં. કવીનાઇન, આંખનાં ટીપાં, ફોલ્લાના મલમ, શરદીની દવા એવી એવી સાદી ચીજો જે ડાક્ટરની સલાહ વગર આપી શકાય તે સૌને પોતાને ખરચે આપતાં. કોઇને શેક, પોટિસ, બામ કે એન્ટીફ્લોજેસ્ટીનની જરૂર હોય તો તે પણ ઘરમાં દરદીને બેસાડી પોતાના હાથે લગાડી આપતાં. કોડ લીવર ઓઇલનો તો મોટો બાટલો જ રાખતાં અને આસપાસનાં નબળાં છોકરાંઓ રોજ ઘેરથી વાડકીમાં થોડું દુધ લઈ આવે તેમને એમાં કોડ લીવર ઓઇલ નાંખી આપી પીવડાવતાં. માંદગીને લાયકનો ખોરાક—સાબુદાણા, એરોરૂટ વગેરે જેમની પાસે ન હોય તેમને પોતાની પાસેથી આપતાં. આડોશી પાડોશીમાં એકલવાયાં માંદાની તો જાતે જઇને સારવાર કરતાં અને કુટુંબીઓ જે ન કરી શકે એવું બેભાન દર્દીઓનાં બગડેલાં કપડાં બિછાનાં ધોવાનું કામ પણ તેમણે કેટલીક વખત કર્યું હતું. એમનું નામ સાંભળી ગામ પરગામથી આવેલાં દર્દીઓ જો ભુખ્યાં હોય તો પોતા માટે રાંધેલી રસોઈ એમને જમાડી દેતાં. જેમને ગંભીર રોગ હોય તેમને પોતાના ઓળખીતા સેવાભાવી ડાક્ટર પાસે લઇ જઈ મફત સારવાર અપાવતાં અને ડાક્ટર બરોબર કાળજી રાખે તેની તપાસ રાખતાં. છેક પંચાશી વર્ષની ઉંમર સુધી એમણે ગરીબોની આ સેવા નાતજાતના કે કોમ ધર્મના તફાવત સિવાય અવિશ્રાંતપણે ચાલુ રાખી હતી."

પિરોજબાઇનો આ અદ્‌ભુત સેવાયોગ જોઇને આપણું દિલ ઊંડો રોમાંચ અનુભવે છે. તેમનું જીવન એક જીવતી પરબ જેવું લાગે છે. પરબ ઉપર આવેલો કોઈ તરસ્યો ન જાય. તેમની સેવાની અપેક્ષા રાખતું ભાગ્યે જ કોઈ નિરાશ થયું હશે. સમાજનું જાહેર રીતે કાર્ય કરતા સમાજ સેવકોને સૌ કોઈ જાણે છે. તેમનું સૌ કોઈ બહુમાન કરે છે અને તેમની પાછળ સ્મારકો પણ રચાય છે. પિરોજબાઈ જેવા ઘર આંગણે રહીને સમાજની અનેક વિધ સેવા કરતા ભાઈ યા બહેનને બહુ ઓછા લોકો જાણે છે. એમ છતાં જે ખુણે બેસીને તેમણે સેવા કરી હોય છે તે ખુણામાં વસતા નાનકડા સમાજમાં આવી વ્યક્તિઓ ચિરંજીવ સ્મરણ મૂકી જાય છે. નાના સરખા દીવા માફક તેઓ જીવે છે ત્યાં સુધી ચોતરફ નિર્મળ પ્રકાશ ફેલાવે છે; મધુર પવન લહરિ માફક તેમનું જીવન સમાજમાં અનુપમ મધુરતા નિર્માણ કરે છે; શીતળ જળનું વહન કરતા ઝરણાં માફક તેઓ અનેકની તૃષાને છીપાવે છે, અને વાતાવરણને શીતળતાથી ભરી દે છે. અજ્ઞાત યોધ્ધા માફક આવી અજ્ઞાત પિરોજબાઇઓને આપણાં અનેક વન્દન હો !

પરમાનંદ

પૂ. સુખલાલજી સન્માનનિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(ગતાંકથી ચાલુ)

૮૧૮૮૬।।। આગળનો સરવાળો

૫૦૦ શ્રી તારાચંદ અમૃતલાલ પારેખ રાજકોટ
૫૦૧ ,, કાંતિલાલ મણિલાલ જેઠાભાઈ અમદાવાદ
૩૦૧ એક સદ્‌ગૃહસ્થ મુંબઈ
૨૦૧ મે. પંકજકુમાર વૈકુંઠલાલ એન્ડ કું. ,,
૨૫૧ શાહ ચેરીટીઝ ,,
૧૫૦ મે. વી. એસ. બ્રધર્સ એન્ડ કું. લી. ,,
૧૦૧ ,, મનુભાઇ રાયચંદ સંઘવી ,,
૧૦૧ શ્રી કલ્યાણ પેપર માર્ટ
હઃ શ્રી માણેકલાલભાઈ અમદાવાદ
૧૦૧ ,, મણિલાલ હરિલાલ મુંબઈ
૧૦૧ ,, સરૂપચંદ એન્ડ .ઓફ્ ,,
૧૦૧ ,, બાપાલાલ કેશવલાલ મહેતા ,,
૧૦૧ ,, અવનીતભાઇ હીરાલાલ ,,
૧૦૧ ,, તાપીદાસ જેઠાલાલ ,,
૧૦૧ ,, જયંતિલાલ ચંદુલાલ એન્ડ કું. ,,
૧૦૧ ,, મેનાબહેન કીર્તિલાલ મણિલાલ મહેતા ,,
૧૫૦ ,, કીર્તિલાલ ડાહ્યાભાઈ ,,
૧૦૧ ,, છોટાલાલ ત્રિકમલાલ પારેખ અમદાવાદ
૧૦૦ ,, જસોદાબહેન નંદલાલ મહેતા મુંબઇ
૧૦૦ મે. ભાંખરીઆ બ્રધર્સ ,,
૧૦૦ શ્રી નવલચંદ ટી. શાહ ,,
૭૫ સૌ. કોકિલા તથા કુ. અરૂણ ,,
૫૦ શ્રી બજારગેટ હાઇસ્કુલ ,,
૫૦ ,, નગીનદાસ રાયચંદ ભાંખરીઆ ,,
૫૦ ,, પોપટલાલ નગીનદાસ ભાંખરીઆ ,,
૫૧ ,, નાગરદાસ ત્રિભોવનદાસ ,,
૫૧ ,, લખમસી ધારસી ,,
૫૧ ,, જાસુદબહેન જમનાદાસ ઝવેરી ,,
૫૧ ,, ગુન્નાબચંદ લલ્લુભાઇ શાહ ભાવનગર
૨૦૧ ,, નટવરલાલ કે. શાહ મુંબઈ
૫૦ ,, ખેતસી દેવજીભાઈ ,,
૫૦ ,, ચતુરદાસ દેવજીભાઈ ,,
૫૦ ,, હરિલાલ દેવજીભાઈ ,,
૫૦ ,, કેશવલાલ દેવજીભાઈ ,,
૫૦ ,, કાંતિલાલ દેવજીભાઈ ,,
૫૦ ,, અમિચંદ ઓધડભાઈ ,,
૫૦ ,, હીરાચંદ ઓધડભાઈ ,,
૫૦ ,, કનૈયાચંદ ઓધડભાઈ ,,
૫૦ ,, વખતચંદ ખુશાલચંદ ,,
૫૦ ,, હરજીવનદાસ ખુશાલચંદ ,,
૫૦ ,, ઠાકરસી સંઘજી ,,
૫૦ ,, જયસિંહ છોટાલાલ ,,
૧૦૦ ,, લઘુભાઈ ડાહ્યાભાઈ ,,
૨૫ શ્રી ખુબાભાઈ તેલી અમદાવાદ
૨૫ ,, હરસી મેઘજી દેઢીઆ મુંબઈ
૨૫ ,, નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરી ,,
૨૫ ,, જયંતિલાલ અંબાલાલ શાહ ,,
૨૫ ,, ભવાનજી નાથાભાઈ ,,
૨૫ ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ ,,
૨૫ ,, રતીલાલ નરસીદાસ શાહ ,,
૨૫ ,, હેમચંદ અમરચંદ કલકત્તા
૨૫ ,, આર. એમ. વાઢેરવાલા મુંબઇ
૨૫ ,, રતનચંદજી કપુરચંદ મદ્રાસ
૨૫ ,, હજારીમલ પુકરાજજી ,,
૨૫ ,, જેઠમલજી સુકનરાજજી ,,
૨૫ ,, હરખચંદ રૂપચંદજી ,,
૨૫ ,, અમરચંદજી સોભાચંદજી ,,
૨૫ શ્રી મુલચંદજી દેવીચંદજી મદ્રાસ
૨૫ ,, પી. એસ. ગાંધી ,,
૨૫ ,, હીરાલાલ કું. (હીંગવાળા) ,,
૨૫ ,, હુકમાજી અચલદાસજી ,,
૨૫ ,, રિખવદાસજી ભૂરમલજી ,,
૨૫ શા ત્રિલોકચંદ્ર પુષ્પાજી ,,
૨૫ ,, તારચંદજી માંગીલાલજી ,,
૨૫ ,, ભૂરમલ ભભૂતમલ ,,
૨૫ ,, માનમલ મીશ્રીમલ ,,
૨૫ શ્રી બાબુલાલ એન્ડ કું. ,,
૨૫ ,, ગોમરાજ એન્ડ સન્સ ,,
૨૫ ,, જે. હજારીમલ ,,
૨૫ શા હરખચંદ્ર મિશ્રીમલ ,,
૨૫ ,, પોપટલાલ ત્રિભોવનદાસ ,,
૨૫ ,, હરગોવિંદદાસ હરખચંદ ,,
૨૫ ,, ઝુંઝાભાઈ ગાંગજી ,,
૨૫ ,, ખીમચંદ અમરસી ,,
૨૫ ,, ભારતીય સાહિત્ય સંઘ અમદાવાદ
૨૫ શ્રી શંકરલાલ બેંકર અમદાવાદ
૨૫ ,, છગનભાઈ કા. પટેલ પિલવાઈ
૨૫ ,, માધવલાલ ગિરધરલાલ સંઘવી મુંબઈ
૨૫ ,, પાનાચંદ ચંદ્રકાન્ત પાલેજવાળા વડોદરા
૨૫ ,, રામલાલ વેતમલ ,,
૨૫ ,, ઠાકોરલાલ દલસુખભાઈ ,,
૨૫ બાઇ સમરથ તે શા માણેકલાલ મનસુખલાલના ટ્રસ્ટી શાહ મણિલાલ લાલચંદ ,,
૨૫ શ્રી અમૃતલાલ પુરૂષોત્તમદાસ શાહ ,,
૨૫ ,, ચુનીલાલ કપુરચંદ ભંડારી ,,
૨૫ ,, કનકમલજી લાલચંદજી મુનોત પૂના
૨૫ ,, નેમિચંદજી હીરાચંદજી પરમાર ,,
૨૫ ,, ધોંડીરામજી દલીચંદજી ખીંવસરા ,,
૨૫ ,, ચીમનલાલજી ભભૂતમલજી ચોકસી ,,
૨૫ ,, પોપટલાલ વીરચંદ લૂણાવત ,,
૨૫ ,, ભભૂતમલ કે. સંઘવી ,,
૨૫ શ્રી પુલચંદજી કે. સંઘવી પૂના
૨૫ ડૉ. મોહનલાલજી એલ. ,,
૨૫ શ્રી સુમતીલાલ માણેકલાલ શાહ ,,
૨૫ ,, હસ્તીમલજી કુંદનમલજી ફિરોદિયા ,,
૨૫ ,, દેવચંદભાઇ એ. શાહ ,,
૨૫ ,, સરૂપજમલજી કે. સંઘવી ,,
૨૫ ,, ગગલભાઇ હસ્તીભાઈ ,,
૨૫ ,, મદનલાલજી હંસરાજજી લોઢા ,,
૨૫ ,, રતનચંદજી હરખચંદજી બાફના ,,
૨૫ ,, માણેકચંદજી વીરચંદજી બાફના ,,
૨૫ ,, વલ્લભદાસ મોહનલાલની કું. મુંબઈ
૨૫ ,, હીમતલાલ કસ્તુરચંદ મણિયાર ,,
૨૫ ધ્રુવ દલીચંદ હેમચંદ ,,
૨૫ ,, ચત્રભુજ નાગરદાસ ડગલી ,,
૨૫ દોશી બાલચંદ સુંદરજી ,,
૨૫ શ્રી મોહનલાલ એન્ડ સન્સ ,,
૨૫ ,, કાંતિલાલ ભગવાનદાસ ,,
૨૫ ,, વલ્લભદાસ પુલચંદ મહેતા ,,
૨૫ ,, એસ. કે. સંઘવી એન્ડ કું. ,,
૨૫ ,, જૈન વિદ્યાર્થી ગૃહ અમરેલી
૨૫ ,, નેમચંદ નાથાલાલ શાહ સુરત
૨૫ ,, કે. એસ. સુરાણા મુંબઈ
૨૫ ,, ખીમચંદ મગનલાલ વોરા ,,
૨૫ ,, જેઠા વીરજી કારાણી ,,
૨૫ ,, દામજી દેવરાજ ,,
૨૫ શ્રી પદ્માબહેન વી. શાહ અમદાવાદ
૨૫ ,, ભગવતીબહેન આર. પટેલ ,,
૨૫ ,, ચીતુભાઈ ગી. શાહ રાજકોટ
૨૫ ,, હીંમતલાલ હરખચંદ મુળીવાળા મુંબઇ
૨૫ ,, ધરમચંદ દીપચંદ દેસાઇ ,,
૨૫ ,, છબીલદાસ વીરચંદ દેસાઈ અમદાવાદ
૨૫ ,, દેવચંદ દામજી કુંડલાકર ભાવનગર
૨૫ ,, એક ગૃહસ્થ મુંબઇ
૩૦ ,, પ્રસન્નમુખ સુરચંદ બદામી ,,
૩૧ પારેખ ભોગીલાલ ચુનીલાલ રાંધણપુરવાળા
૩૧ એક બહેન તરફથી મુંબઇ
૨૫ શ્રી રાજારામજી અમરચંદ ઓસવાલ પૂના
૨૫ ,, શંકરલાલજી ભીખમચંદજી પોરવાલ ,,
૨૫ ,, ઉત્તમચંદજી ભીખમચંદજી પોરવાલ ,,
૨૫ ,, વસંતલાલ બાબુલાલજી ભંડારી ,,
૨૫ ,, પોપટલાલજી બાલીરામજી બૈદ ,,
૨૫ ,, મણિલાલ મગનલાલ શાહ ,,
૨૫ ,, ધનરાજજી દગડુરામજી સંચેતી ,,
૨૫ ,, ધનરાજજી છગનમલજી ,,
૨૫ ,, લાલચંદજી ચંદનમલજી મુથા ,,
૨૫ ,, રૂપચંદજી ઉત્તમચંદજી ,,
૨૫ ,, મોતીલાલ કેશરીમલજી કાંકરિયા ,,
૨૫ ,, ચુનીલાલ વિરદીચંદ્રજી પુલપુગા ,,
૨૫ ,, ઉમેદમલજી કેશરીચંદજી પુંગલિયા ,,
૨૫ ,, ઋષભદાસજી રાંકા ,,
૨૫ ,, શાંતિલાલ છોટાલાલ શાહ ,,
૨૫ ,, રમણલાલ દલસુખભાઇ શાહ ,,
૨૫ ,, પુખરાજજી હેમચંદજી ललવાડી ,,
૨૫ ,, કાંતિલાલ પુલચંદજી મોરીઆ ,,
૨૫ ,, વિ. કે. શાહ ,,
૨૫ ,, ચીમનલાલ લક્ષ્મીચંદ શાહ ,,
૨૫ ,, સુખલાલજી ચાંદમલજી વોરા ,,
૨૫ ,, કેશવલાલ મુળચંદ લગડીવાળા મુંબઇ
૨૫ ,, હરસી વેલજી દેઢીયા ,,
૨૩૧ ,, મહિલા સમાજની સભ્યબહેનો ,,
૨૫ ,, જોરમલ મંગળજી મહેતા ,,
૨૫ ,, સુશીલાબહેન એમ. પટણી ,,
૪૭૫૧ ,, પચ્ચીસથી ઓછી રકમો ,,
૨૦૦ ,, ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી અમદાવાદ
૧૫૧ મેસર્સ વસંતલાલ એન્ડ કું. નડિયાદ
૧૦૧ શ્રી જુગલકિશોરજી મુખ્તાર અમદાવાદ
૫૧ ,, જાસુદબહેન ચંદુલાલભાઈ ફોઠારી પાલનપુર
૪૧ ,, ભોગીલાલ બુલાખીદાસ અમદાવાદ
૨૫ એક ગૃહસ્થ ,,
૨૫ શ્રી જમનાદાસ જેઠાભાઈ શાહ વડોદરા
૨૫ ,, કીર્તિલાલ ભોગીલાલ બક્ષી પાલનપુર
૨૫ ,, જીવનલાલ ચીમનલાલ શાહ અમદાવાદ
૨૫ ,, ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રસાર સમિતિ ,,
૨૫ ,, સુખલાલ ડાહ્યાભાઇ માલવણિયા ,,
૨૫ ,, હરિલાલ જેઠાલાલ શાહ વીરમગામ
૫૧ ,, નવચેતન હાઇસ્કુલ ટ્રસ્ટ
૫૧ મે. લાલભાઇ ગટાભાઇ કેવળદાસ અમદાવાદ
૨૫ શ્રી લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી ,,
૨૫ ,, અમુલખ નાગરદાસ શેઠવાળા ,,
૨૫ ,, જેઠાલાલ પ્રાગજી રૂપાણી જુનાગઢ
૨૫ ,, સારાભાઈ મણિલાલ નવાબ અમદાવાદ
૨૫ ,, પુલચંદ દામોદર મહેતા રાજકોટ
૨૫ ,, મધુસુદન ચીમનલાલ મોદી અમદાવાદ
૩૩ ,, પરચુરણ રકમ

૮૧૦૦૬।।।

માનવીજીવનમાં ધર્મનું સ્થાન

(લગભગ ત્રણ વર્ષ પહેલાં મુંબઇ ખાતે મળેલી હિન્દભરના રોમન કેથોલીકોની મેરીયન કોન્ગ્રેસનું ઉદ્‌ઘાટન કરતાં હિન્દના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કરેલ મંગળ પ્રવચન.)

આધ્યાત્મિક મૂલ્યોનું પુનર્જીવન આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. એક જ પેઢીમાં થઈ ગએલાં બે વિશ્વયુદ્ધો અને અણુશસ્ત્રોમાં થઈ રહેલી ચોંકાવનારી પ્રગતિ, સતત્ ચાલી રહેલાં સામાજિક ઘર્ષણો અને પ્રક્ષોભો તથા ભાવી વિષે ક્રોધપણ સ્પષ્ટ દર્શનનો અભાવ આ તત્ત્વો આપણા માનસને અને નીતિમત્તાને મોટા પાયા ઉપર છિન્નભિન્ન કરી રહેલ છે. આધુનિક જીવનમાં ધર્મનું સ્થાન શું હોવું જોઇએ એ વિષે અનેક પ્રકારના અભિપ્રાયો વ્યક્ત કરવામાં આવે છે. ધર્મ સંબંધે એમ જણાવવામાં આવે છે કે માનવીના માનસને તે જકડી રાખે છે, તર્ક કે વિચારને બધિર બનાવે છે, લાગણીઓને બુઠ્ઠી બનાવે છે અને આપણી સગ્રાહ્યતાને પરાધીન બનાવવાનું અને માન્યતા તથા વ્યવહારમાં તેની હકુમતનો કશો પણ વિચાર કર્યા સિવાય સ્વીકારવાનું કહે છે.

વળી સામાજિક દૃષ્ટિએ ધર્મ સંબંધે વિચાર કરતાં એમ દલીલ કરવામાં આવે છે કે તે દુનિયાનો તિરસ્કાર કરવાનું કહે છે, જગત્ પ્રત્યે અણગમાની વૃત્તિ કેળવે છે અને જો તે દુનિયામાં અને તેના વ્યવહારમાં થોડો પણ રસ ધરાવતો હોય તો આજે જે સ્થિતિ છે તે એમને એમ ટકાવી રાખવા પૂરતો અને આજનાં અનિષ્ટો અને અસત્યો કાયમ રાખવા પૂરતો જ તે દુનિયાનો વિચાર કરે છે. આજે મોટી મોટી સંસ્થાઓનાં નામે માણસને અસંખ્ય અને અસંસ્કારી બનાવવાનો જે રવૈયો ચાલી રહેલ છે; ક્રોમળતા, કરૂણા અને માનવીના દીલમાં રહેલી સહાનુભૂતિનો નાશ કરવાનો જે વ્યાપાર ચાલી રહ્યો છે તેને અટકાવવાની દિશામાં ધાર્મિક નેતાઓ ભાગ્યે જ કાંઇ કરતા હોય છે.

આજની દુનિયાને જરૂર છે માનવ સમાજના ઐકમેની; જ્યારે ધર્મો આ દિશામાં મોટા અંતરાયનું કામ કરી રહ્યા છે. આજના ધર્મો તેના મૂળમાં અને પ્રારંભમાં રહેલી પવિત્રતાથી દૂર દૂર જઇ રહ્યા છે, કાર્યશક્તિને જન્માવનારા પ્રાણને ગુમાવી બેઠા છે અને અહંભાવી સંપ્રદાયોનું રૂપ ધારણ કરી રહ્યા છે. તેથી 'એપોસલ પૉલે તમોથીને લખેલા બીજા પત્રના પહેલા પ્રકરણનો જે સાતમો શ્લોક આ કોન્ગ્રેસના મુદ્રાલેખ તરીકે આપે પસંદ કર્યો છે તે ભારે ઉચિત અને આદર યોગ્ય છે. તે મુદ્રાલેખ આ મુજબ છે. "તેણે આપણને જે ચેતન તત્ત્વ આપ્યું છે તે એવું નથી કે જે ભય કે જોખમથી દૂર ભાગે. તે છે કર્મનું, પ્રેમનું, શિસ્તનું ચેતન તત્ત્વ." ઇશ્વરપ્રેમ એ કોઈ માત્ર રૂપાળા શબ્દ સમુહ નથી. એ કોઇ બૌદ્ધિક વિધાન નથી કે જેને આપણા મનની અનુમતિ આપીને આપણે સંતોષ માની લઇએ. એ તો મનમાં ક્રાંતિ પેદા કરનારો અનુભવ છે, આત્માના ઉંડાણમાં રોપાએલી પ્રતીતિ છે. નૈસર્ગિક પૂર્ણતાને પ્રાપ્ત કરવી એટલો જ માનવી જીવનનો હેતુ નથી. માનવીની પ્રવૃત્તિ ઇશ્વર પ્રાપ્તિમાંજ અન્તિમ પર્યાપ્તિ અનુભવે છે.

ધર્મ તેના સર્વ આકારો દ્વારા ઉદ્‌ઘોષણા કરે છે કે સાધારણ માનવીમાંથી નવો માનવી પેદા થવો જોઇએ. અંતર વિકાસ–આંતરિક ઉત્ક્રાંતિ સાધવા માટે માનવી–જેવો છે તેવો માનવી–એક પ્રકારનું અપરિપક્વ દ્રવ્ય છે, અણુવિકસ્યું પુદ્‌ગળ છે. માનવી આજે જેવો છે તે પ્રકારનો માનવી અપૂર્ણ, અધુરો ને અનેક ત્રુટિયોથી ભરેલો છે. આન્તર નિરીક્ષણ, આન્તરમુખતા જેને ક્રીસ્તી પરિભાષામાં Repentence–પશ્ચાતાપ–આન્તરતાપ ના નામથી કંઇક રીતે વર્ણવવામાં આવે છે–એ દ્વારા તેણે આંતરિક પૂર્ણતાને પ્રાપ્ત કરવાની છે, ઇશુ ક્રીસ્તના કથન મુજબ આપણે પશ્ચાતાપ વડે આપણી જાતનું સંશોધન ન કરીએ, આપણું રૂપાન્તર ન કરીએ, આપણે નાનાં બાળકની માફક વિશ્વની ભવ્યતા અને ગૂઢતાને ઝીલતા ન થઇએ ત્યાંસુધી ઇશ્વરના દરબારમાં આપણે પ્રવેશ પામી નહિ શકીએ.

આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે માનવી પ્રકૃતિનું શિસ્તબદ્ધ નિયમન અતિ આવશ્યક છે. મન અને શરીર પવિત્રતા–પૂર્ણતા પ્રાપ્ત કરવાનું સાધન છે. આજે આ વર્ષે આપ જેનું ઉદ્‌ઘાપન કરી રહ્યા છો તેવા પવિત્રતાના આદર્શો આપણી જાતને પવિત્ર બનાવવામાં મદદરૂપ થાય છે. આત્મનિગ્રહ વડે જ આપણી લાગણીઓ અને ઇચ્છાઓના નિયમન વડે જ–ચિત્તની શાન્તિ સાધી શકાય છે. આવો ઉધ્ધૃત આત્મા વિશ્વના સંચાલનમાં ભાગીદાર બને છે.

જેઓ માત્ર 'કૃષ્ણ, કૃષ્ણ' રટે છે અને પોતાની ફરજો બજાવવામાં ઉદાસીન–ઉપેક્ષાવાદી–બને છે તેઓ એવકુફ છે, ઇશ્વરના શત્રુ છે. કારણ ઇશ્વર પોતે જ સત્યની ખાતર ધર્મની ખાતર–આ જગતમાં જન્મ ધારણ કરે છે. ઇશ્વર માત્ર ન્યાયરૂપ કે શક્તિરૂપ નથી; તે તો પ્રેમરૂપ છે, જ્ઞાનરૂપ છે. જો ઇશ્વરનું આપણે અનુકરણ કરવા ઇચ્છતા હોઇએ તો દુનિયાના ભલા માટે પ્રવૃત્તિશીલ બનવું જોઇએ.

પામરતા અને પરાજય મળવા છતાં, દ્રોહ અને નિરાશા મળવા છતાં, સામે મૃત્યુ આવીને ઉભું રહેવા છતાં જાગૃત આત્મા ઉંડાણમાં અનુભવે છે કે નાસ્તિકતા, ઇનકાર અને નિરાશામાં ગરક થઈ જવા કરતાં સત્ય અને પ્રેમના આદર્શો મુજબ જીવવું એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

આપણી સર્વ પ્રવૃત્તિઓ પછી તે આપણા સમાજને લગતી હોય કે વિશાળ દુનિયા સાથે સંબંધ ધરાવતી હોય ધર્મની ચેતનાથી વ્યાપ્ત બનવી જોઇએ. આ અણુયુગમાં આગામી કોઈ પણ યુદ્ધ કેવું ભયંકર રૂપ ધારણ કરી શકે છે, તેનું જ્યારે આપણને પુરું ભાન થયું છે ત્યારે તેને અટકાવવા માટે જે કાંઇ સુઝે એ કરી છૂટવું તે આપણી ધાર્મિક ફરજ બને છે. આ દુનિયા એકમેકનો તિરસ્કાર કરવા માટે કે દ્વેષ કરવા માટે, અથવા તો વૈરતૃપ્તિ અને પરસ્પરનો વિનાશ કરવા માટે નથી. આ દુનિયામાં ન્યાયી અને દયાપૂર્ણ વ્યવહારનું નિર્માણ થાય તે માટે આપણે કટિબદ્ધ થવું જોઇએ અને પ્રેમ તથા ભલાઇની ભાવના સર્વત્ર ફેલાય તે માટે કાર્યપરાયણ બનવું જોઇએ. જો વિશ્વબંધુત્વનો સાક્ષાત્કાર કરવો હોય તો સર્વ રાષ્ટ્રોએ આંતરિક નવસંસ્કરણ દ્વારા પોતાના સામુદાયિક દેહનું રૂપાન્તર કરવું જોઇએ.

ધર્મ જ એક એવી શક્તિ છે જે આવું નવજીવન નિર્માણ કરી શકે છે. ભિન્ન ભિન્ન ધર્મો વિશ્વમહાલયની મારીઓ છે, જે દ્વારા ઇશ્વરી પ્રકાશ માનવીના આત્માને સ્પર્શે છે, તેની અંદર પાંગરે છે. ભિન્નભિન્ન ધર્મો દ્વારા જે કિરણો વહેતા થાય તે કિરણોમાં અથવા તો તેની તેજોમયતાની અલ્પાધિકતામાં તફાવત હોઇ શકે છે, પણ આ તફાવતના કારણે ધર્મો વચ્ચે પરસ્પર સંઘર્ષો અને હરિફાઇઓ પેદા થાય એ વ્યાજબી નથી. અનન્ત જ્યોતિ અને તેના દેશકાળ મર્યાદિત તેજપુંજો વચ્ચે રહેલા ભેદને આપણે યથાસ્વરૂપે ઓળખતા શીખવું જોઇએ.

ભિન્નભિન્ન ધર્મોના અનુયાયીઓ ઇશ્વરદર્શન–જે આધ્યાત્મિક જીવનનું ધ્યેય છે, તેને ભિન્ન ભિન્ન માર્ગે પહોંચવા પ્રયત્ન કરતા અને એમ છતાં એક જ પ્રકારની આધ્યાત્મિક શોધની પાછળ લાગેલા યાત્રીઓ છે. પુરાતન કાળથી આ દેશની આ દૃષ્ટિ રહેલી છે. આપણે ત્યાં યાહુદીઓ, ક્રીસ્તીઓ, પ્રોટેસ્ટન્ટો અને કેથોલીકો, પારસીઓ, હિન્દુઓ અને મુસલમાનો છે, કે જેમને એકમેક પાસેથી શિખવાનો, જાણવાનો આપણી સંસ્કૃતિ દ્વારા ઉપદેશ આપવામાં આવ્યો છે. આ જ ભાવના આપણા નવા બંધારણમાં અન્તરગત કરવામાં આવી છે, આ મેરીઅન કોન્ગ્રેસ જુદા જુદા ધર્મો વચ્ચે સહકારની ભાવના પેદા કરવામાં અને એ રીતે આધ્યાત્મિક સમજુતિ, ધાર્મિક જાગૃતિ અને પરસ્પર બાંધુત્વની ભાવનાને વેગ આપવામાં મહત્ત્વનો ફાળો આપે એવી મારી પ્રાર્થના છે.

'વિકાસ' માંથી મૂળ અંગ્રેજી : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
સાભાર ઉધ્ધૃત અનુવાદક : પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કરસ્કી નીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૯૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૫૭, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પંડિત સુખલાલજીનો શાનદાર સન્માનસમારંભ

"ગંગા યમુનાના સંગમ જેવો બે ઋષિઓનો સંગમ જોવા-તેમાં નહાવા-હું અહિં આવ્યો છું." ઉ. ન. ઢેબર

જે દિવસની કંઈ સમયથી રાહ જોવાઈ રહી હતી તે દિવસ આખરે નજીક આવ્યો અને પંડિત સુખલાલ જીના આગામી સન્માન સમારોહના સમાચારો દૈનિક પત્રોમાં ઝળકવા લાગ્યા. એ દિવસ હતો જુન માસની ૧૫ મી તારીખ. સમારોહ સ્થળ હતું મુંબઈ યુનિવર્સિટીનો વિશાળ કૉન્વોકેશન હૉલ. સમય હતો સાંજના પાંચ. એ દિવસે સાંજના ચાર વાગ્યાથી કૉન્વોકેશન હૉલમાં ભાઈ બહેનોની ભરતી શરૂ થઇ હતી. પોણા પાંચ વાગ્યે આખો હૉલ તેમ જ ગેલેરીઓ ચીકાર ભરાઈ ગઈ હતી. મુંબઈ રાજ્યના કેટલાક પ્રધાનો, સરકારી અધિકારીઓ, ન્યાયધીશો, અધ્યાપકો અને મુંબઈ શહેરના અનેક આગેવાન શહેરીઓ આ પ્રસંગે ઉપસ્થિત થયા હતા. પત્રકારો અને ખબરપત્રીઓ નિયત સ્થાને ગોઠવાઇ ગયા હતા. ઑલ ઇન્ડીઆ રેડીઓ તેમ જ ગવર્મેન્ટ ઑફ ઇન્ડીઆ ફીલ્મ્સ ડીવીઝનવાળા સન્માન સમારંભનાં પ્રવચનો અને દૃશ્યો ઝીલવા માટે પોતપોતાની સાધનસામગ્રી ઉચિત સ્થાને ગોઠવી રહ્યા હતા, ગેલેરીઓમાં વિદ્યાર્થીઓની ઠઠ જામી હતી. સૌના મન ઉપર અનેરી ઉત્સુકતા તરવરતી હતી. સૂર્ય પશ્ચિમ દિશાના ક્ષિતિજ તરફ ઉતરી રહ્યો હતો અને આથમણી બાજુએથી વહી રહેલો સૂર્યપ્રકાશ આખા હૉલને અજવાળી રહ્યો હતો ઉનાળાની ઋતુના કારણે એકત્ર થયેલી માનવમેદની અકળામણને પશ્ચિમ દિશાએ આવેલા સમુદ્રપટ ઉપરથી અવારનવાર વહી આવતી ઠંડી પવનલહરીઓ હળવી બનાવતી હતી. પોણા પાંચ વાગ્યે પં. સુખલાલજી પોતાની મંડળી સાથે આવી પહોંચ્યા. તરતમાં જ સન્માન સમિતિના પ્રમુખ શ્રી મોરારજીભાઈ પધાર્યા. બરોબર પાંચ વાગ્યે સન્માનસમારોહના નિયત અધ્યક્ષ ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધા-

પૂજ્ય પંડિતજીને આદર-અંજલિ

(છંદ : અનુષ્ટુપ્)

તિમિર-તેજનો એને ભેદ ના બાહ્ય દૃષ્ટિમાં,
હર્ષ શેનો અને એને ખેદ શો ઉર-સૃષ્ટિમાં?
આંખને કોડિયે એને જ્યોતિ નહીં રહી જલી,
કિન્તુ અંતરમાં એને જલે નિત્ય દીપાવલિ.
જ્ઞાનનો ભાર છે એવો અપરિગ્રહી† દેહ પે,
કે નમ્રતા ઝૂકાવે છે નિરહંકારી શીશને.
એને સન્માનું શું હું તો? યોગ્યતા એવી શું ધરૂં?
પ્રજ્ઞાની એની વૃષ્ટિને ઝીલે શું પાત્ર છીછરૂં?
તોય સ્નેહે સરી જાયે શબ્દ આ પૂજ્યભાવના,
ક્ષોભ સાથે ધરૂં પાયે સ્થિર પ્રગતિશીલના.*

ગીતા પરીખ

† જેને વસ્ત્રનો પરિગ્રહ માયારૂપે વળગ્યો નથી એ અર્થમાં 'અપરિગ્રહી' શબ્દ સમજવો.

* ઇશાવાસ્ય ઉપનિષદમાં આત્માનું સ્વરૂપ 'સ્થિર છતાં ગતિશીલ' એમ વર્ણવ્યું છે. પંડિતજીમાં એ સ્વરૂપ આબેહુબ મૂર્ત થાય છે.



ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્



પંડિત સુખલાલજી સંઘવી

કૃષ્ણન, કૉંગ્રેસ પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબર સાથે કૉન્વોકેશન હૉલના દરવાજા આગળ આવી પહોંચ્યાની સૂચક સાઇરન વાગી. સન્માન સમિતિના પ્રમુખ શ્રી મોરારજીભાઈ તથા અન્ય અધિકારીઓએ તેમને આવકાર્યા. સૌ સૌના સ્થાને વિરાજિત થયા. એટલામાં કાકાસાહેબ કાલેલકર પણ આવી પહોંચ્યા અને સન્માન સમારોહનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

પ્રારંભમાં બહેન કિશોરી પરીખે તંબુરા સાથે મધુર કંઠે વડે નીચે મુજબની પ્રાર્થના શરૂ કરી અને ચોતરફ શાન્તિ વ્યાપી રહી.

પ્રાર્થના

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्विनावधीतमस्तु । मा विद्विषावहै । ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर् मा अमृतं गमय ॥

या कुन्देन्दु-तुषार-हार-धवला या शुभ्र-वस्त्रावृत्ता
या वीणा-वरदण्डमण्डित-करा या श्वेत-पद्मासना ।
या ब्रह्माच्युत-शंकर-प्रभृतिभिर्देवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ॥
यं ब्रह्मा-वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवैर्
वेदैः सांग-पदक्रमोपनिषदैर् गायन्ति यं सामगाः ।
ध्यानावस्थित-तद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

પ્યારે દર્શન દીજો આય,
તુમ બિન રહ્યો ન જાય....પ્યારે દર્શન૦
જળ બિન કમળ, ચંદ્ર બિન રજની,
ઐસે તુમ દેખાં બિન સજની
આકુળવ્યાકુળ ફિરૂં રૈન દિન,
બિરહ કલેજો ખાયે....પ્યારે દર્શન૦
દિવસ ન ભૂખ, નિંદ નહિ રૈના
મુખસું કથત ન આવે બૈના,
કહા કહું કછુ કહન ન આવે,
મિલકર તપત બુઝાય....પ્યારે દર્શન૦
કબું તરસાવો અન્તરજામી,
આય મિલો કિરપા કરો સ્વામી.
મીરા દાસી જનમજનમકી,
પડી તુમ્હારે પાયે....પ્યારે દર્શન૦

કિશોરી બહેનના કર્ણમધુર સંગીતે માનવમંડળીને આનંદ-મુગ્ધ બનાવી દીધી અને વાતાવરણમાં પ્રસંગોચિત ભવ્યતા અને ગંભીરતા પેદા કરી સર્વ કોઇ પ્રસન્ન, શાન્ત અને સ્વસ્થચિત્ત બન્યું.

પ્રાર્થના બાદ સન્માન સમિતિના પ્રમુખ શ્રી મોરારજીભાઈએ નીચે મુજબ સ્વાગત પ્રવચન કર્યું.

શ્રી મોરારજીભાઈનું સ્વાગત પ્રવચન

ડૉ. રાધાકૃષ્ણન્, બહેનો અને ભાઇઓ!

આપણે સૌ આજે અહીંઆ પં. સુખલાલજીના સન્માનાર્થે એકઠા થયા છીએ. બે વર્ષ પર જ્યારે એમને ૭૫ વર્ષ પૂરાં થયાં, ત્યારે ઘણાએ ભાઈ બહેનોના મનમાં એ વિચાર આવ્યો કે, જે અમૂલ્ય સેવા પં. સુખલાલજીએ વિદ્યાની, આ દેશમાં, કરી છે, એમનું સન્માન આપણે કરવું જોઇએ. આ માટે દાદાસાહેબ માવળંકરનાં અધ્યક્ષપણા નીચે એક સમિતિ સ્થાપવામાં આવી. આ સમિતિનો ઉદ્દેશ પંડિતજી માટે સન્માનનિધિ એકઠો કરવો અને પંડિત સુખલાલજીના લેખોની સંચયન કરી પ્રગટ કરવો એ હતો. સન્માન સમિતિ નિમાયા પછી દાદાસાહેબ ચાલ્યા ગયા અને સમિતિના સભ્યોએ અને કાર્યવાહકોએ મને કહ્યું કે, મારે આ સમિતિના અધ્યક્ષ થવું. મેં એ સૂચના તરત જ કબુલ રાખી. કારણ કે હું જે રીતે પં. સુખલાલજીને વર્ષોથી ઓળખતો આવ્યો છું, એ રીતે મારા મનમાં એમને વિષે જે આદર છે તે વ્યક્ત કરવાનો મને મોકો મળતો હતો.

ઋણમુક્તિનો સમારંભ

સામાન્ય રીતે હું સન્માન સમારંભોમાં માનતો નથી, છતાં આ સન્માન સમારંભને મેં અન્તરથી આવકાર્યો છે. કારણ કે આ પ્રસંગે આપણે માત્ર એક વિદ્વાનનું સન્માન કરતા નથી, પણ જેમને આપણે સાચા અર્થમાં 'ઋષિ' કહી શકીએ એવી એક વ્યક્તિનું સન્માન કરીએ છીએ, વસ્તુતઃ આપણે તેમનું સન્માન નહીં પણ તેમણે આપણને જે જ્ઞાન-લાભ આપ્યો તેનું ઋણ અદ્દા કરીએ છીએ. એ દૃષ્ટિથી હું આ સન્માન સમિતિમાં જોડાયો છું, આનંદની વાત છે કે કલ્પના મુજબ એક લાખ એકઠા થયા છે. એ રકમ પં. સુખલાલજીને ડૉ. રાધાકૃષ્ણનના હસ્તે અત્યારે અર્પણ કરવામાં આવશે અને એમના લેખોનું પ્રકાશન જાહેર કરવામાં આવશે.

અદ્‌ભુત પુરુષાર્થ અને નિત્ય વિકસતી પ્રજ્ઞા

પં. સુખલાલજી જ્યે ૧૬ વર્ષની ઉમ્મરે બળિયાના રોગમાં સપડાયા ન હોત અને એમની આંખોનું બલિદાન લેવાયું ન હોત તો તેઓ આજે જે 'ઋષિ' બન્યા છે તેને બદલે કદાચિત સારા વ્યાપારી બન્યા હોત. પણ ઈશ્વરની ઇચ્છા જુદી હતી. ૧૬ વર્ષની ઉમ્મરે બળિયામાં આંખોનું બલિદાન દેવાયું, વ્યાપારની દિશા બંધ થઈ. પણ એમના પુરુષાર્થને નવી દિશા સાંપડી. આંખ વગર વિદ્યાનું, જ્ઞાનનું ઉપાર્જન ઘણા ભાઈ બહેનો કરે છે પણ એ અનેક સાધનોની મદદથી, જ્યારે પં. સુખલાલજી તો કાશી પહોંચ્યા અને કોઇ પણ સાધનની મદદ વગર, માત્ર સાંભળીને તેમણે વિદ્યા મેળવી. તેમની બુદ્ધિમત્તા અને સ્મરણશક્તિ કેટલી અદ્‌ભુત છે તેનો ખ્યાલ આથી આવશે કે આજે મારા કરતાં ૧૬ વર્ષે તેઓ મોટા છે, પણ એમની સ્મૃતિ આગળ મારી સ્મૃતિ કોઈ હિસાબમાં નથી. જેમ જેમ એમની ઉમ્મર વધે છે તેમ તેમ તેમની સ્મૃતિ વધુ તેજસ્વી બને છે અને બુદ્ધિ પણ વિકસિત થતી જાય છે. આપણા માટે આ એક ભારે આશ્ચર્યનો વિષય છે.

પંડિતજીની સેવાઓ

પં. સુખલાલજીએ કરેલી અનેકવિધ સેવાઓનો અહિં વિગતવાર ઉલ્લેખ કરવાની મને જરૂર લાગતી નથી. બાપુના કહેવાથી તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા અને વર્ષો સુધી અનેક વિદ્યાર્થીઓને તેમણે તૈયાર કર્યા હતા. ડૉ. રાધાકૃષ્ણન્ જ્યારે બનારસ હિંદુ યુનિવર્સિટીના મુખ્ય સ્થાને હતા ત્યારે પંડિતજી પણ એ જ યુનિવર્સિટીમાં જૈન દર્શનનું અધ્યાપન કરાવતા હતા. ત્યાંથી નિવૃત્ત થયા બાદ થોડો સમય મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભવનમાં કામ કર્યું અને ત્યાર બાદ અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાસભા હસ્તક ચાલતા શ્રી ભોળાભાઈ જેસંગભાઈ વિદ્યાભવન સાથે તેઓ સંકળાયેલા છે. આમ તેમના તરફથી જ્ઞાનપ્રદાનનો પ્રવાહ સતત અખંડપણે કંઈ વર્ષોથી ચાલી રહ્યો છે.

કટુતામાં અમૃતાસ્વાદ

૧૬ વર્ષે આંખો ખોવા છતાં તેમનું જીવન અમૃતમય બન્યું, કટુ નહીં. બીજાનાં જીવનને પણ તેઓ અમૃતમય બનાવી રહ્યા છે, નાની નાની મુસીબતોથી આપણે ગભરાઈએ છીએ, જાતે દુઃખી થઇએ છીએ અને બીજાને દુઃખી કરીએ છીએ. તેમના જીવનમાંથી આપણે આ મુસીબતો સામે ઝઝૂમવાનું શીખી લઇએ તો તે સન્માન સમારંભની સાર્થકતા ગણાશે.

બને ઋષિઓ

જે સન્માન સમારંભમાં આપણે ભાગ લઇએ છીએ તે સન્માન સમારંભોમાં પધારીને સન્માન નિધિમાં એકઠી થયેલી રકમ આપવાનું અને પુસ્તક પ્રકાશન જાહેર કરવાનું કામ ડૉ. રાધાકૃષ્ણને સ્વીકાર્યું તે

બદલ આપણે તેમના ઋણી છીએ. એક ઋષિનું બીજા ઋષિ સન્માન કરે તે આપણા માટે ઘણા આનંદની વાત છે. તમારા સૌના વતી હું તેમનો આભાર માનું છું તેમજ તેમનું સ્વાગત કરું છું અને તમો સર્વનું પણ સ્વાગત કરું છું.

ભાઈ ઢેબરભાઈ ખાસ આ પ્રસંગે દિલ્હીથી આવ્યા. કાકા કાલેલકર પણ આ પ્રસંગે અહીં આવ્યા. તે માટે તે બન્નેનું પણ તમારા સૌ તરફથી હું સ્વાગત કરું છું.

સંદેશા વાચન

ત્યાર બાદ સન્માન સમિતિના એક મંત્રી અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન દર્શનના અધ્યાપક તરીકે પં. સુખલાલજીના નિવૃત્ત થયા બાદ તેમના સ્થાને કામ કરી રહેલા અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયાએ પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને પ્રાપ્ત થયેલા અનેક સંદેશાઓમાંથી નીચે મુજબના થોડા સંદેશાઓ વાંચી સંભળાવ્યા :–

ભારતના વડાપ્રધાન પં. જવાહરલાલ નેહરુ—"પં. સુખલાલજીની ૭૫ મી વર્ષગાંઠે, તેઓના સન્માન–સમારંભ પ્રસંગે, હું મારાં અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. એક મહાન વિદ્વાનનું આ રીતે બહુમાન થાય એ ખરેખર યોગ્ય જ છે." (અંગ્રેજી ઉપરથી)

પૂજ્ય વિનોબાજી—"પંડિત સુખલાલજીની વિદ્યા–સેવાને કારણે, કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે એમના સન્માનનો સમારંભ મુંબઇમાં થઈ રહ્યો છે, એ આનંદની વાત છે. તટસ્થ કે નિષ્પક્ષ બુદ્ધિ એ વિદ્યોપાસનાની સૂચક છે. આ ગુણ પંડિતજીમાં પૂર્ણ રૂપે જોવામાં આવે છે. મને આશા છે કે એ મહાન ગુણનો સ્પર્શ આપણ સૌને થશે." (હિંદી ઉપરથી)

પૂજ્ય કેદારનાથજી—"સન્માન્ય પંડિતજી પ્રત્યે મારા મનમાં ખૂબ સદ્‌ભાવ છે. ઘણાં વર્ષોથી અમારો સ્નેહસંબંધ છે. જનતાની તરફથી એમનો સત્કાર થાય છે એ ભારે હર્ષની વાત છે.....પંડિતજીને આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય અને એમની મારફત જનતાની સેવા થતી રહે એ જ પરમાત્માને પ્રાર્થના!"

ડૉ. સુનીતિકુમાર ચેટરજી—(પ્રમુખ, બંગાલ રાજ્યસભા કલકત્તા)—"પં. સુખલાલજી જેવા સુપ્રસિદ્ધ વિદ્વાનનું જનતા તરફથી બહુમાન કરવામાં આવે છે, એમાં મારી જાતને સંમિલિત કરવામાં હું મોટું માન સમજું છું. પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજી અત્યારના ભારતીય અગ્રગણ્ય વિદ્વાનોમાંના એક છે; અને એમના પરિચયમાં આવવાથી મને મોટો લહાવો મળ્યો છે એમ હું માનું છું. એમનું તલસ્પર્શી અને વિપુલ જ્ઞાન, કેવળ જૈન ધર્મ અને એની સાથે સંકળાયેલ સંસ્કૃતિનાં જ નહીં પરંતુ અન્ય ભારતીય ચિંતન અને સંસ્કૃતિનાં–બ્રાહ્મણ, બૌદ્ધ અને બીજા પ્રકારનાં–પ્રાચીન શાસ્ત્રોના સર્વ નિષ્ણાતો અને વિદ્વાનોનો સહજ આદર પામેલું છે. તેઓ આપણી વચ્ચે હોવાથી ભારતીય વિદ્વત્તા જાજ્વલ્યમાન બની છે. આપણે સહુ પ્રાર્થના કરીએ કે તેઓ લાંબું આયુષ્ય પામે. તેઓનું જ્ઞાન જેટલું ગંભીર છે તેટલું જ એમનું જીવન બાળક જેવું સરળ છે અને જીવનના કોઈ પણ ક્ષેત્રના જિજ્ઞાસુને મદદરૂપ થવા તેઓ એટલા જ તત્પર હોય છે. આ પ્રસંગે હું આ સુપ્રસિદ્ધ વિદ્વાનને મારી અંજલિ અને અંગત સન્માન અને બહુમાન અર્પું છું. જે સન્માનને યોગ્ય છે તેમનું જનતા તરફથી બહુમાન થાય એવી ગોઠવણ કરવા બદલ હું સમિતિને પણ અભિનંદન આપું છું." (અંગ્રેજી ઉપરથી)

ભારતના ગૃહપ્રધાન શ્રી ગોવિંદવલ્લભ પંત—"પંડિત સુખલાલજીની ૭૫ મી વર્ષગાંઠે મારી હાર્દિક શુભેચ્છાઓ."

(અંગ્રેજી ઉપરથી)

પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ—"તેઓ કેવળ આપણા ગૂજરાતનું જ નહીં, પણ ભારતનું એક અમૂલું રત્ન છે. એમના જીવનની પ્રક્રિયા જોઇને હું હંમેશાં મુગ્ધ થાઉં છું; અને જ્યારે જ્યારે એમને મળવાનું થાય છે, ત્યારે એમને મોઢે થોડી વાતો સાંભળીને ખૂબ સંતોષ અને આનંદ અનુભવું છું.

"છોતેર વર્ષ સુધી એમણે એમની શક્તિઓ મારફત સમાજની અને સાહિત્યની અનેરી સેવાઓ બજાવી છે. એની કદર થઈ રહી છે એ જોઈ મારું અંતર હસી ઊઠે છે. એવા મહાન વિદ્વાન પુરુષ વિષે મારા જેવો અભણ માણસ વિશેષ શું લખે? નમ્ર ભાવે આ પ્રસંગે હું એમને નમસ્કાર કરું છું."

શ્રી. વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ—(અમદાવાદ) "આ સન્માનનો સમારંભ શ્રી. રાધાકૃષ્ણનને પ્રમુખપદે ઉજવાય છે તે એક ગૌરવનો વિષય છે. હિન્દના વિરલ વિદ્વાનો પૈકી એકની કદર આપણે યત્‌કિંચિત્ કરી શકીએ એમાં કંઈ વિશેષ નથી. પંડિતજી પ્રત્યેનો મારો પૂજ્યભાવ પ્રગટ કરી, તેમની તથા આમંત્રિતોની ક્ષમા માંગી સમારંભને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું."

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ—"મહાન્ પંડિત પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજીના અભિનંદનમાં મનથી હાજર થઈને હું અતિશય આનંદ મેળવી રહ્યો છું. એમનું દર્શન દિવ્ય સારસ્વત તેજનું સાક્ષાત્ રૂપ છે. બ્રહ્મસરોવરમાં સ્નાન કરનાર વ્યક્તિની સ્થિતિ અને ભાષાના તેઓ પ્રતીક છે.....પંડિતજીએ હૃદયની વિશાળ ઉદારતાનો જે આદર્શ ઉપસ્થિત કર્યો છે તે એમનું સમગ્ર ભારત ઉપરનું ઋણ છે, અને એમના જ્ઞાનની સાથે આ ઔદાર્યને પણ આપણે પ્રણામ કરીએ છીએ."

(હિન્દી ઉપરથી)

શ્રી રાજેન્દ્ર ટી. વ્યાસ—(મંત્રી, નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ) "હિંદુસ્તાનના ૨૦ લાખ અંધો માટે સાચે જ એક અત્યંત ગર્વનો પ્રસંગ છે કે આજે એક અત્યંત વિશિષ્ટ અંધ વિદ્વાનનું, તેઓની વિદ્વત્તા અને જ્ઞાન માટે, સન્માન કરવામાં આવે છે અને તે પણ તેટલા જ મહાન અને સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા."

(અંગ્રેજી ઉપરથી)

બાકીના સંદેશાઓ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.

ત્યારબાદ પં. સુખલાલજી સન્માન સમિતિની વતી સમિતિના એક મંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સમિતિના કાર્યને લગતું સંક્ષિપ્ત નિવેદન રજુ કર્યું.


સન્માન સમિતિના કાર્યનું સંક્ષિપ્ત નિવેદન


જે સન્માન સમિતિના નિમંત્રણને માન આપીને ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે ભારતીય તત્ત્વજ્ઞાનના વિરલ વિદ્વાન પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીનું બહુમાન કરવા આપ સર્વે અહીં ઉપસ્થિત થયા છો તે સન્માન સમિતિની સ્થાપના કયા સંજોગોમાં થઈ અને તેણે આજ સુધીમાં કયું કયું કાર્ય કર્યું તેની ટૂંકી રૂપરેખા આપ સમક્ષ રજૂ કરવાની અમે રજા લઇએ છીએ.

સમિતિની સ્થાપના


પંડિત સુખલાલજી પોતાના વિદ્યાપરાયણ જીવનનાં ૭૫ વર્ષ તા. ૮–૧૨–૧૯૫૬ ના રોજ પૂરાં કરી ૭૬ મા વર્ષમાં પ્રવેશ કરવાના હતા તે પ્રસંગે અખિલ ભારતીય ધોરણે તેઓશ્રીનું સન્માન થાય એવી કાંઈ યોજના તૈયાર કરવાનો વિચાર પંડિતજી પ્રત્યે ઊંડો આદર ધરાવતા તેમના કેટલાક શિષ્યો મિત્રો અને પ્રશંસકોના દિલમાં સ્ફુર્યો. પંડિતજીને પોતાના ગુરુ કે વડીલ તરીકે માનતા અનેક ભાઇઓ દેશના જુદા જુદા વિભાગોમાં કામ કરી રહ્યા છે. તેમના પ્રત્યે અનેક શ્રીમાનો, રાષ્ટ્રસેવકો તેમજ સામાજિક કાર્યકરો ઊંડો આદર તેમજ પ્રેમ અનુભવે છે. તદુપરાંત ભારતીય દર્શનના ક્ષેત્રમાં કાર્ય કરતા અનેક વિદ્વાનો સાથે પંડિતજી સારો સંપર્ક ધરાવે છે. આવી વિશિષ્ટ અને પ્રશંસનીય વ્યક્તિ માટે સન્માનની કોઈ યોજના ઊભી કરવામાં આવે તેને અનેક દિશાઓમાંથી સારો સહકાર મળશે એવો અમારામાં વિશ્વાસ પેદા થયો. આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા અમદાવાદ તેમજ મુંબઇમાં કેટલીક અનિધિસરની સભાઓ થઇ. કલકત્તા, કાશી મદ્રાસ બાજુ વસતા તેમના મિત્રો સાથે પણ ચર્ચા થઇ. પરિણામે તા. ૪–૯–૫૫ ના રોજ અમદાવાદમાં "પંડિત સુખલાલજી સન્માન સમિતિ"ની વિધિસર સ્થાપના કરવામાં આવી. અને એ સમિતિએ નીચે મુજબની સન્માન યોજના નક્કી કરી.

તા. ૧૫-૬-૫૭ શનીવાર





ડૉ. રાધાકૃષ્ણન્ પધારે છે.







ડૉ. રાધાકૃષ્ણન્ પંડિતજીને 'દર્શન અને ચિંતન' અર્પણ કરે છે.

સ્નેહ સં

તા. ૧૬-૬-૫૭ રવિવાર







શ્રી. ભવરમલ સિંઘી પ્રવચન કરે છે.


ંભનાં દૃષ્યો


તા. ૧૫-૬-૫૭ શનીવાર





પંડિત સુખલાલજી પ્રવચન કરે છે.







બે ઋષિઓ ભેટે છે.

ાનાં દૃષ્યો

તા. ૧૬-૬-૫૭ રવિવાર





પંડિત સુખલાલજી અને મિત્રો.

સન્માન યોજના

(૧) અખિલ ભારતીય ધોરણે સન્માનનિધિ એકઠો કરવો.

(૨) આ નિધિમાંથી પંડિત સુખલાલજીના પ્રગટ, અપ્રગટ હિંદી તેમજ ગુજરાતી લેખો તેમજ ભાષણોનો સંગ્રહ તૈયાર કરી પ્રગટ કરવો.

(૩) સન્માનનિધિમાં ઓછામાં ઓછા રૂા. ૨૫ ની રકમ ભરનારને આ લેખસંગ્રહની એક નકલ ભેટ આપવી.

(૪) યથાસમય મુંબઈમાં પંડિતજી અંગે એક સન્માન સમારંભ યોજવો.

(૫) ઉપર જણાવેલ લેખસંગ્રહ, સન્માન સમિતિનો કાર્યવહીવટ અને સન્માન સમારંભમાં જે કાંઈ ખર્ચ થાય તે બાદ કરતાં જે રકમ વધે તે પંડિતજીને અર્પણ કરવી.

આ સન્માન સમિતિનું મુખ્ય કાર્યાલય અમદાવાદમાં રાખવામાં આવ્યું. અને તેના પ્રમુખસ્થાને લોકસભાના અધ્યક્ષ સ્વ. માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવલંકરની અને કાર્યાધ્યક્ષ તરીકે શ્રી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠની નીમણૂંક કરવામાં આવી. આ સન્માન સમિતિની મુંબઈ, કલકત્તા, મદ્રાસ, સૌરાષ્ટ્ર, જયપુર વગેરે સ્થળોએ શાખાઓ નિયુક્ત કરવામાં આવી. અને એ રીતે લગભગ ૨૫૦ સભ્યોની બનેલી એવી અખિલ ભારતીય સન્માન સમિતિની રચના કરવામાં આવી.

શ્રી દાદાસાહેબ માવલંકરનું અવસાન થતાં તેમના સ્થાને ભારત સરકારના વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાન માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈએ અમારી વિનંતિને માન આપી પ્રમુખપદ સ્વીકાર્યું. આ રીતે સન્માન સમિતિનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

સમિતિનું દ્વિવિધ કાર્ય

આ સમિતિનું કાર્ય બે પ્રકારનું હતું. એક લેખસંગ્રહ તૈયાર કરવાનું અને બીજું સન્માનનિધિ એકઠો કરવાનું. યોજનાના પ્રારંભમાં પંડિતજીને ૭૫ વર્ષ પુરા થતાં હોવાથી અમે લક્ષ્યાંક તરીકે રૂા. ૭૫૦૦૦ ની રકમ એકઠી કરવાનું વિચાર્યું હતું, અને તેમાંથી ૧૫૦૦–૧૬૦૦ પાનાનો લેખસંગ્રહ અને વહીવટ તેમજ સન્માન સમારંભના લગભગ રૂા. ૨૦૦૦૦ જતાં રૂા. ૫૫૦૦૦ ની રકમ પંડિતજીને આપી શકાશે, એવી અમારી કલ્પના હતી.

લેખસંગ્રહ આયોજન

લેખસંગ્રહ તૈયાર કરવા માટે પાંચ વિદ્વાનોનું એક સંપાદક મંડળ નીમવામાં આવ્યું હતું. લગભગ ૫૦ વર્ષના ગાળામાં પથરાયેલ અને વેરવિખેર પડેલા પ્રગટ અપ્રગટ લેખો તેમજ ભાષણોને એકઠા કરવા, સરખા કરવા અને વ્યવસ્થિત ગોઠવવા એ કાંઈ સાધારણ કામ નહોતું. તેમનું જેટલું લખાણ ગુજરાતી ભાષામાં હતું તેટલું જ વિપુલ લખાણ હિંદી ભાષામાં હતું. લગભગ બે વર્ષના અવિરત શ્રમના પરિણામે તૈયાર કરવામાં આવેલ લેખસંગ્રહના સંપુટને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલો છે. બે વિભાગ ગુજરાતીમાં છે, જેનાં કુલ પૃષ્ઠ ૧૬૬૮ છે, અને એક વિભાગ હિંદીમાં છે જેનાં કુલ પૃષ્ટ ૯૪૬ છે. આમ કુલ ૨૬૧૪ પાનાનો લેખસંપુટ તૈયાર કરવામાં આવ્યો છે. તેની ૨૦૦૦ નકલ છપાવવામાં આવી છે અને તેની પાછળ આશરે રૂા. ૨૬૦૦૦ નો ખર્ચ થયો છે. તેની કિંમત રૂા. ૨૧ રાખવામાં આવી છે. આ ગ્રંથસંપુટ આપણા આજના પ્રમુખશ્રીના હસ્તે પ્રગટ થયેલ જાહેર કરવામાં આવશે. પંડિતજીએ રચેલા વિવેચન ગ્રંથો તો અનેક છે. આ તો માત્ર તેમના આજ સુધીના લેખો તેમજ પ્રવચનોમાંથી જે કાંઈ ઉપલબ્ધ બન્યું તેનો આ સંગ્રહ છે.

સન્માન સમિતિનું આ લેખસંગ્રહ પ્રગટ કરવાનું કાર્ય ઘણું જ મહત્ત્વનું છે. આટલા મોટા ખર્ચે આ કાર્ય પાર પાડવું બીજી કોઈ વ્યક્તિ કે પ્રકાશન સંસ્થા માટે આજના સંયોગોમાં લગભગ અશક્ય જેવું હતું. સન્માન સમિતિએ આ રીતે પંડિતજીના બહુ-મૂલ્ય લખાણો એકત્રિત કરીને પ્રજાને અને વિદ્વાનોને કાયમનો લાભ આપ્યો છે.

સન્માનનિધિ

આ કાર્ય માટે સન્માનનિધિ એકઠો કરવાનું કાર્ય મુંબઈ, અમદાવાદ, કલકત્તા, સૌરાષ્ટ્ર જયપુર મદ્રાસ વગેરે સ્થળોએ ચાલી રહ્યું હતું. મુંબઈ શહેરનું વાતાવરણ પ્રારંભના મહીનાઓ દરમિયાન કાંઇક ડહોળાયેલું હતું, તેના પરિણામે નિધિ એકઠો કરવાની દિશાએ કેટલોક સમય કાર્ય થઇ શકયું નહિ. આ કારણે સન્માન સમારંભ યોજવામાં કેટલોક વિલંબ થયો છે. લેખસંગ્રહ પણ ધારી મુદ્દતમાં તૈયાર થઈ શકે એમ હતું નહિ. સન્માનનિધિ એકઠો કરવામાં અનેક પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડયો હતો. પણ ધીમે ધીમે એ રકમનો આંકડો વધતો ગયો. રૂા. ૭૫૦૦૦ નો લક્ષ્યાંક વટાવીને આગળ ચાલ્યા એટલે એક લાખનું સીમાચિહ્ન સર કરવાનો મનોરથ જાગ્યો. પણ રૂા. ૯૦૦૦૦ આગળ આવીને આ કામ અટકયું. આજથી પાંચ કે છ દિવસ પહેલાં એક મિત્રને મળવાનું બન્યું. લાખ સુધી પહોંચવાની મુરાદ હવે તો બર આવે એવી કોઇ આશા નથી એમ તેમને જણાવતાં તેમનું દિલ પ્રભાવિત બન્યું અને તેમણે બાકીની રકમ મેળવી આપવાની કુલ જવાબદારી પોતાના માથે લઈને સન્માન સમારંભ પ્રસંગે એક લાખની રકમ જાહેર કરી દેવા જણાવ્યું. પરિણામરૂપે આજે અમને જાહેર કરતાં આનંદ થાય છે કે અમારા સન્માનનિધિના ફાળામાં આજ સુધીમાં રૂા. ૧૦૧૦૦૦) ભરાયા છે, જેમાંથી રૂા. ૮૭૦૦૦) વસૂલ થયા છે, અને ઉપર જણાવેલ રૂા. ૧૦૦૦૦ ની રકમ અને બીજી રકમો મળીને રૂા. ૪૦૦૦) એમ કુલ રૂા. ૧૪૦૦૦) વસુલ થવા બાકી છે. વસુલ આવેલ રકમ રૂા. ૮૭૦૦૦ માંથી લેખસંગ્રહ માટે આશરે ૨૬૦૦૦) અને આજ સુધીના વહીવટ તથા સન્માન સમારંભ અંગે થયેલા અને થવાના ખર્ચનો અંદાજ રૂા. ૬૦૦૦ એમ કુલ મળીને રૂા. ૩૨૦૦૦ બાદ કરતાં બાકી રહેતી રકમ રૂા ૫૫૦૦૦ નો ચેક હાલ તુરત પંડિતજીને અમારી વતી અર્પણ કરવામાં આવનાર છે. આ નિધિમાં આઠ આનાથી માંડી રૂા. ૫૦૦૦ સુધીની રકમો અમોને મળી છે. શ્રીમંતો, વિદ્વાનો, મિત્રો પ્રશંસકો સૌએ દેશના ખુણે ખુણામાંથી પોતાનો યથાશકિત ફાળો આપી પંડિતજી પ્રત્યેની પોતાની માનની લાગણી પ્રકટ કરી છે.

લેખસંગ્રહની અમે જે ૨૦૦૦ નકલ છપાવી છે તેમાંથી દાતાઓને લગભગ ૮૦૦ નકલ આગળ ઉપર જણાવેલા ધોરણ મુજબ અમારે આપવાની છે. આ ઉપરાંત વિદ્વાનોને તેમજ સામયિક પત્રોને અમુક નકલો આપવાની રહેશે. લેખસંગ્રહ સન્માન નિધિમાંથી જ છપાવવામાં આવેલ હોઇને ઉપરના લેખસંગ્રહની સીલક રહેનાર આશરે હજાર નકલના વેચાણમાંથી જે કાંઈ નિષ્પન્ન થશે તે રકમ પંડિતજીને સુપ્રત કરવામાં આવશે.

આ રીતે રૂા. ૫૫૦૦૦ ની રકમ અમે તત્કાળ પંડિતજીને ચરણે ધરીએ છીએ અને વસુલ કરવાની રૂા. ૧૪૦૦૦ ની રકમ હવે પછી થોડા સમયમાં તેમને અમે પહોંચાડી શકીશું એવી આશા છે. અને તે ઉપરાંત લેખસંગ્રહોના વેચાણની રકમ પણ તેમને ક્રમશઃ મળવાની છે.

આભાર નિવેદન

અમારી સન્માન સમિતિના કાર્યનો આ ટૂંકો અહેવાલ છે. આ કાર્ય પાર પાડવામાં અનેક શકિતઓએ અને અનેક વ્યક્તિઓએ અમને ઘણા પ્રકારે સાથ આપ્યો છે. તે સાથ અને સહકાર વિના મૂળ લક્ષ્યાંકને પણ વટાવી જતી આવી સિદ્ધિ શકય થઈ ન હોત. આ માટે વ્યક્તિગત નિર્દેશ કર્યા સિવાય તે સર્વે શકિતઓનો અને વ્યક્તિઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આજના વિદ્યોપાસક, નિડર, ચિંતક અને મૌલિક વિચારક એવા આપણા સર્વના આદરપાત્ર પંડિતજીનું સન્માનકાર્ય આ રીતે સફળતાપૂર્વક પાર પડેલ નિહાળતાં અમે ઊંડી કૃતાર્થતા અનુભવીએ છીએ. અને પંડિતજીનું હવે પછીનું જીવન અનેકવિધ સેવાઓથી અંકિત બને અને તેમનું આરોગ્ય સુરક્ષિત રહે એવી ઊંડા દિલથી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન

ત્યાર બાદ પંડિતજીને સન્માનનિધિ અર્પણ કરવાની અને "દર્શન અને ચિન્તન" ને પ્રકાશિત જાહેર કરવાની ડૉ. રાધાકૃષ્ણનને વિનંતિ કરતાં કાકાસાહેબ કાલેલકરે જણાવ્યું કે:—

"ભારતમાં સ્વરાજની સ્થાપના માટે મહાત્માજીએ જ્યારે પ્રારંભ કર્યો ત્યારે કેવળ રાજનૈતિક રીતે જ નહીં પણ તેની સાથે સામાજિક અને સાંસ્કૃતિક રીતે પણ ભારત સમૃદ્ધ થાય તે માટે તેમણે પ્રયાસ હાથ ધર્યા હતા એ ઉદ્દેશથી ગૂજરાત વિદ્યાપીઠ અને એવી અનેક સંસ્થાઓની તેમણે સ્થાપના કરી હતી. બાપૂએ એ વખતે જે અનેક લોકોને એકઠા કર્યા હતા તેમાં દર્શનની બાજુ સમૃદ્ધ કરવા તેમણે પં. સુખલાલજીને પસંદ કર્યા હતા. પંડિત સુખલાલજીએ કામ શરૂ કર્યું ત્યારથી અત્યાર સુધી—૩૬—૩૫ વર્ષ સુધી—તેઓ એકાગ્રતાથી અને એકનિષ્ઠાથી પોતાનું કામ કરી રહ્યા છે. માત્ર વિદ્વત્તાથી નહીં પણ સત્યનિષ્ઠાને લીધે તેમના જીવનમાં એક જાતની તેજસ્વિતા આવી છે.

"ભારતીય તત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં જણાય છે કે, ગૌડપાદાચાર્ય અદ્વૈતના તો આચાર્ય હતા જ, પરંતુ એક સમન્વય—આચાર્ય પણ હતા. બધાં દર્શનોને સમન્વિત કરી એકતા સ્થાપિત કરવાનું કામ ગૌડપાદાચાર્યનું હતું. આ જ કાર્ય આધુનિક કાળમાં પં. સુખલાલજીએ કર્યું છે. તેઓ જૈન દર્શનના તો એક અજોડ આચાર્ય છે જ, પણ સાથે અન્ય દર્શનો ઉપર પણ તેઓ એટલું જ સ્વામિત્વ ધરાવે છે. વળી જૈન દર્શન વિષેનો કોઈ અભિનિવેશ તેમને કદિ સ્પર્શ્યો નથી, એટલું જ નહિ પણ, આજે તેમનાં લખાણો અને વ્યાખ્યાનો દ્વારા સર્વ દર્શનોનું એક સુન્દર પ્રેરક સમન્વિત ચિત્ર જોવા મળે છે.

"સ્વામી વિવેકાનંદ, કવિવર ટાગોર જેવી વિભૂતિઓ દ્વારા ભારતીય તત્વજ્ઞાનનો દુનિયાને ઠીક ઠીક પરિચય મળ્યો છે પણ આપણા તત્વજ્ઞાનની આજની દુનિયા ઉપર જો કોઇએ નક્કર છાપ પાડી હોય તો તે કાર્ય આજના આપણા અધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણને કર્યું છે. આ કાર્ય કરવામાં અંગ્રેજી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ તેમને ખૂબ કામ લાગ્યું છે. અંગ્રેજી આજે ચલણી નાણું છે, અંગ્રેજીમાં કરેલી સેવા ઝટઝટ ફૂટી નીકળે છે. પંડિતજીએ એ જ કાર્ય ભારતીય ભાષામાં—ગુજરાતી તેમ જ હિંદીમાં—કર્યું છે. અને તે કારણે તેમની સેવા એટલી જાણીતી નથી. પંડિતજીએ જે કાર્ય કર્યું છે તે માત્ર દર્શનશાસ્ત્રના નિષ્ણાત બન્યે થઈ નથી શકતું, સાથે સાથે સમાજશાસ્ત્ર, અર્થકારણ, રાજકારણ, ભાષાશાસ્ત્ર વગેરેનો પણ સારો પરિચય હોવો જોઇએ. પંડિતજીએ આ બધા વિષયોની દૃષ્ટિને દર્શનશાસ્ત્ર સાથે સાંકળી છે. આ બધાનું મૂળ શેમાં છે? ડો. રાધાકૃષ્ણનને પૂછશો તો તેઓ જવાબ આપશે કે સંસ્કૃતમાં. આ ભાષાના પાયા ઉપર પંડિતજીની સર્વ સાહિત્યસેવા નિર્માણ થઈ છે. આમ પુરાતન સાથે તેમનું ચિન્તન સુસંબધ્ધ છે અને એમ છતાં અદ્યતનતા તેમના ચિન્તન સાથે સુસંકલિત છે.

"આપણા દેશમાં એક વખત એવો હતો કે ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો દ્વારા અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈતનો સમન્વય કરે તે મહાન આચાર્ય લેખાતો. આપણા દેશમાં તો આ પ્રકારની વેદાન્ત—વિચારધારા ઉપરાંત જૈન વિચારધારા તથા બૌધ્ધ વિચારધારાનો પણ સ્રોત વહેતો રહ્યો છે. પાછળથી ખ્રીસ્તી અને ઇસ્લામ વિચારધારાના સ્રોતો પણ આપણા દેશમાં વહેતા થયા છે. આજે કેવળ વેદાન્તની શાખા પ્રશાખાઓનો સમન્વય કર્યે ચાલે તેમ નથી. આજે પ્રવાહિત બીજી અનેક વિચારધારાઓનો જે સમન્વય કરે અને દુનિયાને વિચાર—સંઘર્ષની અથડામણમાંથી બચાવે તે જ આજનો ખરો આચાર્ય લેખાશે. તે માત્ર દુનિયાનો આચાર્ય નહિ પણ દુનિયાનો તારક લેખાશે. આવા એક આચાર્ય આપણને પંડિત સુખલાલજીમાં મૂર્તિમન્ત થઇ રહ્યા છે.

"દુનિયાની આજ એવી દશા બેઠી છે કે જો આપણે સમન્વય સાધી શકયા તો જ જીવી શકીશું. રાજકીય, દાર્શનિક, સાંસ્કૃતિક—આ બધા સમન્વયની ચૂંચી દર્શનશાસ્ત્રમાં છે. અને એ કામ પં. સુખલાલજીએ ઉત્તમમાં ઉત્તમ કર્યું છે—હિંદી અને ગૂજરાતી મારફત અને તે કેવળ લખીને નહીં, પણ જીવનદ્વારા જીવીને. આ સેવા તે કાંઈ નાનીસૂની નથી. તેજસ્વિતા અને પ્રેમથી બધાને એકત્ર આણવાનો ભારે સમન્વય તેમણે કરેલ છે.

"આવા પ્રખર દર્શનશાસ્ત્રી સમાજસેવકનો સત્કાર કરતી વખતે આપણે ઇચ્છીએ કે તેઓ તેમ જ તેમનાથી પ્રેરણા પામેલા તેમના શિષ્યો—વિદ્યાર્થીઓ—આજની દુનિયામાં પ્રચલિત બનેલી ભિન્ન ભિન્ન વિચારસરણીઓ—ideologies—નો અભ્યાસ કરે અને તેમાં સમન્વય પેદા કરવા પ્રયત્ન કરે. આજે આ કાર્ય અતિ મહત્ત્વનું છે અને તે કરવાની પંડિતજી પુરી યોગ્યતા ધરાવે છે.

મેં પંડિતજીને 'ગાંધીયુગના દર્શનશાસ્ત્રી' તરીકે વર્ણવ્યા છે. તેમણે ગાંધીયુગમાં જન્મ લીધો છે એટલા માટે નહિ પણ ગાંધી દૃષ્ટિને જીવનમાં પૂરેપૂરી અપનાવી છે એટલા માટે તેમને હું 'ગાંધીયુગના દર્શનશાસ્ત્રી' તરીકે સંબોધું છું.

"એક યોગ્ય વ્યક્તિના હાથે અન્ય યોગ્ય વ્યક્તિનું બહુમાન થાય એવો આપણને સ્વાભાવિક લોભ હોય છે. સન્માનનો આ ઉત્સવ મોડો ભલે થયો, પણ ડૉ. રાધાકૃષ્ણનને આપણે આ કાર્ય માટે મેળવી શકયા એ આપણું મોટું સદ્‌ભાગ્ય છે. હવે તેમને મારી નમ્ર વિનંતી છે કે તેઓ આ પેટી કે જેમાં રૂા. ૫૫૦૦૦ નો ચેક સન્માનસમિતિ તરફથી મૂકવામાં આવ્યો છે તે પેટી પંડિત સુખલાલજીને અર્પણ કરે અને તેમના લેખો તેમ જ વ્યાખ્યાનોનો સંગ્રહ "દર્શન અને ચિન્તન" જે આપણી સામે પડેલ છે તે ગ્રંથસંપૂટને તેઓ પ્રકાશિત જાહેર કરે."

ત્યાર બાદ સન્માનનિધિ ધરાવતી એક નાની સરખી પેટી ડૉ. રાધાકૃષ્ણને પંડિત સુખલાલજીને સભાજનોના હર્ષનાદ વચ્ચે અર્પણ કરી, સામે પડેલા સુન્દર કોતરકામવાળા સાપડા ઉપર રૂમાલમાં બાંધેલા ગ્રંથસંપૂટને ખોલીને તેમણે પ્રકાશિત જાહેર કર્યો, અને એ ગ્રંથસંપૂટ પણ પંડિતજીને તેમણે ભેટ ધર્યો. અને ત્યાર બાદ ડૉ. રાધાકૃષ્ણને પંડિતજીને પુષ્પહાર પહેરાવ્યો અને એ પુષ્પહારનો સ્વીકાર કરવા માટે ઉભા થયેલા પંડિતજીને ડૉ. રાધાકૃષ્ણન ભેટી પડયા અને આ અપૂર્વ દૃશ્ય સભાજનો હર્ષોન્મત્ત બનીને નિહાળી રહ્યા અને તાળીઓના ચાલુ ગડગડાટથી આખો હોલ ગાજી રહ્યો

ડૉ. રાધાકૃષ્ણનનું પ્રવચન

ત્યાર બાદ અધ્યક્ષસ્થાન—વિરાજિત ડૉ. રાધાકૃષ્ણનની વિચારપૂત વાણીનો પ્રવાહ વહેવો શરૂ થયો. ઉપસ્થિત જનસમાજને ઉદ્દેશીને તેમણે જણાવ્યું કે:—

પંડિત સુખલાલજી અને મિત્રો

આ આનંદદાયી મંગળ પ્રસંગમાં ભાગ લેવા માટે મને નોતરીને આપની સન્માન સમિતિએ મારૂં બહુમાન કર્યું છે. આજે જે પ્રકારનું સન્માનપ્રદાન યોજાયું છે તેવું સન્માનપ્રદાન સાધારણ રીતે રાજકારણી નેતાઓનું કરવામાં આવે છે. એવા ભાગ્યે જ અવસરો નિર્માણ થાય છે કે જ્યારે આવું સન્માન કરવા માટે કોઈ એક વિદ્વાન યા તો પંડિતની પસંદગી કરવામાં આવે છે. પણ આપણે યાદ રાખવું ઘટે છે કે તત્વજ્ઞાને અને ધર્મે આપણા ઇતિહાસની હંમેશા પ્રેરક અને પ્રકાશક શકિતઓ તરીકે કાર્ય કર્યું છે. અને જેઓ તાત્વિક અને ધાર્મિક વિકાસમાં ફાળો આપી રહ્યા છે તેઓ આ દેશના આત્માને જીવન્ત રાખવાનું અત્યન્ત મહત્ત્વનું કાર્ય કરી રહ્યા છે. આમ હોવાથી આ સન્માનસમિતિએ આજે સાંજે પંડિત સુખલાલજીનું આવા મોટા પાયા ઉપર સન્માન કરવાનું આયોજન કર્યું છે અને તેમના સાથી વિદ્વાન પંડિતોને જ માત્ર નહિ પણ વિશાળ સમાજને પંડિતજી પ્રત્યેનો આદર તેમ જ શુભેચ્છાઓ વ્યકત કરવાની તક મળે તેવી ગોઠવણ કરી છે તે ખરેખર સુખદ અને આવકારદાયક છે.

પંડિતજીને જોતાં મને પેલો કઠોપનિષદનો મંત્ર આવૃત્તચક્ષુર અમૃતમિચ્છન્ યાદ આવે છે. જેની બાહ્ય ચક્ષુ બંધ થઇ છે અને અમૃ-

તત્વને ધરચ્છે છે, અને એ મંત્રની આગળનું પાદ છે પ્રત્યગાત્માનમૈક્ષત્ જેનો અર્થ એમ થાય છે કે એવા પુરૂષે પ્રત્યક્ષ આત્માને–ચેતના પુરૂષને–જોયેા છે. આ મંત્રનેા ભાવ આજના આપણા આદરપાત્ર પં. સુખલાલજીમાં મને મૂર્તિમન્ત થતેા ભાસે છે.

મહાપુરૂષેાના ચરિત્રેાનું મનન ચિન્તન કરવાથી આપણા પાપેાનેા ક્ષય થાય છે. અહિંસા આપણી સામે એવા જ એક મહાપુરૂષ–શિક્ષા-ગુરૂ છે. તેમણે વિદ્યાની ઉપાસનાને આખું જીવન અર્પણ કર્યું છે તે કારણે, સત્યની એકધારી નિષ્ઠા અને આરાધનાના કારણે, એટલું જ નહિ પણ, જે અંગવિકળતાના તેઓ કંઇ વર્ષોથી ભેાગ બન્યા છે તે અંગવિકળતા ઉપર પણ તેમણે પ્રભુત્વ પ્રસ્થાપિત કર્યું છે તે કારણે, તેઓ ખરેખર મહાન છે. આમ કુદરતે ફેંકેલા પડકારનેા સામનેા કરવેા અને તેનેા પરાભવ કરવેા એ સામાન્ય માણસેા માટે કંઇ સહેલું કામ નથી જ્યારે એક ઇન્દ્રિયની ક્ષતિ થાય છે ત્યારે આપણામાં રહેલી બીજી શકિતઓ ખીલી ઉઠે છે. જેમનામાં આ પ્રકારની ક્ષતિ હેાય છે તેમનામાં ઘણી વખત અસાધારણ બૌધ્ધિક તેમ જ અધ્યાત્મિક શકિતઓ જાગૃત થાય છે અને ફાલે ફુલે છે. પંડિતજી આજીવન બ્રહ્મચારી છે. તેઓ જ્ઞાનયેાગની સાધના કરી રહ્યા છે. કેાઈ વ્યકિત ખરેખર સંન્યાસી છે કે નથી તેનેા નિર્ણય તેના વેશ ઉપરથી નહિ, પણ તેના મનની ગુણવત્તા ઉપરથી થઇ શકે છે જે માણસ આસકિતથી પર છે તેનું ઘર એ જ એક આશ્રમ બની જાય છે. પંડિત સુખલાલજી જેવી વ્યકિતઓ જેમણે સ્વાર્પણયુકત, જ્ઞાનનિષ્ઠાપરાયણ જીવન જીવી બતાવ્યું છે તેમને જ સાચા સંન્યાસી તરીકે લેખવા જોઇએ. પંડિતજી આ રીતે એક ખરા સંન્યાસી છે

આજે જ્યારે દુનિયા આન્તરિક સંઘર્ષોથી ખંડિત થઇ રહી છે અને દુનિયાને એકત્ર રાખનાર આત્મતત્ત્વ જ્યારે છિન્ન ભિન્ન થઇ રહેલું માલુમ પડે છે ત્યારે વિચાર કરતાં જણાય છે કે એવું કાંઇક છે જે આપણા દેશમાં કે દુનિયામાં વસતા લેાકેા પાસે નથી અથવા તેા જો હતું તેા તે ગુમાવી બેઠા છે. આપણે આજે એક ઠંડા યુદ્ધના વાતાવરણથી ઘેરાયલા છીએ. એ ઠંડું યુદ્ધ એવું છે કે જેમાં દરેક પક્ષકાર એમ માને છે કે પેાતે જ માત્ર સાચેા છે અને પૂરેપૂરેા સાચેા છે. આ દુનિયામાં ધર્મના કારણે અનેક વિગ્રહેા મંડાયા છે અને આ વિગ્રહેામાં ભાગ લેનાર દરેક પક્ષ નિશ્ચિતપણે અને સતત રીતે એમ માનતેા આવ્યેા છે કે પેાતે જ ઇશ્વરની ઇચ્છાનેા અમલ કરી રહ્યો છે. જ્યાં સુધી આવા પ્રકારનું વિચારગત ગાંડપણ–વૈચારિક ઘેલછા–ચાલ્યા કરશે ત્યાં સુધી આપણાં મૂલ્યેા અને આપણા સ્વાર્થો ધુંચાતાં તેમ જ અથડાતાં જ રહેશે.

માનવીનેા અનુભવ વૈવિધ્યથી ભરેલેા છે; તેમાં અપાર સમૃદ્ધિ છે અને સમવિષમ તત્વેાથી તે સંકલિત છે. સત્યની અનેક બાજુઓ હેાય છે, જેમાંની કેાઈ એક બાજુનું દર્શન આપણા માટે શકય બને છે, પણ તે આપણા મર્યાદિત દર્શનને સત્યના સમગ્ર દર્શન તરીકે લેખવું ન ઘટે. પ્રત્યેક વિચાર યા ખ્યાલ પાછળ સત્યપ્રાપ્તિનેા માનવી–પ્રયત્ન રહેલેા હેાય છે. આપણે આપણી તાત્વિક વિચારસરણીને 'દર્શન' શબ્દથી ઓળખીએ છીએ. દર્શન એટલે એક પ્રકારનું દૃષ્ટિબિંદુ. જો આપણે સત્યના આ સ્વરૂપને સ્વીકારીશું તેા આપણે અન્યના વિચારેા વિષે સહિષ્ણુ થઇશું, એટલું જ નહિ પણ, અન્યના દૃષ્ટિબિન્દુઓની–દૃષ્ટિકોણની–યેાગ્ય કદર કરવાની આપણામાં વૃત્તિ અને શકિત પેદા થશે, અને આપણામાં કદિ અહંકાર કે આત્મીય વિચારેાનું ઘમંડ પેદા નહિ થાય. જૈન દર્શનમાં પ્રરૂપવામાં આવેલા અનેકાન્તના સિદ્ધાન્તનું આ હાર્દ છે. ઇશ્વર અનન્ત છે અને તેનેા પાર પામવેા અશકય છે–આ તત્વ આપણે જો સ્વીકારીશું તેા આપણે કદિ પરસ્પર ઝગડીશું નહિ.

જૈન ધર્મના પાયાનેા સિદ્ધાન્ત અહિંસા તેનેા પણ આપણે વિચાર કરીએ. એ અહિંસાવિચારને જૈનધર્મમાં સર્વ ભૂત માત્ર સુધી વિસ્તારવામાં આવેલ છે અહિંસા એટલે દ્વેષનેા ત્યાગ હિંસાથી શરીરને ઇજા થાય છે; દ્વેષથી આત્માને ઇજા થાય છે. આમ હેાવાથી આપણે દ્વેષનેા શકય તેટલેા ત્યાગ કરવેા જોઇએ. જીવન્ત સર્વ પ્રાણી-ઓનેા પેાતાના ક્ષેત્રમાં સમાવેશ કરવેા એવી અહિંસાની અપેક્ષા છે દુનિયાની જુદી જુદી પ્રજાઓ વચ્ચે તરેહ તરેહની દીવાલેા ઉભી કરવામાં આવી છે. એના પરિણામે આપણામાં ભેદબુદ્ધિ પેદા થઈ છે અને આપણા માનસનું અધઃપતન થયું છે.

આ દુનિયામાં એવું શું છે કે જેની આપણે ઉણપ અનુભવી રહ્યા છીએ ? ઉદાત્ત અને સાચા આદર્શોને અમલમાં મુકવા માટે જરૂરી નિશ્ચયબળ તેની આપણામાં ભારે ઉણપ દેખાય છે વ્યકિતનું વર્તન-ચારિત્ર્ય–એ જ આખરે વધારે મહત્ત્વની વસ્તુ છે. આજે આપણે શું કરી રહ્યા છીએ ? આપણા દેશમાં આજે આપણે મેાટા મેાટા આદર્શો અને સિદ્ધાન્તેાની ઘેાષણાઓ કરી રહ્યા છીએ. પણ આપણા વર્તનેા–આચરણેાનેા જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે માલુમ પડે છે કે જે આદર્શો અને સિદ્ધાન્તેાની ઘર ઘરના છાપરા ઉપરથી આપણે ઘુમેા પાડી રહ્યા છીએ તે આદર્શો અને સિદ્ધાન્તેાથી ચ્યુત–વંચિત–એવું જીવન આપણે જીવી રહ્યા છીએ..

આજે આપણે હાઇડ્રોજન બેાંબના આઘાત પ્રત્યાઘાતેા વિષે ગંભીર અહેવાલેા અને અભિપ્રાયેા સાંભળી રહ્યા છીએ. આ સામે જાપાન તેમ દુનિયાના ઇતર વિભાગેામાંથી મેાટેા પેાકાર ઉઠી રહ્યો છે. આ એક વિનાશનું સાધન છે–નૈતિક તેમ જ ભૌતિક–ઉભય રીતે અત્યન્ત વિનાશક સાધન છે એ વિષે બે મત છે જ નહિ. જે જીવન-તત્વેાનેા આપણે ઉપયેાગ કરી રહ્યા છીએ–જે હવા આપણે શ્વાસ મારફત લઈ રહ્યા છીએ, જે પાણી આપણે પી રહ્યા છીએ, જે ખેારાક આપણે ખાઇ રહ્યા છીએ તે સર્વ આ અણુબેાંબના સતત પ્રયેાગેાને લીધે દૂષિત થઇ રહેલ છે એ હકીકતનેા કેાઇ ઇનકાર કરી શકે તે છે જ નહિ. જીવનનું ધારણ કરતા સર્વ તત્વેા આ રીતે ઝેરી બની રહ્યા છે. જીવતા અને હવે પછી જન્મનારા સર્વ પ્રાણીઓ માટે આ એક મેાટામાં મેાટું ભયસ્થાન ઉભું થયું છે. આ આપણ સર્વ જાણીએ છીએ અને એમ છતાં આ દુનિયામાં એવા રાજદ્વારી પુરૂષેા છે કે જેઓ એમ માને છે કે આમ કરવાથી જ ભાવી યુદ્ધની અટકાયત થઈ શકશે અને જણાવે છે કે સહીસલામતી અને સુરક્ષિતતા ટકાવી રાખવા માટે અણુબેાંબના પ્રયેાગેા આવશ્યક છે. શું આજે માનવજાત પેાતાનેા નાશ કરવા ઉદ્યુક્ત થયેલ છે ? તેણે પેાતાનેા ધ્વંસ કરવા માટે જ શું આ દુનિયામાં જન્મ લીધેા છે ? જીવનનેા એક નવેા રાહ શરૂ કરવાનેા–સમય શું પાકી ચુકયેા નથી કે જે રાહનું અવલંબન લઇને દુનિયાના પ્રજાજનેા દ્વેષ, લેાભ અને અનર્થપરિણામી મહત્વાકાંક્ષાઓથી મુકત બનીને જીવી શકે ? આજના કાળનેા આપણ સર્વને આ પડકાર છે. સહીસલામતીની સુરીયાણી વાતેા વડે આપણા અન્તઃકરણને જડ–મૃતપ્રાય–બનવા દેવું ન જોઇએ. દાખલા તરીકે ખ્રીસ્તી ધર્મનાં સિદ્ધાન્તનેા વિચાર કરેા. 'ક્રોસ' એટલે શું તેનેા વિચાર કરેા. ભૌતિક પરાજય અને આધ્યાત્મિક વિજય એવેા એક ઘટનાનું ક્રોસ પ્રતિક છે. આપણું ભૌતિક અસ્તિત્વ સુરક્ષિત રાખવા માટે આપણા આધ્યાત્મિક અસ્તિત્વને આપણે ફગાવી દેવા તૈયાર થયા છીએ. આપણે આજની દુન્યવી પરિસ્થિતિના આ પડકારનેા ઉત્તર વાળીએ અને જેને જીવનનેા નવેા રાહ કહી શકાય તેનેા પ્રારંભ કરવા આપણે કટિબધ્ધ થઇએ.

આપણે પંચશીલની વાતેા કરીએ છીએ. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં તેનેા શું અર્થ છે ? તે શું કરી શકે તેમ છે ? જો માનવીની પ્રકૃતિનું ઉર્ધ્વીકરણ કરવામાં નહિ આવે, જો તેની ગુણવત્તામાં પરિવર્તન કરવામાં નહિ આવે, તેા પંચશીલની ખાલી વાતેાની દુનિયા ઉપર કંઇ અસર પડવાની નથી. આમ હેાવાથી આપણી પેાતાની જાતનું મૌલિક પરિવર્તન કરવું એ અત્યન્ત જરૂરી છે આપણા પેાતાના દેશમાં આપણે વેદના અને યાતનાના યુગમાંથી પસાર થઇ રહ્યા છીએ આપણી આર્થિક પરિસ્થિતિ ડામાડેાળ થઇ રહી છે. આપણા ઘટતા જતા સ્ટર્લીંગ બેલેન્સીઝ આપણને ચિન્તાવ્યાકુલ બનાવી રહેલ છે. આવા વખતે આપણને પ્રમાણીકતાની–સત્યનિષ્ઠાની–આત્યન્તિક

અપેક્ષા છે. જાહેર ફંડોના ઉપયોગ સંબંધે આપણે સત્યનિષ્ઠ બનવાની જરૂર છે. જાહેર ફંડોની આપણી પોતાની મુડી માફક સંભાળ લેતા થવું જોઇએ. એનો લેશ માત્ર દુરૂપયોગ ન થાય એ બાબતની આપણે પૂરી ચીવટ કેળવવી જોઇએ.

આમ સમગ્ર રીતે વિચારતાં એ અત્યન્ત આવશ્યક છે કે આપણા લોકદળો જેમને જેમ વાળો તેમ વાળી શકાય તેમ છે તેમને યોગ્ય આકારમાં આપણે ઢાળવા જોઇએ. મને કોઇ શક નથી કે જો આપણે લોકોને સાચી દોરવણી આપીશું તો આપણા દેશના રૂપરંગમાં ભારે પરિવર્તન સાધી શકીશું. ગાંધીજી જે મનમાં વિચારતા હતા તે કહેતા હતા અને જે કહેતા હતા તે મુજબ આચરતા હતા. હું આજની કંઢગી સ્થિતિને ચારિત્ર્યની કટોકટી–Crisis of Character–તરીકે ઓળખાવું છું, જાહેર કરું છું.

આપણે આજે એવા એક આત્માનું અભિવાદન કરી રહ્યા છીએ કે જેમણે ગાંધીજીએ શિખવેલા સત્યાગ્રહ અને અહિંસાના આદર્શોના સતત સાન્નિધ્યમાં જીવન વ્યતીત કર્યું છે. આમ કરતાં મને ખૂબ આનંદ થાય છે. પંડિત સુખલાલજી કે જેમને બનારસ હિંદુ યુનિવર્સિટીના અધ્યાપક તરીકે વર્ષોથી હું ઓળખું છું તેઓ ઉત્કૃષ્ટકોટિનું દીર્ઘ આયુષ્ય ભોગવે અને જેમાંથી અનેક શાખા પ્રશાખાઓ ફુટે એવું એક બીજ રોપે, એવી એક મુદ્રા કાળપટ ઉપર અંકિત કરી જાય એવી તેમના વિષે શુભેચ્છાઓ દાખવતાં હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું.

પંડિત સુખલાલજીનો પ્રત્યુત્તર

ત્યાર બાદ તેમના કરવામાં આવેલ સન્માનના ઉત્તર રૂપે પં. સુખલાલજીએ નીચે મુજબ પ્રવચન કર્યું:—

અધ્યક્ષવર ડૉ. રાધાકૃષ્ણન અને મિત્રો !

"શરૂઆતમાં જ એક કૂર્મકથા કહેવા ધારું છું કે જે આ સારસ્વત પ્રકાશાનન્દના ઉત્સવમાં ભાગીદાર થવાની મને મળેલી તક અને મારી દૃષ્ટિએ તેનું સ્થાયી મૂલ્યાંકન સમજવામાં ઉપયોગી થાય તેવી છે. જૈન શાસ્ત્રમાં માનજીવનની દુર્લભતા સમજાવવા માટે દશ દૃષ્ટાન્તો મળે છે. તેમાં એક કૂર્મનું દૃષ્ટાન્ત છે. કૂર્મ એટલે કાચબો. તદ્દન સાંકડા અને બહુ ઊંડા એવા એક કૂવામાં એક કાચબો રહેતો હતો. પાણીની સપાટી ઉપર એટલી બધી ઘટ્ટ શેવાળ જામેલી કે તેમાં કયારેય પ્રકાશ પ્રવેશી શકતો નહિ. એકવાર પવનના અણધાર્યા વેગથી શેવાળના એ ઘરમાં નાનું ગાબડું પડયું સંયોગવશ તે જ ક્ષણે પેલા કચ્છપનું મુખ પણ એ ગાબડા ભણી હતું. તેથી એણે જન્મમાં કદી નહિ જોયેલ ચન્દ્રનો શીતલ સૌમ્ય પ્રકાશ જોયો. હર્ષઘેલો બની એ પોતાના પરિવારને પણ તે પ્રકાશાનન્દના ભાગીદાર બનાવવા માટે ઉપર લઇ આવવા તળિયે ગયો. પાછો આવે છે ત્યાં તો પવનના ઝપાટે એ ગાબડું પુરાઇ ગયું. અને પરિવારસહ એ કચ્છપ નિરાશ થયો.

"ડૉ રાધાકૃષ્ણન, કાકા કાલેલકર, આચાર્ય જિનવિજયજી શ્રી મોરારજીભાઇ અને કોંગ્રેસપ્રમુખ શ્રી ઢેબરભાઇ જેવા અનેક સરસ્વતી-પુત્રો તેમ જ સરસ્વતી–ભક્તો ઉપસ્થિત થઇ જ્યાં સારસ્વત પ્રકાશની ઉપાસના કરવાના હોય ત્યાં ઉપસ્થિત થવા મને કહેવામાં આવ્યું. એ અન્વયે અદર્શનના ગાઢ આવરણ તળે દબાયેલો છતાં હું અહીં ઉપસ્થિત થયો. જો કે હું અત્યારે ચોમેર સૌ સારસ્વત–ભક્તોના ચહેરા ઉપર દૃશ્ય થઇ શકે એવા શીતલ સૌમ્ય પ્રકાશને ચિર–આવરણને લીધે જોઇ નથી શકતો, છતાં એની શીતલ સૌરભનો તો બીજી રીતે અનુભવ કરી જ રહ્યો છું; એટલું જ નહિ, પણ ડૉ. રાધાકૃષ્ણન વગેરેએ જે સારસ્વત વાણીપ્રવાહ વહેવડાવ્યો તેનો આનન્દ તો સાક્ષાત્ અનુભવી પણ રહ્યો છું. આ રીતે પેલા કૂર્મને તો પ્રકાશ જોવાની તક મળી–ન મળી–થઇ ગઇ હતી અને એના પરિવારને તો તક મળી જ નહોતી, જ્યારે મને તો એવી તક મળી અને તે પણ ચિરસ્થાયી, અચળ બની. મને આવી તક પૂરી પાડનાર જે સહૃદય વર્ગ* છે, તે પોતે જ સારસ્વત ઉપાસનાના સ્થાયી આનંદને માણનાર છે, અને અલ્પ એવા પણ સરસ્વતીસેવી જે પરિવાર વચ્ચે હું જીવી રહ્યો છું તે તો સારસ્વત–પ્રકાશના આનંદને અવિચલપણે માણી જ રહ્યો છે. તેથી એવા આનંદની ભાગીદારીનું મારે મન શાશ્વત મૂલ્ય છે.

"સમિતિ મારફત કરવામાં આવનાર સત્કારનો સ્વીકાર કરવાનો મેં જ્યારે મન સાથે નિર્ણય કર્યો ત્યારે મારી જે દૃષ્ટિ હતી, તે પ્રથમ દર્શાવવી યોગ્ય લાગે છે. મારા જેવા નેત્ર–પરતંત્ર અને પરાશ્રિત સંખ્યાબંધ ભાઇ બહેનો આ દેશમાં છે. તેમાંથી કેટલાકની સ્થિતિ તો અનેક બાબતોમાં મારા કરતાં ય અનેકગણી સારી પણ હશે. એવાં સારી સ્થિતિવાળાં ભાઇ–બહેનોને માગી–મુલાકાત આપવામાં પણ ધનિકો, વિદ્વાનો, તેમજ અધિકારીઓને મોટે ભાગે ખમચાતા અને કાંઇક લાઘવ અનુભવતા મેં જોયા–જાણ્યા છે, જ્યારે મારી બાબતમાં દૃશ્ય આથી ઊલટું છે. એવી વિશિષ્ટ વ્યક્તિઓ પણ જ્યારે મને સત્કારવામાં રસ લે, ત્યારે એનું કારણ શું એ વિચાર મને આવ્યો અને મેં સત્કાર સમારંભમાં ભાગ લેવાનો તેમ જ સત્કાર સ્વીકારવાનો ક્ષણ માત્રમાં મન સાથે નિર્ણય કરી લીધો.

"મેં વિવેકથી તદ્દન સ્પષ્ટપણે જોઇ લીધું કે, અંતે આ સત્કાર મારા સ્થૂળ–વ્યક્તિત્વ કે બાહ્ય આવરણનો નથી, પણ એ કોઇ બીજી વસ્તુનો જ છે. એ વસ્તુ એટલે વિદ્યોપાસના અને તેને લગતો પુરુષાર્થ. આ વસ્તુ ભલે અલ્પાંશે મારામાં વ્યક્ત થયેલી હોય, પણ અંતે તો એ વસ્તુ વૈયક્તિક નહીં, પણ સર્વસાધારણ છે. જ્યાં જ્યાં માનવ–ચેતના છે ત્યાં ત્યાં સર્વત્ર એ વસ્તુ વહેલી મોડી, અલ્પાંશે કે મહદ્ અંશે, એક રીતે કે બીજી રીતે આવિર્ભાવ પામવાની જ. આ જ વસ્તુ ચૈતન્યના અસ્તિત્વની સાબિતી છે. જ્યાં ચેતના હશે ત્યાં જિજ્ઞાસા અને તેનાથી ઉદ્ભવતો સંકલ્પ યા પુરુષાર્થ હોવાનો જ. જો કોઇ વિદ્યોપાસના અને પુરુષાર્થનો સત્કાર કરે તો એને અંગત સત્કાર શા માટે માનવો ? એમાં અહંત્વ શા માટે પોષવું ? ઊલટું જેમ સત્કાર-નારા તટસ્થ દૃષ્ટિએ ભાગ લે છે, તેમ સત્કાર પામનારે પણ એ સત્કારને બ્રાહ્મી–સરસ્વતીનો સત્કાર માની તેમાં ભાગ શા માટે ન લેવો ? આ અને આના જેવા વિચારોએ બુદ્ધિમાં તટસ્થતા જન્માવી અને મને હળવો ફૂલ કરી નાખ્યો.

"સત્કાર સ્વીકારવાના નિર્ણયની પ્રેરક એક પ્રાસંગિક બીજી દૃષ્ટિ પણ હતી. મને થયું કે જો સત્કાર સમિતિ એ પ્રસંગે મારાં જ લખાણો પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે તો મારે માટે આ એક કસોટી છે. એ લખાણો કેટલાંય વર્ષો થયાં ચાલુ રહ્યાં છે અને અનેક લોકો એને વાંચતા પણ રહ્યા છે. આ પ્રસંગે મને એ જોવાની તક મળશે કે એકંદર મારાં લખાણો અને મારા વિચારો પ્રત્યે વાચક-માનસ કેવું છે? જો થોડા પણ સમજુ માણસો મારાં એ લખાણોને ઉપયોગી સમજતા હશે અથવા તેમાં કોઇ મહત્તા રખાલના જોતાં નહીં હોય, તો મારે એમ માનવું રહ્યું કે હું એકંદર શાસ્ત્રપરિશીલનને રસ્તે જે કાંઇ કરતો આવ્યો છું તે હેય તો નથી જ. હું પોતે વિચારું કે લખું છું યા શાસ્ત્ર–પરિશીલન કરું છું ત્યારે મનને સમ રાખવા બને તેટલો વધારેમાં વધારે પ્રયત્ન કરું છું. જો મારો આ પ્રયત્ન સમજુ વાચકોના ધ્યાનમાં આવ્યો હોય તો મારે માટે હવે પછી એ જ દિશામાં વિશેષ પ્રયત્ન કરવાનું અને વધારે ઊર્ધ્વગામી બનવાનું જ કામ બાકી રહે છે. આ વિચારે પણ મને સત્કાર–સ્વીકારની કસોટીએ ચડાવ્યો છે.

"મને જે રકમ સદ્ભાવશીલ મિત્રો અને સ્નેહીઓ તરફથી આજે સુપ્રત કરવામાં આવી છે. તે રકમ માત્ર બ્રાહ્મી–સરસ્વતીને ચરણે ધરવામાં આવી છે એમ માનીને જ મેં એનો હાર્દિક સ્વીકાર કર્યો છે, અને તેથી ડૉ. રાધાકૃષ્ણનને જેટલી નિઃસ્પૃહતાથી એ રકમ મને આપી છે તે કરતાં વધુ નહિ તો છેવટે તેટલી જ નિઃસ્પૃહતાથી એ રકમ સારસ્વત–ચરણની ઉપાસના અર્થે હું ધરી દઉં છું.

"હવે જ્યારે રકમનો સ્વીકાર કર્યો તો એના સારસ્વત ઉપયોગ વિષે અત્યારે મારે કાંઇક તો સૂચન કરવું જ રહ્યું. વિગતે તો અધિકારી મિત્રો સાથે સમુચિત ચર્ચા–વિચારણા કરી તેના ઉપયોગના સ્વરૂપ

અને તેના અમલી માર્ગની રૂપરેખા વિષે યથાસંભવ જલદી નિશ્ચય કરી જણાવવામાં આવશે. આ રકમનું એક ટ્રસ્ટ કરવામાં આવશે. એ નાણાંનો ઉપયોગ ભારતીય સંસ્કૃતિના એક કે અનેક અંગોને લગતાં સાહિત્યનિર્માણ અને તેના પ્રકાશન તેમ જ અધ્યયન-અધ્યાપન જેવાં કાર્યોમાં થશે.

'વિદ્યોપાસના અને તેના સાધક પ્રયત્નને પરિણામે અત્યારે મારી જે વિચાર અને સંસ્કારની ભૂમિકા છે તેને સ્પષ્ટ કરવા હું થોડીક જરૂરી બાબતોનો નિર્દેશ કરવા ઇચ્છું છું, જેથી એ જ દિશામાં હવે પછી કામ કરવા ઇચ્છનારને કાંઈક માર્ગદર્શન મળી શકે.

"(૧) મારી અભ્યાસ-યાત્રાનાં મુખ્ય બે પાસાં છે; એક શાસ્ત્ર-પરિશીલન અને બીજું ધર્મચિંતન. શાસ્ત્રપરિશીલન શરૂ થયું તે તો તદ્દન સાંકડી ફિરકાદૃષ્ટિથી અને એવી જ સાંકડી ભૂમિકા ઉપર ધીરે ધીરે એ યાત્રા જન્મપ્રાપ્ત સંપ્રદાયને વટાવી ભારતીય પરંપરાના બીજા મુખ્ય મુખ્ય સંપ્રદાયો ભણી વળી. આ રીતે મુખ્ય મુખ્ય ભારતીય સંપ્રદાયોના યથાશક્તિ પરિશીલનમાંથી મને જે સત્ય જણાયું તે એ છે કે જુદા જુદા શાસ્ત્રસંપ્રદાયો અંતે સત્યની જ ઉપાસના કરવા માટે પ્રવૃત્ત થયા છે; તેથી તેમનામાં જે અંતર-ભેદ-વિરોધ જેવું દેખાય છે તે સંપ્રદાય-પ્રવર્તકોની ભૂમિકા-ભેદને લીધે તેમજ ઐતિહાસિક પરિસ્થિતિના તારતમ્યને લીધે. એક જ સંપ્રદાયના અવાંતર ફિરકાઓમાં પણ એવું અંતર કયાં નાનુસૂનું છે ? તેથી એ ભેદો અને વિરોધોને યથાવત્ સમજી લઈ, તેનાં કારણો ધ્યાનમાં રાખી, છેવટે એ બધામાં જે વ્યાપક સૂત્ર કે સત્ય હોય તે તારવી કાઢવું અને ભેદ કે વિરોધમૂલક બુદ્ધિને એવા વ્યાપક સત્યના ભાનથી સંસ્કારવી તેમજ ઉદાર અને સહિષ્ણુ બનાવવી. આ જ મારા મતે શાસ્ત્રીય સમન્વયનો ખરો અર્થ છે. એ સિવાય માનવતાની દૃષ્ટિના વિકાસનો બીજો શાસ્ત્રીય માર્ગ મને દેખાયો નથી

'(૨) ધર્મ એ બહુ નાજુક વસ્તુ છે. વાતવાતમાં ધર્મને નામે પણ માણસજાત અકળાઈ જાય છે અને ઘણીવાર અથડામણીમાં આવી મોટા મોટા અનર્થો પણ કરી બેસે છે. જ્યાં લગી માણસની દૃષ્ટિ માત્ર ધર્મના સ્થૂળ ને બાહ્ય કલેવર યા ખોખામાં જ રૂંધાયેલી હોય છે ત્યાં લગી એવી અનર્થપરંપરા અટકી ન શકે. ધર્મનું સ્વરૂપ સમુદ્ર જેવું અગાધ અને આકાશ જેવું અનંત છે. જેમ જેમ એના ઊંડાણમાં ઊતરીએ અને ઊર્ધ્વગામી બનીએ તેમ તેમ દૃષ્ટિ બાહ્ય કલેવરના એકાંગી મોહથી છૂટી થાય છે જ્યાં એકવાર ધર્મના તાત્ત્વિક અને આંતરિક સ્વરૂપનું દર્શન થયું ત્યાં એને ધર્મનો એકે પંથ અકળાવતો કે આકર્ષતો નથી. એ બધા ધર્મપંથોને માનવતાના વિકાસ-ક્રમની સૂચક અવસ્થાઓ તરીકે લેખી માનવઇતિહાસમાં એનું સ્થાન તે ગોઠવે છે, અને ધર્મની ઊંડી સમજણમાંથી પ્રાપ્ત થયેલ સમભાવ દ્વારા એ પંથોને વિકસાવવા કે વધારે ઉદાત્ત બનાવવા વિચારે છે અને પ્રયત્ન પણ કરે છે. આ જ મારે મન ધાર્મિક સમન્વયનું મુખ્ય હાર્દ છે. આવા સમન્વય વિના અસાંપ્રદાયિક રાષ્ટ્ર તેમજ વિશ્વનું નિર્માણ સંભવિત નથી. જોકે, મારા ધાર્મિક જીવનનો પ્રારંભ તો કેવળ એના બાહ્ય કલેવરથી શરૂ થયેલો, પણ અનેક, માનસિક અથડામણો પછી હું કાંઈક અંશે ધર્મના આંતરિક સ્વરૂપના દર્શન ભણી વળ્યો. એટલા અલ્પમાત્ર ભાથી પણ ધર્મને લગતી અથડામણો લગભગ ટળી. તેથી આજે હું મક્કમપણે માનું છું કે ખરા ધર્મજીજ્ઞાસુ અને તત્ત્વશોધકે કેવળ ધર્મોના બાહ્ય આવરણો, વ્યવહારો અને પ્રથાઓનાં જ અભ્યાસ તેમજ અનુસરણ માત્રમાં કૃતકૃત્યતા માની ન લેવી. જો એક વાર ધર્મના આંતરિક સ્વરૂપની સમજણ લાધી તો એની જીવનનૌકા સુરક્ષિત છે.

"શ્રી મોરારજીભાઇએ મારે માટે ઋષિ અને તપસ્વી જેવા શબ્દો ઉચ્ચાર્યા છે. હું એમની સદ્ભાવશીલ ગુણગ્રાહી દૃષ્ટિની કદર કરું છું, પણ એ સાથે હું મારી જાતનેય સીધી તપાસું છું. ભારતીય પરંપરામાં ઋષિનો જે અર્થ છે તે મને તો લાગુ પડી જ ન શકે જોકે આજકાલ તપસ્વી શબ્દ હાલતા ચાલતા વપરાય છે; પણ એના ખરા ભાવની લાયકાત મેળવવી એ સહેલું નથી, મારા માટે તો નહિ જ. બીજો એક તાપસ શબ્દ છે કે જે આજકાલ અવિવેકી એવા સ્થૂળ તપ કરનારને લાગુ પડી શકે ખરો.

"શ્રી મોરારજીભાઇએ મારી સ્મૃતિને ઉંમર સાથે વર્ધમાન કહી છે, પણ મારો અંગત અનુભવ એવો છે કે હવે સ્મૃતિનું વર્તુળ વ્યાપક થતાં અને એનું ભારણ વધતાં એ દિવસે દિવસે હીયમાન થતી લાગે છે.

"ડૉ. રાધાકૃષ્ણને અહિંસા, અનેકાન્ત, સમ્યક્ ચારિત્ર આદિ જૈન પરંપરામાં પ્રસિદ્ધ એવી પરિભાષાઓ લઈ તેના અર્થની તથા તેને આધારે વૈયક્તિક તેમજ સામુદાયિક જીવન કેમ જીવવું એની માર્મિક સમજણ અદ્ભુત કૌશળ અને છટાથી આપી છે. આ બાબત જન્મજાત જૈન તરીકે મારે કાંઇક કહેવું જોઇએ. અત્રે ઉપસ્થિત ભાઇબહેનોમાં જેઓ જૈન હશે તેમને એમ લાગવાનો સંભવ છે કે ડૉ. રાધાકૃષ્ણને જૈન સિદ્ધાન્તોનું વિવરણ કરી જૈન સમુદાયનું ગૌરવ વધાર્યું છે. પણ મારું મન આમ માની લેવા તૈયાર નથી. હું તો એમ માનું છું કે ડૉ. રાધાકૃષ્ણને જૈન સિદ્ધાન્તોનું વ્યાપક દૃષ્ટિએ વિવરણ કરી જૈનોને તેમની જવાબદારીનું ભાન થાય એવી અહિંસક ચીમકી આપી છે. અહિંસાના ઉત્કૃષ્ટ સિદ્ધાન્તના અનુયાયી હોવાનો દાવો કરનાર આપણે જૈનો હરિજન પ્રત્યે કેવો વ્યવહાર રાખીએ છીએ તે કાંઈ ડૉ. રાધાકૃષ્ણનથી અજાણ્યું નથી. આપણાં ધર્મસ્થાનોની સ્વચ્છતા જાળવવા તેમ જ આપણા ધર્મગુરુઓનું નીરોગી જીવન સાચવવા તો આપણે હરિજનોને ઘરમાં જ નહિ પણ ધર્મસ્થાનો સુદ્ધામાં બોલાવીએ છીએ, આવવા દઇએ છીએ; પણ એ જ ધર્મસ્થાનોમાં માનવતાની દૃષ્ટિએ તમને દાખલ થતાં આપણે રોકીએ છીએ, જ્યારે એમાં કૂતરા-બિલાડાના પ્રવેશને અધર્મ લેખતા નથી. આવો સ્વાર્થ અને અજ્ઞાન-મૂલક ભેદભાવ નભાવ્યે જનાર જૈન વર્ગ સામે જ્યારે અહિંસા-સિદ્ધાન્તનું માર્મિક વિવરણ થાય ત્યારે સમજવું એ જ રહ્યું કે એ વિવરણ આપણી અક્ષમ્ય ભૂલ સુધારવા માટે છે. એ જ રીતે ડૉ. રાધાકૃષ્ણને અનેકાન્તદૃષ્ટિની વ્યાપકતા દર્શાવી અનેકાન્તવાદમાં માનનાર જૈનોને એમ સૂચવ્યું છે કે ખરો અનેકાન્તવાદી ફિરકાપરસ્ત હોઈ ન શકે. તે ઇતર ફિરકા અને ધર્મપંથોને ઊતરતા લેખવામાં કે અવગણવામાં પોતાના પંથની મહત્તા કે પૂર્ણતા માની ન શકે. ઊલટું, તે તો ઇતર ફિરકા અને ધર્મપંથોને પોતાના ફિરકા પ્રત્યેના આદર જેટલા આદરથી જ નિહાળે અને સાથે વર્તે.

"તાર્કિક અને શબ્દસ્પર્શી અનેકાન્તવાદ માત્ર પરમત-ખંડનમાં રસ લઈ શકે ખરો, પણ જીવનસ્પર્શી અનેકાન્તદૃષ્ટિ એ જુદી વસ્તુ છે. એવી દૃષ્ટિ દરેક સમ્પ્રદાયવાળા માટે આવશ્યક છે. આ મુદ્દાને અધ્યયનના ક્ષેત્રમાં લાગુ કરીને કહેવું હોય તો હું અનુભવને આધારે એમ કહેવા ઇચ્છું છું કે જે જૈન શાસ્ત્રોનું અધ્યયન કરે તેણે બૌદ્ધ અને વૈદિક પરંપરાના શાસ્ત્રોનું એટલા જ આદરથી અધ્યયન કરવું ઘટે. એ જ રીતે અધ્યેતા બૌદ્ધ કે વૈદિક હોય તો તેણે પોતાની પરંપરાનાં શાસ્ત્રો ઉપરાંત જૈન આદિ ઇતર પરંપરાઓનાં શાસ્ત્રોનું પણ એટલા જ આદરથી અધ્યયન કરવું ઘટે. આ મર્યાદા તો માત્ર ભારતીય પરંપરા પૂરતી થઈ. પણ અનેકાન્તદૃષ્ટિ એથીયે આગળ જવા કહે છે અને જરથોસ્તી, યાહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ આદિ પરંપરાઓનાં ધર્મશાસ્ત્રોનું પણ ગુણગ્રાહી દૃષ્ટિએ અધ્યયન કરવા સૂચવે છે. ખરી રીતે જ્યારે સમભાવથી ઇતર પરંપરાઓનું અધ્યયન કરીએ છીએ ત્યારે જ પોતાની પરંપરાનું મર્મ વધારે સારી રીતે સમજાય છે.

"અન્તમાં અનિવાર્ય એવી આભારવિધિ પતાવી રહ્યો છું. અત્રે મારે જેનો આભાર માનવાનો છે તેના બે વર્ગ છે. પહેલો વર્ગ એ કે વિદ્યોપાસનાના પ્રારંભથી અત્યાર લગીમાં મને જેણે હાથ અને સાથ આપ્યો છે. આ વર્ગમાં અમણ અને બ્રાહ્મણ એવા અનેક વિદ્યા-ગુરુઓનો તેમ જ લેખન, વાચન, ચિન્તન અને મંતવ્યોમાં મદદગાર બનનાર સંખ્યાબંધ નાનામોટા ભાઇબહેનોનો સમાવેશ થાય છે. આર્થિક

દૃષ્ટિએ અને બીજી રીતે મદદગાર થનાર કેટલીક મહાનુભાવ વ્યક્તિઓ તેમ જ ઉદાર–ચેતા સંસ્થાઓ સુધ્ધાં આ વર્ગમાં આવે છે. આની માત્ર નામવાર યાદી સંભળાવું તોય તે લાંબો વખત લે. વિદ્યોપાસનામાં ભલે હું કેન્દ્રસ્થાને હોઉં, પણ ઉપર સૂચવેલ સહાયકવર્ગની મને મદદ મળી ન હોત તો મારે ખાતે વિદ્યોપાસનાને નામે શૂન્ય જ રહેત. તેથી પ્રસ્તુત સત્કારને અંગત નહિ પણ વિદ્યોપાસનાનો સત્કાર લેખનાર હું આ સત્કારનો યશ એ નિરપેક્ષ સહાયકવર્ગને ફાળે જાય છે એવી હાર્દિક કબુલાત કરું એ જ અત્યારે મારે માટે એમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાની એકમાત્ર તક છે

"બીજો વર્ગ પ્રસ્તુત આયોજનની કલ્પના કરી તેને સાકાર કરનારાઓનો છે. મારાં બધાં લખાણો મારી પાસે જ ન હતાં. એની પૂરી યાદી પણ મારી પાસે ન હતી. કયા વિષયનું કશું લખાણ કયારે લખાયું અને તે અત્યારે ક્યાં સુલભ છે એ બધું સમગ્રપણે મારે માટે અજ્ઞાત હતું. એવી અસ્તવ્યસ્ત સ્થિતિમાં જેમણે એ લખાણો-એકત્ર તેમ જ સંકલિત કરી અસાધારણ શ્રમ, ત્વરા અને ચોકસાઈથી ત્રણ ભાગોમાં સર્વસુલભ કર્યાં તેમના પ્રત્યે તો માત્ર મારું જ નહિ પણ ઉત્કટ જિજ્ઞાસુવર્ગનું ય મન કૃતજ્ઞતા અનુભવ્યા સિવાય રહી શકે તેમ છે જ નહિ.

"મને ભેટ અપાયેલ રકમમાં જેણે જેણે ફાળો આપ્યો છે તે બધાંયે ખરી રીતે તો મારા નિમિત્તે સરસ્વતીને જ આરાધી છે એમને ફાળો આપવાની જે પ્રેરણા થઈ તેને હું સારસ્વત પ્રેરણા જ લેખું છું. તેમનો હું આ સ્થળે હાર્દિક આભાર માનું છું.

"આજના સમારંભમાં ડૉ. રાધાકૃષ્ણન્, કાકા કાલેલકર, શ્રી. મોરારજીભાઈ અને શ્રી. ઢેબરભાઈ જેવા દિલ્હીથી પધાર્યા છે. બીજા કેટલાક સ્નેહીઓ કલકત્તા ને મદ્રાસ જેવા દૂર સ્થાનથી પણ આવ્યા છે, અને એ ઉપરાંત સંખ્યાબંધ ભાઈબહેનો અહીંથી પણ ઉપસ્થિત થયાં છે. આ સૂચવે છે કે ભારતના સંસ્કારી હૃદયમાં સારસ્વત ઉપાસનાનું શું સ્થાન છે. એ બધાએ મને એવા સ્નેહથી નવરાવ્યો છે કે તેમનો આભાર શબ્દમાં વ્યક્ત થઈ જ ન શકે."

કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈએ કરેલું આભારનિવેદન

ત્યાર બાદ કોંગ્રેસ–પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબરે ડૉ. રાધાકૃષ્ણન તેમ જ અન્ય વ્યક્તિઓનો નીચે મુજબ આભાર માન્યોઃ—

"હું તો આપની માફક એક શ્રોતાજન બનીને આવ્યો હતો અને ગંગાયમુનાના સંગમ માફક અહિં યોજાયલા ડૉ. રાધાકૃષ્ણનનો અને પંડિત સુખલાલજીનો પવિત્ર સંગમ જોવા અને તેમાં નહાવા માટે આવ્યો હતો. પણ એના બદલે મિત્રોએ મને બોલવાની ફરજ પાડી છે અને આભારનિવેદન કરવા હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

"ભારતમાં એવી થોડી વ્યક્તિઓ છે કે જેમના સાન્નિધ્યમાં આપણને હંમેશાં અવનવી પ્રેરણા મળે છે અને જેમના સાન્નિધ્યમાં હોવું એને આપણે જીવનના લહાવા સમાન ગણીએ છીએ. દાખલા તરીકે આપણા રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ પાસે આપણે બેઠા હોઇએ તો આપણે સંસ્કારસરિતામાં નહાઈ રહ્યા હોઇએ એમ લાગે છે. પંડિતજી (આપણા મહાઅમાત્ય નહેરુ) પાસે બેઠા હોઇએ તો આપણને તેમની દ્વારા અગાધ માનવતાનાં દર્શન થાય છે. અને ડૉ. રાધાકૃષ્ણન પાસે બેઠા હોઇએ તો જાણે કે નાયાગરાના ધોધ રૂપે તેમના મોઢેથી સરસ્વતી વહી રહી હોય એમ આપણને લાગે છે. આવી જ એક વિભૂતિ પં. સુખલાલજી છે જેમનું બહુમાન કરવા આજે આપણે અહિં એકઠા થયા છીએ.

"આપણું સૌભાગ્ય છે કે આવા એક અસાધારણ સન્માન સમારંભના પ્રમુખસ્થાન માટે આપણને ડૉ. રાધાકૃષ્ણન જેવી એક વિશિષ્ટ વ્યક્તિ પ્રાપ્ત થઇ છે. તેઓ હિંદુ હોવા છતાં, હિંદુસ્તાનની સંસ્કૃતિના પુરસ્કર્તા હોવા છતાં, આખીયે દુનિયાને તેઓ આકર્ષી રહ્યા છે અને તેમનામાં એક મહામાનવના આપણને દર્શન થાય છે. તત્વજ્ઞાની હોવા છતાં રાજનૈતિક પુરુષનું વર્ણન રામાયણ કે મહાભારતમાં વાંચવા મળે છે. આવા એક તત્વજ્ઞાની છતાં રાજનૈતિક પુરુષનું ડૉ. રાધાકૃષ્ણનમાં આપણને સાક્ષાત્ દર્શન થાય છે. તેઓ દુનિયામાં જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં તેમણે હંમેશા માનવતાની વાત આગળ ધરી છે. હિંદમાં પણ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે લોકોના હૈયામાં રહેલી ઉચ્ચ ભાવના બહાર લાવવા કોશિષ કરી છે. તેમનો હું કયા શબ્દોમાં આભાર માનું? આપ-માંના ઘણાયે નહિ જાણતા હોય કે તેમણે પોતાનો કેટલાયેક વખતથી સ્વીકારેલો નિયમ બાજુએ મૂકીને અહિં આવવાનું સ્વીકાર્યું છે. આપ સર્વ અને સન્માનસમિતિ વતી તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

હમણાં પંડિતજીએ કહ્યું કે આ સન્માન વૈયક્તિક નથી પણ વિદ્યાનું છે, દેવી સરસ્વતીનું છે. એ તદ્દન સાચું છે કે આ સન્માન તેમણે કેવળ નિસ્પૃહ ભાવે એક નિમિત્ત બનીને હિંદુસ્તાનના હજારો લાખો જ્ઞાત–અજ્ઞાત વિદ્યોપાસકોની વતી સ્વીકાર્યું છે. આપ સૌની વતી તેમનો પણ હું આભાર માનું છું.

અને આ પ્રસંગે જે સાથીઓને આ વિચાર સ્ફુર્યો અને આટલું મોટું આયોજન કર્યું તેમને હું કેમ ભુલી શકું? સૌથી પ્રથમ તો પંડિતજીમાં રહેલું હીર શોધી કાઢીને આ સન્માન યોજના ઉભી કરવામાં અગ્ર ભાગ ભજવનાર શ્રી પરમાનંદભાઇને હું હાર્દિક અભિનન્દન આપું છું. પરમાનંદભાઇ ઝવેરાતના વ્યાપારમાં કેટલા સફળ યા નિષ્ફળ થયા છે તે વિષે હું કાંઈ નથી જાણતો, પણ માનવી–રત્નોને મુલવવામાં તેઓ એક કુશળ ઝવેરી પુરવાર થયા છે, અને તે રત્નોમાં રહેલું હીર, તુર, તેજ પરમાનંદભાઇની આંખો આગળથી કદિ ખસ્યું નથી. પરમાનંદભાઈ, ચીમનભાઈ અને બીજા અનેક સાથીઓએ જે મહેનત લઇને એક વિશુદ્ધ આત્માને, એક પુરૂષાર્થી પુરૂષને, એક અકિંચન વ્યક્તિને, એક આજીવન જ્ઞાનોપાસના કરનાર ઋષિને સન્માનવા જે અથાગ પરિશ્રમ કર્યો છે તેમનો પણ આપ સૌની વતી આભાર માનું છું. આવી રીતે અનેક વ્યવસાયોમાંથી અવકાશ કાઢી અહિં આ પ્રસંગે ઉપસ્થિત થવા બદલ મુ. શ્રી મોરારજીભાઈ તથા કાકાસાહેબ કાલેલકરનો તેમ જ અમારા નિમંત્રણને માન આપી આટલી તકલીફ લઈ અહિં આવવા બદલ તેમ જ અમારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ આપ સર્વનો હું અન્તઃકરણ પૂર્વક આભાર માનું છું."

ત્યાર બાદ શ્રી મોરારજીભાઇએ સન્માનસમારોહના અધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણનનું હારતોરાથી બહુમાન કર્યું. અન્તમાં બહેન કિશોરી પરીખે 'જનગણ મન અધિનાયક જય હે ભારત ભાગ્યવિધાતા' બુલંદ સ્વરે ગાયું, અને સભાજનોએ શિસ્તબધ્ધ ઉભા રહીને અપૂર્વ શાન્તિપૂર્વક સાંભળ્યું. રાષ્ટ્રગીત પુરું થતાં સભા વિસર્જિત થઇ, પણ કિશોરી બહેનના તીણા મધુર સ્વરનો રણકાર સૌ કોઇના કાનમાં કંઈ સમય સુધી ગુંજતો રહ્યો.

વિષય સૂચિ		પૃષ્ઠ
પંડિત સુખલાલજીનો શાનદાર સન્માન સમારંભ		૩૯
પૂજ્ય પંડિતજીને આદર-અંજલિ	ગીતા પરીખ	૩૯
પ્રાર્થના		૪૦
શ્રી મોરારજીભાઇનું સ્વાગતપ્રવચન		૪૦
સંદેશા વાચન		૪૧
સન્માન સમિતિના કાર્યનું સંક્ષેપ નિવેદન		૪૧
સન્માનસમારંભ તથા સ્નેહસંમેલનનાં દૃશ્યો		૪૨–૪૩
કાકાસાહેબનું પ્રવચન		૪૫
ડૉ. રાધાકૃષ્ણનનું પ્રવચન		૪૫
પંડિત સુખલાલજીનો પ્રત્યુત્તર		૪૭
કોંગ્રેસપ્રમુખ શ્રી ઢેબરભાઇએ કરેલું આભારનિવેદન		ક–૪૮
પંડિત સુખલાલજીના સન્માર્થે યોજાયલું સ્નેહસંમેલન		ખ–૪૮
શુભેચ્છાના સંદેશાઓ		ઘ–૪૮
દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને અંજલિ	હીરા મહેતા	૫૦
સન્માનનિધિના ફાળાની યાદી		૫૦

પંડિત સુખલાલજીના સન્માનાર્થે યોજાયેલું સ્નેહસંમેલન

બીજે દિવસે સવારે એટલે કે તા. ૧૭-૬-૫૭ રવિવારની સવારે સાડા નવ વાગ્યે ટો. રાધાકૃષ્ણન્ અને પંડિત સુખલાલજીના સન્માનાર્થે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના કાફેટેરીયામાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આગળના દિવસના સમારંભમાં ઉપસ્થિત થયેલી વિશિષ્ટ વ્યક્તિઓ આ સંમેલનમાં પણ જરૂર આવશે એવી આશા હતી. પણ ડૉ. રાધાકૃષ્ણન્ તથા શ્રી. ઉછરંગરાય ઢેબર તે દિવસે સવારે સાડા સાત વાગ્યે હવાઈ વિમાનમાં દીલ્હી ભણી વિદાય થયા હતા; શ્રી મોરારજીભાઈ તથા કાકાસાહેબ કાલેલકર જુદે જુદે ઠેકાણે રોકાયા હતા. આ રીતે આ સ્નેહસંમેલનદ્વારા આ વિશિષ્ટ વ્યક્તિઓની વધારે સમીપ આવવાનો લાભ ન મળ્યો. તેમની ગેરહાજરીની ઉણપ સૌના મનમાં સાલી, પણ સાથે સાથે સ્નેહસંમેલનમાં એકત્ર થયેલ મંડળીના મન ઉપર આવા મોટા માણસોની હાજરીનો જે ભાર લાગે છે અને વાતાવરણ ઘણીવાર ભારેખમ બની જાય છે અને મીલન ઔપચારિક બની જાય છે તેવું આ સ્નેહસંમેલનમાં ન બન્યું. અને જાણે કે મિત્રોનો મેળો હોય તેવું સ્વાભાવિક સ્વરૂપ આ સ્નેહસંમેલને ધારણ કર્યું.

સવારના સાડા નવ પહેલાં પ્રસ્તુત સ્થળે લગભગ અઢીસો ભાઈ બહેનો એકઠા થયા હતા. પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી, કલકત્તાથી ખાસ આવેલા શ્રી. સોહનલાલજી દુગડ તેમ જ 'તરૂણ' પાક્ષિકના તંત્રી શ્રી ભંવરમલ સિંધી, કોલ્હાપુરથી આવેલા ડૉ. પાધ્યે, અમદાવાદથી આવેલા સ્ત્રીજીવનના તંત્રી શ્રી મનુભાઈ જોધાણી, જાણીતા સાહિત્ય લેખક શ્રી બાલાભાઈ જયભિખ્ખુ, ગુર્જર ગ્રંથ કાર્યાલયના માલીક શ્રી શંભુભાઈ વગેરે મિત્રો. મુંબઈ શહેરના જૈન જૈનેતર અનેક આગેવાન ભાઇ બહેનો, સન્માન નિધિના દાતાઓ, સન્માન સમિતિના અધિકારીઓ અને સભ્યો, મુંબઈ જૈન યુવક સંઘના કાર્યવાહકો વગેરે સંખ્યાબંધ મિત્રો ઉપસ્થિત થયા હતા. જુદા જુદા ટેબલો ઉપર પોતપોતાના મિત્રો સાથે સૌ કોઇ ગોઠવાયા હતા. આગળના દિવસના અભૂતપૂર્વ સન્માન સમારંભની અસાધારણ સફળતાની પ્રસન્નતા સૌ કોઇના મોઢા ઉપર તરવરતી હતી. પોતપોતાની વાતચિતોમાં સૌ કોઈ મશગુલ હતું. વાર્તાવિનોદ અને હસવાના ખડખડાટ વડે કાફેટેરીયાનો હોલ ગાજી રહ્યો હતો. આવતી જતી વાનીઓને મુક્ત મને ન્યાય અપાઈ રહ્યો હતો. સહજ સંમીલિત મિત્રો એકમેકને મળવા માટે અહિંથી તહીં ઘુમી રહ્યા હતા. આગળના દિવસના વાતાવરણમાં જેટલી ગંભીરતા હતી તેટલું જ હળવાપણું આજના વાતાવરણમાં વ્યાપી રહ્યું હતું. આ રીતે યોજાયેલ સ્નેહસંમેલન પૂરા અર્થમાં સાર્થક બની રહ્યું હતું.

ખાનપાન ચાલી રહ્યું હતું એ દરમિયાન પ્રાસંગિક વિવેચનો શરૂ થયા. પ્રારંભમાં પંડિતજીના પરમ મિત્ર **મુનિ જિનવિજયજીએ** જૈન સમાજને વિશેષતઃ ઉદ્દેશીને પોતાના વિચારો કંઈક લંબાણથી પ્રગટ કર્યા અને પંડિતજીના કરવામાં આવેલ અપૂર્વ બહુમાન વિષે ઊંડો સંતોષ વ્યકત કર્યો. **શ્રી. સોહનલાલજી** દુગડ જેમણે કલકત્તા ખાતે સન્માનનિધિમાં રૂા. ૫૦૦૧ ભરીને ત્યાંના કાર્યની શરૂઆત કરી હતી તેમણે જૈન યુનિવર્સિટી ઉભી કરવા અનુરોધ કર્યો. કલકત્તાના જાણીતા સામાજિક કાર્યકર્તા **શ્રી ભંવરમલ સિંધી**એ આજના અન્ય પંડિતો અને પંડિત સુખલાલજીમાં જે મહત્વનો ફરક છે તે સમજાવતાં જણાવ્યું કે "જ્યારે બીજા દાર્શનિક પંડિતો શાબ્દિક ચર્ચા કરવામાં અને ભૂતકાળનું ગૌરવ ગાવામાં પોતાના પાંડિત્યની સાર્થકતા સમજે છે ત્યારે પંડિત સુખલાલજીએ ભૂતકાળની ગૌરવગાથામાં જકડાઈ નહિ રહેતા, તેમાં રહેલા તત્વજ્ઞાનને વર્તમાનકાળની સમસ્યાઓ સાથે સાંકળ્યું છે અને આજની પ્રજાને ઉદ્દેશીને વિવિધ પ્રકારે માર્ગદર્શન-જીવનદર્શન-કરાવ્યું છે. તેમના વિચારોમાં મૌલિકતા છે, નિડરતા છે, અદ્યતનતા છે." શ્રી પરમાનંદભાઇના ભાગે પણ સન્માન સમિતિના કાર્ય અંગે થોડુંક બોલવાનું આવ્યું. તેમણે જણાવ્યું કે "સન્માનનિધિ અને સન્માનસમારંભ અંગે અમે જે જે મુરાદો બાંધી, કલ્પનાઓ કરી તે સર્વ મુરાદો અને કલ્પનાઓ સાકાર બની શકી હતી, જે અમારા માટે ઊંડા સંતોષ અને આનંદનો વિષય હતો. શરૂઆતમાં રૂ. ૭૫૦૦૦ ના લક્ષ્યાંકને પહોંચવા ધારેલું તો તે લક્ષ્યાંકને પહોંચી વળ્યા. ત્યાર બાદ લાખ સુધી પહોંચવાનો મનોરથ સેવ્યો તો તે મનોરથ પણ સિધ્ધ થયો. ડૉ. રાધાકૃષ્ણન્ સમારંભના અધ્યક્ષસ્થાને આવે તો કેવું સારૂં ? એમ વિચાર્યું તો એ વિચાર પણ સફળ થયો. મોરારજીભાઈ તથા કાકાસાહેબની ઉપસ્થિતિ તો કલ્પનાની બહાર નહોતી, પણ કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈ આ પ્રસંગે આવવા ઇચ્છશે તો પણ અણધાર્યા કામો તેમને ગમે ત્યાં ખેંચી જશે એવી ભીતિ હતી, તો તે ભીતિ ખોટી પડી અને તેઓ પણ આવી ચઢ્યા. સમારંભમાં ઢેબરભાઇએ કશું પણ બોલવાની ના કહેલી. તેમની સાથે નક્કી કરવામાં આવેલા કાર્યક્રમમાં તેમનું નામ હતું જ નહિ. આમ છતાં અમારા બધાનો આગ્રહ હતો કે ઢેબરભાઇએ તો આ પ્રસંગે કાંઈક બોલવું જ જોઇએ. આખરે આભારનિવેદન કરવાનું તેમણે સ્વીકાર્યું. કોંગ્રેસ પ્રમુખ જે સમારંભમાં આભારવિધિ કરે તે સમારંભનું કેટલું મોટું ગૌરવ લેખાય એ આપ જ વિચારશો. છેવટે આ સમારંભ માટે ઉચિત સ્થાન મુંબઈ યુનિવર્સિટીનો હોલ ગણાય, પણ આ દિવસોમાં ખાસ કરીને સેનેટની સભાઓ હોય જ અને તે આ હોલમાં જ ભરાય, તેથી તે હોલ મળવાની કોઇ આશા જ નહોતી. એમ છતાં એ હોલ પણ મેળવવા આપણે ભાગ્યશાળી થયા. અને આપે જોયું હશે-અનુભવ્યું હશે-કે એ હોલ મળવાના કારણે સમારંભની ભવ્યતામાં કોઇ ઓર વધારો થયો હતો.

"અને આ બધા કરતાં પણ અસાધારણ મહત્વની ઘટના તો એ બની કે પંડિતજીનો સન્માન સમારોહ યોજાય તે પહેલાં ગુજરાત યુનિવર્સિટી પંડિતજીને ડોકટરેટ (ડૉકટર ઓફ્ લેટર્સ) ની પદવી આપવાનો વિચાર કરે તો તેમના પાંડિત્યની-વિદ્યોપાસનાની સર્વતોમુખી કદર થઈ લેખાય એવી અમારામાંના કેટલાકના મનમાં કલ્પના ઉઠી. કલ્પના એક વસ્તુ હતી; તેને વાસ્તવિક રૂપ મળે તે પહેલાં તેણે ઘણા કોઠા વીંધવા પડે તેમ હતું. આ માટે અમુક અમુક વ્યક્તિઓની અનુકુળતા હોવી જોઇએ; સીન્ડીકેટ મારફત દરખાસ્ત આવવી જોઇએ; સીનેટે પસાર કરવી જોઇએ; ચેન્સેલરે એટલે મુંબઇ પ્રદેશના રાજ્યપાળે મંજુર કરવી જોઇએ. આ બધું લગભગ અશકય જેવું લાગતું હતું. એમ છતાં કોઈ પણ વ્યક્તિના લેશ માત્ર વિરોધ સિવાય સીન્ડીકેટે પંડિતજીને ડૉકટરેટની ઉપાધિ આપવાનું નક્કી કર્યું. સીનેટે સીન્ડીકેટની દરખાસ્તને સર્વાનુમતે અનુમતિ આપી અને ચેન્સેલરે તાજેતરમાં તેને મંજુર કરી. આપણે કરેલા સન્માન અને નિધિઅર્પણ કરતાં પણ આ બાબતનું મહત્વ તો કોઈ જુદું જ છે. આ રીતે આ કલ્પના પણ ઇશ્વરે પૂરી પાડી. જ્યોતિષની ભાષામાં કહીએ તો સર્વ ગ્રહોના સુયોગ વચ્ચે આ કાર્યની શરૂઆત કરવામાં આવેલી અને તેથી દરેક ધારણામાં આપણને આટલી બધી સફળતા મળી શકી.

"આ બધામાં પણ સન્માન નિધિનો આંક રૂા. ૫૦૦૦૦ આસપાસ આવીને અટકેલો તે એકાએક લાખ સુધી શી રીતે પહોંચ્યો તે તો એક અદ્‌ભુત ઘટના બની છે. સરકારી બજેટે જે ઉદ્વિગ્નતાનું વાતાવરણ પેદા કર્યું હતું તે વચ્ચે ૯૦ હજારના એક લાખ થવાની કોઈ શકયતા જ નહોતી લાગતી. આજથી બરોબર અઠવાડીઆ પહેલાં બપોરના વખતે હું મારા ઘેર આરામ કરતો પડ્યો હતો. ત્યાં મારા મિત્ર ભાઈ દુર્લભજી ખેતાણીનો ટેલીફોન આવ્યો અને તેમણે ફંડનું કામ કયાં સુધી પહોંચ્યું છે, બીજું શું ચાલે છે વગેરે બાબતો વિષે પુછપરછ કરી. મેં તેમને જણાવ્યું કે "સન્માન નિધિનું કામ રૂા. ૯૦૦૦૦ ઉપર આવીને અટકયું છે અને મનોરથ તો ઘણો લાખ

મેળવવાનો હતો પણ હવે એ બાબતની કોઈ આશા નથી." તેમણે કહ્યું કે "ભલા માણસ, એમ તે કાંઈ નિરાશ થવાય ? તમ તમારે સમારંભ પ્રસંગે લાખ જાહેર કરજો. બાકીની રકમ ગમે ત્યાંથી મળી રહેશે." પણ મેં જણાવ્યું કે "એમ મારાથી અધ્ધરે અધ્ધર લાખ રૂપિયાની જાહેરાત કેમ થાય ?" તેમણે કહ્યું કે "એક મિત્ર મળી ગયા છે અને તેમણે બાકીની રૂા. ૧૦૦૦૦ ની રકમ મેળવી આપવાની જવાબદારી લીધી છે, એટલે નિઃશંકપણે લાખ જાહેર કરજો." આ સાંભળીને મારા વિસ્મયનો–મારા આનંદનો–કોઇ પાર ન રહ્યો. મને એમ પ્રતીતિ થઈ કે જે બાબત પાછળ આપણે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ છીએ તે પ્રયત્નને અનુરૂપ પરિણામ તો આવે જ છે, પણ એ પ્રયત્નની સીમા વટાવી જાય એવું પણ પરિણામ કદિ કદિ સિદ્ધ થઈ જાય છે. આપણે કલ્પના કરી ન હોય એવી કોઈ વ્યક્તિના દિલને આપણી વાત અણધારી રીતે સ્પર્શી જાય છે અને એ રીતે અણકલ્પી દિશાઓથી સમાજ આગળ જે ટહેલ આપણે નાંખી હોય તે પૂરી પડી રહે છે. આવી એક પ્રકારની સામાજિક શ્રધ્ધા મને આ કાર્યમાંથી સાંપડી છે, જેને હું મારૂં મોટું સદ્‌ભાગ્ય માનું છું."

ત્યાર બાદ **પં. સુખલાલજી**એ નીચે મુજબ ઉદ્‌બોધન કર્યું :–

ગઈ કાલે સાંઝે ડૉ. રાધાકૃષ્ણને મને લક્ષ્મી આવૃત્તચક્ષુરમૃતત્વમિચ્છન્ એ કઠમંત્રનો એક પાદ ઉચ્ચારેલો અને તેમણે પોતાની રીતે તેનો ભાવ દર્શાવેલો. મને એ જ વખતે થયેલું કે હું મારા વક્તવ્યના ઉપસંહારમાં એ આખો મંત્રશ્લોક કહી તેનો સળંગ ભાવ શ્રોતાઓ સમક્ષ દર્શાવું. પરંતુ છેવટે મેં જોયું કે એમ કરવા જતાં બહુ વખત જશે અને સભાની સમયમર્યાદાનો ભંગ થશે. તેથી અત્યારે ઉપાહાર પ્રસંગે ઉપસ્થિત થયેલ ભાઈબહેનો સમક્ષ એ રહી ગયેલ વાત આટોપવાની રજા લઉં છું.

કઠોપનિષદના બીજા અધ્યાયની પહેલી વલ્લીનો પહેલો મંત્રશ્લોક આ છે :—

પરાञ્চિ खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥

આ મંત્રમાં ઋષિએ ત્રણ બાબતો નિર્દેશી છે: (૧) જીવ, કર્મ, બ્રહ્મા કે ઈશ્વરે (જે પરંપરા જે માને તેણે) નેત્ર, કાન આદિ ઇન્દ્રિયોને બહિર્મુખ વૃત્તિવાળી સર્જી છે. (૨) એવી રચનાને લીધે પશુ-પક્ષી આદિ જ નહિ પણ મનુષ્ય સુધ્ધાં સામાન્ય રીતે એ ઇન્દ્રિયો દ્વારા બાહ્ય વિશ્વને જ જુએ છે, નહિ કે અન્તરાત્મા યા અન્તર્વિશ્વને. (૩) પરન્તુ કોઇ એવો પણ ધીર પુરુષ પાકે છે જે અમરપદની આકાંક્ષાથી બાહ્ય વિશ્વની પૃષ્ઠભૂમિકામાં રહેલ પ્રત્યગાત્મા યા ચેતન-પુરુષને નિહાળવા પણ મથ્યો હોય.

આ મંત્રમાં જ્ઞાનની કક્ષાઓનું તારતમ્ય દર્શાવવામાં આવ્યું છે. જ્ઞાનની શરૂઆત ઇન્દ્રિયોના બાહ્ય વ્યાપારથી ભૌતિક વિશ્વને અનુલક્ષીને જ થાય છે. જો આ રીતે જ ઇન્દ્રિયોનો અભ્યાસ ચાલુ રહે તો એની અન્તર-અવલોકન કરવાની શક્તિ અણવિકસી રહે છે. મન પણ ઇન્દ્રિયોનું અનુગામી હોઈ તે ભૌતિક વિશ્વમાં જ રચ્યુંપચ્યું રહે છે. પણ જ્યારે આ કક્ષાથી ઊંચે જવું હોય ત્યારે ઇન્દ્રિયો અને મનની શક્તિઓને આન્તરિક તત્ત્વ ભણી વાળી અન્તર્મુખ કરવી પડે છે. આમ કરવામાં જે ધીરજ, એકાગ્રતા અને સ્થિરતા કેળવવાં પડે છે તેને લીધે સર્વાન્તર્યામી ચેતનની જ્ઞાનકક્ષા સુધી પહોંચી શકાય છે. તત્ત્વજ્ઞાન યા ફિલસુફીના અભ્યાસી માટે જ્ઞાનકક્ષાનો આ જ ક્રમ છે.

આવૃત્તચક્ષુ પદ ઉચ્ચારી ડૉ. રાધાકૃષ્ણને એવો સંકેત કદાચ કર્યો હોય કે હું તત્ત્વજ્ઞાનની ત્રીજી કક્ષાએ છું. પણ મારે મિત્રો સમક્ષ સ્પષ્ટ કહેવું જોઇએ કે મને શાસ્ત્રજ્ઞાનનો, તત્ત્વચિન્તનનો રસ છે, પણ તે રસ જિજ્ઞિષામૂલક છે; નહિ કે અધ્યાત્મની કોઇ ઉચ્ચ ભૂમિકાઓમાંથી જન્મેલો.

પ્રસંગવશ એક વાત જણાવી દઉં તો આ સ્નેહસંમેલન વધારે સાર્થક સિદ્ધ થશે. મારા વિશે માહિતી ધરાવનાર દરેક જાણે છે કે સોળ વર્ષની ઉમરે જ્ઞાન જોડાતી બંધ રહી હતી. કેટલાકને એ ગમ્યું પણ નહિ હોય. મને પણ તે કાળે એ ગમ્યું જ હતું એમ આજે કહી ન શકું. પણ ૬૦ વર્ષ વીત્યા પછી આજે–વાર્ધક્યે મુનિવૃત્તોનાં એ કાળે–તમે બધા મિત્રોએ મળી ભૂતકાળની એ વિલુપ્ત જ્ઞાનને વ્યાજ સાથે જોડી છે અને તેને નવું સંસ્કરણ અપ્યું છે. વળી સાથે સાથે એને ઘડપણની નિન્દાથી મુક્ત રાખી યૌવનની પ્રશસ્તિ અર્પી છે. પરંતુ અહીં જ મારે એ કહી દેવું જોઇએ કે આ ઉત્સવ જો નવ-જ્ઞાનનું રૂપ લે છે તો તે જીવતા જગતિયાની પણ ગરજ સારે છે. મરણોત્તર કરવામાં આવનાર વરો જ્યારે તે વ્યક્તિના જીવનકાળ દરમિયાન કરવામાં આવે ત્યારે તે 'જીવતાં જગતિયું' કહેવાય છે. મારા માટે આ ઉત્સવ એવું જગતિયું પણ છે. તેથી હું આમાં જ્ઞાન જોડાયાનો અને જગતિયું ઉજવાયાનો એવડો આનંદ લઉં છું. તમે બધાં પણ આવો એવડો આનંદ સ્નિગ્ધ ભોજનરૂપે અનુભવો છો એમ હું કલ્પી લઉં છું.

ગઈ કાલે મેં મારી વિદ્યોપાસનામાં રસ લેનાર ઉપસ્થિત કે અનુપસ્થિત સર્વનો હાર્દિક આભાર તો માન્યો જ છે. આજે એટલું ઉમેરવું બાકી છે કે જે જે બાળક–બાળિકાઓએ ને ખાસ કરી બહેનોએ લાકડી પકડી મને ટેકો આપ્યો છે કે ચા–દૂધ પાઇ જીવતો રાખ્યો છે તે બધાંનો નામ લીધા સિવાય પણ હાર્દિક આભાર માનું છું. ખરી રીતે એમના એવા ટેકા વિના હું ન તો ઊભો રહી શકત કે ન થોડી પણ વિદ્યોપાસના કરી શકત.

છેવટે **શ્રી સુરજચંદ્ર ડાંગી**એ પંડિતજીને અનુલક્ષીને નીચે મુજબનું પ્રશસ્તિ ગીત સંભળાવ્યું.

અભિનન્દનગીત

અભિનન્દન भारत के सपूत ।
प्रज्ञान–चक्षु से आज बन रहे—
निज संस्कृति के अग्रदूत ॥
अभिनन्दन भारत के सपूत ॥ ध्रुव. ॥

दर्शन–चिंतनमय शिव–जीवन,
सत् चित्–सुख–संयुत सुन्दर मन ।
सन्मान–धनी 'सुखलाल' बने—
अभिमान भावना से अछूत ॥
अभिनन्दन भारत के सपूत ॥१॥

उपराष्ट्राध्यक्ष प्रमुख बनकर,
सुविराजित यहाँ स्नेह सन कर ।
जो देश–देश की मणियों में—
मानवता के सम्बन्ध–सूत ॥
अभिनन्दन भारत के सपूत ॥२॥

विद्या–पद में संपत्–सत्ता,
है आज पा रही सु–महत्ता ।
ये उदित संग हैं सूर्यचंद्र—
भागा भ्रम–मद–तमभेद–भूत ॥
अभिनन्दन भारत के सपूत ॥३॥

प्रज्ञान–चक्षु से आज बन रहे–निज संस्कृति के अग्रदूत ।
अभिनन्दन भारत के सपूत ॥

અને પુષ્પહાર અર્પણવિધિ સાથે સ્નેહસંમેલન વિસર્જિત થયું.

જૈન કૉન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહનું સંઘ તરફથી કરવામાં આવનાર સન્માન

શ્રી જૈન શ્વે. મુ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૫–૭–૫૭ શુક્રવાર સાંજના સાત વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) સન્માન કરવામાં આવશે. સંઘના સભ્યોને સાદર નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શુભેચ્છાના સંદેશાઓ

(પંડિત સુખલાલજી સન્માન સમારંભ પ્રસંગ ઉપર શુભેચ્છા સૂચક અને પંડિતજીને આદર અંજલિ અર્પતા અનેક સંદેશાઓ પ્રાપ્ત થયા હતા જેમાંના પંડિત જવાહરલાલ નહેરુ, વિનોબા ભાવે, કેદારનાથજી, ડૉ. સુનીતિકુમાર ચેટરજી, ગોવિંદ વલ્લભપંત, રવિશંકર મહારાજ, શ્રીમતી વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ અને રાજેન્દ્ર ટી. વ્યાસના સંદેશાએ સન્માન સમારંભના અહેવાલમાં સામેલ કરવામાં આવ્યા છે. બાકીના સંદેશાઓમાંથી કેટલાક નીચે આપવામાં આવે છે.

શ્રી કનૈયાલાલ મુનશી—(લખનૌ) "પં. સુખલાલજીના સન્માનમાં તમે સંમેલન ગોઠવ્યો છે એ જાણી ખૂબ આનંદ થાય છે. હું સંમેલનને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું" (અંગ્રેજી ઉપરથી)

કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્ત—"શ્રી સુખલાલજી એવા મનીષી અને ચિંતક છે કે જેમનાથી દેશનું ગૌરવ વધે છે. હું એમનું હાર્દિક અભિનન્દન અને અભિવંદન કરું છું." (હિન્દી ઉપરથી)

ડૉ. હીરાલાલજી જૈન—"એમને જૈન સિદ્ધાન્ત અને શાસ્ત્રોનો જેટલો પરિચય છે એટલોજ વૈદિક અને બૌદ્ધ પરંપરાઓનો પણ છે. અને એમના તુલનાત્મક અધ્યયનનું સ્પષ્ટ દર્શન આપણને એમનાં ગ્રંથોમાં થાય છે.....પોતાના વિચારો અને જીવનપદ્ધતિમાં પ્રાચીન પરંપરાનું જતન કરવા છતાં પંડિતજીએ પોતાના જ્ઞાનમાં અત્યારની સમસ્ત ઉત્તમ વાતોને આત્મસાત્ કરી લીધી છે, જેથી એમના વિચારોમાં નવા અને જૂનાનું અદ્‌ભુત સામંજસ્ય જોવા મળે છે....જ્યારે આપણે એમના સામાજિક અને હાર્દિક ગુણો તરફ ધ્યાન આપીએ છીએ ત્યારે તો વળી આપણે વિશેષ આશ્ચર્યચકિત થઈ જઇએ છીએ."
(અંગ્રેજી ઉપરથી)

શ્રી શંકરરાવ દેવ—"આ કંઈ પંડિતજીનું બહુમાન નથી, પરંતુ ખરી રીતે, જેઓ તેઓનું બહુમાન કરે છે તેમનું પોતાનું જ બહુમાન થાય છે." (અંગ્રેજી ઉપરથી)

ડૉ. હરિસત્ય ભટ્ટાચાર્ય (કલકત્તા)—"પં. સુખલાલજીએ માત્ર જૈન દર્શનનું જ નહિ પરંતુ અન્ય બધાં જ દર્શનોનું યથાવત્ મૂલ્યાંકન કરેલું છે. એથી તેઓ જૈન તેમજ જૈનેતર વિદ્વાનોમાં પ્રિય થયેલા છે. તેમનું સન્માન કરવામાં જૈન સમાજ કેવળ જૈન ધર્મનું જ નહિ, પરંતુ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ખરી રીતે બહુમાન કરે છે."
(અંગ્રેજી ઉપરથી)

ડૉ. ગુલાબચન્દ્ર ચૌધરી—(પાલીના અધ્યાપક, બૌદ્ધવિદ્યાપીઠ, નાલંદા) "પૂજ્ય પંડિત સુખલાલજી એક યુગનિર્માતા વિદ્વદ્‌રત્ન છે. એમણે ભારતીય વિચારસરણીને એક નૂતન ગતિ આપીને આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેઓ જૈન દર્શનના જ નહીં પરંતુ સમસ્ત ભારતીય દર્શનોના અગ્રગણ્ય વિદ્વાન છે. એમણે અધ્યાપન ચિન્તન, લેખન તેમ જ સંપાદનના ક્ષેત્રમાં એક નૂતન પરંપરા તેમ જ શૈલિ સ્થાપિત કરી છે." (હિંદી ઉપરથી)

શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા (મુખ્ય મંત્રી, અખિલ ભારત સર્વ સેવા સંઘ)—"એમની વિદ્વતા, તપશ્ચર્યા તથા પ્રગતિશીલતા આગળ મારું મસ્તક હમેશાં નમતું રહે છે. એમનું સન્માન કરીને આપણે સમાજ ઉપરના એમના ઋણનો કંઇક સ્વીકાર કરીએ છીએ." (હિન્દી ઉપરથી)

શ્રી ગોકુલભાઇ ભટ્ટ—"પંડિત સુખલાલજી જેવા સમ્યગ્‌દૃષ્ટિવાનનું સન્માન કરવામાં આપણે એક ઊંચી કોટીની સત્ત્વશીલતાનું બહુમાન કરી રહ્યા છીએ." (હિન્દી ઉપરથી)

શ્રી પી. કે. ગોડે (ક્યુરેટર, ભાંડારકર ઓ. રિ. ઈ. પૂના)—"જીવનભર જે ક્ષેત્રોમાં પંડિતજીએ કામ કરેલું છે તેમાં તેમનાં ઊંડા અભ્યાસ અને વેધક દૃષ્ટિને કારણે તેઓ ઊગતી પ્રજાને એક ઉદાહરણરૂપ છે. તેમનું બહુમાન કરવામાં આપણે આપણી જાતનું જ બહુમાન કરીએ છીએ." (અંગ્રેજી ઉપરથી)

શ્રી વિજયસિંહ નહાર (મુખ્ય-મંત્રી, બેંગાલ પ્રદેશ કોંગ્રેસ કમીટી, કલકત્તા)—"કેવળ જૈન જ નહીં પરંતુ સમસ્ત ભારતીય દર્શનોમાં એમનો ફાળો અતુલનીય છે. ક્રાંતિકારી વિચાર દ્વારા જૈન પરંપરાની રૂઢિને તોડીને, નૂતન માર્ગ અપનાવીને, એમણે જૈન સાહિત્ય અને દર્શનના વિકાસમાં કરેલી સેવા ચિરસ્મરણીય બની રહેશે."
(હિન્દી ઉપરથી)

સાહુ શ્રી શાંતિપ્રસાદજી જૈન (કલકત્તા)—"જૈન સાહિત્યના પ્રસાર દ્વારા સમાજની મહાન સેવા કરનાર પં. સુખલાલજીને આ પ્રસંગે હું મારી સાદર અંજલિ અર્પું છું." (અંગ્રેજી ઉપરથી)

શ્રી સરલાદેવી અને શ્રી અંબાલાલ સારાભાઈ (અમદાવાદ)—"સંશોધન ક્ષેત્રમાં તથા તેઓના વિશિષ્ટ વિષયના અભ્યાસમાં પં. સુખલાલજીએ જે મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે તેને સન્માનવામાં અમે જોડાઇએ છીએ"

શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ (જૈન શ્વે. કોન્ફરન્સના વરાયેલા પ્રમુખ)—"આપણા સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞો અને ચિંતકોમાંના એક પં. સુખલાલજીને મારી સાદર અંજલિ પાઠવું છું. પોતાની વિવેકપૂર્ણ અને અમૂલ્ય શિક્ષાઓથી તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવા માટે ઈશ્વર એમને દીર્ઘાયુષ્ય બક્ષે. જૈન તત્ત્વજ્ઞાનને સમૃદ્ધ કરવામાં એમનો ફાળો અજોડ છે." (અંગ્રેજી ઉપરથી)

શ્રી વિનયચંદ દુર્લભજી ઝવેરી (પ્રમુખ, સ્થાનકવાસી કૉન્ફરન્સ)—"પં. સુખલાલજી સારા વિદ્વાન, દર્શનશાસ્ત્રી, પ્રતિભાસંપન્ન સાહિત્યિક પુરુષ તેમ જ પોતાના વિષયોમાં નિષ્ણાત કર્મઠ તપસ્વી છે. એમનું સન્માન એ જીવન્ત નિદ્વત્તાનું સન્માન છે. પં. સુખલાલજી કેવળ જૈન સમાજનું જ નહીં પરંતુ દેશનું ગૌરવ અને વિભૂતિ છે." (હિન્દી ઉપરથી)

શ્રી આનન્દરાજ સુરાણા (ઑન. સેક્રેટરી, સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ)—"પંડિતજીએ અંતરના પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને પોતાના પ્રજ્ઞાચક્ષુ નામ સાર્થક કર્યું છે, તેમ જ અમૂલ્ય સાહિત્ય સર્જીને સમસ્ત ભારતીય સાહિત્યમાં અદ્વિતીય સ્થાન મેળવ્યું છે."
(હિન્દી ઉપરથી)

શ્રી. કાંતિલાલ ઈશ્વરલાલ (મુંબઇ)—"આવા પંડિતોનું સન્માન થાય એટલા અંશે આપણો દેશ સમૃદ્ધ થતો જાય છે."

શ્રી. રવિશંકર મ. રાવળ (અમદાવાદ)—"એમની વિકટ-સાધના અને પ્રખર સિદ્ધિનું વૃત્તાંત મનોબળ અને સંકલ્પબળનાં જીવંતદૃષ્ટાંત બન્યાં છે. સમગ્રતા પામેલી એમની જીવનદૃષ્ટિ આજના વિસંવાદો ભરેલા વિશ્વમાં આશ્વાસન અને માર્ગદર્શન આપે છે. આ પ્રસંગે નતમસ્તકે હૃદયના સંપૂર્ણભાવે હું એમને વંદન કરું છું."

શ્રી હરિભાઉ ઉપાધ્યાય (રાજસ્થાનના નાણાંપ્રધાન અને જાણીતા હિન્દી સાહિત્યકાર)—"પં. સુખલાલજી મુખ્યત્વે જ્ઞાની પુરુષ છે; પરંતુ કાર્યપરાયણતા એમની સામે છાયાની માફક રહે છે. તેથી એમનું જીવન સાર્થક અને અનુકરણીય છે.....જ્યારે જ્યારે એમને મળવાનું બને છે ત્યારે એમની પાસેથી ખસવાનું મન નથી થતું."
(હિન્દી ઉપરથી)

પં. બેચરદાસ દોશી—"પંડિતજી સર્વોદયલક્ષી વિચારણાઓનો પ્રચાર કરતા કરતા લાંબુ નિર્મળ આરોગ્યયુક્ત જીવન જીવે એ જ એક શુભકામના છે"

શ્રી રસિકલાલ છો. પરીખ (ડીરેક્ટર, ભો. જે અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ)—"પંડિતજી વિદ્વદ્‌-રત્ન છે એ એમનું અધૂરું ઓળખાણ છે; એ નરરત્ન છે એમાં એમનું પૂરું ઓળખાણ છે."

શ્રી ગોવિન્દલાલ ભટ્ટ (ડીરેક્ટર ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, વડોદરા)—"પરમ પૂજ્ય પંડિતજી જ્ઞાનનો નિધિ છે, સત્ત્વગુણની મૂર્તિ છે, સદાચારનો આદર્શ છે. એમની વિચારસરણી વાણી નિષ્પક્ષપાતી છે અને તેથી એમના વિધાનો સર્વ તટસ્થ વિદ્વાનોને સ્વીકારવા પડે છે.

જેવી એમના જ્ઞાનની વ્યાપકતા છે, તેવી નિર્મળતા પણ છે. અને આ સુભગ મિશ્રણ અતિ વિરલ છે. પંડિતજી વાસ્તવિક રીતે સમસ્ત ભારતના ભૂષણરૂપ છે. પરમાત્મા આ અર્વાચીન ઋષિને પૂર્ણ આયુષ્ય અને આરોગ્ય આપે અને જ્ઞાનગંગાનો પ્રવાહ સતત ચાલુ રખાવે."

ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહ (ડેપ્યુટી ડીરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યુટ, વડોદરા)—"પિતા પુત્ર પ્રત્યે જે વાત્સલ્ય દાખવે એવા વાસલ્ય અને પ્રેમનો અનુભવ એમની પાસેથી મેળવવા હું ભાગ્યશાળી થયો છું. પૂ. પંડિતજીની સત્યનિષ્ઠા અને સત્ય હકીકત દૃઢતાથી, હિંમતપૂર્વક રજૂ કરવાની ટેવે મને આકર્ષ્યો છે.....તત્વચિંતક ફક્ત વેદિયા પંડિત મટી, તત્વજ્ઞાનને જીવનમાં-વિચાર વાણી અને વર્તનમાં-ઉતારવા પ્રયાસ કરે ત્યારે એ પોતાના દેશબંધુઓનો જ નહીં પણ વિશ્વના અન્ય વિદ્વાનોનો પણ પૂજ્ય બને છે પંડિતજીના સંપર્કમાં મને તેઓમાં આ તત્ત્વ જોવા મળ્યું છે."

ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા (પ્રાધ્યાપક મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા)—"પં. સુખલાલજીની અખંડ વિદ્યોપાસના અને સાહિત્યસેવા દ્વારા તપોમય અને વિદ્યામય જીવનનો ભારતના પુરાતન ઋષિઓનો આદર્શ ચરિતાર્થ થયો છે."

શ્રી. ધૂમકેતુ—"પંડિતજી માટે કોઇએ 'અજાતશત્રુ' શબ્દ વાપર્યો છે તે તો યોગ્ય છે જ. પરંતુ મને તો એમનો હૃદયવિવેક અદ્‌ભુત લાગ્યો છે. કઈ જગ્યાએ કેટલું, કેવું, બોલવું એ એમની પાસે સહજરૂપે આવેલું છે. એમના એ વિવેકમાં હૃદયપ્રેમનો રંગ છે, તેથી એ સહજ બની રહે છે.

"એમણે ગુજરાતી સાહિત્યની અને સાહિત્યકારોની વિરલ સેવા કરી છે. તત્વજ્ઞાન ને દર્શનશાસ્ત્ર જેવા વિષયને આટલી સરળતાથી એ સમજાવી શકયા છે એ જ બતાવે કે એમની અગાધ વિદ્વતા અંતસ્તલમાંથી શબ્દો લાવે છે. કેવળ મહાવિદ્વાન હોય તે જ આવી સાદી શૈલીના સ્વામી થઈ શકે."

પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી—"દેશ અને સમાજની સેવા માટે પં. સુખલાલજી સુખી અને તેજસ્વી લાંબું જીવન જીવો."
(અંગ્રેજી ઉપરથી)

પૂ. મુનિશ્રી રમણિકવિજયજી—"આપની સ્થિર વિદ્યોપાસના, તલસ્પર્શી સાહિત્ય, વ્યાપક જીવનનો આદર્શ અને નિરનુબંધ જનસેવાનો વિચાર કરતાં પ્રજા તરફથી થતા સત્કાર પ્રસંગે હાર્દિક અભિનંદન."

શ્રી. ઉમાશંકર જોષી (અમદાવાદ)—"પંડિત સુખલાલજીની અવિશ્રાન્ત સાધના સાંસ્કૃતિક મૂલ્યોની આપણી શ્રદ્ધાને પુષ્ટ બનાવો."
(અંગ્રેજી ઉપરથી)

શ્રી. ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહ રશ્મિ' (શેઠ ચી. ન. વિદ્યાવિહાર, અમદાવાદ)—"બધાં ભારતીય દર્શનોનો આપણા યુગમાં અભૂતપૂર્વ સમન્વય જો કોઈ એક વ્યક્તિમાં થયો હોય તો તે પંડિતજીમાં છે. એ વિરલ વિભૂતિનું જીવન શીલ અને જ્ઞાનના પરમ સંગમ જેવું છે."

પ્રા. અનંતરાય મ. રાવળ (અમદાવાદ)—"પંડિત સુખલાલજીની અત્યાર સુધીની જ્ઞાનસાધના એટલે વિધિ અને બાહ્ય પ્રતિકૂળતાઓ સામે માનવીનાં આત્મબળ, જિજ્ઞાસા અને પુરુષાર્થનો જ્વલંત વિજય."

પ્રો. હીરાલાલ ર. કાપડિયા (સૂરત)—"કિશોરવયમાં પ્રજ્ઞાચક્ષુ બનારી વ્યક્તિ સતત વિદ્યાભ્યાસ થકી કેવું અને કેટલું કાર્ય કરી શકે તેનું એક જ્વલંત ઉદાહરણ તે પં. સુખલાલજી છે."

શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણી (પ્રોફેસર ઓફ અર્ધમાગધી, ભવન્સ કોલેજ, મુંબઈ-૭)—"પૂજ્ય પંડિતજી તો મારા વિદ્યાગુરુ છે. હું અત્યાર જે કાંઈ છું તે તેમનો આભારી છું. મારું તો એ પ્રેરણાસ્થાનનું છે."

શ્રી જુગલકિશોર મુખ્તાર (વીર-સેવા-મંદિર, દિલ્હી)—"પંડિત સુખલાલજી પોતાના વ્યક્તિત્વની એક જ વ્યક્તિ છે..... એમનામાં ગંભીર ચિંતનની સાથે સાથે ગ્રહણ, ધારણ, સ્મરણ અને વિવેચનની શક્તિનો સરસ સ્પૃહણીય વિકાસ થયો છે. તેઓમાં ઉદારતા, નમ્રતા, ગુણગ્રાહકતા અને સેવાભાવ જેવા સદ્‌ગુણોનો સુભગ મેળ થયો છે.....પંડિતજીનું જીવન જ્ઞાનની ઉપાસનામાં ભારે તન્મય અને આગળ પડતું રહ્યું છે. તેથી જ તેઓ આટલી બધી યોગ્યતા અને શક્તિને મેળવી શકયા છે." (હિન્દી ઉપરથી)

સૌરાષ્ટ્ર સંશોધન મંડળ (રાજકોટ)—"વિશિષ્ટ કોટિના વિદ્વાન પંડિત સુખલાલજીને અમે હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ."
(અંગ્રેજી ઉપરથી)

શ્રી કંચનલાલ પરીખ (ગુજરાત યુનિ. રજીસ્ટ્રાર)—"સાહિત્ય ને શિક્ષણની સેવા અર્થે પંડિતજી લાંબું જીવો!" (અંગ્રેજી ઉપરથી)

શ્રી જાંભોટકર (મુંબઈ બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કૂલના આચાર્ય)—"પં. સુખલાલજી એક મહાન વિદ્વાન અને તત્વચિંતક તરીકે વિદ્વાનોમાં સ્થાન પામ્યા છે. ભિન્ન ભિન્ન ભારતીય દર્શનોની જટિલતાઓમાંથી તેઓએ પોતાને માટે એક અપૂર્વ માર્ગ શોધી કાઢયો છે. પોતાની વિચારસરણી પ્રચલિત લોકમાન્યતાથી વિરુદ્ધ જવા છતાં સત્યને વળગી રહેવાની એમની ટેવ, અત્યારના અંધકારમય દિવસોમાં પ્રકાશને માટે ઝંખનારાઓ માટે એક જવલંત ઉદાહરણ રૂપ છે."
(અંગ્રેજી ઉપરથી)

પ્રો. રામનારાયણ શર્મા (બનારસ હિન્દુ યુનિવર્સિટી)—"એમના જેવા નરરત્નોથી જ ભારતભૂમિની શોભા છે. પંડિતજી જેવા તપસ્વી મહાપુરુષના દીર્ઘાયુષ્યની અંતરથી કામના કરું છું." (હિન્દી ઉપરથી)

પ્રા. મધુકર રાંદેરિયા (ગુજરાતી સાહિત્ય મંડળ, જય હિંદ કોલેજ, મુંબઈ)—"પંડિતજીએ અક્ષરદેહને એવો સત્ત્વશીલ, સ્વાસ્થ્યપૂર્ણ, નિરામય રાખ્યો છે કે એમનું અમરત્વ આપમેળે સિદ્ધ જ સમજવું રહ્યું."

પ્રો. કેશવલાલ હિં. કામદાર (વડોદરા) "પંડિતજીએ મારા જેવી વ્યક્તિમાં પણ સદા ય ઊંડો અને અંગત રસ દર્શાવેલો છે અને જૈન, બૌદ્ધ તથા હિંદુ તત્વજ્ઞાનમાં તેઓનો વિદ્વત્તાભર્યો ફાળો મારા માટે હંમેશ અત્યંત પ્રેરણારૂપ રહ્યો છે." (અંગ્રેજી ઉપરથી)

હરજસરાય જૈન (મંત્રી, શ્રી સોહનલાલ જૈન ધર્મ પ્રચારક સમિતિ)—"પં. સુખલાલજી જેવા વિદ્વાન અને જ્ઞાની પુરુષનું વર્ણન કરવા છેલ્લા ૨૧ વર્ષમાં અનેક વાર હું મથ્યો છું. એવે વખતે મારામાં જે ભાવો ઊભરાય છે તે અવર્ણનીય છે. મને હંમેશાં એમ લાગે છે કે આ આનંદદાયક અને સુખદ કાર્ય માટે પૂરતા શબ્દો મને જડતા જ નથી. આ સત્યનો હું સાક્ષી છું." (અંગ્રેજી ઉપરથી)

પ્રો. પૃથ્વીરાજ જૈન—"વયોવૃદ્ધ, વિદ્વદ્‌વર, યુવકહૃદય, સતત પ્રગતિશીલ અને દિગ્ગજ સાહિત્યસેવી, પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી સુખલાલજીનું અભિનંદન કરીને ભારતવર્ષ પોતાને ગૌરવયુક્ત કરી રહેલ છે.....પંડિતજીનો દાર્શનિક જગતનો ફાળો એટલો મોટો છે કે એનું સાચું મૂલ્યાંકન કરવું શકય નથી." (હિન્દી ઉપરથી)

પ્રો. મહેન્દ્રકુમાર જૈન (બનારસ હિન્દુ યુનિવર્સિટી)—"શ્રદ્ધાસ્પદ પંડિતજીનો મારા જીવનના ઘડતરમાં કેટલો મોટો હાથ છે એ મારા આ વાક્યથી સમજી શકાશે કે—" મને બે દૃષ્ટિઓએ જ દૃષ્ટિ આપી છે." અને એમાં પૂજ્ય પંડિતજી જ મુખ્ય છે. (હિન્દી ઉપરથી)

પ્રો. ડૉ. ધર્મચન્દ્ર શાસ્ત્રી (દિલ્હી યુનિવર્સિટી)—"ચિંતનના ક્ષેત્રમાં પંડિતજી એક નવા યુગપ્રવર્તક છે. એમણે એક નવી પરંપરાને જન્મ આપ્યો છે. નિષ્પક્ષ બનીને તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિએ દાર્શનિક તત્વોનું વિવેચન કરીને પંડિતજીએ વિદ્વાનોને એક નવીન માર્ગ ચીંધ્યો છે. એમની તપસ્યા, વિદ્યાસાધના, પાંડિત્ય, પ્રતિભા વગેરે દરેક ગુણની સામે માથું આપોઆપ ઝુકી જાય છે." (હિન્દી ઉપરથી)

અપૂર્ણ

દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને અંજલિ

દિ. બા. કૃષ્ણલાલ ઝવેરીના તા. ૧૬-૫-૫૭ ને રોજ થયેલા અવસાનથી ગુજરાતી સાહિત્યના આકાશમાંથી સાક્ષરયુગનો શેષ પ્રકાશ વિલય પામે છે. આ સાક્ષરયુગ તે આપણા સાહિત્યાકાશનો તેજસ્વી પટ હતો. જેના કાલફલક ઉપર ઊગીને, મણિલાલ નભુભાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણભાઈ નીલકંઠ, આચાર્ય આનંદશંકર ધ્રુવ, નરસિંહરાવ દિવેટિયા, કે. હ. ધ્રુવ, બળવંતરાય ઠાકોર, કાન્ત વ. જેવા મહા સારસ્વતોએ પ્રગલ્ભ સાહિત્યનો પ્રકાશ પાથર્યો. એ યુગની તેજસ્વિતા એટલી પ્રબળ કે ઉપરના મહત્ત્વના લેખકો ઉપરાંત, બીજા આસપાસના અસંખ્ય લેખકોનું કાર્ય પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું લેખાયું.

દિ. બા. ઝવેરીનો જન્મ ઈ. સ. ૧૮૬૮ માં થયો. ૮૯ વર્ષનું દીર્ઘાયુષ્ય તેમણે સુખે ગાળ્યું. સતત પ્રવૃત્તિપરાયણ, સમાજકલ્યાણનું જાહેર જીવન તેમણે વીતાવ્યું. એ લાંબા સમયનો પટ, ગુજરાતના સાહિત્ય, સમાજ ને શિક્ષણની પ્રવૃત્તિનો મહત્ત્વનો ગાળો ગણાય. દિ. બા. ઝવેરીના જીવનનો પ્રારંભ અને મધ્યાહ્ન, બ્રિટિશયુગના મધ્યાહ્નકાળે રચાયો; તેમના જીવનની સમીસાંજ, ગાંધીયુગના પ્રખર મધ્યાહ્ન સમયે તપી અને આયુષ્યની આથમતી સંધ્યાએ, તેમણે સ્વતંત્ર ભારતને પોતાની શેષ સેવાઓ અર્પી. એવા સુજન ને વળી સદ્‌ભાગી જીવ, કે આ ત્રણે કાળને યોગ્ય કંઈક કંઈક કાર્ય તેઓ કરી શકયા, અને પોતાની રીતે સેવા અર્પી શકયાઃ એટલું જ નહિ, તેનું ઇષ્ટ પણ તેઓ પૂરું પામ્યા. અનાક્રમક, સોજ્ઝલી, મમતાળુ, વત્સલ, વ્યવહારુ સૂઝ ને તુરત પતાવટવાળી બુધ્ધિથી તેમણે સેવા આપીઃ ને વળતરમાં માનમરતબો, ધનવૈભવ, પ્રતિષ્ઠા, પદવી વ. આ જીવનના ઘણા લાભો મેળવી શકયા. જૂની પેઢીના વડિલોમાં જણાતું ધીટપણું અને હિંદુ સંસ્કારે આપેલી સમાધાનવૃત્તિ તથા સહિષ્ણુતાવડે, ઘણો લાંબો સમય આપણા લેખકોના વડિલતું પદ તેમણે સાચવ્યું. અને સામસામા વિચારોવલણો ધરાવતા લેખકો, કેળવણીકારો અને કાર્યકર્તાઓ વચ્ચે અનુકૂળપણે રહી, અનુકૂળતાનું વાતાવરણ ઉભું કર્યું. તેમણે સદ્‌ભાવ દ્વાખવ્યો અને સદ્‌ભાવ મેળવ્યો પણ તેટલો જ. સાંસ્કરિક પ્રવૃત્તિના સંચાલક તરીકે કોઈ આંજી નાખનાર શકિત કદાચ તેમણે નહિ દ્વાખવી હોયઃ એટલું જ નહિ, તેમના જમાનાના મહાન લેખકોની ઉત્કટ સર્જનાત્મક શકિત તેમનામાં નહોતી, એ વાત સાચીઃ તો, એ લેખકોમાં હતી તેવી અકોણાઈ પણ તેમનામાં નહોતી એ કબૂલ્યા વિના છૂટકો નથી. તેમનામાં એક મહત્ત્વનો ગુણ હતો, અને તે વસ્તુલક્ષી લોકકલ્યાણની દૃષ્ટિનોઃ તેમની એ શકિતને કારણે તેમને હાથે અનેકોનું શ્રેય થયું છે ને અનેક પ્રવૃત્તિઓને ચાલના મળી છે. અનેક સંસ્થાઓ સાથેનો સંબંધ રહ્યો અને તેમનું સંચાલન તેમણે છેવટ સુધી કર્યું. અને કોઈનું બૂરું ન થાય, તેની તકેદારી રાખી; એ બધું તેમના જીવનને પૂરું ગૌરવ આપે છે.

તેમની સાહિત્યકારકિર્દી પણ આવા જ ગુણવાળી કહી શકાય. ગુજરાતી સાહિત્યનો સળંગ ઇતિહાસ આપવાનો તેમનો પ્રયાસ, બે અંગ્રેજી ભાષામાં લખેલાં પુસ્તકોદ્વારા થયો છે. તેનો ગુજરાતી અનુવાદ, 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો' અને 'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો' ને નામે ઓળખાય છે. આ ઉપરાંત 'મોડર્ન રિવ્યુ' નામના અંગ્રેજી ભાષાના સામયિકમાં તેમણે લગભગ ચાળીસ વર્ષ લગી અવલોકનો લખ્યાં; અને આપણી ભાષાનાં પુસ્તકોનો પરિચય પરપ્રાંત સમક્ષ મૂકયો. જે પછીથી, 'દિ. બા. કૃષ્ણલાલ મો. ઝવેરીનો લેખસંગ્રહ' નામે પ્રગટ થયો છે.

આપણા સાહિત્ય ઉપર ફારસીની કાયમી છાપ પડી હતી. તેને લઈને, બન્ને ભાષાની તુલના ને સંબંધો અવલોકવાના પ્રયાસો થયા. સ્વ. ઝવેરીએ એ પ્રકારનાં બે પુસ્તકો આપ્યાં. એક 'કવિ દયારામ અને હાફેઝ' તથા બીજી 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો' છે. તેમણે લેખનસંપાદનની ઇતર પ્રવૃત્તિઓ પણ કરેલી છે.

તેમણે લાંબું આયુષ્ય ભોગવ્યું. સહજ છે કે તેજસ્વી સાક્ષરયુગના અનેક અનુભવોથી તેમનું જીવન ઘડાયેલું હોય. તેથી તે સાક્ષરોના અંગત જીવન વિશે, અને તે કાળની સામાજિક વ. પરિસ્થિતિ વિશે, તેઓ ઘણા રસિક અને જાણવાયોગ્ય અનુભવો આપી શકત, જેના સંદર્ભમાં, તે જમાનાની મહત્ત્વની કૃતિઓ, જેવી કે 'સરસ્વતીચન્દ્ર' 'રાઈનો પર્વત' વ. નું અવલોકન કરવાનું આપણને મળી શકયું હોત. છેલ્લાં, ગોવર્ધનરામની શતાબ્દિ વેળા તેમણે એ પ્રકારનો લેખ લખેલો. તે પરથી, એ જાતના વધારે અનુભવો લખી, ગુજરાતી સમાજને તે આપી જવાનું, આ લખનારે તેમને સૂચવેલું. તેમની જેવા પાસેથી, એ પ્રમાણે લખતા કરી કે વાતવાતમાં તેવું મેળવી લેવાની, અને એ રીતે ભૂતકાળના વારસાની અતૂટ કડી સાચવવા જેટલી, સાંસ્કારિક જાગૃતિ હવે આપણે કેળવવી રહી.

આ લખનારના, અનુસ્નાતક ઉપાધિ માટેના મહાનિબંધના તેઓ પરીક્ષક (Referee) હતા. અને અંગત જીવનમાં રસ લઈ તેમણે મમતા દ્વાખવેલી. તેનું સ્મરણ કરતાં, ભાવપૂર્વકની પ્રણામાંજલિ, એ 'સુજન સાક્ષરને' હો!

હીરા મહેતા

પં. સુખલાલજી સન્માન નિધિમાં એકઠા થયેલા ફાળાની યાદી

(ગતાંકથી ચાલુ)

૫૧૦૦૭।।।	આગળનો સરવાળો	૫૧	,, સાગરમલજી ડાગા ,,	૨૫	,, સિદ્ધ ક્ષેત્ર જૈન બાલાશ્રમ ,,
૧૦૦૦૦	એક મિત્ર મારફત	૫૧	,, પુનમચંદજી વેડર ,,	૨૫	,, સિદ્ધ ક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ ,,
૨૦૧	શ્રીમતિ હરિબહેન હરગોવિંદ રામજી મુંબઈ	૫૧	,, ઉદ્દાણી એન્જિનીઅરીંગ કું. દક્ષિણ હૈદ્રાબાદ	૨૫	,, અંબેલાલ નારણજી જોષી મુંબઇ
૧૦૧	શ્રી હરગોવિંદદાસ રામજી ,,	૩૫	,, અનડા બુક ડીપો અમદાવાદ	૨૫	,, સેવંતીલાલ ચીમનલાલ શાહ ,,
૧૦૧	,, કાંતિલાલ હરગોવિંદદાસ રામજી ,,	૨૫	,, પ્રાણજીવન વી. પાઠક તથા લીલાબહેન પાઠક ,,	૨૫	,, ચીમનલાલ મોતીલાલ પરીખ ,,
૧૦૧	,, મંગળદાસભાઇ હરગોવિંદદાસ રામજી ,,	૨૫	,, રમણલાલની કું. મુંબઈ	૨૫	,, સરસ્વતી પુસ્તક ભંડાર-અમદાવાદ
૧૦૧	,, પ્રમોદચંદ્ર હરગોવિંદદાસ રામજી ,,	૨૫	,, શાંતિલાલ એમ. શાહ ,,	૨૫	,, લક્ષ્મી પુસ્તક ભંડાર ,,
૧૦૧	શ્રીમતી હીરાકુમારીજી કલકત્તા	૨૫	,, દેવજી ઉમરશી ,,	૨૫	,, ચંદુલાલ સાકરલાલ ,,
૧૦૧	શ્રી. મણિલાલ લક્ષ્મીચંદ વોરા મુંબઇ	૨૫	,, જગજીવન શિવલાલ ,,	૨૫	,, રવીન્દ્ર ટી ડીપો ,,
૧૦૧	,, મણિબહેન નાણાવટી ,,	૨૫	,, વાડીલાલ હરખચંદ વોરા ઘાટકોપર	૨૫	,, પ્રભાત પ્રોમેસ સ્ટુડીઓ ,,
૧૫૧	,, જયપુર મીનરલ ડેવેલેપમેન્ટ સીન્ડીકેટ પ્રા લિ જયપુર સીટી	૨૫	,, વાડીલાલ ડગલી શાંતાકુઝ	૨૫	,, ગૌરીશંકર ગોવર્ધનર મ જોશી ,,
		૨૫	,, રમણલાલ પટ્ટણી મુંબઈ	૨૫	,, ચુનીલાલ મયાચંદ ,,
		૨૫	,, જોરસિંહજી કવિ પાલીતાણા	૨૫	,, જસવંતલાલ ગિરધરલાલ શાહ ,,
૧૦૧	,, ખુશાલદાસ જગજીવનદાસ મુંબઇ	૨૫	ડૉ. ભાઈલાલ એમ. ખાવીશી ,,	૨૫	,, આત્માનંદ જૈન સભા જીરા-પંજાબ
૫૧	,, નિર્મળાબહેન ધનવંતરાય દેસાઇ વિલેપાર્લે	૨૫	શ્રી પ્રેમચંદ હરિચંદ દોશી ,,	૨૫	,, બિહારીલાલ શાહ કલકત્તા
		૨૫	,, અમરચંદ બેચરદાસ મહેતા ,,	૨૫	,, સૌરાષ્ટ્ર રીસર્ચ સોસાયટી રાજકોટ
૫૧	,, ધાસીલાલજી કોઠારી જયપુરસીટી	૨૫	,, સોજપાળભાઇ કેશવજી ,,		
૫૧	,, લાલચંદજી વૈરાગી ,,	૨૫	,, યશોવિજયજી જૈન ગુરુકુળ ,,		૧૦૩૨૫૮।।।

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ: મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧૫, ૧૯૫૭, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

બહુજનઅનુમત સમાજવાદ
Socialism by Consent

(રાજસ્થાન, પંજાબ અને દીલ્હીની ધારાસભાના સ્ત્રી સભ્યો સમક્ષ હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ થોડા સમય પહેલાં મૂળ હિંદીમાં વ્યાખ્યાન આપ્યું હતું. તેનો અંગ્રેજી અનુવાદ એ. આઇ. સી. સી. ઇકોનોમિક રીવ્યુના જુન માસની ૧૫ મી તારીખના અંકમાં પ્રગટ થયો હતો. તેનું ગુજરાતી ભાષાન્તર ક્રમશઃ નીચે આપવામાં આવે છે. જાણે કે કોઈ અધ્યાપક કોલેજના પ્રારંભના વર્ષના વિદ્યાર્થીઓને સમાજવાદની બારાખડી શિખવતો હોય તેવી સરળતા અને વિસ્તારપૂર્વક પંડિતજીએ પ્રસ્તુત વ્યાખ્યાનમાં આપણા દેશમાં આપણે જે સમાજવાદી ઢબની રચનાનું નિર્માણ કરવા માંગીએ છીએ તેની સુલભબોધ રજુઆત કરી છે. આ વાંચીને, સમાજવાદ ઢબની રચના અને તેના અનુસંધાનમાં વિચારાયલી બીજી પંચવર્ષીય યોજના સંબંધમાં સારી સ્પષ્ટતા થવા સંભવ છે. તંત્રી)

સમાજવાદના વિષય ઉપર બોલવાનું મને કહેવામાં આવ્યું છે. આ એક સુંદર વિષય છે, પણ સામાન્ય રીતે જનતામાં તેને અંગે સ્પષ્ટ ખ્યાલો–વિચારો નથી. આ પ્રશ્નનું એક પાસું સમાજના ઉત્થાન અને જનતાના ઉત્કર્ષ સાથે સંકળાયલું છે. જનતાની મુશ્કેલીઓ દૂર કરવી અને દરેક વ્યક્તિ સારું જીવન જીવી શકે તેવી તક પ્રાપ્ત કરાવવી–એ સમાજવાદનો હેતુ છે. સમાજમાં અસમાનતાઓ દૂર કરવી–એ ઉદ્દેશ છે સમાજવાદનો. આ બધા સમાજવાદના જાણીતા અને સ્વીકારાયેલા સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતો દેખીતી રીતે સારા છે. પરંતુ પરિસ્થિતિની વાસ્તવિકતાઓનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે મુશ્કેલીઓ દેખાય છે. સમાજના ગૂંચવાયેલા અને ગૂંચવણભર્યા કોયડાઓ–સમસ્યાઓનું નિરાકરણ કરવા તમે બેસો ત્યારે મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે, સામે આવીને ઉભી રહે છે. આમાં આપણે કેવી રીતે આગળ વધવું ? વર્તમાન પ્રશ્નોનો નિકાલ થઈ જાય તે માટે આપણે શું પગલાં લેવાં જોઇએ ? શું શું કરવું જોઇએ ?

અમીર અને ગરીબ વચ્ચેની અસમાનતા દૂર કરવાની જરૂર

સામાન્ય રીતે એ હકીકત બધા સ્વીકારે છે કે કોઈ એક વિચારનો પ્રચાર કરવો તે સરળ છે, સહેલું છે, પરંતુ તે વિચારને અમલમાં મૂકવો તે કઠિન છે. દરેક વ્યક્તિનો વિકાસ થાય, દરેક વ્યક્તિ વિકાસ સાધે એમ આપણે ઇચ્છીએ છીએ, અને કોઈ એમ તો નહિ જ કહે કે તે પ્રમાણે થવું ન જોઇએ. પરંતુ ઘણા લોકો એમ પ્રતિપાદન કરે છે કે સધળાના સામાન્ય ઉત્કર્ષ માટે, અમીર અને ગરીબ વચ્ચેની અસમાનતાઓ દૂર કરવી જોઇએ એ અતિ ઘણું મહત્વનું છે. કેટલાક લોકો એમ પણ કહે છે કે અમીરોની (ધનદોલત) સંપત્તિ તેમની પાસેથી ખૂંચવી લઇને તેની વહેંચણી ફરી નાખવી જોઇએ જેથી અસમાનતાઓ અદૃશ્ય થાય.

પરંતુ આ બધા પ્રશ્નો મૂળ સમસ્યાનું બીજું પાસું એટલે કે આપણે એ કાર્ય કરવા માટે કેવી રીતે આગળ ચાલીએ—તેની સાથે સંબંધ ધરાવે છે. સમાજમાં આપણી સમક્ષ આજે જે બધા ગૂંચવણભર્યા પ્રશ્નો–કોયડાઓ છે તે પણ અનેક રીતે એક બીજા સાથે સંકળાયેલા છે. એક તરફ જોડતો છે તો બીજી તરફ તાના આપારીઓ છે. બન્નેનો એક બીજા સાથે સંબંધ છે–વ્યવહાર છે. કોઇક પોતાનો માલ વેચવા આવે છે તો બીજા માલ ખરીદવા આવે છે. આ સોદાઓમાં કેટલીક વ્યક્તિઓ બીનઇચ્છવાયોગ્ય અને પ્રમાણથી બહાર નફો કરે છે તો કેટલીક વ્યક્તિઓ યોગ્ય નફો કરે છે. મુદ્દો એ છે કે તે બધાનું શું કરવું ? અને આ રીતે ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જે પ્રશ્નો બાલીશ રીતે ઉકેલી શકાય નહિ. આ બધી વસ્તુઓનો અમલ કરવા માટેનો માર્ગ શોધવા અર્થે ઊંડા ચિંતનની જરૂર છે. આ પ્રશ્નોનો ઉકેલ માત્ર સરવાસો કાઢવાથી કે સૂત્રોચ્ચારથી લાવી શકાય નહિ. સૂત્રોચ્ચાર વગેરે પ્રક્રિયાઓ લાગણીવિવશતાનાં નર્યાં પ્રદર્શનો જ છે.

જનસમૂહાયની ગરીબી–આજની પરિસ્થિતિનું પ્રમુખ અંગ

આપણા રાષ્ટ્રની આજની પરિસ્થિતિનું–અને એ દૃષ્ટિએ જોઇએ તો સમગ્ર જગતની પરિસ્થિતિનું–મુખ્ય અંગ છે અતિ ગરીબાઇનું અસ્તિત્વ. અને અતિ ગરીબાઇનું અસ્તિત્વ માત્ર આજનું જ નથી. આવી ગરીબાઇ હજારો વરસોથી ચાલતી આવી છે. જૂના જમાનામાં દુનિયામાં કેવી સ્થિતિ હતી એ વિશે આપણે બહુ ચોક્કસપણે કહી શકીએ નહિ, પરંતુ જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી એ તો હકીકત છે કે લોકોમાંનો મોટો ભાગ ગરીબ હતો–રહ્યો છે અને બહુ થોડા લોકો સુખી અને સમૃદ્ધ હતા. ગરીબાઇનો અર્થ એમ તો નહિ જ કે તેમને કંઈ ખોરાક પણ મળતો નહોતો. ખોરાક તો તેમને મળતો હતો જ–કારણ કે તેઓ ખેતી કરતા હતા અને ખાતા હતા–પરંતુ પેટ પૂરતા ખોરાક સિવાય તેમની પાસે ભાગ્યેજ કોંઈ વધારાનું રહેતું, અને જો કદાચ પાકની મોસમ ખરાબ ગઇ અથવા મેઘરાજાની પધરામણી ન થઈ તો તેમનું અર્થકારણ ખોરવાઇ જતું, ઉલટાઇ જતું. અને તે દિવસોમાં તો હજી આગગાડી પણ નહોતી. તેમજ દરિયાપાર હજારો ગાઉથી અનાજ મેળવવાનું પણ શકય ન હતું અને તેથી દુષ્કાળના સમયમાં બીજા વિસ્તારોમાંથી અનાજનો પૂરવઠો આપવાનું કે મેળવવાનું પણ શકય ન હતું. આ રીતે તે સમયમાં લગભગ કોઇ ઉકેલ જ નહોતો અને તેથી ભૂખમરી–દુકાળની પરિસ્થિતિમાં લોકોને આજુબાજુમાંથી જે મળે તે ખાવું પડતું અને ત્યાર પછી તેઓ ભૂખે મરતા અને મૃત્યુ પામતા. આમ છતાં આજની માનવ–વસ્તીની સરખામણીએ ત્યારે જન–સંખ્યા ઘણી ઓછી હતી અને તેથી આ ધરતી ઉપર આજની માફક જબરો ઘસારો રહેતો નહિ. આના ઉપરથી સામાન્ય રીતે આપણે એમ કહી શકીએ કે તે સમયમાં લોકો પોતા પૂરતું અનાજ ઉત્પન્ન કરી લેતા. એક તરફ વસ્તી અલ્પ હતી; બીજી તરફ જમીન પુષ્કળ હતી. વસ્તીમાં જેમ જેમ વધારો થતો ગયો તેમ તેમ જંગલો–વનપ્રદેશો સાફ કરીને તે વિસ્તારો ખેતી કામ માટે ઉપયોગમાં લેવામાં આવ્યા. આ રીતે આખરે વન–પ્રદેશની ભૂમિ ઘણી જ ઓછી થઇ ગઇ અને છતાં વસ્તીનો તો વધારો થતો જ ગયો. તેની સાથે જમીન માટેનો ઘસારો વધતો ગયો. પરંતુ ફૂલ મળી શકતી જમીન મર્યાદિત પ્રમાણમાં હતી અને તેને અમર્યાદિત રીતે વિકસાવી શકાય એ શકય નહોતું.

પરિણામે ત્યારના પ્રશ્નો વધારે અને વધારે ગૂંચવણભર્યા બની રહેતા. અંદાજે એમ કહી શકાય કે છેલ્લા લગભગ એકસોથી દોઢસો વરસો થયાં દુનિયામાં બધી વ્યક્તિઓના સમૃદ્ધ જીવન-નિર્વાહ માટે પૂરતું ઉત્પાદન થતું નથી. અને આજે જો જગતની બધી સંપત્તિ એકઠી કરવામાં આવે અને તેની ફેરવહેંચણી કરવામાં આવે તો તેનાથી બધાનો ઉત્કર્ષ થશે એમ નક્કી કહી શકાય નહિ. આમ થતાં કદાચ થોડો તફાવત થાય પણ તે તફાવત ગણનાપાત્ર તો નહિ જ થઈ શકે.

વિજ્ઞાનની આગેકૂચથી માનવતાને થયેલા ફાયદાનો સામાજિક અયોગ્ય વહેંચણીથી થતો અટકાવ

હવે આપણે આજની પરિસ્થિતિનો વિચાર કરીએ. દુનિયાની વસ્તીમાં જબરદસ્ત વધારો થયો છે. પરિણામે અગાઉના સમય કરતાં જમીનની માગણી અતિ ઘણી વધી ગઈ છે, પરંતુ આજની સમસ્યા માત્ર અનાજની જ નથી. આજની સમસ્યાઓમાં જનસમૂહ માટે રહેઠાણની, તંદુરસ્તીની અને શિક્ષણની વ્યવસ્થા-બંદોબસ્ત કરવાનો સમાવેશ થાય છે. આની સાથે બીજી એક બાબતે પણ જબરદસ્ત આગેકૂચ નોંધાવી છે. વ્યક્તિની ઉત્પાદન કરવાની શક્તિ અતિ ઘણી વધી ગઇ છે. અગાઉ માનવ જે ઉત્પાદન કરતો તેનાથી અધિકગણું વધારે આજે તે ઉત્પન્ન કરી શકે છે. હકીકતમાં, આજે આપણે જરૂર કહી શકીએ કે પ્રત્યેક વ્યક્તિ સુખી અને સમૃદ્ધ બની શકે તેટલું આજે ઉત્પાદન કરવા માટે દુનિયા શક્તિમાન છે. કંઈ કાળ પહેલાની દુનિયા વિષે એમ કહી શકાય તેમ નથી. હું 'સમૃદ્ધ' કહું છું તેનો અર્થ એમ નથી થતો કે પ્રત્યેક વ્યક્તિ લાખોપતિ થવી જોઇએ. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે વિજ્ઞાન અને અસંખ્ય મશીનોની મદદ વડે આપણે સૌને પૂરું થાય એટલું ઉત્પાદન કરી શકવાની સ્થિતિએ પહોંચ્યા છીએ. જૂના જમાના કરતાં આજે આપણે મા ધરતીમાંથી નક્કી અતિઘણું વધુ ઉત્પાદન કરી શકીએ છીએ અને વળી અલબત્ત તે જમાનામાં જ્યારે મશીનો ન હતાં તેના કરતાં આજે આપણી પાસે મશીનો છે તેની મદદથી ઘણું જ વધુ ઉત્પાદન કરી શકીએ છીએ. બીજા શબ્દોમાં કહું તો સઘળાના ઉત્કર્ષ અર્થે પૂરતું ઉત્પાદન કરવા માટે અગાઉ આપણે પૂરતાં સાધનો ધરાવતા ન હતા જ્યારે આજે દુનિયામાં આપણી પાસે તે પૂરતાં સાધનો છે અને બીજું બધું પણ પૂરતું છે.

આમ છતાં પણ જો અત્યારે લોકો સુખી અને સમૃદ્ધ ન હોય તો તેનું કારણ પ્રવર્તમાન સામાજીક વ્યવસ્થાની પદ્ધતિમાં સાંપડે છે. અને તેની જવાબદારી માત્ર આપણી એકલાની નથી—આખરે આપણો દેશ તો ગરીબ છે—પરંતુ તે તો છે સમસ્ત માનવ સમાજની. અમેરિકા અથવા તો યુરોપના રાષ્ટ્રો જેવા ઘણા સમૃદ્ધ રાષ્ટ્રો છે કે જે રાષ્ટ્રો છેલ્લાં ૧૫૦ વરસોમાં સમૃદ્ધ થયા છે. આ રાષ્ટ્રો વિજ્ઞાનના વિકાસને લીધે અને પુષ્કળ મશીનો તથા કારખાનાંઓની સ્થાપનાને લીધે સમૃદ્ધ થયાં. મશીનો અને કારખાનાંઓ માલનું ઉત્પાદન કરે છે પણ અને તેના ઉત્પાદનનું પ્રમાણ માનવ હાથથી થતા ઉત્પાદન કરતાં ઘણું વધારે હોય છે.

માત્ર વધુ ઉત્પાદનથી ભારતની સમૃદ્ધિ શક્ય છે

અને તેથી જો આપણે ભારતને સમૃદ્ધ બનાવવું હશે તો આપણે અહીં વધુ ઉત્પાદન કરવું પડશે-જોઇશે. હકીકતમાં આપણે પ્રત્યેક વસ્તુનું ઉત્પાદન વધારવું પડશે. નિઃશંક, આપણે વધુ અનાજનું ઉત્પાદન કરવાનું છે, પરંતુ અનાજ સિવાય બીજો બધો માલ જેની આજે ભારતને જરૂર છે તેનું પણ ઉત્પાદન વધારવાની જરૂર છે. જો આપણે બીજેથી તે ચીજ વસ્તુઓ ખરીદીએ તો તેની આપણે કિંમત ચૂકવવી પડશે, જ્યારે આપણા દેશમાં તે જ ચીજ વસ્તુઓ ઉત્પન્ન થાય તો પરદેશી રાષ્ટ્રોને આપણે આપવી પડતી કૂલ રકમોમાં સારો એવો ઘણો ઘટાડો થઈ શકે અને તેથી આપણને જ ફાયદો થાય. આપણે જો અમુક માલનું જરૂરીયાત કરતાં વધારે ઉત્પાદન કરીએ અને પછી બીજા રાષ્ટ્રોમાં ઉત્પન્ન થતા માલની સામે તેનો વિનિમય કરીએ તો એ તો એક જૂદી જ વાત છે. ટૂંકમાં, ભારતની સમૃદ્ધિ માટે અને આપણું દારિદ્રય દૂર કરવા માટે આપણે વધુ સંપત્તિનું ઉત્પાદન કરવાનું છે. સંપત્તિનો અર્થ સોનું અને રૂપું નહિ પરંતુ માલ—જે માલ આપણી જીંદગીને જરૂરી છે-ઉપયોગી છે તે. આપણા દેશમાં આપણે જેટલો વધુ માલ ઉત્પન્ન કરીશું તેટલો ઉમેરો આપણે રાષ્ટ્રની સંપત્તિમાં કરીશું.

વધતા ઉત્પાદન સાથે વ્યાજબી વહેંચણી જરૂરી છે

આની સાથે બીજી એક બાબત પણ સંબંધ ધરાવે છે. આપણે એ માટે સાવચેત રહેવું પડશે કે આપણે જે વધુ સંપત્તિનું ઉત્પાદન કરીએ તે થોડીક જ વ્યક્તિઓની તીજોરીમાં ન જાય. કારણ કે એમ બને તો સંપત્તિનું આ વધારાનું ઉત્પાદન આપણને ખાસ ઉપયોગી નહિ નીવડે. આમ હોવાથી આપણું મુખ્ય કામ છે શક્ય તેટલી વધુમાં વધુ સંપત્તિનું ઉત્પાદન કરવાનું અને સાથે સાથે તે બધા લોકોમાં પહોંચે અને માત્ર થોડી જ વ્યક્તિઓ પાસે એકઠી ન થાય તેવી તેની વહેંચણીની વ્યવસ્થા-ગોઠવણો કરવાનું. આમ, આપણે ઉત્પાદન અને વહેંચણી-આ અંગોનો વિચાર કરવાનો છે. પ્રત્યેક રાજ્યસત્તા-પછી ભલે તે મૂડીવાદી રાજ્યસત્તા હોય, કે સમાજવાદી હોય, કે સામ્યવાદી હોય, દરેક સમક્ષ આ સમસ્યા ઉભેલી જ છે. આજે કોઈપણ રાજ્યસત્તા વહેંચણીની સમસ્યાને જરા પણ રીતે અવગણી શકે જ નહિ. અરે, મૂડીવાદી રાજ્યસત્તાઓ પણ યોગ્ય વહેંચણીની જરૂરીયાતનો ઇન્કાર કરી નહિ શકે. આજે મૂડીવાદી રાજ્યસત્તાઓ પણ સ્વીકારે છે કે સૌના ઉત્કર્ષ માટે તેમણે કામ કરવું પડશે. પરંતુ તેઓ કહે છે કે આ સમસ્યાનો ઉકેલ ગુરુત્તમ ઉત્પાદનમાં રહ્યો છે. મૂડીવાદી પદ્ધતિની ટીકા કરવી એ એક જૂદી વાત છે, પરંતુ મૂડીવાદીઓ પણ એટલું તો કબૂલ કરે છે જ કે તેઓ પણ સઘળાનો ઉત્કર્ષ સાધવા ઇચ્છે છે અને આને માટે તેઓ ગુરુત્તમ મર્યાદા સુધીના ઉત્પાદનમાં શ્રદ્ધા રાખે છે. અમેરિકા, જે મૂડીવાદી રાષ્ટ્ર છે તેનું દૃષ્ટાંત લઇએ. ત્યાં ઉત્પાદન જબરદસ્ત પ્રમાણોમાં પહોંચી ગયું છે અને આનો અર્થ એમ થતો રહ્યો છે કે આજે તે વધુમાં વધુ સમૃદ્ધ રાષ્ટ્ર છે—અને ત્યાં કોઇપણ વ્યક્તિ ગરીબ નથી. સરખામણીના ધોરણે, ત્યાંનો ગરીબમાં ગરીબ માનવી આપણા રાષ્ટ્રમાંના તેવા માનવી કરતાં ઘણી જ સારી અને સુખી સ્થિતિમાં હશે.

પરંતુ, સમાજવાદી એમ નથી માનતો કે માત્ર વ્યક્તિગત ઉત્પાદન-પછી ભલે તે શક્ય તેટલા વધારેમાં વધારે પ્રમાણમાં હોય-સમાજના ઉત્કર્ષ ભણી લઈ જશે. તેનું પરિણામ એ આવશે કે અમીરોની અમીરી વધુ વધશે અને કદાચ ગરીબોની સ્થિતિમાં રહેજ સુધારો થાય પણ તે સુધારો કોઈ ખાસ મહત્ત્વનો તો નહિ જ હોય. જે દેશો સો વર્ષ પહેલાંથીયે ઉદ્યોગપરાયણ બન્યા છે તેવા દેશો આજે કઈ કક્ષાએ પહોંચ્યા હોય તેનો ખ્યાલ આજના અમેરિકાની વિકાસ-ઘટનાઓ ઉપરથી આપણે બાંધી શકીએ તેમ છે. અમેરિકાનો જમીન-વિસ્તાર અફાટ હતો, પરંતુ વસ્તી ઘણી જ ઓછી હતી. આ પરિસ્થિતિ બધાં રાષ્ટ્રોની હોઈ ન શકે અને તેથી આ એક મોટા વિવાદ-ગ્રસ્ત પ્રશ્ન બનેલો છે. તેથી સમાજવાદી પોતાની વિકલ્પ નિતિ રજૂ કરે છે. હકીકતમાં, સમાજવાદી હીંમતપૂર્વક કહે છે કે કોઇપણ રાષ્ટ્ર વધુમાં વધુ ઉત્પાદન તો જ કરી શકે, જો ત્યાં વહેંચણીની વ્યવસ્થા ન્યાયી પાયા પર સ્થાપિત હોય.

અમીરોની સંપત્તિ લઈ લેવાથી કાંઈ ફાયદો નહિ થાય : વધુ ઉત્પાદન એજ એક મુખ્ય બાબત છે.

કેટલાક લોકો એમ કહે છે કે ભારતમાં આપણે શા માટે બધા અમીરોની સંપત્તિ અને કારખાનાંઓ જપ્ત કરીને તેની વહેંચણી ન કરીએ? તેઓ કહે છે કે આમ કરવાથી રાષ્ટ્રને ઘણો લાભ થશે. શક્ય છે કે આપણે આ રીત અજમાવીએ તો આપણને થોડુંક વધારાનું દ્રવ્ય મળે. પણ આની બીજી બાજુનો પણ વિચાર કરવો જોઇએ. આવું પગલું લેવાથી આપણા દેશમાંના આજના ઉત્પાદનનું સમગ્ર માળખું કદાચ વિખરાઈ જાય અને વળી અત્યારે આપણે

જેટલા માલનું ઉત્પાદન કરીએ છીએ તેમાં સારો એવો ઘટાડો પણ થઇ જાય. આમ થવાથી એક કટોકટી ઉભી થાય અને કદાચ આપણે દેવાળિયા બનવું પડે. કારણ કે આપણે એ ભૂલવું ન જોઇએ કે સંધરો કરાયલી સંપત્તિને રાષ્ટ્રની ખરી સંપત્તિ તરીકે ગણી શકાય જ નહિ.

વર્ષ–પ્રતિ વર્ષ જે સંપત્તિ ઉત્પન્ન કરવામાં આવે તે જ રાષ્ટ્રની ખરી સંપત્તિ ગણાય. દાખલા તરીકે અનાજનો પ્રશ્ન લો. ભલે આપણે અનાજનો અમુક પ્રમાણમાં સંગ્રહ કરીએ, પણ તે તો આપણને થોડા સમય માટે જ ઉપયોગી થશે, ઘણા લાંબા સમય માટે તો નહિં જ. વધારે વખત રહેતાં તે સડશે અને તેનો નાશ થશે. આખરે તો આપણે પ્રતિ વર્ષે કરવામાં આવતા અનાજના ઉત્પાદન ઉપર જ આધાર રાખવો પડશે. આપણે કદાચ એક લાખ, બે લાખ, પાંચ લાખ અથવા તો કદાચ પચ્ચાસ લાખ મણ અનાજનો સંગ્રહ કરીએ, પણ આખરે તેનાથી કાંઈ અર્થ સરશે નહિ.

૧૯૪૭ નું વર્ષ યાદ કરીએ. આપણે આઝાદી પ્રાપ્ત કરી, પરંતુ પંજાબમાંના હુલ્લડોને પરિણામે આપણું અનાજનું ઉત્પાદન બહુ જ ઘટી ગયું. લગભગ બે વરસ સુધી તે નીચામાં નીચી સપાટી સુધી રહ્યું. લોકો નાસી જતા હતા અને ત્યાં અનાજ વાવવા કોઈ રહેતું નહિ. અને એ એક વર્ષમાં અનાજનું ઉત્પાદન ન થયું તેથી આપણે જબરદસ્ત મુશ્કેલીઓ અને મૂંઝવણો અનુભવી. ટૂંકમાં, આપણે એ યાદ રાખવાનું છે કે વર્ષ પ્રતિ વર્ષ થતું આપણું ઉત્પાદન એ જ આપણી સાચી એકઠી થતી સંપત્તિ છે. સોના અને ચાંદી બહુ ખપનાં નથી; તેની ઉપયોગીતા મર્યાદિત છે. આપણા દેશમાં આપણે દર વરસે કેટલું ઉત્પાદન કરીએ છીએ એ જ ખરું મહત્ત્વનું છે, અને આપણા ઉત્પાદનને આપણે જેટલું વધારીશું તેટલું આપણામાં વધુ બળ આવશે અને આપણે તેની બ્યાજબી અને ન્યાયી વહેંચણી કરવા તરફ વધુ નજીક જઇ શકીશું.

સંભાળની જરૂર: ઉત્પાદનને જરા પણ ધક્કો લાગવો ન જોઇએ

આપણે આ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ. ભારતમાં પ્રાપ્ત થતી અત્યારની સઘળી સંપત્તિ જો આપણે ન્યાયી રીતે વહેંચીએ તો આપણી ઉત્પાદન–શક્તિ ને કદાચ આપણે બહુજ નુકશાન કરી બેસશું અને એ આવતા કેટલાક વરસો પર્યંત સહન કરવું પડે એવો આઘાત આપણને લાગે. માટે આપણે જે કાંઇ પગલાં ભરીએ તેમાં આપણે હંમેશાં ધ્યાન રાખવું જોઇશે કે તે સાચી દિશામાં છે અને આપણે એ પણ સંભાળ રાખવી પડશે કે તે પગલાંના પરિણામે એવી કોઈ પરિસ્થિતિ પેદા ન થાય કે જેથી આપણા ઉત્પાદનને ધક્કો પહોંચે. અને આપણી જમીન અથવા કારખાનાંઓ અંગેની આપણી કાર્યવાહીમાં તો તેનું ખાસ કરીને વિશેષ ધ્યાન રાખવું પડશે. આ આપણે સતત ધ્યાનમાં રાખવું પડશે કારણ કે વારંવાર આપણે એવા લોકોના પરિચયમાં આવીએ છીએ કે જેઓ વાતો મોટી કરે છે પરંતુ તેના શું પરિણામો આવશે તેની જરા પણ દરકાર કરતાં નથી અગર વિચાર કરતાં નથી. આપણે તેવાં કોઇ પણ જોખમો લઇ ન શકીયે કે જેના પરિણામે આપણી જમીનમાંથી અત્યારે જે અનાજ ઉત્પન્ન કરીએ છીએ તેમાં બે કે ત્રણ વરસો માટે ઘટાડો થાય, કારણ કે જો તેમ થાય તો તે આપણા માટે એક મહાન આફતરૂપ બનવાનું.

આપણા વસ્તીવધારાને આપણા ફાયદામાં કેમ પલટવો ?

તો જ્યારે આપણે સમાજવાદ વિષે બોલીએ છીએ ત્યારે રાષ્ટ્રમાં વધુમાં વધુ ઉત્પાદન એ જ માત્ર સૂચવવાનો આપણો ભાવ હોય છે અને તે દૃષ્ટિએ અતિ અગત્યની ચીજો છે; અનાજ, કાપડ અને મકાન. વળી બીજી પણ ચીજો તો છે જ, પ્રત્યેક વ્યક્તિને પોતાનું શિક્ષણ મેળવવા માટે સગવડો મળવી જોઇએ અને પ્રત્યેક નાગરિકની તંદુરસ્તીની દેખભાળ રહેવી જોઇએ. તેનાથી આગળ દરેક નાગરિકને કામ મળવું જોઇએ. કામનું મહત્ત્વ ઘણું અગત્યનું છે કારણ કે માનવ–કાર્યથી જ સંપત્તિનું ઉત્પાદન થાય છે. સંપત્તિનું ઉત્પાદન સ્વયંભૂ થતું નથી–સંપત્તિનું ઉત્પાદન તો ત્યારે થાય છે કે જ્યારે માનવી ઓજારોથી કામ કરતો હોય છે.

આપણે એ પણ યાદ રાખવાનું છે કે આપણી વસ્તીમાં દર વર્ષે ૫૦ લાખનો વધારો થતો રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે પ્રતિ વર્ષે ૫૦ લાખ ઉદરના પોષણને લગતી જરૂરીયાતો પૂરી પાડવાની રહે છે. આમ છતાં, તેની સાથે આપણે એ પણ ન ભૂલીએ કે જો પ્રતિ વર્ષ આપણે કામ પ્રાપ્ત કરવાની–કરાવવાની યોગ્ય ગોઠવણો–વ્યવસ્થા કરીએ તો ૫૦ લાખ નવા અને શક્તિશાળી માનવહાથો ઉત્પાદનની ક્રિયા–પ્રક્રિયામાં રોકાઈ શકશે. આમ, એક તરફ જેમને અનાજની જરૂર પડશે એવાઓની સંખ્યામાં વધારો થશે તો બીજી બાજુ જેઓ સંપત્તિનું ઉત્પાદન કરે છે તેમની સંખ્યા પણ વધતી જશે. અને પ્રત્યેક જેટલું વાપરે–ઉપયોગમાં લે તેથી તો વધારે પ્રત્યેકે ઉત્પન્ન કરવું જ જોઇશે. કોઇ પણ વ્યક્તિ પોતાના ઉત્પાદન કરતાં વપરાશ વધુ કરે તો તે સમાજને બોજારૂપ બને છે અને આપણા હાથમાં બચતમાં કાંઈ રહેતું નથી. હકીકતમાં, કોઈ પણ દેશ પોતે કેટલું ઉત્પાદન કરે છે, કેટલો વપરાશ કરે છે અને બીજા અને ભાવિ ઉપયોગો માટે તેની પાસે વધારાનું બચતમાં કેટલું રહે છે તેના પરથી તે દેશની પ્રગતિનું મૂલ્યાંકન થાય છે. કોઇ પણ રાષ્ટ્રનું ઉત્પાદન દર વરસે એટલું થતું હોય કે તેમાંથી તે વધારાનું તારવી શકે યા બચત કરી શકે તો તેનો અર્થ એમ થયો કે તે રાષ્ટ્ર પ્રગતિ કરી રહ્યું છે અને જો તે રાષ્ટ્ર તે પ્રમાણે ઉત્પાદન ન કરે અને બચાવે નહિ તો તેનો અર્થ એમ થયો કે તે રાષ્ટ્ર પ્રગતિ કરતું નથી. આ તો બહુ જ સાદી હકીકત છે અને બધા તે સારી રીતે જાણે છે–સમજે છે કે કોઈ પણ વ્યક્તિ પોતાની આવક કરતાં ખર્ચ વધારે કરે તો તે હંમેશાં મુશ્કેલીઓથી જ મુંઝાયેલો રહે છે.

આત્મત્યાગ અને કઠણ જીવન અખત્યાર કરવાની જરૂર

અને આ રીતે આપણા રાષ્ટ્ર સમક્ષ આ એક કોયડો છે: આપણો દેશ ગરીબ છે અને આપણા દેશબાંધવોને પૂરતું ખવડાવવા જેટલું અત્યારે આપણું ઉત્પાદન નથી. એટલે આપણે પણ બચત રહે એટલું વધુ ઉત્પાદન જ્યાં સુધી ન કરીએ ત્યાં સુધી પ્રગતિ શી રીતે કરી શકીએ ? અને તેથી આપણે આ વિષ–ચક્રમાંથી બહાર આવવું જ રહ્યું અને તે માટે આપણી સમક્ષ એક જ વિકલ્પ છે કે કમર કસીને આપણે અમુક સમય માટે લાગ અને સાદાઇને અપનાવીએ કે જેથી આપણે વસ્તુઓનો બચાવ કરી શકીએ. આમ કરવામાં આપણે એ હંમેશાં યાદ રાખવાનું છે કે જે કાંઈ થોડો વધારાનો બોજો આજે આપણે ઉપાડશું અને તકલીફો ભોગવીશું તે આવતા વરસોમાં આપણને અને ભાવિ પેઢીઓને જબરદસ્ત રીતે મદદકર્તા અને ઉપયોગી નીવડશે.

અપૂર્ણ

મૂળ પ્રવક્તા : **પં. જવાહરલાલ નહેરૂ**

અનુવાદક : **શ્રી. શાન્તિલાલ નન્દુ**

વજ્રેશ્વરી પર્યટણ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે મુંબઇથી આશરે ૬૦ માઇલ દૂર આવેલ વજ્રેશ્વરીનું એક પર્યટણ યોજવામાં આવ્યું છે. પર્યટણમંડળી ઓગસ્ટ માસની ૧૦ તારીખ શનિવારે સાંજે બરોબર ચાર વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગથી ઊપડશે; રોયલ ઓપેરા હાઉસ ચીમનલાલ માનચંદની શેાપ બાજુએ, દાદર ખોરદાદ સરકલ ડાબી બાજુના બસ સ્ટોપ આગળ તથા માટુંગા કીંગ સરકલ જૈન મંદિર પાસે–આટલાં સ્થળોએ અટકીને સીધી વજ્રેશ્વરી જશે. તા. ૧૦ ની રાત્રી અને ૧૧ મી તારીખ રવિવારનો દિવસ વજ્રેશ્વરી અકલોલી છેડા આરોગ્ય ભવનમાં ગાળશે અને સાંજના ત્યાંથી મુંબઈ તરફ પાછી ફરશે. રાત્રીના સુવા માટે જરૂરી પાગરણ પુરૂં પાડવામાં આવશે. ફક્ત ઓઢવાનું સાધન સાથે લેતા આવવું. પર્યટણમાં જોડાનારે વ્યક્તિ દીઠ રૂા. ૮।। આપવાના રહેશે. ૧૨ વર્ષની નીચેના માટે રૂા. ૫।। લેવામાં આવશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારે તા. ૫ મી સોમવાર સાંજ પહેલાં સંઘના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવી જવું પડશે. મર્યાદિત સંખ્યા માટે પર્યટણ યોજાયલું હોઇને જે સભ્યની પર્યટણમાં જોડાવાની ઇચ્છા હોય તેણે વિના વિલંબે નામ-ઠામ સાથે જરૂરી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવી એ જ વિનંતિ.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

સ્મૃતિપટે રમતા ગ્રંથો

Books I Remember

(ઑલ ઇન્ડીઆ રેડીઓ ઉપરથી કૉંગ્રેસ-પ્રમુખ શ્રી ઉછરંગરાય ન. ઢેબર 'Books I Remember' એ વ્યાખ્યાનમાળામાં રજુ કરેલ પ્રવચનનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે, અને તે માટે અનુમતિ આપનાર ઑલ ઇન્ડીઆ રેડીઓનો આભાર માનવામાં આવે છે. તંત્રી)

મેં વાંચેલાં પુસ્તકો યાદ કરવા જતાં, મને પ્રથમ વાંચેલા કેટલાંક મહત્તાનાં પુસ્તકોનું સ્મરણ થાય છે. એ છે ગોલ્ડસ્મિથકૃત 'The Good Natured Man' એ દિવસોમાં આવા અંગ્રેજી લેખકોમાં રસ ધરાવવો એ હિંદી વિદ્યાર્થી માટે કંઇક આશાસ્પદ શરૂઆત ગણાતી.

શાળાના એવા જ ભલા સ્વભાવના એક પારસી ગ્રંથપાલે મને એ પુસ્તકનો પરિચય કરાવેલો. એ માયાળુ માણસ સરળ સ્વભાવના વિદ્યાર્થીઓને ચાહતા હતા, અને હું એમને ચાહતો હતો. અને ત્યારથી એક ક્ષુધાતુર માણસ જેમ પોતાની પ્રિય વાનગીઓ ખાવા લાગે તેમ હું ગોલ્ડસ્મિથની કૃતિઓ વાંચવા લાગ્યો.

જે સમયે બ્રિટીશ પ્રજા શાહીવાદના ઘેરી માર્ગે પ્રયાણ કરવાની શરૂઆત કરતી હતી. તે વખતે ગોલ્ડસ્મિથનો સાહિત્યજગતમાં ઉદય થઈ રહ્યો હતો. ગામડાંઓની તે સમયે અવગણના થઇ રહી હતી. શહેરો ઝડપથી આગળ ધપી રહ્યાં હતાં. ગોલ્ડસ્મિથને બ્રિટીશ પ્રજાની મહત્તાનું જેમ ભાન હતું, તેમ તેની નિર્બળતાઓનું પણ ભાન હતું. માટે જ એ પૂછતો હતો: "What is that Freedom that Britons praise so high, that keeps men from men and breaks the united tie" (અંગ્રેજો જેની અતિશય પ્રશંસા કરે છે એ સ્વતંત્રતા જો માનવને માનવથી દૂર રાખતી હોય અને એકતાને જો તોડતી હોય તો પછી એની કિંમત શી?)

મને ઘણીવાર લાગ્યું છે કે એ જાણે ભારતમાંના અંગ્રેજ અમલદારોને સંબોધી રહ્યો છે. ખેડૂતો માટેનો એનો પ્રેમ ફક્ત ઊર્મિશીલ નહિ પણ સાચો અને ઊંડો હતો. ભવિષ્યની આગાહીરૂપ એના શબ્દો છે: "But the bold peasantry country's pride, when once destroyed, can never be supplied." (જે ખેડૂતપ્રજા માટે દેશ આટલું અભિમાન લે છે એ એક વખત નાશ પામ્યા પછી એની ખોટ પૂરાતી નથી.) ઇંગ્લાંડની ખેડૂતપ્રજા તેમજ આખી દુનિયાની ખેડૂતપ્રજા આજે ધીમેધીમે વધુ આરામપ્રિય બનતી જાય છે. ગોલ્ડસ્મિથ ગરીબોનો અને ભલા માણસોનો કવિ છે. એ ગરીબોને અને ભલાઓને પોતાના સ્વજનની જેમ ચાહતો. એ પોતે પણ ગરીબાઈ અને ભલમનસાઇનાં સ્વજન જેવો હતો.

બીજું પુસ્તક મારી સ્મૃતિમાં તરવરે છે તે કાઉપરનું 'ટાસ્ક.' મારા મન પર ગોલ્ડસ્મિથે જે અસર કરી એનું જાણે કે એ પૂરક ન હોય! 'There is a task that awaits for everybody' (માનવમાત્રને માટે કોઇકે ભગીરથ કાર્ય રાહ જોઈ રહ્યું છે.) એવું જાણે કે કાઉપર હજુ પણ મને કહી રહ્યો છે! હજુ ફરીથી જાણે એ કહી રહ્યો છે. "Earth rotates. Seas are in constant ferment. The oak swings to and fro. How can a human being be exempted from the discharge of his duty?" (પૃથ્વી ફરે છે. સાગરો સતત ઘૂઘવે છે. વૃક્ષો આમ તેમ ડોલી રહ્યાં છે. કુદરતનાં આ તત્ત્વો જો પોતાની ફરજ બજાવી રહ્યાં હોય તો પછી માનવ કેવી રીતે પોતાની ફરજમાંથી મુક્ત રહી શકે?)

ડેનિયલ ડિફોના પુસ્તક 'રોબિન્સન ક્રુઝો' એ મારામાં શાંત સાહસની ભાવના પ્રગટાવી અને ગમે તેવા સંજોગોમાં સાધનો મેળવવાની સૂઝ અને વસ્તુ વગર ચલાવી લેવાની આવડતની અગત્ય સમજાવી.

ટેનિસનના 'લેન્સેલોટ' અને 'ઇલાઇને' મને શીખવ્યું કે આપણામાંનો સૌથી મહાન પુરુષ પણ અત્યન્ત કરૂણાજનક દશાને પ્રાપ્ત કરે છે. "His honour rooted in Dishonour stood. His faith unfaithful kept him falsely True" (માણસની મહત્તાનાં બીજ કેટલીકવાર એની માનહાનિ-દુઃખમાં રહેલાં હોય છે. એની શ્રદ્ધા એને કેટલીકવાર પ્રતિકૂળ સંજોગોમાં પણ અવળી રીતે સાચો ઠરાવે છે.)

મને યાદ છે કે મારા અંગ્રેજી નિબંધલેખનના શિક્ષક શ્રી એસ. એચ. ઝાબવાલા, જેઓ મેરઠ કાવતરા કેસમાં સંડોવાયેલા હતા. તેમણે એક દિવસ મને બોલાવી પૂછ્યું: "'કરણઘેલો' નામની ઐતિહાસિક નવલકથા તેં વાંચી છે?" હું શરમિંદો બની ગયો અને જવાબ ન આપી શક્યો. એમણે બીજું ગુજરાતી પુસ્તકો વિશે પૂછ્યું. મને વધારે શરમ આવી. ગુજરાતી પુસ્તકો વાંચવાનો મને તો વિચાર પણ નહોતો આવ્યો. એમણે મને માતૃભાષાની આવી અવગણના કરવા બદલ હળવો ઠપકો આપ્યો.

એ સમયથી ગુજરાતી સાહિત્ય સાથેનો મારો સંપર્ક શરૂ થયો. ગોવર્ધનરામ ત્રિપાઠીના 'સરસ્વતીચન્દ્ર'નો ચોથો ભાગ મારે માટે સામાજિક અને રાજકીય વિચારણાનો સર્વસંગ્રહ બની ગયો. લેખકે એમાં પરલક્ષી રીતે અગત્યના પ્રશ્નોની ઊંડાણપૂર્વક મીમાંસા કરી છે. સામાજિક અને રાજદ્વારી સમસ્યાઓના વિચાર માટે આ ગ્રંથે મને પૂરતો ખોરાક પૂરો પાડ્યો.

હિંદુ સંયુક્ત કુટુંબનું વટવૃક્ષ, જેનાં મૂળ ચતુર્વર્ણ વ્યવસ્થામાં રહ્યાં છે અને જેની શાખા પ્રશાખાઓ અને પર્ણો નિર્બળ તેમજ સબળ બંનેને પોષણ તેમજ આશ્રય આપે છે અને જે સામાજિક વીમાની ગરજ સારે છે તેને લગતા પ્રશ્નની એ ગ્રંથમાં લેખકે કરેલી છણાવટે મારા મન ઉપર લાંબા વખત સુધી ઘેરી છાયા પાડી હતી અને મને એવી પ્રતીતિ કરાવી હતી કે ભારતને એ કૌટુંબિક પ્રથા દીધી પાલવે તેમ નથી, જો કે તેની અંદર વર્તમાન યુગની આવશ્યકતા અનુસાર ફેરફારો કરવા જરૂરી છે.

પુસ્તકોની બાબતમાં સૌથી વધુ સમૃદ્ધ પરિપાક તો મને વીસથી ત્રીસ વર્ષની ઉંમર દરમ્યાન મળ્યો હતો. વકીલાતના વ્યવસાયમાં પ્રવેશ કરી કંઇક આરામભર્યા ભવિષ્યના રાહે મેં પ્રયાણ કર્યું હતું. પણ મારું મન અશાંત હતું. મેં ઘણાં દુઃખો અને સંકટો નિહાળ્યાં હતાં; કુટુંબમાંથી એક પછી એક સ્નેહીજનોએ અલ્પ આયુષ્ય ભોગવીને અમારી વિદાય લીધી, અને તે પણ જીવનનાં દુઃખોને કારણે. તેથી મારી આસપાસ પથરાયેલાં દુઃખોના સંદર્ભમાં મારું અંગત સુખ મારામાં મૂંઝવણ પેદા કરતું હતું. ભારતીય પરિસ્થિતિની મર્યાદામાં રહીને અને જીવન પ્રત્યેની મારી દૃષ્ટિને અનુલક્ષીને હું આ પ્રશ્નોનો જવાબ શોધી રહ્યો હતો. મારા મનને દબી રહેલી સમસ્યાઓનો ઉત્તર આપવાને માટે રાજદ્વારી મુક્તિ માટેની લડત અપૂરતી હતી.

માર્કસવાદી દૃષ્ટિબિન્દુ રશિયાના પદ્ધતિવાદથી રંગાયેલું હતું. એ અત્યંત ભૌતિકવાદી હતું અને મારી કલ્પનાના સમગ્ર ચિત્રમાં બંધ બેસતું આવતું નહોતું. એ માટે મેં રસ્કિન પાસેથી અપેક્ષા રાખી. પણ સાચો જવાબ તો ટોલ્સટોયનાં 'What then must we do' અને 'Confessions and what I believe' નામના બે સ્મરણીય પુસ્તકો પાસેથી મળ્યો. મને સમજાયું કે દરેક માણસ જાણે આ બે સૂત્રોને ખોટા ઠરાવવા જ બહાર પડ્યો છે. (૧) 'Thou Shalt not steal' (તું ચોરી કરીશ નહિ) અને (૨) Thou Shalt eat thy bread in the sweat of thy own brow.' (તારા પરસેવાના પરિશ્રમનું જ ધાન તું ખાજે.)

ટોલ્સટોયે મને ઇશુ ખ્રિસ્તના ઉપદેશોનું નવું અર્થગૌરવ આપ્યું, હિંસાથી દૂર રહેવાની નિષેધાત્મક વૃત્તિની સાથે, પોતાના જેટલા જ પ્રમાણમાં પોતાના પાડોશીને ચાહવાની વિધેયાત્મક વૃત્તિ નહોત તો

'Thou shalt not kill, (તું કોઈને હણતો નહિ) નો કંઈ જ અર્થ રહેત નહિ. પ્રેમ અને ભોગવિલાસ એકબીજા સાથે નભી શકે નહિ. ટોલ્સટોય માટે પ્રેમ માત્ર કોઈ નીતિ કે વ્યવહારનો પ્રશ્ન નહોતો, પણ એક 'મીશન'–જીવન કાર્ય હતું. પ્રેમ જીવનની સર્વ પ્રવૃત્તિઓને વ્યાપી રહેલો હોવો જોઇએ અને સર્વ વિષયો અને વ્યકિતઓ સાથે એને સંબંધ હોવો જોઇએ. એ આપણને લેવાના વિચાર વિના આપવાનું શીખવે છે. તેણે પાપ અને પાપી વચ્ચે ભેદ કરવો જોઇએ અને પાપી પ્રત્યે ધૃણાની વૃત્તિ ન દાખવતાં કરુણાપૂર્વક જોવું જોઇએ. લોભ અને લાલસામાં જ સર્વ હિંસા અને શોષણનું મૂળ રહેલું છે એવી મને ટોલ્સટોય દ્વારા પ્રતીતિ થઇ. દરેક પ્રકારનો લોભ એક પ્રકારની ચોરી જ છે.

આનો એક વિકલ્પ હોઈ શકે અને તે એ કે દરેક માણસે પોતાનો રોટલો પોતાના પરસેવાથી રળી લેવો જોઇએ. 'Confession and what I believe' માં જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે સિદ્ધાન્તોને જ 'What must we do then ?' માં ટોલ્સટોયે જીવનના પ્રશ્નો ઉપર લાગુ પાડયા છે. મેં જોયું કે બીજી રીતે ૮૦ થી ૯૦ ટકા તંદુરસ્ત અને શકિતશાળી માનવો લોભ અને લાલસાનાં બે ચક્રો વચ્ચે પીસાઈ રહ્યા છે. ખરી રીતે તો, જેમ રેશમનો કીડો ફોશેટામાંથી સમયસર પોતાનો માર્ગ કાઢી લે છે તેમ ૮૦ થી ૯૦ ટકા માનવોએ સમયસર પોતાનો માર્ગ કાઢી લેવો જોઇએ. અને આ વિષયચક્રમાંથી છુટકારો મેળવવો જોઇએ.

આની સાથે ભગવદ્‌ગીતાનો ઉપદેશ સરખાવતાં મને તેમાં સમાધાનપૂર્વક સમજાયું કે ખરો પ્રશ્ન આ ૮૦ થી ૯૦ ટકા માનવોને એમ સમજાવવાનો છે કે તેમની સમસ્યાનો આખરી ઉકેલ શ્રીમંતો સાથે સ્પર્ધા કરવાથી કે, કર્મનો ત્યાગ કરવાથી નહિ આવે, પરંતુ માનવને એના સંપૂર્ણ અધિકારો અપાવે એવી સમાજવ્યવસ્થા નિર્માણ કરવાથી જ આવશે.

આ જે કે, સંપૂર્ણ જવાબ નથી. મુખ્ય પ્રશ્ન તો એ છે કે વધતી જતી વસતી, અનાજની અછત, પછાત રહેલી ખેતી, સમાજનું અતિશય પછાતપણું, અને જ્ઞાતિવાદ તેમજ પ્રાન્તવાદરૂપે વિસ્તરેલી એની શાખાઓ–આ બધાંની વચ્ચે ભારતની પરિસ્થિતિનો સુમેળ કેવી રીતે બેસાડવો એ છે.

નવી સમાજવ્યવસ્થાનું સ્વરૂપ કેવું હોવું જોઇએ ? એના તબક્કા શા અને કેવા હોવા જોઇએ ? એનું આખરી ચિત્ર અને એનું અંતિમ ધ્યેય કેવું હોવું જોઇએ ?–આ પ્રશ્નોનો જવાબ આપવાનો પ્રયાસ શ્રી મશરૂવાળાએ પોતાના પુસ્તક 'સમૂળી ક્રાન્તિ' માં કર્યો છે. આ પુસ્તકને હું વેબના 'A new civilisation' નામના પુસ્તક સાથે સરખાવું છું. આ પુસ્તકના ખાસ કરીને 'સેલેા સોવિયેટ' ના કેટલાક વિચારો પ્રત્યે હું આકર્ષાયો હતો. એ વિચારોનો મેં ગ્રામપંચાયત અંગેનો સૌરાષ્ટ્રનો ધારો ઘડવામાં ઉપયોગ કર્યો છે, અને ગ્રામ લોક-શાહીના વિદ્યાર્થીઓએ ગ્રામપંચાયત માટે નમૂનારૂપ એ ધારો અભ્યાસ કરવા જેવો છે.

સામાજિક પરિસ્થિતિ આલેખતાં પુસ્તકોમાં દેખીતી રીતે જ 'Uncle Tom's Cabin' અને પર્લ બકનાં 'East wind, West Wind' અને 'Good Earth' પુસ્તકો તથા યુદ્ધ પૂર્વેની તંગદિલી આલેખતાં પુસ્તકોમાં ડગલાસ રીડના 'Insanity Fair' અને 'Disgrace Abounding'–એ પુસ્તકોએ મને આકર્ષ્યો છે. જો કે એ આશ્ચર્યજનક છે કે આટલી વિશાળ દૃષ્ટિ અને પુસ્તકના વિશાળ ફલક છતાં રીડ, એ નોંધવું ચૂકી ગયો કે મોટામાં મોટું અનિષ્ટ તે હિટલર નહિ, પણ શાહીવાદ છે.

જેલનાં ત્રણ વર્ષ દરમ્યાન ઘણાં પુસ્તકો વાંચવાની મને તક મળી. ઘણુંખરૂં એ સમયનું વાચન ગંભીર પ્રકારનું હતું. આ પુસ્તકોમાં એચ. જી. વેલ્સકૃત 'Science of life', 'Work, Wealth and Happiness', 'Outlines of World History' તથા વિલ ડ્યુરાન્ટકૃત 'Mansions of Philosophy' વગેરે હતાં. વિલ ડ્યુરાન્ટની શૈલી અને એની રજૂઆતને ખાતર પણ એનાં બીજાં પુસ્તકો વાંચવાનું મને મન થાય છે.

સામાન્ય ભારતીય જનને એનાં ધાર્મિક ગ્રંથો માટે ઘણું માન હોય છે. મેં જે ગ્રંથો વાંચ્યા છે તે બધામાં 'ભગવદ્‌ ગીતા' પરની જ્ઞાનેશ્વરની ટીકા 'ભાવાર્થદીપિકા' દીવાદાંડીની જેમ સ્પષ્ટ તરી આવે છે. જ્ઞાનેશ્વરે તેરમા સૈકામાં બોલાતી તળપદી મરાઠી ભાષામાં પદ્યમાં માત્ર પંદર વર્ષની નાની ઉમરે, વિદ્યાર્થી અવસ્થામાં ૯૦૦૦ શ્લોક જેટલી લાંબી ટીકા–'જ્ઞાનેશ્વર ગીતા'–લખી એ ભારતના ધર્મવિષયક લખાણોમાં એક અદ્‌ભુત અને મહાન સિદ્ધિ છે. કલ્પના કરતાં યે ચડી જાય એવાં સરળ અને સુંદર દૃષ્ટાંતો અને રૂપકોદ્વારા એમણે ગીતાના અત્યંત ગહન વિચારોને સામાન્ય માણસોને સમજાય એવી સરળ ભાષામાં મૂકયા છે. જ્ઞાનેશ્વરે જે આત્મવિશ્વાસથી કહ્યું છે એ કહેવાની એ જમાનામાં બીજા કોઇએ હિંમત કરી ન હોત. "તું નિશ્ચિતપણે જાણ કે આ બધા વેદો ત્રિગુણથી આવરાયેલા છે અને તેથી માત્ર ઉપનિષદો જ સત્ત્વ ગુણ ધરાવે છે. આથી હે પાર્થ ! તું સમજી લે કે કર્મકાણ્ડનો માર્ગ જ દુઃખનું સ્વયં મૂળ છે. માટે તારા મનને એ દિશામાં વળવા દઈશ નહિ. વિદ્વાનો વેદનો અભ્યાસ કરે છે ખરા, પણ, એમાંથી આવશ્યક અને મૂળભૂત રીતે સંગીન અને ઉપયોગી હોય એટલું જ ગ્રહણ કરે છે."

આ પછી "Ends and means" નામના મહાન ગ્રંથના લેખક આલ્ડુસ હકસલીના તાજેતરના પુસ્તકનું મને સ્મરણ થાય છે. એમણે પોતાના પુસ્તકમાં માનવ વિચાર, જ્ઞાન અને સમજશકિતના આંતરિક ઝરણાનું દર્શન કરાવ્યું છે.

અને છેલ્લે હું યાદ કરું છું શ્રી ચેસ્ટર બોલ્સને, જેઓ એક વખત એમેરિકાના ભારત ખાતેના પ્રતિભાશાળી પ્રતિનિધિ હતા. એમનું પુસ્તક 'New Dimensions of Peace' વાંચતાં એમ લાગે છે કે જાણે ગાંધીવાદી દૃષ્ટિકોણથી દુનિયાની મહાન ક્રાંતિઓનો ઇતિહાસ એમણે આલેખ્યો હોય. એમાં ભારતની ક્રાન્તિને પશ્ચિમ સમક્ષ એના સ્વાભાવિક સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે. સામાજિક અને આર્થિક પછાતપણા આમેની પોતાની લડતમાં પણ ભારત ગાંધીજીની ભાવના પ્રગટાવે એવી લેખક એમાં અપેક્ષા રાખે છે.

આમ, થોડી મિનિટોના આ વાર્તાલાપ દરમ્યાન, મેં આ મહાન લેખકો પ્રત્યેની મારી આભારની લાગણી વ્યકત કરી છે. એ લેખકોએ પોતાના ઉદાત્ત પ્રેમથી મારા જીવનપંથમાં પ્રકાશ પાથર્યો છે. ભૂત-કાળમાં એમનું હું સ્મરણ કરતો આવ્યો છું અને ભવિષ્યમાં પણ પ્રેમ અને ગૌરવપૂર્વક હું એમનું સ્મરણ કરતો રહીશ.

મૂળ અંગ્રેજી : **શ્રી ઉ. ન. ઢેબર**

અનુવાદક : **અ. રમણલાલ શાહ**

સંઘના સભ્યોને

જે સભ્યોએ સંઘનું વાર્ષિક લવાજમ હજુ સુધી ભરેલ ન હોય તે સભ્યોને પોતપોતાનું લવાજમ વસુલ આપવા વિનંતિ છે. આ સંબંધમાં તેમને અવારનવાર યાદ આપવામાં આવ્યું છે અને આ રીતે તેમને ફરીથી યાદ આપવામાં આવે છે. લવાજમ વખતસર નહિ ભરવાના પ્રમાદનો ત્યાગ કરવા તેમને અમારી આગ્રહભરી વિનંતિ છે. **વ્યવસ્થાપક, મુંબઈ જૈન યુવક સંઘ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
બહુજનઅનુમત સમાજવાદ	પં. જવાહરલાલ નહેરૂ	૫૧
સ્મૃતિપટે રમતા ગ્રંથો	શ્રી. યુ. ન. ઢેબર	૫૪
જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી. મોહનલાલ લલ્લુભાઈનું સંઘે કરેલું સન્માન		૫૬
આત્માની વિકાસશ્રેણી	ગીતા પરીખ	૬૦
પં. સુખલાલજી સન્માન સમારંભ પ્રસંગે		૬૦

જૈન કૉન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુભાઈનું સંઘે કરેલું સન્માન

પ્રાસંગિક વિચારણા અને ચર્ચા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઈ ખાતે તાજેતરમાં ભરાયલા જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના વીશમા અધિવેશનના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહનું તા. ૫-૭-૫૭ શુક્રવારના રોજ સાંજના સમયે સંઘના કાર્યાલયમાં સન્માન કરવામાં આવ્યું હતું. સંઘના કાર્યાલયમાં સભ્યો અને નિમંત્રિત મિત્રોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘનો પરિચય આપતાં જણાવ્યું હતું કે "આપનું આજ સુધીમાં અનેક જૈન સંસ્થાઓએ બહુમાન કર્યું છે. તે સંસ્થાઓ અને આ સંસ્થા વચ્ચે રહેલો મહત્વનો ફરક એક દૃષ્ટાન્ત દ્વારા આપને સમજાવવા પ્રયત્ન કરીશ. જેમ કોઇ એક કરણશંકર નામનો બ્રાહ્મણ હોય અને તેના માથે ચોટલી ન હોય તો તેને બ્રાહ્મણ કહેવો કે નહિ તે એક વિવાદનો પ્રશ્ન બની શકે છે, તેમ આ સંઘ નામ-સ્વરૂપે એક જૈન સંસ્થા હોવા છતાં 'જૈન' શબ્દથી સૂચિત કોઇ પણ સાંપ્રદાયિક સંકીર્ણતાથી મુકત છે અને એ રીતે આ સંસ્થા અન્ય સંસ્થાઓથી જુદી પડે છે. આ સંઘના લગભગ ૩૭૦ સભ્યો છે. તે કોઈ એક ફિરકાના નથી. એટલું જ નહિ પણ જૈન વિચારસરણિ પ્રત્યે આદર ધરાવતા જૈનેતરો પણ આ સંઘમાં દાખલ થઈ શકે છે, અને એ પ્રકારની થોડી વ્યકિતઓ આ સંઘનું સભ્યત્વ ધરાવે છે. આ સંઘનો મૂળ ઉદ્‌ભવ આજથી ૨૮ વર્ષ પહેલાં બાલદીક્ષાની અટકાયત કરવાની જૈન શ્વે. મૂ. સમાજમાં જે ઝુંબેશ ચાલેલી તે ઝુંબેશમાંથી થયો હતો અને તેથી બાલદીક્ષાની નાબુદી એ સંઘનું આજ સુધી એક મૂળભૂત ધ્યેય રહ્યું છે. આમ છતાં પણ એક નાનો સરખો કીડો કોશેટામાંથી મુકત બનતાં જેમ પાંખોવાળા પતંગીયાનું રૂપ ધારણ કરે છે તેમ આ સંઘે સાંપ્રદાયિક કોશેટાને વિદારીને મુકત વિહાર કરવાની તાકાત પ્રાપ્ત કરી છે, અને સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં સંઘનો આ મુકતવિહાર વ્યકત થઇ રહ્યો છે. સંઘના મુખપત્ર પ્રબુધ્ધ જીવનનું સંપાદન કે સંઘ દ્વારા દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાન-માળાનું આયોજન-આ બન્ને પ્રવૃત્તિઓ-આવી ઉદાત્ત ભાવના અને ઉદાર વિચારણાથી હમેશા પ્રેરિત અને પ્રભાવિત બનતી રહી છે."

ત્યાર બાદ સંઘના મહેમાન શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહનો પરિચય આપતાં શ્રી પરમાનંદભાઇએ જણાવ્યું કે "શ્રી મોહનભાઇ એક સાંકડી દૃષ્ટિના અને જૈન સમાજના પેટા વિભાગના આગેવાન માત્ર હોત તો તેમને કદાચ આપણે અહિં બોલાવ્યા ન હોત. પણ શ્રી મોહનભાઇ કલકત્તાના એક પ્રમુખ નાગરિક છે; ગુજરાતી સમાજના આગેવાન છે; વ્યાપાર અને ઉદ્યોગના બહુમાન્ય અધિપતિ છે; અને જૈન સમાજના એક આદરપાત્ર ગૃહસ્થ છે. કલકત્તાના વિશાળ જૈન સમાજનો તેમના પ્રત્યે કેટલો ઊંડો સદ્‌ભાવ છે તે તો આટલી એક હકીકત ઉપરથી જ માલુમ પડશે કે તેઓ અહિં તાજેતરમાં ભરાયલી જૈન મૂ. શ્વે. કૉન્ફરન્સના અધિવેશનનું પ્રમુખસ્થાન શોભાવવા માટે કલકત્તાથી નીકળવાના હતા તે દરમિયાન કલકત્તાના જૈન સમાજના દરેક ફિરકાની નાની મોટી સંસ્થાઓએ એકત્ર થઇને તેમને માનપત્ર અર્પણ કર્યું હતું અને તેમણે સ્વીકારેલી આ નવી જવાબદારીને સફળતા ઇચ્છી હતી. કૉન્ફરન્સના આગળના કોઇ પણ પ્રમુખનું આવું બહુમાન થયાનું મારા સ્મરણમાં નથી.

"આજે આપણે અહિં એકત્ર થયા છીએ તે કેવળ મીઠી મીઠી વાતો કરવા અને માત્ર પરસ્પરની પ્રશંસા કરવા એકઠા થયા નથી. આ પ્રસંગ એ ધારણાથી યોજવામાં આવ્યો છે કે આપણે આજના જૈન સમાજની, આવી કૉન્ફરન્સોની પરિસ્થિતિ અને રૂપરંગ વિષે ખુલ્લા દિલથી થોડો વિચારવિનિમય કરીએ અને થોડુંક સહચિન્તન કરીએ.

"આ કૉન્ફરન્સમાં આપમાંના કેટલાકે ભાગ લીધો તેમ મેં પણ થોડો ભાગ લીધો હતો. જે સંસ્થા અને પ્રવૃત્તિ સાથે વર્ષોનું માનસિક અનુસંધાન હોય તેનું અધિવેશન આપણે જ્યાં રહેતા હોઇએ તે જ સ્થળમાં ભરાતું હોય ત્યારે તેથી દૂર રહેવાનું શકય નથી બનતું. જુનાં સ્મરણો, જુના સંપર્કો આપણને ત્યાં અવશ્યપણે ખેંચી જાય છે અને આત્મીયતાનો અનુભવ પણ કરાવે છે. આ રીતે પ્રસ્તુત કૉન્ફરન્સના અધિવેશનમાં હું ગયો અને ગયો તો કાંઇક ભાગ પણ લીધો. આમ છતાં પણ એ દિવસો દરમિયાન અને પછી પણ એક પ્રશ્ન મન ઉપર ઘોળાતો જ રહ્યો છે કે આવી વિભાગીય કૉન્ફરન્સોની હવે કાંઈ ઉપયોગીતા છે ખરી ? દરેક સમાજોને, તેના વિભાગને અને તેના પેટા વિભાગને પણ પોતપોતાના અમુક પ્રશ્નો હોય જ છે અને તેને લગતી સહવિચારણાને આવાં સંમેલનોમાં ઠીક ઠીક અવકાશ રહે છે. પણ આથી શું વિભાગીય સાંકડી મનોદશા વધારેને વધારે દૃઢીભૂત નથી થતી ? એથી વિચારના ક્ષેત્રમાં આપણે આગળ વધવાને બદલે શું પીછેહઠ તો નથી કરતા ?

"પ્રસ્તુત કૉન્ફરન્સનો ખાસ કરીને વિશેષતઃ વિચાર કરતાં બીજા પણ કેટલાક વિચારો આવે છે. આવી કૉન્ફરન્સો ભરવાના સાધારણ રીતે બે ઉદ્દેશો હોય છે. એક તો વિચારના ક્ષેત્રમાં સમાજને ચાર ડગલાં આગળ લઈ જવો અને બીજું જે વિભાગની કૉન્ફરન્સ હોય, તે વિભાગનું આર્થિક તેમ જ સામાજિક શ્રેય સધાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો નિર્ણય કરવો. એક સુક્ષ્મ વૈચારિક; બીજું સ્થૂળ રચનાત્મક. જૈન શ્વે. મૂ. વિભાગના સ્થિતિચુસ્ત બળોના અસાધારણ પ્રભુત્વના કારણે અને લઘુમતી કોમને સહજ એવી સાંકડી મનોદશાના કારણે વિચારના ક્ષેત્રમાં કશી પણ નવી દોરવણી આપી ન શકે, જરા પણ આગળ વધવા ન દે તેવી પંગુતાએ અથવા તો પક્ષઘાતે કૉન્ફરન્સને જકડી લીધી છે. અને તેથી મંદિર સંસ્થા, સાધુ સંસ્થા, દેવદ્રવ્ય, દીક્ષા અને એવા જૈન સમાજના અતિ નિકટના અંગો વિષે કૉન્ફરન્સમાં સ્વતંત્ર વિચારણા, ચર્ચા કે નિર્ણયો કરવા માટે કોઈ અવકાશ જ રહ્યો નથી. આપણે વિવાદાસ્પદ પ્રશ્નથી દૂર રહીએ અને કાંઇક રચનાત્મક કાર્ય કરીએ—આ સૂત્રે આજની કૉન્ફરન્સના કાર્યક્ષેત્રને જકડી લીધું છે. અબલત્ત વિવાદાસ્પદ પ્રશ્નો ચર્ચવા જતાં એકમેકનાં માથાં ફોડીએ અને કૉન્ફરન્સને ભાંગી નાંખીએ તે કરતાં એવા પ્રશ્નોથી દૂર રહીએ તે વધારે ઇચ્છવાયોગ્ય છે. પણ જે સમાજ પોતાના મૂળભૂત પ્રશ્નોની ચર્ચા સંબંધમાં આવી આળી મનોદશા ધરાવતો થયો હોય તે સમાજે આરોગ્ય અને વૈચારિક પ્રાણબળ હમેશને માટે ગુમાવ્યું છે એમ કહેવા વિચારવામાં જરા પણ અતિશયતા નથી. આવી વિચારપંગુ બનેલી અથવા તો માનસિક પક્ષઘાતથી ગ્રસ્ત બનેલી કૉન્ફરન્સમાં યુવકોને જ માત્ર નહિ; પણ વિચારપ્રગતિ વાંછતા ભાઇબહેનોને પણ રસ હોઈ શકે કે કેમ એ આપે વિચારવાનું છે."

"આવી કૉન્ફરન્સોનો આપણે બીજી રીતે પણ વિચાર કરી શકીએ છીએ. આજે સમાજવાદી ઢબની નવરચનાનું નિર્માણ કરવા આજની ભારત સરકાર ઝંખી રહી છે અને તે દિશાએ પંચવર્ષીય આયોજનો અમલી બનાવી રહી છે. વિનોબાજી ભૂદાન ચળવળદ્વારા એક નવી વિચારસરણીનો ભારતભરમાં ફેલાવો કરી રહેલ છે. આ ઉપરથી મનમાં સહજ રીતે એવો પ્રશ્ન ઉઠે છે કે જૈન શ્વે. મૂ. વિભાગ આખરે ભારતીય પ્રજાનું એક અગત્યનું અંગ છે અને એ રીતે કૉન્ફરન્સની સમગ્ર વિચારણામાં આ સર્વતોમુખી ક્રાન્તિનું કોઈ પ્રતિબિંબ પડ્યું હતું ખરું કે નહિ ? આ અખિલ ભારતીય પ્રશ્નનો આ કૉન્ફરન્સે કાંઈ વિચાર કર્યો હતો ખરો અને એ દૃષ્ટિએ પોતાના સમાજને માર્ગદર્શક બને એવા કોઈ નિર્ણયો કર્યા હતા ખરા ? કે 'કેવળ હું અને મારો શ્વે. મૂ. સમાજ' એ રીતે જ કૂપમંડુક માફક બધી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ? જે કૉન્ફરન્સનું અધિવેશન આપણી આગળથી પસાર થયું તેમાં આવી કૂપમંડુકતા સિવાય ભાગ્યે જ વિશેષ કાંઈ જોવામાં આવ્યું હતું એમ કહું તો તેમાં હું જરા પણ અત્યુક્તિ કરતો હોઉં એમ મને લાગતું નથી."

"આજે દૃષ્ટિકોણ બદલાતે બદલાતે માનસિક ચિન્તન અને દર્શનમાં એવો ફેરફાર થતો રહ્યો છે કે જે મધ્યમાં હતું તે પરિધની દિશા તરફ ખસતું જાય છે અને જે દૂર હતું તે મધ્યવર્તી સ્થાન લઇ રહેલ છે. એક વખત જૈન સમાજને મધ્યમાં રાખીને મનના બધા વિચારો ચાલતા હતા; સમયાન્તરે ભારતને મધ્યમાં રાખીને જૈન જૈનેતર સમાજ વિષે મન વિચાર કરતું થયું; આજે સમસ્ત વિશ્વ મધ્યસ્થ સ્થાને આવીને બેઠું છે, અને તેના સંદર્ભમાં બધી વિચારણા ચાલે છે. આમ છતાં જન્મભરના સંસ્કારોના કારણે જૈન સમાજ વિષેના પક્ષપાતથી મન સર્વથા મુકત થયું નથી અને તેથી વિચાર કે કાર્યના કોઇ પણ ક્ષેત્રમાં જૈન સમાજ અગ્રસ્થાને હોય તો કેવું સારૂં એવી આકાંક્ષા મન અવારનવાર સેવ્યા કરતું હોય છે. આમ છતાં પણ હું જે ચોતરફ જોઉં છું અને કેવળ વૈશ્યવૃત્તિએ આજના જૈન સમાજને કેવો વિચારબધિર, કલ્પનાજડ અને કાર્યપંગુ બનાવી દીધો છે એ સતત અનુભવું છું ત્યારે એક જ વાત મન ઉપર ઉઠી આવે છે અને તે એ કે આ જૈન સમાજ વિચાર અને કાર્યના ક્ષેત્રમાં હંમેશાં અન્ય વર્ગોની પાછળ જ ઘસડાવાને સરજાયો છે. જૈન સમાજમાં નવ–સર્જન શકિત હોય, પ્રાણબળ હોય, વિશાળ સમાજને નવી નવી દોરવણી આપવાની શકિત હોય એવી સદિચ્છા મનમાં સ્ફુર્યા કરતી હોય છે, પણ વાસ્તવિકતાનું દર્શન એવી કોઇ ઇચ્છા કે આશાને જરા પણ ટકવા દેતું નથી.

"આજના આપણા મહેમાન–જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ–શ્રી મોહનલાલભાઇ સમક્ષ આ છુટાછવાયા વિચારો જે રીતે મનમાં સ્ફુર્યા તે રીતે રજુ કર્યા છે–તે આશયથી કે આ દૃષ્ટિએ તેઓ કોન્ફરન્સનો અને જૈન સમાજનો વિચાર કરે અને ચાલુ ચીલામાં ખુંચી ગયેલી અને વિચારના ક્ષેત્રમાં કેવળ જડતાનો ભોગ બનેલી કોન્ફરન્સને અને તે દ્વારા જૈન સમાજને નવા રાહ ઉપર લઈ જવા તરફ પોતાનું ચિત્ત કેન્દ્રિત કરે. તેમના આ પ્રકારના કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિમાં મારો, અમારા સંઘનો–પૂરો સાથ અને સહકાર હશે એવી તેમને આ સ્થળે હું ખાત્રી આપું છું, અને તેમણે અમારા માટે સમય કાઢીને અહિં અમારી વચ્ચે આવવાની જે તકલીફ લીધી છે તે માટે તેમનો હું આભાર માનું છું અને સંઘ તરફથી તેમને અન્તઃકરણપૂર્વક આવકાર આપું છું."

ત્યાર બાદ **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે** જણાવ્યું કે 'શ્રી મોહનભાઈ સાથે આમ મારે લાંબો પરિચય નથી. પરંતુ આપણી સરકારે કમ્પની એકટ સુધારવા માટે જે "ભાભા કમિટી' નિયુક્ત કરી તે કમિટીના એક સભ્ય શ્રી મોહનભાઈ હતા. અને તેને લીધે તેમની સાથે મારો પહેલો પરિચય થયો હતો.

"શ્રી પરમાનંદભાઇએ સંઘ વિષે જે કંઈ કહ્યું તેમાં જરાય અતિશયોકિત નથી. તેમણે કંઈક ઓછું કહ્યું હશે; વધારે નહિ. માણસ વર્તન કરે એનો આધાર એના વિચાર ઉપર છે. એટલે જો વિચાર પલટાય તો જ વર્તનની ક્રાંતિ આવે. સંઘનું ધ્યેય રહ્યું છે સમાજમાં નવી વિચારધારા વહેરાવવી.

"બીજું શ્રી પરમાનંદભાઇએ કોન્ફરન્સને અંગે તેમ જ આજની આપણી સાંપ્રદાયિક મનોદશા વિષે જે કાંઈ કહ્યું તેના અનુસંધાનમાં જણાવવાનું કે આજે જ્યારે આપણું રાજ્ય પોતાને અસાંપ્રદાયિક–secular તરીકે જાહેર કરે છે અને જ્ઞાતિવાદ અને કોમવાદ સામે ચોતરફ એક પ્રકારનું આંદોલન ચાલે છે ત્યારે આપણે સાંપ્રદાયિક છીએ એમ પ્રગટપણે દેખાતાં શરમ આવે છે, પણ મનમાંથી સાંપ્રદાયિક મટી જવું એ આપણામાંના ઘણા ખરા માટે અત્યન્ત મુશ્કેલ છે. પરાપૂર્વના સંસ્કારોનું આપણા મન ઉપર એટલું બધું દબાણ હોય છે. અત્યારે તો મને ઉલટું એમ દેખાઇ રહ્યું છે કે આપણામાં સાંપ્રદાયિક ભાવ ઘટવાને બદલે સુક્ષ્મપણે વધતો ચાલ્યો છે, તેમાં પણ શિક્ષીતો આ સાંપ્રદાયિક ભાવનો, અસાંપ્રદાયિક રહેવાનો પ્રયત્ન છતાં, દલીલથી બચાવ કરતાં જણાય છે. આપણામાં સાંપ્રદાયકતાની જડ કેટલી ઊંડી છે તેની તો જ્યારે એકતા સાધવાનું કાર્ય કરવા બેસીએ છીએ ત્યારે જ ખરી ખબર પડે છે. આપણા સમાજમાં ચાર પ્રકારના વર્ગો દેખાય છે; (૧) તદ્દન બેદરકાર–સામાજિક કે સાંપ્રદાયિક બાબતોમાં તદ્દન ઉદાસીન (૨) સંપ્રદાય ભાવનો કટ્ટર વિરોધી (૩) ઉપરનો મધ્યમ વર્ગ જે સારો દેખાવા માંગે છે, પણ જેના માનસમાં કોઈ મહત્ત્વનો ફેરફાર થયો હોતો નથી, જે થાબડ થાબડ ભાણાં કરીને–બધા સાથે બાંધ છોડ કરીને ચાલવા માંગે છે (૪) એકાન્ત સ્થિતિચુસ્ત–સાધુઓ કહે તે જ સાચું એમ માનીને ચાલનારો અને ધાર્મિક ક્ષેત્રે કોઈ પણ ફેરફારનો સખ્ત વિરોધ કરનારો.

"આપણા સમાજની પરિસ્થિતિનો વિચાર કરતાં મને સ્પષ્ટપણે માલુમ પડ્યું છે કે આપણા સમાજ ઉપર સાધુઓનું ખૂબ વર્ચસ્વ છે. પ્રમાણમાં અમારા સ્થાનકવાસી સમાજનો અમારા સાધુઓ ઉપર સારો અંકુશ છે. આમ છતાં પણ તાજેતરમાં અમારી કોન્ફરન્સના પ્રમુખે જે સંયોગોનો ખ્યાલ કરીને રાજીનામું આપ્યું છે તે સંયોગોની પૃષ્ટભૂમિમાં સાધુઓનું સમાજ ઉપર રહેલું વિપુલ પ્રભુત્વ અને સાધુઓની પ્રત્યાઘાતી મનોદશા જ રહેલી છે. મારો એ મક્કમ અભિપ્રાય બંધાયો છે કે જ્યાં સુધી સમાજ ઉપરથી સાધુઓનું વર્ચસ્વ ઓછું નહિ થાય ત્યાં સુધી સમાજ આગળ વધી શકશે નહિ. આમાં સાધુઓ પ્રત્યે અનાદર નથી. વાસ્તવિકતા જ આ પ્રકારની છે.

"આપણા સમાજના સાધુઓની જ માત્ર આવી દશા છે એમ નથી; પણ આપણે ત્યાં એવા કેટલાક આગેવાનો પણ છે કે જેઓ સમાજના નેતા તરીકે મોટું સ્થાન ધરાવતા હોય છે, જેઓ સામાજિક અને બીજા ક્ષેત્રે પ્રગતિશીલ વિચારો ધરાવતા હોય છે, એમ છતાં શાસ્ત્રની, મંદિરની કે સાધુની વાત આવે છે ત્યાં તેઓ સહજ પણ સમયાનુકુળ ફેરફાર કરવા માગતા જ નથી. હજુ થોડા સમય પહેલાં પંડિત સુખલાલજીનું એક ભવ્ય સમારંભદ્વારા આપણે સન્માન કર્યું. આ સન્માનના રાધાકૃષ્ણન્ જેવા અગ્રણી થયા અને મોરારજીભાઈ, કાકા સાહેબ, ઢેબરભાઈ જેવી અગ્રગણ્ય વ્યકિતઓ આ સન્માનકાર્યમાં સામેલ થઈ. એમ છતાં આપણ સર્વની જાણની વાત છે કે આપણે ત્યાં એવા સાધુઓ છે કે જેમણે પં. સુખલાલજી સામે વિરોધ કરવા પ્રયત્ન કર્યો અને એવા આગેવાનો પણ આપણે જોયા કે જેમણે જૈન સમાજ માટેના આવા ગૌરવભર્યા પ્રસંગમાં સાથ ન આપ્યો. આવી વ્યકિતઓને આગેવાની આપવામાં સમાજને લાભ ન થાય. આપણે કયાં ઉભા છીએ, આપણો જૈન સમાજ કયાં ઉભો છે તેનો આપણે ઉંડો વિચાર કરવો ઘટે છે.

"આવી પરિસ્થિતિમાં સમાજની જે કોઈ આગેવાની લે છે તેની જવાબદારી ઘણી વધી જાય છે. કારણ કે સમાજને તેણે જવાબ આપવાનો રહે છે. આ રીતે શ્રી મોહનભાઈ જેવી વ્યકિત જૈન સમાજને આગેવાની માટે મળી છે એ જોઇને હું ઘણો આનંદ અનુભવું છું અને તેમનું હું અભિનંદન કરૂં છું અને તેમના કાર્યમાં હું સફળતા ઇચ્છું છું."

ત્યાર બાદ **શ્રી મોહનલાલભાઇએ** જવાબ આપતા કહ્યું "આપે મને તમારા સંઘમાં નિમંત્રો તે માટે હું તમારો આભારી છું. સમાજનાં ઉત્કર્ષ બાબતમાં શ્રી પરમાનંદભાઇ તથા શ્રી ચીમનલાલભાઈનાં વિચારો જાણી મને આનંદ થયો છે. તેમાંથી મને ઘણું જાણવાનું મળ્યું છે. સમાજમાં પરિવર્તન લાવ્યા વગર છૂટકો જ નથી. પરંતુ આપણી મૂકેલી મિત્રો મિત્રોની છે. આપણામાં ઈર્ષા–વેર ઘર ઘાલી બેઠા છે. વિચારમાં આપણો ભેદ હોઇ શકે–કેટલી ઝડપથી આગળ વધવું છે તેમાં મતભેદ હોઇ શકે–પણ અંતિમ લક્ષ્યમાં ભેદ ન હોવો જોઇએ. આપણે જે પરિવર્તન કરવા માંગીએ છીએ તેમાં સાધુસંસ્થાએ પણ સહકાર આપવો જ જોઇએ. પણ આપણે બહુ જોરથી આગળ વધીને સમાજમાં કામ કરી શકીશું કે કેમ તે વિષે મને શંકા છે. આજે આપણી દૃષ્ટિ દેશ તરફ છે. અને દેશમાં જાણે ઇતિહાસનું પુનરાવર્તન થતું લાગે છે. એકતાને બદલે પાછળ હઠયા હોઇએ એમ જણાય છે. પંચવર્ષીય યોજનાઓમાં ખૂબ ઝડપ પકડી આગેવાનો

વિચાર કરતા થયા છે અને મહત્ત્વના પ્લાનો પહેલાં કરવા એવું વિચારાય છે. એટલે મારું કહેવું એ છે કે સમાજની પરિસ્થિતિના હિસાબે ઝડપ રાખો. ક્રાંતિકારી પરિવર્તન શક્તિના પ્રમાણમાં કરો. તમારા વિચારો હજી સમાજ તૈયાર થયો નથી, તમારા ધાર્મિક અને સામાજિક ઉત્કર્ષના અંતિમ ધ્યેય માટે મતભેદ ન હોઇ શકે– પણ આપણે સમાજને સાથે રાખવાનો છે. બધાને સાથે લાવીને બધાએ ભેગા બેસીને કાર્ય કરવાનું છે. કોન્ફરન્સનાં પ્રમુખ તરીકે મેં જે જવાબદારી લીધી છે–અને હું જે કરવા માંગું છું તે–સંજોગવશાત્ ન પણ કરી શકું–પરંતુ હું ખાતરી આપું છું કે બધા ફિરકાના –બધા પંથના–ઐક્ય માટે–હું મારાથી બનતું બધું કરીશ. સમાજમાં ચેતના અને જાગૃતિ ન હોય તેથી આપણે નિરાશ થવાની અને નિષ્ક્રિય થવાની જરૂર નથી. હું કબુલ કરું છું કે આપણે હવે દૃષ્ટિબિન્દુ નહિ ફેરવીએ તો દેશને નુકશાન છે અને દેશને નુકશાન એટલે સમાજને નુકશાન છે. પરંતુ આપણે કાર્યકરો પેદા કરવા પડશે–આપણે આપણી ઝડપનો આજની વાસ્તવિકતા સાથે મેળ મેળવવો પડશે– અને મને વિશ્વાસ છે કે સમાજમાં પરિવર્તન આવશે. નહિ આવે તો કુદરત લાવશે."

સંઘના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુજપુરીયાએ મોહનલાલભાઇનો, અને તેમનાં પુત્રી કુસુમબહેનનો આભારવિધિ કર્યો અને ચંદન–સુવાસિત ફૂલમાળા અર્પણ કરી. ત્યાર બાદ કેટલી ચર્ચા વિચારણા થઇ અને જાણે સૌ મિત્રો મિત્રો મળ્યાં હોય એમ એક સહપ્રવાસીઓના આનંદ મેળામાં જઇ આવ્યાની પ્રસન્નતા સાથે સૌ વિખરાયા.

આત્માની વિકાસશ્રેણી

તા. ૧૫–૬–૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'ફિલસુફ કવિ શેખ અબદુલ્લા અણસારી' એ મથાળાના લેખના છેડે એ જ કવિએ રચેલ એક કાવ્યનો બહેન ગીતા પરીખે કરી આપેલ અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમાં 'અસ્તિત્વ' ને બદલે 'અસ્તિતત્ત્વ' એમ ભૂલથી છપાયું હતું અને તેમાં પ્રગટ થયેલ પંક્તિઓનો ક્રમ મૂળ લખાણ મુજબ જાળવી શકાયો નહોતો, જેના પરિણામે એ કાવ્યનો ભાવાર્થ ગ્રહણ કરવાનું અને કલ્પાયલી છંદરચનાને અનુસરવાનું વાંચનાર માટે મુશ્કેલ બન્યું હતું. આમેય તે એ કાવ્ય સ્વતંત્ર રીતે ચિન્તન–મનન–કરવા યોગ્ય છે જ. એમાં આત્માની જે વિકાસશ્રેણીનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે વેદાન્તના અદ્વૈતવાદની બહુ નજીક લઇ જાય છે અને શ્રી. અરવિન્દે 'લાઇફ ડીવાઇન' માં કરેલ તત્વનિરૂપણ સાથે બહુ મળતું આવે છે. ઉપનિષદમાં પણ આ જ વિચારનો પ્રતિધ્વનિ જોવામાં આવે છે. આમ હોવાથી તે કાવ્યાનુવાદનું પુનઃ વાચન–મનન પ્રબુધ્ધ જીવનના વાચકો માટે સવિશેષ ઉપકારક નીવડશે એવી આશા છે. તે કાવ્યનું શુધ્ધ રૂપ નીચે મુજબ છે:—

(છંદ : મિશ્રોપજાતિ–વસન્તતિલકા)

મેં સ્ફૂટ અવ્યક્તમહિંથી થાતાં
મુકામ કીધો
ભૌતિક અસ્તિત્વની કુંજમાંહે;
વનસ્પતિ ને ખનિજોનું વિશ્વ
ત્યાંથી વટાવી વિકસંતુ માનસ
મારૂં મને લૈ ગયું પ્રાણીઓના
રાજ્યે;
વધ્યો આગળ ત્યાંથી હું તો
ને માનવી – અંતરની સ્ફૂટીક શી
તેજસ્વી ને નિર્મળ છીપમાં મેં
અસ્તિત્ત્વનું માહરૂં બિન્દુ મૂકી
મૌક્તિક રૂપે વિકસાવ્યું સુંદર;
ને પ્રાર્થના – મંદિર આસપાસ
ઘૂમ્યો બહુ સત્પુરુષોની સંગે.
એ સૌ લહી આગળ હું વધી રહ્યો
તેની કને દોરવી જાય તે થકે.
અને અહો દાસ બની ભળી રહ્યો
હું દ્વાર એને!
સહુ દ્વૈત ઓસર્યું.....
તાદાત્મ્ય એની સહ કેવું અપૂર્વ માણ્યું!!

ગીતા પરીખ

પં. સુખલાલજી સન્માન સમારંભ પ્રસંગે
શુભેચ્છાના સંદેશાઓ મોકલનાર મિત્રોની યાદી

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં પં. સુખલાલજી સન્માન સમારંભ પ્રસંગે મળેલા શુભેચ્છાના સંદેશાઓમાંથી કેટલાક આગલા અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. જગ્યાના સંકોચના કારણે બાકી રહેલા સંદેશાઓ પ્રગટ ન કરતાં સંદેશાઓ મોકલનાર મિત્રોની યાદી નીચે પ્રગટ કરવામાં આવે છે. આ સર્વ મિત્રોનો અમારી સમિતિ તરફથી આભાર માનવામાં આવે છે. **મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ.**

પં. શ્રી પ્રુલચંદ્રજી સિધ્ધાન્તશાસ્ત્રી
પં. લાલચંદ્ર ભ. ગાંધી, વડોદરા
શ્રી અગરચંદ નાહટા
,, ભંવરલાલજી નાહટા
,, ખુશાલચંદ ગોરાવાળા
,, જેઠાલાલ જોષી, મંત્રી, ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ
,, વીરેન્દ્રકુમાર જૈન સહસંપાદક, ધર્મયુગ, મુંબઈ
,, કાન્તાપ્રસાદ જૈન
,, નટવરલાલ વ્યાસ, ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા
,, પ્રભુદાસ બાલુભાઈ પટવારી, અમદાવાદ
ડૉ. સુમન્ત મહેતા, અમદાવાદ
શ્રી શારદાબહેન સુમન્ત મહેતા, અમદાવાદ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી, મુંબઇ
ડૉ. જીવરાજ મહેતા, મુંબઇ રાજ્યના નાણાંપ્રધાન
શ્રી એસ. જી. કાજી, મુંબઈ રાજ્યના સિવીલ સપ્લાય, હાઉસીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, મત્સ્યોદ્યોગ ખાતાના પ્રધાન
ડૉ. ભાસ્કર પટેલ, નાયબ પ્રધાન, મુંબઇ રાજ્ય.
શ્રી ચીનુભાઈ ચીમનલાલ મેયર, અમદાવાદ
ડૉ. પી. એમ. જોષી, મુંબઈ
શ્રી. પુરુષોત્તમ જી. માવળંકર અને એમનાં માતુશ્રી, અમદાવાદ
શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, અમદાવાદ
,, ચંદ્રકાંત મોતીલાલ જગાભાઇવાળા, અમદાવાદ
શ્રી શાંતિકુમાર જી. મોરારજી, મુંબઈ
,, આર. બી. મહેતા ,,
,, ચીમનલાલ બી. પરીખ ,,
,, વાય. એન. શાહ ,,
,, મ. ધ. ચૌધરી, ઉપમંત્રી, સીંચાઈ વિભાગ, મુંબઇ રાજ્ય,
,, કે. અ. ભોજક, મહેસાણા
કુમારી કે. ખંડાલાવાલા, મુંબઇ
શ્રી. જ્યોતિપ્રસાદજી જૈન આગ્રા
,, નાગકુમાર મકાતી વડોદરા
,, મોહનલાલ મેહતા ઉદેપુર
,, રામજીદાસ જીંદલ નવી દિલ્હી
,, પારસમલ જૈન બેંગલોર
ડૉ. ભાઇલાલ બાવીશી પાલીતાણા
શ્રી પ્રુલચંદ હરિચંદ દોશી ,,
,, "ગુજરાત સમાચાર" દૈનિક, અમદાવાદ
,, છોટાલાલ ત્રિકમલાલ પરીખ ,,
,, ડાહ્યાભાઇ જાની ,,
,, ગુલાબચંદ લલ્લુભાઇ ભાવનગર
,, યશોવિજય જૈન ગ્રંથમાળા ,,
,, ભોગીલાલ મગનલાલ ,,
શ્રી શિવજી દેવશી મઢડાવાળા મહાબળેશ્વર
,, અમૃતલાલ મોહનલાલ પંડિત પાટણ
,, કપૂરચંદ સૂતરિયા મદ્રાસ
,, બાલકૃષ્ણ ગોધનકા ,,
,, ભંવરલાલ જૈન ,,
,, મણિલાલ મોહનલાલ પાદરાકર મુંબઈ
,, ઋષભદાસજી રાંકા પૂના
,, રમણીકલાલ મોદી અમદાવાદ
,, બાળકેળવણી મંડળ બગસરા
,, રતિલાલ મફાભાઈ શાહ માંડળ
,, પ્રતાપરાય એમ. મોદી વડોદરા
,, કેસરબહેન ઝવેરી પાલનપુર
,, કેશવલાલ નગીનદાસ શાહ માણસા
,, હિંમતલાલ ગણેશજી અંજારિયા મુંબઈ
,, મગનલાલ બી. શાહ ,,
,, પી. એમ. સાંગાણી ,,
,, મોતીલાલ વીરચંદ શાહ માલેગામ
,, સારાભાઇ મણીલાલ નવાબ અમદાવાદ
,, ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા ,,
,, વસુમતી ગાંધી તથા કૃષ્ણલાલ ગાંધી, ડીસા
,, પી. કે. શાહ પૂના
સાહિત્ય–સંસ્થાન, રાજસ્થાન વિશ્વવિદ્યાપીઠ ઉદેપુર

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગષ્ટ ૧, ૧૯૫૭, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

બહુજનઅનુમત સમાજવાદ

Socialism by Consent

(ગતાંકથી ચાલુ)

આપણા પોલાદ પ્લાંટસ અને વિદ્યુતયોજનાઓનું અર્થકારણ

હાલમાં આપણે ત્રણ મોટા પોલાદનાં કારખાનાંઓ બાંધી રહ્યા છીએ અને આપણે તે માટે મોટી રકમો વાપરવી પડશે. અંદાજે, દરેક કારખાનાં ઉપર આપણને રૂા. ૧૨૫ કરોડ ખરચવા પડશે એટલે બધું મળીને લગભગ ૪૦૦ કરોડ રૂપિયા ઉક્ત કારખાનાંઓ માટે આપણે ખર્ચીશું. આમ છતાં, અત્યાર પુરતું અથવા તો તાત્કાલિક આ રોકાણમાંથી આપણને જલ્દી ફાયદો–નફો મળે એ સંભવિત નથી. હકીકતમાં તો આ કારખાનાંઓ આવતા ત્રણ કે ચાર વરસો દરમ્યાન કાંઈ પણ ફાયદો–નફો આપે એ સંભવિત નથી. એ ખરૂં છે કે એક વખત આ કારખાનાંઓ બંધાઈ જશે અને કામ કરતા થઈ જશે કે પછી તરતમાં જ તે દ્વારા આપણને મોટા અને ઘણા ફાયદાઓ થશે અને તે કારખાનાંઓ ખૂબ જ ઉપયોગી થશે. હકીકતે, આપણે તેમના માટે આજે જેટલું ખર્ચ કરીએ છીએ તેનાથી અધિક ઘણું વધારે સમયાન્તરે તેમના તરફથી આપણને પ્રાપ્ત થશે. પરતું શરૂઆતનાં ત્રણ કે ચાર વરસ માટે આપણે ગમે તે રીતે અને કોઈ પણ સંજોગોમાં તેનો બોજો સહન કરવો જ રહ્યો. જે કોઇ રાષ્ટ્રનું ઉદ્યોગીકરણ હાથ ધરવામાં આવે છે તે રાષ્ટ્રે આ પ્રમાણે બોજો સહન કરવો જ પડે છે, આ હકીકત છે. શરૂઆતમાં, ઉદ્યોગો દ્રવ્યના મોટા પ્રમાણમાં આહુતિ માગી લે છે; નફો પાછળથી આવે છે–એકાદ અગર બે વરસ પછી અથવા તો પાંચ વરસ પછી અને કોઈ વાર તો ૨૦ વરસ પછી પણ–આવે છે. આજે આપણે ભારતમાં મોટાં કારખાનાંઓ બાંધવાનાં, નહેરો ખોદવાનાં અને એવા બીજાં કેટલાંક મોટાં કાર્યો કરી રહ્યા છીએ. આપણે ભાખરા–નાંગલ, દામોદર ખીણ વગેરે પર પુષ્કળ દ્રવ્ય ખર્ચી નાખ્યું છે, પરંતુ અદ્યાપિપર્યંત આપણને તેમાંથી કાંઇ પણ નફો પ્રાપ્ત થયો નથી. ભાખરા–નાંગલ યોજના દરરોજનો રૂા. ૮ લાખ ખર્ચ માગી લે છે, જેમાં મઝદૂરોના પગાર, સાધનો અને વસ્તુઓની ખરીદી વગેરેનો સમાવેશ થઈ જાય છે.

આપણે આ ભાર ઉપાડવો જ રહ્યો

છેલ્લે આપણે લાંબી નહેરો ખોદી કાઢીશું કે જે નહેરોથી પંજાબ, રાજસ્થાન અને હિમાચળ પ્રદેશના અમુક વિસ્તારને ખેતીવાડી માટે પાણી મળશે અને આનાથી અનાજના ઉત્પાદનમાં વધારો થશે. અને ત્યારે આપણને વરસાદ ઉપર આધાર રાખવાની જરૂર નહિ પડે. આવતાં અનેક વરસો પર્યંત આપણા રાષ્ટ્રબંધુઓને આનાથી ફાયદો થશે. ભાખરા–નાંગલથી વળી વીજળી પણ મળશે. આ બધું સાચું છે, પરંતુ અત્યારે તો તે યોજના ઉપર રૂા. ૧૦૦ કરોડ એટલે કે રૂા. એક અબજનો ખર્ચ થઈ ચૂક્યો છે. આમ તાત્કાલિક કાંઇ પણ ફાયદા વિના આપણે આ ભાર સહન કરવો જ રહ્યો.

જ્યારે રાષ્ટ્રો આ રીતે પ્રગતિ કરે છે અને તે માટે તેમને મોટી રકમો ખર્ચવી પડે છે ત્યારે તે રાષ્ટ્રોમાં પ્રવર્તમાન જરૂરીયાતો પર કાપ મૂકીને તે પ્રમાણે કરાય છે એમ હું ભારપૂર્વક કહેવા માગું છું. ફાયદાઓ તો પાછળથી પ્રાપ્ત થાય છે, પરંતુ એક વખત આ પ્રક્રિયા શરૂ થઈ કે પ્રગતિ ઝડપી બને છે. એટલે આ વસ્તુ આપણે ગંભીરતાથી ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અત્યારે આપણે એક એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ કે એક તરફ આપણી સમગ્ર શક્તિ–બળ મોટી યોજનાઓ પાર પાડવા તરફ વાળવામાં આવી છે અને કરોડો રૂપિયાના ખર્ચનું આયોજન આપણે કરીએ છીએ; પરંતુ બીજી તરફ તેના બદલામાં આપણને ભાગ્યે જ કાંઇ પ્રાપ્ત થાય છે. અલબત્ત, થોડાંક વરસો પછી આપણે બહુ મોટો આર્થિક લાભ પ્રાપ્ત કરીશું અને એક વખત પ્રક્રિયા શરૂ થઇ કે પછી આપણી મુશ્કેલીઓનો ઘણે અંશે નિકાલ થઈ જશે. અને ત્યારે આપણી જાવક કરતાં આવક વધી જશે અને સામાન્ય જનતા પણ ફાયદો પ્રાપ્ત કરશે અને આપણું રાષ્ટ્ર સમૃદ્ધ થશે.

ઉત્પાદન હળવું કરવામાં રહેલું જોખમ: પહેલા વિશ્વયુદ્ધ પછીના જર્મનીનું દૃષ્ટાંત

આ બધા મુદ્દાઓ જો તમે ધ્યાનમાં રાખશો અને તેનો વિચાર કરશો તો સૂત્રોચ્ચારની નિરૂપયોગીતાનો તમને ખ્યાલ આવી જશે. કેવી રીતે વધુ ઉત્પાદન કરીને જનતા પરનો બોજો ઓછો કરી શકાય અને આગેકૂચ કરી શકાય એ આજની સાચી સમસ્યા છે. માની લો કે જનતાને ખુશ કરવા માટે આપણે કરવેરામાં ઘટાડો કરીએ અને એ રીતે જનતાની વાહવાહ મેળવીએ, પરંતુ તેથી તેનું સ્પષ્ટ પરિણામ એ આવશે કે આપણે આ બધી યોજનાઓ–જેના ઉપર આપણે આશાનો મોટો મદાર બાંધી બેઠા છીએ અને જે ભવિષ્યમાં ઘણી ફાયદાકારક થવાની જ છે તે બંધ રાખવી પડશે. અને એક વખત રાષ્ટ્રમાં ઉત્પાદનનો ઘટાડો થશે તો ચલણીનાણાંની કિંમત ઓછી થઈ જશે અને તેના પરિણામે સામાન્ય મોંઘવારીમાં વૃદ્ધિ થશે. ઇતિહાસમાં આપણી સમક્ષ દાખલાઓ મોજુદ છે. કેટલાક રાષ્ટ્રોમાં ચલણી નાણાંની કિંમત કલ્પનાથી પણ બહાર એટલી નીચી થઇ ગઇ હતી. પહેલા વિશ્વયુદ્ધ પછીના જર્મનીનું દૃષ્ટાંત જુઓ. તેનું ચલણ માર્ક છે, અને એક સમયે, એક સાદા પત્ર માટે એક લાખ માર્કના કિંમતની ટપાલની ટીકીટો (જેની કિંમત એક રૂપિયાથી ઓછી એટલે કે લગભગ ૧૦ આના થતી હતી) ની જરૂર પડતી. અને જ્યારે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઇ ત્યારે જર્મનીમાં બધું જ ઊંધી દિશામાં જવા લાગ્યું હતું.

જ્યારે લોકો ક્રિયાશીલ બને છે ત્યારે જ ફાયદાઓનો ફાલ ઉતરે છે

આ બધી સમસ્યાઓ અંગે વિચાર કરવાનો હું આપને અનુરોધ કરૂં છું. આ બધી ગૂંચવણભરી સમસ્યાઓ છે. સરલસ કાઢવાથી કે મોટી મોટી વાતો કરવાથી કોઈ પણ હેતુ સધાતો નથી. એ જેમ હોય તેમ, આ બધા પ્રયત્નોનું આખરી પરિણામ શું આવશે એ તો કોઇ પણ વ્યક્તિ ચોકસતાથી કહી ન જ શકે. લાડકા ઉપર કામ

કરતા સુથાર, લોખંડ સાથે કામ કરતો લુહાર, પૂલ બાંધતો ઇજનેર અને એવા બીજા અસંખ્ય માનવો પાસેથી આપણે કામ લેવાનું છે. ટુકમાં, આ બધી પ્રવૃત્તિઓમાં બે પાંચ વ્યક્તિઓ રોકાયલી છે એવું નથી, પરંતુ તેની પાછળ છે, ૩૭ કરોડ માનવોનો સામુહિક અને સંયુક્ત પ્રયત્ન. ૩૭ કરોડ માનવોની કાર્યશક્તિનો અને તેમાંનાં કેટલા માનવો પૂરા જોસ અને નિષ્ઠાથી કામ કરે છે અને તેમાંના દરેકની કાર્ય શક્તિ કેટલી છે–તેનો તાગ કોઈ સહેલાઇથી કાઢી ન જ શકે. હકીકતમાં, હજારો બાબતોની આસપાસ એ સમગ્ર પ્રશ્ન ઘૂમ્યા કરે છે. પરિણામે, કોઇ ચોક્કસ નિર્ણયો બાંધવાનું કામ સહેલું નથી. આમ છતાં, એ તો સ્પષ્ટ છે અને અનુભવ તેમ બતાવે છે કે જ્યારે લોકો પૂરા ક્રિયાશીલ બને છે ત્યારે જ ફાયદાઓનો ફાલ ઉત્તરે છે.

સમાજવાદના ઇતિહાસ : કલ્પના–રાજ્ય (Utopianism) માંથી વૈજ્ઞાનિક સમાજવાદ : (Scientific Socialism) તરફ: કાર્લ માર્કસે ભજવેલો ભાગ.

આપણે સમાજવાદના પ્રશ્ન પર પાછા આવીએ. મુખ્યત્વે અને મૂળભૂત રીતે સમાજવાદનો હેતુ છે જનતાને સમૃદ્ધ બનાવવાનો. સમાજવાદના સદરહુ વિચારનો જન્મ થયો આજથી ૧૫૦ વરસો અગાઉ: તેનો ઉદ્‌ભવ થયો ઈંગ્લાંડમાં કે જ્યાં મોટા ઉદ્યોગો અને કારખાનાંઓ બંધાતાં હતાં. ત્યાં ઘણા સમયથી જમીનદારશાહીનું પ્રભુત્વ હતું અને તે ખેડૂતોને કચડી રહ્યું હતું. પરંતુ ઉદ્યોગો અને કારખાનાંઓની સ્થાપના થતાં, એક નવા વિચારે સમાજને આકર્ષી લીધો. પ્રાથમિક તબક્કાઓમાં તેને કલ્પિત–સમાજવાદ (Utopian Socialism) તરીકે ઓળખવામાં આવતો, સૌને સમાનતા ઇચ્છતો એવો આ વિચાર લગભગ લાગણીપ્રધાન વિચાર હતો. આ રીતે આ વિચાર લગભગ ૩૦ થી ૪૦ વર્ષ પર્યંત ચાલુ રહ્યો. પછી તેનુ પરિવર્તન થયું, જેને આપણે વૈજ્ઞાનિક સમાજવાદ (Scientific Socialism) કહીએ છીએ તેમાં. આ સમસ્યા ઉપર ઘણી વ્યક્તિઓ કામ કરવા લાગી અને વિચાર કરતી થઈ ગઈ. તે બધામાં કાર્લ માર્કસ ઘણા આગળ પડતા હતા. તે ઘણાં જ જાણીતા છે અને સામ્યવાદના prophet–પયગંબર–તરીકે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. તેમનાં પુસ્તકો ખૂબ રસપૂર્વક અને માનની દૃષ્ટિથી વાંચવામાં આવતાં. તેમણે લગભગ એક સો વરસો પૂર્વે વૈજ્ઞાનિક સમાજવાદનો પાયો નાખ્યો. મૂડીવાદી પદ્ધતિનું તેમણે સ્પષ્ટતાથી વિશ્લેષણ કર્યું અને સમાજની પદ્ધતિ બદલવાનો માર્ગ બતાવ્યો. તેમની ફીલ્સુરી બહુ ગૂંચવણભરેલી છે. તેની વિગતોમાં અત્યારે હું ઉતરવા માગતો નથી. આમ છતાં, માર્કસ જર્મનીનો વતની હતો અને તેની સમક્ષ જે દુનિયા હતી તે એકસો વરસો પહેલાં અસ્તિત્વમાં હતી–એ હકીકત આપણે બરોબર યાદ રાખીએ. તે સમયે કોઇ પણ રાષ્ટ્રમાં સાચી લોકશાહી પદ્ધતિની રાજ્ય-સત્તા અસ્તિત્વમાં ન હતી અને યોગ્ય ઉમરના મતાધિકારનો કોઇ પણ સામાન્ય નિયમ પણ અમલમાં નહોતો. હા, ઈંગ્લાંડમાં પાર્લામેન્ટ હતી, પરંતુ ત્યારે તેમાં પ્રવેશ તો માત્ર ધનવાનો જ પામી શકતા. અને આ ધનવાનો પ્રત્યેક પ્રકારના પ્રશ્નોની ચર્ચા કરતા, પરંતુ સામાન્ય માનવીના હિતોની તો અવગણના જ કરતા. વળી ત્યારે એક મોટું રાષ્ટ્ર રશિયા પણ હતું. તેના પર એક આપખુદ રાજા–ઝારનું રાજ્ય ચાલતું હતું. જર્મનીમાં પણ આપખુદ રાજ્ય ચાલતું હતું. હું જે બતાવવા માગું છું તે એ છે કે નિઃશંક માર્કસ એક મહાન પુરૂષ હતો, પરંતુ તેણે જે કાંઈ લખ્યું તે તેના સમયના અનુભવોને આધારે હતું તે સમય પૂરતું તે તદ્દન સાચું હતું.

વૈજ્ઞાનિક પ્રગતિ વિશ્વને પલટે છે: માર્કસનું લખેલું બધું આજે સાચું હોઈ ન શકે

આજે આપણે ધ્યાનમાં આ રાખવાનું છે કે અત્યારે એટલે કે માર્કસ પછીના એક સો વરસોમાં, આ વિશ્વમાં એક મોટું પરિવર્તન થઇ ગયું છે; અને તેના સમય અંગેની તેણે ઘણીયે બાબતો જે સાચી રીતે કહી છે તે આજને માટે સાચી નથી. મને ખાત્રી છે કે જો માર્કસ આજે જીવંત હોત તો તેણે જુદી જ રીતે વિચારણા કરી હોત અને જૂદી જ રીતે પુસ્તક લખ્યું હોત. અને તેથી માર્કસે એકસો વરસો પૂર્વે જે કાંઈ લખ્યું તેને આજે જ્યારે એકાન્ત અને અખંડ સત્ય તરીકે ગણાવાય છે ત્યારે મુશ્કેલી–મૂંઝવણ ઉભી થાય છે. આમ કરવું તે યોગ્ય નથી અને એ રીતે વર્તવામાં એ મહાપુરૂષને અન્યાય થાય છે. તમે આજની દુનિયા નિહાળો અને માર્કસનું પુસ્તક લખાયું ત્યારની એટલે કે આજથી એકસો વરસો પૂર્વેની દુનિયા પણ જૂઓ. આપણા સામ્યવાદી મિત્રો ઘણી વાતો કરે છે–અને તેમાંથી કેટલીક સારી હશે પરંતુ આમ છતાં ઘણી બાબતો સંબંધમાં તેઓ પોતાની આંખો તદ્દન બંધ કરીને ચાલે છે. એકસો વરસો પૂર્વે માર્કસે જે કાંઇ લખ્યું છે તે એકસો વરસો પછી આજે ભારતને માટે અગર ચીન માટે અને એ દૃષ્ટિએ સમગ્ર વિશ્વ માટે કોઇ પણ રીતે યોગ્ય કે બંધ–બેસતું હોઈ ન જ શકે. પાછલાં એ એકસો વરસોમાં અસંખ્ય ઘટનાઓ બની ગઇ છે અને સમસ્ત દુનિયા પલટાઈ ગઇ છે. વિજ્ઞાને મહાન ફેરફારો આણ્યા છે. આજે આપણી સામે ટેલીફોન છે, તારનાં દોરડાં છે, વગેરે વગેરે ઘણું છે. આજે રેડિયો અસ્તિત્વમાં છે અને આપણે જે કાંઈ કહીએ તે તરતજ સમગ્ર જગતના રાષ્ટ્રોમાં હજારો માઇલોના વિસ્તારમાં સંભળાય છે. પૂર્વે આ સ્થિતિ ન હતી. તો જગત પલટાયું છે અને દુનિયામાં જ્યારે આવાં પરિવર્તનો થાય ત્યારે એ તો સ્વાભાવિક છે કે સમાજની પદ્ધતિમાં પણ પરિવર્તન થવું જોઇએ અને આવું પરિવર્તન સમાજને જરૂર ફાયદાકારક નીવડે છે.

ઔદ્યોગીકરણ અને રોજગારી

મોટરની ઝડપની સામે ટાંગાવાળા, રીક્ષાવાળા અને ગાડાવાળા ઘણા પાછળ રહી જાય છે. અલબત્ત આપણને એના માટે દુઃખ થાય, પરંતુ મોટર સામે ગાડાં હરીફાઈ ન જ કરી શકે. મોટર ઘણી વધારે મોંઘી કીંમતની હોય છે, જ્યારે ગાડાં સસ્તી કીંમતના હોય છે. પરંતુ એક મોટર જેટલું કાર્ય, ૫૦ ગાડાંથી ભાગ્યે જ થઇ શકે. આમ છતાં, આનાથી એક તરફ બેરોજગારી પરિણમે છે જ્યારે બીજી તરફ વધારે ઉત્પાદન થાય છે. જ્યાં જ્યાં નવા ઉદ્યોગોનો વિકાસ થયો છે ત્યાં કુલ ઉત્પાદન વિપુલ થયું છે અને વળી રોજી–આવક મેળવવાની તકો પણ વધી છે. ખરેખર, ઔદ્યોગીકરણ રોજગારી અને આવક માટે નવાં દ્વારો ઉઘાડે છે.

ભારત પરની બ્રિટનની જીતની અસર : જમીનની જરૂર અને માગણીમાં વધારો

હવે ભારત તરફ જોઇએ. બ્રિટનવાસીઓ અહીં ૧૫૦ વરસો અગાઉ આવ્યા. તે સમયે ભારતમાંનો સામાન્ય માનવી સમૃદ્ધ હતો અને તે ખાવાનું પૂરતું પામતો તેમજ સુખચેનથી પોતાનું જીવન ગુજારતો એ હકીકત તો બહુ સારી રીતે જાણીતી છે. તે સમયે વિપુલ ગૃહઉદ્યોગો અસ્તિત્વમાં હતા. દરેક ગામડું ઉપયોગી ધંધાઓની પ્રવૃત્તિઓમાં ધમધમી રહેતું. ગામડાંઓમાં, શહેરોની માફક, લોકો નાના નાના ઉદ્યોગોમાં પણ રોકાયેલા રહેતા. આપણી પાસે અનેક કળા-કારીગીરીઓ હતી. બ્રિટનવાસીઓના આગમન પછી આપણા તે ગૃહ-ઉદ્યોગો છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યા અને આપણી કળા કારીગીરી અદૃશ્ય થઇ ગઇ અને હજારો લોકો બેરોજગાર થઈ ગયા. આ બેકાર લોકો જમીન ભણી વળ્યા અને તેથી જમીનની માગણી બૂબ વધી ગઈ. આનું પરિણામ ગરીબાઇમાં આવ્યું. અને તે કુદરતી હતું કારણ કે આપણું કુલ ઉત્પાદન ઘણું નીચું ગયું હતું.

આ પરિસ્થિતિને આપણે પલટાવવી છે. એ સ્પષ્ટ છે કે આપણે હજારો રીતોથી આપણી સંપત્તિને વધારવાની છે. આપણે વિપુલ ઉત્પાદન કરવાનું છે અને (તે માટે) આપણે સખ્ત પરિશ્રમ કરવાનો છે. લોકોને કામધંધા મળવા જોઇએ અને આપણને વધુ માલ મળવો જોઇએ. આપણે લોકોને ખેતીવાડીમાંથી ખેંચી લાવવા જોઇએ. અત્યારે તો ખરેખર જ્યાં ૧૦ માણસો પૂરતા હોય ત્યાં ૩૦ માણસો કામ કરે છે. જે ભૂમિ ૧૦ માણસો પૂરતી છે તે ભૂમિને ૩૦ માણસોની

(અનુસંધાન પાનું ૬૮ ઉપર)

પ્રકીર્ણ નોંધ

એ ચિરસ્મરણીય સન્માન સમારંભ

આ સન્માનસમારંભ અને સ્નેહસંમેલન ઉજવાયાને આજે લગભગ દોઢ માસ થયો છે એમ છતાં જેમ કોઈ મધુર ભોજન બાદ તેના ઓડકાર આવ્યા કરે, જેમ કોઈ મનોહર ચિત્રપટ જોયું હોય અને તેની ચિત્રાવલિ આંખ સામે ફરફર્યા કરે, તેમ એ ભવ્ય પ્રસંગોનાં દૃશ્યો હજુ નજર સામેથી ખસતાં જ નથી. અને કાનમાં પણ એના જ ભણકારા વાગ્યા કરે છે. એ અપૂર્વ સન્માનસમારંભ! દેવોને પણ દુર્લભ એવું એનું દૃશ્ય હતું! કિશોરી બહેને પોતાના કિન્નર કંઠ વડે 'ૐ સહનાવવતુ' વડે પ્રાર્થના શરૂ કરી અને શાન્તિ અને મૌનની લહર ચોતરફ પથરાઈ ગઈ, તેનો સ્વર વિશાળ હોલને ખુણે ખુણે પસરી ગયો. પછી મોરારજીભાઈએ ડૉ. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું; દલસુખભાઈએ શુભેચ્છાના કેટલાક સંદેશાઓ સંભળાવ્યા; ચીમનભાઈએ સન્માન સમિતિનો સંક્ષિપ્ત વૃત્તાન્ત રજુ કર્યો; કાકાસાહેબ કાલેલકરે સન્માનનિધિ પંડિત સુખલાલજીને અર્પણ કરવા અને 'દર્શન અને ચિન્તન' ને પ્રકાશિત જાહેર કરવા સભા-અધ્યક્ષ તત્વવિદ્ ડૉ. રાધાકૃષ્ણનને વિનંતિ કરી. એ અર્પણવિધિ થયો; પ્રકાશન-વિધિ થયો; પુષ્પહારથી પંડિતજીને નવાજતા ડૉ. રાધાકૃષ્ણનને પંડિતજી ભેટી પડ્યા; અને પછી લગભગ ૨૦ થી ૨૫ મીનીટ સુધી ડૉ. રાધાકૃષ્ણન્ વાણી સાથે અર્થનું જેમાં સુભગ મીલન હતું એવી અદ્‌ભુત પ્રવચનધારા અસ્ખલિતપણે વહાવી રહ્યા. ટાંકણી પડે તો પણ સંભળાય એવી શાન્તિપૂર્વક, જાણે કે સૌ કોઈ અવાજ બની બેઠા ન હોય એવી સ્તબ્ધતાપૂર્વક, એકત્ર થયેલો માનવસમુદાય તેમને સાંભળી રહ્યો અને ધન્યતા અનુભવી રહ્યો. પછી પંડિત સુખ-લાલજીએ પ્રસંગોચિત ઉત્તર આપ્યો. અને છેવટે ઢેબરભાઇએ આભાર-વિધિ વડે સૌને મુગ્ધ કર્યા. આખરે જેના મધુર અને ભાવવાહી સંગીતથી સન્માનસમારંભનો પ્રારંભ થયો હતો તેના જ સંગીત વડે 'જનમનગણ' થી સન્માનસમારોહની સમાપ્તિ થઈ. જાણે કે પંચાય-તનની પ્રતિષ્ઠા કરવામાં ન આવી હોય તેમ શ્રી મોરારજીભાઈ, કાકા-સાહેબ કાલેલકર, ડૉ. રાધાકૃષ્ણન્, પં. સુખલાલજી અને શ્રી ઢેબરભાઈ —આ પાંચ વ્યક્તિવિશેષનાં—આપણને એક સાથે દર્શન થયાં; પ્રત્યેકને ક્રમશઃ સાંભળવાનો અપૂર્વ સુયોગ આપણને પ્રાપ્ત થયો. અનેક સંમેલનો અને સન્માનસમારંભો જીવનમાં જોયા છે, પણ જાણે કે એ ઘડિ કોઈ બીજી દુનિયામાં સ્થળાન્તર કર્યું ન હોય, ભૌતિક વાતાવરણમાંથી આધ્યાત્મિક વાતાવરણના ઉર્ધ્વ સ્તરમાં સંચાર કર્યો ન હોય, લક્ષ્મીની ઉપાસના છોડીને સરસ્વતી દેવીની આરાધનામાં જાણે કે બે ઘડિ નિમગ્ન થવાનું બન્યું ન હોય—એવો દિવ્ય અનુભવ કરાવતો આ સમારંભ પ્રત્યેક અર્થમાં અને પ્રત્યેક અંશમાં ખરેખર અદ્વિતીય હતો, અપૂર્વ હતો.

પછીના દિવસનું સ્નેહસંમેલન—તેમાં વ્યવસ્થાની ઠીકઠીક ઊણપ હોવા છતાં, કેટલીક પ્રમુખ વ્યક્તિઓની અનુપસ્થિતિ હોવા છતાં, નિમંત્રિતોની પૂરતી સંખ્યામાં હાજરીનો અભાવ હોવા છતાં—સાચા અર્થમાં સ્નેહસંમેલન જ હતું. જ્યાં ઔપચારિકતાને કશું સ્થાન જ હોઈ ન શકે એવો મિત્રો અને સ્વજનોનો એ અનુપમ મેળો હતો.

આમ પં. સુખલાલજી સન્માન સમિતિએ ચિન્તવેલું કાર્ય ધારણાને પણ વટાવી જાય તેવી સફળતાપૂર્વક પાર પડ્યું એ અમો સર્વ સહકાર્યકર્તાઓ માટે ઊંડા સંતોષનો વિષય બન્યો છે. તત્કાળ આપી શકાય એટલી રકમ પંડિતજીને અર્પણ થઈ ચૂકી છે અને 'દર્શન અને ચિન્તન' પાછળ થયેલો ખર્ચ તથા સમારંભને અંગે થયેલો ખર્ચ બાદ કરતાં અવશેષ રહેલી રકમ બહુ થોડા સમયમાં પંડિતજીને હવાલે કરવામાં આવશે. આ રકમ અને તેમાંથી શરૂ કરવા ધારેલી પ્રવૃત્તિઓ અંગે એક ટ્રસ્ટ ઉભું કરવાનું વિચારાયું છે, જેની વિગતો હવે પછી પ્રગટ કરવામાં આવશે. પ્રદર્શનાત્મક કાર્ય પુરું થયું છે; અર્પિત સન્માન નિધિમાંથી નક્કર કાર્ય શું નિર્માણ થાય છે તે હવે જોવાનું રહે છે.

આમ છતાં સન્માન નિધિ એકઠો કરવામાં આવતો હતો તે દરમિયાન 'દર્શન અને ચિન્તન' જેવો દળદાર ગ્રંથસંપૂટ તૈયાર કર-વામાં આવ્યો છે.—આ એક અતિ મહત્વના નક્કર કાર્યની અહિં નોંધ લેવી ઘટે છે. સન્માન નિધિના અનુસંધાનમાંથી જ આ શુભ કાર્ય ઉભું થયું છે અને તેના અવલંબન વડે જ આ કાર્ય પાર પડ્યું છે. અને તે પાછળ ભાઈશ્રી દલસુખભાઇનો મુખ્યત્વે કરીને અને તેના અનુસંધાનમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઇનો અથાક પરિશ્રમ રહેલો છે. લગભગ પચાસ વર્ષના કાળપટ ઉપર પથરાયલા અને ખેરવિખેર પડેલા પંડિતજીના પ્રગટ અપ્રગટ લેખો, પ્રવચનો વિગેરે એકઠા કરવા, સરખા કરવા, જરૂર જણાય ત્યાં ફરીથી લખવા, છપાવવા, શબ્દ-સૂચિઓ તૈયાર કરવી, દળદાર સંપૂટના આકારમાં ત્રણ ભાગમાં બહાર લાવવા—આ બધું જો સન્માનનિધિનું આયોજન ન હોત અને દલ-સુખભાઈ તથા રતિભાઈની નિઃસ્વાર્થ કાર્યપરાયણતા અને પંડિતજી પ્રત્યેની ભક્તિપરાયણતા ન હોત તો શક્ય જ નહોતું. કોઈ સાધારણ ગ્રંથપ્રકાશન—સંસ્થાની તાકાતની બહારનો આ વિષય હતો.

આ રીતે જે ભવ્ય પ્રસંગ ઉજવાયાને લગભગ દોઢ માસ થવા આવ્યા છે તેને લગતાં મુખ્ય મુખ્ય સ્મરણોને સંકલિત કરતાં હું પરમ આનંદ અનુભવું છું અને તે પ્રસંગને મૂર્ત રૂપ આપવાની દિશાએ અંશતઃ નિમિત્તભૂત થવા બદલ કૃતાર્થતા અનુભવું છું.

લાલબત્તી ધરનારને અવગણીએ નહિ, પણ અપનાવીએ.

જ્યારે કોઈ એક હીલચાલ દેશવ્યાપી બને છે અને તે હીલ-ચાલના સૂત્રધારને તે સંબંધમાં અનેક સ્થળે અનેક વાર બોલવાનું બને છે ત્યારે તે હીલચાલના સ્વરૂપનો અને તે સૂત્રધારનાં ભિન્ન ભિન્ન વિધાનોનો અનેક લોકો અનેક રીતે વિચાર કરે છે, અને એ સંબંધમાં પોતાને જે કાંઈ લાગે તે જનતા સમક્ષ રજુ કરે છે. આવું જ કાંઇક તાજેતરમાં ભૂદાન આન્દોલન અને વિનોબાજીનાં અમુક વિધાનો સંબંધમાં બન્યું છે. થોડા સમય પહેલાં ગુજરાત બાજુએ નવજીવનના તંત્રી શ્રી મગનભાઈ દેસાઈએ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્ય મંત્રી શ્રી ઠાકોરભાઇ દેસાઇએ એવું કોઈ સૂચવતા વિચારો પ્રગટ કર્યા હતા કે વિનોબાજી સામ્યવાદ તરફ ઢળતા જતા તો નથી ને? અરાજ-કતાવાદને ઉત્તેજન આપતા તો નથી ને? અથવા તો અહિંસાના માર્ગે પોતાનું ધ્યેય સિધ્ધ નહિ થાય તો હિંસા સાથે વિનોબાજી બાંધછોડ તો નહિ કરેને? ઇત્યાદિ. આ વિચારો યા તો તર્કો સાથે આપણે મળતા ન થઇએ, એમ છતાં 'શાસન મુક્તિ' શબ્દનો કરવામાં આવતો ચાલુ ઉપયોગ, અથવા તો 'અહિંસા અને પ્રેમથી જમીનનો પ્રશ્ન ન ઉકલે તો પછી સામ્યવાદ જ બીજો વિકલ્પ રહે' આવા ભાવનાં વિનો-બાજીનાં કથનોમાંથી કોઈ પણ વિચારકને ઉપર જણાવેલાં તર્કો સ્ફુરે તો તે સ્વાભાવિક છે એમ આપણે સમજવું જોઇએ અને એવી લાલબત્તી ધરાવતા ચિન્તકો, વિચારકો કે કાર્યકરોને ઉતારી પાડવાને બદલે આપણે આવકારવા જોઇએ, કારણ કે ગાંધીજી હો કે વિનોબા હો, માનવી માત્ર ભૂલને પાત્ર છે. વિચારસ્ખલના કે નિરૂપણસ્ખલનાના કોઈ પણ કારણે આવી ગેરસમજુતીઓ પેદા થઈ હોય તો તે દૂર કરવા દરેક જવાબદાર કાર્યકરે અને પ્રસ્તુત લડતના સૂત્રધારે સજાગ રહેવું જોઇએ અને જરૂરી પ્રયત્ન કરવો જોઇએ. ચિન્તનક્ષતિ હોય તો શુધ્ધ ચિન્તનદ્વારા તે ક્ષતિ દૂર કરવી જોઇએ; નિરૂપણક્ષતિ થઈ હોય તો સ્પષ્ટતર નિરૂપણદ્વારા ઉભી થયેલી ભ્રાન્તિનું નિવારણ કરવું જોઇએ.

આમ કરવાને બદલે ભૂમિપુત્રના સંપાદકો પ્રસ્તુત વ્યક્તિઓને અનુલક્ષીને ભૂમિપુત્રમાં આજકાલ જે કાંઇ છુટું છવાયું લખી રહ્યા છે તે કાંઇક ખેદ તેમજ આશ્ચર્ય પેદા કરે તેવું છે. તા. ૬-૬-૫૭ ના ભૂમિપુત્રમાં 'કોંગ્રેસ લોકસેવક સંઘમાં ફેરવાઈ જાય' એ મથાળા નીચેના એક લેખમાં તેઓ ઉપર જણાવી તેવી પ્રતિકુળ ટીકા-ટીપ્પણીઓનો

ઉદ્દેશીને જણાવે છે કે "એકતાના પેગંબરને તો આપણે અસ્પૃશ્યતા અને કોમવાદના હથિયારથી હણ્યા છે. એકતાનો બીજો પેગંબર આપણે આંગણે પુણ્ય પગલાં કરી રહ્યો છે, ત્યારે 'હું અહિંસક, તું હિંસક, હું શુદ્ધ તું અશુદ્ધ' એવા સાંકડા શુદ્ધિવાદો અને અહંકારી અલગતાવાદોના સંઘર્ષો સરજીને ફરી પધારેલાને પણ હણવાનું કલંક આપણી પેઢી પોતાને માથે ન લઈ લે એ જ ઈશ્વરને આપણી પ્રાર્થના છે." આ લખાણમાં સંપાદકોની અસહિષ્ણુતા અને મનનું આળાપણું તરી આવે છે. સંપાદકો એમ સુચવતા લાગે છે કે જ્યાં વિનોબા હોય ત્યાં તો આપણે હિંસા–અહિંસાનો, શુદ્ધિ–અશુદ્ધિનો વિચાર જ કરવો ન જોઇએ. આવી આંધળી ભક્તિ ભૂમિપુત્રના સંપાદકોને ભલે મુબારક હો! અન્ય જનો પાસેથી આવી અપેક્ષા રાખવાનો તેમને અધિકાર નથી. આ ઉપરાંત પોતાથી અન્યથા વિચારનાર સમર્થમાં લખતાં ગાંધીજીના ખૂનને સાંકળીને વિનોબાજીના ખુન સુધીની આત્યન્તિક કલ્પના તરફ ભૂમિપુત્રના વાંચકોને ખેંચી જવામાં તેના સંપાદકોએ અક્ષમ્ય વિવેકક્ષતિ અને પ્રમાણભંગ દાખવ્યા છે. ભૂદાન કે સર્વોદય વિચારને લોકમાન્ય બનાવવાની આ રીત ન હોય.

સિદ્ધિવાદ વિરૂધ્ધ સાધનવાદ

'વિનોબાજી સામ્યવાદ તરફ ઢળી રહ્યા છે?' એ મથાળાની તા. ૧–૬–૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થયેલી એક નોંધમાં અમદાવાદ ખાતે ગુજરાત યુવક કોંગ્રેસ તરફથી યોજાયલી ગ્રીષ્મ શાળામાં શ્રી મગનભાઇ દેસાઇએ ભૂદાન અંગે કરેલા એક વ્યાખ્યાનની થોડી ટીકા કરવામાં આવી હતી. ત્યાર બાદ 'નવજીવન' ના જુન મહીનાના અંકમાં તેમણે લખેલી 'ભૂદાન આન્દોલન' એ મથાળા નીચે લખેલી નોંધ વાંચવામાં આવી. તે નોંધમાં વિનોબાજીની આજની વિચારસરણી કયા પ્રકારની છે તેનો ખ્યાલ આપવાના હેતુથી તેમણે એક બે અવતરણો રજુ કર્યા છે. ભૂદાન આન્દોલનના સત્તાવાર અંગ્રેજી મુખપત્ર 'ભૂદાન' માં P. H. P. ની સહીથી કાલ્પી સંમેલનનો હેવાલ રજુ કરવામાં આવ્યો છે. તેમાં એક આવું વાકય આવે છે. "વિનોબાએ કહ્યું કે જો એમને લાગશે કે બીજો રસ્તો નથી, તો પોતે જાહેર રીતે હિંસાનો આશરો લેશે....." આ ઉપરાંત સર્વ સેવા સંઘના મંત્રી અને વિનોબાના લાંબા કાળના અન્તેવાસી શ્રી વલ્લભસ્વામીનો એક વાર્તાલાપ તા. ૮–૬–૫૭ ના સંદેશમાં પ્રગટ થયો છે, જેમાં તેઓ જણાવે છે કે "વિનોબાજીએ પાંચ કરોડ એકર જમીન ન મળે તો સામ્યવાદી બની જવાની વાત નથી કરી, પરંતુ તેમણે તો, જો અહિંસા અને પ્રેમથી જમીનનો પ્રશ્ન ન ઉકલે, તો તેમની ઉપર સામ્યવાદમાં વિશ્વાસ રાખવાની ફરજ લાદવામાં આવશે એવી માન્યતા વ્યકત કરી છે અને જણાવ્યું છે કે આ સિવાય બીજો કોઇ વિકલ્પ તેમના માટે રહેતો નથી."

એ જ નોંધમાં આગળ ચાલતાં શ્રી મગનભાઈ દેસાઈ સિધ્ધિવાદ અને સાધનવાદ વચ્ચે રહેલો મહત્ત્વનો ભેદ સમજાવતાં ગાંધીજીની નીતિ અને વિચારપદ્ધતિનું ટુંકાણમાં સુન્દર રીતે વિશ્લેષણ કરે છે અને જણાવે છે કે:—"ગાંધીજી સાધનવાદી હતા. સાધન સુયોગ્ય અને સારૂં છે તે જોઇ લો અને 'એક ડગલું બસ થાય' એ ગતિએ આગળ વધો એ એમની કાર્યપધ્ધતિ હતી. સામ્યવાદ એ સિધ્ધિવાદ છે. 'અમુક સિધ્ધ કરવું છે તે માટે જે સાધન કામ દે તે ખરૂં અને યોગ્ય'–આ એની રીત છે. એક વાદ સાધનની શુધ્ધિ–શકિત ઉપર મુસ્તાક છે; બીજો વાદ સિદ્ધિ અર્થે યેન કેન પ્રકારેણ વર્તે છે.

"આથી કરીને ફેર એવો પડે છે કે, જો સિધ્ધિ ન મળે, તો ગાંધીજી જેવા સાધનવાદી એમ કહે કે, 'સત્ય અને અહિંસા–શાન્તિ અને પ્રેમનું સાધન આપણે પૂરૂં હાથ કર્યું નથી; તે હજી વધુ હાથ કરો. કેમ કે તે અમોઘ છે; આપણે જ એને લાયક ન હોઇએ એમ બને; તેથી વધારે લાયક બનો'!

"સામ્યવાદ કે સિધ્ધિવાદ એમ કહે કે 'શાન્તિથી અને પ્રેમથી ન બને, તો હિંસાના માર્ગો પણ લેવા પડશે; અને એ લેવા એમાં અહિંસા છે, કેમ કે એ હિંસાથી વધારે મોટી હિંસા તે વડે દૂર થશે."

શ્રી મગનભાઇ દેશાઇએ આ રીતે આપણુ સર્વની વિચારણા માટે એક તાત્ત્વિક અને માર્મિક ભેદરેખા રજુ કરી છે. આ માપદંડના અનુસંધાનમાં વિનોબાજીના ઉપર આપેલાં વિધાનો અથવા તો તત્સુચિત વિચાર વળણ વિચારતાં મનમાં સહજપણે એક એવો તર્ક સ્ફુરી આવે છે કે વિનોબાજીનું અદ્યતન વળણ પ્રમાણમાં વધારે સિધ્ધિલક્ષી તો નથી બન્યું ને? આ જ સુધી વિનોબાજીને આપણે જે રીતે સાંભળતાં અને તેમના વિષે વિચારતાં આવ્યા છીએ એ રીતે જોતાં ઉપરના તર્કને અવકાશ હોવો ન જોઇએ એમ આપણું મન કહે છે. આમ છતાં 'જો' અને 'તો' ના સંદર્ભયુકત વિધાનો, જો જે રીતે રજુ કરવામાં આવ્યા છે તે બરોબર હોય તો, માત્ર સાધ્યશુધ્ધિ નહિ પણ સાધનશુધ્ધિ વિષેના તેમના વળણ પરત્વે એક પ્રકારની સંદિગ્ધતા પેદા કરે છે. વિનોબાજી સુધી આ અવાજ પહોંચતો હોય તો તેમને વિનંતિ અને પ્રાર્થના કે આ બાબતમાં તેઓ જરૂરી સ્પષ્ટતા કરે અને તેમણે અથવા તેમના સાથીઓએ ઉભી કરેલી સંદિગ્ધતાને સત્વર નાબુદ કરે.

સર્વોદય વિચારની સાર્વભૌમતા?

કોઈ પણ વિચારબીજમાંથી અમુક આન્દોલન શરૂ થાય છે. પછી એ વિચારબીજ વિકસતું જાય છે; તેમાંથી છોડ ઊગે આવે છે; તે વૃક્ષનું રૂપ ધારણ કરતું જાય છે; ધીમે ધીમે ડાળીઓને પાંદડાઓ ફુટે છે. મૂળ વિચારબીજનું આવું વિકસિત રૂપ જોઇને આપણને કદિ કદિ આશ્ચર્ય થાય છે કે એ વિચારબીજના ગર્ભમાં આજનું આ વિકસિત રૂપ હતું ખરૂં કે એ રૂપ પાછળથી વિકસેલા અને ઉમેરાયલા વિચારોમાંથી નિર્માણ થયું છે?

આપણે એક દાખલો વિચારીએ. અહિંસાવિચારનું એક શુધ્ધ બીજ લઇને તેમાંથી જૈન દર્શન જેવા એક વિશાળ વૃક્ષનું ભગવાન મહાવીરે નિર્માણ કર્યું. એ વૃક્ષના વિસ્તારમાં એવી કેટલીયે અવાન્તર વસ્તુઓ છે કે જેને અહિંસાના મૂળ વિચારબીજ સાથે આપણે સીધી રીતે સાંકળી નહિ શકીએ.

ગાંધીજીએ હરિજનોના પ્રશ્નોને અનુલક્ષીને 'હરિજનબંધુ' શરૂ કર્યું હતું એ આપણ સર્વની જાણનો વિષય છે, પણ પછી તો એ 'હરિજનબંધુ' એ એવું રૂપ ધારણ કર્યું કે તેમાં રાષ્ટ્રીય જ માત્ર નહિ પણ આન્તરરાષ્ટ્રીય પ્રશ્નો કે જેનો હરિજનોના ઉત્કર્ષ સાથે કોઇ સીધો સંબંધ નહોતો એની ચર્ચા પણ આવવા લાગી અને ભારતના રાજકારણને નવાં નવાં વળાંક આપતું મોટા ભાગે એક રાજકારણી સામયિક બની ગયું.

વિનોબાપ્રેરિત ભૂદાનની હીલચાલનો વિકાસ તેમ જ ઇતિહાસ પણ આપણી સામે આવી જ કોઇ ઘટના રજુ કરે છે. ઇ. સ. ૧૯૫૧ ની સાલમાં માર્ચ અથવા તો એપ્રીલ માસમાં દક્ષિણ હૈદ્રાબાદ વિભાગમાં આવેલા શિવરામપલ્લીનું સર્વોદય સંમેલન પતાવીને વિનોબાજી હૈદ્રાબાદ આવ્યા, ત્યાંની જેલમાં કેટલાક કોમ્યુનીસ્ટ ભાઇઓને મળ્યા, તેમણે તે વિભાગના જમીનદારો ઉપર વર્તાયેલો ત્રાસ, અને તેમની જમીનો ઝુંટવીને કેટલાક ભૂમિહીનોને જમીન વહેંચી દીધાની કેટલીક વિગતો તેમના જાણવામાં આવી. ત્યાંથી તેઓ પોચમપલ્લી આવ્યા. એ ૩૦૦૦ ની વસ્તીનું ગામ હતું. બધી મળીને ગામની જમીન ૨૫૦૦ એકર તેમાં બે હજાર લોકો પાસે જમીન ન મળે. ત્યાંનાં હરિજનો વિનોબાજી પાસે આવ્યા અને તેમણે પોતાની મુશ્કેલીઓ જણાવી. તેમની પાસે ખેતી માટે જમીન નહોતી. '૮૦ એકર જમીન મળે તો અમારી મુશ્કેલી દૂર થાય' એમ તેમણે ગણતરી કરીને જણાવ્યું. પહેલાં તો ૮૦ એકર જમીન સરકાર પાસે માંગવી એમ તેમણે વિચાર કર્યો. પણ અહિંથી જ કોઇ જમીન આપવા તૈયાર થાય એમ નથી? એમ પૂછતાં એક જણે ૧૦૦ એકર જમીન આપવા તૈયાર થયો. સંધ્યાકાળની પ્રાર્થના વખતે વિનોબાજીએ એ બાબતની જાહેરાત કરી અને ત્યાંથી જ ભૂદાન યજ્ઞની અને તેને લગતા આન્દોલનની શરૂઆત થઈ.

આ શરૂઆત થયાને આજે છ વર્ષ ઉપર થવા આવ્યું છે. તે દરમિયાન તે આન્દોલને નવાં નવાં રૂપો ધારણ કરતું ગયું છે. ભૂદાનમાં

સંપત્તિદાન અને શ્રમદાન ઉમેરાયાં. પાછળથી ગ્રામદાન આવ્યું. ભૂદાન સર્વોદયનો પર્યાયવાચી શબ્દ બન્યો અને સર્વોદયી સમાજરચનાની કલ્પના ફાલવા ફુલવા માંડી અને તેમાં રાષ્ટ્રની આર્થિક, સામાજિક તેમ જ અમુક અંશે રાજકીય બાબતોને અનુલક્ષીને વિનોબાજીનાં વિવિધ મન્તવ્યોને સ્થાન મળવા માંડ્યું. તેમાં શાસન મુક્ત, શોષણ રહિત, અહિંસક, વિકેન્દ્રિત એવાં વિશેષણોથી યુક્ત એવી કોઈ સમાજ-રચનાની કલ્પના જનતા સમક્ષ રજુ થતી રહી અને એ વિશેષણો ઉપર નવાં નવાં ભાષ્યો ઉમેરાતાં રહ્યાં.

આનું પરિણામ એ આવ્યું કે પ્રારંભમાં ભૂદાન એક સાદો સીધો વિચાર હતો. તે શબ્દથી જમીનવાળા પોતાની જમીનનો અમુક ભાગ આપે અને એ રીતે એકઠી કરવામાં આવેલી જમીન ગામના ભૂમિહીનોને વહેંચી દેવામાં આવે એટલું જ સૂચિત હતું. જેમ હરિ-જનોનો ઉદ્ધાર કરવાની વાત હોય તો અથવા તો મદ્યના વ્યસનથી લોકોને મુક્ત કરવાની વાત હોય તો તેનો કોઇ વિરોધ ન કરે, સૌ કોઈ ટેકો આપે. આવી જ રીતે ભૂદાનનો અથવા તો ભૂમિવિતરણનો વિચાર કોને ન ગમે? ભૂમિવિતરણનો જટિલ પ્રશ્ન આ રીતે કાંઈક હળવો બનતો હોય તો તેમાં કોને વાંધો હોય?—એવા ખ્યાલથી એ વિચારને—એ આન્દોલનને—બધી બાજુએથી આવકાર મળ્યો અને લગ-ભગ સર્વ પક્ષોએ સીધો કે આડકતરો ટેકો આપ્યો. પણ પછી તો ભૂદાન અથવા તો સર્વોદય—વિચારમાં અનેક નવા નવા વિચારો, દૃષ્ટિ-બિન્દુઓ ઉમેરાતાં બન્યાં. 'ભૂદાન' શબ્દ તેનો મૂળ અર્થ છોડીને આગામી આર્થિક તથા સામાજિક ક્રાન્તિનો પ્રતીક બન્યો. આ રીતે ભૂદાન અથવા તો સર્વોદય વિચારણાએ ચોક્કસ રૂપ અથવા તો વ્યક્તિત્વ ધારણ કર્યું છે. નિષ્પક્ષ લોકશાહી, વિકેન્દ્રિત અર્થરચના, સત્તાનું પણ વિકેન્દ્રીકરણ, અહિંસક તથા શાસનમુક્ત અથવા તો શાસન—નિરપેક્ષ સમાજરચના, જમીનનું સંપત્તિનું સમત્વના ધોરણે સંવિભાજન, સ્વાયત્ત ગ્રામરાજ—આવા કેટલાક પાયાના તત્ત્વો સર્વોદયમાં અન્તર્ગત બન્યા છે. આનું એક આડકતરું પરિણામ એ આવ્યું છે કે પ્રારંભમાં ભૂદાનવિચારને જે સર્વમાન્યતા મળી હતી તે સર્વમાન્યતા માટેનો અવકાશ ઘટતો જાય છે. સર્વોદય વિચારના ગર્ભમાં આજે જે કાંઇ ભરેલું છે તે બધું સૌ કોઇને એક સરખું માન્ય ન હોય તે તદ્દન સ્વાભાવિક છે.

આપણા દેશમાં એવા કેટલાક પાયાના પ્રશ્નો છે કે જે વિષે આપણે ત્યાં પરસ્પર વિરુદ્ધ વળણો ચાલતાં આવ્યાં છે અને ચાલતા રહેવાનાં છે. દા. ત. આર્થિક કે રાજકીય કેન્દ્રીકરણ કે વિકેન્દ્રીકરણ, સાધન તરીકે અહિંસાનો આગ્રહ કે અનાગ્રહ, ચૂંટણી સીધી કે આડકતરી, કેન્દ્રિત મોટા ઉદ્યોગો ઉભા કરવા કે નાનાં વિકેન્દ્રિત ઉદ્યો-ગોને ઉત્તેજન આપવું, હસ્તોદ્યોગ કે યંત્રોદ્યોગ, ખાનગી ઉદ્યોગો કે ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ, મદ્યનિષેધ ફરજિયાત કે મરજિયાત, ગૌવધની કાયદાથી બંધી શકય છે કે નહિ અને ઇષ્ટ છે કે નહિ, ખાદી કે હાથ વણાટનું કાપડ, ધુતનિષેધ ફરજિયાત કે મરજિયાત, કૃત્રિમ ઉપાયો વડે થતું સંતતિ નિયમન ઇષ્ટ છે કે અનિષ્ટ, સામુદાયિક ખેતી કે વ્યક્તિગત ખેતી—આવા અનેક પ્રશ્નો છે કે જે સંબંધે પ્રજાજનોમાં મતભેદ અને વળણભેદ રહેવાનાં. જેને દેશનો સર્વતોમુખી વિચાર કરવાનો છે તેણે આ બધા પ્રશ્નો સંબંધમાં એક અથવા તો અન્ય પ્રકારનું વળણ અખત્યાર કર્યે જ છૂટકો છે. વળી આ બધા પ્રશ્નો એવા છે કે તે સંબંધમાં આખા દેશની પ્રજા એકમત થાય એ સંભ-વિત નથી. સર્વોદય—વિચારનું જે રીતે વિનોબાજી દ્વારા નિરૂપણ થઇ રહેલું આપણા જાણવામાં આવે છે તે રીતે વિચારતાં આપણે સ્વીકા-રવું જ રહ્યું કે ઉપરના પ્રશ્નો સંબંધે સર્વોદય વિચાર પાસે પણ એક પોતાની સ્વતંત્ર આગવી દૃષ્ટિ છે. રાજકીય બાબતો વિષે પણ સર્વો-દય વિચારણા તટસ્થ છે એમ કહી નહિ શકાય. તે બાબતો સંબંધમાં સર્વોદય વાદ પોતાના વિચારો અને વળણો અવારનવાર પ્રગટ કરી રહેલ છે, અને પ્રસંગે પ્રસંગે માર્ગદર્શન પણ આપી રહેલ છે. આ તદ્દન સ્વાભાવિક છે, કારણ કે પ્રજાજીવનના સર્વ અંગોને સ્પર્શવાની જે કોઇ વિચારસરણિ અપેક્ષા રાખતી હોય તે રાજકીય બાબતો સંબંધમાં તટસ્થ રહી શકે જ નહિ.

આ નિરૂપણ જો બરોબર હોય તો આપણે એમ કબુલ કરવું રહ્યું કે આજે કોંગ્રેસના નામ સાથે જેમ એક ચોક્કસ વિચારસરણિ જોડાયલી છે અને તેવી જ રીતે હિંદુ મહાસભાવાદ, પ્રજાસમાજવાદ અને સામ્યવાદ દેશના પ્રશ્નો વિષે ચોક્કસ વિચારો ધરાવે છે તેમ સર્વોદય વિચારવાદ એ નામે પણ એક ચોક્કસ વિચારસરણિ અને ચોક્કસ વિચારપક્ષ ઉભો થઇ રહ્યો છે. આ અને અન્ય વાદો રાષ્ટ્રને લગતી કેટલીક બાબતોમાં એકમેક સાથે મળતા છે તો કેટલીક બાબ-તોમાં એકમેકથી જુદા પડે છે. દરેક પોતાના વિચારપક્ષનો પ્રચાર કરે છે અને દરેકની પાછળ નાનું કે મોટું એક અનુયાયી દળ છે. કોઇનું અનુયાયી દળ કાળક્રમે ઘટતું જાય છે તો કોઇનું અનુયાયી દળ કાળ-ક્રમે વધતું જાય છે.

આ જો બરોબર હોય તો આ અંકમાં અન્યત્ર આપેલ 'સામ્ય-વાદ અને સર્વોદય' એ મથાળાના લેખમાં વિનોબાજીએ કરેલાં કેટલાંક વિધાનો સામે મનમાં પ્રતિતર્કો ઉભા થાય છે. દા. ત. વિનોબાજી એ લેખમાં જણાવે છે કે "ધીમે ધીમે સામ્યવાદની નદી સર્વોદયના સમુ-દ્રમાં મળી જશે; બીજી નદીઓ પણ અહીં આવી ભળી જશે. સમાજવાદ, કલ્યાણરાજ્ય એ બધાં પણ છેવટે પોતાની જાતને સમાપ્ત કરીને સર્વોદયમાં ડુબી જશે,.....સર્વોદયનો તો એ ધંધો છે કે બીજાની સાથે હળીમળીને એને પચાવી જવું. બધાંને ખાઇ જવું એ સર્વોદયનો ધર્મ છે. તમે પૂછશો કે શું તમે સામ્યવાદીઓને ખાવ છો? તો હું કહીશ કે અરે આપણી હોજરી તો એવી જબરી છે કે એમને આપણે હજમ પણ કરી જવાના." વિનોબાજીનો સર્વોદય પરત્વે આ દાવો વધારે પડતો લાગે છે. ઉપરનાં વિધાનોમાં એવું સૂચન છે કે હવે પછી હિંદુસ્તાનમાં કોઇ પણ વિચારભેદ—પક્ષભેદ—નહિ રહે, સૌ કોઇ સર્વોદય વિચારને સ્વીકારશે, કારણ કે અમારો વિચાર સાર્વભૌમ વિચાર છે. અહિં એ જણાવવું જરૂરી છે કે સામ્યવાદીઓ પણ પોતાના વિચારપક્ષ સંબંધે આ જ રીતે વિચારે છે અને કહે છે. પણ આવી સાર્વભૌમતા કદિ પણ કોઇ એક વિચારપક્ષને વરી નથી, વરવાની નથી. આ વિશાળ દેશમાં વિચારભેદો રહેવાના જ છે, પક્ષભેદો પણ રહેવાના જ છે. કાળને પોતાનું કાર્ય કરવા માટે જે વિચાર—દર્શનને વધારે વેગ આપવો હશે તે વધારે આગળ આવશે અને તેનો પ્રભાવ પ્રજામાનસ ઉપર વધારે વ્યાપક પ્રમાણમાં પડશે, તેનું આધિપત્ય પ્રજાજનો ઉપર પ્રસ્થાપિત થશે, અને એ દ્વારા અપે-ક્ષિત ક્રાન્તિકાર્યનું નિર્માણ થશે. પણ સાથે સાથે તેની ઉપયોગીતા—ક્રાન્તિકારીતા—ખતમ થતાં તે વિચારપક્ષનું આધિપત્ય ખતમ થશે અને તેનું સ્થાન વળી બીજો કોઇ વિચારપક્ષ લેશે.

વસ્તુતઃ સર્વોદય શબ્દ જેટલો અર્થસભર છે તેટલો જ ભ્રામક છે. સર્વનો ઉદય કોને ન ગમે? પણ એ અર્થમાં સર્વોદય માત્ર સર્વોદય વિચાર ધરાવનારાનું જ લક્ષ્ય છે એમ નથી. તે તો જેટલો કોંગ્રેસને અભીષ્ટ છે તેટલો જ સામ્યવાદને ઇષ્ટ છે. પણ સર્વોદય એટલે ચોક્કસ પ્રકારની વિચારસરણિ એમ જ્યારે વિચારીએ છીએ ત્યારે તે એક પ્રકારના વિચારના માળખાવાળો સર્વોદય બને છે. તેવો સર્વોદય બહુમાન્ય બની શકશે, પણ સર્વમાન્ય કદિ બની નહિ શકે.

વિનોબાજીને બીજો એક પ્રશ્ન ઉપર જણાવેલ લેખમાં પૂછવામાં આવ્યો છે કે અહિંસાના વિષયમાં સામ્યવાદીઓ સાથે સર્વોદય કોઈ પણ પ્રકારની બાંધછોડ કે સહકાર કરશે કે? તેના ઉત્તરમાં વિનોબાજી જણાવે છે કે "અહિંસામાં બાંધછોડ કરવાપણું જ ક્યાં ઉભું થાય છે? જરૂર તો હિંસાવાળાએ હિંસા છોડવાની ઉભી થાય છે." આ ઉત્તર ભારે રોચક લાગે છે, પણ ઝીણવટથી વિચારતાં એ ઉત્તર સામે પણ મનમાં પ્રતિતર્ક ઉભો થયા વિના રહેતો નથી. અને તે એ રીતે કે વસ્તુતઃ આપણું આખું જીવન એક રીતે વિચારીએ તો અહિંસા

સાથેની ચાલુ બાંધછોડ જેવું જ છે. હિંસા આપણા પ્રાકૃતિક સ્વભાવમાં રહેલી છે; અહિંસા સાધવાની વસ્તુ છે- સંપૂર્ણ અહિંસક એવું કોઇ માનવી જીવન શક્ય નથી. અહિંસક જીવનનો અર્થ આખરે બને તેટલું ઓછું હિંસક જીવન–એથી વધારે છે જ નહિ. આ તો કેવળ તાત્ત્વિક વાત થઈ. પણ વ્યવહારના ક્ષેત્રમાં વિચારતાં પણ એ આપણા ચાલુ અનુભવનો વિષય છે કે કોઇ પણ સામાજિક ધ્યેય સિધ્ધ કરવા માટે આપણી સામે હિંસાનો ટૂંકો માર્ગ અને અહિંસાનો લાંબો માર્ગ એમ બે વિકલ્પ ઘણીવાર ઉભા થાય છે. એકમાં તત્કાળ સિધ્ધિનું પ્રલોભન રહેલું છે, પણ એ સિદ્ધિ અચિરસ્થાયી એટલું જ નહિ પણ ખતરનાક નીવડવા સંભવ છે; અન્યમાં તત્કાળ પ્રાપ્ત થાય નહિ એવી સિધ્ધિની આશા રહેલી છે, પણ એ સિધ્ધિ ચિરસ્થાયી અને કશા પણ ખતરા વિનાની નીવડે છે એમ આપણું અહિંસા વિષેનું ચિન્તન અને તેને લગતો થોડો ઘણો અનુભવ કહે છે. એટલે રાજકીય કે સામાજિક ચોક્કસ ધ્યેયની સિધ્ધિ અંગે જ્યાં એ સિધ્ધિ વિલંબમાં પડી કે તરત જ અહિંસા સાથે કશી બાંધછોડ કરવી કે નહિ અને કરવી તો કેટલી કરવી એ પ્રશ્ન ઉભો થયા વિના રહેતો જ નથી. "એ લોકો (એટલે કે સામ્યવાદીઓ) હિંસા ધીમે ધીમે છોડતા જશે" એમ કહેવામાં અમારી સામે અથવા તો આપણી સામે હિંસાનું કોઇ પ્રલોભન કદી આવવાનું જ નથી એવો આત્મવિશ્વાસ સૂચિત છે, જે માનવી મનની સંચળતા, અસ્થિરતા તેમ જ કોઇ પણ ધ્યેયસિધ્ધિ માટેની સામુદાયિક અધીરાઇનો વિચાર કરતાં વધારે પડતો લાગે છે. આનો અર્થ એટલો જ છે કે હિંસા–અહિંસાનો પ્રશ્ન જે બે ચાર ટૂંકા શબ્દોમાં પતાવી દેવામાં આવ્યો છે તે એટલો સાદો કે સરળ નથી. હિંસા–અહિંસા સાથેની બાંધછોડ એ સૌ માટે ચાલુ તકેદારીનો અને અવારનવાર નિર્ણયની અપેક્ષા રાખતો વિષય છે.

આ બધું વાંચીને કોઈ પણ વ્યકિત સહજ પૂછી શકે છે કે સર્વોદય વિચાર સંબંધે આટલી લાંબી ગડભાંજ શા માટે ? સ્વીકાર્ય હોય તો સ્વીકારો અને ન સ્વીકાર્ય હોય તો છોડી દો. આના ઉત્તરમાં જણાવવાનું કે સર્વોદય વિચાર હજુ ઘડતરની દશામાં છે. તે હજુ પૂરો પરિપક્વ થયો નથી. તેમાં આપણા મંગળ ભાવીની મહાન આશા રહેલી છે, અને તેથી તે એક માત્ર વિનોબાજી કે દાદા ધર્માધિકારીના જ નહિ, પણ આપણા સર્વના સહચિન્તનનો વિષય છે. અને તેથી સર્વોદય વિચારના આચાર્ય વિનોબાજી જે કાંઈ કહે તે માત્ર શ્રદ્ધાથી નહિ પણ બુદ્ધિપૂર્વક આપણે સાંભળવું, વિચારવું, અને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે તેમની કોઈ વાત કે વિચાર આપણી બુદ્ધિમાં બેસે નહિ ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેની આપણે પ્રગટ ચર્ચા કરવી અને એ રીતે તેમના હાથે થઇ રહેલા સર્વોદય વિચારના ઘડતરમાં આપણે આપણો ફાળો આપવો એ આપણે સર્વનો હું એક વિશિષ્ટ ધર્મ સમજું છું અને એ ધર્મબુદ્ધિથી પ્રેરાઇને આટલી લાંબી આલોચના કરવાનું મેં યોગ્ય વિચાર્યું છે. મને આશા છે કે આ વિષયમાં રસ લેતા બીજા ભાઇ બહેનો પણ આ રીતે વિચારતા થશે અને એવા મનનચિન્તન અને ચર્ચાનું સર્વોદય પક્ષે જરૂર શુભ પરિણામ આવશે.

સૌજન્યમૂર્તિ સ્વ. નરહરિભાઈ

પૂ. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ ખાતે પ્રથમ વિશ્વયુદ્ધના પ્રારંભમાં પાછા ફર્યા અને થોડા સમય બાદ અમદાવાદ ખાતે સત્યાગ્રહ આશ્રમની તેમણે સ્થાપના કરી તે અરસામાં તેમનાથી આકર્ષાઇને, મુંબઇમાં શરૂ કરેલો વકીલાતનો વ્યવસાય છોડીને, ગાંધીજી પાસે જે બે વ્યક્તિઓ આવી પહોંચી તેમાં એક હતા સ્વ. મહાદેવભાઈ દેસાઈ અને બીજા હતા સ્વ. નરહરિભાઈ પરીખ. એક બન્યા ગાંધીજીના મંત્રી અને બીજા બન્યા સત્યાગ્રહ આશ્રમમાં શરૂ કરવામાં આવેલી શાળાના અગ્રણી કાર્યકર. બન્નેએ ગાંધીજીની સેવામાં અને ગાંધીજીએ ઉપાડેલી પ્રવૃત્તિઓના સંચાલનમાં આખું જીવન વીતાવ્યું. એક ગાંધીજી પહેલાં ૧૯૪૨ માં આ દુનિયામાંથી વિદાય થયા; બીજાએ ગાંધીજી પાછળ ગાંધીજીનું કામ કરતાં કરતાં તા. ૧૫-૭-૫૭ ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી. બન્ને વ્યકિત પ્રકૃતિથી સાહિત્યપરાયણ હતી. એમ છતાં એ સાહિત્યપરાયણતા તેમને કદિ જકડી શકી નથી. જીવનની મોટી શક્તિ ગાંધીજીના વફાદાર સાથી તરીકે રાજકીય હીલચાલો પાછળ જ તે બન્નેએ ખરચી હતી; અને જીવનને અનેક રીતે તે બન્નેએ સફળ અને સાર્થક બનાવ્યું હતું.

નરહરિભાઈની સાહિત્ય પ્રવૃત્તિ અનેકવિધ હતી. આજે ગુજરાત વિદ્યાપીઠ તરફથી જે જોડણી કોષ બહાર પાડવામાં આવેલ છે અને જે આજે લગભગ સર્વમાન્ય બન્યો છે તે કામ મૂળ તેમને સોંપવામાં આવેલું અને તેનું પાયાનું કેટલુંક કામ તેમણે કરેલું. પણ એ દરમિયાન એ દિવસો એટલે કે ૧૯૨૭ માં ગુજરાત ઉપર મોટું જળસંકટ આવી પડયું. તેના નિવારણના કાર્યમાં તેમને રોકાવું પડયું અને બાકી રહેલું કોષનું કાર્ય અન્ય સહકાર્યકર્તાઓએ પુરૂં કર્યું. ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ અને સંપત્તિશાસ્ત્ર અથવા તો અર્થશાસ્ત્ર એ તેમના પ્રિય વિષયો હતા. કવિવર ટાગોરના 'ચિત્રાંગદા' અને 'વિદાય અભિશાપ' એ બે નાટકોના વર્ષો પહેલાં પ્રગટ થયેલા ગુજરાતી અનુવાદો તેમને તથા સ્વ. મહાદેવભાઇને આભારી છે. સરદાર વલ્લભભાઈના ચરિત્રની રોમાંચક સવિસ્તર જીવનકહાણી બે ભાગમાં આપણને નરહરિભાઈ તરફથી મળી છે. મહાદેવભાઇની ડાયરીના પાંચ ભાગ જે ગાંધીજીના જીવન ઉપર અપૂર્વ પ્રકાશ પાડે છે તેનું સંપાદન નરહરિભાઇએ કર્યું છે. આ સંપાદન-કાર્ય પાછળ તેમણે અથાગ પરિશ્રમ લીધો હતો. 'માનવ અર્થશાસ્ત્ર' એ નામનું તેમનું લખેલું પુસ્તક ઘણું મૂલ્યવાન છે. તેની તાજેતરમાં બીજી આવૃત્તિ બહાર પડી છે. નામદાર ગોખલેનાં વ્યાખ્યાનો, 'પ્રાચીન સાહિત્ય' (ટાગોરના અમુક લેખોનો મહાદેવભાઇ સાથે મળીને કરેલો અનુવાદ) 'પૂર્વરંગ' (કાકાસાહેબ સાથે મળીને), 'આટલું તો જાણજો' ના બે ભાગ 'જાતે મજુરી કરનારાઓને' 'ત્યારે કરીશું શું ?' (મહર્ષિ ટોલ્સ્ટોયના 'What Shall We Do Dhen ?' નો અનુવાદ) આ તેમના પ્રારંભનાં પુસ્તકોની યાદી છે. છેલ્લે છેલ્લે તેમણે 'શ્રેયાર્થીની સાધના' એ નામના પુસ્તકદ્વારા સ્વ. કિશોરલાલ મશરૂવાળાના જીવન ચરિત્રનો આપણને ઉદ્બોધક પરિચય કરાવ્યો હતો

સ્વીકૃત કાર્ય અને જવાબદારીમાં પરમ નિષ્ઠા એ તેમનો વિશિષ્ટ ગુણ હતો. તેમની આકૃતિ આકર્ષક અને સોહામણી હતી. તેમની વાણીમાં અનુપમ માધુર્ય હતું. તેમની રીતભાતમાં અપૂર્વ સૌજન્ય હતું. બહારના આતપથી અકળાયલા હોઇએ અને કોઈ પર્ણ-સમૃદ્ધિથી ભરેલા વટવૃક્ષ નીચે બેસીએ અને જે શાન્તિ અને શીતળતાનો અનુભવ કરીએ તેવો અનુભવ જ્યારે જ્યારે શ્રી નરહરિભાઇને મળવાનું અને તેમની સાથે નિરાંતે વાત કરવાનું બનતું ત્યારે થતો. આ દુનિયામાંથી વિદાય થતી કોઇ પણ વ્યકિત વિષે નોંધ જેવું લખવાનું પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ આવા હતા, આવા હતા, આવા હતા એમ લખવા સાથે 'પણ'–કહીને કાંઇક લખવાનું સાધારણ રીતે મન ઉપર આવે છે. તે મનનો વિચાર કદિ લખાય છે, કદિ પ્રગટ કરવો ઉચિત લાગતો નથી. આવું 'પણ' કહીને નરહરિભાઇ વિષે કાંઇ પણ જણાવવાનું મનમાં ઉગતું જ નથી. એટલે તે જણાવવાપણું તો રહેતું જ નથી. આવી સતત વહેતી મલયાચળની પવનલહરી જેવું શીતળતા અને સુવાસપૂર્ણ શીલસંપન્ન જેમનું જીવન હતું તેવા શ્રી નરહરિભાઇને આપણાં અનેક વન્દન હો. તેમની જીવનનિષ્ઠાનાં સ્મરણો આપણા માટે સદા પ્રેરક બનો ! તેમની પાછળ રહેલાં તેમના જીવનસાથી શ્રી મણિબહેન અને તેમનો પુત્ર ભાઈ મોહન તથા પુત્રી બહેન વનમાળા પ્રત્યે આપણા અન્તરની ઊંડી સહાનુભૂતિ હો !

નામદાર આગાખાન

તા. ૧૧-૬-૫૭ ના રોજ જીનીવા ખાતે નીપજેલા નામદાર આગાખાનના અવસાન સાથે ૭૯ વર્ષની એક ભવ્ય છતાં ચિત્રવિચિત્ર જીવન–કારકીર્દીનો અન્ત આવે છે. તેમનો જન્મ ૧૮૭૮ માં કરાંચી ખાતે થયો હતો અને એ રીતે જન્મે હિંદી હતા, છતાં પાછળનાં વર્ષો દરમિયાન હિંદના ભાગલાને અંગે ઉભી થયેલી કટોકટી પરિસ્થિતિથી

અલગ રહેવાના હેતુથી તેઓ ઇરાનના નાગરિક બન્યા હતા. તેઓ હઝરત મહમદ પેગંબરના પુત્રી ફતિમા અને તેના પતિ અલિના સીધા ૪૮ મા વંશજ છે એવો તેમનો દાવો હતો. મુસલમાન કોમના બે વિભાગ શીઆ અને સુન્ની–તેમાં શીઆ કોમની પેટા કોમ–ઇસ્માઇલી કોમ–ની આશરે પાંચ કરોડની લેખાતી વસ્તી દુનિયાના ત્રણ ખંડમાં અને તેમાં પણ વિશેષ કરીને હિંદમાં તેમજ આફ્રિકામાં પથરાયલી પડી છે. તે ઇસ્માઇલી કોમના ઇમામના–ધર્મગુરૂના–સ્થાન ઉપર તેઓ આઠ વર્ષની ઉમ્મરે આવ્યા હતા. એક મોટી જમાતના ધર્મગુરૂ હોવા ઉપરાંત તેમણે રાષ્ટ્રીય, આન્તરરાષ્ટ્રીય અનેક ક્ષેત્રોમાં તરેહ તરેહનો ભાગ ભજવ્યો હતો. એ લાંબી અને કાર્યસભર કારકીર્દીનો દુંકાણમાં પૂરો ખ્યાલ આપવો મુશ્કેલ છે.

'ધર્મગુરૂ' શબ્દ સાથે આપણા મનમાં વૈરાગ્ય, ત્યાગ, તપ અને સંયમના ખ્યાલો જોડાયલા છે. અનેક સાધકોમાંથી કોઈ વિશિષ્ટ શક્તિવાળી વ્યક્તિ ધર્મગુરૂનું સ્થાન પામે છે. કંચન અને કામિનીનો ત્યાગ એ આપણે મન ધર્મગુરૂનું વિશિષ્ટ લક્ષણ છે. જન્મથી કોઈ ધર્મગુરૂ બનતો નથી; આધ્યાત્મિક જીવન–સાધનાની કલ્પના 'ધર્મગુરૂ' શબ્દ સાથે સંકળાયલી છે.

નામદાર આગાખાનને ધર્મગુરૂપદ વંશપરંપરાના કારણે પ્રાપ્ત થયું હતું. તેમના અનુયાયીઓ તેમનામાં મહમદ પયગંબરનો અંશ હોવાનું માનતા હતા અને તેથી સાધુ સન્તોને માપવાના ચાલુ માપ-તોલ તેમને લાગુ પડી ન શકે એવો તેમનો ખ્યાલ હતો. ધર્મગુરૂ હોવાપણું અને સાંસારિક ભોગવિલાસ ભોગવતા રહેવું એ બે પરસ્પર-વિરોધી છે એમ તેમના અનુયાયીઓ માનતા નહોતા. તેમનો નામદાર આગાખાન વિષેનો દૃષ્ટિકોણ આપણા કરતાં તદ્દન જુદા જ પ્રકારનો હતો. ઇસ્માઇલી કોમની આગાખાન વિષેની નિષ્ઠાનું મૂળ આ હતું.

તેમને વારસામાં વિપુલ સંપત્તિ મળી હતી; વળી વ્યાપારી કુશળતા વડે તેમણે તે સંપત્તિમાં ખૂબ વધારો કર્યો હતો–ઘોડદોડની સરતોમાં કોમ લાગતા ઘોડાઓ વસાવવાનો તેમને મોટો શોખ હતો. તેમના ઘોડાઓએ દુનિયાના રેઇસકોર્સ ઉપર ભારે નામના મેળવી હતી અને તે દ્વારા પણ તેઓ અઢળક સંપત્તિ કમાતા રહ્યા હતા.

તેમણે જીંદગી દરમિયાન ચાર વાર લગ્ન કર્યું હતું. ૧૧ વર્ષની ઉમ્મરે તેઓ પોતાની પર્શીયન પિત્રાઇ બહેન શહાર્દે સાથે ઇસ્માઇલી ધર્મવિધિપૂર્વક લગ્નસંબંધથી જોડાયા હતા. આ લગ્ન લાંબો વખત ચાલ્યું નહોતું. ત્યાર પછી તેમણે ઇટલીની નર્તિકા રાજકુમારી થેરીસા મેગ્લીઆના સાથે લગ્ન કર્યું હતું. તેનાથી તેમને બે પુત્રોની પ્રાપ્તિ થઇ હતી; એક તો પ્રીન્સ અલીખાન જે આજે હયાત છે અને બીજા પ્રીન્સ સદરુદીન જેનું નાની ઉમરમાં અવસાન થયું હતું. નામદાર આગાખાનનાં ત્રીજી વારના પત્ની મીસ એન્ડ્રી કેરનનો પ્રથમ પરિચય તેમને ફ્રેંચ રીવીરાની મીઠાઇની દુકાન (Candy Stores) માં થયો હતો. તેને એક પુત્રની પ્રાપ્તિ થઇ હતી અને પછી થોડા સમયમાં તેણે છુટા છેડા લીધા હતા. આજે તે હયાત છે અને સ્વીટઝરલેન્ડમાં રહે છે અને તેને આગાખાન તરફથી મોટું પેન્શન મળે છે. આજની તેમની બેગમનું નામ છે વેટ લેસ્લાઉઝે. તે લીયોંના બસ કન્ડકટરની પુત્રી છે અને એક વખત તેને 'મીસ ફ્રાન્સ' (એટલે કે એ વર્ષની ફ્રાન્સની સૌથી વધારે રૂપવતી યુવતી) તરીકે જાહેર કરવામાં આવી હતી.

આ બધું છતાં પણ તેમના લાખો અનુયાયીઓ જે મોટા ભાગે કરોડો રૂપીઆના વ્યાપાર વ્યવસાય સાથે જોડાયલા હતા તેમનો નામદાર આગાખાન પ્રત્યે અપ્રતિમ ભક્તિભાવ હતો અને તેના પ્રતીક રૂપે પોતાની આવકમાંથી પાંચથી દશ ટકા સુધીની આવક દર વર્ષે તેઓ તરફથી ભેટ ધરવામાં આવતી હતી. પરિણામે દુનિયાની સૌથી વધારે ધનિક વ્યક્તિ તરીકે આગાખાનનું નામ લેવામાં આવતું હતું. તેમની અઢળક સંપત્તિનો સાઠ કરોડ પાંઉડથી વધારે આંક અંદાજવામાં આવતો હતો અને તેમની વાર્ષિક આવક એક કરોડ વીશ લાખ પાંઉડ જેટલી અડસટવામાં આવતી હતી.

છેવટના દશકા દરમિયાન જુદા જુદા સમયે હિંદમાં તેમ જ આફ્રિકામાં નામદાર આગાખાનને તેમના અનુયાયી ભકતોએ રૂપું, સોનું, હીરા તેમ જ પ્લેટીનમથી તોળીને નવાજ્યા હતા. આજના વિજ્ઞાનયુગમાં, બુદ્ધિવાદના જમાનામાં સહજમાં ન માની શકાય, ન કલ્પી શકાય એવી આ ઘટનાઓ બની હતી. આ બધું જોઇને આજે પણ એ મધ્યકાલીન માનસ, એ અંધશ્રધ્ધા, એ વ્યક્તિપૂજન હજુ જીવન્ત છે એમ આપણે કબુલ કરવું જ રહ્યું.

આ સાથે એ પણ જણાવવું જ જોઇએ કે નામદાર આગાખાને આ રીતે પોતાને ભેટ મળેલ રૂપું, સોનું, હીરા કે પ્લેટીનમ પોતાની કોમને જ પાછું અર્પણ કર્યું હતું અને તેમાંથી કોમ માટે અનેક નિશાળો, કોલેજો, દવાખાનાઓ, ઇસ્પીતાળો, ધર્મશાળાઓ, આરોગ્યભવનો ઉભાં કરવામાં આવ્યા હતાં, અને કોમના ઉધ્ધારની અનેક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. અહિં એ પણ સ્પષ્ટ કરવું જોઇએ કે નામદાર આગાખાન પોતાની કોમના કેવળ આધ્યાત્મિક ધર્મગુરૂ નહોતા, પણ આજના વૈજ્ઞાનિક યુગમાં અને હરીફાઇનાં જમાનામાં પોતાની કોમ કેમ આગળ વધે અને પોતાનો ઉત્કર્ષ કેમ સાધે તેની તેમણે સતત તકેદારી સેવી હતી, સમયે સમયે માર્ગદર્શન આપ્યું હતું, અને વ્યાપાર વ્યવસાયમાં મદદ તરીકે તેમણે કોમી બંધુઓને છુટા હાથે દ્રવ્ય આપ્યું હતું. કોમના ઐહિક હિતો તરફ તેમનું ચિત્ત સદા કેન્દ્રિત રહેતું.

હિંદના રાજકારણમાં મુસલમાન કોમના અગ્રણી તરીકે નામદાર આગાખાને નાનોસુનો ભાગ ભજવ્યો નહોતો. ૧૯૦૬ માં તેઓ એ વખતના વાઇસિરાય લોર્ડ મીન્ટો સમક્ષ મુસલમાનોનું એક પ્રતિનિધિ-મંડળ લઇ ગયા હતા અને મુસલમાન કોમ માટે અલગ મતદાર ચુંટણી મંડળોની માંગણી કરી હતી. આને મર્હુમ મહમદઅલીએ 'Command Preformance' એટલે કે 'ઉપરની સૂચના મુજબની કામબજવણી' તરીકે વર્ણવ્યું હતું. ૧૯૪૭ માં હિંદના ભાગલા થયા અને પાકીસ્તાનનું નિર્માણ થયું તેનું બીજ ૧૯૦૬ માં ઉપર જણાવ્યું તે રીતે રોપાયું એમ કહીએ તો ખોટું નથી.

હિંદમાં રાષ્ટ્રવાદનો આવેગ વધતો ગયો અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે ત્રીશ વર્ષ સુધી લડત ચાલતી રહી તે દરમિયાન નામદાર આગાખાન અંગ્રેજ સરકારની પડખે ઉભા રહ્યા હતા. અંગ્રેજ સરકારની Divide and Rule ની નીતિ ચાલુ હતી અને નામદાર આગાખાનને મુસ્લીમ કોમના અગ્રણી તરીકે અંગ્રેજ સરકારનું મોહરું પીઠબળ હતું. લંડન ખાતે ભરાયલી ગોળમેજી પરિષદમાં જ્યારે કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે માત્ર ગાંધીજી ગયા ત્યારે બ્રીટીશ હિંદી ડેલીગેશનના નેતા તરીકે નામદાર આગાખાને એ ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો. આ બધું છતાં હિંદમાં વેગ પકડતા જતા સ્વાતંત્ર્યપ્રાપ્તિના આન્દોલનનો નામદાર આગાખાને કદિ પણ પ્રગટ વિરોધ કર્યો નહોતો. તેમનું વળણ સરકારતરફી રહ્યું હતું અને તેમનું લક્ષ્ય મુસલમાનોનું હિત જાળવવા તરફ વિશેષ હતું.

પાછળથી હિંદના રાજકારણની રંગભૂમિ ઉપર કોંગ્રેસના કટ્ટર વિરોધી તરીકે કાયદે આઝમ ઝીણાનો પ્રવેશ થયો અને મૃદુ અને સૌમ્ય પ્રકૃતિને વરેલા અને અન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે વધારે ને વધારે રોકાતા જતા નામદાર આગાખાનનું સ્થાન ભારતીય રાજકારણમાં નહિવત્ થતું ગયું. લીગ ઓફ નેશન્સમાં તેમણે બ્રીટીશ ઇન્ડીયન ડેલીગેશનના નેતા તરીકે ૧૯૩૨ થી ૧૯૩૫ સુધી ભાગ લીધો અને ૧૯૩૭ માં લીગ ઓફ નેશન્સના તેઓ પ્રમુખ થયા. હિંદને સ્વાઝાદી મળ્યા બાદ હિંદના રાજકારણ સાથેના તેમના સંબંધનો લગભગ અન્ત આવ્યો હતો.

નામદાર આગાખાન પૂર્વ તેમ જ પશ્ચિમની અનેક ભાષાઓના જાણકાર હતા અને અનેક વિષયોમાં તેમને ઊંડો રસ હતો. ફ્રેંચ

સાહિત્યના તેઓ મોટા નિષ્ણાત હતા. ગોલ્ફના તેઓ ભારે શોખીન હતા. તેમનો સ્વભાવ મીલનસાર હતો અને રાજકીય વાટાઘાટોમાં તેઓ અસાધારણ કુશળતા ધરાવતા હતા. તેમનું માનસ કોમી હતું, એમ છતાં તેમનામાં કોમી કટ્ટરતા નહોતી અને જ્યારે કાયદે-આઝમમાં તોછડાઈ, અહંકાર અને ઝનુન જોવામાં આવતા હતા ત્યારે આગા-ખાનમાં હંમેશાં નમ્રતા, સભ્યતા અને ઉદારતાનો અનુભવ થતો હતો; અને સામાના દિલને મીઠાશથી જીતવાની તેમનામાં ભારે તાકાત હતી.

છેલ્લા દશકામાં મુસલમાન કોમના બે આગેવાનો ગયા. એક કાયદે-આઝમ ઝીણા જે જન્મ્યા છતાં પણ ભારત પ્રત્યે દ્વેષ મત્સરથી ભરેલા પાકીસ્તાનમાં જીવતા જ છે એમ આપણને લાગે છે. બીજા નામદાર આગાખાન જે ગયા તો આજે, પણ જેમની સાથેનો આપણો રાષ્ટ્રીય સંબંધ લગભગ વીશેક વર્ષથી લગભગ નહિ જેવો થઈ ગયો હતો. આ બંને આગેવાનોએ જે ભારતની એકતાનું સમર્થન કર્યું હોત, ભારતની આઝાદીની લડતમાં જે તેઓ સામેલ થયા હોત તો ભારત અખંડ રહ્યું હોત અને ભારતની સીકલ પણ જુદી હોત. પણ વિધિની એ ઇચ્છા નહોતી. તો પછી વિધિપ્રેરિત કોણ કેમ વર્ત્યું તેનો હવે આપણે બહુ વિચાર ન કરીએ. જે કોઇ ગયું તેના વિશિષ્ટ ગુણોનો ચિન્તન વડે આપણા જીવનને સમૃદ્ધ બનાવીએ એ જ હવે તો ઉચિત છે.

પરમાનંદ

શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનું જાહેર સન્માન

તા. ૧૧ મી ઓગસ્ટ ૧૯૫૭ રવિવારે સવારના દસ વાગ્યે મુંબઈ રાજ્યના પંત પ્રધાન માનનીય શ્રી. યશવંતરાવ બી. ચવ્હાણ શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ (પ્લોટ નં. ૬૪: શિવ (પશ્ચિમ) માટુંગા, શીવ રસ્તો.) માં પધારશે અને મંગળ પ્રવચન કરશે. અને ત્યાર બાદ સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને રૂા. ૧૫૦૦૦૦ નું દાન કરનાર શ્રી નેમચંદ કચરાભાઈ તથા બાઈ લાડકીબાઈ નેમચંદ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કપુરચંદ મહેતા તથા તેમના ભાઈઓનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે જૈન-જૈનેતર ભાઈ બહેનોને મોટી સંખ્યામાં હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ.

વજેશ્વરી પર્યટણ સપ્ટેંબરની સાતમી તારીખ ઉપર મુલતવી

ઉપર જણાવ્યા મુજબ ઓગસ્ટ માસની ૧૧ મી તારીખ અને રવિવારના રોજ સવારના ભાગમાં સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહમાં શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનો સન્માન સમારંભ ગોઠવવાનું એકાએક નક્કી થવાથી અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સાથે મુંબઇ જૈન યુવક સંઘના કેટલાક કાર્યકર્તાઓ ગાઢપણે સંકળાયલા હોવાથી ઓગસ્ટ માસની ૧૦ તથા ૧૧ તારીખ માટે યોજવામાં આવેલું સંઘના સભ્યોનું વજેશ્વરી પર્યટણ આગામી સપ્ટેંબર માસની ૭ અને ૮ તારીખ (શની-રવિ) ઉપર રાખવામાં આવેલ છે. આ પર્યટણ માટે સ્ટેટ ટ્રાન્સ-પોર્ટની બસનો પ્રબંધ કરવામાં આવ્યો છે. પર્યટણમાં જોડાનાર માટે વ્યક્તિ દીઠ રૂા. ૮॥ ને બદલે રૂા. ૮ અને ૧૨ વર્ષ નીચેના માટે રૂા. ૫॥ ને બદલે રૂા. ૫ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારે ઓગસ્ટ માસની આખર સુધીમાં પોતાનાં નામ ઠામ સાથે જરૂરી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવી. મર્યાદિત સંખ્યા માટે પર્યટણ યોજાયલું હોઈને પર્યટણમાં જોડાવા ઇચ્છનારે પોતાનું નામ નોંધાવવામાં વિલંબ ન કરવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ વખતે તા. ૨૧ મી ઓગસ્ટ બુધવારથી તા. ૨૮ મી ઓગસ્ટ ગુરૂવાર સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવનાર છે. વ્યાખ્યાતાઓની યાદી હજુ નક્કી થઈ નથી. એમ છતાં એક બે બાબતો જાહેર કરી શકાય તેમ છે. આ વ્યાખ્યાન-માળામાં સર્વ સેવા સંઘના પ્રમુખ કાર્યકર અને મૌલિક ચિન્તક દ્વારા ધર્માધિકારીનાં તા. ૨૬ મી ઓગસ્ટથી તા. ૨૮ મી ઓગસ્ટ સુધી એમ સતત ત્રણ દિવસ સવારના ૮॥ વાગ્યે-પહેલા બે દિવસ રોકસી થીએટરમાં અને ત્રીજે દિવસ ભારતીય વિદ્યાભવનમાં-'અહિંસાની વિકાસશીલતા' એ વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો થશે. આ ઉપરાંત પં. સુખલાલજીને સ્વાસ્થ્યની અનુકુળતા હશે તો ભારતીય વિદ્યાભવનના આશ્રય નીચે તા. ૧૯ મી ઓગસ્ટથી ૨૧ મી ઓગસ્ટ, એમ ત્રણ દિવસ સાંજના ૬ વાગ્યે ભવનના ગીતામંદિરમાં પં. સુખલાલજીનાં 'દાર્શનિક મિમાંસા' એ વિષય ઉપર ત્રણ વ્યાખ્યાન થશે.

તા. ૨૧ ઓગસ્ટથી તા. ૨૫ ઓગસ્ટ એમ પહેલા પાંચ દિવસ ગ્લેવાટ્રસ્કી હોલમાં, તા. ૨૬, ૨૭ રોકસી થીએટરમાં, તા. ૨૮ ભારતીય વિદ્યાભવનમાં અને છેલ્લો દિવસ તા. ૨૯ મી ઓગસ્ટ રોકસી થીએટરમાં એ મુજબ પર્યુષણ વ્યાખ્યાનમાળાની વ્યાખ્યાન સભાઓ હંમેશાં સવારના ૮॥ વાગ્યે શરૂ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગ્રાહક બંધુઓ અમને વી. પી. ના ખર્ચથી બચાવે

ત્યાર જ્યારે જ્યારે પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ રૂા. ૪ પુરૂં થાય છે ત્યારે ત્યારે પખવાડીઆ પહેલાં તેમને ખબર આપવામાં આવે છે. તે ખબરના પરિણામે પોતપોતાના લવાજમના રૂા. ૪ કોઈ સાથે મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) મોકલી આપવા અથવા તો મનીઓર્ડરથી કાર્યાલય ઉપર રવાના કરવા અને ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો તે મુજબ તરત જ ખબર આપવા અને એ રીતે વી. પી. ના નિરર્થક ખર્ચથી અમને અથવા તો પોતાને બચાવવા આગ્રહપૂર્વક વિનંતિ છે. તેઓ આટલું જરા ધ્યાનમાં રાખે તો અમારી તકલીફમાં પણ ઘટાડો થાય.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

વિષય સૂચિ		પૃષ્ઠ
બહુજન અનુમત સમાજવાદ	જવાહરલાલ નહેરૂ	૫૯
પ્રકીર્ણ નોંધ : એ ચિરસ્મરણીય સન્માન સમારંભ, લાલબત્તી ધરનારને અવગણીએ નહિ; પણ અપનાવીએ, સિદ્ધિવાદ વિરૂદ્ધ સાધનવાદ, સર્વોદય વિચારની સાર્વ-ભૌમતા ? સૌજન્યમૂર્તિ સ્વ. નરહરિભાઇ, નામદાર આગાખાન.	પરમાનંદ	૬૧
સામ્યવાદ અને સર્વોદય	વિનોબાજી	૬૭

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠ્યપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂ. ૧

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત
પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ
બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪
મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

સામ્યવાદ અને સર્વોદય

(ગયા મે માસ દરમિયાન કાલડી ખાતે સર્વોદય સંમેલન ભરાઇ ગયું અને કાલડીથી વિનોબાજી રવાના થયા તેના બીજે જ દિવસે વિનોબાજીએ કેટલાક લેખિત સવાલોના જવાબ આપેલા. તે જવાબો તા. ૧૬-૬-૫૭ ના ભૂમિપુત્રમાં શ્રી વિનોબાજીની સહિથી પ્રગટ કરવામાં આવ્યા છે. સામ્યવાદ અંગે વિનોબાજી શું ધારે છે તે પ્રકારના ચર્ચાસ્પદ બનેલા પ્રશ્ન ઉપર એ જવાબો કેટલોક પ્રકાશ પાડતા હોઇને નીચે પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. **તંત્રી**)

આજે અહીંના ભાઇઓએ કેટલાક સવાલ લખીને આપેલા, સવાલ સારા હતા તેથી મેં વિચાર્યું કે સમાજ વચ્ચે એની ચર્ચા થાય એ લાભદાયી થઇ પડશે.

બન્ને વચ્ચેનો તફાવત

પહેલો સવાલ હતો : "શું સામ્યવાદ અને સર્વોદયની વચ્ચે કેવળ સાધનનો જ ફરક છે ?" પછી પ્રશ્નકર્તા જાતે જ કહે છે કે સાધન અને સાધ્ય વચ્ચે આપણે બહુ તફાવત નથી પાડતા, તો શું સર્વોદયમાં સાધ્યની પ્રાપ્તિને માટે આપણી સ્ટ્રેટેજી—વ્યૂહ સમય પ્રમાણે બદલી શકીએ ખરા ? આ એક મૂળભૂત સવાલ છે.

સામ્યવાદ પણ પરિસ્થિતિ પ્રમાણે પલટાઈ રહ્યો છે. એ જો પલટાય નહીં તો ચાલે તેમ નથી. માર્કસે વર્ણવ્યો તેવો ને તેવો સામ્યવાદ તો રશિયામાં ચાલ્યો નહીં. રશિયામાં જે ચાલ્યો તે ચીનમાં ન ચાલ્યો. અને હવે હિંદુસ્તાનમાં તો એક અદ્‌ભુત ઘટના જ બની છે. આ કેરલ પ્રદેશમાં સામ્યવાદીઓના હાથમાં બંધારણીય રીતરસમથી રાજકારભાર આવ્યો છે. અને એમણે જાહેર કર્યું છે કે અમે બંધારણીય રીતરસમથી જ, જે કાંઈ બંધારણ બન્યું છે તે પ્રમાણે જ રાજ્ય ચલવીશું. એમણે એમ પણ કહ્યું છે કે બંધારણમાં જો કશો ફેરફાર કરવાની જરૂર ઊભી થશે તો અમે તેને માટે કોશિશ કરીશું. આવી કોશિશ કરવાનો તો દરેકને હક છે જ. બંધારણ ઘડાયું છે ત્યારથી જ એમાં કંઇ ને કંઇ ફેરફારો તો થતા જ રહ્યા છે. પણ જ્યારે આ લોકો કહે છે કે બનેલા બંધારણ પ્રમાણે અથવા જો સુધરશે તો સુધરેલા બંધારણ પ્રમાણે જ અમે રાજ્ય ચલવીશું ત્યારે હું એ લોકોને હાર્દિક અભિનંદન આપું છું. એમ કરવાને બદલે એ લોકો જો 'લકીરના ફકીર' બની જાત, ચીલાચાલુ બની જાત, તો એનાથી કશું જ વળત નહીં. કોઇપણ ચીજ ચલવવી હોય તો તેનો આ જ રસ્તો છે. આપણે એક વાત સમજી લેવી જોઇએ કે સમાજશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર એ ગણિતશાસ્ત્ર જેવાં અફર શાસ્ત્ર નથી એમાં તો દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે ફરક પડે છે અને એવો ફરક કરવા માટે સામ્યવાદીઓ તૈયાર થઇ જાય છે, ત્યારે એ એ લોકો સર્વોદયની ઘણા નજીક આવી જાય છે.

એક વાત સમજી લેવી જોઇએ કે સર્વોદય સહુનું હિત ચાહે છે. એટલે દુઃખી અને ગરીબ લોકો તરફ વધારે ધ્યાન આપવું એ સર્વોદયનો નિયમ જ છે. પણ તેમ કરવામાં બીજા કોઇને પીડા પહોંચાડવાની જરૂર નથી. એકના હિત માટે બીજાના હિતને જોખમાવવાની કશી જરૂર નથી. સર્વોદયનો પાયાનો સિદ્ધાંત એ છે કે એકનું હિત બીજાના હિતનું વિરોધી ન હોઈ શકે. આજકાલ 'કલેશ ઓફ ઇન્ટિરેસ્ટ્સ' હિતવિરોધની જે વાતો ચાલે છે તે ખોટી કલ્પનાઓ છે. લોકો એક જ ગામમાં રહે છે, એક જ હવામાં શ્વાસ લે છે, એક જ પાણી પીએ છે અને એક જ ભોંયમાં પાકેલું ખાય છે. આડોશીપાડોશી તરીકે રહે છે તેથી કોઇ એકના દુઃખથી બીજો છેક કોરો રહેવા ધારે તોયે રહી શકતો નથી એકને દુઃખ થાય તો બીજાને દુઃખ થવું અનિવાર્ય છે. ગામમાં એક છોકરાને મળિયા નીકળે તો બીજાને એનો ચેપ લાગે છે. એક ઘરમાં લાય લાગે તો આખું ગામ બળી જવાની ધાસ્તી રહે જ છે. આમ ગામના બધા લોકો સાથે રહે છે. તેથી એક કુટુંબ બાંધીને રહી શકે તેમ છે અને એમાં જ બધાનું ભલું સમાયેલું છે.

એટલે જ્યારે આપણે સામ્યવાદ વિશે વિચારીએ ત્યારે આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે દરેક દેશમાં એનાં રંગરૂપ નિરનિરાળાં હશે.

સર્વોદયના વિચારસમુદ્રમાં સર્વ વાદ-સરિતાઓ આવી સમાશે

બીજો સવાલ એ છે કે શું સામ્યવાદ અને સર્વોદયની વચ્ચે કશી તડજોડ (કોમ્પ્રોમાઇઝ) કે સહકાર (કોઓપરેશન) થઇ શકશે કે ?

એની વચમાં તડજોડ કશી પણ નહીં થઈ શકે પણ સહકાર ભરપટ્ટ થઈ શકશે. સર્વોદય પોતાનો વિચાર નહીં બદલે, કેમ કે એ કોઇપણ વિચારનો પ્રત્યાઘાત નથી, બલ્કે એ પોતે એક જીવન-વિચાર છે. સામ્યવાદ બદલાતો રહેશે, કેમ કે એ પ્રત્યાઘાતમાંથી જન્મ્યો છે. યુરોપમાં જે મૂડીવાદી સમાજરચના ઘડાઇ હતી તેના પ્રત્યાઘાત તરીકે સામ્યવાદ સરજાયો છે. જે વિચાર પ્રત્યાઘાત સ્વરૂપે આવે છે તે પોતે પૂર્ણ જીવન-સિદ્ધાંત નથી બની શકતો. એ તો પવનના ઝપાટા સાથે બદલાતો જશે. તમે જુઓ છો કે અહીં 'કોન્સ્ટિટ્યુશનલ કોમ્યુનિઝમ'—'બંધારણીય સામ્યવાદ' શરૂ થયો છે. એ સામ્યવાદનો એક વિકાસ છે. એ લોકો જ પોતાનો 'કોમ્પ્રોમાઇઝ' કરવા (બાંધછોડ કરવા) તૈયાર થશે, કેમ કે એમની પાસે સાર્વભૌમ દૃઢ સિદ્ધાંત નથી. વળી એ પ્રત્યાઘાતસ્વરૂપે આવેલો છે. તેથી મૂડીવાદમાં જે દોષ હતા, તેની અવળી છાપ એણે પોતામાં ઉપસાવી છે.

હિંદુસ્તાનની પરિસ્થિતિ યુરોપથી ઘણી જુદી છે. અહીં ધર્મભેદ, જાતિભેદ, ભાષાભેદ વગેરે છે. સમાજ ખેતી-પ્રધાન છે. બહુમતી ખેડૂતોની છે, મજૂરોની નથી. યુરોપમાં એમણે ક્રાંતિનો તમામ મદાર મજૂરો પર રાખ્યો હતો, તેવું અહીં રાખી શકે તેમ નથી. અહીં તો મુખ્ય આધાર કિસાનો પર રાખવો પડશે અને કિસાન-મજદૂરને એક માનવા પડશે. આ સિવાય હિંદુસ્તાનમાં જમીનનો સવાલ ઘણો જબરો છે. આ દેશમાં અને તેમાંયે કેરલમાં તો જમીન ઓછી છે અને વસ્તી વધુ છે. યુરોપની જેમ મૂડીવાદ અહીં એટલો બધો ફૂલ્યો ફાલ્યો નથી.

આવા સંયોગોમાં અહીં તો સામ્યવાદ જ પોતામાં બાંધછોડ કરતો જશે. તેથી સર્વોદય એની સાથે સહકાર કરવા તૈયાર થશે. એ જેટલા પ્રમાણમાં પોતાનું સ્વરૂપ બદલશે અને સર્વોદયની નજીક આવશે તેટલા પ્રમાણમાં સર્વોદય એની સાથે સાથે સહકાર કરવા તૈયાર થશે.

'કોમ્પ્રોમાઇઝ' (તડજોડ કે બાંધછોડ) નો અર્થ એવો થાય છે કે તમે કંઇક છોડો, અમે કંઇક છોડીએ છીએ. આવું નહીં થાય. થશે એવું કે તમે કંઇક છોડો, અમે કશું નહીં છોડીએ, અને ત્યારે પછી આપણી વચ્ચે સહકાર થશે. આ રીતે આપણી સ્થિતિ કાયમ રહેશે અને એમની સ્થિતિ બદલાતી રહેશે. તેથી જ મેં કહ્યું હતું કે ધીમે ધીમે સામ્યવાદની નદી સર્વોદયના સમુદ્રમાં ભળી જશે. બીજી નદીઓ પણ અહીં આવી ભળી જશે. સમાજવાદ, કલ્યાણ રાજ્ય એ બધાં પણ છેવટે પોતાની જાતને સમાપ્ત કરીને સર્વોદયમાં ડૂબી જશે. સર્વોદય આટલો વ્યાપક છે. સમુદ્ર નદીની સાથે બાંધછોડ (કોમ્પ્રોમાઇઝ) કરે છે? પણ એ સહકારને માટે તદ્દન ઉઘાડો પડયો હોય છે. એને એમાં કરવું શું પડે છે તે ? તમે તમારે આવો અને આપણામાં ડૂબી જાવ. એટલે સર્વોદયને એમાં કશી તકલીફ છે જ નહીં.

અહિંસા સાથે બાંધછોડ શકય છે ખરી ?

ત્રીજો સવાલ એ છે કે શું અહિંસા સંબંધમાં સામ્યવાદીઓ સાથે કોઇ જાતની બાંધછોડ કે સહકાર થઈ શકશે ?

અહિંસામાં બાંધછોડ કરવાપણું જ કયાં ઊભું થાય છે ? જરૂર તો હિંસાવાળાને હિંસા છોડવાની ઊભી થાય છે. એ લોકો એને ધીરે ધીરે છોડતા જશે. હમણાં ડાંગે પાર્લામેન્ટમાં સામ્યવાદી પક્ષના આગેવાન છે. એ ત્યાં શું કરશે ? કાયદા માટે જે ખરડો રજૂ થશે તે વાંચશે. એમાં કયાંય ખોડખાંપણ દેખાશે તો તે બતાવશે. બીજા પણ એ જ રીતે ખોડ કાઢશે. અને ખોડ નહીં હોય તો ખરડો મંજૂર કરશે. આ રીતે એ લોકોની બાંધછોડ કે સહકાર ચાલશે. સારી વાતમાં સહકાર આપવા એ તૈયાર થશે. તો શું સારી વાતમાં એ આપશે તોયે આપણે એમનો સહકાર તરછોડીશું ? એ બીજા અમુક વાતો ખોટી કરે છે, તેથી આપણે સારી વાતમાં એનો સહકાર શા માટે નહીં લઇએ ? સર્વોદયનો તો એ ધંધો જ છે કે બીજાની સાથે હળીમળીને એને પચાવી જવું. બધાને ખાઇ જવું એ સર્વોદયનો ધર્મ છે. તમે પૂછશો કે શું તમે સામ્યવાદીઓને ખાવા છો ? તો હું કહીશ કે અરે આપણી હોજરી તો એવી જબરી છે કે એમને આપણે હજમ પણ કરી જવાના.

(અનુસંધાન પાનું ૬૦ ઉપરથી ચાલુ)

જોગવાઈ કરવી પડે છે. એટલે આપણે જ્યારે સમાજવાદ વિશે બોલીએ ત્યારે આપણે તે બધા પ્રશ્નો બધી બાજુથી સમજવા-વિચારવા જોઇએ. સમાજવાદ, લાગણીવિવશ બનાવે તેવો એક બહુ સુંદર વિચાર છે પરંતુ આ લાગણીવિવશતાની ભીતરમાં વાસ્તવિકતા શું છે તે પણ આપણે સમજવી જોઇએ. આપણે એ સમજવાનું છે કે કેવી રીતે અતિ ધણી ચૂંચવણભરી સમાજની જુની પદ્ધતિને બદલી શકાય. આ બાબત અંગે જો આપણે ખોટી દિશામાં જઇશું તો નવી વસ્તુનું નિર્માણ કર્યા વગર આપણે આગલી વસ્તુની તોડફોડ કરી નાખશું.

સમાજવાદની ભાવના જનતાના માનસમાં પ્રવેશવી જોઇએ, માત્ર કાયદાઓથી સમાજવાદ લાવી શકાય નહિ

સમાજવાદ અંગેની મૂળભૂત બાબત આપણે જે ધ્યાનમાં રાખવાની છે તે આ છે : સમાજવાદ એ સામાજિક વ્યવસ્થાની એક પદ્ધતિ છે, સમાજવાદ એ આર્થિક વ્યવસ્થાની એક પદ્ધતિ છે. આમ છતાં, બૂનીયાદી રીતે સમાજવાદનો જનતાના મન અને હૃદયમાં પ્રવેશ થવો જોઇએ. જો આપણે સમાજવાદની ભાવના અંતર્ગત નહિ કરીએ અને જો બીજાઓ સાથે સહકાર સાધીને આપણે કાર્યશકિતમાં વધારો નહિ કરીએ અને ઉલટું બીજાઓને નુકશાન કરવાની કોશીષ કરશું તો તે સમાજવાદ નહિ જ હોય. સમાજવાદની સફળતાનો આધાર મોટે અંશે સમાજમાંની માનવ વ્યકિતઓ ઉપર જ નિર્ભર છે. નિઃશંક કાયદો મદદ કરે છે, પરંતુ કાયદાઓ સમાજને બદલી શકે નહિ.

મૂડીવાદ એટલે ગળાં-કાપ હરીફાઇ

કેટલીકવાર એમ રજૂઆત કરવામાં આવે છે કે આજનો મૂડીવાદ પોતે જ ઘણે ભાગે સમાજવાદી થઈ ગયો છે. આમ છતાં, મૂડીવાદ બુનીયાદી રીતે "લેવાવાળો" સમાજ છે, એટલે કે એવો સમાજ છે કે જેમાં દરેક જણ બીજાઓ પાસેથી વધુમાં વધુ ઝૂંટવી લેવાનો પ્રયત્ન કરતો હોય છે. એ સમાજમાં દરેકને બીજાઓ કરતાં વધારે કમાવું છે-પ્રાપ્ત કરવું છે અને બીજાઓની પ્રતિષ્ઠા ગળપ કરી જવી છે. આમ, મૂળભૂત રીતે મૂડીવાદી સમાજ અને નફાલક્ષી સમાજ એ બન્ને એકજ છે. મૂડીવાદની તરફેણની ફીલ્સૂફી આમ છે કે મૂડીવાદ એટલે પ્રત્યેક વ્યકિતએ પોતાથી શકય તેટલો વધુમાં વધુ યત્ન કરવો જેના પરિણામે રાષ્ટ્ર ઉત્કર્ષ ભણી પ્રગતિ કરશે. આ વિચારસરણીની વિરુદ્ધ, સમાજમાં સૌનો સહકાર એ સમાજવાદનો સિદ્ધાન્ત છે. આ સહકાર સ્વયંપ્રેરિત હોવો જોઇએ અને તેનું ઉદ્‌ભવસ્થાન માનવહૃદય હોવું જોઇએ. લોકોમાં જો સહકાર કરવાની શકિત-ભાવના ન હોય અને જો તેઓ ગળાં-કાપ હરીફાઇમાં રચ્યાપચ્યા રહે તો ઉત્તમોત્તમ કાયદાઓથી પણ સમાજવાદ લાવવાનું શકય નથી.

માનવ-મન બદલવું એ એક ધીમી પ્રક્રિયા છે

સવાલ એ છે કે લોકોનાં મન કેમ બદલવાં ? આપણે આપણાં વિચારોને ગળાં-કાપ હરિફાઇથી દૂર લઈ જવાં જોઇશે અને સહકારના કાયદાઓ તરફ જોવું જોઇશે. આપણે તે ધીમે ધીમે સાધવું પડશે. માનવોની મનોસૃષ્ટિમાં આવો ફેરફાર એકદમ અને ઓચિંતો લાવી શકાતો નથી. આજે આપણાં બાળકોને તેમના વર્ગોમાં ઊચ્ચતમ સિદ્ધાંતો શિખવવામાં આવે છે પરંતુ જ્યારે તેઓ તેમની આસપાસ સર્વત્ર ગળાં-કાપ હરિફાઇ જૂએ છે ત્યારે તેની તેમના મન ઉપર એક ખરાબ છાપ પડે છે. ઘણી એવી બાબતો છે જે કાયદાઓ મારફત સાધી શકાતી નથી. એક તરફ કાયદાઓ દ્વારા અને બીજી તરફ સમાજને કેળવવાથી આપણે ફેરફાર લાવી શકીએ.

જોર અને જબરદસ્તી ત્રાસ અને અગવડ ભણી દોરી જાય છે: રશિયાનું દૃષ્ટાંત

મેં તમને હમણાં કહ્યું કે આપણે માનવ વ્યકિતઓ સાથે કામ લેવાનું છે, નહિ કે લોખંડ અને પોલાદ સાથે. આપણી સામે રશિયાનું દૃષ્ટાંત છે. બહુ જ સારી ભાવનાઓથી, તેમણે તેમની જનતાના લાભ માટે તેમનાથી શકય તેટલું બધું કર્યું. પરંતુ તેને માટે તેમણે જોર અને જબરદસ્તીનો ઉપયોગ કર્યો. બીજા શબ્દોમાં કહીએ તો ત્યાંની સરકાર પ્રામાણિક રીતે માનતી હતી કે અમુક કાર્યક્રમથી જનતાને લાભ થશે પરંતુ તે કાર્યક્રમનો અમલ તેણે બળ દ્વારા કર્યો હતો. દા. ત. ખેડૂતો પોતાની જમીનો આપી દેવા કદી ઇચ્છતા નહોતા, પરંતુ તેમને એ વિષે કદી પણ પૂછવામાં આવ્યું ન હતું. તેમની પાસેથી જમીન જબરદસ્તીથી લઇ લેવામાં આવી હતી અને તેનું સામૂહિક ખેતીના ધોરણે વ્યવસ્થા-સંચાલન કરવામાં આવ્યું હતું. આમ, બળ અને જબરદસ્તી દ્વારા આ સામૂહિક ખેતીની પદ્ધતિ લાદવામાં આવી હતી. એ સાચું છે કે પ્રત્યેક કાયદામાં બળનું-જબરદસ્તીનું અમુક તત્ત્વ હોય છે, પરંતુ સમય જતાં, લોકો તેને સ્વીકારી લે છે. આપણા હિંદુ કાયદાનું દૃષ્ટાંત લો. આપણે તેમાં અમુક ફેરફારો દાખલ કર્યા છે, પરંતુ દરેક તે ફેરફારો સંપૂર્ણતઃ સ્વીકાર્યા નથી. આમ છતાં પણ, આપણા માટે એમ ન કહી શકાય કે જનતા ઉપર આપણે અમુક નિયમ જબરદસ્તીથી લાદી દીધો છે. પરંતુ રશિયામાં જોર અને જબરદસ્તીથી પ્રગતિ સાધવામાં આવી હતી અને તેના પરિણામે ઘણો ત્રાસ, દુઃખ, મુંઝવણો અને અગવડો ઉપસ્થિત થઇ હતી. આમ છતાં પણ, તેમણે બધી મુશ્કેલીઓ અને અગવડો સહન કરી લીધી અને કાર્યક્રમને પૂરો પાર પાડયો. એમાં તો શંકા નથી જ કે પાછળનાં વર્ષો દરમિયાન આ બધાએ તેમને સફળતાના શિખરે પ્રસ્થાપિત કર્યા, અને પુષ્કળ આર્થિક પ્રગતિ તેઓ સાધી શકયા.

દરેક વ્યકિતના સહકાર દ્વારા આપણે સમાજવાદ સાધવાનો છે

તો આપણી સમક્ષ હવે પ્રશ્ન આ છે: આપણા ઉદ્દેશોની સાધના માટે શું આપણે બળનો-જોર જૂલમનો પ્રયોગ કરવો ? અથવા તો પ્રત્યેકના સહકાર દ્વારા આપણાં લક્ષ્યાંક તરફ આગેકૂચ કરવાનું શકય છે ખરૂં ? આપણે માનીએ છીએ અને આપણું રાજ્યબંધારણ પણ કહે છે કે આપણા ઉદ્દેશોની સાધના માટે આપણે જોર જબરદસ્તીનો ઉપયોગ કરવો ન જોઇએ. આપણા રાષ્ટ્રનો રાજ્યવહીવટ લોકશાહી પદ્ધતિ ઉપર રચાયલો છે. અને એ દીવા જેવું સ્પષ્ટ છે કે જો જોર જૂલમનો આશરો કોઇપણ લે તો આ લોકશાહી પદ્ધતિનો અંત આવે અને તેની જગ્યાએ અન્ય પ્રકારની પદ્ધતિ અમલમાં આવે. માટે તેનો અર્થ એ થયો કે આપણે રશિયા જેવાં રાષ્ટ્રોની નકલ ન કરીએ અને જોર અને જબરદસ્તીથી ધારી બાબતો પાર પાડવાનો વિચાર ન કરીએ. જો આપણે તેવી રીત અખત્યાર કરીશું તો તેથી રાષ્ટ્રમાં બળવાની-લોહિયાળ ક્રાંતિની ઉપસ્થિતિ થશે.

આપણે કોઈ પણ અધિનિયમ ઘડીએ ત્યારે રાજ્યસત્તાની તાકાતનો પૂરો ખ્યાલ રાખવો ઘટે છે. અને જ્યારે કોઈ પણ કાયદો કાનૂન ઘડાવાનું હાથ ધરવામાં આવે છે ત્યારે ઘણો વાદવિવાદ અને ચર્ચા વિમર્શ થાય જ છે. આવા ચર્ચા વિમર્શ અને વાદવિવાદ દ્વારા જ વસ્તુઓ યોગ્ય આકારમાં પ્રગટ થાય છે. અને એ રીતે જે બાબતો સામાન્ય રીતે જનતાના મોટા સમૂહને સ્વીકાર્ય હોય છે તે જ બાબતોને આખરે કાયદાનું રૂપ આપવામાં આવે છે. આમ, આપણા કાર્યની આ પદ્ધતિ છે અને એ રીતે ચાલતાં આપણને સૌનો સહકાર સાંપડે છે. અલબત્ત, તેમાં સમય વધારે જાય છે. તેમ છતાં આપણે એમ માનીએ છીએ કે પ્રગતિની આ રીત વધારે સારી અને વધુ બૂનીયાદી છે. આ રીતે, સમસ્ત જનતાનો સહકાર સાધીને, ધીમે છતાં દૃઢતાથી, સમાજવાદ પ્રતિ આગેકૂચ કરવાની આપણી મનોકામના છે. લોકો પોતાની મેળે વિચારતા થાય અને તેમનામાં આત્મ-વિશ્વાસ ઉત્પન્ન થાય-એ આપણો હેતુ છે. આપણે માનીએ છીએ કે સમાજવાદ સાધવાની આજ ઉત્તમ રીત છે.

મૂળ પ્રવકતા : **પં. જવાહરલાલ નહેરૂ**

સમાપ્ત અનુવાદક : **શ્રી શાન્તિલાલ નન્દુ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ ન. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગષ્ટ ૧૫, ૧૯૫૭, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

'ગ્રામદાન' દ્વારા નિર્માણ થઈ રહેલી સર્વતોમુખી ક્રાન્તિ

('ગ્રામદાન' શબ્દ આજકાલ આપણા કાન ઉપર ખૂબ અથડાય છે, પણ ગ્રામદાન એટલે શું, તેમાં કેવી શકયતાઓ રહેલી છે, અને વિનોબાજી તે સંબંધે શું શું વિચારો ધરાવે છે તેનો બહુ જ ઓછા લોકોને ખ્યાલ છે. આ વિષય ઉપર, 'એ. આઇ. સી. સી. ઇકોનોમિક રીવ્યુ' ના પહેલી જુનના અંકમાં શ્રીમન્નારાયણનો લેખ સારો પ્રકાશ પાડે છે. ભારતની ભાવિ આર્થિક ક્રાન્તિની દૃષ્ટિએ ગ્રામદાનમાં મળેલાં ગામડાઓનું ભાવિ આયોજન વિશિષ્ટ મહત્વ ધરાવે છે અને તેથી તેની શકયતાઓ જાણવી સમજવી એ આપણ સર્વ માટે જરૂરી તેમ જ ઇચ્છનીય છે. એ લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી.**)

ભારતમાંની જમીનની અટપટી છતાં અત્યંત મહત્વની સમસ્યાના ઉકેલ માટે 'ગ્રામદાન આંદોલન'ની જબરદસ્ત શકયતાઓ પ્રત્યે થોડા સમય પહેલાં કેરળમાં આવેલ કાલડી ખાતે ભરાયેલ સર્વોદય સંમેલને સૂચક ધ્યાન ખેંચ્યું હતું. એપ્રિલ માસના છેલ્લા સપ્તાહમાં મસુરીમાં મળેલ વિકાસ કમીશનરોના (Development Commissioners) સંમેલનમાં પણ ઉકત વિષય કેટલીક વિગતે ચર્ચવામાં આવ્યો હતો. તે સંમેલનમાં પંત પ્રધાન જવાહરલાલજીએ આ આંદોલનને આવકારતાં એવી આશા દર્શાવી હતી કે સહયોગી ખેતી (Co-operative Farming) ના અખતરાઓ માટે યોગ્ય વાતાવરણ અને આદર્શ પાર્શ્વભૂનું ઉપાદાન ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓ કરી શકશે. કાલડીના સર્વોદય સંમેલન પ્રસંગે, ગ્રામદાન આંદોલનના વિવિધ પાસાંઓ અંગે આચાર્ય વિનોબાજી સાથે ચર્ચા કરવાની મને તક પ્રાપ્ત થઈ હતી. એટલે, 'પરિવ્રાજક સાધુ' (Walking Saint) ના આ નવા ક્રાંતિકારી આંદોલન અંગેનું સ્પષ્ટ ચિત્ર સામાન્યજનતા સમક્ષ રજૂ કરવાનું ઉપયોગી થઈ પડશે.

ભૂદાન આંદોલનની શરૂઆતમાં, જેમની પાસે જમીન હોય તેમણે પોતાની જમીનનો છઠ્ઠો હિસ્સો ગામના ભૂમિહીન મજદૂરોને દાન કરવો એવી આચાર્ય વિનોબાજીએ માંગણી કરી. આ રીતે, ભૂદાન યજ્ઞ આંદોલન દ્વારા વિનોબાજીએ અત્યાર સુધીમાં ૪૫ લાખ એકર જમીનનું દાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ ઉત્તર પ્રદેશ અને બિહારમાંના કેટલાંક ગામના લોકો અને પછીથી ઓરિસ્સા અને તામિલનાડના કેટલાક ગામડાંઓના લોકોએ, ભૂમિહિન લોકો-વચ્ચે જમીનની ફેરવહેંચણી કરવા માટે, તેમની સઘળી જમીન—નાની અને મોટી—વિનોબાજીને દાન આપવાનું સ્વીકાર્યું. ભૂદાન આંદોલનની આ નવી પ્રક્રિયા હવે "ગ્રામદાન" તરીકે ઓળખાય છે. આ ગ્રામદાન આંદોલનને વિનોબાજી એક મહાન અહિંસક અને અતિ મહત્વની ક્રાંતિ તરીકે મૂલવે છે. કોઇપણ એક ગામના બધા ખેડૂતો, સ્વેચ્છાપ્રેરિત ત્યાગ અને એક બીજાના સહયોગની ભાવનાથી, પોતાની સઘળી જમીનનું દાન કરીને પછી પોતાના કુટુંબમાં જેટલી સભ્યસંખ્યા હોય તેના પ્રમાણમાં ફરીથી જમીનના ટુકડાઓ પ્રાપ્ત કરે તેની કલ્પના કરો ! માનવ મન અને હૃદય (બુદ્ધિ અને ઉર્મિ) ના આ અદ્‌ભૂત પરિવર્તનથી વિશેષ કે મોટી કોઈ ક્રાંતિ હોઈ શકે ખરી ? ઓરિસ્સામાંના ગ્રામદાનમાં અપાયેલ એક ગામડામાં એક વ્યકિત દાન પહેલાં ૨૪ એકર જમીન ધરાવતી હતી; ફેરવહેંચણી વખતે તેને મળી માત્ર ૩॥ એકર, જ્યારે બીજી એક વ્યકિત—જેની પાસે બિલકુલ જમીન ન હતી—ને તેના મોટા કુટુંબના કારણે પાંચ એકર જમીન મળી. અને આ બધાનું વળી વિશેષ મહત્વ તો આ છે કે ૨૪ એકર જમીન ધરાવનાર વ્યકિતએ વિનોબાજી પાસેથી આભારની લાગણી સાથે અને સ્વાર્પણની ભાવનાથી ૩॥ એકર જમીન મેળવી.

ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓમાં, જમીનનો અમુક ભાગ—ઓછામાં ઓછો દસમો ભાગ, સહકારી ખેતીના સ્વરૂપે સામાન્ય ખેતી માટે જૂદો રાખવામાં આવે છે. આ સામાન્ય ખેતીના ઉત્પન્નનો ઉપયોગ સામૂહિક સેવાઓ જેવી કે પંચાયત વહીવટ, ગ્રામ્ય શાળા, પ્રસૂતિગૃહો, સફાઇ કાર્ય, સાંસ્કારિક પ્રવૃત્તિઓ અને ગ્રામ્યઉત્સવોના ખર્ચ માટે કરવામાં આવે છે. જો સમસ્ત ગ્રામ્યજનતાની ઇચ્છા થાય તો બધી જમીન એકત્ર કરીને તેને સહયોગથી ખેડવામાં આવે છે. વિનોબાજી આવી સહકારી ખેતીની તરફેણમાં છે, જો કે સમસ્ત ગ્રામ જનતાની ઇચ્છા વિરૂદ્ધ આખા ગામની જમીન એકત્ર કરીને તે લાદવાનું તેમને ગમતું નથી. સહકારી ખેતી માટે આખા ગામની જમીનના બે, ત્રણ કે ચાર બાજુબાજુના ટૂકડાઓ કરવાનું "ગ્રામ સભા" ને અનુકૂળ થાય તો તેઓ તેમ કરી શકે છે. આને અંગે બુનીયાદી વિચાર એ છે કે સહકારી ખેતીની જમીનનો વિસ્તાર એટલો બધો મોટો ન હોવો જોઇએ કે જેથી તેના ઉપર કામ કરનારાં વિવિધ કુટુંબો માટે નિકટનો સામાજિક સંપર્ક જાળવી રાખવાનું અશકય થાય. અલબત્ત, સહકારી ખેતી ઐચ્છિક હોવી જોઇએ અને નહિ કે તે જબરદસ્તીથી લદાવી જોઇએ. પરંતુ આ માટે ગ્રામજનતાને સહકારી ખેતીના ફાયદાઓ સમજાવવા જોઇએ અને થોડાક આદર્શ સહકારી ખેતી અંગેના પ્રયોગો તેમને સહકારી ખેતીના ફાયદાઓની ખાતરી કરાવવામાં ઘણોજ સારો ફાળો આપશે.

આખા ગામની જમીન એકત્ર કરીને તેના ઉપર સહકારી ખેતી કરવાનું જો કદાચ શકય ન હોય તો જૂદાં જૂદાં કુટુંબોને માત્ર તેમના ઉપયોગ માટે અને નહિ કે તેમની અંગત મિલ્કત તરીકે જમીનનો અમુક ભાગ આપવામાં આવશે. વિવિધ કુટુંબોને અપાયેલ આવા જમીનના ભાગ વેચી શકાશે નહિ તેમજ ગીરવી રાખી શકાશે નહિ, પરંતુ જ્યાં સુધી ગ્રામ જનતાની યોજનાઓ મુજબ તેના ઉપર યોગ્ય રીતે ખેતી કરવામાં આવશે ત્યાં સુધી તે તેવા કુટુંબો પાસે રહેશે. ખેતીની વિવિધ ક્રિયાઓ—જેમાં ખેડાણ, વાવણી, પાકની લણણી, જળ-સીંચાઈ, ખાતરનો ઉપયોગ કરવો અને પાકનું વેચાણ કરવું તે બધાનો સમાવેશ થાય છે—તેમાં શકય તેટલી વધુમાં વધુ સહકારી પદ્ધતિઓનો ઉપયોગ કરવાની આશા તેવા કુટુંબો પાસેથી રાખવામાં આવે છે. આ પ્રકારની એકમેકની મદદને પણ સહકારી ખેતીનો એક પ્રકાર ગણી શકાય. ગમે તેમ પણ, ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓની જમીનની માલીકી સમસ્ત ગામના લોકોની હશે અને નહિ કે કોઈ એક કુટુંબ બની. "ગ્રામ સભા" જૂદાં જૂદાં કુટુંબો પાસેથી ભાડું તથા કર ઉઘરાવશે અને રાજ્યસત્તાને ચૂકવી આપશે.

વિનોબાજી એ મતના છે કે જમીનની ઉત્પાદન-શક્તિ માત્ર જમીનના વિસ્તાર સાથે વધતી નથી. ભારત જેવા દેશમાં ખેતીની સંગીન પદ્ધતિઓ જરૂરી છે. અલબત્ત ખેતરો બહુ નાનાં ન જ હોવાં જોઇએ અને જૂદાં જૂદાં ખેતરો વચ્ચેની હદ બતાવવા માટે જમીનનો બગાડ ન થવો જોઇએ. કોઇ પણ બે ખેતરો વચ્ચે જૂદા રંગની પાક વાવણીની પટ્ટી દ્વારા હદ બતાવવાની જાપાનમાં પ્રવર્તતી પદ્ધતિનું ભારત અનુકરણ કરી શકે છે. વિશેષમાં, ખેતીની ક્રિયા પ્રક્રિયાઓમાં શકય તેટલી વધુમાં વધુ સહયોગી પદ્ધતિઓનું અવલંબન લેવું જોઇએ.

જ્યાં જ્યાં સમસ્ત ગ્રામજનતા ગામની સઘળી. જમીન એકત્ર કરીને સહકારી ખેતી કરવા માગતી હોય ત્યાં આપણે તેમને ધીરાણની, પાણીની, સારા બીજની વગેરે બધી જરૂરી સગવડો આપીને આવકારવા જોઇએ અને પ્રોત્સાહન આપવું જોઇએ. ગ્રામદાન વિસ્તારોમાં સાંમુહિક વિકાસયોજનાઓને સર્વપ્રથમ પસંદગી આપવી જોઇએ. પાશ્ચાત્ય રાષ્ટ્રોમાં સામુહિક ખેતીનો પ્રયોગ નિષ્ફળ નીવડયો છે તેનું મુખ્ય કારણ એ છે કે જનતાની ઇચ્છા વિરૂદ્ધ તે તેમના ઉપર લાદવામાં આવ્યો હતો. પરંતુ જો ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓમાં લોકો સ્વેચ્છાથી સહકારી ખેતી અપનાવે તો તે સફળ થશે જ. આમાં મૂળભૂત સિધ્ધાંત એ હોવો જોઇએ કે સહકારી ખેતી માટે ગ્રામજનતામાં સંપૂર્ણપણે ઉત્સાહ હોવો જોઇએ.

ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓમાં ગ્રામસભાની સ્થાપના કરવામાં આવે છે. તેમાં તે ગામના પ્રત્યેક કુટુંબનો એક એક પ્રતિનિધિ હોય છે. આ ગ્રામસભાઓ સહકારી ખેતી માટે, કાયદાવિષયક બાબતો માટે અને બીજી વિકાસ પ્રવૃત્તિઓ માટે જૂદી જૂદી પેટાસમિતિઓ નીમે છે. આ ગ્રામસભાઓના નિર્ણયો, શકય ત્યાં સુધી, સર્વાનુમતે લેવાય છે. સરકાર અને સામુહિક વિકાસયોજનાના વહીવટદ્વારો ગ્રામદાનમાં અપાયેલ આ ગામડાંઓને મદદ કરે અને ગ્રામદાન વિકાસ કાર્ય સાથે સામુહિક યોજનાઓ અને 'નેશનલ એકસ્ટેન્શન સર્વીસ'ની પ્રવૃત્તિઓનું સંયોજન કરે તે વિનોબાજીને ઘણું જ ગમશે. તેઓ એમ પણ ઇચ્છે છે કે રાજ્યસરકારોએ વહેલામાં વહેલા જરૂરી ધારાઓ પસાર કરાવવા જોઇએ કે જેથી સરકારી લોનોની પ્રાપ્તિ માટે ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓ કાયદેસરની સ્વીકૃતિ પામે અને ગ્રામસભા દ્વારા કરો ઉઘરાવી શકાય. અત્યારે તો ગ્રામદાનમાં અપાયેલ ગામડાંને અમુક ચોક્કસ મુશ્કેલીઓ સહન કરવી પડે છે. કોઇ પણ વ્યક્તિ પોતાની જમીન ગ્રામદાનમાં અર્પણ કરી દે કે રાજ્યસરકાર અને વિકાસ વહીવટદ્વારો તેને કાંઇપણ તગાવી કે નાણાંની મદદ આપવા માટે ઇન્કાર કરે છે; અને વળી તેની પાસેથી ભાડું તથા કર તે સરકારી તંત્ર વસૂલ કરે છે. જો સરકાર ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓને કાયદેસરની સ્વીકૃતિ આપે અને ગ્રામ સભાને નાણાની મદદ કરે તેમજ તેની મારફત કર ઉઘરાવે તો આગળ કહેલી એવી બધી મુશ્કેલીઓ ટળી જાય. એ સંતોષની વાત છે કે મસુરીમાં મળેલ વિકાસ કમીશનરોના સંમેલને આ દૃષ્ટિબિંદુનો સ્વીકાર કર્યો છે અને પોતપોતાની રાજ્યસરકારોને જરૂરી ધારાઓ પસાર કરાવવા માટે પ્રેરિત કરવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામદાનમાં અપાયેલ ગામડાંઓએ હવે નવા પ્રકારના જીવન જીવવાની શરૂઆત કરવી જોઇએ એ માટે વિનોબાજી ઘણા જ ઉત્સુક છે. જમીનની ફેરવહેંચણીમાંથી જીવનનાં નવાં મૂલ્યો નિર્માણ થવા જોઇએ. ગ્રામ્યનવરચનાનાં આ ચાર પાસાંઓ ઉપર વિનોબાજી ખાસ ભાર મૂકે છે: (૧) જમીનની ન્યાયી વહેંચણી અને સહકારી ખેતી, (૨) ગ્રામોદ્યોગોનો વિકાસ, (૩) બુનીયાદી કેળવણી અને (૪) દેશી વનસ્પતિઓ અને પદ્ધતિઓ પર આધારિત ગ્રામ્ય સ્વાસ્થ્યનું આયોજન. અલબત્ત, બીજાં પણ ઘણાં રચનાત્મક કાર્યો છે જે આપણે ગામડાંઓમાં હાથ ધરવાં પડશે. પરંતુ ભૂદાન, ગ્રામોદ્યોગો, બુનિયાદી શિક્ષણ અને આરોગ્ય-આ ચાર મુખ્ય ચાવીઓ છે જેના ઉપર આખરે આપણા ગામડાંઓની નવરચનાનો સ્થંભ આધારિત રહેશે. પોતાના વિકાસનું પોતાની મેળે આયોજન કરવા માટે ગ્રામ્ય જનતા જરૂરી પ્રેરણા અને આત્મ-વિશ્વાસ કેળવે એવો વિનોબાજીનો ખાસ આગ્રહ છે. અલબત્ત, તેમના આ પ્રયત્નોમાં સરકારે તેમને નક્કી અને નક્કર મદદ કરવી પડશે. પરંતુ આર્થિક અને રાજકીય સત્તાનું ઘણા મોટા પ્રમાણમાં વિકેન્દ્રીકરણ કરવાનું રહેશે. વિનોબાજી કહે છે કે જો આપણે ભારતમાં સાચી લોકશાહી પ્રસ્થાપિત કરવાની નેમ રાખતા હોઇએ તો આપણે ગ્રામરાજ અથવા તો ગ્રામ્ય જનતાની રાજ્યસત્તાની સ્થાપના કરવા માટે જરૂરી પગલાં લેવાં જ પડશે. વિનોબાજી આગળ કહે છે: "જેટલા પ્રમાણમાં સરકાર પાસેથી જનતા પાસે સત્તા આવશે તેટલા પ્રમાણમાં અહિંસાનો વિકાસ થશે અને સરકારી સત્તા ધીમે ધીમે ઓછી થઇને આખરે અદૃશ્ય થશે."

તામિલનાડમાં, ભૂદાનયજ્ઞમાં એક આખા તાલુકાનું દાન પ્રાપ્ત કરવા માટે વિનોબાજી પ્રયત્ન કરી રહ્યા છે. આ રીતે, આ ભૂદાન અને ગ્રામદાન આંદોલન તેના ભાવાર્થમાં વધારે અને વધારે ક્રાંતિકારી બનતાં જાય છે. હકીકતમાં, એકહથ્થુ સત્તાશાહીના આહવાહન સામે આ જ એક માત્ર અસરકારક અને ઉચ્ચ કક્ષાનો જવાબ છે. જીવનનાં મૂળભૂત મૂલ્યોનું તે ક્રાંતિમય પરિવર્તન કરે છે અને તે હેતુ સિદ્ધ કરવાની પદ્ધતિ વર્ગ-વિગ્રહ, ધિક્કાર અને હિંસાને બદલે અહિંસા, લોકશાહી અને હૃદયપરિવર્તન મારફતની છે. વિશેષમાં ભૂદાન અને ગ્રામદાન આંદોલનો ભારતની જનતાના ઘણા જ પછાત અને દરિદ્રી વિભાગને સ્પર્શી શકયાં છે. આપણી જનતાના નીચામાં નીચા સ્તરની આર્થિક પરિસ્થિતિ સુધારવામાં અદ્યાપિ આપણી વિકાસયોજનાઓ શક્તિમાન નથી થઇ એમ બધાને હવે ખ્યાલ આવે છે. જેઓ જમીન ધરાવે છે અગર જેમની પાસે બીજા કોઇ પ્રકારની મિલકત છે તેમને જ આપણે નાણાં ધીરી શકીએ છીએ. જેમની પાસે કાંઇ જ નથી તેઓ સરકાર પાસેથી લગભગ કાંઇપણ મદદ પ્રાપ્ત કરી શકયા નથી (ભાગ્યે જ કાંઇપણ મદદ પ્રાપ્ત કરી શકયા છે). આ દિશામાં ગ્રામદાનની ક્રાંતિ આપણને એક નવો માર્ગ બતાવે છે. ગ્રામરાજ્યની સહકારી પદ્ધતિ દરિદ્રમાં દરિદ્ર લોકોની જરૂરી જરૂરિયાતોને અસરકારક રીતે સ્પર્શી શકશે. આ દૃષ્ટિબિંદુથી ગ્રામદાન આંદોલન અત્યંત પ્રોત્સાહનનું અધિકારી છે.

મુળ અંગ્રેજી: **શ્રીમન્નારાયણ**

અનુવાદક: **શ્રી શાન્તિલાલ નન્દુ**

પંડિત સુખલાલજી સન્માન નિધિમાં એકત્ર થયેલા ફાળાની છેવટની યાદી

૧૦૩૨૫૮।।। અગાઉ જાહેર થયેલા

૧૦૦	લેડી તારાબાઇ સી. મહેતા,	મુંબઇ
૧૮૮	શ્રી નરોત્તમદાસ પી. શેઠ મારફત આવ્યા	માણાવદર
૩૬	પરચુરણ રકમો	
૫૦	દોલતચંદ કાળીદાસ શાહ	વીરમગામ
૨૫	શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય	લીંબડી
૨૫	,, નાગરદાસ કસ્તુરચંદ શાહ	અમદાવાદ
૨૫	,, મોહનલાલ છોટાલાલ	,,
૨૫	,, ભીખાચંદ પ્રેમચંદ	ખેરાજગઢ
૨૫	,, આત્માનંદ સભા	ભાવનગર
૨૫	,, હીરજી ઉમરસીની કું.	મલાડ
૨૫	,, હીરાલાલ ચોરડીઆ	કલકત્તા
૨૫	,, શાંતિલાલ ભોગીલાલ પટવા	અમદાવાદ
૨૫	,, મંત્રીશ્રી કચ્છ રાયણ જૈન મિત્રમંડળ પાઠશાળા	રાયણ-મોટી

૧૦૩૮૫૭।।।

૨૯૦૦

૧૦૦૫૫૭।।।

ઉપર જે રૂા. ૨૯૦૦ ઓછા આવેલા દર્શાવ્યા છે તેની વિગત નીચે પ્રમાણે છે:—

૨૫૦૭ મે. બીરલા બ્રધર્સ: એમણે પહેલા રૂા. ૨૫૦૦ લખાવેલા, પણ પાછળથી રૂા. ૧૦૦૦૭ એક મિત્ર મારફત એમ જે જાહેર થયેલા તે મેસર્સ. બીરલા બ્રધર્સના જ હોવાથી અને ઉપર જણાવેલા રૂા. ૨૫૦૦૭ તેમાં સમાઇ જતા હોવાથી તે રકમ ન આવી.

૨૫૦૭ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન: તેમણે રૂા. ૧૫૦૦૭ ફાળામાં નોંધાવેલા, પણ સૌરાષ્ટ્ર ક્રાંગ્રા કેમિકલ વર્કસ તરફથી રૂા. ૨૫૦૭ આગળની યાદીમાં નોંધાયલા તે આ ૧૫૦૦૭ પૈકે જ હોવાથી એ રકમ ન આવી.

૧૫૦ શ્રી નથમલજી ટાટિયા-નાલંદા: તેમના રૂા. ૧૦૦ ને બદલે આગળની યાદીમાં રૂા. ૨૫૭ છપાયા તેના ફેરના રૂા. ૧૫૭

૨૯૦૭ **મંત્રીઓ પંડિત સુખલાલજી સન્માન સમિતિ.**

કૉંગ્રેસ માટે લોકસેવકસંઘમાં ફેરવાઈ જવું શક્ય હતું ? ઈષ્ટ હતું ?

ગાંધીજીએ પોતાના જીવનના અન્ત ભાગમાં એવા ભાવનો અભિપ્રાય પ્રગટ કર્યો હતો કે જે આઝાદીના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આજ સુધી કૉંગ્રેસ મથી રહી હતી તે ધ્યેય હવે સિધ્ધ થયું છે, તેથી હવે કૉંગ્રેસે રાજકારણ છોડીને લોક સેવક સંઘમાં ફેરવાઈ જવું જોઇએ. આ અભિપ્રાયને કેવી રીતે મૂર્ત રૂપ આપવું અને તાજેતરમાં પ્રાપ્ત થયેલા સ્વરાજ્યનો વહીવટ કોને સોંપવો એ વિષે સવિસ્તર માર્ગદર્શન, તેમના જીવનનો એકાએક અન્ત આવવાથી, તેઓ આપણને આપી શકયા નહોતા. આમ છતાં કૉંગ્રેસ વિષેનું ઉપરનું સૂચન આજે આપણી સામે ગાંધીવાદીઓ તેમજ કૉંગ્રેસવિરોધીઓ તરફથી અવારનવાર આગળ ધરવામાં આવે છે.

કૉંગ્રેસ–સરકારની નીતિ તેમ જ રાજ્યપધ્ધતિ આજે ગાંધીજીની વિચારસરણિથી ઘણી બાબતમાં જુદું રૂપ ધારણ કરી રહેલ છે. અને તેથી જે કૉંગ્રેસના માર્ગદૃષ્ટા ગાંધીજી હતા અને જે કૉંગ્રેસના સેવા અને સ્વાર્પણ મુખ્ય અંગો હતા તે કૉંગ્રેસ આઝાદી પ્રાપ્ત થયા બાદ જો તેમની ઈચ્છા મુજબ લોક સેવા સંઘમાં ફેરવાઈ ગઇ હોત તો તે કૉંગ્રેસ પોતાનું શુધ્ધ અને પ્રેરક સ્વરૂપ જાળવી શકી હોત અને આજે તેમાં પેઠેલી વિકૃતિઓના કારણે જે વિચિત્રતાનું–જે વિકળતાનું–દર્શન થઇ રહેલ છે તે વિચિત્રતાથી–વિકળતાથી કૉંગ્રેસ મુકત રહી શકી હોત–આમ ગાંધીવાદીઓ કૉંગ્રેસ વિષે વિચારી રહ્યા છે.

બીજી બાજુએ કૉંગ્રેસના જે વિરોધીઓ છે અથવા તો કૉંગ્રેસ અને તે હસ્તકની અનેક બાબતોથી જે લોકો નારાજ છે તેઓ પણ કૉંગ્રેસના માથા ઉપર આ અભિપ્રાય મારી રહ્યા છે અને પોકારી રહ્યા છે કે કૉંગ્રેસે ગાંધીચીંધ્યા માર્ગે પોતાનું રૂપાન્તર કર્યું હોત તો કૉંગ્રેસની આ દશા ન થાત. આ વિરોધી સમુદાયને કૉંગ્રેસ વિષે કોઈ ખાસ મમતા છે અથવા તો ગાંધીજીના આ બાબતને લગતા વિચારો વિષે કોઇ ખાસ આગ્રહ છે એમ માનવાને કોઇ ખાસ કારણ નથી. પણ "જુઓ તો ખરા, બાપ કેવો હતો અને દીકરા કેવા પાકયા ?" એ રીતે કૉંગ્રેસને ઉતારી પાડવામાં તેઓ કોઈ જુદો જ આનંદ અનુભવે છે.

આપણે આ બન્ને વર્ગને બાજુએ રાખીને ગાંધીજીએ ઉપર જણાવેલા અભિપ્રાય મુજબ કૉંગ્રેસનું રૂપાન્તર શકય હતું કે નહિ અને ઇષ્ટ હતું કે નહિ તેનો સ્વતંત્રપણે વિચાર કરીએ. મારી દૃષ્ટિએ એવું રૂપાન્તર શકય પણ નહોતું, ઈષ્ટ પણ નહોતું. જ્યારે અંગ્રેજ સરકારે ભારતને સઘળી રાજ્યસત્તા સુપ્રત કરવાનો છેવટનો નિર્ણય કર્યો ત્યારે મોસ્લેમ લીગ સિવાય એવો અન્ય કોઇ રાજકારણી પક્ષ હયાતીમાં જ નહોતો કે જે પક્ષને રાજ્યસત્તા સુપ્રત કરી શકાય. કૉંગ્રેસ વર્ષોથી આઝાદીની લડત લડતી રહી હતી; લગભગ દશ દશ વર્ષના તબકકે સ્વાતંત્ર્ય-પ્રાપ્તિનાં નવાં સીમાચિહ્નો કૉંગ્રેસ સર કરતી રહી હતી; ૧૯૩૭ થી ૩૯ સુધી કૉંગ્રેસે મર્યાદિત સત્તાધિકાર સ્વીકારીને જુદા જુદા પ્રાન્તોનો વહીવટ પણ ચલાવ્યો હતો. ૧૯૪૭ માં પણ છેવટની સમજુતી મુખ્યતયા કૉંગ્રેસ સાથે જ કરવામાં આવી હતી. અને જ્યારે સ્વરાજ્ય સંપૂર્ણ અર્થમાં સામે આવીને ઉભું રહ્યું ત્યારે વર્ષોથી રાજકારણ સાથે સંકળાયલી કૉંગ્રેસ જેવી રાજકીય સંસ્થાથી એમ કહી શકાય તેમ હતું જ નહિ કે આ રાજસત્તાના વહીવટમાં–ભોગવટામાં પોતાને કોઇ રસ નથી. સંસ્થા સાથે જોડાયલી કોઈ એક વ્યકિત 'હવે મને આ સત્તાના રાજકારણમાં રસ નથી' એમ કહીને રાજકારણથી–રાજ્યસંચાલનની જવાબદારીથી–વિમુખ થઇ શકતી હતી, અને આપણે જોયું કે ગાંધીજીએ એમ કર્યું પણ ખરું; પણ કૉંગ્રેસે તો એ કાંટાળો રાજ-મુગટ ધારણ કર્યે જ છૂટકો હતો. તત્કાળ તેના માટે બીજો કોઇ વિકલ્પ જ નહોતો.

ત્યારે પછી નવું રાજ્યબંધારણ ઘડવાનો અને દિન પર દિનનો વહીવટ ચલાવવાનો પ્રશ્ન આવ્યો. સ્વરાજ્ય મળશે ત્યારે આપણું રાજ્યબંધારણ આ રીતે ઘડીશું અને તેમાં આ બાબતો દાખલ કરીશું, અને આવી રાજ્યરચના કરીશું–આવી અનેક બાબતો કૉંગ્રેસ જણાવતી રહી હતી અને અનેક આશાઓ જ માત્ર નહિ પણ ખાત્રીઓ કૉંગ્રેસ આગળનાં વર્ષો દરમિયાન અવારનવાર પ્રજાજનોને આપતી રહી હતી. તે કૉંગ્રેસ સ્વરાજ્ય પ્રાપ્તિ બાદ રાજ્યશાસનની ચાલુ જવાબદારીથી અલગ થઇ શકે તેમ હતું જ નહિ અને તેમ કરવું કૉંગ્રેસ માટે કે પ્રજાસમુદાય માટે ઈષ્ટ પણ નહોતું.

ગાંધીજી જીવ્યા હોત અને ઉપર જણાવેલ તેમના અભિપ્રાય મુજબ કૉંગ્રેસે પોતાનું સેવા સંસ્થામાં રૂપાન્તર કરવાનું વિચાર્યું હોત તો પણ રાજ્યશાસનની જવાબદારી ઉપાડવા માટે કૉંગ્રેસના આગેવાનોને એક સમાન્તર સંસ્થા ઉભી કર્યા સિવાય ચાલત જ નહિ. કારણ કે કૉંગ્રેસની આગેવાની તો તેમના માથે હતી જ અને એ આગેવાનો સમુદાયમાં રાજકારણ પરત્વે વૈરાગ્ય ધારણ કરે અને તેથી અલગ થાય એ શકય જ નહોતું. વળી તે વખતની કૉંગ્રેસ માટે રાજકારણ એ સ્વધર્મ હતો. રાજકારણથી અગલ એવું શુદ્ધ સેવાકારણ એ પરધર્મ હતો. સ્વધર્મ છોડીને પરધર્મ અંગીકાર કરનાર વ્યકિતના જેવી દશા રૂપાન્તર સાધવા ઈચ્છતી કૉંગ્રેસની થાત. આ બધું જોતાં કૉંગ્રેસ પોતાના ચાલુ રૂપમાં કાયમ રહી અને લોકશાહી બંધારણ રચીને, દશ વર્ષ સુધી તેણે રાજ્યવહીવટ સંભાળ્યો એ યોગ્ય જ થયું છે, એમ આજે દશ વર્ષના ગાળે પણ લાગે છે.

કૉંગ્રેસના ભાવી રૂપાન્તર વિષે ગાંધીજીએ દર્શાવેલા અભિપ્રાયમાંથી તત્કાલીન કૉંગ્રેસ અંગે એક ભયસ્થાનનું સૂચન આપણે જરૂર તારવી શકીએ છીએ અને તે એ કે સત્તાનો ચાલુ ભોગવટો વ્યકિત કે સંસ્થા માટે, જો તે પૂરી સજાગ ન હોય અને તેનામાં–આદર્શ કટ્ટરતા ન હોય અને સત્તાનાં પ્રલોભનોનો ભોગ નહિ બનવા જેટલું તેનામાં નૈતિક સામર્થ્ય ન હોય તો, અધ:પતનનું નિમિત્ત બન્યા વિના રહેશે નહિ. અંગ્રેજીમાં કહેવત છે કે 'Power corrupts and absolute power corrupts absolutely.' આ કહેવત વ્યકિતને તેમ જ સંસ્થાને લાગુ પડે જ છે. કૉંગ્રેસની સત્તાપ્રાપ્તિમાં ગાંધીજીને આ જોખમ દેખાયું હોય અને ઉપરનો અભિપ્રાય રજુ કરીને તેમણે આ ભયસ્થાન તરફ આપણું ધ્યાન ખેંચવા ધાર્યું હોય એ સંભવિત છે. કૉંગ્રેસ છેલ્લાં દશ વર્ષ દરમિયાન પૂરેપૂરી સજાગ રહી છે કે નહિ, જરૂરી આદર્શ કટ્ટરતા તેણે દાખવી છે કે નહિ અને સત્તાનાં પ્રલોભનોની તે ભોગ બની છે કે નહિ એ એક જુદો પ્રશ્ન છે. પણ એ ભયસ્થાનથી દૂર રહેવા ખાતર કૉંગ્રેસ સ્વરાજ્યપ્રાપ્તિ બાદ તરતમાં જ રાજ્યકારણથી અલગ થઇ ગઇ હોત તો તેના સમયપ્રાપ્ત ધમ-માંથી તે ચૂકી હોત અને તેમ કરીને તેણે કાયરતા દાખવી છે એવા આક્ષેપને પણ કદાચ અવકાશ મળ્યો હોત. કૉંગ્રેસના ભાવી સંબંધે ગાંધીજીના અભિપ્રાયને આગળ ધરનારાઓને તેમજ એ અભિપ્રાયના ધોરણે કૉંગ્રેસનો વિચાર કરનારાઓને આટલી વાત ધ્યાનમાં લેવા વિનંતિ છે.

પરમાનંદ

"લડાઈ કેમ થતી હશે ?"

(ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલા એક રમુજી ટુચકાનો અનુવાદ)

બાબાએ પૂછયું કે "બાપાજી, લડાઇઓ કેમ શરૂ થતી હશે ?"

બાપે કહ્યું: "જો બેટા, ધાર કે અમેરિકા અને ઇંગ્લાંડ વચ્ચે ઝગડો પેદા થયો અને..." મા વચ્ચે બોલી: "પણ અમેરિકાએ ઇંગ્લાંડ સાથે ઝગડવું જ ન જોઇએ."

બાપે જવાબ આપ્યો: "હું એ કબુલ કરું છું, પણ આ તો હું એક કાલ્પનિક દાખલો આપતો હતો."

મા બોલી: "પણ આ રીતે તમે છોકરા ઉપર ખોટા સંસ્કાર પાડો છો."

"ના, હું એમ નથી કરતો."

"હું કહું છું કે તમે એમ કરો છો."

બાપે તાડુકીને જવાબ આપ્યો: "હું કહું છું કે હું નથી કરતો. તારી આ રીત કેવળ અપમાનજનક છે."

બાબો બોલી ઉઠયો: "બસ, બાપાજી, આમ ઉશ્કેરાઓ નહિ. મને લાગે છે કે લડાઇઓ કેમ શરૂ થાય છે એ મારા ખ્યાલમાં જાણવામાં આવી ગયું છે."

દાનનું સન્માન

સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ તથા સ્વ. મણિલાલ મોકમચંદ શાહ તરફથી લગભગ ૪૦ વર્ષ પહેલાં સ્થાપવામાં આવેલ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને શ્રી નેમચંદ કચરાભાઈ તથા બાઈ લાડકીબાઈ નેમચંદ ચેરીટી ટ્રસ્ટ તરફથી રૂા. ૧૫૦૦૦૦ નું દાન આપવા બદલ તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કપુરચંદ નેમચંદ મહેતા, શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતા તથા શ્રી કેવળચંદ નેમચંદ મહેતાનું સન્માન કરવા માટે મુંબઈ પ્રદેશના પન્તપ્રધાન શ્રી યશવન્તરાવ ચવ્હાણના પ્રમુખસ્થાને મુંબઈ-શીવ ખાતેઆવેલા સંસ્થાના મકાનમાં તા. ૧૦-૮-૫૭ શનીવારના રોજ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, મુંબઈ સહકાર-ખાતાના પ્રધાન શ્રી ભારદે, મજુર પ્રધાન શ્રી શાન્તિલાલ શાહ ટ્રાન્સપોર્ટ ખાતાના ડેપ્યુટી પ્રધાન શ્રી છોટુભાઈ પટેલ, સહકારખાતાના ડેપ્યુટી પ્રધાન શ્રી જસવન્તલાલ, મુંબઈ પ્રદેશ મહાસભા સમિતિના પ્રમુખ શ્રી કે. કે. શાહ; શ્રી લાલચંદ હીરાચંદ, શ્રી મેઘજી પેથરાજ શાહ, શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ, શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, શ્રી રતિલાલ ભાઈચંદ મહેતા વગેરે મુંબઇના આગેવાન રાજ્યાધિકારીઓ તથા શહેરીઓએ હાજરી આપી હતી.

પ્રારંભમાં બહેન અમિતા મહેતાએ પોતાના મધુર કંઠ વડે કવિ નરભેરામનું પ્રેરક ગીત 'સુખ સામાનું તાકો' ગાયું હતું અને વાતા-વરણને પ્રસન્ન બનાવ્યું હતું. ત્યાર બાદ સંસ્થાના પ્રમુખ **શ્રી ચીમન-લાલ ચકુભાઈ શાહે** સંસ્થાની સ્થાપના, વિકાસ અને અત્યારની પરિસ્થિતિ ઉપર પ્રકાશ પાડતાં સંસ્થાના આદ્યસ્થાપકો સ્વ. શ્રી વાડીલાલ મોતીલાલ શાહ તથા સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહને ભવ્ય અંજલિ આપી હતી. તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે આ વિદ્યાર્થીગૃહમાં અત્યારે ૧૦૫ વિદ્યાર્થીઓ નાતજાતના ભેદભાવ સિવાય સંસ્થાનો લાભ લે છે. પાંચેક વર્ષ પહેલાં આ સંસ્થાને શ્રી કપુરચંદભાઇએ રૂા. ૨૫૦૦૦ ની રકમ ભેટ આપી હતી. થોડા સમય પહેલાં તેમણે મને તથા મારા સહકાર્યકર્તા શ્રી. પરમાનંદભાઇને ટેલીફોન કરીને પોતાને ત્યાં બોલાવ્યા અને દોઢ લાખનું દાન આપ-વાની ઇચ્છા વ્યક્ત કરી. જાહેર સંસ્થાઓ માટે ફાળા કરવા ઘેર ઘેર જવું પડે છે, જ્યારે શેઠ શ્રી કપુરચંદભાઇએ તો ઘેર બોલાવીને સંસ્થાને આવડુ મોટું દાન આપ્યું. આ દાનના પરિણામે આ સંસ્થામાં તેમની વતી લગભગ ૧૨ વિદ્યાર્થીઓને રાખવામાં આવશે અને તેમને કોલેજ ફી, રહેવા તથા ખાવા વગેરેની સગવડ આપવામાં આવશે. આ રીતે દાન કરનાર શેઠ કપુરચંદભાઇની દાનશૂરતા અપ્રતિમ છે. આની સામે સમાજે પણ પોતાની ફરજ અદા કરવી પડશે અને બધાય સમાન-પણે રહે એવી વ્યવસ્થા ઉભી કરવામાં સર્વેએ પોતાનો ફાળો આપવો પડશે. આ દિશાએ કપુરચંદભાઇએ પહેલ કરી છે તે માટે તેમને આપણુ સર્વના અભિનન્દન ઘટે છે."

ત્યાર બાદ મજુરપ્રધાન **શ્રી શાન્તિલાલ શાહે** જણાવ્યું કે "આ સંમેલનનો હેતુ કપુરચંદભાઇઓને સન્માનવાનો અને આ સંસ્થામાં પહેલી વખત આવતા શ્રી ચવ્હાણ સાહેબને સત્કારવાનો છે. આ સંસ્થાના સ્થાપક સ્વ. વાડીલાલ શાહ એક ફિલસુફ હતા અને નીશેના 'સુપરમેન'નો તેઓ આદર્શ ધરાવતા હતા, વળી તેઓ સ્વતંત્ર વિચારક હતા અને તેમની કલમ ભારે જુસ્સાદાર હતી. તેવી જ રીતે સ્વ. મણિભાઇ પણ સમાજના એક નિષ્ઠાવાન સેવક હતા અને આ સંસ્થાને ઉંચે લાવવા માટે તથા સંસ્થા માટે પોતાનું મકાન ઉભું કરવા માટે તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી જહેમત ઉઠાવી હતી. આ સંસ્થાનો આવો વિકાસ થતો જોઇને અને આવી આર્થિક મદદ મળતી જોઇને મને ખૂબ આનંદ થાય છે."

ત્યાર બાદ શ્રી ચવ્હાણ સાહેબનો પરિચય આપતાં શ્રી શાન્તિ-લાલ શાહે જણાવ્યું હતું કે "મેં શ્રી મોરારજી દેસાઇના હાથ નીચે શ્રી ચવ્હાણ સાહેબ સાથે પાંચ વર્ષ કામ કર્યું છે. અને આજે તેઓ મુંબઇના મુખ્ય પ્રધાન હોઇને તેમની નીચે હું એક સાથી તરીકે કામ કરી રહ્યો છું. તેમની સાથે મને ઘણો નિકટનો અંગત પરિચય છે. અને તેમના માટે મને ખૂબ માન છે. તેઓ સાચાબોલા, નિખાલસ અને ઉદાર છે અને તેમની વિચારણામાં કોમવાદી કે પ્રાન્તવાદી વિચારોને બીલકુલ સ્થાન નથી. જે સંસ્થા સાથે એક ટ્રસ્ટી તરીકે હું વર્ષોથી જોડાયલો છું તે સંસ્થામાં તેમને આજે આવકાર આપતાં હું ખૂબ આનંદ અનુભવું છું."

ત્યાર બાદ **શ્રી લીલાવતીબહેન દેવીદાસે** કપુરચંદભાઇને પોતાની સર્વ ઉદારતા કેળવણી તરફ વાળવા માટે ખાસ અભિનન્દન આપ્યા હતા અને જણાવ્યું હતું કે "આપણા શ્રીમાનો પોતાના દાનની દિશા આ રીતે બદલશે નહિ તો રાષ્ટ્રના નવનિર્માણના કાર્યમાં આપણે બીલકુલ આગળ વધી શકીશું નહિ."

ત્યાર બાદ રાજ્યના સહકાર ખાતાના પ્રધાન **શ્રી ટી. એસ્. ભારદેએ** વિદ્યાર્થીઓને આજના પ્રશ્નો સમજવાની તથા સમાજને માર્ગ-દર્શન આપવા માટે સલાહ આપી હતી. કપુરચંદભાઇ વિષે બોલતાં તેમણે જણાવ્યું હતું કે "ઘણા માણસો જેમ જેમ પૈસાદાર થતા જાય છે તેમ તેમ વધારે કૃપણ થતા જોવામાં આવે છે જ્યારે કપુરચંદભાઇમાં તેથી ઉલટું જ જોવામાં આવે છે. આ તેમની વિશિષ્ટતા છે."

ત્યાર બાદ **શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ** જણાવ્યું કે "નક્કી કરેલા કાર્યક્રમ મુજબ શ્રી પરમાનંદભાઇએ હવે બોલવાનું હતું પણ તેઓ નાદુરસ્ત તબિયતના કારણે આજે અહિં ઉપસ્થિત થઈ શકયા નથી તેથી તેમના પ્રતિનિધિ તરીકે મારે બોલવાનું છે. શ્રી કપુર-ચંદભાઇએ મહાવીર જૈન વિદ્યાલયને અઢી લાખનું દાન આપ્યું ત્યારે તેમની સમજણ તેમ જ આશા હતી કે મહાવીર જૈન વિદ્યાલયના કાર્યકર્તાઓ તે સંસ્થાના બંધારણને વિશાળ બનાવીને તે મહાન સંસ્થાનો લાભ જૈનોના બધા ફિરકાઓના વિદ્યાર્થીઓને આપશે. આમ બની ન શકયું તે બાબતનો શ્રી કપુરચંદભાઇના મનમાં રંજ રહ્યો હશે. બીજી બાજુએ આ સંસ્થાનું વિશાળ બંધારણ જોઇને તેઓ આ તરફ આકર્ષાયા અને રૂા. ૨૫૦૦૦ ની રકમ બે દિવસોમાં આ સંસ્થાને તેમણે ભેટ આપી. ત્યાર બાદ આ સંસ્થાનાં દ્વાર જૈનેતર વિદ્યાર્થીઓ માટે ખુલેલાં જાણીને તેઓ વધારે રાજી થયા અને પરિણામે આજે આપણે જે માટે તેમનું સન્માન કરીએ છીએ તે દોઢ લાખની રકમ તેમના ટ્રસ્ટમાંથી આ સંસ્થાને આપવાનો તેમણે નિર્ણય કર્યો. આ માટે તેમને આપણુ સર્વના હાર્દિક ધન્યવાદ ઘટે છે."

ત્યાર બાદ પંતપ્રધાન **શ્રી યશવંતરાવ ચવ્હાણે** શ્રી કપુર-ચંદભાઈ તથા તેમના બંધુઓને આવી ઉદાર સંભાવંત માટે ધન્યવાદ આપતાં જણાવ્યું કે "આપણો દેશ હવે આઝાદ થયો છે. આપણા દેશને ઊંચે આણવાની, નવનિર્માણ કરવાની આપણે બધા વાતો કરી રહ્યા છીએ, આ નવનિર્માણ એટલે શું? દેશને ઊંચો આણવો એટલે શું? એનો આપણે વિચાર કરીએ. આપણે પહેલાં તો આપણી દૃષ્ટિ સમક્ષ એક આદર્શ રાખવો પડશે. પછી ચારિત્ર્યનું ઘડતર કરવું પડશે, અને કેટલાક ઉમદા ગુણો બીલવવા પડશે. આ બધું કેળવણી મારફત જ થઈ શકે તેમ છે. એ કેળવણીના ક્ષેત્રમાં આટલું સરસ દાન આવી સુભગ રીતે આપવા માટે હું શ્રીમાન કપુરચંદ મહેતા અને તેમના બંધુઓને અન્તરથી ધન્યવાદ આપું છું.

"વિદ્યાર્થીઓને ઉદ્દેશીને મારે જણાવવાનું કે તમે તમારી નજર સમક્ષ કોઈ ઉચ્ચ આદર્શ રાખજો અને આ સંસ્થાનો લાભ લીધા પછી તમે તેનો શી રીતે બદલો વાળશો તેનો પણ વિચાર કરજો, અને ભવિષ્યમાં સારું ઉચ્ચ કોટિનું જીવન અખત્યાર કરજો. સારું જીવન—good life—એટલે શું? આ સંબંધમાં જાણીતા તત્વવિવેચક બર્ટ્રાન્ડ રસલ જણાવે છે કે જે જીવનમાં પ્રેમ ભર્યો છે અને જ્ઞાન જેનું માર્ગદર્શન કરે છે તે જ જીવન સારું છે, તે જ જીવન સાચું છે."

ત્યાર બાદ શ્રી કપુરચંદભાઇએ પોતા તરફથી તેમ જ પોતાના ભાઇઓ તરફથી આવા મોટા પાયા ઉપર તેમનું સન્માન યોજવા બદલ સંસ્થાના સંચાલકોનો આભાર માનતાં જણાવ્યું કે "હું વાણીયો છું; શૂન્યમાંથી મોટો થયો છું; પૈસાની મને પૂરી કિંમત છે, જે પૈસા મેં આપ્યા છે તે મેં પૂરી સમજ અને ગણતરીથી આપ્યા છે. મેં આ મારી મુડી એવા શરાફ પાસે જમે કરાવી છે કે જે મને વ્યાજ સાથે ઇશ્વર મારફત પાછી મળવાની છે.

"મારો મક્કમ અભિપ્રાય છે કે આ જમાનામાં હવે નાતજાતના વાડા રહેવા ન જોઇએ. તેથી આ સંસ્થા સમય સાથે આગળ વધી રહી છે અને તેનાં દ્વાર જૈનેતરો માટે પણ હવે ખુલ્લી રહ્યા છે એ જોઇને મને આ સંસ્થા તરફ વિશેષ આકર્ષણ થયું અને તેથી દોઢ લાખની રકમ સંબંધમાં મેં મારી યોજના તેના કાર્યવાહકો સમક્ષ રજુ કરી. તેમણે પૂરા ભાવથી એ સ્વીકારી અને મેં કૃતાર્થતા અનુભવી."

ત્યાર બાદ સંસ્થાના મંત્રી **શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે** સંસ્થાના નિમંત્રણને માન આપીને અનેક રોકાણો વચ્ચે અહિં આવવાનો અને અમારી સાથે બે ત્રણ કલાક રહેવાનો સમય કાઢવા બદલ ચન્દ્રાણુ સાહેબનો, અન્ય પ્રધાન તથા ડેપ્યુટી પ્રધાનોનો, શ્રી કપુરચંદભાઇ, તેમના ભાઇઓ તથા કુટુંબીજનોનો તેમ જ અન્ય નિમંત્રિત મહેમાનોનો આભાર માન્યો. અને પુલહારના સત્કારપૂર્વક સમારંભ બાદ શ્રી ચન્દ્રાણુ સાહેબ તથા અન્ય મહેમાનોએ વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધું હતું અને એક દોઢ કલાક વાર્તા વિનોદમાં પસાર કરીને સૌ કોઇ છુટા પડયા હતા.

પંડિત સુખલાલજીને અર્પણ કરવામાં આવેલ સન્માનનિધિના ઉપયોગ સંબંધે વિચારાયલી યોજના

તા. ૧૫–૬–૫૭ ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના શુભ હસ્તે પંડિત સુખલાલજીને જે સન્માનનિધિ અર્પણ કરવામાં આવ્યો હતો તેનું પબ્લીક ટ્રસ્ટ કરવા સંબંધમાં નીચે મુજબની યોજના પંડિત સુખલાલજી તરફથી નિર્ણીત કરવામાં આવી છે:–

જ્ઞાનોદય ટ્રસ્ટ

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી તા. ૧૫–૬–૫૭ ના રોજ મુંબઇ ખાતે યોજાયલા સન્માન સમારંભ પ્રસંગે ડૉ. એસ. રાધાકૃષ્ણનના વરદ હસ્તે જે રૂા. ૫૫૦૦૦ અંકે રૂપિયા પંચાવન હજારની રકમ પંડિત સુખલાલજીને અર્પણ કરવામાં આવી હતી તેનું નીચે મુજબ ટ્રસ્ટ કરવાનું પંડિત સુખલાલજી જાહેર કરે છે:–

(૧) આ ટ્રસ્ટને "જ્ઞાનોદય ટ્રસ્ટ" ના નામથી ઓળખવામાં આવશે.

(૨) આ ટ્રસ્ટનું મુખ્ય કાર્યાલય હાલ તુરત અમદાવાદ રહેશે પણ સમયાન્તરે જરૂર જણાયે આ ટ્રસ્ટનું કાર્યાલય ફેરવવાની આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને સત્તા રહેશે.

(૩) આ ટ્રસ્ટની રકમ, સન્માન સમારંભ બાદ સન્માનનિધિમાં ભરાયલી છતાં વસુલ થવી બાકી રહેલી રકમ વસુલ મળતાં મૂળ રકમમાં જે ઉમેરો થાય તે, પંડિત સુખલાલજી સન્માન નિધિ તરફથી ત્રણ ભાગમાં પ્રગટ કરવામાં આવેલ 'દર્શન અને ચિંતન' ગ્રંથોની અંદાજ નફલ ૧૦૦૦ ની જે વેચાણ રકમ આવે તે, ઉત્તરોત્તર આ ફંડમાં જે આવક થાય તે, તેમજ, ટ્રસ્ટ હવે પછી જે રકમ મેળવે, તે સર્વ રકમનો નીચેના ઉદ્દેશો પાર પાડવા માટે ઉપયોગ કરવામાં આવશે.

(ક) ભારતીય સંસ્કૃતિ, દર્શનો અને ધર્મોસંબંધી વિશિષ્ટ સાહિત્યનું યોગ્ય પુરસ્કાર આપીને સર્જન તેમ જ પ્રકાશન કરવું.

(ખ) ભારતીય સંસ્કૃતિ, દર્શનો અને ધર્મોના વિશિષ્ટ અભ્યાસીઓને છાત્રવૃત્તિ આપવી.

(ગ) પંડિત સુખલાલજીના ગ્રંથો, વિવેચનો, અને લખાણો પ્રગટ કરવા તથા વિવિધ ભાષાઓમાં અનુવાદિત કરાવવા.

(ઘ) યોગ્ય પુરસ્કાર આપીને તજજ્ઞ વિદ્વાનો દ્વારા ભારતીય સંસ્કૃતિ, દર્શનો અને ધર્મોવિષયક વ્યાખ્યાનો ગોઠવવાં.

(ઙ) સંસ્કૃતિ સમન્વય દ્વારા માનવતાનો ઉત્કર્ષ સધાય એવા પ્રકારના મૌલિક કે અનુવાદિત સાહિત્યનું પ્રકાશન કરવું.

(૪) પંડિત સુખલાલજીના પ્રગટ તેમ જ અપ્રગટ સર્વ ગ્રંથો અને લખાણો, જેનો કોપી રાઈટ કોઈ સંસ્થા યા વ્યક્તિને પંડિત સુખલાલજીએ ન આપ્યો હોય તો તે આ ટ્રસ્ટને પ્રાપ્ત થશે.

(૫) જ્યારે પણ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને એમ લાગે કે ઉપર જણાવેલ ઉદ્દેશોમાંના એક અથવા વિશેષ ઉદ્દેશો કોઇ યુનિવર્સિટી અથવા બીજી સંસ્થાદ્વારા વધારે સારી રીતે પાર પાડી શકાય તેમ છે ત્યારે ટ્રસ્ટનિધિ અથવા તો તેમાંનો કોઈ ભાગ ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તેવી સરતે તેવી યુનિવર્સિટીને અથવા તો સંસ્થાને સુપ્રત કરવાની તેમ જ ટ્રસ્ટના ઉદ્દેશોને સંગત એવા કોઈ પણ ચોક્કસ પ્રકાશન કાર્ય માટે કોઇ પણ સાહિત્યિક સંસ્થાને નાની યા મોટી રકમ આપવાની યા ધીરવાની ટ્રસ્ટીઓને સત્તા રહેશે.

(૬) આ ટ્રસ્ટના ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે નવ ટ્રસ્ટીઓ રહેશે.

(૭) આ ટ્રસ્ટનો વહીવટ ચલાવવા માટે હાલ તુરત નીચેની સાત વ્યક્તિઓની ટ્રસ્ટીઓ તરીકે નિમણુંક કરવામાં આવશે.
(૧) પંડિત સુખલાલજી (૨) મુનિ જિનવિજયજી (૩) કાકા સાહેબ કાલેલકર (૪) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા (૫) શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ (૬) અધ્યાપક દલસુખભાઇ માલવણિયા (૭) શ્રી ભંવરમલ સિંઘી.

(૮) ટ્રસ્ટીઓની કોઇ પણ કારણસર ખાલી પડેલી જગ્યાની પૂર્તિ બાકી રહેલા ટ્રસ્ટીઓ કરી શકશે તેમ જ ઉપર જણાવ્યા મુજબ નવા બે ટ્રસ્ટીઓની ઉમેરણી પણ ટ્રસ્ટીઓ કરી શકશે.

(૯) પોતાના કાર્યમાં મદદરૂપ બને અને જરૂરી સલાહ આપી શકે એ હેતુથી ટ્રસ્ટીઓ એક સલાહકાર મંડળ નીમી શકશે.

(૧૦) ટ્રસ્ટીમંડળની સભાની કાર્યસાધક હાજરી (કોરમ) ત્રણની ગણાશે અને એ સભાના નિર્ણયો બહુમતીથી લેવામાં આવશે.

(૧૧) નાણાંની વ્યવસ્થાની સમગ્ર સત્તા ટ્રસ્ટીઓની રહેશે અને ટ્રસ્ટીમંડળ નક્કી કરે તેવી ત્રણ વ્યક્તિઓના નામે બેંક અગર તેમને યોગ્ય લાગતા બીજા રોકાણોમાં ટ્રસ્ટનાં નાણાંનું રોકાણ કરશે. બેંક એકાઉન્ટ ત્રણ ટ્રસ્ટીઓના નામે રહેશે અને ત્રણમાંથી કોઇ પણ બે ટ્રસ્ટીની સહીથી નાણાં ઉપાડી શકાશે.

(૧૨) ટ્રસ્ટીઓ પોતામાંથી કોઇ એક અથવા બેની મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણુંક કરી શકશે.

(૧૩) ઉપર જણાવેલ ઉદ્દેશો અનુસાર હાથ ધરવામાં આવનાર કાર્યોની વ્યવસ્થા માટે તેમજ ટ્રસ્ટના ચાલુ વહીવટ માટે ટ્રસ્ટીઓ એક સવેતન મંત્રીની નિમણુંક કરી શકશે તેમ જ ટ્રસ્ટને લગતા કાર્યાલયનો જરૂરી પ્રબંધ કરી શકશે.

(૧૪) ટ્રસ્ટીમંડળના નિર્ણયો ટ્રસ્ટીઓની સભા બોલાવીને અથવા તો પરિપત્રદ્વારા બહુમતીના ધોરણે લેવામાં આવશે.

(૧૫) આ ટ્રસ્ટના ઉદ્દેશો અને ટ્રસ્ટ મારફત કરવા ધારેલ કાર્યો અંગે કોઈ પણ વ્યક્તિ યા સંસ્થા તરફથી ભેટ તરીકે નાણાંની સહાય ટ્રસ્ટીઓ મેળવી શકશે તેમ જ સ્વીકારી શકશે.

(૧૬) ઉપરના ધોરણે અને બીજી યોગ્ય કલમો ઉમેરીને ટ્રસ્ટનું પાકું લખાણ કરવામાં આવશે.

આર્ય–અનાર્ય સમસ્યા

(તા. ૧૫-૧૦-૫૬ ના પ્રબુદ્ધ જીવનમાં 'પ્રકીર્ણ નોંધ' નીચે પ્રગટ થયેલ 'દ્રાવીડ કઝગામ' આન્દોલન અને વિનોબાજી' એ મથાળાની એક નોંધ પ્રગટ કરવામાં આવી હતી. એ નોંધમાં દક્ષિણ પ્રદેશમાં કેટલાએક સમયથી રામાયણ અને તેના નાયક રામચંદ્રજી સામે જે વિરોધી આંદોલન ચાલી રહેલ છે તે વિષે અને તે આન્દોલનના પ્રવર્તકોને ઉદ્દેશીને વિનોબાજીએ ગત વર્ષ દરમિયાન જે કોઈ કહેલું તે વિષે ચર્ચા કરવામાં આવી હતી અને આવી રામાયણવિરોધી હીલચાલમાં રાષ્ટ્રદૃષ્ટિએ રહેલા અનિષ્ટ તરફ પ્રબુદ્ધ જીવનના વાચકોનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. આ નોંધ વાંચીને મારા મિત્ર શ્રી રતિલાલ મફાભાઈએ મને એક લાંબો પત્ર લખીને જણાવ્યું કે આ રામ-રામાયણ વિરોધ પાછળ આર્ય–અનાર્યની એક મોટી ઐતિહાસિક સમસ્યા રહેલી છે જેની ઉપેક્ષા કે અવગણના કરવાને બદલે બરાબર સમજી લઈને આજના દક્ષિણ-ઉત્તર વચ્ચેના સંઘર્ષનો ઉકેલ ચિન્તવવાની જરૂર છે. આમ જણાવીને તેમણે કેટલાંએક સમય પહેલાં સ્વામી સત્યભક્તજીએ 'સંગમ' માં 'આર્ય–અનાર્ય સમસ્યા' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખની નકલ મારી ઉપર મોકલી આપી. આ લેખ વાંચીને મને થયું કે મેં આ રીતે આ પ્રશ્નનો પહેલાં કદિ પણ વિચાર કર્યો નહોતો. એ લેખમાં કરવામાં આવેલાં વિધાનો અને સૂચવવામાં આવેલાં અનુમાનો અનેકના માટે સહજ સ્વીકાર્ય ન બને તેવાં છે. એમ છતાં પણ પ્રસ્તુત પ્રશ્નની તેમાં કરવામાં આવેલી આલેખના આકર્ષક અને જરૂર વિચારપ્રેરક છે એમ મને લાગ્યું. પ્રસ્તુત લેખ મૂળ હિંદીમાં છે. મારા મિત્ર શ્રી પુલચંદ હરિચંદ દોશીએ મારી વિનંતી માન્ય રાખીને તેનો ગુજરાતી અનુવાદ કરી આપ્યો. તે અનુવાદનો અર્ધભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે; બાકીનો ભાગ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. **પરમાનંદ**)

એક રીતે તો ભારતની આર્ય અનાર્ય સમસ્યા પૂરી થઈ ચૂકી છે. સભ્યતાઓનો સમન્વય પણ થઇ ચૂક્યો છે. તો પણ તેનાં મૂળમાં અનાર્યની સાથે જે અન્યાય થયો છે, તેનાં નિશાન આજે પણ મોજુદ છે. અને તે નિશાનો કદી કદી એક જાતની ઉપાધિ ઉભી કરનારાં બને. દક્ષિણ ભારત આજ એ વાતનો અનુભવ પણ કરી રહ્યું છે. તેનો કોઈ અનર્થકારી પ્રભાવ ઉઠે અથવા તે સમસ્યા ફરી જાગી ઉઠે તે પહેલાં જ તેનું પરિમાર્જન થવું જરૂરી છે. જે ઘટનાઓ બની ગઈ છે, તે તો બદલાવી નહિ શકાય, તેને સમ્બન્ધિત વ્યકિત પણ મૃત્યુશાયી થયેલ છે, તેની જવાબદારી પણ આંજની પેઢી ઉપર લાદી નહિ શકાય. તો પણ ઇતિહાસને ખોટી રીતે રજુ કરીને ગૌરવને જે ઝાંખપ આપવામાં આવે છે તેનું પરિમાર્જન જરૂરી છે. રાજનૈતિક ક્ષેત્રમાં આ ભયંકર દ્વન્દ્વનાં ચિન્હૂ પણ દેખાવા લાગ્યાં છે. આ પરિસ્થિતિમાં સર્ચ્ચાઈનું પ્રમાણ જે છે તે તો છે જ, પણ સાથે સાથે રાજનૈતિક સમસ્યાની, ખાસ કરીને ભારતની એક રાષ્ટ્રીયતાની–દૃષ્ટિથી આ વિષયમાં ફરી વિચારવું જરૂરી છે.

પક્ષપાતથી ભરેલા ધર્મગ્રંથો, પુરાણઆદિ બદલી શકાય એ તો સમ્ભવિત નથી. પણ સમ્ભવ છે કે શિક્ષિતવર્ગમાં ન્યાયપૂર્ણ વિચારધારા પ્રવાહિત કરવામાં આવે, આર્યોના આગમન સમયથી ગઈકાલ સુધીનો ઇતિહાસ નવા દૃષ્ટિકોણથી તયાર કરવામાં આવે અને એવું વાતાવરણ તૈયાર કરી શકાય કે કાશ્મીરથી લંકા સુધીના બધા લોકો એવો અનુભવ કરવા લાગે કે અમે બધા એક પરસ્પર સંકળાયેલી સંસ્કૃતિવાળા અને પરસ્પર સંકળાયલી જાતીવાળા છીએ. આર્ય–અનાર્યોની જાતિ પણ હળીમળી ગઈ છે. બન્નેમાં કોઇ નાનું મોટું નથી. કોઇ પાપનું ભાગી નહોતું, ન કોઈ પુણ્યનું. બન્નેમાં ગુણદોષ હતા. આપણે દોષોને છોડી ને ગુણ ગ્રહણ કરવાના છે.

આમ તો સમસ્યાનો ઉકેલ આવી ગયો હતો પણ તેના મૂળમાં આવશ્યક સર્ચ્ચાઈ ન હોવાથી ફરી ગૂંચના ચિન્હો દેખાવા લાગ્યા છે.

લંકામાં ભારતીયના નાગરિકત્વના પ્રશ્નથી જે સમસ્યા ઉભી થઇ છે, તે સંબંધી લંકાના પ્રધાનમંત્રી શ્રી કોટલાવાલાએ કહ્યું છે કે આપણે ભારત–લંકાની સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. આ સમસ્યા ત્રણ હજાર વર્ષથી ઉભી થઇ છે.

શ્રી કોટલાવાલાની ત્રણ હજાર વર્ષની વાત સાંભળી હું ચોંકી ઉઠ્યો. અને આર્ય–અનાર્યના સંઘર્ષના આરંભથી લઇને સને ૧૯૪૭ ની સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધીના એક લાંબા યુગ પર મારી કલ્પનાદૃષ્ટિ દોડી ગઈ. જાતીય તેમજ અન્ય પક્ષપાત ને લઈને જે પક્ષપાત ભરેલો અને જૂઠો ઇતિહાસ લખવામાં આવ્યો છે અને જેને ધર્મ અને સંસ્કૃતિનું રૂપ આપવામાં આવ્યું છે તેને બદલવાની ઘણી ઘણી દૃષ્ટિએ જરૂર છે. સત્યની શોધની દૃષ્ટિથી તો આ ઇતિહાસ બદલવો જ જોઇએ, પણ હવે તો રાજનૈતિક કારણોની દૃષ્ટિથી પણ આ જૂઠા અને પક્ષપાતપૂર્ણ ઇતિહાસને બદલવો જરૂરી છે.

આર્ય લોક જ્યારે આ દેશમાં આવ્યા અને અનાર્યોની સાથે તેમનો સંઘર્ષ થયો ત્યારે તે સંઘર્ષમાં આર્યોનો વિજય થયો. અન્તમાં બન્ને સંસ્કૃતિઓની આપ લે થઈ અને સમન્વય થયો. પરન્તુ વિજયી અને શાસક બનેલા આર્યોએ આ સંઘર્ષનો ઇતિહાસ જૂદો ચિતર્યો. આર્યો પોતે જ આક્રમક હતા, પરંતુ અહીંના મૂલનિવાસી અનાર્યોને આક્રમક તરીકે જાહેર કરવામાં આવ્યા. અનાર્ય લોક આક્રમણનો જે પ્રતિરોધ અથવા સામનો કરતા હતા તેને આક્રમણ ગણવામાં આવ્યું અને અનાર્યોને પાપી, દુષ્ટ આદિ કહેવામાં આવ્યા. હજારો વર્ષનો ઇતિહાસ આ રીતે જૂઠાં ચિત્રણોથી ભરેલો છે. નાગ, અસુર અને રાક્ષસ આદિ સભ્ય, સમુન્નત જાતિઓ હતી. પરન્તુ જેમ અસભ્ય પરન્તુ સંગઠિત મુસલમાનોથી સભ્ય કિન્તુ અસંગઠિત શાંતિપ્રિય હિન્દુ હારી ગયા, તેવી જ રીતે અસભ્ય પણ સંગઠિન આર્યોથી સભ્ય પણ અસંઠિત શાન્તિપ્રિય અનાર્યો હારી ગયા. પરિણામ એ આવ્યું કે વિજયી આર્યોએ તેઓને પાપી, દુષ્ટ, અધર્મી આદિ સિદ્ધ કરી દીધા.

અનાર્ય લોક કેટલા બધા સમુન્નત હતા તે વાત મોહેન્જોદેરો આદિના ખોદાણથી સાબીત થાય છે. યુધિષ્ઠિરનો વિચિત્ર મહેલ એક અનાર્ય દાનવ મય નો બનાવેલો હતો. આથી અનાર્યોની શિલ્પ કલા તેમજ દક્ષતા જણાઈ આવે છે. પણ રાજનૈતિક પરાજયે તેઓના બધા ગુણો ધૂળમાં મેળવી દીધા. તેમને જૂઠા અધર્મી સિદ્ધ કરી દીધા. આજ પક્ષપાતનું પરિણામ એ આવ્યું કે રક્ષા કરવાવાળાને રાક્ષસ (ખરાબ) માની લીધા, સુરા (દારૂ) ન પીવાવાળાને અસુર (ખરાબ) માનવામાં આવ્યા અને સુરા પીવાવાળાને સુર (સારા) માનવામાં આવ્યા. મૂળમાં અસુર શબ્દ ખરાબ નહોતો. પ્રાચીન ફારસી ભાષા જે સંસ્કૃતની બહેન છે તેમાં અસુર પરમાત્માને કહે છે. ફારસી ભાષામાં 'સ' નો ઉચ્ચાર 'હૈ' કરવામાં આવે છે, તેથી જેવી રીતે સિંધનો હિંદ બની ગયો તે જ પ્રમાણે અસૂરનો અહૂર બન્યો, જે પ્રાચીન ફારસી ભાષામાં ઇશ્વરનું નામ છે. સુર ત્યાં ગાળ રૂપે છે આથી માલુમ પડે છે કે અસુર ખરાબ નામ નહોતું. ન તેનો અર્થ ખરાબ હતો. તેમ છતાં વિજયી આર્યોએ જે રીતે ઇતિહાસને બગાડ્યો તેથી અસુર રાક્ષસ આદિ નિંદનીય બની ગયા. આર્ય–અનાર્યના સંઘર્ષનું મૂળ રૂપ આ રીતે ગણી શકાય.

આર્ય લોકો દક્ષિણ તરફ વધતા જતા હતા અને મૂળ નીવાસીઓને જીતતાં જીતતાં, મારતા મારતા, હઠાવતા હઠાવતા પોતાનું રાજ્ય વધારતા જતા હતા. આર્યોના સંગઠનનું મુખ્ય રૂપ યજ્ઞ હતો. યજ્ઞમાં તેઓ બધા એકઠા થતા હતા. આર્યોના ઋષિઓ જ્યારે દક્ષિણમાં યજ્ઞ કરતા હતા ત્યારે યજ્ઞની આસપાસની માઇલો સુધીની જમીન આર્યો પોતાના રાજ્યમાં ભેળવી દેતા હતા. આ રીતે યજ્ઞ માત્ર ધાર્મિક ક્રિયા નહિ પણ અનાર્યોના રાજ્યોને પચાવી પાડવાની એક તરકીબ બની ગઈ હતી. તેથી જ અનાર્ય લોકો યજ્ઞના સખ્ત વિરોધી હતા. યજ્ઞ ન જ થાય તેવી અનાર્યો કોશીષ કરતા હતા. આ સંઘર્ષમાં આર્ય–અનાર્ય બન્ને માર્યા જતા હતા અને કોઈ કોઇ વાર બ્રાહ્મણો પણ માર્યા જતા હતા.

અનાર્યોનો આ આત્મરક્ષાનો પ્રયત્ન આર્યોના ધર્મ અને સંસ્કૃતી ઉપરનું આક્રમણ ગણવામાં આવ્યું અને તેની ખૂબ નિંદા કરવામાં

આવી. ઋષિ લોકો આ વાત સાંભળીને આર્ય યુવકોને ખૂબ ઉત્તેજિત કરતા હતા. વિશ્વામિત્રે રામ લક્ષ્મણને કિશોરાવસ્થામાં યજ્ઞરક્ષાને બહાને લઈજઈને રાક્ષસોનો વધ કરાવ્યો હતો. વનવાસ દરમિયાન રામે પોતે ઋષિઓની સલાહથી દક્ષિણના અનેક રાક્ષસશાસકો અને રાવણના ગવર્નરોનો નાશ કર્યો હતો. રામથી મરાયેલામાં તાડિકા નામની એક ગવર્નર રાક્ષસ સ્ત્રી પણ હતી. અને તેના સાથીઓને સમુદ્ર કિનારા સુધી ભગાડી મૂકવામાં આવ્યા હતા. રામની પહેલાં પણ આર્યોના મૂળ સમ્રાટ ઈન્દ્ર તથા અનેક પ્રસિદ્ધ રાજામહારાજાઓ રાક્ષસો, અસુરો આદી સાથે લડતા હતા. અનેક વખત સમ્રાટ ઇન્દ્રને પણ હારવું પડયું હતું. પરંતુ અન્તે આર્ય રાજાઓ અને આર્ય ઋષિઓની સહાયતાથી ઇન્દ્ર જીતતો હતો. દધીચિ જેવા ઋષિલોકો તેને માટે પોતાનો પ્રાણ પણ આપી દેતા હતા.

આ પ્રમાણે હજારો વર્ષ સુધી આર્યો દ્વારા અનાર્યો પર જે અત્યાચારો થયા તે ખૂબ અન્યાયભરેલા તો હતા જ પણ તેમાં ભારે અન્યાય તો એ હતો કે તેમાં અનાર્ય લોકોને જ અપરાધી-પાપી અને નિન્દનીય ઠરાવવામાં આવ્યા હતા.

કપટથી ભારતને જીતવાવાળા અંગ્રેજોએ પણ પોતાના વિરોધી ભારતીય વીરોની ભારેમાં ભારે નિંદા કરી છે. આવું જ કાર્ય વિજયી આર્યોએ હારેલા અનાર્યો સાથે કર્યું.

રામચંદ્ર મર્યાદાપુરૂષોત્તમ હતા તેમ જ મહામાનવ હતા તેમાં શંકા નથી, પરંતુ જો માનવતાની દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો રામચંદ્રજીનું જીવન પણ કેટલીક રીતે દોષપાત્ર સિદ્ધ થાય છે. જો કે તેઓ ત્યાગી હતા, કષ્ટસહિષ્ણુ હતા, રાજા હોવા છતાં પણ પ્રજાના ઉત્કર્ષ માટે પોતાના સર્વસ્વનો ભોગ આપી શકયા હતા, રાજ્યને લાત મારીને વનવાસ સ્વીકારવામાં તેમને જરા પણ સંકોચ થયો નહોતો- વગેરે તેમનામાં અસાધારણ ગુણો હતાં, એટલું જ નહિ પણ તેમણે આર્ય-અનાર્ય વચ્ચે સાંસ્કૃતિક સમન્વયનો પાયો નાંખ્યો હતો તેથી તેઓ યુગપ્રવર્તક પણ હતા.

રામચંદ્રજીએ દક્ષિણમાં જઈને અનાર્ય દેવ શિવની મૂર્તિ સ્થાપન કરીને તેની પૂજા કરી. દક્ષિણની અનેક જાતિઓ સાથે મિત્રતા સ્થાપિત કરી. આ રીતે તેમણે સાંસ્કૃતિક, ધાર્મિક તથા સામાજિક સમન્વયનાં શ્રીગણેશ કર્યા. નિઃસંદેહ તેમનાં આ કાર્યો રાજનીતિજ્ઞતાથી સારી રીતે પ્રેરિત હતાં. પરંતુ કારણ ગમે તે હોય, પણ તેઓએ માનવતાના માર્ગમાં પ્રગતિને પંથે પ્રમાણ કર્યું હતું. આ બધાં કારણોથી રામચંદ્રજી એક મહાન અને પૂજ્ય મહામાનવ સિદ્ધ થાય છે.

આમ હોવા છતાં છેવટે તે આર્યોના દિગ્વિજયી સમ્રાટ હતા. આર્ય સામ્રાજ્યનો વિસ્તાર તેમનું ધ્યેય હતું. અને જાતીય સામ્રાજ્યનો વિસ્તાર કોઇ એવું પુણ્યકાર્ય નથી કે તેનાથી મનુષ્યનું જીવન કલંકિત ન થાય, એટલે રામચંદ્રજીનું જીવન પણ કલંકિત થયું હતું. ત્યાં સુધી કે સજ્જનતાની પરાકાષ્ટા પર પહોંચેલા રામચંદ્રજીદ્વારા સ્ત્રીઓનો પણ વધ થયો હતો અને તેઓનું ખરાબ રીતે અપમાન થયું હતું. તાડિકાનો વધ તો તે કરી ચૂકયા હતા, પરંતુ રાવણની બહેનનું નાક કાપવાની ઘટના તો ભારે ઘૃણાસ્પદ છે. આથી માલુમ પડે છે કે સામ્રાજ્યવિસ્તાર અને જાતિય પક્ષપાતના કારણે આદર્શ વ્યકિતનું જીવન પણ કેટલું કલંકિત થઈ જાય છે.

રાવણ એક સમ્રાટ હતો અને તેણે આર્યોની શકિતને કુંઠિત કરી દીધી હતી, આર્યોના અત્યાચારોનો બદલો લીધો હતો, આર્ય સમ્રાટ ઇન્દ્રને પણ પોતાનો માંડલિક બનાવી દીધો હતો; પણ તે માટે આપણે રાવણને કે અનાર્યોને દોષિત નથી ઠરાવી શકતા. આક્રમણકારી આર્યોને રોકવાનો યા તેમને વશ કરવાનો તેમનો સ્વાભાવિક અધિકાર હતો. એથી રાવણ નિન્દનીય નથી ઠરતો. રાવણનો મોટામાં મોટો અપરાધ સીતાહરણ છે. પરસ્ત્રીહરણ એક એવો અપરાધ છે કે જેને માટે ભરેભર ક્ષમા આપી શકાય નહિ. પરંતુ આર્યોદ્વારા લખાયેલા ઇતિહાસનું જો સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવે તો એ માલુમ પડે છે કે પ્રસ્તુત રાવણે એ કાર્ય કામુકતાને કારણે કર્યું હતું, પોતાના ઉચિત ગૌરવની રક્ષાને માટે જ તેને આ કાર્ય કરવું પડયું હતું એમ સાબીત થાય છે.

એમ માલુમ પડે છે કે રાવણની બહેન સૂર્પણખા (આ નામ અનાર્ય ભાષાનું નથી. અનાર્ય ભાષાના નામોના ઉચ્ચારણોને થોડા બદલીને સંસ્કૃતથી મળતા નામ બનાવી લેવાની આર્યોની આદત હતી. આજે પણ તે મેકસમૂલરને મોક્ષમૂલર બનાવી દે છે. અનાર્યોનાં બધા નામો એ પ્રકારે પરિવર્તિત કરેલા જણાય છે. મૂળ નામોનું આજે તો નામ નિશાન નથી. ખેર.) ભારતની તે પ્રદેશની રાજ્યપાલ (ગવર્નર) હતી. તેણે રામ લક્ષ્મણને જોયા અને તેઓને જોઇને તે મોહિત થઈ ગઈ, એટલું જ નહિ પણ આ બેમાંથી એકની સાથે લગ્ન કરી લેવા વિચાર્યું. બહુપત્નીત્વનો રિવાજ એ વખતે આર્ય-અનાર્ય સમાજ-બન્નેમાં હતો. સ્ત્રીઓને પણ બન્નેમાં તે માટે પૂરી સ્વતંત્રતા હતી. સ્ત્રીઓ સ્વયંવર પણ કરતી હતી. આર્યોએ કલ્પેલા સ્વર્ગમાં તો સ્ત્રીઓ ગમે તેની સાથે ચાલી જતી હતી અને ઇચ્છાનુસાર પત્નીની સમાન રહીને પછી છોડીને ચાલી આવતી હતી. પહેલાં તો આર્યોમાં વિવાહપ્રથા પણ નહોતી. શ્વેતકેતુના સમયથી વિવાહપ્રથા મજબૂત બની. સ્વયંવર, છૂટાછેડા, બહુપત્નીત્વ આદિની પૂર્વભૂમિકાનો વિચાર કરતાં રાવણની બહેનનો વિચાર કેવળ એક સાધારણ વિચાર હતો.

પરન્તુ રામે તેની ઇચ્છાનો અસ્વીકાર કરીને તેને લક્ષ્મણની પાસે મોકલી. લક્ષ્મણે તેને બહાનું બતાવી રામની પાસે મોકલી. એ રીતે બન્ને ભાઇઓએ તેને નચાવવાનું અને તેની મશ્કરી કરવાનું શરૂ કર્યું. આમ જ્યારે તેને ગુસ્સો આવ્યો ત્યારે લક્ષ્મણે તેનું નાક કાપી લીધું. આ કાર્ય આર્ય સભ્યતા કે અનાર્ય સભ્યતા કોઇને અનુરૂપ નહોતું. વળી સૂર્પણખા એ પ્રદેશની મુખ્ય મહિલા અને પોતાના યુગના સૌથી મહાન સમ્રાટ—આર્યો પર પણ શાસન કરવાવાળા સમ્રાટની બહેન હતી. કોઈ સાધારણ આદમી પણ પોતાની બહેનનું આવું અપમાન ન સહન કરી શકે. તો પછી સમ્રાટ રાવણ કેમ સહન કરી શકે? રાવણ બદલો લેવા આવ્યો. તેણે બદલાનો સારામાં સારો ઉપાય સીતાનું હરણ માન્યું. આમાં માત્ર બદલો લેવાનો ભાવ હતો. નારીનું અપમાન કરવાનો ભાવ નહોતો. એટલે જ સીતાદેવીની રાજીખુશી વિના રાવણે બળાત્કારની કોઇ ચેષ્ટા ન કરી. અન્યથા રાવણ એમ કરત તો કરી શકત. ભલે પછી સીતાદેવીએ પોતાના સતીત્વનું રક્ષણ પ્રાણ આપીને પણ કર્યું હોત.

અહીં રાવણ સભ્ય અને મર્યાદાશીલ સાબીત થાય છે. બહેનના અપમાનનો બદલો તો તેણે લીધો પણ કામુકતાને કારણે યા સમ્રાટ હોવાના અહંકારને કારણે સીતાજીનું કોઇ અપમાન તેણે કર્યું નથી.

અપૂર્ણ

મૂળ હિંદી : **સ્વામી સત્યભક્ત**

અનુવાદક : **શ્રી કુલચંદ હરિચંદ દોશી**

સંઘના સભ્યોને

ચાલુ સાલ સંવત ૨૦૧૩ નું સંઘનું વાર્ષિક લવાજમ હજુ ઘણા સભ્યોનું વસુલ આવ્યું નથી. જે સભ્યોનું લવાજમ બાકી છે તેમના અંકમાં તેની જાણ કરતી સ્લીપો નાંખીને અવારનવાર યાદી આપવામાં આવે છે. આમ છતાં પણ ઘણા સભ્યોનું લવાજમ બાકી રહેતું હોઈ તેમને વિનંતિ કરવામાં આવે છે કે હવે આ વર્ષ પુરૂ થવા આડે થોડો જ સમય બાકી રહેતો હોવાથી પોતાનું લવાજમ શકય હોય ત્યાં સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અને ત્યાર બાદ સંઘના કાર્યાલયમાં અવશ્ય મોકલી આપે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વિષય સૂચિ

		પૃષ્ઠ
"ગ્રામદાન" દ્વારા નિર્માણ થઈ રહેલી સર્વતોમુખી ક્રાન્તિ	શ્રીમન્નારાયણ	૬૯
કોંગ્રેસ માટે લોકસેવક સંઘમાં ફેરવાઇ જવું શકય હતું? ઇષ્ટ હતું?	પરમાનંદ	૭૧
દાનનું સન્માન		૭૨
પંડિત સુખલાલજીને અર્પણ કરવામાં આવેલ સન્માનનિધિના ઉપયોગ સંબંધે વિચારાયેલી યોજના		૭૩
આર્ય-અનાર્ય સમસ્યા	સ્વામી સત્યભક્ત	૭૪
શ્રી દેવદાસ ગાંધીનું અકાળ અવસાન	પરમાનંદ	૭૬
વિષ મોચન	હરિવલ્લભ ભાયાણી	૭૭

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ઓગસ્ટ માસની ૨૧ મી તારીખ અને બુધવારથી ઓગસ્ટ માસની ૨૯ મી તારીખ અને ગુરૂવાર સુધી એમ નવ દિવસ પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાનું પ્રમુખસ્થાન પં. સુખલાલજી શોભાવશે. હંમેશની વ્યાખ્યાનસભા સવારના ૮॥ વાગ્યે નિયમિતપણે શરૂ થશે. તા. ૨૧ થી ૨૫ ઓગસ્ટ સુધીની વ્યાખ્યાનસભા ફ્રેંચ બ્રીજ ઉપર આવેલ બ્લેવાટ્સ્કી લોજમાં, તા. ૨૬ તથા ૨૭ મીની વ્યાખ્યાનસભા લેમીંગ્ટન રોડ ઉપર આવેલ રોકસી થીએટરમાં, તા. ૨૮ મીની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં અને તા. ૨૯ મીની, વ્યાખ્યાનસભા રોકસી થીએટરમાં ભરાશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૨૧ બુધવાર	બ્લેવાટ્સ્કી લોજ	શ્રી કન્નૈયાલાલ મા. મુનશી	વર્તતી જતી ધર્મોપેક્ષા
,,	,,	આચાર્ય. ભોગીલાલ જે. સાંડેસરા	વિદેશયાત્રાનાં સ્મરણો
૨૨ ગુરૂવાર	,,	શ્રી એમ. વી. દેસાઈ	લોકમાન્ય તિલકનું જીવનકાર્ય
,,	,,	અધ્યાપક. નલીન ભટ્ટ	ગીતાની સમન્વયશકિત
૨૩ શુક્રવાર	,,	પુષ્પાબ્હેન મહેતા	... ...
,,	,,	સ્વામી અખંડાનંદ	ભારતીય સંસ્કૃતિનો દ્વિમુખી પ્રવાહ
૨૪ શનીવાર	,,	મુનિશ્રી જિનવિજયજી	આજનો યુગ અને જૈન ધર્મ
,,	,,	અધ્યાપક દલસુખભાઈ માલવણિયા	જૈન અને બૌદ્ધ ધર્મ
૨૫ રવિવાર	,,	શ્રી ભંવરમલ સિંઘી	સમાજસુધારની ઉત્ક્રાન્તિ
,,	,,	શ્રી જયોતીન્દ્ર દવે	સાહિત્ય અને સંસાર
૨૬ સોમવાર	રોકસી થીએટર	દાદા ધર્માધિકારી	અહિંસાની વિકાસશીલતા
૨૭ મંગળવાર	,,	,,	,,
૨૮ બુધવાર	ભારતીય વિદ્યા ભવન	,,	,,
૨૯ ગુરૂવાર	રોકસી થીએટર	... ...	... ...
,,	,,	શ્રી વજુભાઈ શાહ	વિનોબાજી

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઈ બહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને તેમજ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત્ કરવા પ્રાર્થના છે.

સંઘનું કાર્યાલય :
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

તા. ક.—તા. ૨૯ ના રોજ આપવામાં આવનાર પહેલા વ્યાખ્યાનની તેમજ તા. ૨૬ થી ૨૯ ના દિવસો માટેના સંગીત વિષયક કાર્યક્રમની હવે પછી દૈનિક સામાયિકોમાં જાહેરાત કરવામાં આવશે. તા. ૨૬ થી તા. ૨૮ સુધીની વ્યાખ્યાનસભામાં માત્ર એક જ વ્યાખ્યાન હશે.

શ્રી દેવદાસ ગાંધીનું અકાળ અવસાન

તા. ૨-૮-૫૭ ના રોજ હૃદય-રોગના એકાએક હુમલાના પરિણામે શ્રી. દેવદાસ ગાંધીનું અવસાન નીપજ્યું હતું. માત્ર ગાંધીજીના પુત્ર તરીકે નહિ પણ બાળપણથી ગાંધીજીની બધી પ્રવૃત્તિઓમાં તેમની સાથે પગલાં માંડનાર વફાદાર અનુયાયી તરીકે અને ગાંધીજીના અવસાન બાદ એક કુશળ પત્રકાર તરીકે ભારતભરમાં તેમનું નામ સુવિખ્યાત હતું. મુકિતયજ્ઞમાં તેમણે આઠ વાર કારાવાસ ખેડયો હતો. કોઇ પણ પ્રકારના યુનીવર્સિટી શિક્ષણનો લાભ તેમને મળ્યો નહોતો; એમ છતાં અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા હિન્દુસ્તાન ટાઇમ્સના તેઓ ભારે કુશળ સંપાદક તેમ જ સંચાલક હતા તથા પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડીઆના તેઓ ઘણા વખતથી અધ્યક્ષ હતા. તંત્રી પરિષદની રચના અને વિકાસમાં તેમનો ઘણો મોટો ફાળો હતો. ગાંધીસ્મારક નિધિની વિવિધ પ્રવૃત્તિઓના આયોજન પાછળ તેઓ ખૂબ પરિશ્રમ લઇ રહ્યા હતા. તે જ કાર્ય માટે તેઓ છેલ્લાં છેલ્લાં મદ્રાસ અને પછી મુંબઇ આવ્યા હતા, જ્યાં તેમનું અચાનક અવસાન થયું હતું. તેમની ઉમ્મર ૫૭ વર્ષની હતી. આમ અનેક કાર્યક્ષેત્રોને આવરી લેતી એક ઉજ્જવળ જીવનકારકીર્દીનો અણધાર્યો અન્ત આવતાં દેશને એક શકિતશાળી વ્યકિતની સહજ ન પુરાય એવી ખોટ પડી છે.

ગાંધીજીને ચાર પુત્રો. સૌથી મોટા હરિલાલ, જેનો રાહ ગાંધીજીથી જુદો જ નીકળ્યો અને એ કારણે માતાપિતાને જે અત્યન્ત કલેશનું નિમિત્ત બન્યા હતા. બીજા ભાઈ મણિલાલ, તેઓ ગાંધીજી ભારત, ખાતે પાછા ફર્યા બાદ દક્ષિણ આફ્રિકામાં જ રહેલા અને તેમણે ત્યાં વસતા હિંદીઓના હક્ક રક્ષણની લડતની ધુરા સંભાળેલી અને એ જ કાર્ય પાછળ પોતાનું જીવન હજુ થોડા સમય પહેલાં પૂરું કરેલું. ત્રીજા ભાઈ રામદાસ, જે શારીરિક અસ્વાસ્થ્ય તેમ જ અન્ય કારણોને લીધે બહુ આગળ આવી ન શકયા. સૌથી નાના દેવદાસ, ગાંધીજીના સૌથી વધારે તેજસ્વી પુત્ર. ગાંધીજીની બધી લડતોમાં તેઓ જીવનના પ્રારંભથી સાથે હતા. ગાંધીજીના જવા બાદ પત્રકારિત્વના વિશાળ ક્ષેત્રને તેમણે પોતાની સ્વતંત્ર શકિત અને પ્રતિભાના કારણે ખૂબ શોભાવેલું. ગાંધીજીના નામ સાથે ભાઇ દેવદાસનું નામ સદા જોડાયલું રહેવાનું. ગાંધીજી સાથે જોડાયલા નરહરિભાઇએ હજુ થોડા દિવસો પહેલાં જ આપણી વચ્ચેથી વિદાય લીધી હતી તે પાછળ તરતમાં જ થયેલ ભાઇ દેવદાસનું પરલોકગમન દિલને સવિશેષ વ્યથિત બનાવે છે. ભાઇ દેવદાસ રાજાજીના જમાઇ થાય. તેઓ પોતાની પાછળ પત્ની, ત્રણ પુત્રો અને એક પુત્રી મૂકી ગયા છે. રાજાજી ઉપર આ ઉમ્મરે વિધિએ અસહ્ય કુઠારપ્રહાર કર્યો છે. તેમના વિષે તેમ જ ભાઇ દેવદાસના અન્ય કુટુંબીજનો વિષે આમજનતા ઊંડા શોકની લાગણી અનુભવે છે.

પરમાનંદ

વિષમોચન

શ્રમણ દ્વીપાયન વિહાર કરીને પાછા આવી ગયા. ગોપાએ કુમાર યજ્ઞદત્તને તૈયાર કર્યો એટલે માંડવ્ય તેમને સાથે લઈ દ્વીપાયનનાં દર્શને ગયો. સાથે ગંધમાલ્ય, તેલ, શર્કરા અને બીજી સામગ્રી ભરપૂર હતી.

સામગ્રી તો હોય જ ને! એક તો દાનદક્ષિણા ને અતિથિ-સત્કારની વાત આવે ત્યારે માંડવ્યના ઘરની બરાબરી કરવી એ ગામનાં સારાંમાં સારાં કુટુંબો માટે પણ હજી એક વણપૂરાયેલી મહત્ત્વાકાંક્ષા જ રહી હતી. અને તેમાં ભદંત દ્વીપાયન તો માંડવ્યના બાળસ્નેહી, વરસોના વરસોનો સંબંધ, કાંઈ પચાસેક તો થયાં હશે.

પચાસ વરસ! પચાસ વરસ એટલે અરધું આયુષ્ય થયું. આટલો વખત સ્નેહસંબંધ ટકી રહે એ કેવો વિરલ દૈવયોગ!

એ દૈવયોગ એમાં ના નહીં, નહિં તો દ્વીપાયન પ્રવ્રજ્યા લીધા પછી માંડવ્યને ત્યાં કયાંથી આવે, તેમના પૂર્વાશ્રમની મૈત્રી પાછી જીવતી કયાંથી થાય, અને પર્ણકુટી બાંધી આપી માંડવ્યની બાજુમાં જ તેને વસાવવાની ને ભિક્ષા વગેરેની ગોઠવણ કરવાની વાત પણ કયાંથી બને?

માંડવ્ય, ગોપા ને યજ્ઞદત્ત પર્ણકુટી પાસે આવી પહોંચ્યાં. સ્થળ ખરેખર રમણીય હતું. કુમાર યજ્ઞદત્તને તો એ ખૂબ જ ગમતું. આંગણાના પ્રવેશદ્વારથી શરૂ થઈને એક વીથી ઉંચા ઘેરદાર આસોપાલવની છત્રછાયા નીચે પર્ણકુટીના દ્વાર સુધી પહોંચતી. તેની અધવચ્ચથી એક એવી જ બીજી વીથી હરીયાળી વચ્ચે થઈ, આગળ જતાં બે ચાર નાની નાની કેડીઓમાં ફંટાઈ જતી. તેમાંથી બે થોડેક દૂર રહેલાં નાનકડા જળાશય સુધી પહોંચતી, જ્યારે બીજી વેલા ઝાંખરા, ઝાડછોડ ને ટીંબા ટેકરાને ભેટતી વાડને આંબવા જતી. પર્ણકુટીને જળાશય વચ્ચેની જગ્યામાં ફૂલછોડ, વેલા ને વૃક્ષો કશી યોજના વિના અસ્તવ્યસ્ત ઊગી નીકળેલાં હતાં. વચ્ચમાં વચ્ચમાં લીલોતરી ને લતાપતાથી છવાયેલા ટીંબા ને રાફડા નૈસર્ગિક સૌંદર્યના સંસ્કારને દૃઢ બનાવતા હતા.

અહીં આવતો ત્યારે યજ્ઞદત્તને રમ્યા જ કરવાનું મન થતું. કોઈ ગોઠિયાની પણ તેને જરૂર પડતી નહીં. આ વખતે પણ તે દડો સાથે લેતો આવ્યો હતો. વૃક્ષરાજી, જળાશય ને હરિયાળી દૃષ્ટિપથમાં આવતાં જ તેના પગ થનથની રહ્યા. માંડવ્યે પણ કુમારને છૂટો મૂકી દીધો અને ગોપા સાથે પોતે પર્ણકુટીમાં પ્રવેશ કર્યો.

બંનેએ ભદંત દ્વીપાયનને વંદન કર્યાં. ખાદ્ય, અર્ઘ્ય, પેય આદિથી તેમનાં પૂજનસન્માન કરીને બેઠાં. કુશળ પ્રશ્ન પુછાયા. કયાં કયાં ભદંત વિહાર કરી આવ્યા? કુતુહલ પ્રેરે એવું કશું જોયું? લોકોના સુખદુઃખની કોઈ બોધક, પ્રેરક નવી વાતો લાવ્યા?

દ્વીપાયને વિહારના જે અનુભવો કહ્યા તેમાં શ્રમણ અણિમાંડવ્યની વાત રૂંવાડા ઊભાં કરી દે તેવી હતી. નિર્દોષ અણિમાંડવ્યને માથે ચોરીનો આરોપ આવ્યો. કાશીરાજે તપાસ કર્યા વિના જ શૂળીનો દંડ દીધો. એ યાતનામાંથી અકસ્માત દ્વીપાયને એમને છોડાવ્યા, એમની સારવાર કરી, વ્રણ રૂઝવા આવ્યું એટલે દ્વીપાયન પાછા આવ્યા વગેરે વૃત્તાંત સાંભળવામાં માંડવ્ય ને ગોપા એટલાં તલ્લીન થઈ ગયાં કે વાતમાં ને વાતમાં કેટલી ઘટિકાઓ વીતી ગઈ તે ન જણાયું.

અણિમાંડવ્યની વાત પૂરી થઈ. ઘણો સમય વહી ગયાનું ભાન થતાં માંડવ્ય ને ગોપા ઝટપટ ઊભાં થયાં. દ્વીપાયનને અભિવાદન કરી પર્ણકુટીમાંથી બહાર આવ્યાં, ને યજ્ઞદત્તને સાદ કર્યો. દ્વીપાયનની વાતમાં એટલાં એકરસ થઈ ગયેલાં કે આટલા વખતમાં યજ્ઞદત્ત એકાદ વાર પણ તેમની પાસે કેમ ન ડોકાયો એનો એમને અત્યાર સુધી વિચાર સરખો પણ ન આવ્યો.

બેચાર બૂમ મારી છતાં યજ્ઞદત્તનો હોંકારો ન સંભળાયો. માંડવ્ય ચોપાસ દૃષ્ટિ નાંખતો સહેજ ત્વરિત પગલે જળાશયની દિશા તરફ તપાસ કરવા ગયો, કુમાર કયાંયે નજરે ન ચડ્યો.

'વત્સ યજ્ઞદત્ત!' જળાશય પાસેથી તેણે સાદ પાડ્યો. કશો ઉત્તર ન મળ્યો. 'રખડતો રખડતો કયાં પહોંચી ગયો હશે?' એમ સચિંત સ્વરે બબડતો ને આસપાસ લાંબે નજર નાંખતો માંડવ્ય વાડ તરફ જતી એક કેડીએ આગળ વધ્યો ને વાડની પાસે ખીચોખીચ વેલા ઝાંખરાંનાં ઝુંડ પથરાયેલાં હતાં ત્યાં, માટીના બેત્રણ ટીંબા પાસે તેણે યજ્ઞદત્તને જોયો! નાનકડો દેહ ચત્તોપાટ ભોંય પર ઢળી પડ્યો હતો! વિહ્વળતામાં માંડવ્ય નીચો નમી જુએ તો શરીર જાણે લીલું કાચ થઇ ગયું હતું. તપાસતાં તેના જમણા હાથની આંગળીએ સર્પ-દંશનાં ચિહ્નો દેખાયાં.

માંડવ્યે અડખે પડખેની જગ્યા પર નજર ફેરવી. બધું સ્પષ્ટ થઈ ગયું. રમતાં રમતાં કુમારનો દડો આ રાફડામાં પેસી ગયો અને બીચારો અણસમજુ કિશોર અંદર હાથ નાખી તે કાઢવા ગયો ત્યાં કાળા નાગે ડંખ દીધો.

વિષ રગેરગમાં પ્રસરી ગયું હતું. કોણ જાણે કયારનો અહિં પડ્યો હશે? માંડવ્યને ચક્કર આવ્યાં. તે નીચે બેસી પડ્યો. તેનો યજ્ઞદત્ત ગયો!.....અરે, પણ આમ બેસી પડયે શું?

તેણે યજ્ઞદત્તને ઊંચકી ખભે નાંખ્યો ને ઝડપથી પર્ણકુટી ભણી દોટ દીધી. ગોપાએ યજ્ઞદત્તને ઉંચકી માંડવ્યને ધસમસતો આવતો જોયો ને તેના પેટમાં ફાળ પડી. 'શું થયું?' 'શું થયું?' એક શ્વાસે ગોપાના મુખમાંથી ઉદ્‌ગાર નીસરી પડ્યો. કુમારના મૂર્છિત દેહનો લીલો વાન જોઇ તેનાં નેત્રો આડે ઝાંખ વળી ગઈ.

પર્ણકુટીમાં આવી માંડવ્યે ભદંત દ્વીપાયનનાં ચરણ પાસે કુમારનો દેહ કુંજતે હાથે મૂક્યો ને સાથે પોતાનું શરીર પણ ઢાળી દઇ આર્દ્ર સ્વરે વીનવણી કરી, "દેવ, વત્સ યજ્ઞદત્તને ઝેરી નાગ ડસ્યો લાગે છે. આપની બોધવાર્તાનું અમે શ્રવણ કરતાં હતાં, ત્યાં ખેલતા કુદતા અમારા આ ફુલ પર વિધિની ક્રૂર દૃષ્ટિ પડી, આપ કોઈ ઔષધ કરો. અરે! મંત્રપ્રયોગની કૃપા કરો તો તો હમણાં ઉઠીને બેઠો થશે અમારૂં એટલું વળી સદ્‌ભાગ્ય કે આપના જેવા અગાધ જ્ઞાનના ભંડાર મહાત્મા પુરૂષ અહીં ઉપસ્થિત છે."

દ્વીપાયન બોલ્યા. "ભદ્ર, આ તો ઘણું અશુભ થયું. કુમારને અણુચિતવ્યું પ્રાણસંકટ આવી પડ્યું. તમારૂં દુઃખ દૂર કરવા હું બધું જ કરૂં. પણ આમાં મારે તમને નિરાશ કરવા પડે છે એ પણ કલેશકર છે. કેમ કે મને વૈદ્યકનું કશું જ્ઞાન નથી, તેમ નથી હું મંત્રતંત્ર જાણતો. કહો કુમારનું વિષ હું કઈ રીતે ઉતારૂં?"

"ભદંત, આપ તો સાધુપુરૂષ છો, ભગવાન તથાગતના માર્ગે વિચરનારા પવિત્ર પરિવ્રાજક છો." માંડવ્ય–ડૂબતો માંડવ્ય–તરણોપાય ખોળવા તરફડીયાં મારતો હતો. આપના જેવાનું મારે શરણ હોય ને મારે હતાશ થવું પડે એ બને જ કેમ? આ કુમાર પર કરૂણા કરો. કાંઇક ઉપાય જરૂર આપ પાસે હશે. ના ન કહેશો. અમારા શ્વાસ ને પ્રાણ પણ આની સાથે જ જશે. કાંઇક ચમત્કાર કરો. છેવટે બીજું કાંઈ નહીં તો એક વિનંતી કરૂં. સતનું બળ સીમા વગરનું છે. તો આપ જેવા સાધુપુરૂષ સત્યક્રિયા કરે એટલી જ વાર. એક પલકમાં મારો કુમાર આળસ મરડીને બેઠો થાય!"

દ્વીપાયન ક્ષણેક તો કશું ન બોલ્યા, પણ પછી કાંઇક ઉંડેથી અને આયાસથી નીકળતા હોય તેમ તેમના શબ્દો સંભળાયા. "સારૂં, તું આટલો આગ્રહ રાખે છે તો હું કુમાર પર સત્યક્રિયા કરી જોઉં. પછી તો જેવાં એનાં સંચિત."

માંડવ્ય ને ગોપાના હૃદયમાં આશાનો સંચાર થયો. બાવરા ચિત્તે હાથ જોડી તેઓ બેઠાં. આગળ યજ્ઞદત્તનો નિશ્ચેતન દેહ પડ્યો હતો. પર્ણકુટી બહાર વૃક્ષોમાંથી ક્વચિત હવાને ચીરીને આવતો કોઈ રાની પંખીનો કર્કશ ચીત્કાર આસપાસની નિર્જનતાને વધુ ઘેરી, વધુ સમસામ બનાવતો હતો. દ્વીપાયન બેઠા, યજ્ઞદત્તના મસ્તક પર હાથ મૂક્યો. તેમની દૃષ્ટિ પર્ણકુટીના દ્વારમાંથી દેખાતા ખુલ્લા અફાટ વિસ્તારને માપતી છતાં શૂન્ય જણાતી હતી. ધ્યાનમુદ્રા ધરી, શાંત, પણ કાંઇક વધારે પડતા દૃઢ લાગે તેવા સ્વરે તે બોલ્યા:

"મારે પ્રવજ્યા લીધાને કોઈ પાંચ છ દસકા વીતી ગયાં છે. પણ પરિવ્રાજક તરીકેના મારા એ દીર્ઘ જીવનમાં મેં સ્વેચ્છાએ બ્રહ્મચર્ય પાળ્યું તે માત્ર પહેલા સાત દિવસ જ. પછીના પચાસથી પણ વધારે વરસથી હું એ પાળી રહ્યો છું ખરો, પણ અનિચ્છાથી.

આ ગુહ્ય સત્ય પ્રકાશિત થતાં,
સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ
જીવો જીવો યજ્ઞદત્ત!"

દ્વીપાયનની આ સત્યશ્રવણથી યજ્ઞદત્તની છાતીની ઉપરના ભાગનું વિષ ઝરીને ભોંયમાં ઉતરી ગયું. કુમારે આંખો ખોલી માતા-પિતાની સામે જોતાં 'અમ્મા' બોલી, પડખું ફરીને તે પાછો શાંત થઈ ગયો.

માતાપિતાનાં બોળિયાં નવી આશાથી ધબકી રહ્યાં.

દ્વીપાયને માંડવ્યને કહ્યું, "ભદ્ર, મેં તો મારું બળ અજમાવ્યું. શું પરિણામ આવ્યું તે તમે જોયું. તો હવે તું પણ સત્યક્રિયાને અજમાવી જો."

"સારું ભદંત!" માંડવ્યે રડતે રાગે કહ્યું, "આપ કહો છો તો હું પણ સત્યક્રિયા કરી જોઉં."

ને માંડવ્ય કુમારના વક્ષઃસ્થળ પર હાથ મૂકી, દ્વીપાયન સામે દૃષ્ટિ પ્રયત્નથી ઠેરવીને બોલ્યો—એના સ્વરમાં તરડાટ હતો.

"વરસોથી હું બ્રાહ્મણો ને શ્રમણોની સેવાસુશ્રુષાથી ને દાનધર્મથી સત્કાર કરતો રહ્યો છું. પણ મારા અંતરમાં દાન દેવું મને કદી પ્રિય નથી લાગ્યું, તેમ અતિથિની આગતાસ્વાગતા કરતાં મને કશો સાચો આનંદ નથી થયો—જો કે આભ્યાગતોને મેં કદી જણાવા નથી દીધું કે હું બધું અનિચ્છાએ કરી રહ્યો છું.

આ ગુહ્ય સત્ય શ્રવણથી,
સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ,
જીવો, જીવો યજ્ઞદત્ત!"

માંડવ્યની સત્યક્રિયા પૂરી થઈ એટલે કુમારના કટીપ્રદેશના ઉપરનાં ભાગનું બધુ વિષ ઝરીને ધરતીમાં ઉતરી ગયું. યજ્ઞદત્ત બેઠો થયો. પણ હજી તેના પગ બોટા હતા. તે ઉભો થઈ શકે તેમ ન હતું. પ્રયોગની આટલી સફળતાથી ઉત્સાહે ઉભરાતા માંડવ્યે ગોપાને કહ્યું, "ભદ્રે, મેં ય મારું બળ અજમાવી જોયું. હવે રહ્યો તારો વારો. સત્યક્રિયા કરી પુત્રને ઉઠાડવો, હાલતો ચાલતો કરવો તારા હાથમાં છે."

"મારા હાથમાં?" સંકોચાતી સંકોચાતી ગોપાના મુખમાંથી વેણુ નીકળ્યાં. "તમે બન્નેએ તમારી ગુહ્યતમ વાત પ્રગટ કરી. એ સત્યનો પ્રભાવ ન પડયો, ત્યાં મારા જેવીનું શું ગજું? મારી પાસે કહેવા જેવું શું હોય?" સહેજ અટકીને પછી કંપિત સ્વરે તેણે ઉમેર્યું, "જો કે મારે પણ એક સત્ય પ્રગટ કરવાનું છે ખરું, પણ—પણ તમારા દેખતા હું નહીં કહું." ગોપામાં રહેલી માતા અને પત્ની વચ્ચે દ્વંદ્વ ચાલતું હતું.

"અરે આપણા કુમારને પ્રાણસંકટ છે ને તોયે તને ખંચકાવાનું સૂઝે છે, ભદ્રે?" માંડવ્યે સમજાવટથી કહ્યું. "તારે કહેવાનું હોય તે કોઈનો કશોયે ભય રાખ્યા વિના કહી દે, ને કુમારને સાવ સાજો કર."

"સારું, તમે કહો છો તો."

ગોપાએ યજ્ઞદત્તના પગને હાથ અડાડ્યો. ઘડીક તો તેને લાગ્યું કે જીભ તાળવે ચોંટી ગઈ છે. તે બોલી ન શકી. ને એકાએક પહેલા ધીમા, પણ પછી કરુણરીભરી ચીસ જેવા શબ્દો તેના મુખમાંથી છૂટયા:

"હે તાત, ઘરમાંથી નીકળીને તને ડસેલો કાળો નાગ મને જેટલો અપ્રિય છે તેટલા જ મને તારા પિતા અપ્રિય છે—જો કે આની મેં કદી તેમને જાણ થવા દીધી નથી.

આ ગુહ્યતમ સત્યના પ્રકાશનથી,
સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ,
જીવો, જીવો, યજ્ઞદત્ત!"

ગોપાની સત્ય શ્રવણા પૂરી થઈ તે સાથે જ કુમારનું બધું વિષ પૃથ્વીમાં સમાઈ ગયું! યજ્ઞદત્ત નિર્વિષ થઇ ઉઠ્યો.

માતાએ તેને ખોળામાં ખેંચી લઈ છાતી સાથે માથું ચાંપ્યું. ને તેની પર અખંડ આંસુધારે અભિષેક કરી રહી. માંડવ્ય પુત્રના મુખ પર અને શરીરે હાથ ફેરવતો, "ઊંઘ આવી ગઈ હતી, વત્સ! તારું માથું કે હાથપગ કશું દુખતાં નથી ને?" એમ વળી વળીને પૂછવા લાગ્યો, ને પછી તેને ઉંચકીને દ્વીપાયનને પગે લગાડ્યો. લાગણીના ઊભરો કાંઇક શમતાં માંડવ્ય અને ગોપાએ જરા નિરાંતનો શ્વાસ લીધો.

તેમનાં અંતરનું ગુહ્યમાં ગુહ્ય છતું થયું, તેથી ત્રણેય એક વિચિત્ર સંકોચ સાથે અપૂર્વ હળવાશ પણ અનુભવતાં હતાં, પણ ગોપાની દૃષ્ટિ ભોંય પર જ ખોડાયેલી રહી હતી.

પણ મુખ્ય પડદો હઠી જતાં મોટી આડશ તો દૂર થયેલી. એટલે દ્વીપાયનની પ્રેરણા મળતાં સૌએ પોતાનું હૃદયગત પૂરેપૂરું ખુલ્લું કર્યું.

બ્રહ્મચર્યની જુગુપ્સા છતાં લોકાપવાદથી ડરીને પોતે શ્રમણ જીવનને વળગી રહ્યાનું, ને એમ લોકોમાં પુણ્યશાળી સાધુપુરૂષ ગણાતા રહ્યા હોવાનું દ્વીપાયને જણાવ્યું.

ત્રણ પેઢીની ઉદાર દાનદક્ષિણાની કુળપરંપરાને પોતે ન અનુસરે તો લોકો કુળબોળુ કહે એ ભયે, અનિચ્છાએ દાનધર્મ આચરતા રહ્યાનું જણાવી માંડવ્યે પોતાની વાત સ્પષ્ટ કરી.

પરિણીત પતિને છોડીને બીજાનો સ્વીકાર કરવાનું પોતાના કુળમાં કદી ન બન્યું હોવાથી, પોતે મર્યાદા તોડે તો સૌ કુલકલંકિની કહે—એમ લોકલજ્જાથી બીને, પ્રેમ ન હતો તો યે, માંડવ્યની પરિચર્યા કરવા પોતે જીવનભર સાથે રહી હોવાનું કહી ગોપા પતિના ચરણોમાં પડી, ને કાંઈ નહીં તો તેમના પુત્રને ખાતર ક્ષમા આપવા તેને વીનવ્યો.

આમ ત્રણેયે હવેથી દંભનો ત્યાગ કરી, સાચું ને પવિત્ર જીવન ગાળવાનું સ્વીકાર્યું. નવજીવન પામેલા માંડવ્ય, ગોપા ને યજ્ઞદત્ત નવજીવન પામેલા દ્વીપાયનને વંદના કરી ઘર તરફ પાછાં ફર્યાં.

('વિકાસ'માંથી સાભાર ઉધ્ધૃત) **હરિવલ્લભ ભાયાણી**

વજ્રેશ્વરી પર્યટણ

ગયા અંકમાં જાહેર કર્યા પ્રમાણે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે વજ્રેશ્વરીનું પર્યટણ આગામી સપ્ટેંબર માસની ૭ અને ૮ તારીખ (શની—રવિ) યોજવામાં આવ્યું છે. પર્યટણમંડળી સપ્ટેમ્બરની ૭મી તારીખ શનીવારે સાંજે બરોબર ચાર વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગથી ઉપડશે; રોયલ ઓપેરા હાઉસ ચીમનલાલ માનચંદની શોપ બાજુએ, દાદર બોરદાદ સરકલ ડાબી બાજુના બસ સ્ટોપ આગળ તથા માટુંગા કીંગ સર્કલ જૈન મંદિર પાસે—આટલાં સ્થળોએ અટકીને સીધી વજ્રેશ્વરી જશે. તારીખ ૭ ની રાત્રી અને ૮ મી તારીખ રવિવારનો દિવસ વજ્રેશ્વરી અકલોલી છેડા આરોગ્ય ભવનમાં ગાળશે અને સાંજના ત્યાંથી મુંબઈ તરફ પાછી ફરશે. રાત્રીના સુવા માટે જરૂરી પાગરણ પુરું પાડવામાં આવશે. ફક્ત ઓઢવાનું સાધન સાથે લેતા આવવું. પર્યટણમાં જોડાનારે વ્યક્તિ દીઠ રૂા. ૮ અને ૧૨ વર્ષ નીચેના માટે રૂા. ૫ આપવાના રહેશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનારે ઓગસ્ટ માસની આખર સુધીમાં પોતાનાં નામ ઠામ સાથે જરૂરી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવી. પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે તા. ૨૧ થી ૨૯ ઓગસ્ટ સુધી સંઘનું કાર્યાલય આખો દિવસ ખુલ્લુ નહિ હોય તે કારણે વ્યાખ્યાન સભાઓમાં આવતા સભ્યોને પોતાની રકમો ભરવાનું ત્યાં સરળ રહેશે એટલે ત્યાં પણ નામ નોંધી રકમ સ્વીકારવામાં આવશે. આ પર્યટણ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસનો પ્રબંધ કરવામાં આવ્યો છે. મર્યાદિત સંખ્યા માટે પર્યટણ યોજાયલું હોઇને પર્યટણમાં જોડાવા ઇચ્છનારે પોતાનું નામ નોંધાવવામાં વિલંબ ન કરવા વિનંતી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૫૭, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આઝાદ ભારતનું દશ વર્ષનું સરવૈયું

("મેન્ચેસ્ટર ગાર્ડિયન" માં ભારતના આઝાદ-દિનને અનુલક્ષીને પ્રગટ થયેલા મૂળ અંગ્રેજી અગ્રલેખનો શ્રી. પરમાનંદ કાપડિયાએ કરેલો અનુવાદ "વિદેશની નજરે" એ મથાળા નીચે તથા ઓલ ઇંડીયા કોંગ્રેસ કમીટી "ઇકોનોમીક રીવ્યુ" ના છેલ્લા અંકમાં પ્રગટ થયેલ શ્રીમન્નારાયણના મૂળ અંગ્રેજી લેખનો શ્રી. શાંતિલાલ નંદુએ કરેલો અનુવાદ "આપણામાંના એકની નજરે" એ મથાળા નીચે અનુક્રમે આપવામાં આવે છે. **તંત્રી**)

વિદેશની નજરે

આજથી દશ વર્ષ પહેલાં હિંદની આઝાદીને આવકારતા–આ પત્રમાં પ્રગટ થયેલા–એક લેખમાં જણાવવામાં આવ્યું હતું કે "આઝાદી પછી બધું સ્વર્ગમય હશે એવો ખ્યાલ રાખીને હિંદીઓ આઝાદીની લડત લડયા નથી. તે લડતને અંગે દેશની સામે ઉભાં થયેલાં અને ઉભા થનારાં ભયસ્થાનોનો સામનો કરવાની અને તેને પહોંચી વળવાની સ્વભાવિક રીતે અને સાચી રીતે તેમણે પૂરી તત્પરતા દાખવી છે. આ એક એવી તત્પરતા છે કે જેની કોઇ પણ શક્તિશાળી આદમી જરૂર કદર કરશે"

દશ વર્ષ બાદ, જે રીતે તેમણે આ ભયસ્થાનો, મુશ્કેલીઓ અને આફતોનો સામનો કર્યો છે અને તેમના સંબંધમાં કલ્પવામાં આવેલ ભયો અને ચિન્તાઓમાંની કેટલીકને તેમણે જે રીતે ખોટી પાડી છે તે માટે તેમને જરૂર અભિનન્દન ઘટે છે. આમ છતાં આજે ભારતને કશું ચિન્તા કરવાનું કારણ નથી એમ કહી શકાય તેમ તો છે જ નહિ.

આજે પણ લોકોનું જીવન ધોરણ ઘણું નીચું છે. ભણેલાઓમાં બેકારી એવી બેકારી છે. આ ઉપરાંત આજે આઝાદીની દશમી વર્ષગાંઠ જ્યારે ઉજવાઈ રહી છે ત્યારે બીજી પંચવર્ષીય યોજનાને જોખમાવે એવી આર્થિક કટોકટીમાંથી ભારત પસાર થઈ રહેલ છે, અને એ યોજવામાં સફળતા મળે તો જ હિન્દ ચીન સાથે પ્રતિષ્ઠા અને સ્થિરતાની બાબતમાં સરસાઈ કરી શકે તેમ છે.

પણ આજે જ્યારે ભારતમાં આઝાદી પર્વ ઉજવાઈ રહ્યું છે ત્યારે માત્ર આજની ઘડિએ ઉભી થયેલી આર્થિક કટોકટીનો જ વિચાર કરવાનો નથી, પણ દશ વર્ષના ગાળામાં જે કાંઇ બન્યું છે તે સર્વને સમગ્રભાવે ધ્યાનમાં લેવું ઘટે છે. આઝાદી પછીના શરૂઆતના અઠવાડીઆમાં પંજાબમાં કોમી રમખાણો થયાં, ત્યાર બાદ કાયદો અને વ્યવસ્થા જાળવવાને લગતી સરકારી તાકાત વિષે કદિ કોઇને પણ શંકા કરવાનું કારણ મળ્યું નથી. રાજકીય તેમ જ સામાજિક સંસ્થાઓ પહેલાં માફક ટકી રહી છે. દેશનું શાસન કાયદાપૂર્વક ચાલે છે. ધારાસભાની પ્રતિષ્ઠા સારી રીતે વધતી રહી છે. હિન્દે પુરવાર કરી આપ્યું છે કે આપખુદ સત્તાઓ ધારણ કર્યા સિવાય આર્થિક દૃષ્ટિએ પછાત ગણાતા દેશ માટે પણ મોટા પાયા ઉપરનું આર્થિક આયોજન હાથ ધરવાનું શકય છે.

આ દશ વર્ષ હિન્દમાં એક રીતે 'નહેરૂ યુગ' બની રહેલ છે. રાજકીય ક્ષેત્રે નહેરૂ એવી વિરલ વ્યક્તિઓમાંની એક છે કે જેણે પરદેશી હકુમત સામેના બળવાની નેતાગીરી કરી હોય અને એ બળવો સફળ થયા બાદ એક શાણા અને રચનાકુશળ વહીવટદાર તરીકે પણ મોટી સફળતા પ્રાપ્ત કરી હોય. આજના સંયોગોમાં આવા દેશ માટે નહેરૂ કરતાં વધારે યોગ્ય મુખ્ય પ્રધાનની કલ્પના કરવાનું લગભગ અશકય છે. સરકારી અધિકારીઓ કે જેત્રના ઉપર દેશના કલ્યાણનો આધાર છે તેમને નહેરૂએ પુરૂં રક્ષણ અને તક આપી છે, અને સાથે સાથે પોતાની અને પ્રજા વચ્ચે લાગણીભર્યો સંપર્ક સ્થાપિત કરીને દેશમાં એવી આબોહવા પેદા કરી છે કે જેથી સરકાર પોતાની છે અને નહિ કે પોતાની ઉપર લાદવામાં આવી છે આવો સંતોષ પ્રજા અનુભવે છે.

પ્રજા ઉપરનું તેમણે કરેલું આ જાદુ શું હવે હળવું બની રહ્યું છે? આ બાબતમાં અતિશયોક્તિ થતી હોવાનો પૂરો સંભવ છે. કેટલાએક સમયથી એવા સમાચારો પ્રગટ થઈ રહ્યા છે કે તેમની લોકપ્રિયતાની મુડી લગભગ ખલાસ થવા આવી છે અને દેશના જુદા જુદા ભાગમાં તેમનું પહેલાં જેટલું આદરસન્માન હવે કરવામાં નથી આવતું. આવાં ખબરો ઉપરના અનુમાનનું સમર્થન કરતા લાગે છે. પણ પછીના બનાવો ઉપરથી માલુમ પડે છે કે લોકોની આવી તંગદીલી તત્કાલીન ક્ષણજીવી કારણોને લીધે અને કેવળ તે પૂરતી મર્યાદિત હતી.

માત્ર એક મહત્વના મુદ્દા ઉપર શ્રી નહેરૂમાં રાજકારણી કુનેહ અને સાદી સમજનો અભાવ જોવામાં આવ્યો છે અને તે કાશ્મીરને લગતો મુદ્દો છે. તાજેતરમાં વળી જે રાજ્ય વહીવટના તેઓ સૂત્રધાર છે તેમાં કેટલીક ત્રુટિઓ પ્રગટ થઈ રહેલી માલુમ પડે છે. ગમે તેટલો સ્તુતિપાત્ર મહા–અમાત્ય હોય પણ જ્યાં એ સ્થાન ઉપર તેને લાંબો સમય ટકી રહેવાનું બને છે ત્યાં આમ બને તે સ્વાભાવિક છે. શ્રી નહેરૂ તેમના સાથીઓને વટાવી ખૂબ આગળ વધી ગયા છે, અને આ સ્થિતિ નહેરૂના ગેરલાભમાં પરિણામે છે, જો કે આ માટે નહેરૂ લેશમાત્ર દોષપાત્ર નથી. નહેરૂની સિદ્ધિઓનું એક બીજું પરિણામ એ આવ્યું છે કે તે સિદ્ધિઓના આવરણ નીચે હિંદની આજની અને ભવિષ્યની સાચી સ્થિતિ ઢંકાયલી છુપાયલી રહે છે. ભારતની વર્તમાનની પરિસ્થિતિ વિશિષ્ટ રીતે તેમનું વ્યક્તિગત સર્જન છે. જ્યારે તેઓ વિવૃત્ત થશે અથવા તો આજની રંગભૂમિ ઉપરથી અદૃષ્ય થશે ત્યારે અનેક ગંભીર ઘટનાઓ પેદા થશે એમ લાગે છે, પણ આજેતેમનો પ્રભાવ એટલો બધો ઘેરો છે કે આ ઘટનાઓની આગાહી કરવી મુશ્કેલ છે.

હવે આગળ ઉપર શું થશે? એ પ્રશ્ન ૧૯૪૭ માં પૂછાતો હતો તેમ આજે પણ પૂછાઈ રહ્યો છે. છેલ્લા દશ વર્ષના ગાળા દરમિયાન ભારતે જે સાધ્યું છે તેને લીધે એક રીતે ઉપરનો પ્રશ્ન એટલો બધો ચિન્તાજનક નથી લાગતો; એમ છતાં પણ બીજી રીતે એ ચિન્તા ઘેરી બની છે, કારણ કે દુનિયાની પરિસ્થિતિ પહેલા કરતાં આજે ઘણી વધારે જોખમી બની ગઈ છે.

આજની ઘડિએ ભારતના આ લોકશાસિત રાજ્યને મુખ્ય જોખમ અથવા તો ભય સામ્યવાદ તરફનો છે. અનેક મથામણ, અંદર અંદરના ઝગડા અને અથડામણ બાદ સામ્યવાદી પક્ષનો કેરલમાં ઉદય થઈ રહ્યો છે. અને પોતાનું પ્રધાન–મંડળ રચીને તે પક્ષ નવીન વ્યૂહરચના કરી રહેલ છે. આ વ્યૂહ રચના કોંગ્રેસ પક્ષને ઠીક ઠીક હંફાવે એવો સંભવ છે. જો કોંગ્રેસ સંગઠિત, વ્યવસ્થિત, સર્વગ્રાહી અને લોકોના વિશ્વાસનું પાત્ર બની રહેશે તો સામ્યવાદ બહુ આગળ વધી નહિ શકે પણ જો કોંગ્રેસ ઢીલી પડે અને ભાંગી જાય અથવા તો તે ઉપર અમુક જ વર્ગનું પ્રભુત્વ સ્થાપિત થઇ જાય, અથવા તો તે નીતિભ્રષ્ટ અને કાર્યપંગુ બની જાય તો હિન્દના રાજકારણમાં મોટો પલટો આવશે અને સામ્યવાદી પક્ષનો વિજય શકય બનશે.

બીજા પક્ષોને તક આપવાથી થતા લાભનો વિચાર કરવો તે અપ્રસ્તુતયોગ્ય છે, પણ દેશના અતિહાસના આ તબકકે કોંગ્રેસની પડતી થવાથી કોઈ લાભ થવાની આશા બંધાતી નથી. છેલ્લી સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને કુતેહ મળી હતી એમ છતાં એ કુતેહને લગભગ હાર જેવી નેહરૂએ લેખી અને કોંગ્રેસની શુદ્ધિ અને તેમાં કરવા જોઇતા નવા પ્રાણસંચારને અત્યન્ત તાકીદની બાબત તરીકે તેમણે જાહેર કરી–એ પાછળ નહેરૂની ભારે ઊંડી રાજકારણી સૂઝ હતી. હવે પછી કોંગ્રેસ જે રીતે વર્તે અને આગળ વધે અને નહેરૂના પડકારને ઝીલે તે ઉપર આવતા દશ વર્ષના ભારતના અતિહાસનો મોટો આધાર રહેશે.

અનુવાદક : **શ્રી. પરમાનંદ કાપડિયા**

આપણામાંના એકની નજરે

ભારત જેવા જૂના દેશના ઇતિહાસમાં દસ વરસનો સમય એ કોઇપણ રીતે લાંબો સમય નથી જ. છતાં છેલ્લા દસ વરસમાં, રાજકીય સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી, આઝાદ હિંદે વિકાસની પ્રવૃત્તિઓનાં વિવિધ ક્ષેત્રોમાં ગણનાપાત્ર અને સુંદર પ્રગતિ નોંધાવી છે. સંયોગે, સ્વાતંત્ર્યપ્રાપ્તિનાં દસ વરસની ઉજવણી સાથે આ વખતે ૧૮૫૭ ની ક્રાંતિની શતાબ્દિની પણ ઉજવણી થઈ રહી છે. તેથી, પાછલાં દસ વરસ દરમ્યાન, આર્થિક આયોજનના ક્ષેત્રે ભારતે કરેલ પ્રગતિની સમાલોચના કરવાનું ઉપયોગી થશે. ૧૯૪૮–૪૯ માં પ્રવર્તતી કીંમતોના હિસાબે માથા દીઠ રાષ્ટ્રીય આવકનો આંક ૨૪૬·૯ હતો તે વધીને ૧૯૫૫–૫૬ માં ૨૭૨·૧ થયો. ૧૯૪૯–૫૦ થી ખોરાકની મુખ્ય ચીજોનું ઉત્પાદન નિઃશંશય વધ્યું છે. ૧૯૪૯–૫૦ માં ૨,૩૧,૭૦,૦૦૦ ટન ચોખાનો કુલ પાક ઊતર્યો હતો જ્યારે ૧૯૫૬–૫૭ માં તે વધીને ૨,૮૧,૪૨,૦૦૦ ટન જેટલો થયો હતો. ઘઉંનું ઉત્પન્ન ૬૨,૯૦,૦૦૦ ટનથી વધીને ૧૯૫૬–૫૭ માં ૮૬,૦૦,૦૦૦ ટન થયું હતું. અનાજનું કુલ ઉત્પાદન ૫,૪૦,૪૮,૦૦૦ ટનથી વધીને ૧૯૫૫–૫૬ માં ૬,૪૮,૦૦,૦૦૦ ટન થયું હતું.

સામુહિક યોજનાઓ (Community Projects) અને રાષ્ટ્રીય વિકાસ સેવાયોજના (National Extension Service) ની પણ ગણનાપાત્ર પ્રગતિ થઈ છે. ચાલુ વરસના માર્ચ મહિનાની આખર સુધીમાં આપણા દેશમાં તે યોજનાઓનાં ૧૮૧૪ ઘટકો—જેમાં ૧૩ કરોડની વસ્તી ધરાવતાં ૨,૩૪,૯૧૦ ગામડાંઓ આવરી લેવાયાં છે—કાર્યરત હતાં. આ રાષ્ટ્રીય કાર્યક્રમ પર થયેલ સરકારી ખર્ચમાં લગભગ ૬૦ ટકાનો હિસ્સો જનતા તરફથી પ્રાપ્ત થયેલ રોકડ દ્રવ્ય તથા શ્રમદાનનો હતો. નેશનલ સેમ્પલ સરવે (National Sanple Survey) ની ગણતરી મુજબ, ખોરાકની મુખ્ય ચીજોના પાક–ઉત્પાદનમાં લેવાયેલ સારી અને સુધરેલી ક્રિયા–પ્રક્રિયાઓના અવલંબનને લીધે ખોરાકની મુખ્ય ચીજોના પાકમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે. સામૂહિક વિકાસ યોજના હેઠળ અદ્યાપિપર્યંત ૧૮,૧૯,૦૦૦ એકર જમીન પ્રાપ્ત કરવામાં આવી છે. આગલાં ૫૦ વરસ દરમ્યાન સ્થાપના કરવામાં આવેલ સહકારી સંઘો (Coorperative Societies) કરતાં ૪૬ ટકા વધુ એટલે કે નવાં ૪૯,૦૦૦ સહકારી સંઘોની સ્થાપના, સામુહિક વિકાસ યોજનાના કાર્યક્રમની શરૂઆતથી, થઈ છે. છેલ્લાં ૪ વરસમાં સહકારી સંઘોની સભ્ય સંખ્યા ૪૭·૭ લાખથી વધીને ૭૩·૪૮ લાખ સુધી પહોંચી છે એટલે કે તેમાં લગભગ ૫૪ ટકા વધારો થયો છે. સામૂહિક વિકાસ અને રાષ્ટ્રીય વિકાસ સેવા યોજનાના વિસ્તારોમાં પાંચસો સહકારી ખેતી સંઘોની રચના આ વરસમાં કરવામાં આવશે. પહેલી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન કરવામાં આવેલ મોટાં બાંધકામના કાર્યદ્વારા ૬૦ લાખ એકર જમીનને અને નાનાં બાંધકામોના કાર્યદ્વારા ૧ કરોડ એકર જમીનને પાણીનો લાભ મળે છે. ૧૯૫૬–૫૭ માં, અંદાજે વધુ ૧૫ લાખ એકર જમીનને મોટાં તથા નાનાં બાંધકામના કાર્યદ્વારા પાણીનો લાભ મળી રહ્યો છે.

ઔદ્યોગીક ઉત્પાદન પણ સારી રીતે વધ્યું છે. ૧૯૫૦–૫૧ માં લોખંડ અને પોલાદનું ઉત્પાદન ૬,૭૬,૦૦૦ ટનનું હતું, જ્યારે ૧૯૫૬–૫૭ માં તે ૧,૩૪,૦૦,૦૦૦ ટનની સંખ્યાએ પહોંચી ગયું. ૧૯૫૬–૫૭ માં થયેલ ૪૯,૦૦,૦૦૦ ટન સીમેન્ટના ઉત્પાદનની સરખામણીએ ૧૯૫૦–૫૧ માં તે ૨૬,૯૨,૦૦૦ ટન હતું. કોલસાના ઉત્પાદનમાં ૧૯૫૬–૫૭ માં લગભગ ૧૨ લાખ ટનનો વધારો થયો. ૧૯૪૬ ના વરસને પ્રમાણમાં ગણતાં, માર્ચ ૧૯૫૬ માં ભારતમાંના ઔદ્યોગીક ઉત્પાદનનો આંક ૧૬૧ પર પહોંચ્યો.

શૈક્ષણિક ક્ષેત્રે, ૧૯૪૭–૪૮ અને ૧૯૫૫–૫૬ ના સમય દરમ્યાન માન્ય રાખવામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા લગભગ ચારગણી વધી ગઈ–એટલે કે તેમની સંખ્યા ૧૫૦,૦૦૦ થી વધીને ૪,૦૦,૦૦૦ થઇ ગઇ છે. શિક્ષણ પર ૧૯૪૭–૪૮ માં કુલ ખર્ચ રૂા. ૫૦ કરોડ કરવામાં આવ્યું હતું તે ૧૯૫૭–૫૮ માં વધીને રૂા. ૧૭૦ કરોડ થયું છે.

મજૂરોનો ઉત્કર્ષ અને તેમની પ્રગતિ એ કોંગ્રેસનું હરહંમેશ મુખ્ય ધ્યેય રહ્યું છે. આ ક્ષેત્રમાં અમલમાં આવેલ નિયમો અને અધિનિયમોને લીધે રોજી મેળવવા માટે મજૂરોને વધારે સારી સગવડો અને વધુ સુરક્ષિતતા મળી છે તેમજ વાંધા અને ઝઘડાઓની પતાવટ માટે સારી અને સુધારેલી યોજના પ્રાપ્ત થઈ છે. ઉદ્યોગોના વહીવટમાં મજૂરો વધુ અને વધુ જવાબદારીભર્યો ફાળો આપી શકે તે માટે અત્યારે પગલાંઓ લેવાઈ રહ્યાં છે.

પછાત વર્ગો, પછાત જાતિઓ અને અન્ય દલિત લોકોનો ઉત્કર્ષ બઢાવવા માટે, આઝાદી પ્રાપ્ત થયા પછીથી, ઘણું કરવામાં આવ્યું છે. પ્રથમ પંચવર્ષીય યોજનામાં, આ લોકોની વિશેષ અને ખાસ જરૂરીયાતોને પહોંચવા માટે વિશાળ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે; અને તે માટે નક્કી થયેલ રૂા. ૩૯ કરોડની રકમમાં પ્રાંતિય રાજ્યોનો રૂા. ૨૦ કરોડનો ફાળો હતો અને બાકીની રકમ મધ્યસ્થ સરકાર તરફથી પ્રાપ્ત થઈ હતી. બીજી પંચવર્ષીય યોજનામાં પછાતવર્ગોના ઉત્કર્ષ માટે કુલ રૂા. ૬૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અસ્પૃશ્યતા (ગુનાઓ) અધિનિયમ (Untouchability (offences) Act), ભારતના જાહેર જીવનમાંથી આ સામાજીક દૂષણને નાબુદ કરવાં માટે જરૂરી અને પૂરતા નિયમો ધરાવે છે.

વાહન અને સંદેશવ્યવહાર બાબતમાં, રાષ્ટ્રના ભાગલા સમયે ભારતની રેલ્વેઓના રૂટ માઇલ ૩૩૯૮૫ હતા તે વધીને માર્ચ ૧૯૫૬ ની આખરે ૩૪,૭૩૬ માઇલ થયા. પાછલાં દસ વરસમાં બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન બંધ કરવામાં આવેલા રેલ્વે માર્ગોને ફરીથી ચાલુ કરવાનો અને નવા માર્ગો બાંધવાનો કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો છે. મુસાફરોને લાવલઇજા કરતી આગગાડીઓએ ૧૯૪૮–૪૯ માં ૬૨૭·૬ લાખ માઇલનો પ્રવાસ ખેડ્યો હતો. તેની સામે ૧૯૫૫–૫૬ માં તે પ્રવાસ ૧૧૫૬·૩ લાખ માઇલનો હતો એટલે કે તે પ્રવાસમાં ૨૪·૭ ટકા વધારો થયો હતો. તેવી જ રીતે, માલગાડીઓએ ૧૯૪૮–૪૯ માં ૬૧૬ લાખ માઇલનો પ્રવાસ ખેડ્યો હતો, જ્યારે ૧૯૫૫–૫૬ માં તે પ્રવાસ ૮૨૫·૭ લાખ માઈલનો હતો એટલે કે તેમાં ૩૪ ટકાનો વધારો થયો હતો.

પાછલાં દસ વરસ દરમ્યાન આર્થિક ક્ષેત્રમાંની ભારતની સાધનાને તેવા જ સંજોગો હેઠળના બીજા કોઇપણ રાષ્ટ્રની સાધના સાથે આપણી તરફેણમાં સરખાવી શકાય પરંતુ આપણી શક્તિઓ પર મુસ્તાક રહેવાનું અને આત્મસંતોષની ઓથે બેસી રહીને પ્રમાદની ભાવના સેવવાનું આપણે માટે આત્મઘાતી હશે. અત્યાર સુધીની આપણી સાધના માટે ગૌરવ ધરાવવાનું આપણી પાસે દરેક કારણ છે પરંતુ આપણે અવિરત કાર્યરત રહેવાનું છે કારણ કે હજી તો ઘણું ઘણું કરવાનું બાકી છે. આપણા દેશમાંની અનાજ અંગેની પરિસ્થિતિ કોઇપણ રીતે સંતોષકારક કહી શકાય એમ નથી. અનાજની આપણી જરૂરિયાતો પૂર્ણપણે પામવા માટે આપણે વિદેશોમાંથી આયાત થતા અનાજ ઉપર આધાર રાખવાને બદલે આપણા દેશમાં અનાજનું ઉત્પાદન વધારવા માટે શકય તેટલું બધું કરી છૂટવું જોઇએ. અત્યારે જ્યારે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ તંગ છે અને વિષમતાઓથી ભરેલી છે ત્યારે જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે બીજા દેશો ઉપર આધાર રાખવાનું ભારતને બીલકુલ પાલવે તેમ, પરવડે તેમ નથી જ. આ દૃષ્ટિબિંદુથી, ભારતમાં અનાજ ઉત્પાદન વધારાને રાષ્ટ્રીય સંરક્ષણના એક આંતરિક અને મુખ્ય ભાગ તરીકે ગણવો જોઇએ. કોઇપણ ભૂખ્યો દેશ તેનું રાજકીય સ્વાતંત્ર્ય તો લાંબા સમય માટે જાળવી શકે જ નહિ. વિશેષમાં, આપણા પરદેશી હુંડિયામણની પરિસ્થિતિ પણ ઘણી અસંતોષકારક છે અને તે પરિસ્થિતિમાં તરતમાં જ સુધારો થયા વિના બીજી પંચવર્ષીય યોજનામાંના વિવિધ કાર્યક્રમો પાર પાડવાનું બહુ જ મુસ્કેલ થશે. ભાવી માર્ગદર્શન

અને સંભાળ માટે, આટલી ઓછિંતી રીતે આપણું પરદેશી હુંડીયામણ ક્રેમ ઘટી ગયું તેનો સંભાળભર્યો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. પરંતુ કોઇના પર દોષનો ટોપલો ઢોળવાનો અને કટુતા તથા કુદૃષ્ટિ ઉપસ્થિત કરવાનો કોઇ અર્થ જ નથી. પ્રવર્તમાન કટોકટીનો નિકાલ કરવા માટે અને બીજી પંચવર્ષીય યોજનાનાં લક્ષ્યાંકોને વળગી રહેવા માટે આપણા રાષ્ટ્રની સમગ્ર જનતાએ કમરકસીને કામ કરવું જ રહ્યું. બીનજરૂરી ચીજવસ્તુઓની આયાત તાબડતોબ બંધ થવી જોઇએ અને આપણા માલના નિકાસ માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરવા ઘટે. બીજાં રાષ્ટ્રો પ્રત્યે ધિક્કારની અને સંકુચિત રાષ્ટ્રીયવાદની ભાવનાને પંપાળ્યા વગર, આપણા દેશમાં "સ્વદેશી" ની ભાવના ફરીથી પ્રચલિત કરવી જોઇએ.

આ બધાથીયે વિશેષ, વિશાળ પાયા પરના ઉદ્યોગો, નાના પાયા પરના ઉદ્યોગો, ગ્રામોદ્યોગો, ગૃહોદ્યોગો—સર્વે ઉદ્યોગોમાંનું ઔદ્યોગીક ઉત્પાદન ત્વરીતતાની ભાવનાથી વધારવું જ પડશે. આ બાબતમાં, ગેરશિસ્ત, મજદૂર–મુડીવાદ સંઘર્ષ, હડતાળો અને ફરજની અથવા જવાબદારીની સમજની ભાવનાનો અભાવ–આ સઘળું જે વધતા ઉત્પાદનમાં રૂકાવટ નાખે છે તેને સ્પર્શતા આપણા અત્યારના મજદૂર અધિનિયમો–કાયદાઓની સંભાળભરી તપાસ કરવાની આપણી ફરજ બની રહે છે. રોજીના દરોને ઉત્પાદનના પ્રમાણમાં સાંકળ્યા વગર આપણું ખેતીનું અથવા ઔદ્યોગીક ઉત્પાદન ઊંચું લઇ જવું તે અશક્ય છે એમ આપણે ખરેખર માનીએ છીએ. ટૂંકમાં, સમયના પ્રમાણમાં અપાતા પગારને બદલે જેટલું કામ થાય તેના પ્રમાણમાં પગાર આપવાની પ્રથા આપણે શક્ય તેટલી આપણી ખેતીવિષયક અને ઔદ્યોગીક પ્રવૃત્તિઓમાં દાખલ કરવી પડશે. બહેતર શિસ્ત અને ફરજની ઊંડી સમજ તથા ભાવના, ઉત્પાદનને ઊંચું લઇ જવામાં મદદકર્તા થઇ પડશે. આખરે આ બધું ત્યારે શક્ય થશે કે જ્યારે આપણી ઉત્પાદન રચનાનો સહકારી પદ્ધતિ–જેમાં ઉત્પાદન સાધનોના માલિકો અથવા સહ–ભાગીદારો મજદૂરો પોતે જ બને–આધારિત નવો ઘાટ ઘડાય.

આપણા દેશમાંની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ઘણું બધું કરવાનું જરૂરી છે. રાજ્યોની નવરચનાના સમય દરમ્યાન અને તે પછી હિંસા, ગેરશિસ્ત અને એક બીજા સામેના તિરસ્કારનું વાતાવરણ ભારતના વિવિધ ભાગોમાં ભયજનક સપાટીએ પ્રસરી રહ્યું છે. જાહેર જીવનમાંના પ્રત્યાઘાતી અને સમાજ–વિરોધી તત્ત્વો, ખરેખર, વિનાશકારી અને ભયંકર છે એવા નિશ્ચયથી ભરેલાં તેમનાં કદરૂપાં માથાંઓ ઊંચકી રહ્યા છે. ચાહે તે પંજાબમાંનું 'હિંદી રક્ષા' આંદોલન હોય, ચાહે રાજસ્થાનમાંના વિદ્યાર્થીઓનું આંદોલન હોય, અથવા તો ચાહે તે સરકારી નોકરોની હડતાળોની ધમકીઓ હોય અથવા ચાહે તે મુંબઇ રાજ્યમાંના અમુક વિભાગોમાંનું ભાષાકીય ગાંડપણ હોય—આ હકીકત ચોકખી દેખાય છે કે સૃજનજૂના સમયથી ભારતીય સમાજની પ્રગતિ આડેનાં જે જૂનાં બળો છે તે ફાટફૂટ, ભાંગફોડ અને કુસંપ તથા વિસંવાદિતાનાં બળો, પ્રગતિ, વિકાસ, સહકાર અને એકબીજા પ્રત્યેની શુભેચ્છા અને સદ્‌ભાવનાનાં બળો સામે, ફરીથી બળવત્તર અને હિંમતવાન થઇને આહવાહન આપી રહ્યાં છે. આમ છતાં આપણે ખરેખર ભાગ્યશાળી છીએ કે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ ચીંધેલ સાચા માર્ગ પર ચાલવાની આપણને પ્રેરણા તથા માર્ગદર્શન આપવા માટે આપણી વચ્ચે આપણા ખ્યાતનામ અને લાડીલા વડાપ્રધાન નહેરૂજી મોજુદ છે. પરંતુ, આજે જ્યારે વિવિધક્ષેત્રે આપણા રાષ્ટ્રની ઝડપી પ્રગતિ અને વિકાસ માટે તેમની (જવાહરલાલજીની) શક્તિઓ અને અનુભવનો સંપૂર્ણપણે ઉપયોગ કરવાનું જરૂરી છે ત્યારે આપણા એ મહાન નેતા ઉપર આપણે આટલો મોટો શારીરિક અને બૌદ્ધિક બોજો નાખીએ એ આપણા માટે તદ્દન અયોગ્ય અને ખોટું છે.

ફરીથી આપણે એ યાદ રાખીએ કે કોઇપણ રાષ્ટ્ર માત્ર રોટીથી જ જીવી શકે નહિ. આખરે ઔદ્યોગિક પ્રગતિનું અવલંબન પણ નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિ પર જ છે. ભારતમાં આજે આપણે જાણે કે યોજનાઓનાં શારિરીક લક્ષ્યાંકો અને ભૌતિકવાદ પ્રત્યે પ્રભાવિત થઇ ગયા છીએ. જીવનનાં મૂલ્યો મહદ્‌ અંશે સંપત્તિ, સગવડ અને સત્તાની આસપાસ વીંટળાઇ વળ્યાં છે. આપણા મનમાં એ બાબત લવલેશ શંકા નથી કે ભારતમાં જીવનનાં સાચાં મૂલ્યોની ભાવનાનું ત્વરિત અને પારદર્શક પરિવર્તન થવું જોઇએ. ગાંધીજી આપણને હંમેશાં કહેતા હતા કે આપણી શારીરીક અથવા ભૌતિક મુશ્કેલીઓ ગમે તે હોય, આપણે આપણા ઉમદા ધ્યેયોની સાધના માટે ખરાબ અને અપવિત્ર સાધનોનો ઉપયોગ કરવો ન જ જોઇએ. આચાર્ય વિનોબા ભાવેનું ભૂદાન અને ગ્રામદાન આંદોલન એ ભારતમાં ખરેખર એક મહાન નૈતિક બળ છે. ગાંધીજી અને વિનોબાજીના વિચારોની આજે જો આપણે અવગણના કરીશું તો તે આપણા માટે ઘણું દુઃખદ હશે. આપણે હૃદયપૂર્વક આશા રાખીએ અને પ્રાર્થીએ કે આ પૂરાણા અને મહાન રાષ્ટ્રના મહાન લોકો પ્રસંગ અનુરૂપ વર્તશે, અસલમાંથી સત્ય વીણી કાઢશે, કુસંપ અને હિંસાનાં દુષ્ટ બળોનો સામનો કરીને સાચી લોકશાહી પ્રણાલિકાઓનો વિકાસ કરશે અને જીવનના એક નવા માર્ગનું અને સામાજીક-આર્થિક એક નવી રચનાનું સર્જન કરશે કે જે એવા એક વધુ સુંદર અને વધુ સુખમય વિશ્વનું અસ્તિત્વ લાવશે.

મૂળ અંગ્રેજી : **શ્રીમન્નારાયણ**
અનુવાદક : **શ્રી શાંતિલાલ નંદુ**

ભારત પ્રત્યે સર્વોચ્ચ વફાદારી

(૧૮૫૭ ના સ્વાતંત્ર્ય શહીદોને અંજલિ આપતાં દીલ્હીખાતે રામલીલાના મેદાનમાં એકઠી થયેલી મેદની સમક્ષ તા. ૧૬–૮–૫૭ ના રોજ મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂએ કરેલા ઉદ્‌બોધક પ્રવચનને સંકલિત કરીને નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

એ સમય હવે આવી પહોંચ્યો છે કે જ્યારે દરેક હિંદીએ પોતાતા દિલનું ઊંડેથી નિરીક્ષણ કરવું જોઇએ અને કુટુંબ, કોમ, નાત, જાત, ગામ કે પ્રાન્ત પ્રત્યેની વફાદારીને ગૌણ બનાવીને રાષ્ટ્ર પ્રત્યે સર્વોચ્ચ વફાદારીને પોતાના ચિત્તમાં સ્થિર, સુદૃઢ, નિશ્ચળ કરવી જોઇએ. જે કોઇ વ્યક્તિ આજે ભાષા અથવા તો પ્રાન્તના નામે પોતાના પડોશી સામે હાથ ઉગામે છે તે વ્યક્તિ ખરી રીતે ભારત સામે હાથ ઉગામે છે. દેશની આઝાદી એટલે શું તે આ માણસ સમજ્યો જ નથી. વસ્તુતઃ તે પોતે પુરા અંશમાં આઝાદ માનવી બન્યો જ નથી. ભારતમાં વસતી આજની પ્રજાએ સ્વાતંત્ર્ય યુદ્ધના શુરવીરોને ઉદ્દેશીને અને છેલ્લા સો વર્ષ દરમિયાન દેશના સ્વાતંત્ર્ય ખાતર જેમણે પોતાના જીવનની આહુતિ આપી છે. તે નરવીરોને ઉદ્દેશીને લીધેલી પ્રતિજ્ઞા પૂરી કરવી જોઇએ. જે વિશેષ અને વિશેષ પુરૂષાર્થનું આવાહન કરી રહેલ છે તે ભવિષ્યના અવાજને પણ અનુલક્ષીને લેવાયલી પ્રતિજ્ઞાનું આપણા લોકોએ અનુપાલન કરવું જોઇએ. આ પ્રતિજ્ઞા દેશ પ્રત્યેની સર્વોચ્ચ વફાદારીની છે.

સૌથી મોટો પ્રશ્ન જે ૧૮૫૭ માં આપણા લોકો સમજી હતો, જે આજે ૧૯૫૭ માં આપણી સામે ઉભો છે અને ભવિષ્યમાં આપણી સામે હંમેશાને માટે ઉભો રહેવાનો છે તે આ છે; "તમારા દિલમાં સૌથી પ્રથમ અને સર્વોચ્ચસ્થાન કઇ વફાદારીને તમે આપો છો ? તમારા કુટુંબ પ્રત્યેની, તમારા શહેર પ્રત્યેની, તમારી જ્ઞાતિ પ્રત્યેની, તમારા ધર્મ પ્રત્યેની, તમારા પ્રાન્ત પ્રત્યેની, તમારી ભાષા પ્રત્યેની કે તમારા દેશ–ભારત–પ્રત્યેની ?

આ ભિન્ન ભિન્ન વફાદારીઓ વચ્ચે કોઇ પણ પ્રકારની અથડામણ કે સંઘર્ષ હોવો ન જોઇએ. પણ જ્યારે પણ સંઘર્ષ કે અથડામણ જેવું લાગે ત્યારે દરેક હિંદીની પહેલી અને સૌથી વિશેષ વફાદારી હિંદ પ્રત્યે–ભારત પ્રત્યે જ હોવી જોઇએ. ભારત પ્રત્યેની નિષ્ઠાની સરખામણીમાં બીજી બધી નિષ્ઠાઓ ગૌણ અને કશા પણ

મહત્ત્વવિનાની લેખાવી જોઇએ. આ બધી ગૌણ કોટિની નિષ્ઠાઓને દિલના અગોચર ખુણામાં હડસેલી દેવી જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ કે ભારત પ્રત્યેની વફાદારીને લગતા આ પ્રશ્નનો આપણા લોકો શું જવાબ આપે છે તેના ઉપર જ આપણા સમગ્ર ભાવીનો આધાર છે. આજે આપણે એવા કટોકટીના વખતમાં જીવી રહ્યા છીએ કે જ્યારે નબળા અને અસંગઠિત રાષ્ટ્રો ઉભા રહી શકે તેમ નથી અને તેની હસ્તી આ દુનિયામાંથી નાબુદ થયે જ છુટકો છે. નાના નાના વર્ગોમાં જલ્દિથી વહેંચાઈ જવું, નાની, નજીવી, સ્થાનિક બાબતો ઉપર ઝગડવું, અને રાષ્ટ્રીય પ્રશ્નોની ઉપેક્ષા કરવી—આ આપણી કાળજુની નબળાઇ છે—આ આપણો પુરાણો માનસિક વ્યાધિ છે. આ તરફ તમારું હું ખાસ ધ્યાન ખેંચું છું. તમે એ કદિ ન ભૂલો કે આપણે બધા એક વહાણમાં બેઠા છીએ. આપણે સાથે મળીને આગળ વધવાનું છે. જો આપણા લોકો વહાણની અંદર બહાર કુદાકુદ કરશે તો વહાણ આગળ ચાલશે નહિ, પણ કોઈ ખડક સાથે અથડાઈ ભાંગીને ભુક્કો થઈ જશે.

આજે આપણા માથે ઘણી મોટી જવાબદારી રહેલી છે. ૧૮૫૭ થી ૧૯૫૭ સુધીમાં જે જે ઘટનાઓ બની છે તેના અનુસંધાનમાં આપણે એ પ્રતિજ્ઞા લેવાની રહે છે કે ભારતને સ્થિર કરવાનું, બધી રીતે સલામત અને સધ્ધર બનાવવાનું મહાભારત કાર્ય આપણે કોઇપણ હિસાબે પાર પાડીશું. એક કાર્ય આપણે સાધ્યું છે. આપણે સ્વતંત્ર થયા છીએ. પણ આજના વખતમાં રાજકીય સ્વાતંત્ર્ય એ પૂરતું લેખાતું નથી. તેની પાછળ આર્થિક સ્વાતંત્ર્ય સધાવું જ જોઇએ અને લોકોનો ઉધ્ધાર થવો જ જોઇએ; ગરીબાઇનું નિવારણ થવું જોઇએ અને સર્વતોમુખી ઉત્કર્ષ સિધ્ધ થવો જોઇએ.

આજે આ આર્થિક સ્વાતંત્ર્યનો પ્રશ્ન આપણે બાજુએ રાખીએ તો પણ જો પ્રજા અંદરથી પૂરી બળવાન અને સુદૃઢ ન હોય તો આ રાજકીય સ્વાતંત્ર્ય ક્યાં સુધી ટકી શકશે એ આપણે વિચારવાનું રહે છે. આ બળ માત્ર ભાષણો કરવાથી નથી પેદા થવાનું. દેશને બળવાન અને સુદૃઢ બનાવવા માટે માત્ર ભાષણોથી બીજું કાંઇક આપણે કરવાનું રહે છે. જે વફાદારી પાસે બીજી બધી વફાદારી ગૌણ અને અધીન બની જાય જાય એવી આપણા દેશ પ્રત્યેની સર્વ પ્રથમ વફાદારી અને આપણી એકતા વિષે દિલનો મક્કમ નિરધાર—આ આપણા માટે આજે સૌથી વધારે અગત્યની અને મહત્વની વસ્તુ છે. **જવાહરલાલ નહેરૂ**

વન્જેશ્વરી પર્યટણ

ગતાંકમાં જાહેર કર્યા પ્રમાણે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે વન્જેશ્વરીનું પર્યટણ આગામી સપ્ટેમ્બર માસની ૭ અને ૮ તારીખ (શની-રવિ) યોજવામાં આવ્યું છે. તેમાં હવે થોડીક જ જગ્યા બાકી રહેતી હોવાથી અને બસ ૪૨ સીટની હોઇને એટલી સંખ્યા પુરી થયા પછી નવા નામો નોંધી શકાય તેમ નહિ હોવાથી તા. ૪ થી સપ્ટેમ્બર સુધીમાં આ પર્યટણમાં ભાગ લેવા ઇચ્છતા ભાઈ બહેનોને સંઘના કાર્યાલયમાં પોતાના નામો નોંધાવી જવા તથા રકમ ભરી જવા વિનંતિ કરવામાં આવે છે !

મંત્રીઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળાને લગતી નોંધ તેમ જ સમાચાર સ્થળ-સંકોચને કારણે આવતા અંકમાં આપવામાં આવશે. **તંત્રી.**

વિષય સૂચિ

		પૃષ્ઠ
આગામી ભારતનું દશ વર્ષનું સરવૈયું		૭૯
ભારત પ્રત્યે સર્વોચ્ચ વફાદારી	જવાહરલાલ નહેરૂ	૮૧
અશક્ત માતૃ-આશ્રમ	પરમાનંદ	૮૨
ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર	અનુ. પરમાનંદ	૮૩
આર્ય-અનાર્ય સમસ્યા	સ્વામી સત્યભક્ત	૮૫

અશક્ત માતૃ-આશ્રમ

વૃદ્ધ અને અશક્ત પુરૂષો તેમ સ્ત્રીઓ માટે એવાં આશ્રમો ખોલવાની આપણા સમાજમાં ખાસ જરૂર છે કે જ્યાં રહેવા ખાવા વગેરેની તેમ જ શારીરિક ઉપચારની તેમને બધી સગવડો મળી શકે અને જેની સંભાળ લેનાર કોઇ પુત્ર પુત્રી કે સગાવહાલાં ન હોય તે પોતાનું અવશેષ જીવન આવી રાહતપૂર્વક પૂરૂં કરી શકે. આપણે ત્યાં ખોડાંઢોર અને અશક્ત પશુઓની પાંજરાપોળો અનેક સ્થળે ચલાવાતી હોય છે, પણ આવી જ જરૂર આપણા માનવ બંધુ-ભગિનીઓ માટે છે એ આપણા ધ્યાન ઉપર બહુ જ ઓછું આવેલ છે.

આવાં બે અશક્ત આશ્રમો સૂરત ખાતે ચાલી રહ્યાં છે, પણ ત્યાં મારા ખ્યાલ મુજબ માત્ર પુરૂષોને જ દાખલ કરવામાં આવે છે. આવી જ એક સંસ્થા વૃદ્ધ જર્જરિત અને અશક્ત બહેનો માટે રાજકોટ ખાતે શ્રી રામજી શામજી વીરાણીદ્વારા ચલાવવામાં આવે છે એ હજુ હમણાં જ 'જૈન જાગૃતિ'માં પ્રગટ થયેલી એક નોંધદ્વારા મારા જાણવામાં આવ્યું. એ સંસ્થાનું નામ છે 'શ્રી નિર્મળાબહેન રામજીભાઈ વીરાણી અશક્ત માતૃ-આશ્રમ'. આ માટે શ્રી રામજીભાઇને અનેક ધન્યવાદ ઘટે છે. શ્રી રામજીભાઈ સાથે મને થોડોક અંગત પરિચય છે. તે પરિચય દ્વારા મને માલુમ પડ્યું છે કે દીન, દલિત દુઃખી લોકો માટે—ખાસ કરીને આફતગ્રસ્ત બહેનો માટે—તેમના દિલમાં ઊંડી કરૂણા ભરી છે, અને તેઓ શ્રીમાન હોઇને પોતાની શ્રીનો આવા દુઃખ-નિવારણના કાર્ય પાછળ છુટા હાથે ઉપયોગ કરે છે. ઉપર જણાવેલ અશક્ત માતૃ-આશ્રમ તરફ શ્રી રામજીભાઈ જેવી વ્યક્તિ આકર્ષાય એ તદ્દન સ્વાભાવિક છે.

આ સંસ્થાનો તા. ૧-૮-૫૫ થી તા. ૩૧-૩-૫૭ નો લગભગ પોણા બે વર્ષનો રીપોર્ટ તાજેતરમાં પ્રગટ થયો છે. આ આશ્રમમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના અશક્ત વૃધ્ધ બહેનોને દાખલ કરવામાં આવે છે. હાલમાં આ આશ્રમનો ૪૫ વૃદ્ધ બહેનો લાભ લે છે. આ બહેનોની અથવા તો માતાઓની પૂરી સંભાળ લેવામાં આવે છે અને તેમનું ઘડપણ સુખશાન્તિમાં પૂરૂં થાય તેવી કાળજી રાખવામાં આવે છે, તેમ જ તેમના અન્તિમ સંસ્કારો પણ તેમના ધર્મ અને ઇચ્છાનુસાર કરવામાં આવે છે. શરૂઆતથી આજ સુધી આ સંસ્થામાં રહીને ૪૩ માતાઓ સ્વધામ સીધાવ્યાં છે. આ ઉપરાંત જુદા જુદા કારણે પીડાતી ૪૦૦ બહેનો સાજી થઇને પોતાના ઘેર પાછા રહેવા ગયેલ છે.

આ આશ્રમની શરૂઆત શ્રી પ્રેમકુંવરબહેન દેસાઇએ ત્રણ બહેનોથી કરેલી. આ કાર્ય તરફ શ્રી રામજીભાઈનું ધ્યાન ખેંચાયું. તેમણે પ્રારંભમાં શ્રી પ્રેમકુંવરબહેનને સારા પ્રમાણમાં આર્થિક મદદ કરી, અને આશ્રમને વધારે સગવડવાળા મકાનમાં લઈ જવામાં આવ્યો. સમયાન્તરે પોતાની અપંગ પુત્રી શ્રી નિર્મળાબહેન ઉપરથી અન્ય અપંગ અને અશક્ત, વૃદ્ધ અને જર્જરિત બહેનોની દુઃસ્થિતિની કલ્પનાવડે તેઓ અભિભૂત થયા અને આ આશ્રમ માટે એક ભવ્ય મકાન તેમણે બંધાવી આપ્યું અને પરિણામે સંસ્થાનું કાર્ય વધારે વ્યવસ્થિત અને વિશાળ ધોરણ ઉપર ગોઠવાયું.

થોડા સમય પહેલાં સોશિયલ વેલફેર બોર્ડના પ્રમુખ શ્રી દુર્ગાબાઈ દેશમુખ રાજકોટ ગયેલાં અને તે વખતે આ સંસ્થાનું કાર્ય જોઇને તેઓ અત્યન્ત પ્રભાવિત બનેલાં. તેમણે એ સંસ્થાની 'વીઝીટર્સ બુક'માં જણાવેલું કે "આ સંસ્થાએ મારા હૃદયમાં જે ઊંડી છાપ પાડેલ છે અને શ્રી પ્રેમકુંવરબહેનની જે સેવા-ભાવનાત જોઈ છે તે ઇંગ્લાંડ અને અમેરિકાના મારા પ્રવાસ દરમિયાન ક્યાંય પણ મારા જોવામાં આવેલ નથી. આવું સુન્દર કાર્ય ભારતમાં-સૌરાષ્ટ્રમાં થાય છે એ ખરેખર પ્રશંસનીય છે. આ સંસ્થાની મુલાકાત લેતાં, મને આનંદ થયો છે અને આ સંસ્થા અશક્ત નિરાધાર બહેનોની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડે છે એ હું જોઈ શક્યો છું. આ સંસ્થાનો સતત ઉત્કર્ષ થતો રહે એવી મારી શુભેચ્છા છે". **પરમાનંદ**

ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર

(ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત ચલાવતા હતા તે દરમિયાન ગાંધીજી અને ટોલ્સ્ટોય વચ્ચે પત્રવ્યવહાર થયેલો. ટોલ્સ્ટોયનું 'The Kingdom of God is Within You' એ નામનું પુસ્તક ગાંધીજીના વાંચવામાં આવ્યું અને ટોલ્સ્ટોય અને પોતાની વિચારસરણિમાં અસાધારણ સામ્ય રહેલું છે એમ ગાંધીજીને માલુમ પડયું. આ કારણે ગાંધીજીદ્વારા દક્ષિણ આફ્રિકામાં ચાલી રહેલ પ્રેમ અને સદ્‌ભાવના પાયા ઉપર રચાયેલ અહિંસક પ્રતિકારનો ખ્યાલ આપવાના હેતુથી ગાંધીજીએ ૧૯૦૯ ના ઓકટોબર માસની પહેલી તારીખે ટોલ્સ્ટોય ઉપર સૌથી પહેલો પત્ર લખ્યો. ટોલ્સ્ટોયે ગાંધીજીની લડતને પોતાની અનુમતિ અને આશીર્વાદ આપ્યા. આ રીતે ઉભય વચ્ચે ત્રણ ચાર પત્રોની લેવડ દેવડ ચાલેલી.

ટોલ્સ્ટોયના શરૂઆતના પત્રો પ્રોત્સાહક છતાં બહુ ટૂંકા હતા. પણ જ્યારે ગાંધીજી વિષે તેમજ દક્ષિણ આફ્રીકાની લડત વિષે તેમને પુષ્કળ માહીતી જાણવા મળી અને ગાંધીજીનાં હિંદ સ્વરાજ્યનો ગાંધીજીએ જ કરેલો અંગ્રેજી અનુવાદ તેમના વાંચવામાં આવ્યો, તેમજ ગાંધીજી હસ્તક નીકળતા 'ઇન્ડીયન ઓપીનીયન'ના કેટલાક અંકો ટોલ્સ્ટોયના વાંચવામાં આવ્યા ત્યારે પરિણામે ટોલ્સ્ટોય ગાંધીજી વિષે ખૂબ પ્રભાવિત થયા અને તેમણે તા. ૨૦-૯-૧૦ (રશીયન કેલેન્ડર પ્રમાણે ૭-૯-૧૦) ના રોજ ગાંધીજી ઉપર રશીઅન ભાષામાં એક લાંબો કાગળ લખ્યો. આ કાગળ અનુવાદ માટે ઇંગ્લાંડ ગયો અને ત્યાંથી અનુવાદ તૈયાર કરવામાં ઢીલ થતાં એ પત્ર ગાંધીજીને, ટોલ્સ્ટોયનું ૧૯૧૦ ના નવેમ્બર માસની ૨૦ મી તારીખે અવસાન થયું તે પછી તરતમાં જ મળ્યો. ગાંધીજીની લડતને કેટલા આદરથી ટોલ્સ્ટોય નિહાળી રહ્યા હતા અને તે વિષે કેવી આશાઓ બાંધી રહ્યા હતા તેનો આ પત્રવ્યવહાર ઉપરથી બહુ સરસ ખ્યાલ આવે છે. આજે આપણા વિચાર અને આચાર વચ્ચે માન્યતા અને વ્યવહાર વચ્ચે કેવો વિસંવાદ ચાલી રહ્યો છે તેનું પણ આ પત્રમાં આપણને સચોટ દર્શન થાય છે. એ યાદગાર પત્રોનો નીચે અનુવાદ આપવામાં આવે છે.

અનુવાદક : પરમાનંદ)

ગાંધીજી ઉપર ટોલ્સ્ટોયનો પત્ર

(તારીખ વિનાનો પણ ઘણું ખરૂં ૧૯૧૦ ના માર્ચમાં લખાએલો પત્ર)

ગાંધીને,

તમારો રસપ્રદ પત્ર હાલમાં જ મને મળ્યો. ખૂબ આનંદ થયો. પ્રભુ ટ્રાન્સવાલમાંનાં આપણાં ભાંડુઓ અને સહકાર્યકરોને સહાય કરો! નમ્રતા અને ઉદંડતા વચ્ચેનું, પ્રેમ અને ઋજુતા સામે તુમાખી અને હિંસા વચ્ચેનું આ ધર્ષણ આપણને વધુ ને વધુ તીવ્રપણે ખૂંચતું રહ્યું છે—ખાસ કરીને લશ્કરમાં ભરતી થવાના નકારમાં વ્યક્ત થતા ધર્મ-કર્તવ્ય તથા રાજ્યના કાયદાઓ વચ્ચેનું ધર્ષણ.

મેં લખેલ 'એક હિંદુને પત્ર' ના ભાષાંતરથી મને ઘણો આનંદ થયો. કૃષ્ણ પરના પુસ્તકનું નામ મૉસ્કોમાંથી તમને જાણવા મળશે. પુનર્જન્મના વિષયમાં તો મારે એને લગતો કોઈ પણ મુદ્દો છોડી દેવો ન જોઇએ એમ મને લાગે છે, કારણ કે માણસજાતને આત્માની અમરતા તથા દિવ્ય સત્ય અને પ્રભુમાંની શ્રદ્ધા જેટલી હદે અંકુશમાં રાખી શકે છે તેટલી હદે પુનર્જન્મમાંની તેની શ્રદ્ધા તેને અંકુશમાં નથી રાખતી. તેમ છતાં એ ભાગ તમારે છોડી દેવો હોય તો તેમ કરવાની હું છૂટ આપું છું. તમારા સંપાદનમાં સહાયભૂત નીવડતાં મને ઘણો આનંદ થશે. મારા લખાણોનાં હિંદની ભાષાઓમાં ભાષાંતર તથા પ્રચાર મને તો કેવળ આનંદદાયક જ હોઈ શકે.

મને લાગે છે કે ધર્મવૃત્તિથી હાથ ધરાએલા કાર્ય વિષે પૈસાનો પ્રશ્ન ઊભો થવો ન જોઇએ.

બંધુભાવે હું તમને અભિનંદું છું અને તમારો સંસર્ગ થયા બદલ આનંદ અનુભવું છું. —લીઓ ટોલસ્ટોય.

ટોલ્સ્ટોયને ગાંધીજીનો જવાબ

જોહનિસબર્ગ, ૪ થી એપ્રીલ ૧૯૧૦.

વ્હાલા સાહેબ,

હું લંડન રોકાએલો એ દરમિયાન આપને લખેલો પત્ર સ્મરણમાં હશે. આપના એક ચુસ્ત અનુયાયી તરીકે આપને આ પત્ર અને સાથે એક પુસ્તિકા મોકલાવું છું, જે મારાં પોતાનાં ગુજરાતી લખાણોનું મેં કરેલું ભાષાન્તર છે. નોંધપાત્ર બીના એ છે કે હિંદની સરકારે તેની મૂળ આવૃત્તિ જપ્ત કરી છે, એટલે જ ભાષાંતરની ઉતાવળ મારે કરવી પડી છે. આપના પર હું વધુ બોજો લાદતો હોવાનો મને ભય રહે છે, પરંતુ આપની તબિયતને કશો વાંધો ન હોય અને પુસ્તિકા વાંચી જવા જેટલો સમય હોય તો આપનું વિવેચન મારે માટે કેટલું કીમતી થઇ પડે તેમ છે તે કહેવાની જરૂર નથી. સાથોસાથ આપે મને પ્રસિદ્ધ કરવા મંજૂરી આપેલી એ 'એક હિંદુને પત્ર'ની પણ કેટલીક નકલો મોકલું છું. એનું હિંદની એક ભાષામાં તો ભાષાંતર થઈ પણ ચૂકયું છે. —આપનો નમ્ર સેવક,

એમ. કે. ગાંધી.

ગાંધીજીને ટોલ્સ્ટોયનો પ્રત્યુત્તર

યાસ્નાયા પોલ્યાના,

પ્રિય મિત્ર, ૮ મી મે ૧૯૧૦.

મને હાલ જ તમારો પત્ર અને 'ઇન્ડીયન હોમરૂલ' ની તમારી પુસ્તિકા મળ્યાં.

પુસ્તક હું અત્યંત રસપૂર્વક વાંચી ગયો. એમાં ચર્ચાએલો નિષ્ક્રિય પ્રતિકારનો પ્રશ્ન હું અત્યંત મહત્ત્વનો ગણું છું—માત્ર હિંદીઓ માટે નહિ પણ સમસ્ત માનવજાતિ માટે.

તમારો પ્રથમ પત્ર મને જડતો નથી, પરંતુ એ શોધવા જતાં મને ડૉકનું લખેલું તમારું ચરિત્ર મળી આવ્યું. જે તમારા વિષે જાણવા ને પરિચિત થવામાં મને ખૂબ મદદરૂપ થઇ પડ્યું.

હાલમાં મારી તબિયત બહુ સારી ન હોઇને તમારી પ્રવૃત્તિ વિષે તેમ જ તમારી પુસ્તિકા વિષે મારા દિલમાં જે કંઈ ઉદ્ગાર ખ્યાલો છે તે જણાવવાનું અત્યારે માંડી વાળું છું. સારો થતાં જ એ લખી જણાવીશ. તમારો મિત્ર અને ભાઈ

લીઓ ટોલસ્ટોય

(એ પછી ગાંધીજીએ પોતાના 'ઇન્ડીયન ઓપીનિયન'ના અંકો ટોલ્સ્ટોય ઉપર નિયમિત રીતે મોકલવા માંડ્યા. આથી સવિશેષ પ્રભાવિત બનીને ટોલ્સ્ટોયે તા. ૨૦-૯-૧૯૧૦ (રશીયન કેલેન્ડર પ્રમાણે તા. ૭-૯-૧૦) ના રોજ રશીયન ભાષામાં એક વિસ્તૃત પત્ર લખ્યો. જેનો અંગ્રેજી અનુવાદ ગાંધીજીને મળે તે પહેલાં ટોલ્સ્ટોયનું અવસાન થયું. આ પત્ર 'મહાત્મા'માંથી ઉધ્ધૃત કરેલ છે. તેનો અનુવાદ નીચે મુજબ છે.)

ટોલ્સ્ટોયનો ગાંધીજી ઉપરનો છેલ્લો પત્ર

તમારૂં છાપું મળ્યું અને સત્યાગ્રહીઓ વિષે તેમાં આપેલી બધી વિગતો વાંચીને મને ખૂબ આનંદ થયો. એ વાંચતાં મારા મગજમાં જે કાંઈ વિચારો સ્ફુરી આવ્યા તે તમારી પાસે વ્યક્ત કરવાની મેં તીવ્ર ઇચ્છા અનુભવી.

મારી ઉમ્મર જેમ જેમ વધતી જાય છે અને ખાસ કરીને હમણાં હમણાં કે જ્યારે હું મૃત્યુનું સાન્નિધ્ય બહુ સ્પષ્ટપણે અનુભવી રહ્યો છું ત્યારે જેને તમે સત્યાગ્રહ—Passive resistance—ના નામથી ઓળખાવો છો પરંતુ જે, ચિત્રવિચિત્ર ભાષ્યોથી વિકૃત બનેલ નથી એવા શુદ્ધ પ્રેમતત્વના આચરણથી પૃથક્ એવું ખરી રીતે બીજું કશું જ નથી અને જે મારે મન અત્યન્ત મહત્વની વસ્તુ છે તે વિષે મને સ્પષ્ટપણે ભાસતું સર્વ કાંઈ જગતના લોકોને કહી નાંખવાની હું તીવ્ર આતુરતા અનુભવું છું. તે પ્રેમ કે જે માનવી માનવીના આત્માઓને સંલગ્ન કરે છે અને તે પ્રેમની ભાવનામાંથી સ્ફુરેલી પ્રક્રિયા—આજ માનવી સમાજનું ધારણ પોષણ કરતો સર્વોત્કૃષ્ટ કાનુન

છે; અને આપણે જેમ બાળકોમાં બહુ સ્પષ્ટતાથી જોઇએ છીએ તેમ દરેક માનવી પોતાના અન્તરના ઊંડાણમાં આ કાનુનને–ધર્મ–નિયમને–જાણે છે, અનુભવે છે; આ દુનિયાના ખોટા અને ભૂલ ભરેલા વિચારો અને ઉપદેશોથી તેની બુદ્ધિ ભ્રમિત નથી થતી ત્યાં સુધી આ નિયમોનું તેને સદોદિત ભાન હોય છે. પ્રેમધર્મને લગતો કાનુન હિંદી તેમજ ચીની, હૈબ્રુ, ગ્રીક તથા રોમન સંતો પોકારી પોકારીને આજ-સુધી દુનિયાના લોકોને સંભળાવતા આવ્યા છે. "માત્ર પ્રેમમાં જ સર્વ ધર્મોનો અને સર્વ પેગંબરોનો સમાવેશ થાય છે."–એમ જેણે સ્પષ્ટ રીતે કહ્યું હતું એવા ઇશુખ્રીસ્તે આ અનુશાસક નિયમનું–આ પ્રેમ તત્વનું–સૌથી વધારે સ્પષ્ટતાપૂર્વક પ્રતિપાદન કર્યું હતું એમ મને લાગે છે.

પણ આ નિયમમાં જે વિકૃતિ ઊભી થવાનું જોખમ હતું તેનું આગળથી આકલન કરીને તેમણે એ જોખમ તરફ લોકોનું સીધી રીતે ધ્યાન ખેંચ્યું હતું. આ જોખમ એ પ્રકારની વિચારણામાં રહેલું છે કે જે પોતાના હિતોનું બળજોરીથી રક્ષણ કરવાની પદ્ધતિને વ્યાજબી લેખે છે, "મુક્કીનો જવાબ મુક્કીથી વાળવો અને આપણી ઝૂંટવી લેવાયલી ચીજોને બળજોરીથી પાછી મેળવવી" આ શબ્દોમાં ઉપરની વિકૃત વિચારણાનું ઇશુખ્રીસ્તે વર્ણન કર્યું હતું. જેઓ સંસારમાં રચેલા પચેલા છે તેમના માટે આવી વિચારણા તદ્દન સ્વાભાવિક છે. જેમ દરેક સમજુ માણસને લાગવું જોઇએ તેમ તે પણ જાણતા હતા કે માનવી જીવનના, પાયાના સિધ્ધાન્ત તરીકે સ્વીકારાયલા પ્રેમની સાથે પશુબળનો ઉપયોગ સંવાદી બની શકે જ નહિ, અને ગમે તેવા કિસ્સામાં જેવું હિંસાનું વ્યાજબીપણું સ્વીકારવામાં આવે કે તરત જ પ્રેમ ધર્મની અપૂર્ણતા સ્વીકૃત બની જાય છે અને આમ કરવા જતાં પ્રેમના સિધ્ધાન્તનો ઇનકાર સ્વતઃ સિદ્ધ બને છે. આખી ખ્રિસ્તી સભ્યતા બહારથી આટલી બધી ઉજળી દેખાય છે, છતાં આ સ્વતઃ સિદ્ધ વિસંવાદના પાયા ઉપર–કાર્ય કદિ સભાન પણે અને મોટા ભાગે આ પ્રકારના સ્પષ્ટ ભાન વિના–વિકાસ અને વૃદ્ધિ પામતી રહી છે.

ખરી રીતે પશુબળને પ્રેમની સાથે જેવું ગોઠવવામાં આવે છે કે તરત જ પછી જીવનના નિયામક તત્ત્વ તરીકે પ્રેમનું કોઈ સ્થાન રહી શકે જ નહિ. અને જ્યારે પ્રેમનું કોઇ શાસન નથી રહેતું ત્યારે પછી હિંસા–જે કોઇ સૌથી વધારે બળવાન હોય તેની શિરજોરી–એ સિવાય બીજો કોઇ નિયમ ટકતો નથી. ઓગણીશ સૈકાઓથી ખ્રિસ્તી જનતા આજ રીતે જીવતી આવી છે. એ તદ્દન સત્ય છે કે આ બધા કાળ દરમિયાન હિંસાની દોરવણી નીચે જ લોકોએ પોતાના જીવનની વ્યવસ્થા સાધી છે.

ખ્રિસ્તી પ્રજાઓ અને અન્ય પ્રજાઓ વચ્ચે એટલો જ ફરક રહ્યો છે કે ખ્રિસ્તી સંપ્રદાયમાં પ્રેમના કાનુનની સ્પષ્ટતાથી અને ચોક્કસાઇથી પ્રરૂપણા કરવામાં આવી છે, જ્યારે અન્ય ધર્મોના ઉપદેશોમાં આ બાબત ઉપર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો નથી, અને જો કે ખ્રિસ્તી પ્રજાઓએ આ કાનુનને ગંભીરપણે સ્વીકાર્યો છે એમ છતાં પણ સાથે સાથે તેમણે હિંસાને પણ અપનાવી છે અને પોતાનું જીવન હિંસા ઉપર ઘડયું છે, અને આને લીધે ખ્રિસ્તી પ્રજાઓનું આખું જીવન એક મહાન–વિસંવાદથી ભરેલું જોવામાં આવે છે. તેઓ અમુક સિદ્ધાન્તો માનતા હોવાનો દાવો કરે છે અને તેમનું જીવન તેથી ઉલટા સિદ્ધાન્તો ઉપર ઘડાયું છે. તેઓ પ્રેમને જીવનના કાનુન તરીકે સ્વીકારે છે અને બીજી બાજુએ હિંસાને વ્યવહારમાં પુરો અવકાશ આપે છે, તેનાં ગુણગાન કરે છે અને જીવનના ભિન્ન ભિન્ન અંગઉપાંગમાં હિંસા સિવાય ચાલીજ ન શકે એમ હિંસાનું પ્રભુત્વ કબુલ રાખે છે. દાખલા તરીકે રાજાઓને, સરકારી અદાલતોને તેમજ લશ્કરને આજે અનિવાર્ય લેખવામાં આવે છે. ખ્રિસ્તી પ્રજાના વિકાસ સાથે આ વિસંવાદ પણ પૂરા વૃદ્ધિગત થતો રહ્યો છે અને આજે એ પરાકાષ્ટાએ પહોંચ્યો છે.

હવે પ્રશ્ન આપણી સામે આ રીતે આવીને ઉભો રહે છે. કાં તો આપણે કોઇ ખ્રિસ્તી ધર્મોપદેશને સ્વીકારતા નથી અને બળીયાના બે ભાગ એ ધોરણ ઉપર જ આપણા જીવનની રચના કરવા માંગીએ છીએ, અથવા તો આજના સર્વ ફરજિયાત કરો, સરકારી અદાલતો અને પોલીસખાતાઓ અને મુખ્યત્વે કરીને આપણાં લશ્કરો રદ કરવા જોઇએ, વિસર્જિત કરવા જોઇએ.

આ વર્ષે, વસન્તઋતુમાં, મોસ્કોની એક કન્યાશાળામાં ચાલતી ધાર્મિક પરીક્ષા દરમિયાન શાળાના શિક્ષકે અને એ વખતે જે પાદરી હાજર હતો તેણે દશ આજ્ઞાઓ ten commandments–સંબંધમાં અને ખાસ કરીને 'તું હિંસા કરતો નહિ'–'Thou shalt not kill'–એ છઠ્ઠી આજ્ઞા સંબંધમાં છોકરીઓને સવાલો પૂછ્યા તેનો બરોબર જવાબ મળ્યા બાદ "ઇશ્વરી કાનુન મુજબ હિંસાનો શું બધી બાબતમાં નિષેધ કરવામાં આવ્યો છે" એવો ચાલુ સવાલ પાદરીએ પૂછ્યો–અને બીચારી કમનસીબ છોકરીઓને આગળથી જેમ પઢાવી રાખવામાં આવ્યું હતું તે મુજબ 'બધી બાબતમાં નહિ' 'લડાઇમાં તેમ જ ગુનેહગારોને ફાંસીએ લટકાવવામાં હિંસા ધર્મસંમત હતી' એમ જવાબ આપવાની ફરજ પડી. આમ છતાં પણ આ કમનસીબ જુવાન છોકરીઓમાંની એકને-આ જે હું કહી રહ્યો છું તે કેવળ કપોળકલ્પિત વાત નથી પણ નજરે જોનારાઓએ કહેલી સત્ય હકીકત છે–પહેલી પરીક્ષા પછી 'હિંસા શું હંમેશા પાપમય છે? એવો ચાલુ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે ગભરાતાં ગભરાતાં છતાં નિશ્ચયપૂર્વક જવાબ આપ્યો કે "હમેશાં"; અને પેલા પાદરીએ તેને ધુંચવવાનો ઘણોએ પ્રયત્ન કર્યો છતાં નિશ્ચળ પ્રતીતિપૂર્વક તેણે જવાબ આપ્યો કે "નવા કરારમાં હિંસાનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે અને હિંસા જ માત્ર નહિ પણ માનવીબંધુ વિરુદ્ધના કોઇ પણ અપકૃત્યનો ઇશુ ખ્રીસ્તે નિષેધ કર્યો છે." ગમે એટલા રૂવાબ અને વાકચાતુરી છતાં પાદરીનું મોઢું બંધ થઇ ગયું અને તે છોકરીની નિડરતાએ સૌ કોઇને આશ્ચર્યમુગ્ધ બનાવી મૂકયા. તે છોકરીએ પાદરીને મહાત કર્યો.

હા, આપણે છાપાઓમાં હવાઈ વિમાનની પ્રગતિ વિષે, રાજકારણી જટિલ સંબંધો વિષે, જુદી જુદી કલબો અને રીતરીવાજો વિષે, ભિન્ન ભિન્ન પ્રકારના મંડળો વિષે, કળાના કહેવાતા સર્જનો વિષે ખૂબ ચર્ચા કરી શકીએ છીએ અને પેલી જુવાન છોકરીએ જે કાંઈ કહ્યું તે સંબંધમાં આંખ આડા કાન કરી શકીએ છીએ. પણ એમ એની મુંગે મોઢે ઉપેક્ષા થઇ નહિ શકે; કારણ કે ખ્રિસ્તી જગતના કોઈ પણ માનવીને ઓછા વધતા પ્રમાણમાં પણ હંમેશા આ પ્રમાણે જ લાગતું આવ્યું છે. સમાજવાદ, સામ્યવાદ, અરાજકતાવાદ, સેલ્વેશન આર્મી, વધતા જતા ગુન્હાઓ, બેકારી, ધનવાનોનો વધતો જતો ગાંડપણભર્યો ભોગ વિલાસ અને ગરીબોની પારવિનાની યાતનાઓ, આપઘાતના ચોંકાવે એવા વધતા જતા કીસ્સાઓ આ બધાની અંદર આ વિસંવાદ વ્યાપી રહેલો છે. આ વિસંવાદનો ઉકેલ લાવવો જ જોઇએ. એ અણઉકેલ્યો રહી શકે જ નહિ. અને તે ઉકેલ એક જ રીતે લાવી શકાય–પ્રેમના કાનુનનો સ્વીકાર કરવો અને હિંસાનો સર્વથા ઇનકાર કરવો.

તેથી ટ્રાન્સવાલમાં તમે જે લડત ચલાવી રહ્યા છો તે લડત દુનિયાના આ છેડે વસતા અમને લોકોને લાગે છે તે પ્રમાણે, સૌથી વધારે અગત્યનું કાર્ય છે. આજની દુનિયામાં જે કાંઈ કાર્ય ચાલી રહ્યું છે તેમાં પણ તમારી લડતનો પ્રકાર સૌથી વધારે મહત્વનો છે અને તેમાં માત્ર ખ્રિસ્તી પ્રજાઓએ જ નહિ પણ દુનિયાની ઇતર પ્રજાઓએ પણ અચુક સાથ આપવો જ પડશે.

હું ધારું છું કે તમે જાણીને આનંદ પામશો કે અહિ રશીઆમાં પણ આ પ્રકારની હીલચાલ બહુ વેગથી ચાલી રહી છે અને એ હીલચાલ લશ્કરમાં જોડાવવામાં ઇનકાર કરવાનો આકાર ધારણ કરી રહી છે અને આવો ઇનકાર કરનારાઓની સંખ્યા દિન પર દિન વધતી જાય છે. રશીઆમાં આ રીતે લશ્કરમાં જોડાવવાનો ઇનકાર

કરીને સત્યાગ્રહના માર્ગે જનારાની સંખ્યા જોે કે પ્રમાણમાં અલ્પ હોવા છતાં આ અને એવા બીજા સત્યાગ્રહીઓ બહાદુરીથી પોતા વિષે કહી શકે છે કે ઈશ્વર તેમની સાથે છે. અને ઈશ્વર માણસ કરતાં ઘણો વધારે બળવાન છે.

જે વિકૃત આકારવાળો ખ્રિસ્તી ધર્મ આજની ખ્રિસ્તી પ્રજાઓ અનુસરી રહી છે તેવા ખ્રિસ્તી ધર્મ વિષે પણ પોતાની નિષ્ઠા જાહેર કરવી અને સાથે સાથે લડાઈમાં મોટા પાયા ઉપર કત્તલ ચલાવવા માટે લશ્કર અને શસ્ત્ર સામગ્રીની આવશ્યકતાને કબુલ રાખવી–આ બે વચ્ચે એટલો બધો દેખીતો વિરોધ છે કે વહેલો કે મોડો અને સંભવ છે કે બહુ જલ્દિથી આ વિરોધનો એક યા બીજી દિશાએ નીકાલ આવવો જ જોઇએ. કાં તો ખ્રિસ્તી ધર્મના અનુયાયી હોવાનો દાવો કરવાનું છોડી દેવું જોઇએ પણ આમ કરવા જતાં એકમેકને બંધુભાવથી સાંકળતા એવા આ વિશ્વવ્યાપી ઉદાત્ત ધર્મનો ઉચ્છેદ થઈ જવાનું જોખમ રહેલું છે, જે આજના માનવ સમાજને કોઈ રીતે પરવડે તેમ નથી અને એમ ન બને તો દુનિયાના રાષ્ટ્રોને પોત પોતાની સત્તા ટકાવી રાખવા માટે જેની જરા પણ ઓછી આવશ્યકતા નથી એવાં લશ્કરોની નાબુદી કરવી પડે. આ વૈષમ્ય દરેક સરકાર–તમારી બ્રીટીશ સરકાર તેમ જ અહિંની રશીઅન સરકાર–અનુભવી રહી છે અને અહિ રશીઆમાં અમે અનુભવી રહ્યા છીએ તે ઉપરથી તેમજ તમારા છાપા દ્વારા તમારી બાજુ જે કાંઈ ઘટનાઓ બની રહ્યાનું માલુમ પડે છે તે ઉપરથી ખ્યાલ આવે છે કે આજની સત્તા અન્ય કોઈ વિરોધી હીલચાલ કરતાં આ પ્રકારની હીલચાલને પોતાના ટકાવની દૃષ્ટિએ વધારે જોખમી ગણે છે, અને તેથી તેને કોઈ પણ રીતે દાબી દેવાને સખતમાં સખત પગલાંઓ ભરી રહી છે. પોતાને માટે મુખ્ય ભયસ્થાન કયું છે તે દરેક સરકાર જાણે છે અને આવી હીલચાલ વેગ પકડે તો માત્ર પોતાના અમુક હિતો જ જોખમાય છે એટલું જ નહિ પણ પોતાનું આખું અસ્તિત્વ જોખમાય છે એ દરેક સરકાર બરોબર સમજે છે અને તેથી આ બાબતમાં વધારે સાવચેત બનીને ચાલે છે અને સ્વાભાવિક રીતે સખતમાં સખત દમનનીતિ અખત્યાર કરવાને આકર્ષાય છે.

આર્ય–અનાર્ય સમસ્યા

(ગતાંકથી ચાલુ)

આથી માલુમ પડે છે કે રામ–રાવણનું યુદ્ધ સદાચાર–દુરાચારનું યુદ્ધ નહોતું. પણ આર્ય અનાર્યોનું રાજનૈતિક યુદ્ધ હતું. એ માટે રામચંદ્રજીને સારા પ્રમાણમાં રાજનીતિ અને અનીતિથી કામ લેવું પડ્યું. વાનર જાતિના લોકોનો સહયોગ પ્રાપ્ત કરવા માટે તેમના રાજા વાલીને દગાથી મારી નાંખવામાં આવ્યો, અને તેના નાનાભાઈ સુગ્રીવને રાજા બનાવી દીધો. બીજી તરફ લંકામાં ફાટફૂટ પડાવી. વિભીષણને પોતાના હાથો બનાવી લીધો. આથી એ વાત સાબીત થાય છે કે ધર્માધર્મની કશી પણ પરવા હતી નહિ, પણ કોઇપણ રીતે સામ્રાજ્ય સ્થાપિત કરવાનો પ્રશ્ન હતો. રામચંદ્રજી વીર અને ધૈર્યશાળી હોવા સાથે રાજનીતિમાં ભારે ચતુર હતા. એથી જ તે જીતી ગયા અને અનાર્યોનો સૂર્ય હમેશાને માટે અસ્ત થઈ ગયો. હાં, સાથે સાથે બન્ને સભ્યતાઓના સમન્વયનું બીજ પણ વાવી દેવામાં આવ્યું જે પાછળથી સારા પ્રમાણમાં ફૂલ્યું ફાલ્યું. હવે તો બન્ને ધર્મોનું વિશ્લેષણ કરવું મુશ્કેલ છે; સમન્વિત હિન્દુ ધર્મના નામથી આર્ય–અનાર્યોની એક જ સંસ્કૃતિ છે.

પરંતુ અનાર્યોની સાથે અન્યાય થયો છે, તે વાત સ્પષ્ટ છે; શાંતિથી પોતાના ઘરમાં બેઠેલા અનાર્યો પર આર્યોએ છાપો માર્યો, તેમને લૂંટ્યા, માર્યા અને ગુલામ બનાવ્યા. આ અન્યાય તો થઈ ચૂકયો પણ આ દ્વંદ્વને ધર્માધર્મનો દ્વંદ્વ બનાવીને અને આર્યોના અધર્મ પક્ષને ધર્મ પક્ષ બનાવીને તેમજ અનાર્યોના ધર્મ પક્ષને અધર્મ બનાવીને જે અન્યાય કરવામાં આવ્યો છે, તેનું પરિમાર્જન થવું જરૂરી છે; અને આ પરિમાર્જન માટે હિંદુઓના અધિકાંશ કથા સાહિત્યને ઉલટાવવું પડશે–તેનો દ્રષ્ટિકોણ બદલવો જોઇશે.

વૃત્રાસુર, હિરણ્યકશિપુ, રાવણ આદિ સમ્રાટોના ચરિત્ર જે રીતે વિચિત્ર આલેખવામાં આવ્યાં છે, તેમાં સારો એવો સુધાર કરવો પડશે. તેમજ અનાર્યો વિષે દરેક બાબતમાં જે ઘૃણાભાવ ભરી દીધો છે તે કાઢવો પડશે. આ ઘૃણાભાવ ત્યાં સુધી કેળવવામાં આવ્યો છે કે અનાર્ય લોકો જે દિશામાં રહેતા હતા તે દિશાને પણ અશુભ દિશા તરીકે ઓળખાવવામાં આવેલ છે.

જૈનોએ આ કથા સાહિત્યને બદલવાની ઠીક ઠીક કોશીશ કરી છે. તેમણે રાક્ષસોને એક સદાચારી ધર્માત્મા માનવ જાતિ માન્યા છે. હનુમાન આદિને ધ્વજામાં વાનરનું ચિન્હ રાખવાવાળા રાજવંશી માનવ માન્યા છે. સૂર્પણખાનું નાસિકા છેદન, વાલીવધ આદિની કલંકિત ઘટનાઓ કાઢી નાંખી છે. રાવણ પોતાની પ્રતિજ્ઞાપર દ્રઢ રહેવાવાળો એક ધર્માત્મા હતો, અને તેથી જ સીતાજીપર તેણે બળાત્કાર ન કર્યો–તેમ પણ જણાવવામાં આવ્યું છે. રાવણ યજ્ઞઘાતક હતો અને અહિંસાને કારણે જૈન લોકો પણ યજ્ઞ વિરોધી હતા, તેથી રાવણના ચરિત્રને તેમણે થોડી સહાનુભૂતિથી દ્રષ્ટિએ વિચારેલ છે. ઇંદ્રજિત, કુમ્ભકર્ણ આદિને પણ ધર્માત્મા અને મોક્ષગામી ચિતર્યા છે. આ રીતે તેમણે ઇતિહાસને બદલવાની ઠીક ઠીક ચેષ્ટા કરી છે. પરંતુ તેમણે આવા ફેરફારો કરવામાં ઇતિહાસની રક્ષા કરવાની કોશીષ કરી નથી. ઇતિહાસને સારી રીતે મારી મચરડીને ધાર્મિક દ્રષ્ટિથી આદર્શ તરફ ખેંચી જવાની કોશીષ કરી છે. એ કાર્ય પણ સારૂં છે, પરંતુ તેનું ઐતિહાસિક મૂલ્ય નથી. જરૂર એ વાતની છે, ઘટનાઓને વ્યવસ્થિત રૂપમાં મૂકીને તેના ઉપર નિષ્પક્ષ વિચાર કરવામાં આવે અને પછી ન્યાય કરવામાં આવે.

એ આનંદજનક વાત છે કે હિન્દુશાસ્ત્રોમાં તેવી સામગ્રી મળે છે જે ઇતિહાસનો આધાર બની શકે. તે સામગ્રી પર નિષ્પક્ષ દ્રષ્ટિથી વિચાર કરવામાં આવે તો સાચી વાતોને પ્રકાશમાં લાવવાનું મુશ્કેલ નથી. લેખકોનો દ્રષ્ટિકોણ વિકૃત હોઇને ઇતિહાસને બગાડી દેવામાં આવ્યો છે અને તેમાં નિંદા ભરી દેવામાં આવી છે. પરંતુ નિંદાનો દ્રષ્ટિકોણ દૂર રાખી માત્ર ઘટનાઓને જ તપાસવામાં આવે અને તેમાં રહેલાં અસંભવિત, અસ્વાભાવિક ચિત્રણોને હટાવી તેને સંભવિત તથા સ્વાભાવિક રૂપમાં ચિત્રિત કરવામાં આવે તો સાચા ઇતિહાસનું પ્રગટ કરવાનું કામ મુશ્કેલ નથી.

આ દ્રષ્ટિથી વિચાર કરતાં વૃત્રાસુર, હિરણ્યકશિપુ, રાવણ આદિ સમ્રાટોનાં ચરિત્ર ઠીક ઠીક ઉચ્ચ શ્રેણીનાં સાબીત થઈ શકશે. આ પ્રયત્નમાં આર્યોના કંઈક દોષ પણ પ્રગટ થશે, પણ એથી આપણે દુઃખી કે શર્મિંદા થવાની કાંઈ જરૂર નથી. હજારો વર્ષ પહેલાં મનુષ્ય જાતિ જેવી અવિકસિત હતી તે જોતાં આર્યોમાં જો એવા કોઈ દોષ રહેલા માલુમ પડે તો તે ક્ષન્તવ્ય છે. તેને છુપાવવાની કે તેનાં ગીત ગાવાની આજે કોઈ જરૂર નથી. બલકે તે સમયે જે સંઘર્ષને કારણે ઘૃણા પેદા થઈ હતી તેનાં નિશાન પણ મટાડીને આપણે માનવતાનું નિર્માણ કરવાનું છે. ન્યાયોચિત માન્યતાઓના આધાર પર આર્ય અનાર્યોનો સમન્વય સાધવો છે.

આર્યોએ અનાર્યોની સાથેના ઘૃણાભાવને કારણે કંઈક એવી માન્યતાઓ ઉભી કરી દીધી હતી કે જે પાયાવિનાની ગણી શકાય. આને પણ આપણે હટાવી દેવી જોઇશે.

ઉદાહરણ તરીકે જોઇએ તો આપણે દક્ષિણ દિશાને અશુભ માનીએ છીએ. આર્યો ઉત્તરમાં રહેતા હતા; અનાર્યો દક્ષિણમાં રહેતા હતા. અનાર્યો વિષે ઘૃણા હોવાને કારણે તેની દિશા પ્રત્યેપણ ઘૃણા રાખવી એ મનુષ્યની સાધારણ નબળાઈ છે. પણ હવે આપણે એવી નબળાઈના શિકાર બની રહેવાની કશી જરૂર નથી. હવે આપણે સચ્ચાઈના દ્રષ્ટિકોણથી તેને સમજવા પ્રયત્ન કરવો જોઇએ.

દક્ષિણને યમની દિશા યા મૃત્યુની દિશા કહી છે. નિઃસંદેહ તેના ભૌગોલિક કારણ પણ હતાં. કારણ કે આર્ય ઉત્તરથી આવતા જતા હતા તેથી દક્ષિણમાં તેઓ જ્યાં વસતા હતા ત્યાં પોતાના મકાનનું મુખ ઉત્તરની તરફ રાખતા હતા, જેથી ઉત્તરના માર્ગ તરફ તેમની દ્રષ્ટિ રહે. દક્ષિણ દિશા તરફ સ્મશાન બનાવતા હતા. એ માટે પણ દક્ષિણ દિશા તરફ તેમની ઘૃણા હતી. એમ તો વાસ્તવિક રીતે ઘરોને ઉત્તર મુખ બનાવવાને બદલે દક્ષિણમુખે બનાંવવામાં અધિક સુખાકારી છે. સત્યાશ્રમની ઈમારત ઉત્તરમુખ છે. તેનું પરિણામ એ આવે છે કે ગરમીના દિવસોમાં જ્યારે તડકાની જરૂર નથી હોતી. ત્યારે ઉત્તરાયણ સૂર્ય હોવાને કારણે તડકો મકાનની અંદર આવી જાય છે અને ગરમીથી હેરાન પરેશાન કરી દે છે, અને શિયાળાના દિવસોમાં જ્યારે તડકાની વિશેષ જરૂર હોય છે ત્યારે સૂર્ય દક્ષિણાયન હોવાથી મકાનની અંદર તડકો આવતો નથી–ત્યાં સુધી કે આંગણામાં પણ તડકો આવતો નથી. એથી ભારતમાં તો ઉત્તર મુખ મકાનોને બદલે દક્ષિણ મુખ મકાનો વધારે સગવડવાળા લેખાવા જોઇએ. પણ અનાર્ય તરફના દ્વેષના જે કુસંસ્કારો આપણાં દિલ પર પડ્યાં છે. તેથી દક્ષિણ દિશાને પણ આપણે બુરી–અનિષ્ટજનક સમજી રહ્યા છીએ. આથી માલુમ પડે છે કે માનવતાની દિશામાં આપણે સારા પ્રમાણમાં કામ કરવાનું છે.

ઘણીવાર મારા મનમાં વિચાર આવ્યા કરે છે કે બે ચાર વર્ષનો સમય મળી જાય તો આર્યોના આગમનના યુગથી સને ૧૯૪૭ સુધીનો ઇતિહાસ નવા દ્રષ્ટિકોણથી લખી નાખું, જે આર્યોના પક્ષપાત રહિત હોય પણ માનવતાની ઉદારતા, નિપક્ષતા અને સચ્ચાઇથી ભરેલો હોય, જેમાં શ્રેયની જૂઠી કલ્પનાઓને દૂર કરીને સાચી કલ્પનાઓ સ્થાપિત કરવામાં આવે; પણ મારી પાસે બીજાં જરૂરી કામો એટલાં છે કે મને આશા નથી કે મને તેટલો સમય મળી શકશે અને હું આ કાર્ય કરી શકીશ. તો પણ સત્ય ઇતિહાસનું નિર્માણ કરવાની હવે પૂરી જરૂર છે. અને એ વાત માત્ર સત્યાનુરાગના કારણે જરૂરી છે એટલું જ નહિ, પણ દક્ષિણના અસંતોષને દૂર કરવાને માટે પણ તે જરૂરી છે. તે સિવાય અખંડ ભારતની બુનિયાદ મજબૂત નહિ થઈ શકે.

આજ જે દક્ષિણમાં હિન્દીનો વિરોધ થાય છે, લંકામાં ભારતીઓને નાગરિક અધિકાર નથી મલતા, અલગ દ્રાવિડિસ્તાનની માંગ ઉઠી છે તેના બીજાં બીજાં કારણો તો હશે. સાથે સાથે આ કારણ પણ ગૌણ નથી કે દક્ષિણની જનતા આર્યોના અત્યાચારોને ભૂલી શકી નથી. વળી અત્યાચારના શિકાર થવા છતાં તેમને અત્યાચારીઓના રૂપમાં ચિત્રિત કર્યા છે તે તો તેઓને અસહ્ય થઈ પડેલ છે. દક્ષિણવાસીઓની આ મનોવૃત્તિની જાણ મને એક બહુ સાધારણ છતાં મહત્વપૂર્ણ અનુભવથી થઈ હતી.

ઘણા વર્ષો પહેલાં મેં નાગયજ્ઞનું નાટક લખ્યું હતું. હિન્દીમાં તેની બે આવૃત્તિઓ પૂરી થઈ ગઇ છે. જનમેજયના નાગયજ્ઞ સમયે નાગો ઉપર આર્યોના અત્યાચારોનું તેમાં સજીવ ચિત્રણ છે. જો કે આર્યોનાં ગુણોનું પણ તેમાં ચિત્રણ છે અને અંતમાં આર્ય પિતા અને અનાર્યમાતાના સંતાન આસ્તીકમુનિ દ્વારા બન્ને દળો વચ્ચે સુલેહ સ્થાપવાના કાર્ય અંગે સફળતા પ્રાપ્ત થવામાં નાટકની સમાપ્તિ છે; પણ આર્યો વિષે તેમાં કોઈ પક્ષપાત દાખવવામાં આવેલ નથી. તેમના દોષપણ નિષ્પક્ષતાપૂર્વક દર્શાવવામાં આવ્યા છે. તે નાટક દક્ષિણના એક અધ્યાપક ભાઇએ વાંચ્યું હશે. તેનાથી તે અધ્યાપક એટલા બધા ખુશ થયા કે તેમણે તે નાટકનો કન્નડી ભાષામાં અનુવાદ કર્યો અને તે છપાવ્યું. તેથી મને માલુમ પડ્યું કે આર્યોના ઇતિહાસના વિષયમાં દક્ષિણ ભારતના શિક્ષિતોમાં એક ઉંડો અસંતોષ મોજુદ છે. હવે તો એ અસંતોષ રાજનૈતિક ક્ષેત્રમાં પણ દેખાવા લાગ્યો છે. આ સમસ્યા ત્રણ હજાર વર્ષ જુની છે એવું લંકાના પ્રધાન મંત્રીનું એ કથન ભારે મહત્વ ધરાવે છે.

ઉત્તરના લોકો દક્ષિણના લોકોની મનોવેદના નથી સમજી શકતા. ઉત્તરમાં હરસાલ રામલીલા થાય છે. તેમાં જગ્યાએ જગ્યાએ લંકાના સમ્રાટ યુવરાજ, રાવણ, મેઘનાદ, કુમ્ભકર્ણ આદિના પુતળાંઓ બાળવામાં આવે છે. અને તેને અધર્મ પર ધર્મનો વિજય કહેવામાં આવે છે. આજનો લંકાવાસી આ કાર્યને અન્યાય માને છે તેમજ અપમાન જનક પણ માને છે. પરંતુ આ કાર્ય પ્રત્યેક વર્ષ ભારતની રાજધાની દિલ્હીમાં મહાન સમારોહપૂર્વક થાય છે અને તેમાં રાષ્ટ્રપતિ સુદ્ધાં સામેલ થાય છે.

બે પ્રદેશના દ્વન્દ્વને આ રીતે આજસુધી સ્મરણમાં રાખવું, તેમજ આ પ્રકારે અપમાનજનક રીતે તેનું પ્રદર્શન કરવું અને તેમાં પણ સરકારનો હાથ હોય તે આજના યુગમાં અક્ષન્તવ્ય છે. આપણે આ દ્વન્દ્વ કથાઓ ભૂલાવી દેવી જોઇએ. માનવતાની વેદીપર આ કથાઓ અને પુરાણોનું બલિદાન કરી દેવું જોઇએ.

બે જાતિનાઓનો જ્યારે સંઘર્ષ થાય છે ત્યારે તેમાં અન્યાય થવો સ્વાભાવિક છે. આજ તે સંઘર્ષ ખતમ થઈ ગયો છે. બન્નેના દેવતાઓનો પણ સમન્વય થઈ ગયો છે. ધર્મ અને સંસ્કૃતિ પણ મળીને એક થઇ ગઇ છે અને આજે રાજનીતિ તથા રાષ્ટ્ર પણ એક બન્યાં છે. આ પરિસ્થિતિમાં પુરાણા દ્વન્દ્વનાં નિશાનો કાયમ રાખવાં, તે ન કેવળ અન્યાય છે પણ આત્મઘાત યા રાષ્ટ્રઘાત પણ છે.

જે સાહિત્ય બની ગયું છે તે તો ટાળી નહિ શકાય, પરંતુ એ થઇ શકે છે કે તે સાહિત્યને ધર્મશાસ્ત્ર ન માનીને ઇતિહાસની સામગ્રી માનવી જોઇએ. અને તે સાહિત્યના આધાર પર જે અપમાનજનક પ્રદર્શન થતાં રહે છે તે બન્ધ કરવામાં આવે. સાથે સાથે માનવતાની દ્રષ્ટિથી નવીન સાહિત્યનું સર્જન થવું જોઇએ. ન્યાયપૂર્ણ સત્ય ઇતિહાસ લખાય અને તેમાં એ પ્રકારે ચિત્રણ કરવું જોઇએ કે દ્વન્દ્વના સમયનો દ્વેષભાવ ઉભરાઈ ન આવે.

ભૂતકાળના મડદાં ને લઇને આજની દુનિયાને કબ્રસ્તાન નથી બનાવવું. પરંતુ એ મડદાં ને દફનાવીને તેની જગ્યાએ જીવિત માનવોને બેસાડવા છે. આર્ય અનાર્ય સમસ્યા પૂરી થઇ ચૂકી છે. તો પણ આપણા દિલોમાં અનાર્ય–દ્વેષ આજ પણ બેઠો છે અને આજ તો તેની પ્રતિક્રિયા પણ માથું ઉંચકી રહી છે. તે વ્યાપક ન બની જાય તે માટે નિઃપક્ષ સત્યના આધાર પર આપણે સંબંધો સ્થાપિત કરવા છે. તે માટે ધર્મશાસ્ત્રોમાં, તહેવારોમાં, મનોભાવોમાં સારૂં એવું પરિવર્તન કરવું પડશે. જે પૂર્વજોએ આ દ્વન્દ્વ દ્વેષ કર્યો હતો તે તો ચાલી ગયા. તેની જવાબદારી તેઓના પર. તે માટે આપણે આપણો વર્તમાન શા માટે બગાડવો ? અને તે યુગના પક્ષપાતને આજે જીવિત પણ શા માટે રાખવો !

હવે સમય આવી ગયો છે જ્યારે મનુષ્ય માત્રની એક જાતિ, એક રાષ્ટ્ર અને એક સંસ્કૃતિ બને. અને તે માટે હવે જે ઇતિહાસ લખાય તે શુદ્ધ માનવતાની દ્રષ્ટિથી લખાય. આર્ય–અનાર્ય, ગોરા–કાળા, દેશી–વિદેશી આદિનો પક્ષપાત છોડીને તેમાં બધાના ગુણ દોષોનું નિષ્પક્ષ વિવેચન થવું જોઇએ.

ભારતમાં જાતીય ભેદભાવનાઓ જે મોજુદ છે તે મીટાવવી જોઇશે. જે મટી ગઈ છે તેને પુનર્જિવિત થવા દેવી નથી. અને આ વૃત્તિથી મનુષ્ય માત્રની સાથેના સંબંધોનો વિચાર કરવો જરૂરી છે. તેનો પરિચય આર્ય–અનાર્ય સમસ્યાને ફરી ઉઠવા ન દઇને તેમજ નિષ્પક્ષ ઇતિહાસનું નિર્માણ કરીને જનતાને કરાવવો જોઇએ.

સમાપ્ત.

મૂળ હિંદી : **સ્વામી સત્યભક્ત**

અનુવાદક : **શ્રી કુલચંદ હરિચંદ દોશી**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૫, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* વિચાર અને વિવેકના વિકાસનું પર્વ *

ઉપસંહાર – વક્તવ્ય

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને અધિષ્ઠિત પં. સુખલાલજીને આખી વ્યાખ્યાનમાળાના ઉપસંહાર રૂપે જે કહેવાનું હતું તે કહેવા માટે છેલ્લા દિવસની સભાનાં નિયત બે વ્યાખ્યાનો પૂરાં થવા બાદ પૂરતો અવકાશ નહિ રહેવાથી તેમનું ઉપસંહાર–વક્તવ્ય પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે એમ તે સમયે જાહેર કરવામાં આવેલું. તે ઉપસંહાર–વક્તવ્ય નીચે મુજબ છે:– તંત્રી)

'પર્યુષણ' શબ્દ જૈન પરંપરા સાથે સંબંધ ધરાવે છે, પણ જ્યારે વ્યાખ્યાનમાળા યોજવાનો વિચાર આવ્યો ત્યારે જ પર્યુષણને માત્ર પરંપરા કે પંથના એકાંગી બંધનથી મુક્ત કરી એને સર્વ પરંપરાઓ અને સર્વ ધર્મોનું વ્યાપક સ્વરૂપ મળે એ દૃષ્ટિ રાખવામાં આવી હતી.

દરેક ધર્મપરંપરા યા ધર્મપંથના અનુગામીઓ ધરાવે છે તો એમ છે કે તેમનો ધર્મ વિશ્વવ્યાપી બને, પણ તેમના આવા ઉદાત્ત મનોરથ સાથે તેમના વ્યવહારનો મેળ હોતો નથી; તેથી દરેક ધર્મને વિશ્વવ્યાપી બનાવવાની તેમના અનુગામીઓની હોડ એકંદરે અથડામણીમાં પરીણમે છે. દરેક ધર્મ માત્ર એના પાયારૂપ વિશિષ્ટ ગુણ ઉપર ભાર આપી તેના વિશ્વવ્યાપી વિકાસ માટે પ્રયત્ન કરતો હોય અથવા કરે તો પંથોની અથડામણીનો સંભવ જ ટળી જાય, પણ દરેક પંથનો આગ્રહ એના વિશિષ્ટ ગુણના ફેલાવાની સાથે પોતાના બાહ્ય આચારના ખોખાને પણ બીજાઓ પાસે અનુસરાવવાનો હોય છે. દા. ત. ક્રિશ્ચિયનો માત્ર પ્રેમધર્મ વિકસાવવા તેના જ પ્રસાર માટે પ્રયત્ન કરે અને ચર્ચ, ક્રૂસ, ત્રિમૂર્તિ આદિનો આગ્રહ ન સેવે; એ જ રીતે ઇસ્લામ માત્ર ભ્રાતૃભાવના ફેલાવવાનો પ્રયત્ન કરે, પણ સાથે જ મસ્જીદ, મહમ્મદ કે કુરાનના પ્રકારનો દુરાગ્રહ ન સેવે; એ જ ન્યાયથી વૈષ્ણવ, બૌદ્ધ કે જૈન જેવા ધર્મો પણ જે જે સદ્‌ગુણ ઉપર વધારે ભાર આપતા આવ્યા છે તેના જ પ્રસારનો પ્રયત્ન કરે અને પોતપોતાના પંથના બાહ્ય ખોખાને અનુસરાવવાનો આગ્રહ ન રાખે તો મોટે ભાગે ધર્મો અને પંથોની અથડામણી ટળી જ જાય, અને વિશ્વવ્યાપી બનવાની તેમની ભાવના પણ ઘણે અંશે સિદ્ધ થાય. આનો મુખ્ય ઉપાય શો?—આ પ્રશ્ન દરેક પરંપરા સામે છે જ.

પર્યુષણ વ્યાખ્યાનમાળાને અસાંપ્રદાયિક સ્વરૂપ આપતી વખતે જે ખ્યાલ મનમાં હતો તે ઉપરના પ્રશ્નનો ઉત્તર પૂરો પાડે છે. જૈન પરંપરાના અહિંસા, સત્ય આદિ મૂળભૂત સિદ્ધાંતોનાં સ્વરૂપની એક યા બીજી રીતે સમજણ વિકસાવવી અને માનવીય જીવનના દરેક ક્ષેત્રે તેના ઉપયોગની શક્યતા વિકસાવવી – આ છે મુખ્ય બાબત. આની સાથે જ પરંપરાગત વ્રત-નિયમો, પૂજા-ઉપાસના અને વિવિધ ઉત્સવોનું અનુષ્ઠાન ચાલુ રહે એ બીજી બાબત. આમાંથી બીજો અંશ એ માત્ર પંથગત છે, જ્યારે પહેલો અંશ સર્વધર્મસાધારણ હોઈ છેવટે કોઈ ને કોઈ સ્વરૂપે તે દરેક ધર્મ યા પંથને સ્વીકારવો જ પડે છે. તેથી પજુસણ શબ્દ સાંપ્રદાયિક હોવા છતાં એ નામે ચલાવાતી વ્યાખ્યાનમાળામાં પહેલા અસાંપ્રદાયિક અને સર્વ ધર્મોને સ્વીકાર્ય એવા અંશ ઉપર જ મુખ્ય ભાર આપવાનો સંકલ્પ રખાયેલો હતો.

આ સંકલ્પ તો જ સિદ્ધ થઈ શકે જો એ વ્યાખ્યાનમાળાના આશ્રય નીચે થતાં વ્યાખ્યાનોમાં વિચાર તેમજ વિવેકશક્તિનો વિકાસ સધાય એવી વ્યાખ્યાનોની હારમાળા ગોઠવાય. આ દૃષ્ટિએ જેમ દરેક વર્ષે તેમ આ વર્ષે પણ મુંબઈ જૈન યુવક સંઘ તરફથી વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. આવી વ્યાખ્યાનમાળા અમદાવાદમાં તો પ્રથમથી જ ચાલતી અને વિકસતી રહી છે, પણ એનું આકર્ષણ અનેક સ્થળે ઉત્તરોત્તર વધતું જાય છે. તેનું મુખ્ય કારણ દિવસે દિવસે વધતી જતી એવી સમજણમાં રહેલું છે કે વિચાર અને વિવેકનો વિકાસ કરી શકે એવાં અસાંપ્રદાયિક સંમેલનો જ દેશમાં અને પરદેશમાં ઉત્તરોત્તર ખીલતી જતી માનવતાની ભાવનાને ઉપયોગી થઈ શકે.

વ્યાખ્યાનમાળાના નવ દીવસો પૈકી આઠ દીવસ હું એકસરખી રીતે ઉપસ્થિત રહેલો. માત્ર તા. ૨૫ મીએ માટુંગામાં ચાલતી વ્યાખ્યાનમાળામાં ગયેલો. નવે દીવસની વ્યાખ્યાનમાળાનો ઉપસંહાર છેલ્લે દીવસે રોકસી થિયેટરમાં મારે જ કરવાનો હતો, પણ એ કામ સમયને અભાવે થઈ ન શકવાથી 'પ્રબુદ્ધ જીવન' દ્વારા પતાવવું પડે છે. એનો એક લાભ એ પણ છે કે જેઓ વ્યાખ્યાનમાળામાં હાજર ન હોય એવા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પણ વ્યાખ્યાનમાળાની ચાલેલી પ્રવૃત્તિ વિષે કાંઈક તો જાણી શકે અને તેની ઉપયોગિતા વિષે પોતાનો અભિપ્રાય કેળવી શકે. એ સાંભળેલાં વ્યાખ્યાનોની જરા-સરખી નોંધ પણ મારી સામે નથી. વળી શરીરને વાર્ધક્ય આવે તો સ્મૃતિને કેમ ન આવે? અને પત્રમાં જગ્યાની પણ કાંઈક મર્યાદા હોય જ છે. તેથી અત્રે હું જે લખી રહ્યો છું તે વક્તાઓ અને તેમનાં વક્તવ્યનો માત્ર ટૂંકો અને અછડતો જ પરિચય હોવાનો.

ઓગસ્ટની તા. ૨૧ થી ૨૯ સુધી નવ દિવસ વ્યાખ્યાનમાળા ચાલેલી. પહેલે દિવસે સુપ્રસિદ્ધ લેખક, કુશળ વકીલ અને રાજપુરુષ શ્રી. કે. એમ. મુનશીનું 'વધતી જતી ધર્મોપેક્ષા' વિષે પહેલું પ્રવચન હતું અને બીજું પ્રવચન મુંબઈ પ્રાંતનાચેરિટી કમિશ્નર શ્રી. સુમંત સી. ભટ્ટનું 'દાન, ન્યાય અને નીતિ' વિષે હતું. શ્રી. મુનશીજીએ મુદ્દાસર ક્રમથી પોતાના વક્તવ્યની રજૂઆત આકર્ષક રીતે કરતાં જે મુખ્ય પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું તે પ્રશ્ન હતો ઊગતી પેઢીને ધર્મના વ્યાપક સંસ્કારો આપવાનો. વડીલો, શિક્ષકો, ધર્મ-ગુરુઓ વગેરે તરફથી યુવક–યુવતીઓને સંતોષ થાય અને જિજ્ઞાસા વધારે એવું જે ધાર્મિક શિક્ષણ અપાવું જોઈએ તેને અભાવે સાહિત્ય, સિનેમા આદિના વાતાવરણમાંથી સ્વચ્છન્દી વૃત્તિ ફેલાવાય છે અને બેજવાબદારી જ વધતી જાય છે તેને નિવારવા તેમણે કેટલાક માર્ગો સૂચવેલા. સંસ્કૃત ભાષા અને તેના સાહિત્યના શિક્ષણ ઉપર તેમણે ભાર આપતા કહ્યું હતું કે સંસ્કૃત સાહિત્યમાંથી મહત્ત્વની અનેક પ્રેરણાઓ મળે તેમ છે. સાથે જ એમણે એ પણ કહ્યું કે જૂના ગ્રંથો અને શાસ્ત્રો આજે જૂની રીતે અને જૂની દૃષ્ટિએ શીખવવાથી

કામ ન સરે. વિદ્વાનો અને ધર્મગુરુઓનું એ કામ છે કે તેમણે સમયાનુસારી અર્થ ઘટાવી શાસ્ત્રોની રુચિ કેળવવી, તેમજ જે રીતે નવી પેઢીના મનમાં સદ્‌ગુણો સ્થિર થાય અને એ ધર્માભિમુખ બને એ રીત અનુસરવી. મારો કોઈ પ્રાચીન રૂઢિ વિષે આગ્રહ નથી. જે છે તે એ કે પરંપરાથી ચાલ્યા આવતા પ્રાચીન સુસંસ્કારોને કોઈ રીતે વેડફી ન નાખવા.

ચેરિટી કમિશ્નર શ્રી. સુમંતભાઈએ પોતાનું પ્રવચન બહુ સરસ અને સરલ રીતે કર્યું. તેમાં તેમણે ભગવાન મહાવીરના જીવનની આસપાસ પોતાનું વક્તવ્ય ગ્રથિત કર્યું હતું. તેમણે દાન વિષે, મુખ્યપણે અભયદાન ઉપર ભાર આપતાં કહ્યું કે અન્ન, વસ્ત્ર, મકાન અને ઔષધનું દાન એ જીવનદાન સમાન છે. સમભાવ કેળવવાની બાબત ચર્ચતાં તેમણે કહ્યું કે પોતા પ્રત્યે બીજાઓનું વર્તન આપણે જે પ્રકારનું ઇચ્છીએ તે પ્રકારનું વર્તન તેમના પ્રત્યે આપણે જ પહેલું શરૂ કરવું જોઇએ. આ જ ભગવાન મહાવીરનો સમત્વ સિદ્ધાંત છે. તેમણે સંયમ ઉપર ભાર આપતાં ઇન્દ્રિયજય અને કામ, ક્રોધ, લોભના જય ઉપર ભાર આપ્યો. જ્યારે તેમણે વિજયાલક્ષ્મી પંડિતનો નિર્દેશ કરી કહ્યું કે પોતાના સંબંધીઓ સાથેની કડવાશ મટાડવા માટે તેમની પાસે જઈ માફી માગવી એવી ગાંધીજીની સૂચના પહેલાં તો વિજયાલક્ષ્મી પંડિતને ન રુચી, પણ ઘેર જઈ વિચાર કરતાં જ તેમને એ સૂચના ગળે ઊતરી અને તેમણે એ પ્રમાણે કર્યું પણ ખરું, પરિણામે સંબંધીઓ અને તેમના વચ્ચે મીઠો સંબંધ બંધાયો, ત્યારે શ્રોતાઓના મનમાં સહેજે જ પજુસણનો મૂળ મંત્ર 'वेरं मज्झं न केणई' એ સાકાર થયો. શ્રી. ભટ્ટનું આખું પ્રવચન જીવનસ્પર્શી અને વ્યવહારુ હતું.

તા. ૨૨ મી ગુરુવારે મુંબઈ શહેરના મેયર શ્રી. એમ. વી. દેંદે અને ભારતીય વિદ્યાભવનના પ્રાધ્યાપક શ્રી. નલિન ભટ્ટ બોલનાર હતા. શ્રી. દેંદે 'લોકમાન્ય તિલકનું જીવનકાર્ય' એ વિષયમાં મરાઠીમાં બોલ્યા હતા. તેમનું મરાઠી એટલું બધું સરલ હતું કે સભામાં ઉપસ્થિત મુંબઇવાસી ભાગ્યે જ એવો કોઈ હશે કે જે કાંઈ પણ સમજી શકયો ન હોય. તેમણે લોકમાન્યની પુરુષાર્થપ્રેરક કારકીર્દી સંક્ષેપમાં વર્ણવી. તેમાં તેમણે લોકમાન્યે શરીરસ્વાસ્થ્ય માટે કરેલ પ્રયત્ન અને તેમની અખાડાની કુસ્તીનો નિર્દેશ કર્યો. દરેક જેલયાત્રા વખતે એકએક એમ તેમની ત્રણ મહાન કૃતિઓના સર્જનનો નિર્દેશ કરી લોકમાન્યનો બુદ્ધિવૈભવ સૂચવ્યો અને તેમની બ્રિટિશ અમલના અન્યાય સામે થવાની વીરવૃત્તિનું સજીવ નિરુપણ કર્યું. શ્રી. દેંદેએ મરાઠી ભાષામાં કરેલ પ્રવચનને શ્રોતાઓએ આવકારી વ્યાખ્યાનમાળામાં ગુજરાતી ને હિંદીમાં થતાં ભાષણો ઉપરાંત મરાઠીમાં પણ ભાષણને અવકાશ આપવાની મૂંગી મહોર મારી અને દ્વિભાષી રાજ્યની પ્રજાને છાજે એવો ઉદારભાવ કેળવ્યો.

પ્રાધ્યાપક શ્રી. નલિન ભટ્ટનો વિષય હતો 'ગીતાની સમન્વયશક્તિ' તેમની બોલવાની શૈલી કથાકારની શૈલીનું સ્મરણ કરાવતી. તે બહુ રોચક હતી, પણ એમનું નિરૂપણ પ્રાધ્યાપકને શોભે એવું ગંભીર છતાં વિનોદપ્રધાન હોઈ શ્રોતાઓને આકર્ષી લે તેવું હતું.

તા. ૨૩ મીએ જાણીતા કાર્યકર શ્રી પુષ્પાબેન મહેતા અને સ્વામી અખંડાનંદ એ બે બોલનાર હતાં. તેમના વિષયો અનુક્રમે 'ભારતનું નવઘડતર અને બહેનો' તથા 'ભારતીય સંસ્કૃતિનો દ્વિમુખી પ્રવાહ' હતા. પુષ્પાબહેને સ્વરાજ્ય પહેલાંના અને સ્વરાજ્ય પછીના ભારતની ભેદરેખા ઇતિહાસ તેમજ અનુભવને આધારે સ્પષ્ટ દર્શાવી. બહેનોને ઉદ્દેશી કહ્યું કે અત્યારે તેમને વણમાગી કામ કરવાની પૂરી તક લાધી છે, તો તેમણે સામાજિક બંધન અને ભયો ફેંકી દઈ નવઘડતરમાં પોતાનો હિસ્સો આપવો જોઇએ. વળી, પુરુષોએ અને વડીલોએ બહેનોના માર્ગમાં કોઇપણ જાતના અંતરાય ઊભા કરવા એ પણ અજુગતું છે. એમણે સામાજિક કલ્યાણને લગતી પ્રવૃત્તિના પોતાના અનુભવને આધારે એ પણ સૂચવ્યું કે અત્યારે આવાં કેટલાંય કલ્યાણકેન્દ્રો ચાલી રહ્યા છે, જેમાં બહેનો જ મુખ્યપણે કામ કરી રહી છે. જીવનનાં અનેક ક્ષેત્રે કાર્યકર બહેનોની માગણી વધતી જાય છે, તેથી બહેનોને ઘડાવાની અને સ્વતંત્ર થવાની અત્યારે બેવડી તક છે. તેમણે એક બહાદુર કુમારીનો દાખલો આપતાં કહ્યું કે તે અમુક ગામડામાં ચોરા ઉપર જઈ તે ગામના લોકો સામે પ્રતિજ્ઞા કરી બેસી ગઇ કે જ્યાં લગી તમે પ્રથમથી આપેલ તમારા વચન પ્રમાણે વર્તી સ્ત્રીઓને ભણવા નહીં મોકલો ત્યાં લગી હું અહીંથી ખસનાર નથી. એ તરુણીના સંકલ્પબળે છેવટે ગ્રામવાસીઓ પીગળ્યા અને તેની પાસે પોતાની બહેન-દીકરીઓને ભણવા-શીખવા મોકલતા થયા. એ બહાદુર તરુણ શિક્ષિકાએ ગ્રામવાસીઓનાં દિલ એટલે લગી જીતી લીધાં કે જ્યારે એ બહેનનું લગ્ન થયું ત્યારે આખા ગામે પોતાની દીકરી માની કરીયાવર કર્યો.

સ્વામી અખંડાનંદે પોતાના વિષયથી સહેજ ફંટાતા હોય એ રીતે હિંદીમાં બોલતાં ખાસ ભાર અનુભવજ્ઞાન ઉપર આપ્યો. ઇતિહાસદૃષ્ટિ અધૂરી અને પાંગળી છે, જ્યારે અનુભવજ્ઞાન જ મુખ્ય પ્રમાણ છે. અનુભવજ્ઞાનને ઇતિહાસ કે કાળ સ્પર્શતો નથી. તેથી અનાદિ છે. એમના કથનમાં શ્રમણ, બ્રાહ્મણ આદિ ધર્મોનો સમન્વય સૂચવતી ભાષાનો રણકાર હતો.

તા. ૨૪ મીએ પુરાતત્ત્વજ્ઞ આચાર્ય શ્રી. જિનવિજયજી અને પ્રાધ્યાપક શ્રી. દલસુખ માલવણિયાનાં પ્રવચનો હતાં. અનુક્રમે તેમના વિષયો હતા: 'આજનો યુગ અને જૈન ધર્મ' તથા 'જૈન અને બૌદ્ધ ધર્મ' શ્રી. જિનવિજયજીએ પોતાના સાધુઅવસ્થાના પૂર્વકાલીન અનુભવો વર્ણવતાં પ્રથમ એ કહ્યું કે તેઓ અર્જુનલાલ શેઠી, વાડીલાલ મો. શાહ આદિ સાથે જૈન સમાજના ઉત્કર્ષ માટે કઈ કઈ રીતે વિચાર કરતા હતા. તેમના કથનનો મુખ્ય સૂર એ હતો કે અત્યારે પહેલાં કરતાં જૈનો પાસે અપેક્ષાકૃત સંપત્તિ વધી છે અને પહેલાં કરતાં સાધુ-સાધ્વીઓની સંખ્યા પણ વધી છે. શ્રાવકો મોટે ભાગે સાધુસમાજના ઉપદેશને જ અનુસરે છે. તેથી જૈનધર્મને આંગે ઊભા થતા કોયડાઓનો ઉકેલ કરવાનું કામ મુખ્યપણે સાધુસમાજનું છે. તેણે જ વર્તમાન યુગને પૂરેપૂરો સમજી લેવો ઘટે.

'જૈન અને બૌદ્ધધર્મ' એ વિષય પસંદ કેમ કર્યો એનો ખુલાસો કરતાં પં. શ્રી. દલસુખ માલવણિયાએ જણાવ્યું કે ગયે વર્ષે સાર્વત્રિક બૌદ્ધજયંતી ઊજવાઈ ત્યારે દરેક જૈનને એ પ્રશ્ન થતો હતો કે બુદ્ધ અને મહાવીર બંને સમકાલીન છે, બંને શ્રમણમાર્ગી છે અને બંનેએ અહિંસા આદિ તત્ત્વો ઉપર ભાર આપ્યો છે. તો ભગવાન મહાવીરની એવી જયંતી કેમ નથી ઊજવાતી? આવા પ્રશ્નનો કાંઇક ઉત્તર આપવાની દૃષ્ટિએ જ મેં એ વિષય પસંદ કર્યો છે. આમ કહી તેમણે ભગવાન મહાવીર અને તથાગત બુદ્ધનાં દૃષ્ટિબિંદુઓની વિસ્તૃત તુલના કરતાં છેવટે સાર એ તારવ્યો હતો કે ભગવાન મહાવીરનું વલણ મુખ્યપણે સ્વલક્ષી હોઈ કડક નિયંત્રણવાળું હતું, જ્યારે તથાગત બુદ્ધનું વલણ એવું કડક ન હોવાથી બૌદ્ધ સંઘને કરુણાપ્રધાન સામાજિક પ્રવૃત્તિઓ કરવાનો અને દેશ-પરદેશમાં વિસ્તરવાનો બહુ અવકાશ મળ્યો. તે લોકોનું ધ્યાન વિશેષે આકર્ષી શકયો અને હજી પણ આકર્ષે છે.

તા. ૨૫ મીએ હું ઉપસ્થિત ન હતો, પણ મેં વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત એવા મળ્યા તે બધા જ શ્રોતાઓ પાસેથી એક સૂરે સાંભળ્યું કે શ્રી. ભંવરમલજી સિંધી એમ. એ એ 'સમાજસુધારની ઉત્ક્રાંતિ' એ વિષય ઉપર હિંદીમાં જે અસ્ખલિત, મુદ્દાસર અને દાખલાદલીલ સાથે વાક્‌પ્રવાહ વહેવડાવ્યો તે એટલો બધો પ્રેરક હતો કે શ્રોતાઓ જાણે સ્વભાન ભૂલી સાંભળવામાં અને સમજવામાં જ લીન થઈ ગયેલા, અને દરેકની આકાંક્ષા એવી તો ઉત્તેજાઈ હતી કે વ્યાખ્યાનો તો આવાં જ થવાં જોઇએ. મને એકાધિક નિષ્ણાત મિત્રોએ તો એ પણ કહ્યું કે સિંધીજીના વ્યાખ્યાન પછી બીજું વ્યાખ્યાન હતું તો સરસ, છતાં એ સરખામણીમાં ફીકું લાગતું. જે કે મને શ્રી. સિંધીજીનાં વક્તૃત્વ, જુસ્સા અને કાર્યશક્તિનો અંગત

(અનુસંધાન પાનું ૯૫ ઉપર)

અભિનવ સંન્યાસી

(યુગપુરુષ પૂ. વિનોબાજીની ૬૨ મી જન્મજયંતિના પ્રસંગે–તા. ૧૧ મી સપ્ટેમ્બરે–લેખકની વિનોબાજીના આદર–અંજલિ)

"ઘરમાં રહેનારો માણસ જેમ ઘરથી જૂદો છે, તેમ આપણે સૌ આપણા શરીરથી જૂદા છીએ. શું આપણે કદી આપણા મકાનની જયંતિ ઉજવીએ છીએ? આપણે તો એનો ઉપયોગ માત્ર કરીએ છીએ અને વધુમાં તેને સાફ–સુથરું રાખવાનો પ્રયત્ન...!"

આમ કહેનાર અને 'વ્યક્તિ નહીં પણ વિચાર અને ચરિત્ર'–ને મહત્વ આપનાર વિનોબાના જન્મનો આજનો દિવસ એટલા માટે જ ઓળખાવાયો છે–'ભૂ-જયંતી' તરીકે!

૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫...! આજ ૬૨ વર્ષ પૂરાં થયાં એ દિવસને, જ્યારે આ યુગની આકાંક્ષાએ, કરુણારૂપી વિચાર–ચેતનાએ બાળ વિનાયકના શરીર દ્વારા આ જગત પર પ્રવેશ કર્યો. મહારાષ્ટ્રી બ્રાહ્મણ કુટુંબ અને કુદરત તથા પહાડોના ધામ સમું સાતારાના વાઇ તાલુકાનું ગાગોદા ગામ-આ હતું એનું પ્રાથમિક વાતાવરણ.

જ્યાંથી વળાંક સાંપડ્યો

મહારાષ્ટ્રનાં બ્રાહ્મણો પુરાતન વિચારોવાળા ખરા, પણ અહીં તો વિરલ કુટુંબીઓ વિનાયકને મળ્યા હતા: એ જમાનામાં ય અસ્પૃશ્યોને જમાડી તથા મંદિરમાં ભક્તિગાન માટે મુસ્લિમ ગવૈયાને બોલાવી સમાજનો બોજ વહોરી લેતા દાદા શંભુનાથ અને પાશ્ચાત્ય વિજ્ઞાન, ઉદ્યોગ તથા શિક્ષણના પૂજારી સમા ઉદાર-મતવાદી પિતા નરહરિ ભાવે –આ બન્નેની વારસાગત અસરો વિનાયકમાં આવી. સરળ, પરિશ્રમી શિસ્તપ્રેમી અને શોધકવૃત્તિના આ પિતા રંગકામના નિષ્ણાત (Textile Expert) હતાં. વિનાયક, બાલકૃષ્ણ, શિવાજી અને એક પુત્રી: આ તેમની સંતતિ. પુત્રોને તેઓ અભ્યાસાર્થે ઈંગ્લાંડ મોકલવા ઇચ્છતા હતા પણ એ એક સ્વપ્ન જ રહ્યું.

અને જીવનમાં સૌથી વધુ ઘડતર કરી જનારી વિનાયકની મા! એ તો જાણે શાંતિ, પ્રેમ, કરુણા અને ભક્તિની સાક્ષાત્ દેવી હતી. ૧૯૧૮ ના ફ્લુ ના ઉપદ્રવમાં એનું અવસાન થયું, પણ 'વિનાયક' જ નહીં, આજના 'વિનોબા' પણ એને કદી ભૂલ્યા નથી. "મા તો મને એવી મળી હતી કે જેની મને વારંવાર યાદ આવે છે" આમ કહેતાંક ને તેમની આંખોમાંથી આંસુ સરી પડે છે. *૧

પાડોશીઓની રસોઈ કરી આપી, માંદાઓની ચાકરી કરી, બાંચકા અને બાળકોને જમાડી, દેવની પૂજા કરી, પછી આ પરોપકારી નારી ભોજન કરતી. બગીચામાં થતા ફળુસ સૌને વહેંચાવી દેતી, વિનાયક પણ જેને 'તગડો દંભી' કહે એવા ભિખારીને સાક્ષાત્ ઇશ્વર ગણતી અને એક નિરાધાર અંધ સંબંધીને સાચવતી (કે જે મર્યા ત્યારે જ વિનાયકને ખબર પડી કે એ આપણા 'સગા કાકા' ન હતા.) અને વહેલી પરોઢથી માંડી દિવસભર ભજનો રટયા કરતી. આ કોમળ હૈયાવાળી તથા શ્રદ્ધાપરાયણ મા જ્યારે, બાર વર્ષની ઉમ્મરે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી ચૂકેલા અને આહાર–વિહારમાં કઠોર નિગ્રહ કરી રહેલા વિનાયકને પ્રોત્સાહન આપતી કહે છે કે, 'વિન્યા! ઉત્તમ ગૃહસ્થાશ્રમ નિભાવવાથી તો એક પેઢીનું–માતાપિતાનું–કલ્યાણ થાય છે, પણ જો તું ઉત્તમ બ્રહ્મચર્ય પાળીશ તો સાત પેઢીઓ તરી જશે...જોજે! પાછો હઠતો ના...! લાચાર છું કે હું એક સ્ત્રી છું, નહીં તો તારા કરતાં ય કઠોર સંયમ પાલન કરી બતાવત...!" ત્યારે તો આ માતું વજ્ર સમું પુરુષાર્થી સ્વરૂપ પણ જાણે મૂર્તિમંત થઈ રહે છે. આવી દિવ્ય મૈયાની ભક્તિ અને પિતાની શોધક બુદ્ધિનું પ્રતિરૂપ આજના વિનોબામાં ભર્યું છે.

નાનપણથી જ વિનાયકમાં બે શોખ હતા–એક કુદરત–ભ્રમણનો અને બીજો અધ્યયનનો. રામદાસ, તુકારામ, જ્ઞાનેશ્વર, નામદેવ વગેરે મરાઠી સંતોનાં ચરિત્રો અને જૂદાજૂદા ધર્મગ્રંથો હોંશીલી માને પણ રોજ એ વાંચી સંભળાવે. સંસ્કૃતમાં તકલીફ અનુભવતી મા માટે ગીતાનો મરાઠી અનુવાદ પણ તેમણે કરી આપ્યો. શાળાના અભ્યાસમાં ગણિત એમનો સિધ્ધ વિષય હતો. પણ ૧૬ વર્ષની ઉમ્મર પછી વિદ્યાલયોના અભ્યાસમાંથી એમનું મન ઉઠી ગયું. આ દરમ્યાન પિતાની નોકરીના કારણે તેમનું કુટુંબ વડોદરા આવ્યું અને વડોદરાના સાર્વજનિક પુસ્તકાલયના અર્ધા ગ્રંથો જેટલું રાષ્ટ્રીય અને આધ્યાત્મિક સાહિત્ય તેમણે વાંચી નાખ્યું. કોલેજના મિત્રોને પણ તેમણે નિસર્ગ–ભ્રમણ, અધ્યયન અને રાષ્ટ્રીય ચળવળોના રંગમાં રંગ્યા.

ત્રણ સંકલ્પો

એમના હૈયામાં આગ ભભૂકી રહી હતી–અધ્યાત્મ સાધના અને દેશસેવાની. આજીવન બ્રહ્મચર્યનો એક સંકલ્પ કરીને એમણે ભોગ-માર્ગ બંધ કરી દીધો હતો. હવે નોકરી–ધંધો ન કરવાનો બીજો સંકલ્પ કરીને શાળા-કોલેજનાં બધાં પ્રમાણપત્રો માની સામે જ ચૂલામાં સળગાવી દીધાં. અને અંતે, વડોદરાથી મુંબઈ ઇન્ટરની પરીક્ષા આપવા જવાને બદલે કાશી ભણી પ્રયાણ કરી ત્રીજો સંકલ્પ પણ પાર પાડ્યો–મહાભિનિષ્ક્રમણનો!

મહાભિનિષ્ક્રમણ–વિદ્યાભ્યાસ, આત્મસાધના અને માનવજાતની સેવા માટેનું!

કાશીમાં સંસ્કૃતનો અને રાષ્ટ્રીય ચળવળનો અભ્યાસ ચાલ્યો. ગંગાતટે ભમતાં, ચિંતન અને કાવ્યલેખન પણ ચાલ્યાં (પરંતુ લગભગ બધાં જ કાવ્યો લખ્યા બાદ ગંગામાં જ વહાવતા ગયા). એક તરફથી એમને હિમાલય પોતાનાં ઊંડાણો જોવા બોલાવી રહ્યો હતો, તો બીજી તરફથી દેશ જાણે પોકારી રહ્યો હતો. પણ એ વખતની ચળવળની હિંસક પ્રવૃત્તિ એમને ડંખી રહી હતી. એવામાં બનારસ હિંદુ યુનિવર્સિટીના એક સમારંભમાં એક માનવીને એમણે સાંભળ્યો અને એનામાં એમનું મન ઠરી ગયું.

બાપૂને ચરણે

૭ જૂન ૧૯૧૬: ચિઠ્ઠી, મુલાકાત અને સાબરમતીમાં આગમન: બસ થોડા જ સમયમાં વિનાયક, બાપૂના ચરણોમાં ગોઠવાઈ ગયા. ત્યાં સાધના અને સેવાનો સુમેળ સધાઇ રહ્યો. બાપૂ પણ એમની અભ્યાસ-વૈરાગ્યની નિષ્ઠા જોઇને દંગ થતા ચાલ્યા. વચ્ચે વળી એમણે આશ્રમમાંથી બરાબર એક વર્ષની રજા પણ લીધી-શરીર સુધાર, સંસ્કૃત અભ્યાસ અને ગરીબોના જીવનના પ્રત્યક્ષ અનુભવ માટે! આ બધો સમય એમણે પગે ચાલતાં અને સાથે પૈસો રાખ્યા વગર વીતાવ્યો. એમની સત્ય-નિષ્ઠા અને ચારિત્ર્યસાધના પર ખુશ થઇ રહેલા બાપૂ એમને પોતાના 'પુત્ર', સાધના ક્ષેત્રના 'ભીમ' અને 'આચાર્ય' તરીકે અપનાવતા ચાલ્યા. 'વિનાયક' માંથી 'વિનોબા' નામ પણ બાપૂએ જ આપ્યું. વિનોબામાં પણ બાપૂ પ્રત્યે જે અસીમ શ્રદ્ધા-ભક્તિ હતાં, તે બાપૂના એક પુસ્તકનો મરાઠીમાં અનુવાદ કરતાં લખેલી પ્રસ્તાવનામાં જોવા મળે છે: "હું તો માત્ર સંદેશવાહક છું. સંતોની વાણીને ફરી ઉચ્ચારું છું. વિનોબાનું કહી શકાય એવું આમાં શું છે? વિનોબા તો ગણીતના મીંડા જેવો છે. પણ તેના ગુરુનું માન આવા મીંડાઓના ઉમેરાથી વધી રહે છે" આજે પણ આવી ને આવી જોવા મળે છે બાપૂ પ્રત્યેની તેમની ભક્તિ.

મોટાભાઈના પગલે બાળકોબા અને શિવાજી

મૂળથી જ મરત ને વૈરાગ્યશીલ વિનોબાના વૈરાગ્યને મા અને દાદાનો વારસો તો અલબત્ત મળ્યો જ છે, પરંતુ એનાં મૂળ વધુ ઊંડાં છે, જે પૂર્વજન્મોની અવિરત વૈરાગ્ય–સાધના સુધી જાય છે. પોતાને પાંચ વર્ષની ઉમ્મરે થયેલ પૂર્વજન્મની સ્મૃતિના એક અનુભવ સાથે એ જોડાયેલાં છે. બાળપણના આ સ્મૃતિ–પ્રસંગનો વિનોબા માત્ર નિર્દેશ જ કહે છે.*૨ ચમત્કારો પાછળ ગાંડી બનતી આપણી કુતુહલવૃત્તિને બહેકવા ન દેવા માટે અને પોતાના વિષે કશું બિનજરૂરી ન કહેવાના સ્વભાવના કારણે, આ રહસ્યને તેઓ રહસ્યમય જ રહેવા દે છે. પરંતુ આપણું ભારતીય–માનસ તેમની ઉચ્ચ વૈરાગ્યમય અવસ્થામાં પાછલા જન્મોનો પુરુષાર્થ તો અવશ્ય જોઈ શકે છે. અલબત્ત, વિનોબા તો વર્તમાનના પુરુષાર્થને ભારે મહત્ત્વનો ગણે છે.

ભૂતકાળનું થવાનું થઈ ગયા પછી એમાં ડોકિયું કરવું એમને પસંદ નથી, એ તો આગળ ને આગળ જવા માગે છે, પાછળ નહીં.

આજની નિરંતર ગતિમાન અવસ્થાએ પહોંચેલા તેઓ અને તેમના બે નાના ભાઇઓ એ વર્તમાનના પુરુષાર્થની શક્તિનો પુરાવો છે. કુદરતે ય શું અજબ રચના કરી કે આ બન્ને અનુજોને પણ તેમના જ માર્ગે વાળ્યા! એનો પણ મીઠો ઇતિહાસ છે. બાલકૃષ્ણ અને શિવાજી બન્ને વિનોબાની પાછળ પાછળ વડોદરાથી સાબરમતી આશ્રમમાં આવ્યા. પોતાના ભાઇઓ પણ પોતાનું અનુકરણ કરે એ વિનોબા ન ઇચ્છતા. એટલે એમણે બે વખત તો બન્નેને ધમકાવીને ઘેર પરત મોકલ્યા. ત્રીજી વાર બાલકૃષ્ણે યુક્તિ કરી. તેમને ન મળતાં તેઓ 'બાપૂ! વિનોબા અમને કાઢી મૂકે છે' એવી ફરિયાદ કરતા સીધા બાપૂને મળ્યા અને બાપૂએ આ કુમારોને વ્હાલથી સ્વીકારી લીધા. જનરેનો મળ ઉપાડતા થકેલા ભંગી કિશોરને જોઇ દ્રવી પડનારા અને મળસફાઇનો સૌ પ્રથમ આરંભ કરનારા તે આ બાળકૃષ્ણ જ. બાપૂએ તેમને 'બાળકોબા' કહ્યા.*૩ તંબૂર પર 'તુમિ બંધુ તુમિ નાથ' ગાતા હોય ત્યારે સાક્ષાત્ રામકૃષ્ણ પરમહંસનું સ્મરણ કરાવતા, ભાવુક, સેવાપરાયણ અને નિષ્ઠાવાન એવા બાળકોબા પણ આજીવન બ્રહ્મચર્ય પાલન સાથે બાપૂનું એક સ્વપ્ન પૂરું પાડવા મથી રહ્યા છે-નિસર્ગોપચારના પ્રચારનું...ઉરુલી કાંચનમાં બેઠા બેઠા...!

ત્રીજા શિવાજી ભાવે પણ એ જ માર્ગના પથિક છે, આજીવન બ્રહ્મચારી અને શરીર-પરિશ્રમના પૂજારી છે, ચિંતક અને ચિત્રકાર છે અને વધુમાં ધુળિયાના 'ગાંધી તત્ત્વજ્ઞાન મંદિર' ના સંચાલક છે.

બાળકોબા એમનો છેલ્લી વખતનો ઘર છોડવાનો પ્રસંગ કહે છે ત્યારે એ દૃશ્ય જાણે પ્રેરણાત્મક બની જાય છે: મા ત્યારે આ લોકમાં ન હતી. પિતાની પાસે જવાની રજા માગી અને છેલ્લી વખત માટે ગાડીભાડાના 'આઠ આના! આ વખતે તેઓ કશું ન બોલ્યા, ભીંતે ટીંગાતા પહેરણ ભણી આંગળી ચીંધી અને પોતાના સ્વપ્નોને સંકેલતા, મૌન સંમતિ આપતા અંતરમાં ઉતરી ગયા...અને...પિતાની ઉદારતામાં શું શું જોતા આ પુત્રો ચાલી નીકળ્યા ...! એક, બે, ને ત્રણેય ગયા...! કોણ જાણે શું ધાર્યું હતું આભમાં બેઠેલાએ?

ભલે સંસ્કારોના વલણ અને શક્તિમાં જૂદા જૂદા રહ્યા, પણ એક જ ધ્યેય ભણી જઇ રહેલા, એક જ ગુરુના શિષ્યો એવા, આ ત્રણ ભાઇઓ ત્રિમૂર્તિ દત્તાત્રેયના કે જ્ઞાનેશ્વર બંધુઓના જાણે નવ રૂપ જોવા નથી?

કરુણાના રાજ્યની રચના

"આપણું લક્ષ્ય છે—કરુણાનું રાજ્ય રચવાનું, કરુણાના માત્ર કાર્યો કરવાનું નહીં." —વિનોબા.

બાપૂની છત્રછાયામાં અને મૂંગી સેવા-સાધનામાં વિનોબાનાં ત્રીસ વર્ષ વીત્યા. બહાર પણ પોતાની અનિચ્છા છતાં, બાપૂ જતાં, આવવું પડયું. ભૂદાન આંદોલને હૃદય પરિવર્તનના સાધનનો સફળ પ્રયોગ આપ્યો. બાપૂના હાથે જે થવું બાકી રહ્યું હતું તે-સર્વોદયનું, કરુણા-રાજ્યની રચનાનું, વિશ્વશાંતિની સ્થાપનાનું-કામ જાણે જમાનો વિનોબાના હાથે શરૂ કરાવી રહ્યો! ઇંગ્લાંડમાં ભૂદાનનું કામ કરી રહેલા, અંગ્રેજ કવિ ટેનીસનના પૌત્ર હૅલમ ટેનીસન વિચારવા જેવું લખે છે કે, "Gandhi the politician succeeded, but Gandhi the saint failed. India was freed but not converted. That is why Vinoba still sticks to the changing of hearts"*૪

("રાજકારણી ગાંધી સફળ થયા, પણ સન્ત ગાંધી નિષ્ફળતાને પામ્યા. હિંદ આઝાદ તો થયું, પણ હિંદનું રૂપાન્તર ન થયું. વિનોબા હજુ પણ હૃદયપરિવર્તનનો ભેખ ધારીને બેઠા છે તેનું આ જ કારણ છે.")

માત્ર શુષ્ક બુદ્ધિને જ સર્વસ્વ માની બેઠેલા, 'જે છે તે બધું સારું છે' એમ માનનારા અને જેમને સ્વાર્થ સાધવા અને દંભ આચરવા સિવાય ઉપયોગનું કશું કામ કરવું નથી એવા લોકોને હજુ પણ આ હૃદય પરિવર્તનની વાત ગળે ન ઉતરે તેમાં નવાઈ નથી. રહસ્યભરી આ દુનિયામાં 'આવી બુદ્ધિ'નું સ્થાન પણ કેટલું? બુદ્ધિ જ્યાં પહોંચી પણ ન શકે એવી અનેક શક્તિઓ જગતમાં કામ કરી રહી છે. હા, એ પ્રત્યક્ષ થાય ત્યારે જ બુદ્ધિવાદીઓ એ સ્વીકારવા તૈયાર થાય છે. ચમત્કાર વગર નમસ્કાર તો કોઈ કેમ કરે?

પહેલી અને સાદી વાત છે પોતાની જાતથી શરૂ કરવાની. એ કરી રહેલા અને સૂચવી રહેલા વિનોબાને નિરાશા નથી, ભરપૂર આશા છે-કરુણા રાજ્યના, સતયુગના, આગમનની. પણ હા, એમને વર્તમાન સ્થિતિમાં, કાર્યોની ગતિમાં સમાધાન નથી, નિરાંત નથી, જંપ નથી. 'पैदल घूम कड़ा तप करता' તેઓ દિને દિને વધુ ને વધુ તીવ્ર બનતા જાય છે. પૃથ્વી પર કરુણાનું અવતરણ થાય એમાં આપણને અશ્રદ્ધા, શંકા કે નિરાશા લાગતાં હોય તો તેનું કારણ આપણી બુઠ્ઠી થઈ ચૂકેલી ચેતના છે. આપણને એ ખપતું જ ન હોય, એ કેવાડ જ મીઠો લાગતો હોય, તો વિનોબાની વાતો આપણને 'ઉલટી ખોપરીની' (Utopia) શા માટે ન લાગે? પણ આવું ગમે તેટલા લોકોને લાગતું હોય તેથી યુગની આકાંક્ષા, દુઃખી જગની અપેક્ષા, મટી જતી નથી. એટલે તો હૅલમ ટેનીસન આગળ લખે છે:—

"Vinoba's Kingdom is no Utopian vision, it is very much of this world. How else should this world have stopped to listen to him above the din of a thousand propaganda-machines and the distant rumble of explosions? Once again we are learning that the truth has undreamt-of carrying power: that the example of a great and pure character is worth a thousand speeches.

Christ died that the individual might learn the law of suffering love; Gandhi that we might see its relevance to Society. Vinoba, with his two skinny legs and a voice that scarcely rises above a whisper, returns to besiege the obstinate heart of Man. Meanwhile, time grows shorter and every moment of delay brings us nearer ruin..."*૫

("વિનોબા જે રાજ્યનું નિર્માણ કરવા માંગે છે તે કોઇ કાલ્પનિક સ્વર્ગ નથી. તે રાજ્ય દુન્યવી રાજ્ય જ હશે. એમ ન હોય તો હજારો પ્રચારક યંત્રોના ધીંધાટ અને બોંબધડાકાના દૂર દૂરથી આવતા ગડગડાટ વચ્ચે દુનિયા તેને સાંભળવા થંભી રહી છે એમ કેમ બને? ફરીથી એક વખત આપણને જાણવા મળે છે કે સત્યમાં આપણે સ્વપ્નમાં પણ નહીં ચિન્તવીએ એવી અદ્‌ભુત પ્રચારશક્તિ છે, અને પવિત્ર અને મહાન ચારિત્ર્યના દૃષ્ટાન્તની કીંમત હજાર ભાષણોથી પણ વધારે છે.

"ઇશુ ખ્રીસ્તનો દૃષ્ટાન્ત થયો, એટલા માટે કે દરેક વ્યક્તિ દુઃખને આવકારતા પ્રેમનો કાનુન અન્તરમાં ઉતારે. ગાંધીજીનો દૃષ્ટાન્ત થયો, એટલા માટે કે તે જ પ્રેમતત્વનું આપણે સમાજના અનુસંધાનમાં પ્રસ્તુતત્વ સમજી શકીએ. વિનોબા પોતાના બે સુકલકડી પગ અને મંદ વાર્તાલાપના ગણગણાટથી જરા પણ વધારે ઊંચો નહિ એવા -નાના સરખા-અવાજ સાથે માનવીના કદાગ્રહી હૃદયને ઘેરો ઘાલીને તેનું સદાગ્રહમાં રૂપાન્તર કરવા માટે આપણી સામે ઉપસ્થિત થયા છે. આ દરમિયાન કાળ શીઘ્રપણે વહી રહ્યો છે અને વિલંબની પ્રત્યેક ક્ષણ સર્વતોમુખી વિનાશની વધારેને વધારે સમીપ લઈ જઈ રહેલ છે.")

સરી જતી આ પ્રત્યેક પળ!

વિનોબાને સમજવામાં આવી જેટલી પળો વહાવીને જગત મોડું કરી રહ્યું છે તેટલી તેના માટે નુકસાની નિઃશંક છે. અરે, જગત તો શું, ભારતના લોકો ય એને સમજે તો! માન્યતાના રૂઢિ-અંધથી મુકત થઇને, પૂર્વગ્રહોની પકડથી અળગા બનીને, બંધ કરેલાં બુદ્ધિ-બારણાં ખુલ્લાં કરીને, ઘડીભર વિચારે તો! યુગ જાણે કહી જ રહ્યો છે: 'હિંદવાસીઓ! ગાંધીને તો ખોયો, એના તેજને તમે ન જીરવી શકયા. હવે રખે આ માનવીને ખોતા...!'

—અને તો કરુણાનું રાજ્ય પણ દૂર જ હશે!

'વિશ્વાત્મા હું માનવી !'

"चरैवेति...चरैवेति"

આ એક જ મંત્ર સાંભળ્યો છે આ માણસે. 'बैठने हुए भी न बैठें और घूमते हुए भी न घूमें' નું રહસ્ય–વાક્ય ઉચ્ચારતો એ ચાલ્યો જ જાય છે. આખા દેશની કાયાપલટ થાય નહીં, સર્વોદયનું શમણું મૂર્તિમંત થાય નહીં, હરિનું કાજ સધાય નહીં, ત્યાંસુધી એને ચેન નથી.

ધોમ ધખે છે, વર્ષા વરસે છે, ઠંડી થથરાવે છે: એ થોભતો નથી.

આંધી આવે છે, કષ્ટો ઘેરે છે, માંદગી પીડે છે: એ અટકતો નથી.

લોકો ક્યાંક આવકારે છે, ક્યાંક ઉપેક્ષા કરે છે, ક્યાંક અપમાને છે: એ પરવા કરતો નથી.

બસ ચાલતા જ રહેવું, ચાલતા જ રહેવું, આગળ ને આગળ, દૂર ને દૂર... ! કરુણાપથનો આ પરિવ્રાજક સદાય ચાલતો જ રહ્યો– જન્મ્યો ત્યારથી, પગથી અને વિચારથી ! કયાંય એ અટક્યો નહીં, કયાંય લોભાયો નહીં, કયાંય બંધાયો નહીં !

'ના બંદી હું, ના અભિમાની, જાતિ–દેશના કાજે,
ના બંધાયો ધર્મમતોમાં, વિશ્વકુટુંબી આજે.'

ધર્મમતોમાં ય એણે સમન્વય શોધ્યો અને સાર કાઢ્યો—

'वेद वेदांत गीतानां विनुना सार उद्धृतः । ।
ब्रह्म सत्यं जगत् स्फूर्ति, जीवनम् सत्यशोधनम् ॥*૬

જીવનનું એણે કોઈ એકાંગી દર્શન સ્વીકાર્યું નહીં. માત્ર જ્ઞાન, માત્ર કર્મ કે માત્ર ભક્તિ નહીં; પહેલાં જ્ઞાન, પછી કર્મ, પછી ભક્તિ કે એથી ઉલ્ટું કશું ય નહીં; થોડું જ્ઞાન, થોડું કર્મ, થોડી ભક્તિ એમ પણ નહીં...એણે તો જ્ઞાન–કર્મ–ભક્તિના અખંડિત સ્વરૂપને સ્પષ્ટ કર્યું, આત્મસાત્ કર્યું, પ્રસરાવ્યું. જ્ઞાનપૂર્વકનું, ભક્તિભાવ સાથેનું, જીવંત કર્મ...અકર્મણ્યતા વગરની, જ્ઞાનમયી, ભક્તિ...અને શુષ્કતાવિહોણું, કર્મ–ભક્તિથી સભર એવું જ્ઞાનઃ કેવું સુંદર આ દર્શન અને નિરુપણ !*૭

બુદ્ધની કરુણા અને શંકરનું અદ્વૈત, કબીરની મસ્તી અને તુલસીની ભક્તિ, રામકૃષ્ણની સાધના અને અરવિંદનો યોગ, રમણનું અકર્મ અને ગાંધીની અહિંસાઃ આ બધી વિશેષતાઓ જાણે આ વિશ્વાત્માના વ્યક્તિત્વમાં આવી મળી છે.

બાવીસ ભાષાઓ જાણવા છતાં, દુનિયાભરનાં ધર્મશાસ્ત્રોને દર્શનોનો તાગ મેળવ્યાં છતાં, સાહિત્ય, સમાજશાસ્ત્ર ને રાજકારણને પચાવી જવા છતાં, આત્માની જાણને સતત જાગૃત રાખી પંડિતાઈનું કોઈ અભિમાન એણે આવવા દીધું નથી. જગતભરમાં નવો ઇતિહાસ રચનારું એનું સેવાકાર્ય હોવા છતાં એનો એને લેપ નથી. 'સેવા' કરવાની ય વાંસનાં પ્રભુને સોંપતા નામશેષ બનીને એની ભક્તિ આંસુ સારી રહે છે કે—

'स्थान दियो हे आमाय तुमि शश्वार नीचे !
आशन तलेर, माटीर परे, लुटिये रयो...' *૮

શૂન્ય બનીને વ્યાપક બનેલા આવા વિશ્વાત્માની અગાધતા આવી નાનકડી માપ–પટ્ટી કેમ માપી શકે ? એને મુક્ત મને સમજવામાં જ એની જયંતીને આર્થસારક ગણતું ને એનું ચિરાયુ વાંછતું અંતર આટલું ગાઈ રહે છે:

'સંત પરમ હિતકારી, જગતમાંહિ સંત પરમ હિતકારી...'

પ્રતાપરાય ટોળિયા

---

*૧ 'મા, ગાંધીજી અને ઈશ્વર–આ ત્રણનું સ્મરણ થાય છે ત્યારે વિનોબા રડી પડે છે...'—શ્રીકૃષ્ણદત્ત ભટ્ટ ('नक्षत्रों की छाया में')

*૨ કુ. નિર્મલા દેશપાંડે લિખિત 'विनोबा के साथ' માં પુનર્જન્મ અંગેની ચર્ચા.

*૩ શ્રી. બાબુરાવ જોશી ('तपोधन विनोबा')

*૪ પ શ્રી. હૅલમ ટેનીસન ('Saint on the March')

*૬ આચાર્ય વિનોબા: 'ગુરુબોધ' ની પ્રસ્તાવના.

*૭ આચાર્ય વિનોબા: 'ગીતા પ્રવચન'.

*૮ રવીન્દ્રનાથ: 'સ્વરબિતાન'.

ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર

એક મહત્ત્વની પૂરવણી

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર' એ મથાળા નીચે ચાર પત્રો પ્રગટ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તા. ૬–૯–૫૭ ના 'જનસત્તા' નામના અમદાવાદ ખાતે પ્રગટ થતા દૈનિક પત્રમાં મોસ્કોના લીઓ ટોલ્સ્ટોય સંગ્રહસ્થાનના ક્યુરેટર (સંશોધક) શ્રી એલેક્ઝાંડર સીક્મેનના 'ગાંધીજીનો અજ્ઞાત પત્ર' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખનો અનુવાદ મારા વાચવામાં આવ્યો. એ લેખ વાંચતાં ટોલ્સ્ટોય અને ગાંધીજી વચ્ચેના પત્રવ્યવહારની ખૂટતી કડીઓનો મેળ મળ્યો અને ગાંધીજીના હજુ સુધી અજ્ઞાત રહેલ તા. ૧૦–૧૧–૧૯૦૯ ના એક પત્રની વિગતો જાણવા મળી. આ પત્ર કઈ રીતે મળી આવ્યો તે સંબંધે શ્રી. એલેક્ઝાંડર સીક્મેન જણાવે છે કે "...અને હમણાં જ ગાંધીજીનો એક મૂળ પત્ર મળી આવ્યો છે. યાસ્યાના પોતાના જાગીરના સંગ્રહસ્થાનમાં કામ કરતા નીકોલાઇ પુઝીન અને યેસેનો નાઝલેન્કો દુનિયાના બધા જ ભાગોમાંથી ટોલ્સ્ટોય ઉપર આવેલાં ચોપાનિયાં ઉથલાવતા હતા. એવામાં અચાનક એમને આ પત્ર મળી આવ્યો. એક જૂના અંગ્રેજી માસિકમાં આ પત્ર પડ્યો હતો. આ પત્ર સાથે આ માસિકમાં આવેલા એક લેખનું, ટોલ્સ્ટોય માટે, એમનાં પુત્રવધૂ શ્રીમતી એ. કે. ટોલ્સ્ટોયાએ કરેલું રશીયન ભાષાન્તર પણ પડ્યું હતું. ટોલ્સ્ટોયે દેખીતી રીતે જ, ઉત્તર આપવાની ઇચ્છાથી ગાંધીજીનો પત્ર ત્યાં મુકી રાખ્યો હશે. પણ તેઓ માંદા પડ્યા અને તેથી એ જ દિવસો દરમિયાન સંભવ છે કે એમના અભ્યાસ ખંડમાંથી આ માસિક કયાંક બીજે મૂકી દેવામાં આવ્યું હોવું જોઇએ. એ કારણે આ પત્ર લગભગ પચાસ વર્ષ સુધી અજ્ઞાત રહેવા પામ્યો છે.

ગાંધીજીનો એ અજ્ઞાત પત્ર અહિં રજુ કરવામાં આવે તે પહેલાં ગાંધીજી અને ટોલ્સ્ટોયના પત્રોને સાંધતી કડીઓની ક્રમસર રજુઆત જરૂરી છે. ૧૯૦૮ ની સાલમાં ટોલ્સ્ટોયે 'એક હિંદુને પત્ર' એ મથાળા નીચે અંગ્રેજી હકુમત નીચેના એ વખતના હિંદની પરિસ્થિતિની આલોચના કરતો એક મોટો લેખ લખેલો અને તેનો અનુવાદ ઈંગ્લાંડના અંગ્રેજી અખબારોમાં પ્રગટ થયેલો. આ પત્ર અથવા તો લેખ ગાંધીજીના વાંચવામાં આવ્યો, તેમને બહુ ગમ્યો અને ૧૯૦૯ ની સાલમાં ઓગસ્ટ–સપ્ટેંબર આસ-પાસ દક્ષિણ આફ્રીકામાં વસતા હિંદીઓના પ્રશ્નને અંગે લડત ચલાવવા માટે ગાંધીજી લંડન ગયેલા, તે દરમિયાન ૧૯૦૯ ના ઓકટોબર માસની પહેલી તારીખે પોતા હસ્તક ચાલતા 'ઇન્ડિયન ઓપીનિયન'માં તેમ જ હિંદની ભાષાઓમાં પ્રગટ કરવાની મંજુરી માગતો સૌથી પહેલો પત્ર ગાંધીજીએ ટોલ્સ્ટોય ઉપર લખ્યો અને તેમાં દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને ભોગવવી પડતી હાડમારીઓ વિષે અને ત્યાંની સરકારે હિંદીઓને લગભગ ગુલામીની દશામાં મૂકી દેતા 'કાળા કાયદા' ના નામે ઓળખાતા ધારા વિષે ટોલ્સ્ટોયને કેટલીક માહીતી આપી. તેનો જે જવાબ ટોલ્સ્ટોયે ગાંધીજી ઉપર લખ્યો તે તા. ૧–૯–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં ક્રમમાં સૌથી પહેલો પ્રગટ કરવામાં આવ્યો છે, પણ તે પત્રની તારીખ સંબંધે '૧૯૧૦ ના માર્ચમાં લખાયેલો' એમ જણા-વવામાં આવ્યું છે તેના બદલે તેની ખરી તારીખ ૧૯૦૯ ના ઓકટોબરની ૭ મી તારીખ હતી એમ એલેક્ઝાંડર સીક્મેનના લેખ ઉપરથી માલુમ પડે છે.

આ પછી લંડનમાં ગાંધીજીની બ્રીટીશ અધિકારીઓ સાથેની વાટાઘાટ ભાંગી પડી અને તેઓ દક્ષિણ આફ્રિકા પાછા જવા નીકળ્યા. તે પહેલાં ૧૯૦૯ ના ઓકટોબર માસની ૧૧ મી તારીખે લંડનથી ગાંધીજીએ ટોલ્સ્ટોય ઉપર એક પત્ર લખેલો અને તે સાથે દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડત પોતે કેવી રીતે ચલાવી રહેલ છે તેનો ટોલ્સ્ટો યને પુરો ખ્યાલ આવે તે હેતુથી ૧૯૦૯ માં લંડન ખાતે પ્રસિદ્ધ થયેલ જે. ડોકનું 'એમ. કે. ગાંધી, દક્ષિણ આફ્રિકાનો એક ભારતીય દેશભક્ત' એ

'વિશ્વાત્મા હું માનવી !'

"चरैवेति...चरैवेति"

આ એક જ મંત્ર સાંભળ્યો છે આ માણસે. 'बैठने हुए भी न बैठें और घूमते हुए भी न घूमें' નું રહસ્ય–વાક્ય ઉચ્ચારતો એ ચાલ્યો જ જાય છે. આખા દેશની કાયાપલટ થાય નહીં, સર્વોદયનું શમણું મૂર્તિમંત થાય નહીં, હરિનું કાજ સધાય નહીં, ત્યાંસુધી એને ચેન નથી.

ધોમ ધખે છે, વર્ષા વરસે છે, ઠંડી થથરાવે છે: એ થોભતો નથી.

આંધી આવે છે, કષ્ટો ઘેરે છે, માંદગી પીડે છે: એ અટકતો નથી.

લોકો કયાંક આવકારે છે, કયાંક ઉપેક્ષા કરે છે, કયાંક અપમાને છે: એ પરવા કરતો નથી.

બસ ચાલતા જ રહેવું, ચાલતા જ રહેવું, આગળ ને આગળ, દૂર ને દૂર...! કરુણાપથનો આ પરિવ્રાજક સદાય ચાલતો જ રહ્યો– જન્મ્યો ત્યારથી, પગથી અને વિચારથી! કયાંય એ અટકયો નહીં, કયાંય લોભાયો નહીં, કયાંય બંધાયો નહીં!

'ના બંદી હું, ના અભિમાની, જાતિ–દેશના કાજે,
ના બંધાયો ધર્મમતોમાં, વિશ્વકુટુંબી આજે.'

ધર્મમતોમાં ય એણે સમન્વય શોધ્યો અને સાર કાઢયો—

'वेद वेदांत गीतानां विनुना सार उद्धृतः।।
ब्रह्म सत्यं जगत् स्फूर्ति, जीवनम् सत्यशोधनम् ॥*૬

જીવનનું એણે કોઈ એકાંગી દર્શન સ્વીકાર્યું નહીં. માત્ર જ્ઞાન, માત્ર કર્મ કે માત્ર ભકિત નહીં; પહેલાં જ્ઞાન, પછી કર્મ, પછી ભકિત કે એથી ઉલ્ટું કર્યું ય નહીં; થોડું જ્ઞાન, થોડું કર્મ, થોડી ભકિત એમ પણ નહીં...એણે તો જ્ઞાન–કર્મ–ભકિતના અખંડિત સ્વરૂપને સ્પષ્ટ કર્યું, આત્મસાત્ કર્યું, પ્રસરાવ્યું. જ્ઞાનપૂર્વકનું, ભકિતભાવ સાથેનું, જીવંત કર્મ...અકર્મણ્યતા વગરની, જ્ઞાનમયી, ભકિત...અને શુષ્કતાવિહોણું, કર્મ–ભકિતથી સભર એવું જ્ઞાનઃ કેવું સુંદર આ દર્શન અને નિરૂપણ!*૭

બુદ્ધની કરુણા અને શંકરનું અદ્વૈત, કબીરની મસ્તી અને તુલસીની ભકિત, રામકૃષ્ણની સાધના અને અરવિંદનો યોગ, રમણનું અકર્મ અને ગાંધીના અહિંસાઃ આ બધી વિશેષતાઓ જાણે આ વિશ્વાત્માના વ્યકિતત્વમાં આવી મળી છે.

બાવીસ ભાષાઓ જાણવા છતાં, દુનિયાભરનાં ધર્મશાસ્ત્રોને દર્શનોનો તાગ મેળવ્યાં છતાં, સાહિત્ય, સમાજશાસ્ત્ર ને રાજકારણને પચાવી જવા છતાં, આત્માની જાણને સતત જાગૃત રાખી પંડિતાઇનું કોઈ અભિમાન એણે આવવા દીધું નથી. જગતભરમાં નવો ઇતિહાસ રચનારૂં એનું સેવાકાર્ય હોવા છતાં એનો એને લેપ નથી. 'સેવા' કરવાની ય વાસના પ્રભુને સોંપતા નામશેષ બનીને એની ભકિત આંસુ સારી રહે છે કે—

'स्थान दियो हे आमाय तुमि शयार नीचे!
आशन तलेर, माटीर परे, लुटिये रयो...' *૮

શૂન્ય બનીને વ્યાપક બનેલા આવા વિશ્વાત્માની અગાધતા આવી નાનકડી માપ–પટ્ટી કેમ માપી શકે? એને મુકત મને સમજવામાં જ એની જયંતીને આર્થસારક ગણવું ને એનું ચિરાયુ વાંછતું અંતર આટલું ગાઈ રહે છે:

'સંત પરમ હિતકારી, જગતમાંહિ સંત પરમ હિતકારી...'

પ્રતાપરાય ટોળિયા

---

*૧ 'મા, ગાંધીજી અને ઇશ્વર–આ ત્રણનું સ્મરણ થાય છે ત્યારે વિનોબા રડી પડે છે...'—શ્રીકૃષ્ણદત્ત ભટ્ટ ('नक्षत्रों की छाया में')

*૨ કુ. નિર્મલા દેશપાંડે લિખિત 'विनोबा के साथ' માં પુનર્જન્મ અંગેની ચર્ચા.

*૩ શ્રી. બાબુરાવ જોશી ('तपोधन विनोबा')

*૪ પ શ્રી. હૅલમ ટેનીસન ('Saint on the March')

*૫ આચાર્ય વિનોબાઃ 'गुरुबोध' ની પ્રસ્તાવના.

*૭ આચાર્ય વિનોબાઃ 'ગીતા પ્રવચન'.

*૮ રવીન્દ્રનાથ: 'સ્વરબિતાન'.

ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર

એક મહત્ત્વની પૂરવણી

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'ટોલ્સ્ટોયનો ગાંધીજી સાથેનો પત્ર-વ્યવહાર' એ મથાળા નીચે ચાર પત્રો પ્રગટ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તા. ૬–૯–૫૭ ના 'જનસત્તા' નામના અમદાવાદ ખાતે પ્રગટ થતા દૈનિક પત્રમાં મોસ્કોના લીએો ટોલ્સ્ટોય સંગ્રહસ્થાનના કયુરેટર (સંશોધક) શ્રી એલેકઝાંડર સીફ્મેનના 'ગાંધીજીનો અજ્ઞાત પત્ર' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખનો અનુવાદ મારા વાચવામાં આવ્યો. એ લેખ વાંચતાં ટોલ્સ્ટોય અને ગાંધીજી વચ્ચેના પત્રવ્યવહારની ખૂટતી કડીઓનો મેળ મળ્યો અને ગાંધીજીના હજુ સુધી અજ્ઞાત રહેલ તા. ૧૦–૧૧–૧૯૦૯ ના એક પત્રની વિગતો જાણવા મળી. આ પત્ર કઈ રીતે મળી આવ્યો તે સંબંધે શ્રી. એલેકઝાંડર સીફ્મેન જણાવે છે કે "...અને હમણાં જ ગાંધીજીનો એક મૂળ પત્ર મળી આવ્યો છે. યાસ્યાના પોલ્યાના જાગીરના સંગ્રહસ્થાનમાં કામ કરતા નીકોલાઇ પુઝીન અને યેસેના નાઝલેન્કો દુનિયાના બધા જ ભાગોમાંથી ટોલ્સ્ટોય ઉપર આવેલાં ચોપાનિયાં ઉથલાવતા હતા. એવામાં અચાનક એમને આ પત્ર મળી આવ્યો. એક જૂના અંગ્રેજી માસિકમાં આ પત્ર પડયો હતો. આ પત્ર સાથે આ માસિકમાં આવેલા એક લેખનું, ટોલ્સ્ટોય માટે, એમનાં પુત્રવધૂ શ્રીમતી એ. કે. ટોલ્સ્ટોયાએ કરેલું રશીયન ભાષાન્તર પણ પડયું હતું. ટોલ્સ્ટોયે દેખીતી રીતે જ, ઉત્તર આપવાની ઇચ્છાથી ગાંધીજીનો પત્ર ત્યાં મુકી રાખ્યો હશે. પણ તેઓ માંદા પડયા અને તેથી એ જ દિવસો દરમિયાન સંભવ છે કે એમના અભ્યાસ ખંડમાંથી આ માસિક કયાંક બીજે મૂકી દેવામાં આવ્યું હોવું જોઇએ. એ કારણે આ પત્ર લગભગ પચાસ વર્ષ સુધી અજ્ઞાત રહેવા પામ્યો છે.

ગાંધીજીનો એ અજ્ઞાત પત્ર અહિં રજુ કરવામાં આવે તે પહેલાં ગાંધીજી અને ટોલ્સ્ટોયના પત્રોને સાંધતી કડીઓની ક્રમસર રજુઆત જરૂરી છે. ૧૯૦૮ ની સાલમાં ટોલ્સ્ટોયે 'એક હિંદુને પત્ર' એ મથાળા નીચે અંગ્રેજી હકુમત નીચેના એ વખતના હિંદની પરિસ્થિતિની આલોચના કરતો એક મોટો લેખ લખેલો અને તેનો અનુવાદ ઇંગ્લાંડના અંગ્રેજી અખબારોમાં પ્રગટ થયેલો. આ પત્ર અથવા તો લેખ ગાંધીજીના વાંચવામાં આવ્યો, તેમને બહુ ગમ્યો અને ૧૯૦૯ ની સાલમાં ઓગસ્ટ–સપ્ટેમ્બર આસ-પાસ દક્ષિણ આફ્રીકામાં વસતા હિંદીઓના પ્રશ્નને અંગે લડત ચલાવવા માટે ગાંધીજી લંડન ગયેલા, તે દરમિયાન ૧૯૦૯ ના ઓકટોબર માસની પહેલી તારીખે પોતા હસ્તક ચાલતા 'ઇન્ડિયન ઓપીનિયન'માં તેમ જ હિંદની ભાષાઓમાં પ્રગટ કરવાની મંજુરી માગતો સૌથી પહેલો પત્ર ગાંધીજીએ ટોલ્સ્ટોય ઉપર લખ્યો અને તેમાં દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને ભોગવવી પડતી હાડમારીઓ વિષે અને ત્યાંની સરકારે હિંદીઓને લગભગ ગુલામીની દશામાં મૂકી દેતા 'કાળા કાયદા' ના નામે ઓળખાતા ધારા વિષે ટોલ્સ્ટોયને ટૂંકમાં માહીતી આપી. તેનો જે જવાબ ટોલ્સ્ટોયે ગાંધીજી ઉપર લખ્યો તે તા. ૧–૯–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં ક્રમમાં સૌથી પહેલો પ્રગટ કરવામાં આવ્યો છે, પણ તે પત્રની તારીખ સંબંધે '૧૯૧૦ ના માર્ચમાં લખાયેલો' એમ જણાવવામાં આવ્યું છે તેના બદલે તેની ખરી તારીખ ૧૯૦૯ ના ઓકટોબરની ૭ મી તારીખ હતી એમ એલેકઝાંડર સીફ્મેનના લેખ ઉપરથી માલુમ પડે છે.

આ પછી લંડનમાં ગાંધીજીની બ્રીટીશ અધિકારીઓ સાથેની વાટાઘાટ ભાંગી પડી અને તેઓ દક્ષિણ આફ્રિકા પાછા જવા નીકળ્યા. તે પહેલાં ૧૯૦૯ ના ઓકટોબર માસની ૧૧ મી તારીખે લંડનથી ગાંધીજીએ ટોલ્સ્ટોય ઉપર એક પત્ર લખેલો અને તે સાથે દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડત પોતે કેવી રીતે ચલાવી રહેલ છે તેનો ટોલ્સ્ટો યને પુરો ખ્યાલ આવે તે હેતુથી ૧૯૦૯ માં લંડન ખાતે પ્રસિદ્ધ થયેલ જે. ડોકનું 'એમ. કે. ગાંધી, દક્ષિણ આફ્રિકાનો એક ભારતીય દેશભકત' એ

વ્યાખ્યાનો એક સરખા આકર્ષક–રસપ્રદ નીવડ્યા હતા. ત્રીજા દિવસે ભારતીય વિદ્યાભવનમાં તેમને સાંભળવા માટે શ્રોતાઓની અસાધારણ ભીડ જમા થઈ હતી. તેમનાં આ ત્રણ વ્યાખ્યાનોનું આયોજન આજ સુધીની વ્યાખ્યાનમાળાઓમાં એક નવા સીમા ચિહ્નરૂપ બન્યું હતું. તેમનાં વક્તવ્યોથી અનેક ભાઈબહેનો ખૂબ પ્રભાવિત થયાં હતાં. અન્ય વ્યાખ્યાનોમાં શ્રી ભંવરમલ સિંઘી, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી એમ. વી. દોન્દે, શ્રી ક. મા. મુનશી, શ્રી પુષ્પાબહેન મહેતા તથા શ્રી. જ્યોતીન્દ્ર હ. દવેનાં વ્યાખ્યાનો સવિશેષ આકર્ષક નીવડ્યાં હતાં. શ્રી જ્યોતીન્દ્ર હ. દવેએ શ્રોતાઓમાં હાસ્યરસની ખૂબ જમાવટ કરી હતી અને એમ છતાં પોતાના વિષય 'સાહિત્ય અને સંસાર' નું સુન્દર નિરૂપણ કર્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં શ્રી. સુમન્ત સી. ભટ્ટ, શ્રી. એમ. વી. દોન્દે, શ્રી પુષ્પાબહેન મહેતા. શ્રી ભંવરમલ સિંઘી, જ્યોતીન્દ્ર હ. દવે, દાદા ધર્માધિકારી તથા શ્રી વજુભાઈ શાહ સૌથી પહેલીવાર આવ્યા હતા. બહારગામથી આવનાર વ્યાખ્યાતાઓમાં દાદા ધર્માધિકારી તથા શ્રી દલસુખભાઈ માલવણીયા કાશીથી, શ્રી ભંવરમલ સિંઘી કલકત્તાથી, શ્રી વજુભાઈ શાહ રાજકોટથી, મુનિ જિનવિજયજી જયપુરથી અને શ્રી પુષ્પાબહેન મહેતા જુનાગઢથી આવ્યાં હતાં.

દર વર્ષ માફક પંડિત સુખલાલજી અમદાવાદથી આવ્યા હતા અને નવે દિવસની વ્યાખ્યાન–સભાનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું. સાધારણ રીતે દરેક વ્યાખ્યાનમાળામાં તેમનું એક વ્યાખ્યાન હોય જ છે. આ વખતે તેમની નાજુક તબિયતનો ખ્યાલ રાખીને સ્વતંત્ર વ્યાખ્યાન આપવાની જવાબદારીથી તેમને મુક્ત રાખવામાં આવ્યા હતા. એમ છતાં જ્યારે જ્યારે કોઇ પણ વ્યાખ્યાનના પ્રારંભમાં કે છેડે વ્યાખ્યાતાનો પરિચય આપવાના કારણે કે વ્યાખ્યાનની આલોચના કરવાના કારણે જરૂર ભાસતી હતી ત્યારે ત્યારે તેમના ભાગે કાંઇ ને કાંઈ બોલવાનું આવતું જ હતું. છેલ્લા દિવસનાં બે વ્યાખ્યાનોમાં જ સમય એટલો બધો પસાર થઇ ગયો કે પ્રમુખ તરીકે આખી વ્યાખ્યાનમાળાનો ઉપસંહાર કરવા માટે અવકાશ જ ન રહ્યો તેમજ આ વ્યાખ્યાનમાળાના એક આયોજક તરીકે આભારવિધિ કરવાનો અમારા માટે પણ આવકાશ ન રહ્યો. એ ઉપસંહારરૂપે તેમને જે કાંઈ કહેવાનું હતું તે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે. આભારવિધિની ફરજ અમારે પણ અહિં જ અદા કરવાની રહે છે.

સૌથી પ્રથમ આભાર માનવાનો છે પંડિત સુખલાલજીનો કે જેઓ પોતાની તબિયત દુરસ્ત હોય, કે નાદુરસ્ત હોય–પણ અમારા સંઘ મારફત દર વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળામાં પહેલેથી છેલ્લે સુધી ઉપસ્થિત રહેવાનો આગ્રહ રાખે છે. તેમનું અમારી સાથે તેમ જ આ પ્રવૃત્તિ સાથે એટલું બધું તાદાત્મ્ય છે કે તેમને અમારાથી જુદા ગણીને તેમનો આભાર માનતાં મન એક પ્રકારની મુંઝવણ અથવા તો દ્વિધા અનુભવે છે. આમ છતાં પણ તેઓ અમારી ખાતર તબિયતનું જોખમ ખેડીને પણ જે તકલીફ ઉઠાવે છે અને આ પ્રવૃત્તિના વિકાસમાં જે સહકાર આપે છે તેની ખાસ નોંધ લીધા સિવાય અમારાથી રહી શકાતું નથી.

અનુક્રમે બીજો આભાર માનવાનો છે પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓનો અને તેમાં પણ ખાસ કરીને દાદા ધર્માધિકારીનો. આ વ્યાખ્યાતાઓમાં કોઈ કાશી, કલકત્તા જેવા દૂર દૂરના સ્થળેથી આવતા હોય છે તો કોઈ મુંબઈમાં સ્થાયીપણે વસતા હોય છે. જ્યારે પણ કોઈ વ્યાખ્યાતા અમારું નિમંત્રણ સ્વીકારે છે ત્યારે તે નક્કી કરેલા વિષય ઉપર પૂર્વતૈયારીપૂર્વક આવે છે અને બોલે છે. આ કારણે આ વ્યાખ્યાનમાળામાં અપાતાં વ્યાખ્યાનો લાક્ષણિક ગુણવત્તા ધરાવતા હોય છે અને તેથી આ પ્રવૃત્તિ અનેક ભાઇબહેનો માટે આકર્ષણ અને કુતુહળનો વિષય બનેલ છે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના સર્વ વ્યાખ્યાતાઓનો અમે અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. સાથે એ વ્યાખ્યાનોમાં ગાયન, વાદન દ્વારા સુન્દર પુરવણી કરનાર ભાઈ બહેનો પણ અમારા ઊંડા આભારના પાત્ર બને છે.

આ ઉપરાંત અમે ઊંડા ઋણી છીએ રોકસી થીએટરના માલીક મેસર્સ કપુરચંદ એન્ડ બ્રધર્સના કે જેમણે પોતાના વિશાળ અને સર્વ પ્રકારની સગવડવાળા રોકસી થીએટરનો પર્યુષણ વ્યાખ્યાનના ત્રણ દિવસો માટે કશું પણ વળતર લીધા સિવાય અમને ઉપયોગ કરવા દીધો. આજ સુધી અમને આ સગવડ બે દિવસ માટે મળતી હતી. આ વખતે એક દિવસ તેમણે વધારી આપ્યો તે તેમની અમારી પ્રત્યે વધતી જતી સહાનભૂતિ દર્શાવે છે. ભારતીય વિદ્યાભવનનું થીએટર પણ અમને તેના ચાલુ દરથી ઓછા દરે વાપરવા આપ્યું તે માટે તેના સંચાલકોના પણ અમે આભારી છીએ.

સાધારણ રીતે આ આભાર–અનુક્રમમાં અમારી વ્યાખ્યાન સભાઓની વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ બનનાર સ્વયંસેવકોનો ઉલ્લેખ કરવાનો હોય જ. પણ આ વખતે અમને કોઈ પણ સ્વયંસેવક મંડળનો સાથ સાંપડ્યો નહિ. એક મંડળવાળાએ છેલ્લા ચાર દિવસ પોતાના સ્વયંસેવકો મોકલવા જણાવેલું. તે સ્વયંસેવકો પણ ઉપસ્થિત ન થયા. દાદા ધર્માધિકારીનાં અને પછીનાં વ્યાખ્યાનોમાં ઉત્તરોત્તર શ્રોતાઓની વધતી જનાર ભીડ દરમિયાન શાન્તિ અને વ્યવસ્થા કેમ જળવાશે એ અમારા માટે મોટી ચિન્તાનો વિષય હતો. આમ છતાં એ બધી સભાઓમાં અને તેમાં પણ ભારતીય વિદ્યાભવનમાં જ્યારે દાદા ધર્માધિકારીનું છેલ્લું વ્યાખ્યાન હતું અને આખું થીયેટર ચીકાર ભરાઈ ગયું હતું અને સાંભળવા આવેલા સંખ્યાબંધ ભાઈ બહેનોને ઉભા રહેવાની ફરજ પડી હતી ત્યારે પણ સભાની શાન્તિમાં લેશમાત્ર ખલેલ પડી નહોતી. અલબત્ત સ્વયંસેવકોના અભાવે સંઘના અધિકારીઓએ અને કેટલાક સભ્યોએ આ જવાબદારી ઉપાડી લીધી હતી. એમ છતાં પણ તેમના ભાગે બહુ જ ઓછું કામ આવ્યું હતું. એનું કારણ એ છે કે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સાંભળવા આવતાં ભાઈ બહેનોના દિલમાં એક સચોટ ખ્યાલ બંધાયો છે કે આ સભામાં અંદર અંદર વાર્તાલાપ ન થાય, તેમજ વ્યાખ્યાન ચાલતું હોય તે દરમિયાન અસાધારણ કારણ સિવાય ઉઠાય નહિ, તેમ જ કોઇનું વ્યાખ્યાન પોતાને ન ગમે તો પણ એવો અણગમો જાહેર રીતે વ્યકત ન કરાય. આ વખતે કોઈ પણ સ્વયંસેવક મંડળનો અમને સાથ ન મળ્યો અને એમ છતાં શાન્તિ અને વ્યવસ્થા જાળવવામાં કશી પણ અડચણ ન આવી–આ હકીકતે અમારો શ્રોતાસમુદાય કેટલો બધો સ્વયંશાસિત બન્યો છે તેનું અમને સુખદ ભાન કરાવ્યું અને આને લગતી અમારી ચિન્તાને સદાને માટે હળવી કરી.

સંઘ મારફત દર વર્ષે યોજાતી આ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રસ લેતા અને ભાગ લેતા ભાઈ બહેનોનો એવો અભિપ્રાય સાંભળવામાં આવે છે કે ઉત્તરોત્તર વિકસતી જતી અને એક પછી એક વધારે ને વધારે ચઢિયાતી બનતી જતી વ્યાખ્યાનમાળાઓમાં પણ આ વખતની વ્યાખ્યાનમાળા ખાસ કરીને દાદા ધર્માધિકારીનાં વ્યાખ્યાનોને લીધે શિરતાજ જેવી હતી. આ વ્યાખ્યાનમાળા આમ વધારે ને વધારે લોકપ્રિય બની રહી છે તેનાં અનેક કારણો છે. આ વ્યાખ્યાનમાળાએ એવી પ્રતિષ્ઠા જમાવી છે અને તે પાછળ રહેલી અસાંપ્રદાયિક વૃત્તિએ વિશિષ્ટ વર્ગોમાં એવી પ્રતીતિ પેદા કરી છે કે વ્યાખ્યાન માટે મોકલવામાં આવતું સંઘનું નિમંત્રણ સ્વીકારવામાં કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિ ગૌરવ અનુભવે છે, અને હિંદના કોઈ પણ ભાગમાંથી કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિને બોલાવવા પાછળ રહેલું આર્થિક સાહસ ખેડવાની મુંબઈ જૈન યુવક સંઘે તાકાત કેળવી છે. બહારગામથી વ્યાખ્યાન આપવા માટે આવનાર વ્યક્તિને પુરસ્કાર રૂપે હજુ સુધી કશું પણ આપવાની સ્થિતિમાં મુંબઈ જૈન યુવક સંઘ નથી, પણ આ માટે દૂરથી આવતી વ્યકિતને સંઘ તરફથી સાધારણતઃ રેલ્વેનું પ્રથમ વર્ગનું જવા આવવાનું ભાડું અને પરચુરણ વાહન ખર્ચ આપવામાં આવે છે. આ ઉપરાંત વ્યાખ્યાનશાળા તથા ધ્વનિવર્ધક યંત્રોની ગોઠવણ વગેરે બાબતો અંગે પણ સારા પ્રમાણમાં ખર્ચ થાય છે. આજસુધી સાધારણ રીતે પયુષણ વ્યાખ્યાનમાળા પાછળ રૂા. ૯૦૦ લગભગનો ખર્ચ થતો હતો. આ વર્ષે કેટલાક વિશિષ્ટ કારણોને અંગે રૂ. ૧૩૦૦ આસપાસ ખર્ચ થયો છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન એકઠા કરવામાં આવતા સંઘના ફાળામાં આશરે રૂ. ૪૦૦૦ એકઠા થયા છે, પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રબુદ્ધ જીવન (જેમાં છપાઈ કાગળ વગેરેના ખર્ચમાં સંગીન વધારો થવાથી ચાલુ ૧૫૦૦ થી ૧૭૦૦ ની બોટમાં બીજા રૂ. ૫૦૦ થી ૭૦૦ નો વધારો થયેલ છે) તેમ જ અન્ય પ્રવૃત્તિઓ ચલાવવા માટે આટલી આવક પૂરતી નથી. આ ઉપરાંત શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ચલાવવાનો બોજો પણ સંઘના માથે જ છે, જે આશરે બેથી ત્રણ હજારની પુરવણીની અપેક્ષા રાખે છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ પ્રવૃત્તિઓમાં રસ તેમ જ મમત્વ ધરાવતા મિત્રો તેમ જ શુભેચ્છકોને અમારી આર્થિક ચિન્તા બની તેટલી હળવી કરવા પ્રાર્થના છે.

મંત્રીઓ. મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા પચ્ચીસેક વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળા એટલી બધી લોકપ્રિય બની છે કે તેને નમુનારૂપ ગણી મુંબઈ અને અન્ય શહેરોમાં પણ જૈન બંધુઓ તરફથી પર્યુષણના દિવસોમાં વ્યાખ્યાનમાળાઓ ગોઠવાય છે. પરંતુ ઉપરોક્ત સંઘ સંચાલિત વ્યાખ્યાનમાળાનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું અને ઘણું ઉન્નત રહ્યું છે. તેનું કારણ શ્રી જૈન યુવકસંઘની ચોકકસ પ્રકારની નીતિ તથા તેના યોજક તેમજ તેના પ્રાણસમા શ્રી પરમાનંદભાઈની પોતાની ઉચ્ચ પ્રકારની વિચારશ્રેણી છે. વ્યાખ્યાનમાળાને વધુ ને વધુ વિકસિત બનાવવા માટે તેઓ સતત ચિન્તનશીલ અને પ્રયત્નશીલ રહે છે. વકતાઓની અને ઘણું કરીને તેમને બોલવાના વિષયની પસંદગી પણ શ્રી. પરમાનંદભાઈ પોતે જ કરે છે. વકતા વિદ્વાન હોય અને પોતાને બોલવાના વિષયની રજુઆત સુંદર રીતે કરી શકે એટલું જ જોવામાં આવતું નથી; પરંતુ વક્તાના ઉચ્ચ પ્રકારના ચારિત્ર્યનો ખ્યાલ પણ રાખવામાં આવે છે જેથી સાંભળનારાઓ પર તેમના સુંદર વકતવ્ય ઉપરાંત ઉંચા ચારિત્ર્યની છાપ પણ પડે.

ધર્મ સંબંધી ભ્રામક માન્યતાઓ અને આચારજડતા, સામાજિક કુરૂઢિઓ, વહેમો વગેરેને દૂર કરે તેવા અને ધાર્મિક દૃષ્ટિએ માનવીને માત્ર કલ્પનાના વ્યોમમાં વિહાર ન કરાવતા તેની માનવીય બુદ્ધિ વિકસે, તેના વિચારોનો ઝોક માનવતા ભણી વળે તેવા ઉત્ક્રાન્તિકારક વિચારોનો પ્રચાર કરવો એ શ્રી. જૈન યુવક સંઘના અન્ય ધ્યેય પૈકીનું એક મહત્વનું ધ્યેય છે.

આજે યુગનું જે હવામાન પ્રસરી રહ્યું છે તેમાં ભિન્ન ભિન્ન જાતિ, ધર્મનો પક્ષ વગેરે પોતપોતાના વિચારોના પ્રચાર કરવા મથી રહ્યાં છે. જ્યારે આ વ્યાખ્યાનમાળા તે સર્વથી પર રહી જીવનને સ્પર્શે, સાંભાળનારાના વિચારોના વર્તુળને વિસ્તૃત બનાવે, તેને સ્વજીવન વિષે ઊંડું ચિન્તન કરતા કરે, તેના મનોભાવોનું ઉર્ધ્વીકરણ થાય તે પ્રકારનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે. વ્યાખ્યાનોની લોકપ્રિયતાને કારણે વ્યાખ્યાન હોલ ગમે તેવડો વિશાળ હોય તો પણ તે સાંકડો પડે છે, છતાં સભામાં ગાંભીર્ય અને શિસ્ત પ્રશંસા માંગી લે તેવાં રહે છે, પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી જેવા મહર્ષિ અને ત્યાગી પુરૂષ સતત નવ દિવસ સુધી આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સ્વીકારે એજ એની મહત્તા પૂરવાર કરવા માટે બસ છે.

અન્ય નામાંકિત વક્તાઓ ઉપરાંત આ વખતની વ્યાખ્યાનમાળામાં "અહિંસાની વિકાસશીલતા" એ વિષય ઉપર દાદા ધર્માધિકારીએ બે દિવસ રોક્ષી થિયેટરમાં અને ત્રીજે દિવસે ભારતીય વિદ્યા ભવનમાં એમ ત્રણ દિવસ સુધી સતત જે જ્ઞાનગંગા વહેવડાવી તે તો ખરેજ અત્યારસુધીનાં વ્યાખ્યાનો ઉપરના સુવર્ણકળશ સમાન હતી. ભારતીય વિદ્યાભવનના સભાગૃહની શકિત કરતાં લગભગ બમણી જનસંખ્યા ઉપસ્થિત થઈ હતી. છતાં છેલ્લે સુધી અપૂર્વ શાંતિ જળવાઈ રહી હતી. દાદા ધર્માધિકારીના વિષયના ઊંડા અને તલસ્પર્શી જ્ઞાન ઉપરાંત અસ્ખિલિત્પણે વહેતી પ્રભાવિત વાગધારાએ શ્રોતાજનોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતાં.

ધર્મ, તત્વજ્ઞાન, રાજકારણ, સમાજજીવન, વ્યકિત અને સમાજના સંબંધો, અને વ્યકિતજીવનની ગહન ફિલ્સુફી વગેરે વિષયોની તેમણે એવી ઊંડી છણાવટ કરી હતી કે એ ત્રણ દિવસમાં આવા ગંભીર વિષયો પર સાંભળનારના મન પર જે છાપ પડી છે તે કદાચ સંખ્યાબંધ પુસ્તકો વાંચવાથી પણ ન પડે.

"મનુષ્ય જ્યારે પોતાને માટે કંઇક કરે છે ત્યારે માત્ર શકિત-વિકાસ થાય છે, પણ તે બીજાને માટે કંઇક કરે છે ત્યારે શકિત-વિકાસ ઉપરાંત ગુણવિકાસ પણ થાય છે."

'ક્રાન્તિ માટેનું સાધન પણ એવું હોવું જોઇએ જેમાં ક્રૂરતા ઓછી અને વીરતા વધુ હોય, જે મનુષ્યના વ્યકિતત્વના વિકાસને ઊંચે ચઢાવતું આગળ વધે. સાધનમાં પણ સાધન વાપરનારની સભ્યતા અને સંસ્કારિતના દર્શન થાય."

"તરૂણ તે કહેવાય જેની કલ્પનાશકિત અદમ્ય હોય. અસફળતાની જેને કલ્પના પણ નથી આવતી તે તરૂણ છે."

આ અને આવાં જીવનને જોમ આપનારાં અને ભાવનાને ઉંચે ચઢાવનારાં કેટલાયે વાકયો સાંભળનારનાં હૃદયમાં ઊંડા ઉતરી કાયમનું સ્થાન લઈ લે તેમ છે.

આ વ્યાખ્યાનને અંતે પૂ. પંડિતજીએ કહ્યું કે "શ્રી. પરમાનંદ-ભાઇ હવે વર્ષમાં એક જ વખત વ્યાખ્યાનમાળાની યોજના કરે તે ચાલી શકે તેમ નથી. આ તો જ્ઞાનસત્ર છે. તેથી તે ઓછામાં ઓછા વર્ષમાં બે વખત ગોઠવાવાં જોઇએ. અને તેની સાથે ક્રિયાશીલ કાર્યક્રમો પણ યોજવાની જરૂર હવે ઉભી થઈ છે." હું માનું છું કે આ દરખાસ્તને એકેએક જણે હૃદયથી વધાવી લીધી હોવી જોઇએ. કારણ માણસ આજે જાગૃત બન્યો છે. તેની જ્ઞાનની ભૂખ ઉઘડી છે, પણ સાચું માર્ગદર્શન મળવું દુષ્કર છે. આવે સમયે જો મુંબઇ જૈન યુવક સંઘ જેવી ક્રાન્તિકારી, ઉદાર વિચારવાળી અને નિષ્પક્ષ સંસ્થા આ કાર્યને વધુ વિસ્તૃત બનાવે તો વિચારક જનતા ઉપર ઘણો મોટો ઉપકાર થાય.

('વિકાસ' માંથી સાભાર ઉધ્ધૃત) **લીલાવતી કામદાર**

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિને મળેલું આર્થિક સીંચન

૭૪૬	ઝોળીમાં આવ્યાં.	૫૧	શ્રી સુરજબહેન મનસુખલાલ ઝોઢારી	૨૫	શ્રી મોતીબહેન જીવરાજ શાહ
૨૦૦	શ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ	૫૧	,, મોંઘીબહેન હીરાલાલ શાહ	૨૫	,, માનભાઇ પદમસી
૨૦૦	,, રસિકલાલ મોહનલાલ ઝવેરી	૫૧	,, ભોગીલાલ મોહનલાલ	૨૫	,, એક સદ્‌ગૃહસ્થ
૨૦૦	,, ચીમનલાલ પી. શાહ	૫૦	,, શાંતિલાલ સી. શેઠ	૨૫	,, અંબાલાલ ચતુરભાઇ શાહ
૧૦૧	,, શાદીલાલ જૈન	૫૦	,, તારાબહેન ચીમનલાલ ઓફ	૨૫	,, લવણપ્રસાદ પ્રુલચંદ શાહ
૧૦૧	,, છોટાલાલ કપુરચંદ	૫૧	,, બોમ્બે બેલ્ટીંગ કું.	૨૧	,, ડી. એમ. ગાર્ડી
૧૦૧	,, પ્રકાશભાઇ અમીચંદ શાહ	૨૫	,, એમ. કાંતિલાલની કું.	૨૦	,, હેમચંદ વીરજી
૧૦૧	,, ત્રીભોવનદાસ લક્ષ્મીચંદ	૨૫	,, એક સદ્‌ગૃહસ્થ	૨૦	,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૦	,, ખીમજી માડણ ભુજપુરીઆ	૨૫	,, સુનીતાબહેન સુરેશચંદ્ર શેઠ	૨૦	,, લલિતાબહેન લીલભાઇ શાહ
૧૦૦	,, ટી. જી. શાહ	૨૫	,, જયંતિલાલ અંબાલાલ શાહ	૨૦	,, એસ. કે. શાહ
૧૦૦	,, લીલાધર પાસુ શાહ	૨૫	,, મણિબહેન એસ. પી. શાહ	૧૭	,, જગજીવન જેચંદ શાહ
૧૦૦	,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	૨૫	,, પોપટલાલ જેસીંગભાઇ	૧૫	,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૦૦	,, હીરાબહેન દીપચંદ સંઘવી	૨૫	,, નૌતમભાઇ દીપચંદ શાહ	૧૫	,, શિવકુંવરબહેન ગાંધી
૧૦૦	,, ધીરજલાલ મોરારજી અજમેરા	૨૫	,, દલપતલાલ કેશવલાલ	૧૧	,, મંગળદાસ ગોપાળદાસ
૧૦૦	,, ચીમનલાલ ચકુભાઇ શાહ	૨૫	,, એક સદ્‌ગૃહસ્થ	૧૨॥	,, વાડીલાલ હુકમચંદ
૧૦૦	,, રમણિકલાલ મણિલાલ શાહ	૨૫	,, કુંવરજી રતનસી	૧૦	,, કાંતિલાલ નથુભાઇ પારેખ
૧૦૦	,, તારાચંદ ધનજીભાઇ મહેતા	૨૫	,, નાથુરામ પ્રેમીજી	૫	,, કસ્તુરબહેન મેશરી
૫૦	,, રમણલાલ લાલભાઇ શેઠ	૨૫	,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ	૫	,, દીનકર પારેખ
૫૦	,, એક સદ્‌ગૃહસ્થ	૨૫	,, જસુમતીબહેન મનુભાઇ કાપડિયા	૫	,, જયંતિલાલ ભગવાનદાસ
૫૦	,, એક સદ્‌ગૃહસ્થ	૨૫	,, જયંતિલાલ ફતેહચંદ શાહ	૫	,, જગજીવન કે. ગાંધી
૫૦	,, લીલાધર પી. શાહ	૨૫	,, સુખલાલ મનસુખલાલ મહેતા	૫	,, રસીલાબહેન
૫૧	,, લીલાવતીબહેન ચુનીલાલ કામદાર	૨૫	,, વિજયકુમાર રતિલાલ	૩૯૩૬॥	

(અનુસંધાન પાનું ૮૮ ઉપરથી ચાલુ)

અનુભવ હતો, પણ જ્યારે તેમના વિષે મુંબઇવાસી શ્રોતાઓ પાસેથી અભિપ્રાય જાણ્યો ત્યારે મેં શ્રી. સિંઘીજીને અનુરોધ કર્યો કે તમારે દર સાલ મુંબઈ વ્યાખ્યાનમાળામાં આવવા મહેરબાની કરવી.

બીજું પ્રવચન જાણીતા હાસ્યલેખક અને વિચારક પ્રાધ્યાપક શ્રી. જ્યોતીન્દ્ર દવેનું 'સાહિત્ય અને સંસાર' વિષે હતું. મને એનો આસ્વાદ માણવાની તક ન મળી, પણ મેં વિશ્વસ્ત રીતે જાણ્યું કે તેમણે પોતાના વિષયને બહુ યોગ્ય રીતે ચર્ચ્યો અને લોકરુચિને પોષે તેમજ તેમની સમજણ અને વિવેકશક્તિની વૃદ્ધિ થાય એ રીતે ચર્ચ્યો. એમની દાખલાદલીલની આકર્ષક શક્તિ તો સુવિદિત જ છે.

તા. ૨૬-૨૭-૨૮ એ ત્રણ દિવસ લાગલાગટ દાદા ધર્માધિકારીનાં પ્રવચનો હતાં. તેમનો વિષય 'અહિંસાની વિકાસશીલતા' હતો. એ વિષયને તેઓ સાંગોપાંગ ચર્ચી શકે અને તેમની જાગ્રત શક્તિનો શ્રોતાઓને પૂરો પરિચય થાય એ દૃષ્ટિથી તે ત્રણ દિવસ દરમ્યાન બીજા કોઇનું પ્રવચન રાખવામાં આવ્યું ન હતું, જેથી તેમને પ્રવચન માટે સમય ટૂંકો ન પડે અને શ્રોતાઓના મન ઉપર પડેલી છાપ બીજા કોઈ પ્રવચનને લીધે ભૂંસાઇ ન જતાં તાજી રહે. દાદા પોતાના વિષયને એવી સુયોજીત રીતે હમેશાં નિરૂપે છે કે તેમાં કાંઈ નકામું આવતું નથી, અને પૂર્વાપર મુદ્દાની કડીઓ બરાબર સંકલિત રહે છે. દાદાની હિંદી ભાષા, તેમનું ઉચ્ચારણ અને તેમની નિરૂપણશૈલી-એ બધું અનોખું જ તરી આવે છે. તેમને સાંભળનાર કોલેજિયન વિદ્યાર્થી હોય, પ્રાધ્યાપક હોય કે અન્ય કોઈ નિષ્ણાત હોય તે સઘળા એવો અનુભવ કરે છે કે જાણે કોઇ ઊંડો વિચારક અને બહુશ્રુત પ્રાધ્યાપક ઠરેલ વૃત્તિથી વર્ગ લઈ રહ્યો હોય. તેમણે જૂના વખતથી આજ લગી અહિંસાની દિશા કેવી રીતે બદલાતી અને વિકસતી રહી છે તે રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર આદિના વિવિધ દાખલાઓથી સ્પષ્ટ કર્યું હતું. ખરી રીતે તેમના પ્રવચનનો અહીં તો નામમાત્રથી ઉલ્લેખ જ કરી શકાય. તેનો મર્મ સમજવા માટે તે પ્રવચન કાં તો સાંભળવા જોઈએ અને કાં તો વાંચવા જોઇએ. વ્યાખ્યાનમાળાના યોજકોનો વિચાર તેમનાં પ્રવચનોની કરેલી ટેપ રેકોર્ડિંગને આધારે ગુજરાતી, હિંદી કે ઉભયમાં છપાવી પ્રસિદ્ધ કરવાનો છે. છતાં અહીં એટલું સૂચવવું બસ થશે કે એ પ્રવચનો સંક્ષિપ્ત હશે તોય અહિંસાની ગતિશીલતા પરત્વે સંક્ષિપ્ત આધુનિક મહાભારતનું કામ આપશે.

તા. ૨૯મીએ પહેલું વ્યાખ્યાન સૌરાષ્ટ્રના જાણીતા કાર્યકર્તા શ્રી. વજુભાઇ શાહનું 'વિનોબાજી' વિષે હતું. શ્રી. વજુભાઇ લોકપ્રિય અને ઠરેલ વક્તા છે. તેમના કથનનો સાર એ હતો કે વિનોબાજીનું દર્શન એટલું બધું સ્પષ્ટ અને સુસ્થિર છે કે તેને લીધે તેઓ સંપૂર્ણ આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો રજૂ કરી શકે છે. વિનોબાજીએ જે ક્રાંતિ શરૂ કરી છે તે આધુનિક માનવતાની માગણીને અહિંસક રીતે સંતોષનારી છે.

છેલ્લું વ્યાખ્યાન જાણીતા સોલીસિટર અને આકર્ષક વક્તા શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું હતું. તેમણે 'સમાજની નવરચના' એ વિષય ચર્ચ્યો. સામ્યવાદી, પ્રજા-સોશ્યાલિસ્ટ અને કોંગ્રેસી એ બધા પક્ષો વચ્ચે મૌલિક અંતર શું શું છે તે સ્પષ્ટપણે દર્શાવી તેમણે સર્વોદયવાદની મીમાંસા કરી હતી. ગાંધીજી અહિંસાવાદી છતાં સમયે સમયે કેવી કેવી રીતે મૂળ સિદ્ધાંત સાચવી માંડવાળ પણ કરતા અને મધ્યમાર્ગને પણ સ્વીકારતા, એ મુદ્દો ચર્ચી એમણે સર્વોદયના પાયાના સિદ્ધાંતો ઇષ્ટ અને ક્ષેમંકર હોવા છતાં તેને વ્યવહારુ રૂપ આપવાની કેટલીક મુશ્કેલીઓ તરફ અંગુલિનિર્દેશ કર્યો હતો. સ્વતંત્ર ભારતે માન્ય કરેલ રાજ્યબંધારણના પાયાના મુખ્ય સિદ્ધાંતો કયા કયા છે એને દર્શાવતો બંધારણનો એટલો ભાગ વાંચી સંભળાવી શ્રોતાઓને એકાગ્ર કરતાં કહ્યું હતું કે સ્વતંત્ર ભારતે લીધેલી પ્રતિજ્ઞાઓ આ છે. આ પ્રતિજ્ઞાઓની મર્યાદામાં રહી, લોકશાહી ઢબે સમાજવાદી સમાજરચનાનો પ્રયત્ન કોંગ્રેસ કરી રહી છે. એમનું પ્રવચન જેમ અંતિમ હતું તેમ એને સમગ્ર શ્રોતાઓએ ફળશ્રુતિ પણ અનુભવ્યું.

વ્યાખ્યાનના પ્રારંભમાં પ્રાર્થના તો થતી જ, પણ જ્યારથી ભાઈ સૂર્યકાંત પરીખ આવ્યા ત્યારથી હમેશાં પ્રાર્થનાની જવાબદારી તેમણે સ્વીકારેલી. પહેલાં તેઓ વિનોબાજીનું સર્વધર્મસમન્વયસૂચક 'ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ' ભજન ગાતા અને પછી કબીર આદિનું એકાદ બીજું. એમનાં એ ભજનો એવા ઠરેલપણા અને મધુરતાથી ગવાતાં કે શ્રોતા તલ્લીન થઈ જ જાય. પાછલા દિવસોમાં વ્યાખ્યાનને અંતે પણ ભજનો ગવાયેલાં. બહેન અમિતા મહેતાનો કંઠ અને હલક મોહક હતાં. શાંતિલાલ શાહનાં ભગવાન મહાવીરના જીવનને લગતાં સ્વનિર્મિત ભજનોએ દર સાલની પેઠે આ વર્ષે પણ સભાને મુગ્ધ કરેલાં. પછીના દિવસે બહેન કિશોરી પરીખનાં ભજનો અને પછી છેલ્લે બહેન ગીતા પરીખનાં ભજનો હતાં. એ ભજનોએ પણ લોકોના મનને ઠીકઠીક આકર્ષ્યાં હતાં.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળા માટે સમર્થ અને નવનવા વક્તાઓ મેળવવા અને બીજી ગોઠવણો કરવાની ચિંતા યુવક સંઘના મંત્રીઓ અષાડ માસ પહેલેથી જ સેવતા રહે છે. તેને લીધે અંતે વ્યાખ્યાનમાળાનું તંત્ર સૌને સંતોષ આપે એ રીતે ગોઠવાય છે. હવે આ તંત્રની પરિપાટી જ એવી ઘડાઈ ગઈ છે કે નિયમિત સમયે ટ્રેન ઉપર પેસેંજરો આવે તેમ શ્રોતાઓ સૂચિત સ્થાને ઉપસ્થિત થઈ જાય છે. શ્રોતાઓની ગમે તેટલી ઠઠ હોય છતાં ઘોંઘાટ કે અવ્યવસ્થાનું કશું જ ચિહ્ન નથી હોતું. જેમ ક્રિશ્ચિયન ચર્ચોમાં પ્રાર્થના વખતે pindrop silence-ટાંકણી પડે તોય સંભળાય એ કહેવત જાણીતી છે તેમ વ્યાખ્યાનમાળામાં પણ અનુભવાય છે. આને લીધે વક્તાને બોલવામાં અને શ્રોતાઓને સાંભળવામાં વિક્ષેપ પડતો નથી. તંત્ર એવું સ્વયંસંચાલિત યંત્રવત્ ગોઠવાઈ ગયેલું છે કે તેમાં સ્વયંસેવકની અપેક્ષા રહેતી જ નથી. વ્યાખ્યાનમાળાને અંગે તેમજ યુવકસંઘની અન્ય પ્રવૃત્તિઓને અંગે જે વાર્ષિક ખર્ચ થાય તે રકમ મોટે ભાગે વ્યાખ્યાનમાળા દરમિયાન જ એકઠી થઈ જાય છે અને યોજકો, શ્રોતાઓ અને વક્તાઓ એકેએક આગલા વર્ષનું આવું પર્વ કેમ જલદી આવે એવી ભાવના સાથે અંતે છૂટા પડે છે.

આ રીતે પજુસણ એ સાંપ્રદાયિક નામ સાથે જોડાયેલી વ્યાખ્યાનમાળા એના સ્વરૂપમાં અને પ્રમાણમાં અનેક રીતે વિકસતી જાય છે અને તે અસાંપ્રદાયિક દૃષ્ટિબિંદુને ખરા અર્થમાં વિકસાવતી હોવાથી સંસ્કારી જૈનજૈનેતર સમાજનું વશીકરણ બનતી લાગે છે. ઘણા સ્નેહી મિત્રો સરળભાવે મને અવારનવાર એમ પૂછે છે કે આ પજુસણ વ્યાખ્યાનમાળામાં જૈન પરંપરાના વિષયો કેમ નથી ચર્ચાતા? અથવા ઓછા કેમ ચર્ચાય છે? હું આ સ્થળે એવા બધા જિજ્ઞાસુઓને નમ્રભાવે સૂચવવા ઇચ્છું છું કે વિષયોનું નામકરણ ગમે તે હોય, વક્તા ગમે તે હોય, છતાં જે ચર્ચા થાય છે તે જૈન પરંપરાના મૂળ સિદ્ધાંત અનેકાંત અને મૂળ આચાર અહિંસાને પોષનારી અને વિકસાવનારી જ હોય છે. જ્યાં જ્યાં વિચાર સાથે વિવેક મળ્યો ત્યાં ત્યાં જૈનત્વ અનિવાર્ય છે. એટલે સાંપ્રદાયિક સંસ્કારવાળા ભાઇબહેનોએ જાણવું જોઇએ કે વ્યાખ્યાનમાળા અંતે તો વિચાર અને વિવેકનું વર્તુળ વિકસાવવાની એક સાર્વજનિક ભૂમિકામાત્ર છે.

પંડિત સુખલાલજી

સંઘના સભ્યોને

ચાલુ સાલ સંવત ૨૦૧૩ નું સંઘનું વાર્ષિક લવાજમ હજુ ઘણા સભ્યોનું વસુલ આવ્યું નથી, જે સભ્યોનું લવાજમ બાકી છે તેમના અંકમાં તેની જાણ કરતી સ્લીપો નાંખીને અવારનવાર યાદી આપવામાં આવે છે. આમ છતાં પણ ઘણા સભ્યોનું લવાજમ બાકી રહેતું હોઇ તેમને વિનંતિ કરવામાં આવે છે કે હવે આ વર્ષ પુરું થવા આડે થોડો જ સમય બાકી રહેતો હોવાથી પોતાનું લવાજમ સંઘના કાર્યાલયમાં અવશ્ય મોકલી આપે.

મંત્રીઓ. મુંબઈ જૈન યુવક સંઘ

ભિન્ન ભિન્ન સ્થળોએ યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

પર્યુષણ પર્વ દરમિયાન સમાજમાં વિચારજાગૃતિ પ્રેરવાના હેતુથી યોજવામાં આવતી વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ વધારે ને વધારે લોકપ્રિય બનતી જાય છે. આ વખતે ભિન્ન ભિન્ન સ્થળોએ યોજાયલી વ્યાખ્યાનમાળાના કાર્યક્રમો નીચે આપવામાં આવે છે :–

મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
શ્રી. કનૈયાલાલ મા. મુનશી	વધતી જતી ધર્મોપેક્ષા
,, સુમન્ત સી. ભટ્ટ	દાન, ન્યાય અને નીતિ
,, એમ. વી. દ્રોન્દે	લોકમાન્ય તિલકનું જીવનકાર્ય
અધ્યાપક નલીન ભટ્ટ	ગીતાની સમન્વયશક્તિ
શ્રી. પુષ્પાબહેન મહેતા	ભારતનું નવઘડતર અને બહેનો
સ્વામી અખંડાનંદ	ભારતીય સંસ્કૃતિનો દ્વિમુખી પ્રવાહ
મુનિ જિનવિજયજી	આજનો યુગ અને જૈન ધર્મ
અધ્યાપક દલસુખભાઈ માલવણિયા	જૈન અને બૌદ્ધ ધર્મ
શ્રી ભંવરમલ સિંધી	સમાજસુધારની ઉત્ક્રાન્તિ
,, જ્યોતીન્દ્ર હ. દવે	સાહિત્ય અને સંસાર
દાદા ધર્માધિકારી	અહિંસાની વિકાસશીલતા(ચાલુ)
સૌ. અમિતા મહેતા	ભજનો
દાદા ધર્માધિકારી	અહિંસાની વિકાસશીતલા(ચાલુ)
સંગીતકાર શાન્તિલાલ શાહ	ભજનો
દાદા ધર્માધિકારી	અહિંસાની વિકાસશીલતા (સમાપ્ત)
સૌ. કિશોરી પરીખ	ભજનો
શ્રી વજુભાઈ શાહ	વિનોબાજી
,, ચીમનલાલ ચકુભાઈ શાહ	સમાજની નવરચના
સૌ. ગીતા પરીખ	મારાં થોડાંક પદો

ભુલેશ્વર સી વોર્ડ વ્યાખ્યાનમાળા

શ્રી પુરુષોત્તમ કાનજી [કાકુભાઈ]	જીવનસાફલ્ય
સ્વામી પ્રેમપુરીજી	માનવધર્મ
શ્રી ઉષાબહેન મહેતા	વિવેકાનંદ અને નિવેદિતા
શ્રી સુશીલાબહેન કુસુમગર	મહાવીરનો સંદેશ
સ્વામી અખંડાનંદજી	સમ્યક્ સંકલ્પ
શ્રી કરસનદાસ માણેક	ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાઓ
શ્રી શાન્તિલાલ ઠાકર	શ્રી અરવિન્દનું જીવન અને સાધના
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	ત્યારે કરીશું શું ?

આ આઠે આઠ દિવસ ભક્તિગીતોનો પણ ચોક્કસ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

માટુંગા–શીવ વ્યાખ્યાનમાળા

પંડિત સુખલાલજી	નિવૃત્તિ અને પ્રવૃત્તિનો વિવેક
શ્રી ગુલાબદાસ બ્રોકર	જીવન અને સાહિત્ય
શ્રી પુરુષોત્તમ કાનજી (કાકુભાઈ)	જીવનમાં ધર્મનું સ્થાન
શ્રી કરસનદાસ માણેક	ભારતી સંસ્કૃતિની વિશિષ્ટતાઓ
શ્રી શાન્તિલાલ ઠાકર	શ્રી અરવિંદનું જીવન અને સાધના
શ્રી વજુભાઈ શાહ	વિનોબાજી

આ સાથે દરેક વ્યાખ્યાન પાછળ ભક્તિગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરામાં યોજાયલી વ્યાખ્યાનમાળા

અધ્યાપક કેશવલાલ હ. કામદાર	આચારાંગ સૂત્ર ઉપર કેટલાક વિચારો.
,, ભાઈલાલ કોઠારી	ધર્મ અને સમાજ
,, ભોગીલાલ જે. સાંડેસરા	વિદેશોમાં જૈન વિદ્યા
ડોકટર હર્ષદરાય ઠાકોર	જૈન ધર્મ અને અહિંસા
અધ્યાપક સુરેશ હ. જોષી	જીવનનો આનંદ
શ્રી. ભોગીલાલ ગાંધી	કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સાહિત્યોપાસના
શ્રી. સનતકુમાર મહેતા	ધર્મનાં નવાં મૂલ્યો
શ્રી. છોટાભાઇ ઝ. સુતરિયા	જૈન ધર્મનું તત્વજ્ઞાન
શ્રી. રમણલાલ ના. મહેતા	ગુજરાતના પુરાતત્ત્વમાં જૈન ધર્મનો ફાળો

પૂનામાં યોજાયલી વ્યાખ્યાનમાળા

શ્રી. બાલકોબાજી ભાવે	તપશ્ચર્યા અને પ્રાકૃતિક ચિકિત્સા
ડોકટર મ. ગો. માનકર	જૈન તત્વજ્ઞાન અને સામાજિક જીવન.
શ્રી. સૌભાગ્યમલજી જૈન	જૈન દર્શનમાં સ્યાદ્વાદ સિધ્ધાન્ત
રાવસાહેબ પટવર્ધન	ધર્મભાવના એટલે શું ?
શ્રી. પ્રાણલાલ કાપડિયા	જૈન ધર્મ અને ગ્રામોદ્યોગ
ડોકટર મા. પ. મંગુડકર	જૈન સંસ્કૃતિનો આધુનિક ભારતને મળેલો વારસો
મુનિશ્રી શ્રીમલજી મહારાજ	ધાર્મિક જીવન

અમદાવાદની વ્યાખ્યાનમાળા

શ્રી ભાઇલાલ શાહ	ભજનો
શ્રી ઉમાશંકર જોશી	બે શસ્ત્રો
આચાર્યશ્રી આર. ડી. દેસાઇ	વિજ્ઞાન અને માનવજીવન
માનનીય શ્રી માણેકલાલ શાહ	નાગરિક ધર્મ
આચાર્યશ્રી લાલભાઇ દેસાઇ	કેળવણીમાં નવી દૃષ્ટિ
શ્રી. ભાઇલાલભાઈ શાહ	ભજનો
મહાસતીશ્રી લીલાવતીબાઈ	પરિગ્રહ
શ્રી. હરસિધ્ધભાઈ દિવેટિયા	સામાજિક ધર્મ
ખાનસાહેબ દોસ્તમહમદ	ભજનો
આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	ધર્મ અને સમાજ
મુનિશ્રી પૂન્યવિજયજી	જૈન ધર્મની વિશિષ્ટતા
ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા	વિદેશમાં જૈન વિદ્યા
શ્રી હરિભાઇ મોરી	ભજનો
શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી	સદાચાર અને જીવન
શ્રી. સરજ્યચંદ્રજી ડાંગી	કર્મ ઔર જ્ઞાન
માનનીય શ્રી ભારદેજી	સંઘશક્તિ
આચાર્યશ્રી એસ. વી. દેસાઇ	ગાંધીવાદ
શ્રી સરજ્યચંદ્રજી ડાંગી	વૈરાગ્ય ઔર વિશ્વપ્રેમ
શ્રી અમિતાબેન મહેતા	ભજનો
મુનિશ્રી સુધાંશુવિજયજી	પ્રજાજીવનમાં ધર્મની મહત્તા

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. ન. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૫૭, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારતીય સંસ્કૃતિનો દ્વિમુખી પ્રવાહ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૨૩–૮–૫૭ ના રોજ સ્વામી અખંડાનંદજીએ આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ)

જ્યારે આપણે ધર્મને કોઈ સીમામાં લઈ આવીએ છીએ–જેમ વ્યક્તિગત જીવનમાં થોડીવાર સત્ય બોલીએ અને થોડીવાર અસત્ય બોલીએ, એક ઇંદ્રિયથી ધર્મનું આચરણ કરીએ અને બીજી ઇંદ્રિય વડે અધર્મનું આચરણ કરીએ–આ ધર્મની પ્રતિષ્ઠા નથી. મુખેથી સત્ય બોલીએ તો હાથ વડે પણ સત્યાચરણ થવું જોઇએ. વચનમાં અહિંસા હોય તો હાથ વડે પણ અહિંસા પળાવી જોઇએ. જીવનમાં ધર્મને જો શુદ્ધ રૂપે ઉતારવો હોય તો સઘળી ક્રિયાઓ અને પ્રત્યેક અંગો દ્વારા એને પ્રકાશિત કરવો રહ્યો.

વ્યક્તિગત જીવનથી આગળ સમુદાયની દૃષ્ટિથી વિચાર કરીએ તો પણ ધર્મ સર્વ જાતિની રક્ષા કરે છે. ધર્મ તે જ છે જે આંખને પ્રલોભનોથી દૂર રાખે, જીભને વધુ ખાવા તરફથી રોકે, કાનને નિંદાશ્રુતિથી રોકે, મનને ઉચ્છૃંખલતા તરફ જતાં રોકે. જે ધર્મ ભારતીઓનો અભ્યુદય અને નિઃશ્રેયસ્ કરે અને વિદેશીઓનું અહિત કરે તે ધર્મ કેવી રીતે કહેવાય? ધર્મની વ્યાખ્યા તો એ કરવામાં આવી છે કે જે સૌને અપનાવે, જેમાં બધા પ્રતિષ્ઠિત હોય, અને જે સાની ઉન્નતિ અને કલ્યાણસિદ્ધિ કરે. જેવી રીતે ધર્મને કોઇ વિશિષ્ટ જાતિમાં સીમિત નથી કરી શકાતો તેવી રીતે તેને ભૌગોલિક દૃષ્ટિથી પણ સીમિત નથી કરી શકાતો. ઇંદ્રિયો અને મનને વિપરીત માર્ગ પરથી રોકવા માટે જે શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે તે ધર્મ કહેવાય છે, જેનો ઉપયોગ સમસ્ત દેશોમાં આવશ્યક છે, પછી ભલે એની રીતો કુરાન દ્વારા સમજાવવામાં આવે કે બાઇબલ દ્વારા. સત્ય અને અહિંસાનો ઉપયોગ કોઈ એક ખાસ દેશમાં જ થાય એવું નથી. વ્યવહારમાં લાવતી વેળા એના, પરિસ્થિતિ અનુરૂપ, જુદા જુદા રૂપ હોઈ શકે છે, પરંતુ સર્વ દેશો માટે સત્ય અને અહિંસાત્મક ધર્મ સમાન રૂપે લાગુ પડે છે.

ઐતિહાસિક દૃષ્ટિથી પણ ધર્મની સીમા બનાવી નથી શકાતી. ધર્મ કાલાતીત છે, અનાદિ છે. જ્યારે સંસારના પાપોનો પ્રવાહ અનાદિ કાળથી ચાલ્યો આવે છે, તો તેનાથી વેગળા રહેવાનાં ઉપાયો પણ અનાદિ કાળથી હોવા જોઇએ. ક્ષુધા સદૈવ લાગે છે, તો એને નિવારવાના ઉપાયો પણ હંમેશાંથી છે. વિકાર અનાદિ, છે તો સંસ્કાર પણ અનાદિ છે. વિકાસની પ્રણાલીનો સ્વીકાર અહીં આ ધર્મ ક્ષેત્રમાં કરવો સ્થાને નથી. એ માત્ર જડ જગતને માટે સંભવિત છે, પણ ચૈતન્ય સત્તાનો જે નિત્ય ધર્મ છે એના અજ્ઞાનથી જ આપણે ધર્મના ઐતિહાસિક ક્રમિક વિકાસની વાત કરીએ છીએ. મૂળ ધર્મ તો અનાદિ–અનંત છે, જે પોતાનું સ્વરૂપ છે. પણ એના બાહ્ય રૂપોમાં આગળ પાછળનું અંતર સંભવિત છે. કોઈ પંથ પહેલાં અથવા પછીથી ઉદિત થયો તેના પર એની શ્રેષ્ઠતા કનિષ્ઠતા નિર્ભર નથી. જેવું માત્ર એટલું જ છે કે એમાં સંકલ્પશુદ્ધિની તાકાત કેટલી છે. કર્મોથી મુક્તિ અપાવી પોતાના સ્વરૂપમાં અવસ્થિત કરવામાં કેટલો સમર્થ છે. નિર્દોષ અંતઃકરણની અનુભૂતિને જ ધર્મ કહે છે.

આજ કાલ એક વાત પ્રાયઃ સર્વમાન્ય બનતી જાય છે કે દુઃખોથી દર્શનની ઉત્પત્તિ થઈ છે. જ્યારે દુઃખ થાય છે ત્યારે તેમાંથી મુક્તિ મેળવવા માટે જ ધર્મનું નિર્માણ થયું છે. પણ આવી વાત એ રીતે કબુલીએ તો દર્શન અને ધર્મ પ્રયોજનાનુસાર થઇ જશે. જો પ્રયોજન સિદ્ધ થયું તો ધર્મ માનીશું અને જો પ્રયોજન સફળ ન થયું તો નહિ માનીએ. તો આવી રીતે ધર્મને પ્રયોજન અનુસાર બદલાવતા જવો પડશે. દુઃખથી નાશી જવા માટે ધર્મ નથી; ધર્મ તો લોકકલ્યાણ માટે છે. વીતરાગ અંતઃકરણની શુદ્ધ અનુભૂતિને ધર્મ કહે છે, જે કેવળ મનુષ્ય માત્ર માટે જ નહિ પણ પ્રાણીમાત્ર માટે સમાનરૂપે સંરક્ષક છે, આટલું જ નહિ પણ, જે જડ દ્રવ્યની પ્રગતિ પંથે પણ અવરોધ ઊભો નથી કરતો. જુદા જુદા પંથોમાં જે આપણી નિષ્ઠા હોય છે તેનું કારણ આપણા આચાર્ય અને એમની દ્વારા બનેલા ગ્રંથો તરફની શ્રદ્ધા જ છે. પંથ અને સંપ્રદાય શ્રદ્ધામૂલક છે, અને દર્શન તથા ધર્મ શુદ્ધ અનુભૂતિમૂલક છે. અનુભૂતિમાં વિવાદ નથી; અભિવ્યક્તિમાં ભેદ છે. કયારેક ધર્મ ત્યાગ–દ્વારા પ્રકાશિત થાય છે, કયારેક સંગ્રહ દ્વારા; કયારેક કર્માનુષ્ઠાનથી પ્રગટ થાય છે; કયારેક કર્મ–ત્યાગ દ્વારા; કયારેક નિયમમાં રહેવામાં ધર્મ છે, કયારેક નિયમાતીત હોવામાં ધર્મ છે. અર્થાત્ ધર્મ કોઇ વિશિષ્ટ આચારમાં આબદ્ધ નથી. ધર્મનું રૂપ બહુમુખી છે, અને સ્વરૂપ અદ્વિતીય છે. સ્વરૂપના અજ્ઞાનથી જ સંઘર્ષ પેદા થાય છે. મૂળ સ્વરૂપ વિષે વિપરીત સમજ જ અનર્થોનું કારણ બની રહે છે.

પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ બે પ્રકારની અભિવ્યક્તિ અધિકારીના ભેદથી જ થાય છે. સૌ કોઈ નેતા નથી બની શકતું કે ન સૌ નીત. બધા આગળ આગળ પણ નથી ચાલી શકતા અને પાછળ પાછળ પણ નહિ. જ્યારે આપણે અંતઃકરણથી ઇંદ્રિયોમાં આવીએ છીએ અને ઇંદ્રિયોમાંથી વિષયોમાં વ્યવહાર કરીએ છીએ, ત્યારે બાહ્ય પ્રભાવથી સ્વાર્થને કારણે આપણે બીજાઓના અધિકારની પરવા નથી કરતા, અને સમાજને હાનિ પહોંચે એવું આચરણ કરીએ છીએ. આવા સમયે રાજ્ય વ્યવસ્થા દ્વારા આપણને અટકાવવા માટે કાયદો બનાવે છે, ચાર સિપાહી ઊભા કરે છે, પરંતુ ચાર સિપાહી પણ આખરે તો મનુષ્ય જ હશે. એના હૃદયમાં પણ રાગ દ્વેષ હોવા સંભવિત છે. કાયદા બનાવવાવાળાઓમાં પણ દોષ હોઈ શકે છે. એમના પંજામાંથી ચાર પૈસા આપીને છૂટી શકાય છે. આપણને તો એવા નિયમનની જરૂરત છે કે જે આપણને ભૂલભર્યા કાર્યો કરતાં પહેલાં રોકે અને પછી પણ પશ્ચાત્તાપ કરાવે. આ કામ ધર્મ જ કરી શકે. એને પછી આપણે ભલે બ્રાહ્મણધર્મ કહીએ. પણ એવી કોઈ પ્રવૃત્તિ નથી જે આપણને નિવૃત્તિ તરફ ન લઇ જાય અને એવી કોઈ નિવૃત્તિ નથી જે પ્રવૃત્તિનો વિરોધ કરે. બ્રાહ્મણ દ્વારા લગ્નસંસ્કાર આદિ શુભ પ્રવૃત્તિઓ કુશીલનિવૃત્તિ માટે જ છે, અને શ્રમણોની ગૃહસ્થાશ્રમથી નિવૃત્તિ લોકોપકારી શ્રમમાં વધુ પ્રવૃત્ત હોવા માટે જ છે.

આપણું જીવન કેવળ શારીરિક જ નથી; એની અંદર એક માનસિક જીવન પણ છે, સૂક્ષ્મ જીવન પણ છે. એના સ્વાસ્થ્ય માટે

આપણા સંપ્રદાયમાં પ્રવર્તતો અંધશ્રદ્ધાનો કોઈ પણ પ્રકાર મહાપુરુષના જ્ઞાન પરવારી ગયો છે. જે તીર્થંકર હોય, વીતરાગ હોય, આપણા શાસ્ત્રોમાં પણ આત્મારામ, નિર્ગ્રંથ શ્રમણ આવો વીતરાગ દિગંબર મહાપુરુષોનું વર્ણન આવે છે. જે આપણી વૃત્તિઓને ઊર્ધ્વમુખી કરે છે, કાળચક્રથી ઉપર, સ્થાનથી ઉપર, જન્મમૃત્યુથી ઉપર, રાગદ્વેષ આદિ અંતઃકરણના આશયોથી ઉપર ગુણાતીત સ્થિતિપર પહોંચાડે છે. એ સ્થિતિ સાયુજ્ય અને સામિપ્ય આદિ મુક્તિના નામથી પ્રસિદ્ધ છે.

એક વાત હું અહીં અવશ્ય કહેવા માંગું છું કે બધા માનવીઓ તત્ત્વજ્ઞાની અથવા દાર્શનિક નથી હોતા. માટે શ્રદ્ધાની પણ આવશ્યકતા હોય છે. અનુભવી મહાત્માઓ પ્રતિ જેઓ શ્રદ્ધાસંપત્તિને નષ્ટ કરવા મથે છે અને સમાજની સુખ-શાંતિ પણ ચાહે છે તેઓ કલ્પનાના પ્રદેશમાં વિચરે છે. જ્ઞાનમાર્ગની સાથે ભક્તિમાર્ગની પણ પ્રત્યેક કાળ અને પ્રત્યેક સ્થાનોમાં આવશ્યકતા રહેશે. સર્વ દેશોમાં અને સર્વ સમયોમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની સદૈવ જરૂરત છે. એની પ્રક્રિયા અલગ અલગ હશે, પરંતુ ધર્મને દેશકાળથી આબદ્ધ કરી શકાતો નથી. સહુના ભલા માટે સદૈવ જ્ઞાન અને ભક્તિ દ્વારા પ્રવૃત્તિ કરવી જોઇએ અને અશુભથી નિવૃત્તિ મેળવવી જોઇએ. એવો સમન્વિત ધર્મ જ આપણને પૂર્ણતાને પંથે પ્રગતિશીલ બનાવી શકે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ—

મૂળ હિંદી : **સ્વામી અખંડાનંદ**

અનુવાદક : **શ્રી. કાન્તિ દેસાઈ**

બાલશિક્ષણપ્રેમી સ્વ. મોંઘીબહેન બધેકા

(જેમના જીવનનો મોટો ભાગ બાલશિક્ષણ પાછળ વ્યતીત થયો હતો તે શ્રી. મોંઘીબહેન બધેકાનું થોડા સમય પહેલાં અવસાન થયું. તેમનો પરિચય નીચેના લેખમાં આપવામાં આવ્યો છે. **તંત્રી**)

મોંઘીબહેને અઢી વરસની નાની ઉમ્મરમાં માતા ગુમાવ્યાં. અને આઠ નવ વરસની ઉમ્મર સુધી તેમને માશીબાએ ઉછેર્યાં. નવ વર્ષે લગ્ન થયાં અને અગીઆરમે વર્ષે તો વિધવા થયાં. લગ્નજીવનમાં તો આટલી નાની બાળકી શું સમજે? ગામડામાં ઉછેર એટલે ભણતર તો નામનું. વળી તે વખતનો રૂઢિચુસ્ત જમાનો.

તેમણે એક વખત વાત કરતાં મને જણાવેલું કે "હું વિધવા થઇ ત્યારે ધાંધળીમાં હતી. ઘરમાં કોઈ નહિ. એક નણંદ મુંબઇથી થોડા વખત માટે આવેલા તે બાર તેર દિવસ રહીને પાછા ગયેલા. ઘરમાં થોડા દાણા હતા અને ખરચી માટે આઠ આના આપેલા. વળી ભલામણ કરતા ગયેલા કે મારા ભાઇનો માશીસો સરાવજે. કુટુંબમાંથી કોઇને બોલાવજે. તેમની સુચના પ્રમાણે માશીસો આવ્યો. કુટુંબમાંથી કોઈ સરાવવા આવ્યું નહિ. એટલે મને વિચાર થયો કે કાંઈ નહિ. હું જ શ્રાદ્ધ કરીશ." અગીઆર વર્ષની બાળકીને તે વખતે કેટલી મુંઝવણ થઈ હશે અને કેવી હિંમતથી તેણે કામ પતાવ્યું હશે તેની કલ્પના કરતાં વિચાર આવે છે કે પહેલાંથી જ તેમનામાં કેવી હિંમત ભરી હતી. ત્રણ મહિના સુધી ઘરની અંદર એકલાં જ રહ્યા અને આઠ આનામાં ઘર ચલાવ્યું.

પછી તો તે દાદા દાદીની પાસે રહેતા. મોટું કુટુંબ, કાકાઓ કાકીઓ વગેરે, પણ બધામાં મોંઘીબહેને પોતાની આવડતથી સમાસ કરેલો. દાદા દાદીને આમ તો મોંઘી વહાલી હતી, પણ તે વિધવા દીકરી હતી અને તે સાપનો ભારો કહેવાય એમ વારંવાર કહેતા. "એક વખતે રાત્રે એક-ઢાળીઆમાંથી છાણા કાઢવાના હતા એટલે મારાં કાકી છાણાનો સુંડલો લઇને ચાલ્યાં. એ મારા દાદા જોઈ ગયા, એટલે બોલ્યા, "ભગવતની વહુને પાછાં બોલાવો, મોંઘી છાણા લેવા જાય." દાદાના મનમાં એમ કે કદાચ છાણામાં એરૂ વીંછી હોય ને વહુને કરડે તો! મોંઘીને કરડે તો વાંધો નહિ." આ રીતે વિધવા દીકરીની તેમને કશી જ કીંમત નહોતી. સાપનો ભારો છૂટે તો સારું એવી પણ ભાવના ખરી.

મોંઘીબહેને એવા જીવનમાં પણ પોતાનો વાંચનનો શોખ કેળવેલો. દિવસે તો છોડીયુંથી ચોપડી વંચાય જ નહિ એટલે રાત્રે દોઢેક પહોર મોડી રાત સુધી દીવાલ બાળે તો અજવાળું બળે, એટલે દીવો પણ બાળવા ન દે.

એટલે કોઈ સગા સબંધી ચાર આઠ આના આપી જાય તે મોંઘી બહેન ભેગા કરે અને કોઇવાર શહેરમાં જવાનું થાય ત્યારે ભેગા કરેલા પૈસાની બીજી કોઈ વસ્તુ ન લે અને મીણબત્તીઓ લઇ આવે અને રાત્રે એક પછી એક સળગાવીને આખી રાત વાંચે. એ રીતે તેમણે પોતાનું વાંચન ટકાવી રાખેલું.

મોંઘીબહેનનો કંઠ ખૂબ મીઠો અને હલકવાળો હતો. તે રાસડા ભજનો સરસ ગાતાં અને કંઠે કરતાં અને ગીતો ભેગાં કરતાં. ગામડામાં તેમનો બાપુજી ફોજદાર, એટલે જ્યાં જાય ત્યાંથી નવાં નવાં ગીતો ભેગાં કરે અને ગાય. એ ગીતો ભેગાં પણ કરેલાં લગભગ ૩૦૦ જેટલાં.

સ્વ. મેઘાણીભાઈ પણ ઘણી વખત મોંઘીબહેનનો સંગ્રહ જોતાં અને તેમની પાસેથી લોકગીતના રાગો શીખતા. આ રીતે તેમનું જીવન વીશેક વર્ષ ગામડામાં ગયું. મોંઘીબહેનને જ્ઞાનની ભૂખ ઘણી. પણ રીતસરનું ભણતર નહિ.

૧૯૧૯ માં સ્વ. ગિજુભાઇએ દ. મૂ. માં. બાલમંદિર શરૂ કર્યું. મને પણ શરૂથી જ તેમની સાથે કામ કરવાનો લાભ મળેલો. એકાદ વર્ષ પછી મોંઘીબહેનને ગિજુભાઇએ બોલાવ્યા, ત્યારનો મારો તેમની સાથેનો પરિચય.

બાળમંદિરમાં આવ્યાં ત્યારે મોંઘીબહેન સાવ ગામડીયા જેવાં દેખાતાં હતાં.

ગિજુભાઇએ શરૂમાં રૂ. ૧૦ ના પગારથી તેમને રાખેલા, અને કામમાં શિક્ષણ પત્રિકાના સીરનામાં કરવાનું અને રેપર ચોડવાનું સોંપેલું.

પણ મોંઘીબહેન એ કામ ખૂબ જ નિષ્ઠાથી કરતાં. શ્રી. ગિજુભાઇના લેખોની કોપી કરવાનું પણ તેમનું જ કામ હતું. પણ કોઇને ખબર ન પડે તેમ અવકાશે તેમણે બંગાળી અભ્યાસ કર્યો, અને તેનું ભાષાંતર પણ કરવા માંડયું. એ જ રીતે અંગ્રેજી શીખ્યાં અને અંગ્રેજી વાંચવા માંડ્યું. એ પણ સાધારણ નહિ. મોટાં મોટાં ગહન વિષયના પણ પુસ્તકો તેઓ વાંચતા થયાં.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન બંધ થયું અને મોંઘીબહેન મુંબઈ ગયાં, ત્યાં સુધી મોંઘીબહેનને કોઈ ઓળખતું ન હતું. પણ મુંબઇમાં તેમની શક્તિ ઝળકી. અમે બધાં ડો. મોન્ટેસોરીએ અદ્યિારમાં વર્ગો ખોલ્યા ત્યારે તેમનો નવો કોર્સ કરવા ગયેલાં. મોંઘીબહેન નહોતા આવ્યાં, છતાં તેઓ નવાં સાધનોને પોતાની મેળેજ આત્મસાત્ કરીને પ્રેકટીકલ કામમાં નિષ્ણાત થયાં. મુંબઈમાં શિશુવિહારના અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને પ્રેકટીકલ લેસન તેઓ જ આપતાં.

છેવટે દ. મૂ. બાલઅધ્યાપન મંદિર પાછું શરૂ થયું અને તેમાં પ્રેકટીકલ કામ માટે તેમની નિમણુંક થઈ.

અને છેલ્લાં સાત વર્ષથી બાલઅધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને તેઓ પ્રેકટીકલ લેસન આપતાં હતાં.

મુંબઈ જઈ આવ્યા પછી તેમનું શરીર ધસાતું ચાલ્યું અને જાત જાતના રોગો દેખાવા લાગ્યા. છતાં તેમના કામને તેમણે ઠેઠ સુધી ચાલુ રાખ્યું. છેલ્લા એક વર્ષથી જ તેમણે કામ છોડયું અને તેઓ પથારીવશ થયાં.

તેમણે બંગાળી, અંગ્રેજી, મરાઠીના કેટલાંય પુસ્તકોનો બાળકો માટે તરજુમો કર્યો છે.

માંદગીમાં પણ તેમની ધીરજ અજબ હતી. બધાંને લાગતું હતું કે મોંઘીબહેન હવે વધારે નહિ જીવે, છતાં તેમનામાં જીવવાનો ઉત્સાહ અજબ હતો. કદીયે તેમણે નિરાશા નથી બતાવી. છેવટે તેમનું એજ શાન્તિમાં અવસાન થયું. હું વિચારું છું કે એક ગામડામાં તદ્દન નિરસ અને રૂઢિચુસ્ત વાતાવરણમાં ઉછરેલ બાઇમાં આ શકિત ક્યાંથી પ્રગટી? તેમનો પુરૂષાર્થ જબરો હતો. માણસ પુરૂષાર્થ કરે તો શકિત તો પડેલી જ છે એમ લાગે છે. કેટલીયે સ્ત્રીઓની શકિત વેડફાઈ જતી હશે તેમને માટે આ દૃષ્ટાંતરૂપ છે.

ઈશ્વર તેમના આત્માને શાન્તિ આપે! **નર્મદાબહેન રાવળ**

બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ

અમુક કોઈ સંપ્રદાયના આચારગત કેટલાક વિધિનિષેધો, નવા અવલોકન અને અનુભવના પરિણામે વિજ્ઞાનના ફેલાતા જતા પ્રકાશના પરિણામે તેમ જ સતર્ક વિચારણા કરવાની આધુનિક પરંપરાના કારણે તે તે સંપ્રદાયની મૂળ માન્યતાઓને કાયમ રાખવા છતાં, આજે સ્વીકારપાત્ર કે અમલયોગ્ય નથી રહ્યા એમ માલુમ પડે છે. દા. ત. રેશમી વસ્ત્રને જૈન ધર્મના ક્રિયાકાંડી આચારશાસ્ત્રમાં અન્ય પ્રકારનાં વસ્ત્રો કરતાં વધારે પવિત્ર માનવામાં આવ્યું છે. રેશમી વસ્ત્ર પેદા કરવા પાછળ નરી હિંસા રહેલી છે એ હકીકત હોવા છતાં, આ વસ્ત્રને પવિત્ર કેમ ગણવામાં આવ્યું હશે, અને તે પણ જૈન આચાર મુજબ– તેનું આપણને ભારે આશ્ચર્ય થાય છે. આમ કેમ બન્યું હશે તે બાબતની ઊંડી ખોજ કરતાં એવા અનુમાન ઉપર અવાય છે કે રેશમી વસ્ત્ર માટે સંસ્કૃત શબ્દ 'ચીનાંશુક' છે. તેનો અર્થ એમ થયો કે રેશમી વસ્ત્ર પહેલાં ચીનથી ભારતમાં આવતું હશે. ભારતમાં તે પેદા થતું નહિ હોય. એટલા માટે તે ચીનાંશુક–એટલે કે ચીનથી આવેલા વસ્ત્ર–તરીકે ઓળખાતું હશે. આપણા દેશમાં માત્ર સુતરાઉ અને ઉની કાપડ થતું હશે. તેની સરસાઈમાં ચીનથી આવેલું આ રેશમી વસ્ત્ર ટકાઉપણું, મુલાયમપણું, સુંવાળાપણું અને હુંફ આપવાપણું–આ બધી બાબતમાં ખૂબ જ ચડિયાતું લાગવાથી ધાર્મિક ક્રિયા કરતી વખતે આવાં રેશમી વસ્ત્રોનો જ ક્રિયા કરનારે ઉપયોગ કરવો એવો વિધિ પ્રતિપાદિત કરવામાં આવ્યો હશે. પછી તો રેશમી કાપડ બનાવવાનો હુનર ભારતમાં આવ્યો; રેશમના કીડાઓનો ઉછેર અને વસ્ત્રો બનાવવા માટે તેની મોટા પાયા ઉપરની હિંસા ભારતમાં શરૂ થઈ અને રેશમી કાપડ કેમ બને છે તેની આપણ સર્વને જાણ થઈ. આમ છતાં જેનું સદા સ્થિતિચુસ્ત માનસ હોય છે અને જે જુના વિધિ–નિષેધોને એકાન્તે વળગી રહેવામાં જ ધાર્મિકતાની ચરિતાર્થતા માને છે એવા ધર્માચાર્યો આજે પણ રેશમી કાપડને પવિત્ર માને છે અને મનાવે છે. વસ્તુતઃ અંગત ભોગ ઉપભોગનો પ્રશ્ન બાજુએ રાખીએ, પણ ધાર્મિક અનુષ્ઠાનોમાં રેશમી કાપડ સદાને માટે બહિષ્કૃત જ બનવું જોઇએ અને તેની જગ્યા, અહિંસાના ધોરણે કેવળ શુદ્ધ ખાદીનાં વસ્ત્રોને મળવી જોઇએ.

આ રીતે ગોરોચન, કસ્તુરી અને અંબરની પ્રાપ્તિ હિંસા–મૂલક હોવા છતાં તે તે દ્રવ્યોમાં રહેલી સુવાસ અથવા તો અન્ય વિશેષતાઓના કારણે તેમને પવિત્ર દ્રવ્યની કોટિમાં મૂકવામાં આવેલ છે અને જૈન મૂર્તિની અંજનશલાકા તેમ જ પ્રતિષ્ઠાને લગતા ક્રિયા-કાંડ અંગે એકઠા કરવામાં આવતા અનેક દ્રવ્યોમાં આ વસ્તુઓનો ખાસ સમાવેશ કરવામાં આવેલ છે અને આવશ્યક લેખવામાં આવે છે. સંભવિત છે કે આ ચીજો મેળવવા માટે કરવામાં આવતી પ્રાણીહિંસાનો જૈન ધર્માચાર્યોને ખ્યાલ નહિ હોય. બીજી બાજુએ મૃગચર્મ કે વ્યાઘ્રચર્મનો વૈષ્ણવ કે બ્રાહ્મણ મંદિરોમાં પવિત્ર આસન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સંન્યાસીઓ ખાસ કરીને ટકાઉપણાના કારણે વ્યાઘ્રચર્મ કે મૃગચર્મનો આસન તરીકે ચાલુ ઉપયોગ કરતા જોવામાં આવે છે. પણ આ બન્નેમાં તો દેખીતી પશુહિંસા હોઇને જૈન મંદિરમાં કે જૈન સાધુઓના ઉપકરણમાં આ મૃગચર્મ કે વ્યાઘ્રચર્મનો કદિ પણ ઉપયોગ કરવામાં આવતો નથી.

આમ એક બાજુએ અમુક વસ્તુઓ શી રીતે પ્રાપ્ત થાય છે તેને લગતા અજ્ઞાનના કારણે તે તે વસ્તુઓને જૈનોના ધાર્મિક આચારમાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું હોય એમ લાગે છે. બીજી બાજુએ બટાટાની ઉત્પત્તિ વિષે વિપરીત પ્રકારના માન્યતા–ભ્રમના કારણે તેને અભક્ષ્યની કોટિમાં મૂકવામાં આવ્યા હોય એમ ભાસે છે. આ માન્યતાભ્રમ શું છે અને તે કેમ ઉભો થયો હશે તેની વિચારણા અહિં પ્રસ્તુત છે.

જૈન ધર્મના શાસ્ત્રગ્રંથોમાં જીવસૃષ્ટિનો બહુ વિગતથી વિચાર કરવામાં આવ્યો છે. એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયવાળા એમ જીવના પાંચ ભેદ કરવામાં આવ્યા છે. આમાં વનસ્પતિકાય જેમાં ફળ, ફુલ, ઝાડ, પાન, કંદમૂળ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે તેને એકેન્દ્રિય જીવ ગણવામાં આવે છે. વનસ્પતિના બે વિભાગ કરવામાં આવ્યા છે. ૧ પ્રત્યેક વનસ્પતિકાય. ૨ સાધારણ વનસ્પતિકાય. જે વનસ્પતિના શરીરમાં એક જીવ હોય જેવાં કે ફળ, ફુલ, શાક, પાંદડાં વગેરે તેને પ્રત્યેક વનસ્પતિકાય કહેવામાં આવે છે. જેના એક શરીરમાં અનન્ત જીવો હોવાનું માનવામાં આવે છે તેને સાધારણ વનસ્પતિકાય કહેવામાં આવે છે. આનું બીજું નામ અનંત કાય છે અને એક જ શરીરમાં અનન્ત જીવોવાળા આ પદાર્થોને જૈન ધર્મ પ્રમાણે અભક્ષ્ય લેખવામાં આવે છે.


આ સાધારણ વનસ્પતિકાયમાં કંદ, પુગ, શેવાળ, બીલાડીના ટોપ, મોથ, થેગ, થોર, કુંવાર, ગુગલ, ગળો, વગેરે પદાર્થોનો સમાવેશ થાય છે. સાધારણ વનસ્પતિકાય ઓળખવાનાં લક્ષણો શાસ્ત્રકારોએ આ મુજબ આપ્યાં છે. જેની રેશા, સાંધા અને ગાંઠો ગુપ્ત હોય, જેને ભાંગતાં એક સરખા ટુકડા થાય તેવું હોય, તાંતણા વગરનું હોય અને જેમાંથી કાપેલો કોઇ પણ ટુકડો ફરીથી ઉગે તેમ હોય તેને એટલે કે જૈન શાસ્ત્રની પરિભાષામાં જે 'છિન્નરૂહ' હોય તેને સાધારણ વનસ્પતિકાય અર્થાત અનન્તકાય જીવ તરીકે ઓળખવા; તેથી વિપરીત હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય તરીકે ઓળખવા.

સાધારણ વનસ્પતિકાયમાં જે કંદનો સમાવેશ કરવામાં આવ્યો છે તેને આજની ચાલુ પરિભાષામાં કંદમૂળ તરીકે વ્યવહારવામાં ઓળખવામાં આવે છે, કારણ કે આ કંદો જમીન નીચેના થરની માટીમાંથી અન્ય મૂળીયાં માફક સીધા ઉગે છે–તે સ્વતઃ જ મૂળ છે. શકરીઆ, ગાજર, રતાળુ, સુરણ, હુંગળી, લસણ, મૂળાના કાંદા વગેરે વનસ્પતિકોટિના પદાર્થો આ પ્રકારનાં કંદો અથવા તો કંદમૂળો છે. બટાટાને પણ આજ પ્રકારના કંદમૂળ લેખવામાં આવે છે અને તેથી અન્ય કંદમૂળો માફક બટાટાને જૈનો અભક્ષ્ય લેખે છે.

બધાં જ કંદો જમીન નીચે ઉગતા હોઇને જમીન નીચે ઉગતા બટાટાને પણ કંદમૂળની ગણતરીમાં મૂકવામાં આવ્યા હોય એમ લાગે છે. પણ અન્ય કંદોની ઉગવાની રીતમાં અને બટાટાની ઉગવાની રીતમાં અતિ મહત્વનો ફરક છે. આગળ જણાવ્યું તે મુજબ અન્ય કંદો જમીન નીચેની માટીમાંથી સીધા ઉગે છે, જ્યારે બટાટા પ્રત્યેક વનસ્પતિકાય લેખાતા પદાર્થો માફક તેનાં વવાયલાં બીજોમાંથી છોડ, ડાળીઓ, પાંદડાં, કળી, ફુલગ્રંથી અને તેમાંથી ફળરૂપે ઉગે છે. આ હકીકતનું સ્પષ્ટ ભાન થોડા સમય પહેલાં સૂરતવાળા ડૉ. અમીચંદ છગનલાલ શાહ તરફથી 'બટાકા અને તેનું વિજ્ઞાન' એ નામની એક નાની પુસ્તિકા વાંચતાં થયું. બટાટા કંદમૂળ નથી એ હકીકતને વધારે સ્પષ્ટપણે સમજાવવાના હેતુથી આ પછીના પાના ઉપર બે ચિત્રો આપવામાં આવ્યા છે અને તેમાં બટાટા અને અન્ય કંદમૂળોની ઉગવાની પદ્ધતિનો ફરક દર્શાવવામાં આવ્યો છે.


કોઇ એમ કહે કે જમીન નીચે જે કાંઈ પાકે તે કંદ કહેવાય. આમ કહેવું બરોબર નથી. આ રીતે તો શીંગને પણ કંદમૂળ કહેવી જોઇએ. વળી બટાટા ઉગતાં ઉગતાં ઘણી વખત જમીન બહાર આવી જાય છે. અને તેને માટીથી ઢાંકતા રહેવાની તેનું વાવેતર કરનારને સતત કાળજી રાખવી પડે છે. જો બટાટા જમીન ઉપર નીકળી આવે અને તેની ઉપર સૂર્યપ્રકાશ પડવા માંડે તો તેની મૂળ પીળા રંગની છાલ લીલી થઈ જાય છે અને પછી તે ખાવા લાયક રહેતા નથી અને કદિ કદિ ઝેરી થઈ જાય છે.

આ હકીકતો ઉપરથી સ્વતંત્ર રીતે વિચારનારને એ સ્પષ્ટ થવું જ જોઇએ કે બટાટા કંદમૂળ નથી અને જો એમ છે તો જૈનોની ધાર્મિક દૃષ્ટિએ એ અભક્ષ્ય લેખાવા ન જોઇએ.



બટાટાના છોડનું ચિત્ર

ઉપર આપેલા ચિત્ર ઉપરથી માલુમ પડશે કે આ છોડને થડ છે અને તે થડમાંથી ડાળીઓ ફુટી છે અને તે ડાળીઓના છેડે ફળની માફક બટાટા લાગેલ છે. આ છોડના થડનો ભાગ, ડાળીઓ તથા બટાટા ભોંયસીંગના છોડની માફક જ જમીનમાં ઢંકાયલા હોય છે.



કંદમૂળનાં ચિત્રો. મૂળાનો કંદ, બીટરૂટનો કંદ, ગાજરનો કંદ, સકરીઆતો કંદ.

ઉપર આપેલ કંદમૂળનાં ચિત્રો ઉપરથી માલુમ પડશે કે કંદમૂળ પોતે જ ઝીણા રેસાઓ દ્વારા જમીનમાંથી રસ ખેંચે છે અને તે રસ કંદમાં ભેગો થાય છે અને આ દરેક કંદમાંથી ડાળી અને પાંદડાં ફુટે છે.

આજ સુધી બટાટા કંદમૂળ લેખાતા અને તેથી અભક્ષ્ય–વર્જ્ય ગણાતા રહ્યા છે. પણ એ તો એક માન્યતાભ્રમ હતો એમ માલુમ પડતાં સાધારણ વનસ્પતિકાયનાં જે વિશિષ્ટ લક્ષણો ઉપર આપવામાં આવ્યા છે તે લક્ષણો બટાટાને લાગુ પડે છે અને તેથી તે અભક્ષ્ય લેખાવા જોઇએ એવો તર્ક કોઇ રજુ કરે એવો સંભવ છે. પણ એ લક્ષણો પણ વસ્તુતઃ બટાટામાં સંભવતા હોય એમ જણાતું નથી. દા. ત. કુંવારનો કોઈ પણ ટુકડો અધ્ધર લટકાવવામાં આવે તો તે સહજ વધવા માંડે છે અને તેમાં નવાં પત્તાં ઉગવા માંડે છે. આ રીતે બટેટા 'છિન્નરૂહ' છે જ નહિ. આખા બટેટાનો કોઈ પણ ટુકડો વાવવાથી ઉગતો નથી. દરેક બટેટાના ફળમાં ચાર પાંચ ગ્રંથી જેવા ભાગો હોય છે. તેને બટાટાની આંખો કહેવામાં આવે છે. એ આંખોમાં જ બટેટાનાં બીજો રહેલાં હોય છે.. આ આંખો વાવવામાં આવે તો જ તેમાંથી બટેટા ઉગે છે અને તે ઉગવાની પ્રક્રિયા એ આંખોમાં રહેલાં બીજકણોમાંથી જ શરૂ થાય છે. આ ઉપરાંત બટાટાના દળ અથવા ગર્ભમાં સ્પષ્ટ દેખાય એવા રેસા–તાંતણા હોય છે, તેમ જ બટાટાના સેલ્સ વચ્ચે પણ તાંતણા હોય છે જેને અંગ્રેજીમાં Fibrous Tissues કહેવામાં આવે છે. આ હિસાબે બટાટાને સાધારણ વનસ્પતિકાયની કોટિમાં પણ મૂકી શકાય તેમ છે જ નહિ. આ મુદ્દાના અનુસંધાનમાં અહિં એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે બટાટા સંબંધમાં આજ સુધી આવો તર્ક કોઇએ રજુ કર્યો જાણ્યો નથી. સામાન્ય જૈનના મન ઉપર એટલો જ સંસ્કાર રહેલો હોય છે કે પોતાથી બટાટા ન ખવાય, કારણ કે બટાટા કંદમૂળ છે.

બટાટા ભારતની જુના કાળની કોઇ પેદાશ નથી. તેની ઉત્પત્તિનો ઇતિહાસ એવો છે કે સુવિખ્યાત નાવિક સર વૉલ્ટર રેલે સૌથી પ્રથમ દક્ષિણ અમેરિકામાંથી ઇ. સ. ૧૬૪૫ માં ઇંગ્લાંડમાં આવ્યો અને ત્યાંથી સમયાન્તરે હિંદ ખાતે તેની આયાત થવા લાગી અને પરિણામે હિંદમાં પણ તેનું વાળેતર શરૂ થયું. અન્ય કંદોના જેમ મૂળ સંસ્કૃત, કે પ્રાકૃત શબ્દો મળે છે તેમ બટાટા સૂચવતો કોઇ પ્રાચીન શબ્દ છે જ નહિ.

આ ઉપરથી એવા અનુમાન ઉપર સહજપણે આવી શકાય છે કે બટાટા જમીન નીચે ઉગતા હોઇને અને તેનું સામાન્ય સ્વરૂપ અન્ય કંદોને મળતું હોઇને બટાટાને જૈન આચાર્યોએ કંદમૂળની કોટિમાં મૂકી દીધા હોવા જોઇએ અને તેથી ખાદ્ય પદાર્થ તરીકે તે વર્જ્ય લેખાયા હોવા જોઇએ. એ તો જાણીતું છે કે આપણામાં ભૌતિક પદાર્થો સંબંધમાં કદિ પણ ઊંડી વૈજ્ઞાનિક સંશોધનની વૃત્તિ કે પરંપરા હતી જ નહિ. બટાટા એક નવો પદાર્થ છે તો તે કેવી રીતે ઉગે છે તેની બારીકાઈથી તપાસ કરવી અને પછી તે ભક્ષ્ય લેખાવું જોઇએ કે અભક્ષ્ય લેખાવું જોઇએ તેનું નિદાન કરવું–આવી સંશોધન વૃત્તિના અભાવે ઉપર ઉપરના સામ્યથી બટાટાને કંદમૂળ તરીકે, સાધારણ વનસ્પતિકાય તરીકે, અનન્તકાય તરીકે અને તેથી અભક્ષ્ય તરીકે આજ સુધી લેખવામાં આવ્યા હોય એમ લાગે છે. આજનું વૈજ્ઞાનિક સંશોધન આ પ્રચલિત માન્યતાનું સમર્થન નથી કરતું. આ ઉપરથી કંદમૂળ ગણીને બટાટાને જેણે વર્જ્ય ગણ્યા હોય તે અન્ય પ્રત્યેક વનસ્પતિકાયના પદાર્થો માફક બટાટાનો ઉપભોગ કરી શકે છે. બટાટાનું સ્વરૂપ ગમે તે હોય–એક વખત વર્જ્ય ગણ્યા તે હવે ઉપભોગ્ય બની ન જ શકે એમ જે માનતા હોય તેમણે પ્રચલિત નિયમને વળગી રહેવું એ જ ઉચિત છે.

આ ચર્ચાનો આશય તો એટલું જ સૂચવવાનો છે કે આપણા આચારનિયમોનું અવારનવાર સંશોધન થવું ઘટે છે અને સંયમ તથા અહિંસાને કેન્દ્રમાં રાખીને તેમાં જે સુધારા વધારા કે ઘટાડા કરવાની જરૂર લાગે તે મુજબ તેમાં આપણે ફેરફાર કરતા રહેવું એમાં સંશોધનની અને આપણી બુદ્ધિમત્તાની સાર્થકતા રહેલી છે.

પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

ગ્રામદાન આન્દોલનને મળેલો સર્વપક્ષી આવકાર

માયસોરથી ૧૩ માઇલ દૂર આવેલ ઇલવેલ ખાતે સર્વ સેવા સંઘ તરફથી સપ્ટેંબર માસની તા. ૨૧ અને ૨૨ મીના રોજ એક ગ્રામદાન પરિષદ યોજવામાં આવી હતી. પરિષદમાં ભારતના ભિન્ન ભિન્ન રાજકારણી પક્ષના ચોકસ આગેવાનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, તેમજ ભારત સરકારના પ્રમુખ તંત્રવાહકોને પણ બોલાવવામાં આવ્યા હતા. પરિણામે સર્વ સેવા સંઘના પ્રમુખ કાર્યકર્તાઓ ઉપરાંત ડૉ. રાજેન્દ્રપ્રસાદ, પં. જવાહરલાલ નહેરુ, પં. ગોવિંદ વલ્લભ પંત, શ્રી ગુલઝારીલાલ નંદા, શ્રી મોરારજી દેસાઈ, કોંગ્રેસ પ્રમુખ ઉછરંગરાય ઢેબર, શ્રી જયપ્રકાશ નારાયણ, કેરલ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી નમ્બુદ્રી પાદ, પ્રજાસમાજવાદી પક્ષના પ્રમુખ શ્રી ગંગાશરણ સિંહા, મદ્રાસ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી કામરાજ નદાર, સામ્યવાદી પક્ષના આગેવાન ડૉ. કે. એ. અહમદ, શ્રી ગાંધીસ્મારક નિધિના પ્રમુખ શ્રી આર. દિવાકર, શ્રી પ્યારેલાલ, શ્રી પ્રાણલાલ કાપડિયા, શ્રી હરેકૃષ્ણ મહેતાબ, મદ્રાસના ખેતીવાડી ખાતાના પ્રધાન, શ્રી ભક્તવત્સલમ્, શ્રી શંકરરાવ દેવ, શ્રીમતી સુચેતા કિરપલાણી, શ્રીમન્ નારાયણ માયસોરના મુખ્ય સચિવ શ્રી નિજલિંગાપ્પા, મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી યશવન્તરાવ ચવ્હાણ અને કોમ્યુનીટી પ્રોજેકટ કમીશનર શ્રી એસ. કે. ડે વગેરે પ્રમુખ આગેવાનો ઉપસ્થિત થયા હતા. આ પરિષદનું કામકાજ બંધ બારણે ચાલ્યું હતું. તેનો આશય આજે ચાલી રહેલ ગ્રામદાનની હીલચાલ અને તેના ભાવી આયોજન અંગે ચર્ચાવિચારણા કરવાનો અને એ રીતે દેશના પ્રમુખ આગેવાનોની શકય તેટલી એકમતી સાધવાનો હતો. વિનોબાજીએ જુદા જુદા નેતાઓ સાથે વ્યકિતગત રીતે તેમજ પરિષદની બેઠક દરમિયાન સમુહગત રીતે આખી ચર્ચા ઉપસ્થિત કરી હતી.

બે દિવસની ચર્ચાવિચારણાના પરિણામે ગ્રામદાન અંગે એક સર્વસંમત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું અને તેમાં આચાર્ય વિનોબા ભાવેએ ઉપસ્થિત કરેલ ગ્રામદાનના હેતુને સર્વ પક્ષના નેતાઓ તરફથી હાર્દિક આવકાર આપવામાં આવ્યો હતો અને વિશેષતઃ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે "ચર્ચા વેળા મધ્યસ્થ અને પ્રાદેશિક સરકારોના પ્રધાનોએ જણાવ્યું હતું કે તેઓ આંદોલનને આવકારે છે અને તેમાં સહાયતા કરવાની ઇચ્છા ધરાવે છે, એમ છતાં સરકારના જમીન સુધારણાના કાર્યક્રમો તો પુરા કરવાના જ રહેશે. આ કાર્યક્રમોનો હેતુ ખેડુત અને સરકાર વચ્ચેના બધા જ આડતિયાઓને દૂર કરવાનો, વધુમાં વધુ જમીનની ટોચ (સીલીંગ) નું પ્રમાણ ઠરાવવાનો અને લાગતાવળગતા લોકોની મંજુરી સાથે ખેતીના દરેક વિભાગમાં સહકારી આન્દોલનને વેગ આપવાનો છે. વિશેષમાં સરકારે અખત્યાર કરેલી સહકારી પદ્ધતિ ગ્રામદાનથી વિરુદ્ધ નથી, પણ તેને મદદરૂપ નીવડે તેમ છે એમ તેઓ માને છે." પ્રસ્તુત નિવેદનમાં વિનોબાજીના કાર્યની અને અહિંસક તેમ જ સહકારી પદ્ધતિ મારફત રાષ્ટ્રીય અને સામાજિક સવાલો ઉકેલવાના વિનોબાજીના પ્રયાસની કદર કરવામાં આવી હતી અને ભારતના તમામ વર્ગના પ્રજાજનોને આ કાર્યમાં ઉત્સાહપૂર્વક સાથ આપવાની અપીલ કરવામાં આવી હતી.

તદુપરાન્ત નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે "ગ્રામદાન આન્દોલન ગામડાના પુરૂષાર્થને અને વિકાસને વેગ આપશે, એથી ગામડાની આર્થિક હાલત સુધરશે, અને ગામડાની સર્વતોમુખી પ્રગતિ સધાશે અને આથી ભારતમાં જમીનના સવાલના ઉકેલ માટે અને સહકારી આન્દોલનના વિકાસ માટે મનોભૂમિકા તૈયાર થશે એમ પરિષદ સ્વીકારે છે. અખત્યાર કરવામાં આવેલી તેની અહિંસક પદ્ધતિ અને તેમાં અપનાવાયલો સ્વેચ્છાપૂર્વકનો લોકનિર્ણય એ આ આન્દોલનની અનોખી વિશેષતા છે. અને એ રીતે આધ્યાત્મિક દૃષ્ટિ સાથે વ્યવહારૂ લાભનો પ્રસ્તુત આન્દોલનમાં સમન્વય કરવામાં આવ્યો છે. તેમાં સહકાર અને સ્વાશ્રય ઉપર રચાયેલ એક નવા સમાજની રચના પણ સૂચિત છે જ. આવા આન્દોલનને તમામ પ્રકારની સહાયતા આપવાનો આ પરિષદ સૌ કોઇને અનુરોધ કરે છે."

આ સામુદાયિક નિવેદન ઉપરાંત **રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે** જણાવ્યું હતું કે "ગ્રામદાન આન્દોલનની અહિંસક પદ્ધતિથી હું ખૂબ પ્રભાવિત બન્યો છું, અને આમાંથી અહિંસાના પાયા ઉપર નવા સમાજની રચના થશે એવી હું આશા સેવું છું." ભૂદાન અને ગ્રામદાન આન્દોલન વચ્ચેનો તફાવત સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે "ભૂદાનનો આશય જમીન વિનાનાને ખાનગી માલેકીની જમીનનું ઐચ્છિક દાન કરવું એ હતો, જ્યારે ગ્રામદાનની હીલચાલદ્વારા જમીનની ખાનગી અને અંગત માલીકીને નાબુદ કરવાની શકયતા ઉભી થાય છે. આ બન્ને હીલચાલમાં જે ઐચ્છિક તત્વ રહેલું છે તે ભારે મહત્વનું છે. વળી સરકાર તરફથી ગમે તે મદદ મળે, પણ આ બન્ને આન્દોલનોએ માત્ર સરકારી મદદ ઉપર આધાર રાખવાનો નથી. તે આન્દોલનોએ તો તેમાં રહેલા ઐચ્છિક દાનપ્રદાનના સિધ્ધાન્તને વળગીને આગળ વધવાનું છે."

સામ્યવાદી પક્ષના એક આગેવાન સભ્ય **ડૉ. કે. એ. અહમદે** લોકોના ઐચ્છિક પ્રયત્નો વડે જમીનનો પ્રશ્ન ઉકેલવાના સાધન તરીકે આ આન્દોલનના મહત્વનો સ્વીકાર કર્યો હતો અને આ આન્દોલન દેશમાં નૈતિક આબોહવા પેદા કરશે એવી આશા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીય આયોજન ખાતાના પ્રધાન **શ્રી ગુલઝારીલાલ નંદાએ** પરિષદની પૂર્ણાહુતિ થતાં પત્રકારોને જણાવ્યું હતું કે "ગ્રામદાનની હીલચાલ સરકારી તંત્ર સાથેના સહકારપૂર્વક ચલાવવી ઘટે છે, કારણ કે સરકાર સંચાલિત ગ્રામવિકાસ યોજનાઓ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા સંસ્થાઓ પણ તેને મળતા પ્રકારની જ પ્રવૃત્તિઓ છે." પરિષદ સંબંધમાં તેમણે જણાવ્યું હતું કે "ગ્રામદાન પરિષદમાં કોઇ પણ જાતના પક્ષગત ભેદભાવો સિવાય ગ્રામદાન આન્દોલનની નૈતિક અને વિકાસાત્મક બાજુઓને બધા આગેવાનોએ મંજુર રાખી હતી, અને એ રીતે આ પરિષદ એક રાષ્ટ્રીય મંચ જેવી બની ગઈ હતી, જેમાંથી સરકાર અને ગ્રામદાન આન્દોલન વચ્ચે સહકારનો માર્ગ નિર્માણ કરતી સંસ્થા ઉભી થશે એવી આશા ઉભી થાય છે."

કેરલ પ્રદેશના મુખ્ય પ્રધાન **શ્રી ઈ. એમ. એસ. નમ્બુદ્રીપાદે** પરિષદ પુરી થવા બાદ સામ્યવાદી પક્ષ તરફથી યોજવામાં આવેલી જાહેર સભામાં ગ્રામદાન આન્દોલનને ઉદ્દેશીને જણાવ્યું હતું કે "કોંગ્રેસ, પ્રજાસમાજવાદી પક્ષ અને સામ્યવાદી પક્ષ જમીનના પ્રશ્નના ઉકેલ સંબંધ જે ભિન્ન ભિન્ન વિચારણાઓ ધરાવે છે તેની સમકક્ષાની એક મૌલિક વિચારણા આપણને ગ્રામદાનના આન્દોલનમાંથી પ્રાપ્ત થાય છે. સામ્યવાદી પક્ષની જેણે સહાનુભૂતિ પ્રાપ્ત કરી છે તે આ ગ્રામદાન પદ્ધતિ, લોકોના ઐચ્છિક પ્રયત્ન અને સહકારના પાયા ઉપર જમીન સુધારાના અને ગ્રામીણ રચનાના પ્રશ્નો ઉકેલવા માટે, ઉદ્યુક્ત થયેલ છે. હું આની વિગતમાં ઉતરવા માગતો નથી, પણ હું ભારપૂર્વક જાહેર કરું છું કે આ ગ્રામદાન લોકો સમક્ષ એક નવો માર્ગ રજુ કરે છે અને તે જ તેનો વિશેષ ગુણ છે. આ રીતે લોકોની સ્થિતિ સુધારવાના તથા ગામડાં અને જમીનના પ્રશ્નો ઉકેલવાના જેટલા વિકલ્પો રજુ કરી શકાય એટલા વિકલ્પો રજુ થવા દો અને પોતાને અનુકુળ પડે તેવા નિર્ણયો ઉપર લોકોને આવવા દો. મને આશા છે કે આ મંથનમાંથી આજની મુશ્કેલીઓ અને જટિલ સમસ્યાઓને પાર કરવા માટે પ્રજા શકિતમાન બને એવી અભિનવ એકતાનો અનુબંધ આપણી વચ્ચે ઉભો થશે અને આપણે ધાર્યા ધ્યેયની સમીપ સત્વર પહોંચીશું."

પંડિત નહેરુએ માયસોર ખાતે તા. ૨૩ મીના રોજ પત્રકારોને જણાવ્યું કે "ગ્રામદાન આન્દોલન હવે માત્ર એક પ્રયોગ કે આશાસ્વપ્ન નથી રહ્યું. જેવી રીતે આચાર્ય વિનોબા ભાવે હિંદની એક વિશિષ્ટ ભાત રજુ કરે છે તેવી રીતે ગ્રામદાન આન્દોલન પણ ભારતની ખાસિયતને અનુરૂપ અને ભારતની ભૂમિ ઉપર ઉગેલી એક

નક્કર વસ્તુ બનેલ છે. ગઈ કાલે પૂરા થયેલા ગ્રામદાન સંમેલનમાં જેમણે ભાગ લીધો હતો તેમણે માત્ર તેના ખાસ ક્ષેત્ર અંગે નહિ પણ રાષ્ટ્રની અર્થરચનાના વિશાળ સંદર્ભમાં ગ્રામદાનના મહત્વનો સ્વીકાર કર્યો હતો–તે વિષે સૌ સહમત થયા હતા." મહાત્મામાત્યે એવી આશા વ્યક્ત કરી હતી કે "આજના જાહેર જીવનની ધમાલ અને વચ્ચે ઘુમ્મરાડાનો આચાર્ય ભાવે શાન્ત નરમ અવાજ વધારે ને વધારે લોકો સાંભળશે અને તેમને એ સત્યનું ભાન કરાવશે કે રાજદ્વારી પુરૂષો જે માપગજ હંમેશા રજુ કરે છે તે કરતાં આપણી સિદ્ધિઓને માપવા માટે કોઈ બીજો જ માપગજ હસ્તી ધરાવે છે." આચાર્ય વિનોબાને અંજલિ આપતાં તેમણે વિશેષમાં જણાવેલું કે "તેમને મળવું અને એક સુકલકડી શરીર ઉપર આત્મતત્વ કેવી રીતે વિજયી નીવડે છે તેનો ફરી ફરીને અનુભવ કરવો એ હંમેશા આલ્હાદક અને સંતોષજનક લાગે છે."

આ રીતે વિનોબા ભાવે–પ્રેરિત અને સંચાલિત ગ્રામદાન આન્દોલનને સંપૂર્ણ અર્થમાં અખિલ ભારતીય રૂપ મળ્યું છે અને આજે દેશના રાજકારણમાં મહત્ત્વ ધરાવતા રાજકીય પક્ષો તરફથી હાર્દિક અનુમતિ પ્રાપ્ત થઇ છે. અને એ ઉપરથી આશા બંધાય છે કે આપણે ત્યાં જમીનસાથે ગામડાની નવરચનાનો પ્રશ્ન અન્ય દેશો કરતાં વધારે સરળતાથી અને કાયદા કે શસ્ત્રની ખળજબરી સિવાય ઉકેલાશે. આ નૂતન પરિસ્થિતિએ ગ્રામદાન આન્દોલનમાં રહેલી ભવ્ય શકયતાનું આપણને વિશિષ્ટ ભાન કરાવ્યું છે. આ આન્દોલનને બને તેટલો વેગ આપવામાં આપણે સૌ પૂરો સાથ આપીએ, અને અહિંસક ક્રાન્તિને સફળ અને સાર્થક બનાવવામાં આપણી શક્તિનો પૂરો ઉપયોગ કરીએ–એ જ આપણ સર્વના દિલની આકાંક્ષા અને પ્રાર્થના હો!

"સિદ્ધિવાદ વિરૂધ્ધ સાધનવાદ" વિષે એક ખુલાસો

તા. ૧–૮–૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં 'સિદ્ધિવાદ વિરૂદ્ધ સાધનવાદ' એ મથાળા નીચે એક નોંધ લખવામાં આવી હતી. તે નોંધ ભૂદાન આન્દોલનના અંગ્રેજી મુખપત્ર 'ભૂદાન' માં પ્રગટ થયેલ P. H. P. ની સહીથી પ્રગટ થયેલ એક લખાણના એક વાકય ઉપર તેમ જ તા. ૮–૬–૫૭ ના 'સંદેશ' માં પ્રગટ થયેલ વિનોબાજીના અંગત મંત્રી શ્રી વલ્લભસ્વામીના છાપાવાળાઓ સાથેના વાર્તાલાપમાંના અમુક ફકરા ઉપર આધારિત હતી.

P. H. P. નું વાકય હતું: "વિનોબાએ કહ્યું કે "જો એમને લાગશે કે બીજો રસ્તો નથી તો પોતે જાહેર રીતે હિંસાનો આશરો લેશે." આ વાકય આગળ પાછળનાં વાકયો સાથે જોડાયેલું હતું જેનો તે અવતરણ કરતી વખતે મને ખ્યાલ નહોતો. એ આખો ફકરો નીચે મુજબ હતો:–

"If may be asked if there is any hope of all this being realised in the near future? Vinobaji said that he would openly resort to violence if he felt that there was no other way. But he was convinced that in the second half of the twentieth century with all the developments of science, violence would defeat itself. Non–violence was the only way of deliverence."

અર્થાત: "વળી કોઇ એમ પૂછે કે નજીકના ભવિષ્યમાં આ બધું સિદ્ધ થવાની કોઈ આશા છે ખરી? વિનોબાએ જણાવ્યું કે જો તેમને લાગશે કે બીજો કોઈ રસ્તો નથી, તો પોતે જાહેર રીતે હિંસાનો આશરો લેશે. પણ તેમને પૂરી ખાત્રી થઇ ચુકી છે કે વિજ્ઞાનના અનેકમુખી વિકાસપૂર્વકના–વીશમી સદીના–આ પશ્ચાદ્‌ર્ધમાં હિંસા પોતાને જ નિષ્ફળ બનાવશે. અહિંસા એજ માત્ર ઉધ્ધારનો માર્ગ છે."

વલ્લભસ્વામીનો અવતરિત ફકરો નીચે મુજબ હતો. "વિનોબાજીએ પાંચ કરોડ એકર જમીન ન મળે તો સામ્યવાદી બની જવાની વાત નથી કરી, પરંતુ તેમણે તો જો અહિંસા અને પ્રેમથી જમીનનો પ્રશ્ન ન ઉકલે, તો તેમની ઉપર સામ્યવાદમાં વિશ્વાસ રાખવાની ફરજ લાદવામાં આવશે એવી માન્યતા વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે આ સિવાય બીજો કોઈ વિકલ્પ તેમના માટે રહેતો નથી." આ ફકરા સંબંધમાં શ્રી વલ્લભસ્વામી તરફથી જાણવા મળે છે કે આવી મતલબનું તેમણે એ પ્રસંગે કશું જ કહ્યું નથી અને તેના સમર્થનમાં અમદાવાદના ભૂદાનકાર્યકર શ્રી સૂર્યકાન્ત પરીખ જણાવે છે કે "છાપાવાળાઓના તે દિવસના વાર્તાલાપ પ્રસંગે હું હાજર હતો. વલ્લભસ્વામીના મોંમાં 'સંદેશ'ના પ્રતિનિધિએ તદ્દન ખોટા જ શબ્દો મૂકયા છે. વિશેષમાં એ જ દિવસના ગુજરાત સમાચાર તથા જનસત્તા કે જેમાં આ વાર્તાલાપ–પ્રસંગ પ્રગટ થયો છે તેમાં વલ્લભસ્વામી ઉપર મુજબ બોલ્યાનો કશો પણ ઉલ્લેખ નથી." આગળ વધતાં ભાઇ સૂર્યકાન્ત જણાવે છે કે "આ બધું થયા પછી સણોસરામાં મળેલ નયી તાલીમ સંઘની સભામાં શ્રી જુગતરામભાઇ અને શ્રી બબલભાઇ–ને પણ વલ્લભસ્વામી સાથે ખુલ્લી વાતો થયેલી. શ્રી બબલભાઈએ તેમને સીધુંજ પૂછેલું કે "વિનોબા સામ્યવાદી થઇ જાય, એટલે કે હિંસાનો આશ્રય લે. બીજા અર્થમાં કહીએ તો સાધનવિવેક ચૂકે એવું તમે સાચે જ માનો છો?" ત્યારે તેમણે કહેલું કે "અરે, વિનોબા તો કોઈને પણ મારે એવો માણસ નથી–તે કદી હિંસક થાય જ કેવી રીતે?"

આમ એક અધુરું અવતરણ અને બીજું ગેરસમજુતી પેદા કરે એવા છાપાના બીનપાયાદાર સમાચાર–એ બે ઉપર આધારિત કરવામાં આવેલી ચર્ચા અને તર્કધારાની હવે કોઇ ખાસ ઉપયોગીતા કે પ્રસ્તુતતા રહેતી નથી એટલું એ નોંધ અંગે ખુલાસો કરતાં હું મનનું હળવાપણું અનુભવું છું.

શ્રી ઠાકોરભાઈ દેસાઈનું કોંગ્રેસઝનુન

અમદાવાદ શહેરમાં તા. ૧૬–૮–૫૭ ના રોજ અમદાવાદ શહેર યુવક કોંગ્રેસ તરફથી ગુજરાત વિદ્યાપીઠમાં શ્રી મગનભાઈ દેસાઈના પ્રમુખપણા નીચે એક ચર્ચા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં 'યુવક અને શીસ્ત' તેમ જ 'કોંગ્રેસ સંગઠન' અંગે જુદા જુદા યુવાનોએ પોતાનાં મન્તવ્યો રજુ કર્યા હતા. આ પ્રસંગે તા. ૧૮-૮-૫૭ ના 'ગુજરાત સમાચાર'માં જણાવવામાં આવ્યું છે તે મુજબ ગુજરાત પ્રદેશ સમિતિના મંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઇએ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે "આજે સત્તા મારફતે પોતાના વિચારને અમલમાં મૂકવા માગતા કેટલાક પક્ષો લોકોને વિચાર કરતા અટકાવવાનું કામ કરે છે. ભૂદાનવાળા પણ હિંદુસ્તાનમાં લોકો જેમ બને તેમ ઓછામાં ઓછો વિચાર કરે એ રીતે કામ કરી રહ્યા છે. આજે આ રીતે સત્તા કબજે કરવાનો પ્રયોગ ચાલી રહ્યો છે!" આથી આગળ વધીને તેમણે જણાવ્યું હતું કે "પી. એસ. પી વાળા, સામ્યવાદીઓ અને ભૂદાનવાળા પણ બધા એકમેકથી વિરૂદ્ધ હોવા છતાં આજે એક થઈ રહ્યા છે અને કોંગ્રેસનો ઉચ્છેદ કરવા નીકળી પડ્યા છે." તેમણે વિશેષમાં એમ પણ જણાવ્યું હતું કે "ભૂદાન પાર્ટી પણ પોલીટીકલ પાર્ટી છે. ભૂદાનવાળાઓને સામાન્ય લોકોની સેવા કરવી નથી. રાજ્યની સત્તા કબજે કરવાનો ઘાટ પાર પાડવો છે. એ બધા પક્ષોને લોકોના વિચારને રૂંધીને સત્તા હાથ કરવી છે."

ભૂદાન જેનું આજનું નવું રૂપ ગ્રામદાન છે તે આન્દોલન અને તેના સંચાલકો વિષે ઉપર કરવામાં આવેલા આક્ષેપો અણઘટતા છે, અને કોંગ્રેસમાં શ્રી ઠાકોરભાઈ જે વિશિષ્ટ સ્થાન ધરાવે છે તે કોંગ્રેસની પ્રતિભાને હીણપત પહોંચાડનારા છે. જેમ બીજી બાબતોનો મુક્ત પ્રચાર ચાલે છે તેમ ભૂદાનવાળા પોતાના વિચારનો મુક્ત પ્રચાર કરી રહ્યા છે. પણ તેમાં અન્યને વિચાર કરતા અટકાવવાપણું કે અન્યના વિચારને રૂંધવાપણું ક્યાં આવે છે તે કલ્પનામાં આવતું નથી. વળી સત્તા કબજે કરવાની વાત તો દૂર રહી; સત્તાથી ભૂદાનવાળા ભાગે છે અને ભડકે છે એવો તેમની ઉપર આક્ષેપ છે. જેમ ધર્મઝનુન, એમ પક્ષઝનુન પણ માનવીને અપ્રમત્ત બનાવે છે. શ્રી ઠાકોરભાઈની વાણીમાં

જે પ્રમત્તતા અને ઉગ્રતા દેખાય છે તે પાછળ તેમનું કૉંગ્રેસઝનુન પ્રગટ થાય છે જે ખરેખર દુઃખદ છે. નાનાં માણસને સમજાવી શકાય, સુધારી શકાય. પાકટ રીઢા સમાજસેવકને કોઈ સમજાવી કે સુધારી શકે તેમ છે જ નહિ. આમ છતાં પણ ગ્રામદાન આન્દોલન અંગે તાજેતરમાં માઈસોર નજીક ઈલિવેલ ખાતે મળેલ સર્વપક્ષ સંમેલને અને એ સંમેલનમાં ભાગ લેનારા આપણા દેશના અગ્રગણ્ય નેતાઓએ ગ્રામદાનને જે મુક્તકંઠે અંજલિઓ આપી છે તે ધ્યાનમાં લઈને શ્રી ઠાકોરભાઈ દેસાઈ પોતાનું ભૂદાન વિષેનું વળણ કાંઈક હળવું, નરમ અને વાસ્તવિકતાને અનુકુળ બનાવશે એવી આપણે આશા રાખીએ.

કૉંગ્રેસ મોટી કે ભૂદાન મોટું ?

એ જ યુવક કૉંગ્રેસ સંમેલનમાં પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી મગનભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે "Bhoodan is not greeter than Congress–"ભૂદાન પ્રવૃત્તિ કૉંગ્રેસ કરતાં વધારે મોટી નથી." કૉંગ્રેસ વિષે અનુપમ નિષ્ઠા દાખવવાની આ એક રીત છે, પણ વસ્તુતઃ ભૂદાન અને કૉંગ્રેસ વચ્ચે આવી સરખામણી કરવી એ યોગ્ય નથી. કૉંગ્રેસ એક વર્ષોજુની અને જટિલ બંધારણબધ્ધ રાજકીય સંસ્થા છે; ભારતનો સરકારી વહીવટ તેના હસ્તક છે; ભારતના રાજકીય, સામાજિક તેમ જ આર્થિક બધા પ્રશ્નો સાથે તેની કાર્યવાહી ગાઢ સંબંધ ધરાવે છે. ભૂદાન કોઈ રાજકીય પક્ષ નથી; તે હજુ એક ઉગતી વિકાસ પામતી વિચારસરણી છે; તેનો કાર્યપ્રદેશ જમીન અને ગામડાના પ્રશ્નોનો ઉકેલ શોધવા પૂરતો મર્યાદિત છે; ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો સંમત કરે તેવું તે આંદોલનનું સામાન્ય સ્વરૂપ છે. આવી અનેક પક્ષોને સુમાન્ય બને તેવી એક પ્રવૃત્તિને કૉંગ્રેસ સાથે સરખાવવી અને તે કરતાં કૉંગ્રેસ વધારે મોટી છે એમ જાહેર કરવું તે એક વહેતા જળપ્રવાહને વીકટોરીઆ ન્યાન્ઝા જેવા કોઇ એક વિશાળ જળાશય સાથે સરખાવવા બરોબર છે. સામાન્ય લોકો આથી વિભ્રમમાં પડે અને કોણ કોનાથી વધારે મોટું નાનું એના અર્થવિહીન વાદ-વિવાદમાં ઉતરે અને સરવાળે બન્નેને નુકસાન થાય–એવું આ સરખામણીમાં રહેલું ભયસ્થાન છે.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓને ધન્યવાદ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ જૈન સમાજની એક સુપ્રસિદ્ધ સંસ્થા છે. મુંબઈમાં શિવ ખાતે લગભગ ૭૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું વિશાળ તેનું છાત્રાલય છે. તેની એક શાખા પ્રીન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલા પીરભાઈ બીલ્ડીંગમાં છે, જ્યાં આશરે ૩૬ વિદ્યાર્થીઓને રાખવાની સગવડ છે. આજથી લગભગ ૪૦ વર્ષ ઉપર જૈન સમાજના તમામ ફીરકાના વિદ્યાર્થીઓ માટે સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ અને સ્વ. મણિલાલ મોકલચંદ શાહ–એ બે મિત્રોએ પોતાની સંયુકત વ્યાપારી પેઢીમાંથી રૂા. ૩૫૦૦૦ ની સંપાવત કરીને આ સંસ્થાની શરૂઆત કરી હતી. આ વિદ્યાર્થીગૃહ માટે એક સમૃદ્ધ પુસ્તકાલય ઉભું કરવાની સંચાલકોની કંઈ સમયથી ધારણા છે, પણ સંસ્થાની ચાલુ આર્થિક પરિસ્થિતિ તંગ હોવાના કારણે તે ધારણા હજુ મૂર્ત સ્વરૂપને પામી શકી નથી. છેલ્લા ઓગસ્ટ માસ દરમિયાન વિદ્યાર્થીગૃહના–ખાસ કરીને શીવ ખાતેના છાત્રાલયના–વિદ્યાર્થીઓના દિલમાં સહજપણે એવો વિચાર સ્ફુર્યો કે આપણે કાંઈક પુરૂષાર્થ કરીને આ પુસ્તકાલયનો પાયો નાંખીએ. પરિણામે તેના લાભાર્થે એક સીનેમા શો યોજવાનું તેમણે નક્કી કર્યું. મેસર્સ કપુરચંદ બ્રધર્સવાળા ભાઈશ્રી કેવળચંદે પોતાનું રોકસી થીએટર કશું પણ વળતર લીધા સિવાય આ સીનેમા શો માટે વાપરવા આપવાનું કબુલ કર્યું. 'પરિણીતા' નામનું ચિત્રપટ બહુ ઓછા વળતરથી તેઓએ નક્કી કર્યું, અને તા. ૩૧-૮-૫૭ શનીવારના પ્રસ્તુત સીનેમા શો ગોઠવાયો. જણાવતાં આનંદ થાય છે કે લગભગ આઠ દશ દિવસના ગાળામાં તેમણે આ બધી બાબતોનો પ્રબંધ કર્યો, ટીકીટો ખપાવી અને ટીકીટ વેચાણ તેમજ પુસ્તકાલય માટે મેળવેલાં નાનાં મોટાં દાનો દ્વારા તેમણે આશરે રૂા. ૫૦૦૦ ની રકમ એકઠી કરી અને એ રીતે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના પુસ્તકાલયનો પાયો નાંખ્યો. આવી સ્વયંસ્ફુર્તિ, પુરૂષાર્થ અને ઉત્સાહ દાખવવા માટે અને સંસ્થાના કાર્યમાં મહત્ત્વની પુરવણી કરવા બદલ અને એ રીતે એક નવી પરંપરા ઉભી કરવા બદલ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓને ધન્યવાદ ઘટે છે. આવી રીતે અન્ય છાત્રાલયના વિદ્યાર્થીઓ પણ પોતપોતાની સંસ્થા સાથે તાદાત્મ્ય કેળવે. અને સંસ્થાની સંસ્કારસમૃદ્ધિમાં વધારો કરે એવી તેમના વિષે આશા અને અપેક્ષા રાખવામાં આવે છે. **પરમાનંદ**

શ્રી. જૈનેન્દ્રકુમાર સંઘના કાર્યાલયમાં

હિંદી સાહિત્યના પ્રસિદ્ધ લેખક, ચિન્તક અને નવલકથાકાર શ્રી. જૈનેન્દ્રકુમાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને તા. ૨૪-૮-૫૭ શનીવારના રોજ સાંજના સમયે સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા. સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમને ઉચિત શબ્દોમાં આવકાર્યા હતા. પછી શ્રી. સુરજચંદ્ર ડાંગીએ તેમનો સવિશેષ પરિચય કરાવ્યો હતો અને તેમની લેખનશૈલીનો અને ઘેરી ચિન્તનશીલતાનો સવિસ્તર ખ્યાલ આપ્યો હતો. ત્યાર બાદ શ્રી. જૈનેન્દ્રકુમારે અનેક વિષયોની ચર્ચા કરી હતી અને અહિંસાનો આદર્શ અને માનવી જીવનની વાસ્તવિકતા એ બે વચ્ચે મેળ કેમ મેળવવો એ વિષે વિચારપ્રેરક આલોચના કરી હતી. તેમની તબિયત તે દિવસે નાદુરસ્ત હતી, તાવ હતો, એમ છતાં પણ નિયત સમયે સંઘના કાર્યાલયમાં આવી પહોંચ્યા હતા, એટલું જ નહિ પણ, લગભગ એક કલાક સુધી તેમણે એકધારું વિવેચન કર્યું હતું. તેમના કથનનો કેટલોક ભાગ ગૂઢ હતો અને તેથી તેમના વિવેચનના તાત્પર્યને પકડવું મુશ્કેલ લાગતું હતું. એમ છતાં સરસ્વતી અને સાહિત્યના એક આજીવન ઉપાસકને–એટલું જ નહિ પણ એક મૌલિક ચિન્તકને–મળવું અને તેમને સાંભળવા એ સભામાં હાજર રહેલાં અનેક ભાઈ બહેનો માટે આલ્હાદપ્રેરક પ્રસંગ હતો. તેમનું વિવેચન પુરું થયા બાદ થોડીક ચર્ચા થઈ હતી અને ત્યાર બાદ આભાર-નિવેદન પૂર્વક તેમનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

શરદ પૂર્ણિમા નૌકાવિહાર

આગામી ઓકટોબર માસની આઠમી તારીખ મંગળવાર–**શરદ પૂર્ણિમા**ની રાત્રીના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી માત્ર સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે એક નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ માટે નિયત કરેલી સ્ટીમ લોંચ **'બગદાદી'** એપોલો બંદરથી બરોબર આઠ વાગ્યે ઉપડશે અને અગિયાર વાગ્યે પાછી ફરશે. આ નૌકાવિહારમાં જોડાવા ઇચ્છનારે નાની મોટી દરેક વ્યક્તિ દીઠ રૂ. ૩ સંઘના કાર્યાલય (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ) માં ભરીને પાસ લઈ જવાના રહેશે. વિહાર દરમિયાન સૌને દૂધ-પૌઆ આપવામાં આવશે, બે વર્ષ નીચેનાં બાળકો માટે કશું લેવામાં નહિ આવે. વિહારમાં જોડાવા ઇચ્છનારે જરૂરી વાડકા અને ચમચી સાથે લાવવાના રહેશે. માત્ર ૨૦૦ ભાઈબહેનો માટે આ નૌકાવિહાર યોજાયેલો હોઇને તેમાં ભાગ લેવા ઈચ્છનાર સભ્યોને પોતપોતાનાં પાસો સત્વર મેળવી લેવા પ્રાર્થના છે. સભ્યો અને તેમનાં કુટુંબીજનો વચ્ચે પરસ્પર ભાઈચારો કેળવાય અને સમુદ્રના વિશાળ પટ ઉપર રેલાતી શરદ પૂર્ણિમાની મનોરમ ચાંદની સૌ કોઈ સાથે માણે એ હેતુથી આ નૌકાવિહાર યોજવામાં આવ્યો છે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

વિષય સૂચિ		પૃષ્ઠ
ભારતીય સંસ્કૃતિનો દ્વિમુખી પ્રવાહ	સ્વામી અખંડાનંદ	૯૭
બાલશિક્ષણપ્રેમી સ્વ. મોંઘીબહેન બધેકા	નર્મદાબહેન રાવળ	૯૮
બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ	પરમાનંદ	૯૯
પ્રકીર્ણ નોંધ: ગ્રામદાન આન્દોલનને મળેલો સર્વપક્ષી આવકાર, "સિદ્ધિવાદ વિરૂદ્ધ સાધનવાદ" વિષે ખુલાસો, શ્રી ઠાકોરભાઈ દેસાઇનું કૉંગ્રેસઝનુન, કૉંગ્રેસ મોટી કે ભૂદાન મોટું ?, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓને ધન્યવાદ	પરમાનંદ	૧૦૧
સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચના તરફ	ઉ. ન. ઢેબર	૧૦૪

સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચના તરફ

Towards a Socialistic Co-operative Commonwealth

(આજથી બે વર્ષ પહેલાં ભરાયલા કૉંગ્રેસના અવાડી–અધિવેશનમાં જાહેર કરવામાં આવ્યું હતું કે કૉંગ્રેસનું લક્ષ્ય છે ભારતની સમાજવાદી ઢબની–Socialistic Pattern of Society–ઉભી કરવાનું. આ લક્ષ્યને Socialistic Co-operative Commonwealth–સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચના–એમ બીજી રીતે પણ વર્ણવવામાં આવે છે. દેશમાં ઉભી થયેલી ભિન્ન ભિન્ન વિચાર-સરણીઓ અને કલ્પાયલી ભિન્ન ભિન્ન સમાજરચનાના અનુસંધાનમાં કૉંગ્રેસે કલ્પેલી આ સમાજવાદી સંમીલિત સહકારી રાજ્યરચના કેવી હશે અને તેની શું શું વિશેષતાઓ હશે એ સંબંધમાં કૉંગ્રેસના પ્રમુખ શ્રી ઉછરંગરાય ન. ઢેબરે એક ચિન્તનપૂર્ણ અને પ્રમાણભૂત નિવેદન ઓગસ્ટ માસના એ. આઈ. સી. સીના 'ઇકોનોમિક રીવ્યુ' માં બહાર પાડ્યું છે. પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા ધારેલ તે નિવેદનના અનુવાદનો પહેલો હપ્તો નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

આપણું ધ્યેય છે—સમાજવાદી સહકારી સંમીલિત સહકારી રાજ્યરચના ('Socialistic Co-operative Commonwealth'). સમાજવાદના ક્ષેત્રમાં ઓવનવાદી, માર્ક્સવાદી, ફેબિયન, ક્રિશ્ચિયન, સમાજ-વાદી ઇત્યાદિ ઘણી વિચારધારાઓનો સમાવેશ થાય છે. પ્રજા સમાજવાદી પક્ષ પણ સમાજવાદમાં માને છે. તેવી રીતે સામ્યવાદી પક્ષ પણ સમાજવાદમાં શ્રદ્ધા ધરાવે છે. અગાઉ જેની લોકો ચર્ચા કરતા હતા તે મંઝિલને કૉંગ્રેસે નિશ્ચિત કરી–તેને બે વરસથી વધારે સમય થઈ ગયો છે. તેની મુખ્ય મુખ્ય બાબતો પંડિત જવાહરલાલજીએ સમજાવી છે. આમ છતાં આ વિષય પર નિર્ણયાત્મક દૃષ્ટિકોણથી વધુ વિચાર કરવામાં આવ્યો નથી. આ વિષય અંગેના અંતિમ વિચારમાં ઓટલોજ તકલાદત છે કે સર્વ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવે છે, અને આ પ્રશ્નો એવા છે કે તે દ્વારા તે પ્રશ્નો કરનારની ભારતની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગેની અનભિજ્ઞતા જાહેર થાય છે અને આ કારણોએ જ આપણને આપણી નવી મંઝિલને તથા સમાજવાદી સંમીલિત સહકારી સ્વરાજ્યના અર્થ અને સ્વરૂપને નિશ્ચિત કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે તેમજ તેની સ્થાપના કરવા માટે પગલાંઓ લેવા માટે આપણને વિચારતા કર્યા છે.

આપણા સામાજિક–આર્થિક પરિસ્થિતિના માળખામાં ક્રાંતિકારી અને આમૂલ તેમજ ઝડપી પરિવર્તન લાવવા અંગે આપણામાંની દરેક વ્યક્તિ એકમત હોવા અંગે હું આશંકા સેવું છું, અને તે માટે હું કોઇને દોષિત ઠરાવવા માગતો નથી. ભારતીય સમાજ તેની રૂઢી-ચુસ્તતા માટે મશહૂર છે. બીજી કોઇ પણ સંસ્કૃતિના ટુકડે–ટુકડા કરી નાખે એવી મુસ્કેલીઓના પહાડો સામે ટક્કર લઇને રૂઢિચુસ્તતા અદ્યાપિ જીવંત રહી છે. તો હવે પ્રશ્ન આ છે કે આપણે આપણા દેશની સામાજિક–આર્થિક પરિસ્થિતિના માળખાનું મૂળભૂત પરિવર્તન કરવાની જરૂર શા માટે છે ?

આ ઉપરાંત એમ પણ પૂછવામાં આવે છે કે "આપણા વિકાસ માટે બ્રિટન તથા અમેરિકાએ અખત્યાર કરેલી રીતી–પદ્ધતિઓ–જે કેટલી બધી મુસ્કેલીઓ હોવા છતાં પરિણામે કલ્યાણકારી–તેમજ લાભ-પ્રદ–સાબિત થઈ છે–તે શા માટે આપણે અખત્યાર ન કરીએ ? આપણે સમાજવાદ જ શા માટે સ્વીકારીએ છીએ ? સમાજવાદે તો હજી તેની પોતાની ઉપયોગિતા સિદ્ધ કરવાની છે." આપણને એમ પણ પૂછવામાં આવે છે કે "જો તમે સમાજવાદ ઇચ્છતા હો તો સામ્યવાદીઓનો સાથ શા માટે નથી મેળવતા ? કારણ કે ઓછામાં ઓછું આજની સ્થિતિમાં તેમનામાંથી એવા અનુભવી લોકો મળશે કે જેમનું માર્ગ-દર્શન આપણને પ્રારંભમાં ભારે મદદરૂપ બની શકશે." છેવટે આપણને એમ પણ પૂછવામાં આવે છે કે "જો આપણે કોઈ નવી ચીજ પ્રાપ્ત કરવાને માર્ગે જઈ રહ્યા છીએ તો શા માટે ગાંધીજીની સલાહ ન માનીએ ? અને શા માટે 'સર્વોદય સમાજ' ને અર્થે કાર્ય ન કરીએ ?" કૉંગ્રેસી નેતાગીરીએ ઉક્ત પ્રશ્નોનો ઉત્તર આપવાનો છે.

તો હવે હું આ નીચે આપેલા પ્રશ્નોનો એક પછી એક ઉત્તર આપવાની કોશીષ કરીશ:

(૧) જેના પરિણામે આપણા સમસ્ત સમાજનું સંપૂર્ણ પુન-નિર્માણ થાય એવું પરિવર્તન સાધવા માટે આટલી બધી ઉતાવળ શા માટે ?

(૨) આપણે બ્રિટન અથવા અમેરિકાએ અખત્યાર કરેલી પદ્ધતિ શા માટે અખત્યાર નથી કરતા ? નથી કરી શકતા ?

(૩) સામ્યવાદનો સ્વીકાર શા માટે ન કરીએ ?

(૪) સર્વોદય શા માટે નહિ ?

(૫) સમાજવાદી ઢબનો સમાજ (Socialististic Pattern of Society) અથવા તો સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચનાની આપણી કલ્પના શી છે ? કયા તબક્કાઓ દ્વારા આપણે તે અમલી બનાવવા માગીએ છીએ ?

શીઘ્ર પરિવર્તનની આવશ્યકતા

પ્રશ્ન પહેલો : આપણી સામાજિક–આર્થિક રચનામાં શીઘ્ર પરિ-વર્તન લાવવાની શા માટે આવશ્યકતા છે ?

ઉત્તર : (૧) આપણો દેશ હવે એક સ્વતંત્ર રાષ્ટ્ર છે. કોઇ પણ દેશમાંની સ્વાતંત્ર્ય–પ્રાપ્તિ તેના ઇતિહાસમાં એક નવો ઝોક લાવે છે—એવું જ આપણા દેશમાં થયું છે. સ્વાતંત્ર્ય–પ્રાપ્તિ પછી, પ્રત્યેક દેશ માટે તેનું પોતાનું ભાવિ સત્વર નક્કી કરવાનું કર્તવ્ય થઇ પડે છે, અને તેના સંદર્ભમાં એ પણ જરૂરી છે કે પોતાની સમસ્યાઓનો તે કઈ રીતે ઉકેલ કરશે તેનો પણ તેણે વિચાર કરવાનો હોય છે.

(૨) પોતાની સમસ્યાઓનો લાંબ્દોર નિકાલ કરવા અર્થે કોઇ પણ દેશ સ્થિર અને શકિતશાળી હોય એ જરૂરી છે. કોઇ પણ એક દેશની રાજકીય સ્થિરતા વિવિધ બાબતો પર આધારિત રહે છે. તેમાંની કેટલીક અગત્યની બાબતો વિષે હવે હું ચર્ચા કરીશ.

(ક) દેશની જનતામાં એકતા: આ એકતા એટલે રાજકીય એકતા નહિ, એટલે કે રાષ્ટ્રના રાજબંધારણ પ્રત્યે લોકો આસ્થા દર્શાવે તેવી એકતા નહિ. આ એકતા યથાર્થ, વાસ્તવિક અને સર્વાંગી હોવી જોઇએ. સ્વાતંત્ર્ય માટેના સંઘર્ષમાં સફળતા મેળવવા પ્રજામાં જબર-દસ્ત શકિત પેદા થયી જોઇએ અને તે માટે પ્રજાના જીવનમાં રહેલા વિભેદક તત્વો નાબુદ થવા જોઇએ અને સુદૃઢ, સંગઠિત એકતાની પ્રતિષ્ઠા થવી જોઇએ. પણ આપણી બાબતમાં એમ બન્યું છે કે આપણામાં રહેલા વર્ગભેદો, જાતિભેદો, સંપ્રદાયભેદો નાબુદ થાય તે પહેલાં અસાધારણ ઐતિહાસિક સંયોગોની અનુકૂળતાના પરિણામે આપણને ધાર્યા કરતાં વધારે સહેલાઇથી અથવા તો જલ્દિથી આઝાદી પ્રાપ્ત થઈ છે. પરિણામે અંદર અંદરની એકતા—સાધનાની પ્રક્રિયા અધુરી જ રહી ગઈ છે. જાતિગત તેમ જ સાંપ્રદાયિક વફાદારીઓ તેમ જ અન્ય વર્ગીય લાગણીવિવશતાઓ હજુ પણ આપણને વિભકત કરી રહી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આ એકતાની સાધના પ્રમાણમાં સરળ બની છે, કારણ કે આપણામાં કુસંપનાં–જુદાઇનાં–બળોને સતત જીવતા રાખતાં બહારનાં સ્વાર્થી તત્વો હવે આપણા દેશમાંથી સદાને માટે દૂર થયાં છે. એમ છતાં પણ આપણામાં પરિપકવ એકતાનો અભાવ આપણી પ્રગતિનું રૂંધન કર્યા જ કરે છે અને આપણા જીવનમાં સ્થિરતા અને શકિતમત્તાની આબોહવા પેદા થવા દેતો નથી.

(ખ) સત્તાની ભૂખ: ભારતની નિષ્ફળતાનું બીજું પણ એક કારણ છે. રાષ્ટ્ર તરીકે આપણામાં સત્તાની કલ્પનામાં ન આવે એવી ઊંડી ભૂખ છે, નિર્બળતા છે. ભૂતકાળમાં ભારતીય રાજનીતિ—માટે આ એક અભિશાપરૂપ રહી છે. આપણી દળબંધી અને વર્ગીય વફાદારીઓના સ્થાને જીવનની અધિક વ્યાપક ધારણા સ્થાપિત કરવી જોઇશે અને સત્તાની ભૂખનું મીશનરીઓ જેવી ઉત્સાહયુકત ભાવનામાં રૂપાન્તર કરવું પડશે.

આ અન્તે બાબતો આપણી મનોવૈજ્ઞાનિક ઇચ્છાઓમાં સંશોધન અને પરિવર્તન માગી રહી છે. આપણી નવી ધારણાઓ અને આપણા

નવા ધ્યેય પ્રત્યે આપણે નવાં મૂલ્યો અર્પવાનાં છે. જાતિ–વફાદારી આપણને માત્ર નાનાં વર્તુળોમાં કામ કરવાયોગ્ય બનાવી શકે છે. અને આવું નાનું વર્તુળ એક સીમિત મર્યાદામાં જ વિચાર કરે છે અને બીજાં વર્તુળો સાથે ટકરાય છે–અથડાય છે. પરિણામે, દેશ નબળો પડે છે. તેવી જ રીતે, સત્તારથાને બિરાજેલા માનવો ઉપર જૂના સમયની સત્તાશાહીની મનોવૈજ્ઞાનિક અસર પડે છે અને તેથી ઘર્ષણો અને તકરારો–મતભેદો–ઉપસ્થિત થાય છે અને તેના પરિણામે પણ આપણો દેશ નબળો પડે છે.

(ગ) ધરતી પર અકથ્ય દુઃખો, મુસીબતો છે. આપણી જન-સંખ્યા ૩૬ કરોડની છે. વર્તમાન સમયમાં એક વ્યક્તિના જીવન–નિર્વાહ માટે ઓછામાં ઓછી દોઢ એકર જમીન જોઇએ. જો આપણે આંકડાઓ પ્રત્યે નજર કરીએ તો જણાશે કે અમેરિકામાં વ્યક્તિ દીઠ આઠ એકર જમીન છે અને રશિયાને બાદ કરતાં બાકી રહેલા યુરોપ અને યુનાઇટેડ કીંગડમમાં વ્યક્તિ દીઠ ત્રણથી ચાર એકર જમીન છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ આપણો દેશ વિકસિત નથી. ચીન અને એક બે બીજાં રાષ્ટ્રો છોડીને જો આપણે બીજાં રાષ્ટ્રો તરફ નજર કરીશું તો જણાશે કે તે દેશોમાં કયાંય પણ ખેતી પર આધાર રાખનારા લોકો ત્યાંની વસ્તીના ૫૦ ટકાથી વધુ નથી, જ્યારે ભારતમાં જનસંખ્યાના લગભગ ૭૦ ટકા લોકો ખેતી પર આધાર રાખે છે.

અને આ જ બધું નથી. આપણે વસ્તી–વધારામાં વિશ્વાસ ધરાવનારા લોકો છીએ. આપણી જન–સંખ્યામાં પ્રતિવર્ષે ૫૦ લાખનો વધારો થાય છે. કદાચને ઇ. સ. ૧૯૭૫ અથવા ૧૯૮૦ સુધીમાં આપણી જન–સંખ્યા પૂરા ૫૦ કરોડને આંબી જશે. આપણી ધરતી–જમીન–છે તેટલીને તેટલી જ રહેશે અને તે કારણે આપણે પેટ–પૂરતું ભોજન પ્રાપ્ત નહિ કરી શકીએ. વર્તમાન અને ભાવિ જવાબદારીઓ સાથે સાથે આપણી આર્થિક દશા એવી છે કે જો તેમાં આમૂલ, સમગ્ર અને ક્રાંતિકારી પરિવર્તન નહિ થાય તો, તે આપણને કીડી–મંકોડા જેવી જીંદગીથી વિશેષ કે અધિક અસ્તિત્વનું આશ્વાસન આપી નહિ શકે. અગર જો આપણામાં ક્રાંતિકારી ઉત્સાહ જેવી કોઇ ચીજ હોય તો આપણે એવી સ્થિતિને સ્વપ્નમાં પણ સ્વીકારી કે તેથી સંતોષ માનીને બેસી ન જ શકીએ.

(ઘ) **નવી જાગૃત્તિ:** જગત આગેકૂચ કરી રહ્યું છે. ટેકનોલોજીના ક્ષેત્રમાં અકલ્પનીય પ્રગતિ થઈ રહી છે. ભારતીય સમાજમાં પ્રતિભાની તંગી નથી. પરંતુ પ્રશ્ન તો છે સૌ માટે આવશ્યક વ્યવસ્થા કરવાનો. આ સમસ્યાનો કદી પણ નિકાલ નહિ થઈ શકે, જો આપણે આપણા રાષ્ટ્રને નવા યુગને યોગ્ય ન બનાવીએ, નવી સપાટી ઉપર કૂચ ન કરીએ અને જીવનનાં નવાં મૂલ્યો સાથે સમરસ ન થઇએ.

(ઙ) **પુખ્તવયમતાધિકાર:** (Adult suffrage) ઉપર આધારિત સ્વાતંત્ર્ય અને લોકશાહીએ લોકોને માત્ર રાજકીય બંધનોમાંથી જ નહિ, પરંતુ મનોવૈજ્ઞાનિક બંધનોમાંથી પણ મુક્ત કર્યા છે. ભારતીય જનતાને નવા હેતુઓનું મુલ્યાંકન કરવાનું શિક્ષણ આપવામાં આવ્યું છે. તેમની જાગૃત્તિ દિવસાનુદિવસ વૃદ્ધિ પામતી રહી છે. જો વૃદ્ધિ પામતી આ જાગૃતિને વધુ વિકાસશીલ કરવામાં નહિ આવે અને એવા એક રચનાત્મક કાર્યમાં ઉપયોગમાં લેવામાં નહિ આવે કે જેના પરિણામે જમાનાઓ–જૂની બેદરકારી, બેકાળજી, અપમાન, માનસિક લઘુતા–ગ્રંથિ, કષ્ટ, કડવાશ અને વ્યક્તિગત તથા સાંપ્રદાયિક અને વર્ગીય અન્યાયોની યાદદાસ્તોથી મુક્ત એવું તેમનું (ભારતીય જનતાનું) માનસ કાર્યક્ષમ–કાર્યયોગી બને, તો ભારત એક ભયાનક કટોકટી પેદા કરશે.

જ્યાં સુધી જનતાને–લોકોને એક મહાન અને ઉમદા ધ્યેય દ્વારા ઉત્સાહિત કરવામાં ન આવે અને તેમને પોતાના પ્રયત્નોને અંતે સંપૂર્ણ ન્યાય પ્રાપ્ત થશે એવી ખાતરી આપવામાં ન આવે ત્યાંસુધી લોકોનો એક સંગઠીત, શક્તિશાળી અને સંયુક્ત જનસમૂહ રચી શકાતો નથી, તેમ જ સૌના હિત માટે, સૌના વિકાસ માટે, સર્વોત્કૃષ્ટ કાર્ય કરવા માટે તેમને યોગ્ય બનાવી શકાતા નથી–એમ અનુભવ આપણને બતાવે છે. ન્યાય તથા સમાનતાનાં સિદ્ધાંતો ઉપર આધારિત એક સામાજિક રચના–વ્યવસ્થા એ માત્ર રાજ્યબંધારણમાં સમાવેશ કરવા માટેનું એક સૂત્ર નથી, કે ન્યાયાધીશો માટે અર્થ ઘટાવવાની બાબત નથી કે નથી વકીલો માટે દલીલો કરવાની ચીજ. વસ્તુતઃ, ભારતીય ક્રાંતિનો એકમેવ (ખાસ) હેતુ તેમાં નિહિત છે અને સંપૂર્ણ મુક્તિ માટેના આપણા નવા સંઘર્ષની ભાવનાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને હંમેશાને માટે એ પ્રકારનો સમાવેશ તેમાં સૂચિત રહેવાનો છે.

જૂની પદ્ધતિઓ હવે કામ નહિ આવે

તેથી, જો ભારતે એક રાષ્ટ્રમાં બદલાવું હશે, જો હિંદીઓએ તેમની સત્તાભૂખ અને સત્તાકાંક્ષા જેવી નબળાઇઓમાંથી છૂટકારો મેળવવો હશે, જો આપણે આપણા રાષ્ટ્રને સામાજિક–આર્થિક કટોકટીઓમાંથી મુક્ત કરવો હશે, જો આપણે દુનિયામાંનાં બીજાં રાષ્ટ્રો અને લોકોની સાથે સાથે પ્રગતિમાર્ગે કૂચ કરવી હશે અને આગળ વધવું હશે, જો આપણી જનતાની વૃદ્ધિ પામતી જાગૃતિનો રચનાત્મક કાર્યોમાં ઉપયોગ કરવો હશે, **તો** તેનો માર્ગ, તેનો ઉપાય આપણા ૨૫૦ વર્ષ–પૂરાણા ઇતિહાસનાં પુસ્તકોમાં નહિં સાંપડે. તેનાં કારણો નીચે મુજબ છે:–

૧ જૂના સમયમાં જેઓ ઇતિહાસ ઘડી રહ્યા હતા તેમને આ સમસ્યાઓમાં દિલચસ્પી ન હતી. તેમને તો દિલચસ્પી હતી માત્ર પોતાનાં સંકુચિત હિતોમાં; અને તેથી જનતામાંની વિશેષ ભાગની વ્યક્તિઓનું જીવન નોકરોની–ગુલામોની–જીંદગી પૂરતું સીમિત રહ્યું હતું.

૨ જે સમસ્યાઓનો આજે આપણે સામનો કરી રહ્યા છીએ તે સમસ્યાઓ આજના સ્વરૂપમાં તે સમયે મોજૂદ નહોતી. આપણી ભૂમિકા ભજવવા માટે રંગમંચ નિરાળો છે અને ભૂમિકા પણ આપણે ભિન્ન ભજવવાની છે.

તેવી જ રીતે, કેવળ જૂની પદ્ધતિઓ અપનાવીને આપણે આપણા ધ્યેયોની સાધના કરી નહિ શકીએ. ૨૦૦ વર્ષ પહેલાં પણ આ પુરાણી પદ્ધતિઓ નાકામિયાબ સાબીત થઈ હતી. તેથી તો વીસમી-સદીના ભારતની સમસ્યાઓના કાર્ય અને ઉકેલ અર્થે તે પદ્ધતિઓ કેટલીયેગણી ખીનજરૂરી અને બીનઉપયોગી છે.

દૃષ્ટાંત તરીકે, રાજ્ય (The State)નું દૃષ્ટાંત લઇએ. ભારના અને આજના રાજ્યની ધારણા–કલ્પનામાં–(Concept)માં શું સમાન છે? આજે રાજ્યને એક સંરક્ષક અને અભિભાવક (Welfare) તરીકે કામ કરવું પડે છે કે જેથી તે જીવનના એક ઉપયુક્ત સ્તર ઉપર આધારિત–વધતી જતી વસ્તીની વધતી જતી આવશ્યકતાઓની–પૂર્તિ કરી શકે, જે સ્તર જૂના સમયમાં અમુક ભાગ્યશાળી અને વિશેષાધિકાર–પ્રાપ્ત વ્યક્તિઓ માટે જ સુરક્ષિત રહેતું હતું. શું કોઈ એક વર્તુળ માટે કે શું સામંતશાહી ધારણા ઉપર આધારિત રહીને કોઇ પણ રાજ્ય આ કાર્યને પાર પાડી શકે તેમ છે ખરું? ગૌરવ, શકિત અને અધિકારના પ્રતીક જેવા વ્યક્તિગત રાજ્ય માટે, અથવા તો જે રાજ્ય કોઈ એક વર્તુળ માટે કાર્ય કરતું હોય તેવા રાજ્ય માટે, આધુનિક ભારતમાં કોઇપણ સ્થાન નથી. જનતાની ઇચ્છાના સાધન તરીકે આપણે રાજ્યને સમજવું જોઇએ અને તેનું એક માત્ર કર્તવ્ય લોકોની વફાદારીપૂર્વક સેવા કરવાનું જ હોવું જોઇએ, અને આ ત્યારે જ થઈ શકે કે જ્યારે જૂના સમાજના માળખાં સાથે સંકળાયેલી અને હજી સુધી પ્રવર્તમાન રહેલી ભ્રષ્ટાચાર, લાંચ–રૂશ્વતશાહી, લાગવગશાહી, વર્ગીય હિતોની ભાવના ઇત્યાદી અને એવી બીજી રાષ્ટ્રદ્રોહી ખામીઓથી, રાજ્ય, કલુષિત થયું ન હોય.

બીજું દૃષ્ટાંત લઇએ એકતાનું. શું આપણે આ ઉપ–ખંડના લોકોને અધિક ઉત્પત્તિ અને અપૂરતા ભોજનની જૂની માન્યતાઓના આધારે એક સાથે રાખી શકીશું? જાતિ, ધર્મ તથા સામાજિક ઊંચ–નીચની સ્થિતિમાં શું આપણે એકતા લાવી શકીશું? એકતા લાવવાના આપણા માર્ગમાં આ વર્ગીય, સાંપ્રદાયિક તથા સામાજિક ભેદ–ભાવ નિરંતર બાધક બની રહેશે. આથી બંનેને સંતોષવામાં આપણી સઘળી

શકિતનો વ્યય થઈ જશે. અર્થાત્ સમગ્ર સંપૂર્ણ રાષ્ટ્રના હિતો અને સીમિત વર્તુળોના હિતો વચ્ચે ઘર્ષણ અને ખેંચતાણ ચાલુ જ રહ્યા કરશે.

૩ ન્યાયની ખાત્રી અને સંપૂર્ણ વિશ્વાસના આધાર પર જ સાચી અને વાસ્તવિક એકતા તેમજ ઉન્નતિ રહેલી છે એમ આપણે સાંભળી રહ્યાં છીએ. તેથી આપણું રાજ્યબંધારણ કહે છે :–

(ક) આપણા સંબંધો, સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાય પર; વિચાર, અભિવ્યકિત, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા પર; સૌને સમાન દરજ્જો અને તક પર આધારિત રહેવા જોઇશે.

(ખ) વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત કરતી બંધુતા વધારવા માટે દૃઢ સંકલ્પિત થઇને આપણે આપણી જાતને તદર્થે સમર્પિત કરવી, જોઇશે અને–

(ગ) નાગરિકો, સ્ત્રીઓ તથા પુરૂષોની જીવનની આવશ્યકતાઓ સમાનતઃ સુરક્ષિત કરવી પડશે; જનતાનું શોષણથી રક્ષણ કરવું પડશે; અને આપણા દેશવાસીઓને સ્વસ્થ તેમજ શકિતશાળી બનાવવા પડશે.

૪ આપણે જો ભારતને નૈતિક તેમજ ભૌતિક હાનિથી બચાવવું હશે તો તેનો એક જ માર્ગ છે; અને તે માર્ગ એ છે કે સમસ્ત માનવીય તથા ભૌતિક સાધનોને ભેગાં કરીને તેનો નૈતિક તથા ભૌતિક વિકાસમાં ઉપયોગ કરવો. જૂના સમયના વ્યકિતગત હિતો કે વર્ગીય અને સાંપ્રદાયિક હિતો, ચાહે તે ગમે તેટલા મહત્ત્વપૂર્ણ કેમ ન હોય તો પણ, તેમને રાષ્ટ્ર–હિતથી ઉતરતે દરજ્જે રાખવા પડશે.

૫ અગર જો ભારતે પોતાના દલિત, ત્રાસિત, અપમાનિત, અવગણાયેલ અને દુઃખી એવા કરોડો માનવો પ્રત્યે ન્યાય કરવો હશે, અગર જો ભારતે પોતાની ક્રિયાત્મક પૂર્ણતાને સંપૂર્ણ રીતે સાકાર જોવી હશે, તો તેને માટે એક જ રસ્તો છે અને તે એ છે કે ભારત સામાજિક, આર્થિક અને રાજકીય અસમાનતાથી તેમજ ઊંચ–નીચ તથા અમીર–ગરીબ વગેરે ભેદભાવથી રહિત એક નવી વ્યવસ્થા–રચના સ્થાપિત કરે. જ્યાં સુધી આપણે સામાજીક–આર્થિક મૂલ્યોનું સમગ્ર પરિવર્તન નહિ કરીએ ત્યાં સુધી તેવી વ્યવસ્થા–રચના આપણે નહિ કરી શકીએ. તેથી આપણો ચુંટણી–મુસદ્દો કહે છે :–"માનવોની પરીક્ષા તેમના શ્રમ, તેમની રચનાત્મક અને ઉત્પાદક પ્રવૃત્તિઓ તેમજ સમાજ અને માનવતા પ્રત્યેની તેમની સેવાઓના આધાર ઉપર કરવામાં આવે." તથા "વર્ણ અથવા વર્ગ અથવા ધન અથવા પદપરંપરા પર આધારિત વિશેષાધિકારોના જૂના વિચારોને મનમાંથી કાઢી નાખવામાં આવે."

મૂલ્યોની અથડામણ

આજ સુધીની સ્પર્ધાપૂર્ણ અર્થ–વ્યવસ્થામાં રહેલાં બને તેટલો વધારે અંગત નફો મેળવવાનાં–પ્રલોભનો વર્ગીય અસમાનતાનું–વર્ગ–સંઘર્ષનું બીજારોપણ કરે છે. આ પ્રકારનો સમાજ અને એક બીજો સમાજ કે જે ન્યાય અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત છે, તે બંને, ખાસ કરીને ભારતના સંદર્ભમાં, પરસ્પર–વિરોધી છે.

તેથી આ જે આપણી સમક્ષ ચાલી રહેલ છે તે છે પરસ્પર–વિરોધી મૂલ્યોની અથડામણ, સામાજિક ન્યાય માટેની લડાઈ. આ લડાઈ છે, સામૂહિક પ્રયત્નદ્વારા રાષ્ટ્રની મુકિતની, રાષ્ટ્રની ઉન્નતિની. દેશમાંના સંયોગો અને આપણા લોકોની હાલત આ જ માગી રહી છે. આપણે કોઇને દ્વેષિત ગણતા નથી. જૂનાં મૂલ્યોની વિરૂદ્ધમાં પણ આપણે નથી; તેમજ તેમાં અદ્યાપિ પર્યંત માનનારાઓની, વિશ્વાસ ધરાવનારાંઓની વિરૂદ્ધમાં પણ આપણે નથી. આપણી સમક્ષ વર્તમાન યુગ અને આપણી સંસ્કૃતિની વિશિષ્ટ પરિસ્થિતિદ્વારા ઉપસ્થિત થયેલી સમસ્યા છે કર્તવ્ય પ્રત્યે, ફરજ પ્રત્યે આપણે શીશ નમાવીએ અને આપણી પાસેથી જે માગણી કરવામાં આવી છે તેને પૂર્ણ કરીએ.

બ્રીટીશ અથવા તો અમેરિકન પધ્ધતિને આપણે કેમ અપનાવતા નથી ?

આનો વિગતેથી વિચાર થઈ શકે તેમ છે, પણ હું તો માત્ર થોડા અગત્યના મુદ્દાઓ જ રજુ કરીશ.

(ક) પોતાની સામે હકીકતોનો જે પાયો હોય તેની ઉપેક્ષા કરીને અને પોતાની સમસ્ત સાંસ્કૃતિક અને ઐતિહાસિક ભૂમિકાને અવગણીને કોઈ પણ પ્રજા પોતાના ઉત્કર્ષ અને વિકાસનો વિચાર કરી ન શકે. બ્રીટનનો આર્થિક ઉત્કર્ષ શરૂ થયાને ૨૦૦ વર્ષ થવા આવ્યાં. આપણી તો હજુ શરૂઆત જ છે. આપણી આઝાદીનો સારે પ્રારંભ થયો છે કે જ્યારે આખી દુનિયામાં તીવ્રતમ હરીફાઈ ચાલી રહી છે. અમેરિકા પૂરતો વિચાર કરીએ તો આપણે ભારતની તેની સાથે કોઈ પણ અંશમાં સરખામણી કરવાની સ્થિતિમાં નથી–તેની અલ્પપ્રમાણુ વસ્તી, તેની જમીનનો અતિ બહોળો વિસ્તાર અને પારવિનાનાં ભૌતિક સાધનો અને ઔદ્યોગિક ક્ષેત્રમાં તેણે સાધેલી લાંબા સમયની અસાધારણ પ્રગતિ. આને લીધે અમેરિકનો ધરતીમાતાનું સૌથી વધારે પયઃપાન પામ્યા છે અને સૌથી વધારે લાડકા બાળકો બન્યા છે. આપણે જરૂર તેમની સુખસંપત્તિની જરા પણ ઇર્ષ્યા ન કરીએ. પણ અમેરિકા સાથે સરસાઈ કરવા જતાં આપણાં નાનાં ઝુંપડાં ઉખેડીને ફેંકી દેવાની મૂર્ખાઈ તો ન જ કરીએ.

(ખ) તેમની સમસ્યાઓ કરતાં આપણી સમસ્યાઓ બહુ જુદા પ્રકારની છે. અમેરિકામાં જે સંઘર્ષ છે તે માલેતુજાર અને ગરીબ વચ્ચેનો નથી. એ સંઘર્ષ વધારે મોટા માલેતુજાર અને પ્રમાણમાં ઓછા માલેતુજાર વચ્ચેનો છે. અમુક પ્રમાણમાં આ જ બાબત બ્રીટનને પણ લાગુ પડે છે. પણ હિંદમાં તો આથી ઉલટી જ સ્થિતિ પ્રવર્તે છે. આપણે ત્યાં તો જે સંઘર્ષ છે તે ગરીબ અને વધારે ગરીબ વચ્ચેનો છે.

(ગ) આપણે એક અનોખા યુગમાં કામ કરવાનું છે. જ્યારે બ્રીટન અને અમેરિકાએ ઔદ્યોગીકરણના માર્ગે પ્રયાણ શરૂ કર્યું ત્યારે સામાજિક અને મજુરોને લગતા કાયદાકાનુનનું ઘડતર પ્રાથમિક દશામાં હતું. આપણે જે સંદર્ભમાં કામ કરવાનું છે તે એક એવો સંદર્ભ છે, કે જ્યારે સામાજિક અને મજુરોને લગતા કાયદા કાનુનનો અસાધારણ વિકાસ થઈ ચુકયો છે, અને તેણે ઔદ્યોગિક ક્ષેત્રને અનેક બાજુએથી આવરી લીધો છે. આ નવા સંદર્ભ વિષે આપણે લેશ માત્ર વ્યગ્રતા અનુભવતા નથી, પણ સાથે સાથે તેનો ધિક્કાર કે ઉપેક્ષા પણ આપણે કરી ન જ શકીએ.

(ઘ) આજથી ૧૦૦ કે ૨૦૦ વર્ષ પહેલાં હતી તે કરતાં આજની દુનિયા વધારે તીવ્રપણે નાગરિક સભાનતા અનુભવે છે. આખી દુનિયા ઉપર જે જાગૃતિ ફેલાઈ ચુકી છે તેનો આપણે આભાર માનીએ કે તેના લીધે ગીરમીટીયાઓ અને ગુલામો પાસેથી જ્યારે કામ લેવામાં આવતું હતું અને તેમને જે રીતે નીચોવી નાખવામાં આવતા હતા એ હવે આજે શકય રહ્યું નથી.

બ્રીટન અને અમેરિકા આર્થિક દૃષ્ટિએ ઘણા આગળ વધેલા દેશો હોવા છતાં મુકત વ્યાપારવાદ (Freedom of Trade and Economics of 'laissez faire') ના સિધ્ધાન્ત અનુસાર વર્તવાનું તે દેશોને પણ આજે અવ્યવહાર માલુમ પડ્યું છે. કારણ કે 'laissez faire'–મુકત વ્યાપારવાદમાંથી તેમનામાં જે વૃત્તિ વિકાસ પામી તે Enlightened self–interest એટલે કે અન્યના હિતોની રક્ષા સાથે પોતાના હિતોનું રક્ષણ કરવાની વૃત્તિ નહોતી, પણ બધી આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રમાં નફાખોરીના ખ્યાલપૂર્વકની કેવળ–Unenlightened self–cruelty–જડતાભરી નિષ્ઠુરતાની જ વૃત્તિ હતી. પરિણામે પોતાના આર્થિક તંત્રનું નિયંત્રણ કરવા માટે આજે દરેક રાજ્ય વેશાળ સત્તાઓ ધારણ કરી રહેલ છે, અને ભારતના મુકત વ્યાપારવાદીઓને અચંબો પમાડે તે હદ સુધી આ આગળ પડતા કહેવાતા રાજ્યો ચાલુ વ્યાપારમાં અનેકવાર દરમિયાનગીરી કરતા જોવામાં આવે છે. આ બધાં કારણોને લીધે સામાજિક તેમ જ આર્થિક વિકાસને લગતી બ્રીટીશ કે અમેરિકન પદ્ધતિઓને અનુસરવાનું આપણા માટે શકય નથી. સંભવ છે કે આજની બ્રીટીશ લેબર પાર્ટી પણ ઉપર જણાવેલ જુનવાણી અભિગમને સર્વાંશે અનુમત કરતી ન હોય.

સમાપ્ત

મૂળ અંગ્રેજી : **ઉ. ન. ઢેબર**
અનુવાદક : **શાન્તિલાલ નન્દુ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓક્ટોબર ૧૫, ૧૯૫૭, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પંડિત સુખલાલજીને ગુજરાત યુનિવર્સિટી તરફથી

'ડોકટર ઓફ લેટર્સ'નું પદવીદાન

તા. ૪-૧૦-૫૭ ના રોજ સાંજના પાંચ વાગે અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી તરફથી પં. સુખલાલજી સંઘવીને 'ડોકટર ઓફ લેટર્સ'ની માનાર્હ પદવી અર્પણ કરવા માટે યુનિવર્સિટીના પટાંગણમાં એક ખાસ સમારંભ યોજવામાં આવ્યો હતો. નાદુરસ્ત તબિયતના કારણે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ મુંબઇ પ્રદેશના રાજ્યપાલ આ પ્રસંગે ઉપસ્થિત થઈ શકે તેમ નહિ હોવાથી આ સમારંભના પ્રમુખસ્થાને યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટીઆ બીરાજ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ સમારંભ માટે એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો અને અમદાવાદ શહેરના આગેવાન નાગરિકો-ભાઇઓ તથા બહેનો -બહુ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.


શરૂઆતમાં યુનિવર્સિટીના મહામાત્ર શ્રી. કંચનલાલ પરીખે સમારંભ નિમિત્તે આવેલા સંદેશાઓનું વાંચન કર્યું હતું, જેમાં રાજ્યપાલ શ્રીપ્રકાશ તથા લેડી વિદ્યાગૌરી નીલકંઠના સંદેશાઓનો સમાવેશ થતો હતો. ત્યાર બાદ સીન્ડીકેટ અને સીનેટના પ્રસ્તુત પદવીદાન અંગે કરવામાં આવેલા ઠરાવો વાંચી સંભળાવવામાં આવ્યા. અને લીટરેચરની ફેકલ્ટીના ડીન પ્રીન્સીપાલ દેસાઇએ ઉપકુલપતિને પં. સુખલાલજીને પદવી-પ્રદાન કરવા વિનંતી કરી. આ વિનંતિનો સ્વીકાર કરતાં ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈએ નીચે મુજબનું નિવેદન કર્યું હતું :

ઉપકુલપતિનું નિવેદન

પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી,

આપ માત્ર ગુજરાતમાં જ નહિ પણ અખિલ ભારતમાં આપણાં પ્રાચીન તત્ત્વદર્શનોના ઊંડા અભ્યાસક અને પ્રતિષ્ઠિત વિદ્વાન તરીકે સુવિખ્યાત છો. સોળ વર્ષની નાની ઉંમરે દુર્દૈવથી ચર્મચક્ષુનું તેજ ખોવા છતાં, અડગ ધૈર્ય અને સંકલ્પશકિત વડે માત્ર શ્રવણથી જ આપે આપનો જ્ઞાન-સંચય શરૂ કર્યો અને અદ્‌ભુત સ્મરણશકિત, સૂક્ષ્મ ચિંતન, માનસિક ચક્ષુ તથા મનન વડે તત્ત્વદર્શન જેવા ગહન વિષયોનો એટલો વિપુલ તથા ઊંડો અભ્યાસ કર્યો કે અત્યારે એ વિષયના એક પ્રખર મૌલિક ચિંતક તરીકે આપની ગણના થાય છે.

નાની ઉંમરે પણ અનેક કષ્ટ વેઠીને કાશી, દરભંગા, આગ્રા, વગેરે સ્થળોમાં નિવાસ કરીને આપે ઉચ્ચ જ્ઞાનની સમૃદ્ધિ મેળવી તથા અભ્યાસપૂર્ણ પુસ્તકો પણ ઉતરાવ્યાં. ઈ. સ. ૧૯૨૨ માં ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલી વિદ્યાપીઠમાં જોડાવાને આપ આકર્ષાયા અને તેના પુરાતત્ત્વ-મંદિર માટે ભારતીય દર્શન-શાસ્ત્રોના અધ્યાપક તરીકે આપે કાર્ય શરૂ કર્યું અને ત્યાં આઠેક વરસ સુધી આ પદ પર રહી અધ્યયન તેમ જ અધ્યાપનનું કાર્ય કુશળતાથી કર્યું એ હકીકત સુવિદિત છે. ઇ. સ. ૧૯૩૩ માં આપ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન દર્શનના અધ્યાપક તરીકે નિમાયા અને દસેક વરસ તે પદ પર રહીને નિવૃત થયા. તે પછી મુંબઇ આવી ભારતીય વિદ્યાભવનના માનાર્હ અધ્યાપક તરીકે આપ જોડાયા અને ઈ. સ. ૧૯૪૭ માં અત્રેની ગુજરાત વિદ્યા-સભામાં માનાર્હ અધ્યાપક તરીકે દાખલ થયા ત્યારથી આપનો અમદાવાદમાં નિવાસ થયો છે એ અમદાવાદ અને ગુજરાતનું સદ્‌ભાગ્ય છે. ગુજરાત યુનિવર્સિટીની પીએચ. ડી. ની પદવી માટે અનુસ્નાતક પ્રાધ્યાપક તરીકે પણ આપની સેવાઓ અમને મળતી રહી છે.



ડૉકટર સુખલાલજી સંઘવી

અત્યાર સુધીમાં આપે પચાસેક અભ્યાસપૂર્ણ ગ્રંથોનું સંપાદન અને સંશોધન કર્યું

છે અને અનેક શિષ્યોને વિદ્યાદાન આપ્યું છે. આપે જૈન, વૈદિક તેમ જ બૌદ્ધ તત્ત્વદર્શનનો જીવનભર અભ્યાસ કરીને ભારતીય સંસ્કૃતિનું સમગ્ર દર્શન સમર્થ રીતે અને સમાન દૃષ્ટિએ જનતા પાસે મૂક્યું છે એ આપના જીવનકાર્યની વિશિષ્ટતા છે. વિચારોનું સ્વાતંત્ર્ય અને જીવનનું વ્યક્તિત્વ સાચવીને આપનું મંતવ્ય આપે હંમેશા નિર્ભયપણે રજૂ કર્યું છે. એક વિદ્વાન અધ્યાપકે આપને માટે યથાર્થ જ કહ્યું છે કે: "As a thinker he is absolutely independent. His allegiance is always to truth and never to a fashionable opinion. He holds brief for none and does not hesitate to champion the cause which, he thinks, stands for justice and truth." (વિચારક તરીકે તેઓ કેવળ સ્વતંત્ર છે, તેઓ હંમેશાં સત્યને વશ વર્તીને ચાલે છે, અને ફેશનરૂપ અભિપ્રાયને હરગિજ તાબે થતા નથી. કોઈનો પક્ષ કરતા હોતા નથી, અને એમને જે કાર્ય ન્યાય અને સત્યવાળું લાગે તેનો પુરસ્કાર કરતાં અચકાતા નથી.)

આ જમાનાના એક સમન્વયદર્શી ચિંતક અને "મહાપ્રાજ્ઞ" ના પદને લાયક પુરુષને ડી.લિટ્. ની માનાર્હ પદવી આપવામાં ગુજરાત યુનિવર્સિટી ઉચ્ચ વિદ્યાનું સન્માન કરે છે અને તેની સાથે પોતાનું ગૌરવ વધારે છે.

અંતે એક અંગત વાત કહું તો ક્ષમા કરશો. ભારતીય તત્ત્વજ્ઞાનના એક અભ્યાસક તથા તેમાં ઊંડો રસ ધરાવનાર મને આ પદવીમાં આપને પ્રવેશ આપવાનો જે શુભપ્રસંગ મળ્યો છે તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

પંડિતજી, હવે હું આપને આ પ્રમાણપત્ર અર્પણ કરું છું અને આશા રાખું છું કે હજી ઘણાં વર્ષ સુધી આપ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ભોગવી જે સાંસ્કૃતિક સેવા આપ કરી રહ્યા છો તેમાં અભિવૃદ્ધિ કરશો.

શ્રી મુનશીજીની શ્રદ્ધાંજલિ

ત્યાર બાદ આ પ્રસંગે ઉપસ્થિત થયેલા મુખ્ય મહેમાન શ્રી કનૈયાલાલ મુનશીએ જણાવ્યું કે "પંડિતજીને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો મને આ અવસર મળ્યો તે માટે હું મારી જાતને સદ્‌ભાગી લેખું છું. પંડિતજીનું ચારિત્ર્ય, તપ, વિદ્વત્તા એ બહુ જાણીતાં છે. તેમના વિષે એક વાત ખાસ કહેવા જેવી એ છે કે તેમણે સમસ્ત જીવન વિદ્યાભ્યાસ અને ચિન્તન પાછળ ગાળ્યું છે. આ જમાનામાં આવી બીજી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. આજના વખતમાં વિદ્યાની એકધારી ઉપાસના કરવી એ અત્યન્ત મુશ્કેલ છે. આજની ધાંધલ, ચંચળતા, માનવીના મનને સંક્ષુબ્ધ રાખે એવી સતત બન્યે જતી ઘટનાઓ, આર્થિક વિટંબણાઓ—આ બધા વચ્ચે જ્ઞાનોપાસના માટે જોઈતી એકાગ્રતા લગભગ દુષ્પ્રાપ્ય છે. એ તો પંડિતજી જેવા સરસ્વતીના લાડીલા કોઈકે જ પ્રાપ્ત કરી શકે છે. એમનામાં શાસ્ત્રીય અન્વેષણ કરવાની અમાપ શક્તિ છે. તે સાથે તેમની દૃષ્ટિ નિષ્પક્ષપાત છે. કોઈ પણ સંપ્રદાયને તેમણે પોતાનો માન્યો નથી. તેઓ સંપૂર્ણ અર્થમાં સ્વતંત્ર ચિન્તક છે. અને જો ચિન્તક સ્વતંત્ર ન હોય તો તેને ચિન્તક કહેવાય જ કેમ? ચિન્તકના પ્રથમ કર્તવ્ય તરીકે તેમણે સદા સત્યની જ સેવા કરી છે.

પ્રાચીન સમયમાં અધ્યયનનાં એવાં સ્થાનો હતાં કે જ્યાં તે તે સમયના ઝંઝાવાતોથી તેમ જ બહારનાં આકર્ષણોથી મુક્ત રહીને એકાગ્ર અધ્યયન થઈ શકતું હતું. આજે તો રાજકીય આંદોલનોનું આકર્ષણ ચોતરફ ખૂબ વધી ગયું છે અને તે કારણે અભ્યાસમાં અનેક અવરોધો ઉભા થાય છે. આમ છતાં આજના સમયમાં પંડિતજીનું અધ્યયન એકધારું અને કશા પણ અવરોધ સિવાય એકસરખું વિકસતું રહ્યું છે તે ભારે આશ્ચર્યજનક છે.

પંડિતજીને 'પ્રજ્ઞાચક્ષુ' વિશેષણથી ઓળખવામાં આવે છે. આ વિશેષણ તેમણે સંપૂર્ણપણે સાર્થક કર્યું છે. તેમણે વિદ્યાના ક્ષેત્રને અનેક રીતે સમૃદ્ધ બનાવ્યું છે. આ માટે આપણે તેમના ઋરેણર ખૂબ રૂણી છીએ. આપણે સ્વભાવે એવા ઘડાયા છીએ કે ચિન્તન અને અભ્યાસને આપણા જીવનમાં બહુ ઓછું સ્થાન મળે છે. પંડિતજીએ તો ચિન્તન અને અભ્યાસને પોતાના જીવનનો મુખ્ય વ્યવસાય બનાવ્યો છે. આ માટે આપણે તેમનું જેટલું બહુમાન કરીએ તેટલું આછું છે.

સાધારણ રીતે આજ કાલ આવી પદવીઓ યુનિવર્સિટીઓ તરફથી રાજકીય આગેવાનોને આપવામાં આવે છે. મેં ઘણીવાર આવી પદવીઓ આપી છે. મેં થોડી ઘણી લીધી પણ છે, જેમાં એક જ પદવી એવી છે કે જે રાજકારણના નિમિત્ત સિવાય માત્ર સાહિત્યના કારણે મને મળી હોય. આજે અપાતી પદવી માત્ર સાહિત્ય સેવા માટે આપવામાં આવે છે. આ પ્રકારની પદવી ગુજરાત યુનિવર્સિટી તરફથી સૌથી પહેલી આપવામાં આવે છે અને તે પણ શુદ્ધ સાહિત્યિક ઉપાસના કરનાર આવી વ્યક્તિને—આવી પરિપાટી શરૂ કરવા માટે ગુજરાત યુનિવર્સિટીને ધન્યવાદ ઘટે છે. આ પ્રસંગ ગુજરાત યુનિવર્સિટી માટે ખૂબ ગૌરવપ્રદ છે. પં. સુખલાલજી જેવી વ્યક્તિને આ પદવી આપીને ગુજરાત યુનિવર્સિટીએ એક નવી પ્રણાલિકા શરૂ કરી છે જેનું બીજી યુનિવર્સિટીઓ પણ અનુકરણ કરશે એવી હું આશા રાખું છું. આ પ્રસંગે પં. સુખલાલજીને મારા અન્તરની શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું."

ત્યાર બાદ ડૉક્ટર ઓફ લેટર્સની માનાર્હ પદવીને લગતું પ્રમાણપત્ર ઉપકુલપતિ તરફથી પં. સુખલાલજીને અર્પણ કરવામાં આવ્યું. તેનો સાદર સ્વીકાર કરતાં પંડિતજીએ મોટેથી બુલંદ સ્વરે નીચે મુજબ મહત્વપૂર્ણ નિવેદન કર્યું:—

પંડિતજીનું આભારનિવેદન

ઉપકુલપતિશ્રી, માનનીય મુખ્ય મહેમાનશ્રી અને મિત્રો,

વિશ્વવિદ્યાલય એ વિદ્યાવાસ્ય છે—વિદ્યા મંદિર છે—અને તેથી જ તે ઇશાવાસ્ય પણ છે. એમાં શારદાની ઉપાસના જ ચાલતી રહે છે. મંદિરમાં ઉપાસ્ય એક, પણ તેના ઉપાસકો અને ઉપાસનાઓ વિવિધ હોય છે. એ જ રીત વિદ્યાધામમાં પ્રવર્તે છે. વિદ્યાધિકારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એ બધા જ પોતપોતાની રીતે એક માત્ર વિદ્યોપાસનાના લક્ષ્યથી જ અહીં પ્રેરાય છે.

હું પણ એક નમ્ર ઉપાસક જ રહ્યો છું. તેથી વિશ્વવિદ્યાલય જે પસ્તુત પદવી દ્વારા મારો સત્કાર કરે છે તે વિદ્યોપાસકોએ પોતા પૈકી એક સબંધુનો જ કરેલ સત્કાર છે. અને એ સત્કાર ખરી રીતે વૈયકિતક ન હોતાં માત્ર વિદ્યોપાસનાનો જ સત્કાર બની રહે છે.

વિદ્યાની ઉપાસના એટલે શાસ્ત્રોની ઉપાસના. એ પશ્યંતી, મધ્યમા, અને વૈખરી એમ અનેક સ્વરૂપે આવિર્ભાવ પામે છે, પણ એના મૂળમાં પરા વાણી છે. એ છે, તો બાકીનું બધું છે. જેટલા પ્રમાણમાં શાસ્ત્રીય ઉપાસનાઓ વિશુધ્ધ રીતે અને નિષ્ઠાપૂર્વક ચાલે તેટલા જ પ્રમાણમાં પરા શારદાનો અનુભવ થાય, અને આ જ અનુભવ પરબ્રહ્મ યા ઈશના અનુભવમાં પર્યવસાન પામે છે—શબ્દબ્રહ્માણિ નિષ્ણાત: પરં બ્રહ્મા ऽધિગચ્છતિ. તેથી જ વિદ્યાવાસ્ય એ ઈશાવાસ્ય પણ છે. આ પદ સ્વીકારતાં મારે તો સ્વપ્રત્યે એટલું જ ઉચ્ચારવાનું રહે છે કે તેના ऽર્પિતં ગૃહીત્વા ऽપિ સ્વીયં મત્ત્વૈવ મા મૃધ: —વિશ્વવિદ્યાલયે અર્પેલ પદને સ્વીકારીને પણ તેને વૈયકિતક સમજવાનો લોભ તું ન કર!

ડૉક્ટરેટ પદથી સત્કાર પામ્યા હોય એવા ગુજરાતી વિદ્વાન અને વિદુષીઓ બીજાં પણ છે જ, પણ મારું સામ્ય કાંઈ હોય તો ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી સાથે ગણી શકાય. તેઓ અંગ્રેજી જાણે જ નહિ અને છતાં એમની આગવી વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સંશોધન પ્રવૃત્તિને કારણે જર્મનીની લીડન યુનિવર્સિટીએ પ્રો. કર્નની ભલામણથી તેમને ડૉક્ટરેટની પદવી અર્પી, જ્યારે મને તો માતૃભૂમિની

યુનિવર્સિટીએ જ પસંદ કર્યો છે. આમ જોઇએ તો ગુજરાત યુનિવર્સિટી પહેલવહેલાં જ એવો ચીલો પાડી રહી છે કે જેમાં અંગ્રેજી ન જાણનાર પણ, વિદ્યાવૃત્તિને કારણે, ડૉકટરેટની માનદ પદવીનો અધિકારી બની શકે.

ડૉ. ધ્રુવ જેઓ સંસ્કૃતભાષા, વિવિધ શાસ્ત્રો, અને ગુજરાતી ભાષાના પારગામી હોવા ઉપરાંત અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સાહિત્યના પણ નિષ્ણાત હતા, તેમની પ્રતિમાની સ્થાપના વખતે જ એક અંગ્રેજી ન જાણનારનો પણ ગૂજરાત વિશ્વવિદ્યાલય સત્કાર કરે છે તે સૂચવે છે કે વિદ્યાના ક્ષેત્રમાં જ્ઞાનનું સ્થાન મુખ્ય છે અને સાધનભૂત અંગ્રેજી કે બીજી કોઇ પણ ભાષાનું સ્થાન ગૌણ છે.

ગુજરાતમાં બુધ્ધિ છે, પુરુષાર્થ છે અને શીલ પણ છે. એના ભૂતકાલીન પૂરાવાઓ તો પાર વિનાના છે, પણ છેલ્લાં સો વર્ષમાં એણે એ તત્ત્વોની જે પ્રતીતિ કરાવી છે તે માત્ર ભારતની ભૂમિમાં જ મર્યાદિત રહી નથી. દુનિયાના બધા ખંડમાં એની ઓછીવત્તી સૌરભ પ્રસરી છે. જો આપણે ગાંધીજીના યુગને જોયો ન હોત તો ઉપરનું વિધાન સહેલાઇથી સમજમાં ન ઊતરત.

વૈદિક વાઙ્મય સપ્તસિંધુથી આગળ વધી કુરુ–પાંચાલ, કાશી–કોશલ અને વિદેહ જેવા પૂર્વ પ્રદેશમાં રચાતું ગયું. બૌધ્ધ અને જૈન વાઙ્મયનો તો મૂળ પાયો જ પૂર્વદેશમાં નખાયો. તે કાળે ગુજરાત કે સૌરાષ્ટ્રમાં વિદ્યા અને શાસ્ત્રોનું શું સ્થાન હતું તે લગભગ અજ્ઞાત જ છે; પણ મૌર્યકાળથી નવી પ્રેરણા જાગી. એ પ્રેરણાએ કાળક્રમે ગુજરાતમાં અદ્‌ભૂત પુરુષાર્થ વિકસાવ્યો, જેના પરિણામરૂપે વૈદિક વાઙ્મયના લગભગ દરેક અંગ ઉપર ગુજરાતે પોતાની બુધ્ધિનો પ્રયોગ કર્યો અને કેટલાય વ્યાખ્યાત્મક, મૌલિક તેમ જ અનુવાદાત્મક ગ્રંથોની વિપુલ સૃષ્ટિ સર્જી. બૌધ્ધ પિટકોનો ઉત્તરકાલીન મહાયાની વિસ્તારમાં પણ ગુજરાતે પોતાનો સમર્થ ફાળો આપ્યો. અને જૈન આગમોનું તો અસ્તિત્વ જ ગુજરાતે ટકાવ્યું. જૈન આગમોના પલ્લવન અને વિસ્તરણમાં ગુજરાતનો જે, જેવો અને જેટલો ફાળો છે તેવો બીજા એકે પ્રદેશનો નથી. એટલું જ નહિ, પણ આગમ સિવાયનું અનેકવિધ મહત્વપૂર્ણ સાહિત્ય ગુજરાતે જ સર્જ્યું, સાચવ્યું અને વિસ્તાર્યું. આમ ગુજરાતની બહુઅંગી શાસ્ત્રીય ઉપાસનાનો ઇતિહાસ જેટલો લાંબો છે તેટલો જ ગૌરવપૂર્ણ અને રોમાંચક પણ છે. એની કથાનું આ સ્થાન નથી, પણ હજી ભંડારો એના સાક્ષી છે.

ગુજરાતનો પુરુષાર્થ માત્ર બૌદ્ધિક ક્ષેત્ર પૂરતો જ નથી રહ્યો, એણે દેશ દેશાંતરમાં રોમાંચક પ્રવાસ ખેડ્યો છે. એના શીલની વાત તો બધાથી ચડે તેવી છે. એક વાર બનારસ રાજઘાટ ઉપર એક એકાંત મઠમાં રહેતા વૃધ્ધ સંન્યાસીએ મને કહેલું કે 'तुम्हारा गुजरात मैं जानता हूँ। वहाँ बहुत रहा हूँ। वहाँ दया और अहिंसा इतनी है कि मुझे वहाँ कुत्तेका जन्म लेना भी अच्छा लगता था। इसलिये कि वहाँके लोग कुत्तोंको भी बहुत सँभालते हैं।' લોકમાન્ય તિલકે ગુજરાતની અહિંસાવૃત્તિ વિષે જે ઉદ્‌ગારો ઉચ્ચારેલા તે જાણીતા છે. હું આ સ્થળે આપબડાઇની ગાથા ગાવા બેઠો નથી. મારે તો અત્યારની અને આગલી પેઢીને એટલું જ સૂચવવું છે કે જીવનને ઉદાત્ત બનાવી શકે એવાં સાત્ત્વિક તત્વોનો વારસો ગુજરાતને બેાળે છે.

ગુજરાત એ વ્યાપારી તરીકે પ્રસિદ્ધ છે. પણ વ્યાપાર એ કાંઈ બુધ્ધિ, પુરુષાર્થ અને શીલ વિના યોગ્ય અને પ્રતિષ્ઠિત રીતે ખેડી શકાતો નથી. વ્યાપારી લક્ષણો ગમે તેટલાં વ્યાપક હોય, છતાં એના પાયાના કેટલાક ગુણોએ ગુજરાતને વિદ્યાઓની ઉપાસનામાં પણ અસાધારણ મદદ ભૂતકાળમાં કરી છે અને અત્યારે પણ એ કરે છે. વ્યાપારનું દૃશ્યમાન પ્રાધાન્ય છે એ ખરું, પણ તેથી રખે કોઈ માને કે ગુજરાત વિદ્યાઓનું ઉપાસક નથી અથવા એની ઉપાસના મોળી છે.

ગુજરાતમાં બુધ્ધિ તો છે જ, પણ એમાં જે વિરલ પ્રતિભાનાં વિવિધ રૂપે દર્શન થાય છે તે ધ્યાન બહાર રહેવાં ન જોઇએ. આવાં સુભગ તત્ત્વોને એના યોગ્ય રૂપમાં ન જોનાર, ન ઓળખનાર કે પારખનાર કયારેક અવારનવાર શંકા કરતા જણ્યા છે કે ગુજરાતમાં વિદ્યાનિષ્ઠા અને વિદ્યોપાસના કયાં છે? એવાઓને મારો નમ્ર પણ અનુભવસિદ્ધ ઉત્તર એ છે કે ગુજરાતમાં એવી નિષ્ઠા પણ છે અને એવી ઉપાસના પણ છે. એનો શોધી કાઢવાનું, એને યોગ્ય રીતે વિકસવાની તક આપવાનું કામ બીજાઓનું છે. જેઓ વિદ્યાનિષ્ઠા અને વિદ્યોપાસનાને ખરા હૃદયથી ઝંખતા હોય તેમને મારી વિનંતી એટલી જ છે કે તેઓ વિદ્યાના ક્ષેત્રમાં જે જે કામ કરી રહેલા હોય તેમને બરાબર ઓળખી કાઢે અને એ જ ક્ષેત્ર તેમને હાથે વધારે ખેડાય એવી સગવડ કરી આપે.

હવે હું મારી ઉપાસનાના એક પ્રિય વિષય 'દર્શન' ઉપર આવું. આનો ઇતિહાસ કે વિકાસ કહેવાનું આ સ્થાન નથી. પણ હું જ્યારે વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં ઊભો હોઉં ત્યારે તો એણે કરવાના અને મને લાગતા મહત્વના એક કર્તવ્ય વિષે ટૂંકા નિર્દેશ કરીશ. આ સ્થળે વિશ્વવિદ્યાલયના માત્ર ઉચ્ચ અધિકારીઓ જ નથી, પણ ભારતીય વિદ્યાભવનના વિશ્વકર્મા અને સાહિત્યશિલ્પી પણ ઉપસ્થિત છે. તેથી હું એવા નિર્દેશને સ્થાને ક્ષેપું છું.

કૉલેજો અને વિશ્વવિદ્યાલયમાં તેમજ કેટલીક બાનગી વિશિષ્ટ આશ્રમ જેવી સંસ્થાઓમાં દાર્શનિક અધ્યયન અધ્યાપન થાય છે, પણ એમાં પરીક્ષા અને તે પણ પલ્લવગ્રાહી પરીક્ષાથી આગળ દૃષ્ટિ ભાગ્યે જ દેખાય છે. વળી વિશ્વવિદ્યાલયના પાઠયક્રમમાં દાખલ હોય એવાં કેટલાંક દર્શનોના અધ્યાપનની તો કોઈ સગવડ જ નથી અને તાણીતૂસીને કાંઈ એની ગોઠવણ કરાતી હોય તો તે લગભગ ઉપહસનીય જેવી જોવામાં આવે છે. દા. ત. બૌધ્ધ દર્શનના વિવિધમુખી ઉચ્ચતમ અભ્યાસ માટે ગુજરાતની સંસ્થાઓ પાસે શી સગવડ છે? કેવા અને કેટલા અધ્યાપકો છે? પૂર્વમીમાંસાના આધુનિક દૃષ્ટિએ સાંગોપાંગ અભ્યાસની કેટલી અને કેવી સગવડ છે? એ જ રીતે જરથોસ્ત્રિયન પરંપરાના આમૂલાંત અધ્યયનની શી સગવડ છે? આ જ વાત ઓછેવત્તે અંશે બીજી પરંપરાઓ વિષે કહી શકાય.

ગુજરાતની કોઇ પણ યુનિવર્સિટીએ કે બીજી બાનગી સંસ્થાઓ કે બધાંએ મળી સહકારથી અત્યારે એવી ગોઠવણ ઉભી કરવાની જરૂર છે કે ભારતીય દર્શનોના પ્રામાણિક, તલસ્પર્શી અને વર્તમાનયુગની દૃષ્ટિને સંતૃપ્ત કરી શકે એવા અધ્યયન માટે આપણા વિદ્યાર્થીને લાચારીથી દેશમાં કે પરદેશમાં બીજે સ્થળે જવું ન પડે. એટલું જ નહિ, પણ એ ગોઠવણ એટલે જુદા જુદા શાસ્ત્રોના સમર્થતમ અધ્યાપકોનું મંડળ એવું ઊભું કરવું જોઇએ કે દેશવિદેશના જિજ્ઞાસુઓ અહીં આવવા લલચાય. આપણા દેશની તળપદ વિદ્યાઓના પારગામી અધ્યયન અર્થે આપણે દેશાંતરમાં જવું પડે એ લાચારી ગુજરાતની જ નામોશીરૂપ ગણાવી જોઇએ.

વિદ્યા માટે પુસ્તકાલયો જરૂરી છે, ઇમારતો પણ અત્યારે અનિવાર્ય થઇ પડી છે, પણ આપણે એ મૂળ મંત્ર કદી ન ભૂલીએ કે જો પ્રાણવાન, તેજસ્વી અને પારગામી અધ્યાપકોનું મંડળ નહિ હોય તો એ ઉપાસના અધૂરી અને કેટલેક અંશે વિકૃત પણ રહેવાની. શિવ હોય તો જ મંગલ પણ શિવાયતન બની શકે, અન્યથા શિવ વિનાના આયતનો માત્ર શૂન્યગૃહ બની રહે!

હવે કાંઇક પ્રજ્ઞાચક્ષુ વિષે. ઉપકુલપતિશ્રીએ મને પ્રજ્ઞાચક્ષુ–પદથી સંબોધ્યો છે, એ સંબોધન એક રીતે તદ્‌ન યથાર્થ અને મધુર છે, પણ મારી તાત્ત્વિક દૃષ્ટિએ હું એને લાયક છું એમ મને હજી લાગતું નથી. જે નેત્રવિહીન હોય તેને માટે પ્રજ્ઞાચક્ષુ વિશેષણ વપરાય છે. એ અર્થમાં હું પ્રજ્ઞાચક્ષુ છું જ, પણ પ્રજ્ઞાચક્ષુનો ખરો ભાવ જે મહાભારતકાર વ્યાસે દર્શાવ્યો છે તેનો વિચાર કરતાં હું પોતાને પ્રજ્ઞાચક્ષુ કહેવરાવવાની હિંમત કરી શકતો નથી.

ધૃતરાષ્ટ્રે સંજયને ઉદ્દેશીને કહ્યું કે મારાં સયુક્તિક વાક્યો સાંભળી તું મને પ્રજ્ઞાચક્ષુ તરીકે જાણી શકીશ:—

શ્રુત્વા હિ મમ વાક્યાનિ બુદ્ધયા યુક્તાનિ તત્ત્વતઃ ।
ત્તતો જ્ઞાસ્યસિ માં સૌતે પ્રજ્ઞાચક્ષુષમિત્યુત ॥

—આદિ. ૧.૧૦૧

વ્યાસે મોહાંધ અને અવિવેકી ધૃતરાષ્ટ્રના મુખમાં ઉપરના ઉદ્‌ગારો મૂકી ખરી રીતે એમ જણાવ્યું છે કે ધૃતરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ નથી. જે પ્રજ્ઞાચક્ષુ હોય તે જુદી જ માટીનો હોય છે.

આગળ જતાં બીજે સ્થળે વ્યાસે એ રહસ્ય ખુલ્લું કરતાં કહ્યું છે કે જે પુરુષ પ્રજ્ઞાચક્ષુ હોય તે દોષને કદી અનુસરે નહિ કે પોષે નહિ અને ઇચ્છે ત્યારે રાગ કે મોહથી વેગળો રહી શકે. અને ધર્મને તો કદી ત્યજે જ નહિ—

પ્રજ્ઞાચક્ષુર્નર ઇહ દોષૈનૈવાનુરુદ્ધયતે ।
વિરજ્યતિ યથાકામં ન ચ ધર્મં વિમુંચતિ ॥

— આરણ્યક. ૨૦૦-૪૮

વ્યાસે કરેલી પ્રજ્ઞાચક્ષુની આ વ્યાખ્યા વસ્તુતઃ સાચી છે, કારણ કે એ વ્યાખ્યામાં 'પ્રજ્ઞા' પદ છે અને પ્રજ્ઞા એ કોઈ સામાન્ય જ્ઞાન નથી તે તો સૌ ગીતાના અભ્યાસથી જાણે જ છે. તેથી દુન્યવી દૃષ્ટિએ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ખરા અર્થમાં પ્રજ્ઞાચક્ષુ થવા માટે હજી મારી યોગ્યતા હું જોતો નથી. આમ જ્યારે હું કહું છું ત્યારે ઉપચાર કરતો નથી.

છેવટે મારે ગુજરાત વિશ્વવિદ્યાલયના વિશિષ્ટ પદધરોનો હાર્દિક આભાર માનવો રહ્યો. સિન્ડીકેટ અને સેનેટના સભ્યોએ તેમ જ કુલપતિશ્રીએ જે મારા પ્રત્યે મમતા દર્શાવી છે તેનું મૂલ્ય મારા જીવનમાં ઘણું વધારે છે. હું એ બધાની મમતાને વધારે લાયક બનું અને શેષજીવનમાં વિદ્યાની આકાંક્ષાને અલ્પાંશે પણ સંતોષી ઋષિ-ઋણ અદા કરી શકું એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

× × ×

આ નિવેદન લગભગ બીસ મીનીટ સુધી ચાલ્યું. એ નિવેદનમાં ગુજરાત વિષે પંડિતજીની ઊંડી નિષ્ઠા હતી, મકાનો નહિ પણ વિદ્વાનો પેદા કરવાનો યુનિવર્સિટીના પ્રતિનિધિઓને પડકાર હતો અને એ દિશાએ પોતાની સર્વ શકિત ગુજરાતના ચરણે ધરવાની દર્દભરી તમન્ના હતી. જેટલું ભવ્ય તેમનું નિવેદન હતું તેટલું જ સચોટ તેમનું નિરૂપણ હતું. શબ્દે શબ્દે તેમના ભાવનાશાલી આત્માનો રણકાર સંભળાતો હતો. સૌ કોઈ તેમને એક ધ્યાને સાંભળી રહ્યું હતું, સૌ કોઇ તેમનાથી અત્યન્ત પ્રભાવિત બન્યું હતું. જેમણે પહેલી જ વાર પંડિતજીને સાંભળ્યા તેમના ચિત્તમાં—આપણે ત્યાં આવી એક પ્રતિભા-સંપન્ન વ્યકિત વસે છે—તેનું અપાર વિસ્મય હતું.

ઉપર જણાવેલ પદવીપ્રદાન બાદ સ્વ. સંસ્કારમૂર્તિ આનંદશંકર બાપુભાઈ ધ્રુવની આરસની પ્રતિમાનું શ્રી. મુનશીજીના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું અને ઉપકુલપતિ તથા મુનશીજીનાં પ્રસંગોચિત પ્રવચનો થયાં અને સમારંભ વિસર્જિત કરવામાં આવ્યો.

વજ્રેશ્વરી પર્યટન

શરદ ઋતુની સૌન્દર્યલીલા

નિયત કાર્યક્રમ મુજબ અમારી બસ તા. ૭-૮-૫૭ શનીવારના રોજ સાંજના ચાર વાગ્યે વજ્રેશ્વરી જવા માટે પાયધુનીના નાકા ઉપરથી ઉપડી. માટુંગા તેમજ શિવ ખાતે રાહ જોતા મિત્રો અમારી સાથે જોડાયા અને એ રીતે આશરે ૪૨ ભાઈ બહેનો તથા બાળકોની મંડળી અમારી બસમાં પૂરી સગવડતાપૂર્વક ગોઠવાઈ ગઈ અને મુંબઇ છોડીને અમે આગળ વધવા લાગ્યા. થાણા પહોંચતા અમે 'રવિ ઈન્ડસ્ટ્રીઝ' આગળ રોકાયા અને તે ફેકટરીના માલીક શ્રી. રતિલાલ ઉજમશી—જેઓ મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય છે.—તેમણે ભેળપુરી અને આ પાણીથી અમારું ભાવભર્યું સ્વાગત કર્યું. ત્યાંથી તેઓ તથા તેમના એક મિત્ર પણ અમારી સાથે બસમાં જોડાયા.

અમારા સંઘ માટે વજ્રેશ્વરીનું આ બીજું પર્યટન હતું. બે વર્ષ પહેલાં શ્રાવણી પુર્ણિમા આસપાસના એટલે ભર ચોમાસાના દિવસોમાં અમે પહેલું પર્યટન યોજ્યું હતું. એ પર્યટનમાં અમે વર્ષા ઋતુની મજા માણી હતી. જતાં આવતાં તેમજ વજ્રેશ્વરીમાં અમે રહ્યા તે દરમિયાન વરસાદ ચાલુ હતો. અકલોલી—વજ્રેશ્વરી પાસે જે નદી વહે છે તે બન્ને બાજુના તટને સ્પર્શતી પુરપાટ વહેતી હતી અને વચ્ચે આવેલા ગરમ પાણીના કુંડ ઉપર પહોંચવા માટે નદીનો વેગીલો પ્રવાહ ઓળંગવો પડતો હતો. પૂર્ણિમાની રાત્રી હોવા છતાં આકાશ વાદળથી છવાયલું હતું અને આસપાસનાં ખેતરો પાણીથી છલકાતાં હતાં. એ પર્યટનનું સ્મરણ એક વિશિષ્ટ ઘટના સાથે જોડાયલું છે. અમારી એ વખતની મંડળીમાં સાહિત્યસ્વામી શ્રી. રામનારાયણ પાઠક તેમનાં પત્ની શ્રી. હીરાબહેન સાથે જોડાયા હતા અને તેમના કારણે અમો મોડી રાત સુધી સાહિત્યવિનોદ મનભર માણ્યો હતો. અમારામાંના કેટલાક તો રામનારાયણભાઈના પહેલા જ પરિચયમાં આવ્યા હતા. અને સૌ કોઈ તેમની રસિકતા અને બહુશ્રુતતા વડે પ્રભાવિત બન્યા હતા. એ પર્યટનને અઠવાડીયું પણ નહિ થયું હોય એટલામાં કમનસીબે તેમનું અચાનક હૃદય બંધ પડતાં અવસાન થયું હતું. આ રીતે એ પર્યટનનાં મીઠાં સ્મરણ સાથે એ દુર્ઘટનાનું સ્મરણ હંમેશને માટે સંકળાયલું બન્યું છે.

આ વખતના પર્યટનનો ઉદ્દેશ તાજેતરમાં શરૂ થયેલી શરદ-ઋતુની પ્રસન્નતાને માણવાનો હતો. કારણ કે વજ્રેશ્વરી તો અમારામાંના ઘણાં ખરાં ને પૂર્વપરિચિત સ્થળ હતું. હજુ આગલા અઠવાડીએ જ વર્ષા વિરામ પામી હતી. આ વખતની વર્ષાઋતુ અસામાન્ય હતી. આસ-પાસના પ્રદેશમાં વરસાદ સામાન્ય કરતાં અધિક પ્રમાણમાં પડ્યો હતો. ધોધમાર વરસાદ, વીજળીના ચમકારા, વાદળોના કડાકા અને પવનના સુસવાટા વગેરેના ભણકારા, હજુ કાનમાં તેમ જ મગજમાં ગુંજ્યા કરતા હતા. પણ હવે કુદરતના એ ભવ્ય તેમજ રૂદ્ર સ્વરૂપનું દર્શન કરાવતી વર્ષાએ ભૂતકાળમાં પ્રવેશ કર્યો હતો અને તેનું સ્થાન પ્રસન્નતા એ જ જેનું વિશિષ્ટ લક્ષણ છે એવી મધુર મનોહર શરદ ઋતુએ લીધું હતું. સામાન્યતઃ એક ઋતુનું અન્ય ઋતુમાં સંક્રમણ એટલું ધીમે ધીમે થાય છે કે તે વિષે આપણું એકાએક ધ્યાન ખેંચાતું નથી. હેમન્ત ઋતુ ચાલતી હોય, ટાઢ પડવી શરૂ થઇ હોય, ગરમી શમી ગઇ હોય એમાં ધીમે ધીમે ટાઢ વધવા માંડે એટલે આપણે કહીએ કે હવે શિશિર ઋતુ બેઠી લાગે છે. કડકડતી ટાઢ ઓછી થવા લાગે અને દિવસના ભાગમાં ઉષ્માની માત્રા કાંઈક વધે ત્યારે વસન્ત આવી રહી છે એમ આપણું મન અંદરથી કહેવા માંડે છે. એ જ રીતે આપણે વસન્તમાંથી ગ્રીષ્મમાં પણ ધીમે ધીમે સંક્રમણ કરીએ છીએ. ગ્રીષ્મના અન્ત ભાગમાં વાવંટોળ શરૂ થાય છે અને આકાશ ધુંધળું બનવા લાગે છે. વળી આકાશમાં કદિ કદિ આંધી પણ ચઢી આવે છે. એમાં કાળાં વાદળ દેખાવા લાગે અને વરસાદનાં ટીપાં પડવા માંડે—એટલે વર્ષાનું આગમન આપણે અનુભવવા માંડીએ છીએ. આ વર્ષા લગભગ બે મહીના સુધી ચાલે; આકાશ લગભગ સતત ઘનઘેરું રહે, અવારનવાર જોસભેર પડતો વરસાદ આપણી હીલચાલમાં વારંવાર અવરોધ ઉભો કર્યા કરે. વળી કોઈ કોઈ ઠેકાણે અતિવૃષ્ટિના પરિણામે નદીના પ્રવાહો છલકાઈ જાય અને આસપાસના પ્રદેશ ઉપર ચોતરફ પાણી ફરી વળે. રાત્રે અવારનવાર મેઘરાજાનો હુમલો શરૂ થાય, વીજળીના ઝળહળાટ આંખોને આંજી દે અને વાદળોના ધુમધડાકા કાનના પડદાને વીંધી નાંખે—અને એ રીતે સ્વસ્થ માનવી પણ ઘડિકે સ્તબ્ધ, ચકિત, ભયભીત બની જાય. આવા વર્ષાવિકલ દિવસ અને રાતનો એકાએક છેડો આવે અને જળભર્યાં વાદળોએ વિદાય લીધી હોય અને હીમઘવળ

વાદળો આકાશમાં ગંગાજમની રચતાં હોય, નદી નાળામાં વહેતાં પાણી ડોળાં મટી નીતરાં બન્યા હોય, વિશાળ જળાશયો ઉર્મિલતાને છોડીને સ્વસ્થ, સ્થિર, નિષ્પંદ બન્યા હોય, ખેતરો નવા પાક વડે લચી રહ્યા હોય, અને સમવિષમ પ્રદેશો લીલી હરિયાળી વડે અધિકતર મનોરમ લાગતા હોય–આવી–વર્ષા પાછળ ઉદય પામી રહેલી–શરદ્ ઋતુની અભિનવ લીલા આપણને અવર્ણનીય પ્રસન્નતાનું દર્શન કરાવે છે અને અપ્રતિમ તાજગીનો અનુભવ કરાવે છે.

આવી ખુશનુમા તાજગીનો એક પછી એક પ્રદેશને વટાવતી જતી બસમાં બેઠેલા અમને સર્વને આલ્હાદક અનુભવ થતો હતો. સાંજનો સમય હતો. સૂર્ય પશ્ચિમ આકાશમાં ક્ષિતિજ તરફ ધીમે ધીમે સરકી રહ્યો હતો. તેનો આછો તડકો બાજુએથી પસાર થતા ટેકરા ટેકરીઓને સોનેરી રંગે રંગી રહ્યો હતો. હળવા બનતા જતા સૂર્યપ્રકાશની આભા ઝાડ, પાન અને લીલા ઘાસ ઉપર પડતાં ચોતરફની લીલોતરીના લીલા રંગમાં કોઇ જુદી જ ઝળક–ચમક ઉઠી આવતી હતી અને અમારી આંખોને મુગ્ધ કરતી હતી. આમેય તે તાજી ઉગેલી વનસ્પતિના લીલા રંગમાં જ કોઇ અવનવી તેજસ્વીતા હોય છે; જેને જોતાં આંખો કદી થાકતી નથી. વસ્તુતઃ વર્ષા શમ્યા બાદ આવા પ્રદેશમાં વિચરવું એ એક નાની સરખી તીર્થયાત્રા જ છે. કારણ કે એ વખતે ધરતીમાં નવા પ્રાણ આવેલા હોય છે અને આગામી વર્ષની સુખ સમૃધ્ધિનાં આપણને ભારે સુભગ દર્શન થાય છે. હરિયાળા ખેતરો કે ઝાડપાનથી ભરેલા ટેકરી ટેકરાઓ ઉપર, નીતરા જળને ધારણ કરતા નદીપ્રવાહો ઉપર કે નાના મોટાં સ્વસ્થ પ્રશાન્ત સરોવર ઉપર, વિશાળ પૃથ્વીપટ ઉપર કે અનન્ત એવા આકાશના વિરાટ ઘુમટ ઉપર–જ્યાં દૃષ્ટિ નાંખો ત્યાં વિશ્વવ્યાપી પરમ તત્વમાં રહેલા અખૂટ સૌન્દર્યનાં આપણને સહજ દર્શન થાય છે અને આપણું ચિત્ત અવનવા આનંદરોમાંચને–અગમ્ય ઉર્ધ્વીકરણને–અનુભવે છે.

આવો મધુર અનુભવ એ આ વખતની અમારી વજ્રેશ્વરીની યાત્રાની વિશેષતા હતી. આમેય તે અમે બસમાં બેઠા અને મુંબઇના કોલાહલથી મુક્ત થયા એ સાથે જ અંદર અંદર અમારા આનંદ વિનોદનો આરંભ થઈ ચુકયો હતો. દુહા ઉપર દુહા સામસામા ફેંકાયે જતા હતા. નાની બહેનો પણ નવાં નવાં ગીતો વડે અમારા આનંદમાં પૂરવણી કરતી હતી. સૌનાં મન ઉપરથી વ્યાપાર વ્યવસાયનો ભાર ઉતરી ગયો હતો અને પ્રફુલ્લતાભર્યો વાતાવરણની પર્યટનના પ્રારંભથી જ જમાવટ થઇ ચુકી હતી.

સાંજના સાડા સાત લગભગ અમે વજ્રેશ્વરી પહોંચ્યા. ત્યાં અમારા માટે રસોઈ તૈયાર હતી. રસોઈ એટલે ખીચડી, શાક, પાપડ અને ચટણી. આ વખતના ખાનપાનની વ્યવસ્થાને લગતી બધી જવાબદારી અમારા સભ્યોમાંના એક શ્રી નૌતમલાલ દીપચંદ શાહે પોતાના માથે લીધી હતી. રસોઇઆ માણસ વગેરેને આગળથી રવાના કરેલા તેમણે બધું તૈયાર કર્યું હતું. ખૂલ્લામાં અમે જમવા બેઠા ત્યારે ચંદ્રમા આકાશમાં ઉન્નત આરોહણ કરી રહ્યો હતો. ચાલુ બંધ બારણે દીવાબત્તી નીચે ખાવાને ટેવાયલા એવા અમારા માટે આ પણ એક અનુભવ-વિશેષ હતો.

જમી પરવારીને અમે સ્વસ્થ બન્યા એટલે અમે જે મકાનમાં ઉતર્યા હતા. તે–શ્રી વેલજી દેવણ છેડાના આરોગ્ય ભવન–માં એક બાજુએ પહેલા માળ ઉપર એક મોટો હૉલ છે. તેની ઉપર અગાશી છે. ત્યાં અમે બધાં એકઠા થયાં. આ વખતે રાત્રીના નવ લગભગ વાગ્યા હતા. પૂર્વાકાશમાં ચંદ્રમાં ઉંચો ને ઉંચે ચઢી રહ્યો હતો અને વિશાળ વસુંધરા ઉપર શ્વેત રોશની વરસાવી રહ્યો હતો. ચોતરફ અગાધ શાન્તિ વ્યાપી રહી હતી અને બાજુએ વહેતા જળપ્રવાહનો મંદ મંદ અવાજ આવતો હતો. ચોતરફ નજરે પડતા નાના મોટા પર્વતો ધ્યાનસ્થ મુનિઓની માફક વાતાવરણને ઉંડા ગાંભીર્યથી અંકિત કરતા હતા. સ્વચ્છ આકાશમાં મોટા ભાગે શ્વેત અને કદિ કદિ શ્યામ એવા વાદળોની પર્યટન મંડળીઓ એક દિશાએથી બીજી દિશાએ–એમ અહિં તહિં ઘુમી રહી હતી અને તેને લીધે કદિ કદિ ચંદ્ર ઢંકાઈ જતો તો કદિ કદિ તેના આવરણમાંથી મુકત બનીને જાણે કે બમણા તેજથી પ્રકાશતો હતો.

આ વખતની અમારી મંડળીમાં વાર્તાવિનોદની જમાવટ કરવામાં શ્રી ટી. જી. શાહે અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના નિયામક શ્રી સુરજ-ચંદ્ર ડાંગીએ બહુ મહત્વનો ફાળો આપ્યો હતો. એક બીજા ભાઈ અચરતલાલ કેશવલાલ પણ દુહા અને ચોપાઇઓનો પહેલેથી છેલ્લે સુધી વરસાદ વરસાવતા જ રહ્યા હતા. ટી. જી. શાહ–આજે ૭૨ વર્ષની ઉમ્મરે પણ જેમનો સ્વભાવ એક હસમુખા બાળક જેવો છે અને જેમનો ઉત્સાહ એક ઉગતી વયના યુવક જેવો છે–તેમણે પોતાના જીવનના ખાસ કરીને તેઓ કરાંચીમાં હતા તે વખતના–સામાજિક પરાક્રમો ભારે છટાથી રજુ કર્યા અને સૌને સારી રીતે હસાવ્યા તેમ જ વિસ્મયમુગ્ધ કર્યા. શ્રી સુરજચંદ્ર ડાંગી બહુશ્રુત તેમ સાહિત્ય-રસિક વિદ્વાન છે, પ્રેમાળ તેમ જ રમુજી પણ છે. આગળના વજ્રેશ્વરી પર્યટનમાં પણ તેઓ આવ્યા હતા. પણ આ વખતે તેમની બહુશ્રુતતાનો, વિનોદશીલતાનો, તેમની સ્વયંકાવ્યશકિતનો અમને બહુ આલ્હાદક પરિચય થયો. પોતાનું તેમ જ અન્યનું તેમને કેટલું બધું કંઠસ્થ છે, અને સર્વધર્મસમન્વયની ભાવના વડે તેમનું ચિત્ત કેટલું પ્રભાવિત અને પલ્લવિત છે તેનો ખરો ખ્યાલ આ વખતે દુનિયાના ભિન્ન ભિન્ન પયગંબરો વિષે તેમણે રચેલાં તેમ જ અન્યરચિત કાવ્યો, પદ્યો, સ્તુતો ભજનો વગેરે સાંભળતાં આવ્યો. તેમના આવવાથી અમારા આ વખતના પર્યટનને એક પ્રેરણાદાયી સાંસ્કૃતિક રંગ પ્રાપ્ત થયો. અન્ય ભાઇ બહેનોએ તેમ જ બાળાઓએ પણ અમારા આનંદવિનોદમાં ઠીક ઠીક પુરવણી કરી.

મધ્યરાત્રે અમારી મીજલસ વિસર્જિત થઈ. કેટલાક અગાશીમાં જ સુતા તો કેટલાક હૉલમાં અને કોઈ કોઇ બાજુના મકાનની ઓરડી-ઓમાં ગોઠવાયા. હૉલ કે ઓરડીઓમાં સુતા તેમને શરદ ઋતુમાં નવા પેદા થયેલા મચ્છરોનો થોડો ઉપદ્રવ સહન કરવા પડયો. સવાર પડી. ઘણા ખરા જ્યાં ત્યાં ફરવા નીકળી પડયા. કેટલાક નદીમાં કે ગરમ પાણીના કુંડમાં નહાવા ગયા. સવારના નાસ્તામાં ચા, ચેવડો અને પુરી હતી, સાથે સાથે અમારા પર્યટનમાં જોડાવા માટે ખાસ સુરતથી આવેલા શ્રી પ્રકાશભાઇ અમીચંદ શાહ સુરતથી અમારા માટે તાજી અને સરસ નાનખટાઈ લાવેલા તેનો પણ અમને લાભ મળ્યો. નાસ્તા બાદ કેટલાક વજ્રેશ્વરીનું મંદિર જોવા ગયા; કેટલાક અમારા નિવાસસ્થાનથી લગભગ ત્રણ માઇલ દૂર આવેલ ગણેશપુરી સુધી પણ ગયા. અમે થોડા મિત્રો સમીપમાં વહેતી નદીમાં નહાવા ગયા. મુંબઇ સ્થાયીપણે રહેતા અમારી જેવા નગરવાસીઓને આવા પ્રવાહસ્નાનનો લાભ ભાગ્યે જ મળે છે. તેથી અહિં વસતી પ્રજાને જેની કશી નવાઇ હોતી નથી તે જ બાબત અમારી જેવાને અવનવી લાગે છે. વર્ષાના શમન સાથે નદીપ્રવાહ સંકોચાયો હતો. એમ છતાં પણ તેનો પટ ઠીક ઠીક પહોળો હતો અને પ્રવાહમાં દાખલ થતાં પાણીના વેગ નો સામનો કરવો પડતો હતો. નીચે પથ્થરો હોઇને એ પ્રવાહમાં મુકતપણે ફરવાનું કે તરવાનું શકય નહોતું. એમ છતાં એ મર્યાદિત સ્નાન વડે મન ખૂબ પ્રસન્ન થયું. કેડ સુધીના પ્રવાહમાં ઉભા રહેતાં અને ચોતરફ દૃષ્ટિ ફેરવતાં એ પ્રદેશની અદ્‌ભુત રમણીયતાની ઝાંખી થતી હતી. એક બાજુએ એક મોટી ટેકરીની ગોદમાં ઉભેલું વજ્રેશ્વરીનું પુરાણું ભવ્ય મંદિર જાણે કે ઉંચા હાથ કરીને અમને બોલાવી રહ્યું હતું. બીજી બાજુએ દિગ્ગજની શોભાને ધારણ કરતો એક પર્વત અનન્ત આકા-શની ઓથે ઉભો હતો. તેનો આખો દેહ લીલી હરિયાળીથી ઢંકાયલો હતો, અને તેની ઉપર પડતા સૂર્યતાપને લીધે ચમકતો હતો. આકા-શમાં વિચરતાં વાદળોની છાયા એ પર્વતની વિશાળ કાયા ઉપર પડતા પર્વતનો કોઈ ભાગ એકદમ ઝાંખો લાગતો તો બીજો ભાગ એકદમ

ઉજળો લાગતો, અને એ રીતે એ વિશાળ ગાલીચા ઉપર પ્રકાશ અંધકારના–ધવલતા અને શ્યામતાના–નાના મોટા ગુટ્ટાઓ ઉઠતા અને ઓસરતાં હોય એમ લાગતું હતું. એક બાજુએ ગણેશપુરીની ઝાંખી થતી હતી; બીજી બાજુએ અકસોલી ગામનો–ધર્મશાળાઓ અને આરોગ્ય ભવનોનો–પડાવ દેખાતો હતો. આખો પ્રદેશ ઝાડપાનથી ખીચોખીચ ભરેલો હતો. વહેતા પ્રવાહની રોચક શીતળતા અને આસપાસના દૃશ્યની મનોહર રમણીયતા નદીમાં નહાતાં નહાતાં અમે એકાદ કલાક માણી અને પછી સરખા થઇને અમે અમારા નિવાસસ્થાન ઉપર ગયા. અને ભોજનની વ્યવસ્થા કરવામાં રોકાયા.

બપોરના મધ્યાહ્ન કાળે અમે બધાંએ એકઠાં બેસીને ભોજન કર્યું. ભોજનમાં હતું ઉંધીયું, જલેબી, કઢી અને ભાત. આ રીતે અમારું ભોજન નહોતું સાદું, નહોતું ભારે. આ પર્યટનમાં જ્યારે જ્યારે જે કાંઈ ખાવાનું આપવામાં આવ્યું તે પાછળ એક પ્રકારની સુરુચિ અને આવો પ્રબંધ કરવાને લગતો અનુભવ હતો. તેનો યશ અમારા ખાનપાનની બધી ગોઠવણ કરનાર અને એ માટે પૂરી જહેમત ઉઠાવનાર ભાઇશ્રી નૌતમભાઇને ફાળે જાય છે.

જમ્યા પછી દોઢ બે કલાકે આરામ લીધા બાદ ટી. જી. શાહે અમને કેટલાક જાદુના ખેલ બતાવીને અમારા મનનું ખૂબ રંજન કર્યું. સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે પણ બે ત્રણ જાદુઈ કરામત બતાવીને અમને ખૂબ હસાવ્યા. સાંજના સાડા ચાર વાગ્યા. ઉપડવાની અમે તૈયારી કરી.

મુંબઇ તરફ પાછા ફરતાં પહેલાં અમારી સ્વારી નજીકમાં આવેલી ગણેશપુરી તરફ ઉપડી. અહિં પણ ગરમ પાણીના કુંડો છે, એક વિશાળ વિષ્ણુમંદિર છે, વળી અનેક શ્રદ્ધાળુ લોકોનું આકર્ષણપાત્ર બનેલા નિત્યાનંદ સ્વામી નામની એક વ્યક્તિ ત્યાં રહે છે. આમને કેટલાએક સિદ્ધયોગી માને છે અને તેમના દર્શન વડે ઊંડી કૃતાર્થતા અનુભવે છે અને તેમની સામે ફળ ફુલો અને દ્રવ્યની ભેટ ધરે છે. તેઓ ભાગ્યે જ બોલે છે. તેમની કાયા શામળી છે અને માત્ર લંગોટ વડે લગભગ નગ્ન દશામાં રહે છે. જેની સાથે સીધા પરિચય માટે અવકાશ નથી તેના વિષે એક યા બીજા પ્રકારનો અભિપ્રાય વ્યકત કરવો એ ઉચિત લાગતું નથી. જ્યાં સુધી જે વ્યકિત આપણને બરોબર ન સમજાય ત્યાં સુધી આપણા માટે તે વ્યકિતનો કોઈ ખાસ ઉપયોગ નથી. આવી વ્યકિતઓ સંબંધમાં માનસિક તાટસ્થ્ય એ ઉચિત માર્ગ છે. આંધળી શ્રધ્ધા અથવા તો અવિચારી તિરસ્કાર એ બન્નેથી દૂર રહેવામાં ડહાપણ છે, શાણપણ છે.

ગણેશપુરીની બાજુએ વયોવૃદ્ધ ડો. કોઠાવાળાનું એક સેનેટોરિયમ છે. આસપાસના પ્રદેશોમાં આવેલા ગરમ પાણીના ઝરાનો વૈજ્ઞાનિક પદ્ધતિએ વૈદ્યકીય ઉપચાર કયા કયા દર્દોના સંબંધમાં કેવી રીતે કરવો તે વિષયના તેઓ નિષ્ણાત છે અને એવા ઉપચારની અપેક્ષા ધરાવતા દર્દીઓને પોતાના કુટુંબીજનો સાથે રહેવા વગેરેની તેમના સેનેટોરિયમમાં વ્યવસ્થા છે. ડો. કોઠાવાળા ભલા પરગજુ દિલના પારસી અને માયાળુ સજ્જન છે અને એ બાજુ બહુ જ ઓછા વસવાટ અને લોકોની અવરજવર હતી ત્યારનો વર્ષોજુનો તેમનો ત્યાં વસવાટ છે. પોતે કુશળ બંદુકબાજ છે અને વાઘ દીપડા આદિ હિંસક પ્રાણીઓની રંજાડમાંથી આસપાસનાં ગામડાંમાં વસતા લોકોને પોતાની કુશળ બંદુકગીરી વડે અનેકવાર તેમણે બચાવ્યા છે. નિર્ભયતા અને સાહસ તેમને જન્મથી વરેલાં છે. તેમના સેનેટોરિયમની પણ આમારામાંના કેટલાકે મુલાકાત લીધી અને ડો. કોઠાવાળાનાં દર્શન કીધાં.*

અહિંથી પછી અમે મુંબઇ તરફ ઉપડયા અને જેમ મુંબઇથી આ બાજુ આવતાં તેમ જ અહિંથી મુંબઈ બાજુ જતાં જે અહી ત્રણ કલાક લાગ્યા તે આખો સમય ગાનતાન, દુહાઓની રમઝટ અને વિનોદ વાર્તાલાપમાં અમે પસાર કર્યો. થાણા નજીક આવ્યાં; હવે તો એક પછી એક છુટા પડવાના. એટલે નાની બહેનોએ ગીત શરૂ કર્યું કે:–

અમે અમારે ઘેર જઇએ ભાઇ રામરામ છે;
આ બોલ્યું ચાલ્યું માફ, બીજું શું કહીએ ?
સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇને રામરામ છે;
તેમને એકલાં આવવાનો શોખ, બીજું શું કહીએ ?
સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇને રામરામ છે,
તેમને પર્યટનનો બહુ શોખ, બીજું શું કહીએ ?
સંઘના મંત્રી શ્રી ચીમનભાઇને રામરામ છે,
તેમને બાલકન-જી-બારીનો શોખ, બીજું શું કહીએ?
સંઘના સભ્ય ભાઈ અચરતલાલને રામરામ છે,
તેમને દુહા સંભળાવવાનો શોખ, બીજું શું કહીએ ?

અને એ રીતે પર્યટનમંડળીની દરેક વિશેષ વ્યકિતની ખાસિયતને–વિશેષતા તેમ જ વિચિત્રતાને–પોતાની રીતે વર્ણવીને અમને ઠીક ઠીક હસાવ્યા. આઠ વાગ્યા લગભગ મુંબઇ પહોંચ્યા અને મનમાં અનેક મીઠાં સ્મરણો સંગ્રહીને એકમેકથી છુટાં પડયાં.

આ છે અમારા વજ્રેશ્વરીપર્યટનની નાની સરખી કથા. પર્યટનમાં અમે જેમ મુકત મને વિચર્યા તેમ જ તેનું વર્ણન પણ પ્રસ્તુત–અપ્રસ્તુતની મર્યાદાની બહુ દરકાર કર્યા સિવાય મુકત મને આલેખવા અહિં પ્રયત્ન કર્યો છે.–એ હેતુથી કે જેઓ એ પર્યટનમાં અમારી સાથે નહોતા જોડાયા તેઓ પણ એ પર્યટનનો કલ્પનાથી થોડો આસ્વાદ અનુભવી શકે, અને અમારા આનંદના ભાગીદાર બની શકે. **પરમાનંદ**

અમદાવાદમાં સ્થપાનારું ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ, શેઠ શ્રી. ચીમનભાઇ લાલભાઇ, શેઠ શ્રી. નરોત્તમભાઇ લાલભાઇ અને તેમનાં કુટુંબીજનો તથા અન્ય ગૃહસ્થોએ મળીને ભારતીય સંસ્કૃતિની ઉંચી કક્ષાના અધ્યયન અને સંશોધન માટે એક સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો હતો અને તે અમલમાં મુકવા સૌ પ્રથમ એ સંસ્થા સરકારમાં "શ્રી. લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર" નામે રજીસ્ટર કરાવી હતી.

આ "લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર"ના મકાન વિગેરે બાંધવા માટે કોમર્સ કોલેજની પાછળ યુનિવર્સિટી કેમ્પસ પાસે સાડા છ એકર જમીન રૂપીઆ બે લાખમાં ખરીદવામાં આવી છે અને તેના મકાન વિગેરેના નકશાઓ તૈયાર કરવાનું કામ હાથ પર ધરાયું છે. અને સદરહુ જમીન ઉપર અદ્યતન સગવડવાળું મકાન આશરે રૂા. ૧૦ લાખના ખર્ચે તૈયાર કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સંસ્થાના વહિવટી ખર્ચ માટે પણ શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ, શેઠ શ્રી. ચીમનભાઇ લાલભાઇ તથા શેઠ શ્રી. નરોત્તમભાઇ લાલભાઇ તરફથી એક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે અને તેની વાર્ષિક આવક જે આશરે રૂા. ૬૦,૦૦૦) ની છે તે આ સંસ્થાના કાયમી વહિવટી ખર્ચને પૂરક રહેશે.

સંસ્થાનું કાર્ય–આ સંસ્થા પોતાના પ્રથમ કાર્ય તરીકે સ્થળે થરળે જુદા જુદા હસ્તલિખિત ગ્રંથસંગ્રહો અને ભંડારો પડયા છે તેમને વ્યવસ્થિત રીતે સંધરવા, સાચવવા અને સંશોધન માટે સુલભ કરવાનો પ્રયાસ કરવા ધારે છે. આ અર્થે આમોહવા અને જીવજંતુ વગેરેથી પ્રતિઓનું રક્ષણ થાય એ માટે અદ્યતન વૈજ્ઞાનિક જ્ઞાનના ધોરણે મકાન બાંધવાની અને સંરક્ષણની યોજના વિચારાઇ છે. આ હસ્તલિખિત ગ્રંથવિભાગનું કાર્ય પૂ. પા. મુનિ શ્રી. પુણ્યવિજયજી આદિ નિષ્ણાતોની દોરવણી નીચે થશે; જેમની દેખરેખ નીચે અદ્યતન પદ્ધતિઓમાં કેળવાયેલા કયુરેટર આખી વ્યવસ્થા સંભાળશે.

કાર્યાલયનો પ્રારંભ–મકાન તૈયાર થાય ત્યાં સુધી બેસી ન રહેતાં લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરે કાર્યનો પ્રારંભ કરવાનો ઠરાવ કર્યો છે અને તે માટે હાલમાં શેઠ લાલભાઈ દલપતભાઇ પાનકોર નાકે આવેલા વંડાનું મકાન કાર્યાલય તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

લાલભાઈ દલપતભાઈ ભારતીયસંસ્કૃતિ વિદ્યામંદિરના કાર્યનો મંગળ પ્રારંભ વિદ્વદરત્ન સંશોધક આચાર્ય પૂજ્ય મુનિ શ્રી. પુણ્યવિજયજીના હસ્તે વિજયાદશમી તા. ૩ જી ને ગુરૂવારે પ્રાતઃકાળે ૭॥ વાગે કરવામાં આવ્યો છે.

*અહિં જણાવતાં ઊંડી દિલગીરી થાય છે કે આ વયોવૃધ્ધ ડૉ. કોઠાવાળાને અમે મળ્યા તેના બીજા જ દિવસે સાંજના કે રાત્રીના સમયે તેમને કોરોનરી થ્રોમ્બોસીસનો હુમલો થયો. આમ છતાં પોતાની મોટર પોતે જ હાંકીને તેઓ મુંબઇ આવ્યા અને ડૉ. બચાના નર્સીંગ હોમમાં દાખલ થયા અને જરૂરી સર્વ ઉપચાર કર્યો, પણ આ પુરૂષાર્થ અને પ્રયત્ન નિષ્ફળ નીવડયા અને પછીના દિવસે તેમણે આ ફાની દુનિયાની સફરને માટે વિદાયગીરી લીધી. જનસમાજ આ રીતે એક પરોપકારી મૂક સેવકથી વંચિત બન્યો.

કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતા ?

એક તાર્કિક વિચારણા

(ગયા અંકમાં બટાટા કંદમૂળ હોવાના માન્યતાભ્રમ વિષે કેટલુંક વિવરણ કરીને બટાટાં કંદમૂળ નથી એવો એક નિર્ણય તારવવામાં આવ્યો હતો. તેમાં કંદમૂળની અભક્ષ્યતા ગૃહિત કરીને આખી ચર્ચા કરવામાં આવી હતી. આ નીચેના લેખમાં કંદમૂળની જૈન દૃષ્ટિએ પ્રતિપાદિત અભક્ષ્યતા તાર્કિક દૃષ્ટિએ બરોબર છે કે કેમ તે વિષે એક વિચારણા રજુ કરવામાં આવે છે. **તંત્રી.**)

જૈન પરંપરા પ્રમાણે જીવના બે ભાગ પાડવામાં આવ્યા છે. ત્રસ અને સ્થાવર. ત્રસ જીવો એટલે સ્વતંત્ર હલનચલનયુક્ત જીવો જેમાં બે ઇન્દ્રિયથી માંડીને પાંચ ઇન્દ્રિય ધરાવતા જીવોનો સમાવેશ થાય છે સ્થાવર જીવો એટલે સ્વતંત્ર હલનચલન વિનાના જીવો, જેમાં પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને અગ્નિકાય જીવોનો સમાવેશ થાય છે, આ જીવો એકેન્દ્રિય હોય છે. આ પૃથ્વીકાયના જીવોમાં અન્તર્ગત થતા જીવોના બે ભાગ કરવામાં આવેલ છે; ૧ પ્રત્યેક વનસ્પતિકાય, ૨ સાધારણ વનસ્પતિકાય. જે વનસ્પતિના એક પદાર્થમાં એકજ જીવ હોય–દા. ત. સફરજન, કેળું–તેને પ્રત્યેક વનસ્પતિકાય કહેવામાં આવે છે. જે વનસ્પતિના એક પદાર્થમાં જૈન પરંપરા પ્રમાણે અનન્ત જીવો હોય–દા. ત. સુરણ અથવા રતાળુ–તેને સાધારણ વનસ્પતિકાય કહેવામાં આવે છે, અને આ પદાર્થ અનન્તકાય હોઇને તેને અભક્ષ્ય પદાર્થની કોટિમાં મૂકવામાં આવેલ છે સર્વ કંદમૂળ સાધારણ વનસ્પતિકાય હોઇને જૈન પરંપરા પ્રમાણે અભક્ષ્ય લેખાય છે. કંદમૂળ વિષેની આ પ્રમાણેની જૈન માન્યતા સ્વીકારીને ચાલીએ તો પણ કંદમૂળનું અભક્ષ્યત્વ એટલે પ્રત્યેક વનસ્પતિકાયની અપેક્ષાએ તેનું સવિશેષ વર્જ્યપણું બરોબર છે કે કેમ એ મુદ્દાની ચર્ચા કરવાનો અહિં આશય છે.

એ તો સર્વસ્વીકૃત છે કે જેમ વધારે ઇન્દ્રિયવાળો જીવ તેમ તેની ચેતના અને સંવેદનનો વિકાસ વધારે. એક જ કોટિના જીવોમાં પણ વધારે ઓછા વિકાસની વર્ગણા થઇ શકે એવી જીવયોનિઓ હોય છે. દા. ત. પંચેન્દ્રિય જીવોમાં પણ માનવી સૌથી વધારે વિકસિત પ્રાણી છે. એનામાં પુરી ખીલેલી પાંચ ઇન્દ્રિયો ઉપરાંત અસાધારણ શક્તિ અને શક્યતાઓ ધરાવતું મન, કલ્પના, સ્મૃતિ, બુદ્ધિ તથા હૃદય હોય છે, જેનો તરતની નીચેની કોટિના જીવોમાં બહુ જ ઓછો અંશ હોય છે અને પછીની કોટિના જીવોમાં એ અંશ ઘટતો ઘટતો લગભગ અભાવમાં પરિણમે છે.

જૈન પરંપરામાં એક બાજુએ વિવિધ પ્રકારના સંયમલક્ષી તપ અને વ્રતનિયમોનાં અનુષ્ઠાનો વિહિત છે અને બીજી બાજુએ ખાદ્યાખાદ્ય તથા પેયાપેય પદાર્થો સંબંધમાં અહિંસાલક્ષી અનેક વિધિનિષેધો ફરમાવવામાં આવ્યા છે.

આ ખાદ્યાખાદ્ય તથા પેયાપેયનો નિર્ણય કરવા માટે ત્રણ પ્રકારના નિયમો કલ્પવામાં આવ્યા હોય એમ લાગે છે:–

(૧) જ્યાં સુધી નિર્જીવ લેખાતા પદાર્થો વડે જીવનનિર્વાહ શક્ય હોય ત્યાં સુધી સજીવ પદાર્થોનો ઉપયોગ ન કરવો.

(૨) ખાનપાન માટે જીવહિંસા અનિવાર્ય હોય ત્યાં બને તેટલી ઓછી હિંસા વડે ચલાવવું. આ બીજા નિયમ ઉપર વિવેકમર્યાદા સૂચવતો ત્રીજો નિયમ નીચે મુજબ છે:–

(૩) ચાલુ જીવનનિર્વાહ માટે જ્યાં અલ્પવિકસિત જીવોની અધિકતર હિંસા અને અધિકતર વિકસિત જીવોની અલ્પ હિંસા–એ બે વચ્ચે પસંદગી કરવાની હોય ત્યાં અલ્પવિકસિત જીવોની અધિકતર હિંસાને પસંદગી આપવી અને અધિકતર વિકસિત જીવોની હિંસાથી બને તેટલા દૂર રહેવું.

ખાનપાનને લગતા જૈન આચારમાં લીલા કરતાં સુકું, વનસ્પતિ કરતાં કઠોળ, ફળ કરતાં અનાજ ખાવાનો જે આગ્રહ છે અને માંસાહારના સ્થાને નિરામિષ ભોજનને સવિશેષ આદરણીય લેખવામાં આવ્યું છે તે ઉપર જણાવેલ ત્રણ નિયમો ઉપર આધારિત હોય એમ લાગે છે.

હવે વનસ્પતિકાયના જે બે વિભાગ કરવામાં આવ્યા છે– એક વિભાગમાં આપણે જે ચાલુ ફળ શાક ખાઇએ છીએ તેનો સમાવેશ થાય છે અને બીજા વિભાગમાં જેને આપણે કંદમૂળ તરીકે ઓળખીએ છીએ તેનો સમાવેશ કરવામાં આવે છે–તે સમગ્ર વનસ્પતિકાયને જો આ ધોરણ લાગુ પાડવામાં આવે તો ઉપરના ક્રીસ્સામાં જેમ માંસાહારને વર્જ્ય ગણવામાં આવ્યો અને તેની અપેક્ષાએ નિરામિષ આહારને આદરણીય લેખવામાં આવ્યો તેમ પ્રત્યેક વનસ્પતિકાયના સ્થાને સાધારણ વનસ્પતિકાય એટલે કે કંદમૂળ વગેરેને ખાનપાન અંગે સવિશેષ પસંદગી આપવી ઘટે. કારણ કે કંદમૂળ વગેરેનું અનંતકાય હોવાપણું એ હદ સુધી જૈન શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે કે સોયના અગ્રભાગ જેટલા કંદમૂળમાં અનંત જીવો રહેલા છે. આ જીવો ક્ષણે ક્ષણે જન્મતા અને મરતા હોય છે એમ પણ તે વિષે શાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે. આવા સુક્ષ્મતમ જીવો ચેતના અને સંવેદનની દૃષ્ટિએ હીનતમ કોટિના હોવા જોઇએ, જેની અપેક્ષાએ પ્રત્યેક વનસ્પતિકાયના જીવો ચેતના અને સંવેદનની દૃષ્ટિએ વધારે ચડિયાતા અને વધારે વિકસિત હોવા જોઇએ અને તેથી જ તેની અપેક્ષાએ કંદમૂળના ઉપભોગને પ્રથમ સ્થાન મળવું જોઇએ.

અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે વનસ્પતિની સજીવતા આજના વિજ્ઞાનને અભિમત છે, સ્વીકાર્ય છે, પણ અન્ય ફળશાકની અપેક્ષાએ કંદમૂળની જીવબહુલતાને વૈજ્ઞાનિક સંશોધનનો કોઇ ટેકો નથી અને જીવસંખ્યાની દૃષ્ટિએ આજનું વિજ્ઞાન કેળાં, બટેટાં કે સુરણ વચ્ચે કશો ભેદ કરતું નથી. આ તો વિજ્ઞાનની વાત થઈ. પણ જૈન માન્યતા પાછળ રહેલા હિંસા–અહિંસાના ધોરણે વિચાર કરતાં અને તેમાં પણ ઉપર જણાવેલ ત્રીજો નિયમ લાગુ પાડતાં પ્રત્યેક વનસ્પતિકાયની અપેક્ષાએ કંદમૂળ સવિશેષ વર્જ્ય એટલે કે અભક્ષ્ય બની શકતું નથી.

હિંસા–અહિંસાની દૃષ્ટિએ કંદમૂળ અને બીજા ચાલુ શાકો વચ્ચે બીજો એક તફાવત પણ ધ્યાનમાં લેવો ઘટે છે. કંદમૂળ નક્કર ફળ હોય છે, તે લાંબો વખત ટકે છે અને તેમાં જલ્દિ વિકાર થતો નથી, તેમજ બીજી કોઇ જીવોત્પત્તિ થતી નથી; બીજાં લીલાં શાક બહુ ટકતા નથી; તે જલ્દિ બગડે છે અને તેમાં બીજી જીવોત્પત્તિ શરૂ થઇ જાય છે. એટલું જ નહિ પણ સરસ અને તાજાં શાકમાં પણ ઇંળો અને બીજી જીવાત ઉત્પન્ન થયેલી અનેકવાર જોવામાં આવે છે અને જરા પણ બેદરકારીથી આ શાક મોળતાં આ બે ઇન્દ્રિય કે ત્રણ ઇન્દ્રિય ધરાવતા જીવોની હિંસા થવાનો પૂરા સંભવ રહે છે. દા. ત. ભીંડા, વટાણા, વાલોળમાં જીવતી ઇંળો ઘણીવાર જોવામાં આવે છે અને પૂરી ચીવટથી શાક મોળતાં પણ એ ઇંળો મોળનારના હાથે ઘણીવાર કપાઇ જાય છે. કોબીફ્લાવરમાં તો જલ્દિ ન દેખાય એવી ઘણી વખત પુષ્કળ જીવાત હોય છે. નાતજાતના વરામાં તો આવી હિંસાનો કોઇ પાર રહેતો નથી. આ દૃષ્ટિએ પણ ચાલુ બીજા શાકો કરતાં કંદમૂળ વધારે પસંદગી લાયક લેખાવું ઘટે છે.

ઉપર જણાવેલ ત્રીજા નિયમના વિરોધમાં કોઈ એમ કહે કે 'આપણે જીવ જીવ વચ્ચે આવો ભેદ કરવો ન જોઇએ. જૈન મતે તો સર્વ જીવો સરખા છે.' આ મન્તવ્યમાં સત્ય છે, પણ તે સાપેક્ષ છે. જૈન શાસ્ત્રો જરૂર કહે છે કે શક્ય હોય તો કોઇ પણ પ્રકારની હિંસાથી દૂર રહો અને તેમાં નાના મોટા જીવોનો ભેદ ન કરો અથવા તો આ નાનો જીવ છે એટલે તેની ઉપેક્ષા ન કરો, પણ જ્યાં એક યા બીજા જીવની હિંસા અનિવાર્ય હોય ત્યાં નાના મોટા જીવોનો વિવેકપૂર્વક ભેદ કરવાની આપત્તિ આવીને ઉભી રહે છે. જૈન પરંપરાએ આ ખ્યાલ રાખીને એકેન્દ્રિય જીવની હિંસા કરતાં બે ઇન્દ્રિય જીવની હિંસામાં અનેક ગણો દોષ છે, પાપ છે એમ જણાવ્યું છે. માનવીમાં પણ શ્રાવક, શ્રાવકમાં પણ બાર વ્રતધારી શ્રાવક, તેમાં પણ પંચમહાવ્રતધારી મુનિની હિંસા અધિકાધિક દોષપાત્ર હોવાનું જૈન દર્શન જણાવે છે. આ જ ન્યાય ભીંડા તુરીયા જેવા પ્રત્યેક વનસ્પતિકાયને અને કંદમૂળ જેવા સાધારણ વનસ્પતિકાયને લાગુ પાડતાં પ્રત્યેકની હિંસા સાધારણ કરતાં વધારે દોષપાત્ર લેખાવી જોઇએ એમ લાગે છે.

આ ચર્ચા કંદમૂળના ઉપયોગ ને ઉ-તેજન આપવાના કોઇ હેતુથી કરવામાં આવી છે એમ કોઇ ન સમજે, પણ વનસ્પતિકાયના વિશાળ પ્રદેશમાં કંદમૂળને અધિકતર દોષપાત્ર ગણીને તારવવામાં આવે છે તે બુદ્ધિસંગત લાગતું નથી એટલું જ સૂચવવાનો આ ચર્ચાનો આશય છે. સારાંશ એ કે માંસાહારને વર્જ્ય ગણ્યા બાદ નિરામિષ આહારના પ્રદેશમાં જે અનેક ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે, તેમાં વર્જ્ય શું અને અવર્જ્ય શું તેની કંદમૂળ અને બીનકંદમૂળના ધોરણે તેમ જ લીલા અને સુકાના ધોરણે જે મર્યાદા અથવા તો વિધિનિષેધ કરવામાં આવે છે તેની કોઇ ખાસ ઉપયુકતતા કે મહત્વ નથી લાગતું. લીલા સુકાનો ભેદ બહુ અર્થવાળો એટલા માટે નથી લાગતો કે જે સુકું ખાદ્ય હોય છે તે મૂળમાં તો લીલું જ હોય છે. અને તેનું આપણા માટે જ ઉત્પાદન કરવામાં આવે છે અને તે ઉત્પાદન વગેરે પ્રક્રિયાઓમાં હિંસા રહેલી જ છે. નિરામિષ ખાદ્ય પદાર્થોના પ્રદેશમાં કયા પદાર્થો સત્વપોષક છે અને કયા પદાર્થો સત્વહ્રાસક છે, કયા પદાર્થો સાત્વિકતા-પોષક યા બાધક છે, કયા પદાર્થો કયારે ઉત્તમ કોટિના મળે છે અને કયારે તેમાં સત્ત્વહાનિ–રસહાનિ–થાય છે, અને કયા કયા પદાર્થો કેટલા પ્રમાણમાં લેવા આરોગ્યની દૃષ્ટિએ ઉચિત યા અનુચિત છે–આવા જુદાં જુદાં ધોરણે ખાદ્યાખાદ્ય તથા પેયાપેયનો વિવેક કરવો ઘટે છે અને તેમાં પણ નિરર્થક હિંસા અથવા તો અન્નલોલુપતા હંમેશાને માટે વર્જ્ય ગણાવી જ જોઇએ. આવી રીતે પોતપોતાની શારીરિક, માન-સિક તેમજ આધ્યાત્મિક જરૂરિયાત મુજબ પ્રાણપોષક તેમજ સાત્વિકતા-પોષક પદાર્થોનો પરિમિત પ્રમાણમાં આપણે ઉપયોગ કરવો જોઇએ અને એ રીતે રસેન્દ્રિયનું આપણે સતત નિયંત્રણ કરતા રહેવું જોઇએ.

આ આખા વિવેચન પાછળ, જે સંયમ ઉપર જૈન પરંપરા ખૂબ ભાર મૂકે છે તેને નબળો પાડવાનો કોઇ આશય નથી; પણ ભક્ષ્યાભક્ષ્ય અને ખાસ કરીને કંદમૂળ અંગે જે એક પ્રકારની માન્યતા પ્રચલિત છે તેનું તાર્કિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંશોધન કરવાનો એક નમ્ર પ્રયત્ન છે.

ક્રાળજુની ધાર્મિક માન્યતા સાથે સંબંધ ધરાવતા એક વિવાદાસ્પદ પ્રશ્ન પરત્વે આ એક તાર્કિક વિચારણા છે અને નહિં કે કોઇ એકાન્તિક નિશ્ચયાત્મક પ્રતિપાદન. આમ હોવાથી આ પ્રશ્ન સંબંધમાં–ઉપર જણા-વેલ વિચારોના સમર્થનમાં કે વિરોધમાં–કોઇ પણ વ્યકિત સંયુકિતક અને સાંપ્રદાયિક અભિનિવેશથી મુકત એવું કાંઇ લખાણ મોકલી આપશે તો તેને જરૂર પ્રબુદ્ધ જીવનમાં અવકાશ આપવામાં આવશે.

પરમાનંદ

પંડિત સુખલાલજીને પદવીપ્રદાન

પં. સુખલાલજીને તા. ૪ ઓકટોબરના રોજ ગુજરાત યુનિ-વર્સિટી તરફથી 'ડોકટર ઓફ લેટર્સ' ની માનાર્હ પદવી તેમની અખંડ વિદ્યોપાસના અને અનેકવિધ સાહિત્યસેવાની કદર તરીકે અર્પણ કરવામાં આવી. આજથી ચાર મહીના પહેલાં ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે મોટા પાયા ઉપર જાહેર સન્માન કરવામાં આવ્યું હતું, અને તેમના માટે એકઠા કરવામાં આવેલ એક લાખ રૂપિયાના સન્માનનિધિની જાહેરાત કરવામાં આવી હતી. એ સન્માનસમારંભની ભવ્યતા કલ્પનાતીત હતી. એમ છતાં પણ એક પ્રાદેશિક યુનિવર્સિટી સ્વતંત્ર રીતે પંડિતજીને ડૉકટર ઓફ લેટર્સની પદવી આપીને તેમનું સન્માન કરે તેનું મહત્વ કોઇ જુદું જ છે. કારણ કે આગળનો સન્માન સમારંભ તેમના મિત્રો અને પ્રશંસકોએ યોજેલો હતો, અને તે પંડિતજી પ્રત્યેના અંગત પક્ષપાત અને આદરથી પ્રેરાયલો હતો; જ્યારે યુનિવર્સિટી આવી ડીગ્રીનું પ્રદાન તો વ્યકિતની કેવળ ગુણવત્તાને લક્ષ્યમાં રાખીને જ કરે છે. આ રીતે પંડિતજીને પ્રાપ્ત થયેલ 'ડોકટર ઓફ લેટર્સ'ની પદવીના પ્રમાણપત્રની અનોખી વિશેષતા છે.

પ્રસ્તુત પદવીપ્રદાન અંગે બે ત્રણ બાબતો ખાસ નોંધવા જેવી છે. આને લગતો પ્રસ્તાવ ગુજરાત યુનિવર્સિટીની સીન્ડીકેટ અને સેનેટે સર્વાનુમતે પસાર કર્યો હતો. આ સર્વાનુમતિ યુનિવર્સિટીના સંચાલકોની પંડિતજીની વિદ્વતા પ્રત્યે–ઊંડી આદરવૃત્તિ સૂચવે છે. વળી આવી પદ-વીના પ્રદાનનો પ્રસંગ ગુજરાત યુનિવર્સિટી માટે સૌથી પહેલો જ હતો. આ માટે પંડિતજી જેવી વ્યકિતની પસંદગી કરવામાં આવે કે જેણે ગુજરાતી ત્રણ કે ચાર ધોરણથી વધારે શાળાશિક્ષણ પ્રાપ્ત કર્યું નથી–જેણે અંગ્રેજીની એ. બી. સી. ડી. પણ ઘુંટી નથી–આ સુભગ ઘટનાએ ગુજરાત યુનિવર્સિટી માટે એવી પરિપાટી ઉભી કરી છે કે જેના પરિણામે જેમ અન્યત્ર બને છે તેમ આવાં ડીગ્રીપ્રદાન માટે કોઈ રાજકારણી પુરૂષની માત્ર તેની મહત્તા ખાતર પસંદગી કરવામાં નહિ આવે, તેમ જ આ માટે પ્રસ્તુત વ્યકિત અંગ્રેજી કેટલું ભણેલી છે અને યુનિવર્સિટીની કંઇ કંઇ ઉપાધિઓ ધરાવે છે એ બાબતને મહત્વ આપવામાં નહિ, આવે પણ તેની નક્કર વિદ્વતા અને નક્કર સાહિત્યસેવા જ આ બાબતમાં હંમેશા નિર્ણાયક બનશે એવી આશા આપણે સેવી શકીએ.

પંડિતજીની સન્માન સમિતિમાંના અમો કેટલાક સહકાર્યકર્તાઓના દિલમાં એક ઊંડી ઇચ્છા રમી રહી હતી કે આપણે તો આ કાર્ય ધારણા મુજબ પાર પાડીશું, પણ સાથે સાથે ગુજરાત યુનિવર્સિટી પણ તેમની આ રીતે કદર કરે તો કેવું સારૂં ! આ ઇચ્છા અમારા દિલમાં સ્ફુરી ત્યારે તેની સફળતાનાં કોઇ ચિહ્નો ક્ષિતિજ ઉપર દેખાતાં નહોતાં. પણ પછી તો ઉત્તરોત્તર એ વિચાર યુનિવર્સિટીના કેટલાક અગ્રગણ્ય કાર્યકર્તાઓને પણ સ્પર્શ્યો, વાતાવરણ ઉત્તરોત્તર વધારે ને વધારે અનુકુળ બનતું ગયું અને મુંબઇના સન્માન સમારંભને ચાર માસ પુરા થયા નથી એવામાં ગુજરાત યુનિવર્સિટીએ સ્પેશીયલ કોન્વોકેશન બોલાવીને ડોકટરેટના અર્પણ દ્વારા પંડિતજીને સન્માનિત કર્યા. આ રીતે અમારા એક સ્વપ્નને મૂર્તિમન્ત થયેલું નિહાળતાં અમારૂં દિલ ઊંડી કૃતાર્થતા અનુભવે છે.

આ સ્પેશીયલ કોન્વોકેશનનો અહેવાલ આ અંકના પ્રારંભમાં આપવામાં આવ્યો છે. એ પ્રસંગે હાજર રહેવાનું મારૂં સદ્‌ભાગ્ય હતું. પદવીનું પ્રમાણપત્ર સ્વીકારતાં પંડિતજીએ જે વ્યાખ્યાન કર્યું હતું એવું સચોટ અને અન્તરના ઊંડાણમાંથી ઉદ્‌ભવતું તેમનું વ્યાખ્યાન મે પહેલાં કદિ પણ સાંભળ્યું નથી. તે વ્યાખ્યાનમાં પંડિતજીએ યુનિવર્સિટીના પુરોહિતોને કેટલીક સ્પષ્ટ સ્પષ્ટ વાતો સંભળાવી છે જે તેઓ પૂરી ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેશે એવી આપણે આશા રાખીએ. પંડિતજીના એ વ્યાખ્યાનની અપેક્ષાએ ઉપકુલપતિ શ્રી હરસિધ્ધભાઇ દિવેટિયા તથા નિમંત્રિત મુખ્ય મહેમાન શ્રી કનૈયાલાલ માણેકલાલ મુન-શીનાં વ્યાખ્યાનો પૂર્વતૈયારી વિનાનાં, અને પંડિતજીની વિશાળ સાહિત્યસેવાનો અત્યન્ત ઉપરછલ્લો પરિચય આપતાં બહુ નબળાં અને નિરાશાજનક માલુમ પડયાં.

ગુજરાત યુનિવર્સિટી તરફથી ડૉકટરેટનું પદ પામીને પંડિતજીએ ભારતવ્યાપી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. પરિણામે આપણે આશા રાખીએ કે આ ક્રાન્તદર્શી ઋષિના સાહિત્યનિર્માણના અભ્યાસ તરફ ભારતની શિષ્ટ જનતા વધારે ને વધારે આકર્ષાય અને સત્યલક્ષી સંશોધનની તેમ જ વિદ્યાલક્ષી પુરૂષાર્થની ઊંડી પ્રેરણા અનુભવે. આ પ્રસંગે પંડિતજીનું આરોગ્ય સુરક્ષિત રહે અને તેમનું શેષ આયુષ્ય સરસ્વતીની અખંડ ઉપાસનામાં વ્યતીત થાય એવી તેમના વિષે આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો !

પરમાનંદ

સંઘના આશ્રયે જાહેર સભા

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુરૂવાર તા. ૧૭–૧૦–૫૭ ના રોજ સાંજના ૬ વાગ્યે, સીલ્વરમેન્શન, ધનજી સ્ટ્રીટ, ખાતેના સંઘના કાર્યાલયમાં એક જાહેર સભા મળશે. આ સભામાં નીચેના વકતાઓ વિશ્વ શાકાહાર કોંગ્રેસના ધ્યેય અને કાર્યક્રમ અંગે ભાષણો આપશે.

શ્રી. વુડલેન્ડ કેહલર ડૉ. દસ્તુર ફરામરોઝ બોડ

શ્રી. જયન્તીલાલ એન. માનકર

આ સભામાં હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

સમાજવાદી સહકારી સંગીલત રાજ્ય રચના તરફ

આ લેખનો ઉત્તરાર્ધ સ્થળસંકોચને લીધે આ અંકમાં આપી શકાયો નથી. તે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી.

પં. નહેરૂનું એક લાક્ષણિક પ્રવચન

(ધી ઇન્ડીયન નેશનલ કમીટી ઓફ્ ધી વર્લ્ડ યુનિવર્સિટી સર્વીસના ઉપક્રમે The, Role of University in welfare State–કલ્યાણ રાજ્યમાં યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર'–એ વિષય ઉપર હૈદ્રાબાદ ખાતે ગોઠવાયલી સેમીનારમાં–વિચારણા પરિષદમાં–તા. ૨૩–૯–૫૭ ના રોજ પં. નહેરૂએ, ખાસ કરીને આજના વિદ્યાર્થીઓને અનુલક્ષીને, એક પ્રેરક વિચારગંભીર વ્યાખ્યાન આપેલું. આ વ્યાખ્યાનમાં મનમાં વિચારી રાખેલા ચોક્કસ મુદ્દાઓ ઉપર વ્યવસ્થિત રીતે ગોઠવાયલા વિચારોનું કોઈ સંકલન નથી. પણ વિનોબાજી સાથે આગળના બે દિવસ નહેરૂ રહી આવેલા તેનાં સ્મરણો વડે પુલકિત બનેલા ચિત્તનો સ્વૈરવિહાર છે. વ્યકિત તેમ જ સમષ્ટિના જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોનું કેટલું મોટું મહત્વ નહેરૂ કલ્પી રહ્યા છે તેનું આ વ્યાખ્યાનમાં આપણને એક અવનવું દર્શન થાય છે. પ્રસ્તુત વ્યાખ્યાનનો સંકલિત તેમ જ સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવે છે. **તંત્રી.**)

હજુ હમણાં જ હું માઈસોરની ગ્રામદાન પરિષદમાંથી આવું છું. ત્યાં આચાર્ય વિનોબા સાથે બે દિવસ ગાળવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજ સવારે તેમની હું રજા લેવા ગયો ત્યારે તેમના અભિગમમાં રહેલ અસાધારણ સંગીનતા અને દીર્ઘદર્શિતા જોઈને હું ભારે અશ્ચર્યચકિત બની ગયો. આ સુકલકડી શરીર વાળો માનવી–માંદો અને નબળો, શરીરમાં કશી નક્કરતા ન મળે અને હવા જેટલો હળવો, જાણે કે શત્યવત્ ન હોય તેવો–દેશભરમાં પદયાત્રા કરી રહ્યો છે.–આપણા મોટા માણસો ભયે હસે અને આપણા અર્થશાસ્ત્રીઓ ભલે ગમે તે કહે–આ માનવી પ્રજાસમુદાયમાં ભ્રમણ કરી રહ્યો છે અને નરી આંખે દેખાય તેમ નહિ અને એમ છતાં પણ ભારે અસરકારક રીતે પ્રજાજનોના માનસને તે પલટી રહ્યો છે. હું તેમને જોઉં છું અને મહાત્મા ગાંધી કે જેનો આત્મા અણુબોંબો કરતાં વધારે શકિતશાળી હતો તેનું મને સ્મરણ થાય છે. એવી બીજી કોઈ પ્રજા છે કે જે આવા મહામાનવોને પેદા કરી શકે? આ જંગલીપણાનું ચિહ્ન છે કે ઉત્કૃષ્ટતાનું ચિહ્ન છે ? મારા માટે તો એ ઉત્કૃષ્ટતાનું–રાષ્ટ્રની ભવ્યતાનું–ભારે આશાસ્પદ ચિહ્ન છે.

આવી વ્યકિતઓમાં રહેલું આત્મતત્વ–હું તેનું તમારી પાસે વર્ણન કરી શકતો નથી, માત્ર ઊંડાણથી તેને સંવેદી શકું છું–બાહ્ય સભ્યતા કરતાં ઘણું વધારે મહાન છે. અધ્યાત્મિક ભૂમિકા વિનાની સભ્યતા પોલી છે અને માઠાં પરિણામો પેદા કરનારી છે. માત્ર આત્મતત્વને લગતી બાબતો જ એવી છે કે જે દુનિયામાં અસત્ય, અધર્મ, અનિષ્ટોનો સામનો કરી શકે છે. આચાર્ય વિનોબાની તકલાદી દેહદૃષ્ટિને જોતાં આવા કેટલાય વિચારો મારા મનમાં ઉભરાઈ રહ્યા હતા.

હું એક બાજુએ તેમને જોઉં છું; બીજી બાજુએ આમ–જનતાનું નરી પામરતાભરેલું, અનેક અસહ્ય અંશોથી ભરેલું જીવન જોઉં છું અને મારી આંખ સામે ઉત્તર દક્ષિણ જેવા બે છેડાનાં ચિત્રો ઉપસી આવે છે. આપણે ત્યાં ઊંચામાં ઊંચું ચિન્તન અને તત્વજ્ઞાન છે; અને આપણે ત્યાં કનિષ્ટ કોટિનું આચરણ પણ છે. આપણને વારસામાં સારાં તેમ જ નરસાં બન્ને તત્વો મળેલા છે. જો આપણે આગળ વધવું હોય તો સારાં તત્વોને આપણે જીવનમાં બને તેટલાં અપનાવવાં જોઇએ; બુરા તત્વોને નાબુદ કરવા જોઇએ, નિર્મૂળ કરવા જોઇએ. આપણને જે કાંઈ જુદા પાડે, વિખુટા કરે, અલગ કરે, તેને આપણે અનિષ્ટ તત્ત્વ સમજવું જોઇએ. અને આવાં તત્વો આપણે ત્યાં પૂરતાં પ્રમાણમાં છે–પ્રદેશવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ અને કદિ કદિ ધર્મસંસ્થા પણ, કે જે સમાજને ધારણ કરનાર–એકત્ર કરનાર–તત્ત્વ તરીકે લેખાય છે અને એમ છતાં જે આવું વિભેદક કાર્ય કરતી જોવામાં આવે છે. હિંદની એક પાયાની ત્રુટિ જ્ઞાતિસંસ્થા છે. તેમાં સારા તત્વો કદાચ હશે, પણ મુખ્યત્વે કરીને તેણે માનસિક સંકુચિતતા જ કેળવી છે. આ બધી ત્રુટિઓ–એકતા વિરોધી દીવાલો–આપણે નાબુદ કરવી ઘટે છે. આખરે તો રાષ્ટ્રીય દીવાલોને પણ આપણે સમયાન્તરે જમીનદોસ્ત કર્યે જ છૂટકો છે.

આજની દુનિયાએ આન્તરરાષ્ટ્રીય એકતા અને અન્તરરાષ્ટ્રીય વિગ્રહ વચ્ચે પ્રસંદગી કરવાની છે. આપણે સ્પષ્ટ સમજવું જોઇએ કે લાગણીશૂન્યતા અને તેમાંથી પ્રગટતો બંધુત્વવાદ એ ખરી આન્તરરાષ્ટ્રીયતા નથી. આન્તરરાષ્ટ્રીયતા એ કાંઈક હકારાત્મક અને સક્રિય વસ્તુ છે. જ્યારે દુનિયાના ભિન્ન ભિન્ન દેશોમાં હું પ્રવાસ કરું છું ત્યારે મને સ્પષ્ટ માલુમ પડે છે કે તે તે દેશના લોકો–ત્યાંની આમ જનતા–ખૂબ ભલી છે, ઉદાર છે, આતિથ્યશીલ છે અને તેમનામાં રહેલી હીન વૃત્તિઓને ઉત્તેજવામાં ન આવે તો મિત્રભાવનાથી ભરેલી છે. અમેરિકામાં કે રશીઆમાં વસતી પ્રજા ખરેખર આપણને ખૂબ ગમે તેવી છે. તેમનામાં માનવતાનું અમૃત ભરપૂર ભરેલું છે. આમ છતાં પણ જ્યારે તેમનામાં રહેલી ભયની વૃત્તિને અથવા તો અન્ય રાષ્ટ્ર પ્રત્યેના તિરસ્કારની લાગણીને ઉત્તેજવામાં આવે છે ત્યારે પછી તેઓ બુધ્ધિ કે તર્કપૂર્ણ દૃષ્ટિ–બન્નેને ગુમાવી બેસે છે. આજે કોઇને પણ યુદ્ધ ખપતું નથી. આમ છતાં પણ માત્ર યુદ્ધભીતિના કારણે બધી પ્રજાઓ યુદ્ધતૈયારી પાછળ પાર વિનાની શકિત અને સાધનસામગ્રી વેડફી રહી છે.

આજે મારી સામે બેઠેલો આટલો મોટો વિદ્યાર્થીસમુદાય જોઇને મને મારા વિદ્યાર્થીજીવનના દિવસો યાદ આવે છે. આજથી ૫૦ વર્ષના ગાળા દરમિયાન હિંદમાં તેમ જ દુનિયામાં અદ્‌ભુત્ પરિવર્તનો નિર્માણ થયાં છે. મારા વિદ્યાર્થીજીવનના એ દિવસો અને આજના દિવસો–એ બે વચ્ચે ઘણો લાંબો સમય પસાર થયેલો હોઈને આજના યુનિવર્સિટીઅધ્યાપકો અને વિદ્યાર્થીઓના માનસને હું કેટલું સમજી શકું છું તેની મને ખબર નથી. સાધારણ રીતે દરેક પેઢીને તેનું આગવું માનસ હોય છે. હું યુનિવર્સિટીમાં હતો ત્યાર બાદ બે મોટા વિશ્વવિગ્રહ અને અનેક નાની મોટી સંક્ષોભજનક ઘટનાઓ બની ગઈ. હિંદ ખાતે અહિંથી અંગ્રેજોને આપણા લોકોએ હાંકી કાઢયા એ કાંઇ નાની સુની ઘટના નથી. મારી પેઢી ઉપર મહાત્મા ગાંધીની જબરજસ્ત અસર પડી હતી. દેશની આઝાદીની મહાન લડતે હિંદમાં ભારે ખળભળાટ પેદા કર્યો હતો. મારી પેઢીના વિદ્યાર્થીઓ ગાંધીજીનો જે રીતે વિચાર કરતા હતા એટલી નિકટતાથી અને ગાઢ રીતે આજની પેઢીના કેટલા વિદ્યાર્થીઓ વિચારી શકતા હશે તેનું મારે મન એક મોટું વિસ્મય છે. તમે એ સમયની તીવ્રતાપૂર્વક તો વિચાર ન જ કરી શકો એ સ્પષ્ટ છે. તમે તેમની જય પોકારો છો, પણ જે તીવ્ર સંવેદનાત્મક અનુભવે મારી પેઢીના લોકોના જીવનમાં આમૂળ ફેરફાર કર્યો હતો તે સંવેદનાત્મક અનુભવ તમારો ન જ બની શકે. મારીપેઢીના વિદ્યાર્થીઓનાં દિલ આઝાદી માટેની લડતના જે પડકારથી હલી ઉઠયા હતા અને પાર વિનાનાં બલિદાનો આપવાને પ્રેરાયા હતા તેવા આહ્વાહનના અભાવમાં આજના વિદ્યાર્થીઓની મનોદશા કેવી હશે તેનું મને એક ભારે અશ્ચર્ય છે. અલબત્ત આજના વિદ્યાર્થીઓ સમક્ષ પણ એક પડકાર તો ઉભો જ છે–દેશની નવરચના કરવાનો.

આપણી સાધનાની પધ્ધતિને વિકૃત કરવામાં આવશે તો આપણે આપણા ધ્યેયને–લક્ષ્યને–પહોંચી નહિ શકીએ. જો આપણે સારૂં જીવન જીવવા માંગતા હોઇએ તો તેવું જીવન અનુચિત અથવા તો ખોટા સાધનો વડે આપણે શી રીતે સિદ્ધ કરી શકવાના હતા ? વ્યકિતગત, રાષ્ટ્રીય અને આન્તરરાષ્ટ્રીય–બધા સવાલોને આ બાબત એકસરખી લાગુ પડે છે. હું જાણું છું કે કોઈ પણ બાબતને કેવળ એકાંતપણે વળગી રહેવાથી વ્યકિતનું જીવન–એથી પણ વિશેષ રાષ્ટ્રનું જીવન–ચાલી શકતું જ નથી. ઘણી વખત વધારે દૂષિત માર્ગ છોડીને પ્રમાણમાં ઓછા દૂષિત માર્ગનું આપણે વ્યવહારજીવનમાં અવલંબન લઇએ છીએ. કારણ કે બીજો માર્ગ વધારે ખતરનાક હોય છે. આ બધું સંયોગો પ્રમાણે નક્કો કરવું પડે છે, પણ આજે જરૂર છે સ્પષ્ટ અને વિશદ વિચારશકિત ખીલવવાની. આજની દુનિયા અનેક ભીષણ સમસ્યા-

ઓથી વ્યાકુળ છે. આ બધી સમસ્યાઓ વિષે સજાગ બનવું એ તમારા માટે અત્યન્ત જરૂરી છે.

કોઈ પણ વ્યવસ્થિત સમાજમાં શિસ્ત તો હોવી જ જોઇએ, એ ન હોય તો સમાજમાં સંઘર્ષ અને અરાજકતા પેદા થાય. પણ શિસ્ત હોવી જોઇએ એનો અર્થ એમ નથી કે વ્યક્તિમાં રહેલી સર્જક બુદ્ધિને દબાવી દેવી જોઇએ–છુંદી નાંખવી જોઇએ. શિસ્તનો અર્થ જડતાની પૂજા એમ આપણે કદિ ન કરીએ. છેલ્લો વિશ્વવિગ્રહ કે જે માનવ સમાજને માટે મોટી આફત હતી તેણે આપણને શિસ્તના જડ પૂજારી બનાવ્યા છે અને પરિણામે આપણામાં અસહિષ્ણુતા ખૂબ વધી ગઈ છે. આમ હોવાથી એ આવશ્યક છે કે આજના સુલેહશાન્તિના સમયમાં કાંઇ નહિ તો સહિષ્ણુતા તો આપણે જરૂર કેળવીએ. આજની સુલેહશાન્તિ દરમિયાન જો આપણે અસહિષ્ણુ બનીને એકમેક સાથે અથડાયા જ કરીશું અને માનસિક ભ્રમણાઓ અને પૂર્વગ્રહોના વમળમાં ઘુમરીઓ ખાધા કરીશું, તો પછી આપણી હસ્તી નામુદ થવાને જ સર્જાઈ છે એમ આપણે સ્વીકારી લેવું રહ્યું.

દેશની જવાબદારીઓનો ભાર આજની નવી પેઢી ઉપર પડવાનો છે. આજની નજીક અને લાંબદોર યોજનાઓ વિચારાયા પછી પણ હું આજના યુવકો, સ્ત્રીઓ અને બાળકોનાં મોઢાં સામે જોઈ રહ્યો છું અને તેમાં આવતી કાલના ભવિષ્યને શોધી રહ્યો છું. ખરી રીતે તેઓ જ હિંદના ભાવી નિર્માતા છે. એ ભાવીનો આધાર યોજનાઓ અને આંકડાઓની ગણતરીઓ ઉપર નહિ પણ આ ઉગતી પ્રજાના વિચારો, ચારિત્ર્ય અને સર્જક બળો ઉપર જ રહેલો છે.

યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓની ગેરવર્તણુંક અને ગેરશિસ્તનો પ્રશ્ન આજે આપણી સામે ઉભો છે. અમુક પ્રકારની ગેરવર્તણુંક મારે મન કોઈ મોટી ચિંતાનું કારણ નથી, પણ એવી કેટલીક બાબતો છે કે જે મારી દૃષ્ટિએ ખૂન કરતાં પણ વધારે અક્ષમ્ય છે; આ છે આત્મા અને જીવનનું અધઃપતન–ચારિત્ર્યહિનતા–કે જેમાંથી કશા ભલાની આશા રાખી ન શકાય અને જેને ઉમદાપણાનો–ખાનદાનીનો કોઈ પાયો જ ન હોય. માણસ માત્રમાં કોઇને કોઇ ત્રુટિઓ હોય છે, પણ તમારે યાદ રાખવું જોઇએ કે તમારામાં કાંઇક પણ ઉમદા તત્ત્વ નહિ હોય, તો તમે કદિ પણ આગળ વધી શકવાના નથી. આધ્યાત્મિકતા અને શીલસંપન્નતાના પાયા સિવાય કોઇ પણ પ્રજા આગળ વધી ન જ શકે. આધ્યાત્મિક ભૂમિકા સિવાયની દુનિયાની બધી સભ્યતાઓ પોલી છે અને માઠાં પરિણામો તરફ દુનિયાને ધસડી જનારી છે.

યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓનાં મન તેમ જ શરીર મુલાયમ–જેમ વાળો તેમ વળે તેવાં–હોવાં જોઇએ. સહિષ્ણુતા–ઉદારતા–એ સભ્યતાની નિશાની છે–એ સત્ય તમે કદિ ન ભૂલતા. વ્યકિત સમાજ સાથેના વ્યવહારમાં કેટલો સંયમ દાખવે છે તે જ સભ્યતાને માપવાનો સાચો ગજ છે. એનો અર્થ એવો નથી કે આપણામાં કશી લાગણીઓ હોવી ન જોઇએ. લાકડાનો ઘોડો કદિ સાચો ઘોડો ન જ કહેવાય. પ્રજા સમક્ષ ચોકસ પ્રકારનું આધ્યાત્મિક ધોરણ હોવું જ જોઇએ તેમ જ તેનામાં ચોક્કસ પ્રમાણમાં પ્રાણસભરતા પણ હોવી જ જોઇએ. નહિ તો જીવન પોલું–અર્થ વિનાનું–સત્વ વિનાનું–બની જાય. માત્ર મૃતપ્રાય સમાજ કે પ્રજા જ એવી હોય કે જેમાં ન હોય કોઈ ગુણ કે ન હોય કોઈ દોષ.

હું તમને બે બાબત ખાસ યાદ રાખવા જણાવું છું. ભૂતકાળમાં હિંદ ખૂબ અલગતાવાદી હતું અને 'અમે જ માત્ર સાચા છીએ' એવી ભ્રમણાનું ભોગ બનેલું હતું. આ રીતે જે કોઈ વિચારે તેના નસીબે એવકુરી જ આવે. આ રીતે વર્તવાથી દેશ કશી પ્રગતી સાધી ન જ શકે. 'મને કોઈ અડશો નહિ' આ પ્રકારના જ્ઞાતિવાદથી ભારે અન્યાયો પેદા કરે તેવી સંકુચિતતાને જ સતત પોષણ મળતું રહ્યું છે. આવી અલગતાવાદી–સ્વયંપૂર્ણતાવાદી–મનોદશાનો આપણે યોગ કરવો જોઇએ અને આપણાં મનનાં દ્વારા સદા ખુલ્લાં રાખવાં જોઇએ અને જ્યાંથી જે સારું મળે તેને અપનાવતા થવું જોઇએ.

આમ હું જણાવું છું ત્યારે પણ આપણે આ બાબત કદિ ભૂલવી ન જ જોઇએ કે આપણાં સાંસ્કૃતિક મૂળોની આપણે લેશમાત્ર ઉપેક્ષા ન કરીએ. એ મૂળો જો છેદાયાં તો સુકાન વિનાનાં વહાણ જેવી આપણી દશા થઈ બેસે. આપણે મૂળવિહોણા બની જઇએ. આપણે જે કાંઈ વિકાસ કરીએ, ફેરફારો કરીએ તે બધું આપણી સાંસ્કૃતિક ભૂમિકાના પાયા ઉપર જ થવું જોઇએ. તમે બીજાઓ પાસેથી ઘણું નવું નવું શીખી શકો છો–જરૂર શીખવાનું છે–પણ માત્ર બીજાની નકલ કરીને તમે કદિ પણ આગળ વધી નહિ શકો એ કદિ પણ ન ભૂલતા.

મૂળ અંગ્રેજી–જવાહરલાલ નહેરૂ
અનુવાદક–પરમાનંદ

રૂપાળી સ્ત્રીઓ અને કદરૂપી સ્ત્રીઓ

તાજેતરમાં દૈનિક છાપાઓમાં નીચે મુજબના સમાચાર વાંચવામાં આવ્યા:

"માજી કમાન્ડર–ઈન. ચીફ જનરલ કેરિઆપ્પાના નિમંત્રણને માન આપીને તા. ૨૩–૯–૫૭ ના રોજ કૂર્ગ ખાતે રોકાયેલા મહા અમાત્ય નહેરૂએ એક મોટી મંડળી સમક્ષ જણાવ્યું કે "કૂર્ગ અનેક વસ્તુઓ માટે સુવિખ્યાત છે, પણ હિંદમાં અન્યત્ર ખાસ કરીને બે બાબત માટે કૂર્ગ જાણીતું છે; એક તેણે સંખ્યાબંધ સેનાપતિઓ પેદા કર્યા છે, જેમાં જનરલ કેરિઆપ્પા અને જનરલ થીમય્યાનો સમાવેશ થાય છે અને બીજું અહિં સરસ કોફી પેદા થાય છે." આમ કહીને નહેરૂએ ઉમેર્યું કે "તે રૂપાળી સ્ત્રીઓ પણ પેદા કરે છે" જે સાંભળીને આખી મંડળી ખડખડાટ હસી પડી."

આ વાંચીને આજથી લગભગ બે મહીના પહેલાં આકૉટ જીલ્લામાં પાંચ મહદ્ આશ્ચર્યો એ મથાળા નીચે ફ્રી પ્રેસ જર્નલમાં પ્રગટ થયેલા એક સમાચારનું સ્મરણ થયું. તે સમાચાર નીચે મુજબ હતા:–

"મદ્રાસની ધારાસભામાં તા. ૧૮–૭–૫૭ ના રોજ કોઈ વિષયની ચર્ચાના અનુસંધાનમાં કોંગ્રેસ સભ્ય શ્રી કે. વિનાયકમે જણાવ્યું કે 'ઉત્તર આર્કોટના જીલ્લામાં આપને પાંચ પ્રકારનાં મહદ્ આશ્ચર્યો જોવા મળશે; પાણી વિનાની નદીઓ, સૈન્ય વિનાના કીલ્લાઓ, ઈશ્વર વિનાનાં મંદિરો, સત્તાવિહોણી પોલીસ, અને સૌન્દર્યવિનાની સ્ત્રીઓ. આ સાંભળીને આખી ધારાસભા ખડખડાટ હસી પડી.

આ સામે એ જીલ્લાના કેટલાક સભ્યોએ ખાસ કરીને સૌન્દર્ય વિનાની સ્ત્રીઓ વિષેના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવ્યો. એક સભ્યે જણાવ્યું કે એ જીલ્લાના નારીસમાજનું આ ભારે અપમાન છે અને તે શબ્દો પાછા ખેંચી લેવાવા જોઇએ.

શ્રી વિનાયકમે ભારપૂર્વક જણાવ્યું કે "હું એ જીલ્લાનો રહેવાસી છું અને તે જીલ્લામાં આવેલી વેલ્લોરની કોલેજનો વિદ્યાર્થી છું. મેં જે કહ્યું છે તે બરોબર છે, અને માત્ર હકીકતનું જ નિવેદન છે એ મારા અંગત અનુભવ ઉપરથી હું કહી શકું છું."

પણ જ્યારે સ્પીકરે–પ્રમુખે–એ ટીકા પાછી ખેંચી લેવા સૂચવ્યું ત્યારે એ સભ્યે જણાવ્યું કે "એ જીલ્લાની બહેનોનું કશું પણ અપમાન કરવાનો મારો ઇરાદો નથી, પણ સાથી સભ્યોનો સખ્ત વિરોધ ધ્યાનમાં લઇને અને સ્પીકરની વિનંતિને માન આપીને એ મારા શબ્દો હું પાછા ખેંચી લઉં છું."

એક સ્થળે પં. જવાહરલાલ નહેરૂ હતા અને તેમણે કૂર્ગની સ્ત્રીઓના રૂપની તારીફ કરી અને બધાએ તેમને તાળીઓના અવાજથી વધાવી લીધા. બીજા સ્થળે ધારાસભાનો એક સામાન્ય સભ્ય હતો અને તેણે કોઈક વિનોદમાં પોતાના પ્રદેશની સ્ત્રીઓની રૂપહીનતા વિષે ઉલ્લેખ કર્યો અને તે ઉલ્લેખ તેને પાછો ખેંચી લેવાની ફરજ પાડવામાં આવી. એકને આવકાર મળ્યો; અન્યને અપમાનના ભોગ થવું પડ્યું. જનતા આમ માણસ માણસ વચ્ચે અને સુરૂપ કુરૂપ વચ્ચે કેવો ભેદ કરે છે અને તદનુસાર કેવો અનુકુળ પ્રતિકુળ વર્તાવ કરે છે તે જોઇને રમુજ અનુભવી. પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેંબર ૧, ૧૯૫૭, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

નિરામિષ આહાર

માનવીજીવનના પૂર્વકાળનો ઇતિહાસ અને વિકાસક્રમ જોઈએ છીએ તો માલુમ પડે છે કે એક કાળે આપણી દુનિયાના લોકોને ખેતી કેમ કરવી અને ધાન કેવી રીતે પકાવવું તેનો ખ્યાલ નહોતો અને આ જગત ઉપર વિચરતો માનવી જે કાંઇ ફળપાન મળે તે દ્વારા અને શિકારથી મળેલા પશુઓના માંસભક્ષણ દ્વારા જીવનનો નિર્વાહ કરતો હતો. સમયાન્તરે ખેતીની શોધ થઈ અને અનાજ તથા કઠોળ તેના ખાદ્ય પદાર્થોમાં ઉમેરાયાં. ખેતી જેમ જેમ વધતી ગઈ અને પુષ્કળ પ્રમાણમાં જેમ જેમ પાક ઉતરવા લાગ્યો તેમ તેમ જીવન-નિર્વાહ માટે માંસભક્ષણની અનિવાર્યતા ઘટતી ગઇ અને કેવળ અનાજ–શાક તથા ફળ ઉપર જીવનનિર્વાહ શક્ય બનતો ગયો. આમ જેમ ખેતી–વિજ્ઞાનનો જ માત્ર નહિ પણ વનસ્પતિ–વિજ્ઞાનનો એક બાજુએ વિકાસ થતો ગયો તેમ બીજી બાજુએ માનવીના મનનો, બુદ્ધિનો, હૃદયનો પણ ઉત્કર્ષ થતો ગયો અને કોમળતા, કરુણા, અનુકંપા આદિ ગુણો ખીલવા લાગ્યા. આ આન્તર્વિકાસના પરિણામે કોઇ એક માનવીના દિલમાં પ્રશ્ન થયો કે 'હું જો વનસ્પત્યાહાર ઉપર મારા જીવનનો –કશી પણ અગવડ, તંગી કે અતૃપ્તિ વિના–નિર્વાહ કરી શકું છું, મારી રસેન્દ્રિય તૃપ્ત થાય છે અને પ્રાણુવર્ધક દ્રવ્યો પણ વનસ્પત્યા-હારમાંથી મને પુરા પ્રમાણમાં મળી રહે છે તો પછી મારી જેવા જ પંચેન્દ્રિય પશુઓનો વધ કરીને તેનું માંસ હું શા માટે ખાઉં ?' એક દિવસ કતલ થતા જનવરની ચીસ એ માનવીના કાન ઉપર અથડાઈ અને તેના દિલમાં તે સોંસરી ઉતરી ગઇ. તે પશુનું પકવેલું માંસ તેની સામે આહાર–ઉપભોગ માટે આવ્યું અને તે પેલી ચીસનું સ્મરણ તેના દિલને ચીરવા લાગ્યું, અને તે પશુની દીનતાભરી મુદ્રા, કરગરતી આંખો, આન્તર ચેતનાથી હલનચલન કરતું તેનું સોહામણું શરીર તેની આંખ સામે તરવરવા લાગ્યું અને 'આ મારાથી નહિ ખવાય' એમ કહીને તે ઉભો થયો. તેના દિલમાં ઉંડી કરુણાનો તે દિવસથી ઉદય થયો અને માંસાહારનો તેણે હંમેશાને માટે ત્યાગ કર્યો.

માંસાહારત્યાગની આ છે પ્રાથમિક ભૂમિકા અને આજે પણ માંસાહારત્યાગની એ જ ભૂમિકા રહી છે. ભગવાન નેમનાથ લગ્નમંડ-પથી પાછા ફર્યા, કારણ કે લગ્નને લગતી વરોંઠી–જમણ માટે કતલ કરવા અર્થે એકઠા કરવામાં આવેલાં પશુઓનો ચિત્કાર તેમના કાને પડ્યો અને તેમનો આત્મા અંદરથી કકળી ઉઠ્યો કે 'અરે આ શું ? મારા લગ્નનિમિત્તે આટલાં બધાં પશુઓની હિંસા ? મને આ લગ્ન જ ન ખપે.' રથ પાછો ફેરવાવ્યો અને સાથે સાથે તેમની જીવનની આખી દિશા પણ બદલાઇ ગઈ.

આમિષ કે નિરામિષ આહાર અંગે પ્રસ્તુત બાબત એ છે કે માનવી જો પશુની જ એક વિસ્તૃત આવૃત્તિ હોત, તેનામાં પશુઓમાં જે નથી એવી બુદ્ધિ, હૃદયની લાગણી, સ્મૃતિ અને કલ્પના ન હોત તો માનવી મોટામાં મોટો માંસાહારી જ બન્યો હોત. કારણ કે માંસાહારથી વારનારૂં તેના માટે કોઇ કારણ હોત જ નહિ. પણ માનવી પોતે બુદ્ધિથી વિચારતો થયો અને બીજાના સુખદુઃખને સમજવા લાગ્યો, હૃદયથી સંવેદતો થયો અને અન્યમાં આત્મીયતાનો પ્રેમ અને સહાનુભૂતિનો–અનુભવ કરતો થયો, સ્મૃતિવડે પોતાના અને અન્યના ભૂતકાળને અને કલ્પના વડે પોતાના અને અન્યના ભવિષ્યકાળને તે વર્તમાનના અનુબંધમાં વિચારતો, ચિન્તવતો સંવેદતો થયો અને તેની અને પશુની રીતભાતમાં ઉત્તરોત્તર મોટો ને મોટો તફાવત પડતો ગયો. એ તફાવતમાંથી માનવીસભ્યતા અને સંસ્કૃતિનો ઉદય થયો, જ્ઞાનના અનેક પ્રદેશો સર થવા લાગ્યા અને પ્રેમ, દયા, કરુણાની નવી દૃષ્ટિથી જગતને–જગતના પ્રાણીઓને–તે નિહાળવા લાગ્યો, ધર્મસંસ્થાઓ ઉભી થવા લાગી અને દુનિયા સાથેના તેના વ્યવહારે અનેક નવાં રૂપો ધારણ કરવા માંડ્યા. આજે આપણી પ્રકૃત્તિમાં જે નિરામિષઆહારની વૃત્તિ સ્થિર અને સ્થાયી રૂપ ધારણ કરી બેઠી છે તે સતત વિકસતી રહેલી માનવીસભ્યતા અને સંસ્કૃતિનું જ એક રૂપ છે.

અમુક માનવીઓ જો નિરામિષઆહારી છે તો અમુક પશુઓ–ગાય, બળદ, ભેંસ, હાથી, ઘોડા, બકરાં, ઘેટાં વગેરે પણ–નિરામિષ–આહારી છે અને ઘાસ અને ભાજીપાલા ઉપર નભે છે. પણ તેમના અને માનવીના નિરામિષઆહારતામાં ભારે મોટો તફાવત છે. તે પશુ ઓ પ્રકૃતિથી અને નહિ કે કોઇ ઉદાત્ત વૃત્તિથી નિરામિષહારી છે. માનવીની આ આહારમર્યાદા કેવળ કરુણા વૃત્તિમાંથી નિર્માણ થઈ છે.

આજે નિરામિષ આહારના સમર્થનમાં અનેક દલીલો કરવામાં આવે છે. દા. ત. વનસ્પત્યાહાર માંસાહાર જેટલો જ બળદાયી છે, બલ્કે વધારે છે. માંસાહારથી કેટલાક રોગો થાય છે જેનું વનસ્પત્યાહારીઓ માટે કશું જોખમ જ નથી. માણસના દાંતનું બંધારણ એ પ્રકારનું છે કે તે વનસ્પત્યાહાર માટે સરજાયા છે. હિંસક પ્રાણીઓનાં દાંત જુદા જ પ્રકારના હોય છે. જો પાયામાં કરુણાની વૃત્તિ બળવાન નહિ હોય તો આવી બધી દલીલો માનવીને માંસાહારથી વાળવામાં કામયાબ નીવડવા બહુ સંભવ નથી. માંસાહારનું બળવર્ધકપણાની બાબતમાં ચડીયાતાપણું એટલી જ બળવાન દલીલોથી પુરવાર થઈ શકે તેમ છે. માંસાહારના કારણે અમુક રોગો પેદા થવાનો સંભવ હશે તો વનસ્પત્યાહારમાંથી પણ અમુક દર્દોની સંભાવના રજુ કરી શકાય તેમ છે, રાંધીને પકવેલું અન્ન ખાવાને ટેવાયલી માનવજાતિના દાંત કશું કાચું–પછી તે અનાજ હોય કે માંસ–ખાઈ શકતા નથી અને ખાવા જાય તો પણ દાંતની ચાવવાની શક્તિ મર્યાદિત હોઇને તેવો ખોરાક તે પચાવી શકતા નથી. એટલે નિરામિષઆહારના સમર્થનમાં દાંતની દલીલનો બહુ અર્થ નથી. આમ માંસાહારના પક્ષમાં અને વિરુદ્ધમાં બળવાન દલીલો રજુ થઈ શકે છે અને કોઈ એકાન્ત નિર્ણય ઉપર આવવાનું સાધારણ માણસ માટે મુશ્કેલ બને છે. સ્થુળ જગત ઉપર નજર નાંખતાં આપણી સામે એક જ કુદરતી નિયમ તરી આવે છે કે 'જીવો જીવસ્ય જીવનમ્' નીચેની સૃષ્ટિનો ઘાત કરીને ઉપરની સૃષ્ટિ ચોતરફ જીવનનિર્વાહ સાધતી માલુમ પડે છે. આ રીતે સૃષ્ટિના વિકાસ-ક્રમની ટોચે બેઠેલો માનવી એમ માનવાને અને વર્તવાને મુખ્યત્યાર છે કે 'હું પણ મારા શરીરનું પ્રાણસંવર્ધન નીચેની કોટિની જીવસૃષ્ટિના ક્રાવે તેવા ઉપયોગ વડે કરી શકું છું. મને એમ કરવાનો પૂર્ણ અધિ-

કાર છે.' આ પ્રકારની વિચારણા માણસને માંસાહાર તરફ આકર્ષે છે અને જે કુલપરંપરાથી માંસાહારી હોય તેને માંસાહાર ઉપર ટકાવી રાખે છે. આપણે આ કુદરતી નિયમનો વિચાર કરવો જોઇએ અને નિરામિષઆહાર આપણને અભીષ્ટ હોય તો આપણે ઉપર જણાવેલ કુદરતી કાનુનના અનુસંધાનમાં નિરામિષ આહારનું સમર્થન શોધવું જોઇએ. મોટું માછલું નાના માછલાને ખાય છે તે મુજબ 'જીવો જીવસ્ય જીવનમ્' એ સિદ્ધાન્ત ખોટો છે એમ આપણે કહી નહિ શકીએ. માનવી સામે જ્યારે શું ખાવું અને શું ન ખાવું એવો પ્રશ્ન ઉભો થાય છે ત્યારે તે એટલું તો જાણે જ છે કે 'મારે મારા નિર્વાહ માટે–પ્રાણ ધારણ માટે–કાંઇને કાંઇ તો હિંસા કરવાની રહેશે જ.' પણ સાથે સાથે તે વિચારે છે કે 'એક અને અન્ય પ્રકારની હિંસા વચ્ચે પસંદગી કરવાનું મારા માટે શક્ય હોય તો મારી લગભગ સમકક્ષાનાં એવાં પશુઓ જેમાં મારા જેવું જ ચૈતન્ય ચમકતું નજરે પડે છે, જેનામાં મારી જેવાં જ ભય, પ્રીતિ, સુખનું આકર્ષણ અને દુઃખથી પ્રતિનિવર્તન, આનંદ અને શોકની, પ્રેમ અને પ્રતિકારની લાગણીઓ રહેલી છે, જેને હું પંપાળું છું તો પ્રસન્નતા દાખવે છે અને જેની સામે લાકડી ઉગામું છું તો એકાએક ભયગ્રસ્ત બની જાય છે–તેને મારીને તેનું માંસ ખાવાનો મને વિચાર જ કેમ આવે ? આ વિશાળ વસુધામાં શાક, ફળ, ધાન્ય પારવિનાનાં ઉગે છે, મને જોઇએ તે મને મળી શકે તેમ છે." આમ વિચારીને તે પોતાના નિર્વાહ માટે કનિષ્ટ કોટિના જીવો–વનસ્પતિ–નો ઉપભોગ કરીને સંતોષ ચિન્તવે છે. આ રીતે માણસના આહારની બાબતમાં 'જીવો જીવસ્ય જીવનમ્' એ નિયમ લાગુ તો પડે જ છે, પણ પોતાના જીવનું જીવન–ધારણ તે માંસાહારથી નથી કરતો–કારણ કે તેનામાં ઉગેલી માનવતાની–કરૂણાની–ઊંડી વૃત્તિ તેને તેમ કરતા અટકાવે છે, પણ વનસ્પત્યાહારથી જીવન ધારણ કરવાનું તે પસંદ કરે છે.

માંસાહારના પક્ષમાં સૌથી બળવાન દલીલ તેનામાં વધારે તાકાત આપવાની ગુણવિશેષતાને લગતી છે. આની સામે વનસ્પત્યાહારની તાકાત આપવાની શકિત વધારે નહિ તો માંસાહાર જેટલી તો છે જ એમ વનસ્પત્યાહારના પક્ષકારો જોરશોરથી કહેતા હોય છે. એમ છતાં માંસાહારની ઉપર જણાવેલ ગુણવિશેષતાને તોડી પાડવી મુશ્કેલ છે. આમ હોવા છતાં પણ કોઇએ માંસાહાર તરફ વળવા કે ઢળવાની કશી જ જરૂર છે જ નહિ. અને તે એટલા માટે કે ઉપર જણાવ્યું તેમ એક તો માંસાહારત્યાગ એટલે પ્રાણુજન્ય સર્વ પદાર્થોનો ત્યાગ એમ સમજવાનું છે જ નહિ. નહિ તો દુધ અને મધ બન્ને વર્જ્ય બની જાય. પશુહિંસા વિના બન્ને પદાર્થો આજે સુલભ છે અને શરીરની તાકાત વધારવા માટે આ બન્ને દ્રવ્યો ઘણા ઉપયોગી છે. અને વનસ્પતિના વિશાળ પ્રદેશમાં પણ અનેક પદાર્થો ભરેલા છે કે જે માનવીની શારીરિક તાકાતમાં જરૂરી સર્વ પુરવણી કરી શકે તેમ છે. આ બધું છતાં ધારો કે સમગ્રપણે વિચારતા વનસ્પત્યાહાર કરતાં માંસાહાર વધારે તાકાત આપે છે એમ હકીકત રૂપે સત્ય હોય તો પણ, માનવીનો આદર્શ બને તેટલા બળવાન પશુ બનવાનો કદિ હતો નહિ, છે નહિ. માનવી કરતાં અનેકગણું વધારે બળ ધરાવતા પશુઓ વિદ્યમાન છે. એમ છતાં માનવીનું તે પશુઓ ઉપર પ્રભુત્વ વર્તતું હતું અને વર્તે છે. તેનું કારણ એ છે કે માણસનું વિશિષ્ટ લક્ષણ તેની શારીરિક બળવત્તરતા નહિ પણ પ્રખર બુદ્ધિમત્તા છે. એટલે કરૂણાપ્રેરિત માનવીનું આ પ્રશ્ન અંગે એક જ વળણ હોઇ શકે કે 'મારૂં શરીર નિરોગી હોય, કાર્યક્ષમ હોય તો તે મારા માટે પૂરતું છે. મલ્લ કે કુસ્તીબાજ થવું અથવા તો બલાઢય પશુ બનવું એ સામાન્ય માનવીનો આદર્શ હોઇ ન શકે. તાકાતની દૃષ્ટિએ માંસાહારનું ગમે તેટલું ચડિયાતાપણું હોય, તો પણ એવી તાકાતની મને કોઇ જરૂર નથી કે જે મારા અન્તસ્તત્ત્વને જડ બનાવી દે, કરૂણાવિહોણું બનાવી દે. કરૂણાપ્રેરિત માનવી આમ હંમેશા વિચારે છે અને નિરામિષ આહાર વિષેની પોતાની મક્કમતાને કાયમ રાખે છે.

નિરામિષ–આહારની તાત્વિક કહો કે નૈતિક ભૂમિકા આ પ્રકારની છે. તેનો વિશેષ સંબંધ બુદ્ધિ સાથે નહિ પણ હૃદય સાથે છે. વિજ્ઞાન સાથે નહિ પણ ધર્મ સાથે છે. આજના પ્રતિકુળ વાતાવરણમાં બુદ્ધિ એમ કહેતી સંભળાય છે કે 'દુનિયાના મોટા ભાગના લોકો માંસાહારી છે, પશુ, પંખી, મચ્છી માનવીના ઉપભોગ માટે સરજાયા છે. શરીરમાં અનાજ કરતાં માંસ વધારે જલ્દિથી મળી જાય છે, એકરૂપ થાય છે. પશુઓ પ્રત્યે આવી દયા કરૂણાની વાતો કરવી એ એક પ્રકારની લાગણીવિવશતા છે.' હૃદય કહે છે કે 'માનવેતર સૃષ્ટિને કેવળ ભોગોપભોગની દૃષ્ટિએ જોવી એ બરોબર નથી. મારી માફક અન્ય જીવોને પણ જીવવાનો–સહઅસ્તિત્વનો–એટલો જ અધિકાર છે. મને કોઇ ઇજા પહોંચાડે, મારો કોઇ ઘાત કરે તો જેમ મને ગમતું નથી તેમ અન્ય પ્રાણીઓને ઇજા કરીએ કે તેનો ઘાત કરીએ તો તેમને ગમતું નથી. આ હું જાણું છું અને તેથી તેમની સાથેના વ્યવહારમાં હું તેમની લાગણીઓની ઉપેક્ષા કરી શકું તેમ નથી. પ્રેમ જે મારો સ્વભાવ–ધર્મ છે તે માત્ર માનવીસમાજ પુરતો પર્યાપ્ત નથી બની શકતો, પણ ભૂત માત્રને સ્પર્શવા–અપનાવવા–ઝંખે છે. આ વૃત્તિની હું અવજ્ઞા શી રીતે કરી શકું ? દુનિયાના લોકો ગમે તેમ વર્તતા હોય મારા સ્વભાવધર્મથી જે વિરૂદ્ધ ભાસે છે તે મારાથી થઇ ન જ શકે.' આવી જ રીતે વિજ્ઞાન કેવળ માનવલક્ષી રહ્યું છે. તે માનવીના ઉત્કર્ષ ખાતર, હિત ખાતર, સ્વાસ્થ્ય ખાતર ગમે તેટલી હિંસા કરતાં અચકાતું નથી. આજે તો વિજ્ઞાન માનવસમાજનો સંહાર કરવા જાણે કે તત્પર થયું હોય એવી ભયાનક પરિસ્થિતિ તેણે ઉભી કરી છે. ધર્મ સમગ્ર સજીવ સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધવાનું કહે છે. તેમાં પણ જો કે માનવી મુખ્ય સ્થાને છે, અને હોવો જ જોઇએ, એમ છતાં પણ માનવેતર સજીવ સૃષ્ટિની ઉપેક્ષા કરવાનું તે કદિ પણ શિખવતો નથી. ધર્મદ્વારા પ્રરૂપિત દયા અહિંસા નાનામાં નાના જીવને સ્પર્શવા રક્ષવા ઇચ્છે છે. આ હિંસાનિર્ભર જગતમાં સંપૂર્ણ અહિંસક જીવન ભલે શક્ય ન હોય, તો પણ ધર્મનું લક્ષ્ય સર્વ જીવો પ્રત્યે કોમળતા દાખવવાનું, સર્વ ભૂત વિષે મૈત્રી ચિન્તવવાનું અને બને તેટલી ઓછી હિંસા વડે અને ઉપરની કોટિના જીવોની રક્ષા પૂર્વક સમાજધારણ કરવાનું રહેલું છે. આ ધર્મવિચાર સાથે માંસાહાર કદિ પણ સુસંગત થઇ ન જ શકે. દયાના વિસ્તારને કોઇ છેડો હોઇ ન શકે.

આ નિરામિષાહારપરાયણ જીવનવૃત્તિ આત્માના ગુણવિકાસને અનેક રીતે ઉપકારક છે એમ છતાં અહિંસાની સાધના એ જેનું જીવનલક્ષ્ય છે તેણે માત્ર નિરામિષાહારથી સંતોષ માનવાની જરૂર નથી. નિરામિષ આહાર અહિંસાની ઉપાસનાનું એક અંગ છે. નિરામિષા–આહારી અન્ય માનવી સાથેના વર્તાવમાં ઘણી વખત અપ્રમાણીક, સ્વાર્થી દુષ્ટ, નિષ્ઠુર જોવામાં આવે છે, જ્યારે અન્ય માનવી માંસાહારી હોવા છતાં માનવીસમાજ સાથેના વ્યવહારમાં સરળ, નમ્ર, દયાળુ જોવામાં આવે છે. આનું કારણ એ છે કે આપણી અહિંસાવૃત્તિ–દયાની ભાવના જેટલા ક્ષેત્રને સ્પર્શે છે તેટલા ક્ષેત્ર પૂરતો આપણો વર્તાવ કુણો–દયાર્દ્ર–બને છે; તેથી ઇતર ક્ષેત્રમાં એ કુણાપણું જોવામાં આવતું નથી. પશુદયા ઉપર ખૂબ ભાર મૂકનારા લોકો ઘણી વખત માનવી સાથેના વ્યવહારનો ઊંડાણથી વિચાર કરતા જોવામાં આવતા નથી. તદુપરાન્ત પશુદયા એટલે પશુની પ્રાણહાની–હિંસા ન કરવી એટલી મર્યાદિત સમજણ તેમનામાં ઘણી વખત જોવામાં આવે છે, પણ જીવતા પશુઓ સાથેના વ્યવહારમાં તેમના તરફથી કેવળ નિષ્કુરતા–ક્રૂરતા–દાખવવામાં આવતી માલુમ પડે છે. માનવીના આવા અહિંસાવિષયક વર્તનમાં અસંગતિઓ પેદા થવાનું કારણ એ છે કે અહિંસાનો સર્વાંગી ખ્યાલ અને તદનુરૂપ વિવેકભર્યું આચરણ ભાગ્યે જ કોઇ માનવીમાં પૂર્ણપણે પ્રગટેલું જોવામાં આવે છે, કોઇ એક બાબત ઉપર ખૂબ ભાર મૂકે છે, તો બીજો બીજી બાબતને વધારે મહત્વની ગણે છે. શાકાહારી કુટુંબમાં જન્મેલી વ્યકિતને માંસાહારનો ભાગ્યે જ ખ્યાલ આવે છે. માંસાહારી કુલપરંપરામાં જન્મેલ માનવીને માંસાહારમાં ભાગ્યે જ કાંઇ અનૌચિત્ય ભાસે છે, એવી જ

રીતે પશુદયા ઉપર ભાર મૂકનારો માણસ માનવ સમાજને વિસરી જાય છે; માનવતાને આગળ ધરનારને મન પશુજીવનનું કોઈ મહત્ત્વ હોતું નથી. જીવનમાં સાચી અને સર્વાંગી અહિંસાનો ઉદય થવા માટે માણસે પોતાના જીવનનું—આહાર તેમ જ વ્યવહારનું—આમૂલ સંશોધન કરવું જોઇએ, નિયમ અને અપવાદના વિવેકની તેને સુઝ હોવી જોઇએ, એટલું જ નહિ પણ જ્યારે અમુક અને અન્ય પ્રકારની હિંસા વચ્ચે પસંદગી કરવાની હોય ત્યારે સાચી પસંદગીનું ધોરણ તેને સુલભ હોવું જોઇએ. આ રીતે વિચારતાં માલુમ પડશે કે નિરામિષ-આહાર અહિંસક આચારનું માત્ર એક પાસું છે અને તે આચારની સંપૂર્ણતાને પહોંચવા બીજાં અનેક પાસાંઓની તેનામાં ખીલાવટ થવાની જરૂર રહે છે. આ રીતે વિચારતાં એ પણ માલુમ પડશે કે નિરામિષ આહારીને માંસાહાર કરતી વ્યક્તિ પ્રત્યે ઘૃણા કે અવગણનાની નજરે જોવાનો અને તેનાથી પોતે ઘણો ઉંચો છે એવું અભિમાન ચિન્તવવાનો લેશ માત્ર અધિકાર નથી. કારણ કે આવા નિરામિષ આહારીના માનસમાં અને આચરણમાં બીજી પારવિનાની હિંસા ભરેલી હોય છે અને પેલો માંસાહારી બીજા વ્યવહાર અને આચારમાં આ નિરામિષ આહારી કરતાં અનેક રીતે ચડિયાતો એટલે કે વધારે દયાળુ હોય એમ માલુમ પડે છે. સંભવ છે કે તે પણ પોતાના સંસ્કાર અને પોતાની રીત મુજબ અહિંસાની જ અન્ય પ્રકારે આરાધના કરતો હોય. માનવી જીવન એટલું બધું જટિલ અને એટલી બધી અસંગતિઓથી ભરેલું હોય છે કે કોઈ પણ માણસે પોતાના અમુક આચારવિચાર વિષે અભિમાન ચિન્તવવું અથવા તો તે કારણે પોતાને અન્યથી ચડિયાતો લેખવો તે કેવળ અજ્ઞાનનું જ પ્રદર્શન કરવા બરોબર છે.

નિરામિષ આહાર સંબંધમાં આપણને અંગત ગમે તેટલો આગ્રહ અને પ્રતીતિ હોય, એમ છતાં દુઃખ સાથે એ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી કે, આજનો જીવનપ્રવાહ નિરામિષ આહારને ભારે પ્રતિકુળ બનતો જાય છે. કતલખાનામાં કપાતાં જનવરોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે. જો તાકાતવાળા થવું હોય તો માંસાહાર કરવો જોઇએ એ માન્યતા જોસભેર ફેલાતી જાય છે. વિશાળ સમાજમાં વ્યાપી રહેલા વાતાવરણ તરફ નજર કરીએ તો પશુદયા એ કોઈ જુનવાણી વિચાર હોય એમ ચોતરફ એ વિષે કેવળ ઉદાસીનતા માલુમ પડે છે. ભારતના મહાઅમાત્ય થોડા સમય પહેલાં સૌરાષ્ટ્રમાં આવવાના હતા ત્યારે ગીરના જંગલોમાં મુક્તપણે વિચરતા સિંહોને જોવાની તેમની ઇચ્છાને માન આપીને તેઓ જે વિભાગમાં ફરવાના હતા ત્યાં સિંહોને જતા આવતા કરવા માટે કેટલાય દિવસો સુધી સરકારી કર્મચારીઓ તરફથી પાડા બકરાઓ બાંધવામાં આવ્યા હતા. આ બાબતનું ન તો કશું દુઃખ જવાહરલાલને હતું કે ન તો આમ પ્રજાને. પરદેશમાં પ્રયોગ કરવા માટે હજારોની સંખ્યામાં આ દેશમાંથી વાંદરાઓની નિકાસ કરવામાં આવે છે. અહિં પણ જીવતા વાંદરાઓ ઉપર એ પ્રયોગો ચાલી રહ્યા છે. આ બાબતમાં કોઇનું દિલ દાઝતું નથી કે કોઇ પોકાર ઉઠાવતું નથી. આ સૈકામાં બની ગયેલા, બે વિશ્વયુદ્ધ અને ત્યાર પછીની અનેક ઘટનાઓએ માનવી જીવનમાં નરી નિષ્ઠુરતા પોષવાનું કામ કર્યું છે. અણુબોંબ અને હાઇડ્રોજન બોંબની શોધે માનવીની સંહારશક્તિને અસીમ બનાવી દીધી છે. વિજ્ઞાન પોતાની શોધો માટે પશુઓની પાર વિનાની હિંસા કરે છે. દયા કરુણાનું તત્ત્વ માનવી માનસમાંથી લુપ્ત થતું ચાલ્યું છે. આજે અણુબોંબના ચાલી રહેલા અખતરાઓ પશુ સૃષ્ટિનો કેટલો મોટો વિનાશ કરતા હશે તેનો તો કોઇને વિચાર સરખો પણ આવતો નથી. એક એક વૈદ્યકીય શોધ પાછળ સંખ્યાબંધ પશુઓની હત્યા થયેલી હોય છે અને એ બાબતની કોઇના દિલમાં જરા પણ અરેરાટી રહી નથી. ઉલટું માનવસમાજના હિત ખાતર એ તો થવું જ જોઇએ એમ સારા સમજદાર માણસો પણ દુઃખ કે ડંખ સિવાય બોલતા સંભળાય છે. દવા દારૂમાં પ્રાણી-જન્ય પદાર્થોનો છૂટથી ઉપયોગ ચાલી રહ્યો છે અને તેનો ઉપયોગ કરતાં અહિંસાવાદી જૈનોને પણ જરા પણ પ્રકંપ થતો જોવામાં આવતો નથી. યુરોપ અમેરિકા જતા અનેક શાકાહારી કુટુંબના વિદ્યાર્થીઓ મોટા ભાગે માંસાહારી બનીને પાછા ફરે છે. સંપ્રદાયી મટવું અને 'કોસ્મોપોલીટન' બનવું એટલે નિરામિષ આહાર છોડીને માંસાહારી થવું અને દૂધ છોડીને દારૂ પીતા થવું—આવી સમજણના ભોગ બનતા આપણા વિશાળ સમાજના અનેક યુવકો નજરે પડે છે. આવા પ્રતિકુળ વાતાવરણ અને હિંસાપ્રચુર પરિસ્થિતિ વચ્ચે નિરામિષ આહારની તતુડી કોણ સાંભાળવાનું હતું એવી નિરાશા મન અનુભવે છે. એમ છતાં પણ બીજી બાજુએ અહિંસાનો વિચાર આજના જગતમાં ઝડપભેર ફેલાઈ રહ્યો છે. સમાજહિતચિન્તકો અહિંસાની પરિભાષામાં જીવનના પ્રશ્નોનો વિચાર કરવા લાગ્યા છે. કોઈ પણ કાળે કોઈ પણ સંયોગોમાં નિરામિષ આહારના સ્વીકાર સિવાય અહિંસાની સાધના અધૂરી જ રહેવાની છે—આવી જેની શ્રદ્ધા અને પ્રતીતિ છે તેણે નિરામિષ આહારનું મહત્ત્વ લોકો સમક્ષ સતત મુકવું જ રહ્યું. આજની હિંસાપ્રમત દુનિયાને માથા ઉપર ઝઝુમી રહેલી પ્રલયમાંથી બચવું હશે તો અહિંસાલક્ષી બનવું જ રહ્યું. એ રીતે જ્યારે દુનિયાનો દૃષ્ટિકોણ બદલાશે, અહિંસાના ધોરણે પોતાના આચાર વિચારમાં તે પરિવર્તન કરવા માંડશે ત્યારે એક એવો પણ દિવસ જરૂર આવશે કે જ્યારે તેને માત્ર દલિત પીડિત માનવીઓનો જ નહિ પણ કપાતાં ચીરાતાં પશુઓનો પોકાર પણ સંભળાશે અને માંસ ખાવું એ માનવી સભ્યતાનો ધનકાર કરવા બરોબર છે એ પરમ સત્યનો તે સ્વીકાર કરશે. એ દિવસ આવશે ત્યારે નિરામિષ આહાર વિશાળ માનવસમાજનો સ્વાભાવિક આહાર બનશે અને એ રીતે માનવી સભ્યતાનું એક અગત્યનું સીમાચિહ્ન સર થયું લેખાશે.

પરમાનંદ

વિશ્વ શાકાહાર કોંગ્રેસનું આગામી અધિવેશન

ઇન્ટરનેશનલ વેજીટેરિયન યુનિયન (લંડન), ધી બોમ્બે હ્યુમેનીટેરીયન લીગ (મુંબઇ), અને ઑલ ઇન્ડીઆ એનીમલ વેલફેર એસોસીએશનના આશ્રય નીચે વિશ્વ શાકાહાર કોંગ્રેસનું ૧૫ મું અધિવેશન ચાલુ નવેંબર માસની ૮ થી ૧૨ મી તારીખ સુધી મુંબઇમાં મળશે અને ત્યાર બાદ ૧૪ મી થી ૧૭ મી સુધી દીલ્હીમાં, ૧૮ મી થી ૧૯ સુધી બનારસમાં, ૨૦ મી થી ૨૨ સુધી પટણામાં, ૨૩ મી થી ૨૫ સુધી કલકત્તામાં અને ૨૭ મી થી ૩૦ સુધી મદ્રાસમાં વિશ્વ શાકાહાર કોંગ્રેસનાં અધિવેશનો અનુક્રમે મળશે. આ કોંગ્રેસની સ્વાગત સમિતિના પ્રમુખ શ્રીમતી રુકિમણી અરંડેલ છે અને મંત્રીઓ શ્રી દસ્તુરજી ફરામજી બોડ, શ્રી જયન્તીલાલ મેન, માનકર, શ્રી મગનલાલ મુળચંદ શાહ અને શ્રી મગનલાલ પી. દેશી છે. મુંબઇના મુખ્ય અધિવેશનનું ઉદ્ઘાટન ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદના વરદ હસ્તે થવાનું છે. અને અધિવેશનના પ્રમુખસ્થાને કલેરન્સ ગાસ્ક બીરાજશે. આ કોંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા માટે યુરોપ અને અમેરિકાથી જુદા જુદા મંડળોના આશરે ૧૦૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત થશે. આ પ્રસંગે વનસ્પત્યાહારને લક્ષમાં રાખીને ખોરાક, તન્દુરસ્તી તેમજ રાંધણ-કળાનું એક પ્રદર્શન ભરવામાં આવશે.

આવી રીતે હિંદમાં છ સ્થળોએ ભરવા ધારેલી કોંગ્રેસને પાર પાડવા માટે વિપુલ આર્થિક સહાયની જરૂર છે આ માટે યોજનાયલી સ્વાગત સમિતિના સભ્યોના નીચે મુજબ વર્ગો નક્કી કરવામાં આવ્યા છે:—

(૧) રૂા. ૧૦૦૦ અથવા તેથી વધારે રકમ આપીને કોઈ પણ વેજીટેરીયન વ્યક્તિ પેટ્રન બની શકે છે. (૨) રૂા. ૫૦૦ અથવા વધારે રકમ આપીને વાઇસ પેટ્રન થઈ શકાય છે. (૩) વિશિષ્ટ સભ્ય માટે રૂા. ૧૦૦ (૪) સ્વાગત સભ્ય માટે રૂા. ૧૦. આ ઉપરાંત કોઈ પણ સંસ્થા રૂા. ૧૦૦૦ આપીને સભ્ય બની શકે છે અને રૂા. ૧૦૦ આપીને એસોસીએટ સભ્ય બની શકે છે. નોન-વેજીટેરિયન રૂા. ૫૦ આપીને સહાયક સભ્ય બની શકે છે. આ કોંગ્રેસના ધ્યેયને સ્વીકારનાર સર્વ કોઇની ફરજ છે કે પોતાની શકિત મુજબ આર્થિક ફાળો આપીને જોડાવું અને ભાગ લેવો.

આ કૉંગ્રેસનું ધ્યેય સમજાવવા માટે તા. ૧૭-૧૦-૫૭ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે યોજાયલી જાહેર સભામાં શ્રી વુડલેન્ડ કેટલર અને શ્રી જયન્તીલાલ એન. માનકર પધાર્યા હતા અને કૉંગ્રેસના વિવિધ કાર્યક્રમની સમજુતી આપી હતી. શ્રી વુડલેન્ડ કેટલર આન્તર રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા શાકાહાર પ્રચારક છે. તેઓ માત્ર નિરામિષાહારી જ નથી, પણ પ્રાણીજન્ય કોઈ પણ પદાર્થો-દુધ, માખણ ઘી વગેરેનો-ખાનપાન માટે ઉપયોગ કરતા નથી. વર્લ્ડ કલ્ચરલ એસોસીએશનના તેઓ પ્રમુખ છે. તેઓ ભારતમાં પહેલાં પણ આવ્યા હતા, પણ આ વખતે તો કૉંગ્રેસના પ્રચાર કાર્ય માટે યુરોપથી ખાસ આવ્યા છે. તેઓ ભારતની સંસ્કૃતિના મોટા ચાહક છે અને જૈન ધર્મ પ્રત્યે ઊંડો આદર ધરાવે છે. તેમણે ઉપરની સભામાં પ્રસંગોચિત વિવેચન કરતાં જણાવ્યુ કે "મારી જાણ સિવાય હું કેટલાય વખતથી જૈન હતો એમ મને માલુમ પડયું છે. જૈન ધર્મની વિશેષ જાણ થતાં હું દિન પ્રતિ દિન વધારેને વધારે આદર્શ જૈન બનવાની ઉમેદ રાખું છું. જૈનો પાસે આ કૉંગ્રેસની પ્રવૃત્તિ વિષે ખાસ કશું કહેવાનું હોય જ નહિ; કારણ કે જૈનોનો આદર્શ અને ભાવના એ જ આ કૉંગ્રેસનો આદર્શ અને ભાવના છે. વિશ્વબંધુ એ જૈન ધર્મનો પાયો છે. હું પણ એવા વ્યાપક બંધુત્વનો પ્રચાર કરી રહ્યો છું. બધી સંસ્કૃતિનો પાયો ભ્રાતૃભાવ છે. આપણો સાધારણ પ્રશ્ન જીવનમાંથી આપણે શું મેળવવા માંગીએ છીએ તે હોય છે. ખરો પ્રશ્ન જીવન આપણી પાસેથી શું અપેક્ષા રાખે છે તે હોવો જોઇએ. દરેક સર્જન પાછળ દૈવી પ્રયોજન હોય છે. આપણા જીવન પાછળ પણ એવો કોઈ દૈવી હેતુ રહેલા જ છે, જે આપણે શોધી કાઢવા જોઇએ અને તે મુજબ આપણું ચારિત્ર્ય આપણે ઘડવું જોઇએ.

"આ દૈવી પ્રયોજન શું હોઈ શકે? વિશ્વવ્યાપી ભ્રાતૃભાવ આપણે આપણી સર્વ અહંતાને ઇશ્વરી આયોજનના ચરણે સમર્પિત કરવી જોઇએ. એમ આપણે કરીએ તો પછી આપણા જીવનનો માર્ગ, સુખરૂપ-કશી પણ ગુંચ વિનાનો-બને છે.

મૈત્રીની સાધનાઓ આપણુ સર્વના જીવનનો હેતુ છે. આપણે આપણા શરીરને મિત્ર સમાન ગણાવું જોઇએ. હું શરીર નથી, પણ શરીર મારું છે. એ રીતે આપણે વિચારવું જોઇએ. જેમ મા બાળકની ચિન્તા રાખે છે તેમ આપણે આપણા શરીરની ચિન્તા રાખવી જોઇએ અને શરીરમાં કશીપણ દૂષિત વસ્તુ પ્રવેશ ન કરે એની આપણે સંભાળ રાખવી જોઇએ.

"એની જ રીતે આપણી ભૂમિ સાથે અને ભૂમિ ઉપર વસતા પ્રાણીઓ પશુઓ સાથે આપણે મૈત્રી કેળવવી જોઇએ અને તેથી માંસાહારને આપણા ખાનપાનમાં લેશ માત્ર અવકાશ હોવો ન જોઇએ."

ત્યાર બાદ શ્રી જયન્તીલાલ માનકરે વિશ્વ શાકાહાર કૉંગ્રેસના આશયોની વિસ્તારથી સમજુતી આપી હતી. "આત્માને ઉન્નત કરવા માટે શરીરને શુદ્ધ પવિત્ર રાખવું જોઇએ અને તે માટે આહારશુદ્ધિ અત્યન્ત આવશ્યક છે. શાકાહાર એ કોઇ વાદ નથી, પણ જીવન જીવવાનો સાચો માર્ગ છે. Vegetarianism is a way of life. આપણા ખોરાકનો માત્ર પૌષ્ટિક દૃષ્ટિએ વિચાર કરવો ન જોઇએ. આ રીતે આ કૉંગ્રેસની ભૂમિકા કેવળ આધ્યાત્મિક છે; તેની પાછળ ભૂત-માત્ર વિષે મૈત્રી કેળવવાનો આદર્શ છે. આપણા નિરામિષહારી ખોરાકમાં પ્રોટીનનું તત્ત્વ ઓછું છે અને માંસમાં વધારે છે એ માન્યતા ભૂલ-ભરેલી છે. ઉલટું માંસાહાર અનેક એવા વ્યાધિઓ માનવી શરીરમાં પેદા કરે છે જેની આપણને કદિ કલ્પના આવતી નથી. માત્ર અહિંસાની દૃષ્ટિએ નહિ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરીને આજે ૪૦ લાખ અમેરિકનો વેજીટેરીયન બન્યા છે. આ કૉંગ્રેસનો આશય અહિંસક સંસ્કૃતિને વેગ આપવાનો છે, જૈન ધર્મને જનધર્મ બનાવવાનો છે. આ માટે આ કૉંગ્રેસમાં ભાગ લેવા માટે અને ભારતની સંસ્કૃતિના પ્રત્યક્ષ દર્શન કરવા માટે યુરોપ તથા અમેરિકાથી ૮૦ પ્રતિનિધિઓ પોતાના ખર્ચે આવે છે. અને ભારતના મુખ્ય ૭ શહેરોમાં આ કૉંગ્રેસના અધિવેશનો અનુક્રમે ભરાવાનાં છે." આ મુજબ જણાવીને તેમણે આગામી કૉંગ્રેસમાં ભાગ લેવા અને તેને લગાતી આર્થિક જવાબદારીને બને તેટલી હળવી કરવામાં સહાયભૂત થવા મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અનુરોધ કર્યો હતો.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી વુડલેન્ડ કેટલર તથા શ્રી જયન્તીલાલ માનકરનો આભાર માન્યો હતો અને વિશ્વ શાકાહાર કૉંગ્રેસને અપનાવવા સંઘના સભ્યોને વિનંતિ કરી હતી.

પ્રકીર્ણ નોંધ

નવા વર્ષની શુભેચ્છા

તા. ૨૪-૧૦-૫૭ ગુરૂવારના રોજ આપણે વિક્રમ સંવત ૨૦૧૩ નું વર્ષ પુરું કરીને ૨૦૧૪ ના વર્ષમાં પ્રવેશ કર્યો. આમ જુના અને નવા વર્ષની સંધિના ચાર દિવસો આપણા દેશમાં દીવાળીના પર્વ તરીકે ઉજવાય છે અને વિદાય થતા વર્ષની આધિ, વ્યાધિ, ઉપાધિને આમ જનતા એ દિવસો દરમિયાન ભુલી જાય છે. ઘેર ઘેર મીઠાઇઓ થાય છે અને વહેંચાય છે; શેરીએ શેરીએ દીપમાળ પ્રગટે છે અને વેપારીઓ પોતાની પેઢીઓને શણગારે છે. બાળકો ફટાકીઆ અને દારૂખાનું ફોડે છે અને આનંદમસ્ત બનીને મહાલે છે. નરનારીઓ નવાં વસ્ત્રોમાં સજ્જ થઇને નીકળે છે અને એકમેકનું પ્રેમપૂર્વક અભિવાદન કરે છે. દિવસ રાતના ચાલુ કાળચક્રમાં આ ચાર દિવસો જાણે કે કોઇ જુદા જ પ્રકારના હોય એમ માનવીઓના-બાળકો, સ્ત્રીઓ, પુરૂષોના-મોઢા ઉપર કોઈ અનેરી પ્રફુલ્લિતતા તરવરતી દેખાય છે અને ચોમેર આનંદ અને ઉત્સાહનું વાતાવરણ અનુભવગોચર થાય છે. આ તૂતન વર્ષના નવલ પ્રભાતે પ્રબુદ્ધ જીવનના વાચકોને અમારી અન્તરની શુભેચ્છાઓ છે. તેમના સુખ આરોગ્યમાં વૃદ્ધિ થાય, ઐશ્વર્ય તથા સંપત્તિનો ઉત્કર્ષ થાય અને ધર્મચ્છિત શ્રેયપ્રેયની તેમને પ્રાપ્તિ થાય અને સૌ કોઇ સમાજશ્રેય-અભિમુખ બને એવી પ્રાર્થના છે.

સર્વોદય હોસ્પીટલ અને તેના આત્મા કાન્તિલાલભાઇ

ઘાટકોપર ખાતે ક્ષયરોગીની સારવાર માટે છેલ્લાં ચાર વર્ષથી એક હોસ્પીટલની શરૂઆત કરવામાં આવી છે. આનું નામ છે 'સર્વોદય હોસ્પીટલ.' આ હોસ્પીટલ ચાર ભાઇઓ અને તેમના કુટુંબીજનોનું સ્વતંત્ર સાહસ છે. તે ભાઇઓનું 'શ્રી મગનલાલ પોપટલાલ ચેરીટી ટ્રસ્ટ' એ નામનું એક ચેરીટી ટ્રસ્ટ હતું. તેમાંથી અઢી લાખ રૂપીઆ જુદા કાઢવામાં આવ્યા. તે રકમ વડે ૧૯૫૩ ના ઓકટોબર માસમાં ૧૫૦૦૦ વાર જમીન ખરીદવામાં આવી અને ૫૬ બીછાનાની હોસ્પીટલ બાંધવામાં આવી. આ હોસ્પીટલને બીજાં ૧૦૦ બીછાનાં બાંધવા માટે તેમના જ બીજા એક ટ્રસ્ટ-સર્વોદય ટ્રસ્ટ-તરફથી આશરે ૧૫ લાખ રૂપીઆ મળ્યા. અને ૧૯૫૪ ના જુલાઇ માસમાં આ હોસ્પીટલમાં કુલ ૧૫૬ બીછાનાની સગવડ થઇ. ત્યાર બાદ એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ વાળાએ અમુક સરતોએ પોતાના કર્મચારીઓ માટે આ હોસ્પીટલમાં ૮૦ નવાં બીછાનાં કરવામાં આવે એવી માંગણી કરી. આ માટે એ જ ભાઇઓની કંપનીઓ-પનાલાલ સીલ્ક મીલ્સ પ્રાઇવેટ મીલીટેડ તથા વિનોદ પ્રાઇવેટ લીમીટેડ-એ લાખ રૂપીઆ વગર વ્યાજે ધીર્યા અને તેમાંથી બીજા ૧૫૦ બીછાના વધારવામાં આવ્યા. આમ છતાં દર્દીઓની ભરતી થતી જ રહી અને વધારે બીછાનાઓની માગ અનિવાર્ય બની. પરિણામે એ જ કુટુંબના કુટુંબીજનો તરફથી દોઢેક લાખનાં દાન મેળવીને બીજા ૨૦૦ બીછાનાં ઉમેરવામાં આવ્યાં. આ રીતે આજે આ સર્વોદય હોસ્પીટલ ૫૦૦ બીછાનાની સીમા સુધી પહોંચ્યું છે અને ક્ષયરોગથી પીડાતા સંખ્યાબંધ દરદીઓની ઉપચાર-સેવા કરી રહ્યું છે.

વસ્તુતઃ આ વૈદ્યકીય રાહતકાર્યની શરૂઆત એક આઉટડોર પેશન્ટ ડીસ્પેન્સરીના રૂપમાં ૧૯૪૨ થી કરવામાં આવેલી. તેણે ૧૯૫૩ માં ક્ષયના દર્દીઓની એક નાની સરખી હોસ્પીટલનું રૂપ લીધું. આજે

મુંબઈ અને પરામાં આ હોસ્પીટલ એક અગ્રગણ્ય હોસ્પીટલ બન્યું છે. શરૂઆતથી જ આ સર્વોદય હોસ્પીટલનું ટ્રસ્ટ કરવામાં આવેલ અને એ ટ્રસ્ટના શ્રી નરોત્તમદાસ મગનલાલ, શ્રી સુમતિલાલ મગનલાલ, શ્રી કાન્તિલાલ મગનલાલ અને શ્રી પનાલાલ મગનલાલ એ ચાર ભાઈઓ ટ્રસ્ટીઓ હતા. પાછળથી શ્રી નરોત્તમદાસ મગનલાલ ટ્રસ્ટી તરીકે નિવૃત્ત થયા છે. અને હાલ બાકીના ત્રણ ટ્રસ્ટીઓ આ સંસ્થાનો વહીવટ સંભાળે છે. આ હોસ્પીટલના નીભાવ પાછળ દર વર્ષે ૪૦, ૫૦ ૬૦ હજાર જેટલી ખોટ આવે છે તે આ ભાઈઓ અને એમનાં કુટુંબીજનો તરફથી પુરી કરવામાં આવે છે. પ્રારંભથી તે આજ સુધી સરકાર, મ્યુનીસીપાલીટી અથવા તો જાહેર જનતા પાસેથી કોઈ મદદ માંગવામાં કે લેવામાં આવી નથી. આ તેમના સાહસ, પુરૂષાર્થ અને શ્રધ્ધાને અનેક ધન્યવાદ ઘટે છે.

જેમ દરેક જીવતી અને જાગતી સંસ્થા પાછળ મોટા ભાગે એક શક્તિશાળી વ્યક્તિ તેના આત્માના સ્થાને હોય છે તેમ આ સર્વોદય હોસ્પીટલનો આત્મા ઉપર જણાવેલ ભાઈઓમાંના એક શ્રી કાન્તિલાલભાઈ છે. તેઓ આખા હોસ્પીટલની વ્યવસ્થાની સમગ્ર જવાબદારી અનોખી તમન્ના અને ભાવનાશીલતાપૂર્વક ઉપાડી રહ્યા છે, અને અને પોતાની સર્વ શક્તિ–તન, મન તથા ધન–તેઓ આ પાછળ ખરચી રહ્યા છે. તેમને મન આ જ પોતાનું જીવનકાર્ય છે. તેમનો બહોળો વ્યાપાર વ્યવસાય છે, પણ તે તેમના ભાઈઓ મોટા ભાગે સંભાળે છે. તેઓ પોતાની ઓફીસે હંમેશા થોડો સમય જાય છે, પણ તેમનું બધું ધ્યાન અને ધુન કેવળ સર્વોદય હોસ્પીટલ પાછળ છે. પોતાને આવું પરમાર્થિક કાર્ય ચલાવવા–સંભાળવા મળ્યું છે એ માટે પોતે ઊંડી ધન્યતા અનુભવે છે. સર્વોદય હોસ્પીટલનું ઉદ્‌ઘાટન થયું તે પ્રસંગે હું ગયેલો, પણ તે તો પ૬ બીછાનાના હોસ્પીટલની શરૂઆત હતી. આજે તો જેમ વહ નવી નવી વડવાઈઓ વડે મોટું ને મોટું થતું જાય તેમ આ હોસ્પીટલનો વિસ્તાર ખૂબ મોટો થઈ રહ્યો છે. અને આઉટડોર ડીપાર્ટમેન્ટ, પેથોલોજી, એકસ રે, એ. પી. પી. પી. ડીપાર્ટમેન્ટ, ઇલેકટ્રોથેરેપી ડીપાર્ટમેન્ટ અને સર્વ પ્રકારની સામગ્રીવાળું ઓપરેશન થીએટર–એમ હોસ્પીટલને અંગે જરૂરી બધાં ખાતાંઓ ખોલવામાં આવ્યા છે. અને આખા હોસ્પીટલે એક નાના સરખા કોલોનીનું રૂપ ધારણ કર્યું છે.

હોસ્પીટલનો આ સર્વ વિકાસ, વ્યવસ્થિતતા અને સાધનસંપન્નતા શ્રી કાન્તિલાલભાઈની સતત દેખરેખ અને કાર્યકુશળતાને આભારી છે. આ હોસ્પીટલમાં દર્દીઓને નિરામિષ આહાર આપવામાં આવે છે. રસોડાની વ્યવસ્થા ઉંચા પ્રકારની છે. અનાજ, શાક, ફળ દૂધ બધું જ સારામાં સારૂં લાવવામાં આવે છે. અને ક્ષયનિવારણ માટે પૂરતા પૌષ્ટિક આહારની જરૂર હોય છે. તે બાબતમાં અહિં કશી પણ ખોટી કરકસર કરવામાં આવતી નથી. આ હોસ્પીટલ સૌ કોઈ માટે ખુલ્લું છે. નાત જાત ધર્મ કે સંપ્રદાયનો કોઈ ભેદ નથી. હિંદુ, મુસલમાન, પારસી બધાય વર્ગો અને વર્ણો અહિં સૌ સાથે વસે છે અને આરોગ્ય સંપાદન કરે છે.

આજથી લગભગ બે માસ પહેલાં આ સર્વોદય હોસ્પીટલ જોવા માટે સવારના ભાગમાં હું ગયેલો. કાન્તિલાલભાઇએ બધે ફેરવીને જે કાંઇ કાર્ય થઈ રહ્યું છે તેનું મને દર્શન કરાવ્યું. કાન્તિલાલભાઇ લગભગ દરેક દર્દીને ઓળખે. 'આ ભાઇને અહિં આવ્યાને હજુ પંદર દિવસ થયા છે અને પાંચ રતલ વજન વધ્યું છે;' 'આ બહેનને અહિં સ્ટેચરમાં લાવેલા, ચાર મહીનાથી અહિં છે, ૨૦ રતલ વજન વધ્યું છે અને હવે ચોતરફ હરી ફરી શકે છે'–આમ દરેક દર્દીની વિગત આપણને સમજાવતા જાય અને તેમને પ્રોત્સાહનના બે શબ્દો કહેતા જાય. કાન્તિલાલભાઈને જોતાં દર્દીઓની આંખમાં કૃતજ્ઞતા સૂચવતી પ્રસન્નતા તરવરતી દેખાય. બધા દર્દીઓ પોતાનાં ભાઇ ભાંડુ હોય એવી નરમાશ અને આત્મીયતાથી તેઓ દરેકને બોલાવે અને અગવડ સગવડનાં ખબર પૂછે. આપણને આ બધું જોતાં સહજ આનંદ થાય અને તેઓ આ બધું બતાવતાં કોઈ જુદો જ ઉલ્લાસ–આત્મ–સંતોષ–અનુભવતા હોય. તેમણે હોસ્પીટલમાં ફેરવતાં ફેરવતાં જણાવેલું કે "આ કાર્યને હું મારૂં સર્વસ્વ માનું છું. મને જીવનનું સત્ય આ સેવા દ્વારા જ પ્રાપ્ત થઈ રહ્યું છે. આ સેવાના નિષ્કામ આનંદને કઈ રીતે વ્યક્ત કરવો, વર્ણવવો તે મને સમજાતું નથી. મારી સર્વ શક્તિ મેં આ કાર્યને જ સમર્પિત કરી છે અને એમ કરવામાં હું જીવનની પૂરી સફળતા અનુભવી રહ્યો છું."

સર્વોદય હોસ્પીટલનો સર્વ ઉત્કર્ષ તેમની જીવનનિષ્ઠા અને કાર્યકુશળતાને આભારી છે. તેમની સમર્પણ ભાવનાએ એવી જ નિષ્ઠાવાળા ડાકટરોને આ હોસ્પીટલ તરફ આકર્ષ્યા છે અને તેથી આ હોસ્પીટલ કુશળ અને સેવાભાવી અનેક ડાકટરો અને નર્સોની સેવા મેળવવા ભાગ્યશાળી થયું છે. એ દિવસે સર્વોદય હોસ્પીટલ વિગતથી જોયું અને તે દ્વારા કાન્તિલાલભાઇનો પરિચય થયો–બન્ને કારણે તે દિવસનો અનુભવ મારા માટે ભારે પ્રેરણાદાયી બન્યો. મારૂં દિલ કાન્તિલાલભાઈ પ્રત્યેના આદર વડે અત્યન્ત પુલકિત બન્યું.

કોઇ પણ યોગનિષ્ઠ માનવીને મળવું, તેનો પરિચય થવો, તેની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેના પુનિત આત્માનાં દર્શન કરવા એનો આનંદ અને ઊર્મિપ્રેરકતા એક નાની સરખી તીર્થયાત્રા સદૃશ હોય છે. આ યોગ ભક્તનો હોઈ શકે છે, જ્ઞાનનો હોઈ શકે છે, કર્મનો હોઈ શકે છે. આવી વ્યક્તિ સુવિખ્યાત પણ હોય અને કોઇ ખુણે બળતા નાના સરખા દીવા માફક અલ્પખ્યાત–કદાચ અગોચર–પણ હોય. તેનું મહત્ત્વ તેની ખ્યાતિ ઉપર અવલંબિત નથી, પણ તેની એકધારી નિષ્ઠા, ઉપાસના અને પ્રાણવાન ચારિત્ર્ય ઉપર નિર્ભર હોય છે. આવું સુભગ વ્યક્તિત્વ મેં કાન્તિલાલભાઈમાં જોયું અને જે સમાજમાં આવી સેવા–પરાયણ વ્યક્તિઓ હોય તે સમાજ પણ ધન્ય છે એવો ઉદ્‌ગાર મારા અન્તરમાં સહજપણે સ્ફુરી આવ્યો.

ટી. ટી. કે. ની અસફળ વિદેશ યાત્રા

ભારતના અર્થસચિવ ટી. ટી. કૃષ્ણમાચારી યુરોપ અમેરિકાના પ્રવાસેથી લાજેતરમાં પાછા ફર્યા છે, જે હેતુ માટે તેઓ વિદેશ ગયા હતા તેમાં તેમને ધારી સફળતા મળી હોય એમ લાગતું નથી. તેમની આ નિષ્ફળતા આપણને નીચું જોવડાવે તેવી છે. આવી નિષ્ફળતા કેમ મળી તે પ્રશ્ન આપણ સર્વની સામે ઉભો થાય છે.

આપણી મોટી આશા અમેરિકા ઉપર હતી. અમેરિકા ધારે તો આપણી બીજી પંચવર્ષીય યોજનાને પૂરેપૂરી પાર પાડવા માટે જે ૧૪૦ કરોડ ડોલરની પૂરવણીની જરૂર છે તે આખે આખી આપી શકે તેમ છે. આમ છતાં ત્યાંથી તેમને લગભગ ખાલી હાથે કેમ પાછા આવવું પડ્યું?

થોડા દિવસ પહેલાં અમેરિકાની ઇન્ડીયા લીગના પ્રમુખ શ્રી જે. જે. સીંગનો એક લેખ 'ફ્રી પ્રેસ જર્નલ'માં પ્રગટ થયો હતો. તેમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે અમેરિકા તરફથી ભારતને કશો પણ આર્થિક ટેકો મળવા સંભવ નથી. અમેરિકાના આજના વહીવટકર્તાઓ ઇચ્છે તો પણ અમેરિકાની કોંગ્રેસ ભારત માટેની આવી કોઈ પણ માગણીને મંજુર કરે તેમ નથી. આ મુદ્દાને સ્પષ્ટ કરતાં તે પણ જણાવેલું કે "એમાં કોઈ શક નથી કે જો હિંદમાં લોકશાહીને પીછેહઠ કરવી પડે અને ભારતમાં સામ્યવાદી સરમુખત્યારશાહી સત્તા ઉપર આવે–જેના પરિણામે લોકશાહી પ્રજાસત્તાકનાં મહત્ત્વનાં અંગો સ્વાભાવિક રીતે જ નાબુદ થાય–આમ બને તો અમેરિકનોને તેનો સખ્ત આઘાત લાગશે અને તેઓ ઊંડી નિરાશા અનુભવશે. આ બધું બરોબર હોવા છતાં ભારત વિષે આજનું અમેરિકા કોઈ પ્રીતિ કે પક્ષપાત ધરાવતું નથી. જો હિંદની અર્થરચના ભાંગી પડે તો તેનાં જે પરિણામો સ્વતંત્ર દુનિયાને ભોગવવા પડે તેનો લાંબી નજરે જોનારા અમુક અમેરિકનોને પુરો ખ્યાલ છે, પણ આ ગણ્યાગાંઠ્યા અમેરિકનોને બાદ કરતાં અમેરિકાની વસ્તીનો ઘણો મોટો ભાગ ભારતની વિદેશનીતિ અને તે અંગેના ભારતના કેટલાક આગેવાનોના પ્રવચનો અને વલણ અંગે ખૂબ નાખુશ છે. આ કારણને લીધે, જો કે આજે ભારતને મદદ કરવામાં આવે

તો તે લાંબદ્રોર દૃષ્ટિએ યુનાઇટેડ સ્ટેટ્સને જ મદદ કરવા બરોબર છે એમ છતાં, હિંદને મદદ કરવાની આજે અમેરિકનોની દિલમાં કોઇ ઇચ્છા નથી."

આ લેખ ટી. ટી. કે. (ભારતના આજના અર્થસચિવને આ ટુંકા નામથી ઓળખવામાં આવે છે.) અમેરિકા જવા ઉપડયા અથવા તો ઉપડવાના હતા એ અરસામાં પ્રગટ થયો હતો. આજે અનુભવે તે અગાહી સાચી પાડી છે.

આ દુઃખદ પરિસ્થિતિ આપણા દિલમાં અનેક પ્રશ્નો ઉભા કરે છે. અમેરિકન પ્રજાનું આવું માનસ હતું તો ટી. ટી. કે. અમેરિકા ગયા શું કામ? અમેરિકાની પ્રજાના આવા વલણની ટી. ટી. કે. ને કે જવાહરલાલજીને શું ખબર જ નહોતી? પરદેશની આર્થિક મદદ ઉપર આટલો મોટો આધાર રાખવો પડે એવી યોજના આપણે ઘડી શું કામ? જો આપણને પરદેશી મદદની ગરજ જ હોય અને તે વિના ચાલે તેમ ન હોય તો ત્યાંના લોકોના દિલમાં આપણા વિષે પ્રતિકુળતા ઉભી થાય એવું આપણું વર્તન શા માટે હોવું જોઇએ.?

આખો પ્રશ્ન આખરે આપણી વિદેશ નીતિ અને તે અંગે અવારનવાર કરવામાં આવતાં સ્પષ્ટ અને નિડર વક્તવ્યો અને આપણી આર્થિક યોજનાને બર લાવવા માટે પરદેશી નાણાંની અનિવાર્ય ગરજ–એ વચ્ચે રહેલી અસંગતિનો છે.

કાં તો આપણે જે પ્રકારની વિદેશ નીતિ અખત્યાર કરી રહ્યા છીએ અને તેના અનુસંધાનમાં જ્યારે પણ જે કોઇ સ્થળે અન્યાય અત્યાચાર થતો જોવામાં આવે છે, ત્યારે તે સામે આપણે જે રીતે બેધડક પોકાર ઉઠાવીએ છીએ તેને બરોબર વળગી રહીએ અને એક પણ બાબત માટે પરદેશ સામે હાથ લંબાવવો પડે એવી કોઈ યોજનાનો વિચાર જ ન કરીએ અને આપણા પોતાના બળ અને સાધન સામગ્રીથી જે કાંઇ સિદ્ધ થઇ શકે તેટલા માત્રથી સંતોષ માનીએ–

અથવા તો જો એમ લાગતું હોય કે પરદેશની મદદ સિવાય આપણું ગાડું જરા પણ આગળ ચાલે તેમ નથી તો પછી આપણી વિદેશ નીતિની અકોણાઇ જરા હળવી બનાવીએ, આપણી જીભને થોડી મ્યાન કરીએ, અને જેની મદદની આપણને જરૂર છે તેની સાથે સારાસારી કેળવીએ. એક બાજુ વિદેશો પાસેથી મદદ માંગવી અને અને બીજી બાજુ તે સામે ભસતા રહેવું, એક બાજુ કૃષ્ણમાચારીને આર્થિક મદદ માટે વાટાઘાટ કરવા અમેરિકા મોકલવા અને બીજી બાજુએ કાશ્મીરના પ્રશ્ન ઉપર પશ્ચિમના રાષ્ટ્રોનું વિચિત્ર–ન સમજી શકાય તેવું–દંભી અને ધૃષ્ટતાભર્યા વર્તનથી અકળાઇને આ બધું International Gangsterism છે–આ આન્તરરાષ્ટ્રીય ડાકુઓની મેલી રમત છે–આવી ધુમરાણ મચાવી મૂકવી–આ બેનો મેળ શી રીતે મળે? ટી. ટી. કે. ને અમેરિકાના અધિકારીઓને અને પ્રજાને અનુકુળ બનાવવાના હેતુથી એમ કહેવું પડે કે જો પંચવર્ષીય યોજના સફળ નહિ થાય તો હિંદમાં લોકશાહી ભાંગી પડશે, સામ્યવાદીઓ બળવો ઉભો કરશે અને ચીન અને રશીઆ તેમની મદદે દોડી આવશે અથવા તો હિંદને માત્ર આર્થિક જરૂરિયાતોના દબાણને લીધે જ તટસ્થ વિદેશનીતિ ધારણ કરવાની ફરજ પડી છે–આવાં કાલ્પનિક, વાસ્તવિકતા સાથે વિરોધી અને ભારતને અન્ય દેશોની નજરમાં કઢંગી સ્થિતિમાં મૂકનારાં વિધાનો ટી. ટી. કે. ને કરવા પડે અને બીજી બાજુએ ટી. ટી. કે. નાં આ વિધાનો બરોબર નથી એમ જવાહરલાલને કબુલ કરવું પડે આવી કફોડી સ્થિતિ ભારતની આન્તરરાષ્ટ્રીય ઇજ્જતને ભારે નુકસાન પહોંચાડે છે. જો તમે મદદ નહિ આપો તો અમારો દેશ કોમ્યુનીસ્ટ થઈ જશે એવી ધમકીના રૂપમાં વાતો કરવાથી અમેરિકાના લોકો માંગીએ તે આપી દેશે આવી ભોળી સરળ કે ભીરૂ અમેરિકન પ્રજા નથી–આટલી સાદી વાત આપણે કેમ સમજતા નથી? અને હજુ પણ આવો ભાવ સૂચવતા ઉદ્ગારો આપણે કેમ કાઢતાં હોઇશું? આ ઉપરાંત એક બાજુએ આપણે જ્યાં ત્યાં હાથ લંબાવીએ છીએ–અમારે લોન નથી જોઇતી, પણ Assistance–સહાય, જોઇએ છીએ–એમ એકની એક વાત બીજા રૂપમાં કરીએ છીએ અને બીજી બાજુએ "અમને પરદેશથી કશી પણ મદદ નહિ મળે તો પણ અમે અમારી પંચવર્ષીય યોજનાને ગમે તે ભોગે વળગી રહીશું અને સાંગોપાંગ પાર પાડશું, આખી દુનિયા આપણી વિરૂધ્ધ હશે તો પણ ભારત આગેકૂચ કરશે, જરૂર હશે તો અમે ભૂખે મરીશું, જરૂર હશે તો મૃત્યુને ભેટીશું, પણ પીછેહઠ કદી જ નહિ કરીએ" આવા ઉદ્ગારો આપણે કાઢીએ છીએ! પ્રજાનું ધૈર્ય ટકાવી રાખવા માટે આવા ઉદ્ગારો જરૂર ઉપયોગી હશે, પણ જે સંદર્ભમાં આવું બોલાય છે તે સંદર્ભમાં આ ઉદ્ગારો શેખી કરવા સમાન ભાસે છે અને આપણને મદદરૂપ નહિ થવા માગતા પરદેશો સામે મનનો ઉકળાટ ઠાલવવાની ગરજ સારતા લાગે છે.

આ બધા વિષચક્ર અને અસંગતિમાંથી છૂટવાનો–ઉગરવાનો–ઉપાય એક જ હોઇ શકે અને તે એ કે કેવળ મિત્રભાવે–કશી પણ રાજકારણી શરણાગતિ સિવાય–સહજપણે જે મદદ મળે તેમ હોય–મળવાની ખાત્રી હોય તેનો જ માત્ર આધાર સ્વીકારીને, આત્મનિર્ભરતા–પૂર્વક જેટલું શક્ય હોય તેટલું જ પંચવર્ષીય યોજના દ્વારા સાધવાનો આપણે નિરધાર કરીએ અને એમ કરતાં જે કાંઇ આર્થિક હાડમારીઓ હવે પછીનાં વર્ષો દરમિયાન ભોગવવાની હોય તે મક્કમ છાતીથી ખમી લેવાની તત્પરતા કેળવીએ. સાથે સાથે વાણી વિષે કાંઇક સંયમ કેળવીએ અને આજે આપણો કોઇ મિત્ર જ નહિ–લગભગ આવી આન્તરરાષ્ટ્રીય દુર્દશામાંથી આપણે ઉંચે આવીએ અને પરરાષ્ટ્રો સાથે આપણા સંબંધો સરળ અને પ્રીતિભર્યા બની રહે–પણ એ કોઇ ઉંચા સિદ્ધાન્તના ભોગે હરગીજ નહિ–એ રીતે આપણી તટસ્થ વિદેશ નીતિનું સંચાલન કરીએ. આ સિવાય સ્વમાનને સંગત એવો બીજો કોઈ વિકલ્પ દેખાતો નથી.

અમદાવાદના જૈન સમાજની જડતા

ગુજરાત યુનિવર્સિટી તરફથી પંડિત સુખલાલજીને કરવામાં આવેલું ડૉકટરેટ–મહાપ્રાજ્ઞ–પદનું પ્રદાન જૈન સમાજ માટે અસાધારણ ગૌરવપ્રદ પ્રસંગ ગણાય. કારણ કે આવી માનાર્હ પદવી હજુ સુધી કોઈ પણ જૈનને કોઇ પણ યુનિવર્સિટી તરફથી પ્રાપ્ત થઈ જાણવા કે સાંભળવામાં આવેલ નથી. આમ છતાં અમદાવાદના જૈન સમાજને આ અતિ મહત્વની ઘટના કોઈ પણ અંશમાં સ્પર્શી હોય એમ લાગતું નથી. મુંબઈમાં આજથી ચાર માસ પહેલાં જ્યારે પંડિતજીના માનમાં એક મોટા પાયા ઉપરનો સન્માન સમારંભ યોજવામાં આવેલો ત્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી ખાસ એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવેલું. એ પ્રસંગે બીજી કેટલીએક જૈન સંસ્થાઓ પણ એકત્ર થઇને પંડિતજીનું બહુમાન કરવા ઇચ્છતી હતી, પણ પંડિતજી ઉપર આવા સંમેલનોનો વધારે પડતો બોજો ન પડે એમ સમજીને એ નિમંત્રણોનો તેમને અસ્વીકાર કરવો પડયો હતો. અમદાવાદમાં મુંબઇ કરતાં પણ વધારે મહત્ત્વની ઘટના બની છે, એમ છતાં ત્યાંના જૈન સમાજને એ સાથે જાણે કે કશો સંબંધ જ ન હોય એમ તદ્દન શુન્યમનસ્ક જોવામાં આવી અને ભારે આશ્ચર્ય થયું. બીજે કોઇ પણ સમાજ અથવા બીજું કોઈ સ્થળ હોય તો આ પ્રસંગને પોતાના ગૌરવનો લેખીને જુદી જ રીતે ઉજવે અને પોતાનો આનંદ વ્યકત કરે. અમદાવાદની જૈન પ્રજાને મન આ અસાધારણ ઘટનાનું મહત્વ છાપામાં આવતા એક સામાન્ય સમાચારથી જરા પણ વિશેષ હોય એમ ન લાગ્યું.

લોકસભામાં વળી પાછું બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ

મુંબઈની વિધાન પરિષદમાં શ્રી પ્રભુદાસ પટવારીએ ત્રણ વર્ષ પહેલાં બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ રજુ કર્યું હતું અને તેના પ્રથમ વાંચન સમયે તે ઘણી મોટી બહુમતીથી પસાર થયું હતું. ત્યાર બાદ શ્રી પુલચંદજી ડાભીએ દીલ્હીની લોકસભામાં એ જ મતલબનું બીલ રજુ કર્યું. એટલે એ પ્રશ્ન વ્યાપક રીતે ચર્ચાય અને આખા ભારત માટે બાલદીક્ષાની અટકાયત કરતો કાનુની પ્રબંધ થાય એ વધારે ઇચ્છવાયોગ્ય લેખીને શ્રી પટવારીએ પોતાના બીલને મોકૂફ રાખ્યું

હતું. ત્યાર બાદ સામાન્ય ચૂંટણી આવી અને શ્રી પ્રુલચંદજી ડાભી કમનસીબે લોકસભામાં ચુંટાયા નહિ. પરિણામે તેમનું બીલ પણ એમ જ પાછું બેચાઈ ગયું. તાજેતરમાં બાલદીક્ષા સામે કાનુની જોગવાઇ કરતું લગભગ એ જ મતલબનું બીલ સંસદસભ્ય શ્રી દિવાનચંદ શર્મા (પંજાબ) એ તા. ૬-૯-૫૭ ના રોજ લોકસભામાં રજુ કર્યું છે. આવી રીતે બાલદીક્ષા એક મોટો સામાજિક અનર્થ છે અને તેને કાયદાથી અટકાવવો જોઇએ એ વિચાર પંજાબના એક સંસદસભ્યને સ્પર્શે એટલું જ નહિ પણ તેને લગતું એક બીલ લોકસભામાં રજુ કરવા સુધી તે પ્રવૃત્ત થાય-એ હકીકત બાલદીક્ષા સામે ચાલી રહેલી ઝુંબેશની એક અણધારી સફળતા સૂચવે છે. બાલદીક્ષા સામે જે આન્દોલન વર્ષોથી ચાલી રહેલું છે તે ગુજરાત, કાઠિયાવાડ અને રાજસ્થાનમાં વિચરતા કેટલાક અવિચારી શિષ્યઘેલા જૈન સાધુઓની સામે છે અને તે આંદોલનનું કેન્દ્ર હંમેશા ગુજરાત અને મુંબઇ રહ્યું છે. આજથી ૨૪-૨૫ વર્ષ પહેલાં બાલદીક્ષાની કાયદેસર અટકાયત પણ વડોદરાના મહારાજા સ્વ. સયાજીરાવે કરેલી. આને લગતાં બીલો લાવનાર મહાશયો શ્રી પ્રભુદાસ પટવારી અને શ્રી પ્રુલચંદજી ડાભી પણ ગુજરાત બાજુના હતા. શ્રી પ્રભુદાસ પટવારીના બીલ સામે જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગે ભારતભરમાં ભારે વિરોધી આન્દોલન ઉભું કર્યું હતું. તેનું પરિણામ તો એ આવ્યું કે બાલદીક્ષા એક મોટું સામાજિક તેમ જ ધાર્મિક અનિષ્ટ છે અને તે કોઈ પણ હિસાબે આ દેશમાંથી બાલવિવાહ અને અપૃશ્યતા માફક નાબુદ થવું જોઇએ એ વિચાર ભારતના ખુણે ખુણે વસતા સામાજિક કાર્યકરોના દિલને સ્પર્શ્યો છે. પરિણામે આપણને સહજ કલ્પનામાં ન આવે એવી દિશાઓથી અને એવી એક વ્યકિત તરફથી બાલદીક્ષા સામે નફરત દાખવતું બીલ ભારતની લોકસભામાં આજે ફરીથી લાવવામાં આવ્યું છે. આ માટે શ્રી દિવાનચંદ શર્માને ધન્યવાદ ઘટે છે અને તેમને આ બીલ પસાર કરવામાં સફળતા મળો એવી શુભેચ્છા દર્શાવવામાં આવે છે.

એક નાની સરખી નિરૂપણક્ષતિ માટે ક્ષમાયાચના

'કંદમૂળની ભક્ષ્યાભક્ષ્યતા?' એ મથાળાના તા. ૧૫-૧૦-૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ લેખની શરૂઆતમાં સ્થાવર જીવોનું લક્ષણ દર્શાવતાં જણાવવામાં આવ્યું છે કે "સ્થાવર જીવો એટલે સ્વતંત્ર હલચલન વિનાના જીવો, જેમાં પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, અને અગ્નિકાય જીવોનો સમાવેશ થાય છે" તે ગણનામાં વનસ્પતિકાય નો ઉમેરો કરવો અને આગળ ચાલતાં "આ પૃથ્વીકાયના જીવોમાં અન્તર્ગત થતા જીવોના બે ભાગ કરવામાં આવ્યા છે" એમ જણાવ્યું છે તેમાં પૃથ્વીકાયને બદલે વનસ્પતિકાય એમ વાંચવું. આવી નિરૂપણક્ષતિ થવા બદલ અને તે પણ એક શાસ્ત્રીય બાબતમાં-તે માટે દિલગીર છું અને ક્ષમા પ્રાર્થું છું. પરમાનંદ

'વર્તમાન પરિસ્થિતિ'

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન

મંગળવાર તા. ૫-૧૧-૫૭ ના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,) યોજાયેલી જાહેર સભામાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ **'વર્તમાન પરિસ્થિતિ'** એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનમાં તેઓ આજની આન્તરરાષ્ટ્રીય ઘટનાઓ વિષે તેમ જ દેશની રાજકારણી તેમ જ આર્થિક બાબતો વિષે વિવેચન કરશે. દર ત્રણ ત્રણ માસના ગાળે આ વ્યાખ્યાનનો ક્રમ શ્રી ચીમનભાઇ તરફથી ચાલુ રાખવામાં આવશે.

સંઘના સભ્યો માટે ચિત્રપટદર્શન

ગુરૂવાર તા. ૧૪-૧૧-૫૭ ના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે કવીન્સ રોડ ઉપર ચર્ચગેટ સ્ટેશન સામે આવેલા યુનાઇટેડ સ્ટેટસ ઈન્ફોર્મેશન સર્વીસ તરફથી તેના 'શીતલ છબીઘર'માં 'અબ્રાહમ લીંકન,' 'બેટર ટુમોરો,' 'ચાઈલ્ડ વેન્ટ ફોર્થ' અને 'ક્રીએટીવ લીઝર' એ મુજબ ચાર ચિત્રપટો માત્ર મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને જ દેખાડવાની ખાસ ગોઠવણ કરવામાં આવી છે. આ ઓડીટોરિયમમાં માત્ર ૧૦૫ બેઠકો છે. તો સંઘના જે સભ્યોને આ ચિત્રપટો જોવાની ઈચ્છા હોય તેણે સંઘના કાર્યાલયમાંથી પોતાનો પાસ તારીખે ૫-૧૧-૫૭ પછી મેળવી લેવો. મર્યાદિત બેઠકો હોઇને વરેલો તે પહેલો એ મુજબ પાસો કશા પણ ચાર્જ સિવાય આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સાભાર સ્વીકાર

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત: ભાગ પહેલો તથા બીજો; સંપાદક શ્રી ચંદુલાલ ભગુભાઇ દલાલ, પ્રાપ્તિસ્થાન: ગુજરાત વિદ્યા-સભા ભદ્ર, અમદાવાદ, કિંમત બન્ને ભાગની રૂા. ૧॥

જ્ઞાનસુધા: ભાષણો તથા લેખોનો સંગ્રહ: લેખક: શ્રીમતી વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ, પ્રકાશક: ગુજરાત વિદ્યા સભા, ભદ્ર, અમદાવાદ, કિંમત: રૂા. ૧॥

મહામાત્ય વસ્તુપાળનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો: લેખક: ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા પ્રકાશક: ગુજરાત વિદ્યા સભા, ભદ્ર, અમદાવાદ, કિંમત રૂા. ૬

ભૂદાનગંગા: (પહેલો ખંડ) વિનોબાજીના પ્રવચનો: પ્રકાશક: પ્રબોધ ચોકસી, મંત્રી, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા કિંમત રૂા. ૧

મા ધરતીને ખોળે: નારાયણ દેસાઇના ભૂદાનયાત્રાના સંસ્મરણો: પ્રકાશક: પ્રબોધ ચોકસી, મંત્રી, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા. કિંમત ૭૫ નયા પૈસા.

વેપારીઓને અપીલ: શ્રી વિનોબાજીનું વેપારીઓને અનુલક્ષીને પ્રવચન, પ્રકાશક: પ્રબોધ ચોકસી, મંત્રી, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા કિંમત ૧૩ નયા પૈસા.

સર્વોદય અને ભૂદાનયજ્ઞ: લેખક: બબલભાઇ મહેતા, પ્રકાશક: પ્રબોધ ચોકસી, મંત્રી, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુર, વડોદરા. કિંમત ૧૫ નયા પૈસા.

ધરતીનાં ગીતો: ભૂદાન અંગેનો ગીતસંગ્રહ, પ્રકાશક: પ્રબોધ ચોકસી, મંત્રી, યજ્ઞ પ્રકાશન સમિતિ, રાવપુરા, વડોદરા. કિંમત ૧૨ નયા પૈસા

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠ્યપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો:
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦
મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂ. ૧

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત
પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ
બે વિભાગ ગુજરાતી: એક વિભાગ હિંદી: કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪
મળવાનું ઠેકાણું:
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચના તરફ

Towards a Socialistic Co-oparative Commonwealth.

ગતાંકથી ચાલુ

(તા. ૧-૧૦-૫૭ ના પ્રબુદ્ધ જીવનમાં આ લેખનો પહેલો હપ્તો પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેમાં આપણા દેશમાં આર્થિક તેમ જ સામાજિક રચનામાં શીઘ્ર પરિવર્તન કરવાની શા માટે જરૂરિયાત છે તેને લગતી વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને ત્યાર બાદ આપણે બ્રીટીશ અથવા તો અમેરિકન પદ્ધતિને ક્રમ અપનાવી શકીએ તેમ નથી તે મુદ્દાની પણ આલોચના કરવામાં આવી હતી. હવે ગાંધીજીએ સૂચવેલ સર્વોદય સમાજની શું કલ્પના છે અને કોંગ્રેસનું તે સંબંધે શું વળણ છે તે વિષયની વિચારણા સાથે પ્રસ્તુત લેખનો બીજો હપ્તો શરૂ થાય છે. જેને જેને દેશની ભાવી આર્થિક તેમ જ સામાજિક રચનામાં રસ હોય તેના માટે આ ઊંડો અભ્યાસ અને વ્યાપક ચિન્તનપૂર્વક લખાયેલો લેખ એક નાના પાઠ્યપુસ્તકની ગરજ સારે તેમ છે. **તંત્રી.**)

સર્વોદય સમાજની કલ્પના

આ ચર્ચા હવે આપણને આગળ ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રકારના અન્ય પ્રશ્નોની વિચારણા તરફ આકર્ષે છે. તો પછી સર્વોદય સમાજ શા માટે નહિ ? સામ્યવાદી સમાજ પણ શા માટે નહિ ? અને સમાજવાદી ઢબની સમાજરચના જ શા માટે સ્વીકાર્ય ? કોંગ્રેસે કલ્પેલા સમાજવાદનું ચિત્ર શું છે ? કયા કયા તબક્કાઓ દ્વારા અને કેવી રીતે આપણે આપણા એ ધ્યેયને મૂર્તિમન્ત કરવા માંગીએ છીએ ?

પહેલાં તો સર્વોદય સમાજની શું કલ્પના છે તેનો આપણે વિચાર કરીએ. (૧) ગ્રામસભાના પ્રતિનિધિ તરીકે ગ્રામપંચાયત વહીવટ કરતી હોય એવું જેના પાયા તરીકે આર્થિક અને સામાજિક માળખું ઉભું કરવામાં આવ્યું અને પોતાની પ્રાથમિક જરૂરિયાતો અંગે જે મોટા ભાગે આત્મનિર્ભર હોય એવા સહકારી ગ્રામજીવનની બાપુ કલ્પના કરતા હતા. (૨) આ પાયાની રચનાને એવા સમાજમાંથી પ્રાણ અને પોષણ મેળવવાના હોય કે જે સમાજ આધ્યાત્મિક ભાવનાથી પ્રેરિત હોય અને જે સમાજ અહિંસા અને સત્યના આદર્શ ઉપર નવી વ્યવસ્થા ઉભી કરવા માંગતો હોય. (૩) પ્રાન્તિક કે કેન્દ્રીય અથવા તો બન્ને પ્રકારનાં સરકારી એકમોએ આ ગ્રામરચનાને મદદરૂપ એજન્સી તરીકે કામ કરવાનું હોય અને એ કામ એવું હોય કે જેમાં પાયામાં રહેલા લોકોની ઇચ્છા અને અભિપ્રાય પ્રતિબિંબિત થતા હોય અને જેનું લક્ષ્ય પાયાની ગ્રામસંસ્થાઓ વચ્ચે સમન્વય સાધવાનું અને તેમના કાર્યમાં જરૂરી પૂરવણી કરવાનું અને ટેકા રૂપ બનવાનું હોય. (૪) વચગાળાના સમય દરમિયાન કેન્દ્રિય સરકાર પ્રાન્તિક તેમ જ પાયાના એકમોની સહાયક, સલાહકાર અને માર્ગદર્શક બનવાનું કાર્ય કરે એવી કેન્દ્રીય સરકાર પાસેથી અપેક્ષા રાખવામાં આવતી હોય. આમ બને ત્યાં સુધી આજની રચના ચાલુ રહેવી જોઇએ. (૫) સમયના વહેણ સાથે, આ બુનિયાદી એકમો પોતાનાં મૂળ નાંખશે અને તે મૂળ ઊંડાં જશે અને ફેલાશે. (૬) આમ થતાં, પ્રાન્તિક અને કેંદ્રીય સરકારો આવશ્યક સાધનો, સત્તા અને શક્તિસહિત પોતાનાં કાર્યો બુનિયાદી એકમોને સોંપવાને માર્ગે આગળ વધશે. (૭) આ રીતે, એક એવો સમય આવશે કે જ્યારે કેન્દ્રીય અને પ્રાન્તિક સરકારો પાસે ઓછામાં ઓછાં કાર્યો રહેશે. આ કાર્યોમાં, રાષ્ટ્રીય એકતાનું સંરક્ષણ કરવાનું અને તેને ટકાવી રાખવાનું, ચલણ, રાષ્ટ્રનું સંરક્ષણ તથા સલામતી, વિદેશોને લગતી બાબતો, સંદેશ વ્યવહાર, અને પાયાના બૃહત ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ગાંધીજીનો એવો ખ્યાલ હતો કે મૂળમાં-પાયામાં એક મજબુત અને સુવ્યવસ્થિત ગ્રામીણ એકમ સ્થાપિત થઇ જાય તો પછી કેન્દ્રીય અને પ્રાન્તિક સરકારો પાસે મર્યાદિત કાર્યો જ રહે અને તેથી ખેંચતાણ તથા ઘર્ષણનો અંશ ઓછામાં ઓછો થઇ જાય. તેમણે એમ પણ વિચાર્યું હતું કે આવા મજબુત સામાજિક અને આર્થિક પાયાની માંડણીના આધાર પર ભારતનું સ્વાતંત્ર્ય સુરક્ષિત રહેશે અને તેના પરિણામે આપણાં લશ્કરમાં ઘણોજ ઘટાડો કરી શકીશું અથવા તો તેના વિના પણ આપણે ચલાવી શકીશું.

આ વિચાર-આ ચિત્ર પ્રવાહવિરોધી છે એમ તેના આલોચકોએ કહ્યું છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જે કાંઈ સંપૂર્ણ હોય-પરિપકવ હોય તે વ્યવહારિક દૃષ્ટિથી પણ બુદ્ધિમત્તાપૂર્ણ હોય એ સૂત્રમાં ગાંધીજી શ્રદ્ધા ધરાવતા હતા છતાં તેઓ એક વ્યવહારિક પગલાંથી બીજા વ્યવહારિક પગલાં તરફ કદમ ઉઠાવીને આગળ વધવાની વૃત્તિવાળા હતા. જે તેમણે સૂચવેલા ઉપાયો, જનતા સમક્ષ રહેલી સમસ્યાઓના ઉકેલ અર્થે પૂરતાં સમર્થ અથવા કારગત ન નીવડે તો લોકોનું ભલું કરવાની પોતામાં પૂરી યોગ્યતા નથી એમ તેઓ પોતા વિષે વિચારતા. પરંતુ હું તેમના વિષેની મારી શ્રદ્ધા-આસ્થાના આધાર પર દલીલ કરવા ઇચ્છતો નથી. આપણે "સર્વોદય સમાજ" ની સમગ્ર કલ્પના જોઇએ. એ કલ્પનાના વ્યાપક અર્થમાં નિહિત થયેલી ભાવના એમ બતાવે છે કે તે જનતાનું રાજતંત્ર હશે, જનતા દ્વારા ચલાવાતું રાજતંત્ર હશે અને જનતા માટેનું રાજતંત્ર હશે અને તેમાં જનતા સ્વતઃ જવાબદારીની તેમજ સહકારની ભાવના કેળવે-વિકસાવે એવી તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવતી હશે અને તે એવી રીતે કે જનતા સ્વયંભૂ સમજે કે પ્રત્યેક વ્યક્તિએ સ્વાવલંબી થવું જ રહ્યું કારણ કે સમયના થોડા ગાળા પછી ત્યાં નહિ તો કોઇ પોષક હશે, યા નહિ કોઇ રક્ષક હશે. એક નવા અને સહકારી જીવનના નિર્માણની પ્રક્રિયામાં, લોકોએ પોતાને કેવળ પ્રશાસનિક તથા આર્થિક વિકાસની કલામાં જ નહિ પરંતુ સહકારી લોકતંત્રાત્મક કાર્ય-સંચાલનમાં પણ શિક્ષણ આપવું પડશે.

બીજું વિકાસ માટે સંગઠિત અને સામૂહિક પ્રયત્નોના પરિણામે પ્રત્યેક વ્યક્તિ પાસેથી અત્યુત્તમ લાભ ઉઠાવી શકાશે કારણ કે આ સમગ્ર પ્રક્રિયાની સફળતાનો આધાર આખરે તો પ્રત્યેક વ્યક્તિ તેની સમગ્ર શક્તિ-આ કાર્ય અર્થે અર્પણ કરે તેનાં પર જ અવલંબિત રહેશે. ઉત્પાદક અને સહયોગી યત્નથી લોકોને જે પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. તે પ્રતિષ્ઠા બ્રિટીશરોએ શિખવેલાં પ્રમાદપૂર્ણ સુખસગવડવાળાં ઉજળાં જીવનમૂલ્યોને સમાજનાં માનસમાંથી ભૂંસી નાખશે. શ્રમમાં આપણો સક્રિય અને વાસ્તવિક ફાળો જ શ્રમની પ્રતિષ્ઠા અને મૂલ્યની તેમ જ ઉત્પાદક તથા સર્જનાત્મક અને ક્રિયાત્મક સહકારી પ્રયત્નની સાચી કદર કરતાં આપણને શિખવશે.

ભારતની આર્થિક સંભાવનાઓ

ત્રીજું, હું માનું છું કે સામાજિક સંભાવનાઓ માફક ભારતની આર્થિક સંભાવનાઓ અંગે ગાંધીજીને ઊંડી તેમજ સ્પષ્ટ સુઝ હતી. આપણાથી ઘણુંજ વહેલું તેઓ એ સમજી શકયા હતા કે સ્થિર આર્થિક પ્રગતિ માટે સર્વ પ્રથમ જરૂરી છે સ્થિર ગ્રામ્ય-અર્થવ્યવસ્થાની. ભારતીય અર્થવ્યવસ્થા ૭૦ ટકા કૃષિ-પ્રધાન છે અને એ ૭૦ ટકાના ૭૦ ટકાનું સવલંબન ઓછા વધતા અને અથવા સમયસર કે મોડા વરસાદ પર રહે છે. આપણા કૃષિ-ઉત્પાદનનો ૭૫ ટકા હિસ્સો વર્ષા-ઋતુનું ઉત્પાદન છે. આપણી જમીનના ૨૫ ટકાથી વધારે નહિ એટલી જમીન પર સિંચાઇથી પાણી લેવામાં આવે છે. વિલંબિત વર્ષાઋતુ અથવા અતિ અધિક જળ રેલો આપણી અર્થવ્યવસ્થા પર ઘણીજ વિપરિત અસર કરી શકે છે.

ગ્રામોદ્યોગો તથા હસ્તકલા ઉદ્યોગ પર ગાંધીજી ખાસ અને વિશેષ ભાર આપતા તે જૂની ચીજો પ્રત્યેના તેમના પ્રેમનું માત્ર પ્રદર્શન ન હતું. તેનું તાત્પર્ય હતું-માનવ શક્તિ તથા અર્ધ-ઓકાર માનવ-શક્તિના ઉપયોગ દ્વારા ગ્રામ્ય અર્થવ્યવસ્થાને સત્વર સહાય તથા દુષ્કાળની સામે સુરક્ષા નિશ્ચિત કરવાનું.

કૃષિ–ઉન્નતિ તથા જમીન–સુધારને અગ્ર સ્થાન આપવા માટે પણ તેઓ તેટલાજ ઉત્સુક હતા. પ્રત્યેક ચૈડું, ધાણી અને કૂવો, પ્રત્યેક સારી ગાય, સારો બળદ તથા બીજ–સંગ્રહ, પ્રત્યેક જળ–સિંચાઇનો બંધ અને ખાતરનો જથ્થો–એ તેમને મન દેશની અર્થવ્યવસ્થાને સ્થિર બનાવવાની દિશામાં એક વધુ આગળ પગલું હતું. ચાલવાનું શિખતા બાળકની પ્રથમ પા પા પગલીમાં કોઇપણ મા દિલચસ્પી ધરાવે છે. બાળક પોતાનું પ્રથમ પગલું વિશ્વાસપૂર્વક અને સુરક્ષાના ખ્યાલથી ઉપાડે તે વિષે પૂરી કાળજી દાખવે છે. બાળક ચાલવાનું શિખી જાય, શરૂ કરે એટલે તે વળી દોડશે પણ ખરું. બાળકને ચાલતા અને દોડતા જોવાની અધીરાઇ કોઇપણ માને તે બાળકના પ્રથમ પગલા પ્રત્યે બેદરકાર બનવા જેટલી અંધ નથી બનાવતી. બરાબર એજ દૃષ્ટિએ–એજ રીતે–ગાંધીજી ભારતની આર્થિક ઉન્નતિ અંગે વિચારતા હતા.

દસ વરસના અનુભવે આપણને કેટલાક બોધપાઠ શિખવ્યા છે. પ્રથમ અને બધાથી મહત્વપૂર્ણ પાઠ તો એ છે કે જો આપણે આપણી રાષ્ટ્રીય સ્વાધીનતા અથવા નવી સામાજિક વ્યવસ્થાનાં મૂલ્યો સાથે તડજોડ કે સમાધાન કરવા ઇચ્છતા ન હોઇએ તો આપણે આપણાં ગામડાંઓ પ્રત્યે વધારે ગંભીરતાથી ધ્યાન આપવું પડશે. જેટલા પ્રમાણમાં આપણી ખેતીવિષયક પ્રક્રિયાઓ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થા વધારે સ્થિર થશે તેટલા પ્રમાણમાં આપણે ઝડપી કદમ ઉઠાવી શકીશું. વિદેશી સહાયતા પ્રાપ્ત કરવાનું સહેલું નથી અને કદાચ આપણે તે કોઇપણ પ્રકારની મુશ્કેલી યા બંધનો વગર મેળવીએ તો પણ આપણે તે પરત કરવાની તો રહેશેજ. વિદેશી નાણું આખરે તો અમુક હદ સુધી જ મળવાનું છે. ખાનગી ઉદ્યોગ ક્ષેત્રની તાકાત મૂડીની ઉપલબ્ધિ અને પોતાના રાષ્ટ્ર સાથે જીવવાની કે મરવાની દૃઢ નિશ્ચયશક્તિ ઉપર આધારિત છે. સમગ્ર રીતે તો તે સારી રીતે કામ કરી રહી છે. છતાં પણ તે વારંવાર થાકનાં લક્ષણો પ્રદર્શિત કરી રહી છે. તે જે હોય તે, જેટલું શક્ય હોય તેટલુંજ માત્ર તે પ્રાપ્ત કરી શકશે.

ભારતની અર્થવ્યવસ્થાના મુખ્ય સ્તંભો છે ખેતીવાડી તથા વિરાટ માનવ–શક્તિ. પોતાનાં વિલક્ષણ જ્ઞાન તથા અદ્વિતીય કાર્ય-શક્તિ દ્વારા ગાંધીજીએ તે બન્નેને કેન્દ્રમાં રાખ્યા હતા અને તે બન્નેને તેઓ જરૂરી પ્રતિષ્ઠા આપવા માંગતા હતા અને જરૂરી જવાબદારી અંગે તેમને તેઓ પૂરા સભાન બનાવવા ઇચ્છતા હતા.

તેમની કલ્પનાનો અમલ કરવા જતાં કેટલાક સમય માટે શહેરોની ઝમક તથા ભપકો ઓછો થઇ જાય તે ચોકકસ છે. પરંતુ બીજી રીતે પણ આ રીતે કર્યા સિવાય આપણો છૂટકો છે ખરો? એક રાષ્ટ્ર તેની બચતો ને આધારે જ વિકાસ પામી શકે છે. કેવળ પોતાની ઉત્પાદક તથા રચનાત્મક અને ક્રિયાત્મક પ્રયત્ન–શક્તિને અવલંબીને એક રાષ્ટ્ર પ્રગતિ કરી શકે છે. આપણે બીન–ઉત્પાદક અને બીન-રચનાત્મક તથા અક્રિયાત્મક પ્રયત્ન પર થતા દરેક પાઇના ખર્ચની સામે ખૂબ સાવચેત રહેવું પડશે અને એવી રીતે બચત કરવી પડશે કે જેથી ભારત જીવી શકે. મિતવ્યયિતા (austerity) એ કોઇ ધાર્મિક સૂત્ર નથી. તે તો ભારતીય અર્થવ્યવસ્થાની એક પુરાતન અને નિર્વિવાદ હકીકત છે અને ઉર્ધ્વગમન–ઉત્સુક એવી કોઇ પણ અવિકસિત અર્થવ્યવસ્થા માટે અનિવાર્ય છે. પ્રવર્તમાન પરિસ્થિતિ પોતે જ આપણને ફરજ પાડે છે મિતવ્યયિતાનો સ્વીકાર કરવાની.

ક્રાંતિનો આરંભ

આથી ખેડૂતો અને ઉત્પાદક શ્રમ કરનારાઓની જરૂરીયાતો પ્રત્યે આપણે ખાસ ધ્યાન આપવાનું રહેશે. શું તેની ઉપેક્ષા કરીને આપણે આગળ વધી શકીશું ખરા ? ૧૯૫૭ નું વર્ષ તે ક્રાંતિની શરૂઆત છે. ભારતીય અર્થવ્યવસ્થાની વાસ્તવિકતાઓ આપણને ગ્રામ્યજનો તથા મજદૂરો પાસે જવાની ફરજ પાડશે કારણ કે રાષ્ટ્રને જીવિત રહેવા માટે ઉત્પન્ન થતો માલ તેઓજ પૂરો પાડે છે અને પાડી શકે તેમ છે. અને આખરે તો આપણે આપણા દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવું જ પડશે. તેનાથી પણ આપણે ભાગી નહિ શકીએ. હવે આપણે ખેડૂત યા મજદૂર પાસે તેમના સંરક્ષકો, પોષકો યા સલાહકારોના રૂપમાં બિલ-કુલ જઇ નહિ શકીએ. એક માત્ર ઉચિત અને શોભાસ્પદ અભિગમ તો એ જ હશે કે દરેક ભારતીય નાગરિકે રાષ્ટ્રનિર્માણના એક સહ–ટ્રસ્ટી તરીકે, ખેડૂત અથવા મજદૂર જે ભાર વહન કરે છે તેટલો જ ભાર વહન કરવો અને તેની સાથે તેના જેટલો જ અધિકાર પામવો, ભોગવવો–નહિ ઓછું કે નહિ વધારે.

ભારતનું આવું ચિત્ર દોરો. સર્વોદય સમાજની ગાંધીજીની કલ્પ-નાને તે લગભગ મળતું આવશે. ગ્રામ્ય વિસ્તારોમાંના તથા શહેરી વિસ્તારોમાંના મજદૂર ક્ષેત્રોમાંના લાખો–કરોડો લોકો–જેમને ઉત્પાદન માટે સંમીલિત પ્રયત્નની જવાબદારી, આવશ્યક અધિકાર, પ્રતિષ્ઠા તથા પદ અને પૂર્ણ સમાન સુઅવસર પ્રાપ્ત કરવાની ખાત્રી આપવામાં આવી હશે–તેઓ આ ધમારતનો પાયો બનશે અને મધ્યસ્થ તથા પ્રાન્તિક સરકારોએ સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રમાં સમન્વયથી કાર્ય કરવું પડશે. જેમ જેમ દેશની આવશ્યકતાઓ તથા લોકોની માગણીઓ વધતી જશે અને જેમ જેમ તળનાં એકમો વધારે અને વધારે કાર્ય ક્ષમતા બતાવશે, તેમ તે કેન્દ્રીય તથા પ્રાન્તિક સરકારોએ તેમને જરૂરી સત્તા તથા કાર્યો સોંપવાં પડશે અને સમગ્ર રાષ્ટ્રને સ્પર્શતા વધારે અગત્યનાં કાર્યો જ પોતા હસ્તક રાખવાના રહેશે. કોંગ્રેસે પણ આ જ કલ્પના કરી છે એમ કહેવાની કોઇની ઇચ્છા કે ઉદ્દેશ નથી. પરંતુ તે દિશામાં જવાની અમારી ઇચ્છા નથી એમ કહેવું પણ ન્યાયસંગત નથી. પંડિતજીએ કહ્યું છે તેમ આ અનિચ્છાનો પ્રશ્ન નથી. આ પ્રશ્નનો સંબંધ છે વ્યતિગત અને સંગઠનાત્મક ખામીઓ તથા સીમાઓ અને કેટલેક અંશે સમગ્ર રાષ્ટ્રની ખામીઓ તથા સીમાઓ સાથે. ગાંધીજી માટે જે શકય હતું તે આપણા બધા માટે શકય ન હોય એમ બને છતાં પણ વચગાળાનાં સમય દરમિયાન આપણે જરૂરી માનસિક અને નૈતિક તાકાત કેળવી લેવી જોઇશે. શ્રધ્ધામાંથી જન્મેલી શક્તિ એ એક માત્ર ગેરંટી છે તે ચિત્રની સફળતા પ્રાપ્ત કરવાની. પરંતુ હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે આપણા દેશમાંના રાજકીય પક્ષો-માંથી કોઇપણ પક્ષ ('ભૂદાન' એ રાજકીય પક્ષ નથી) ગાંધીજીની વિચારધારા અપનાવશે તો તે બીજો કોઇ નહિ પણ કોંગ્રેસ પક્ષ જ હશે. મારા હવે પછીના વક્તવ્ય પરથી તમે જોઇ શકશો કે પવિત્ર ઉદ્દેશ્યોની પ્રાપ્તિ અર્થે પવિત્ર સાધનોના ઉપયોગ માટેની મૂળભૂત શ્રદ્ધા–માન્યતા આજે પણ કોંગ્રેસની કાર્ય–વિધિને દોરી રહી છે.

સમાજવાદી ઢબનો સમાજ: કોંગ્રેસ અને સામ્યવાદીઓ

હવે બાકી રહે છે કોંગ્રેસે કલ્પેલો સમાજવાદ અને સામ્યવાદી સમાજવાદ.

સમાજવાદના ઉદ્દેશોની વ્યાખ્યા કરવાની કોશિશ ઘણાએ કરી છે. મુખ્યત્વે આપણું ધ્યેય છે "એક એવી સામાજિક વ્યવસ્થાની સ્થાપના કરવાનું કે જેથી દેશમાંનો પ્રત્યેક નાગરિક કોઇપણ પ્રકારના શોષણથી મુકત બને અને પોતાનો વિકાસ કરવા માટે સમાન–તક અવસર પ્રાપ્ત કરે. બીજા શબ્દોમાં કહીએ તો તેનો ઉદ્દેશ છે: (ક) માનવ વ્યકિતત્વનો વિકાસ, (ખ) શોષણની નાબુદી, (ગ) બોજાઓનું–જવાબદારીઓનું ન્યાયી વિતરણ અને (ઘ) માનવને અને તેના આશ્રિ-તોને યોગ્ય સામાજિક સંરક્ષણ સહિતની સમાન તક–અવસરની પ્રાપ્તિ. પ્રત્યેક સંસ્થા–ચાહે તે રાજકીય, સામાજિક યા આર્થિક હોય–કોઇ પણ પ્રકારની જરૂરિયાતોને પહોંચી વળવા પ્રયત્ન કરતી હોય–તેણે આ કસોટીમાંથી પાર થવું પડશે. મને વિશ્વાસ છે કે જો માનવીઓ એમ અનુભવતા હશે કે તેઓ એક સામાજિક સહિયારાપણાના સભ્યો છે જેનો હેતુ તેમણે સ્વીકાર્યો છે અને સાથે સાથે જો તેઓ એમ પણ માનતા હશે કે સહકારી અને માનવીય બંધુતાની ભાવના એક ચોકકસ વિધાયક મૂલ્ય ધરાવે છે તો તેઓ વિશ્વાસ અને વફાદારીપૂર્વક સાથે મળીને કાર્ય કરશે અને પોતાની શકિતનો સમાજને પૂરો લાભ આપશે.

જન્મ અને જાતિના વિશેષાધિકારો. જીવનમાં સામાજિક તથા અન્ય પદો અંગેના પૂર્વ–નિશ્ચિત ખ્યાલો, ધર્મે બક્ષેલા વિશેષાધિકારો યા નોક-રીઓમાં નાના–મોટાનો ક્રમ–આ એક નવી સામાજિક વ્યવસ્થા–રચનાની સ્થાપના માર્ગે બાધક બની શકે છે. આ પ્રકારનાં વિશેષાધિકારોનું બીજાના ભોગે વધારે ને વધારે પ્રાપ્ત કરવાવાળા સમાજમાં જરૂર એક મૂલ્ય હશે, પરંતુ સમાજવાદી સમાજમાં તેનું કશું જ મૂલ્ય રહેવાનું નથી. વિશેષાધિકારોની એક નવી સભાનતાએ સમાજવાદી સમાજમાં

માનવી અને માનવી વચ્ચેના, માનવ અને સમાજ વચ્ચેના, માનવ અને રાજ્ય વચ્ચેના અને સમાજ અને રાજ્ય વચ્ચેના સંબંધોનું સંચાલન કરવું જોઇશે. તેણે જે કોઈ વ્યક્તિ સમાજની સેવાર્થે કોઈ પણ ઉત્પાદક યા રચનાત્મક શ્રમમાં ભાગ લે તેની દરેક વ્યક્તિ માટે સહયોગ તથા ભાવનાઓની સમાન ઉપલબ્ધિ સુરક્ષિત કરવી જોઇશે. વળી એમ પણ લાગે છે કે સમાજ યા માનવતાના લાભ માટે ઉત્પાદન યા ક્રિયાત્મક પ્રયત્નમાં ભાગ લેવાની ઇચ્છા તથા પુરસ્કાર પ્રાપ્ત કરવાની ઇચ્છા–એ બન્નેની વચ્ચે એક ભેદ રેખા દોરવાનું ઉચિત લેખાશે. એક સમાજવાદી સમાજમાં પ્રમુખ ઇચ્છા તો "દરેક વ્યક્તિએ તેની કાર્ય-ક્ષમતા અનુસાર" આપવાનું હોય છે પરંતુ તે એવા વિશ્વાસ સાથે કે સમાજ "દરેક વ્યક્તિને તેની જરૂરિયાત પ્રમાણે" આપશે. ફ્રાંસિસ વિલિયમ્સ કહે છે :–

"સમાજવાદી જ્યારે આધુનિક મૂડીવાદી સમાજોને જુએ છે ત્યારે તેને આધુનિક સામ્યવાદી સમાજો માફક જ મુડીવાદી સમાજો પણ એક ગહન મનોવિકારનાં શિકાર બની ગયેલાં દેખાય છે. ભૌતિક સિદ્ધિના માત્ર ધોરણ પરનો તેમનો ભાર અને હરીફાઈ–પરિણામી સફળતાઓને જ ચાત્ર્યિનાં માપદંડ તરીકે લેખવાનો તેમનો આગ્રહ–આવી બાબતો સમાજવાદીના દૃષ્ટિકોણથી માનવના વ્યક્તિત્વને એક વિકૃત અને યાંત્રિક માળખામાં જકડી દે છે અને એવા માળખામાં સંસ્કૃતિનાં–સભ્યતાનાં સાચાં મૂલ્યો અને માનવ બંધુત્વની ઉષ્મા, લાગણીઓ અને ઉદારતા સતત ભોગ બનતા રહે છે. સાચો સમાજવાદી આર્થિક સ્વાર્થસાધનાને બદલે બીજાં મૂલ્યોને માનવી સમાજમાં એક નવું મહત્વ આપીને લોકશાહીના ક્ષેત્રને વિકસિત કરવાનો પ્રયત્ન કરે છે. કારણ કે તે માનવ સ્વભાવનાં નિર્વેદવાદી અને નિરાશાજનક વલણનો સ્વીકાર કરતો નથી, –જેને લીધે સ્વાર્થસાધના એજ માત્ર માનવીની સર્વ પ્રવૃત્તિઓનું પ્રેરક બળ બને છે. આમ કરવામાં તે માનવ સ્વભાવ અંગે એવાં મન્તવ્યો ધરાવતો હોય છે કે જે મન્તવ્યોના સ્વીકારમાં અમુક જોખમ પણ રહેલું હોય છે. પરંતુ તેને વિશ્વાસ હોય છે કે બજાર હરીફાઇઓ કરતાં અધિક સંતોષકારક અને પુષ્ટિકારક એવા એક સામંજસ્યની ખોજ એ માનવજાતિનાં સનાતન સતત ચાલતા પુરૂષાર્થનું એક અતિ મહત્વનું અંગ છે. તેને એ પણ વિશ્વાસ હોય છે કે આ પ્રકારના માનવીના પુરૂષાર્થ દ્વારા સમાજવાદે સ્વયં પોતાની એક ન્યાય્ય અને સ્થાયી ભૂમિકા ભજવવાની છે."

આવા સમાજમાં અન્યની જવાબદારીઓ અંગેનો નિર્ણય સ્વાર્થી લોકોનું કોઈ એક દળ નહિ કરે. તેનો નિર્ણય કરવામાં આવશે પ્રત્યેક વ્યક્તિ તેમજ દળની કાર્યક્ષમતાનો ખ્યાલ રાખીને, સમાજદ્વારા. તકની સમાનતાથી આવકની સમાનતા સૂચિત છે જ નહિ એમ છતાં તકની સમાનતાએ કોઈ પણ પ્રકારના ભેદ–ભાવ વિનાની વ્યક્તિગત પ્રતિષ્ઠા નિર્માણ કરવી જોઇએ અને વ્યક્તિની જરૂરિયાતો મુજબનુ જીવનધોરણ નક્કી કરી આપવું જોઈએ. પ્રતિષ્ઠા, આમદાની, પુરસ્કાર, સંપત્તિ વગેરેની અસમાનતાઓ તેનો શિકાર થયેલી વ્યક્તિઓ યા દળો પર અસહ્ય બોજો લાદે છે અને તેમને તકની–અવસરની સમાનતાના લાભથી વંચિત રાખવામાં કારણરૂપ બને છે. તેઓ મૌજુદ સામાજિક તંગ વાતાવરણને વધુને વધુ તંગ કરે છે અને તેથી ભાવીમાં વધુ અનર્થપરિણામી બને છે એ તો નિર્વિવાદ છે કે આપણા દેશમાં એક એવો સમાજ છે કે જે આર્થિક ક્ષેત્રે બીજાઓના ભોગે વધારે ને વધારે પ્રાપ્ત કરવું એવી ઇચ્છા ધરાવતો હોય છે અને જે બીજાઓની ન્યાયોચિત વહેંચણી અથવા તો તકની સમાનતા નિર્માણ થવા દેતો નથી. એ પણ નિર્વિવાદ છે કે ઉત્પાદન, વિતરણ અને વિનિમયનાં સાધનો કે માધ્યમો માત્ર જ નહિ પરંતુ વિશિષ્ટ અધિકારો પણ સાથીમાનવબંધુઓનું ભાવી નિશ્ચિત કરવામાં ઘણો મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. આ પુરાતન મૂલ્યો અને સંયોગોને બદલીને તેના સ્થાને એક પૂર્ણ સમાજવાદી સહકારી સંમીલિત સ્વરાજ્ય લાવવાનું આપણું ધ્યેય છે.

પરિવર્તન કેવી રીતે લાવવું ?

આવી પરિસ્થિતિઓમાં આપણે કેવી રીતે પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ ?

(ક) કોંગ્રેસ માને છે કે સમાજવાદ કોઇ એવી ચીજ વસ્તુ નથી કે જે ઉપરથી લાદી શકાય. વસ્તુતઃ સમાજમાં ઉપરોક્ત માન્યતા-ઓને અનુરૂપ સામાજિક–આર્થિક માળખું તૈયાર કરવાની ઇચ્છા મૌજુદ હોવી યા ઉત્પન્ન કરવી જોઇએ. સામ્યવાદી અને કોંગ્રેસી અભિ-ગમ અને કાર્યપદ્ધતિમાં આ પણ એક મૂળભૂત તફાવત છે. રાજ્યના દંડાત્મક તંત્ર ઉપર કાબુ ધરાવતા આગેવાનોની એક મંડળી એ રાષ્ટ્રની અર્થ–વ્યવસ્થામાં ચોક્કસ પ્રવાહો દાખલ કરીને ક્રાંતિ પેદા કરવી એ સામ્યવાદીઓની કાર્ય પદ્ધતિ છે. પરંતુ કોંગ્રેસનાં અભિપ્રાય મુજબ આવા સરમુખત્યારશાહી માનસથી પ્રેરિત અને સંચાલિત રાજ્યના દંડાત્મક તંત્ર વડે સમાજને દબાવીને તેને નવાં મૂલ્યો સ્વીકારવાની ફરજ પાડી શકાય છે પરંતુ તેનો કાયમી સ્વીકાર કરાવી શકાતો નથી. કોંગ્રેસ માને છે કે તેની પ્રક્રિયામાં સામાજિક મૂલ્યોની–માન્યતાઓની વિકૃતિ થઇ જશે. સ્વેચ્છા વિનાનો એ સ્વીકાર રાષ્ટ્રના વ્યક્તિત્વનો ધ્વંસ કરનાર જ નીવડશે, સિવાય કે આવી જબરદસ્તી સાથે આગામી પેઢીઓને અમુક માળખામાં જડબેસલાક પરહેજ કરી શકાય એવા હિંસાત્મક પ્રયાસો પણ કરવામાં આવ્યા હોય. આમ કરવાનું પરિણામ પણ રાષ્ટ્રની મૌલિકતા નાબુદ કરવામાં અને એકાંગી માનસ પેદા કરવામાં જ આવશે. લોકશાહીની તથા ધારણા સાધનની શુદ્ધિમાં માનતી કોંગ્રેસ આ માર્ગ મંજુર કરી ન જ શકે. સમાજવાદ એ જીવનનું એક ધ્યેય છે, એક માર્ગ છે અને તેથી જ પાશવી ક્રૂરતાથી તથા કોઈ પણ પ્રકારના માનસિક એકાંગીપણાથી તેને દૂર રાખવો જોઇએ. નહિ તો આત્મતત્વનો નાશ થઈ જશે. આવી સમાજવાદી રચનાનું બાહ્ય માળખું વધારે ઘાતક હિંસાના ભાર નીચે ભાંગી પડશે અથવા તો હંગેરીમાં થયું અથવા અન્ય સ્થળોમાં જેમ થાય છે તેમ ભયંકર સંઘર્ષને પેદા કરશે. તેથી, એ તો સ્પષ્ટ જ છે કે, ભારતમાં સમાજવાદ માત્ર અવાડી કોંગ્રેસના પ્રસ્તાવના કારણે, યા તો કોંગ્રેસના બંધારણમાંના ફેરફાર ને કારણે, યા નિરંતર વિકાસ યોજનાઓના અમલ ને લીધે પણ આવી શકશે નહિ. સંસ્થાએ.–જેમાં રાજ્યસંસ્થાનો પણ સમાવેશ થાય છે–અને સંસ્થાઓના બંધારણના ફેરફારો તો માત્ર આ પ્રક્રિયામાં મદદ કરી શકે.

કોંગ્રેસનો ચૂંટણી–મુસદ્દો પણ આ બાબત સ્પષ્ટતાથી કહે છે : "સમાજવાદી વ્યવસ્થા એ જનતા પર અવલંબિત જીવનનો એક માર્ગ છે અને તે કેવળ સરકારના પ્રયત્નોથી તેની ઉપર લાદી શકાતી નથી. તેથી લોકો પોતાની શક્તિ, શિસ્ત, કાર્ય–ક્ષમતા અને સહકારી પ્રવૃત્તિઓ જેટલા પ્રમાણમાં વિકસાવે તેટલા પ્રમાણમાં સમાજવાદ મૂર્તિમંત થવાનો સંભવ રહે છે."

આમાં આપણને ચોક્કસ અનુકુળતાઓ છે. પ્રથમ અને બધાથી મહત્ત્વપૂર્ણ હકીકત તો એ છે કે દુનિયાના બધા દેશોમાંથી માત્ર આપણા દેશને 'અપરિગ્રહ' ના સિદ્ધાંતની દૃષ્ટિએ વિચારવાનું શિખ-વવામાં આવ્યું છે; અને વળી આપણા દેશની સમગ્ર સાંસ્કૃતિક પૃષ્ઠ-ભૂમિ એ છે કે જેમાં આપણને "વસુધા એવ કુટુંબકમ્" ની ભાવના શિખવવામાં આવી છે. આ ઉપરાંત સત્ય અને અહિંસા પર અવલં-બિત એવા આપણા સ્વાતંત્ર્ય સંગ્રામની પણ અનોખી એવી પૃષ્ઠ ભૂમિ છે. વારસામાં મળેલી આવી દાર્શનિક અને આધ્યાત્મિક પૃષ્ઠ ભૂમિના કારણે, મહાત્મા ગાંધીની સ્મૃતિ પ્રત્યેના પ્રજાજનોના ઉંડા પ્રેમના કારણે અને આપણા રાજ્ય બંધારણની અનુકુળતાના કારણે એવી એક મોટી શકયતા છે કે આપણે લોકશાહી પ્રક્રિયાઓ દ્વારા આપણી મંઝિલ પર્યંત પહોંચીશું અને પુરાણા માપદંડો તથા ધોરણો છોડાવીને જનતા નવાં મૂલ્યો સ્વીકારે તેવું પરિવર્તન કરી શકીશું.

મૂળ અંગ્રેજી : **ઉ. ન. ઢેબર**

અનુવાદક : **શાન્તિલાલ નન્દુ**

અપૂર્ણ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૫, ૧૯૫૭, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* આદિ મંગળ *

पढमं हवइ मंगलम् ।

(ગત માસ દરમિયાન અમદાવાદ ખાતે ભરાયલા લેખક મિલનનું ઉદ્‌ઘાટન કરતાં મહા પ્રાજ્ઞ પંડિત સુખલાલજીએ કરેલું મંગળ પ્રવચન)

આ સંમેલન છે લેખકોનું. લેખક એટલે લખનાર અને લખાવનાર—लिखति लेखयति वेति लेखकः । આજે મોટે ભાગે લખનાર અને લખાવનાર બંને અભિન્ન દેખાય છે. અપવાદ છે ત્યાં જ લખનાર એક અને લખાવનાર બીજો.

વ્યાસ અને ગણેશની વાર્તા જાણીતી છે. વ્યાસ લખાવનાર છે અને ગણેશ લખનાર. આજનો લેખક વ્યાસ પણ છે અને ગણેશ પણ છે. વ્યાસ અને ગણેશની વાત મહાભારતમાં છે ખરી, પણ તે ક્ષેપક ગણાય છે. ક્ષેપક હોય કે ન હોય, પણ એનું રહસ્ય જેવું તેવું નથી. એ વાર્તા ત્રણે કાળના લેખકોનું પ્રતીક માત્ર છે. જેણે એ કથા ઉપજાવી તે 'લેખક' શબ્દના બન્ને અર્થોનું રહસ્ય પામેલો છે. કથા કહે છે કે વ્યાસે બધાં શાસ્ત્રોનો અર્થ સારે તેવું ભારત વિચારમાં અને કલ્પનામાં ગ્રથિત કર્યું, ત્યારે આગળ તેના અધ્યયનની પરંપરા કેમ ચાલુ રહે એ વિષે ચિંતા થઈ. બ્રહ્માએ વ્યાસને કહ્યું કે ગણેશને સ્મરો. તે ઉપસ્થિત થઈ તમારું લેખનકાર્ય કરશે. સ્મરણ કરતાંવેંત ગણપતિ ઉપસ્થિત થયા અને વ્યાસે તેમને કહ્યું કે મેં જે મહાભારત મનથી કલ્પ્યું છે તેને હું કહેતો જાઉં અને તમે લખો. ગણપતિએ હા તો પાડી, પણ શરત મૂકી કે લખતાં મારી લેખણ એક ક્ષણ માત્ર પણ ન થોભે તો જ હું લખું. વ્યાસે એ શરત કબુલ કરતાં આદેશ કર્યો કે હું જે લખાવું તે લખો, પણ કયાંક વણસમજે ન લખવું, અને લેખનકાર્ય ચાલ્યું.[૧]

વ્યાસ કોણ હતા, કેવા હતા અને કયાં હતા; ગણેશ પણ કેવા, કોણ અને કયાં હતા તે આપણે તો શું, આપણા પૂર્વજો પણ, ભાગ્યેજ જાણતા હશે અને છતાં આપણે લેખક બધાય એ વ્યાસ અને ગણપતિને બરાબર જાણીએ છીએ. જાણીએ છોએ એટલું જ નહિ, પણ એ બંનેને આપણા અન્તર્ગૃહમાં સંધરીએ પણ છોએ. તો પ્રશ્ન થશે કે શું આપણાં ઘરમાં વ્યાસ અને ગણેશ બંને છે? તે કયારે, કયાંથી અને કેવી રીતે આવ્યા અને ઘરમાં વાસ કરી રહ્યા?

આનો ઉત્તર નીવડેલા લેખકોને આપવાનો તો હોય જ નહિ, પણ જેઓ ઊગરતા છે તેમને માટે ઉત્તર ઉપયોગી છે.

વ્યાસ એ લેખકમાં રહેલી પ્રતિભા છે—પ્રજ્ઞા છે—શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે તે પશ્યન્તી છે, અને ગણપતિ એ મધ્યમા યા અન્તર્જલ્પ દ્વારા પ્રગટ થતી વૈખરી યા બહિર્જલ્પ છે. વ્યાસ એટલે સર્વશાસ્ત્રો, સર્વ શિલ્પો અને સર્વ કળાઓનું સ્વસંવેદ્ય મૂળ કેન્દ્ર, અને ગણેશ એટલે એ કેન્દ્રમાંથી પ્રગટ થઈ અનુક્રમે પરસંવેદ્ય થઈ શકે અર્થાત્ વક્તા અને શ્રોતાને ગ્રાહ્ય થઈ શકે એવું એનું સ્થૂલ અને બાહ્ય પ્રકટીકરણ.

વ્યાસ અને ગણેશના સંવાદમાંથી આપણે લેખકોએ ઘણું શીખવાનું છે. વ્યાસ અર્થાત્ પ્રજ્ઞા જો થોડો પણ વિરામ લીધા સિવાય કે સ્વસ્થતાપૂર્વક ઊંડાણમાં ઊતર્યા સિવાય ગણપતિરૂપ પ્રકટીકરણ ચાલુ જ રાખે તો એ રચના કયારેક નબળી પડે જ અને એનું શાશ્વતિક મૂલ્ય ન રહે. તેથી પ્રજ્ઞા ગમે તેવી સબળ હોય, તોય એણે પોતાની રચનામાં મૌલિકત્વ સાચવી રાખવા અને વચ્ચે વચ્ચે સ્વસ્થતા સિદ્ધ કરવા વિરામ લેવો જ જોઈએ. એજ રીતે એવો વિરામ મળે તે માટે પ્રથમ રચાઈ પ્રગટ થયેલ વૈખરી કૃતિએ પણ બુદ્ધિગ્રાહ્ય બનવા જેટલો ચાલના—પ્રતિચાલનાનો સમય લેવો જ જોઈએ. જો આમ ન થાય તો એ વૈખરી કૃતિ પણ ઘણી વાર નિરર્થક બની જાય.

ઉપર સૂચવેલ રીતે વિચારીએ તો પશ્યન્તીને પણ આવરણ સંભવે અને વૈખરીને પણ. જો બંને આવરણ નિવારી ઉત્તમ કૃતિ સર્જવી હોય અને તેને પરિપૂર્ણ કરવી હોય તો પરંપરા પ્રમાણે લેખકોએ મંગળ કરવું જોઈએ—समाप्तिकामो मंगलमाचरेत् ।

હું જાણું છું કે આજે કોઈ લેખક ભાગ્યે જ મંગળ કરે છે. સંભવ છે કે આને લીધે જ આજકાલની કૃતિઓ જોઈએ તેવી સત્ત્વસંપન્ન નીવડતી ન હોય અને મંગળ વિના પણ કોઈ કૃતિ ખરેખર સત્ત્વસંપન્ન રચાતી હોય તો એમ માનવું રહ્યું કે એનો રચયિતા ઋષિ છે યા એણે પૂર્વજન્મમાં મંગળ કર્યું છે.

જેઓ ખરેખર ઋષિ, તપસ્વી અને ધ્યાની હતા તેઓ તો પુરાકાળમાં કયારેય મંગળ ન રચતા.[૨] તેમની કૃતિઓ જ સ્વયં મંગળ બની રહેતી. તેથી જ તો વૈદિક ઋષિઓએ કે જૈન બૌદ્ધ તીર્થંકરોએ પોતપોતાની કૃતિઓના પ્રારંભમાં મંગળ રચ્યું નથી. જ્યારે આવું ઋષિત્વ અને તીર્થંકરત્વ ઓસર્યું અને ન રહ્યું ત્યારે જ ગ્રંથના પ્રારંભમાં મંગળ કરવાનો પ્રઘાત શરૂ થયો, કેમકે તેમને ઋષિ જેટલો આત્મવિશ્વાસ ન હતો. આવી મંગળપ્રથાને લીધે પણ આપણને ઉત્તમ પ્રકારનું વિપુલ સાહિત્ય નિર્વિઘ્ન મળ્યું છે. પરંતુ મંગળની નિર્વિઘ્નસમાપ્તિરૂપ ફલશ્રુતિ પરત્વે તાર્કિકો કાંઈ ચૂપ બેસી રહે તેવા ન હતા. તેથી એ વિષે જે ઊહાપોહ થયેલો મળે છે તે બહુ વિસ્તૃત અને બહુમુખી પણ છે. એની લાંબી ચર્ચાનું આ સ્થાન નથી, પણ જે

---

૧ सौति उवाच—

एवमाभाष्य तं ब्रह्मा जगाम स्वं निवेशनम् ॥७४॥
ततः सस्मार हेरम्बं व्यास्यः सत्यवतीसुतः ।
स्मृतमात्रो गणेशानो भक्तचिन्तितपूरकः ॥७५॥
तत्राजगाम विघ्नेशो वेदव्यासो यतः स्थितः ।
पूजितश्चोपविष्टश्च व्यासेनोक्तः सदाऽनघ ! ॥७६॥
लेखको भारतस्याऽस्य भव त्वं गणनायक ।
मयैव प्रोच्यमानस्य मनसा कल्पितस्य च ॥७७॥
श्रुत्वैतत्प्राह विघ्नेशो यदि मे लेखनी क्षणम् ।
लिखतो नाऽवतिष्ठेत तदा स्यां लेखको ह्यहम् ॥७८॥
व्यासोऽप्युवाच तं देवमबुध्वा मा लिख क्वचित् ।
ओमित्युक्त्वा गणेशोऽपि बभूव किल लेखकः ॥७९॥

—आदि पर्व, अ. १

૨ लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

—उत्तररामचरित, अंक १.

નવયુગના લેખકોએ પોતામાં ઋષિત્વના વિશ્વાસથી મંગળ કરવું છોડી દીધું હોય અગર તો નાસ્તિકતાને લીધે એ છોડી દીધું હોય તેમની સમજ ખાતર મંગળ કરવા ન-કરવાની ચર્ચા પ્રત્યે લેખકોનું ધ્યાન ખેંચવું રસપ્રદ થઈ પડશે.

એમ લાગે છે કે મૂળમાં મંગળકૃત્ય લૌકિક પ્રવૃત્તિ અને ધાર્મિક વિધિવિધાનોની આસપાસ શરૂ થયેલું. એનું પ્રેરક તત્વ કુમારસંભવમાં પાર્વતી બટુકવેશધારી બ્રહ્મચારીને કહે છે તેમ વિપત્તિ નિવારવા અને સંપત્તિ મેળવવાની આશામાં હતું. આગળ જતાં મંગળના જે લૌકિક અને લોકોત્તર બે પ્રકારો વર્ણવાયેલા મળે છે તે એ જ આશાપાશ અને આશાપાશમુક્તિનું પરિણામ છે. આશાને લીધે કરાયેલું મંગળ લૌકિક અને બીજું લોકોત્તર.

જ્યારે લગ્ન, પ્રવાસ, ઉત્સવ અને નાટ્યપ્રયોગ આદિમાં નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગળપ્રથા રૂઢ થઈ, ત્યારે ગ્રંથકારોને પણ એમ થયું કે તેમણે પોતાની કૃતિ નિર્વિઘ્ન સમાપ્ત થાય એ માટે મંગળ કરવું. આ વિચારમાંથી ગ્રંથ-પ્રારંભે મંગળ કરવાની પ્રથા ચાલુ થઈ. પણ અનેક ગ્રંથકારો એવા પણ હતા કે જેમને મંગળ કરવાની કોઈ આવશ્યકતા ન લાગી. જેઓ મંગળ કરવામાં માનતા તેમને એ વિધિ અનિવાર્ય લાગ્યો. તેમણે એ અર્થે પોતાનો તર્કવાદ સ્થાપ્યો તો સામે પક્ષે બીજાઓએ એવી પણ દલીલો કરી કે મંગળ ન કર્યા છતાંય નાસ્તિકોના ગ્રંથ પૂરા થયા છે, અને મંગળ કર્યા છતાંય કેટલાક આસ્તિકોના ગ્રંથ અધૂરા પણ રહ્યા છે. આનો રદિયો વૈદિક જૈન આદિ બધા જ તાર્કિકોએ સબળપણે આપ્યો છે અને તેમાંથી મંગળવાદ કે મંગળવાદરહસ્ય જેવાં ગંભીર પ્રકરણો પણ રચાયાં છે.

આજના સંમેલનમાં મને મંગળ પ્રવચન કરવા કહ્યું, ત્યારે હું એનો એક અર્થ એ તારવું છું કે બધા જ લેખકો પોતપોતાની કૃતિ નિર્વિઘ્નપૂર્ણ થયા પછી અર્થક્ષેત્રે પ્રતિષ્ઠિત થાય તે માટે, નહિં કે તે પૂર્ણ થાય તે માટે, મંગળના કર્તવ્યાકર્તવ્ય વિષેની શંકા નિવારવા મને કાંઈક કહેવા સૂચવે છે.

હું આસ્તિક તરીકે, ખાસ કરી અર્થોપાસનાના આસ્તિક તરીકે, બધા એવા આસ્તિક લેખકોને કહેવા ઇચ્છું છું કે તેઓ મંગળ વિના કૃતિઓ રચશે તો અર્થક્ષેત્રે પ્રતિષ્ઠા નહિ પામે. આપણા તાર્કિક પૂર્વજોએ મંગળ કઈ કઈ રીતે થાય એના પણ અનેક પ્રકારો સૂચવ્યા છે. તેમાં હું એક નવા પ્રકાર લેખે વિશિષ્ટ તજ્ઞ પાસે લખાવાતા આમુખ કે આદિવચનોનો પણ સમાસ કરું છું. ભલે એ ગ્રંથ પૂરો થયા પછી થતું હોય, પણ એને મનમાં રાખ્યું એટલે માનસિક મંગળ તો થઈ ગયું ! વળી આપણા તાર્કિકોએ પૂર્વજન્મ સુધી હાથ લંબાવ્યો છે, એટલે કશું તેવું મંગળ કર્યા વિના ગ્રંથ પૂર્ણ થાય તેમ જ અર્થકર અને યશસ્કર નીવડે તો એ પૂર્વજન્મકૃત મંગળનું પરિણામ સમજવું. વળી લેખકો આ જન્મે ગોળધાણા કે એવું બીજું કાંઈ મંગળ કરશે તો આ જન્મ ઉપરાંત જન્માંતરે પણ, એટલે કે તેમના વંશ વારસદારોને માટે પણ એ મંગળ આર્થિક કલ્પદ્રુમ બની રહેશે !

મંગળ પ્રવચનનો પહેલો અંક પૂરો થયો. હવે બીજામાં પ્રવેશીએ. વચન અને પ્રવચન એ બે એક નથી. વચન રોજિંદું છે, જ્યારે પ્રવચન એ પ્રકૃષ્ટ વચન હોઈ તેનો ભાવ વધારે ઊંડો છે. એના મૂળમાં સ્વાધ્યાય સમાયેલો છે. ઉપનિષદના એક ઋષિએ જ્યારે સ્વાધ્યાય અને પ્રવચનને જ તપ કહ્યું,[૩] ત્યારે એ તપ કોઈ ભૂખમરા કે માત્ર અશનત્યાગનું નહિ, પણ જુદા જ પ્રકારનું વિવક્ષિત છે. જેમાંથી તવાઈને પાર ઉતરાય તે તપ. પણ સ્વાધ્યાય-પ્રવચનની તાવણી એ કોઈ સામાન્ય તાવણી નથી. તેથી હવે જરા એનું તાત્ત્વિક સ્વરૂપ વિચારીએ.

મંગળનો એક પર્યાય નાન્દી પણ છે. નાટ્યશાસ્ત્રમાં અને નાટકોમાં નાન્દીનો અવશ્યકર્તવ્યરૂપે વિધિ છે. એ 'નાન્દી' શબ્દ જ પ્રાકૃતમાં નન્દીરૂપે વ્યવહારાય છે. જૈન પરંપરાએ એ નન્દી શબ્દ અત્યંત આદરપૂર્વક સાચવી રાખ્યો છે. નાટ્યવિધિમાં પૂર્વરંગના એક ભાગ લેખે જે નાન્દીનો વિધિ છે તે સ્થૂળ અને ઉપકરણસાધ્ય હોઈ જૈન પરિભાષા પ્રમાણે દ્રવ્યનન્દી કહેવાય. જૈન પરંપરા જેને ભાવનન્દી યા પરમાર્થનન્દી કહે છે તે છે જ્ઞાન. ચેતનાની બધી જ જ્ઞાનકક્ષાઓ ભાવનન્દી છે. એ જ્ઞાનકક્ષાઓના જૈન પરંપરાએ પાંચ ભેદ દર્શાવ્યા છે, પણ ખરી રીતે એ બે ભેદમાં સમાઈ જાય છે. જ્ઞાનકક્ષાનો એક પ્રકાર એ કે તેમાં ઇંદ્રિય, મન, ગ્રન્થ આદિ અન્ય નિમિત્તોદ્વારા પ્રાપ્ત થતાં બધાં જ જ્ઞાનો આવી જાય છે. આને પરોક્ષ યા પરાવલંબી જ્ઞાન કહેવાય. બીજો પ્રકાર એ છે કે જેમાં બાહ્ય કોઈ પણ નિમિત્ત વિના ચેતનામાં દર્શન ઉદ્ભવે. એને પ્રત્યક્ષ જ્ઞાન કહી શકાય. પ્રત્યક્ષ જ્ઞાન એ માત્ર આત્માવલંબી છે, જ્યારે પરોક્ષ જ્ઞાન પરાવલંબી છે. પ્રત્યક્ષ એ પારમાર્થિક છે, પરોક્ષ એ વ્યાવહારિક છે.

જૈન પરંપરાની નન્દીસ્વરૂપે જે જ્ઞાન ચર્ચા છે તે એની આગવી ભાસે છે, પણ જો ભર્તૃહરિની એ વિષયની ચર્ચા સાથે સરખાવીએ તો એમ જણાયા વિના નહિ રહે કે એક જ વાત જુદી જુદી પરંપરાઓમાં જુદી જુદી રીતે સચવાઈ રહી છે.

ભર્તૃહરિ ભાષાનું સ્વરૂપ વર્ણવતાં પશ્યન્તી અને પરાથી વૈખરી સુધી વિચાર કરે છે. ભર્તૃહરિની પશ્યન્તી એ જ જૈન પરંપરાની પ્રત્યક્ષ જ્ઞાનકક્ષા છે. પશ્યન્તી યા પારમાર્થિક પ્રત્યક્ષમાં વસ્તુનો જે ભાસ બીજરૂપે સૂક્ષ્મ હોય છે તે જ વૈખરીરૂપે યા પરોક્ષરૂપે આવિર્ભાવ પામ્યા પહેલાં મધ્યમા યા અન્તઃશ્રુતનું રૂપ ધારણ કરે છે. આ વખતે વિચાર અને ભાષા બન્ને એકમેકથી અભિન્ન અને એકમેકમાં ઓત-પ્રોત હોય છે. એ અંતર્જલ્પ કાળમાં ભાષાનો રણકાર વિચારલહરીથી જુદો નથી પડી શકતો. એ જ સ્થિતિ સમ્પૃક્તૌ વાગર્થૌ છે. જો વિચારમાંથી વાણી સરી જાય તો એ વિચાર વિચાર જ અર્થાત્ પ્રકાશક જ ન રહે. જ્યારે આ સ્થિતિમાંથી ભાષા એના અવિભાજ્ય અંગ જેવા વિચારનું વાહન બની વિવિધ કરણો અર્થાત્ પ્રયત્નો દ્વારા શ્રુતિ-ગમ્ય અને ઇતર શ્રોતાઓમાં વિચારસંક્રાંતિનું સાધન બને છે ત્યારે તે વૈખરી યા બહિર્જલ્પ કહેવાય છે. પ્રસંગવશ એ પણ જાણી લેવું ઘટે કે વિચારના ઉદ્ભવ અને અભિવ્યક્તિનું સહજ એવું માધ્યમ તો માતૃભાષા જ હોઈ શકે.

ભર્તૃહરિના વાક્યપદીય અને દેવવાચકના નન્દીસૂત્ર બંનેના મૂળમાં વક્તવ્ય એ છે કે વચન યા વૈખરીનું મૂળ સ્વપ્રકાશ ચેતના છે. જે ઋષિએ પ્રવચન સાથે સ્વાધ્યાયને તપ કહ્યું તેણે માત્ર ગ્રન્થના સ્વાધીન અધ્યયનને સ્વાધ્યાય નથી કહ્યો, પણ તેથી આગળ જઈ એણે સ્વનો-પરાવાણી યા પ્રત્યક્ષ ચેતનાનો અધ્યાય યા આકલન કરવાનું સૂચવ્યું છે. જેટલે અંશે એવું આકલન વિશુદ્ધ અને એકાગ્ર તેટલે અંશે એમાંથી ઉદ્ભવતું પ્રવચન એ તપ, મંગળ યા નન્દી.

પ્રતિભા, પશ્યન્તી યા મૂળ ચેતના એ બધી વિદ્યાઓ, બધાં શિલ્પો અને બધી કળાઓનું પ્રભવસ્થાન છે એ ખરું, પણ એને સંસ્કારવાની અનિવાર્ય આવશ્યકતા રહે જ છે. એને સંસ્કારવામાં વિષયભેદે ઉપાયો જુદા જુદા અને વિવિધ છે, છતાં એનો સર્વ-સાધારણ એક મુખ્ય ઉપાય એ છે કે લેખકે અને કળાકારે સતત અંતર્મુખતા અને એકાગ્રતા વધારવા સાથે વાસનાઓના દબાણથી પણ મુક્ત રહેવા યત્નશીલ રહેવું. તો જ એ પ્રતિભા મંગળરૂપ બને.

લેખકો પોતે વ્યાસ તો છે જ. જ્યારે તેઓ વૈખરી દ્વારા ગણપતિ બને છે ત્યારે તેઓ પોતપોતાના વિષયને લગતા વાચકગણના ઈશ યા પતિ પણ બને છે, એટલે કે તેમને દોરવણી આપવાનું સૂત્ર હાથમાં લે છે. આ અર્થમાં લેખકોનું ગણપતિપદ બહુ જવાબદારીવાળું ગણાય.

મૂળ પ્રજ્ઞા—સ્વાધ્યાય અને એમાંથી ઉદ્ભવતું પ્રવચન એ બધું જ જ્યાં મંગળ હોય ત્યાં આદિ, મધ્ય કે અન્ત્ય મંગળની શાસ્ત્રીય પરંપરા એ માત્ર વ્યવહારરૂપ બની રહે છે. આ દૃષ્ટિએ કોણ એકનું મંગળ પ્રવચન અને બીજાઓનું મંગળશ્રવણ એ ભેદ વાસ્તવિક નથી. વાસ્તવિક સત્ય તો એ છે કે આપણે બધા જ સ્વતઃસિદ્ધ અખંડ મંગળ છીએ.

પંડિત સુખલાલજી

૩ સ્વાધ્યાયપ્રવચને એવેતિ નાકો મૌદ્ગલ્યઃ। તદ્ધિ તપસ્તદ્ધિ તપઃ॥
સ્વાધ્યાયપ્રવચનાભ્યાં ન પ્રમદિતવ્યમ્ ॥
—તૈત્તિરીય ઉપનિષદ, બ્રહ્માનન્દવલ્લી, અનુવાક ૯ અને ૧૧.

બાબુ રાજેન્દ્રપ્રસાદનું મંગળ પ્રવચન

(મુંબઈ ખાતે તા. ૯ નવેમ્બરના રોજ મળેલી વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદે કરેલા મંગળ પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ પ્રવચનમાં વનસ્પત્યાહાર સંબંધે ભારતીય પ્રજાનું પરંપરાગત વલણ અને વનસ્પત્યાહારનો સમગ્ર પ્રશ્ન બહુ સુન્દર અને પ્રમાણબધ્ધ રીતે રજુ કરવામાં આવેલ છે. ભારતના કોઇ પણ ખુણે કોઇ પણ વ્યકિત તરફથી જ્યારે પણ કોઈ મહત્વનું પ્રવચન કે વ્યાખ્યાન કરવામાં આવે છે ત્યારે તેવા પ્રવચન કે વ્યાખ્યાનને સંપૂર્ણ રૂપમાં પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવાનો મનમાં આગ્રહ રહે છે, જો કે તેમ કરવાનું હંમેશા શકય હોતું નથી. અંગ્રેજી ભાષામાં કરવામાં આવેલા પ્રવચનોનો ખૂબ મહેનત લઇને સરલ સહજગ્રાહ્ય ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવે છે. આવાં પ્રવચનો અથવા તો તેમાંથી કાપકુપ કરેલા વિભાગો અને તેના અનુવાદો દૈનિક છાપાઓમાં જરૂર પ્રગટ થાય છે પણ આવાં પ્રવચનો કે જે ઘણી મહેનતપૂર્વક તૈયાર કરવામાં આવેલ હોય છે અને જેમાં પ્રવચનકારનું મૌલિક ચિન્તન ઘણીવાર જોવામાં આવે છે અને જેમાં પ્રસ્તુત વિષયને લગતી ઉપયોગી માહીતી એકત્ર અને સુઆયોજિત રૂપમાં આપણને સહજપણે જાણવા સમજવા મળે છે તેવાં દૈનિક છાપાઓમાં પ્રગટ કરવામાં આવેલા પ્રવચનો તેને યોગ્ય ચિત્તની એકાગ્રતાપૂર્વક વંચાતા નથી–વાંચવાનું બનતું નથી. વળી પવનવેગે કરાયલા અનુવાદો અધકચરા, અસ્પષ્ટ અને ઘણી વખત મૂળ વિચારનો વિપર્યાસ કરતા માલુમ પડે છે. દૈનિક છાપાઓ પસ્તીમાં અલોપ થઈ જતા હોવાથી સમયાન્તરે જરૂર પડે ત્યારે આવાં ઉપયોગી પ્રવચનો આપણને હાથ લાગતા નથી. આવાં પ્રવચનો વિશદ રૂપમાં વાચકોને વાંચવા મળે અને જરૂર પડે ત્યારે તેની ફાઇલમાંથી સહજપણે મેળવી શકાય એ હેતુથી આવાં પ્રવચનો માટે પ્રબુદ્ધ જીવનમાં અવારનવાર ઘણી મોટી જગ્યા રોકવામાં આવે છે. આત્મશ્લાઘાનો દોષ વહોરીને પણ એમ કહેવાનું મન થાય છે કે પ્રબુધ્ધ જીવનનો વાંચક છાપામાં વાંચ્યું હશે તેનું તે પ્રવચન અથવા તેનો અનુવાદ પ્રબુધ્ધ જીવનમાં ફરીથી તે વાંચશે તો તેમ કરવામાં ખરચાયેલો સમય તેને વ્યર્થ ગયો નહિ લાગે. કારણ કે પ્રબુધ્ધ જીવન વાંચે છે ત્યારે તેના મનનું વાતાવરણ જુદા પ્રકારનું હોય છે અને કોઇ પણ અનુવાદમાં મૂળના ભાવાર્થને યથાસ્વરૂપે પ્રતિબિંબિત કરવાનો નિષ્ઠાયુકત પ્રયત્ન હોય છે. નીચે પ્રગટ કરવામાં આવેલું પ્રવચન કેવળ ઔપચારિક નથી પણ નિરામિષ આહારને કુલપરંપરાથી વરેલા સંસ્કારમૂર્તિ બાબુ રાજેન્દ્રપ્રસાદના દિલના ઊંડાણમાંથી નીકળેલી એક પ્રકારની સંવેદનવાણી છે. પોતાની આસપાસ પ્રગતિના નામે જે પારવિનાની હિંસાત્મક પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે સામે જાણે કે પોકાર કરતા ન હોય એમ આ પ્રવચનના અન્તભાગમાં રાજેન્દ્રબાબુ ગંભીર ચેતવણીનો સુર સંભળાવી રહ્યા છે અને ભારત વિષે એવી આશા તેમણે વ્યકત કરી છે કે "ભારત પણ જે આજે પાશ્ચાત્ય પ્રજાએ સ્વીકારેલા માર્ગ પાછળ આંખ મીંચીને જોસભેર દોડી રહ્યું છે તે ક્ષણભર ઉભું રહેશે અને પોતાની રાજ્યનીતિના ગર્ભમાં રહેલાં (અનર્થલક્ષી) સૂચનો અને આખરનાં પરિણામોનો ફરીથી તાજેતર વિચાર કરશે." **પરમાનંદ**)

"દૂર દૂરથી આવેલા આપ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોને હું હાર્દિક આવકાર આપું છું. વનસ્પત્યાહાર વિષે ઊંડી પ્રતીતિ ધરાવતા સજ્જનોનો મોટો સમુદાય અહિં મારી સામે એકત્ર થયેલો જોઇને હું આનંદ અનુભવું છું. વનસ્પત્યાહારની હીલચાલ યુરોપમાં ઘણા લાંબા સમયથી ચાલી રહી છે અને પોતાના 'સત્યના પ્રયોગો' એ નામના પુસ્તકમાં મહાત્મા ગાંધીએ જુદા જુદા દૃષ્ટિબિન્દુથી વનસ્પત્યાહારની ઉત્કૃષ્ટતા પુરવાર કરતા કેટલાંક પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે. છેલ્લી સદીના છેલ્લા દશકા દરમિયાન પોતાના વિદ્યાર્થીજીવનના ગાળામાં વિલાયતની વેજીટેરીયન સોસાયટીના પોતે એક સભ્ય હોવાનો પણ તેઓ ઉલ્લેખ કરે છે. આ ઉપરથી યુરોપના જુદા જુદા દેશોમાં આ સંસ્થાનાં અધિવેશનો ભરાતાં રહ્યા હોય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી.

આ વેજીટેરિયન કૉન્ફરન્સનાં આજ સુધીનાં અધિવેશનો અન્ય દેશોમાં ભરાતાં રહ્યાં છે. આજનું અધિવેશન ભારતમાં ભરાઈ રહ્યું છે. અન્ય દેશોની અપેક્ષાએ ભારતની કેટલીક લાક્ષણિકતાઓ છે જે તેની પોતાની આગવી છે. હું નથી ધારતો કે આ દુનિયા ઉપર એવો બીજો દેશ હોય કે જ્યાં આટલી મોટી સંખ્યામાં લોકો વનસ્પત્યાહારી હોય અને અનેક પેઢીઓથી પૂરેપૂરા નિરામિષ–આહારી હોય. તેમ બનવાનું કારણ એ છે કે માંસાહાર આધ્યાત્મિક વિકાસને કદાચ બાધક–હાનિકર્તા–ગણવામાં ન આવ્યો હોય તો પણ તેની સાથે માંસાહાર બંધબેસતો નથી એવી માન્યતા અમારે ત્યાં સદીઓથી ચાલતી આવી છે અને અમારાં ધર્મશાસ્ત્રોએ આહારસંબંધમાં અનેક આચારનિયમોનું વિધાન કર્યું છે. માત્ર સજીવ પ્રાણીઓ જ નહિ પણ વનસ્પતિને–ઝાડપાન, ફળફુલને–પણ ઈજા ન પહોંચાડવી આ પ્રકારની અહિંસાની કલ્પના ઉપર એ આચારનિયમોનું ઘડતર કરવામાં આવ્યું છે. અમારા પુરાણા જીવનવિજ્ઞાને અને ધર્મશાસ્ત્રોએ જીવનનો વિચાર જુદા જુદા ભાગલાઓમાં નથી કર્યો, પણ એક સમગ્ર સુગ્રથિત વસ્તુ રૂપે જીવનને નિહાળ્યું છે અને માનવીના ઊર્ધ્વલક્ષી વિકાસને સહાયક અને સંવાદી બને એ રીતે માનવીની જુદી જુદી પ્રવૃત્તિઓનું અનુસંધાન કર્યું છે. આમ હોવાથી બીજા લોકો જીવનનો જે રીતે વિચાર કરતા સંભળાય છે તે રીતે અમારે ત્યાં અમારી પ્રવૃત્તિઓ અંગે એવડાં ધોરણો કે કૃત્રિમ વિભાજનો અસ્તિત્વ ધરાવતાં નથી. દાખલા તરીકે એવું સાધારણ રીતે ઘણે ઠેકાણેથી સંભળાય છે કે માણસનો ધર્મ એ તેની અંગત બાબત છે અને તેના રાજકારણ કે જાહેર જીવન સાથે તેના ધર્મને કશો સંબંધ નથી. એવી જ રીતે તેનો ધર્મ અને તેની રાજદ્વારી ચર્ચા એ બેને પરસ્પર ભિન્ન બાબતો તરીકે લેખવામાં આવે છે. પોતે શું ખાય છે, કેમ રહે છે અને પોતાની બીજી ખાનગી બાબતોનું કેવી રીતે સંચાલન કરે છે તેને તેની જાહેર પ્રવૃત્તિઓ સાથે કશો સંબંધ હોતો નથી. અમે ખરી રીતે એમ માનીએ છીએ કે દરેક પ્રવૃત્તિના બીજી પ્રવૃત્તિઓ ઉપર આઘાત–પ્રત્યાઘાત પડે જ છે અને પ્રવૃત્તિઓને કે તેનાં પરિણામોને આપણે જુદાં પાડી શકતા નથી. આ પાયા ઉપર જ ખોરાકને અને સ્વસ્થ–અક્ષુબ્ધ કોટિના મનના નિર્માણને પરસ્પર સંબંધ છે અને ખાનગી કે જાહેર કાર્યોમાં, આધ્યાત્મિક કે ભૌતિક પ્રવૃત્તિઓનાં સફળ સંચાલનમાં આ પ્રકારના સ્વસ્થ મનનો યોગ આવશ્યક છે એમ અમારે ત્યાં માનવામાં આવે છે.

જ્યારે હું આ કહી રહ્યો છું ત્યારે કોઇએ એમ સમજવાનું નથી કે અમારો દેશ અને અમારા લોકો આ આદર્શો મુજબ જીવી રહ્યા છે. જો એમ હોત તો તો અમારો દેશ અને અમારા લોકો આજે છે તે કરતાં કોઈ જુદા જ પ્રકારના હોત. અને એમ છતાં આમાંના કેટલાક આદર્શો એવા છે કે જેના અનુપાલનના આગ્રહે અમને એવી કસોટીઓ અને આફતોમાંથી ઉગાર્યા છે કે જે પ્રકારની કસોટીઓ અને આફતોમાંથી બીજી પ્રજાઓને ભાગ્યે જ પસાર થવું પડ્યું હોય. આ બધાં તત્વોનું જો આપણે પૃથક્‌કરણ કરીએ તો મેં ઉપર જણાવ્યું તેમ અહિંસા જે તેના સક્રિય અને વિધાયક આકારમાં અન્ય જીવો વિષે પ્રેમ યા મૈત્રી છે અને જે તેના નિષેધાત્મક–નકારાત્મક–આકારમાં અન્ય જીવો વિષે સહિષ્ણુતા છે–આ પ્રકારની અહિંસા જ અમારા માટે પાયાનું તત્ત્વ બની રહેલ છે. બીજા શબ્દોમાં કહું તો એક બાજુએ અમે બીજાનું સક્રિય રીતે ભલું કરવામાં માનીએ છીએ તો બીજી બાજુએ બીજાઓ પોતાની રીતે જીવે, પોતાની રીતે વિચારે અને પોતાની રીતે અને મુકતપણે અન્ય સાથે વાણીવ્યવહાર કરે એમ અમે સ્વીકારીએ છીએ. આ સહિષ્ણુતા–આ

ઉદારતા—અમારા લેકિાની લાક્ષણિક શ્રદ્ધાનો વિષય છે, અમારી પ્રકૃતિ સાથે જડાયલું તત્ત્વ છે, અને ખરી રીતે અમારી સર્વ આધ્યાત્મિક અને તાત્ત્વિક વિચારણાની તેમ જ સાથે સાથે જુદા જુદા ધર્મોના વિકાસની તે જનની બનેલ છે. જ્યારે અમારે ત્યાં એક દાર્શનિક વિચારસરણીએ યજ્ઞોમાં પશુનાં બલિદાન ઉપર ખૂબ ભાર મૂકયો ત્યારે અહિંસા ઉપર તાત્વિક ભાર મૂકતા બૌધ્ધ ધર્મનો અને અહિંસાના વિચારને જીવનની ઝીણામાં ઝીણી વિગત ઉપર લાગુ પાડવાનો અને કેટલીક બાબતમાં આત્યન્તિક આકાર સુધી લઈ જવાનો આગ્રહ ધરાવતા જૈન ધર્મનો આ દેશમાં ઉદય થયો તે કોઈ આકસ્મિક યોગ નહોતો, પણ અમારી વૈચારિક પ્રક્રિયાઓનું સ્વાભાવિક તર્કજન્ય પરિણામ હતું. એની જ રીતે ખ્રીસ્તી ધર્મને—જ્યારે તેને રાજકારણ સાથે કશો સંબંધ નહોતો એવા તેના પ્રારંભના દિવસોમાં—અને સમયાન્તરે જરથોસ્તી ધર્મને આ દેશમાં આવકારપૂર્ણ વાતાવરણ મળ્યું અને પોતાનો વિકાસ સાધવાને યોગ્ય ક્ષેત્ર પ્રાપ્ત થયું એ પણ કેવળ અકસ્માત નહોતો, પણ ઉપર જણાવી તેવી અમારી ઉદાર વિચારશૈલિનું જ સ્વાભાવિક પરિણામ હતું. ઈસ્લામ જે પોતાની આક્રમક પ્રચારનીતિ માટે સુવિખ્યાત હતો તે હિંદમાં પ્રવેશ પામતાં નરમ બન્યો, મૃદુ બન્યો અને મુસ્લીમ વિજેતાઓ અને શાસકોના વિજય કરતાં જો વધારે નહિ તો તત્સદૃશ મહત્વપૂર્ણ ઈસ્લામના સન્ત સાધુઓનો વિજય બન્યો, તે પણ ભારતની પ્રાકૃતિક ઉદારતતા અને પરમતસહિષ્ણુતાનું જ પરિણામ છે. આજે અમારે ત્યાં એક એવી અનેક રંગોના ચારૂ મીશ્રણવાળી-રંગબેરંગી તાણાવાણાવાળી-સંસ્કૃતિ નિર્માણ થઈ છે કે જેમાંના અનેક તત્વોએ એક અસાધારણ વૈવિધ્યવાળી છતાં વિલક્ષણ એકરૂપતાને પ્રગટ કરતી સમાજરચના ઉભી કરવામાં અદ્‌ભુત ફાળો આપ્યો છે.

આમ હોવાથી નિરામિષ—આહાર હંમેશને માટે અમારા જીવનનું અર્ધધાર્મિક એવું સામાજિક વૈશિષ્ટય બની રહેલ છે, અને નહિ કે આહાર વિષયક જુદી જુદી વિચારસરણીઓ કે આર્થિક અનિવાર્યતાનું કેવળ સૂચક યા નિદર્શક હોય એવું રૂપ તેણે ધારણ કર્યું છે, જો કે આ બાબતોને લગતાં પરિણામો તો તેમાંથી જરૂર પેદા થયા છે. પરિણામે એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી કે અમારે ત્યાં એવી કેટલીયે જ્ઞાતિઓ અને કોમો છે કે જે પેઢીઓથી નિરામિષ—આહારી છે અને જેના કોઈ પણ સભ્યે કદિ પણ નાના કે મોટા જાનવરનું માંસભક્ષણ તો શું પણ તેનો સ્પર્શ સુદ્ધાં પણ કર્યો હોતો નથી. જ્યારે હું આ કહી રહ્યો છું ત્યારે એમ સમજવાનું નથી કે ભારત સમગ્રપણે નિરામિષ—આહારી છે અથવા તો તેની વસ્તીનો મોટો ભાગ તે પ્રકારનો છે એવો હું દાવો કરું છું. મુસલમાનો, ખ્રીસ્તીઓ, પારસીઓ, શિખો અને બૌદ્ધધર્મીઓ પણ સામુદાયિક રીતે વનસ્પત્યાહારી નથી, એટલે કે જેમ બીજી કોમોમાં છે તેમ આ કોમોમાં માંસાહારનો સામાજિક રીતે પ્રતિબંધ નથી. પણ બીજી દૃષ્ટિએ વિચારતાં, ભારતની વસ્તીનો મોટો ભાગ વનસ્પત્યાહારી છે—એ અર્થમાં નહિ કે તેઓ માંસ ખાતા નથી અથવા ખાઈ શકતા નથી, પણ એ અર્થમાં કે તેમને માંસ મળતું નથી અથવા તો પરવડતું નથી. અમારી વસ્તીનો માત્ર નાનો સરખો ભાગ એવો છે કે જે ચાલુ માંસાહારનું સેવન કરે છે. આમાં પણ બીજા દેશો કરતાં અમારા દેશમાં શાક, કઠોળ અને ફળો તેમના ચાલુ ખોરાકમાં મહત્વનું પ્રમાણ ધરાવે છે.

એમ પણ કહી શકાય કે આમાંની કેટલીક બાબતો વિષે અમે કાંઇક વિચિત્ર ખ્યાલો ધરાવીએ છીએ—આપ તેને પૂર્વગ્રહો પણ કહી શકો છો. જેઓ માંસ ખાતા હોય છે, તેમને પણ સર્વ પ્રકારનું માંસ ખાવાની છૂટ હોતી નથી, પણ અમુક પશુઓનું જ માંસ ખવાય, અમુક પશુઓનું માંસ ન જ ખવાય, અને વર્ષ દરમિયાન અમુક દિવસોએ અને અમુક સમયે તે પ્રકારનું માંસ ખવાય યા ન ખવાય એટલું જ નહિ, આપને જાણીને આશ્ચર્ય થશે કે કતલ કરવા માટે નક્કી કરાયલા પશુઓની અમુક રીતે જ કતલ કરાય યા ન કરાય—આવી અનેક મર્યાદાઓ અને પ્રતિબંધો માંસાહાર અંગે અમારે ત્યાં પ્રવર્તતા હોય છે. આ રીતે એવા ચોક્કસ પશુઓ છે—અને આમાં કોમ કોમ દીઠ ફેરફાર હોય છે—કે જેનું માંસ ખવાય જ નહિ અને તેનો ત્યાગ કરવો જ જોઇએ એવી માન્યતા પ્રવર્તતી હોય છે. વળી એવા કેટલાક દિવસો કે કેટલાક પ્રસંગો હોય છે કે જ્યારે માંસ ખાઈ ન જ શકાય, અને કતલ કરવાની પદ્ધતિ સંબંધમાં પણ ચોક્કસ નિયમો યા પ્રતિબંધો હોય છે. હિંદુઓ સંબંધમાં આ બધા પ્રતિબંધો અને નિષેધોની પાછળ માણસની સ્વાદવૃત્તિની નબળાઇનો સ્વીકાર, માંસાહારવિરમણની ઇષ્ટિતા અને માંસના ઉપયોગને જેટલો અને જેટલી રીતે અટકાવી શકાય તેની આવશ્યકતાના ખ્યાલો રહેલા છે. આમ હોવાથી એમાં કશું આશ્ચર્યજનક નથી કે પરંપરા અથવા કૌટુંબિક રીવાજ તરીકે, અંગત માન્યતા કે સામુદાયિક નિયમન તરીકે, આર્થિક કારણસર કે શરીર, મન અને આત્માનાં આરોગ્ય અને વિકાસની દૃષ્ટિએ નિરામિષ આહારની ઉપયોગીતાના સ્વીકાર તરીકે—આવાં અનેક કારણોસર અમારે ત્યાં વસ્તીનો એક વિપુલ વિભાગ છે કે જે બીલકુલ માંસાહાર કરતો નથી અને એથી પણ વધારે મોટો એવો પણ વિભાગ છે કે જે કોઈ કોઈ વાર અથવા તો અમુક જ પ્રસંગે માંસાહારની છૂટ લે છે. અમારા રીતરીવાજથી બીનવાકેફ એવા પરદેશથી આવેલા મિત્રોની જાણ ખાતર મારે એ પણ જણાવવું જોઇએ કે સાધારણ રીતે અમારા દેશમાં અમે દૂધ અને તેમાંથી બનતી ચીજોને બીન—વનસ્પત્યાહાર તરીકે લેખતા નથી. બીજી બાજુએ ઈંડાંને—જેમાંથી બચ્ચું પેદા થવાની શકયતા જ ન હોય એવાં ઈંડાઓને પણ—સ્થિતિચુસ્ત વર્ગોમાં બીન—વનસ્પત્યાહાર તરીકે જ લેખવામાં આવે છે.

આવા બધા ખ્યાલોના પરિણામે હિંદમાં એક એવો સમાજ પેદા થયો છે કે જે ખોરાકની બાબતમાં બીજા દેશોથી જુદો પડે છે. એ પુરાણા દિવસો કે જ્યારે અહિંસા અને મનુષ્ય સ્વભાવ ઉપર પડતી ખોરાકની અસર એ બે મુદ્દાઓ ઉપર માંસાહાર નિષેધ સંબંધમાં ખાસ ભાર મૂકવામાં આવતો હતો ત્યારે તે પાછળ કોઈ આર્થિક ખ્યાલ પણ રહેલો હતો કે કેમ તે વિષે ચોક્કસપણે કહેવાની સ્થિતિમાં અમે નથી, પણ આજની અમારી આર્થિક પરિસ્થિતિ અમારી ખાનપાનની પરંપરા સાથે બહુ સારી રીતે બંધ બેસે તેવી છે. અમારી વસ્તી ઘણી મોટી છે અને દર વર્ષે ૪૦ થી ૫૦ લાખના પ્રમાણમાં જોસભેર વધતી ચાલી છે. જમીનનું ક્ષેત્રફળ મર્યાદિત છે જ્યારે તેમાં એક ઇંચનો પણ વધારો થઈ શકે તેમ નથી. વણખેડાયલો ભાગ ખેતી નીચે લાવી શકાય તેમ છે, પણ એમાં કોઈ શક નથી કે આપણી દૃષ્ટિ પહોંચી શકે તેટલા નજીકના ભવિષ્યમાં ખેતી નીચેની જમીનમાં જરા પણ વધારો કરવાનું શકય રહેવાનું નથી. આ ઉપરથી આપણને એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે અનાજ કે માંસ એમાંથી શેની વૃદ્ધિ કરવાનું આર્થિક દૃષ્ટિએ વધારે યોગ્ય છે? જે દેશમાં વિશાળ પ્રદેશો હજી પણ સુલભ છે અને ચરાણની જમીન પણ ચારે બાજુએ પથરાયલી પડી છે ત્યાં માંસ મેળવવા માટે પશુઓનો ઉછેર જરૂર સારા પ્રમાણમાં કરી શકાય. "આ સંબંધમાં સામાન્ય રીતે એ પ્રકારની ગણતરી છે કે એક માણસને જરૂરી ખોરાક પુરો પાડવા માટે પશ્ચિમના ધોરણો મુજબ ૨॥ એકર જમીન આવશ્યક લેખાય છે. જો લોકો વનસ્પત્યાહારી હોય તો ૧॥ એકર જમીન પૂરતી થઈ રહે એવો અંદાજ વિચારવામાં આવે છે. આ તફાવતનું કારણ એ છે કે માંસાહારના હેતુથી ઉછેરવામાં અને ચરાવવામાં આવતા જાનવરોને જેટલી જમીન જોઇએ તેના ૯ થી ૧૫ મા ભાગની જમીન માણસના આહાર માટે જરૂરી એવા અનાજ, શાક, અને ફળોના આકારમાં એટલું જ પોષણદ્રવ્ય મેળવવા માટે પૂરતી થઇ પડે." આ વિષયનો અભ્યાસ કરતાં અમેરિકાવાસી શ્રી રીચાર્ડ બી. ગ્રેગ આ પ્રકારના નિર્ણય ઉપર આવ્યા હતા. તો પછી એ તો એક ભારે સુખદ સુયોગ છે કે આજે દેશના ઘણા ભાગોમાં જમીન ઉપરનું જે દબાણ અનુભવાઈ રહ્યું છે તે દબાણ અમારા—જો કે મર્યાદિત સ્વરૂપના એમ છતાં પણ ઠીક ઠીક વ્યાપક એવા—વનસ્પત્યાહારને લીધે સારા પ્રમાણમાં હળવું બને છે.

માંસાહાર કરતાં વનસ્પત્યાહાર વધારે સારી કોટિનાં સ્ત્રીપુરુષો કરી શકે છે એવો દાવો વનસ્પત્યાહારી કરી શકે તેમ નથી. માણસની ગુણવત્તાનો આંક કાઢવા સંબંધમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં ધોરણો હોઈ શકે છે, અને અમુક ધોરણે માપતાં માંસાહારીઓ વનસ્પત્યાહારીઓ કરતાં વધારે સારા પુરવાર થાય એમ પણ બને, અને બીજા ધોરણથી માપતાં દાખલા તરીકે સહનશીલતાની બાબતમાં માંસાહારીઓ કરતાં વનસ્પત્યાહારીઓ વધારે સારા માલુમ પડવાનો સંભવ છે.

પણ આ બધી બાબતો બાજુએ રાખીએ તો પણ એક પાયાનો મુદ્દો આપણી સામે આવીને ઊભો રહે છે કે જે છેલ્લા થોડા સૈકાઓ દરમિયાન, સભ્યતાનો ઇતિહાસ જે રીતે વિકાસ પામ્યો છે તેના તેમજ આધુનિક સંયોગોના સંદર્ભમાં, ખૂબ પ્રસ્તુત બન્યો છે. એમાં કોઈ શંકાને સ્થાન હોઈ ન જ શકે કે અહિંસા અથવા તો 'જીવો અને જીવવા દો' એ પ્રકારની જીવનપદ્ધતિ એ જ માત્ર એવી નીતિ છે કે જે આપણી આજની ઉપાધિઓ અને ઘણી ખરી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે તેમ છે. ઉપર મેં જણાવ્યું તે મુજબ અહિંસા તેના વિધાયક રૂપમાં પોતાની જાતનો, પોતાની સુખસગવડનો, અને પોતાની આકાંક્ષાઓનો બીજાની ખાતર ભોગ આપવો એવો અર્થ સૂચવે છે. તેનો વિકલ્પ છે પોતાની ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પૂરી કરવા માટે બીજાઓનો ઉપયોગ કરવો તે. એક યા બીજી રીતે સદીઓથી માણસ પોતા વિષે એમ વિચારતો આવ્યો છે કે સર્વ જાણીતા જીવોમાં પોતે સૌથી વધારે ઉત્કૃષ્ટ અને સૌથી વધારે આગળ વધેલો જીવ છે અને તેથી બીજા બધા જીવો માણસની ઇચ્છાને અધીન રહીને વર્તે અને તેને બધી રીતે સંતોષે એ જ સાચું અને ન્યાજબી છે. આ જ નીતિ અથવા સિદ્ધાન્તનો આધાર લઇને આપણી સ્વાદવૃત્તિને તૃપ્ત કરવા માટે અથવા તો પેટ ભરવા માટે અથવા તો આપણા શરીરને શોભાવવા માટે અથવા રમતગમતમાં બને છે તેમ આપણા મનનું રંજન કરવા માટે કશા પણ સંકોચ સિવાય આપણે પશુઓની કતલ કરીએ છીએ.

એ દિવસો કે જ્યારે આપણે ઓછા સભ્ય લેખાતા હતા અને જ્યારે માણસ માત્ર શિકારી હતે તે દિવસોમાં તે ખોરાક માટે બીજા પશુઓનો શિકાર કરીને અન્ય જંગલી જાનવર માફક જીવતો હતો. તેની સ્વાદવૃત્તિ અને ઇચ્છાઓ બહુ મર્યાદિત હોઇને આજનો વધારે સભ્ય માનવી પોતાની રુચિને તૃપ્ત કરવા માટે જેટલી હિંસા કરે છે તેટલી હિંસા તે વખતનો માનવી કરતો નહોતો. એ દિવસોમાં જો કે તેનો નિર્વાહ પશુઓ ઉપર થતો હતો એમ છતાં પણ આજે જે ઘણા મોટા પાયા ઉપર ચાલી રહ્યું છે તે મુજબ કતલ કરવા માટે પશુઓને તે ઉછેરતો નહોતો. માણસનો ખોરાક અને બીજી જરૂરિયાતોને પૂરી પાડવાના હેતુથી આજે હજારો અને લાખો જનવરો કતલ કરવા માટે ઉછરવામાં અને રૂષ્ટપુષ્ટ કરવામાં આવે છે. ઔષધવિજ્ઞાન પણ જુદી જુદી રીતે પાર વિનાનાં પશુઓને કાપવા અને રીબાવવા માટે જવાબદાર છે, અને તેથી જેમ જેમ આપણે સભ્યતામાં પ્રગતિ કરતા રહ્યા છીએ તેમ તેમ કોઈ પણ જીવની જીંદગી માટેનો આપણો આદર ઉત્તરોત્તર ઘટતો જ ગયો છે. એનો અર્થ એ થયો કે જો માણસ અન્ય પશુ કરતાં ચડિયાતો હોઇને પોતાના હેતુ માટે તેનું શોષણ કરી શકે છે અને તેનો જીવ પણ લઈ શકે છે તો તે પછીનું બીજું સ્વાભાવિક પગલું એ હોવાનું કે વધારે બળવાન માનવીને કે પ્રજાને વધારે નબળા માનવી, જાતિ કે પ્રજાનું શોષણ કરવામાં અથવા તો તેને નાબુદ કરવામાં જરા પણ અનૌચિત્ય કે અઘટિત નહિ લાગે. આજે આ જ બાબત એક વસ્તુસ્થિતિ રૂપે નીપજી રહી છે અને એકના ભોગે બીજાનું જીવનધોરણ ઉંચે લાવવું જરૂરી છે એવા ખ્યાલ ઉપર એક દેશના લોકોની અન્ય દેશના લોકોના હાથે ચાલી રહેલી શોષણ-પ્રક્રિયાના મૂળમાં પણ આ જ મનોદશા કામ કરી રહી છે.

હજુ થોડા સમય પહેલાં-લડાઈ દરમિયાન અને બન્ને પક્ષના સૈનિકો વચ્ચે-માનવીજીવનનો કારણ વિનાના નાશ કરવા સામે પ્રતિબંધો હતા. પણ તે ખ્યાલ હવે જુનવાણી બની ગયો છે અને આજે માણસના હાથમાં આવેલા સામુદાયિક સંહારનાં શસ્ત્રોના પરિણામે આખી માનવજાત વિનાશના આરે ઉભી છે. વનસ્પત્યાહારની વાતમાંથી અણુબોંબ કે હાઇડ્રોજન બોંબની વાત સુધી પહોંચવું એ કોઇને વધારે પડતું લાગશે, પણ આપ જો યથાર્થ રીતે વિચારશો તો માલુમ પડશે કે જો આપણે હાઇડ્રોજન બોંબથી બચવું હશે તો આખરે વનસ્પત્યાહારને સ્વીકાર્યા સિવાય ચાલશે નહિ. જીવનનો સમગ્રપણે અને પરસ્પર અનુસંધાનમાં વિચાર કરીશું તો વ્યક્તિનો ખોરાક અને અન્ય પ્રત્યેની તેની વર્તણુક વચ્ચે રહેલા સંબંધનું આપણને સાચું ભાન થયા વિના નહિ રહે અને એમ તર્કબધ્ધ રીતે વિચાર કરતાં-અને આમાં કશું તરંગીપણું છે જ નહિ-આપણને એવા નિર્ણય ઉપર આવ્યા સિવાય છુટકો જ નથી કે હાઇડ્રોજન બોંબથી બચવું હોય તો તેનો એક જ ઉપાય છે કે જે માનસમાંથી હાઇડ્રોજન બોંબ પેદા થયો છે તે માનસથી બચવું અને તેવા માનસથી બચવાનો એકમાત્ર ઉપાય છે સર્વ જીવો માટે, સર્વ આકારમાં અને સર્વ સંયોગમાં પ્રગટ થતી જીવનચેતના વિષે આદર કેળવવો તે. આનું બીજું નામ છે વનસ્પત્યાહારનો સમાદર.

હું આશા રાખું છું કે આ દેશના વાતાવરણમાં કરવામાં આવનાર આપની વિચારણા સફળતાને પ્રાપ્ત કરશે અને ભારત પણ જે આજે પાશ્ચાત્ય પ્રજાએ સ્વીકારેલા માર્ગ પાછળ આંખ મીંચીને દોડી રહ્યું છે તે ક્ષણભર ઉભું રહેશે અને પોતાની રાજનીતિના ગર્ભમાં રહેલાં (અનર્થલક્ષી) સૂચનો અને આખરનાં પરિણામોનો ફરીથી તાજેતર વિચાર કરશે.

અનુવાદક : **પરમાનંદ** મૂળ અંગ્રેજી : **બાબુ રાજેન્દ્રપ્રસાદ**

પૂરવણી

વનસ્પત્યાહારવાદ અને ભારત સરકાર

૧૫ મી વનસ્પત્યાહાર કોંગ્રેસનું ઉદ્‌ઘાટન પ્રવચન પુરું થયું કે તરત જ પ્રસ્તુત કોંગ્રેસમાં આવેલા એક અમેરિકન પ્રતિનિધિએ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ઉપર એક પ્રશ્ન લખીને મોકલ્યો. એ પ્રશ્નમાં એમ પૂછવામાં આવ્યું હતું કે "ભારત જો વનસ્પત્યાહારનું સમર્થક છે તો એ દર્શાવવા માટે જુદા જુદા દેશના ભારતીય એલચી ખાતાઓ તરફથી યોજાતા સરકારી સમારંભોમાં ચોખ્ખું વનસ્પત્યાહારી ભોજન શા માટે પીરસવામાં આવતું નથી ?" આ પ્રશ્નનો એ જ વખતે ઉત્તર આપતાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું હતું કે "આ જરૂર પ્રસ્તુત પ્રશ્ન છે' અને તેનો મારે અહિં ને અહિં જ ઉત્તર આપવો જોઇએ. અમારામાંના કેટલાક શું કહે છે અને અમારો દેશ કેમ વર્તે છે તે વચ્ચે રહેલા વિરોધ તરફ ધ્યાન ખેંચવાના હેતુથી કદાચ આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય. મારે જણાવવું જોઇએ કે અમારી સરકાર વેજીટેરિયન સરકાર નથી. તે બન્ને પ્રકારનો આહાર કરનારની પ્રતિનિધિ છે. આ દેશની વસ્તીનો મોટો ભાગ માંસાહારી છે, આમ હોવાથી માંસાહારી મહેમાનોને તેમને સંતોષ આપે એવા આહારનો પ્રબંધ કરવો એ અમારા માટે ફરજિયાત થઈ પડે છે. આ સારું છે કે ખરાબ એ જુદી જ બાબત છે. દેશ જેવી સરકારને યોગ્ય હોય તેવી સરકાર તેને મળે છે. જો આપણે વેજીટેરિયન સરકાર ઇચ્છતા હોઇએ તો આપણે તે માટે કામ કરવું જોઇએ અને જરૂરી પ્રચાર કરવો જોઇએ."

આ તે કેવી વિવેકહીનતા ?

મુંબઈ ખાતે હજુ હમણાં જ ભરાયલી વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કરવા માટે પધારેલા ડૉ. રાજેન્દ્રપ્રસાદના માનમાં મુંબઈની જીવદયા મંડળી તરફથી એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આભાર માનતાં માણસના ભોગે પશુને બચાવવાની કેટલાક ઠેકાણે વ્યક્ત થતી જીવદયા વૃત્તિમાં રહેલી અતિશયતા તરફ ઉપસ્થિત મંડળીનું ધ્યાન ખેંચતાં તેમણે જણાવ્યું હતું કે "કદિ કદિ આપણે એવી કઠંગી પરિસ્થિતિમાં મુકાઈ જઇએ છીએ કે જ્યારે માણસને બચાવવો યા તો પશુને બચાવવો એ બેમાંથી એક જ વિકલ્પને પસંદગી આપવાની હોય છે. આવે વખતે માણસની ઉપેક્ષા કરીને પશુની વહારે દોડતા લોકોને મેં જોયા છે અને એ જોઇને હું કેવળ ડધાઇ ગયો છું અને મનમાં વિસ્મય થયું છે કે આ તે કેવી વિવેકહીનતા ?"

આવા આપણા દયાધર્મ વિષે શું કહેવું?

મારા એક મિત્ર પોતે જ્યાં રહે છે તે શહેરમાં આવેલા એક મોટા હોસ્પીટલના એક સલાહકાર સભ્ય છે, એટલું જ નહિ પણ, હોસ્પીટલના ચાલુ સંચાલનમાં તેઓ ઊંડો રસ ધરાવે છે. તેમણે મારી ઉપર પોતાનો એક જાતઅનુભવ રજુ કરતો પત્ર લખ્યો છે. આપણે અહિંસા અને દયાની વાતો કરીએ છીએ, એમ છતાં એ દયા કેટલી એકાંગી અને વિવેક વિનાની હોય છે તેનો એ અનુભવકથામાંથી આપણને કાંઈક ખ્યાલ આવે છે. તેમનાં પત્રનો ઉપયોગી ભાગ નીચે મુજબ છે :-

"તમે જાણો છો કે અહિં એક મોટી પશુશાળા છે; તેમાં સંખ્યાબંધ ગાય, ભેંસ ઉપરાંત બીજાં અનેક નબળાં તેમ જ વિકલ અંગવાળાં પશુઓને રાખવામાં આવે છે. દુધાળાં જાનવરોને અહિં મોટા પ્રમાણમાં વસાવવામાં આવ્યા છે અને તે દ્વારા પેદા થતું દુધ આસપાસના લોકોને પુરું પાડવામાં આવે છે. આ પશુશાળાનો વહીવટ મોટા ભાગે જૈનોના હાથમાં છે અને તે વહીવટકર્તાઓના હું નિકટ સંબંધમાં છું. આ પશુશાળાનું દુધ ચોખ્ખું હોઇને તેનો ઉઠાવ સારા પ્રમાણમાં થાય છે. હું પણ તેમના દુધનો વર્ષોથી ચાલુ ગ્રાહક હતો.

"એક દિવસ એ પશુશાળામાં કામ કરતો નોકર અમારા હોસ્પીટલમાં શરીરની તપાસ કરાવવા આવ્યો. તેની શરીરસ્થિતિ જોતાં રખેને તેને ક્ષય ન હોય એવી ડોકટરોને આશંકા થતાં તેને 'સ્ક્રીન' કરવામાં આવ્યો અને ડોકટરોની આશંકા સાચી પડી. આ બાબતની મને જાણ થતાં મેં પશુશાળાનો વહીવટ ચલાવતા મારા મિત્રોને કહ્યું કે "પશુશાળાના આખા સ્ટાફની એક વખત શારીરિક તપાસ કરાવવામાં આવે તે ખાસ ઇચ્છવાયોગ્ય છે. કારણ કે માણસના શરીરમાં ખબર ન પડે તેમ ક્ષયની શરૂઆત થાય છે અને વખતસર ઇલાજ કરવામાં આવે તો ક્ષયને હવે બહુ સહેલાઇથી નાબુદ કરી શકાય છે." આ મારી સૂચના તેમના ધ્યાનમાં તરત ન આવી. એ પશુશાળામાં આશરે ૫૦ માણસોનો સ્ટાફ છે અને ક્ષયવાળા માણસો દુધ દોવા વગેરેનું કામ કરે તો તેના શરીરના જંતુ દુધમાં જવાનો અને તે દ્વારા એ દૂધ પીનારને ક્ષય લાગુ પડવાનો સંભવ છે. હું એ ભાઇઓ પાછળ લાગ્યો. આખરે તેમણે મારી સૂચના કબુલ રાખી. બધાંને સ્ક્રીન કરતાં તથા જરૂરી તપાસ કરતાં ચાર કે પાંચ માણસોના શરીરમાં ક્ષયનાં ચિહ્નો માલુમ પડ્યા. મેં આ ચાર પાંચ નોકરોનો ઉપચાર કરાવવા પશુશાળાના કાર્યકરોને વિનંતિ કરી. મેં એ બાબત તરફ તેમનું ફરી ફરીને ધ્યાન ખેંચ્યું, પણ મારી વાત તેમના ધ્યાનમાં ન આવી. ક્ષયનો ઉપચાર ખરચાળ વસ્તુ છે. મેં મારી લાગવગનો ઉપયોગ કરીને હોસ્પીટલનું બીલ બને તેટલું ઓછું આવે એવો પ્રબંધ કરી આપવા જણાવ્યું. આમ છતાં પણ તેમણે આ વાત મન ઉપર ન લીધી. તેમની આ ઉદાસીનતા મને ખૂબ ખટકી. પશુશાળાના એ અધિકારીઓના મનમાં આ નોકરોના ઉપચારનું કોઇ મહત્વ જ વરતું નહિ, તેમ જ તેમને એની એ સ્થિતિમાં ચાલુ રાખવાનું જોખમ પણ તેમના લક્ષ્યમાં આવ્યું નહિ. પશુશાળા પશુઓ માટે જ છે, તેની સંભાળ લેતા માનવીઓ માટે તે જરા પણ જવાબદાર નથી–આવી તેમની કાંઇક વિચારજડતા જોઇને મને ભારે આશ્ચર્ય થયું. એક દિવસ તેના મંત્રીને મેં કહ્યું કે "આ તમારી ઉદાસીનતાને હું એક ગુન્હાહિત કાર્ય લેખું છું અને તેથી તમારી પશુશાળાનું દુધ હું આજથી બંધ કરું છું, એટલું જ નહિ પણ મને જે કોઇ મળશે તેમને આ હકીકત જણાવીશ અને તમારું દુધ બંધ કરવા કહીશ." આ ધમકીની તરત કોઇ અસર જોવામાં ન આવી; પણ થોડા દિવસ બાદ મને ખબર પડી કે તે ક્ષયરોગવાળા નોકરોને રજા આપવામાં આવી છે. ત્યાર પછી કેટલાએક દિવસ બાદ તેના એક જવાબદાર અધિકારી મને મળ્યા ત્યારે મેં તેમને ઠબકો આપ્યો કે "પેલા નોકરોની સારવાર ઉપચાર કરાવવાનું તો બાજુએ રહ્યું, પણ તમારું દુધ લોકો લેતા બંધ થાય એ બીકથી તમે એ લોકોને રજા આપી? આ તમારી કેવા પ્રકારની દયા?" તેમણે ઠંડે કોઠે મને જવાબ આપ્યો કે "મોટાભાઇ, તમે કહો છો તે બરોબર નથી. એ નોકરોને અમે છુટા થવાની ફરજ પાડી નથી, પણ તેઓ બીકના માર્યા પોતાને ગામ ચાલી ગયા અને પછી તેમણે સંસ્થામાં ચાલુ રહેવાની નામરજી દર્શાવી એટલે અમે તેમને છુટા કર્યા છે." આ જવાબ સાંભળીને હું તો સ્તબ્ધ જ થઈ ગયો. એક તો એ નોકરોનો તેમણે કશો ઉપચાર ન કર્યો, અને બીજું તેમને સંસ્થાના સ્વાર્થ ખાતર છુટા કરવામાં આવ્યા. આમ છતાં વળી તેમણે વાત એમ ચલાવી કે તેઓ પોતાની મેળે ચાલી ગયા. એક તો હૃદયની જડતા, શૂન્યતા અને તેને ઢાંકવા માટે ચલાવવામાં આવતું જુઠાણું, આ છે આપણે જે પોતાને દયાધર્મી કહેવરાવીએ છીએ તેમની મનોવૃત્તિ."

આ પત્રના ઉતારાને કશા ટીકા ટીપ્પણની જરૂર નથી. આ ઉપરથી પશુદયાની અવગણના કરવાનો આશય કોઈ ન તારવે. પણ માણસની ઉપેક્ષા કરીને પશુરક્ષાની પ્રવૃત્તિ ચલાવવા પાછળ રહેલી દયાની ભાવના થડની ઉપેક્ષા કરીને ડાળીઓને પાણી સીંચવા બરોબર છે. દયાની–અહિંસાની–સાધનાના મૂળમાં માનવી રહેલો છે અને તે સાધનાનો સર્વ વિસ્તાર માનવીસાપેક્ષ જ રહેવો જોઇએ. તો જ આપણી અહિંસાની ઉપાસના સર્વાંગી અને સપ્રમાણ બને એ પાયાનું તથ્ય આપણે કદિ ન ભુલીએ. **પરમાનંદ**

સંઘના ઉપક્રમે જાહેર વ્યાખ્યાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.) તા. ૨૦–૧૧–૫૭ બુધવારના રોજ સાંજના ૬ વાગ્યે હિંદી વહાણવટાના અગ્રગણ્ય નિષ્ણાત શ્રી મનસુખલાલ એ. માસ્તરનું **"સ્વતંત્ર ભારતમાં સામાજિક અને આર્થિક નીતિનાં નવાં સ્વરૂપો"** એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. સંઘના સભ્યોને આ વ્યાખ્યાનનો લાભ લેવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

વિશ્વ શાકાહાર પરિષદ અંગે

ચાલુ માસના બીજા અઠવાડિયા દરમિયાન મળેલા ૧૫ મી અખિલ વિશ્વ શાકાહાર પરિષદમાં શ્રીમતી રૂક્મિણી એરુન્ડેઇલે કરેલ સ્વાગત પ્રવચનનો અનુવાદ તેમ જ પરિષદ અંગેની નોંધ જગ્યા તેમ જ સમયના અભાવે આ અંકમાં પ્રગટ થઈ શકી નથી, જે માટે વાચકોએ આગામી અંકની રાહ જોવાની રહેશે.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં પાઠયપુસ્તક અથવા ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક, કોઇ પણ શુભ પ્રસંગે ભેટ આપવા કે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

દર્શન અને ચિંતન

પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી પ્રકાશિત

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ

બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં

કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪

મળવાનું ઠેકાણું :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩

વિષય સૂચિ

		પૃષ્ઠ
આદિ મંગળ	પંડિત સુખલાલજી	૧૨૭
બાબુ રાજેન્દ્રપ્રસાદનું મંગળ પ્રવચન	અનુ. પરમાનંદ	૧૨૯
આવા આપણા દયાધર્મ વિષે શું કહેવું	પરમાનંદ	૧૩૨
સમાજવાદી સહકારી સમિતિ રાજ્ય રચના તરફ	યુ. ન. ઢેબર	૧૩૩

★ સમાજવાદી સહકારી સંમીલિત રાજ્યરચના તરફ ★

Towards a Socialistic Co-operative Commonwealth.

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ પ્રસ્તુત લેખના બીજા હપ્તામાં અમુક એવા મુદ્રણદોષો રહી ગયા છે કે જેને લીધે તે તે ઠેકાણાનો અર્થ સમજવામાં જિજ્ઞાસુ વૃત્તિ ધરાવતા વાચકને મુશ્કેલી પડે. અને તેથી તે તે મુદ્રણશુદ્ધિઓ અહિં આપવી આવશ્યક લાગે છે. પાનું ૧૨૪ લેખના પ્રારંભમાં બીજે પારીગ્રાફ ત્રીજી લીટી 'આર્થિક અને સામાજિક માળખું ઉભું કરવામાં આવ્યું' એમ છે ત્યાં છેવટે 'હોય' એમ ઉમેરવું. એ જ પારીગ્રાફના છેવટના ભાગમાં 'તેને ટકાવી રાખવાનું' એમ છે, ત્યાં 'કાર્ય' શબ્દ ઉમેરવો. એ જ પાના ઉપર બીજા કોલમની પહેલી લીટીમાં 'હોય' ને બદલે 'હોવું જોઇએ' એમ વાંચવું. ત્રીજા પારીગ્રાફમાં 'સવલંબન' ને બદલે 'અવલંબન' વાંચવું. પાનું ૧૨૫ બીજા કોલમના છેવટના પારીગ્રાફમાં 'સ્થાપના માર્ગે' ત્યાં 'સ્થાપનાના માર્ગે' એમ વાંચવું. પછીનું પાનું ૧૨૬ શરૂઆતના ભાગમાં 'દરેક વ્યક્તિએ પોતાની કાર્યક્ષમતા અનુસાર આપવાનું હોય છે' તેના બદલે 'દરેક વ્યક્તિએ પોતાની કાર્યક્ષમતા અનુસાર કામ આપવાનું હોય છે' એમ વાંચવું, અને 'જરૂરિયાત પ્રમાણે આપશે' તેના બદલે 'જરૂરિયાત પ્રમાણે બદલો આપશે.' એજ પાનાના પહેલા કોલમના છેલ્લા પારીગ્રાફમાં 'તકની સમાનતાએ' તેના બદલે 'તકની સમાનતા એ' એમ વાંચવું. આવી અશુદ્ધિઓ રહી જવા બદલ વાંચકોની ક્ષમા માંગવામાં આવે છે. **તંત્રી.**)

(ગતાંકથી ચાલુ)

રાષ્ટ્રીયકરણ અંગે કોંગ્રેસનું દૃષ્ટિબિન્દુ

(ખ) સમાજવાદ સંબંધી બીજો અગત્યનો મુદ્દો છે રાષ્ટ્રીયકરણના પ્રશ્નનો. આ સંબંધમાં સામ્યવાદીઓ બંધિયાર મનથી વિચારે છે, તેમની વિચારસરણી આ બાબત અંગે એકાંગી બની ગઈ છે. તેમનું કહેવું છે કે ઉત્પાદનનાં, વહેંચણીનાં અને વિનિમયનાં સાધનોની માલિકી સમાજના સ્વરૂપને નક્કી કરે છે. વળી તેમનું એ પણ કહેવું છે કે સમાજવાદના ધ્યેયો પરિપૂર્ણ કરવા માટે રાષ્ટ્રીયકરણ દ્વારા સામૂહિક માલિકી એ એક જરૂરી શરત છે. જ્યારે કોંગ્રેસની માન્યતા આ છે: અમુક ખાસ ક્ષેત્રોમાં રાષ્ટ્રીયકરણ કરીને, બીજાં ક્ષેત્રો–જેમાં કોંગ્રેસને એમ લાગે કે ઉત્પાદન અને અર્થવ્યવસ્થાનાં હિતો જરૂરી અંકુશ અથવા નિયમનથી યોગ્ય રીતે સાચવી શકાશે તેવાં ક્ષેત્રોમાં અંકુશ અને નિયમન દાખલ કરીને સંતોષ માનવો.

આ વિષય સાથે કેટલાક આનુષંગિક મુદ્દાઓ સંકળાયલા છે. તેથી તે મુદ્દાઓ અંગે આપણે સ્પષ્ટ વિચારણા કરી લઇએ એ ઇચ્છવા યોગ્ય છે. બધાં અનિષ્ટોને દૂર કરનાર એક માત્ર ઔષધિ તરીકે જેઓ રાષ્ટ્રીયકરણનું પ્રતિપાદન કરે છે તેમની દલીલ આ છે કે (૧) ખાનગી ક્ષેત્ર હંમેશા નફા–પ્રાપ્તિના હેતુ ઉપર આધારિત રહીને જ કામ કરી શકે છે. તેથી, ખાનગી ક્ષેત્રનો વિકાસ કરવો એટલે એક એવા ક્ષેત્રને પ્રોત્સાહન આપવું કે જેમાં મુખ્ય હેતુ છે બીજાના ભોગે વધુ અને વધુ નફો પ્રાપ્ત કરવાની ઇચ્છા હોવી તે. તે દિશામાંનું દરેક પગલું આપણને સમાજવાદી સમાજની સ્થાપના કરવામાંથી દૂર લઇ જાય છે. (૨) નફા–પ્રાપ્તિના હેતુ પર ખાનગી ક્ષેત્ર અવલંબિત છે એટલે તેની કાર્યપદ્ધતિમાં બીજાને વધુમાં વધુ નીચોવવાનું તત્ત્વ અભિપ્રેત છે. જ્યાં સુધી એક લૂંટનારો વર્ગ અસ્તિત્વમાં છે અને જ્યાં સુધી એક લૂંટાતો વર્ગ અસ્તિત્વમાં છે ત્યાં સુધી વર્ગવિહીન સમાજ રચના શક્ય નથી. (૩) આવા સંદર્ભમાં, મજદૂરો કાર્ય કરવાની પ્રેરણા પામે જ નહિ. પ્રગતિશાળી વિકાસના કાર્યક્રમના અમલ માટે જરૂરી છે સામાન્ય-જનતામાં વધુમાં વધુ ઉત્સાહ અને પ્રેરણાનું સિંચન કરવાનું. જેમ તેઓ વધુ કામ કરશે તેમ તેઓ વધુ નીચોવાશે–તેમનું પોતાનું વધુ શોષણ થશે–એવી લાગણીને લીધે તેમના ઉત્સાહ ઉપર ઠંડું પાણી રેડાશે અને તેમને વધુ કામ કરતાં તથા વધુ શક્તિ વાપરતાં અટકાવશે. (૪) પોતાની જવાબદારીઓને સંપૂર્ણ રીતે પાર પાડવા માટે રાજ્યતંત્રે પોતાની આવકનાં સાધનો વધારવાં પડશે. ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણથી જ માત્ર તે બની શકશે.

પ્રાથમિક વિચારણાઓ

વળી, માત્ર સૂત્રોથી જ દોરવાવાનું કોંગ્રેસ પસંદ નહિ કરે. આ નીચેની પ્રાથમિક વિચારણાઓ લક્ષમાં રાખીને, દરેક ઉદ્યોગના રાષ્ટ્રીય-કરણનો અથવા તો ઉદ્યોગની પ્રત્યેક શાખાના રાષ્ટ્રીયકરણનો પ્રશ્ન તેના સમગ્ર સંદર્ભમાં વિચારવાનું તે પસંદ કરશે.

(ક) માર્કસે તેનો ગ્રંથ લખ્યો અને પોતાની આગવી વિચાર-સરણી દુનિયા સમક્ષ રજુ કરી ત્યાર પછી સમાજે ઘણી આગેકૂચ કરી છે. માનવીએ વિચારના ક્ષેત્રમાં સાધેલી આ પ્રગતિએ જેઓ શક્તિ અને ઉત્પાદનનાં માધ્યમો પર પ્રભુત્વ ધરાવે છે તેમનાં પર અમુક અંશે અસર ઉપજાવી છે.

(ખ) છેલ્લા પચાસ વરસોમાં ટેકનોલોજીના ક્ષેત્રમાં સધાયેલી પ્રગતિએ અર્થતંત્રનું સમગ્ર ચિત્ર પલટી નાખ્યું છે. જો આવતા બે દશકાઓ પર્યંત જગતની સુલેહ શાન્તિ જળવાઇ રહે અને આંધળોડની ભાવના જળવાય તો આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનો એવી રીતે લાભ લઇ શકાય કે જેથી સમગ્ર માનવ કુટુંબને જીવનનું એક વ્યાજબી ધોરણ સુલભ બનાવી શકાય–પછી ભલે તે જોઇએ તેટલું સંતોષદાયક કે મહત્વાકાંક્ષી ન હોય.

(ગ) સંદેશ વ્યવહારમાં થયેલી જબરદસ્ત પ્રગતિએ–ખાસ કરીને શક્તિશાળી જાગતિક લોક અભિપ્રાયે–શોષણખોર અને શોષિત એમ બે વર્ગમાં વિભક્ત એવી આ દુનિયા લાંબો વખત ચાલુ રહે એ અશક્ય બનાવ્યું છે. આ હકીકત સામાજિક અને મજદૂર વિષયક નિયમ–અધિનિયમોની એ વિશાળ હારમાળા–કે જેની માર્કસે ભાગ્યેજ કલ્પના કરી હોત–માં વ્યકત થઈ રહેલ છે. ઔદ્યોગિક સંસ્થાઓના વહિવટમાં તેમ જ સામૂહિક વ્યાપારના વહિવટમાં મજદૂરો ભાગ લે એવા એક જમાનામાં આપણે પ્રવેશ તો કયારનોયે કરી લીધો છે.

(ઘ) રાજ્યતંત્રનો અનેક રીતે વિકાસ થયો છે. કંપની કાયદો, સીધા કરો, સામાજિક વીમા યોજના અને એવી બીજી ગોઠવણો અને કાનુની પદ્ધતિ મારફત ઉદ્યોગો દ્વારા શોષણ કરવાની તથા મબલખ નફો પ્રાપ્ત કરવાની વૃત્તિઓનું આજે રાજ્યતંત્ર અનેક રીતે નિયંત્રણ કરી શકે છે.

રાષ્ટ્રીયકરણના વિરોધની વિચારસરણી

એક તરફ સત્વર રાષ્ટ્રીયકરણ થવું જોઇએ એવી વિચારસરણીના હિમાયતીઓ દલીલ કરે છે કે બદલા સહિત યા બદલો આપ્યા વિના મોટા પાયા ઉપર અને ઝડપી રાષ્ટ્રીયકરણ થવું જોઇએ, તો બીજી તરફ એક એવી વિચારસરણી ધરાવનારાઓ છે કે જેઓ આ નીચેના મુદ્દાઓ પર રાષ્ટ્રીયકરણનો વિરોધ કરે છે. લોકશાહીની મૂળભૂત ભાવનાને અનુ-લક્ષીને, તેમની દલીલોનો પણ આપણે યોગ્ય વિચાર કરવો જરૂરી છે. તેમની દલીલો આ છે:–

(૧) રાષ્ટ્રીયકરણની નીતિ, લોકશાહીની ભાવનાની–ધારણાની–વિરોધી છે. રાષ્ટ્રીયકરણથી વ્યકિત–સ્વાતંત્ર્યનો ઉચ્છેદ થાય છે અને વ્યકિતગત સાહસ રૂંધાય છે.

(૨) ધારાકીય પ્રવૃત્તિ એટલી ઝડપથી આગળ વધી રહી છે અને એટલા મોટા પ્રદેશને આવરી રહી છે કે તેથી ભડકી ઉઠેલું જનતાનું માનસ કે જે સ્વાભાવિક રીતે તેની સાથે ગતિ કરી શકતું નથી તે અટવાઈ જાય છે અને એક બીજા પ્રકારના શોષણનો ભોગ બને છે.

(૩) તેઓ સનદી નોકરોની વધતી જતી સંખ્યા પ્રત્યે આંગળી ચીંધે છે અને ફરિયાદ કરે છે કે સમગ્ર રાષ્ટ્ર સફેદ નોકરશાહીની જગ્યાએ આવેલ દેશી નોકરશાહીના હાથમાં સોંપાઈ રહ્યો છે.

(૪) અને તેવાના હાથમાં, રાષ્ટ્રીયકરણની નીતિને પરિણામે અસાધારણ શકિત અને સંપત્તિનો સંચય થશે અને તેના પરિણામે રાજ્ય–શાસિત મૂડીવાદ (State Capitalism) ની સ્થાપના થશે અને આનુષંગિક રીતે એક ચોગઠામાં જકડાયલા રાજ્યતંત્રનો ઉદય થશે.

રાષ્ટ્રીયકરણની નીતિને બીજાનું બધું ઝૂંટવી લેવાની રાજ્યનીતિ સાથે ગુંચવવી ન ઘટે. બ્યાજબી કારણોના આધાર ઉપર કોઈ પણ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવે છે. જાહેર હિત અને હેતુસર કોઇ પણ મિલ્કતનો કબજો લેવાનો રાજ્યનો હક્ક એ લોકશાહીની કાર્ય–ક્રિયામાં કોઈ નવું તત્વ નથી.

એક સામાજિક હેતુ

માત્ર રાષ્ટ્રીયકરણ કરવા ખાતર જ રાજ્ય કોઇ પણ સંસ્થાનું રાષ્ટ્રીયકરણ કરતું નથી. રાષ્ટ્રીયકરણ કરવાનાં રાજ્યનાં એ પગલાંની ભીતરમાં એક સામાજિક હેતુ હોય છે. રાષ્ટ્રની અર્થ–વ્યવસ્થાના ધોરી પ્રવાહોને સુરક્ષિત બનાવવા માટે ભારે ઉદ્યોગો અથવા તો પ્રમુખ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કરવાનો રાજ્ય નિર્ણય કરે છે. ઉત્પાદન વધારવા માટે, કાર્યક્ષમતા વધારવા માટે અને મઝદૂર–માલિક સંબંધોનું એક આદર્શ માળખું રચવા માટે પણ તે ઉદ્યોગોનું રાજ્ય રાષ્ટ્રીયકરણ કરે છે.

નોકરશાહીવાદ અને રાજ્યશાસિત મૂડીવાદ અંગેની ભીતિ રાખવા માટે ઉત્તમ ઉપાય તો એ છે કે ખાનગી ઉદ્યોગોએ સમયને ઓળખતાં શીખવું જોઇએ અને ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનો સ્વીકાર કરવો જોઇએ. એ પ્રમાણે જેટલું વહેલું તે કરશે તેટલું તેમનું કાર્ય રાષ્ટ્રના હિતમાં હશે. ખાનગી ઉદ્યોગોના ક્ષેત્રમાં જેઓ પ્રભાવ પાડી શકે છે તેઓ–પછી ભલે તે રાજદ્વારી કાર્યકરો હોય, અથવા તો વ્યાપારીઓ હોય અથવા તો ભલે તે સલાહકારો હોય–રાષ્ટ્રની જરૂરિયાતો અંગે કેવી રીતે વર્તે છે તેના ઉપર મોટે ભાગે ભારતનું લોકશાહી ભાવિ અવલંબે છે. આને અંગે કેટલાંક સ્વાસ્થ્યસૂચક ચિહ્નો આજે દૃશ્યમાન છે. પરંતુ આપણી મંઝિલ ઘણી દૂર છે અને આપણે ઘણું પ્રાપ્ત કરી લીધું છે એવો આત્મસંતોષ ચિન્તવીને બેસી રહેવાનું આપણને પાલવે તેમ નથી. રાજ્ય હસ્તકના ઉદ્યોગો અને ખાનગી માલેકીના ઉદ્યોગો એ બન્નેએ સાથે મળીને એક એવી ઔદ્યોગીક લોકશાહી માટે કાર્ય કરવાનું છે કે જેમાં ઔદ્યોગિક અર્થ–વ્યવસ્થાના વિકાસની જવાબદારીમાં મઝદૂરો વધુને વધુ ભાગ ભજવે અને ફાળો આપે. સમાજના ઉત્પાદક અને રચનાત્મક કાર્ય–યત્નમાં મઝદૂરો પોતે ખરેખર કેટલો ફાળો આપી શકે છે તેના પર જ તેમના નવા ગૌરવનું સ્થાન અવલંબિત છે એવી માન્યતાને અપનાવી લેવાનું મઝદૂરો માટે પણ એટલું જ જરૂરી છે. મઝદૂરોનાં રજીસ્ટરો પર તેમનાં નામો નોંધાયા છે એટલે કે માત્ર સંખ્યાથી નહિ પણ શ્રમ શક્તિ અને ગુણવત્તાથી જ મઝદૂરો સમાજમાં ગૌરવભર્યું સ્થાન પામી શકશે. સમાજવાદની લડાઈ પ્રત્યેક દિશામાં પ્રત્યેક ખૂણે લડવાની છે પરંતુ શાળાઓ, ખેતરો અને કારખાનાંઓ એ તેનાં મુખ્ય મહત્વના મોરચાઓ છે કે જેમાંથી નવાં મૂલ્યોએ વિજયી થઇને બહાર પડવાનું છે.

હવે આપણે સમાજવાદનાં બીજાં પાસાંઓ–જેમ કે વિતરણ અને વિનિમયનાં માધ્યમોનું રાષ્ટ્રીયકરણ, ખેતીવાડી, ગૃહઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગો અને એવાં ઉત્પાદનનાં માધ્યમોનું રાષ્ટ્રીયકરણ વગેરે–વિષે વિચાર કરીએ. સામ્યવાદીઓની માન્યતા એ છે કે ઉત્પાદનનાં માધ્યમોની માલિકી સમાજના સ્વરૂપને નક્કી કરે છે તેથી, અને રાષ્ટ્રીયકરણ દ્વારા સામૂહિક માલિકી એ સમાજવાદનાં ધ્યેયોની સાધના માટેનું એક માત્ર સાધન છે તેથી, અને રાષ્ટ્રના આર્થિક જીવનમાં વિતરણ અને વિનિમય એ પણ એટલું જ મોટું ક્ષેત્ર છે તેથી તે ક્ષેત્રનું પણ રાષ્ટ્રીયકરણ થવું જોઇએ.

આપણો જવાબ સહકાર

આ અંગે કોંગ્રેસ એમ સ્પષ્ટ માને છે કે આ ક્ષેત્રો–ચાહે તે વિતરણનું હોય, વિનિમયનું હોય, ખેતીવાડીનું હોય કે નાના પાયાના ઉદ્યોગોનું હોય–આ ક્ષેત્રોના રાષ્ટ્રીયકરણના પ્રયત્નમાંથી એકહથ્થુ રાજ્યશાસન–સરમુખત્યારશાહી જ જન્મે અને એ સિવાય બીજું કોઇ પરિણામ ન આવે. ત્યારે તે ક્ષેત્રોમાં નફાખોરીને આપણે કેવી રીતે નાબૂદ કરવા ધારીએ છીએ ? આપણો જવાબ છેઃ "સહકાર દ્વારા."

આપણે પહેલાં વિતરણ ક્ષેત્ર લઇએ. સંગ્રહખોરી, કાળા બજારો અને નફાખોરી દ્વારા, વિતરણ માધ્યમો રાષ્ટ્રની અર્થ–વ્યવસ્થાને ખોરવી નાખી શકે–ઉલટાવી શકે તેમજ તેઓ સંપત્તિની અયોગ્ય અને ગેરવ્યાજબી વહેંચણી માટેના હાથા બની શકે–તેના વિરુદ્ધમાં કાંઈ કહી શકાય તેમ નથી. પાછલાં પંદર વરસ દરમ્યાન તેમની બે–થી ત્રણ વાર કસોટી કરવામાં આવી છે, પરંતુ મહદ્ અંશે તેમાં આપણને નિરાશા સાંપડી છે. આમ છતાં આપણે એ પણ જોવાનું છે કે એક પ્રકારની ઉલટ પાલટ માંથી આપણી જાતને બચાવવા જતાં બીજા પ્રકારની ઉલટ પાલટ ની ઉલઝનમાં આપણી જાતને નાખી ન દઇએ. વિતરણ પ્રથાના રાષ્ટ્રીયકરણનો અર્થ શું હશે ? તેનો અર્થ હશે, રાષ્ટ્રમાંના સમગ્ર વ્યાપાર ઉપર સંપૂર્ણ અંકુશ–નિયમન. એક એવી પણ પરિસ્થિતિ ઉપસ્થિત થાય કે કોઇ એક વિતરણ માધ્યમ સમયની ભાવનાને અનુરૂપ વર્તન ન કરે અને ત્યારે આપણે તેવી કોઇ ચીજ વસ્તુનું વિતરણ આપણા હાથમાં જરૂર લઈ લેવું પડે, પરંતુ સમગ્ર ખાનગી વ્યાપાર અથવા તો લગભગ સઘળો ખાનગી વ્યાપાર હાથ કરી લેવો એ બીલકુલ વિચારી ન શકાય એવી વિચિત્ર વાત છે. તેના કરતાં તો મૂળથી જ એટલે કે કારખાનામાં માલ તૈયાર થઈ જાય તે તબક્કે આવા વ્યાપારનું વ્યવસ્થા સંચાલન કરવાનું અને આવો માલ વાપરનારાઓના હાથમાં સહકારી માધ્યમો દ્વારા નિયમિત માલ પહોંચાડતા પહેતિસરનાં વ્યાપારી સંઘોની રચના કરવાનું વધારે સરળ અને લાભદાયક થશે. ખાનગી વ્યાપાર ક્ષેત્ર તો રહેશે જ, પણ તેણે હરીફાઈ કરવી પડશે સહકારી સંઘો સાથે કે જે એક મહત્વના અંકુશની ગરજ સારી શકશે.

હવે લઇએ વિનિમય. એ પ્રશ્ન પ્રમાણમાં સરળ છે. વ્યવસ્થિત વ્યાપારી સંઘો અને સહકારી એકમો દ્વારા આપણે તેનું નિયમન કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. આમ છતાં, જો કદાચ આપણે વ્યાપારની કોઈ એક શાખાનો અસરકારક સહકાર મેળવી ન શકીએ તો કોઈ પણ સમયે રાજ્ય તેમાં પ્રવેશ કરી શકે છે અને તેવી શાખા હાથમાં લઈ શકે છે.

મઝદૂરોને કાર્યપ્રેરણા

જેમાં લાખો લોકો કામ કરે છે એવા ગૃહઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોનું સહકારી સંઘો સિવાય નિયમન કરવાનું લગભગ અશક્ય જ છે. જો રાજ્ય એક સ્થિર અને સરળ વેચાણ વ્યવસ્થા સ્થાપી શકે તો ઉકત ઉદ્યોગોમાં કામ કરતા મઝદૂરોને "મઝદૂરોનાં કેન્દ્રો" અને "સહકારી સંઘો" ની વ્યવસ્થા રચના કરવાની પ્રેરણા મળી રહેશે. આનાથી માલ વાપરનારાઓના હિતાર્થે માલની જાત અને તેની કિંમત પર રાજ્ય નિયમન કરી શકશે અને મઝદૂરોને યોગ્ય અને બીન–શોષણખોર વેતનોની ખાત્રી આપી શકાશે.

સ્થિર ગ્રામ્ય અર્થ–વ્યવસ્થા

છેલ્લે, ખેતીનું ક્ષેત્ર લઇએ. કરોડો ટૂકડાઓમાં વિભાજિત આપણી ખેતીના ક્ષેત્રનું નિયમન જરૂરી અર્ધસરકારી માધ્યમો–મુખ્યત્વે કરીને પ્રોજેક્ટ એડવાઈઝરી બોર્ડો અથવા તો નેશનલ એકસટેન્શન સ્કીમ એડવાઈઝરી બોર્ડો મારફતની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ ગાંવ સભાઓ, ગ્રામપંચાયતો અને સહકારી સંઘો દ્વારા કર્યા વગર આપણી પાસે બીજો કોઇ વિકલ્પ નથી.

સહકારી ખેતીની પ્રથા દાખલ કરવાની શકયતા અને ઉપયોગીતા અંગે અત્યારે વાદવિવાદ ચાલી રહ્યો છે. એમાં તો શંકા નથી કે આ પ્રશ્ન સાથે ઘણી મુશ્કેલીઓ સંકળાયેલી છે. આપણો ખેડૂત વ્યક્તિ–વાદમાં માને છે. સહકારી ખેતી માટે જરૂરી અને જેવું જોઇએ તેવું શિક્ષણ તેણે મેળવ્યું નથી. બીજાઓ પર તેણે આધાર રાખવો પડશે અને તેમ કરવા તે ખુશી નથી, તૈયાર નથી. ખેતરની માલિકીનું મૂલ્ય તેને મન માત્ર આર્થિક મૂલ્ય જ નહિ પણ આત્મગૌરવનું–સ્વમાનનું–મૂલ્ય છે. વર્ષા–ઋતુની નિષ્ફળતાને કારણે સહકારી ખેતીના પ્રયત્ન છિન્નભિન્ન પણ થઈ જાય. સામાજિક શિક્ષણની જરૂરી પાર્શ્વ–ભૂમિકા હજી સુધી તૈયાર કરી શકાઈ નથી. અને આ રીતે અનેક મુશ્કેલીઓ ગણાવી શકાય. પરંતુ પ્રશ્ન તો એ છે કે આપણે આગળ કેમ વધીશું ? આપણી ભાવી પ્રગતિનો આધાર આપણી ખેતીના વિકાસ ઉપર છે. જો આપણી ખેતીની કાર્યક્ષમતામાં ઓછામાં ઓછો

૨૦૦ ટકાનો વધારો આપણે ન કરી શકીએ તો આપણો દેશ જીવી શકે એવી આશા નથી જ.

એક દૃષ્ટાંત લઇએ. બીજી પંચવર્ષિય યોજના પાર પાડવા માટે આપણે કટિબદ્ધ થયા છીએ. આને માટે આપણે કરવેરા વધારવા પડ્યા છે. જો આપણને એવી જ બાંધનો પાછો સામનો કરવાનો હશે તો આવતે વર્ષે આપણે હજી કેટલા અને કયાં સુધી કરવેરા વધારી શકીશું એ કહેવું ખૂબ જ મુશ્કેલ છે. તેનો અર્થ એમ થાય કે આપણા રાષ્ટ્રની પ્રગતિ થોડાં વરસ મોડી થાય. મોહું આપણને પાલવશે ? આપણી પાસે એટલો સમય છે ? અરે, અત્યારે જેમ છે તેમ, આપણે સમયની સામે દોડ કરી રહ્યા છીએ.

વળી સ્થિર ગ્રામ્ય અર્થ વ્યવસ્થાના સંદર્ભ વિનાની સ્થિર અને સ્થાયી પ્રગતિની રાષ્ટ્રને આપણે ખાત્રી આપી શકીએ નહિ. મૂડીવાદી અર્થ વ્યવસ્થાથી આપણે જેમ દૂર જતા જઇએ છીએ તેમ બચતો દ્વારાની મૂડી સંયોજનાનો સંપૂર્ણ વિચાર એક જૂદોજ આકાર લઇ રહ્યો છે. બચતો તો અલબત્ત, રહેશેજ. પરંતુ જીવનધોરણ પણ ઊંચું જશે. એવું કોઇ નહિ હોય, જેને આપણે ભૂખે મારી શકીશું અથવા આપણા ઉદ્યોગોના વિકાસ માટે તેનું શોષણ કરી શકીશું.

વિશેષમાં, આપણી ખેતી પ્રાથમિક તબક્કાઓમાં છે, એટલું જ નહિ પણ, તેનો મુખ્ય આધાર વર્ષા ઋતુ પર છે. આપણે આપણાં સાધનમૂડોની અગાઉથી ગણતરી કરી શકીએ, પણ એવી ગણતરી એ સટ્ટાની ગણતરી જેવી વિશેષ હશે. સટ્ટા જેવા અડસટ્ટાઓની ગણતરી ઉપર આધારિત એવી વિકાસની યોજના આપણે વિચારી ન જ શકીએ. મારા મનમાં એ બાબત લવલેશ શંકા નથી કે યોજનાબધ્ધ વિકાસ માટે, પ્રગતિ માટે, સ્થિર ગ્રામ્ય અર્થવ્યવસ્થા હોવી એ પ્રથમ અને સૌથી વધુમાં વધુ મહત્વની તેમજ જરૂરી સ્થિતિ અને શરત છે. ૧૯૫૬-૫૭ દરમ્યાન આપણને મળેલો બોધપાઠ પણ એ જ દિશામાં આંગળી ચીંધે છે. એક રીતે જોઇએ તો આપણાં ખેતરો પર પડતી પ્રત્યેક તોફાની અને નુકશાનકારક પવનની લહેરખીથી આપણી પંચવર્ષીય યોજનાને અસર પહોંચે છે. આવી પરિસ્થિતિમાં કૈયે ધરપત રાખીને કયો દેશ આગળ ચાલી શકે ?

વિદેશી મદદ

આપણા દેશમાં એવા પણ કેટલાક લોકો છે જેઓ વિદેશી મદદ ઉપર મદાર બાંધીને બેઠા છે. પ્રથમ તો, દરેક રાષ્ટ્રની સમક્ષ તેના ઘર આંગણાની સમસ્યાઓ રહેલી હોય જ છે–પછી ભલે તેની સંપત્તિ અઢળક હોય જો કોઇપણ રાષ્ટ્રે બીજાં રાષ્ટ્રો સાથે મૈત્રીભર્યા સંબંધો જાળવી રાખવા હોય તો તેવાં રાષ્ટ્રોની જરૂરીયાતોની સહાય કરવાની બાબતમાં તે રાષ્ટ્રે સમતોલપણું સતત જાળવી રાખવું પડે છે. બીજું, કોઇપણ એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર તરફથી પ્રાપ્ત થતી આવી સહાય-નૈતિક ફરજોના પ્રશ્નો ઉપસ્થિત કરે છે, પછી ભલે તેવી સહાય કોઇપણ શરતોને આધીન ન હોય. ત્રીજું, સમગ્ર દુનિયામાં એવો કોઇ પણ દેશ નથી કે જે તેના ખભા પર આ દુનિયાની વસ્તીના છઠ્ઠા ભાગની વસ્તીના વિકાસ માટેનો વધારાનો ભાર વહન કરી શકે.

એટલે, જો આપણે યોજનાબદ્ધ વિકાસની ખેવના ધરાવતા હોઇએ તો આપણા મૂળભૂત પાયાને મજબૂત કર્યા વિના આપણી પાસે બીજો કોઇ વિકલ્પ નથી. આપણી ખેતી અને આપણી વિરાટ "માનવ–શક્તિ"—એ આપણા અર્થકારણનો પાયો છે અને ઘણા લાંબા સમય સુધી એ મુજબ જ રહેશે.

માનસિક ફેરફાર

તે પાયાને કેવી રીતે મજબૂત બનાવવો ? આપણે એ જોવાનું છે કે તે પાયો મજબૂત અને સંગઠિત બની રહે. જો પાયો ઢીલો હશે તો ઉપર ઉપરથી આપણું ગમે તે કરીશું તો પણ આપણી મુશ્કેલીઓ દૂર નહિ થાય. સર્વ પ્રથમ શરત તો એ છે કે જમીનના ખેડનારને–ખેડૂતને–શોષણખોરીની જંજીરોમાંથી મુક્તિ મળવી જોઇએ. ખેડૂતોની ભાવનાઓને ઉત્સાહિત અને સંગઠિત કરવાનું ધ્યેય આપણા જમીનસુધારાવિષયક નિયમો–અધિનિયમોદ્વારા વ્યક્ત થાય છે. દલાલો, વચગાળાના માણસો, ભાગબટાઈ, પાક–વહેંચણી અને પેઢી પરાણી જાગીરદારશાહી–જમીનદારશાહી સાથે સંકળાએલી એવી બીજી અનેક બાબતોનાં બંધનોમાંથી એક વખત ખેડૂત વર્ગને મુક્ત કરવામાં આવે તો તેને સમાજ તરફથી વિપુલ ઉત્પાદન માટે કરવામાં આવતો પડકાર તે જરૂર ઝીલી લે છે એવો મારો અનુભવ છે. આના પરિણામે નીપજતો માનસિક ફેરફાર અનેક આશ્ચર્યો સર્જે છે. ખેડૂતો એટલે ખરેખર જાતે જમીન ખેડનારા અને નહિ કે જમીનના માલિકો જેઓ ઘેરબેઠાં બીજાની મહેનતના ભોગે પોતે ખાય છે અને જેમનાં નામ જ માત્ર જમીનનાં યાદીપત્રકોમાં નોંધાયાં હોય છે તે. તેથી કોઇ પણ જમીન સુધારાએ અથવા તો તદ્વિષયક કાયદાએ આ ત્રણ મૂળભૂત શરતો સંતોષવી જોઇએ: (૧) રાજ્યતંત્ર સાથે જ ખેડૂતનો સીધો સંબંધ અને સંપર્ક હોવો જોઇએ. (૨) જમીનના એક જૂદા ટૂકડાની લાલચ આપીને જમીનદારના પક્ષમાં તેને સ્થાન-ભ્રષ્ટ કરવો ન જોઇએ. (૩) તે જેટલો ભારવહન કરી શકે તેના કરતાં વધારે ભાડાનો યા બદલા જેવી બાબતોનો ભાર તેના પર લાદવો ન જોઇએ. કોઇપણ કિસ્સામાં સામાન્ય સરકારી મહેસૂલની આકારણીના અમુક ચોક્કસ પ્રમાણથી વધારે આકારણીનો બોજો તેના પર નાખવો જોઇએ નહિ. અલબત્ત સ્થળ અને સંયોગોને આધીન તેમાં ફેરફાર કરી શકાય. બોજાના વધારાનો એકેએક રૂપિયો તેના માનસિક ફેરફારને પ્રતિકુળ અસર કરશે અને પરિણામે તેની ઉત્પાદન–શક્તિ અને શકયતામાં ઘટાડો આણશે.

પહેલું, ખેતીનો ધંધો આખા સમયનો ધંધો ગણાવો જોઇએ. જેટલા પ્રમાણમાં ખેડૂત અથવા તેનું કુટુંબ ખેતીના કાર્યમાં ઓછું રોકાયેલું રહેશે તેટલા પ્રમાણમાં ખેતીનો વિકાસ અધૂરો અને ઓછો થશે. એટલે જો તેને ખેતીમાંથી પૂરતી આવક પ્રાપ્ત થતી ન હોય તો તેના માટે બીજા કોઇ એક સહાયકારી વ્યવસાયની અથવા પૂરક કમાણી માટે બીજા ઉદ્યોગની વ્યવસ્થા થવી જોઇએ. વણાટકામ, હસ્તકલાઓ અથવા તો ગૃહઉદ્યોગો. અને નાના પાયા ઉપરના ઉદ્યોગોદ્વારા સહેલાઇથી આવી પૂરક કમાણી તે પ્રાપ્ત કરી શકશે.

બીજું, રાજ્ય–સંચાલનનું સમગ્ર તંત્ર તેને મદદ કરે તેવી વ્યવસ્થા થવી જોઇએ. આને માટે કોમ્યુનીટી પ્રોજેક્ટ બ્લોકસ અને નેશનલ એકસટેન્શન સર્વિસ સેન્ટરો સારાં માધ્યમો બનવાં જોઇએ. પરંતુ તે અંગે જીલ્લાવારી પ્રમાણે કોઇ પણ પ્રકારની એકાંગી વિચારણા થવી ન જોઇએ. સારી અને કાર્યદક્ષ કાર્યરચનાને કોઇ એક નાલાયક અમલદાર સહેલાઇથી ખેરવિખેર કરી શકે છે. રાજ્યતંત્રનું વળાણ બદલાઈ જવું જોઇએ. રાજ્ય સચિવાલયોમાં હજી એવાં પણ ઉચ્ચ કક્ષાના અમલદારો છે કે જે તેમને વિશ્વાસમાં લેવામાં આવે તો આ ક્ષતિને દૂર કરવા માટે તેઓ તત્પરતા ધરાવે છે. આજે જીલ્લાઓનું તંત્ર પહેલાં કદી પણ ન હોતું તેથી વધુ એકાંગી બની ગયું છે. રાજ્યતંત્રની પ્રત્યેક શાખા એ પોતેજ એક સ્વતંત્ર વૃક્ષ જેવી બની ગઈ છે. તે બધાની વચ્ચે ભાગ્યેજ કોઇપણ પ્રકારનું સંયોજન કે અનુસંધાન દેખાય છે.

ત્રીજું, સરકારી અને બીન–સરકારી તંત્રે 'સહકાર' ઉપર વધુ અને વધુ ધ્યાન આપવું જોઇએ. એક રીતે તો એ એક સામાજિક સમસ્યા છે. ખેતી માટેની સુધારેલી રીતી–પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ અપનાવવા માટે તેમજ "વધારે વ્યવસ્થિત ખેતી સહકારી મંડળીઓ" (Co-operative Better Farming Societies) ની સ્થાપના અર્થે લોકોને સમજાવવા માટે આપણે ગ્રામ્યસભાઓ અથવા ગ્રામ–પંચાયતો અથવા તો તે બન્નેનો આશ્રય લઇ શકીએ છીએ. શરૂઆતમાં આવી સહકારી મંડળીઓ ખેતીના વ્યાપારવિષયક અંગોની બાબતો હલ કરશે અને જેમ જેમ તેઓ વધુ અને વધુ વિશ્વાસ સંપાદન કરે તેમ તેમ આ માર્ગે આગે કદમ કરી શકાશે. આમ કરવાથી વ્યક્તિગત ખેતીકાર્યમાં વિક્ષેપ નહિ થાય, તેમજ ઉત્પાદનને લગતાં ખેડૂતોના હિતને પણ કોઇ ધક્કો નહિ લાગે. સહકારી મંડળીઓનું એક મહત્વનું અંગ છે સહકારી ધીરાણ અને માલ–વેચાણ. ખેડૂતોને આની સામે કોઇપણ વાંધો યા વિરોધ હોઇ શકે નહિ. ઉલટું ખેતીવાડીનાં બીજા ક્ષેત્રોમાં સહકારને વિસ્તૃત કરવા માટેની જરૂરી ભૂમિકાનું સર્જન કરવા માટે આ સંસ્થાનો ઉપયોગ કરી શકાશે.

એટલે, ભારતની અર્થવ્યવસ્થાનું કોંગ્રેસે કલ્પેલું ચિત્ર નીચે પ્રમાણે હશે :–

(ક) મુખ્ય ઉદ્યોગો અને ઉપર વર્ણવ્યા છે તેવા પ્રકારના ઉદ્યોગોનું મોટા પ્રમાણમાં રાષ્ટ્રીયકરણ કરવું.

(ખ) સંપત્તિનો સંગ્રહ, નફાખોરી, સંગ્રહખોરી અને એવી બીજી સમાજ–વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા માટે રાજ્યના આર્થિક અને ધારાકીય તંત્રનો પૂરેપૂરો ઉપયોગ કરવો.

(ગ) ઉદ્યોગોમાં કામ કરતા કામદારો તે તે ઉદ્યોગોના વ્યવસ્થા-સંચાલનમાં પ્રાગતિક રીતે સંકળાએલા રહેવા જોઇએ; અને તેની સાથે સાથે સામૂહિક વ્યાપારના સિધ્ધાંતનો વિકાસ કરવો જોઇએ. આમ થતાં, નોકરશાહીવાદ અથવા તો રાજ્યમૂડીવાદના ભય સામે સહજ કિલ્લેબંધી થઈ જશે.

(ચ) પ્રમાણિત વ્યાપારી સંઘો (recognised trade associations) અને સહકારી મંડળીઓ (Co-operatives) ની રચના દ્વારા વ્યાપારનું નિયમન થવું જોઇએ જેથી ઉત્પાદિત માલની વહેંચણીનો પ્રવાહ સરળ અને વ્યવસ્થિત બને.

(છ) યોગ્ય તપાસ હેઠળ આયાત અને નિકાસ વ્યાપાર થવો જોઇએ. આર્થિક અથવા તો બીજી કોઇપણ ભૂમિકાના અનુસંધાનમાં જ્યારે જ્યારે રાજ્યને રાષ્ટ્રના હિતમાં અંશતઃ અથવા સમગ્રપણે તથા કોઇપણ એક ચીજનો અથવા તો ચીજોનો વ્યાપાર હાથ કરવાનું જરૂરી

લાગે ત્યારે ત્યારે રાજ્યે તે પ્રમાણે તેવી ચીજ યા ચી[illegible] વ્યાપાર પોતાના હાથમાં લઈ લેવો જોઇએ.

(જ) ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગો તથા ? [illegible] પાયાના ઉદ્યોગોની સહકારી ધોરણે વ્યવ[illegible]મીર પ્રયત્નો કરવા જોઇએ. રાષ્ટ્રની આયોજિત [illegible] હિતમાં ગ્રામ્ય અર્થવ્યવસ્થાને સ્થિર અને સ્થાયી કરવ[illegible] વિભાગનો પૂર્ણ વિકાસ જરૂરી છે.

(ઘ) ખેતીવાડીના ક્ષેત્રે, જમીનનો ખેડનાર રાજ્ય સાથે સીધો સીધો સંપર્ક અને સંબંધમાં રહે તે અર્થે પગલાંઓ લેવાવાં જોઇએ. આવા જમીન સુધારાના ફાયદાઓની પ્રાપ્તિ જમીન ખેડનારને જ થવી જોઇએ અને બેઠાડુ જમીનદારો (absentee landlords) માટે—ખાસ કરીને જેઓ રાષ્ટ્રની રક્ષણ સેનાઓમાં જોડાયલા હોય તેવાઓ માટે —પોતે જાતે ખેતી કરે યા જમીન ખેડે તે માટે પણ જરૂરી નિયમો કરવા જોઇએ. પરંતુ કોઇપણ સંયોગોમાં આ સુધારાઓના પરિણામે ખેડૂત યા ખરેખરો જમીનનો ખેડનાર કેઁકાઈ જવો ન જોઇએ. તેવી રીતે ભાડા યા બદલારૂપી જેટલો બોજો જમીન ખેડનાર ઉપાડી શકે તેનાથી વધુ તેણે ઉપાડવો જોઇએ યા સહન કરવો જોઇએ એવી તેની પાસેથી અપેક્ષા રાખવી ન જોઇએ.

(ટ) સહકારી સંઘોની રચના અને વ્યવસ્થા કરવા માટે ખેડૂતને સમાજે સહાય કરવી જોઇએ. આ દિશામાં, પાકવાવણી, લઢણી વગેરેની પૂર્વ અને પશ્ચાત્ વ્યાપારિક પ્રવૃત્તિઓ સહકારી સંઘો દ્વારા થાય તે રીતે શરૂઆત થવી જોઇએ. ધીરાણ અને માલવેચાણ પણ શક્ય હોય ત્યાં સુધી સહકારી માર્ગોદ્વારા થવાં જોઇએ.

(ઠ) રાષ્ટ્રની અર્થ—વ્યવસ્થાનું સમગ્ર માળખું ખેતીવાડીમાંથી થતા ઉત્પાદનની સ્થાયી વૃદ્ધિ ઉપર અવલંબિત છે. તેથી કોમ્યુનીટી પ્રોજેક્ટસ બ્લોકસ અને નેશનલ એક્ષટેન્શન સર્વિસદ્વારા ચાલી રહેલ ખુનીયાદી પ્રવૃત્તિની સાથે રાજ્યના તંત્રનું સંયોજન થવું જોઇએ, જેથી જમીન ખેડનારાઓને ખેતી સુધારવા માટે સહાય કરી શકાય અને કોઇપણ રૂપમાં યા પ્રકારે થતા તેના શોષણ સામે તેનું રક્ષણ કરી શકાય. ઉક્ત હેતુ માટે ગાંવસભાઓ અને પંચાયતોની સેવાઓનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઇએ.

(ડ) સંપત્તિ અને આવકની વિષમતાઓ અને બોજાઓની વિષમતાઓનો, માત્ર કોઈ એક વર્ગને સંતોષવાના ત્વરીત—ઉપયોગ પૂરતા—દૃ કે સમયના દૃષ્ટિબિંદુથી, વિચાર કરવો ન જોઇએ, પરંતુ તે વિષમતાઓમાં ભવિષ્યે ઘર્ષણો અને વિખવાદો સર્જન કરવાની શક્યતાઓ રહેલી છે તે દૃષ્ટિએ તેનો વિચાર થવો જોઇએ. આવી વિષમતાઓ—જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે દૃશ્યમાન થાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેનો મજબુતાઇથી અને દૃઢ નિર્ણયાત્મક શક્તિપૂર્વક સામનો કરવો જોઇએ અને તેનું નિવારણ કરવું જોઇએ.

સેવાની ભાવના

જેમાં સામાજિક માલિકી અને સમાજના હિતાર્થે સામાજિક નિયમનો તથા નિયંત્રણો સંડોવાયલા છે એવી આર્થિક બાજુ અંગેની મેં વિગતવાર ચર્ચા કરી લીધી છે. તેમાં અમુક અંશે રાજ્યની ધારાકીય અને કારોબારી સત્તાનો ઉપયોગ પણ સૂચિત છે જ. પરંતુ આગળ ઉપર આપણે જોયું તેમ, સામાજિક મૂલ્યોને વેગ આપવાનું અને પોષવાનું કાર્ય તો હજી બાકી રહી ગયું છે અને સમાજે પોતાની મેળે તે કરવું જ રહ્યું. એટલે કે, ભ્રાતૃભાવ, સાથીભાવ, સહકારની ભાવના. મહેનત પ્રત્યેની મહોબ્બત, બીજાઓની પીઠ ઉપર બોજારૂપ થઇને બેસી રહેવાની અનિચ્છા, સેવા અને સ્વાર્થત્યાગની ભાવના ઇત્યાદિ માનવ ભાવનાઓનો વિકાસ કરવો પડશે અને તેને સર્વવ્યાપક બનાવવો પડશે. આ બધું માત્ર કાયદાકરણ (legislation) થી થઈ શકે નહિ.

બ્રિટીશ પક્ષપદ્ધતિ ઉપરના એક સંવિવાદમાં રજુ કરવામાં આવેલા પ્રેમમાં (સીડની ડી. બેઇલી સંપાદિત) ફ્રાન્સીસ વિલીયમ્સે બહુ જ સુંદર રીતે કહ્યું છે કે :

"બૂડીવાદી અથવા સામ્યવાદી પરિભાષામાં રજૂ કરાતા "આર્થિક માનવ—વાદ" ને સમાજવાદ સ્વીકારતો નથી. તેના સ્થાને સમાજવાદનો પાયો એ માન્યતા ઉપર આધારિત છે કે, જો કે આર્થિક બળોનું મહત્ત્વ તો છે જ, તેમ છતાં પણ માનવીના નૈતિક સ્વભાવની મુખ્યત્વે બુનિયાદી જરૂરીયાત તો એકત્ર થવાની અને સહકાર આપવાની છે એમ સ્વીકારવામાં આવે તો જ એક સારો અને સુંદર સમાજ રચવાની શક્યતા કલ્પી શકાય તેમ છે. વ્યવહાર રાજકારણની પરિભાષામાં કહીએ તો આના પેટાળમાં એ ધારણા રહેલી છે કે વ્યક્તિગત સ્વાર્થો હિતોથી ઇતર પ્રકારનાં પ્રેરક બળો આર્થિક અને સામાજિક પ્રગતિ માટે અત્યુત્તમ ચાલક બળ પુરૂ પાડી શકે છે અને જો માનવો સમજશે કે તેઓ એક એવા સામાજિક સહિયારાપણાના સભ્યો છે જેનો હેતુ તેમણે પસંદ કર્યો છે, સ્વીકાર્યો છે, અને જો તેઓ એમ પણ સમજશે કે સહકાર અને માનવ ભ્રાતૃભાવનું પણ એક હકારાત્મક—વિધાયક—મૂલ્ય છે તો તેઓ જરૂર એકત્ર થઇને વધુમાં વધુ લાભ પ્રાપ્ત થાય તે રીતે કાર્ય કરશે અને તદ્અર્થે પોતાની સમગ્ર શક્તિ અર્પણ કરશે."

વધુમાં વધુ મહત્ત્વની બાબત છે સામાજિક શિક્ષણની—નિશાળના વર્ગો અને જીંદગીની નિશાળ એ બન્નેમાં. પરંતુ આમાં પણ આપણે એવી પદ્ધતિઓ અખત્યાર કરવા નથી માગતા કે જેથી એક ઢાળાબંધી માનસ નિર્માણ થાય. આપણે આ પ્રશ્નને વૈજ્ઞાનિક રીતે હાથ ધરવાનો છે. સ્વ—કેંદ્રિત સમાજનાં પૂરાણાં મૂલ્યોને બદલે આપણાં બાળકો નવાં મૂલ્યો શીખે, સમજે તેમાં આપણું વધારે શ્રેય રહેલું છે તેમાં તો કોઈ શંકાને સ્થાન છે જ નહિ. આ દિશામાં પોતાની શૈક્ષણિક નીતિ ઘડવાની જવાબદારી કોંગ્રેસના શિરે છે જ. આપણા સમાજે ધ્યેયનો એકવાર સ્વીકાર કરી લીધો છે તેથી આપણે શિક્ષણ પદ્ધતિ ઉપર પ્રભાવ પાડતા ધ્યેયને શિક્ષણની પ્રક્રિયાઓથી વિખૂડો પાડી શકીએ નહિ. વિશેષમાં, કોંગ્રેસે વિશાળતર જનસમુદાયને, યુવાનો—યુવતીઓને, સ્ત્રી—પુરૂષોને, ખેડૂતો અને મજદૂરોને, બુદ્ધિશાળી અને બીજી બધી પ્રકારની વ્યક્તિઓને શિક્ષણ આપવાનું છે, તેમનામાં ભાવના પેદા કરવાની છે અને ઉપર ચર્ચા કરવામાં આવેલા એવા કાર્ય-માર્ગ માટે તેણે તેમનું સંગઠન કરવાનું છે.

જાહેર અને સામાજિક વ્યવહાર

વળી સામાજિક પ્રતિજ્ઞામાં દેખીતી વિષમતાઓ તો છે જ. હરિજનો સંબંધમાં છે તે મુજબ આ વિષમતાઓ ધાર્મિક માન્યતાઓના પરિણામે પણ હોય. પછાત જાતિના લોકો સાથેના વર્તાવમાં બન્યું છે તેમ સમાજમાં જડ ઘાલી બેઠેલા અલગતાવાદના પરિણામે પણ હોય. ઐતિહાસિક કારણોને લીધે પણ તે હોય. વહીવટી-શાસનમાં રહેલી ઉંચી નીચી પાયરી અને હોદ્દાના પરિણામે પણ તે હોય. આ બધી વિષમતાઓમાંની પ્રત્યેકનો આપણે અભ્યાસ કરવો પડશે અને જાહેર અને સામાજિક વ્યવહારનાં એવાં ધોરણો પ્રસ્થાપિત કરવાં પડશે કે જે ભારતના બધા નાગરિકોને કોમ, જ્ઞાતિ, જન્મ અથવા ધર્મ, આર્થિક સ્થિતિ અથવા સરકારી હોદ્દો—આવા કોઇપણ પ્રકારના ભેદભાવ વગર એવી પ્રતિષ્ઠાનું અને ગૌરવનું પ્રદાન કરે કે જેના તેઓ પૂર્ણપણે હકદાર છે, અધિકારી છે. સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચેની સામાજિક સમાનતા માટે જરૂરી વાતાવરણનું સર્જન કરવામાં કોઇપણ કાયદા—વિષયક અથવા આર્થિક ગુંચો હવે રહેલી નથી જ. જન્મ. ધન અથવા ધર્મના હક્કો ઉપર અવલંબિત ઊચ્ચ નીચતાની ક્રમવારી યા દાવાઓ સામે આપણે લડવાનું છે. આપણે જનતા અને રાજ્યવહીવટ વચ્ચે એક એવું સાયુજ્ય સાધવાનું છે કે જેથી ઉચ્ચનીચભાવ અને ભયનાં તત્ત્વો પર આધારિત દંડાત્મક અંશ રાજ્યવહીવટમાંથી નાબુદ થાય અને તે સેવાની સંસ્થા બને. શાસનકર્તાઓ અને શાસિત લોકો વચ્ચેનું વર્તમાન ધર્ષણ—જે થોડે અંશે ભૂતકાળનો વારસો છે—તે પણ આપણે દૂર કરવાનું છે.

સૌથી વિશેષ, આપણા રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના દરેક ક્ષેત્રે વધુ અને વધુ ઉત્પાદન માટે, સમાન વહેંચણી માટે અને જીવનની સમાસ તકો માટે આપણે કાર્યપરાયણ બનવું પડશે; અને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે આની સામે કોઇપણ મુશ્કેલીઓ—રૂકાવટો આવી પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેની સામે આપણી નૈતિક તાકાતનો અવાજ ઉઠાવવો પડશે.

આ એક આખા જમાનાનું કાર્ય છે. પ્રવર્તમાન સમયની ભાવના, જાગતિક અભિપ્રાયનું વાતાવરણ, ભારતમાંના અને બીજા બધા પ્રગતિવાદી દેશોમાંનાં સામાજિક બળો અને મૂળભૂત રીતે આપણો જનસમાજ—આ બધા આપણી પડખે છે. આપણા પક્ષે છે. હેતુવીહિન રાજકારણના કાટમાળમાંથી દરેક કોંગ્રેસજન બહાર આવે એમ કોંગ્રેસ ઇચ્છી રહી છે. જો તે તેમ કરી શકશે તો રાષ્ટ્રના ઇતિહાસમાં આ મહાન સંસ્થાએ આપેલ ફાળાને ગૌરવાન્વિત કરતા એક વધુ ઉજ્જવળ પ્રકરણને ઉમેરવાનું શ્રેય તેને મળશે એની મારી શ્રદ્ધા છે.

મૂળ અંગ્રેજી : **શ્રી ઉ. ન. ઢેબર**

સમાપ્ત અનુવાદક : **શાન્તિલાલ નન્દુ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઇ ૯. × ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેંબર ૧, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આત્માનો વિસંવાદ એ જ આજની દુનિયાના વિસંવાદનું મૂળ છે.

(ઈન્ટર નેશનલ રેડ ક્રોસ કોન્ફરન્સના દીલ્હીખાતે ભરાયલા ૧૯ મા અધિવેશન સમક્ષ તા. ૫–૧૧–૫૭ ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણને આપેલા ભવ્ય અને પ્રેરક પ્રવચનના કેટલાક ભાગનો અનુતાદ નીચે આપવામાં આવે છે.)

શાન્તિકાળ તેમ જ યુધ્ધકાળ દરમિયાન રેડ ક્રોસે કરેલી અનેકવિધ સેવાઓ જગવિખ્યાત છે. એ રેડ ક્રોસની ભાવનાને જો આપણે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્ર સુધી પહોંચાડી શકીએ તો તિરસ્કાર અને ત્રાસથી વ્યાકુળ એવી આજની દુનિયા વિષે ભયભીત બનવાનું કશું જ કારણ ન રહે, અને સુખ અને પ્રેમથી ભરેલી દુનિયા આપણે જરૂર નિર્માણ કરી શકીએ. આ સંસ્થાએ પોતાના સ્થાપનાકાળથી આજ સુધી રાષ્ટ્રીય હરીફાઇઓ અથવા તો જાતિગત અવરોધોને કદિ પણ મહત્વ આપ્યું નથી. તે પ્રકારના ભેદભાવથી રેડ ક્રોસની સંસ્થા હંમેશાં મુક્ત રહેલ છે અને જે લોકોને મદદની જરૂર પડી તે લોકોને તેણે મદદ પહોંચાડી છે આ પ્રકારના ભાવ અને અભિગમવડે આપણુ સર્વનું જીવન પ્રેરિત અને પ્રચાલિત બનવું જોઇએ.

રેડ ક્રોસની સ્થાપના થયા બાદ આજ સુધીમાં દુનિયામાં અનેક ફેરફારો થયા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની અસાધારણ પ્રગતિ અને દુનિયાનું વધતું જતું એકીકરણ–આ બે આજના યુગના મહત્વનાં લક્ષણો છે. પૃથ્વી આસપાસ ઉપચંદ્રોનાં પરિભ્રમણ શરૂ થયાં છે અને રાજકીય અને આર્થિક પ્રદેશોમાં, કળા અને બુદ્ધિના ક્ષેત્રમાં નવા ખ્યાલો દુનિયાના સર્વ ભાગો ઉપર પસરી રહ્યા છે. આજે એકમેકથી અલગ બનીને જીવવાનું દુનિયાના રાષ્ટ્રો અને પ્રજાઓ માટે શકય નથી. ભૌતિક સંપર્કોદ્વારા અને આધ્યાત્મિક પરિસ્પંદનોદ્વારા આખી દુનિયાના દેશો એકમેકના નિકટના પડોશી બની રહ્યા છે અને એ પડોશી ભાવ બંધુત્વની અને ભગિનીત્વની ભાવનામાં પરિણામે અને લગભગ એક સરખી ભાવનાઓ અને આદર્શો વડે પ્રેરિત એવા એક પ્રકારના વસુધાકુટુંબમાં પરિણત બને એવો આપણે પ્રયત્ન હાથ ધરવો જોઇએ.

આપણા કમનસીબે આજની દુનિયા એકમેક વિષે શત્રુતા અનુભવતા એવા બે વિભાગમાં વહેંચાઈ ગઈ છે અને આ શત્રુભાવને લીધે ઉપર જણાવેલ પ્રગતિનો માનવ જાત માટે બહુ લાભ લઈ શકાતો નથી. ઉલટું તેનો ઉપયોગ આજના ઠંડા યુધ્ધને વધારે તીવ્ર બનાવવામાં થઈ રહ્યો છે. આવી આજની પરિસ્થિતિ અને સંયોગોમાં રેડ ક્રોસની ભાવના આપણને શું કરવાનું કહે છે ?

અમારા દેશમાં એક સમ્રાટ થઈ ગયો, જેના વિષે અહિં ઉલ્લેખ ામાં આવ્યો છે. તે લોહિયાળ લડાઇના દૃષ્યથી ત્રાસી ગયો હતો. કલિંગ દેશને જીત્યો, પણ તે જીત માટે કરવામાં આવેલી કતલ ઇને તેનો આત્મા ખળભળી ઉઠ્યો, અને તેણે ઉદ્‌ઘોષણા કરી કે હવે આવી લોહીયાળ લડાઇઓ કરવામાં નહિ આવે." આજે લડાઇની ભયંકરતા અને ત્રાસનજક પરિણામોને હળવાં કરવા એટલો જ આપણી સામે પ્રશ્ન નથી, પણ આજના અણુવિષયક સંદર્ભમાં જે માનવજાતનો એક મોટામાં મોટો અપરાધ લેખાવો જોઇએ એવી લડાઇને હંમેશને માટે બંધ કરવી એ પ્રશ્ન આપણી સામે ઉભો છે.

આ બાબતમાં આપણે ત્યાં બુદ્ધ, અશોક અને ગાંધી થઈ ગયા એટલા માત્રથી, આપણે તેમની સલાહ શિખામણને અમલમાં મૂકી છે એમ માની લેવાનું કારણ નથી. આપણને આઝાદી મળ્યા પછીના પહેલા જ વર્ષ દરમિયાન આપણે ત્યાં જે લોહીયેાહ્યણ તોફાનો થયાં અને લોકોએ જે નિર્દયતા અને નિષ્ઠુરતા ભર્યા અત્યાચારો કર્યા તે જેણે જોયા સાંભળ્યા હશે તેને, જે સિદ્ધાન્તો અને આદર્શોનો આપણે દાવો કરીએ છીએ તેથી આપણું આચરણ કેટલું દૂર છે તેનો, બરોબર ખ્યાલ છે. આજે પણ આપણે સામાજિક ન્યાયના નામ અને બહાના નીચે એવી સામાજિક સંસ્થાઓ નીભાવી રહ્યા છીએ કે જે સંસ્થાઓએ સામાજિક અન્યાયને જ આજ સુધી પોષ્યો છે. એનો અર્થ એ છે કે આપણે જે આદર્શોનો દાવો કરીએ છીએ તે આદર્શોને આપણે અમલમાં મુકયા નથી. આપણે બધાય લગભગ એક જ નૌકાના પ્રવાસી છીએ, એક જ પ્રકારના પીંછા ધરાવતા પંખીઓ છીએ.

માનસશાસ્ત્રીઓ કહે છે તે મુજબ, જો આપણે આપણા પ્રતિપક્ષીઓના માનસની પ્રક્રિયાઓ સમજવાની સ્થિતિમાં હોઇએ તો તેઓ અમુક માર્ગે કેમ જાય છે અને અમુક રીતે કેમ વર્તે છે તે આપણે બરોબર સમજી શકીએ તેમ છે. એ રીતે વિચાર કરતાં આપણને એમ પણ માલુમ પડશે કે, આપણી માફક તેઓ પણ ઉદાત્ત જીવન જીવવાની આકાંક્ષા ધરાવે છે. આ દુનિયામાં આપણ સર્વમાં જે એક સર્વસામાન્ય ત્રુટિ રહેલી છે તે એ પ્રકારની માન્યતાને લગતી છે કે, જેને લીધે આપણને જ સંપૂર્ણ સત્ય લાધ્યું છે એમ આપણે પોતાવિષે માનીએ છીએ અને જે કોઈ આપણાથી જુદો પડે છે તે બુરી દાનતથી જુદો પડે છે એવો તેના વિષે આપણે ખ્યાલ ધરાવીએ છીએ: આ રીતે પોતાને સાચા અને સર્વશ્રેષ્ઠ માનવા અને અન્યને ખોટા અને ઉતરતા માનવા–આવી વૃત્તિ ઇતિહાસના પ્રારંભ કાળથી આપણામાં વ્યકત થઇ રહી છે. પરદેશીઓને ગ્રીક શહેરીઓના હકકો અને અધિકારો આપવા સામે પ્લેટોએ વિરોધ દાખવ્યો હતો–એવા ખ્યાલ અને ભયથી કે ગ્રીસના લોકોની જીવનપદ્ધતિ તેમને ભેળવવાથી દૂષિત–અધઃપતિત–બનશે. તે પછીના કાળથી ઉત્તરોત્તર ગ્રીક અને બાર્બેરિયનો (ગ્રીકોની નજરે જંગલી લેખાતા લોકો) વચ્ચે, યાહુદી અને જેન્ટાઇલ્સ વચ્ચે, પ્રોટેસ્ટન્ટસ અને કેથોલિકસ વચ્ચે અને તાજેતરના વર્તમાન કાળમાં સાથીરાજ્યો–'એલાઇઝ' અને ધરીરાજ્યો–'એકસીસ પાવર્સ'–વચ્ચે આ જ પ્રકારનાં ધર્ષણો–અથડામણો–ચાલી રહેલા છે.

એમ કહેવાય છે કે વખત પોતાનું વૈર લે છે, પણ સાથે સાથે મને એમ પણ લાગે છે કે, વખત અણધારી આશ્ચર્યજનક સુભગ ઘટનાઓ પણ પેદા કરે છે. દા. ત. સાથીરાજ્યો અને ધરીરાજ્યો જે એક વખત એકમેકની સામે ટકરાયા હતા તેમની વચ્ચે આજે મોટી મૈત્રી પેદા થઇ છે. આ ઉપરથી ફલિત થાય છે કે કોમ્યુનીસ્ટ અને નોન–કોમ્યુનીસ્ટ દુનિયા વચ્ચેના આજના સંઘર્ષની સુલેહશાન્તિપૂર્વક પતાવટ નહિ જ થાય એમ માનવાને કોઈ કારણ નથી. આપણે અંગત માન્યતાઓ તેમ જ આચરણ અંગે એકાન્તવાદનો ત્યાગ કરવો

જોઇએ અને પરમત વિષે આદર ભાવને ખૂબ કેળવવા જોઇએ. જો આપણે આટલું કરી શકીએ તો આપણે એક સુખી કુટુંબના સભ્યો જેવું જીવન જરૂર અખત્યાર કરી શકીએ.

આજની આપણી સભ્યતા ૧૦૦૦૦ વર્ષ કરતાં વધારે પુરાણી નથી. આપણી સામે ભૂતકાળનો આ રીતે એક લાંબો પટ પડેલો છે. આ ગાળા દરમિયાન આપણી સભ્યતાનાં અનેક રૂપો પ્રગટયાં અને આથમ્યાં અને અનેક સંસ્કૃતિઓ ઉદય અને અસ્ત પામી, અને એમ માનવાને કોઈ કારણ નથી કે, આજની આપણી સભ્યતા એ આપણી સમજણ અને શાણપણનો અન્તિમ પ્રયોગ છે. ઇતિહાસમાં કારણ-કાર્યની એક પરંપરા ચાલે છે. આ દુનિયામાં જે કાંઈ બને છે તે અરાજકતાનો શંભુમેળો નથી, અથવા તો એકમેક સાથે કશો પણ સંબંધ ન હોય એવી મનસ્વી તરંગી ઘટનાઓની આંધળી પરંપરા નથી. જો આપણે આપણા આન્તરરાષ્ટ્રીય સંબંધોમાં નીતિ, પ્રેમ અને ભ્રાતૃભાવના મહાન સિધ્ધાન્તોને વળગીને ચાલીએ અને આપણા જીવનમાં તે સિધ્ધાન્તોનો અમલ કરીએ તો આપણી સભ્યતા ટકી રહેવાનો પૂરો સંભવ છે. પણ આમ કરવાને બદલે આપણા અંગત સ્વાર્થોને પ્રાધાન્ય આપીએ તો આપણું ભાવી અનિષ્ટ-અનર્થપૂર્ણ-જ બને.

આ સંબંધમાં એક ઘટનાની તમને યાદ આપું છું. એક છાપાનો તંત્રી જે મદ્યનિષેધ સમિતિનો સભ્ય હતો અને જે પોતાના છાપામાં મદ્યને લગતી જાહેર ખબર છાપતો હતો તે સામે વિરોધ પ્રદર્શિત કરતાં ગાંધીજીએ તેને પૂછ્યું કે "તમે આમ કેમ કરો છો?" તંત્રીએ જવાબ આપ્યો કે "મારે જીવવું તો જોઇએ ને?" ગાંધીએ તેને જણાવ્યું કે "તમારા જીવવાની મને કોઇ જરૂર લાગતી નથી."

આપણી રાષ્ટ્રીય લડત સંબંધમાં પણ ગાંધીજીએ એ જ ભાવના શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમણે આપણને જણાવ્યું હતું કે "રાષ્ટ્રીયવાદ માટેનો મારો આગ્રહ-પક્ષપાત 'આ મારો દેશ છે' એ કારણે નથી. પણ મારો દેશ સ્વતંત્ર થાય એમ હું એટલા માટે ઇચ્છું છું કે, જરૂર પડે ત્યારે માનવતાની સેવા કરતાં પોતાને તે નેસ્તનાબુદ કરી શકે." કોઇ પણ પ્રજા એકલી પોતાની માલીક નથી. દરેક પ્રજા ઉપર દુનિયાની માલીકી છે. ગાંધીજીએ આપણને આ શિખવ્યું હતું.

જો આપણે દુનિયાના નૈતિક શાસનને લગતા સિદ્ધાન્તો સ્વીકારીએ તો દુનિયાના ભાવી માટે આપણે એક સૌથી વધારે મહત્વનું પગલું ભર્યું લેખાશે. જ્યારે એક બાજુ આ રેડ ક્રોસ જેવી સંસ્થાઓ માનવ-જાતનાં દુઃખો અને આપત્તિઓ હળવી કરવાનો પ્રયત્નો કરી રહી છે, ત્યારે બીજી બાજુએ વિનાશ અને સંહારના ભયંકર શસ્ત્રો આપણે ત્યાં પેદા થઇ રહ્યાં છે. આ પ્રકારની પરિસ્થિતિ વસ્તુતઃ માણસના આત્માઓમાં ઉભી થયેલી દ્વિધા પરિસ્થિતિનું જ પરિણામ છે. માણસોના આત્માની અંદર પેદા થયેલો એ વ્યાધિ છે, જે દુનિયાના વ્યાધિના રૂપમાં એટલે કે એક બાજુએ શસ્ત્ર સરંજામ વધાર્યે જવાની કાતિલ હરીફાઈ અને બીજી બાજુએ આવી માનવતાલક્ષી સંસ્થાઓનાં નિર્માણ-આવી દ્વિધા પરિસ્થિતિમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે. આજની દુનિયાની દ્વિધા એ વસ્તુતઃ આત્માની-વ્યક્તિના આન્તર મનની-દ્વિધાનું જ પ્રતિબિંબ છે. વ્યક્તિના વ્યક્તિત્વની પુનઃ સજાવટ એ જ આજની સૌથી પહેલી જરૂરિયાત છે. આપણી જાતમાં સુગ્રથિત ઐક્ય ઉભું કરવાની-નિર્માણ કરવાની-ખાસ અગત્ય છે. આજે દુનિયાએ બે શકયતાઓ વચ્ચે પસંદગી કરવાની છેઃ ઉત્તરોત્તર વધતા જતા અનિષ્ટને સ્વીકારવાની અથવા તો રહેવા જીવવા માટે વધારે સુખદ સહીસલામત બને એવી દુનિયા ઉભી કરવાની. આપણી સામે જે પ્રશ્ન છે તે પ્રશ્ન બૌદ્ધિક નથી, પણ નૈતિક અને આધ્યાત્મિક છે.

આપણે આજે જે કરવાનું છે તે છે અંદરની સામગ્રીને પુનઃ વ્યવસ્થિત બનાવવાને લગતું છે. આપણે તેનું પુનઃ આયોજન કરવાનું છે અને આપણી જાતમાં સળંગ એકરૂપતા-સંવાદિતા-પેદા કરવાની છે. આપણને એ ભાન થવાની જરૂર છે કે પ્રેમ, સૌન્દર્ય અને સ્વાસ્થ્ય એ જ સાચું આરોગ્ય છે અને દ્વેષ, મત્સર, તિરસ્કાર એ વિકલતા છે. ભગવાન બુધ્ધે દુનિયા સમક્ષ રજુ કરેલ પંચશીલના સિદ્ધાન્તો દુનિયાની પુનર્રચના માટે નહોતા પણ વ્યક્તિના રૂપાન્તર માટે હતા. તેઓ આપણને એમ શિખવી ગયા છે કે અન્ય ઉપર શાસન ચલાવવા પહેલાં પોતાની જાત ઉપર શાસન સ્થાપિત કરો. તેમનો એ ઉપદેશ હતો કે બીજાની માલમીલ્કતને પોતાની બનાવવાની વૃત્તિ ન રાખો અને બીજાના ભોગે મોટા બનવાનો પ્રયત્ન ન કરો. તેઓ આપણને એમ કહે છે કે આપણે કદિ ભૂલ ન કરીએ એમ પોત વિષે વિચારવું તે બરોબર નથી, અને તેથી બીજા પણ કદિ ભૂલ કરે એવી આશા રાખવી તે પણ ઉચિત નથી. આપણ સર્વ ભૂલ પાત્ર છીએ અને તેથી એકમેક વિષે ઉદાર ભાવ દાખવવો એ જ સમ્યક્ માર્ગ છે. ભગવાન બુધ્ધે નીશો આવે એવી વસ્તુઓના ઉપયોગથી દૂર રહેવાનું કહેલું ત્યારે તેમના મનમાં શારીરિક નિશાનો નહિ પણ માનસિક નિશાનો ખ્યાલ હતો. આ પ્રકારના પંચશીલને આપણા જીવનમાં અપનાવીએ અને આપણા ભગ્ન-ખંડિત બનેલા વ્યક્તિત્વને સ્વસ્થ અખંડ એકરૂપ બનાવીએ.

મૂળ અંગ્રેજી : ડૉ. એસ. રાધાકૃષ્ણન્
અનુવાદક : પરમાનંદ

વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસે પસાર કરેલો મુખ્ય પ્રસ્તાવ

મુંબઇ ખાતે મળેલી અને ૨૨ રાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ ધરાવતી ૧૫ મી વનસ્પત્યાહાર કોંગ્રેસ મનુષ્યજાતિ તેમ જ પશુસૃષ્ટિ સાથેના સંબંધ અંગે અહિંસાના સિદ્ધાન્તનો અમલ કરવા સમસ્ત લોકોને અનુરોધ કરે છે.

(ક) આ અનુરોધના અનુસંધાનમાં આ કોંગ્રેસ આહાર માટે પશુઓના ચાલી રહેલા શોષણ અંગે ઊંડો ખેદ વ્યકત કરે છે અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધનના આધારે આ કોંગ્રેસ જાહેર કરે છે કે, વનસ્પત્યાહાર દુનિયાના બધા લોકોને જે કોઈ વ્યવસાયમાં તેઓ રોકાયલા હોય તે વ્યવસાય અંગે જરૂરી પોષણ આપી શકે છે.

(ખ) આરોગ્ય અને તન્દુરસ્તી માટે આવશ્યક એવો પોષણક્ષમ ખોરાક મેળવવા સંબંધે ચિન્તા ધરાવતી આ કોંગ્રેસ ઝેરી રસાયણો અને રેડીઓ-પ્રભાવિત અણુવર્ષાને લીધે ખેતરનો પાક દૂષિત અને સ્વાસ્થ્યબાધક બને છે તે સંબંધે દુઃખની લાગણી પ્રદર્શિત કરે છે. આ કારણને લીધે યોગ્ય રસાયણો વડે પુષ્ટિકારક ખોરાક કેમ પેદા કરવો તેની તપાસ કરવા અને વિનાશજનક હેતુઓ માટે અણુશકિતના કરવામાં આવતા ઉપયોગની એકદમ અટકાયત કરવા આ કોંગ્રેસ સર્વ રાજ્યસંસ્થાઓને અનુરોધ કરે છે.

(ગ) દુનિયાની ઝડપભેર વધતી જતી વસ્તીને કેમ નીભાવવી તે પ્રશ્નનો ખ્યાલ કરીને ઉત્કૃષ્ટ કોટિના પોષક ખાદ્ય પદાર્થો જેમાં પૂરતા પ્રમાણમાં મળી શકે તેમ છે એવા વનસ્પત્યાહારલક્ષી આર્થિક આયોજનના લાભો ઉપર પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરવા દુનિયાની સર્વ રાજ્યસંસ્થાઓને આ કોંગ્રેસ અનુરોધ કરે છે.

(ઘ) "માંસની અસાધારણ પોષણક્ષમતા અને સ્વાસ્થ્ય-વર્ધકતા અંગે લોકોને/શિક્ષણ આપવા માટે વિશાળ ધોરણ ઉપર પ્રચારકાર્ય હાથ ધરાવું જોઇએ" આ પ્રકારની-ખોરાક અને ખેતીવાડીને લગતા કેન્દ્રસ્થ વહીવટીતંત્રના માર્કેટીંગ અને ઇન્સ્પેકશન ખાતા તરફથી પ્રગટ કરવામાં આવેલ 'ભારતમાં માંસના વેચાણને લગતા રીપોર્ટ' કરવામાં આવેલ-ભલામણનો ભારત સરકાર અમલ કરે તે પહે. ભારતમાં ખોરાક ઉપર પ્રવર્તતા વસ્તીના ખાસ દબાણને ધ્યાનમાં લઇને આખા પ્રશ્નનો ફરીથી વિચાર કરવા માટે આ કોંગ્રેસ ભારત સરકારને અનુરોધ કરે છે.

(ઙ) પશુઓની કતલ સંસ્કારી જીવનપદ્ધતિ સાથે અસંગત છે એ બાબતનો સ્વીકાર કરવા આ કોંગ્રેસ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય-સર્વ ક્ષેત્રના આગેવાનોને અનુરોધ કરે છે.

(ચ) ભારતમાંથી થતી વાંદરાની નિકાસ સામે ભારતના તેમ જ અન્ય દેશોના વિરોધની આ કોંગ્રેસ નોંધ લે છે અને તેમાં રહેલી યાતનાને લક્ષ્યમાં લઇને આ વ્યાપાર સદન્તર બંધ કરવા આ કોંગ્રેસ ભારત સરકારને ભારપૂર્વક અનુરોધ કરે છે.

વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસ

એક ઉડતી નજર

આ મહિનામાં મુંબઈમાં એક બહુજ મહત્વનું ઉપર્યુક્ત કોંગ્રેસનું અધિવેશન ભરાઈ ગયું. આ જાતની વિચારસરણીનો જન્મ ઇતર ભારતીય દેશોમાં કે જ્યાં લોકો મોટે ભાગે માંસાહારી જ હોય છે એવી આપણી માન્યતા છે, ત્યાં આંગળા આજે વર્ષો પહેલાં થયેલો; પણ તેને વ્યવસ્થિત સ્વરૂપ આપવાનો પહેલો પ્રયાસ ઇન્ટર નેશનલ વેજીટેરીયન યુનીયન (લંડન) દ્વારા થયો. આ દિશામાં કાર્ય કરતી ભિન્ન ભિન્ન સંસ્થાઓનું સંગઠ્ઠન કરવા અને આ પ્રશ્ન અંગે નૈતિક, આર્થિક, અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારવિનિમય કરવાના હેતુથી ૧૯૦૮ માં પહેલું અધિવેશન ડ્રેસ્ડન શહેરમાં ભરવામાં આવેલું. પછી તો અમુક અમુક વખતે માંચેસ્ટર, બ્રસેલ્સ, હેગ, સ્ટોકહોમ, લંડન, ઝેકોસ્લોવેકીયા, જર્મની, ડેન્માર્ક, નોર્વે, લંડન, (ફરીવાર ૧૯૪૭ માં) ઉસ્ટર, સ્વીડન, અને છેલ્લું ૧૯૫૫ માં પેરિસ ખાતે ભરાયેલું. આમાં જૂદા જૂદા દેશોની ૩૦ વેજીટેરીયન સંસ્થાઓ જોડાયેલી છે. આ છેલ્લી કોંગ્રેસનાં ૧૪ માં અધિવેશનમાં આપણી ભારતની જીવદયા–અહિંસાની પ્રવૃત્તિના પ્રતિનિધિ તરીકે શ્રીયુત જયંતીલાલ માનકરને હાજર રહેવાનું નિમંત્રણ મળેલું. એ અધિવેશ માં બીજા દેશોનાં હાજર રહેલા ૨૦૦ જેટલા પ્રતિનિધિઓનો ભારતની અહિંસક સંસ્કૃતિ પ્રત્યેનો આદર, પ્રેમ અને એ સંસ્કૃતિનો પ્રત્યક્ષ પરિચય કરવાની જિજ્ઞાસા જોઇને કોંગ્રેસનું આગામી ૧૫ મું અધિવેશન ભારતમાં ભરવા માટે મુંબઈ જીવદયા મંડળી અને ઓલ ઇન્ડીયા એનીમલ વેલફેર એસોસીએશન તરફથી શ્રી માનકરે હાર્દિક આમંત્રણ આપ્યું. અને તેના પરિણામે અત્યાર સુધી પશ્ચિમના દેશોમાંજ ભરાતી કોંગ્રેસ પહેલીજ વાર પૂર્વના દેશમાં ભરાઈ, અને તે પણ આ સંસ્કૃતિનાં ઉગમસ્થાન મનાતા અને તેનાં પરિપોષક ભારતમાં ભરાઇ–એ આપણા માટે ખરેખર ખૂબજ ગૌરવની બીના ગણાય.

આ અધિવેશનમાં હિંદબહારનાં ૨૨ દેશોએ ભાગ લીધો હતો, અને ભારતનાં લગભગ દરેક પ્રાંતમાંથી ૧૦૦ ઉપરાંત પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. એક જ સિદ્ધાંતને વરેલા હોવાથી તથા આ પ્રતિનિધિઓમાં વૈચારિક અને સૈધાન્તિક ઐક્ય હોવાથી, ભલે દૂર દેશથી આવ્યાં હોવા છતાં, જાણે એક કુટુમ્બ મેળા જેવું વાતાવરણ પ્રવર્તતું હતું. આ પ્રતિનિધિઓમાં જાતજાતના અને ભાત ભાતના લોકો હતા. રંગ, ઉંમર, અને સામાજિક સ્થિતિનું વૈવિધ્ય હતું. ગોરા હતા, કાળા પણ હતા. જુવાનો, આધેડ અને વૃદ્ધ લોકો પણ હતા, તવંગરો પણ હતા અને સાધારણ સ્થિતિના લોકો પણ હતા. કેટલાક દંપતીઓ હતા તો કેટલાક એકલમાર્ગી સ્ત્રી પુરુષો પણ હતા. કેટલાક અમેરિકન પ્રતિનિધિઓ ભારતીય પોશાકમાં સજ્જ થઇને આવ્યા હતા. કોઈ એક રાજકુમાર હતા તો કેટલાક સાધુઓ પણ હતા. આમ વિવિધ જાત, ભાત, ધર્મ, રાજ્ય, અને સંસ્કૃતિમાંથી આવેલા લોકો પણ જાણે સગા ભાંડુઓની જેમ અંતરનાં ઉમળકાથી એક બીજાની સાથે વર્તતા હતા. આમાંનાં કેટલાક ભાઈબહેનો સાથે અંગત પરિચય સાધીને વિચારવિનિમય કરવાની મને તક મળી તેને જીવનનો એક મોંઘેરો લ્હાવો સમજું છું. એમની વાતોમાંથી ભારત પ્રત્યેનો એમનો અનહદ આદર અને પ્રેમ ટપકતા હતા. કંબોડીયાથી આવેલા એક બૌધ્ધ સાધુ સાથે પણ વાતો કરવાની સારી તક મળી. અમુક જૈન સાધુઓએ પણ અધિવેશનમાં હાજરી આપેલી હતી. વિજયાનગરમના રાજકુમાર સાથે પણ વાતચીત કરવાની સુંદર તક મળી. એક રાજ્યના રાજકુમાર હોવા છતાં આ પ્રવૃત્તિમાં તેમને રસ લેતા જોઇને સહજ આશ્ચર્ય થયું. એનું કારણ પૂછતાં એમણે જણાવ્યું કે એમને ગળામાં કંઈક સખત વ્યાધિ થયો હતો. મોટા મોટા વૈદો અને ડૉક્ટરોની સલાહ લેતાં બધાએ હાથ ખંખેરી નાંખ્યા હતા. પણ એક ડોક્ટર એવા મળ્યા કે જેમણે સાચી સલાહ આપીને કહ્યું કે, આ તમારો વ્યાધિ કોઈ દવાથી દૂર નહીં થાય, પણ જેમ તમે પરમેશ્વરને શરણે જતા હો તેમ કુદરતને શરણે જાઓ, (નેચરોપથી) તો કદાચ સારૂં થાય. રાજકુમારને આ સલાહ ગળે ઉતરી ગઇ. તેઓ મદ્યપાનનાં ખૂબ શોખીન હતા, અને ખૂબ મદ્યપાન કરતા. સાથે સાથે ધૂમ્રપાનનો એટલો શોખ હતો કે "chain smoker" હતા, અને માંસાહાર પણ ખૂબ કરતા હતા. પણ જ્યારથી એમને પેલા ડોક્ટરની સલાહ મળી ત્યારથી પોતાનાં ડોક્ટર પોતેજ બન્યા. મદ્યપાન, ધૂમ્રપાન અને માંસાહાર બધુંજ છોડી દીધું. પોતાને શું પથ્ય માફક આવશે અને ફાયદાકારક નીવડશે તેનો વિચારપૂર્વક પોતેજ અભ્યાસ કર્યો અને તે પ્રમાણે પોતાનો રોજીંદો ખોરાક અને બીજા કુદરતી ઉપચારોનો કાર્યક્રમ ગોઠવ્યો. એમનાં આ કાર્યમાં એમનાં પત્ની અને બાળકોનો સંપૂર્ણ સહયોગ મળ્યો. આજે ચાર વર્ષથી તેઓનું આખું કુટુમ્બ સંપૂર્ણપણે નિરામિષાહારી બન્યું છે. તેઓ પેલા રોગમાંથી મુકત થયા છે. અને આજે એક ચુસ્ત શાકાહારી બની ગયા છે. એમની આ હકીકત સાંભળીને મનમાં ખૂબ પ્રસન્નતા થઇ. આવી જ રીતે એક પારસીભાઇએ પણ કહ્યું કે એમનાં પાંચ દીકરા અને એમનો આખો પરિવાર આજે વર્ષોથી નિરામિષઆહારી છે. એમનો એક દીકરો મીલીટરીમાં કુટુમ્બ સાથે કાશ્મીરમાં રહે છે. લોકો કહે છે કે સખત ઠંડીમાં મદ્યપાન અને માંસાહાર વગર ચાલી જ ન શકે. પણ એ દીકરો અને એનું કુટુમ્બ એ બન્ને વગર આજે સુખેથી કાશ્મીરની સખત ઠંડીમાં રહે છે. તેમને કોઈ જાતની તકલીફ લાગતી નથી. તેઓ માને છે કે માંસાહાર વગર અને મદ્યપાન વગર ઠંડીમાં ન રહેવાય તેવું માનવું તે એક વિચારની નબળાઇ છે. એક અમેરિકન ભાઇએ પોતાની ઓળખાણ આપતાં કહ્યું કે હું ૭૩ વર્ષથી વેજીટેરીયન છું. એટલે તેઓ જન્મથી જ વેજીટેરીયન હતા. તેઓ એક જૂના સ્કાઉટ–માસ્તર પણ હતા અને ત્યાંની સ્કાઉટ પ્રવૃત્તિમાં હજી પણ સારો ભાગ લે છે. એવી રીતે ગાઇડ વિભાગમાં સક્રિય કામ કરનારી એક કુમારી ઇડન સ્મિથ પણ મળ્યાં. તેઓ ત્રણ દિવસથી મને શોધતાં હતાં. કારણ કે વર્લ્ડ બ્યૂરોનાં ઓવરસીઝ કમિશનર શ્રીમતી કમાન્ડરે એક પરિચયપત્ર લખી આપેલો. તે પરથી તેઓએ મારી શોધ ચલાવી. પણ ત્રણ દિવસ સુધી અમારો ભેટો થઈ શકયો નહીં. આખરે છેલ્લા દિવસનાં ફેરવેલ સમારંભમાં અમારી મુલાકાત થઇ ગઈ. તેમણે ખૂબ પ્રેમથી વર્લ્ડ ફ્રેન્ડશીપનો ગાઇડ–ચંદ્રક મને પહેરાવ્યો. અને પછી અમે ત્યાંથી ગાઇડ પ્રવૃત્તિ અને વેજીટેરીયન પ્રવૃત્તિની વાતોમાં પડયા. આવી રીતે દેશ પરદેશનાં જુદા જુદા પ્રતિનિધિઓને એટલા ટૂંકા ગાળામાં પણ ઠીક ઠીક મળી શકાયું.

આ અધિવેશનના આગલે દિવસે તા. ૮ મી એ ઓલ ઇન્ડીઆ વીમેન્સ ફૂડ કાઉન્સીલની મુંબઈ શાખા અને વેજીટેરીયન કોંગ્રેસની અખિલ ભારત સ્વાગત સમિતિનાં સંયુકત આશ્રયતળે શાકાહાર અને રાંધણકળાનું એક ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. અને તેનું ઉદ્ઘાટન વર્લ્ડ વેજીટેરીયન કોંગ્રેસનાં અધ્યક્ષ મેડમ કલેરેન્સ ગાસ્કને હાથે થયું હતું.

આ મેડમ ગાસ્કની ઉંમર ૭૫–૭૬ વર્ષની હશે. તે છતાં એમનાં ચહેરાપર અને બોલચાલમાં અદ્ભૂત સ્ફૂર્તિ જણાતી હતી. દુર્ભાગ્યે અહીં આવવા પહેલા થોડા જ દિવસોપર એમને એક અકસ્માત નડેલો, જેના પરિણામે તેમના પગે સારી પેઠે નુકસાન થયું હતું. અને તેથી તેઓ પૈડાવાળી ખુરશી, લોખંડ લાકડાની ઘોડી અને એક નર્સની મદદથી જ હરી ફરી શકતા હતા. ભારતખાતેની આ કોંગ્રેસમાં હાજર રહેવાનો એમનો ઉત્સાહ અદમ્ય હતો. જાણે કોઈ પવિત્રસ્થાનની યાત્રાએ આવ્યા હોય તેવો આદર અને પ્રેમ તેઓ વાતવાતમાં ભારત અને ભારતનાં લોકોપ્રતિ વ્યકત કરતા હતા. આવો ઉત્સાહ અને આપણાં પ્રત્યેનો તેમનો ભાવ ન હોત તો કદાચ ડોક્ટરની સલાહ માનીને તેઓ ઘરે જ બિછાનામાં પડી રહ્યા હોત. એમનું વ્યકિતત્વ માતા ગંગા જેવું સ્વચ્છ, નિર્મલ, પ્રેમલ અને વત્સલ લાગ્યું. એમની સૌમ્ય પ્રતિભા, ગૌરવાન્વિત છતાં નિખાલસ રીતભાત ખરેખર

સામાનાં મનને આકર્ષી લેતાં હતાં. અધિવેશન દરમિયાન તેઓ ભારતીય સાડીમાં સજ્જ થઇને બે ત્રણ વખત આવેલા. આ પોશાકમાં તેઓ ખૂબ શોભતાં હતાં. અહિંસામાં તેઓ એટલા દૃઢ અને ચુસ્તપણે માનનારા છે કે તેઓ અમેરિકામાં જ્યાં રહેતા હતા ત્યાં અનાજની ખેતીમાં પુષ્કળ નુકસાનકારક જીવડાઓનો ઝેરી દવાનાં છંટકાવથી નાશ કરવામાં આવતો હતો તે એમનાથી સહન ન થયું. પણ એ બધું બંધ કરવાનું તો અશકય હતું. એટલે પોતે મેકિસકોમાં જઇને રહ્યાં. ત્યાં મોટી જમીન લઇને તેઓ ખેતી કરે છે. રહેવા માટેનું મકાન પણ ત્યાં જ બાંધી દીધું છે. ખેતરમાં અહિંસક ખેતી થાય છે. બને ત્યાં સુધી કોઈ પણ જીવડા જીવાતને ન મારવાનો ત્યાં નિયમ છે. હા જીવડા ઉપદ્રવ જ ન થાય તેની તકેદારી રખાય છે. આવી રીતે તેઓ અહિંસાનાં સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે છે. એમની વાતો સાંભળતા મને તો લાગ્યું કે ભારતનાં ઘણાં ખરા ચુસ્ત જૈનો કરતાં પણ માતા ગારકની અહિંસાની ભાવના ઘણી આગળ વધેલી ગણાય. એમનાં અધ્યક્ષીય વ્યાખ્યાનમાંથી પણ એમની આ ભાવના અને ભારત પ્રત્યેનો એમનો ઉંડો અનુરાગ પ્રતીત થાય છે. એમણે એક જગ્યાએ કહ્યું હતું કે "જીવનના ઉચ્ચ સિધ્ધાંતો અને આત્માની ઉન્નતિ માટે તો અમારે પૂર્વ પાસેથી ખૂબ ખૂબ શીખવાનું છે. તમારી પ્રાચીન સંસ્કૃતિ કે જેના બળથી આજે મુખ્યરૂપે તમારું રાષ્ટ્ર શાકાહારી રહી શકયું છે, તે સંસ્કૃતિ પાસે આ કેવી મહાન ઉદાત્ત ભાવના છે કે બધા જ જીવ એક છે. કોઈ પણ જીવ ભલે તે નાનો જીવ હોય કે મોટો હોય, પણ તેને દુઃખ અથવા નુકસાન ન પહોંચાડવું. અમારે ત્યાંની હવા કંઇક જૂદા જ પ્રકારની છે. ત્યાંની હવાથી નિરાશ થઇને કેટલાય લોકો પોતાનાં માનસિક દુઃખ દર્દ અને નિરાશા દૂર કરવા ભારત આવે છે. જે ચીજ તમારે ત્યાં છે તેનું તો ઘણી વાર અમારે ત્યાં દર્શન પણ દુર્લભ હોય છે. આવા મહાન સંસ્કૃતિવાળા તમારા રાષ્ટ્રે કેટલીક આદતો પશ્ચિમમાંથી લેવાની શરૂ કરી છે તે અમારા માટે મહા દુઃખનો વિષય છે. અમે તો તમારા તરફ ખૂબ આશાભરી મીટ માંડી રહ્યા છીએ. આવા તમારા રાષ્ટ્રના લોકો જો પશ્ચિમની સભ્યતાથી રંગાઈ જશે તો અમારે માટે એ બહુ જ મોટી ગ્લાનિ અને નિરાશાનું કારણ બનશે."

આ એમનું છેલ્લું વાકય કેટલું સૂચક છે ?

પૂર્ણિમા પકવાસા

બટાટાની અર્વાચીનતા–પ્રાચીનતા વિષે

તા. ૧–૧૦–૫૭ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'બટાટા કંદમૂળ હોવાનો માન્યતા ભ્રમ' એ શિર્ષક લેખમાં એમ સૂચવવામાં આવ્યું છે કે ભારતમાં અંગ્રેજોના આગમનબાદ બટાટાની પેદાશ ભારતમાં શરૂ થઈ છે અને એના અનુસંધાનમાં વોલ્ટર રેલે ૧૬૪૫ માં દક્ષિણ અમેરિકામાંથી ઇંગ્લાંડમાં બટાટા લઈ આવ્યો અને ત્યાંથી હિંદમાં બટાટાની આયાત અને ત્યારબાદ વાવેતર શરૂ થયું, આ વિધાનના વિરોધમાં તેમ જ ઉપર જણાવેલ લેખના પ્રતિપાદ્ય વિષયના વિરોધમાં શ્રી રતિલાલ ચીમનલાલ શાહે એક વિવેચન લખી મોકલ્યું છે, જે હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે. પણ બટાટાની પ્રાચીનતા પુરવાર કરવા માટે તેમણે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશમા અધ્યયનની ૯૬ મી ગાથા તરફ એ નિવેચન લેખકે ખાસ ધ્યાન ખેંચ્યું છે. એ ગાથા નીચે મુજબ છે.

" साहारण सरीरा उ, णे गहा ते पकित्तिया ।
आलुए मूलए चेव सिंगबेरे तहेव च ॥"

ભાવાર્થ:–"સાધારણ શરીરવાળા અનેક પ્રકારે વર્ણવાયા છે: આલુ, મૂળ, અને આદુનો આમાં સમાવેશ થાય છે."

આ ગાથામાં આવતો 'આલુ' શબ્દ આજે ઉત્તર હિન્દુસ્તાનમાં જે રીતે પ્રચલિત છે એ રીતે બટાટાવાચક છે એમ શ્રી રતિલાલ ઉજમશી શાહ સૂચવે છે. બટાટાની પેદાશ અર્વાચીનને બદલે પ્રાચીન હોય તો પણ તે હકીકત 'બટાટાને કંદમૂળની કોટિમાં મૂકવા યોગ્ય નથી.' એવા સૂચિત અભિપ્રાયની જરા પણ વિરોધી નથી. એમ છતાં એ ગાથામાં આવતો 'આલુ' શબ્દ ખરેખર બટેટાવાચક છે કે નહિ એ એક સ્વતંત્ર ચર્ચાનો વિષય બની શકે છે. શબ્દસાદૃશ્ય તાત્વિક નિર્ણયના પ્રદેશમાં એક મોટું ભયસ્થાન રહેલું છે. ઉપર ઉપરથી જોનારને, આજથી ૨૦૦૦ કે ૨૫૦૦ વર્ષ પહેલાં વપરાયલો 'આલુ' શબ્દ અને ઉત્તર હિંદના લોકોમાં બટાટાના અર્થમાં વપરાતો 'આલુ' શબ્દ એકાર્થવાચી લાગે એ સ્વાભાવિક છે, પણ આવા સાદૃષ્ય ઉપરથી એવા નિર્ણય ઉપર એકાએક આવવું ઉચિત નથી. પહેલાં તો એમ વિચારવું જોઇએ કે જ્યારે ૨૦૦૦–૨૫૦૦ વર્ષના ગાળામાં લોકોની ભાષા સતત બદલાતી રહી છે ત્યારે, એ વખતે વપરાતો એક અમુક શબ્દ અને આજે વપરાતો એના એ આકારનો શબ્દ એકાર્થવાચી હોય એ મોટા ભાગે અસંભવિત છે. આમ વિચારતાં એ શબ્દનો પ્રાચીન અર્થ શું હશે તેના સંશોધન તરફ મનને વાળવું ઘટે. મારે કબુલ કરવું જોઇએ કે શ્રી રતિલાલ ચીમતલાલ શાહે જે ગાથા તરફ મારું ધ્યાન ખેંચ્યું તેનો મને કોઈ ખ્યાલ જ નહોતો. આગમ શાસ્ત્રોનો મને એવો કોઇ અભ્યાસ છે જ નહિ એ પણ મારે કબુલ કરવું જોઇએ. આમ હોવાથી આ વિષયના જાણકાર પં. ખેચરદાસ જીવરાજ દોશીને મેં આ વિષે પૂછાવ્યું અને તેમણે ઘણી મહેનત લઇને જે જવાબ લખી મોકલ્યો છે તે નીચે પ્રગટ કરતાં મને બહુ આનંદ થાય છે. તેમના પત્રમાં તેઓ 'આલુ' શબ્દના અર્થ અંગે નીચે મુજબ જણાવે છે:—

"જે સજ્જનને ઉત્તરાધ્યયનની પ્રસ્તુત ગાથામાં આવતો 'आलुએ' શબ્દ બટાટાવાચક છે એમ તમને સુચવ્યું છે તે બરાબર નથી જ. એ ભાઈ માત્ર શબ્દસમાનતાને લીધે એવો અર્થ કરવાના ભ્રમમાં પડયા છે. એ બાબત જે પુરાવા છે તે નીચે મુજબ છે:–

પ્રથમ તો ઉત્તરાધ્યયનના ટીકાકાર શ્રી શાન્તિસૂરિ એનો અર્થ વિશેષ પ્રકારનો કંદ એમ કરે છે. પણ એ કયા કંદ વિષે છે તે સ્પષ્ટ કહેતા નથી. ખરી રીતે 'आलुએ ' શબ્દ ઘણા નામની પાછળ આવે છે. આ અંગે अनुत्तरोवाईअ સૂત્રમાં ધન્ય અનગારના તપથી અત્યન્ત દુર્બળ થયેલા શરીરના પ્રત્યેક અવયવનું વર્ણન આપેલ છે. ત્યાં ઘોર તપસ્વી એવા ધન્ય અનગારના માથાનું વર્ણન કરતાં મૂળમાં લખેલું છે કે ' घण्णस्स सीसस्स [०] से जहा [०] तरुणगलाउए वा तरुणगएलालुए इ वा सिण्हालए इ वा तरुणए" ઇત્યાદિ. અર્થાત્ જેમ કોમળ તુંબડુ હોય, કોમળ એલાલુય હોય. ('એલાલુય' ના અર્થના વિવેચનમાં કશી માહિતી આપવામાં આવી નથી.) અભયદેવ સૂરિ વિવેચન કરનારા છે, છતાં તેમણે 'એલ–આલુય' આમ પદવિભાગ કરીને એમ જણાવેલ છે કે "आलुकं कन्दविशेषः तत् च अनेकप्रकारम्" અર્થાત્ 'आलुक' નો અર્થ વિશેષ પ્રકારનો કંદ છે અને તે અનેક પ્રકારનો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રાકૃત–आलुअ સંસ્કૃત–आलुकનો અર્થ બટાટા નથી જ. આ અંગે જેમને જોવું હોય તેમણે अनुत्तरोववाइयनी ટીકા જોઇ લેવી, જ્યાં ધન્ય અનગારના માથાના વર્ણનનો પ્રસંગ આવે છે.

હવે શબ્દકોષના તથા વૈદ્યક નિઘંટુના પ્રમાણ આ પ્રમાણે છે.

રાજનિઘંટુમાં લખેલું છે કે 'आलु कंदभेदे तस्य भेदा नाना–विधाः' એટલે આલુ શબ્દ વિશેષ પ્રકારના કંદનો સૂચક છે અને તે અનેક પ્રકારના છે.

वाचस्पत्यभिधानः–

कन्दो बहुविधो लोके, आलुशब्देन भण्यते ।
करचालुश्चैव घण्टालुः, पिण्डालुः शर्कराादिकम् ।
काष्ठालुश्चैव माद्यं स्यात्, तस्य भेदाः अनेकशः ।

અર્થાત્ લોકો આલુ શબ્દને બહુ પ્રકારના કંદ એ અર્થમાં કહે છે, જેમ કે કરચાલુ, ઘંટાલુ, પિંડાલુ, કાષ્ટાલુ વગેરે.

अभिधान राजेन्द्र कोश :

आलुअ कन्द भेदे–आलुकं कन्दविशेषः तत् च अनेकप्रकारम् ।

આપ્ટેનો સંસ્કૃત કોશ:

આલુ = ૧ ધુવડ, ૨ એક પ્રકારનું મૂળિયું (બટાટા નહિ), ૩ કાળું સીસમનું લાકડું જે મજબુત હોય, ૪ પાણીનો ઘડો, ૫ તરાપો–તરવાનો,

મોનીયર વિલીયમનો સંસ્કૃત કોષ:

આલુક=૧ એક પ્રકારનું સીસમનું લાકડું, ૨ શેષનાગનો પર્યાય, ૩ એક પ્રકારનું મૂળિયું.

નિઘંટુ આદર્શ: શ્રી બાપાલાલભાઈ વૈદ્ય (પ્રીન્સીપાલ આયુર્વેદિક કોલેજ, સુરત, તંત્રી ભિષગ્ ભારતી)

આલુક, અરુક, વીરારુક આ ત્રણ પર્યાય શબ્દો છે.

આ અંગે મેં સૂરત શ્રી બાપાલાલભાઇને આલુકના અર્થ વિષે ખુલાસો પુછાવ્યો હતો જેનો જવાબ નીચે પ્રમાણે છે:–

" 'आलुअ' શબ્દ ચરક સુશ્રુતમાં નથી, પણ 'आलुक' છે અને એનો અર્થ પણ નિશ્ચિત નથી. **બટાટા તો અર્થ નથી જ એ ચોક્કસ** છે. આજે જેને બળવી અથવા પત્તરવેલીયાં કહે છે તે અર્થમાં એ નહિ હોય? હું હજુ ચોક્કસ નિર્ણય ઉપર આવી શકયો નથી. એલવાલુક દ્રવ્ય એ આલુબુખાર હોય એવો સંભવ છે. હું કોઈ નિર્ણય ઉપર આવીશ ત્યારે જણાવીશ."

આ ઉપરાંત એ તો આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતી ભાષામાં મેવાની એક જાત આલુબદામ નામથી બહુ સુપ્રસિદ્ધ છે. તે માટે મરાઠી શબ્દ છે વીરારુક અને હિંદી શબ્દ છે આલુબુખારા."

આ સંશોધનાત્મક વિવેચન ઉપરથી પ્રબુદ્ધ જીવનના વાંચકોને પ્રતીતિ થશે કે ઉત્તરાધ્યયન સૂત્રની પ્રસ્તુત ગાથામાં આવતો 'आलु' શબ્દ બટાટાવાચક નથી. અને તેથી એ આધાર ઉપર કલ્પાયલી બટાટાની પેદાશની અતિપ્રાચીનતા સ્વીકારવા યોગ્ય નથી. **પરમાનંદ**

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી સ્મારક અને સસ્તું સાહિત્યવર્ધક મંડળ

સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના સ્મરણમાં એકત્ર કરવામાં આવેલ રૂ. ૨૫૦૦ ની રકમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૯–૯–૪૮ ના રોજ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયના પ્રમુખ શ્રી મનુ સુબેદારને ભેટ આપવામાં આવી હતી અને તે સંબંધમાં એ પ્રકારની સમજુતી કરવામાં આવી હતી કે સ્વ. વ્રજલાલ મેઘાણી જે પ્રકારની માનવતાલક્ષી વાર્તાઓ લખતા હતા તે પ્રકારના વાર્તાસંગ્રહો સસ્તું સાહિત્ય વર્ધક મંડળે તૈયાર કરાવવા અથવા સંપાદિત કરાવવા અને તે માટે લેખકોને પુરસ્કાર આપવા પાછળ આ રકમનો ઉપયોગ કરવો. જણાવતાં આનંદ થાય છે કે પ્રસ્તુત સમજુતીને લક્ષમાં રાખીને સસ્તું સાહિત્ય વર્ધક મંડળ તરફથી આજસુધીમાં નીચેનાં પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે.

૧ **માણસાઈની વાતો**–સંપાદક: શ્રી પીતાંબર પટેલ (બે આવૃત્તિ) ૧૯૫૨ માં પ્રકાશિત.

૨ **આળાં હૈયાં**–લેખક: સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી (બે આવૃત્તિ) ૧૯૫૩ માં પ્રકાશિત.

૩ **ઉચ્ચ જીવનની મંગળ વાતો**–સંપાદક: શ્રી પીતાંબર પટેલ (બે આવૃત્તિ) ૧૯૫૩ માં પ્રકાશિત.

૪ **લાખેણી વાતો**–લેખક: શ્રી જયભિખ્ખુ (બે આવૃત્તિ), ૧૯૫૪ માં પ્રકાશિત.

૫ **જીવનનાં અમૃત**–લેખક: શ્રી ગુલાબદાસ બ્રોકર. ૧૯૫૭ માં પ્રકાશિત.

આ પુસ્તકોનાં પ્રકાશન અંગે જરૂરી પુરસ્કાર આપવા પાછળ સસ્તું સાહિત્ય વર્ધક મંડળ તરફથી રૂ. ૩૨૮૨–૮–૦ ખરચવામાં આવ્યા છે અને આ બધાં પુસ્તકોએ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે એમ સંસ્થાના વ્યવસ્થાપક જણાવે છે અને સંઘ તરફથી અપાયલી રકમનો આ રીતે પૂરો ઉપયોગ કરવા બદલ સંઘ એ સંસ્થાના પ્રમુખ તથા અન્ય સંચાલકોનો હાર્દિક આભાર માને છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

શ્રી દલીચંદ વીરચંદ શ્રોફને ઉદાર સખાવત માટે ધન્યવાદ

આજથી લગભગ ૪૦ વર્ષ પહોંચ સુરત ખાતે હાઈસ્કૂલમાં (એ વખતે સૂરતમાં કોલેજ હતી જ નહિ) ભણતા જૈન વિદ્યાર્થીઓને રહેવા ખાવા વગેરેની સગવડ આપતા એક જૈન વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. તે વખતે તેમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓને રાખવાની સગવડ હતી. ત્યાર પછી સુરતમાં નવી નવી શિક્ષણ સંસ્થાઓ ઉભી થતી ગઈ; વિદ્યાર્થીઓની સંખ્યા ઉભરાવા લાગી. તેમને ભણવાની સગવડ વધવા લાગી, પણ રહેવાની અગવડ વધતી ગઈ. જૈન વિદ્યાર્થીઓની આ અગવડ દૂર કરવા માટે સુરતના અગ્રગણ્ય શહેરી અને જૈન સમાજના આગેવાન ગૃહસ્થ શેઠ દલીચંદ વીરચંદ શ્રોફે રૂા. ૩૦૦૦૦ ની કીંમતની ૨૫૭૮ ચોરસ વાર જમીન તથા રૂા. ૫૦૦૦૦ રોકડા એમ કુલ રૂા. ૮૦૦૦૦ ની સખાવત જાહેર કરી છે. આ ફાળામાં સુરતનાં અન્ય જૈન શ્રીમાનો તરફથી રૂા. ૫૦૦૦૦ ની પુરવણી કરવામાં આવી છે. ઉપર જણાવેલ જમીનના ટુકડા ઉપર સવા લાખને ખર્ચે ૧૮ ઓરડાવાળું એક નવું છાત્રાલયનું મકાન ઉભું કરવામાં આવશે. શેઠ દલીચંદ વીરચંદ સુરતમાં વર્ષોથી એક અશકતાશ્રમ ચલાવી રહ્યા છે. બીજા અનેક ક્ષેત્રો અને સેવા સંસ્થાઓને તેમના તરફથી નાની મોટી દાનની રકમો મળતી રહી છે. ઉપર જણાવ્યા મુજબ આટલી મોટી સખાવત કરવા માટે શેઠ દલીચંદ વીરચંદ શ્રોફને અનેક ધન્યવાદ ઘટે છે.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદ ઉપર શ્રી મગનભાઈ દેસાઇની નિમણુક

ગુજરાત યુનિવર્સિટી તરફથી, શ્રી હરસિધ્ધભાઈ ઉપકુલપતિપદ ઉપરથી નિવૃત્ત થતાં, તે પદ માટે જે ચાર નામોની યાદી યુનિવર્સિટીના કુલપતિ સમક્ષ રજુ કરવામાં આવી હતી તેમાંથી યુનિવર્સિટીના કુલપતિ એટલે કે મુંબઈ પ્રદેશના રાજ્યપાલ શ્રીપ્રકાશે શ્રી મગનભાઈ પી. દેસાઇને પસંદ કર્યા છે. આ પસંદગી માટે શ્રી મગનભાઈ દેસાઇને ધન્યવાદ ઘટે છે.

શ્રી મગનભાઇ દેસાઇ અમદાવાદના એક સુપ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર્તા છે. શિક્ષણના ક્ષેત્રમાં તેમની અનેકવિધ સેવાઓ છે. કોંગ્રેસ અને આજના કોંગ્રેસી રાજકારણ સાથે તેઓ ગાઢ સંબંધ ધરાવે છે. મુંબઈની વિધાન પરિષદના તેઓ એક સભ્ય છે. 'શિક્ષણ અને સાહિત્ય' જેનું આજે 'નવજીવન' માં રૂપાન્તર કરવામાં આવ્યું છે તે માસિકના પ્રારંભથી એટલે કે લગભગ ૧૭ વર્ષથી તેઓ તંત્રી છે. સ્વ. કિશોરલાલ મશરૂવાલાના અવસાન બાદ, હરિજન પત્રો પહેલાં બંધ કરવામાં આવ્યા ત્યાં સુધી, શ્રી મગનભાઈ તે પત્રોના તંત્રી હતા. ગુજરાત વિદ્યાપીઠ તથા નવજીવન કાર્યાલય સાથે તેઓ વર્ષોથી ગાઢપણે સંકળાયલા છે. ગાંધીજીના તેઓ નિકટ પરિચયમાં હતા. તેમના વિચારો ગાંધીવાદના રંગે ઘટ્ટપણે રંગાયલા છે.

આવી એક વ્યક્તિની ઉપકુલપતિ તરીકેની પસંદગી કરવામાં આવી છે તે સંબંધમાં એક હકીકત આપણું ખાસ ધ્યાન ખેંચે તેવી છે. સાધારણ રીતે આવા સ્થાન ઉપર એવી વ્યક્તિની પસંદગી કરવામાં આવે છે કે જે સરકારી યુનિવર્સિટીની પદવી ધરાવતી હોય. પણ જેવી રીતે પંડિત સુખલાલજી જેવી વ્યક્તિ કે જેણે સરકારી કોલેજ કે હાઈસ્કૂલમાં કદિ પગ પણ મૂકયો નહોતો તેવી વ્યક્તિને ગુજરાત યુનિવર્સિટીએ ડોકટરેટની પદવી આપીને એક નવી પરંપરા ઉભી કરી તેવી જ રીતે શ્રી મગનભાઈ જેવી–કોઈ પણ પ્રકારની સરકારી યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત થતી પદવી નહિ ધરાવતી–વ્યક્તિની ઉપકુલપતિ તરીકે પસંદગી કરવામાં પણ એક નવી જ પરંપરા ઉભી કરવામાં આવી છે. આ રીતે વિચારતાં પ્રસ્તુત ઘટના આનંદદાયક તેમ જ આવકારયોગ્ય લાગે છે.

શ્રી મગનભાઈ દેસાઈ આ પદ ઉપર આવે છે ત્યારે તેમના સંબંધમાં એક બીજો વિચાર પણ આવે છે. છેલ્લાં ૭ વર્ષથી આ યુનિવર્સિટીનું સુકાન શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાના હાથમાં હતું. તેમની પ્રકૃતિ સરળ, સમાધાનપરાયણ અને કોઈ પણ બાબતના વધારે પડતા આગ્રહથી, ઘર્ષણથી, મતભેદથી દૂર રહેવાની હતી. આનો જેમ અમુક રીતે ગેરલાભ હતો તેમ બીજી રીતે લાભ એ હતો કે યુનિવર્સિટીની સેનેટ અને સીન્ડીકેટ જે ભિન્ન ભિન્ન વિચાર વલણો ધરાવતી વ્યક્તિઓના શંભુમેળા જેવી છે તેનું કામ બાંધછોડ કરીને, પતાવટ કરીને સરળતાપૂર્વક તેઓ ચલાવી શકતા હતા.

શ્રી હરસિદ્ધભાઈ સાથે સરખાવતાં શ્રી મગનભાઈ દેસાઈ એક બીજા જ છેડાની વ્યક્તિ છે. પોતાના વિચારોમાં તેઓ ભારે આગ્રહી લેખાય છે, અને કોઈ પણ મહત્ત્વના પ્રશ્ન ઉપર બાંધછોડ કરવી એ તેમના સ્વભાવમાં નથી—આવો આજ સુધીનો તેમના વિષેનો અનુભવ છે. ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ લાંબા વખત સુધી રજીસ્ટ્રાર તરીકે કામ કરી શકયા હતા, કારણ કે ગુજરાત વિદ્યાપીઠનો આદર્શ અને રચના બન્ને સાથે તેમનો પૂરો મેળ હતો. ગુજરાત યુનિવર્સિટીની રચના પશ્ચિમના યુનિવર્સિટીના ઢાળા મુજબ કરવામાં આવી છે. આ યુનિવર્સિટીની સીન્ડીકેટમાં તેમ જ સેનેટમાં પણ તેના પ્રારંભથી આજ સુધી જુદે જુદે સમયે તેમણે એક સભ્ય તરીકે જરૂર કામ કર્યું છે. આમ છતાં પણ સીન્ડીકેટ કે સેનેટના એક સભ્ય તરીકે કામ કરવું એ એક વાત છે અને તેની સમગ્ર કાર્યવાહીના કાર્યાધ્યક્ષ તરીકે કામ કરવું એ જુદી જ વાત છે. તેમની પ્રાકૃતિક ખાસિયતોનો વિચાર કરતાં ગુજરાત યુનિવર્સિટીના અદ્યતન ચોગઠામાં તેમની પ્રકૃતિની ઘડ શી રીતે બેસશે એવો એક સવાલ મનમાં ઉભો થયા વિના રહેતો નથી, અને એ રીતે વિચારતાં એમ પણ મનમાં તર્ક પેદા થાય છે કે, કાં તો પોતાના વિચારો સાથે ચાલુ બાંધછોડ કરતાં રહેવું અથવા તો યુનિવર્સિટીના સહકર્મચારીઓ સાથે નાની મોટી બાબતમાં સંઘર્ષમાં આવવું—આવી વિકલ્પમય સ્થિતિ સ્વીકારવા કરતાં આજ સુધી ગુજરાત યુનિવર્સિટીના કાર્યમાં પોતે જે એક ટીકાકાર અને ચોકીદારનો ભાગ ભજવી રહ્યા હતા તેવો ભાગ તેઓ ભજવતા રહ્યા હોત તો, તેમના તેમ જ યુનિવર્સિટીના કદાચ સવિશેષ લાભમાં પરિણમત. આમ છતાં પણ આજે જ્યારે તેમણે આ જવાબદારી સ્વીકારી છે ત્યારે તે જવાબદારીનું વહન કરવામાં તેમને સફળતા મળે અને તેમના મતાગ્રહ અને કાર્યકુશળતાદ્વારા આ યુનિવર્સિટીને સારો એવો ગાંધીવળાંક મળે એમ આપણે અન્તરથી ઇચ્છીએ!

પથ્થરમાર અને ગોળીબાર

અમુક પ્રશ્ન સંબંધે લોકોએ ઉશ્કેરાટભર્યું વર્તન શરૂ કર્યું, સુલેહશાન્તિની રખાવાળ પોલીસ ઉપર અથવા તો પોતાના ક્રોધાવેશના પાત્ર બનેલ કોઈ વર્ગ અથવા તો સ્થળ ઉપર લોકોના ટોળાએ પથ્થર મારો શરૂ કર્યો અને લોકોના ટોળાનો વધતો જતો અનર્થ અટકાવવા માટે પોલીસે ગોળીબાર કર્યો—આ આપણા દેશમાં રોજબરોજ બનતી ઘટના છે. આ સંબંધમાં એક મત એવો છે કે ગમે તેવા સંયોગ હોય તો પણ પોલીસે કદિ ગોળીબાર કરવો જ ન જોઈએ, જ્યારે બીજો મત એવો છે કે જાહેર જનતાની સુલેહશાન્તિ જોખમાયલી હોય એવા પ્રસંગે ટોળાના તોફાનને અટકાવવા માટે કરવામાં આવતો ગોળીબાર ક્ષમ્ય લેખાવો જોઈએ.

આ સંબંધમાં વિનોબાજીએ તેમના આજ સુધીના પ્રગટ વલણથી કાંઈક જુદા જ પ્રકારનું વલણ રજુ કરતું એવું એક નિવેદન કર્યું છે. આ નિવેદન નીચે મુજબ છે:—

"દેશમાં થતા ગોળીબારોની ઘણા લોકો ટીકા કરે છે; હું પણ કરું છું. પરંતુ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, લોકો પથ્થર ફેંકે છે તે અને લોકતંત્રાત્મક પદ્ધતિથી રચાયેલ સરકાર ગોળી છોડે છે તે, બન્ને એક કોટિનાં નથી; ભિન્ન ભિન્ન કોટિનાં છે. સરકાર તરફથી જે ગોળીઓ છૂટે છે, તેની પાછળ એક સ્વીકૃતિ છે; તેમને એક આજ્ઞા થયેલી છે. દંડનો અધિકાર આપણે સરકારના હાથમાં છે. તેમાં એટલી જ ચર્ચા થઇ શકે કે, સરકાર તેનો યોગ્ય ઉપયોગ કરી રહી છે કે અયોગ્ય? ગોળીઓ છૂટી તે પ્રમાણમાં વધારે હતી કે ઓછી? પરંતુ પથ્થર ફેંકનાર વિષે એવી ચર્ચા થઈ નહિ શકે કે, પથ્થર ફેંકવા યોગ્ય હતા કે નહિ? આટલા ફેંકવા યોગ્ય હતા કે નહિ? તેને વિષે તો માત્ર એટલું જ કહી શકાય કે, પથ્થર ફેંકવા એ ખોટું હતું.

"લોકોએ કાયદાથી ગોળીબારનો અધિકાર સરકારને સોંપ્યો છે. તેની પાછળ તમારી, મારી, સૌની સંમતિ છે. તેને માટે એટલી જ ચર્ચા થઇ શકે કે, ગોળીઓ યોગ્ય પ્રસંગે ચલાવી કે અયોગ્ય પ્રસંગે? જ્યાં સુધી જનતાએ સરકારને લશ્કર વિખેરી નાખવાની આજ્ઞા આપી નથી, ત્યાં સુધી ગોળી છોડવી તે ખોટું છે એવું નહીં કહી શકાય.

"આજે પાર્લામેન્ટમાં સરકાર તરફથી બિલ આવે છે. તેમાં સૂચન કરવામાં આવે છે કે, કલ્યાણ ખર્ચ ઘટાડો, પરંતુ લશ્કર માટે સરકાર તરફથી જે રકમ માંગવામાં આવે છે, તેમાં કશું સૂચવાતું નથી. તે માંગણી એક પળવારમાં મંજૂર થઇ જાય છે. સરકારને એટલું જ પૂછવામાં આવે છે કે, તે લશ્કર પાછળ પૂરતો ખર્ચ કરે છે કે ઓછો? સંરક્ષણની વ્યવસ્થા તો બરોબર છે ને? નવામાં નવાં શસ્ત્રાસ્ત્ર તેણે ખરીદ્યાં છે કે જૂનાં પુરાણા સરંજામથી જ તે કામ ચલાવે છે? સરકાર સૈન્ય પાછળ જે ખર્ચ કરે છે, તેની વિરુદ્ધ કોઈની કશી ફરિયાદ નથી હોતી. ત્યારે તમે કયે આધારે કહો છો કે, ગોળી ચલાવવી એ ખોટું છે?

"ગોળી ચલાવવી એ આજની હિંદુસ્તાનની સમાજરચનાએ માન્ય કરેલી વાત છે. પરંતુ પથ્થર ફેંકવા એ માન્ય થયેલી વાત નથી. આ બન્ને વાતો ધ્યાનમાં રાખવી જોઇએ. એ ખરી વાત છે કે, પથ્થર ફેંકવાથી ફક્ત માથું જ ફુટે છે, જાન નથી જાતો; અને ગોળીથી જાન જાય છે. પણ પેલી બંદૂક અહિંસાની નજીક જે, જ્યારે આ પથ્થર અહિંસાની નજીક નથી."

ગોળીબારના પ્રશ્ન ઉપર આ ઝીણવટભર્યું શ્રી વિનોબાજીનું નિવેદન આ સંબંધમાં અન્યથા વિચાર ધરાવનાર લોકો માટે માર્ગદર્શક બને તેવું છે. આ ઉપરથી આજે થતા દરેક સરકારી ગોળીબારો વ્યાજબી છે એવું કહેવા કે સૂચવવાનો અર્થ કોઈ ન તારવે, પણ સાથે સાથે દરેક ગોળીબાર ગેરવ્યાજબી છે અને તેથી અક્ષમ્ય છે એવો એકાન્ત વિચાર ધરાવનાર વ્યક્તિ પણ આજની વાસ્તવિક પરિસ્થિતિ અને તેમાં સરકાર માટે ઉપસ્થિત થતી ફરજ વિષે સાચું જ્ઞાન કે સમજણ ધરાવતી નથી એમ કહ્યા સિવાય નહિ ચાલે. આવી તુલનાત્મક દૃષ્ટિ વિનોબાજીના ઉપરના નિવેદનમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

'પ્રણય ત્રિકોણ'ના શ્રી. હંસાબહેન સૂચવેલો ઉકેલ

તા. ૩૧ મી ઓકટોબરના જન્મભૂમિમાં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા હતા:—

"ગઈ કાલે (તા. ૨૯ મી ઓકટોબર) વડોદરામાં મળેલી અખિલ અખિલ ભારત મહિલા પરિષદની ગુજરાત શાખાના પ્રાન્તિક અધિવેશનની વિષય વિચારણી સમિતિની બેઠકમાં 'પ્રણય ત્રિકોણ' ના પ્રશ્નની ચર્ચાને લઇને એક પ્રકારનો ઉહાપોહ મચી ઉઠયો હતો અને વડોદરા વિદ્યાપીઠનાં ઉપકુલપતિ શ્રીમતી હંસાબહેન મહેતાએ આ બાબત અંગે દાખવેલી કહેવાતી સમાધાનકારક (compromising) વલણ સામે વિરોધ પ્રદર્શિત કરીને કેટલાક પ્રતિનિધિઓએ સભાત્યાગ પણ કર્યો હોવાનું જણાય છે.

"બહુપત્નીત્વ સામેના ઠરાવ પરની ચર્ચા દરમિયાન શ્રીમતી હંસાબહેન મહેતાએ એવું સૂચન કર્યું હોવાનું કહેવાય છે કે "પ્રણય ત્રિકોણ સમયે પહેલી પત્નીએ માનવતાની દૃષ્ટિએ ત્રિકોણમાંથી ખસી જવું જોઇએ." તેમણે એમ પણ કહ્યું હોવાનું મનાય છે કે "જો પતિ અન્ય સ્ત્રી સાથે સંપર્કમાં આવ્યો હોય અને તેને જો એ સ્ત્રી સાથે લગ્ન કરવા દેવામાં ન આવે તો ત્રણ જીવો દુઃખી થઈ જાય છે.

આથી બે જીવો માટે એક જીવ ભોગ આપે એ વધુ સારું કહેવાય.” ‘આવા કીસ્સાઓમાં પહેલી પત્નીએ બે જીવોના સુખ ખાતર માર્ગ કરી આપવો ઘટે.” એમ તેમણે ઉમેર્યું હતું.

આ સમાચાર જો સાચા હોય–અને આનો ઇનકાર કરતો એવો બીજો કોઈ પણ ખુલાસો શ્રીમતી હંસાબહેન તરફથી હજુ સુધી દૈનિક છાપાઓમાં પ્રગટ થયો જણ્યો નથી તેથી આ સમાચાર સાચા હોય એમ માનવાને કારણ મળે છે–તો વડોદરા યુનિવર્સિટીના ઉપકુલપતિ પદને શોભાવતાં શ્રી હંસાબહેનના આ ઉદ્‌ગારો ભારે વિસ્મય પમાડે તેવા છે એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી. સ્ત્રીપુરૂષોના કૌટુંબિક જીવનમાં પ્રણયત્રિકોણના નામે ઓળખાતી સમસ્યા ‘બેમાં એક ભળે એટલે ત્રણ થાય, અને એ ત્રણમાંથી આગળના બેમાનું એક ખસી જાય એ પાછા બેના બે રહે’–આવી સાદી અને સરળ હોતી નથી. વસ્તુતઃ આવી પરિસ્થિતિમાં સમાજહિતચિન્તક માટે કોઈ અમુક બેને સુખી કરવા–ન કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી, પણ એક નિર્બળ નારીની છાતી ઉપર જે બે સ્વચ્છંદપ્રેરિત માનવીનું પ્રેમનૃત્ય ચાલે છે–આવાં પ્રેમનૃત્યો કેમ અટકાવવા અને એક અસહાય નારીને શી રીતે બચાવવી એ પ્રશ્ન જ પ્રણયત્રિકોણની સમસ્યાના પાયામાં રહેલો છે. એક સ્ત્રી અને પુરૂષ સુખે દંપતીજીવન ગુજારી રહ્યા હોય છે. ત્યાં એક બીજી સ્ત્રી રંગભૂમિ ઉપર આવે છે. તે પુરૂષ અને તે બીજી સ્ત્રી પરસ્પર આકર્ષાય છે. આમ પરસ્પર આકર્ષાવામાં કશું વાંધા જેવું નથી, કારણ કે જાતીય આકર્ષણ દરેક માનવીની પ્રકૃતિના મૂળમાં રહેલું તત્ત્વ છે. પણ આ આકર્ષણ એ હદ સુધી આગળ વધે છે કે, નવી સ્ત્રી આગળની સ્ત્રીનું સ્થાન લેવા માંગે છે અને પુરૂષ એ નવી સ્ત્રીને પહેલાની સ્ત્રીના સ્થાને બેસાડવા માંગે છે. આ વાસ્તવિકતાનું વિશ્વાસમાં સુતેલી પહેલી સ્ત્રીને જ્યારે ભાન થાય છે ત્યારે તેની વ્યથાનો કોઇ પાર રહેતો નથી. પોતાના પુરૂષનો આ વિશ્વાસદ્રોહ જોઇને તે કમકમી ઉઠે છે. પોતાની જ એક બહેન પોતાનું સ્થાન ઝુંટવી લેવાને તૈયાર થઈ છે–આ બાબતનું પણ તેને અપાર દુઃખ હોય છે. કૌટુંબિક તેમ જ સામાજિક દૃષ્ટિએ આ એક મોટી દુર્ઘટના લેખાય છે. આપણા સમાજમાં આવી દુર્ઘટનાઓ આજે વધતી જાય છે તે ઘટે કેમ, પુરૂષો અને સ્ત્રીઓ આવી ધૃષ્ટતાના માર્ગે જતા અટકે કેમ અને અટકાવી ન શકાય તેવા સંયોગોમાં જેમાં પોતાનો કશો જ વાંક નથી એવી પહેલાની સ્ત્રીના હિતો સુરક્ષિત કેમ થાય અને એકના ભોગે પોતાનું સુખ શોધવા નીકળેલા પુરૂષ અને અન્ય સ્ત્રી માટે કેવું સામાજિક પ્રાયશ્ચિત્ત હોવું જોઇએ–આવી રીતે આ પ્રશ્નનો વિચાર કરવો ઘટે. આને બદલે “તારો ધણી અને બીજી સ્ત્રી સુખી થાય એટલા માટે બહેન, બોલ્યા ચાલ્યા સિવાય, ઉંચું નીચું જોયા સિવાય, આંસુ સાર્યા સિવાય કે પોકાર ઉઠાવ્યા સિવાય ખસી જા. આમ તમે ત્રણ દુઃખી થાઓ એને બદલે તું એક દુઃખી થા કે જેથી બીજાં બે સુખી થાય–એ વધારે ઇચ્છવા યોગ્ય છે.” આમ સમાજમાં ઉંચા સ્થાન ઉપર બેઠેલી અને સુસ્થિર ગૃહસ્થાશ્રમને પ્રાપ્ત થયેલી એક વિદુષી સન્નારી નીચે બેઠેલી, ધણીના દ્રોહનો ભોગ બનેલી, રોતી કકળતી, હતભાગી બહેનને કહે–એ કેવળ દાઝ્યા ઉપર ડામ દેવા જેવું છે. આમાં એકનો ભોગ આપીને બેને સુખી બનાવવાની ગણિતિક દૃષ્ટિ હશે, પણ માનવતાની દૃષ્ટિ તો હરગીજ નથી.

અલબત્ત, શ્રી હંસાબહેન તો આગળની સ્ત્રીને છોડીને અન્ય સ્ત્રી સાથે ચાલી નીકળવા ઇચ્છતા એક પુરૂષનો જ કીસ્સો કલ્પીને પેલી હતભાગી સ્ત્રીને ખસી જવાની શિખામણ આપી રહ્યાં છે, પણ એવી જ રીતે આગળના પુરૂષને છોડીને અન્ય પુરૂષ સાથે ચાલી નીકળવા ઇચ્છતી સ્ત્રીનો કીસ્સો પણ કલ્પી શકાય તેમ છે અને તેવા કીસ્સામાં તે હતભાગી પુરૂષને પણ હંસાબહેન એવી જ શિખામણ આપે એમ આપણે સ્વીકારવું જ રહ્યું. એક સ્ત્રી તો, કદાચ અહાયતાના કારણે શ્રી હંસાબહેનની સલાહ માનવાને તૈયાર થશે, પણ કોઇ પુરૂષ હંસાબહેનની આ સલાહ માનીને મુંગે મોઢે ખસી જવાને તૈયાર નહિ જ થાય.

વળી આ બન્ને પ્રકારનાં કીસ્સાઓમાં આ દંપતી યુગલોને બાળકો હોવાનો અને તેનું શું એનો તો વિચાર જ કરવામાં આવ્યો નથી. વસ્તુતઃ સ્ત્રી પુરૂષોના સંબંધોને અને તેમણે મળીને માંડેલા ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત બનાવવા માટે અને સમાજમાં સ્થિરતા પેદા કરવાના હેતુથી લગ્નસંસ્થાનો જન્મ થયો છે. લગ્નસંસ્થાને સુદૃઢ સ્થાયી બનાવવી જોઇએ એ માત્ર જુનવાણી વિચાર નથી, પણ આજે પણ સિદ્ધાન્ત રૂપે એ વિચાર એટલો જ સ્વીકાર્ય અને બહુજન–અનુમત છે. અલબત્ત એવા વિકટ અથવા તો કોઇ પણ રીતે ઉપેક્ષા થઇ ન શકે એવા સંયોગો કલ્પી શકાય છે કે જ્યારે લગ્નવિચ્છેદ યોગ્ય, ઉચિત અને કોઇ કોઇ કીસ્સામાં અનિવાર્ય પણ લેખાવો ઘટે. તદુપરાન્ત માનવી મન કોઇનું બાંધ્યું બંધાતું નથી અને તેથી એકને છોડીને અન્ય સાથે જોડાવા ઇચ્છે–આવી પ્રક્રિયા માનવી મન માટે કાંઈ અસહજ નથી. આમ છતાં પણ લગ્ન સંબંધથી જોડાયલા બને ત્યાં સુધી હંમેશાને માટે જોડાયલા જ રહે એવો આગ્રહ સૌ કોઇના દિલમાં ઊંડેથી જડાયલો હોવો જોઇએ અને ન ફાવ્યું કે તલ્લાક આપીને છુટા થયાં–આવી છુટા થવાની સરળતા લગ્ન સંબંધમાં હોવી ન જ જોઇએ. લગ્ન સંબંધની સુદૃઢતા ઉપર જેટલો ભાર મૂકી શકાય તેટલો ઓછો છે, કારણ કે વ્યકિતનું સરેરાશ સુખ અને સમાજનું સાધારણ સુખ લગ્ન સંબંધની મક્કમતા અને સુદૃઢતા ઉપર જ રહેલું છે. પ્રણય–ત્રિકોણના કીસ્સાઓ એટલે કે એકને તરછોડીને અન્ય પાછળ ભટકવાની –અન્ય સાથે જોડાવાની–ઘટનાઓ સમાજમાં બનવાની જ છે, પણ સામાજિક અભિપ્રાય આવી ઘટનાઓની સખ્ત વિરૂદ્ધ હોય તો આવી ઘટનાઓ વિરલ બને. સામાજિક અભિપ્રાય આવી ઘટનાઓને અપનાવી લેવાની વૃત્તિ કેળવે તો આવી ઘટનાઓ રોજબરોજની બની જાય અને આપણું કૌટુંબિક જીવન નિરંકુશ, નષ્ટભ્રષ્ટ બની જાય.

હંસાબહેનની સલાહ પણ આવી ઘટનાઓને રોકટોક સિવાય અપનાવી લેવાની અને જેને જે માર્ગે જવું હોય તેને તે મુજબ જવા દેવાની અને પોતાના મામુલી સુખના સ્વાર્થની ખાતર અન્ય બેના માર્ગમાં અવરોધરૂપ ન બનવાની છે. વિશેષ આશ્ચર્યજનક તો એ છે કે આ સલાહને તેઓ માનવતાના નામ ઉપર આગળ ધરે છે. માનવતા તો પેલી વિના વાંકે તરછોયલી સ્ત્રીના સુખનો–અને નહિ કે એક અબળાને ઠોકરે મારીને પોતાનું સ્વતંત્ર સુખ શોધવા નીકળી પડેલા પુરૂષ તથા અન્ય સ્ત્રીના સુખનો–વિચાર કરવાનું કહે છે. માનવતા શબ્દનો આવા વિચિત્ર અનુસંધાનમાં ઉપયોગ આજ સુધી કદિ સાંભળવામાં આવ્યો નથી. આશા રાખીએ કે શ્રી હંસાબહેન આ બાબતને ફરીથી વિચારશે અને પોતાના વિચારોનું વધારે ઊંડાણથી સંશોધન કરશે.

રતલામનું જૈન મંદિર અને સનાતનધર્મીઓની ગુંડાગીરી

મધ્યપ્રદેશમાં આવેલા રતલામના શાન્તિનાથ જિનાલયને લગતો એક મુકદ્દમો મધ્યપ્રદેશની હાઇકોર્ટ સમક્ષ હતો. તેમાં એક બાજુએ રતલામના જૈન સમાજના પ્રતિનિધિઓ હતા અને બીજી બાજુએ મધ્યપ્રદેશની સરકાર, રતલામ જીલ્લાનો કલેકટર, રતલામનો તહેશીલદાર અને રતલામ જીલ્લાનો પોલીસના સુપ્રીન્ટેન્ડન્ટ હતા. આજથી ત્રણ વર્ષ પહેલાં આ જૈન મંદિરમાં શિવલિંગ હતું અને જૈનોએ તે ઉખેડીને ફેંકી દીધું છે એવી વાત લોકોમાં વહેતી થતાં ત્યાંનો હિંદુ સમાજ ખૂબ ઉશ્કેરાયો, તોફાનો થયાં, અને સ્થાનિક સરકારી અધિકારીઓએ જૈન મંદિરનો કબજો લીધો, એટલું જ નહિ પણ, જે સ્થળે શિવલિંગ હોવાનું કહેવામાં આવતું હતું તે સ્થળે એક નવા શિવલિંગની સ્થાપના કરાવી દીધી, અને તે એવી રીતે કે તેમ નહિ કરવાનો મધ્યપ્રદેશની હાઇકોર્ટનો હુકમ થઈ ચુકયો હતો તેની તેમને જાણ હતી, એમ છતાં તે હુકમ તેમને જે તારીખે મળવા સંભવ હતો (તા. ૨૭મી નવેમ્બર ૧૯૫૪) તેની આગળના દિવસે આ શિવલિંગની સ્થાપના કરી નાખવામાં આવી હતી.

ઉપર જણાવેલ મુકદ્દમાનો ચુકાદો આપતાં મધ્યભારતની હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી પી. વી. દિક્ષિત તથા શ્રી વી. આર. નેવાસ્કરે પ્રસ્તુત જૈન મંદિરનો કબજો જૈનોને સોંપી દેવાનો, તેને લગતી પ્રવેશબંધીનું ફરમાન પાછું ખેંચી લેવાનો અને તકરારનું મૂળ બનેલ શિવલિંગ ઉપાડી લેવાનો હુકમ કર્યો છે. આ પ્રમાણે હાઇકોર્ટનો ચુકાદો હોવા છતાં રતલામના સનાતનધર્મી સમાજે અશાન્તિ અને તીવ્ર ઉશ્કેરાટ ભર્યું વાતાવરણ અને ત્યાં વસતા જૈનોની સહીસલામતી જોખમાય એવી તંગ પરિસ્થિતિ ઉભી કરીને એ ચુકાદાનો અમલ થતો અટકાવ્યો છે. રતલામમાં જૈનોની વસ્તી ૮૦૦૦ ની છે, જ્યારે તે સામે વિરોધનો વાવંટોળ ઉભું કરનાર અન્ય સમાજની વસ્તી ૮૦૦૦૦ ની છે. લઘુમતી કોમે કરેલી ફરિયાદનું વ્યાજબીપણું સ્વીકારીને તેના લાભમાં હાઇકોર્ટ અમુક ચુકાદો આપે છે. એમ છતાં બહુમતીની જોહાકી અને આપખુદી ન્યાયનો અમલ થતો આપણા દેશમાં અટકાવી શકે છે અને પ્રાદેશિક સરકાર અને કેન્દ્રસ્થ સર ટગરટગર જોયા કરે છે—આપણા માટે આ એક અતિ શોચનીય અને શરમજનક ઘટના છે. આની સામે હજુ થોડા સમય પહેલાં અમેરિકામાં બનેલ પ્રસંગ યાદ આવે છે કે જેમાં, અદાલતના હુકમનો અમલ કરવા માટે અમેરિકાના પ્રમુખ આઇઝનહોવરે ત્યાંના એક પ્રાન્તમાં લશ્કર મોકલ્યું હતું અને બંદુકની અણીએ અદાલતના હુકમનો અમલ કરાવ્યો હતો. ભારતના તંત્રવાહકોએ એ વાત ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે કે જે દિવસે અદાલતની સત્તા નબળી પડશે તે દિવસે દેશમાં લોકશાહી જોખમમાં આવી પડવાની છે.

અલબત, પ્રસ્તુત કીસ્સાનો નીકાલ બંદુકની અણીએ થાય એવી આપણી અપેક્ષા નથી, પણ જ્યારે એક બાજુએ એક નાની સરખી કોમ પોતાના ધાર્મિક હક્કની રક્ષા કરવા મથતી હોય અને સરકારી ન્યાય મંદિર જ્યારે તેનું સંપૂર્ણ સમર્થન કરતું હોય ત્યારે તે નાની સરખી કોમને દાબી દેવા, છુંદવા, એટલું જ નહિ પણ, તેનો અનેકમુખી સામાજિક બહિષ્કાર કરવા નીકળેલ બહુમતી સમુદાયની અમાનુષી ગુંડાગીરીને અંકુશમાં લાવવા માટે, આ જૈન છે કે જૈનેતર—એવા કોઇ પણ ખ્યાલથી મુકત રહીને, ભારત સરકારે અને તેની પ્રતિનિધિ મધ્ય-ભારતની સરકારે, એટલું જ નહિ પણ, રાષ્ટ્રીય મહાસભાએ પોતાની સર્વ લાગવગ અને સત્તાનું પીઠબળ સ્થાનિક જૈન સમાજને આપવું જોઇએ, અને બહુમતી સમુદાયને નાના સમુદાય સાથે સમજુતી ઉપર આવવાની ફરજ પડે એવું દબાણ ત્યાંના સનાતની સમાજ ઉપર લાવવું જોઇએ.

સદ્‌ભાગ્યે વિનોબાજીનું આ બાબત તરફ ધ્યાન ખેંચાયું છે, અને ત્યાંની વિગતો સાંભળીને તેમને ખૂબ પરિતાપ થયો છે, અને જો બન્ને પક્ષ ઇચ્છે તો આ તકરારની પોતે લવાદી કરવાની તેમણે તૈયારી દર્શાવી છે એમ તા. ૨૬-૧૧-૫૭ ના ભૂમિપુત્ર ઉપરથી માલુમ પડે છે. જૈનો હંમેશા શાન્તિપ્રિય રહ્યા છે અને મારામારી અને ઝગડો કરીને પોતાના હક્ક અન્ય પાસે કબુલાવવાની વૃત્તિ તેમણે કદિ સેવી નથી. આ ઝગડાનો પણ શાન્તિ—સુલેહથી ઉકેલ લાવવા માટે ત્યાંના જૈનોએ અનેક વાર તૈયારી દાખવી હતી અને પ્રયત્નો કર્યા હતા, પણ ધર્મઝનુનનો ભોગ બનેલા સનાતન ધર્મીઓએ આ વાત ધ્યાનમા લીધી જ નહિ, અને પરિણામે આ ઝગડો મધ્ય પ્રાન્તની હાઇકોર્ટ સુધી પહોંચ્યો. ત્યાં તેમની માંગણીઓના વ્યાજબીપણાનો સંપૂર્ણ સ્વીકાર થવા છતાં કોઇ પણ સુલેહ શાન્તિનો વિચારવા જૈનો આજે પણ તૈયાર છે, અને ઉપર જણાવ્યું તેમ જો વિનોબાજી આ બાબતનો નિકાલ લાવવાને તૈયાર હોય, અને સનાતન ધર્મીઓ તેમની લવાદી સ્વીકારવાને તૈયાર હોય તો, જૈન સમાજના આગેવાનો આવી લવાદીને નહિ આવકારે એમ માનવાને કશું જ કારણ નથી. **પરમાનંદ**

'જર્મનીની પુનરૂચ્ચના'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તાજેતરમાં યુરોપનો પ્રવાસ કરી આવેલા શ્રી નવલમલ કુન્દનમલ ફિરોદિયા **'જર્મનીની પુનરૂચ્ચના'** એ વિષય ઉપર સંઘના કાર્યાલયમાં તા. ૪-૧૨-૫૭ ગુરૂવારના રોજ સાંજના ૬ વાગ્યે જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

અજન્ટા—એલોરાની યાત્રાનો પ્રબંધ

જેનું લાબા સમયથી સ્વપ્ન સેવવામાં આવતું હતું તે સુપ્રસિદ્ધ કળાધામ અજન્ટા-એલોરાની યાત્રાનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે પ્રબંધ કરવામાં આવ્યો છે. આ માટે ૪૪ યાત્રિકો સમાઇ શકે તેવી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસની ગોઠવણ કરવામાં આવશે. ચાલુ ડીસેંબર મામની ૧૯ મી તારીખ શુક્રવારે સવારે સાત વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગ પાસેથી બસ ઉપડશે. રસ્તામાં રોયલ ઓપેરા હાઉસ,—ઝવેરી ચીમનલાલ માનચંદના શેરમની બાજુએ, દાદર ખોરદાદ સરકલ વીન્સેન્ટ રોડના શરૂ થતા બસ સ્ટોપ પાસે, કીંગ સરકલ પહેલા જૈન મંદિર પાસે—એ મુજબ બસ ઉભી રાખવામાં આવશે. બપોરના નાશીક પહોંચશે અને ત્યાં આરામ તથા ભોજન માટે બે કલાક રોકાઇને બસ ઉપડશે અને રાત્રે ઔરંગાબાદ પહોંચશે. તા. ૨૦ તથા ૨૧—શનીવાર તથા રવિવાર બે દિવસ એલોરા તથા અજન્ટાની ગુફાઓ તેમ જ નજીકનાં જોવા લાયક સ્થળો જોવામાં પસાર કરવામાં આવશે અને ૨૨ મી સોમવારે સવારે ઔરંગાબાદથી નીકળી વચ્ચે આરામ તથા ભોજન માટે બે કલાક નાશિક રોકાઇને રાત્રે મુંબઇ પાછા ફરવાનું બનશે.

આ યાત્રામાં જોડાનાર મોટી ઉમ્મરના ભાઇ બહેનોએ રૂા. ૫૦), તથા ૧૨ વર્ષની નીચેનાં બાળકો માટે રૂા. ૩૦) આપવાનાં રહેશે, ત્રણ વર્ષ નીચેનાં બાળકોને સાથે લેવામાં આવશે નહિ. પોતાની મોટરમાં આવનારે વ્યકિત દીઠ રૂા. ૨૦) અને બાર વર્ષ નીચેનાં બાળકો માટે રૂા. ૧૦) આપવાના રહેશે. આ યાત્રામાં વ્યકિત દીઠ આશરે રૂા. ૪૫) નો ખર્ચ આવવા સંભવ છે. અને તેથી આવકમાંથી કુલ ખર્ચ બાદ કરતાં જે કાંઇ વધશે તે વ્યકિત દીઠ પ્રમાણસર પાછી વહેંચી દેવામાં આવશે.

આ યાત્રામાં જોડાનાર યાત્રિકે પોતા માટે પૂરતુ બેડીંગ, ગરમ કપડા, કુટુંબ સાથે આવતા હોય તેમણે પાણીનું ઠામ ટોર્ચ વગેરે જરૂરી વસ્તુઓ સાથે લેવાની રહેશે. આ યાત્રા માટે માત્ર એક જ બસનો પ્રબંધ કરવા ધારેલો હોઇને યાત્રીઓની સંખ્યા અતિ મર્યાદિત રહેશે. તેથી આ યાત્રામાં જોડાવા ઇચ્છનાર ભાઇ બહેનોને સંઘના કાર્યાલયમાં પોતપોતાની રકમ જલ્દિથી ભરી જવા વિનંતિ છે, આ બાબતમાં વહેલો તે પહેલો એ જ નિયમ અનુસરવામાં આવશે.

અહિં એ જણાવવું જરૂરી છે કે આ રીતે રકમ ભરી જનાર ભાઇ યા બહેન છેવટની ઘડિએ અસાધારણ અગવડના કારણે આ યાત્રામાં જોડાઇ ન શકે એમ બનવા સંભવ છે. આ રીતે એકાએક અંકડી જનાર ભાઇ યા બહેને ભરેલી રકમ, નિયત સંખ્યા કરતા વધારે ભાઇ બહેનોની યાત્રામાં જોડાવાની માંગણી આવશે તો અને તે પ્રમાણમાં, પાછી આપવામાં આવશે. તદુપરાન્ત આવા અણધાર્યા સંયોગમાં પોતાની જગ્યાએ પોતાના કોઇ સ્વજન યા મિત્રને તે મૂકી શકશે.

આવું ચાર દિવસનું લાંબું પર્યટન ગોઠવવાનો મુંબઇ જૈન યુવક સંઘ માટે આ પહેલો જ પ્રયાસ છે. આ પ્રવાસમાં જોડાનાર ભાઇ બહેનો પરસ્પર પૂરા શ્રમ અને સહકાર વડે અને પોતાની સગવડ કરતાં બીજાની સગવડના ખ્યાલને પ્રાધાન્ય આપીને આ પ્રવાસને સર્વ રીતે સફળ બનાવે એવી તેમને પ્રાર્થના છે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
આત્માનો વિસંવાદ એ જ આજની દુનિયાના વિસંવાદનું મૂળ છે.	ડૉ. રાધાકૃષ્ણન્	૧૩૭
વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસે પસાર કરેલો મુખ્ય પ્રસ્તાવ		૧૩૮
વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસ	પૂર્ણિમા પકવાસા	૧૩૯
બટાટાની અર્વાચીનતા—પ્રાચીનતા વિષે	પરમાનંદ	૧૪૦
પ્રકીર્ણ નોંધ: શેઠ દલીચંદ વીરચંદ શ્રોફને ધન્યવાદ, ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદ ઉપર શ્રી મગનભાઇ દેસાઇની નિમણુક, પથ્થરમાર અને ગોળીમાર, 'પ્રણય ત્રિકોણ'નો શ્રી હંસાબહેને સૂચવેલો ઉકેલ, રતલામનું જૈન મંદિર અને સનાતન ધર્મીઓની ગુંડાગીરી.	પરમાનંદ	૧૪૬
કરૂણામૂર્તિ રૂકમિણી એરન્ડેઇલનું સ્વાગત પ્રવચન		૧૪૫

કરૂણામૂર્તિ શ્રીમતી રૂકમિણી એરન્ડેઈલનું સ્વાગતપ્રવચન

(તા. ૧૫ મી વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસના સ્વાગતપ્રમુખ શ્રીમતી રૂકમિણી એરન્ડેઈલના સ્વાગત-પ્રવચનમાંના ઉપયોગી વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે રૂકમિણીદેવી જ્યારે બોલે છે ત્યારે, કરૂણા માનવરૂપ ધારણ કરીને આપણી હૃદયતંત્રીના તારને સ્પર્શતી હોય, આપણા સુષુપ્ત કઠોર દિલને જગાડતી હોય અને આપણામાં દયા, કોમળતા, અનુકંપાની લાગણીઓ પ્રેરતી હોય એમ લાગે છે. આવી વ્યકિતના વકતવ્યનો અનુવાદ કરતાં મેં એક પ્રકારની કૃતાર્થતા અનુભવી છે. પરમાનંદ)

આ ભારત કે જ્યાં વનસ્પત્યાહારની પરંપરા કંઈ સદીઓથી અહિંના જીવન સાથે જડાયલી છે તેવા દેશમાં આ કોંગ્રેસ ભરવાની શી જરૂર હતી એવા સવાલો પૂછવામાં આવે છે. એ સાચું છે કે અહિં લાખો માણસો નિરામિષ-આહારી છે. દુનિયાના બીજા કોઈ ભાગ ઉપર છે તે કરતાં અહિં વસ્તીનો ઘણો મોટો ભાગ વનસ્પત્યાહારી છે. એ પણ સાચું છે કે, અમારા મહાન પુરૂષોએ તેમ જ સાધારણ જનતાએ જીવનધારણ કરવા માટે અખત્યાર કરવામાં આવતી બીજી પદ્ધતિઓ કરતાં વનસ્પત્યાહારપદ્ધતિનું ચડિયાતાપણું સ્વીકારેલું છે. આમ હોવાથી આ દિશામાં અમને કોઈ શિક્ષણ આપે તે કરતાં અમે અન્યને શિક્ષણ આપીએ એવી સ્થિતિમાં અમે હોવા જોઈએ. આમ છતાં પણ, આશ્ચર્યજનક રીતે, આજના સમય સંયોગમાં, અમારી પુરાણી ભાવના વિષે અમે પુનઃ સજાગ બનીએ અને આજ સુધી અમે કરતા આવ્યા હતા તે કરતાં વધારે ઊંડી શ્રધ્ધા, પ્રતીતિ અને સમજણપૂર્વક અમારી ભાવનાઓને-અમારા પુરાણા આદર્શોને-અમલમાં મૂકતા થઇએ તે માટે અમને દૂર દૂરના મિત્રોની પ્રેરણાની-માર્ગદર્શનની-ખાસ જરૂર છે. નજીકના ભૂતકાળમાં આ દેશના માનસને પ્રતિકુળ અને અમારી પ્રાચીન પરંપરાઓ સાથેના અમારા સંબંધમાં ચોક્કસ પ્રકારનું ભંગાણ પાડે એવી શિક્ષણપદ્ધતિ ભારતમાં અખત્યાર કરવામાં આવી હતી. આના પરિણામે ઘણી મોટી સંખ્યાના લોકો-ખાસ કરીને યુવાન વર્ગ અને તે પણ વંશપરંપરાથી વનસ્પત્યાહારી એવા કુટુંબોમાંનો યુવાન વર્ગ-પોતે શા માટે વનસ્પત્યાહારી છે તે વિષે કશું જાણતો જ હોતો નથી. કેટલાએક આ વનસ્પત્યાહાર પદ્ધતિને જુનવાણી વહેમમાંથી ઉભી થયેલી જરીપુરાણી ટેવ તરીકે જ લેખે છે. ઘરમાં કે નિશાળમાં સાચા જ્ઞાન અને યોગ્ય શિક્ષણની આ ત્રુટિમાંથી આજે અમારે ત્યાં એક નવું આધિભૌતિક વલણ પેદા થઈ રહ્યું છે અને ભારતમાં સર્વત્ર ફેલાઇ રહ્યું છે. દુનિયાના અન્ય વિભાગોની હરોળમાં ઉભા રહેવા માટે અમે એમ માનવા લાગ્યા છીએ કે માત્ર પશ્ચિમી વિચારપદ્ધતિની નકલ કરવાથી અને પશ્ચિમના વૈજ્ઞાનિક ખ્યાલો સ્વીકારી લેવાથી જ ભારત પોતા માટે આજની તીવ્ર હરીફાઇવાળી દુનિયામાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી શકે તેમ છે. જે ભારતવાસીઓ આવી માન્યતા ધરાવે છે તેમના ધ્યાન ઉપર હજુ એ હકીકત આવવાની જરૂર છે કે બધા દેશોમાં અમને વિજ્ઞાન તેમ જ વૈદક બન્ને સમેત વિચારના સર્વ ક્ષેત્રોમાં આજે એવા મોટા વિચારપુરસ્કર્તાઓ પેદા થયા છે કે જેઓ અહિંસા ઉપર આધારિત એવી એક નવી વિચારસરણી દુનિયા સમક્ષ રજુ કરી રહ્યા છે.

મને ખાસ કરીને આનંદ થાય છે કે અહિં આવેલા પ્રતિનિધિઓમાં કેટલાક જાણીતા ડાકટરો અને આહારવિજ્ઞાનના નિષ્ણાતો છે; કારણ કે શા માટે વનસ્પત્યાહાર આદરણીય બનવો જોઇએ, એટલું જ માત્ર નહિ પણ, સાચો વનસ્પત્યાહાર કેવો હોવો જોઇએ તે જાણવાની અમારા માટે એટલી જ જરૂર છે. આયુર્વેદ જેવી અમારી પુરાણી વૈદ્યકીય પદ્ધતિઓ અને આગળની પેઢીઓની સ્ત્રીઓ જુદા જુદા ખાદ્ય પદાર્થોના મૂલ્યનું સારૂં જ્ઞાન ધરાવતી હતી. આજે એ જ્ઞાન ગુમાવી બેસવાની સ્થિતિમાં અમે છીએ અને કતલના ઘાતકીપણામાંથી પેદા થયેલો ખોરાક ખાતા ન હોઇએ તો પણ અમે ખરેખર તન્દુરસ્તીને પોષે અને તાકાતને વધારે તેવો ખોરાક ખાતા હોતા નથી. આને લીધે વનસ્પત્યાહાર જોઇતી તાકાત નથી આપતો એવી માંસાહારીઓની દલીલને વધારે જોર મળે છે. તેથી માંસાહારને ઉત્તેજન આપવું જોઇએ એમ તેઓ ભારપૂર્વક જણાવે છે. આજે વધારે અને વધારે લોકો ઇન્જેકશનો લેવાની, વીટામીનની ગોળીઓ ખાવાની અને અમારી માતામહીઓ કરતી હતી તેમ વ્યાધિનિવારણના ઉપાયો બગીચાંથી અને રસોડામાંથી નહિ પણ ફાર્મસીઓમાંથી મેળવવાની તાલાવેલી ધરાવે છે. આજે ભારતમાં આ પ્રકારનું વલણ છે અને મને ખાત્રી છે કે પશ્ચિમ અને પૂર્વના જ્ઞાન અને અનુભવ ઉપર આધારિત પ્રાણપોષક દ્રવ્યોને લગતી વૈજ્ઞાનિક સમજણ વડે જ લોકોને સાચા રસ્તે વાળી શકાશે અને તેમની તન્દુરસ્તીની રક્ષા કરી શકાશે.

આના અનુસંધાનમાં, ભારત સરકારના ખોરાક અને ખેતીવાડી ખાતાના ૧૯૫૬ માં પ્રગટ થયેલા 'માર્કેટીંગ અને ઇન્સ્પેકશન' ના રીપોર્ટ (પાનું ૧૬૭) માં નીચેનું લખાણ વાંચતાં ભારે વેદના થાય છે. "અન્ય ઘણા દેશોમાં ચીજોની વપરાશ કરતા લોકોના શિક્ષણ-Consumers' education-માટે દર વર્ષે ઘણી મોટી રકમો ખરચવામાં આવે છે અને માંસ અને તેમાંથી ઉત્પન્ન થતી બીજી વસ્તુઓની ઉપયોગીતા, ચીજો વાપરનારના ધ્યાન ઉપર સચોટપણે લાવવા માટે બહોળા પ્રમાણમાં પ્રયત્નો કરવામાં આવે છે. સદ્‌ભાગ્યે, માંસાહાર સામે-ખાસ કરીને મટન એટલે કે બકરાના માંસ સામે-હિંદમાં પહેલાં જેટલો આજે વિરોધ કે પૂર્વગ્રહ નથી. જો તેની વપરાશ વધારવા માટે સાથે સાથે પગલાં ભરવામાં નહિ આવે તો તેનું ઉત્પાદન કરવાના પ્રયત્નો સફળ થવાની શકયતા નથી.

"તેથી એમ ભલામણ કરવામાં આવે છે કે માંસની અસાધારણ પોષણક્ષમતા અને શરીરની તાકાત વધારવાના ગુણ સંબંધે લોકોને કેળવવા માટે-તે તરફ વાળવા માટે-મોટા પાયાનું પ્રચારકાર્ય હાથ ધરાવું જોઇએ."

આ કોંગ્રેસના પરિણામે હું આશા રાખું છું કે કદાચ દયાના-અનુકંપાના-ખ્યાલોથી પ્રેરાઇને નહિ, તો પોષણવિષયક તેમ જ અર્થવિષયક દૃષ્ટિબિન્દુથી પ્રેરાઇને પણ સરકારને પોતાને વનસ્પત્યાહારને ઉત્તેજવાની અવશ્યકતા સંબંધે પૂરી પ્રતીતિ થશે, જો કે હું તો માનું છું કે જે પ્રજા ગાંધીજીને રાષ્ટ્રપિતાના નામથી સંબોધે છે તે પ્રજાની સરકારને તેમના સિદ્ધાન્તો મુજબ રાજ્યવહીવટ ચલાવતાં સવિશેષ આનંદ થવો જોઇએ. અમારા દેશના મહાન નેતાઓમાંના બે-એક તો ડૉ. એની બીસેન્ટ જેમને હું મારા પોતાનાં ગુરૂ ગણું છું અને બીજા ગાંધીજી-બન્ને એવો અભિપ્રાય ધરાવતા હતા કે ખોરાક માટે પશુ, પક્ષી, કે માછલીને મારવી તે કરતાં તે વિના જીવનનો અન્ત આણવાનું તેઓ વધારે પસંદ કરશે.

એમાં કોઈ શક નથી કે કોઇને પણ દુઃખ ન આપવું-દુઃખ આપતા અટકવું-એ જીવનનો ઉંચામાં ઉંચો આદર્શ છે. નિસ્વાર્થપણે જીવવાથી આપણે સર્વત્ર નિસ્વાર્થતા અને ઉદારતાના બીજનું વાવેતર કરીએ છીએ. સ્વાર્થવિવશતા જ અન્ય પ્રાણીઓ માટે તેમ જ આપણા માટે દુઃખ પેદા કરે છે. એ સ્વાર્થવિવશતા જ યુદ્ધનું-વિગ્રહનું-મૂળ કારણ છે. જ્યારે સ્વાર્થવિવશતા અને નિર્દયતા આપણા સામાજિક જીવન ઉપર સ્વાર થઇને બેસે છે, ત્યારે જ સહીસીક્કાવાળાં લેખિત સુલેહ સંધિપત્રોને ફાડીને ફેંકી દેવામાં આવે છે. જેવો ખોરાક આપણે ખાઇએ તે વડે આપણા શરીરની તાકાત આપણે કેળવી શકીએ છીએ અને અહિંસા-નિરૂપદ્રવીતા-વિષેની શ્રદ્ધા વડે અને તત્સદૃશ આચરણ વડે ટકી રહે એવી શાન્તિની સ્થાપના કરી શકીએ છીએ. આજે રાષ્ટ્રસમૂહની કચેરીમાં ભારતના અવાજને ભારે મહત્વ મળે છે; કારણ કે તેણે અહિંસાની નીતિને સ્વીકારી છે. પણ ભારતની આ રાજ્યનીતિ માત્ર દુનિયાની પ્રજાઓ સામે આગળ ધરવા માટે ન હોવી જોઇએ, પણ આપણે પ્રજા તરીકે દિનપ્રતિ દિન ઘરમાં તેમ જ બહાર જે પ્રકારનું જીવન જીવતા હોઇએ તેમાં તેનું પ્રતિબિંબ પડવું જોઇએ, આપણા ચાલુ જીવન સાથે તે સુસંગત હોવી જોઇએ, તેને આપણા જીવનમાંથી

ચાલના મળની જોઇએ. આપણે ખોરાક ખાઇએ છીએ તે અને મોઢેથી કે ઇન્જેકશનથી આપણે જે ઔષધો લઇએ છીએ તે હંમેશાં ચાલી રહેલી પશુઓની કતલ સાથે સીધી કે આડકતરી રીતે આપણને સંલગ્ન કરે છે. દરેક જીવ પોતાને બચાવવાનો પ્રયત્ન કરે છે, કારણ કે દરેકને પોતાની જીંદગી વહાલી છે, અને જો કે આપણે તેમના આંસુઓ નજરે જોતા નથી કે તેમની ચીસો કાનથી સાંભળતા નથી, તો પણ પશુસૃષ્ટિનું દુઃખ અને વેદના વડે આપણી આસપાસનું વાતાવરણ સંકુલિત-ક્ષુબ્ધ હોય છે. અન્ય જીવોને બને તેટલી ઓછી પીડા આપીને જીવવું એ જ માંત્ર આપણી પાસે એક ઉપાય છે. સંભવ છે કે આ દુનિયા ઉપર આપણી જ્યાં સુધી હસ્તી છે ત્યાં સુધી કોઇને જરા પણ પીડા કે દુઃખ ન આપવાનું આપણા માટે શકય ન હોય. પણ આજે આપણે જે પીડા-ત્રાસ ચોતરફ વર્તાવી રહ્યા છીએ તેને આપણે હજાર ગણો ઓછો કરી શકીએ તેમ છે. કહેવાતી દયામય કતલને દયામય કહેવી એ વદતો વ્યાઘાત જેવું લાગે છે, કારણ કે દરેક પશુ તરતમાં આવનાર પોતાના અન્ત વિષે પુરું સભાન હોય છે. જેણે તેને ખવરાવ્યું, પીવરાવ્યું, રમાડયું, અને તેના પ્રત્યે મહોબ્બત દાખવી તે તેનો દેખાતો પરમ મિત્ર જ્યારે તેના વિશ્વાસનો દ્રોહ કરે છે અને કસાઇને વેચે છે, ત્યારે તે પશુને આ વસ્તુસ્થિતિની તરત જ ખબર પડી જાય છે. આ પ્રકારની કહેવાતી દયામય કતલ વિષે દયાપરાયણ માનવી એટલું જ સમાધાન ચિન્તવી શકે છે કે, જ્યારે તેની કતલ તો નિશ્ચિત જ છે તો પછી, તે બને તેટલી ઓછી ત્રાસદાયી બને એ ઇચ્છવાયોગ્ય છે.

વનસ્પત્યાહારીને પણ દુધ, માખણ અને તેમાંની બીજી પેદાશ માટે જનવર ઉપર બહુ આધાર રાખવો પડે છે. ગાય કે જે દુધ આપે છે તેનો ઘણું ખરૂં આખરી અન્ત અને બળદનો તો નિશ્ચત અન્ત કતલખાનામાં જ આવે છે. તેથી, હું આશા સેવું છું કે, આ કોંગ્રેસ ભારતને એવાં બીજાં પોષક દ્રવ્યો શોધી કાઢવામાં મદદરૂપ બનશે કે જેનું પોષણમૂલ્ય દુધ અને તેની પેદાશો જેટલું જ હોય. જો મોટા પાયા ઉપર આ પશુઓનો ઉછેર કરવામાં આવે, તો આખરે કતલખાનું તેનો છેવટનો વાસ બની જાય. આ એકમેક સાથે સંબંધ ધરાવતા અનેક પ્રશ્નો આપણી સામે એક વિરાટ સમસ્યા ઉભી કરે છે, પણ દિલની કોમળતા અને ઉકેલ શોધવાની તમન્ના હશે તો આ બધા પ્રશ્નો સહેલાઇથી ઉકેલી શકાશે. મારી પ્રાર્થના છે કે જે મહાપુરૂષોની ઘોષણાઓ અમારા દેશમાં સદીઓથી સંભળાતી રહી છે તે ઘોષણાઓ લોકોના કાન ઉપર ફરીથી અથડાશે અને અમારાં દિલ વધારે પવિત્રતા, સાદાઇ અને સ્વચ્છતાપૂર્વક રહેવાને-જીવવાને પ્રેરાશે. વિજ્ઞાનની અને જેને વૈજ્ઞાનિક પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે તેની માંગ એવી છે કે જે આપણી સર્વ કોમળ લાગણીઓને નાબુદ કરવામાં જ પરિણમે છે. જ્યારે આપણી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે હવે પછી વહેતો કરવામાં આવનાર ઉપચંદ્રમાં સામેલ કરવામાં આવનાર પશુઓની યાદી આપણે વાંચીએ છીએ અને પૃથ્વીના વાતાવરણથી ઉપરના અવકાશમાં છોડવામાં આવતા રોકેટદ્વારા ઉછાળવામાં આવતા વાંદરાઓની વાતો સાંભળીએ છીએ ત્યારે એ સ્પષ્ટ થાય છે કે, આયોજિત-applied-વિજ્ઞાને જે દિશા ગ્રહણ કરી છે તે કદિ પણ સ્થાયી શાન્તિ નિર્માણ કરવામાં મદદરૂપ થઇ નહિ શકે; કારણ કે માનવીના દિલમાં રહેલી જે લાગણીઓના પાયા ઉપર આવી શાન્તિની પ્રતિષ્ઠા થઇ શકે તેમ છે તે કોમળ લાગણીઓને તે તદ્દન જડ-બુઠ્ઠી-બનાવી દે છે. નિષ્ઠુરતામાંથી શાન્તિ કદિ પરિણમી શકે નહિ, અને દ્વેષમાંથી કદિ પ્રેમ જન્મી શકે નહિ. માત્ર પ્રેમનું ઉચ્ચતર વિજ્ઞાન જ એવા કરૂણાપરાયણ સ્ત્રીઓ અને પુરૂષો પેદા કરી શકે કે જેઓ દુનિયાની પ્રજાઓને સંગઠિત બનાવી શકે. દુનિયાના ઉદ્ધારક મહાપુરૂષો-પયગંબરો, તીર્થંકરો અને બુધ્ધો-ના આપણા ઉપર આશીર્વાદ ઉતરે કે જેથી આ કોંગ્રેસ દ્વારા આજની દુનિયા ઉપર તેમની કરૂણા અને પ્રજ્ઞાનાં જળબિંદુઓ વરસે-આવી મારી ઊંડા દિલની પ્રાર્થના છે.

આવી આશાપૂર્વક આ કોંગ્રેસનું અમે એવી રીતે આયોજન કર્યું છે કે તેની બેઠક કેવળ એક જ સ્થળે ભરવામાં નહિ આવે, પણ આ વિશાળ દેશમાં આવેલાં બીજાં મુખ્ય શહેરોમાં પણ ભરવામાં આવશે. હું એ પણ કહેવા ઇચ્છું છું કે આ કોંગ્રેસ કોઇ એક ધાર્મિક સમાજનું કાર્ય નથી. સર્વ ધર્મના અનુયાયીઓ અને જેઓ કોઇ પણ ધર્મમાં ન માનતા હોય, પણ વનસ્પત્યાહારમાં માનતા હોય એવા લોકો-એ સર્વ આ કોંગ્રેસમાં જોડાયલા છે. તેની કાર્યવાહીમાં જુદા જુદા ધર્મના સુવિખ્યાત સ્ત્રીપુરૂષો ભાગ લઈ રહ્યા છે. દુનિયાનું અન્તઃકરણ કોઈ પણ કાળે હતું તે કરતાં આજે વધારે સજાગ છે, અને વધારે ઐકય અનુભવે છે. ભૂતકાળમાં જે આચારવ્યવહાર અમુક ક્ષેત્ર પૂરતો મર્યાદિત હતો તેની આજે સર્વત્ર ચકાસણી થઈ રહી છે, અને પરિણામે તેનો વધારે વ્યાપક રીતે સ્વીકાર યા તો ધનકાર કરવામાં આવે છે. વનસ્પત્યાહાર એક એવો આચાર છે અને માનવજાતનું અન્તઃકરણ તેના વ્યાજબીપણા વિષે આજે સર્વત્ર ખૂબ સભાન બની રહ્યું છે. આજે માણસનું ધ્યાન-તે પોતે ગમે તે ધર્મનો કે સમાજનો હોય તો પણ-કતલમાં રહેલ નિરર્થક ઘાતકીપણા તરફ ખેંચાઈ રહ્યું છે.

હવે મારૂં આ પ્રવચન પૂરું કરતાં આજે આવી મહાન ઘટના ભારતમાં બની રહી છે તે વિષે મારા દિલની કૃતાર્થતા વ્યકત કરૂં છું. એ દરેકના ધ્યાન ઉપર હોવું ઘટે છે કે આ કોંગ્રેસનો આશય મતપરિવર્તન કરાવવાનો નહિ પણ પ્રતીતિ પેદા કરવાનો છે. આ કોંગ્રેસના આગેવાન સંચાલકો, કાર્યકર્તાઓ કે પ્રતિનિધિઓના મનમાં પોતે બીજાથી વધારે ઉંચા છે અથવા તો બધા નિરામિષાહારીઓ અન્ય કરતાં વધારે ઉત્કૃષ્ટ કોટિના માનવીઓ છે એવો હરગીજ કોઇને ખ્યાલ છે જ નહિ. મને ખબર છે કે ઘણા માંસાહારીઓ ખૂબ ભલા-અનેક વનસ્પત્યાહારીઓ કરતાં જરૂર વધારે ભલા, માયાળુ, દયાળુ-હોય છે. પણ મને એ બાબતની પ્રતીતિ છે કે, જો કે કોઈ એક વ્યકિત વનસ્પત્યાહારી હોઇને વધારે ઉંચી વ્યકિત છે એમ કહી ન જ શકાય, એમ છતાં પણ, વનસ્પત્યાહારલક્ષી જીવનપદ્ધતિ દરેક રીતે વધારે સારી જીવનપદ્ધતિ છે એમાં કોઈ શક નથી. અમારા ઉદ્દેશો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી એવી અનેક માંસાહારી વ્યકિતઓનો પણ ટેકો મેળવવા આ કોંગ્રેસ ભાગ્યશાળી થઈ છે. તેનું આયોજન લોકોને એવી રીતે શિક્ષણ અને પુનઃશિક્ષણ આપવાનો આશય ધરાવે છે કે જેથી, જેમાં પશુઓની કતલ રહેલી છે એવી જીવનપદ્ધતિના સ્થાને આધ્યાત્મિક, નૈતિક અને શારીરિક દૃષ્ટિએ વધારે ઉચ્ચ પ્રકારનું જીવન જીવવાને તેઓ પ્રેરાય, કટિબધ્ધ થાય. અહિ એકત્ર થયેલા આહાર-નિષ્ણાતોના સંપર્કથી તેમ જ યોજવામાં આવેલ પ્રદર્શન ઉપરથી, અહિંસાના આદર્શ ઉપર મક્કમ રહીને કેવી રીતે જીવી શકાય તેમ છે, અને એમ છતાં વધારે પોષણક્ષમ દ્રવ્યો પ્રાપ્ત થઈ શકે એવો ખોરાક શી રીતે પેદા થઈ શકે છે, અને તેવા આહારનો કેવી રીતે પ્રબંધ થઈ શકે તેમ છે, તેનો આ દેશના નાગરિકોને જરૂર સારો અને સચોટ ખ્યાલ આવશે. આ કોંગ્રેસ માનવતાનું, આપણી માતૃભૂમિનું, કુદરતના પેટાળમાં રહેલી ઇતર જીવસૃષ્ટિનું એક મહાન સેવાકાર્ય છે. આમ હોવાથી આ કોંગ્રેસ નમ્રતા, આદર અને પ્રેમપૂર્વક તે મહાન શકિતને ચરણે ધરવામાં આવે છે, અર્પણ કરવામાં આવે છે-એ આશાએ કે વિશ્વબંધુત્વનું-સર્વ ભૂતમાત્ર વિષે મૈત્રીનું-આ જગત્ ઉપર ફરીથી સર્વોપરી સામ્રાજ્ય સ્થપાય.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૧૯ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેંબર ૧૫, ૧૯૫૭, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સર્વ ધર્મ સંમેલન

(બીજું વિશ્વયુદ્ધ પુરું થયા બાદ અને વિશેષે કરીને ભારતને આઝાદી મળ્યા બાદ આપણો આન્તરરાષ્ટ્રીય સંપર્ક ઉત્તરોત્તર વધતો રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા દુનિયાના અનેક રાષ્ટ્રોની એક મહત્વપૂર્ણ મીલનભૂમિ બની રહી છે. આપણા આગેવાનો અન્ય દેશોમાં ખૂબ વિચરતા થયા છે અને આપણા દેશમાં પણ જુદા જુદા દેશના આગેવાનો બહુ મોટી સંખ્યામાં આવતા રહ્યા છે. તદુપરાન્ત ભારતમાં હવે અવારનવાર એક યા બીજા પ્રશ્નો અંગે આન્તરરાષ્ટ્રીય પરિષદો અને સંમેલનો ભરાવા લાગ્યાં છે. દુનિયાના દેશો આમ એકમેકની વધારે ને વધારે નજીક આવી રહ્યા છે અને આજના વ્યાપક બનતા જતા આકાશી ઉડ્ડયને બધા દેશોને એકમેકના શાખપાડોશી બનાવી દીધા છે.

હજુ થોડા સમય પહેલાં મુંબઇ ખાતે વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસ ભરાઇ ગઈ અને આપણે એ દ્વારા એક આન્તરરાષ્ટ્રીય સંમેલનનું દર્શન કર્યું. આ કોંગ્રેસમાં દૂર નજીકના ૨૨ દેશોના લગભગ ૧૦૦ પ્રતિનિધિઓએ વનસ્પત્યાહારનો વિચાર અને પ્રચાર કરવાના હેતુથી હાજરી આપી હતી. કોંગ્રેસના મંચ ઉપર બર્મા, કંબોડિયા, પાકીસ્તાન, જાપાન, ચીન, ઇઝરાયલ, ઈંગ્લાંડ, ફ્રાન્સ, યુનાઇટેડ સ્ટેટ્સ વગેરે દેશોના પ્રતિનિધિઓને જોતાં મન એક પ્રકારનો રોમાંચ અનુભવતું હતું અને આ બધા એકમેકથી કેટલા બધા દૂર અને એમ છતાં એકમેકની કેટલા બધા નજીક છે—આમ જાણે કે પરસ્પરવિરોધી ન હોય એવું દૃશ્ય ચિત્તમાં વિલક્ષણ છતાં મધુર સંવેદન પેદા કરતું હતું. વસુધા એક કુટુંબ છે—આ આજ સુધી કવિઓને અને તત્વજ્ઞાનીઓને વરેલી ભૂતકાળની કલ્પના હતી. આજે એ કલ્પના નરી વાસ્તવિકતા બની છે એવો અનુભવ આ કોંગ્રેસમાં ભાગ લેતાં મનમાં રમ્યા કરતો હતો.

આવું જ એક બીજું સર્વ ધર્મ સંમેલન ગત નવેંબર માસના ૧૭ તથા ૧૮ મી તારીખે દીલ્હીમાં ભરાઇ ગયું આ સંમેલનમાં દુનિયાના જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ એકઠા થયા હતા. ભૂતકાળમાં જે ધર્મોએ માણસ માણસ વચ્ચે ભેદભાવની દીવાલો ઉભી કરી હતી, પારવિનાનાં સંઘર્ષો પેદા કર્યાં હતાં અને જે ધર્મોના નામ ઉપર માણસજાતે એકમેકની કત્તલ કરી હતી તે ધર્મના આગેવાનો અને પ્રતિનિધિઓ ભાઇચારાના ભાવથી એકત્ર થાય, સર્વ ધર્મના પાયામાં રહેલ સમાન તત્વની ખોજ કરે, એકમેકના ધર્મ પ્રત્યે માત્ર સહિષ્ણુતાની દૃષ્ટિથી નહિ પણ આદરની દૃષ્ટિથી જોતા થવાનું વલણ દાખવે, અને આજની દુનિયાની કટોકટીનો અહિંસા અને વિશ્વબંધુત્વના ધોરણે ઉકેલ શોધવા પ્રયત્ન કરે—ધર્મોના આજ સુધીના ઇતિહાસમાં આ એક વિરલ ઘટના લેખાવી જોઇએ. સર્વધર્મસમભાવ એ ગાંધીજીના જીવનનો એક મુખ્ય સંદેશ હતો. પ્રબુદ્ધ જીવનના સંચાલન અને સંપાદન પાછળ સર્વધર્મસમભાવની વૃત્તિને પોષવી, ઉત્તેજવી એ એક મુખ્ય ભાવના રહેલી છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત 'સર્વ ધર્મ સંમેલન'ના સૂત્રધારો અને પ્રવર્તકોના દિલમાં આ સર્વધર્મ-સમભાવની ભાવના ઉપરની હતી એ ઊંડાણની હતી છે તેની વિવક્ષામાં ન ઉતરતા આવું સંમેલન આજના સમયમાં એક અત્યન્ત આવકારદાયક ઘટના છે એમાં વિચારીને તે સંમેલનની જરૂરી વિગતો અને મહત્વના પ્રવચનો પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજુ કરવાનું ઉચિત ધાર્યું છે.

આમ કરતાં એક પખવાડીઆનો વિલંબ થયો છે. તેનું કારણ એ છે કે દીલ્હીમાં મળેલા આ સંમેલનની વિગતો તરતમાં ઉપલબ્ધ ન-હોતી. આ સંમેલનને લગતું જરૂરી સાહિત્ય ધીમે ધીમે હાથ ઉપર આવ્યું, તેમાંથી ઉપયોગી બાબતો તારવવામાં આવી, લેવા યોગ્ય પ્રવચનોનો અનુવાદ કરવામાં આવ્યો. અમુક પ્રવચનો સંકલિત તેમ જ સંક્ષિપ્ત કરવામાં આવ્યાં. આ બધું કરવા માટે આટલો વિલંબ અનિવાર્ય હતો. પરમાનંદ)

જૈન મુનિ સુશીલકુમારની પ્રેરણા અને ભગીરથ પ્રયાસના પરિણામે દીલ્હીખાતે ગયા નવેંબર માસની ૧૭ તથા ૧૮ મી તારીખે ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપણા નીચે પહેલું વિશ્વ ધર્મ સમ્મેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનની સ્વાગત સમિતિના પ્રમુખ જાણીતા ઉદ્યોગપતિ શ્રી શાન્તિપ્રસાદ જૈન હતા. આ રીતે, અનેકાન્તવાદ જાણે કે જેનો પર્યાય શબ્દ ન હોય એવા જૈન ધર્મની અનુયાયી બે વ્યકિતઓ આ સંમેલનના મુખ્ય પ્રેરક-પ્રવર્તક અને સ્વાગત પ્રમુખ હોય એ સુયોગ જૈન ધર્મ માટે ખરેખર ગૌરવપ્રદ હતો. ભારતના ધર્મપરાયણ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર-પ્રસાદના વરદ હસ્તે આ સંમેલનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું એ પણ સમુચિત હતું. ભારતના મહા અમાત્ય પ. જવાહરલાલ નહેરુ તથા કેન્દ્રીય શિક્ષામંત્રી અબુલ કલામ આઝાદ તથા કોંગ્રેસ પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબરે પ્રસંગોચિત પ્રવચનો દ્વારા આ સંમેલનને આવકાર્યું હતું. કાકાસાહેબ કાલેલકરે આ સંમેલનની કાર્યવાહીમાં ભાગ લીધો હતો. આ સંમેલનમાં ભારત તેમ જ ભારતની બહાર આવેલા આશરે ૨૦૦ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી, જેમાં રશીઆ, મધ્ય એશીઆ, ઈંગ્લાંડ, હંગરી, બર્મા, પાકીસ્તાન, કંબોડિયા, હોલેન્ડ, જર્મની તેમ જ યુનાઇટેડ સ્ટેટસના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. આ સંમેલનમાં જુદા જુદા ધર્મના સાધુઓ અને સંન્યાસી-ઓએ પણ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી. મોસ્કોની થીઓલોજીકલ એકેડમીના રેક્ટર આર્ક-પ્રીસ્ટ રઝીટ્સ્કી અને મધ્ય એશીઆથી આવેલા મુફ્તી બાબાનોવ પોતપોતાના રંગબેરંગી ઝબ્બાઓ વડે અનેકનું ધ્યાન ખેંચતા હતા. તેમણે સંમેલનને જણાવ્યું હતું કે, "સોવિયટ યુનીયનના લોકો શાન્તિ અને શુભેચ્છાને વરેલી આ પરિષદના આયોજનને અન્તરથી આવકારી રહ્યા છે. તેઓ માને છે કે ભારતના લોકો સૌથી વધારે શાન્તિચાહક છે અને આખી દુનિયા સાથે મૈત્રી-ભર્યા સંબંધો કેળવવા માગે છે. શાન્તિ માટેના આપણા આ પ્રયાસમાં હું આશા રાખું છું કે, ઇશ્વર આપણને મદદ કરશે." સ્મૃતી આપા ... નોર્વે જણાવ્યું હતું કે: "વિજ્ઞાનના ક્ષેત્રમાં સાધેલી પ્રગતિને ને માનવજીવનની પ્રગતિ સાથે સંલગ્ન કરવામાં આવશે તો તે પરમ ... આશીર્વાદરૂપ નીવડશે." યુનાઇટેડ સ્ટેટસના પ્રતિનિધિ શ્રી ... ઓકએ જણાવ્યું હતું કે: "દુનિયા આજે ભારત ઉપર આશાની મીટ માંડીને બેઠી છે." તેમણે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાને આપણે નીચે ... એક સરખા ઉભા રહેવાનો આગ્રહ કર્યો હતો. જે સરશે દુનિયાને જુદા જુદા વિભાગમાં વહેંચી દેતો ... નિષ્ક્રિય મંતવ્યોનો સમન્વય

કરવા પાછળ અને બધા ધર્મોના પાયાના ઉપદેશનું અનુસંધાન કરવા પાછળ જ પોતાની સર્વ શક્તિ કેન્દ્રિત કરે. One World Order—આખી દુનિયામાં એક શાસન—ની સ્થાપના કરવા માટે જે આધ્યાત્મિક અને રાજકીય સમાધાની અનિવાર્યપણે આવશ્યક છે તેવી સમાધાની આવા આયોજન વડે નિર્માણ કરી શકાશે." આવા શુભ ભાવનાભર્યા વાતાવરણ વચ્ચે આ સંમેલનનો પ્રારંભ થયો હતો. સંમેલનની સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી શાન્તિપ્રસાદ જૈને આ પ્રસંગે ઉપસ્થિત થયેલા ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ, ઉપરાષ્ટ્રપતિ સર સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહા અમાત્ય પંડિત જવાહરલાલ નહેરુ અને દેશવિદેશના પ્રતિનિધિઓને આવકારતાં નીચે મુજબ સ્વાગત પ્રવચન કર્યું હતું:—

શ્રી. શાન્તિપ્રસાદ જૈન સ્વાગત પ્રવચન

વિશ્વ—ધર્મ સમ્મેલનના આ અધિવેશનમાં આપ સર્વેએ પધારી અમોને જે માન અને સહકાર આપ્યો છે, તે બદલ સ્વાગત સમિતિ આપનો હૃદયપૂર્વક આભાર માને છે. જે દિલ્હી ઈતિહાસના પાનામાં અમર છે અને જે દિલ્હી આજના જાગૃત ભારતની રાજધાની હોવાને કારણે સંસારના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે, તે દિલ્હી આપની જેવા મહેમાનોના શુભ આગમનથી એટલા માટે ખુબ પ્રસન્ન છે કે, આપ જે ઉદ્દેશથી અહિંઆ પધાર્યા છો તેનું બહુ મોટું મહત્વ અમારા આજના જીવનમાં છે, અમારી આજની રાજનીતિમાં છે.

ભારત વર્ષ આ વાતનું ગૌરવ લે છે કે, અહિંઆ પ્રાચીનકાળથી જ ધર્મના ક્ષેત્રમાં સ્વતંત્ર ચિન્તન ચાલતું આવ્યું છે, અને ધર્મને સત્યની પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું છે. સાધન જ માત્ર નહિ, પરંતુ ખરી રીતે તો સત્યમાં અને ધર્મમાં કોઈ અન્તર માનવામાં આવ્યું નથી. અમારે ત્યાંના તત્વજ્ઞાનીઓમાંથી જેનો આત્મિક વિકાસ જે દિશામાં આગળ વધ્યો અને જેની આન્તરિક પ્રવૃત્તિએ સાધનાનો જે માર્ગ પકડ્યો તેમને ત્યાંથી જ સત્યની ઉપલબ્ધિ પ્રાપ્ત થઇ છે. આનું કારણ એ છે કે અમારે ત્યાં જે ષડ્દર્શન છે તે ખુબ વિકસિત છે, અને એ દર્શનોની અનેક શાખા પ્રશાખા ફેલાયેલી છે.

પરંતુ એ તો ધર્મની એ દિશા છે કે, જેમાં ચિન્તન અને મનન પ્રધાન છે, જેમાં આત્માના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, જેમાં જીવ અને જગતના સંબંધમાં શોખખોળ પણ કરવામાં આવી છે. એમાં પણ અધિક મહત્વની વાત તો એ છે કે અમારા દેશે ધર્મને વિચાર સાથે આચારનો પણ વિષય બતાવ્યો છે, અને તેને વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે. વિચારના ક્ષેત્રમાં જેને અમે 'સત્ય' તરીકે ઓળખ્યું એને આચારના ક્ષેત્રમાં અહિંસા તરીકે ઓળખ્યું. આજ સત્ય અને અહિંસાના સિધ્ધાંતોને રાષ્ટ્રની નીતિના રૂપમાં અપનાવવામાં આવ્યા છે.

આજ જ્યારે દેશ અને કાલની સીમા ઓળંગીને મનુષ્ય અન્ય લોકમાં પહોંચવા માટે સક્રિય પગલું ભરી રહ્યો છે ત્યારે, બ્રહ્માંડની કલ્પનામાં નાનો સરખો દેખાતો આ સંસાર અહિંસા અને સત્યના આ સિધ્ધાંતોને આજના બહુવ્યવસાયી જીવનમાં અપનાવીને કેવી રીતે સુખ, શાંતિ અને પ્રેમથી રહી શકે તેમ છે—આ પ્રશ્ન પર વિચાર—વિનિમય કરવાનો આ અધિવેશનનો મુખ્ય ઉદ્દેશ છે.

વિશ્વ ધર્મ સમ્મેલનની કલ્પના ભારતને માટે નવી નથી. આજ આપણી પાસે તારટપાલ તથા વાહનવ્યવહારનાં ભારે તેજીલાં સાધનો છે, અને આપણે ધારીએ તો થોડા દિવસોની હેરફેરમાં વિશ્વસમ્મેલન બોલાવી શકીએ છીએ. પરંતુ જ્યારે આદમી પગેથી ચાલીને, નદી નાળાં, પર્વત અને સમુદ્ર ઓળંગીને દિવસમાં દસ દસ પંદર પંદર માઇલની મુસાફરી કરતો હતો, ત્યારે પણ ભારતના ધર્મોપદેશકો ભારતની બહાર દેશ વિદેશમાં જતા હતા, અને બહારના વિદ્વાનોને, બુધ્ધિશાળીઓને અહિંઆ નિમંત્રણો આપવામાં આવતા હતાં. મનુષ્યે ધર્મના વિષયમાં શું જાણ્યું, શું વિચાર્યું અને ધર્મને જીવનનું અંગ બનાવીને કેટલી હદ સુધી પ્રાણીઓને સુખી કર્યા? તેણે જીવનમાં કઇ પ્રાપ્તિને માટે ઉત્તેજિત કર્યા? એ જાણવા સમજવાનો પ્રયત્ન ભારતના પ્રાચીન રાજાઓ, તેમ જ ધર્મ સંઘોએ અને ધર્મ સમ્મેલનોએ કર્યો હતો. જૈન સમ્રાટ ભારવેલ, અશોક, હર્ષવર્ધન, સમુદ્રગુપ્ત, અકબર વગેરે અનેક રાજાઓએ પોતપોતાની રીતે વિશ્વ—ધર્મસમ્મેલન બોલાવ્યાં હતા અને વિચારોની લેવડદેવડ કરી હતી.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરના દર્શનમાં ધર્મની જે પરિભાષા હતી—એટલે કે ધર્મ તે જ છે જે "यो धरत्युत्तमे सुखे" અર્થાત્ 'જે પ્રાણીમાત્રને ઉત્તમમાં ઉત્તમ સુખની સ્થિતિએ પહોંચાડે છે' અથવા ભગવાન બુધ્ધે ધર્મનો ઉદ્દેશ પોતાના ઉપદેશમાં જે રીતે જાહેર કર્યો હતો એટલે કે 'बहुजनहिताय बहुजनसुखाय' —ધર્મની એ જ પરિભાષા અને એજ ઉદ્દેશ આજે પણ સર્વસ્વીકૃત છે. આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે જે ઋષિઓએ ને જે આચાર્યોએ અહિંસા—ને સાધન બનાવ્યું હતું તેમની વાણી અને કાર્યપ્રણાલીનું પ્રતિનિધિત્વ કરવા આજે આપ અહિંઆ ઉપસ્થિત થયા છો. ધર્મ, સત્ય, શાંતિ અને અહિંસા આદિ શબ્દોની પાછળ જે ભાવ આપણે આપણી ભાષામાં સમજીએ છે તે જ ભાવ જુદા દેશની જુદી ભાષામાં બીજા શબ્દોમાં વ્યકત કરવામાં આવ્યો છે. આજે આપણને એ જાણવા સમજવાનો સુયોગ પ્રાપ્ત થયો છે અને તે આપણા માટે ઘણા આનંદની વાત છે અહિંસા અને સત્યના સિધ્ધાંતોને વ્યાપક રૂપમાં વ્યવહારમાં લાવવાનું સાધન જો આ સમ્મેલનમાંથી પ્રાપ્ત થશે તો માનવના કલ્યાણ માટે એક બહુજ મહાન કાર્ય નીપજ્યું લેખાશે.

ધર્મનો આશય જ્ઞાન અને વિવેક દ્વારા જીવન અને જગતનું પરિપાલન કરવાનો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આ સત્ય અને અહિંસાના આધાર ઉપર શોષણ—હીન માનવ સમાજની રચના કરવા ઉપર ભાર મૂક્યો હતો. વિશ્વ—ધર્મસમ્મેલન દ્વારા આપણે મહાત્મા ગાંધીના આ સ્વપ્નને સાકાર કરી શકીએ તેમ છે. આ પ્રકારના આયોજનથી વિભિન્ન વિચારધારાઓ એક સ્થળ પર એકત્ર થાય છે, અને વૈયકિતક માન્યતાઓનું વર્તુળ વિસ્તૃત બને છે. આપણી પાસે જે કંઈ છે તેમાં કેટલું સંશોધનીય છે અને બીજા પાસે જે કાંઇ છે તેમાં શું ઉપાદેય અને સંગ્રહણીય છે, એનું પણ આવા સંમેલનો દ્વારા મનુષ્યને સ્પષ્ટ દર્શન થાય છે.

આજ આન્તરરાષ્ટ્રિય રાજનીતિના ક્ષેત્રમાં પણ અહિંસાને સ્વીકૃતિ મળી રહી છે તેનું ઘણું મોટું શ્રેય મહાત્મા ગાંધી અને આપણા જવાહરલાલ નહેરુને ફાળે જાય છે.

અહિંસાનો સામાન્ય અર્થ એમ સમજવામાં આવે છે કે કોઈ પ્રાણીની હિંસા ન કરવી, તેને જાનથી ન મારવો, પણ આ તો અહિંસાનું પહેલું સોપાન છે. ખરી અહિંસા તો એમાં રહેલી છે કે જ્યાં દરેક પળે એ સાવધાની રાખવામાં આવે કે આપણા કોઈ વિચારથી, કોઈ વચનથી કે આપણા કોઈ આચાર વ્યવહારથી કોઈ પણ પ્રાણીનું મન ન દુભાય, તેના પ્રાણોમાં વ્યાકુળતા ન આવે. અહિંસાના આ લક્ષ્યની સિધ્ધિ એટલી કઠણ છે કે એને માટે જીવનમાં મોટી સાધના કરવી પડે છે. સાધનાની મંઝિલના એક છેડે સાંસારિક વ્યવહાર ચલાવવાળા ગૃહસ્થની સ્થૂલ અહિંસા છે, અહિંસાની સાધનાનો સચેષ્ટ પ્રયત્ન છે, જેને અણુવ્રત કહેવામાં આવે છે; અને બીજે છેડે સાધુની સૂક્ષ્મ અહિંસા છે, જેને મહાવ્રત કહેવામાં આવે છે.

દુનિયાના વિરોધનું મોટું કારણ મનુષ્યના વિચારોની ભિન્નતા છે. વ્યક્તિઓના દૃષ્ટિકોણમાં અન્તર હોવાથી વિવાદ શરૂ થાય છે, સંઘર્ષ શરૂ થાય છે અને એ જ હિંસાના રૂપને ધારણ કરે છે. સત્યને સમગ્ર દૃષ્ટિથી જોવું તે ઘણું મુશ્કેલ છે, અને તેને શબ્દોમાં વ્યકત કરવું તે એથી પણ વધારે કઠણ છે. દૃષ્ટિકોણનું અન્તર એટલા માટે પેદા થાય છે કે આપણે વસ્તુની એક બાજુને જોઇએ છીએ, જ્યારે બીજી વ્યકિત તે વસ્તુની બીજી બાજુને નિહાળે છે, જેની આપણે ઉપેક્ષા કરીએ છીએ. પહેલી બાજુ ગમે તેટલી બરોબર હોય તો પણ સમગ્ર રૂપમાં તે બરોબર હોઈ ન શકે. તેની બીજી, ત્રીજી અને દરેક બાજુ

પણ એટલી જ બરોબર હોઈ શકે છે. આ સિધ્ધાન્તને જ અનેકાંત અથવા સ્યાદ્વાદ કહે છે. આ અહિંસાનું અંગ છે અને અહિંસાને પુષ્ટિ આપે છે. સ્યાદ્વાદ જ માનવીને મન તથા વચનની અહિંસાથી બચાવે છે.

તે અહિંસાનું કંઈ પણ મહત્વ નથી કે જે વિવેકથી શૂન્ય હોય, જેમાં સહિષ્ણુતાનો અભાવ હોય, જે બીજાના દૃષ્ટિકોણને સમજવા તૈયાર ન હોય, પરંતુ આવું બધું કહેવું તે કદાચ મારા અધિકારની સીમાની બહારની વાત છે. વિદ્વાનો અને સાધકોના ક્ષેત્રમાં હું અનધિકાર પ્રવેશ નહિ કરું.

આદરણીય મુની સુશીલકુમારજી આજ કેટલાંક વર્ષોથી આ દિશામાં પ્રયત્નશીલ બની રહ્યાં છે. તેમની દ્વારા યોજાયેલાં મુંબઈ, ઉજ્જૈન અને ભીલવાડાનાનાં ધર્મસમ્મેલનો આ વિશ્વ-સમ્મેલનની ભૂમિકાના રૂપમાં હતાં. તેમની પ્રેરણા સમ્મેલનનું મૂળ બળ છે.

સૌજન્ય અને સરલતાની મૂર્તિ જેવા આપણા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે આરંભથી જ આ સમ્મેલનના આયોજનમાં રૂચિ દેખાડી છે. અને માર્ગ-દર્શન આપ્યું છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતાજ્ઞાપન કરવું એ મારી સુખદ ફરજ છે.

ભારતીય દર્શન અને સંસ્કૃતિના અદ્વિતીય વ્યાખ્યાનકાર, વાણીના અદ્‌ભુત શિલ્પી ડૉ. રાધાકૃષ્ણને આ અધિવેશનનું પ્રમુખપદ સ્વીકારીને અમને ઉપકૃત કર્યા છે. તેમની કૃપાથી અમે આભારી બન્યા છીએ.

અમારી રાષ્ટ્રીય ચેતનાના પ્રાણ અને પ્રેરક અમારા પ્રધાન મંત્રી શ્રી જવાહરલાલ નહેરૂએ અહિંઆ હાજરી આપીને અમારા ઉત્સાહને વેગ આપ્યો છે. અહિંસાની વ્યવહારિક બાજુમાં તેમની ઉંડી સમજણ છે. તેઓ જે કાંઇ બે ચાર શબ્દો આપણને સંભળાવશે તેનું પણ આપણા માટે બહુજ મહત્વ છે. તેઓ અહિં આવવા માટે થોડી ક્ષણો પણ કાઢી શકયા તે માટે અમે તેમના ઋણી છીએ.

અનેક તકલીફો ઉઠાવીને દેશ-વિદેશથી આવનારા પ્રતિનિધિઓનો આભાર કયા શબ્દોમાં વ્યક્ત કરૂં ? તેઓની ઉદારતા અને તેમના સ્નેહની અમને મોટી કદર છે. આ ઉદારતા અને સ્નેહની વિપુલતામાં અમારી સ્વાગત-સત્કાર સંબંધી ત્રુટિઓ ઉપેક્ષણીય બની જશે એવો અમને વિશ્વાસ છે.

દિલ્હીના નાગરિકો તો સ્વાગત સમિતિના અંગજ છે. તેમના સહકારને માટે હૃદયથી આભારી છું, અમારી, આપની, બધાની ભાવના હંમેશા આજ છે:-

सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाक् भवेत् ॥

મૂળ હિંદી અનુવાદક : **ભાનુમતી દલાલ**

ત્યાર બાદ આ સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીચે મુજબ પ્રવચન કર્યું હતું:-

રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદનું ઉદ્‌ઘાટન પ્રવચન

આજે વિશ્વધર્મસમ્મેલનનું ઉદ્‌ઘાટન કરતાં મને ખુબ જ આનંદ થઇ રહ્યો છે. હું આ પ્રસંગને આવકારૂં છું એવા ભાવથી કે, જ્યાં મને ગંભીર વિષયોપર વિદ્વાનો અને સાધુપુરુષોના વિચારો જાણવા મળશે અને આ સંબંધમાં કંઇક કહેવાના સુયોગ મને પ્રાપ્ત થશે.

મૂળમાં સર્વ ધર્મો એક રૂપ છે અને તેમનું ધ્યેય પણ એક જ છે. તે છે માનવ આત્માનો પૂર્ણ વિકાસ કે જેનાથી તે સાચી શાન્તિ, મોક્ષ અથવા નિર્વાણ પ્રાપ્ત કરી શકે. બીજા શબ્દોમાં કહીએ તો જેનાથી તે પરમાત્માને પ્રાપ્ત કરી શકે, અથવા તો તેનામાં લીન થઇ શકે. મનુષ્યની આ મહત્વાકાંક્ષા એટલી પ્રબળ અને સારગર્ભિત છે કે દૈનિક જીવનમાં આપણું માર્ગદર્શન એનાથી અન્ય કોઇ ભાવના કરી શકતી નથી. સાચા ધર્મની ભૂમિકા પર પહોંચતા જ અંદર અંદરના મતભેદ, સર્વ પ્રકારના કલહ અને વૈમનસ્ય એકાએક શમી જાય છે. અને મનુષ્ય એવી વ્યાપકતાનાં દર્શન કરે છે કે જેમાં તેને બધા એક સમાન દેખાવા માંડે છે. આ ભાવનાનું જ બીજું નામ જીવનનું આધ્યાત્મિક દર્શન છે. એ સ્પષ્ટ છે કે આ આધ્યાત્મિક દર્શનને માનવના વિકાસ અને તેની સાચી સુખશાન્તિ સાથે ગાઢ સંબંધ છે. અધ્યાત્મવાદનો અર્થ એ નથી કે મનુષ્ય ભૌતિક સમ્પન્નતા અને શારીરિક સુખથી વિમુખ બનીને ચાલે. એનો અર્થ ફક્ત એટલો જ થાય છે કે આ સુખને જ સર્વોપરી સ્થાન ન આપે અને માનવ જીવનનું ધ્યેય અને આદર્શની પ્રાપ્તિ ભૌતિક સમ્પન્નતામાં ન માની બેસે. ભૌતિક ઉન્નતિને અધ્યાત્મનું એક સાધન માનવું જોઇએ.

સંસારમાં જુદા જુદા ધર્મ તથા મતમતાંતરો પ્રચલિત છે, કારણ કે દેશ અને કાલાંતરને કારણે ધર્મનું સ્વરૂપ જુદું જુદું થઇ ગયું છે અને માનવી વિભિન્ન સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો છે. આડંબરોને કારણે આ વિભિન્નતા એટલી હદ સુધી પહોંચી ગઇ છે કે ઇતિહાસમાં મનુષ્ય મનુષ્યની વિરૂદ્ધ, જાતિ જાતિની વિરૂદ્ધ, એક દેશ અને રાષ્ટ્ર બીજા દેશ અને રાષ્ટ્રની વિરૂદ્ધ થઈ ગયાં છે, અને સમયે સમયે ધર્મના નામપર એક બીજાના વિનાશ માટે તત્પર બની ગયા છે, ધર્મના નામથી અનેક પ્રકારના યુદ્ધો થયાં છે, અને તેના કારણે અનેક જણને અકલ્પનીય કષ્ટ થયું છે. જ્યાં ધર્મના નામપર એક પણ તરફથી અન્ય પક્ષ પ્રત્યે આચરવામાં આવતા અન્યાય, અનાચાર અને ક્રુરતાનાં દૃશ્યો જોવામાં આવે છે, ત્યાં બીજી બાજુ ધર્મના નામપર પોતાનો વિશ્વાસ અને શ્રદ્ધાને પ્રમાણિત કરવા માટે મનુષ્ય માટે કઠોરમાં કઠોર વેદનાઓ સહન કરવાનો અને પ્રાણાન્ત સુધીની આહુતિ આપવાનો આદર્શ પણ નજર સમક્ષ ખડો થયો છે. આજે પણ એ કહેવું કઠણ છે કે, મનુષ્ય એ પાશવી વૃત્તિથી ઉંચે આવેલો છે કે જે તેને બીજાઓને દબાવીને બળજબરીથી પોતાની ભાવનાઓ અને કલ્પનાઓને જ માત્ર સત્યરૂપે સ્વીકારવાની પ્રેરણા આપતી રહી છે.

આજે વિજ્ઞાનની પ્રગતિએ એક બીજી વધુ જટિલ સમસ્યા ઉપસ્થિત કરી છે. પ્રકૃતિ અને પ્રકૃતિનાં સાધનો ઉપર મનુષ્ય જેટલો બધો અધિકાર મેળવી ચૂક્યો છે અને મેળવતો જાય છે કે, તે પોતાની જાતને કેવલ સર્વજ્ઞ જ નહિ પરંતુ, સર્વશક્તિમાન પણ માનવા લાગે અને ભૌતિક પ્રગતિ તથા ભૌતિક સુખને જ સર્વશ્રેષ્ઠ ધ્યેય તરીકે માનવા લાગે તો એમાં નવાઇ નહિ. ધર્મનાં મૂળ તત્વો ભૌતિક સાધનો પર નિર્ભર નથી, પરંતુ અધ્યાત્મ પર આધારિત છે. આજની પરિસ્થિતમાં મનુષ્ય તે મૂળ આધારને જ ભૂલતો જાય છે. અને તેનાં પરિણામે માનવસમાજ ભૌતિક પદાર્થોને ખાતર ઘાતક દોડધામમાં લાગી ગયો છે અને તેનામાં પરસ્પર સહિષ્ણુતા અને ઉદારતાની ભાવના ક્ષીણ બનતી રહી છે.

કદાચ ભૌતિક સાધનો ઉપર જે જોર આપવામાં આવે છે તે આને માટે જવાબદાર છે. પ્રકૃતિની શક્તિનું વિશ્લેષણ કરી માનવીએ વિજ્ઞાનની મદદથી ઘણે અંશે તેના પર નિયંત્રણ સ્થાપિત કર્યું છે. આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી આ પ્રગતિથી મનુષ્ય કંઇક વિચલિત થઇ ગયો છે, અને ભ્રમમાં પડી ગયો હોય તેવો લાગે છે. જો કે ઉન્નતિ કરતાં કરતાં સ્વયં વિજ્ઞાન આધ્યાત્મિક તત્વોની તરફ જ આગળ વધી રહેલ છે, તો પણ દુર્ભાગ્યવશાત્ મનુષ્ય હજી પણ ભૌતિકવાદના પ્રભાવથી પોતાને મુક્ત કરી શકયો નથી. કેટલાક સમયથી ધ્વંસાત્મક શસ્ત્રોની શોધને લીધે પરિસ્થિતિ એટલી નાજુક બનતી ગઇ છે કે આત્મરક્ષાના ખ્યાલથી પ્રેરાઇને પણ માનવ અધ્યાત્મવાદની વાતો કરવા લાગ્યો છે. આ હિંસાત્મક વિજ્ઞાનની પ્રગતિમાં મનુષ્ય વિનાશનો ભય જોવા લાગ્યો છે, અને એનાથી ભયભીત થઇને હવે બીજો માર્ગ શોધવા ઇચ્છે છે. આ માર્ગ સત્ય અને અહિંસા સિવાય બીજો ન હોઇ શકે. એમાંજ મનુષ્યની સાચી શાન્તિ અને સાચું સુખ રહેલું છે.

ગમે તેમ હોય, એમાં જરા પણ સન્દેહ નથી કે, ધર્મ અથવા અધ્યાત્મવાદનું અવલંબન લીધા વગર મનુષ્ય ન તો વિજ્ઞાનની ઉન્નતિનો લાભ ઉઠાવી શકશે, ન તો સર્વનાશના અભિશાપથી બચી શકશે. માનવી સમજવા લાગ્યો છે કે, અહિંસા, શાન્તિ ને વિશ્વબંધુત્વ જ તેને નિશ્ચિત વિનાશના માર્ગમાંથી બચાવી શકશે, અને આ જ એ આધ્યાત્મિક તત્ત્વ છે કે જેને જાગૃત કરવું એ વિશ્વધર્મ સમ્મેલનનો ઉદ્દેશ છે.

આ સિધ્ધાતોના આધાર પર જ આપ નવસમાજનું નિર્માણ કરવા ઇચ્છો છો.

માનવના જીવનમાં એવી કેટલીક વાતો છે કે જે ઘણી સરળ ને સીધી હોવા ઉપરાંત ઘણી સાધારણ હોવાનું પણ માલુમ પડે છે. આપણે એક ચીજને પ્રત્યક્ષરૂપે જોઇએ છીએ, તેની યથાર્થતાને સમજીએ છીએ. તેમ છતાં પણ કોઈને કોઈ કારણથી તેના અસ્તિત્વ સામે મોં ફેરવી લઇએ છીએ, અથવા તો આપણે જીવનમાં તેનો સ્વીકાર કરવાનો સંકોચ કરીએ છીએ. તેનું કારણ પરિસ્થિતિઓનો દોષ છે. યા તો મનુષ્યની પોતાની પ્રકૃતિનો દોષ છે એ કહેવું કઠણ છે. પરંતુ એ નિશ્ચિત સત્ય છે કે આવા સાધારણ તથ્યોને સમજવું અને જીવનમાં ઉતારવું એ એક એટલું મોટું વરદાન છે કે મનુષ્યની કલ્પના અથવા મહત્વાકાંક્ષા એનાથી આગળ જઈ શકતી નથી.

ધર્મ આ તથ્યોમાં સર્વ પ્રથમ છે. જો આપણે દર્શનશાસ્ત્રના ઊંડાણમાં જઇએ તો ધર્મની પરિભાષા કિલષ્ટ થઈ જાય છે. અને તેને જીવનમાં ઉતારવાનું મુસ્કેલ બને છે. આનાથી ઉલટું જો આપણે પોતાના આન્તરિક અનુભવ અને ચિન્તનની દૃષ્ટિથી આને સમજવાનો પ્રયત્ન કરીએ તો ધર્મની પરિભાષા સમજવાનું કામ સહેલું થઈ પડે છે. ધર્મનું સૂક્ષ્મ રૂપ મનુષ્યના અનુભવો અને તેમાંથી જન્મતા વિચારો સાથે સંબંધ ધરાવે છે, અને તેનું સ્થૂલરૂપ મનુષ્યના કર્મ અને દૈનિક જીવનમાં વ્યવહાર સાથે સંબંધ ધરાવે છે. વિશાળ અર્થમાં ધર્મ વિચારો અને અનુભવોનું એ સમન્વિત રૂપ છે કે જેમાં જીવનની ઉત્પત્તિ અને વિલયના, તેમજ બ્રહ્મ અને માનવીના સંબંધનું રહસ્ય છૂપાએલું છે. જીવનમાં શાન્તિનું મૂળ કારણ, જીવનનું લક્ષ્ય, સાહિત્યનું ધ્યેય, સાધનાનું મૂલ્ય અને મહાત્માઓનું જ્ઞાન ધર્મ જ છે. આમ માનવી માટે, આપણે તેને વ્યક્તિના રૂપમાં જોઇએ, અથવા સમાજ અગર સમષ્ટિના રૂપમાં જોઇએ–બન્ને રીતે, ધર્મ અત્યન્ત આવશ્યક જ નહિ પણ, એક પ્રકારે અનિવાર્ય અને સાથે સાથે સાર્થક અને ઉન્નતિગામી સાધન બની જાય છે.

આ વિશ્વધર્મ સમ્મેલન ભારતમાં ભરાય એ યોગ્ય છે કે જે ભારતદેશમાં ઘણું ખરું સંસારના બધા જ પ્રચલિત ધર્મ અને સંપ્રદાયોના લોકો વિદ્યમાન છે, અને પરસ્પર સદ્‌ભાવનાની સાથે શાન્તિપૂર્વક રહે છે. જો અહિં પરસ્પર સદ્‌ભાવના અને સહિષ્ણુતાનો અભાવ હોત તો અહિં જીવન મુસ્કેલ બન્યું હોત અને જીવવું કઠણ થઈ પડ્યું હોત. આનું શ્રેય અમારા પૂર્વજોને, અમારા ઋષિમુનિઓને, સંતો, ફકીરો અને ધર્મપ્રવર્તકોને ફાળે જાય છે, જેમણે આદિકાળથી જ સર્વ ધર્મો પ્રત્યે શ્રદ્ધા, સહિષ્ણુતા, આદર અને સમદૃષ્ટિ રાખવાના આદર્શ પાઠો અમને ભણાવ્યા છે. આજે આપણા દેશના સંવિધાનમાં પણ બધા ધર્મોના અનુયાયીઓને પોતાના સિધ્ધાંતો માનવાનો, અને પ્રચાર કરવાનો મૌલિક અધિકાર આપવામાં આવ્યો છે, એટલે કે બીજાઓનું અહિત ઇચ્છ્યા વગર બધાને પોતપોતાનો સંપૂર્ણ વિકાસ સાધવાનો અવસર આપવામાં આવ્યો છે. ઘણા લોકો એવું સમજે છે કે અમારા ધર્મ તરફથી–સીકયુલર શાસનનો અર્થ અધર્મ–મૂલક અથવા અનાધ્યાત્મિક શાસન એટલે કે બધા ધર્મોના સિધ્ધાન્તની ઉપેક્ષા અથવા અવહેલના એ મુજબ થાય છે. હું આ વિષે એમ માનું છું કે બધા ધર્મોને પોતાનો વિકાસ સાધવાનો અથવા તો ફાલવા ફૂલવાનો પૂરો અવકાશ આપવો અને કોઇ એકના બીજા ઉપર પ્રભુત્વ અને અનાદરની ભાવનાને પ્રોત્સાહન ન આપવું એવો તેનો અર્થ થાય છે.

આનો એ અર્થ નથી કે વ્યક્તિ પોતાને તે બન્ધનો અને નિયંત્રણોથી મુક્ત સમજે કે જે, લાંબાકાળથી સમાજને સંગઠિત રાખવા માટે, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે નિયંત્રિત જીવન વિતાવવા માટે અને વ્યક્તિત્વ ખિલવવા અને વિકસાવવા માટે અનિવાર્ય મનાયેલ છે. એનો અર્થ એ છે કે કોઇપણ વ્યક્તિ અથવા સમૂહ પોતાને સર્વોપરિ બનાવી બીજાની ભાવનાઓ અને વિશ્વાસને પોતાને અધીન ન કરે અને બધીજ વ્યક્તિઓ અને ધર્માનુયાયીઓને પ્રગતિ સાધવાનો સમાન અવસર મળે. આ ત્યારેજ શકય થાય કે જ્યારે બધીજ વ્યક્તિ અને સમૂહ એકબીજા પ્રત્યે આદરની ભાવના રાખે, અને કોઇને દબાવવું એ કેવલ સિધ્ધાન્તના વિરૂદ્ધ જ નહિ પણ પોતાના સ્વાર્થને પણ પ્રતિકૂલ માને. સાચા પ્રેમમાંજ ઉદારતા રહેલી છે. એના વિના વ્યક્તિ અને સમાજને શાન્તિ મળવાની નથી.

અન્તમાં હું એ કહેવા માંગું છું કે છેલ્લા કેટલાક હજારો વર્ષમાં મનુષ્યને પોતાના અનુભવ અને ઇતિહાસના ઘટના ચક્રથી જે કાંઈ શીખવા મળ્યું છે, તેનો સાર એ છે કે કમમાં કમ પરીક્ષણના રૂપમાં તે હિંસાનો પરિત્યાગ કરી અહિંસા અને પરસ્પર સહિષ્ણુતાનો માર્ગ સ્વીકારે. આ સંસારે સેંકડોને હજારો યુદ્ધો જોયાં છે. યુદ્ધોમાં, શસ્ત્રોમાં અને લડાઇની પ્રણાલીમાં કલ્પનાતીત ઉન્નતિ થઈ ચૂકી છે. પરન્તુ આ બધાના પરિણામે આપણે એવા ભયંકર સંકટમાં આવી પડયા છીએ કે જે માનવસમાજની સામે પહેલાં કદિ આવ્યું નહોતું. શું આપણી બુદ્ધિમત્તા આપણને એમ નથી કહેતી કે, હવે આપણે જુનો માર્ગ છોડીને અહિંસા તથા પ્રેમની શકિતનો પ્રયોગ કરીએ ? આ વાત નથી અવ્યવહારિક કે નથી માનવની પ્રકૃતિની વિરૂદ્ધ. એ તરફ માનવસમાજને લઇને જવામાં બધાનું કલ્યાણ સમાયેલું છે અને આજ આ ધર્મ સમ્મેલનનું પણ આજ મુખ્ય ધ્યેય છે.

મારી આ ભાવના છે કે, ભારતમાં ભરાયેલું–આ સર્વ ધર્મ સમ્મેલન આ ભાવના જાગૃત કરવામાં અને તેને મૂર્ત રૂપ આપવામાં પ્રયત્નશીલ બને અને વિશ્વશાન્તિના માર્ગને પ્રશસ્ત કરવામાં સફળ બને.

મૂળ હિંદી અનુવાદક : **ભાનુમતી બહેન દલાલ**

ત્યાર બાદ સંમેલનના પ્રમુખસ્થાનેથી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને નીચે મુજબ પ્રવચન કર્યું હતું:–

અધ્યક્ષસ્થાનેથી ડૉ. રાધાકૃષ્ણનનું પ્રવચન

આજની દુનિયા ઉપર વિજ્ઞાનનો અમાપ પ્રભાવ છે અને વિજ્ઞાન સાથે અથડામણમાં આવતા ધર્મો હતપ્રભાવ-નિસ્તેજ–લાગે છે. જે ધર્મ વિજ્ઞાનની શોધોને સ્વીકારવાને તૈયાર નથી તે ધર્મ આજના સમયમાં ટકી શકે તેમ નથી. કોઇ પણ હિસાબે વિજ્ઞાનના નિર્ણયો સાથે ધાર્મિક માન્યતાઓ અસંગત તો હોવી ન જ જોઇએ, અને આપણે એવો આધ્યાત્મિક સર્જનાત્મક ધર્મ જરૂર વિકસાવી શકીએ તેમ છે કે જે વિજ્ઞાનના મન્તવ્યો સાથે બીલકુલ વિરોધી ન હોય, ઉલટું સર્વ પ્રકાર સુસંગત હોય.

આજની દુનિયા વિજ્ઞાનના ક્ષેત્રમાં સધાયલી ભવ્ય પ્રગતિના યુગમાંથી પસાર થઈ રહી છે. કુદરતનાં ગૂઢ રહસ્યોમાં પ્રવેશ કરવાનું અને આપણા પૂર્વજોને પ્રકૃતિના ગૂઢતમ તત્વોની જે ચાવીઓ પ્રાપ્ત થઈ નહોતી તે ચાવીઓ હસ્તગત કરવાનું આપણા માટે શકય બન્યું છે. પણ માનવીની બુદ્ધિ જે હજુ ભેદભાવ અને ઊંડા રાગદ્વેષથી ભરેલી છે તે બુદ્ધિની આ પ્રકારની સાધના એ કાંઈ આપણા વિકાસનું કોઇ અન્તિમ સીમાચિહ્ન નથી. જો આપણે આપણા વ્યકિતત્વને સર્વાંગ સુન્દર અને સુગ્રથિત બનાવવું હોય અને પરસ્પર પૂરક એવી પૂર્ણતાની સીમાએ તેને પહોંચાડવું હોય તો આપણી બુદ્ધિથી ઉપર રહેલી એવી ચેતનાનો આપણામાં ઉદય થવો જોઇએ, આત્મસાક્ષાત્કારનો આવીર્ભાવ થવો જોઇએ. આપણને સર્વવ્યાપી ચૈતન્ય તત્વનો અનુભવ થવો જોઇએ, તેનું સદ્‌ોદિત સંવેદન રહેવું જોઇએ. વ્યકિતને અદ્યતન બૌદ્ધિક ભૂમિકાના સ્તર ઉપરથી આત્મતત્વના દર્શન તરફ લઇ જવું અને સર્વ ભૂતમાત્ર વિષે મૈત્રીનો અનુભવ કરાવવો એ ધર્મનો ખરો હેતુ છે. ધર્મ મુખ્યત્વે કરીને વ્યક્તિના વ્યક્તિત્વનું આમૂલ પરિવર્તન છે; બૌદ્ધિક મનની ઉપર રહેલ આત્મતત્વની જાગૃતિ છે. અન્તર્મુખ બનવું અને પ્રકાશને પ્રાપ્ત કરવો એ જ ધર્મનો સાર છે. સર્વ ધર્મોએ એક જ બાબત ઉપર મુખ્ય ભાર મૂકયો છે: બૌદ્ધિકતામાંથી આધ્યાત્મિકતા તરફમાં નવજાતની પ્રગતિ થવાની આવશ્યકતા. જો આપણે બુદ્ધિમાંથી આત્મતત્વ તરફ આગળ વધવું હોય તો આપણે બીજા-

ઓની ધાર્મિક માન્યતાઓ વિષે સહિષ્ણુતા, કદરદાની અને આદર દાખવતી રીતભાત કેળવવી પડશે. જ્યાં સુધી માનવી સાચો વિશ્વમાનવ ન બને, જ્યાં સુધી તે સર્વત્ર એક જ ચૈતન્યને અનુભવતો ન થાય ત્યાં સુધી તે ખરી મુક્તિને પામ્યો નથી. જ્યાં સુધી માણસના દિલમાં લોભ હોય, તૃષ્ણા હોય, મારા તારાનો ભેદ હોય, અહંકાર હોય, અભિમાન હોય અને અન્યથી પોતાને તે ઉંચો માનતો હોય ત્યાં સુધી તેને ખરો ધાર્મિક માનવી કહી ન જ શકાય. વિશ્વવ્યાપી પ્રેમ એ જ ધર્મની સાચી કસોટી છે.

આજે દેશમાં જે ઝગડાઓ ચાલી રહ્યા છે અને જેથી પરરાષ્ટ્રોમાં આપણો દેશ બેઈજ્જત બની રહ્યો છે તે વ્યક્તિગત, સંસ્થાગત અથવા તો સમૂહગત સ્વાર્થના જ આવિષ્કારો છે. જ્યાં સુધી આપણે જ્યાં સુધી એમ સ્વીકારવાને તૈયાર ન હોઇએ કે ચાલુ આત્મ-નિરીક્ષણ અને પાશવી વાસનાંઓ ઉપર ચાલુ વિજય એ જ ધર્મનો સાર છે ત્યાં સુધી આપણી જાતને એક ધાર્મિક સમુદાય તરીકે ઓળખાવ વાનું શક્ય નથી. જો આ પરિષદ તમને અન્ય ધર્મો પ્રત્યે અને અન્ય માનવીઓ પ્રત્યે આદરપરાયણ બનાવે, અને એવું તમને ભાન કરાવે-તમારામાં એવું સંવેદન પેદા કરે-કે આ દુનિયા ઉપર ઈશ્વરનો પક્ષપાત ધરાવતી એવી કોઈ ખાસ જાતિ નથી, એવી કોઈ ખાસ પ્રજા નથી, એવી કોઈ ખાસ વ્યક્તિઓ નથી, ઈશ્વરનું ખાસ કોઇ પ્યારું નથી, પણ દરેક દરેક વ્યક્તિ ઈશ્વરને પ્યારી છે અને દરેકે દરેક વ્યક્તિમાં ઈશ્વરમય બનવાની એક સરખી શક્યતા રહેલી છે. તો આ પરિષદે ઘણું મોટું કામ સાધ્યું એમ હું માનીશ.

મૂળ અંગ્રેજી અનુવાદક: પરમાનંદ

ત્યાર બાદ પંડિત જવાહરલાલ નહેરૂએ નીચે મુજબ પ્રવચન કર્યું હતું:-

પં. જવાહરલાલ નહેરૂનું પ્રવચન

આપના મનમાં સહજ પ્રશ્ન થશે કે હું અહિં-આ વિશ્વધર્મ પરિષદમાં, ક્યાંથી આવી ચડ્યો? કારણ કે હું સાધારણ રીતે આવી પરિષદોમાં ભાગ લેતો નથી. આ વાત બરોબર પણ હું મારા પક્ષે એમ જણાવીશ કે ધર્મો વિષે આદર હોવો તે એક બાબત છે અને આધ્યાત્મિક બાબતોમાં માથું મારવું તે તદ્દન બીજી બાબત છે. આધ્યાત્મિક પ્રશ્નોની ચર્ચામાં ભાગ લેવાની હું સ્થિતિમાં નથી, કારણ કે હું રાષ્ટ્રની રાજકીય ક્ષેત્ર દ્વારા સેવા કરવાનો પ્રયત્ન કરું છું. આમ છતાં પણ જે મહાન વિભૂતિ નીચે મેં કામ કર્યું છે તેઓ ધર્મને ઘણું મહત્વ આપતા હતા અને રાજકારણને પણ તેઓ ધર્મની દૃષ્ટિથી જોતા હતા.

હું તમારી પાસે ધર્મની વાતો નહિ કરું, કારણ કે તે મારા ક્ષેત્રની બહારનો વિષય છે. પણ આટલું તો હું અનુભવપૂર્વક કહી શકું તેમ છું કે ધાર્મિક, રાજકીય કે ગમે તે બાબત હોય, માત્ર ઉપદેશ આપવાથી કોઈ સંગીન પરિણામ કે અસર નથી નીપજતી. સંગીન અસર તો તમારા ચારિત્ર્ય અને તમારા વર્તનથી જ નીપજે છે. જ્યારે કોઈ માણસ ધર્મ, સંસ્કૃતિ કે સભ્યતાના નામની એક ધજા લઈને નીકળી પડે છે અને બાકીની દુનિયાને ઉપદેશ કરવા માંડે છે ત્યારે લોકોને તે બીલકુલ ગમતું નથી. આવી રીતે બીજા પાસેથી બોધપાઠ લેવો તે કોઇને પસંદ હોતું નથી.

મને યાદ છે કે ઘણા લોકો ગાંધીજી પાસે આવતા હતા અને અમેરિકા તથા યુરોપની પ્રવચન-યાત્રાએ નીકળી પડવા આગ્રહ કરતા હતા, અમેરિકા માટે તો ખાસ આગ્રહ કરવામાં આવતો, કારણ કે ત્યાં તો બધી વસ્તુઓ પૈસાથી જ મપાય છે. ગાંધીજીને કહેવામાં આવતું કે તે દેશના પ્રવાસમાંથી તેઓ લાખો રૂપીઆ મેળવી શકશે. પણ ગાંધીજી હંમેશા આમ કહેનારાઓને એવો જવાબ આપતા કે "જો મારી પાસે કોઇ સિધ્ધાન્ત હશે અને તેને અંગે મારે સંદેશ આપવાનો હશે તો હું અહિં હિંદમાં બેઠો બેઠો તે મુજબ આચરણ કરીને-અને નહિ કે ભાષણો કરીને-તેમને મારો સંદેશ પહોંચાડી શકીશ. જો હું સાચો હોઈશ અને સફળતાને પ્રાપ્ત કરીશ તો આખી દુનિયા તે જોવાની છે અને જાણવાની છે. આપ જાણો છો કે તેમના જીવનનાં પાછળનાં વર્ષો દરમિયાન એક માત્ર ગોલમેજી પરિષદમાં ભાગ લેવા તેઓ લંડન ગયા, તે સિવાય તેઓ કદિપણ બહાર ગયા નહોતા. આમ છતાં પણ, ભાષણો કરીને નહિ પણ સંગીન કાર્ય મારફત અને જે પ્રકારનું જીવન તેઓ જીવ્યા તે મારફત ગાંધીજી દુનિયા ઉપર ખૂબ પ્રભાવ પાડી શકયા હતા. તેમના અવસાન બાદ ગાંધીજીનો પ્રભાવ દુનિયા ઉપર અધિકાધિક વધતો જ રહ્યો છે.

આપણી આન્તરરાષ્ટ્રીય નીતિની આજની દુનિયા ઉપર જે આટલી બધી છાપ પડી છે તેનું કારણ એ છે કે તે દ્વારા માત્ર આપણી સાથે જેઓ સહમત છે તેમની સાથે જ નહિ પણ જેઓ સહમત નથી તેમની સાથે પણ મૈત્રી કેળવવાનો આપણો ચાલુ પ્રયત્ન રહ્યો છે.

આપણા પ્રાચીન ઋષિ મુનિઓનો વિચાર કરવા માત્રથી અને 'અમે તેમના વારસ છીએ' એમ બડાઇ મારવા માત્રથી આપણને કશો લાભ થવાનો નથી. આ ઋષિ મુનિઓના વારસદારો સારા પણ થયા છે અને ખરાબ પણ માલુમ પડયા છે. ઋષિ મુનિઓ કેવા હતા એ પ્રશ્ન નથી, પણ તમે પોતે કેવા છો એ પ્રશ્ન છે. આપણે આજના ભારતને વિકસાવવાનું છે અને નહિ કે હજાર વર્ષ પહેલાંના ભારતને વિકસાવવાનું છે. જો આપણે આપણા સિધ્ધાન્તો મુજબ આચરણ કરીશું તો માત્ર બીજાને નહિ પણ આપણી જાતને પણ આપણે ખૂબ મદદરૂપ બની શકીશું."

આજે ચાલતા ઠંડા યુદ્ધનો નિર્દેશ કરતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે "આ ઠંડા યુદ્ધથી માણસોના મનમાં વેરઝેર અને મત્સરનો સંચય થાય છે અને તે માર્ગે જવાથી કોઈ પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી. આજની દુનિયા આન્તર્યહના પ્રદેશોમાં પ્રવાસ કરવાની સંભાવના સાથે કોઈ ભવ્ય ભાવી તરફ ગતિ કરી રહી છે. માણસ જાતના હાથમાં આવેલી શકિતનો પોતાના ભલા માટે કે વિનાશ માટે-શા માટે ઉપયોગ કરવામાં આવશે તેની કોઇને ખબર નથી. એક વાત ચોક્કસ છે કે જો આ ઠંડા યુદ્ધના માર્ગે દુનિયા આમને આમ આગળ ધપતી રહેશે તો તેને બચાવવાનું કામ ભારે વિકટ બની જશે. એક વખત બળવાન શસ્ત્રો છુટયા પછી તેમને કોઈ પાછા વાળી શકશે નહિ કે તેમનું કોઈ નિયંત્રણ કરી શકશે નહિ. દુનિયાએ હિંસાનો માર્ગ છોડયે જ છુટકો છે અને શાન્તિ અને જેમાં કોઈ માટે દ્વેષ કે શત્રુતા નથી એવો મૈત્રીનો માર્ગ સ્વીકાર્યે જ છૂટકો છે. બીજો કોઇ વિકલ્પ નથી. આ અનિવાર્ય પરિસ્થિતિ છે. આ બાબત હવે સૌ કોઇના ધ્યાન ઉપર આવેલ છે અને એમ છતાં એવા લોકો છે કે જેઓ ક્રોધ કે બેવકુફીને વશ થઇને ઉશ્કેરાઇ જાય છે. કોઈ પાગલ માણસ આ દુનિયામાં દાવાનળ સળગી ઉઠે એવું કાંઈ કરી બેસશે તો શું થશે તેની કોઇને ખબર નથી."

મૂળ અંગ્રેજી અનુવાદક: પરમાનંદ

ત્યાર બાદ મૌલાના અબુલ કલામ આઝાદે જણાવ્યું કે:-

મૌલાના અબુલ કલામ આઝાદનું વક્તવ્ય

આ દુનિયામાં એવું કોઈ નથી કે જેને લડાઈ કે ઝગડો જોઇતો હોય. દરેકને શાન્તિ અને સુલેહ જોઇએ છીએ. શાન્તિના આદર્શ પુરતી સર્વત્ર એકમતી છે. ખાસ કરીને આજના વખતમાં આ પ્રશ્ન ઉપર બે મત હોઇ શકે જ નહિ, પણ માણસના જીવનમાં મુશ્કેલી એ છે કે જ્યારે આ આદર્શનો અમલ કરવાનો વખત આવે છે ત્યારે માણસો ગોથાં ખાય છે અને જેમ તેઓ મક્કમપણે માનતા હોય છે તે મુજબ આચરણ કરતા નથી. એવો એક પણ દેશ આ વિશ્વમાં નથી કે જેને લડાઇ ખપે છે. એમ છતાં લડાઇની તૈયારીઓ પુર વેગમાં ચાલી રહી છે, આ બધું અટકાવવાનો ખરો ઉપાય શું એ નક્કી કરવાની મુશ્કેલી છે. જે તેનો કોઇ ઉપાય હોય તો તે આ જ હોઇ શકે કે યુદ્ધ સામે અને યુદ્ધને લગતી તૈયારીઓ સામે બળવાન લોકમત ઉભો

કરવા માટે વધારે ને વધારે પ્રયત્ન અને પ્રચાર કાર્ય હાથ ધરવું જોઇએ. આથી જેઓ યુધ્ધ તૈયારીઓ કરે છે તેમના ઉપર સખ્ત દબાણ લાવી શકાશે. ધાર્મિક સંસ્થાઓ સમેત સર્વ સામાજિક સંસ્થાઓ આ પ્રકારનો લોકમત ઉભો કરવામાં ઘણી મદદ કરી શકે. આવા હેતુથી બોલાવવામાં આવેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેતાં મને આનંદ થાય છે અને તેને હું સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

ત્યાર બાદ મુનિ સુશીલકુમારે નીચે મુજબ વ્યાખ્યાન આપ્યું હતું :–

મુનિ સુશીલકુમારનું વ્યાખ્યાન

પ્રિય આત્મ બંધુઓ,

આજે હું આધ્યાત્મિક આનંદનો અનુભવ કરી રહ્યો છું, કારણ કે વર્ષોથી ધાર્મિક વિભૂતિઓના જે પ્રકારના વિશ્વવ્યાપી સંગઠનનું સ્વપ્ન હું સેવી રહ્યો હતો તે આજે પ્રગટ રૂપમાં મારી સામે ઝળકી રહ્યું છે.

દુનિયામાં ભૌતિક આધાર ઉપર ઉભાં કરવામાં આવેલ સંગઠનો રાષ્ટ્રવ્યાપી તેમ જ વિશ્વવ્યાપી બનવા લાગ્યાં છે. સત્તા, સંપત્તિ તથા સંકીર્ણ દૃષ્ટિકોણો સામે રાખીને ચાલવાવાળા રાજ્યાધિકારીઓ પણ સાર્વભૌમ રાજ્યની આવશ્યકતાનો અનુભવ કરે છે. ધીમે ધીમે વિશ્વ એકીકરણની સમીપ આગળ વધી રહ્યું છે. આવા સમયમાં આધ્યાત્મિક શક્તિઓને એકત્ર કરીને પ્રજાના જીવનનિર્માણ માટે વિશ્વરાજ્યની આધાર શિલાને ધર્મના આધાર ઉપર સ્થાપિત કરવાની પ્રેરણા આપવી જોઇએ, પરન્તુ ખેદની વાત છે કે ધર્મસંસ્થાઓ વિશ્વની એકતાના માર્ગને આદરણીય ન લેખતાં પોતપોતાના સાંપ્રદાયિક અસ્તિત્વના સંરક્ષણ તરફ ખોટી રીતે ગતિમાન થઇ રહી છે. આજે આપણે અખંડ ધર્મથી ખંડ–સંપ્રદાય તરફ ગતિ કરી રહ્યા છીએ.

આપણા કાળની આ જ એક મોટી દુરભિસંધિ–અનિષ્ટ અનુયોગ–છે. આવી સ્થિતિમાં વિશ્વધર્મ સંમેલનની ઉપયોગીતા તો સ્વતઃ સ્પષ્ટ બની જાય છે. સાથે સાથે વિશ્વભરની વિનાશકારી સામ્રાજ્યવાદી ભૌતિકવાદી તથા એકસત્તાવાદી પ્રવૃત્તિઓનું અધ્યાત્મવાદ દ્વારા નિયમન કરવા માટે વાતાવરણ તૈયાર કરવામાં પણ આવું ધર્મ સંમેલન સહાયક બની શકે છે.

ધર્મસંમેલનની મૂળ પ્રેરણા

હું એક જૈન સાધુ છું. અહિંસા અમારો પરમ ધર્મ છે. મનુષ્ય હોય કે પશુ હોય, જ્યોમચર હોય કે જલચર હોય, કીડી હોય કે વિશાલકાય હાથી હોય–સર્વની સાથે અમારો સમભાવ છે. શરીર માત્ર અમારૂં સાધન છે અને આત્માનો વિકાસ અમારૂં ધ્યેય છે. સંસારમાં વિચરતા પ્રત્યેક પ્રાણી સાથે દયાપૂર્ણ મૈત્રીભાવ સ્થાપિત કરવો એ અમારા જીવનનો સાર છે. કોઈ પણ પશુ ઉપર અમે કદિ સવારી કરતા નથી. ઘોડો હોય કે હાથી હોય, મોટર હોય કે વિમાન હોય, આ સર્વ સાધન જૈન સાધુ માટે વર્જિત છે. પૈસાનું સાધન પણ અમારા માટે સર્વથા વર્જિત છે. આમ છતાં પણ મન, વચન અને કર્મ દ્વારા વિશ્વશાન્તિ તથા અહિંસાની સ્થાપના કરવા માટે જો હું કાંઇક કરી શકું તો હું મારા જીવનને સફળ થયું સમજીશ.

"આ સંમેલનની પાછળ સાંપ્રદાયિક પ્રચારની ભાવના તો કામ કરી નથી રહીને ?" આ પ્રકારની આશંકા અસંભવિત નથી. આ આશંકાને દૂર કરવા માટે મારે ભારતનો પ્રાચીન ઇતિહાસ આપની સમક્ષ રજુ કરવો પડશે.

હજારો વર્ષથી ભારત ભૂમિ ઉપર જૈન સમ્રાટ ખારવેલ, બૌધ્ધ સમ્રાટ અશોક, હર્ષવર્ધન તથા વૈદિક સમ્રાટ સમુદ્રગુપ્ત અને મહાન અકબર દ્વારા ધર્મસંમેલનો એટલે કે ધર્મ–સંગીતિકાઓ યોજાતી રહી છે. ધર્મસમન્વયનો ઇતિહાસ ભારતવાસીઓએ જ નિર્માણ કર્યો છે. આ દેશની આ એક વિશેષતા રહી છે. ભારતના મહાત્માઓ તથા દિવ્ય દૃષ્ટાઓ તરફથી દુનિયાને આ જ વારસો મળ્યો છે કે 'આ નામ–રૂપમય જગતમાં સત્ય એક જ છે; તેનો આધાર લઇને જગતના સર્વ ધર્મોનો પ્રાદુર્ભાવ થયો છે; 'एकं सद् विप्रा बहुधा वदन्ति'–'એક જ સત્યને વિદ્વાનો અનેક રીતે વર્ણવે છે'–નો સાર આ જ છે.

જૈન ધર્મના ૨૪ મા તીર્થંકર ભગવાન મહાવીરે વિશ્વના વિભિન્ન ધર્મોના પ્રતિનિધિઓના એક મંડલીબધ્ધ (ગોલમેજ) સંમેલનનું સૂત્રકૃતાંગ ધર્મગ્રંથમાં વિસ્તારથી વિવેચન કર્યું છે.

શ્રી માધવાચાર્યના સર્વદર્શનસંગ્રહનું અને જૈનાચાર્ય શ્રી હરિભદ્ર સૂરિના ષડ્દર્શન સમુચ્ચયનું આ જ દેશમાં નિર્માણ થયું છે.

ભારત હંમેશાં ધર્મોની સમન્વયભૂમિ બની રહેલ છે. પૂર્વ-ભારતના તીર્થંકરોએ, દક્ષિણના આચાર્યોએ, ઉત્તરના સન્તોએ અને પશ્ચિમના આગન્તુકોએ ભારતની જે સર્વસમા–સર્વસમભાવી–સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે તેનો સંદેશ સાંભળવા તથા ઝીલવાવાળા લોકો ભારતીય ધર્મસમન્વય તથા ધર્મસહિષ્ણુતા તરફ સન્મુખ થયા વિના રહે જ નહિ.

મારા મનમાં સંમેલનની પ્રેરણા જાગે તે સ્વાભાવિક છે. ભારત જેવા દેશમાં રહીને ધર્મસંમેલન જેવી પવિત્ર વિચારધારાનો ઉદય ન થાય એ જ ખરી રીતે અસ્વાભાવિક લાગે છે. વર્ણ, જાતિ, પ્રાન્ત તથા ભાષાસંબંધી સંકીર્ણતાપ્રેરિત વિરોધ તથા વર્ગસંઘર્ષ અહિં ઉત્પન્ન થાય તે માનવીની કરામત છે; પરંતુ અહિંસા, સત્યાગ્રહ, ભૂદાન તેમ જ ગ્રામદાનનો અવાજ ઉઠાવવો તે તો અમારી પરંપરા છે.

ભારતખાતે અહિં મળી રહેલા વિશ્વધર્મ સંમેલનના અવસર ઉપર ભારતનાં ગુણગાન કરવા તે પ્રસ્તુત છે કે કેમ તે વિષે મને શંકા છે; પરંતુ મને લાગે છે કે અમે જે કાંઇ છીએ તે આપની સામે મોજુદ છે અને અમે જે આજ સુધી નહોતા તે સ્થિતિને આજે આપને પ્રાપ્ત કરીને અમે પામ્યા છીએ.

આજ આપણે સર્વ વિશ્વનાગરિકો વિશ્વશાન્તિના પ્રશ્ન ઉપર અહિંસાનિર્ભર ધર્મની રોશની નાંખવાને ઉદ્યુક્ત થયા છીએ. સંસારને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાય અને આપણ સર્વના માનસમાં અખંડ સત્યની જ્યોતિ પ્રકાશી શકે એ જ અમારી એકમાત્ર કામના છે.

ધર્મૈક્યનો આધાર

સંયુક્ત રાષ્ટ્રસંઘ, યુનેસ્કો તથા આન્તરરાષ્ટ્રીય રેડ ક્રોસ સોસાયટીના સંગઠનનો આધાર સમાજસેવા જેવા પવિત્ર આદર્શોથી પ્રેરિત હોવા છતાં અર્ધભૌતિક છે. કેવળ ભૌતિક લાભની દૃષ્ટિ વ્યાપારિક અને રાજનૈતિક સંગઠનનો આધાર બની શકતી નથી. તેને પણ ધર્મના મૌલિક સિધ્ધાન્તો અથવા આદર્શોનું પીઠબળ હોવું જ જોઇએ. બીજી બાજુએ ધર્મના નામ ઉપર શાસન અથવા પ્રભુત્વ જમાવવાની આશા રાખવાવાળા લોકો અધ્યાત્મવાદ માટે ભારે ભયસ્થાનરૂપ છે. ધર્મનો ઢોલ પીટવાવાળા લોકોએ જ ધર્મને અભિભૂત કર્યો છે, ધર્મનો પરાભવ કર્યો છે.

ધર્મચિહ્નોને રાજકીય સંરક્ષણ પ્રાપ્ત કરવાનું સાધન બનાવવું એ ધર્મનું અપમાન કરવા બરોબર છે. જાતીય પ્રપંચોની અને રાજ્ય પ્રસારની ભાવનાને ધર્મના ઢાંકણ નીચે ફેલાવવી તે ધાર્મિક ભાવનાની વિડંબના છે. જો જગતના ધાર્મિક કહેવાતા લોકો પોતપોતાના ધર્મના શુધ્ધ ભાવને વિસરી જઇને ધર્મનો આડંબર ધારણ કરી રાજનૈતિક હેતુની પરિપૂર્તિ પાછળ લાગ્યા રહે તો, મને ભય છે કે, ધર્મનો પ્રભાવ ધર્મવાળા લોકો દ્વારા જ ક્ષીણ થઈ જવાનો છે.

હું માનું છું કે ભૌતિકતા, નાસ્તિકતા તથા હિંસા માનવીય જીવનના પતનનું કારણ છે. આથી મુક્ત થવાય ત્યારે જ માનવીની મહત્તા જાગૃત થાય છે. તેને પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય ધર્મ છે અને તેનો મૂળ આધાર અહિંસા છે.

ધર્મ અને અહિંસા

ધર્મ અને અહિંસા–એ બે પૃથક્ વસ્તુ નથી. ધર્મ અન્તર્જગતનું વિજ્ઞાન છે, માનવજાતિના આધ્યાત્મિક જાગૃતિનો ઇતિહાસ છે. અન્તરાત્મામાં ઉદ્ભૂત થવાવાળી ઉર્ધ્વગમનની વૃત્તિ એ જ ધર્મની જનની છે. સંક્ષેપમાં આત્માના સંગીતને આપણે ધર્મ શબ્દથી વર્ણવી શકીએ છીએ. માનવજાતિની સામાજિક તથા કૌટુંબિક વ્યવસ્થાનો પવિત્રતમ આધાર પણ ધર્મ જ છે, જે ભાઈ અને બહેનમાં, માતા

અને પુત્રમાં શુધ્ધ વાત્સલ્યનો સંચાર કરે છે. પ્રાણીમાત્ર પ્રતિ આત્મ-વૃત્તિનો પ્રસાર ધર્મે જ કર્યો છે.

એ જ બીજા શબ્દોમાં અહિંસા છે. જ્યાં સુધી હું સમજું છું ત્યાં સુધી પ્રાણીમાત્રમાં સમતાનો–સમભાવનો–સાક્ષાત્કાર જ અહિંસાનો આત્મા છે. જો ધર્મનો ઉદ્દેશ ચરમ અને પરમ સત્યની ઉપલબ્ધિ છે તો અહિંસા એ ઉદ્દેશ–પૂર્તિનું એકમાત્ર સાધન છે.

અહિંસા અધ્યાત્મિક વિકાસનો અનિવાર્ય સિધ્ધાન્ત તો છે જ, પરંતુ વિશ્વશાન્તિ માટે પણ તેમ જ વિનાશ, પ્રલય, વિધ્વંસથી જગતનું રક્ષણ કરવા માટે પણ અહિંસાથી વધારે ચડિયાતો બીજો ઉપાય દૃષ્ટિગોચર થતો નથી. તરવારની તાકાતથી જગતની દુષ્ટતાનો નાશ થઈ શકવાનો નથી. પ્રેમ તથા હૃદયપરિવર્તન સિવાય આજની સમસ્યાઓના ઉકેલનો બીજો કોઈ માર્ગ નથી. જો આપણે ખરેખર ઇચ્છતા હોઇએ કે વિનાશની જગ્યાએ નિર્માણની ભાવનાની પ્રતિષ્ઠા થાય તો માણસના દિલમાં અહિંસાનું જ અવતરણ કરવું પડશે.

અહિંસાનો ચમત્કારી પ્રયોગ જગતની સામે પડેલો છે. રામ-કૃષ્ણનું આદર્શરાજ્ય, મહાવીર અને બુદ્ધની અહિંસક ભેટ, પૈગંબર ઇશુ અને મહમદની સામાજિક ન્યાય વ્યવસ્થા અહિંસાવડે અનુપ્રાણિત છે. કોન્ફ્યુશિયસ તથા તાઓના વિધાનમાં, ગુરૂ નાનક તથા કબીરના ભ્રાતૃભાવમાં, પાઇથાગોરસ તથા સન્ત ફ્રાન્સિસમાં, ટોલ્સ્ટોય તથા મહાત્મા ગાંધીમાં અહિંસાની ચમક દૃષ્ટિગોચર થાય છે.

આ રીતે વિચારતાં આપણને માલુમ પડે છે કે ધર્મ તથા અહિંસા વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે. તેથી જ અહિંસાના આધાર ઉપર ધર્મસંગઠન તથા ધર્મના આધાર ઉપર વિકસિત અહિંસા જ સંસાર માટે વરદાન સમાન સિધ્ધ થઇ શકે છે.

અહિંસા તથા વિજ્ઞાન

વિજ્ઞાન માનવીય ચેતનાના પ્રસ્ફુરણની કહાણી છે. જો કે અહિંસા સ્વયં એક વિજ્ઞાન છે તો પણ કેટલાક વિચારકો બન્નેને પૃથક્ પૃથક્ માને છે. માનવી અનન્ત કાળથી અન્તર્જગત તથા બહિર્ જગતની શોધ કરતો રહ્યો છે. આ શોધે વિજ્ઞાનને કદિ સૂક્ષ્મથી સ્થૂલ તરફ તો કદિ સ્થૂળથી સૂક્ષ્મ તરફ અગ્રસર બનાવ્યું છે. નિશ્ચય અને વ્યવહારનું, માયા અને બ્રહ્મનું આ દ્વન્દ્વાત્મક જગત આ શોધના બે કિનારા છે.

અહિંસા જો આન્તરિક જગતની શોધનું પરિણામ છે તો ભૌતિક વિજ્ઞાન બહિર્જગતની શોધનું ફળ છે. અમે દૃઢપણે માનીએ છીએ કે વિજ્ઞાન મંદિરમાં અહિંસાને પ્રતિષ્ઠિત કરવામાં આવે તો જ વિજ્ઞાન જગત માટે પ્રાણદાયી અને આશ્વાસનદાયી બની શકે.

આજે જગત અશાન્ત છે.

વિજ્ઞાન અને જીવનની અસંગતિને લીધે સંસાર આજે વિષમ સ્થિતિમાં ડુબેલો છે. તેનું મૂળ કારણ હિંસા છે. જીવનમાં વિભિન્ન અંગો ઉપર જેમ જેમ માનવીનો હિંસામય પંજો ફેલાતો રહ્યો છે તેમ તેમ અશાન્તિ વધતી રહી છે. અર્થ તથા ઉદ્યોગ, વિચાર તથા શિક્ષા, સભ્યતા તથા સંસ્કૃતિ–સર્વ ક્ષેત્રો હિંસાવડે દૂષિત બની રહ્યા છે.

ભૌતિક સમૃધ્ધિને નિર્બળ આત્મા પચાવી શકતો નથી; ભૌતિક સમૃદ્ધિ તેને પદભ્રષ્ટ કરી શકે છે. પરિણામ એ આવ્યું છે કે આજે વસ્તુવિજ્ઞાન વધતું ચાલ્યું છે અને જગતનો આત્મા સુતો રહ્યો છે, મનુષ્ય બીજાને તો ધોખો આપે છે, પણ પોતાના આત્માને પણ ધોખો દેવાનું ચૂકતો નથી. ઘૃણા વડે પ્રેમનું સીંચન કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. શસ્ત્ર તથા કાનુનના આધાર ઉપર શાન્તિની ઇમારત ટકાવી રાખવામાં આવી છે. ધન અને સત્તાના બળ ઉપર આધ્યાત્મિક સંતોષ પ્રાપ્ત કરવાની આશા સેવાઇ રહી છે. આ બધું આત્મવંચના સિવાય બીજું શું છે? અને આ પરિસ્થિતિમાં ત્યાં સુધી કોઇ પરિવર્તન થઇ શકે તેમ નથી, જ્યાં સુધી આપણા મનમાં હિંસા અને પ્રતિહિંસાની ભાવનાઓ જીવિત રહેવાની છે.

અહિંસા, પ્રેમ તથા ભાઇચારા ઉપર જગતમાં સામાજિક સંસ્થાઓ અને રાજ્યસંસ્થા પણ સ્થાપિત થઈ ચુકેલ છે. ૧૭ મી શતાબ્દિનું કવેકર્સ–સંગઠન તથા રેડ ઇન્ડિયનનું પ્રેમરાજ્ય, સેના અને શસ્ત્રથી સદા દૂર રહેવાવાળું રશિયાનું દૂખોબોરસ, યુનાન તથા અમેરિકાના પાઇથોગેરિયન માત્ર અહિંસાના આધાર ઉપર ઉભા કરવામાં આવેલ સામાજિક સંગઠનો છે, જે આજના ભૌતિકતા–પ્રધાન જગતમાં અહિંસાને જીવન દર્શન તરીકે સ્વીકારીને ચાલી રહેલ છે. જે વિચારકો અહિંસાને વ્યવહાર્ય માનવા વિષે શંકા કરી રહ્યા છે તેમણે ઇતિહાસના એ અમર અધ્યાયોનું અવલોકન કરવું જોઇએ.

એ તો નિશ્ચિત છે કે અહિંસાને જીવનના સમસ્ત વ્યવહારોમાં ઓતપ્રોત કરવા માટે હિંસાના આધાર ઉપર ઉભી કરવામાં આવેલી સમસ્ત જીવન પદ્ધતિઓને પલટવી પડશે. અહિંસક સમાજ નિર્માણની કલ્પના આપણી સામે ધીમે ધીમે સાકાર બની રહી છે. પરંતુ જીવન નિર્માણનું સૌથી પહેલું ક્ષેત્ર છે વિજ્ઞાનશિક્ષા. વિજ્ઞાન શિક્ષા જ્યાં સુધી શોષણ તથા સામાજિક સંઘર્ષોથી વિમુકત, સ્વાવલંબી, અહિંસાત્મક એટલે કે લોકતંત્રી નહિં બનાવવામાં આવે, ત્યાં સુધી અહિંસક સમાજની આશા આકાશકુસુમવત્ છે.

અહિંસા–શોધ–પીઠની કલ્પના

વ્યક્તિગત, કૌટુંબિક તથા સામાજિક જીવનમાં વ્યાપક પ્રભાવ પાડવા માટે અહિંસા શોધપીઠની એક યોજના અમારી સામે વિકસિત થઈ રહી છે. તેનું સ્વરૂપ કેવું હશે એ આપે વિચારવાનું છે. તેમાંનું ઘણું ખરું તો વ્યવસ્થાપકો, ચિન્તકો તથા અધ્યાત્મદૃષ્ટાઓના પરામર્શ ઉપર નિર્ભર રહેવાનું. એમ છતાં પણ એ તો નિશ્ચિત છે કે માનવ જીવનનાં વિકસિત વિજ્ઞાનક્ષેત્રો, આરોગ્યવિધાનો તથા જીવનયાપનના વિચારોને અહિંસાત્મક રૂપ આપવું એ તેનો ઉદ્દેશ હશે.

શોધપીઠનું કાર્યક્ષેત્ર સીમિત હોવું ન જોઇએ. તેણે એ શોધી આપવું જોઇશે કે જીવનની વ્યક્તિગત તથા સામાજિક સમસ્યાઓનું અહિંસાદ્વારા કેવી રીતે સમાધાન થઈ શકે તેમ છે? તેણે એ પણ જોવાનું રહેશે કે ભિન્ન ભિન્ન ધર્મોએ અહિંસાને કેવું સ્થાન તથા મહત્વ આપ્યું છે? તે અહિંસાત્મક ઉપાયોની વ્યવસ્થિત શિક્ષા આપશે.

પરંતુ સૌથી મોટું કાર્ય, જે આપણી સામે છે તે એ છે કે, આપણે પારસ્પરિક વૈમનસ્યની આગથી પ્રજ્વલિત થઈ રહેલા જગતને અહિંસાનું અમૃત આપી શકીએ; યુદ્ધની કર્કશ વાણીને શાન્તિના સંગીતમાં પલટી શકીએ; ભૌતિક વિજ્ઞાનને માનવજાતિનો સેવક બનાવી શકીએ; તથા સામાજિક તથા આન્તરરાષ્ટ્રીય સંબંધોને અહિંસાના આધાર ઉપર સ્થાપિત કરી શકીએ કે જેથી, જગતમાં ઊંચ–નીચની ભાવનાનો તથા વર્ગસંઘર્ષનો અન્ત આવી શકે. આ જ યુગનો પોકાર છે અને આ જ ધાર્મિક લોકોનું સૌથી મોટું કર્તવ્ય છે.

આ ઉદ્દેશની પૂર્તિ માટે સર્વનો સહયોગ અપેક્ષિત છે. મને વિશ્વાસ છે કે આપ આ પવિત્ર ઉદ્દેશની પૂર્તિમાં કોઇ પણ પ્રકારની કમી નહિ રહેવા દો અને ભૌતિકતા તથા ભોગલિપ્સા ઉપર નહિ પણ ત્યાગ અને સંયમ ઉપર ઉભી કરવામાં આવેલ માનવાત્માની સાંસ્કૃતિક પરંપરાઓને પુનર્જીવિત કરવાનો સતત પ્રયત્ન કરશો.

અમારું સાધન ગમે તેટલું મર્યાદિત હોય અને કાર્ય ગમે તેટલું વિશાળ કેમ ન હોય, અમે અમારી તરફથી એ આશ્વાસન આપી શકીએ છીએ કે માનવતા તથા આધ્યાત્મિકતા ઉપર અમારો વિશ્વાસ અટલ છે. સત્યના આધારપર રહેલા દૃઢ વિશ્વાસનો નિશ્ચય વિજય થશે. એ જ આપ સર્વનો વિજય હશે અને એ જ માનવતાનો પણ વિજય હશે.

મૂળ હિંદી.

અનુવાદક : પરમાનંદ

સર્વધર્મ સંમેલનના પ્રસ્તાવો

આ સર્વધર્મ સંમેલનમાં બે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા જે ક્રમશઃ નીચે મુજબ છે:

પહેલો પ્રસ્તાવ

"આ સંમેલન જાહેર કરે છે કે દરેક ધર્મનો મુખ્ય હેતુ શાન્તિ, સંવાદિતા અને નાનામાં નાના માનવીનું–સૌ કોઈનું–શ્રેય અને સ્વાસ્થ્ય સ્થાપિત કરવાનો છે. આમ હોવાથી ધર્મોએ હંમેશા લડાઈ અને સંઘર્ષોનો વિરોધ કર્યો છે અને તે સામે હંમેશા પ્રતિકુળતા દાખવી છે અને ક્ષમા તથા આત્મભોગની ભાવનાને સદા આગળ ધરી છે.

"આ ઠરાવથી વિશેષમાં જાહેર કરવામાં આવે છે કે અણુશસ્ત્રોની શોધ અને ઉપયોગના કારણે અને સર્વભક્ષી વિગ્રહની વ્યુહરચનાના કારણે સાચા કે ખોટા–કોઈ પણ પક્ષ માટે બચવાનું અશક્ય બન્યું છે. આવા યુદ્ધનો અર્થ સંપૂર્ણ નાશ અને માણસજાતનો સંહાર એ જ માત્ર છે."

"આવા કટોકટીના સમયમાં આપણુ સર્વ માટે એ અત્યન્ત જરૂરી છે કે દુનિયાના ધર્મો અંદર અંદરના ઝગડાઓ બંધ કરે, અન્યથી અલગ રહેવાની આદતનો ત્યાગ કરે, પરસ્પર આદર અને સહકારની વૃત્તિ પેદા કરવા માટે પ્રયત્ન કરે, અને માણસ માણસ વચ્ચે, જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચે પ્રેમ અને ભ્રાતૃભાવ કેળવવાના સાધનો અને ઉપાયો શોધવાની શરૂઆત કરે. આ હેતુ સિદ્ધ કરવા માટે Humanities–માનવતાલક્ષી વિષયો–અને સદીઓથી ચાલી આવતી અધ્યાત્મિક હીલચાલોના તટસ્થ અભ્યાસ દ્વારા સત્ય, પ્રેમ અને અહિંસાની શક્યતાનું સંશોધન કરવા અહિંસા શોધપીઠની સ્થાપના કરવાની જરૂર છે."

"આવી અહિંસાશોધપીઠની સ્થાપના સંબંધમાં પૂર્વતૈયારીઓ કરવા માટે કાકાસાહેબ કાલેલકર અને શ્રી જૈનેન્દ્રકુમારની સંયોજક તરીકે નિમણુક કરવામાં આવે છે."

આ અહિંસાશોધપીઠના કાર્ય માટે ઉદારચરિત શ્રી સોહનલાલ દુગડે પોતાના હાથ ઉપરની હીરાની વીંટી જેની કીંમત તેમના જણાવવા મુજબ રૂા. ૯૦૦૦૦ ની થતી હતી, પણ પાછળથી તપાસ કરાવતાં જેની કીંમત રૂા. ૧૧૦૦૦૦ જેટલી અંકાઇ હતી તે ભેટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી અને જો ભારત સરકાર આ કાર્ય માટે પાંચ લાખ રૂપિયા આપે તો પોતે એટલી જ રકમ એકઠી કરી આપવાનું બીડું ઝડપ્યું હતું.

ઉપરના ઠરાવના અનુસંધાનમાં વિશેષ એ જણાવવાનું કે પ્રસ્તુત અહિંસા શોધપીઠની પૂર્વ તૈયારીઓના સંયોજકની જવાબદારી લેવાની કાકાસાહેબ કાલેલકરે અનિચ્છા દર્શાવી છે અને માત્ર સલાહકાર તરીકે પોતાની સેવા આપવાનું કબુલ્યું છે. અને તેથી હાલ માત્ર જૈનેન્દ્રકુમાર એક જ સંયોજક તરીકે ચાલુ રહે છે.

બીજો પ્રસ્તાવ

"અમો વિશ્વના જુદા જુદા ધર્મોના પ્રતિનિધિઓ વિશ્વશાન્તિ અને વિશ્વબંધુત્વની ભાવનાનો પ્રચાર કરવાના હેતુથી 'ધર્મ'ના પાયા ઉપર રચાયલી વિશ્વધર્મ પરિષદ–World Fellowship of Religions –ની સ્થાપના કરવાનો નિરધાર કરીએ છીએ.

"આ પરિષદ–ફેલોશીપ–ના સભ્ય તરીકે અમે ચાલુ રહીશું અને આ સંમેલનમાં બીજા દેશોના જે ધાર્મિક આગેવાનો પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત થઇ શકયા નથી તેમને આ પરિષદ–ફેલોશીપ–માં સામેલ કરવા માટે અમે બનતો પ્રયત્ન કરીશું.

"આ સર્વ ધર્મ પરિષદ–(ફેલોશીપ) નું કાર્ય શરૂ કરવા અને આગળ ચલાવવા માટે આ પરિષદના સંયોજક – Convener – તરીકે મુનિ સુશીલકુમારની સર્વાનુમતે નિમણુંક કરીએ છીએ અને સન્ત તુકડોજી મહારાજની મદદ અને સહકાર વડે આ કાર્ય શરૂ કરવા અમે તેમને વિનંતિ કરીએ છીએ અને દુનિયાના જુદા જુદા ભાગો માટે જુદા જુદા સંયોજકો નીમવાની અમે તેમને સત્તા આપીએ છીએ."

બટાટા તથા કંદમૂલ વિષેનું ચર્ચાપત્ર

આ અંકમાં પ્રગટ કરવા ધારેલ બટાટા તથા કંદમૂળ વિષેનું શ્રી રતિલાલ ચીમનલાલનું ચર્ચાપત્ર જગ્યાના અભાવે આવતા અંક ઉપર મુલતવી રાખવામાં આવે છે. **તંત્રી.**

શ્રી જૈન મહિલા સમાજને ધન્યવાદ

મુંબઇની જૈન મહિલા સમાજે નવેમ્બર માસની તા. ૧૫, ૧૬ તથા ૧૭ ના રોજ 'શ્રદ્ધાદીપ' નામની એક નૃત્યનાટિકા રજુ કરી હતી. આ નાટિકામાં જૈન સમાજને અતિ સુપરિચિત શ્રીપાલ રાજાની કથા ગુંથી લેવામાં આવી હતી. આ કથા સાથે પ્રચલિત 'ઓળી' નામનું નવ દિવસનું વ્રત–આરાધન જોડાયલું છે. દર છ છ મહિને ચૈત્ર અને આસો માસમાં નવ દિવસ સુધી (ચૈત્ર તથા આસો માસની સાતમથી પુનમ સુધી) 'આંયબિલ'ના તપ સાથે શ્રી સિધ્ધચક્રના યંત્રનું આરાધન કરવાની પ્રથા જૈન સમાજમાં સેંકડો વર્ષથી ચાલતી આવી છે. આ પ્રકારે તપ અને સિધ્ધચક્રનું આરાધન કરવાથી માનવીના રોગ, શોક, આધિ, વ્યાધિ શાન્ત પડે છે–આવી શ્રદ્ધા જૈનો ધરાવે છે. સૌથી પ્રથમ આ વ્રતનું આરાધન શ્રીપાલ રાજાએ કરેલું અને તેના પરિણામે તેને થયેલો કોઢ નાબુદ થયેલો–એવી ઘટના 'સિરિવાલ કહા' (શ્રીપાલ કથા) એ નામની વિ. સં. ૧૩૬૨ માં શ્રી રત્નમંદિર ગણીએ રચેલી પ્રાકૃત કથામાં વર્ણવવામાં આવી છે. ઉપર જણાવેલ પ્રાકૃત કથા ઉપરથી વિ. સં. ૧૭૩૮ માં શ્રી વિનયવિજય ગણીએ 'શ્રીપાળ રાજાનો રાસ' એ નામના એક સુન્દર–જૈનોમાં અતિ આદર પાત્ર બનેલા–રાસની રચના કરી છે, અને એ રાસ ઉપર જણાવેલ સિધ્ધચક્ર અથવા તો નવપદની ઓળી દરમિયાન ભાગવતની માફક સમુદાયમાં મળીને વાંચવાનો જૈનોમાં રીવાજ છે. આ રાસ ઉપરથી શ્રી જયન્ત જોષીએ ઉપર જણાવેલ નૃત્યનાટિકાનું આયોજન કર્યું અને એ નૃત્યનાટિકા જૈન મહિલા સમાજ તરફથી ત્રણ વખત મુંબઇની જનતા સમક્ષ ભજવી બતાવવામાં આવી.

આ નૃત્યનાટિકાનું આયોજન નૃત્ય, અભિનય, વેશભૂષા, સંગીત, દૃશ્યનિયોજન (સીન સીનેરી) વગેરે અનેક દૃષ્ટિબિન્દુથી બહુ આકર્ષક અને મનોરંજક બન્યું હતું. પહેલાંની ગુજરાતી રંગભૂમિ ઉપર જેમ છોકરીઓનો પાઠ છોકરાઓ લેતા હતા તેમ જ જૈન મહિલા સમાજ તરફથી રજુ થતી નાટિકાઓમાં પુરૂષોનો પાઠ સ્ત્રીઓ લેતી હોય છે. અને તેથી પહેલાંનાં નાટકો જેમ કઢંગા લાગતાં હતાં તેવું કઢંગાપણું આ નાટકની ભજવણીમાં અનુભવગોચર થયા સિવાય રહેતું નથી. જૈન મહિલા સમાજ બહેનોની જ સંસ્થા હોઇને અને સંસ્થાના કાર્ય સાથે જોડાયલી બહેનો અથવા તો તેમનાં સગાસંબંધીઓ આવી નૃત્યનાટિકાઓમાં ભાગ લેતાં હોઇને ઉપર જણાવેલ ત્રુટિ તેમના માટે કાંઇક અનિવાર્ય જેવી બની ગઇ છે; આમ છતાં પણ આ મર્યાદાને અધીન રહીને તેઓ નાટ્ય વસ્તુ બહુ ઉત્તમ રીતે રજુ કરી શકે છે. પ્રસ્તુત નૃત્યનાટિકામાં રજુ કરવામાં આવેલાં કેટલાંક નૃત્યો આંખમાં ઠીક સમય સુધી રમ્યા કરે એવા હતાં.

જૈન મહિલા સમાજે કેટલાક સમયથી જૈન કથાઓને નાટકમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. તેણે આજ સુધીમાં સમળી વિહાર, આર્દ્રકુમાર, ચંદનબાળા, તરંગવતી અને સુરસુન્દરી કથા–આટલી જૈન કથાઓને નૃત્યનાટિકાના અથવા તો નાટકના આકારમાં જુદા જુદા સમયે રજુ કરેલ છે. શ્રીપાલ રાજાની કથાથી તેમાં મહત્વનો ઉમેરો થાય છે. આ રીતે જૈન કથા સાહિત્યમાં રહેલ વિપુલ નાટ્ય વસ્તુનું ગુજરાતના શિષ્ટ સમુદાયને તેમણે સચોટ ભાન કરાવ્યું છે. આ પ્રયોગ અને સાહસના પરિણામે જૈન કથાઓને નાટકમાં ઉતારવાનો જુનવાણી વિરોધ હળવો બનતો ચાલ્યો છે. આપણે આશા રાખીએ કે આ પ્રણાલિકાને ક્રમસર વિકસાવીને જૈન મહિલા સમાજ જૈન તીર્થંકરોના ચરિત્રો પણ બહુ જલ્દીથી નાટક અથવા નૃત્યનાટિકાના આકારમાં રજુ કરશે અને એ રીતે આ બાબતને લગતા જુનવાણી વિરોધને મૂળમાંથી નાબુદ કરશે. શ્રીપાલ રાજાની કથાને નૃત્યનાટિકાના આવા સુન્દર આકારમાં રજુ કરવા માટે શ્રી જૈન મહિલા સમાજને અને સામાજિક કાર્યો કરવામાં જેણે થાક કદિ જાણ્યો નથી એવા જૈન મહિલા સમાજનાં કાર્યકુશળ મંત્રી બહેન લીલાવતી દેવીદાસને અનેક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**

શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને મુંબઇના ગુજરાતીઓ

પૂના ખાતે સંયુકત મહારાષ્ટ્ર સમિતિના પ્રતિનિધિઓ સાથે થોડા સમય પહેલાં મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખ શ્રી ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકે અને તેમના અન્ય સાથીઓએ મહારાષ્ટ્ર, મુંબઇ અને ગુજરાત સંબંધે કેટલીક મંત્રણાઓ ચલાવી હતી, અને મુંબઇ મહારાષ્ટ્રને સોંપી દેવું અને મહાગુજરાતનું સ્વતંત્ર એકભાષી એકમ ઉભું કરવું એવો તેમની વચ્ચે થયેલી સમજુતીનો સાર હતો. આ વાટાઘાટો બાદ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે અમદાવાદ ખાતે તા. ૯–૧૧–૫૭ ના રોજ યોજાયલી અખબારી પરિષદ સમક્ષ એક લાંબુ નિવેદન કર્યું હતું, અને તેમાં અનેક મુદ્દાઓની ચર્ચા અને આલોચના કરી હતી. આ બધા મુદ્દાઓની અથવા તો મુંબઇના મહારાષ્ટ્ર સાથેના કલ્પાયલા જોડાણના પ્રશ્નની ચર્ચા કરવાનો અહિં ઇરાદો નથી; પણ ઉપર જણાવેલ અખબારી પરિષદમાં તેમણે મુંબઇમાં વસતા ગુજરાતીઓ જાણે કે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં વસતા ગુજરાતીઓથી કોઈ અલગ જાતિના હોય અને આખી ગુજરાતી જનતાનું જાણે કે આજ સુધી અનર્ગળ અહિત કરી રહ્યા હોય એ મતલબના જે ઉદ્‌ગારો કાઢયા છે તે ભારે દુઃખદ અને એક જ પ્રજાના બે વિભાગ વચ્ચે વૈમનસ્ય ઉભું કરે એવા હોઇને તે તરફ જાહેર જનતાના ધ્યાન ખેંચવું આવશ્યક લાગે છે. તેમણે જે કહ્યું છે તે નીચે ઉધ્ધૃત કરવામાં આવે તે પહેલાં એટલું જણાવવું જરૂરી છે કે, મુંબઇના ગુજરાતીઓ સંબંધે તેમને જે કાંઈ કહેવાનું છે તે સીધે સીધુ મુંબઇના ગુજરાતીઓને ઉદ્દેશીને નહિ, પણ મુંબઇના મુડીવાદી ગુજરાતીઓને ઉદ્દેશીને તેમણે કહ્યું છે–જાણે કે મુંબઇમાં પણ સામાન્ય ગુજરાતી અને મુડીવાદી ગુજરાતી એવો કોઈ ભેદ હોય. અંગ્રેજીમાં કહેવત છે કે 'Give a dog a bad name and hang him'–કુતરાના કપાળે હલકા નામનું પાટીયું બાંધો અને પછી તેને ફાંસીએ લટકાવી દો–એટલે કે જેને તમે સમાજમાં ઉતારી પાડવા માંગતા હો તેને બીજાની નજરમાં અળખામણો લાગે એવા વિશેષણથી બોલાવવાનું શરૂ કરો અને પછી તેને જોરશોરથી ઉતારી પાડો. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે પણ મુંબઇના ગુજરાતીઓ સામે દાઝ કાઢવામાં આવી જ કોઈ નીતિનો ઉપયોગ કર્યો છે, જે તેમની અખબારી મુલાકાતમાંના નીચેના અવતરણ ઉપરથી કોઇને પણ પ્રતીત થયા વિના નહિ રહે. તેમણે એ અખબારી નિવેદનમાં મુંબઇના ગુજરાતીઓ વિષે જણાંવ્યું હતું કે:

"ગુજરાતી હિતોનું રક્ષણ કરવાના બહાના હેઠળ મુંબઇના મુડીવાદીઓએ જે સોદો કરી નાખેલો છે તેમાંથી અમે ગુજરાતને પાછું ખેંચી લેવા માંગીએ છીએ. જો તેઓ ત્રણ એકમની ફેર્‌મ્યુલા માટે એટલા ગંભીર હતા તો શા માટે તે સંબંધમાં તેઓ લડયા નહિ ? ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિને આ સંબંધમાં હું જેટલી જવાબદાર –દોષપાત્ર ગણું છું તેથી અનેકગણા વધુ દોષપાત્ર મુંબઇના મૂડીવાદીઓ અને મુંબઇ કોંગ્રેસ છે.

"મુંબઇ શહેરના ગુજરાતીઓની સમૃદ્ધિ અને તેમનાં હિતો અમારા હૈયે છે, પરંતુ થોડા મૂડીવાદીઓને અમારા હિતોના સોદા કરવા નહિ દેવાય. આ મૂડીવાદીઓએ તેમની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓને ખાતર અમારાં બંદરોનો નાશ કરી નાખ્યો છે અને અમારા આર્થિક વિકાસને અવરોધ્યો છે. ગુજરાતમાં રહેનારા અમે તેમના માત્ર ગામડિયાં સગા સંબંધીઓ છીએ અને મુંબઇથી થોડા મનીઓર્ડર આવે અને અમે શાન્તિથી રહીએ એમ તેઓ માનતા હોય તો તેમની ભૂલ છે. એમ માનવાના દિવસો હવે વીતી ગયા છે.

"આ બધાં કડવા સત્યો છે, પણ તે કહ્યા વિના મારા માટે બીજો વિકલ્પ નથી. મુંબઇ શહેરમાંના ગુજરાતી હિતો વિષે કોઇ ઉકેલ સૂચવે છે કે કેમ તેની અમે એક વર્ષ સુધી રાહ જોઈ છે. તેઓ નિષ્ફળ ગયા છે અને તેઓમાંના ઘણા હવે વળી ભાવીનું ગીત ગાયા કરે છે.

"મુંબઇના મૂડીપતિઓએ કોંગ્રેસને બગલમાં રાખીને ગુજરાત પર રાજકીય હક્ક ભોગવાજ હંમેશાં તજવીજ કરી છે, અને આ રીતે ગુજરાત પર રાજ કરીને, ગુજરાતની ધૂળધાણી કરીને, તેનો વિકાસ અટકાવ્યો છે. ગુજરાતના બંદરોનો વિકાસ મુંબઇના ગુજરાતીઓએ અટકાવ્યો છે. મુંબઇના ગુજરાતીઓ પોતાને ગુજરાતના છોરૂ નહિ પણ ગુજરાતના બાપ સમજે છે. એમની દૃષ્ટિ વક્ર છે. જ્યારથી ગુજરાતીઓ મુંબઇ ગયા ત્યારથી તેમણે ગુજરાત પર સત્તા જમાવવા માંડી છે, અને ગુજરાતીઓ ઉપર વર્ચસ જમાવવા માંડયું છે. અમારી સામે મુંબઇથી ગમે તેટલી ધમકી પાડવામાં આવે, પણ અમે અમારી ફરજ નહિ ચૂકીએ. મુંબઇના ગુજરાતી લોકોને દ્વિભાષી મુંબઇ રાજ્યજ જોઇએ છે ને તેથી મોટા ભાગના ગુજરાતીઓ કોંગ્રેસનાં પૂંછડાં બની બેઠા છે. ત્રણ રાજ્યની વાતો કરવી એ યજ્ઞમાં હાડકું નાખવા જેવી વાત છે."

મુંબઇના પ્રારંભથી આજ સુધીના વિકાસમાં મુંબઇના કચ્છી, કાઠિયાવાડી તથા ગુજરાતીઓએ પોતાની સાહસિકતા અને વ્યાપાર–કુશળતાવડે કેટલો મહત્વનો ભાગ ભજવ્યો છે અને મહાગુજરાતની અદ્યતન સમૃદ્ધિમાં કેટલો મોટો ફાળો આપ્યો છે અને આજે પણ કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાતની સમૃદ્ધિ મુંબઇમાં વસતા ગુજરાતીઓ ઉપર કેટલી બધી નિર્ભર છે–આ બાબતની કાં તો શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકને સમજણ નથી અથવા તો તેની તેમને કશી કદર નથી. મુંબઇ સાથે સમસ્ત ગુજરાતી પ્રજાના એટલા બધા ઘટ્ટ સંબંધો છે અને મુંબઇ ભૌગોલિક રીતે મહારાષ્ટ્રમાં લેખાતું હોવા છતાં અમદાવાદ સુરત વલસાડથી આગળ વધીને મુંબઇ સુધી ગુજરાતી પ્રજા એટલા મોટા જુથમાં પથરાયલી છે અને મુંબઇ તળમાં ગુજરાતી પ્રજાની એટલી મોટી જમાવટ છે કે મુંબઇ એ ગુજરાતનું જ projection–વિસ્તરીકરણ–જ હોય એમ આપણ સર્વે વર્ષોથી અનુભવતા આવ્યા છીએ. કલકત્તા, મદ્રાસ, જયપુર, દીલ્હી–ભારતનાં અનેક મોટાં શહેરોમાં ગુજરાતીઓ ઠીક ઠીક વસેલા છે, પણ એ બધા સ્થળોમાં આપણે જાણે કે પરપ્રાન્તમાં વસતા હોઇએ એવી લાગણી આપણા મન સાથે જોડાયલી રહે છે, જ્યારે મુંબઇ જાણે કે પોતાનું વતન હોય એવો ભાવ લાખો ગુજરાતીઓના ચાલુ અનુભવનો વિષય છે. કેટલાક ગુજરાતીઓ માટે તો આજે મુંબઇ સિવાય બીજું કોઈ વતન જ નથી. આ વસ્તુસ્થિતિનું કાં તો શ્રી ઇન્દુલાલને ભાન નથી અથવા તો સમજણપૂર્વક તે સામે તેઓ આંખ આડા કાન કરે છે અને ઉપર વર્ણવી તેવી વાસ્તવિક પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને મુંબઇનું કાં તો સ્વતંત્ર રાજકીય એકમ ઉભું થવું જોઇએ અથવા તો મુંબઇ પ્રદેશનું આજનું દ્વિભાષી સ્વરૂપ કાયમનું બનવું જોઇએ એવો આગ્રહ દાખવતા મુંબઇના ગુજરાતીઓની (જો કે આવો આગ્રહ માત્ર મુંબઇમાં જ વસતા ગુજરાતીઓનો છે એમ નથી, પણ મુંબઇ બહાર વસતા અનેક–મહાગુજરાતના ઝનુનથી મુક્ત એવા અનેક–ગુજરાતીઓ પણ આવો જ આગ્રહ ધરાવે છે) નાલેશી કરવામાં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે ધૃતિકર્તવ્યતા માની છે. આ જોઇને ભારે દુઃખ થાય છે. અધ્યાપક અત્રે અને શ્રી એન્. વી. ગાડગીલ હજુ ગઇ કાલ સુધી ગુજરાતી પ્રજા વિષે જે ઝેરી ઉદ્‌ગારોનો વરસાદ વરસાવી રહ્યા હતા એ જ કાર્ય આજે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક મુંબઇના ગુજરાતીઓ સંબંધમાં કરી રહ્યા છે. જે મુંબઇમાં વસેલા ગુજરાતે ગુજરાતના રાજકારણથી બળેલા એવા ઇન્દુલાલને અનેકવાર ઠાર્યા છે અને દાઝેલા એવા ઇન્દુલાલના અનેકવાર મલમપટા કર્યા છે તે મુંબઇના ગુજરાતીઓ વિષેના તેમનાં વિધાનો એટલાં બધાં વિપર્યાસથી ભરેલાં છે કે તે દરેક વિધાનની વિગતવાર સમાલોચનના કરવાનો કંઇ અર્થ જ નથી. આજસુધી મુંબઇ સંબંધે તેમનું વલણ સંદિગ્ધ હતું; આજે તેઓ છડેચોક સંયુકત મહારાષ્ટ્રવાદી બન્યા છે અને પછી તો કહેવત છે કે 'વટલી બ્રાહ્મણી તરકડીમાંથી જાય' એ મુજબ શ્રી ઇન્દુલાલ મુંબઇના ગુજરાતીઓને કશી પણ શરમ કે સંકોચ વિના ભાંડવા નીકળ્યા છે. ભવિષ્યમાં મહાગુજરાત

રચાય કે ન રચાય, પણ મુંબઇના ગુજરાતીઓ એક અને ગુજરાતના ગુજરાતીઓ જુદા—આવા ભાગલા પાડીને તેઓ ગુજરાતી ગુજરાતી વચ્ચે જે ભેદભાવ પેદા કરવા અને ઝેરનાં બી રોપવા પ્રવૃત્ત થયા છે તેથી સમસ્ત ગુજરાતની તેઓ મોટી કુસેવા કરી રહ્યા છે અને આપણ સર્વ ગુજરાતીઓ માટે આવો પ્રચાર ભારે ખતરનાક નીવડવા સંભવ છે.

પ્રશ્ન એ છે કે મુંબઇના ગુજરાતીઓની નાલેશી કર્યા સિવાય શું એકભાષી મહાગુજરાતની રચના ઉભી કરવા માટે બીજો કોઇ માર્ગ જ નથી ? મહાગુજરાતની રચના માટે કોઇ સ્વતંત્ર વિચાર ભૂમિકા જ નથી કે જેથી ઇન્દુલાલને મુંબઇના ગુજરાતીઓ સામે આવું વક્ર મત્સરગ્રસ્ત વલણ ધારણ કરવું પડયું છે ? તેમને ખબર નથી કે મહાગુજરાતની ધુનમાં તેઓ આખી ગુજરાતી આલમનું અત્યન્ત અહિત કરી રહ્યા છે. મુંબઇનું નિર્માણ એકાએક થયું નથી. તેની પાછળ ગુજરાતી તથા મહારાષ્ટ્રી પ્રજાના અથાક પરિશ્રમનો અને અજોડ સાહસનો ૧૦૦ વર્ષનો ઇતિહાસ છે. ગુજરાતીઓ માટે કદાચ પ્રમાણમાં ઓછું, પણ કચ્છી, કાઠિયાવાડ માટે મુંબઇ સહજ કલ્પનામાં જ આવે એટલું મોટું અવલંબન છે. મહારાષ્ટ્ર મુંબઇને સોંપાય તેનું પરિણામ મુંબઇ ઉપર ગુજરાતીઓનું વર્ચસ ઓછું થવામાં આવે તેમાં કોઇ શક નથી; કારણ કે સંયુકત મહારાષ્ટ્રની લડત પાછળ તો સંયુકત મહારાષ્ટ્રવાદીઓનો આ જ એક મુખ્ય હેતુ હોવાનું તેમણે અનેક વાર જાહેર કરેલું છે. મુંબઇ આ રીતે ગુમાવવા સાથે, ગુજરાતમાં તો સંભવ જ નથી પણ, કચ્છ કાઠિયાવાડમાં પણ બીજું મુંબઇ એકાએક ઉભું થવાનું જ નથી. અને તેની અત્યન્ત વિષમ પરિણામો કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાતની પ્રજાને વર્ષો સુધી ભોગવવાનાં છે—આ બાબત કોઇના પણ ધ્યાન બહાર જવી જોઇતી નથી. આમ છતાં મુંબઇ પ્રદેશનું ભાવી ગમે તે નિર્માણ થાય, પણ મુંબઇના ગુજરાતીઓ સામે શ્રી ઇન્દુલાલે શરૂ કરેલી આ ઝુંબેશ કોઇનાં પણ લાભમાં પરિણમવાની નથી. આટલું ગુજરાતી પ્રજા જલ્દિથી સમજે અને આ ઝેરી ઝુંબેશનો સખ્તમાં સખ્ત વિરોધી કરવામાં આવે—એવી ગુજરાતી લેખાતા સર્વ ભાઇ બહેનોને પ્રાર્થના છે. **પરમાનંદ**

અજન્ટા–એલોરાની યાત્રા

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં જાહેર કર્યા મુજબ આગામી તા. ૨૦ મી (અને ગયા અંક ભૂલથી છપાયા મુજબ ૧૯ મીએ નહિ) શુક્રવારે બરોબર સવારે સાત વાગ્યે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગની બાજુએથી નક્કી કરેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મંડળી અજન્ટા એલોરાની યાત્રાએ ઉપડશે. ઔરંગાબાદ પહોંચતાં રાત્રીના બહુ મોડું ન થાય તે માટે આટલા પહેલાં ઉપડવું અતિ આવશ્યક છે. ઉપર જણાવેલ સમય સુધીમાં જે ભાઇ કે બહેન આવી પહોંચેલ નહિ હોય તેમની રાહ જોવામાં નહિ આવે. યાત્રિકોએ સુવા તથા ઓઢવા માટે ગરમ કપડાં, પ્યાલો, ટોર્ચ વગેરે સાધનો સાથે લેવાનાં છે અને એમ છતાં બોજા બને તેટલા ઓછા હોય તે ધ્યાનમાં રાખવાનું છે. પોતાના દરેક બોજાને માલીકના નામનું લેબલ લગાડેલું હોય એ આવશ્યક છે. જતાં આવતાં રસ્તામાં તેમ જ ઔરંગાબાદ ખાવા પીવા તેમ જ રહેવા વગેરે માટે શકય તેટલી ગોઠવણ કરવામાં આવી છે. એમ છતાં આવા સામુદાયિક પ્રબંધમાં સૌ કોઇએ નાની મોટી અગવડોનો સામનો કરવા માટે મનથી તૈયાર રહેવું ઘટે છે. કાકાસાહેબ કાલેલકરે તાજેતરમાં સંઘના કાર્યાલયમાં યોજાયલા એક વ્યાખ્યાનમાં સંઘ તરફથી ગોઠવાયલા આ પર્યટન અંગે જણાવ્યું હતું કે "આ અજન્ટા–એલોરાના પ્રવાસ તમે જાઓ તો સામાન્યતઃ આવી સંસ્થાઓ તરફથી કેવળ ખાવું પીવું અને આનંદ મજા કરવી એવા હેતુથી ગોઠવાતા પર્યટનો જેવું આ પણ એક પર્યટન છે એમ ન વિચારશો, પણ આ એક ધાર્મિક યાત્રા છે એમ સમજીને અને એવા ભાવથી જશો. કારણ કે અજન્ટા–એલોરા માત્ર સૌન્દર્યસ્થાનો નથી, પણ જ્યાં વૈદિક, બૌધ્ધ અને જૈન ધર્મનો સમન્વય કરવામાં આવેલ છે એવી આધ્યાત્મિક એકતાને પ્રેરતાં પવિત્ર ધર્મસ્થાનો છે. અપૂર્વ સૌન્દર્યનું દર્શન અને ચિત્તનું ઉર્ધ્વીકરણ—એ બન્ને પ્રકારના અનુભવથી પરિપૂત બનીને પાછા આવો એવી મારી અપેક્ષા અને પ્રાર્થના છે.

૨૦ મી સવારે સાત વાગ્યે અહિંથી ઉપડવું, થાણા રવિ ઇન્ડસ્ટ્રીઝમાં ચાપાણી, નાસિક બપોરના ભોજન અને રાત્રીના નવ–દશ વાગ્યે ઔરંગાબાદ, ૨૧ મીએ એલોરાની યાત્રા અને દોલતાબાદના જોવા લાયક સ્થળોની મુલાકાત, ૨૨ મીએ અજન્ટાની યાત્રા, ૨૩ મીએ સવારે ઔરંગાબાદથી પાછા ફરવું, નાસિક બપોરના ભોજન, સાંજના થાણા ચાપાણી અને રાત્રીના નવ–દશ વાગ્યે મુંબઇ પહોંચી જવું—આવો ક્રમ નકકી કરવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘની સંસ્કાર પ્રવૃત્તિ

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા દોઢ માસ દરમિયાન સંઘના કાર્યાલયમાં નીચે મુજબ ચાર જાહેર વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં હતાં:–

તા. ૫–૧૧–૫૭ ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે **'વર્તમાન પરિસ્થિતિ'** એ વિષય ઉપર લગભગ સવા કલાક વ્યાખ્યાન આપ્યું હતું અને દેશની આન્તર રાજકીય પરિસ્થિતિ અંગે કાશ્મીર, નવા કરવેરા, બીજી પંચવર્ષીય યોજના, પરદેશની આર્થિક મદદ વગેરે વિષયો ઉપર અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિના કેટલાક મુદ્દાઓ ઉપર વિવેચન કર્યું હતું. વ્યાખ્યાન બાદ થોડો સમય પ્રશ્નોત્તરી પણ થઇ હતી.

તા. ૨૦–૧૧–૫૭ ના રોજ વહાણવટા–નિષ્ણાત શ્રી મનસુખલાલ એમ. મારતરે **'સ્વતંત્ર ભારતમાં સામાજિક અને આર્થિક નીતિનાં નવા રૂપો'** એ વિષય ઉપર બોલતાં આઝાદી મળ્યા બાદ મળેલા સ્વતંત્ર પુખ્તવય–મતાધિકારનું મહત્વ અને તેના ધોરણે થયેલી બે ચૂંટણીઓનું મહત્વ, આજના શિક્ષણની ડામાડોળ પરિસ્થિતિ, ઉદ્યોગપતિઓ અને કામદારોના સંબંધો, ઉત્પાદનની સમસ્યા, ગામડાઓમાં ચાલી રહેલી વિકાસ યોજનાઓ, અનાજનું ઉત્પાદન, રાજય અને વ્યાપાર, રહેઠાણોનો પ્રશ્ન, સ્વદેશીની ભાવના, આર્થિક રાજ્યનીતિ, ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ અને ખાનગી ઉદ્યોગોની સમસ્યા, સામાજિક ઢબની સમાજરચના, સ્ટેટ ટ્રેડીંગ કોરપોરેશન વગેરે અનેક બાબતો ઉપર સવિસ્તર વિવેચન કર્યું હતું અને આજના આર્થિક તેમ સામાજિક પ્રશ્નો ઉપર માહીતીપૂર્ણ પ્રકાશ પાડયો હતો.

તા. ૪–૧૨–૫૭ ના રોજ શ્રી નવલમલ કુન્દનમલ ફિરોદિયાએ **'જર્મનીનું પુનરૂત્થાન'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. અહિં જર્મની એટલે પશ્ચિમ જર્મની એ મર્યાદા સમજવાની છે એમ જણાવીને આઝાદી મળ્યા બાદ ૧૯૫૧ થી માંડીને આજ સુધીમાં તેઓ જ્યાં ત્રણ પ્રવાસ કરી આવ્યા છે તે પશ્ચિમ જર્મની બીજા વિશ્વયુધ્ધે સરજેલી ન કલ્પી શકાય તેવી તારાજીમાંથી કેવી રીતે ઉંચે આવ્યું છે અને અર્થ અને ઉદ્યોગ–ઉભય ક્ષેત્રે પશ્ચિમ યુરોપમાં કેવી રીતે સર્વોપરી સ્થાન તેણે પ્રાપ્ત કર્યું છે તેનો તેમણે અનેક આંકડાઓ અને હકીકતો ટાંકીને ભારે પ્રેરક ચિતાર રજુ કર્યો હતો અને આ રીતે ઉંચે આવેલા પશ્ચિમ જર્મની પાસેથી આપણે શું શિખવાનું છે તે વિષે માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૧૧–૧૨–૫૭ ના રોજ કાકાસાહેબ કાલેલકર **'પૂર્વ દેશોનો પ્રવાસ'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. થોડા સમય પહેલા ગયા સપ્ટેમ્બર માસમાં જાપાન ખાતે ભરાયેલ અણુશસ્ત્રપ્રયોગવિરોધી આન્તર રાષ્ટ્રીય કોંગ્રેસમાં ભારતના પ્રતિનિધિ મંડળમાંના એક સભ્ય તરીકે ભાગ લેવા માટે તેઓ જાપાન ગયા હતા અને ત્યાંથી પાછા ફરતાં ચીન, થાઇલેન્ડ, કંબોડિયા વગેરે દેશોમાં પણ તેમણે સારો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસને લગતાં કેટલાંક સ્મરણો અને તેમના મન ઉપર પડેલા તે તે દેશના પ્રજાજનો વિષેના સંસ્કારો પોતાની લાક્ષણિક શૈલીમાં તેમણે રજુ કર્યા હતા. સાથે સાથે અજન્ટા એલોરાની યાત્રાએ સંઘના સભ્યો જવાના છે તે ધ્યાનમાં લઇને અજન્ટા અને એલોરાની ભવ્યતાનો અને વિશેષતાનો તેમણે ખ્યાલ આપ્યો હતો.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મેં રાજકારણ શા માટે છોડ્યું ?

(ભૂદાન આન્દોલનના એક અગ્રગણ્ય સંચાલક અને ગઇ કાલ સુધી પ્રજા સમાજવાદી પક્ષના અગ્રગણ્ય નેતા પણ આજે સર્વોદયને વરેલા શ્રી જયપ્રકાશ નારાયણે આખરે પ્રજા સમાજવાદી પક્ષમાંથી રાજીનામુ આપ્યું છે અને એ રીતે રાજકારણનો–વસ્તુતઃ પક્ષવાદી રાજકારણનો–તેમણે ત્યાગ કર્યો છે એવા સમાચાર કેટલાએક સમય પહેલાં દૈનિક પત્રોમાં પ્રગટ થયાં હતા. ત્યાર બાદ તેમણે આ પ્રકારનો રાજકારણી સંન્યાસ શા માટે લીધો એ સંબંધમાં એક સવિસ્તર નિવેદન એક મિત્રને પત્રના રૂપમાં લખી મોકલ્યું હતું અને તે નિવેદન હિંદુ, હિન્દુસ્તાન ટાઇમ્સ અને બીજા દૈનિક અંગ્રેજી પત્રોમાં પ્રગટ થયું હતું. આપણી બાજુના દૈનિક પત્રોમાં તેમાંના બહુ થોડા ભાગને જાહેરાત આપવામાં આવી હતી. હિંદુ પત્રમાં ત્રણ હકૂતાથી પ્રગટ થયેલા આ નિવેદને લગભગ ૧૪–૧૫ કોલમની જગ્યા રોકી હતી. આ નિવેદનમાં તેમણે પોતાના વિદ્યાર્થી જીવનથી માંડીને આજ સુધીના રાજકારણી જીવનની ભારે સુન્દર અને વિપુલ માહીતીથી ભરપુર સમીક્ષા કરી હતી, અને માર્કસવાદમાંથી સમાજવાદ તરફ અને તેમાંથી સહજ ભાવે પરિણમતા સર્વોદયવાદ તરફ અનુક્રમે તેઓ શી રીતે ઢળ્યા તેનો ભારે પ્રેરક અને પ્રબોધક ઇતિહાસ આપ્યો હતો અને સાથે સાથે તે નિવેદનમાં આજની પક્ષગ્રસ્ત લોકશાહીની વિચારપ્રેરક આલોચના પણ કરી હતી.

હિંદી રાજકારણના અદ્યતન વિકાસ ઉપર મહત્વનો પ્રકાશ પાડતા અને રાજકારણી શિક્ષણની ઉત્તમ ગરજ સારે તેવા આ નિવેદનનો અનુવાદ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા મન ઇચ્છે તો પણ તેનો વિસ્તાર જોતાં એ અશકય હતું, અને તેથી આનો કોઇ મિત્ર સંક્ષેપ કરી આપે તો તે પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજુ કરી શકાય એમ મનમાં વિચારતો હતો. એવામાં ભાઇ કાન્તિલાલ ભરોડિયાને મળવાનુ બનતાં તેમણે આ કાર્યની જવાબદારી સ્વીકારી. પરિણામે તેમણે શ્રી જયપ્રકાશ નારાયણના નિવેદનની સંક્ષિપ્ત આવૃત્તિ અને તે પણ ગુજરાતી ભાષામાં તૈયાર કરી આપી હું માનું છું કે શ્રી જયપ્રકાશ નારાયણનાં મન્તવ્યોને ટુંકાણમાં રજુ કરવાનો પ્રયત્ન કરતાં તેમણે પોતાના નિરૂપણમાં કોઇ અગત્યનો મુદ્દો છોડી દીધો નથી. એ હકૂતાથી પ્રગટ કરવા ધારેલ આ ભાવાનુવાદનો પહેલો હકૂતો નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

લાંબી વિચારણા પછી આ પત્ર લખવાનો મેં નિશ્ચય કર્યો છે. આપણે સૌએ હજી લાંબી મજલ કાપવાની છે. જો કે મને લાગે છે કે હું જુદો પડીને મારે માર્ગે જ આગળ વધું તે સારૂં છે. મને વિશ્વાસ છે કે આપણા માર્ગો મળતા રહેશે અને આખરે તો બધે માર્ગો ભેગા જ મળી જશે; કદાચ તે જોવા આપણે પોતે જીવતા નહીં હોઇએ. પણ, મને તો પાકી ખાત્રી છે કે વિશ્વમાં શાંતિનું રાજ્ય સ્થપાવાનું હોય અને ભાતૃભાવ અને સ્વતંત્રતાનું રાજ્ય ચાલવવાનું હોય તો સમાજવાદે અંતે તો સર્વોદયમાં ભળી જવાનું જ રહેશે.

રાજીનામાનો વિચાર

ચાર વર્ષ પહેલાં બોધિગયા સર્વોદય સંમેલનમાં મેં રાજકારણ છોડી દેવાનો નિર્ણય કર્યો. પણ આમ છતાં હું પ્રજા સમાજવાદી પ્રશ્નનો સભ્ય તો રહ્યો જ હતો. કોઇકિવાર હું મીટીંગમાં જતો અથવા કોઇકિવાર હું સલાહ સૂચના આપતો, પણ તે સિવાય મેં પક્ષના કાર્યક્રમમાં ભાગ લેવાનું બંધ કર્યું હતું. સામાન્ય ચુંટણી પહેલાં મને લાગ્યું કે મારે આમ પણ ન રહેવું જોઇએ અને પ્રજા સમાજવાદી પ્રશ્નના સભ્યપદનો મારે ત્યાગ કરવો જોઇએ. આચાર્ય નરેન્દ્રદેવનું અવસાન અને સામાન્ય ચુંટણી એ બે કારણોને લીધે મારા નિશ્ચયને અમલમાં મૂકવાનું મારે માટે મુશ્કેલ બન્યું. લગભગ રોજ કોઇને કોઇ પૂછતું રહે છે કે મારે રાજકારણ છોડવું જ શા સારૂ જોઇએ ? રાજકારણના ક્ષેત્રમાં લોકોને જે શ્રધ્ધા છે ને આશા છે તે દયાજનક છે, પણ હું જે પગલુ ભરૂં છું તેના પ્રેરક કારણો શા છે તે સૌ કોઇને વ્યકિતગત રીતે જણાવવાનું મારે માટે મુશ્કેલ છે. આ પત્ર દ્વારા હું તેમ કરવાનો યત્ન કરૂં છું.

લોકોના મન પરની રાજકારણની પકડ ગજબની હોય છે; રાજકારણ નહીં તો બીજુ શું હોઇ શકે તે વિકલ્પ આજે તો પ્રાથમિક દશામાં છે; અને તેથી કદાચ હું ઘણા બધાને મારા પગલાનું ઔચિત્ય સમજાવી નહીં શકું. પણ મને લાગે છે કે આ પ્રયાસથી પરસ્પરની સમજણમાં વધારો થશે અને અહીં જે વિચારો હું રજુ કરૂં છું તેમાં લોકો ઝડપથી રસ લેવા માંડશે. આ ઉપરાંત, દરેક વ્યકિત પોતાનો કોઇ પણ બાબતનો અભિપ્રાય પોતાની ઘડેલી પાર્શ્વભૂમિકા અને ઉપલબ્ધ અનુભવને ધોરણે ઘડે છે. સર્વોદયમાં મને જીવંત શ્રદ્ધા છે. આનો અર્થ હું એમ નથી ઘટાવવા ઇચ્છતો કે આપણી સામાજીક સમસ્યાઓનું સોએ સો ટકા નિરાકરણ આપણને સાંપડ્યું છે, અથવા સામાજીક વિકાસમાં સર્વોદય એ એક પૂર્ણ વિરામ છે. મનુષ્ય સત્ય શોધનને માર્ગે આગળ વધતો જ રહે છે. આખરી સત્ય શોધી શકવા તે અસમર્થ હોય તો પણ અસત્યના આવરણો દૂર કરીને તે ક્રમશઃ સત્યની વધુ સમીપ પહોંચતો રહે છે.

સર્વોદયની વિચારસરણીમાં ઘણી ક્ષતિઓ દેખાશે એ જેટલું ખરૂં છે, તેટલો જ મારા મનમાં વિશ્વાસ છે કે ભવિષ્યમાં તે બધી દૂર હઠાવવામાં આવશે અને આપણે સત્યની વધુ ને વધુ નજીક જતા રહીશું. હાલમાં જે સમાજ–પદ્ધતિ ને વિચારણા અસ્તિત્વમાં છે તેમાં તો સર્વોદય એક અનોખું સ્થાન ધરાવે છે જ. હું આ નિર્ણય ઉપર કેવી રીતે પહોંચ્યો તે હું કાંઇક વિસ્તારથી સમજાવવા ઇચ્છું છું. આ નિર્ણયને પરિણામે જ મેં રાજકારણનું ક્ષેત્ર છોડવાનો નિર્ણય કર્યો છે.

અસહકારથી સામ્યવાદને માર્ગે

કોઇ બહારનાને મારૂં પાછલું જીવન એમ જ લાગે કે એ વાંકું ચૂંકું, અસ્થિર પગલા ભરતું ને અહીં તહીં ફાંફાં મારતું હતું. હું પાછળ નજર ફેંકું છું ત્યારે મને તેમ લાગતું નથી. મને તેમાંથી વિકાસની કડીઓ મળી આવે છે. ખરેખર આવી વાંકી ચૂંકી કેડીએ ચાલી આવતું મારૂં જીવન હોય તો પણ મને દુઃખ નથી; બલ્કે હવે જે માર્ગ લેવાનો મેં નિશ્ચય કર્યો છે તે માર્ગ આથી તો સ્હેલો બને છે.

તે વખતના ઘણા વિદ્યાર્થીઓ જેમ વિદ્યાર્થી અવસ્થામાં હું પણ રાષ્ટ્રીય રંગે પૂરો રંગાયો હતો. મારૂં વલણ કાંઇક ક્રાન્તિકારીઓ તરફ હતું. બંગાળાનું નેતૃત્વ મને આકર્ષણ પમાડતું હતુ. આમ છતાં, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહે મારામાં ભારે આકર્ષણ જમાવ્યું. મારૂં ક્રાન્તિકારો તરફનું ખેંચાણ વધુ દૃઢ થાય તે પહેલાં તો ગાંધીજીની પ્રથમ અસહકારની ચળવળ વંટોળની જેમ દેશભરમાં ફેલાઈ ચૂકી. આ વંટોળમાં જેમ પાંદડાઓ ઉડવા લાગે તેમ હજારો યુવાનોમાં હું પણ ઉડવા લાગ્યો હતો. આ નવા વિચાર–વંટોળમાં હું ખેંચાયો ને ઉડ્યો. આ ટૂંકા અનુભવની પણ મારા મન ઉપર બહુ જ ઘેરી એવી છાપ પડી.

આ સમયે સ્વતંત્રતા મારા જીવન પથ પરની એક દીવાદાંડી બનીને ઉભી રહી. તેનો પ્રકાશ મારા જીવન પથ પર હરહંમેશ પથરાતો રહ્યો છે. ધીમે ધીમે આ સ્વતંત્રતાનો અર્થ મારા મનમાં વધુને વધુ દૃઢ બનવા લાગ્યો. પણ આ સ્વતંત્રતા એટલે મારા દેશની સ્વતંત્રતા જ નહીં, પણ દુનિયાના દરેક દરેક માનવની સ્વતંત્રતા–સ્વતંત્રતા માનવ-વિકાસની અને માનસિક વ્યાપારની. આ સ્વતંત્રતા એ મારે મન એક અણમોલ ચીજ છે અને તેનું હું કશા સાથે સાટું કરવા ઇચ્છતો નથી–પછી તે રોટી હોય કે સત્તા હોય–કે પછી સલામતી, સમૃદ્ધિ અથવા રાજ્યની ભવ્યતા કે એવું કોઇક પણ હોય.

૧૯૨૨–થી–૧૯૨૯ સુધી હું અમેરિકામાં હતો—અમેરિકા જ્યારે મૂડીવાદી સફળતામાં મહાલતું હતું. ત્યાં જ હું માર્કસવાદ તરફ અથવા રશિયાના સામ્યવાદ તરફ આકર્ષાયો. અંગ્રેજીમાં આ વિષય-પરનું જે જે સાહિત્ય હાથમાં આવ્યું તે મેં અને મારા સાથી મિત્રોએ પચાવ્યું. અને જર્મન ભાષાના એક જાણકાર વિદ્યાર્થી પાસેથી કેટલાક મૂળ જર્મન ગ્રંથો પણ અમે વાંચ્યા. શ્રી એમ. એન. રૉયના તીખાતમતા લેખોએ પણ અમને માર્કસવાદ તરફ વધુને વધુ ધકેલ્યા.

સ્વતંત્રતા એ હજી અમારો ધ્રુવ તારક હતો. પણ માર્કસવાદ પ્રમાણેની ક્રાન્તિનું શાસ્ત્ર અમને વધુ સ્હેલું અને સલામત લાગ્યું—અલબત્ત ગાંધીજીની અસહકારની ચળવળની દૃષ્ટિએ. લેનીને જે ભારે સફળતા મેળવી, જેના લખાણો વાંચતાં અમે ધરાતા જ ન હતા, તેણે અમારા બધાના મન પર ખૂબ જ ગંભીર અસર કરી. ક્રાન્તિ માટે રશિયાનો માર્ગ અમને વધુ સારો લાગ્યો.

આ ઉપરાંત, માર્કર્સવાદનું મારે માટે એક બીજું પણ ખૂબ આકર્ષણ હતું—ભ્રાતૃભાવ અને સમાનતા. સ્વતંત્રતા કાંઈ પૂરતી ન હતી. સ્વતંત્રતા સૌ કોઈ માટે હોવી જોઈએ—પીડિતો માટે તો ખાસ. અને આવી સ્વતંત્રતામાં શોષણ, ભૂખમરો, ગરીબી એ બધામાંથી છૂટકારો એવો અર્થ હોવો જોઇએ. ગરીબો અને પીડિતો પરત્વે મને હંમેશા હમદર્દી રહી છે. તે વખતે મારું જીવન જ એવું હતું કે મને આ બધાનું ખેંચાણ થયા વિના રહે જ નહીં. હું મધ્યમ વર્ગના નીચલા થરમાંથી આવ્યો હતો. મારા કુટુંબ તરફથી મને અમેરિકામાં કશી પણ મદદ મળતી નહીં, અને અમેરિકામાં યુનિવર્સિટી શિક્ષણ પ્રાપ્ત કરવા માટે સામાન્ય માણસની જેમ ખેતરોમાં કે કારખાનામાં કામ કરવું પડતું. સ્વતંત્રતાના આદર્શ સાથે સમાનતાનું પણ મને ઘણું આકર્ષણ રહ્યું હતું અને આ બાબતમાં આ સમયે ગાંધીજીના શું વિચારો હતા તેની મને ચોક્કસ રીતે ખબર ન હતી. હકીકતે તો રૉયના લખાણોમાંથી એવો સાર નીકળતો હતો કે ગાંધીજી સામાજિક ક્રાન્તિની વિરુદ્ધ છે. અને કટોકટી વખતે કદાચ શોષણ અને અસમાનતાની ભૂમિકાએ તે ઉભા રહેશે. ત્યારે એ મારી સમજણમાં બરાબર ઉતર્યું ન હતું કે ગાંધીજીની સામાજિક ક્રાન્તિ અંગેની કલ્પના સુસ્પષ્ટ હતી અને તે સાધ્યને પહોંચવા માટેના સાધનો પણ તેમણે સારી રીતે વિચારી રાખ્યા હતા.

સામ્યવાદથી લોકશાહી સમાનતાને માર્ગ

૧૯૨૯ માં હું જ્યારે હિન્દ પાછો આવ્યો ત્યારે માર્કર્સવાદનાં વળતાં પાણી જણાતાં હતાં. રાષ્ટ્રવાદનું મોજું આખા દેશમાં ફરી વળ્યું હતું અને જ્યારે તે વર્ષના ડિસેંબર માસમાં ગાંધીજી સરદાર ભગતસીંગ અને તેમના સાથીઓની દેહાંત દંડની શિક્ષા કમી કરાવવા લૉર્ડ ઇરવીનને સમજાવી ન શકયા ત્યારે રાજકિય આઝાદી માટેના આંદોલનની આખરી તૈયારીઓ પૂરી થઇ ચૂકી હતી. સ્વાભાવિક રીતે જ હું કૂદી પડયો, પણ મને કોઈ જગ્યાએ સામ્યવાદી બિરાદરો દેખાયા નહીં. કેટલાક તો મીરત કાવત્રા કેસને લીધે જેલમાં હતા. પણ તેમાંના ઘણા બહાર હતા અને ભૂગર્ભમાં સામ્યવાદી હિલચાલ ચાલતી હતી. રાષ્ટ્રીય ચળવળના ભૂગર્ભમાં હું પણ પેઠો, છતાં સામ્યવાદીઓનો કયાંય પત્તો ન હતો. આટલું જ પૂરતું ન હોય તેમ મેં સાંભળ્યું હતું કે તેઓ રાષ્ટ્રીય ચળવળને શહેરી આંદોલન કહેતા અને મહાત્મા ગાંધીને ખાસ હિતોના ખિદમતદાર તરીકે વર્ણવતા. આ આખીએ મૂર્ખાઈભરી ને શરમજનક ઘટનામાં હું અત્રે ઉતરવા ઇચ્છતો નથી. પણ ભારતના સામ્યવાદીઓ અને તેમની માર્કર્સવાદની છાપ સાથે મારે કેવી રીતે મતભેદો ઉભા થયા તે જ હું વર્ણવવા ઇચ્છું છું. ૧૯૨૮ પછીની કોમીન્ટર્નની નીતિ ખામી ભરેલી હતી અને તેથી દુનિયાભરની મજૂર અને સમાજવાદી ચળવળમાં ભાગલા પડયા હતા અને પરતંત્ર દેશોમાંની રાષ્ટ્રીય ચળવળોમાંથી સામ્યવાદીઓ અલગ થતા ગયા હતા. આ માર્કસના સિદ્ધાંતની વિરુદ્ધ હતું અને ખાસ કરીને લેનીનની નીતિની વિરુદ્ધ હતું. આમ દેશના સામ્યવાદીઓ સાથેના મારા મતભેદોને લીધે રશિયાથી પણ જાણે હું વિખૂટો પડવા લાગ્યો—એ જ રશિયા જેના સામ્યવાદી તત્વોએ મારામાં ભારે આકર્ષણ પેદા કર્યું હતું.

કોંગ્રેસ સમાજવાદી પક્ષનો ઉદ્‌ભવ

હું સામ્યવાદીઓથી અલગ રહ્યો અને સ્વરાજ્યના સૈનીકો સાથે જોડાયો. પણ સ્વરાજ્ય અથવા સ્વતંત્રતાનો અર્થ મારે મન રાષ્ટ્રીય આઝાદી કરતાં ઘણો વધુ હતો. મારા મનથી તો સ્વતંત્ર દેશ એટલે સમાજવાદી દેશ; સ્વરાજ્ય એટલે ગરીબોનું અને પીડિતોનું રાજ્ય. આ બાબતમાં કોંગ્રેસની નીતિ અને કાર્યક્રમ મોળા લાગ્યા અને કરાચીના ઠરાવથી પણ મારા મન પર ખાસ કાંઇ અસર થઇ નહીં. મારા જેવા કેટલાક બીજા સ્વતંત્રતાના સૈનિકોએ સાથે મળી કોંગ્રેસ સમાજવાદી પક્ષ બનાવ્યો, જેથી કોંગ્રેસની સામાજિક નીતિ વધુ અને ચોક્કસ સ્વરૂપે સમાજવાદી બને અને સ્વરાજ્યની લડત જ એવી રીતે ચલાવવામાં આવે જેથી, માર્કર્સની ભાષામાં, રાષ્ટ્રીય લડત અને જનતાનું સામાજીક અને આર્થિક આંદોલન હાથમાં હાથ મીલાવીને ચાલે. કોંગ્રેસ સમાજવાદી પક્ષે કોંગ્રેસની સામાજીક આર્થિક નીતિ સભર કરી છે અને આઝાદીની લડતમાં પણ પોતાનો પૂરો ફાળો આપ્યો છે.

સામ્યવાદીઓ સાથેના જોડાણનો કડવો અનુભવ

આ પછીથી રશિયામાં સ્ટેલીનના સમયમાં કેટલાક બનાવો બન્યા જેના પ્રત્યાઘાતો આપણા દેશના રાજકીય પક્ષો ઉપર પડયા. વર્ષો સુધી જે કોંગ્રેસ પક્ષને ભાંડતા હતા તે સામ્યવાદીઓએ કોંગ્રેસને રાષ્ટ્રીય પક્ષ તરીકે સ્વીકારી અને ટેકો આપવાનો નિર્ણય કર્યો. હું હજી માર્કર્સવાદમાં માનતો હતો, તેથી મને આ નવા પલ્ટાથી આનંદ થયો અને હું માનતો થયો કે સમાજવાદી—સામ્યવાદી જોડાણથી સમાજવાદ અને સ્વતંત્રતાની ઝુંબેશને ભારે જોર મળશે. પણ થોડા જ વખતમાં મને નાસીપાસી થઇ. પરિણામો ગંભીર જણાયા. આખુએ દક્ષિણ ભારત સામ્યવાદીઓને પક્ષે ગયું. પણ આ અનુભવમાંથી કેટલાક રાજકારણના પાઠ હું શીખ્યોઃ એક તો, સત્તાવાર સામ્યવાદી પક્ષ સાથે કાંઈ પણ ઐકય યા જોડાણ હોઇ ન શકે, બીજું, આવી સામ્યવાદી પક્ષની નીતિનો દોરીસંચાર રશિયાથી જ થતો રહે છે, ત્રીજું, સામ્યવાદી પક્ષના સભ્યોની પ્રાથમિક વફાદારી સૌ પ્રથમ રશિયાને હોય છે, અને પછી બીજા કોઈ સાથે. જ્યારે સામ્યવાદી પક્ષ જોડાણ ને ઐકયની વાતો કરે છે, ત્યારે તે પોતાનું પલ્લું હરહંમેશ કેવી રીતે ઉંચું રહે તેનો જ વિચાર કરે છે. આવા પાઠો શીખવાનું મારે માટે કામનું હતું, પણ રાજકારણના ક્ષેત્રે એની ભારે કિંમત ચૂકવવી પડી. યુદ્ધ દરમ્યાન આ નિર્ણયો વધુ ને વધુ મજબુત બનતા ગયા. તે સમાજવાદી—સામ્યવાદી જોડાણમાં ભંગાણ પડયું.

રશિયા, ચીન, યુગોસ્લેવીઆ અને બીજા સામ્યવાદી અસર નીચેના રાષ્ટ્રોમાં જે રાજકીય ને આર્થિક ક્રાન્તિના અનુભવો પ્રાપ્ત થયા છે, તેમાંથી મને સમજાયું કે સમાજવાદ એ મૂડીવાદનું નર્યું નકારાત્મક સ્વરૂપ નથી. મૂડીવાદને નષ્ટપ્રાયઃ કરી શકાય—ઉદ્યોગ, વ્યાપાર, બેંકીંગ; ખેતીવાડી એ બધાનું રાષ્ટ્રીયકારણ કરી શકાય ને સહકારી ક્ષેત્રે તેમને લાવી શકાય—અને છતાં પણ તે રચનાને સમાજવાદી રચના ગણી ન શકાય એવું બને. સંભવિત છે કે તેવી રચના સમાજવાદથી કદાચ તદ્દન વિરુદ્ધ દિશામાંની પણ હોય. સોવીએટ રશિયાની બાબતમાં આપણે સ્પષ્ટ જોઈ શકયા કે ત્યાં સ્વતંત્રતા તો નહોતી જ, પણ સામાજીક ન્યાય અને સમાનતાનો પણ અભાવ હતો. સામ્યવાદ નીચે નવા તુમારશાહી તત્વો ઉભા થયા અને શોષણના નવા સ્વરૂપો પણ નજરે ચઢયા. આ પરિસ્થિતિ સમાજવાદનો અભાવ જ નહીં, પણ સમાજવાદથી વિરોધી એવી પરિસ્થિતિ સૂચવે છે. રશિયામાં જે અતિશય કેન્દ્રીકરણ (concentration) છે અને રાજ્ય શાસિત વ્યવહાર (Stateism) છે તેનો ઉદ્‌ભવ રશિયાના રાજ્ય બંધારણમાં છે.

મૂળ અંગ્રેજી: **શ્રી જયપ્રકાશ નારાયણ**

અપૂર્ણ ભાવાનુવાદ: **શ્રી કાન્તિલાલ બ્રહ્મભટ્ટ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ખનજી સ્ટ્રીટ, મુંબઇ. ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯